ॐ

परमात्मने नमः।

# સમયસાર વૈભવ

## શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસાર પરમાગમ ઉપર
## અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
## ૧૫મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન

(ભાગ-૧૭)

(ગાથા-૪૦૫ થી સ્યાદ્વાદના બોલ-૨,
શ્લોક-૨૩૫ થી ૨૪૭,
પ્રવચન-૪૭૫ થી ૫૦૩)

પ્રકાશક

સ્વ. શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર
(મૂળ રહેવાસી બરવાળા ઘેલાશા, હાલ સુરત)
હ : અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વિક્રમ સંવંત
૨૦૭૫

વીર સંવંત
૨૫૪૫


ઈ. સન
૨૦૧૮

**પ્રકાશન**
કારતક સુદ ૧૫, તા.૨૩-૧૧-૨૦૧૮, શુક્રવાર
કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી જન્મજયંતિ દિવસ

**પ્રાપ્તિ સ્થાન**
જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રી સુધીરભાઈ શાહનો સંપર્ક કરવા વિનંતી.
મો. ૦૯૩૭૪૭૧૯૨૦૨

**ટાઈપ સેટિંગ :**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com



ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दुजो भावो।
एवं भणंत्ति सुद्धंणादो जो सो दु सो चेव।।६।।

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરનું જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્‌ભુત શાસ્ત્ર છે. તેમાં પોતાનો નિજ વૈભવ બતાવ્યો છે. તેથી આ પ્રવચન ગ્રંથનું '**સમયસાર વૈભવ**' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

આ મહાન પરમાગમ ઉપર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ રચિત આત્મખ્યાતિ ટીકા ખરેખર અમૃતને રેલાવી ભવ્યજીવોને અજર-અમર પદની પ્રાપ્તિ કરાવે છે. આ દૈવી ટીકા છે. ૪૧૫ ગાથાની ટીકા કર્યા બાદ આચાર્ય ભગવાને પરિશિષ્ટની રચના કરીને સ્યાદ્વાદ અધિકાર લખ્યો

તથા આત્મસ્વરૂપનો વૈભવ એવી ૪૭ શક્તિઓની રચના કરી. આથી સમયસાર પરમાગમ વૈભવથી ભરપૂર એક મહાન કૃતિ છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન વૈભવયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્‌શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમજ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૫મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના સુધીરભાઈ શાહ, (ડેલીવાલા) પરિવાર, સુરતને થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર

આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૫મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૫મી વખતના કુલ ૫૯૫ પ્રવચનો છે, જે લગભગ ૨૧ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર વૈભવ ભાગ-૧૭ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી જન્મજયંતિ દિને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરી આપવામાં આવેલ છે. તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. દરેક સમયે માર્ગદર્શન આપવા બદલ બ્ર. હેમંતભાઈ ગાંધી, ચેતનભાઈ મહેતા-રાજકોટ તથા પંકજભાઈ કામદારનો આભાર માનીએ છીએ. અને આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનો અક્ષરશઃ છાપવાનો મૂળ ઉદ્દેશ અંગ્રેજીમાં અભ્યાસ કરનારા આજના યુવાનો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી સહેલાઈથી સમજી શકે અને સ્વયં વારંવાર અભ્યાસ કરીને ગુરુદેવશ્રીનાં વચનના મર્મને સમજી શકે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર વતિ
અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ
સુરતના જય જિનેન્દ્ર



ઉપકાર તારા શું કથું, ગુણગાન તારા શું કરું?
વંદન કરું, સ્તવના કરું, તુજ ચરણસેવાને ચહું.

# સ્મરણાંજલિ





અમારા પૂજ્ય માતા-પિતાના નિમિત્તે અમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાના સમાગમનો યોગ પ્રાપ્ત થયો. નાનપણથી તેમની પ્રેરણાને કારણે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવછેદક વાણી સાંભળી અને અખંડ મોક્ષમાર્ગ પ્રત્યે પ્રયત્નશીલ થવાનું બન્યું. આપે આજીવન પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજી પ્રતિ સમર્પિત રહી અમોને પણ સતત તે જ પ્રેરણા આપી અમારા ઉપર ઉપકાર કર્યો છે. સમયસાર વૈભવ પ્રકાશન નિમિત્તે આપના ઉપકારને સ્મરણમાં લઈ આપને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.

કલ્પનાબેન અશ્વિનભાઈ વૃજલાલ શાહ, સુરત
પરીન્દાબેન સુધીરભાઈ વૃજલાલ શાહ, સુરત
કજરીબેન તેજસભાઈ અશ્વિનભાઈ શાહ, સુરત
સ્નેહાબેન પ્રજ્ઞેશકુમાર જયંતિભાઈ શાહ, સુરત
વિરલબેન (પ્રિયલ) રીતેશકુમાર જીતુભાઈ શાહ, દાદર
વિદેહીબેન જીગરકુમાર કમલેશભાઈ શાહ, અમદાવાદ
નિરજાબેન જીનેશકુમાર યોગેશભાઈ દેસાઈ, ભાવનગર
કુ. રુચિ, કુ. સપના, કુ. નિયતી. કુ. સુહાની, ચિ. શુભ, કુ. શ્રેયા



વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર,
જ્ઞાતાનું તળ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૪૭૫ | ૦૨-૦૨-૧૯૬૮ | શ્લોક-૨૩૫-૨૩૬ | ૦૦૧ |
| ૪૭૬ | ૦૩-૦૨-૧૯૬૮ | શ્લોક-૨૩૬-૨૩૭ | ૦૧૭ |
| ૪૭૭ | ૦૪-૦૨-૧૯૬૮ | શ્લોક-૨૩૬, ગાથા-૪૦૫થી૪૦૭ | ૦૩૩ |
| ૪૭૮ | ૦૫-૦૨-૧૯૬૮ | ગાથા-૪૦૫ થી ૪૦૭ | ૦૪૯ |
| ૪૭૯ | ૦૬-૦૨-૧૯૬૮ | ગાથા-૪૦૫ થી ૪૦૭ | ૦૬૮ |
| ૪૮૦ | ૦૭-૦૨-૧૯૬૮ | ગાથા-૪૦૫ થી ૪૦૭, શ્લોક-૨૩૮ | ૦૮૭ |
| ૪૮૧ | ૦૮-૦૨-૧૯૬૮ | ગાથા-૪૦૮ થી ૪૧૦ | ૧૦૫ |
| ૪૮૨ | ૦૯-૦૨-૧૯૬૮ | ગાથા-૪૧૦-૪૧૧ | ૧૨૧ |
| ૪૮૩ | ૧૦-૦૨-૧૯૬૮ | ગાથા-૪૧૧-૪૧૨, શ્લોક-૨૩૯ | ૧૩૭ |
| ૪૮૪ | ૧૧-૦૨-૧૯૬૮ | ગાથા-૪૧૨ | ૧૫૪ |
| ૪૮૫ | ૧૨-૦૨-૧૯૬૮ | ગાથા-૪૧૨, શ્લોક-૨૪૦ | ૧૬૯ |
| ૪૮૬ | ૧૩-૦૨-૧૯૬૮ | ગાથા-૪૧૩, શ્લોક૨૪૦-૨૪૧ | ૧૮૪ |
| ૪૮૭ | ૧૪-૦૨-૧૯૬૮ | ગાથા-૪૧૩ | ૨૦૦ |
| ૪૮૮ | ૧૫-૦૨-૧૯૬૮ | ગાથા-૪૧૩, શ્લોક-૨૪૨-૨૪૩ | ૨૧૫ |
| ૪૮૯ | ૧૬-૦૨-૧૯૬૮ | ગાથા-૪૧૪ | ૨૩૦ |
| ૪૯૦ | ૧૭-૦૨-૧૯૬૮ | ગાથા-૪૧૪, શ્લોક-૨૪૪ | ૨૪૫ |
| ૪૯૧ | ૧૮-૦૨-૧૯૬૮ | શ્લોક-૨૪૪-૨૪૫, ગાથા-૪૧૫ | ૨૬૦ |
| ૪૯૨ | ૧૯-૦૨-૧૯૬૮ | ગાથા-૪૧૫ | ૨૭૪ |
| ૪૯૩ | ૨૦-૦૨-૧૯૬૮ | ગાથા-૪૧૫, શ્લોક-૨૪૬ | ૨૮૮ |

| | | | |
|---|---|---|---|
| ૪૯૪ | ૨૧–૦૨–૧૯૬૮ | શ્લોક–૨૪૬ | ૩૦૩ |
| ૪૯૫ | ૨૨–૦૨–૧૯૬૮ | શ્લોક–૨૪૭ | ૩૧૯ |
| ૪૯૬ | ૨૩–૦૨–૧૯૬૮ | પરિશિષ્ટ | ૩૩૭ |
| ૪૯૭ | ૨૪–૦૨–૧૯૬૮ | પરિશિષ્ટ | ૩૫૩ |
| ૪૯૮ | ૨૫–૦૨–૧૯૬૮ | પરિશિષ્ટ | ૩૬૮ |
| ૪૯૯ | ૨૬–૦૨–૧૯૬૮ | પરિશિષ્ટ | ૩૮૪ |
| ૫૦૦ | ૨૭–૦૨–૧૯૬૮ | પરિશિષ્ટ | ૩૯૯ |
| ૫૦૧ | ૨૮–૦૨–૧૯૬૮ | સ્યાદ્વાદ બોલ–૧ | ૪૧૪ |
| ૫૦૨ | ૨૯–૦૨–૧૯૬૮ | સ્યાદ્વાદ બોલ–૨ | ૪૨૯ |
| ૫૦૩ | ૦૧–૦૩–૧૯૬૮ | સ્યાદ્વાદ બોલ–૩–૪ | ૪૪૫ |

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# સમયસાર વૈભવ

(ભાગ-૧૭)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર ૧૫મી વખતના સળંગ પ્રવચનો)

**મહા સુદ ૪, શુક્રવાર તા. ૨-૨-૧૯૬૮**
**શ્લોક-૨૩૫, ૨૩૬, પ્રવચન-૪૭૫**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. કળશ છે-૨૩૫. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે એટલે આત્મા જ્ઞાનસ્વરૂપ કહો કે આત્મસ્વરૂપ કહો. એ '**આત્મા અન્ય દ્રવ્યોથી ભિન્ન...**' લ્યો. અન્યનું કર્યું. વ્યતિરેકનો અર્થ... પાઠમાં વ્યતિરેક છે. આ આત્મા વસ્તુ છે એ અન્ય દ્રવ્યથી જુદી છે. શબ્દ, રૂપ, રસ, ગંધ, શાસ્ત્ર, કર્મ, ધર્મ, અધર્મ આદિ પરદ્રવ્યથી ચીજ જુદી વસ્તુ છે. '**અન્ય દ્રવ્યોથી ભિન્ન...**' એ અતિવ્યાપ્તિપણું ટાળ્યું. '**પોતામાં જ નિયત,...**' પોતામાં જ નિયત. પોતામાં પોતાના સ્વભાવથી જ રહેલું છે. અવ્યાપ્તિપણું. સમજાણું? પોતે પરમાં નથી અને પોતે પોતાના સ્વભાવમાં છે. સમજાણું કાંઈ? વસ્તુ છે.

આ આત્મા, જેને આત્મા છે એવો જેને અનુભવ કરવો હોય તો કહે છે કે આત્મા અન્યથી ભિન્ન છે. અનુભવ કરવો એટલે કે જેને સુખી થવું હોય. સમજાણું કાંઈ? તો એણે આત્મા અન્ય દ્રવ્યોથી જુદો છે. શરીર, કર્મ, સ્પર્શ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ધર્માસ્તિ આદિ મનના વિષયો એનાથી જુદો. પોતાથી નિયત. પોતાથી અભેદ એમ. પોતે પોતાના જ્ઞાન, દર્શન, આનંદ સ્વભાવથી અભેદ છે. એ જ નિશ્ચય છે. કહો, સમજાણું કાંઈ?

'**પૃથક્ વસ્તુપણાને ધારતું...**' હવે ત્રીજો શબ્દ એમાંથી કાઢ્યો. '**નિયતં બિભ્રત્પૃથગ્વસ્તુતા**' '**પૃથક્ વસ્તુપણાને ધારતું...**' પોતે પરથી જુદી વસ્તુપણાને ધારતું. વસ્તુ છે આત્મા. વસ્તુ છે. એટલે પછી એમાંથી આ બે બોલ કાઢ્યા. વસ્તુ એટલે સામાન્ય અને વિશેષ. બાકી પાઠમાં તો એટલું છે-વસ્તુ. સમજાણું?

મુમુક્ષુ :- આ તો જ્ઞાન-દર્શનની સાથે મેળવ્યા.

ઉત્તર :- આ તો વસ્તુ છે ને વસ્તુ. એટલે એટલું સિદ્ધ કર્યું. બસ, એટલો પાઠ.

જેને આત્મા ભિન્ન છે એમ દૃષ્ટિ કરવી હોય એને આત્મા પરથી ભિન્ન છે એમ જોવો. એમ કહે છે. સમજાણું કાંઈ? અને પોતામાં નિયત છે. પોતાનો સ્વભાવ પણ ભિન્ન છે એટલે પોતે છે કે નહિ કંઈક? એમ. પોતે પોતાના જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવથી નિયત છે, નિશ્ચય છે, છે. પરથી જુદો છે અને પોતાના ભાવથી છે. એમ. સમજાણું કાંઈ? એવી '**પૃથક્ વસ્તુપણાને ધારતું...**' કોણ? જ્ઞાન. મૂળ તો લેવું છે ને છેલ્લે. જ્ઞાન. જ્ઞાન એટલે કે આત્મા અહીંયા. એમ પૃથક્પણાને ધારતું જ્ઞાન. જ્ઞાન એટલે આત્મા. જ્ઞાન સ્વભાવ એવો જે આત્મા પરદ્રવ્યથી ભિન્નપણું અને પોતાના ભાવથી અભિન્નપણું, નિયતપણું, ચોક્કસપણે રહેલું. એવી વસ્તુ છે આત્મા. કહો, આ વસ્તુ કીધી આને. આ તમારા પૈસા વસ્તુ છે ને ઘર વસ્તુ છે, ઘરવખરો છે ને, ફલાણું છે. ઘરમાં કેટલી વસ્તુ છે તમારે? કે આટલી છે. આ એક વસ્તુ છે આત્મા.

મુમુક્ષુ :- ઘરમાં રાખવા જેવી.

ઉત્તર :- ઘરમાં રાખવા જેવી? કયુ ઘર પણ? પોતાનું આ ઘર છે કે ન્યાં? એ તો પોતે કીધું, પોતામાં નિયત છે. ત્યાં રાખવાની છે. પોતામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવથી ચોક્કસ છે. પોતાના સ્વભાવમાં નિયત છે અને પરથી ભિન્ન છે. સમજાણું કાંઈ?

અને તે '**પૃથક્ વસ્તુપણાને ધારતું...**' જેમ રજકણ આદિ જુદી ચીજ પોતાથી છે, એમ આત્મા પણ જગતના બીજા પદાર્થથી પૃથક્ નામ જુદીપણાની ચીજને ધારતું (તત્ત્વ છે). છે?

મુમુક્ષુ :-

ઉત્તર :- નક્કી કર્યું ને. અહીંથી પૃથક્ છે અને આ છે, ત્યારે છે શું? કીધું ને? દર્શન, જ્ઞાન આદિના સ્વભાવને ધારતું. એમ. પોતાના સ્વભાવને ધારતું આત્મતત્ત્વ તદ્દન વસ્તુ ભિન્ન છે. કહો, સમજાણું કાંઈ?

હવે કહે છે કે '**(-વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષાત્મક હોવાથી...)**' એ તો એનો ખુલાસો કર્યો. વસ્તુપણાને ધારતું. આ ચીજ વસ્તુપણે જુદી વસ્તુ છે એમ પોતાથી ટકતું. પોતાથી ટકતું, પોતાના સ્વભાવને ધારતું જ્ઞાન. '**(-વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષાત્મક હોવાથી પોતે પણ સામાન્યવિશેષપણાને ધારણ કરતું),...**' ખુલાસો કર્યો ઈ. જ્ઞાન એટલે આત્મા. સામાન્ય એટલે એક અભેદ પણ છે, વિશેષ એટલે ગુણ આદિ પર્યાયો પણ એમાં છે. સામાન્ય એટલે એકરૂપ વસ્તુ છે અને વિશેષ ગુણ-પર્યાય પણ છે. સમજાણું કાંઈ?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સામાન્યવિશેષ સ્વરૂપને ધારતું. કોણ? જ્ઞાન. ધારતું છે ને? એટલે જ્ઞાન. જ્ઞાન એટલે આત્મા પછી એમ. જ્ઞાનસ્વરૂપ.. સમજાણું?

'**ગ્રહણ-ત્યાગ રહિત...**' સ્વરૂપ પોતે જે છે પોતાના સ્વભાવમાં એનું જે ગ્રહણ કરવું એટલે થઈ રહ્યું. અને ત્યાગ થયો. સ્વરૂપ જ્ઞાન-દર્શન આનંદ ભાવથી છે. તેથી ગ્રહણ કરવું એમાં આવી ગયું. અને ત્યાગ જે રાગાદિ, શરીરાદિ પર છે એનો ત્યાગ થયો. ક્યાંથી આવ્યા છો? મૈસુર. અચ્છા. ત્યાંના ફોટા લીધેલા ઈ? અચ્છા. આવો, આ બાજુ આવો. વાઘનો ફોટો લીધો હતો ઈ? બાગમાં. ત્યાં લીધો હતો ને અંદર. કેટલા માણસો છો? આવ્યા છે બધા? ઠીક.

મુમુક્ષુ :- હિન્દીમાં.

ઉત્તર :- હા, હિન્દીમાં લઈએ. ગુજરાતી સમજો છો કે નહિ? નહિ. હિન્દી માંડ માંડ સમજે છે. લાવો, હિન્દી છે હિન્દી? હિન્દી કોપી આપજો, હિન્દીની. હિન્દી નથી સમજતા. ઉપરથી સમજો. જુઓ! શું કહે છે?

જેને આત્માનું હિત કરવું હોય, આત્મામાં સુખ છે, આનંદ છે. તો જેને આત્માનું સુખ પ્રાપ્ત કરવું હોય એણે શું કરવું ઈ ચાલે છે. સમજાય છે કાંઈ? થોડું થોડું હિન્દી સમજી લેવું. તો કહે છે કે અન્ય દ્રવ્યોથી ભિન્ન. કેવો છે આત્મા? ઈ હિન્દી નથી સમજતા. વાત કરીને. અન્ય દ્રવ્યોથી ભિન્ન. અમે આવ્યા હતા ને મૈસુર. મૈસુર આવ્યા હતા.

મુમુક્ષુ :- આપ બે વાર આવ્યા હતા.

ઉત્તર :- બે વાર આવ્યા હતા. ત્યાં ગયા હતા ને? વાઘ હતો ને? વાઘ. વાઘ સાથે ફોટો પાડ્યો હતો. ખબર છે અમને. ખબર છે. અહીંયા છે ફોટો. અહીંયા ફોટો રાખ્યો છે. આહા..! જુઓ! શું કહે છે?

કુંદકુંદાચાર્ય મુનિ થયા છે. મદ્રાસથી એંસી માઈલ આ બાજુ એક વંદેવાસ છે ને? વંદેવાસ છે. વંદેવાસ પાસે પોન્નુર હિલ નામની ટેકરી છે. એમાં ત્યાં ધ્યાન કરતા હતા, ધ્યાન. દિગંબર મુનિ સંત. બે હજાર વર્ષ પહેલા. સીમંધર ભગવાન વર્તમાન બિરાજે છે. મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર તીર્થંકર પરમાત્મા બિરાજે છે. સાંભળ્યું છે? મહાવિદેહ ક્ષેત્ર છે ને? જુઓ! આ કુંદકુંદાચાર્ય છે. કુંદકુંદાચાર્ય નગ્ન દિગંબર મુનિ હતા. પોન્નુર હિલમાં રહેતા હતા. વંદેવાસથી પાંચ માઈલ છે. મદ્રાસથી એંસી માઈલ આ બાજુ છે. એંસી માઈલ. ત્યાં રહેતા હતા. બે હજાર વર્ષ પહેલાંની વાત છે. ભગવાન સીમંધર પરમાત્મા બિરાજે છે ત્યાં ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. ઈ શાસ્ત્રનો અર્થ ચાલે છે. શું કહે છે? સાંભળો!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આ આત્મા છે, એ આત્મા અંદર સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ છે. આ દેહથી ભિન્ન છે. આ દેહ તો ભિન્ન જડ છે. જડ છે ને? અત્યારે જડ છે ને? અત્યારે. કે ચેતન છે? આ તો જડ છે, અજીવ છે, માટી છે-ધૂળ છે. તો અન્યદ્રવ્યોથી ભિન્ન. આ શરીરાદિથી આત્મા ભિન્ન છે. બરાબર છે? શરીરથી ભિન્ન છે, વાણીથી ભિન્ન છે અને જેટલી પરવસ્તુ છે, લક્ષ્મી, આબરુ, કીર્તિ, મકાન આદિ. અને શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ, અને કર્મ, અને ધર્મ, અધર્મ ભગવાને જોયેલા પદાર્થ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ આદિ. એ બધા પદાર્થથી આત્મા અંદર ભિન્ન છે. સમજાય છે કાંઈ?

'**અન્ય દ્રવ્યોથી ભિન્ન, પોતામાં જ નિયત,...**' પોતામાં પોતાના જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણથી અભિન્ન છે. પોતામાં છે. પોતામાં ગુણ છે. પરથી ભિન્ન છે અને પોતાથી છે. સમજાય છે કાંઈ? પોતાથી છે અને પરથી નથી. ભાઈ! અહીં તો સપ્તભંગી લીધી. એવી શૈલીએ વાત કરી. આત્મા પોતાથી, પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે અને પરદ્રવ્યના ક્ષેત્ર, કાળ, ભાવથી નથી. આહાહા..! સમજાય છે કાંઈ? જેને નિજ આત્માની પ્રાપ્તિ કરવી હોય, જેમાં આનંદ છે, આત્મામાં આનંદ છે. પરમાં આનંદ છે જ નહિ. શરીરમાં, વિષયમાં, શબ્દમાં, રસ, ગંધ, સ્પર્શમાં આનંદ નથી. એ માને છે ઈ મિથ્યાબુદ્ધિ છે. સમજાય છે કાંઈ? પરમાં આનંદ માને છે, સુખ માને છે એ મિથ્યાબુદ્ધિ અજ્ઞાન, મિથ્યાદર્શન, અજ્ઞાન છે. તો જેને આત્માનું સમ્યગ્જ્ઞાન કરવું હોય તો આત્મામાં આનંદ અને પોતાનો સ્વભાવ પોતામાં છે અને પરથી હું ભિન્ન છું, એમ પોતાનો નિર્ણય કરીને... કેવી વસ્તુ છે?

'**પૃથક્ વસ્તુપણાને ધારતું...**' ભગવાન આત્મા પરથી, કર્મથી, શરીરથી, વાણીથી, લક્ષ્મીથી, આબરુથી, કીર્તિથી, મકાનથી બધાથી ભિન્ન પોતાની ચીજ ધારતું. પોતાના ગુણથી પોતાની વસ્તુ ધારતી એવી આત્મ વસ્તુ છે. સમજાય છે કાંઈ? '**પૃથક્ વસ્તુપણાને ધારતું ગ્રહણ-ત્યાગથી રહિત,...**' છે. શું કહે છે? વસ્તુ પોતાનું સ્વરૂપ છે જ્ઞાન, દર્શન, આનંદ ઈ છે જ. એ તો ગ્રહણ જ છે, ગ્રહણ જ છે. અને પરથી નથી તો પરનો ત્યાગ છે. સમજાય છે કાંઈ? આ આંગળી છે તો આ આંગળીથી રહિત છે. આ આંગળી આ આંગળીથી ભિન્ન છે. આ આંગળી આ આંગળીથી ભિન્ન છે ને? અને આ આંગળી પોતાથી છે. અને આ આંગળી પોતામાં છે ઈ છે, ગ્રહણ જ છે. અને આનો આમાં ત્યાગ છે. આનો આમાં ત્યાગ છે. સમજાય છે કાંઈ?

અંતર ભગવાન આત્મા ચિદાનંદ સ્વરૂપ છે એ પોતાથી છે. જે છે નામ છે તો ગ્રહણ કરેલું જ છે. છે એમાં છે. અને પરથી ભિન્ન છે તો પરનો ત્યાગ છે. તો આત્મા ગ્રહણ-ત્યાગથી રહિત છે. હવે નવું ગ્રહણ કરવું અને પરને છોડવું એમ છે નહિ. એમ કહે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આહાહા..! સમજાય છે કાંઈ? ગ્રહણ-ત્યાગથી રહિત. '**અમલ (-રાગાદિક મળથી રહિત)...**' છે. આ વિશેષ કહ્યું. કહો, સમજાય છે કાંઈ? કેવો છે ભગવાન? એ પરદ્રવ્યથી તો ભિન્ન છે જ. ભિન્ન સમજો છો ને? જુદા, અન્ય, પૃથક્, વ્યતિરેક. પોતાથી અંતર જ્ઞાન, આનંદથી છે. તો એવો આત્મા રાગાદિ મળથી રહિત છે. હવે ત્યાં વિશેષ લીધું, ભાઈ! ત્યાં તો પુણ્ય-પાપ સ્થાપ્યું હતું ને? અહીં કાઢી નાખ્યું. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શરીર, કર્મ જડ માટી ધૂળ છે, તેનાથી તો ભિન્ન છે. અને પોતાનું જ્ઞાન, જાણન, દેખન, આનંદ આદિથી છે. કેવો છે? કે પુણ્ય-પાપનો જે મેલ છે એનાથી ભિન્ન છે. શુભ-અશુભ રાગ થાય છે ને? શુભ-અશુભ રાગ. રાગ સમજો છો? પુણ્ય-પાપના ભાવ થાય છે એ વિકાર છે, વિકાર છે. એનાથી ભિન્ન છે. કેમ કે વિકાર છે એ આસ્રવતત્ત્વ છે. કર્મ આદિ અજીવતત્ત્વ છે, અજીવ. તો અજીવ જડ છે. જડથી તો ભિન્ન છે. પણ અંદરમાં પુણ્યભાવ થાય છે. હિંસા, જૂઠું, ચોરી વિષયભોગ વાસનાનો ભાવ થાય છે એ પાપરૂપી મેલ ભાવ છે. અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ પુણ્યરૂપી મેલ છે. સમજાય છે કાંઈ? તો જેમ પરથી ભિન્ન છે, એમ મેલ-પુણ્ય-પાપનો રાગ, વિકલ્પ જે ઉઠે છે એનાથી પણ ભિન્ન છે. સમજાય છે કાંઈ? શુભાશુભનો ત્યાં ત્યાગ કર્યો હતોને? વિભ્રમનું મૂળ છે એમ કરીને. એટલે ઈ સાર લઈ લીધો. પુણ્ય-પાપ છે એમ ન કીધું. સાર લીધો. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશનું પૂર છે, નૂર છે. એ ચૈતન્ય જ્ઞાન, આનંદથી ભરેલો છે અને પરદ્રવ્યથી ખાલી-શૂન્ય છે, ભિન્ન છે. એનાથી તો ભિન્ન છે જ, પણ પુણ્ય-પાપનો વિકલ્પ જે રાગ ઉઠે છે, શુભ-અશુભ રાગભાવ મેલ એનાથી પણ ભિન્ન છે. સમજાય છે કાંઈ? એવા આત્માની અંદર દૃષ્ટિ કરીને અનુભવ કરવો એનું નામ ધર્મ છે. સમજાય છે કાંઈ? ધર્મ એનું નામ છે. ધર્મ કોઈ બહારની ચીજ નથી.

ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પ્રકાશનું પૂર, નૂર છે. તેજ. જેમ સૂર્ય છે, સૂર્યનો પ્રકાશ છે. તો સૂર્યના પ્રકાશનું કોઈ કિરણ મેલું નથી થતું. મલિન નથી થતું. મલિન છે? સૂર્યનું કોઈ કિરણ મલિન થાય છે? સૂર્ય પણ પ્રકાશમય અને એના કિરણ પણ પ્રકાશમય છે. એમ ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે. એની પર્યાય-કિરણ જે નીકળે છે એ નિર્મળ પર્યાય છે, એમ કહે છે. પુણ્ય-પાપના ભાવ મેલ છે એ પોતાની પર્યાયમાં નથી, એમ બતાવે છે. આહાહા..! કહો, પોપટભાઈ! કોઈએ સૂર્યને મલિન કર્યો? મેલા કહે છે ને? શું કહે છે તમારે? મલિન. મલિન કર્યો કોઈએ? એના કિરણને કોઈએ કદી મલિન કર્યા? એમ ભગવાન ચૈતન્યસૂર્ય છે અંદર. આ જડનો પ્રકાશ છે, આ ચૈતન્યપ્રકાશ છે. નૂર-ચૈતન્યનો પ્રકાશ છે. પ્રકાશ પણ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નિર્મળ છે અને એના કિરણ જે દશા પ્રગટ થાય છે એ પણ નિર્મળ છે. સમજાય છે કાંઈ? ક્યારે? કે પુણ્ય-પાપના મેલથી હું રહિત છું એવી પોતામાં દૃષ્ટિ કરવાથી પોતાથી નિર્મળ પર્યાય પ્રગટ દશા થાય છે, એનું નામ ધર્મ કહે છે. સર્વજ્ઞ વીતરાગદેવ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગદેવે આને ધર્મ કહે છે. કહો, સમજાય છે કાંઈ?

'**અમલ (-રાગાદિક મળથી રહિત) જ્ઞાન...**' ચૈતન્યપૂર, ચૈતન્યનો પ્રકાશ. એ રાગ જે વિકલ્પ ઉઠે છે શુભ-અશુભભાવ, એનાથી પણ ભિન્ન. '**જ્ઞાન એવી રીતે અવસ્થિત (-નિશ્ચળ રહેલું) અનુભવાય છે...**' ભાષા જુઓ! આવો ભગવાન આત્મા પરથી ભિન્ન લક્ષ કરીને અને પુણ્ય-પાપના વિકારથી પણ ભિન્ન લક્ષ કરીને પોતામાં અવસ્થિત નિશ્ચળ અનુભવમાં આવે છે. એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ધર્મ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્ય સત્ત્વ છે, સ્વભાવ છે તો એની અંતર દૃષ્ટિ કરવાથી શરીરાદિથી ભિન્ન કરીને અને પુણ્ય-પાપનો મેલ છે શુભ-અશુભ રાગ, એની મલિનતાથી પણ ભિન્ન કરીને જે અવસ્થિત છે. જેવો છે તેવો છે. '**એવી રીતે અવસ્થિત...**' નિશ્ચળ. પોતાના સ્વભાવ સન્મુખ દૃષ્ટિ કરીને '**અનુભવાય છે...**' આ આત્મા નિર્મળ છે, એમ અનુભવાય છે. એવી અનુભવ દશાને ધર્મ કહે છે. કઠણ વાત છે, જરી સૂક્ષ્મ વાત છે. કહો, સમજાય છે કાંઈ? ધર્મ કોઈ એવી ચીજ નથી કે આ શરીરની ક્રિયાથી થઈ જાય. આ તો જડ છે અને અંદર શુભ પરિણામ થાય છે, દયા, દાન, વ્રત એ પણ પુણ્ય પરિણામ છે, પુણ્યભાવ છે. અને હિંસા, જૂઠ, ચોરીના ભાવ થાય છે એ તો પાપ ભાવ છે.

ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા અને કુંદકુંદાચાર્ય મુનિ દિગંબર સંત. એ ભગવાન પાસે ગયા હતા અને આઠ દિવસ ત્યાં રહીને આવીને આ શાસ્ત્ર બનાવ્યું. અને કહે છે, જાહેર કરે છે. ભરતક્ષેત્રના માનવીને જાહેર કરે છે કે ભગવાન આમ કહે છે. સમજાય છે કાંઈ? જેને ધર્મ કરવો હોય તો આત્મા ભગવાન પોતાની શાંતિ, આનંદથી ભરેલો અવસ્થિત છે. મલિન પરિણામથી રહિત છે. એવો આત્મા જેવો અવસ્થિત છે એવો અનુભવ કરવો. આવો છે એની સન્મુખ થઈને અનુભવમાં લેવો. આત્માનો અંદર આશ્રય કરવો. દૃષ્ટિ અને જ્ઞાનમાં આત્માનો આશ્રય કરવો. તો જે અનુભવ થાય છે તેનું નામ સંવર, નિર્જરા અને મોક્ષમાર્ગ કહે છે. કહો, સમજાય છે કાંઈ?

'**એવી રીતે અવસ્થિત (-નિશ્ચળ રહેલું) અનુભવાય છે...**' છે ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. અનાદિઅનંત ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ નિત્ય. એવી અવસ્થિત વસ્તુ છે. તે તરફ લક્ષ કરીને પુણ્ય-પાપના પરિણામથી ખસી, પરથી ખસી પોતાની અવસ્થિત દશામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

લક્ષ કરીને અનુભવ આત્મા નિર્મળ છે એમ અનુભવાય છે. નિર્મળાનંદનો અનુભવ થાય છે તેને ધર્મ કહે છે. સમજાય છે કાંઈ? ભાઈ! સૂક્ષ્મ વાત છે. આવું કદી એણે કર્યું નથી. અનંત કાળ થયો અનાદિથી. આત્મા તો અનાદિનો છે. નવો થાય છે? નવો થાય છે આત્મા? છે ઈ છે. છે ઈ છે. અનાદિથી છે. છે.. છે.. છે.. છે. એની અવસ્થા બદલાય છે. અવસ્થા-હાલત-દશા. વસ્તુ તો છે. દશા બદલાય છે પણ વસ્તુ તો એવી ને એવી રહી છે. અવસ્થામાં એમ માન્યું છે કે હું પુણ્ય છું, હું પાપ છું, હું દેહની ક્રિયા કરું છું, હું પરની સાથે છું, પર મારી સાથે છે. એવી માન્યતામાં પરિણમન કરે છે. ઈ સંસાર છે, ઈ દુઃખ છે. પોપટભાઈ!

આત્મા તો.. કહે છે, દીકરા, દીકરી, પૈસા-બૈસા તો ક્યાંય ધૂળ રહી ગઈ, એ તો બહાર રહી ગઈ. પણ અંદર પુણ્ય-પાપના ભાવથી પણ હું રહિત છું. એવા અવસ્થિત આત્માનો અનુભવ કરવો એનું નામ ધર્મ છે. સમજાય છે કાંઈ? કાયમ ટકનારો. ભગવાન આત્મા પોતાના સ્વભાવથી અવસ્થિત છે. અવ-નિશ્ચયે સ્થિતિ છે. એ મળથી રહિત, પરથી રહિત, સ્વભાવથી સહિત. એવા અવસ્થિત આત્માનો અંતર્મુખ થઈને અનુભવ કરવો એનું નામ ભગવાન મોક્ષનો માર્ગ અને ધર્મ કહે છે. સમજાય છે કાંઈ? આવી વાત છે. પણ સૂઝ ક્યાંથી પડે? આ દેહાદિમાં ગુંચવાઈ ગયો. આ મારો દેહ છે અને રાગાદિ કહે છે ઈ મેં કર્યા, મેં કર્યા. મેં કર્યા એને પૃથક્ કેમ કરે? પણ મારી ચીજ જ નથી. હું તો રાગ નથી, હું તો શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છું. એવી પોતાની દૃષ્ટિ કરીને પોતાનો અવસ્થિત સ્થિર ધ્રુવ આત્માનો અનુભવ કરવો એનું નામ ભગવાન ધર્મ કહે છે. સમજાય છે કાંઈ? આવો ધર્મ અનંત કાળમાં કદી કર્યો નથી. અનંત કાળમાં કદી નથી કર્યો.

વળી કેવો છે? '**અનુભવાય છે કે...**' એમ. એમ લીધું છે, ભાઈ! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ધ્રુવ અવસ્થિત છે, એમ અનુભવાય છે કે '**જેવી રીતે આદિ-મધ્ય-અંતરૂપ વિભાગોથી રહિત એવી સહજ ફેલાયેલી પ્રભા વડે દેદીપ્યમાન એવો એનો શુદ્ધજ્ઞાનઘનરૂપ મહિમા નિત્ય-ઉદિત રહે...**' શું કહે છે? જુઓ! બહુ ટૂંકું કર્યું છે ને. કહે છે, ભગવાન આત્મા.. અહીં તો આત્માને ભગવાન કહીને બોલાવે છે. સમજાય છે કાંઈ? સંબોધન કરે છે, આત્મા ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. મારું સ્વરૂપ જ સિદ્ધ સમાન છે સદા. 'ચેતન રૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો'. 'ચેતન રૂપ અનૂપ અમૂરત' ઉપમા અપાય એવી કોઈ ચીજ નથી. અરૂપ છે. અરૂપી વસ્તુ છે. પણ સિદ્ધ સમાન. જેવા સિદ્ધ છે-ણમો સિદ્ધાણં-આવે છે ને ણમો સિદ્ધાંણ. સિદ્ધ ભગવાન જેવા છે એવો આત્મા છે. એવા આત્માને અવસ્થિત '**આદિ-મધ્ય-અંતરૂપ વિભાગોથી રહિત એવી સહજ ફેલાયેલી પ્રભા વડે...**' કેવી છે પ્રભા ભગવાન આત્માની

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પ્રભા-પ્રકાશ? કે જેની આદિ નથી, જેનો અંત નથી, જેનું મધ્ય નથી. એવા ભાગથી રહિત છે. એકરૂપ અનાદિઅનંત છે. સમજાય છે કાંઈ?

આદિ. વસ્તુની આદિ શું? વસ્તુ તો છે જ. આદિ? આદિ હોય તો અનાદિ ન રહ્યો. છે. આદિ છે જ નહિ. મધ્ય નથી. કે મધ્યમાં આ આવ્યું. ઈ તો છે ઈ છે. આદિ-અંત-મધ્યના વિભાગથી રહિત. ત્રણના વિભાગથી રહિત. એમ કહે છે. શરૂઆતમાં પહેલા આ હતો, મધ્યમાં આ હતો, વચમાં આ. એમ નહિ. ત્રિકાળ અભેદ જ્ઞાયકસ્વરૂપ અકાળ, જેને કાળ લાગુ પડતો નથી. એવી ચીજ છે. અખંડ આનંદકંદ પ્રભુ, એ ત્રણ કાળના ભેદથી રહિત છે. આદિ, મધ્ય, અંતથી રહિત છે. છે એની આદિ શું? છે એનો વચલો ભાગ ક્યો? છે એનો અંત શું? સમજાય છે કાંઈ? છે. ધ્રુવ અસ્તિ છે. આદિ, મધ્ય, અંતના ત્રણ વિભાગ-ત્રણ ભાગથી રહિત આત્મા છે. એવા આત્માની અંતર દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. આવે છે ને ઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ:. તત્ત્વાર્થ સૂત્રમાં આવે છે ને? દસલક્ષણી પર્વમાં. તત્ત્વાર્થ સૂત્રમાં. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ:. તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં. તો સમ્યગ્દર્શન શું છે? કે આ સમ્યગ્દર્શન છે.

ભગવાન આત્મા પોતાનો ભાવ, ભાવ-સ્વભાવભાવ-અનંત શક્તિથી ભરેલો છે. અનંત શક્તિ, હોં! ઓલામાં લખી ઈ. છે ને? એક કળશમાં ક્યાંક છે ને. ઈ અહીં શક્તિ લેવી છે આ પણ ત્યાં વિસ્તાર કરશે. છે ને? ૨૩૬. **'संहृत-सर्व-शक्तेः'** **'संहृत-सर्व-शक्तेः'** ૨૩૬. એટલે શું? અનંત જે પોતાની શક્તિ જે અનંત છે, જ્ઞાન, દર્શન, આદિ અનંત શક્તિ છે. એ જે પરમાં રાગમાં રોકાતી હતી, રાગમાં, વિકલ્પમાં મલિન પર્યાયમાં રોકાતી હતી એને **'संहृत'** તેને હટાવીને. પોતાની અનંત શક્તિ છે તે શક્તિને એક એક સમયની અવસ્થા જે રાગમાં, પુણ્યમાં રોકાતી હતી. પોતામાં લઈને, પરથી ખસીને પોતામાં લઈને. પોતાની શક્તિ પરમાં રોકાતી હતી, તેને ખસેડીને. પોતાની શક્તિમાં લઈ જવી એનું નામ નિજ સ્વભાવનું ગ્રહણ છે અને રાગનો ત્યાગ છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત ભારે.

**'વિભાગોથી રહિત એવી સહજ ફેલાયેલી પ્રભા વડે...'** સ્વાભાવિક ભગવાન જ્ઞાનપ્રકાશનો પુંજ. સર્ચ હોય છે ને? શું કહેવાય? સર્ચ લાઈટ. સર્ચ લાઈટ હોય ને? બાહુબલીમાં ગયા હતા. નથી ગયા? ત્યાં છે ને. રાત્રે બે રાખે છે. બે લાઈટ રાખે છે, રાત્રે કરે છે. સર્ચ લાઈટ. મોટી એક એક હજારના કિરણવાળી. અમે તો ત્યાં બે વાર ગયા હતા ને. સર્ટ લાઈટ. એ સર્ચ લાઈટ તો જડ છે. આ ચૈતન્ય સર્ચ લાઈટ છે. એમાં તો હજાર કિરણ ઉઠે છે, આમાં તો અનંત કિરણ ઉઠે છે એમ કહે છે. સમજાય છે કાંઈ? એને શું કહે છે? હજારનું કાંઈક નામ આવે છે. નહિ? વોટ કહે છે. અમે તો રાત્રે ગયા હતા. બે-બે કલાક.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઉપર બેઠા હતા. ઈ સર્ચ લાઈટ તો ધૂળ જડ છે અને એટલામાં છે અને થોડા પ્રકાશના કિરણ અલ્પ છે. આ તો અનંત સર્ચ લાઈટ છે. અનંત શક્તિ કહેશે.

ભગવાન આત્મા જ્ઞાનશક્તિ, આનંદશક્તિ, સ્વચ્છતાશક્તિ, પ્રભુતાશક્તિ, કર્તાશક્તિ, કર્મશક્તિ, જીવત્વશક્તિ, સુખશક્તિ, દર્શનશક્તિ શાંતિ... એવી અનંત શક્તિઓ આત્મામાં છે. તો કહે છે કે અનંત શક્તિના કિરણ પ્રગટ થાય છે. અંતર સ્વરૂપમાં દૃષ્ટિ કરવાથી અનંત શક્તિઓ જે છે, એ પોતાનો પ્રકાશ ફેલાવાથી, પ્રકાશ ફેલાવાથી '**સહજ ફેલાયેલી...**' સહજ સ્વભાવથી પ્રગટ થઈ. '**પ્રભા વડે દેદીપ્યમાન એવો એનો શુદ્ધજ્ઞાનઘનરૂપ મહિમા નિત્ય ઉદિત રહે...**' એવો અનુભવ કરવો કે એનાથી પ્રગટ થયેલી પર્યાય એવી ને એવી રહે. એમ કહે છે.

ફરીથી. આ તો મોક્ષ સુધી લઈ જાય છે ને. ભગવાન આત્મા... પેલો પ્રકાશ તો અમુક વખતે થાય અને અમુક વખતે બંધ થઈ જાય છે. આ તો આત્મા અનંત અનંત શક્તિઓનો જે પિંડ છે, એની તરફનો એવો અનુભવ કરવો કે જે અનંત શક્તિઓનો પ્રકાશ થઈને દેદીપ્યમાન થઈને એવી ને એવી અવસ્થા રહે, ત્યાં સુધી એનો અનુભવ કરવો. અને અનુભવ કરતાં કરતાં અનંત શક્તિઓ પ્રગટ થઈ ગઈ, દેદીપ્યમાન થઈને એવી ને એવી નિત્ય ઉદિત રહે છે. એ અવસ્થા પ્રગટ થઈ એ નિત્ય કાયમ રહે છે. જેમ નિત્ય આત્મા છે, એમ એકાકાર થઈને જે શક્તિ પ્રગટ થઈ એ કાયમ નિત્ય પ્રગટ રહે છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય અનંત ચતુષ્ટય કાયમ અનંત રહે છે. કહો. '**(શુદ્ધ જ્ઞાનના પુંજરૂપ મહિમા સદા ઉદયમાન રહે).**' વસ્તુ તો વસ્તુ છે પણ વસ્તુમાં એકાગ્ર થઈને જે દશા પ્રગટ થઈ એ કાયમ રહે, એનું નામ મોક્ષનો માર્ગ કહે છે. સમજાય છે કાંઈ?

અહીં તો ઈ કહે છે કે ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવ ચૈતન્યપિંડ અનંત ગુણ શક્તિનો પિંડ છે, એને પરથી ભિન્ન કરીને, પુણ્ય-પાપના રાગથી ભિન્ન કરીને પોતામાં અવસ્થિતનો એવો અનુભવ કરવો કે જેની શક્તિ પ્રગટ થઈને દેદીપ્યમાન સદા નિત્ય રહે. એવો અનુભવ કરવો. એમ કહે છે. સમજાય છે કાંઈ? લ્યો, અહીં તો મોક્ષનો માર્ગ પણ એવો ને એવો દેદીપ્યમાન રહે છે અને પૂર્ણ થાય તો પણ દેદીપ્યમાન રહે છે. વિઘ્ન-બિઘન નથી એમ વાત કરે છે, લ્યો. આહાહા..!

'**એવો એનો શુદ્ધજ્ઞાનઘનરૂપ મહિમા...**' શુદ્ધજ્ઞાનઘન. ત્રિકાળ શુદ્ધજ્ઞાનઘન છે. ઘન સમજો છો? નકોર વસ્તુ. નકોરને શું કહે છે? એમાં કોઈનો પ્રવેશ ન થાય. શુદ્ધજ્ઞાનઘન. જેમાં પુણ્ય-પાપના વિકલ્પ જે રાગ છે એનો પણ પ્રવેશ નથી. એવી શુદ્ધજ્ઞાનઘન મહિમા. એની એ મહિમા છે. રાગ, પુણ્યની કોઈ મહિમા એમાં છે જ નહિ. શુદ્ધજ્ઞાનઘન ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આત્મા, શુદ્ધજ્ઞાનઘનરૂપ મહિમા નિત્ય ઉદિત રહે. પ્રકાશમાન રહે એવો અનુભવ કરવો. કહો, પોપટભાઈ! જે ચીજ આવે એ સદા ન જાય એવો વિચાર કરે છે ને? દૌલત આવી એ ન જાય, સદા રહે, સદા રહે. પાંચ લાખ, દસ લાખની કમાણી થઈ હોય તો સદા રહે એમ માને છે ને? એ તો ધૂળ છે. સદા રહે કે ન રહે, એની ક્યાં ચીજ છે? એ તો પૂર્વના પુણ્ય ન હોય તો ખસી જાય, દૂર થઈ જાય. અને પુણ્ય હોય તો આવે. એમાં શું છે? એ તો ધૂળ છે, ધૂળની ચીજ છે. આ તો સદા પ્રકાશમાન રહે એવો આત્મા છે. અવસ્થિત અનુભવ કરવો. જેની લક્ષ્મી સદા પ્રગટ રહે. એનું નામ આત્મા અને એનું નામ મોક્ષનો માર્ગ અને એનું નામ મોક્ષ કહે છે. કહો, સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ :- જ્ઞાનનું પૂર્ણ રૂપ સર્વને જાણવું તે છે.**' લ્યો, છેલ્લો સરવાળો કર્યો. ભગવાન આત્મા જ્ઞાનનો પુંજ છે ને પ્રભુ. તો એનો અંતરમાં અનુભવ કરવાથી એકાગ્ર થવાથી, જે જ્ઞાનની પર્યાય-અવસ્થા પૂર્ણ પ્રગટ થઈ-કેવળજ્ઞાન પૂર્ણ પ્રગટ થઈ, એ જ્ઞાનનું પૂર્ણ રૂપ સર્વને જાણવું તે છે. જુઓ! તેની પૂર્ણ દશાનું રૂપ એવું છે કે ત્રણકાળ ત્રણલોકને દેખે. સર્વજ્ઞ હોય છે ને? સર્વજ્ઞ. તો સર્વજ્ઞની એક સમયની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોક દેખે છે. એવો આત્માનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ?

આનંદઘનજીમાં ઈ આવે છે. 'દેખણ દે રે સખી દેખણ દે, ચંદ્રપ્રભુ મુખ ચંદ સખી મુને દેખણ દે.' આ ચંદ્રપ્રભુ આત્મા. અનંત ગુણનો પિંડ છે ને. 'દેખણ દે રે સખી દેખણ દે, ચંદ્રપ્રભુ..' ચિદાનંદ ભગવાન આત્મા, એને દેખણ દે. હે સખી! પોતાની સુમતિને કહે છે. સુમતિ પોતાની પરિણતિ છે ને? એને કહે છે. હે સખી! મારા આત્માને મને દેખણ દે. 'સખી પાઉ ન દેખિયો સખી દેખણ દે' પૃથ્વીકાય હોય છે ને? સમજાય છે? પૃથ્વીકાય એકેન્દ્રિય જીવ છે. પૃથ્વીકાય છે ને? એકેન્દ્રિય સમજો છો? એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રિઈન્દ્રિય, ચૌઈન્દ્રિય, પંચેન્દ્રિય જીવ હોય છે. એકેન્દ્રિયમાં પણ પાંચ પ્રકારના હોય છે. પૃથ્વીકાય, જલકાય, અગ્નિ, વાયુ અને વનસ્પતિ. એટલે પાંચ પ્રકારના એકેન્દ્રિય જીવ છે. તો કહે છે કે એકેન્દ્રિયમાં તો મેં મારા દર્શન ન કર્યા. એકેન્દ્રિયમાં જ્યારે હતો ત્યારે મેં મારા આત્માને ન જોયો. હું કોણ છું? મને ખબર નથી. દ્વિઈન્દ્રિયમાં ન જોયો. દ્વિઈન્દ્રિય સમજ્યા? બે ઈન્દ્રિય હોય ને? ઈયળ, કીડા. ત્યાં પણ અનંત વાર અવતાર લીધા. તો ત્યાં પણ ન જોયો. સમજાય છે કાંઈ? પોપટભાઈ! આ કીડામાં ગયો અનંત વાર. અહીં મફતનો શેઠિયો થઈને બેઠો છે. મફત. ચંદ્રપ્રભુનું છે ને?

'દેખણ દે રે સખી મુને દેખણ દે, ચંદ્રપ્રભુ મુખચંદ સખી મુને દેખણ દે' દેખણ દે સમજ્યા? મને મારું સ્વરૂપ જોવા દે. બીજાનું તો અનંત વાર જોયું. રાગ ને પુણ્ય ને સ્ત્રી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ને કુટુંબ ને પૈસા જોયા. મેં મારા ચિદાનંદ ભગવાનને કદી જોયો નહિ. હે સખી! મને એકવાર તો જોવા દે. 'ઉપશમરસનો કંદ' ભગવાન આત્મા કેવો છે? ઉપશમરસનો કંદ છે. આહાહા..! શાંત.. શાંત.. અકષાય સ્વભાવી. જેમ શક્કરકંદ હોય છે ને? શક્કરકંદને શું કહે છે? શક્કરકંદ નથી થાતું? લાલ હોય છે ને. શું કહે છે હિન્દીમાં? શક્કરકંદ હોય છે ને? દળ પિંડ હોય છે. લાલ (છાલ) ઉપર હોય. એમ આત્મા એકલો આનંદનો કંદ છે. ઉપશમરસનો કંદ છે. ઉપશમ નામ અકષાયભાવ. આત્મા શાંત ઉપશમરસ, આનંદનો કંદ છે. એને દેખણ દે. સમજ્યા?

'સેવે સુરનર ઈન્દ્ર સુખી મુને દેખણ દે..' જેને ઈન્દ્ર અને સુરેન્દ્ર આત્માને સેવે છે. એવા આત્માને મને દેખણ દે એકવાર. સમજાય છે કાંઈ? 'ગત કલમલિ દુઃખ દંદ, સુહમ નિગોદે ન દેખિયો'. સૂક્ષ્મ નિગોદ. સૂક્ષ્મ નિગોદના જીવ છે ને? નિગોદ છે એમાં એક શરીરમાં અનંત જીવ છે. ત્યાં પણ આત્માનું ભાન કર્યું નહિ. મેં જોયો નહિ. મારો ચંદ્રપ્રભુ શાંત કિરણ શું છે એને મેં જોયો નહિ. તો હવે મનુષ્યભવમાં તો મને જોવા દે. કર્યું નથી, હોં! રાગ-દ્વેષ કર્યા. 'સુહમ નિગોદે ન દેખિયો, સખી દેખણ દે. બાદર અતિહી બિસેસ'. બાદરમાં તો કાંઈ ભાળ્યું ન હોય. એમ કહે છે. 'પુઢવી આઉ ન લેખિયો, સખી દેખણ દે.. તેઉ વાઉ ન લેસ.' ત્યાં તો કાંઈ ન કર્યું. કારણ કે એ મરીને માણસ પણ થતા નથી.

'વનસપતી અતિ ઘણ દિહા,' વનસ્પતીમાં તો અનંત અનંત કાળ રહ્યો. વનસ્પતી સમજ્યા? બટેટા, શક્કરકંદ, મૂળા, આ વનસ્પતિ લીમડો. એમાં અનંત કાળ રહ્યો વનસ્પતી થઈને. અનંત કાળમાં કદી ભગવાન આત્મામાં શું છે, એને મેં સાંભળ્યો નહિ, મેં દર્શન કર્યા નહિ. હે સખી! હવે તો કરવા દે. હું પુણ્ય-પાપથી રહિત, શરીરથી રહિત મારી શુદ્ધ ચૈતન્યમૂર્તિના હવે તો દર્શન કરવા દે. પોતાને ઓળંભો (ઠપકો) દે છે. સમજાય છે કાંઈ? 'સુર તિરિ નિરય નિવાસ માં, સખી દેખણ દે..' હું સ્વર્ગમાં પણ અંનત વાર ગયો. પશુમાં પણ ગયો, નરકમાં ગયો. નરક સમજો છો? નીચે નરક યોનિ છે. અને 'નિવાસ માં, મનુજ અનારજ સાથ' મનુષ્ય અનાર્ય થયો, અનાર્ય. આર્ય માણસ હોય છે. આર્ય માણસ હૈ. અનાર્ય હોય છે ને? જે માંસ ખાય છે એ અનાર્ય છે. ત્યાં પણ (ગયો). 'અપજ્જતા પ્રતિભાસ માં' અપર્યાપ્ત થયો. અધૂરું શરીર હોય છે ને. પર્યાપ્તિ ન થાય. અપર્યાપ્તિમાં પણ અનંત અવતાર લીધા. શરીર ઈન્દ્રિય આદિ પૂરી ન હોય એવા અવતાર પણ અનંત કર્યા. સમજાય છે કાંઈ? 'અપજ્જતા પ્રતિભાસ માં, સખી દેખણ દે. ચતુર ન ચઢિયો હાથ.' 'ચતુર ન ચઢિયો હાથ.' ભગવાન જ્ઞાન એમાં હાથ ન આવ્યો. અપર્યાપ્તિમાં ક્યાં આવે, એમ કહે છે. સમજાય છે કાંઈ? ઘણું લીધું છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પ્રેરક અવસર જિનવરુ, મોહનીય ખય થાય.
કામિત પૂરણ સુરતરુ, આનંદઘન પ્રભુ પાય.

એમ કહે છે.

અહીં ઈ કહે છે કે ભાઈ! પ્રભુ! તારી ચીજ અંદરમાં છે ને. એની તું સંભાળ કર. સમજાય છે કાંઈ? અને પુણ્ય-પાપના પરિણામની સંભાળ છોડી દે. હિત કરવું હોય તો આ કરો, એમ કહે છે. સમજાય છે કાંઈ? હિન્દી સમજો છો? હિન્દી. થોડું થોડું સમજે છે? ઠીક. શેઠનું યાદ આવ્યું. આત્મા અનંત જ્ઞાન આનંદસ્વરૂપ છે. એની જે સંભાળ કરે ઈ શેઠ. બાકી બધા ભિખારી છે એમ કહે છે. ભિખારી સમજો છો? એક ગૃહસ્થ છે. સરદારશહેર છે. ગૃહસ્થ છે. ચાલીસ વર્ષ પહેલા એના મામા પાસે સાંઈઠ લાખ રૂપિયા હતા. મામા સમજો છો ને? એના મામા પાસે સાંઈઠ લાખ રૂપિયા હતા. સાંઈઠ લાખ. એને આપતા હતા તો લીધા નહિ. હું શું કરું સાંઈઠ લાખને? મારે પરલોકમાં જવાનું છે. સાંઈઠ લાખ લઈને હું શું કરું? એવા વૈરાગી છે. સરદારશહેરમાં છે. આ એણે બનાવ્યું છે. એણે ગાયન બનાવ્યું છે. હિન્દી છે. જુઓ એમાં.

'ગુણીજન સંભાળે સો હી છે શેઠ, અન્ય તો અનુચર જાણજો.' બધા ભિખારા. પોપટભાઈ! આહાહા..! રાંકા છે, કહે છે. ભગવાનજીભાઈ! તમે ગમે એમ કહો, પણ અમે તો પૈસાવાળા છીએ. એમ કહે છે. મોહનભાઈ! એ... મોહનભાઈ! 'ગુણીજન સંભાળે સો હી છે શેઠ' આત્માની સંભાળ કરે ઈ શેઠ. શેઠ નામ શ્રેષ્ઠ. અને 'અન્ય તો અનુચર જાણજો'. અનુચર. અનુચર એટલે રાંક ભિખારી છે. પાછળ પાછળ ચાલનારા છે. સમજ્યા ને? એમ છે. આ તો એટલી યાદગિરી તમને. સમજાય છે કાંઈ?

કહે છે, પોતાનો દેદીપ્યમાન ચૈતન્યસૂર્યના પ્રકાશનો તમે પ્રકાશ કરો. બીજા પ્રકાશ કરે છે રાગ-દ્વેષાદિ એ તારી ચીજ નહિ, એ તો દુઃખના રસ્તા છે. દુઃખના, પુણ્ય-પાપના ભાવ મલિન ભાવ છોડીને પોતાનું અંતર સ્વરૂપનો પ્રકાશ કરો. તમે સુખી થશો, શાંતિ મળશે. અને તારી અવસ્થા ચિરસ્થાયી થશે. આ તો અસ્થિર છે, નાશવાન છે. ઘડીકમાં આવે છે, જાય છે, આવે છે જાય છે. એ તો પોતાનો શુદ્ધ નિત્ય સ્વભાવ ભગવાન આત્મા એમાં રહેશે તો શાંતિ મળશે, શ્રદ્ધા થશે, સ્થિરતા થશે. અને એવો ને એવો પ્રકાશ અવસ્થિત રહેશે. એનું નામ ભગવાન મોક્ષનો માર્ગ અને મોક્ષ કહે છે.

**'ભાવાર્થ :- જ્ઞાનનું પૂર્ણ રૂપ સર્વને જાણવું તે છે. તે જ્યારે પ્રગટ થાય છે...'** ભગવાન આત્મા જ્ઞાનકિરણની શક્તિથી જ્યારે એકાકાર થઈને પ્રગટ થાય છે **'ત્યારે સર્વ વિશેષણો સહિત પ્રગટ થાય છે;...'** સર્વ વિશેષણ નામ ત્યાં પૂર્ણ જાણવું, પૂર્ણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જાણવું, પૂર્ણ જાણવું. સમજાય છે કાંઈ? પીપરનો દૃષ્ટાંત અમે આપીએ છીએ. પીપર સમજો છો? લીંડીપીપર નથી હોતી? છોટીપીપર આવે છે ને? કાળી. લીંડીપીપર નથી આવતી? કાલીપીપર કહે છે તમારે. લીંડીપીપર કહે છે. કાળી. એને ઘસે છે ને? તો ચોસઠ પહોરી પ્રગટ થાય છે. તીખાશ. એમાં તીખાશ છે ને? તો ચોસઠ પહોરી તીખાશ ભરી છે તો ચોસઠ પહોરી પ્રગટ થાય છે. એક લીંડીપીપર વૈદ્ય ઘૂંટે ને, ઘૂંટે. વૈદ્ય ચોસઠી પહોરી ઘૂંટે. ચોસઠી પહોરી સોળ આના અંદર જે શક્તિ પડી છે, એ ચોસઠ પહોરી પ્રગટ થઈ જાય છે. અંદર ચોસઠ પહોરી છે. એટલા નાના દાણામાં. એમ આત્મામાં પૂર્ણ છે. અહીં ઈ કહેવું છે. આત્મામાં પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, બધું પૂર્ણ ભર્યું છે. જેમ પીપરમાં ચોસઠ પહોરી પૂર્ણ શક્તિ પડી છે તો વ્યક્ત થાય છે. પૂર્ણ રૂપે બધાને જાણે છે.

'**જ્યારે પ્રગટ થાય છે...**' જુઓ! પ્રગટ થાય છે તો અંદર હતી. અંદર પૂર્ણ જાણવું, જ્ઞાન, દર્શન, આનંદ પૂર્ણ પૂર્ણ હતા. એનો અંતર અનુભવ કરવાથી જ્યારે પોતાની દશામાં એની પ્રગટ શક્તિ પ્રગટ થાય છે '**ત્યારે સર્વ વિશેષણો સહિત પ્રગટ થાય છે;...**' પૂર્ણ અખંડ એક એવા વિશેષણ સહિત પૂર્ણ પ્રગટ થાય છે. પછી અપૂર્ણતા નથી. પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ એવી શક્તિઓ પૂર્ણ પ્રગટ થાય છે. '**તેથી તેની મહિમાને કોઈ બગાડી શકતું નથી,...**' કોઈ બગાડી નથી શકતું. સૂર્યના કિરણને કોઈ મેલું નથી કરી શકતું. સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મા પોતાનો શુદ્ધ ચૈતન્યપ્રભુ પોતાની શક્તિઓ છે તેને પ્રગટ કરીને, પર્યાય નામ અવસ્થામાં નિર્મળ પૂર્ણ પ્રગટ થાય છે તો અનંત શક્તિના નિર્મળ કિરણને પર્યાય કહે છે. એવી નિર્મળ પર્યાયને બગાડવા કોઈ સમર્થ નથી. સમજાય છે કાંઈ? અહીં તો કોઈ આબરુ બગાડે, શરીર બગાડે એમ કહે છે. પણ આને તો કોઈ બગાડી શકતું નથી.

'**સદા ઉદયમાન રહે છે.**' સૂર્યના કિરણ જેમ છે એમ. આ તો વળી સાંજે અસ્ત થઈ જાય, સવારે ઊગે. આ તો એવી ને એવી ચીજ જ્ઞાનમૂર્તિ પ્રભુ, એમ પહેલા અનુભવ કરીને પ્રતીત કરવી અને પછી એકાગ્ર થઈને, સ્થિર થઈને પૂર્ણતા પ્રગટ કરવી, તો એ શક્તિઓ પ્રગટ સદા એવી ને એવી રહે છે. એનું નામ મોક્ષ કહે છે. એનું નામ સિદ્ધ દશા કહે છે. સમજાય છે કાંઈ?

'**આવા જ્ઞાનસ્વરૂપ આત્માનું આત્મામાં ધારણ કરવું તે જ ગ્રહવાયોગ્ય સર્વ ગ્રહ્યું...**' એ શ્લોક કહે છે હવે. '**અને ત્યાગવાયોગ્ય સર્વ ત્યાગ્યું**' **એવા અર્થનું કાવ્ય કહે છે :–**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**उन्मुक्तमुन्मोच्यमशेषतस्तत्**
**तथात्तमादेयमशेषतस्तत्।**
**यदात्मनः संहृतसर्वशक्तेः**
**पूर्णस्य सन्धारणमात्मनीह।।२३६।।**

ઓહોહો..! થોડા શબ્દોમાં તો... બહુ મૂક્યું, ઘણું મૂક્યું. શું કહે છે?

'**શ્લોકાર્થ :- જેણે સર્વ શક્તિઓને સમેટી છે...**' શું કહે છે? આહાહા..! ભગવાન આત્મા પોતામાં અનંત શક્તિઓ છે. અનંત કાળ તો રહે છે પણ સંખ્યાએ અનંત શક્તિઓ છે. સમજાય છે કાંઈ? આત્મા છે તે નિત્ય રહે છે. પણ એમાં જે ગુણ છે-શક્તિ એ પણ નિત્ય રહે છે. નિત્ય તો રહે છે, પણ વર્તમાનમાં અનંત શક્તિઓ છે. જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, પ્રભુત્વ, સ્વચ્છત્વ એવી એવી અનંત શક્તિઓ આત્મામાં છે. સમજાય છે કાંઈ? તો કહે છે, '**જેણે સર્વ શક્તિઓને સમેટી છે...**' ભગવાન આત્મા પોતાની જે પૂર્ણ શક્તિઓ છે એની વર્તમાન પ્રગટ અવસ્થા રાગમાં રોકાતી હતી. પરનું લક્ષ કરીને એમાં જે રોકાતી હતી, તે પર્યાયને સમેટી લીધી. પરથી ખેસડી દીધી અને પોતામાં સમાવી દીધી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ એની અનંત શક્તિઓ સંખ્યાએ છે. સંખ્યા ગણતરીમાં ન આવે. ગણતરી સમજો છો? એક, બે, ત્રણ, ચાર, પાંચ એમ અનંત. કાયમ રહે તો અનંત કાળ રહેશે. પણ સંખ્યાએ અનંત. જેમ સાકર છે ને? સાકર. સફેદાઈ, સુંવાળપ, મીઠાશ એવી શક્તિઓ છે સંખ્યાએ. સાકર કાયમ રહે. એમ ભગવાન આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ એવી અનંત શક્તિઓ છે. એવી અનંત શક્તિને પરથી ખસીને. જુઓ! રાગ અને પર ઉપર જે લક્ષ કરે છે તેને ખસેડીને પોતાનામાં સમેટી લીધી. જુઓ! '**જેણે સર્વ શક્તિઓને સમેટી છે...**' સમેટીનું શું થાય છે? સમેટી સમજો છો? હટા લિયા. પોતાની પર્યાય-પ્રગટ અવસ્થા જે છે એમાં જે પર તરફનું લક્ષ હતું, તેને ખસેડી દીધું અને પોતામાં સમેટી લીધું, પોતામાં સમાવી દીધું. સમજાય છે કાંઈ? લ્યો, ઈ ક્યાં નાખ્યું? શક્તિઓ તો હજી પછી આવશે. પણ અહીં શરૂઆત કરીને નાખી.

'**જેણે સર્વ શક્તિઓ સમેટી છે (-પોતામાં લીન કરી છે)...**' લ્યો, અર્થમાં છે. પોતામાં લીન કરી છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા આ રજકણ તો ધૂળ છે, આ તો પર છે. એ કંઈ આત્મા નથી. શ્વાસ ચાલે છે ને? આ શ્વાસ, એ પણ આત્મા નથી. એ તો જડ છે. કર્મ જડ છે. અને પુણ્ય-પાપના ભાવ થાય છે એ મેલ છે. એમાં જે જ્ઞાનશક્તિ રોકાતી હતી તેને ખસેડીને પોતામાં સમેટી લીધી. આહાહા..! સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અર્થાત્ પર્યાયબુદ્ધિને છોડી દ્રવ્યબુદ્ધિ કરી એમ કહે છે. સમજાય છે કાંઈ? પર્યાયબુદ્ધિ હતી રાગમાં, પુણ્યમાં, એક અંશમાં, પરમાં રોકાતી હતી એને ખસેડીને પોતાની અનંત શક્તિનો પિંડ જે વસ્તુ છે, એમાં દૃષ્ટિ આપી. પોતાની પર્યાય પરથી ખસેડી પોતામાં સમાવી દીધી. ભારે વાત ભાઈ! આ ધર્મકળા. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. અનંત કાળ એણે કર્યું નથી. કદી સાંભળ્યું નથી યથાર્થ ચીજ શું છે. બહારની વાત. આ કરો ને આમ કરો ને તેમ કરો ક્રિયાકાંડ. પણ ચીજ શું છે? અને કઈ રીતે પ્રાપ્ત થાય? એ વાત એણે અનંત કાળમાં રુચિથી સાંભળી પણ નથી. સમજાય છે કાંઈ?

કહે છે, **'જેણે સર્વ શક્તિઓ સમેટી છે (-પોતામાં લીન કરી છે)...'** ભગવાન આત્મા જ્ઞાનની અવસ્થા જે રાગમાં રોકાતી હતી, શ્રદ્ધાની અવસ્થા પરની શ્રદ્ધા કરતી હતી, ચારિત્ર રાગમાં રોકાતું હતું એમ અનેક શક્તિઓ. કર્તાશક્તિ જે રાગને કરતી હતી, એમ જે પરમાં રોકાતી હતી, એને ખસેડી લીધી. પોતાની અવસ્થાને દ્રવ્ય સ્વરૂપમાં લગાવી દીધી. અંતર વસ્તુમાં લગાવી દીધી તો સમેટી લીધી, પોતામાં લીન કરી. એનું નામ ધર્મ છે અને એનું નામ મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ?

**'એવા પૂર્ણ આત્માનું...'** પૂર્ણ ભગવાન આત્મા પરથી ખસીને પોતામાં લીન થાય છે તો **'પૂર્ણ આત્માનું આત્મામાં ધારણ કરવું...'** જુઓ! પોતાની અનંત શક્તિઓ જે પ્રગટ છે, એ પરમાં રોકાતી હતી, તેને ખસેડી લીધી. પોતામાં આત્માને આત્મામાં ધારણ કરી. પોતાના સ્વભાવમાં સ્વભાવને ધારણ કર્યો. **'આત્માનું આત્મામાં...'** આત્મા એટલે નિર્વિકલ્પ સ્વભાવમાં ધારણ કરવું **'તે જ છોડવાયોગ્ય બધું છોડ્યું...'** તેનું નામ ત્યાગ થયો. રાગનો ત્યાગ થયો તો પરનો ત્યાગ થઈ ગયો. નિજ સ્વરૂપમાં ઠરે છે તો છોડવાયોગ્ય બધું છૂટી ગયું. **'અને ગ્રહવાયોગ્ય બધું ગ્રહ્યું.'** ગ્રહણ કરવાયોગ્ય અનંત શક્તિનો પિંડ પ્રભુ હતો, એમાં દૃષ્ટિ લગાવીને સ્થિર થયો તો જે છે તેને ગ્રહણ કર્યું. નથી તેને છોડી દીધું. પોતામાં પુણ્ય-પાપ આદિ નથી એને છોડી દીધા. પોતામાં આનંદ આદિ અનંત શક્તિઓ છે એમાં લીન થયો. તો ગ્રહવાયોગ્યને ગ્રહ્યું, ત્યાગ કરવાયોગ્યનો ત્યાગ થઈ ગયો. એનું નામ ત્યાગ છે. સમજાય છે કાંઈ? આ સમજ્યા વિના બાહ્ય ત્યાગ કરે તો થોથા છે એમ કહે છે. આવી અંતર દૃષ્ટિના અનુભવ વિના બાહ્ય ત્યાગમાં આત્માને કાંઈ લાભ નથી. સમજાય છે કાંઈ?

પોતામાં જે શુદ્ધ ચૈતન્યસ્વભાવ ધાતુ પૂર્ણ સ્વભાવ, એમાં લીન થયો તો ગ્રહવાયોગ્ય બધું ગ્રહ્યું અને રાગાદિના ભાવમાંથી ખસેડી દીધો. છોડવાયોગ્ય છૂટી ગયું. આત્મા ગ્રહણત્યાગ રહિત થઈ ગયો. સ્વરૂપમાં સ્થિર થયો તો જે ગ્રહવાયોગ્ય હતું એમાં સ્થિર થયો. અને છોડવાયોગ્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હતું તે છૂટી ગયું. પરથી ખસીને પોતામાં રહ્યો. તો ગ્રહવાયોગ્યને ગ્રહ્યું, છોડવાયોગ્યને છોડ્યું. હવે કાંઈ બાકી રહ્યું નહિ. એનું નામ આત્મામાં કેવળજ્ઞાન અને પરમાત્મદશા કહે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**મહા સુદ ૫, શનિવાર તા. ૩-૨-૧૯૬૮**
**શ્લોક-૨૩૬-૨૩૭, પ્રવચન-૪૭૬**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૨૩૬. ૨૩૬ કળશ છે. એનો ભાવાર્થ. ભાવાર્થ છે ને? ભાવાર્થ છે. શું કહે છે? આત્મામાં ધર્મ થાય છે તો કઈ રીતે થાય છે? આત્મામાં અંનત કાળથી જે ધર્મ નથી થયો એ ધર્મ થાય છે તો કઈ રીતે થાય છે? કહે છે કે '**પૂર્ણ જ્ઞાનસ્વરૂપ...**' આત્મા પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે. શુદ્ધ ચૈતન્યમૂર્તિ. એકલો જ્ઞાનના સ્વભાવનો પિંડ છે. અને '**સર્વ શક્તિઓના સમૂહરૂપ...**' પહેલા જ્ઞાન લીધું પછી સર્વ શક્તિઓ. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, આનંદ, શાંતિ વગેરે. અનંત શક્તિઓનો સમૂહરૂપ એવો '**જે આત્મા...**' એ આત્મા કર્મ, શરીર, રાગ-દ્વેષ નહિ. પણ આવો આત્મા. સમજાય છે કાંઈ? પૂર્ણ જ્ઞાનસ્વરૂપ અને સર્વ શક્તિઓનો સમૂહ. જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ એટલે ચારિત્ર વગેરે અનંત શક્તિઓનો પિંડ જે સમૂહ અરૂપી ભગવાન આત્મા, '**તેને આત્મામાં ધારણ કરી રાખવો...**' એવા આત્માને આત્મામાં સ્થિર રાખવો. એનું નામ ધર્મ. જે ગ્રહવાયોગ્ય હતું એ ગ્રહ્યું. જે આદરવાલાયક હતું તેનો આદર કર્યો અને છોડવાયોગ્ય હતું તે છૂટી ગયું. શું કહ્યું?

ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાનસ્વરૂપ અને અનંત જ્ઞાનાદિ શક્તિઓનો સમૂહ. તેનો અંતરમાં આત્મામાં આત્મા છે તેને આત્મામાં, આવા આત્મામાં સ્થિર થવું. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના જે શુભ-અશુભ ભાવ છે, તેનાથી ખસીને અને કર્મ આદિ પદાર્થનું લક્ષ છોડીને, પોતાનું શુદ્ધ ચૈતન્યમૂર્તિ સ્વરૂપ, અનંત શક્તિનો પિંડ છે એવો આત્મા આત્મામાં ધારણ કરવો. એમ એમાં લીન થવું. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. બહારની ચીજમાં કોઈ ધર્મ નથી એમ કહે છે. પોતાનો સ્વભાવ છે. જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, પ્રભુત્વ, સ્વચ્છત્વ એવી અનંત શક્તિઓ આત્મામાં છે. શક્તિ નામ ગુણ. ગુણ નામ સ્વભાવ. સ્વભાવ નામ સત્‌નો સત્ત્વ ભાવ. એવા અનંત ભાવરૂપ, પૂર્ણ જ્ઞાનરૂપ એવો એક આત્મા આત્મામાં અંતરમાં નિર્વિકલ્પ દૃષ્ટિ, સ્થિરતા દ્વારા અંતરમાં રમવું, રહેવું એ બધું ગ્રહણ કરવાલાયકને ગ્રહણ કર્યું. અને એમાં એકાકાર થઈને રાગાદિ છૂટી ગયા તો છોડી દીધા. છોડવાયોગ્ય છૂટી ગયું અને ગ્રહણ કરવાલાયક રહી ગયું. સમજાય છે કાંઈ?

'**પૂર્ણ જ્ઞાનસ્વરૂપ, સર્વ શક્તિઓના સમૂહરૂપ...**' આવો. સમૂહરૂપ એવો આત્મા. એમ. '**તેને આત્મામાં...**' તેને અંતરમાં. પોતાની નિર્મળ પર્યાય,... શક્તિઓનો સમૂહ જે પર્યાય એને અંતરમાં એકાકાર કરવી. આત્મવસ્તુમાં લીન થવું, તે જ '**ધારણ કરી રાખવો...**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પોતામાં ધારણ કરી રાખવો **'તે જ, ત્યાગવાયોગ્ય જે કાંઈ હતું તે બધુંય ત્યાગ્યું...'** પોતામાં લીન થયો તો ત્યાગવાયોગ્ય રાગાદિ છે તે છૂટી ગયા. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- બહારના પદાર્થો..

ઉત્તર :- કોણ છોડે બહારના? એ તો છૂટા જ પડ્યા છે. હમણાં કહેશે. બહારના પદાર્થ છૂટા જ પડ્યા છે. ઈ ક્યાં ઘુસી ગયા છે આત્મામાં? એની પર્યાયમાં જે પુણ્ય-પાપ, રાગ-દ્વેષ જે અવસ્થામાં થાય છે તેનું લક્ષ છોડી, આત્મા જ્ઞાન અને પૂર્ણ શક્તિનો પિંડ છે તેને પોતામાં ધારણ કરી રાખવો તે ગ્રહવાયોગ્યને ગ્રહણ કર્યું અને છોડવાયોગ્યને છોડી દીધું. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. વીતરાગ ધર્મ આવો છે. બહુ સૂક્ષ્મ છે. કદી એણે કર્યો નથી. બહારની આ ક્રિયાકાંડ કરે છે કોઈ દયા, દાન, વ્રતિ, ભક્તિ, પૂજા આદિ એ તો શુભરાગ છે, ધર્મ નહિ.

મુમુક્ષુ :- ધર્મનું કારણ થાય.

ઉત્તર :- ધર્મનું કારણ-ફારણ નહિ. ધર્મનું કારણ સદશ્ય હોય. ધર્મ વીતરાગ છે તો એનું કારણ વીતરાગતા હોય. સમજાય છે કાંઈ?

બહુ અલ્પ શબ્દમાં જ્ઞાનની પૂર્ણતા લીધી અને સર્વ શક્તિઓ પર તરફ લક્ષ હતું તેને પોતામાં ધારણ કરી, પોતાની અવસ્થાને પોતામાં લઈ ગયો તો ગ્રહવાયોગ્ય ગ્રહી લીધું અને છૂટવાયોગ્ય છૂટી ગયું. આ એનું નામ આત્માનો આદર અને ધર્મ કહે છે. કહો, પોપટભાઈ! કે દી આ પછી બાયડી, છોકરા કે દી છૂટશે? ઈ એમ કહે છે. એ તો છૂટા જ પડ્યા છે. અંદર આત્મામાં ક્યાં ઘૂસી ગયા છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- છોડી શકાય. ઈ આવે જ છે. હમણાં જ આવશે. છોડી શકાય નહિ એટલે શું રાખી શકાય છે? છોડી શકાય નહિ એનો અર્થ શું રાખી શકે છે? શરીર, કર્મ, પર વસ્તુને રાખી શકે છે? આત્મા રાખી શકતો નથી, છોડી શકતો નથી. એ તો સ્વતંત્ર પરદ્રવ્ય છે. શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર તો સ્વતંત્ર પરવસ્તુ છે. પરવસ્તુને ગ્રહણ કરવી અને છોડવી એ આત્મામાં છે જ નહિ. ઈ તો હમણાં આવશે, એનો જ અર્થ આવશે. સમજાય છે કાંઈ? પણ પોતાની સત્તા અને પોતામાં શું છે એની એને ખબર નથી. અને મારામાંથી શું નીકળી જાય છે? શું છે ઈ નીકળી જાય છે? શું છે ઈ નીકળી જાય છે એની ખબર નથી.

તો પહેલા જ્ઞાનમાં આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને અનંત આનંદ આદિ શક્તિ સંપન્ન છે. અને એની પર્યાયમાં-વર્તમાન અવસ્થામાં પુણ્ય-પાપ, કામ, ક્રોધ, શુભાશુભ ભાવ થાય છે એ તો વિકાર છે. તો વિકારનું લક્ષ, રુચિ છોડી પોતાના સ્વભાવમાં સ્થિર થવું. એ જે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કંઈ આદરવાયોગ્ય હતું આવી ગયું. અને એમાં લીન થયો તો રાગાદિ છૂટી ગયા. છોડવાયોગ્ય છૂટી ગયું. એનું નામ ત્યાગગ્રહણ કહેવામાં આવે છે. વ્યવહાર. સમજાય છે કાંઈ? ભારે ધર્મ. બહારથી કહેવાય કે રોટલા, રોટલી છોડી દો. આઠમ છે, ચૌદસ છે, રોટલા છોડી દ્યો. અપવાસ કરવો. રોટલી છોડું એવો મિથ્યાત્વ ભાવ છે. એ અજીવનો સ્વામી થાય છે. કરવું ઈ કે આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એમાં લીન થવું તો રાગ છૂટી જશે. ઈ કરવું. પોપટભાઈ! ... આહાહા..!

'**ત્યાગવાયોગ્ય જે કાંઈ હતું...**' રાગાદિ છે એ તો છૂટી ગયા. પોતાના આત્મામાં અંતર દૃષ્ટિ કરીને પોતાની શક્તિઓના સમૂહમાં સ્થિર થયો તો ત્યાગવાયોગ્ય એનો ત્યાગ થઈ ગયો. સ્વરૂપમાં થયો તો જે ગ્રહણ કરવાલાયક હતું એમાં સ્થિર થયો. '**અને ગ્રહણ કરવાયોગ્ય જે કાંઈ હતું તે બધુંય ગ્રહણ કર્યું.**' ગ્રહણ કરવાયોગ્ય ઈ હતું. અનંત આનંદ આદિ શક્તિઓનો સમૂહ પિંડ છે, એમાં લીન થવું તે ગ્રહણ કર્યું. સમજાય છે કાંઈ? આમાં શું સૂઝ પડે? અપવાસ, આંબેલ કરવી હોય તો ઠીક પડે, ચોવીહાર કરવો હોય તો ઠીક પડે. પણ આમાં શું? પણ કહે છે, એ ચોવીહાર-બોવીહાર કરે છે એ તો આહારનો ત્યાગ, તું માને છે કે મેં આહાર છોડ્યો, એ તારી દૃષ્ટિ જડનું સ્વામીત્વ થયું. મિથ્યાદૃષ્ટિપણું થયું. મેં આ છોડ્યું. એ આવવાનું જ નહોતું. અને મેં છોડ્યું, એ જડનો સ્વામી થાય છે. એમ કહે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કર્યું નથી?

કહે છે, ભગવાન આત્મા..! પ્રકાશપુંજ પહેલા લીધું. સમજાય છે કાંઈ? '**पूर्णस्य सन्धारणमात्मनीह**'. છે ને? '**उन्मुक्तमुन्मोच्यमशेषतस्तत्**' છોડવાયોગ્ય છોડ્યું, ગ્રહવાયોગ્ય ગ્રહ્યું. '**यदात्मनः संहृतसर्वशक्तेः पूर्णस्य सन्धारणमात्मनीह**'. ભગવાન આત્મા પહેલા એને જ્ઞાનમાં લેવો જોઈએ કે આત્મા શું ચીજ છે? અને એમાંથી શું નીકળી જાય છે? અને એમાં શું છે? શું છે અને શું નીકળી જાય છે? શરીર-બરીર, કર્મ તો એમાં છે જ નહિ. અને એની પર્યાયમાં પુણ્ય-પાપ આદિ વિકાર છે એ નીકળી જાય છે. તો એ ચીજ એની નહિ. સિદ્ધ થયો તો રહ્યું? તો પુણ્ય-પાપના વિકલ્પ જે રાગ છે, તેનાથી ખસીને પોતાની શક્તિનો સમૂહ ભગવાન આત્મામાં લીન થવાથી આદરવાલાયક, ગ્રહવાયોગ્ય ગ્રહી લીધું. રાગાદિનો ત્યાગ કરવો એ ત્યાગ. અહીં લીન થયો તો રાગનો ત્યાગ થઈ ગયો. છૂટવાયોગ્ય છૂટી ગયું અને રહેવાયોગ્ય રહી ગયું. એમ કહે છે. આરે.. આરે! ભારે. થોડી ટૂંકી વાતમાં બહુ લીધું છે. સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

બીજી ભાષાએ કહીએ તો જે પુણ્ય-પાપ આદિ વિકાર છે પોતાની અવસ્થામાં, તેના તરફ રુચિ હતી, એ હું છું, એવો જે વિકારનો આદર હતો તો અંતર સ્વભાવ ત્રિકાળ જ્ઞાયક છે એનો અનાદર હતો, એનું ગ્રહણ નહોતું. એનું (વિકારનું) ગ્રહણ હતું અને સ્વભાવનું ગ્રહણ નહોતું. સ્વભાવનો ત્યાગ હતો અને વિકારનું ગ્રહણ હતું. સમજાય છે કાંઈ? ભગવાન ચૈતન્યપુંજ અનંત ગુણનો પિંડ, એને છોડીને વર્તમાન અવસ્થામાં-દશામાં જે પુણ્ય-પાપના શુભ-અશુભ ભાવ છે તેને ગ્રહણ કર્યા હતા કે એ હું છું. તો ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ આત્માનો ત્યાગ થઈ ગયો. એનું નામ અધર્મ છે. સમજાય છે કાંઈ? વસ્તુના સ્વભાવ તરફ દૃષ્ટિ કરીને લીન થવું એ આદરવાયોગ્ય આવી ગયું, છૂટવાયોગ્ય છૂટી ગયું. રાગાદિમાં એકાગ્ર થતો નથી. વસ્તુ દૃષ્ટિ કરવાથી સ્વભાવનો આદર થયો અને વિભાવનો ત્યાગ થઈ ગયો. એમ કહે છે. સમજાય છે કાંઈ?

ચૈતન્યપુંજ વસ્તુ છે કે નહિ? તો પદાર્થ છે તો એમાં શક્તિઓ છે કે નહિ? એની શક્તિ-ગુણ-ગુણ. અનંત ગુણ છે. એક સમયમાં સંખ્યાએ અનંત, હોં! સંખ્યાએ! જ્ઞાન, દર્શન, આનંદ આદિ. તો સંખ્યાએ અનંત ગુણ છે એવો જે આત્મા, એમાં દૃષ્ટિ કરવાથી, એમાં લીન થવાથી એ જ જે આદરવાયોગ્ય હતું, ગ્રહણ કરવાલાયક હતું તે થઈ ગયું અને એમાં લીન થયો તો રાગાદિ છૂટી ગયા. તો ગ્રહણ કરવાલાયક રહી ગયું, છૂટવાયોગ્ય હતું એ છૂટી ગયું. જે કંઈ છૂટવાયોગ્ય હતું ઈ છૂટી ગયું, અને ગ્રહવાયોગ્ય રહી ગયું. બાકી કંઈ બાકી ન રહ્યું. સમજાય છે કાંઈ? કળશ છે ને? લ્યોને, એનો કળશ હિન્દીમાં થોડો લ્યો. શું છે આ? સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર.

'જબહિતૈં ચેતન વિભાવસૌં ઉલટિ આપુ,...' (૫દ-૧૦૯) આ હિન્દી. બનારસીદાસ. 'જબહિતૈં ચેતન વિભાવસૌં ઉલટિ આપુ,...' જુઓ! ટૂંકામાં ઈ આવી ગયું પાછું. ઈ આવ્યું. 'જબહિતૈં ચેતન..' બનારસીદાસ થયા ને? બનારસી વિલાસ છે ને? બનારસીદાસનું સમયસાર નાટક છે. એ જ કળશનો અર્થ છે. 'જબહિતૈં ચેતન...' જ્ઞાનમૂર્તિ અને અનંત શક્તિનો પિંડ છે. 'વિભાવસૌં ઉલટી આપુ,' વિભાવ નામ વિકાર પરિણામ પુણ્ય-પાપના છે, એ વિભાવથી ઉલટી. એનાથી ખસીને આપુ. 'સમૈ પાઈ અપનૌ સુભાઉ ગહિ લીનૌ હૈ.' પોતાના સ્વભાવમાં અંદર એકાકાર થયો અને વિકારને (છોડી દીધો). 'તબહીતૈં જો જો લેને જોગ સો સો સબ લીનૌં'.

તબહીતૈં જો જો લેને જોગ સો સો સબ લીનૌં,
જો જો ત્યાગજોગ સો સો સબ છાંડિ દીનૌ હૈ.

કહો, સમજાય છે કાંઈ? 'લૈબેકૌં ન રહી ઠૌર...' પોતાનો શુદ્ધ ભગવાન આત્મા પરમાનંદની

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મૂર્તિમાં જે એકાકાર થયો તો 'લૈબેકૌં ન રહી ઠૌર...' લેવાનું બીજું કોઈ સ્થાન રહ્યું નહિ. એ જ સ્વરૂપ હતું એને અંતર દૃષ્ટિમાં ગ્રહણ કર્યું તો આવી ગયું. બીજું કોઈ લેવાનું સ્થાન રહ્યું નહિ. સમજાય છે કાંઈ? 'લૈબેકૌં ન રહી ઠૌર, ત્યાગિવેકૌં નાંહિ ઔર' અને બીજું કોઈ ત્યાગવાનું રહ્યું નહિ પછી. ત્યાગવાનું કંઈ રહ્યું નહિ. પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવમાં વિભાવથી ઉલટી, વિભાવથી પલટો મારી જે સન્મુખ હતો, વિકારની સન્મુખ હતો, તે વિકારની સન્મુખ હતો તો સ્વભાવનો ત્યાગ હતો. વિભાવનું ગ્રહણ હતું, વિભાવની સન્મુખ હતો તેને પલટીને સ્વભાવ સન્મુખ થઈને વિભાવનો ત્યાગ કર્યો, ચૈતન્યમાં લીન થયો. બહુ થોડા શબ્દમાં પર્યાયબુદ્ધિમાંથી દ્રવ્યબુદ્ધિનું સ્વરૂપ બતાવ્યું છે. વાત એમ છે મૂળ તો. શાસ્ત્ર તો અનેક પ્રકારે વાત કરે ને. સમજાય છે કાંઈ? 'બાકી કહા ઉબર્યૌ જુ કારજુ નવીનૌ હૈ.' શું કહે છે? વળી બીજું કયું નવીન કાર્ય કરવું છે? બીજું નવું કાર્ય શું કરવું છે? ભગવાન આત્મા પોતાના શુદ્ધ ચૈતન્યના ઘરમાં અંતર પ્રવેશ કર્યો તો લેવાયોગ્ય લઈ લીધું અને છોડવા યોગ્ય છોડી દીધું. તો લેવાયોગ્ય નવું રહ્યું નહિ, અને છૂટવા યોગ્ય કંઈ બાકી રહ્યું નહિ. બરાબર છે?

'સંગ ત્યાગિ અંગ ત્યાગિ વચન તરંગ ત્યાગિ.' સંગનો પણ ત્યાગ થઈ ગયો. અંતરમાં એકાકાર થયો તો સંગનો ત્યાગ થયો. 'અંગ ત્યાગિ' શરીરનો પણ ત્યાગ થઈ ગયો. 'વચન તરંગ ત્યાગિ' વચનના તરંગનો પણ ત્યાગ થઈ ગયો. 'મન ત્યાગિ' મનનો પણ ત્યાગ થઈ ગયો. સમજાય છે કાંઈ? 'સંગ ત્યાગિ અંગ ત્યાગિ વચન તરંગ ત્યાગિ, મન ત્યાગિ બુદ્ધિ ત્યાગિ' અહીં તો બુદ્ધિ ત્યાગી. વિકલ્પ છે તેનો પણ ત્યાગ કર્યો. 'આપા સુદ્ધ કીનૌ હૈ.' (પદ-૧૦૯). 'આપા સુદ્ધ કીનૌ હૈ.' આત્મા અંતરમાં એકાગ્ર થઈને શુદ્ધ થયો તો ગ્રહણ કરવાલાયક ગ્રહ્યું. ગ્રહણ કરવાલાયક કોઈ બાકી રહ્યું નહિ. અને વિભાવ છૂટી ગયો તો છૂટવાલાયક બીજું કાંઈ રહ્યું નહિ. કહો, સમજાય છે કે નહિ? આહાહા..! જુઓ!

**'અર્થ :- અવસર મળતાં જ્યારથી આત્માએ વિભાવ પરિણતિ છોડીને નિજસ્વભાવનું ગ્રહણ કર્યું છે, ત્યારથી જે જે વાતો ઉપાદેય અર્થાત્ ગ્રહણ કરવા યોગ્ય હતી તે તે બધીનું ગ્રહણ કર્યું છે...'** અંદર જ્ઞાનમાં શુદ્ધ ચૈતન્યમૂર્તિમાં એકાકાર થયો તો ગ્રહણ કરી લીધું. **'અને જે જે વાતો હેય અર્થાત્ ત્યાગવા યોગ્ય હતી તે બધી છોડી દીધી છે.'** એ તો ભાષા. પર્યાયબુદ્ધિ હતી એ દ્રવ્યબુદ્ધિ થઈ તો પર્યાયબુદ્ધિ છૂટી ગઈ અને દ્રવ્યબુદ્ધિ થઈ ગઈ. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં આવો, નજીક આવો નજીક. **'હવે ગ્રહણ કરવા યોગ્ય અને છોડવા યોગ્ય કાંઈ રહી ગયું નથી અને નવું કામ કરવાનું બાકી હોય એવું પણ કાંઈ બાકી રહ્યું નથી.'** શું કહે છે? જુઓ! આત્મા..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આવવા દો, નજીક આવવા દો. આવો, નજીક આવો. સમજાય છે કાંઈ?

કહે છે કે પોતાનો ચૈતન્ય શુદ્ધ આનંદ સ્વરૂપમાં જ્યારે લીન થયો તો ગ્રહણ કરવાલાયક હતું તેને ગ્રહણ કરી લીધું. અને અંતરમાં લીન થયો તો વ્યવહાર વિકલ્પ આદિ હતા એ છૂટી ગયા. છૂટવા લાયક કંઈ બાકી રહ્યું નહિ અને છૂટવાયોગ્ય બધું છૂટી ગયું. ગ્રહણ કરવાયોગ્ય કંઈ રહ્યું નહિ અને ગ્રહણ કરવાયોગ્ય બધું અંદર ગ્રહી લીધું. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. જાત્રા-બાત્રામાં બહુ સહેલું છે. ઉપર ચડવું એ શુભરાગ છે. આહાહા..! એ શુભરાગ છે, પુણ્ય છે. આ તો ધર્મની વાત ચાલે છે.

પોતાનો આત્મા જ્ઞાન ચૈતન્યમૂર્તિ અને અનંત શક્તિનો પિંડ છે. તો કહે છે કે પોતાના સ્વભાવમાં જ્યાં અંતરમાં એકાકાર થાય છે તો, જે આદરવા લાયક છે, જે ગ્રહણ કરવા લાયક છે, જે છે તેને ગ્રહી લીધું. લીન થયો તો. અને જે પુણ્ય-પાપના વિભાવભાવ હતા, એ સ્વભાવમાં લીન થયો છૂટી ગયા. તો છૂટવાલાયક છૂટી ગયું, છૂટવાનું કંઈ બાકી રહ્યું નહિ. ગ્રહણ કરવાયોગ્ય ગ્રહી લીધું, બીજું નવું ગ્રહવા લાયક રહ્યું નહિ. લેણ-દેણ કંઈ રહી નહિ. આહાહા..! કહો! આમ છે સહેલું.

જુઓ! '**નવું કામ કરવાનું બાકી હોય એવું પણ કાંઈ બાકી રહ્યું નથી.**' અંતરમાં જ્ઞાનાનંદ ચૈતન્ય શુદ્ધમાં રહી ગયો તો જે ગ્રહણ કરવાનું કાર્ય હતું તે થઈ ગયું. રાગ છૂટવાનું કાર્ય થઈ ગયું. કોઈ નવું કાર્ય કરવાનું રહ્યું નહિ. અંતરમાં આનંદમાં લીન થવું એ કાર્ય કરવાનું છે. '**પરિગ્રહ છોડી દીધો,...**' લ્યો. ઠીક. અંતર જ્ઞાનાનંદ સ્વરૂપમાં લીન થયો તો પરિગ્રહ પણ ત્યાં રહ્યો નહિ. '**શરીર છોડી દીધું,...**' અંગ છોડી દીધું. શરીર પણ છૂટી ગયું. '**વચનની ક્રિયાથી રહિત થયો,...**' અંદર જ્ઞાનાનંદમાં રહે છે તો ક્રિયા રહી નહિ, વચન રહ્યા નહિ. '**મનના વિકલ્પો છોડી દીધા, ઈન્દ્રિજનિત જ્ઞાન છોડ્યું...**' પેલું બુદ્ધિ કીધું હતું ને? બુદ્ધિનો અર્થ કર્યો. ઈન્દ્રિયજનિત જે પાંચ ઈન્દ્રિયથી જ્ઞાન થાય છે, એ સ્વભાવના અતીન્દ્રિય જ્ઞાનમાં લીન થવાથી ઈન્દ્રિયજનિત જ્ઞાન પણ છૂટી ગયું. '**અને આત્માને શુદ્ધ કર્યો.**' લ્યો. આ બનારસીદાસ છે. સમયસાર નાટક. સાંભળ્યું છે? નહિ. સમયસાર નાટકમાંથી.

(અહીંયા) કહે છે, '**ત્યાગવાયોગ્ય જે કાંઈ હતું તે બધુંય ત્યાગ્યું અને ગ્રહણ કરવાયોગ્ય જે કાંઈ હતું તે બધુંય ગ્રહણ કર્યું. એ જ કૃતકૃત્યપણું છે.**' જુઓ! શરીર શરીરમાં હો, વાણી વાણીમાં રહો, મન મનમાં રહો. અને પોતાનો આત્મા અનંત ગુણનો પિંડ છે એમાં દૃષ્ટિ કરી તો પોતામાં રહ્યો અને વિકાર છૂટી ગયો, પર છૂટી ગયું. પરમાં રહેતો નથી. જે કાર્ય પોતાના સ્વભાવમાં કરવાનું હતું એ થઈ ગયું. કોઈ કાર્ય નવું કરવાનું

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રહ્યું નહિ. આ કાર્ય કરવાનું છે. સમજાય છે કાંઈ?

'**આવા જ્ઞાનને દેહ જ નથી**' હવે લ્યે છે. આવું જ્ઞાન ભગવાન આત્મા. આ દેહ નથી. આ દેહ એને નથી. આ તો માટી જડ છે. '**આવા જ્ઞાનને દેહ જ નથી'-એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છે :-**' ૨૩૭ શ્લોક છે ને?

**व्यतिरिक्तं परद्रव्यादेवं ज्ञानमवस्थितम्।**
**कथमाहारकं तत्स्याद्येन देहोऽस्य शङ्कयते।।२३७।।**

પુસ્તક દ્યો, પુસ્તક થોડા. બીજા હિન્દી છે કે નહિ? સાંભળો, સાંભળો. જુઓ!

'**શ્લોકાર્થ :- આમ (પૂર્વોક્ત રીતે) જ્ઞાન પરદ્રવ્યથી જુદું અવસ્થિત (-નિશ્ચળ રહેલું) છે;...**' શું કહે છે? જ્ઞાન શબ્દે આત્મા. પોતાનું ચૈતન્યસ્વરૂપ, આનંદસ્વરૂપ, શ્રદ્ધાસ્વરૂપ, શાંતિસ્વરૂપ એવો જે આત્મા વીતરાગ સ્વરૂપ છે, એને પરદ્રવ્યથી પૃથક્ કરીને. શરીર, વાણી, મનથી પૃથક્ કરીને. અવસ્થિત-નિશ્ચળ થયો. પોતામાં જ્ઞાનાનંદમાં સ્થિર થયો તે જ આત્મા. એનું નામ ધર્મ. એનું નામ મોક્ષનો માર્ગ. '**તે (જ્ઞાન) આહારક કેમ હોય...**' હવે કહે છે. આવો ભગવાન જ્ઞાનમૂર્તિ મૂર્તિ તે આહારને ગ્રહણ કરે, એમ કેમ બની શકે? જડને ગ્રહણ કરે એમ કેમ બની શકે? એમ કહે છે. સમજાય છે કાંઈ? આ શરીરને.. શરીર નથી એમ સિદ્ધ કરવું છે. જે આહારક છે, આહારના પરમાણુ છે-કર્મના અને નોકર્મના. કર્મના આઠ કર્મના પરમાણુ છે અને નોકર્મ આ આહારાદિ છે. એને ગ્રહણ કરવું આત્મામાં છે જ નહિ. સમજાય છે કાંઈ?

ભગવાન ચૈતન્ય સ્વરૂપ એ આહારક નથી. આહાર નથી. તો શરીર ક્યાંથી થયું? તો એને શરીર ક્યાંથી આવ્યું? શરીર નથી તો શરીરનું લિંગ ક્યાંથી આવ્યું આત્મામાં? એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! લિંગ સુધી લઈ જવું છે. ભેખ જે શરીરનો છે ને? નગ્નપણું એ આત્માને નથી, એમ કહે છે. આહા..! છેલ્લી ગાથાઓ છે ને. જ્ઞાન એટલે ભગવાન આત્મા, અરૂપી ચૈતન્યઘન આત્મા એમ અંતરમાં એકાકાર થઈને પરદ્રવ્યથી પૃથક્ નિશ્ચળ થયો. શરીરાદિથી પૃથક્ ભિન્ન પોતામાં નિશ્ચળ થયો એવો ભગવાન આત્મા '**(કર્મ નોકર્મરૂપ આહાર કરનારું) કેમ હોય...**' ભાષા જરી કઠણ છે. આવો આત્મા કર્મને ગ્રહણ કરે એમ હોય જ નહિ, એમ કહે છે. કર્મને ગ્રહણ કરવા એ આત્મામાં છે જ નહિ. લ્યો.

મુમુક્ષુ :- શાસ્ત્ર ઘણા..

ઉત્તર :- શાસ્ત્ર ઘણા છે. વિકલ્પ હોય તો નિમિત્ત કોણ હતું ઈ વાત છે. આત્મા કર્મને ગ્રહણ કરતો નથી અને કર્મ છોડતો નથી. કર્મ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યને શું આત્મા ગ્રહણ કરે છે અને છોડે છે? પરદ્રવ્યથી રહિત છે. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આત્મા જેને કહે છે એ તો જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ છે. એ આત્મા કર્મ અને શરીરને ગ્રહણ કઈ રીતે કરે? અરૂપી ભગવાન આત્મા રૂપીમાં કેમ આવી જાય? એમ કહે છે. એ તો એના સ્થાનમાં છે. શરીર શરીરમાં છે, આત્માએ ગ્રહણ કર્યું જ નથી. શરીરને આત્માએ ગ્રહણ કર્યું જ નથી, એમ કહે છે. શું ગ્રહણ કરે? એ તો ચૈતન્યમૂર્તિ છે. આ રજકણ જડ રૂપી છે. એના સ્થાનમાં ઈ છે. આત્માએ શું એને પકડી લીધું છે? આત્માએ શરીરને પકડ્યું છે? બિલકુલ નહિ. એમ કહે છે. અજ્ઞાની માને છે કે મેં શરીરને પકડ્યું છે, હું કર્મને ગ્રહણ કરું છું. કર્મ તો રજકણ જડ છે. શરીર જડ છે. કોને ગ્રહણ કરે? કરે તો એની પાસે હાથ-પગ છે? સમજાય છે કાંઈ? હાથ-પગ તો (જડ છે કે) જ્ઞાનનો અવયવ છે? તો જ્ઞાનનો અવયવ શું શરીરને ગ્રહણ કરે? સમજાય છે કાંઈ? આત્માને આહાર નથી એમ કહે છે. કોણ ખાય છે? .. એમ કહે છે ને? છોકરાને પૂછીએ ને? શું ખાધું? વળી ઓલો અવિનાશ કહે કે કોણ ખાય છે? કીધું, કે આ શરીર. ત્યારે વળી .. કોણ ખાય છે? ઈ ન બોલ્યો. બોલતો નહોતો. કોણ ખાય છે? કીધું. આ. શું ખાઈને આવ્યો? શું ખાઈને આવ્યો? રોટલો ને રોટલી ને રોટલો ને શાક. કોણે ખાધું? કે શરીરે. અહીં તો કહે છે, શરીર પણ ખાતું નથી અને આત્મા પણ ખાતો નથી. આત્મા ખાતો નથી? ખાતો સમજો છો? ખાય એનો શું અર્થ? સમજાય છે કાંઈ?

માણસે ધક્કો ખાધો. નથી કહેતા? ધક્કો ખાય છે ને? ધક્કો મારે છે. તો ધક્કો શું ખાધો? ખાધું શું? તો ધક્કા ખાધો કહે છે ને? ગાળ ખાધી એમ કહે છે, લ્યો. એણે ગાળ ખાધી. બગાસુ ખાધું. કહે છે ને? બગાસુ ખાધું, બગાસુ ખાધું. ઠપકો ખાધો, ઠપકો. ઓળંભો આપ્યો, ઓળંભો ખાધો. તો શું ખાય છે? ખાવાની ચીજ છે? .. નીચે ઠેસ આવે છે ને શરીરને? પત્થર હોય ને. ઠેસ વાગી એમ અમારે કહે. ઠેસ વાગી, કોઈ ખાય એમ કહે છે. એ તો ભાષા છે. ખાય કોણ? આહાહા..! ભારે વાત ભાઈ! આખો દી પાણી પીવું, જળ લેવું, આહાર લેવો, ચા પીવી, દૂધ પીવું. ભાઈ! શું છે? ભગવાન ના પાડે છે. ભગવાન કહે છે એ જડ રજકણ છે. એ સ્વતંત્ર જગતની ચીજ છે. એને આત્મા લઈ શકે, છોડી શકે એ આત્મામાં છે જ નહિ. આહાહા..! અજ્ઞાનીએ માની લીધું છે કે હું આહાર લઉં છું અને હું આહાર છોડું છું. તો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. આત્માની શક્તિની એને ખબર નથી.

અહીં તો શું કહે છે? આઠ કર્મનો આહાર નહિ, એમ ત્યાં સુધી કહે છે. છ પ્રકાર છે ને? આમ અનંત લખ્યા. પ્રવચનસારમાં આવે છે, નહિ? લખ્યું છે ઓલામાં. આમાં ક્યાંક લખ્યું છે, નહિ? છ પ્રકારનો આહાર. લખ્યું છે? ક્યાં છે? છ પ્રકારનો આહાર છે

ને? છ પ્રકાર. આમાં નથી. ગુજરાતીમાં હશે. પ્રવચનસારમાં છે. છે આમાં લખ્યું છે. કર્મ આહાર. કર્મ સમજો છો? આઠ કર્મ છે કે નહિ? અષ્ટ કર્મ છે ને? જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ. અહીંયા કહે છે કે ભગવાન આત્મા ચૈતન્ય તો અરૂપી છે. અને કર્મ તો રૂપી જડ છે. તો જડને આત્મા ગ્રહણ કરે એ કેમ બની શકે? કર્મ તો કર્મના કારણે રહ્યા છે, આવ્યા છે. પોતાને કારણે આવ્યા જ નથી, એમ કહે છે. અજ્ઞાનપણું કર્યું તો નિમિત્ત છે તો કર્મ આવ્યા. તો અજ્ઞાન તો નિમિત્ત થયું. પણ અજ્ઞાને કર્મ ગ્રહણ કર્યા એમ તો છે જ નહિ.

અહીં તો આત્માના જ્ઞાનની વાત છે. આત્મા જ્ઞાનાનંદ ચૈતન્ય શુદ્ધ છે. એવું ભાન થયું તો આત્મા કર્મને ગ્રહણ કરે એમ આવ્યું ક્યાંથી? કર્મનો આહાર છે જ નહિ. કર્મને ગ્રહવા એ આત્મામાં છે જ નહિ એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? કર્મનો આહાર. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય અને અંતરાય, નામ, ગોત્ર આઠ કર્મ છે. તો અહીં તો ભગવાન કહે છે કે ભાઈ! તું તો ચૈતન્યમૂર્તિ પ્રભુ છો ને! તેં તારા સ્વરૂપનું ભાન નહિ કરીને અજ્ઞાન કર્યું તો અજ્ઞાન તો નિમિત્ત થયું અને કર્મનું આવવું તો કર્મને કારણે છે. તો કર્મના આવવામાં અજ્ઞાન નિમિત્ત છે. પણ અજ્ઞાને કર્મને ગ્રહણ નથી કર્યા. તો અહીં તો જ્ઞાનની વાત ચાલે છે. હું તો જ્ઞાનસ્વરૂપ છું, શુદ્ધ ચૈતન્ય છું. એવા ભાનમાં કર્મનું ગ્રહણ આવ્યું ક્યાંથી? ધર્મીને આત્માનું ભાન છે, તેને કર્મનું ગ્રહણ થતું નથી એમ કહે છે. આરે..આરે..! ભારે ભાઈ! સમજાય છે કાંઈ?

કર્મનો આહાર નથી. આહાર નથી નામ ગ્રહણ કરવું નથી. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, એવી દૃષ્ટિ થઈ અને પોતાના જ્ઞાયકભાવનું ભાન થયું તો કહે છે કે શું આત્મા કર્મ ગ્રહણ કરવામાં નિમિત્ત થાય છે? ગ્રહણ કરવામાં નિમિત્ત થાય છે? ના. એમ કહે છે. આહા..! સમજાય છે કાંઈ? કર્મ તો જડ છે. તો જડનું આવવું જવું આત્માના અધિકારથી નથી. પણ આત્મા, આત્માના સ્વરૂપનું બેભાનપણું છે, અજ્ઞાનમાં પરમાં સુખ છે એવી દૃષ્ટિ, બુદ્ધિ હતી ત્યાં સુધી તે બુદ્ધિ કર્મ આવવામાં નિમિત્ત હતી. નિમિત્ત હતી. કર્મ તો કર્મને કારણે આવે છે. અહીં તો કહે છે કે નિમિત્તપણું ઉડી ગયું હવે. આહાહા..!

હું ચિદાનંદ જ્ઞાનાનંદ અનંત શક્તિનો પિંડ છું એમ જ્યાં દૃષ્ટિ થઈ તો કહે છે કે કર્મ આવવાનું નિમિત્ત હતું એ પણ ગયું. તો કર્મનો આહાર એને કઈ રીતે છે? પોપટભાઈ! સમજાણું કાંઈ? સાંજ-સવાર ખાય-પીવે, અને કહે છે કે આત્માને આહાર નથી. ભાઈ! આહાર તો જડમાં છે. આહારનો અર્થ એ પરમાણુ આવે છે, જાય છે એ જડની દશા છે. આત્માની નહિ. આત્મા તો અરૂપી છે. શું આત્મા રજકણને ગ્રહણ કરે? અજ્ઞાનમાં પણ ગ્રહણ નથી કરતો. ઈ પછી આ ગાથામાં કહેશે. સમજાય છે કાંઈ?

જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, એમ જ્યાં ભાન થયું તો આહાર ગ્રહણ કરવામાં જે નિમિત્ત હતું એ પણ રહ્યું નહિ. તો એને આહાર કર્મ નથી, કર્મ નથી તો શરીર પણ નથી. શરીર નથી, કર્મ નથી એમ કહે છે. સમજાય છે કાંઈ? ક્યારે? અત્યારે. કહે છે.

મુમુક્ષુ :- અનાદિથી?

ઉત્તર :- અનાદિથી. અનાદિથી પણ અહીં જ્યાં ભાન થયું એટલે એ સમયની વાત છે. અજ્ઞાનમાં કર્મ ગ્રહણ કરવામાં નિમિત્ત હતું. અહીં તો નિમિત્ત પણ નથી. હું તો જ્ઞાન ચિદાનંદ સ્વરૂપ છું. શુદ્ધ આનંદમૂર્તિ આત્મા હું છું. એમ જ્યાં જ્ઞાન અને આનંદનું ભાન થયું તો કહે છે કે કર્મ ગ્રહણ કરતો તો નથી, પણ કર્મ ગ્રહણ જેના કારણે થાય એવું નિમત્તપણું પણ આત્મામાં રહ્યું નહિ. સમજાય છે કાંઈ? ભારે ઝીણી વાતું, ભાઈ! લ્યો, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય આમ બાંધે, આમ બાંધે, આમ આવે ને... બધું ઉડાવી દીધું.

ભગવાન આત્મા... એ તો પોતાના સ્વરૂપનું ભાન નહોતું ત્યારે રાગાદિ હતા. તો રાગને કારણે નિમિત્તપણે એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હતો. પણ આત્માનું ભાન થયું તો અંતરમાં રાગ જ નથી. સ્વરૂપને ગ્રહણ કરીને રહ્યો અને રાગ છૂટી ગયો એવા આત્મામાં કર્મ ગ્રહણનું નિમિત્ત નથી તો આત્મા આઠ કર્મ ગ્રહણ કરે અને શરીર બને એમ બનતું નથી. આત્મામાં શરીર અત્યારે નથી, એમ કહે છે. આત્મામાં શરીર છે? એક વસ્તુમાં બીજી વસ્તુ છે? એક વસ્તુમાં બીજી વસ્તુનો તો અભાવ છે. સમજાય છે કાંઈ? આ આંગળી છે તો એમાં આ આંગળીનો અભાવ છે. આ આંગળીમાં આ આંગળી છે? નહિ. એમ આત્મામાં શરીર છે? નહિ. શરીરમાં આત્મા છે? નહિ. બેય ભિન્ન છે.

વસ્તુ પણ એવી છે ને. વિચાર કરે, મનન કરે તો એને બેસી જાય. આહા..! ચૈતન્યવસ્તુ જ્ઞાન, આનંદ અનંત શક્તિનો પિંડ પ્રભુ, એમાં કર્મના રજકણનો પોટલો ક્યાં છે? એમાં તો અભાવ છે. સમજાય છે કાંઈ? તો પૈસા ને લક્ષ્મી, બાયડી, છોકરા તો ક્યાં રહી ગયા? એ તો ભિન્ન છે. એને કારણે રહ્યા. અહીં કહે છે, કર્મ કર્મને કારણે છે. આત્મામાં છે જ નહિ. કર્મ. આઠેય કર્મ નથી.

નોકર્મ. લ્યો. આત્મામાં નોકર્મ નામ.. સમજાય છે? વાણી, શરીરાદિ છે જ નહિ. મન. આત્મા જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એમ અંતરમાં ગ્રહણ થયું અને રાગાદિનો અભાવ થયો તો પછી કહે છે કે નોકર્મ ક્યાંથી આવ્યા? શરીર નોકર્મ છે, ઈ એનામાં છે જ નહિ. સમજાય છે કાંઈ? કવલાહાર. કવલાહાર કહે છે ને? કવલ ખાય છે ને? કવલ. કવલાહાર આત્મામાં છે જ નહિ, એમ કહે છે. તીર્થંકરને તો નિમિત્તરૂપે પણ નથી હોતો. અહીં તો

આત્મામાં કવલાહાર નથી એમ કહે છે. જ્યારે વીતરાગ થયા, સર્વજ્ઞ પરમેશ્વર થયા, એને તો કવલઆહારનું નિમિત્ત પણ રહ્યું નહિ. સમજાય છે કાંઈ? પણ અહીંયાં તો જ્યાં આત્માનું ભાન થયું તો કવલઆહાર તો જડ છે. એ જડ આત્મામાં છે જ નહિ. તો કવલઆહાર આત્મા લ્યે છે એમ છે નહિ. ભારે વાત ભાઈ! ઓહો..! સવારે ઉઠે ને ચા જોઈએ ને દૂધ જોઈએ. ચા પીવે, દૂધ પીવે. સવારે પીવે છે કે નહિ? અહીં તો ના પાડે છે. ચા તો આત્મામાં છે જ નહિ. તત્ત્વ દૃષ્ટિની ખબર નથી તો શું છે અને શું થાય છે, એની કંઈ ખબર નથી. દૂધ અને ચા તો રજકણ છે, જડ પુદ્‌ગલ છે. તો પુદ્‌ગલનું આવવું-જવું પુદ્‌ગલને કારણે છે. પોતાને કારણે નથી. સમજાય છે કાંઈ?

કહે છે કે કવલાહાર નથી. આત્મામાં કવલાહાર છે જ નહિ. ભગવાન ચૈતન્યમૂર્તિ.. જેને રાગ છે એને કવલઆહારમાં રાગ નિમિત્ત કહેવામાં આવે છે. પણ અહીં તો રાગનો પણ સ્વભાવમાં અભાવ છે એવા આત્માની દૃષ્ટિ થઈ તો કવલાહાર એને નિમિત્તપણે પણ રહ્યો નહિ. કવલાહાર ભિન્ન રહી ગયો. ભિન્ન ભિન્ન. સ્પર્શમાત્ર આહાર. ... છે ને? આ વૃક્ષ હોય ને? વૃક્ષને લેપ-પાણી લાગે ને સ્પર્શથી? એવો પણ આહાર આત્મામાં નથી. લેપ આહાર. ઓજ આહાર. સમજાય છે? આ પંખીને હોય ને? પંખી. પંખીને હોય ને? પંખી. પોતાની પાંખ હોય એની નીચે બચ્ચાને ઓજ આપે. પાંખની નીચે બચ્ચાને આહાર આપે છે. એને ઓજ આહાર કહે છે. અથવા જન્મ ટાણે, પહેલા ઓજ આવે છે. મરણ ટાણે ઓજ કહે છે ને? ઓજ નીકળી ગયા. મૃત્યુ થાય ને ત્યારે ઓજ નીકળી ગયા. એમ કહે છે. પણ એ પહેલા લીધો હતો. પણ અહીં તો ઓજ આત્મામાં છે જ નહિ એમ કહે છે. એ તો જડ છે. આત્મા ચૈતન્ય છે. સમજાય છે કાંઈ? ચૈતન્યમાં ઓજ આહાર છે જ નહિ. લો. સમજાય છે કાંઈ? ઓજ આહાર. જેમ ઈંડાનો છે. ઈંડાનો દાખલો આપ્યો. અને માનસિક આહાર દેવોનો. દેવોને માનસિક આહાર હોય છે. દેવોને. માનસિક આહાર છે એ આત્મામાં છે જ નહિ અહીં કહે છે. ઈચ્છા પણ આત્મામાં નથી પછી આહાર ક્યાંથી આવ્યો આત્મામાં? એમ કહે છે. સમજાય છે કાંઈ?

આ તો તાત્ત્વિક દૃષ્ટિની ધર્મની વાત છે. આત્મા જે ચૈતન્યમૂર્તિ આનંદકંદ છે, સચ્ચિદાનંદ સ્વરૂપ છે એવું ભાન થયું તો કહે છે કે માનસિક આહાર સ્વર્ગના દેવને છે. સ્વર્ગમાં જે ૩૩ સાગરનું આયુષ્ય છે. સમજાય છે? ૩૩ પખવાડિયે આહારની ઈચ્છા થાય છે. ૩૩ પખવાડિયે. પખવાડિયું સમજો છો? પક્ષ. સાડા બાર વર્ષ. કેટલા થયા? સાડા અગિયાર વર્ષ. ૩૩ પખવાડિયા. સાડા અગિયાર વર્ષ થયા ને? સાડા સોળ મહિના. સાડા સોળ મહિને. સર્વાર્થસિદ્ધનો દેવ સાડા સોળ મહિને માનસિક આહાર લે છે. સાડા સોળ મહિને. ૩૩

પખવાડિયા. આત્મામાં છે જ નહિ. એમ કહે છે. એ તો એને કારણે આવે છે, જાય છે. આત્મા નથી લેતો. આહાહા..! સમજાય છે કાંઈ? આટલા આટલા વખાણ શાસ્ત્રમાં છ પ્રકારના કર્યા, એને ઉડાવી દે. એ તો જડ છે, જડ. આત્મામાં છે ક્યાં? આહાહા..! આ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઉડી ગયા.

ભગવાન આત્મા.. પહેલા કહ્યું ને? શુદ્ધ ચૈતન્ય અનંતગુણનો પિંડ પ્રભુ છે એમાં જ્યાં લીન થયો તો ગ્રહણ કરવાલાયક હતું એ બધું ગ્રહણ થઈ ગયું. અને વિકાર એમાં આવ્યો નહિ. તો વિકાર છૂટી ગયો. છૂટી ગયો. છૂટવાલાયક છૂટી ગયું, ગ્રહણ કરવાલાયક રહી ગયું. કાંઈ નવું રહ્યું નહિ. તો આહાર લેવાનું નવું કાર્ય નવું ક્યાંથી આવ્યું? એમ કહે છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત ભારે પડે માણસને. આખો દી આહાર કોણ કરે છે? તને ખબર નથી. એ તો રજકણ એના કારણે આવે છે, એને કારણે જાય છે. નથી કહેવાતું? આપણે ગુજરાતમાં કાઠિયાવાડમાં કહે છે ને? દાણા દીઠ ખાનારનું નામ છે. તમારે પણ હિન્દીમાં કંઈક હશે. દાને દાને પર લિખા હૈ ખાનેવાલેકા નામ. બસ ઈ. ઈ અમારે કાઠિયાવાડમાં કહે છે. એનો અર્થ શું છે? દાણે દાણે ખાનારનું નામ લખ્યું છે. એનો અર્થ શું? કે જે દાણો આવવાનો છે ઈ આવશે. છૂટવાવાળો છૂટશે. આત્મા લાવનારો નથી. આત્મા નથી લાવી શકતો, એમ કહે છે. સમજ્યા ભાઈ? આવું બનાવો. પણ જે રજકણ આવવાના છે, ઈ આવવાવાળા જ આવશે. એના ઉપર નામ છે. નામનો અર્થ ઈ જ આવશે. ખાનારનું દાણા ઉપર નામ છે. એમ કહે છે.

અહીંયા આચાર્ય ઈ કહે છે. એ તો રજકણ જે આવવાના છે ઈ આવે છે. આત્માને કારણે નહિ, આત્મા એને લેતો નથી. ભગવાન આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ ચૈતન્યમૂર્તિને જ્યાં ગ્રહણ કર્યો, આત્મા આત્મામાં લીન થયો તો કહે છે કે ગ્રહણ કરવાનું શું બાકી રહ્યું કે હવે આહાર ગ્રહણ કરે? એ તો એના કારણે આવે છે. ઈ જાણે છે. ગ્રહણ નથી કરતા. પોપટભાઈ! ભારે વાત.

**'જ્ઞાન પરદ્રવ્યથી જુદું અવસ્થિત (-નિશ્ચળ રહેલું) છે; તે (જ્ઞાન) આહારક (અર્થાત્ કર્મ-નોકર્મરૂપ આહાર કરનારું) કેમ હોય...'** ભગવાન આત્માને શરીર અને કર્મ છે. કોણ કહે છે? એમ કહે છે અહીં તો આચાર્ય. શરીર શરીરમાં રહ્યું, શરીર શરીરરૂપ રહ્યું છે. કર્મ કર્મરૂપે રહ્યા છે. કર્મ શું આત્મારૂપ રહ્યા છે? અને આત્મા શું કર્મરૂપ થઈને રહ્યો છે? સમજાય છે કાંઈ? ભગવાન અરૂપી ચૈતન્ય વસ્તુ. જુઓ! કર્મ લઈ જાય ત્યાં જાવું પડે. આજે આવ્યું હતું ને? એક આવ્યું હતું ને હમણાં? સંથારાનું. કર્મ લઈ જાય ત્યાં જાવું છે. લ્યો, હજી કર્મને લઈને. પણ કર્મ આત્મામાં છે જ નહિ, આત્મા તો કર્મથી

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


રહિત છે. આત્મા પોતાના સ્વરૂપથી છે અને પર સ્વરૂપથી નથી. પોતાના સ્વરૂપથી છે એમ જો પરસ્વરૂપથી હોય તો બેય એક થઈ જાય. બરાબર છે? ચૈતન્ય ચૈતન્યસ્વરૂપે રહે અને ચૈતન્ય જડ સ્વરૂપે રહે તો બેય એક થઈ જાય. ચૈતન્ય ચૈતન્યસ્વરૂપે છે અને જડસ્વરૂપે નથી. અરે..! પણ કોઈ દી સાંભળ્યું નથી, વિચાર કર્યા નથી. સમજાય છે કાંઈ?

આ કહે છે કે આત્મા ફોટો પાડી શકતો નથી એમ કહે છે. એમ કહે છે. ફોટો પણ પડે છે. સામે શરીરનો ફોટો નથી આવતો. સાંભળો! સમજાય છે કાંઈ? સામે શરીર છે ને? શરીર. એમાંથી નહિ અહીં આવતું. ત્યાં રજકણ છે ને? રજકણ પરમાણુઓ. એ પરમાણુની આકૃતિ ત્યાં જઈ જાય છે. એ પરમાણુની આકૃતિ ત્યાંથી નથી આવતી. ત્યાંથી આવે તો સો, બસો, પાંચસો (ફોટા) લે તો જીર્ણ થઈ જાય. સમજાય છે કાંઈ? ફોટાવાળો ફોટો લઈ શકતો નથી. અને આવે છે ઈ પરથી આવતો નથી, શરીરમાંથી આવતો નથી. એમ કહે છે. સમજાય છે ને ભાઈ!

આ સિંહ ક્યાં થાય છે? આફ્રિકામાં. આફ્રિકામાં સિંહ બહુ હોય છે ને? ૨૦૦-૨૦૦, ૩૦૦ સિંહ સાથે. ઘણા સિંહ થાય છે. અને મોટી મોટર પાંચ લાખની હોય ઈ લઈને જાય છે. ફિલ્મ ઉતારવા. ચારે બાજુ કાચ હોય અને લોઢાના.. લઈને જાય. તો ૨૦૦-૨૦૦ સિંહ નાના-મોટા. એમાં તો ઘણા આવે છે. તો ત્યાંથી જો રજકણ આવે તો શરીર જીર્ણ થઈ જાય. ફિલ્મમાં તો બહુ આવે ને? નાના-મોટા આમ કૂદતા હોય, એક, બે, ત્રણ, ચાર, પાંચ હજાર, દસ હજાર થઈ જાય. એવા રજકણની દશા, પરમાણુની દશા, આકૃતિ દશા જે ઉઠે છે એ ત્યાંથી આવે તો ત્યાંનું શરીર નાનું હોય તો જીર્ણ થઈ જાય, અહીંયાં આવે તો. તો ત્યાંના રજકણ અહીંયા આવતા જ નથી. એમ કહે છે. અહીંયાના રજકણ ફોટારૂપ થઈ જાય છે. એ ફોટારૂપ થવામાં આત્મા ગ્રહણ કરવાને લાયક નથી એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- આખી દુનિયાથી જુદી વાત છે.

ઉત્તર :- દુનિયાથી જુદી વાત છે. આ તો વીતરાગની વાત છે. તાત્ત્વિક વાત છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરની વાત છે, ભાઈ! આહા..હા..! પાતળું શરીર હોય. સમજ્યા? પાતળામાં કોણ છે? આપણે ભાઈ હતો ને? પ્રેમચંદનો. હજાર-બે હજાર ફોટા પાડે તો ન્યાં જીર્ણ થઈ જાય, ત્યાંથી રજકણ આવતા હોય તો. અહીંયા રજકણ પરમાણુઓ પડ્યા છે ને? ત્યાં આકૃતિ થઈ જાય છે. એ આકૃતિ આત્મા નથી કરી શકતો એમ કહે છે.

મુમુક્ષુ :- સંચો કરે.

ઉત્તર :- સંચો નથી કરી શકતો. એ રજકણની પર્યાયમાં એ આકૃતિ થઈ છે. એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કહે છે. સમજાય છે કાંઈ? ગ્રહણ નથી કરતો. અહીં ગ્રહણ નથી કરતો. નોકર્મ ગ્રહણ નથી કરતો એમ આવ્યું ને? નોકર્મ છે ને. ફોટો, સમજ્યા ને? પછી કાળી કરે છે ને અંદર કંઈક નાખીને? છાપખાનામાં થાય ને? પ્રિન્ટીંગ. એ પરમાણુને કારણે થાય છે. આત્મા તેને નથી કરી શકતો એમ કહે છે. એ ભાઈ, ગાથા લાવવી છે ને, એનો ઉપોદ્‌ઘાત છે આ તો. સમજાય છે કાંઈ?

આત્મા ભગવાન તો પોતાની સીમામાં રહે છે. આત્મા પોતાની સીમા, સીમા નામ મર્યાદા. પોતાની મર્યાદામાં છે. શું પોતાની મર્યાદા છોડીને જડની મર્યાદામાં ઘુસી જાય છે? સમજાય છે કાંઈ? આત્મા પોતાનું સ્વરૂપ ચિદાનંદ ભગવાન એને ગ્રહણ કરે છે. કેમ કે તે એનું છે અને વિકાર એનો નથી તો છૂટી જાય છે. પણ આવો આત્મા આહારને ગ્રહણ કરે અને પરમાણુને ગ્રહણ કરે એવું આત્મામાં છે જ નહિ. સમજાય છે કાંઈ?

**'કેમ હોય કે જેથી તેને દેહની શંકા કરાય?'** શું કહે છે? આહાહા..! અરે..! ભગવાન આત્માને દેહ છે એવી શંકા પણ કેમ થાય? ભગવાન આત્મા ચિદાનંદ સ્વરૂપ એને દેહની શંકા કેમ થાય? શંકા કરવાની ચીજ ક્યાં છે? દેહ તો આત્માનો છે જ નહિ. દેહ તો દેહનો છે, આત્મા ભિન્ન છે. આત્માને દેહની શંકા કેમ થાય છે? એમ કહે છે. આહાર કરી શકતો નથી, આહાર લઈ શકતો નથી. આહારનો પિંડ શરીર છે. આહાર લઈ શકતો નથી તો આહાર આત્માનો છે એમ તને શંકા કેમ થાય છે? એમ કહે છે. આ શરીર મારું આવું. આ તો જડનું છે. માટીનું છે, પિંડનું, ધૂળનું. આમ નીકળી જાય છે આત્મા, (શરીર) એકલું પડ્યું રહે. સમજાય છે કાંઈ? તારી ચીજ હોય તો તારાથી જુદી કેમ પડે? જુદી કેમ પડે? જુદી હતી ને જુદી પડી ગઈ. આત્માને શરીર છે એમ શંકા કેમ થાય છે? એમ અહીંયા કહે છે. આહાહા..! લે, આ બાયડી, છોકરા છે ને પૈસા છે, ઈ તો ક્યાંય રહી ગયું. શરીર છે એની શંકા તને કેમ થાય છે? આહાહા..! પણ ભાઈસા'બ નજીકનું નજીક આમ આવ્યું છે ને. ભગવાન! એ તો પરમાણુનો પિંડ છે. અજીવ રજકણનો પિંડ છે. એ રજકણને કારણે રહ્યું છે. પોતાને કારણે રહ્યું નથી. ઈ પોતાનું રૂપ લઈને રહ્યું છે. આત્માનું રૂપ લઈને નથી રહ્યું. અને આત્મા પોતાનું રૂપ લઈને રહ્યો છે. આત્મા રજકણનું રૂપ લઈને રહ્યો છે એમ નથી, એમ કહે છે. તત્ત્વની વાત છે. તાત્ત્વિક (વાત) લોકમાં ચાલતી નથી. બહારમાં ગડબડ ગડબડ કરે, પછી કહે ધર્મ થઈ જાય. તત્ત્વની તો ખબર નથી, ધર્મ ક્યાંથી થાય? સમજાય છે કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એમ કહે છે. પણ ઈ તો સાદી ભાષાથી કહે છે. જુઓ! ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ, એને આહાર લેવામાં નિમિત્તપણું નથી. આહાર આવ્યો અને મેં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


લીધો, એમ છે ક્યાં? એમ કહે છે. ભગવાન આત્મા તો અનાહારક આનંદસ્વરૂપ છે. સમજાય છે કાંઈ? આહાહા..! ઈ દૃષ્ટિને બદલી નાખ, એમ કહે છે. શરીર મારું છે એ દૃષ્ટિ છોડી દે. શંકા ન કર. નિઃશંક થા, મારી ચીજમાં શરીર નથી. શરીરને મેં ગ્રહ્યું નથી અને શરીર મારા રૂપે નથી. શરીર શરીર રૂપે રહ્યું છે, મારામાં શરીર નથી. તો હું શરીરની રક્ષા કરું અને શરીર છોડું એમ છે નહિ. ઓહો..! આ તો સંથારાની જેવી સ્થિતિએ લાવ્યા છેલ્લે. લિંગ અને સંથારો છેલ્લો છે ને. સંથારો છોડવો નહિ. આ છેલ્લી ગાથાઓ છે ને. સમજાય છે કાંઈ?

કુંદકુંદાચાર્ય પોતાની વાત પણ એમાં કરે છે. અમારે દેહ હોય તો દેહ છોડવાનો ને? અમારે દેહ જ નથી ને. ભઈ! સંથારા વખતે દેહ છોડવો. એમ કહે છે ને? સંથારો સમજો છો? છેલ્લી સંલેખના. દેહ પોતાનો છે જ નહિ તો છોડવાનું શું? સમજ્યા? કેમ? કે ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપની સંભાળ લઈને સ્થિર થઈને રહ્યો તો રાગ હતો ઈ છૂટી ગયો. છૂટવાલાયક છૂટી ગયું. હવે છોડવાલાયક શરીર ક્યાં રહ્યું? એમ કહે છે. આહાહા..! આ તો છેલ્લી સ્થિતિમાં લિંગ અને દેહ, સંથારો આદિ છે ને, એ સ્થિતિ બતાવે છે. સમજ્યા? અમારે લિંગ છોડવું છે. લિંગ અમારું છે જ નહિ. કોને છોડે? દેહ અમારો નથી, કોને છોડે? દેહ તો દેહને કારણે રહ્યો છે. હું તો મારા આત્મામાં છું. મારા આત્મામાં છું તો રાગ છૂટવાનો હતો ઈ છૂટી ગયો. લેવાનું હતું ઈ લઈ લીધું. હવે નવું શું કરવું છે? સમજાય છે કાંઈ? આહાહા..!

સાત તત્ત્વ છે કે નહિ? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. સાત તત્ત્વ છે ને? તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં. તો કહે છે, આ શરીર તો અજીવ છે. આત્મા તો જીવ જ્ઞાયક છે. તો જ્ઞાયકમાં અજીવ ક્યાંથી આવ્યું? જ્ઞાયકમાં અજીવ છે જ નહિ. નજીક છે ને. નજીક તો છએ દ્રવ્ય છે. એમાં શરીર છે, ધર્માસ્તિ છે, અધર્માસ્તિ છે, આકાશ, કાળ બધા અહીંયાં છે. હો. એનાથી આત્મામાં શું છે? સમજાય છે કાંઈ?

આવી અંતરમાં દૃષ્ટિ કરવી કે મને આહાર જ નથી. તો દેહ ક્યાંથી આવ્યો મને? હું નિઃશંક અનાહારી આત્મા ચિદાનંદસ્વરૂપ છું. એમ અનુભવ કરવો એનું નામ ધર્મ છે. સમજાય છે કાંઈ? '**(આહાર કરનારું) કેમ હોય કે જેથી તેને દેહની શંકા કરાય?**' લે, ઓહોહો..! સમજ્યાને? '**तत्स्याद्येन देहोऽस्य शङ्कयते**'. '**कथमाहारकं शङ्कयते**' આહાર નથી તો દેહની શંકા મને કેમ થાય? ભગવાન! તું તો ચિદાનંદ ભગવાન છો ને. ભગવાનમાં દેહ ક્યાંથી આવ્યો? દેહ તો જડ છે. માટીનો પિંડ છે, પુદ્‌ગલ છે, એ તો પુદ્‌ગલાસ્તિકાય છે. તો આત્મામાં પુદ્‌ગલાસ્તિકાય છે એવી શંકા તને કેમ થઈ? એમ કહે છે. પોપટભાઈ! પૈસા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ને મારા દીકરા છે. દીકરો બહુ સારો છે. ક્યાંથી આવ્યો તારે? ક્યાં હતો તારામાં? ધીરૂભાઈ! શું કરવું? કહો. ધીરૂભાઈને બેય છોકરા આમ કહ્યાગરા સુંવાળા છે. લ્યો. મોટો ભલે જુદો પડ્યો બાપુ બાપુ કરે. એ.. હિંમતભાઈ! ઈ છોકરા કોના છે ત્યારે? ઈ તો એના છે. ધીરૂભાઈ! મોટો બહુમાન કરે, બાપુજી બાપુજી કરે. પણ નાનો મોટો છોકરો એનો છે કે આત્માનો છે ઈ? એ ગુલાબચંદભાઈ!

ભાઈ! ભગવાન! તું ચૈતન્ય છો ને! તો અજીવતત્ત્વ તારે ક્યાંથી આવ્યું? અને બીજા જીવ છે એ તારામાં ક્યાંથી આવ્યા? તારા ક્યાંથી થઈ ગયા? આ જીવ મારો છે, આ દીકરો મારો છે, ઈ ક્યાંથી આવ્યું? તું તો આત્મા છો. બીજા આત્મા પણ ભિન્ન છે. તો બીજા ભિન્ન આત્મા તારામાં ક્યાંથી આવી ગયા? સમજાય છે કાંઈ? ઓહોહો..! નિઃશંક છે, નિઃસંદેહ થઈ ગયો ને. હું તો દેહ રહિત અનાહારક ચૈતન્યમૂર્તિ છું. આહાર છોડો. હવે આહાર છોડી દો. મૃત્યુનો સમય આવ્યો. કોણ છોડે? છૂટવાલાયક છૂટી ગયું, રહેવા યોગ્ય રહી ગયું. આહાહા...! વાહ રે વાહ! સમજાય છે કાંઈ? ભાઈ! આહાર છોડો. શરીરને કૃષ કરો અને સંલેખના કરો. ભગવાન કહે છે કે ભાઈ! ભગવાન આત્મા જ્ઞાનપ્રકાશ અને આનંદ આદિ શક્તિનો પિંડ છે. એમ અંતરમાં જ્યાં દૃષ્ટિ કરી અને લીન થયો તો બસ, લેવાવાળી ચીજ તો આવી ગઈ અને એમાં લીન થયો તો છૂટવાવાળા રાગાદિ છૂટી ગયા. નવીન કાર્ય શું બાકી રહ્યું કે હવે નવું કાર્ય કરવું છે? સંથારો કરવો છે ને આહાર છોડવો છે, ઈ ક્યાં રહ્યું? એમ કહે છે. આહાહા..! કહો, કપૂરભાઈ! આ ... છે.

ભગવાન આત્મા પોતામાં લીન થયો, રાગ છૂટી ગયો. બસ ઈ સંથારો થયો, ઈ સંલેખના થઈ. આહાર છોડો, પચ્ચખાણ લ્યો. કોના પચ્ચખાણ કરવા છે? મારામાં છે જ નહિ ને. આહાહા...!

મુમુક્ષુ :- અંદર..

ઉત્તર :- અંદર થઈ ગઈ સ્થિરતા. આહાહા..!

**'(જ્ઞાનને દેહ હોઈ શકે જ નહિ, કારણ કે તેને કર્મ-નોકર્મરૂપ આહાર જ નથી).'** ભગવાન આત્મા અમૂર્ત પ્રભુ એની જ્યાં તત્ત્વદૃષ્ટિ થઈ, તો તત્ત્વદૃષ્ટિમાં આહાર મારો છે અને શરીર મારું છે એમ રહેતું જ નથી. હવે મારે આહારનો ત્યાગ કરવો છે અને સંથારો લેવો છે, એવું જ્ઞાનીને રહેતું નથી. જ્ઞાનીનું કાર્ય થઈ ગયું. પોતાના સ્વરૂપમાં સ્થિર થયો અને રાગ છૂટી ગયો, એ કાર્ય થઈ ગયું. હવે કરવું, છોડવું-બોડવું રહ્યું નહિ. એનું નામ આત્મા કહેવાય છે અને એનું આત્માને ભાન છે. એણે ત્યાગ કરવું, એ રહ્યું નહિ. એનું નામ આત્મજ્ઞાન અને દર્શન કહે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**મહા સુદ ૬, રવિવાર તા. ૪-૨-૧૯૬૮**
**શ્લોક-૨૩૭, ગાથા-૪૦૫ થી ૪૦૭ પ્રવચન-૪૭૭**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. શું કહે છે? કે આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ થતાં ચૈતન્ય શુદ્ધ આનંદનું જ્યાં ગ્રહણ છે અને જેટલી શક્તિઓ અનંત આત્માની છે, એ જે રાગમાં રોકાયેલી હોય એનાથી પાછી વાળીને પોતાના સ્વરૂપમાં અનંત શક્તિને સ્થિર કરે છે. એટલે જે કાંઈ લેવાનું હતું તે લીધું અને છૂટવાનું હતું એ છૂટી ગયું. છેલ્લું વર્ણન છે ને? પહેલી દૃષ્ટિમાં એ છૂટ્યું હતું કે આત્મા શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ, એની અંતર દૃષ્ટિ થતાં સ્વભાવનો જ આદર રહ્યો અને વિભાવ તો દૃષ્ટિમાંથી છૂટી ગયા હતા. સમજાણું કાંઈ? વિભાવ એટલે સંયોગી ભાવ. સંયોગ છોડવા, રાખવા નથી એ પછી આવશે. સંયોગી ચીજ આત્મા ગ્રહતો નથી અને છોડતો નથી. પણ સંયોગી ભાવ છે વિભાવ એને પણ આત્માના પૂર્ણ શુદ્ધ સ્વરૂપમાં ઠરતાં વિભાવ છૂટી જાય છે એટલે છોડવાનું હતું એ છૂટી ગયું અને લેવાનું એ લેવાઈ ગયું. હવે કાર્ય કાંઈ નવું બાકી રહ્યું નહિ. સમજાય છે કાંઈ?

પહેલી તો દૃષ્ટિમાંથી ચૈતન્ય શુદ્ધ ધ્રુવ પૂર્ણ આનંદ એની અંતર દૃષ્ટિ થતાં મન, વચન અને કાયાથી વિભાવનું અનુમોદન કે વિભાવ ઠીક છે મન દ્વારા, વાણી દ્વારા, કાયા દ્વારા એ ત્રણ ત્રણ મન, વચન અને કાયા ત્રણથી વિભાવભાવ દૃષ્ટિના ધ્યેયમાં આત્મા રહ્યો (છે) તેથી મન-વચન-કાયાથી વિભાવ છૂટી ગયા છે. છૂટી ગયા છે એટલે? આદરવા જેવા મનથી, વાણીથી અને દેહથી રહ્યા નથી. સમજાણું કાંઈ?

આ તો છેલ્લી સ્થિતિની વાત કરે છે ને હવે તો. શરીર જ હું નથી તો આહાર હું નથી તો શરીર હું નથી એમ કહે છે. આ છેલ્લે એમ કહે કે ભાઈ, આહાર છોડો હવે. મૃત્યુનો કાળ આવ્યો તો આહાર છોડો એમ કહે ને માણસ? આહાર ગ્રહ્યો જ નથી પછી છોડવો ક્યાં? આત્મામાં કોઈ એવી શક્તિ નથી કે આ પરદ્રવ્યને ગ્રહે. એવો કોઈ ગુણ નથી, એવી કોઈ પર્યાય નથી કે પરવસ્તુને ગ્રહે. તો ગ્રહી નથી તો છોડવું એ વસ્તુમાં છે નહિ. દ્રવ્યમાં નથી, ગુણમાં નથી અને પર્યાયમાં પણ નથી. સમજાણું કાંઈ? મન-વચન-કાયા ત્રિશુદ્ધિથી વસ્તુ ચૈતન્યના આનંદના સ્વભાવના અંતરના દૃષ્ટિના ધ્યેયમાં, અનુભવમાં એ ત્રણ મન-વચન-કાયાથી વિકાર છૂટી ગયો છે. છૂટી ગયો છે એટલે? કે સ્વભાવમાં એકત્વપણે નથી. સમજાણું કાંઈ?

હવે જ્યારે સ્થિરતા કરવી છે ત્યારે મન, વચન અને કાયાથી વિકલ્પ છૂટી ગયા છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મનમાં અસ્થિરતા નથી, વાણીમાં અસ્થિરતાનો .. નથી. દેહમાં પણ અસ્થિરતા નથી. એટલે કહે છે કે જે કાંઈ સ્વરૂપ છે એની અંતર દષ્ટિ થતાં પછી સ્વરૂપમાં સ્થિર થતાં, જે કાંઈ બાકી કચાશ હતી અસ્થિરતાની એ પણ છૂટીને, છોડવા યોગ્ય છૂટીને અને સ્થિર થવા યોગ્ય સ્થિર થઈ ગયો એમ કહે છે. સમજાય છે કાંઈ? એટલે લેવાનું કે છોડવાનું કોઈ કાર્ય રહ્યું નહિ હવે. વસ્તુ ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એમાં જ્યાં અંદર ઠર્યો, જે આવવાનું હતું, લેવાનું હતું, ગ્રહવાનું હતું, ઠરવાનું હતું એ ઠરી ગયો. છૂટવાનું હોય એ છૂટી ગયું. હવે કોઈ કાર્ય આત્માને બાકી રહેતું નથી. કે જેથી એને મરણ ટાણે આહાર છોડવો પડે કે શરીરના લિંગ ઉપરથી લક્ષ છોડવું પડે એમ રહ્યું નથી. એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

કહે છે કે તેને દેહની શંકા કેમ કરાય? એ આવ્યું ને માથે? ભગવાન આત્મા જ્ઞાનઘન ચૈતન્ય સ્વરૂપ વસ્તુના સ્વભાવનું પૂર આત્મા છે. સ્વભાવનું પૂર, જોર ભાવથી ભરેલો. એવી જ્યાં અંતર દષ્ટિ થઈ અને જે અંતર સ્થિરતા કરવાની હતી તે થઈ તો કહે છે કે હવે એને દેહ છે એ શંકા કેમ થાય? કેમ કે આહાર લેવાનું એને છે નહિ. તો આહાર લેવાનું નથી તો આહારનો સમુદાય એવું જે શરીર કેમ હોય? એમ કહે છે. સમજાણું કાંઈ? મૃત્યુ કાળે (કહે કે) દેહ છોડો હવે અને આહાર છોડો. પણ આહાર ગ્રહ્યો જ નથી. શરીર ગ્રહ્યું નથી તો શરીર એનું થયું જ નથી. શરીર એને છે એ શંકા જ નથી એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? એવા આત્મસ્વભાવમાં સ્થિર થતાં જે કાંઈ સ્થિર થવા યોગ્ય હતું એ થઈ ગયું, છૂટવાયોગ્ય છૂટ્યું. હવે એને આહાર ગ્રહે છે કે આહાર ગ્રહે છે માટે શરીર છે એ શંકા જ ક્યાં છે? કહે છે. દેહ જ નથી ત્યાં આહાર લેવાનું રહે છે ક્યાં? આહાર નથી માટે આહારનો સમુદાય પિંડ દેહ છે જ ક્યાં આત્માને? એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! દેહને કૃષ કરો, આહાર છોડો. એમ કહે છે ને? એની આ વાત કરે છે.

મુમુક્ષુ :- સમાધિ મરણ કરો.

ઉત્તર :- સમાધિ મરણ કરો. બાપુ! સમાધિ જ છે અંદર. એમ કહે છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જેટલી શક્તિઓ છે અનંત, એ જે આમ રોકાતી હતી એને આમ રોકી લીધી સમેટીને. એટલે અંદરમાં જે કાર્ય કરવાનું હતું એ કર્યું. છોડવાનું હતું એ છૂટી ગયું. છૂટી ગયું. કાર્ય રહ્યું નથી કાંઈ હવે. તો પછી એને આહાર ગ્રહે છે અને એને લઈને શરીર છે, માટે શરીરને છોડવો અને આહાર છોડવો એ ધર્મીને આવી સ્થિતિમાં રહેતું નથી. સમજાણું કાંઈ? એની ગાથા કહે છે, લ્યો! છે ને?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

'**(જ્ઞાનને દેહ હોઈ શકે જ નહિ, કારણ કે તેને કર્મ-નોકર્મરૂપ આહાર જ નથી.)**' આહાહા..! ભાઈ! કર્મ ટાળવા માટે સંથારો કરવો પડે. લ્યો! કર્મ જ નથી પણ, કર્મનો આહાર જ નથી. આહાર ગ્રહ્યો જ નથી, ગ્રહતો જ નથી પછી છોડવું ક્યાં રહ્યું? એમ કહે છે. સમજાણું કાંઈ? ભાઈ! કર્મ બાળવા માટે, કર્મ ટાળવા માટે આમ સમાધિ મરણ કરવું. પણ કહે છે કે સમાધિ મરણ એટલે આત્માના અંદરમાં શાંતિમાં ઠર્યો એને હવે કર્મ હતા ક્યાં તે કર્મને ટાળવા? ગ્રહ્યા છે ક્યાં તે ટાળવા? એમ કહે છે. સમજાણું કાંઈ? છેલ્લી ગાથાઓમાં આચાર્યે પોતાની સમાધિ મરણની સ્થિતિનું વર્ણન કર્યું છે. અને લિંગ જે માથે છે દેહનું નગ્નપણું આદિ એ પણ મારામાં નથી. મારે નથી, હું એમાં નથી, એ મને નથી. હું જ્યાં છું ત્યાં લિંગ નથી અને લિંગ છે ત્યાં હું નથી એમ કહે છે. દ્રવ્યલિંગ નગ્નપણું આદિ સમજાય છે કાંઈ? એને સમાધિ મરણ અને શાંત મરણ નિર્વિકલ્પ આનંદમાં દેહ છૂટે છે. છૂટે છે. છોડવું નથી એને. સમજાણું કાંઈ? છૂટી ગયું જે છોડવાનું હતું એ. લેવાનું એ લેવાઈ ગયું છે. તે ટાણે આનંદમાં નિર્વિકલ્પ સ્વભાવમાં ઠરતાં એને કાળે દેહ છૂટી જાય છે. પોતે છોડે છે. ગ્રહ્યું નથી (તો) છોડે છે એવું રહેતું નથી. કેમ નથી? એની ગાથાઓ મૂકે છે હવે.

'**હવે આ અર્થને ગાથામાં કહે છે :-**'

**अत्ता जस्सामुत्तो ण हु सो आहारगो हवदि एवं।**
**आहारो खलु मुत्तो जम्हा सो पोग्गलमओ दु।।४०५।।**
**ण वि सक्कदि घेत्तुं जं ण विमोत्तुं जं च जं परद्दव्वं।**
**सो को वि य तस्स गुणो पाउगिओ विस्ससो वा वि।।४०६।।**
**तम्हा दु जो विसुद्धो चेदा सो णेव गेण्हदे किंचि।**
**णेव विमुंचदि किंचि वि जीवाजीवाण दव्वाणं।।४०७।।**

ભાઈ! આ શિષ્ય છે એને છોડો. એ ગ્રહ્યા જ નથી તો કોને છોડે? એમ કહે છે. ભાઈ! જીવ અને અજીવ બેય આવ્યા. ભાઈ! હવે સમાધિમરણ કરવું છે. આ શિષ્યો છે છોડો. ભાઈ નથી આવ્યા. ન્યાલભાઈ ઘરે રહ્યા છે.

મુમુક્ષુ :- તબિયત ખરાબ છે.

ઉત્તર :- અવસ્થા છે ને. ગયા? ગયા હશે. કહો, સમજાણું?

એનું હરિગીત.

**એમ આતમા જેનો અમૂર્તિક તે નથી આ'રક ખરે,**
**પુદ્ગલમયી છે આ'ર તેથી આ'ર તો મૂર્તિક ખરે. ૪૦૫.**

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**જે દ્રવ્ય છે પર તેહને ન ગ્રહી, ન છોડી શકાય છે,**
**એવો જ તેનો ગુણ કો પ્રાયોગી ને વૈસ્રસિક છે. ૪૦૬.**
**તેથી ખરે જે શુદ્ધ આત્મા તે નહીં કંઈ પણ ગ્રહે,**
**છોડે નહીં વળી પણ જીવ ને અજીવ દ્રવ્યો વિષે. ૪૦૭.**

ટીકા.

મુમુક્ષુ :- અન્વયાર્થ.

ઉત્તર :- અન્વયાર્થ. અન્વયાર્થ લ્યો ભાઈ. ટૂંકી છે ને એટલે.

**'ગાથાર્થ :- એ રીતે જેનો આત્મા અમૂર્તિક છે...'** એનો આત્મા એટલે?

મુમુક્ષુ :- સૌનો.

ઉત્તર :- સૌનો. પણ અહીં તો અમૂર્તિક એટલે કે જ્યાં સ્વરૂપમાં ઠર્યો છે અને છૂટવા યોગ્ય છૂટી ગયું એવો જે આત્મા એમ લેવું છે હવે અત્યારે. એની મુખ્યતા લેવી છે. સમજાય છે? મૂર્તનો સંબંધ પણ છૂટી ગયો. કર્મના સંબંધે એને મૂર્ત કહેવું પડતું એ પણ છૂટી ગયું છે હવે. એમ કહેવું છે. સમજાણું કાંઈ?

**'એ રીતે જેનો આત્મા અમૂર્તિક છે...'** એ રીતે. માથે કળશ કહ્યો ને? કે જેને આહાર નથી. કેમ કે આહાર તો પુદ્‌ગલ, મૂર્ત, જડ છે. ભગવાન તો અરૂપી ચૈતન્યઘન છે. એને આહાર કેમ? એને આહાર કેમ હોય? કેમ કે જેનો આત્મા અમૂર્તિક છે. રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો અંતર ચીજ ચૈતન્યમૂર્તિ જ્યાં અંતર સ્વરૂપમાં ઠરીને પડ્યો છે. **'તે ખરેખર આહારક નથી;...'** તે જીવ આહારક નથી. કહો, અહીં ..માં એમ આવે તેરમા ગુણસ્થાન સુધી આહારક છે અને પછી ચૌદમે અણાહરક છે. ફલાણે કવલાહાર છે. પછી તો તેરમે.. છઠ્ઠા સુધી. તેરમે કવળ આહાર નથી.

અહીં તો કહે છે કે ભગવાન આત્મા એક રજકણને પણ ગ્રહે, એની પાસે છે જ નહિ ને ગ્રહે કોને? જે છે તે ગ્રહાઈ ગયું, છૂટવા યોગ્ય છૂટી ગયું. આહાર ક્યાં છે હવે? આહાર આવે છે ક્યાં ને લે છે કોણ અને મૂકે છે કોણ? આહાહા..! સમજાણું કાંઈ? **'ખરેખર આહારક નથી;...'** ભગવાન આત્મા આહારક નથી. એટલે? આહારક (અર્થાત્) આહારનો કરનારો નથી. કહો, સમજાય છે કાંઈ? ભગવાન આત્મા આહારક, આહારક-આહારનો કરનારો ભગવાન અરૂપી ચિદ્‌ઘન છે, આનંદકંદ છે એમાં આહાર કરનાર આવ્યો ક્યાં? આહાર કરવો, જડનો આહાર આત્માને એ આવ્યું ક્યાં? સમજાય છે કાંઈ? ઓલા છોકરાને પૂછીએ એલા આહાર કરીને આવ્યા? કોણ ખાય છે? શરીર. શરીર પણ ન ખાય. પણ એક છોકરાએ એટલો જવાબ આપ્યો. મહારાજ પાસે એમ તો ન કહેવાય આત્મા ખાય. મહારાજ કાંઈક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પૂછતા હતા તો કાંઈક બીજું હશે ને. એમ. કેમ તારાચંદભાઈ! તમારો છોકરો-પૌત્ર. એને પૂછયું અવિનાશને કે એલા આહાર ખાઈને આવ્યો? હા. કોણ ખાય છે ભાઈ? શરીર. મહારાજને એમ કહે કે આત્મા ખાય? ખાય છે તો બધા કહે છે. મહારાજ સામે એમ કહેવાય આત્મા ખાય છે? બીજું કહેવાય એને. પૂછે છે માટે.. આહાહા..!

અહીં તો કહે છે કે ભગવાન શરીરના રજકણો એ શરીરને, બીજા રજકણને ગ્રહે નહિ એની વાત અહીં છે નહિ. શરીરના રજકણો જે છે માટીના એ આહાર, રોટલા, દાળ, ભાતને આ રજકણ ગ્રહે? સમજાણું કાંઈ? આ રજકણ છે જડ માટી, આ તો પરમાણુ માટી છે. માટી ખોરાક ખાતી હશે? એને રજકણ, આહાર દાળ, ભાત, રોટલા અહીં રજકણ આવતા હશે? એ રજકણે રજકણ જુદી ચીજ છે.

મુમુક્ષુ :- ન ખાય તો ઢીલું કેમ પડી જાય?

ઉત્તર :- એ તો રજકણ પોતાને કારણે ઢીલું પડવાને કારણે પડ્યું છે. કાંઈ આહારને કારણે નથી. અને આહર આવે માટે પુષ્ટ થાય એમ પણ નથી. આહાહા..! આ રજકણનો પિંડ છે પરમાણુ માટી રૂપી. એમાં દાળ-ભાત આવ્યા તો ક્યાં આ રજકણમાં ગરી ગયા છે અંદર? રજકણને મોઢું છે તે મોઢામાં ગરે રજકણો બીજા? પણ આ મોઢું છે એ તો ઘણા રજકણનો પિંડ છે એની અંદર આ ખાલી છે. આમાં ગર્યું એમાં રજકણમાં ક્યાં આવ્યા? સમજાણું કાંઈ? કહો, શાંતિભાઈ! આ બધી નવી વાત લાગે છે. નાટક આવું શું છે? કહે છે આ. ભાઈ! તને ખબર નથી, પ્રભુ! એ આહારકના રજકણો દાળ, ભાતના રજકણો, રોટલાના રજકણો, શિરો, દાળ, ભાત અને મોસંબીના પાણી, આહાર શરીર પણ ખાતું નથી અને આત્મા પણ ખાતો નથી.

ખાવાની વ્યાખ્યા શું? શું આ રજકણોમાં રજકણ ગરી જાય છે અંદર બીજા? રજકણમાં રજકણ ગરે છે? એ તો વચ્ચે ગરે એ તો અંદર પોલ છે એટલે ગરે છે. રજકણમાં રજકણ નથી. એટલે શરીરને આહાર હોય નહિ, આત્માને તો હોય જ નહિ. એ તો અરૂપી છે. ઓલા તો રૂપી રજકણ જડ છે. જડને આત્મા ગ્રહે કે છોડે એ આત્મામાં છે નહિ. ભ્રમ પડ્યો છે કે અજ્ઞાનીને કે હું આત્મા આહાર કરું છું અને છોડું છું. ઈ કહે છે. મરણને ટાણે બાપા! એમ હોતું નથી. અજ્ઞાનીને એમ કે આહાર લઈએ છીએને? હવે છોડો. તારી દૃષ્ટિ પર ઉપર છે. આત્મા ઉપર દૃષ્ટિ નથી. કહો, સમજાણું કાંઈ?

કહે છે કે આહારક નથી, આહાર કરનાર નથી. આહાર તો મૂર્તિક છે. એ દાળ, ભાત, રોટલા, મોસંબી, શાક, શીખંડ, પૂરી એ તો જડ છે, રજકણો છે, રંગ, ગંધ, રસ, સ્પર્શને ધરનારા છે. રંગ, ગંધ, રસ, સ્પર્શને ધરનારા છે. ભગવાન આત્માં રંગ, સ્પર્શને ધરનારો

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નથી. કહો, સમજાય છે કાંઈ?

‘**આહાર તો મૂર્તિક છે કારણ કે તે પુદ્‌ગલમય છે.**’ જુઓ! અહીં અમૂર્તિક છે. પહેલા એમ કીધું. ‘**આત્મા અમૂર્તિક છે તે ખરેખર...**’ આહાર કરનાર નથી. કેમ? કે ‘**આહાર તો મૂર્તિક છે...**’ જડ છે. રંગ, ગંધ, રસ, સ્પર્શવાળી ચીજ છે. અને એ ચીજ તો મૂર્તિક છે. ‘**કારણ કે તે પુદ્‌ગલમય છે.**’ દાળ, ભાત, રોટલી, શાક, ચા, પાણી, દૂધ બધા રજકણોનું દળ છે. પરમાણુ માટીનો પિંડ પુદ્‌ગલ છે. જીવાસ્તિકાયને પુદ્‌ગલાસ્તિકાયનો આહાર હોય? આહાહા..! સમજાણું કાંઈ?

આત્મા જીવાસ્તિકાય છે. જીવ અસંખ્ય પ્રદેશી અનંતગુણનો પિંડ છે. અસંખ્ય. જીવાસ્તિ, જીવાસ્તિ. જીવ-અસ્તિ કાય, કાય સમૂહ છે. અસંખ્ય પ્રદેશનો સમૂહ છે. અનંતગુણનો કંદ છે. અસંખ્ય પ્રદેશ ક્ષેત્ર છે અને ગુણ છે અનંત. એવા દરેક ગુણ અને ક્ષેત્ર તો અરૂપી છે. ભગવાન આત્મામાં રજકણો જે છે એ તો રૂપી છે. એને ક્યાં આત્મા ગ્રહે? એ આહારનો કરનાર આત્મા છે? ભ્રમ છે તને. ભગવાન આત્મા આહાર કરતો નથી અને આહાર છોડતો નથી. અરે..અરે..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

બીજી. બીજી ગાથાનો અન્વયાર્થ. ‘**જે પરદ્રવ્ય છે તે ગ્રહી શકાતું નથી તથા છોડી શકાતું નથી,...**’ શું કહે છે? કે આત્મામાં જે આ પરવસ્તુ છે આ દાળ, ભાત, રોટલી જડ, એ આત્મા એને ગ્રહી શકતો નથી તેમ છોડી શકતો નથી. કેમ કે આત્મા અરૂપી છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો છે. શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે. એ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા પરમાણુઓને ગ્રહતો નથી. પરદ્રવ્ય તે ગ્રહી શકતો નથી. કહો, આ શરીરને આત્મા ગ્રહતો નથી, કર્મને આત્મા ગ્રહતો નથી એમ કહે છે. કર્મ ને નોકર્મ પુદ્‌ગલમય ચીજ છે. એને આત્મા ગ્રહતો નથી. કેમ કે પુદ્‌ગલ મૂર્ત છે, ભગવાન આત્મા અમૂર્ત છે. અમૂર્ત મૂર્તને પરદ્રવ્યને ગ્રહતો નથી. કહો, સમજાય છે કાંઈ? વાંધા. આ ગ્રહ્યું, આ ઉપાડ્યું, આ લીધું. સાંભળને! શું કહે છો તું? ભ્રમમાં પડ્યો ભગવાન! તું તો અરૂપી જ્ઞાનઘન છો. ઉપાડે કોણ ને મૂકે કોણ? લે કોણ ને છોડે કોણ? એમ કહે છે. સમજાણું કાંઈ?

‘**જે પરદ્રવ્ય છે તે ગ્રહી શકાતું નથી...**’ શું કહે છે? ભગવાન આત્મા સ્વદ્રવ્ય છે તે પરદ્રવ્યને ગ્રહી શકતો નથી. કર્મના રજકણને ગ્રહી શકતો નથી. જ્ઞાનાવરણીએ ગ્રહ્યા. લ્યો! આવે છે કે નહિ? આત્મસિદ્ધિમાં. એય.. શું આવે છે? ‘ગ્રહણ કરે...’ જુઓ! આવે છે કે નહિ? ‘હોય ન ચેતન પ્રેરણા કોણ ગ્રહે તો કર્મ.’ પછી? ‘જડ સ્વભાવની પ્રેરણા જુઓ વિચારી ધર્મ.’ ગ્રહે છે ને? ના. ના. ગ્રહે છે એની ના પાડી છે.

મુમુક્ષુ :- એમાં તો હા પાડી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- એ તો હા તો એમ કે એને વિભાવ થાય છે ત્યાં કર્મના રજકણો આવે છે. એમ. સમજાણું કાંઈ? યોગનું કંપન્ન છે ત્યાં રજકણો ગ્રહે છે એટલે આવે છે એટલું સિદ્ધ કરવું છે. રજકણો આત્મા ગ્રહે? ભારે વાત. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અરૂપી ચિદ્ઘન છે. રંગ, ગંધ, સ્પર્શ વિનાનો અને ખરેખર તો એની પર્યાયમાં વિકાર ભલે સિદ્ધ કરે છે ઈ. વિકાર સિદ્ધ કરવા છતાં એ પરને ગ્રહે-છોડે તો છે જ નહિ. એમ કહે છે. શું કહે છે? આત્મા પરદ્રવ્યને એટલે શરીરને, કર્મને, દાળ-ભાતને, રોટલાને કોઈ ચીજને ગ્રહી શકે એ ત્રણ કાળમાં નથી. શું ગ્રહે? એ ચીજ પોતે સ્વતંત્ર જગતના પદાર્થો છે એ ઊંચા-નીચા થઈને શરીરમાં આવે, આવીને પરિણમીને છૂટી જાય. એને કારણે આવે ને જાય છે. આત્મા એને ગ્રહે ને છોડે એમ છે નહિ. વાતું ભારે ભાઈ! આખો દી ખાય, પીવે, ચા-પાણી ઉડાવે, શીખંડ, પૂરી. શીખંડ અત્યારે ન હોય. ઉનાળામાં હોય લ્યોને ભાઈ. હવે આવશે આ મહિના પછી. આ અત્યારે ઠંડીમાં શું કરે? ઊના-ઊના ભજીયા ખાય લ્યોને સાંજે. ઊના-ઊના ભજીયા આમ તાજા ચણાના. શિરો. કહો, ઓલા કહેતા હતા. ઓલાને કીધું કે શું ખાધું? કે ભજીયા. શું ખાધું? ઢોકળા. એ સાંજે હમણા ઠંડી ખરીને. ધૂળમાંય ખાધા નથી ઢોકળા, સાંભળને. ઢોકળા તો જડ ધૂળ છે. આત્મા ભગવાન અરૂપી છે. અરૂપી ધૂળને ખાતો હશે?

મુમુક્ષુ :- ભૂખ લાગે તો શું કરે?

ઉત્તર :- આહાહા..! આત્માને ભૂખ જ નથી. ભાઈ! તને ખબર નથી. ભગવાન આત્મા અને જડ બે જુદા છે એની ખબર નથી એટલે અજ્ઞાની એ જડને ગ્રહે છે એવી મિથ્યાબુદ્ધિ થઈ જાય છે એને. એ સમજાવે છે અહીંયાં.

ભગવાન! તને ભ્રમ છે. ભગવાનને ભૂલીને તને ભ્રમ થઈ ગયો છે કે આહાર હું ગ્રહું છું માટે હું છોડું. એ ભ્રમણા છે. મેં આહાર ગ્રહ્યો છે માટે હવે છોડું છું. મરતા એમ કરે છે ને? મારે આહાર છોડવો છે. પણ શું છોડે? છૂટેલો જ છે. કે દી ગ્રહ્યો હતો તેં? મિથ્યાદષ્ટિમાં મેં ગ્રહ્યો હતો એમ માન્યું હતું, એ મિથ્યાદષ્ટિમાં છોડું છું એમ માને છે. દષ્ટિ મિથ્યાત્વ છે એમ કહે છે.

મુમુક્ષુ :- કડક લાગે છે.

ઉત્તર :- કહો, છે એવી વસ્તુ છે. કડક કહો કે ઉગ્ર કહો કે જોરદારથી કહેવાનું હતું એ કહેવાઈ ગયું છે. એમ કહ્યું નથી પ્રવચનસારમાં? આહાહા..! કહો, સમજાણું કાંઈ?

ભાઈ! તું અરૂપી છો ને પ્રભુ! તારામાં રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી ને નાથ! તેં આ રંગ, ગંધ, રસ, સ્પર્શવાળા પરદ્રવ્યને ગ્રહ્યા એ કેમ હોઈ શકે? શંકા કેમ થાય છે? એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



માથે કીધું છે. આહાહા..! ભાઈ! કીધું ને માથે? શંકા કેમ તને થાય છે કે દેહ મારો અને આહાર ગ્રહુ છું. શંકા કેમ તને થાય છે? ભાન નથી તને? આહાહા..! સમજાણું કાંઈ? આમ શંકા કંખા .. વાતું કરે. સમકિતના અતિચાર દોષ લાગે. અહીં તો શંકા મૂળ છે. સમજાણું કાંઈ? આત્મા આહાર ગ્રહે છે એવી શંકા એ મિથ્યાત્વ છે અને આહાર હું છોડું છું એ માન્યતા મિથ્યાત્વ છે. કેમ કે જીવે અજીવ ગ્રહ્યું નથી અને એમ કહે કે હું અજીવ છોડું છું. ગ્રહ્યું છે ક્યાં તો છોડે? ભગવાનભાઈ! ભારે વાતું આ. બરાબર છે? આમાં ઘડ બેસવી આકરી છે હોં બીજાઓને. વાડાના આગ્રહમાં (હોય એને એમ થાય), હાય.. હાય.. આ? આ શું માંડી?

ભગવાન! તેં એકેય રજકણ પોતાપણે કર્યો હોય તો એક દાખલો લાવ. અનંત કાળનો પૂરુષાર્થ કરે છે રજકણને, પૈસાને, શરીરને, કર્મને, મનને, વાણીને મારા કરવા. એકેય રજકણ એનો અરૂપીમાં આવ્યો હોય અને અરૂપીનો રૂપી થયો હોય તો લાવ દાખલો એકેય. બિપીનભાઈ! હુશિયાર માણસ ન કરી શકે? એય..! આ નામા લખનારા છે આ. તપાસનારા. આહાહા..! એય..! શાંતિભાઈ! શાંતિભાઈ મોટા વેપાર કરનારા ત્યાં એય.. મોટા તોફાન કરે છે. ધંધા. ફુરસદ ન મળે ફુરસદ. અહીં આવવાની ફુરસદ ન મળે. મકાન છે તો સડી ગયું. એમ ને એમ પડ્યું હતું તો.

મુમુક્ષુ :- શંકરભાઈએ..

ઉત્તર :- શંકરભાઈએ કર્યું. આને તો ન કરવું. હવે ભલે સડે. પણ ત્યાં ધંધો નવરાશ ક્યાં છે? કહો! કહે છે કે નવરો જ છો. એમ કહે છે અહીં તો.

ભગવાન! તેં માન્યું છે કે હું આ પ્રવૃત્તિમાં રજકણો, જડના, વેપારના, ધંધાના લીધા ને મૂક્યા માન એ તારી માન્યતા છે. એ પૈસા લેવા કે મૂકવા એ તારામાં છે જ નહિ. હા, તારામાં વિકલ્પ આવે. એટલો વિકલ્પ વિભાવરૂપ પરિણમન થાવ. પણ વિકલ્પ હો માટે પૈસા ગ્રહ્યા, આહાર ગ્રહ્યા રાગ આવ્યો માટે. રાગ હો તારામાં વિભાવરૂપ પરિણમન. પણ વિભાવરૂપ પરિણમન હોવાથી આહારને ગ્રહી શકે, પૈસા લઈ શકે, આહાર છોડી શકે, આહાર મૂકી શકે એવી રાગમાં પણ તાકાત નથી. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, આવું છે. આહાહા..! કેવી સ્થિતિ વર્ણવી છેલ્લી! સમાધિ મરણમાં કહે છે કે હું તો મારામાં છું અને મેં ગ્રહ્યું છે ક્યાં તો છોડું? એક વિકલ્પ જે હતો વિકલ્પ. એ આમ ઠર્યો એટલે છૂટી ગયો છે. હું સમાધિમાં છું, શાંતિમાં છું. મારે કોઈ છોડવું-ગ્રહવું છે નહિ. એમ વાત કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

દેહના છૂટવાના ટાણા આવે, ભવના બદલવાના કાળ આવે, ભવના બદલવાના કાળ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આવે ત્યારે કહે છે કે જેને આવા ભાવમાં દેહ છૂટ્યો છે, છૂટ્યો છે, એને ભવ હોય નહિ પછી. ભવના બદલવાના કાળમાં જેણે આત્માના ભાવથી, નિર્વિકલ્પ ભાવથી જેને દેહ છૂટ્યો છે એમ જે કહેવાય છે એને ભવ હોય નહિ. એકાદ કોઈ દેહાદિ હોય એ દેહ એનો નથી, એણે ગ્રહ્યો નથી, એના કર્મ નથી, એનો દેહ નથી. એણે ગ્રહ્યો નથી, એ દેહમાં ઊપજતો નથી અને આત્મા દેહમાં આવતો નથી. અને દેહ આત્મામાં આવતો નથી એમ કહે છે. આહાહા..! ભગવાન! પણ તમે મુનિ છો. અહીંથી જશો સ્વર્ગમાં ને. સ્વર્ગમાં ત્યાં હજી પહેલા આહાર ગ્રહશો અપર્યાપ્તિમાં આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા, મન. ના. કોને ગ્રહે? આત્મા ગ્રહે છે જ ક્યાં? એમ કહે છે. આહાહા..! ગ્રહ્યો છે જ ક્યાં એને? કોને તું ગાળ દે છો? ગાળ દે છે, તું જૂઠું બોલે છે કહે છે. તમે હજી આહાર લેશોને અહીંથી? અહીં આહાર છોડશોને મરતા ટાણે? આ શરીર છોડશો ને, પછી ત્યાં જઈને દેવલોકમાં જશો ત્યાં જે આહાર, પર્યાપ્તિ છ બાંધશો કે નહિ? ગોમ્મટસારમાં આવે છે કે નહિ? અપર્યાપ્તિ બાંધે. તમે ક્યાં મોક્ષ જવાના છો?

બાપુ! અમારે આહાર પણ નથી, શરીર પણ નથી, ઈન્દ્રિય પણ નથી, ભાષા પણ નથી, શ્વાસ પણ નથી, મન પણ નથી. આહાહા..! એમ કોઈને નથી. આત્મામાં કોઈને નથી. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા અને મન એ જેને પર્યાપ્તિ છ કહેવાય એ આત્મામાં છે જ નહિ. ભગવાન અરૂપી અને એ બધું રૂપી. એ રૂપી તે અરૂપીને કેમ ગ્રહે? અને અરૂપી રૂપીને કેમ પકડે? આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! હવે અહીંથી પછી કર્મ છે એ પ્રમાણે જાવું પડશે ને તમારે? પણ અમે કર્મ ગ્રહ્યા જ નથી ને અમે કર્મમાં છીએ નહિ ને જઈએ ક્યાં ને આવીએ ક્યાં? એમ કહે છે. એય..! જાઈએ ક્યાં? આવીએ ક્યાં? મહારાજ! પંચમકાળના મુનિને તો સ્વર્ગનો દેહ કરવો પડે એક. કોને દેહ છે તે કરવો પડે? શું કહે છે તું? આત્મા અરૂપી પરમાણુને ગ્રહે એવી છે કોઈ શક્તિ? રાગમાં છે કોઈ શક્તિ? રાગ થાય એનામાં શક્તિ છે કે રજકણ ગ્રહે? કહો, સમજાણું કાંઈ? એ કહેશે વધારે, હોં!

'**તે ગ્રહી શકાતું નથી...**' ભગવાન આત્મા પરદ્રવ્યને ગ્રહી શકતો નથી. આહાહા..! એમ માનીને એકાકાર થઈ ગયો હોય એટલે એને કેમ બેસે આ? પ્રભુ! તું તો રૂપ વિનાની ચીજ અને રૂપને કેમ ગ્રહે? ગંધ વિનાની ચીજ તે ગંધને કેમ ગ્રહે? રંગ વિનાની, વર્ણ વિનાની ચીજ તે વર્ણને કેમ અડે? સ્પર્શ વિનાની ચીજ તે કેમ સ્પર્શને સ્પર્શે? અને સ્પર્શને કેમ લે? આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! તારા તત્ત્વની તને ખબર નથી. તું ચૈતન્યતત્ત્વ છો, અરૂપી જ્ઞાનઘન છો. એનામાં વિકાર હો, વિકાર થાવ. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન હોય તો. પણ એ વિકારને કારણે એ ઈચ્છા આવી માટે આહાર લઈ શકું છું, ઈચ્છા છે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



માટે ઈચ્છામાં તાકાત છે કે આહાર લઈ શકે? કે ના. ના. એમ નથી. ઈચ્છામાં તાકાત નથી કે આહાર લઈ શકે. એમ કહે છે. જાધવજીભાઈ! ભારે વાતું ભાઈ!

ઈચ્છા છે એ તો રાગ છે. રાગ છે તો અરૂપી વિકૃત અવસ્થા છે. એ વિકૃત અવસ્થા પરમાણુ જડને લે, મૂકે એ રાગમાં તાકાત છે? રાગમાં મલિનતાની તાકાત છે. પણ મલિનતાની તાકાત એ પરવસ્તુને ગ્રહે એવી તાકાત એમાં છે? બિલકુલ જરીએ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? ઈચ્છા થઈ. ઈચ્છા હો, કહે છે. પણ ઈચ્છામાં તાકાત છે કે ભાષાને ગ્રહે ને બોલે? કહો. કેવળી ભાષા પહેલે સમયે ગ્રહે અને બીજે સમયે મૂકે. હવે એમ આવ્યું હતું ત્યાં તમારે (સંવત) ૨૦૦૬ની સાલમાં. અરે.. ભગવાન! શું કરે છે? શું કહે છે આ?

અહીં તો કહે છે કે ઈચ્છા હો. વીતરાગ પછી કહેશે. પણ ઈચ્છાકાળમાં પણ ઈચ્છાથી ભાષા ગ્રહાય અને ભાષા છોડાય (એવી) ઈચ્છામાં તાકાત નથી. પરદ્રવ્યની પર્યાય થવાની ઈચ્છામાં તાકાત નથી. સમજાણું કાંઈ? આમ ભિન્ન તત્ત્વના ભાન વિના ભગવાનની જાગૃતિ કેમ થાય એને? સમજાણું કાંઈ? એનું લક્ષ અહીં રહે કે આ છોડું ને આ મૂકું, આ છોડું ને આ મૂકું. એ થઈ શકતું નથી અને મિથ્યા શ્રદ્ધામાં થઈ શકે એમ માને છે એ મિથ્યાશ્રદ્ધાને ઘૂંટે છે. સમજાણું કાંઈ?

પરદ્રવ્ય છે, પરદ્રવ્ય છે એમ કહ્યું છે ને? '**यत् परद्रव्यम्**' એમ. છે પરવસ્તુ છે પાછી, નથી એમ નથી. '**તે ગ્રહી શકાતું નથી તથા છોડી શકાતું નથી,...**' જોયું! છોડી શકાતું નથી. પરદ્રવ્યને શું છોડવું? રાગ થાય તને કે આહાર છોડું. ઊલટી થાય ને આમ કરું. પણ શું ઈચ્છામાં તાકાત છે કે ઊલટી કરે? ઈચ્છામાં તાકાત છે કે ઝાડાને કાઢે? એમ કહે છે.

મુમુક્ષુ :- દવામાં છે ને તાકાત.

ઉત્તર :- દવામાં તાકાત નથી, કોઈમાં તાકાત નથી. કહો, સમજાણું કાંઈ? દવાના રજકણોમાં દવાના પરમાણુની પર્યાય એક એક પરમાણુની સ્વતંત્ર (તાકાત છે, એ) બીજા પરમાણુને ગ્રહે એવી તાકાત છે પરમાણુમાં?

કહે છે કે પરદ્રવ્યને તે ગ્રહી શકતો નથી. કહો, સમજાય છે કાંઈ? '**તથા છોડી શકાતું નથી,...**' કોણ? આત્મા. ક્યારે? કેવા કાળમાં? એ વાત હવે કહે છે. આત્મા કોઈ રજકણને, આહારને, પાણીને, ભાષાને, ઈન્દ્રિયોને રચે, ગ્રહે, છોડે એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? '**તે ગ્રહી શકાતું નથી તથા છોડી શકાતું નથી,...**' આહાર છોડો, ભાષા બંધ કરો બોલતા.

મુમુક્ષુ :- ચુપ થાઓ.

ઉત્તર :- ચુપ થાઓ, મૌન થાઓ. કોણ મૌન થાય? કોણે ગ્રહી છે કે એ છૂટતી બંધ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થઈ જાય? એને કારણે ભાષા આવે અને એને કારણે બંધ થઈ જાય. ઈચ્છા હોવા છતાં ભાષા બોલી શકે, આત્મામાં ઈચ્છામાં તાકાત નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઈચ્છા હોવા છતાં એને આ ઈચ્છા થઈ કે આ બોલું. માટે વાણીની પર્યાય થાય છે? કે ના. એણે ગ્રહી છે જ કે દી? સમજાણું કાંઈ? છોડી શકાતું નથી. પરદ્રવ્ય છોડી શકાતું નથી. કેમ કે એ તો છૂટેલું પડ્યું છે. અરૂપીમાં આવ્યું જ નથી. અરૂપી એવો ભગવાન, એમાં રૂપી પદાર્થ આવ્યો જ નથી. આવ્યો નથી તો છોડે એમ હોઈ શકતું નથી. સમજાણું કાંઈ? ભાઈ! આ શિષ્યોને છોડો હવે. મરવાના કાળ આવ્યા. બાયડી-છોકરા તો પહેલા છોડ્યા છે રાગ છૂટતા. આને છોડ. પણ ગ્રહ્યા છે કે દી? અહીં એ કહે છે. સાધુપણે આત્માના આનંદમાં રહેતા, જે સ્થિરતામાં રહ્યા છે ત્યાં શિષ્યોને ગ્રહ્યા જ કે દી કે અમારે શિષ્યને છોડવા હવે, એમ કહે છે. જીવ-અજીવ છે ને ભાઈ બેય? સમજાણું કાંઈ?

એમ ગૃહસ્થાશ્રમમાં બાયડી, છોકરા, કુટુંબ છે. મરવા ટાણે હવે આને છોડો. છોડ્યા જ છે. કે દી ગરી ગયા છે અહીં? એને રાગ હો. રાગ હો. પણ રાગને લઈને એ ચીજ પકડાય છે, લઈ શકે છે કે રાગમાં આવ્યો, મંદ રાગ થયો માટે છોડી શકે છે, તીવ્ર રાગ થયો તો ગ્રહી શકે અને મંદ રાગ થાય તો છોડી શકે (બેય ખોટી વાત છે). આહાહા..! કહો, સમજાણું કાંઈ? લ્યો! આઠમનો દિવસ હોય લ્યો. ખાવા-પીવાના તૈયાર કર્યા હોય. ૨૫-૩૦ જણા ખાતા હોય. ના, ઓલો કહે, મારે અપવાસ છે. આહાર નથી ખાવો. ફટ છોડી શકે છે કે નહિ? અહીં ના પાડે છે. ગ્રહ્યા છે કે દી તે છોડી શકે? ભ્રમ છે તને અજ્ઞાનમાં. રાગ હો તને કે આ હોય તો. પણ રાગ છે માટે ગ્રહાય, કોળિયો લેવાય છે, રાગ છે માટે રોટલી-દાળ-ભાત પેટમાં પડે છે. ત્રણ કાળમાં નહિ. એમ કહે છે.

મુમુક્ષુ :- દેખાય છે ને.

ઉત્તર :- શું દેખાય છે? શું દેખાય છે? કહો. એય..! ઈ કહે છે. રાગ થયો, ખાવાની વૃત્તિ આવી માટે ખોરાક આવે છે અને આત્મા ગ્રહે છે ક્યાં છે પણ? કહે છે, આત્મામાં અરૂપીમાં રૂપી ગ્રહાય ઈ છે જ નહિ. અને ઠીક ન પડ્યું તો એમ કહે કે દસ્ત કાઢી નાખો ભાઈ દસ્ત કાઢો. દસ્ત કાઢો. આહાર લેવો અને દસ્ત કાઢવો એ આત્મામાં છે જ નહિ એમ કહેશે. આહાહા..! કહો. એને વિકલ્પ હો, ઈચ્છા હો, પણ ઈચ્છાની તાકાત નથી કે એ ઝાડાને કાઢે. આહાહા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? માણસ કહે છે કે ભાઈ! જોર કરો દસ્ત આવી જાય સાફ. પેટ થઈ જાય ચોખ્ખું. ભગવાન! ભૂલમાં પડ્યો તું ભ્રમણમાં. ન્યાલભાઈને ત્રણ વાર જાવું પડે. લ્યો. નેપાળો લેવો પડે છે કેટલી વાર તોં. હમણા નથી લીધી હોં. ગરમાળો-ગરમાળો. નેપાળો નહિ. ભારે વાત ભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અહીં તો કહે છે, ભગવાન આત્મા અરૂપીના ભાવથી વીંટાયેલો, સ્પર્શેલો, પરિણમેલો ભગવાન ભલે રાગ હોય પણ એ રૂપી છે એમ કહે છે અહીં તો અત્યારે. એ રાગ ઈચ્છા છે માટે ચા, પાણી, દૂધ, ઉકાળા લેવાણા, લઈ શક્યો છે. એમ માણસ કહે, કેટલું લેવાણું? થોડું લઈ શકાય છે. હમણા બહુ લઈ શકાતું નથી. હવે અહીં ના પાડે, થોડું લઈ શકતો જ નથી લે સાંભળ. નથી કહેતા માણસ કે હમણાં બહુ થોડું લેવાય છે. થોડું લઈ શકાય છે. પહેલા બહુ લઈ શકાતું નથી. ના પાડે છે. થોડું લઈ શકતો નથી અને થોડું વધારે લઈ શકતો જ નથી ત્રણ કાળમાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- લોકમાં તો કહેવાય છે ... પહેલા ઘટે.

ઉત્તર :- ઘટ્યા અને ઘટે એ વાતું બધી છે. અંદર સ્વરૂપમાં ઠરે એટલે રાગ ઘટી જાય. એના નિમિત્તો એને કારણે ઘટી ગયા એટલે વયા ગયા. એને કારણે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે જગતની ચીજ! જગતની સાથે આ જગતના તત્ત્વોથી વિરૂદ્ધ વાતવાળાને એનાથી વિરૂદ્ધ વાત છે આ બધી. આખો દી જાણે આ કર્યા.. આ કર્યા.. આ કર્યા. મોટા .. ઉપાડે, મોટા ચાના ઓલા ઉપાડે, ટોપ ઉપાડે ને આ કર્યા ને દીધા.. ઓહોહો..! એમાં લગન-બગન હોય એમાં સો-દોઢ સો માણસ સારા બુદ્ધિવાળા આવ્યા હોય. સરખા લૂગડાવાળા અને બુદ્ધિવાળા. બહાર આબરૂવાળા. અને એમાં જ્યારે ચા પીરસતો હોય દૂધ ને આમ જુઓ એ તો તમારે આમ ઓહોહો..! ધોળા લૂગડા ફડ ફડ થાતા હોય. લ્યો સાહેબ.. લ્યો સાહેબ... લ્યો સાહેબ... લ્યો સાહેબ. એય..!

મુમુક્ષુ :- એમાં શું થાય છે?

ઉત્તર :- જડનું થાય. શું થાય શું? સારા વેવાઈ હોય તો પછી થોડું લ્યો.. થોડું લ્યો.. બદામનો મૈસુબ હોય લ્યો. બદામનો મૈસુબ. સારા ઘરે આવા પ્રસંગ ફરી ફરીને નહિ આવે અમારે ઘરે. સમજ્યાને? અમારે ઘરે ક્યાંથી તમે? અમે લાખ રૂપિયા દઈએ તો અમારે ઘરે તમે ન આવો. આ ટાણે આવ્યા છે એમ કહે. એય..! ખેતશીભાઈ! આહાહા..! અરે..! ભગવાન! શું કહે છો તું? તને વિકલ્પ હો તો એ વિકલ્પની તાકાત છે કે એ ચીજને આમ પીરસી શકે? દઈ શકે? વિકલ્પની તાકાત છે કે પાછી લઈ શકે, ઘટાડી શકે? રજકણોને લઈ શકે ને રજકણોને ઘટાડી શકે ને રજકણોને છોડી શકે (એવી) તાકાત છે? યશપાલજી! શું છે આ? દુનિયાથી વિરૂદ્ધ છે. આહાહા..!

અજ્ઞાનીની દૃષ્ટિ (એમ છે) કે મેં આહાર છોડ્યા, આ શરીર ઘટાડી દઉં છું. આ ઘટીને આમ કર્યું. અરે..! મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વનું ઘૂંટણ છે. એય.. શાંતિભાઈ! તને હજી જડ અને ચૈતન્યના ભિન્નતાના ભાન ન મળે અને ક્યાંથી ત્યાં અંદર ત્યાગ આવી ગયો? સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાંઈ? ધર્મ. જુઓ! ધર્મનો ત્યાગ. આવે છે ને? નિયમસારમાં નથી આવતું? મોહ થતાં ધર્મનો ત્યાગ થાય છે. એવો પાઠ છે. પરને છોડું છું, મેં ગ્રહ્યું હતું, હવે ઘટાડું છું એવા મોહમાં ધર્મનો ત્યાગ થાય છે. નિયમસારમાં શ્લોક છે. ધર્મ નામ આત્મા જ્ઞાતા-દૃષ્ટાના ભાવ ત્યાં લુંટાય છે. આહાહા..! કેટલામાં છે? ક્યાંક છે ને? કાંઈ આવડે છે? આપણને કાંઈ બધી ખબર હોય છે? નિયમસાર. એ આમ છે આમ. આમ છે. આ ઠેકાણે છે. ૨૧૦.

મુમુક્ષુ :- ૧૨૬ ગાથા.

ઉત્તર :- ૧૨૬ ગાથા. ૧૨૬ ગાથા? હોય તો ઠીક કહેવાય બીજું શું? ૧૨૬ ગાથા. ભાઈએ કહ્યું છે. એમાં તો ન આવ્યું. આવ્યું હવે આવ્યું. ૧૨૬માં આવ્યું. ૧૨૬ના કળશો છેલ્લા છે ને એમાં આવ્યું, જુઓ!

**'સદા શુદ્ધ શુદ્ધ એવું આ (પ્રત્યક્ષ) ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ** ભગવાન આત્મા **જગતમાં નિત્ય જયવંત છે-કે જેણે પ્રગટ થયેલા સહજ તેજઃપુંજ વડે સ્વધર્મત્યાગરૂપ (મોહરૂપ) અતિપ્રબળ તિમિરસમૂહને દૂર કર્યો છે...'** સ્વધર્મત્યાગરૂપ મોહ. મિથ્યાત્વ છે એ સ્વધર્મના ત્યાગરૂપ છે. અને જેણે મિથ્યાત્વ સેવ્યું છે એને સ્વધર્મનો ત્યાગ છે અને સ્વધર્મના ત્યાગરૂપે મોહ એને જેણે દૂર કર્યો છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે અને એમાં કદાચ વિકલ્પ પણ હો. તેથી પરવસ્તુને ગ્રહે કે છોડે એ મિથ્યા માન્યતા છે. એ મિથ્યમાન્યતાએ સ્વધર્મને છોડ્યો છે અને મિથ્યાત્વને ગ્રહ્યું છે. ધર્મીએ સ્વધર્મને ગ્રહ્યો છે અને મિથ્યાત્વને છોડ્યું છે. એ પહેલું આવી ગયું છે. સમજાણું કાંઈ? ભારે વાતું આકરી. લોકોને એમ લાગે આ તે કઈ જાતની વાત! એ વસ્તુની સ્થિતિ જ એવી છે. કઈ જાતની શું? વીતરાગે કહી છે માટે એમ નથી. વસ્તુ એવી જ છે. વસ્તુ તો અહીં એમ કીધું નથી. વસ્તુ જ પરદ્રવ્યને ગ્રહી શકે, છોડી શકે એવું છે નહિ. એમ તો અહીં સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ?

સ્વધર્મત્યાગરૂપ મોહ. એના બે અર્થ થયા. કે જેણે મોહને છોડ્યો છે. સ્વધર્મના ત્યાગ કરવાવાળો મોહ જે છોડ્યો છે અને જેણે સ્વધર્મના ત્યાગરૂપ મોહને ગ્રહ્યો છે. જેને મોહ છે મિથ્યાત્વભાવ કે આ આહારને લઈ શકું છું, છોડી શકું છું, ઘટાડી શકું છું, મંદ કરી શકું છું, એણે સ્વધર્મના ત્યાગરૂપ મોહને ગ્રહ્યો છે. શાંતિભાઈ! ભારે વાતું! આહાહા..! ભાઈ! ભગવાન! તું તો અરૂપીમાં સમેત પડેલો છો ને. આહાહા..! જુઓને! કીધું નથી? અમૃતચંદ્રાચાર્ય. ભાઈ! આ ભાષા અને ટીકા થઈ છે એ સ્વરૂપગુપ્ત એવા મારાથી નહિ, હોં! મોહથી ન નાચશો. એ ભ્રમણા ન કરશો. એમ કીધું છે. આહાહા..! સ્વસમય. પ્રવચનસાર. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આ ટીકા અને આ વાણી મારાથી થઈ છે (એમ ન નાચો). હું તો સ્વરૂપગુપ્ત અરૂપી ચૈતન્યઘનમાં છું. મારું ગુપ્તપણું ક્યાં વાણીમાં આવ્યું છે? માટે ટીકા મેં કરી છે એમ સ્વરૂપગુપ્ત ભગવાન આત્માને ગાળ ન દેશો અને તમે મિથ્યાત્વમાં પરિણમશો નહિ એમ કહે છે. ન નાચો એટલે ભ્રમણામાં ન પડશો તમે કે આ આચાર્યે ટીકા કરી છે. એય..! શાંતિભાઈ! ભારે વાતું ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ કરે? ધૂળ કરે? કહે છે ને વિકલ્પ હો. પણ વિકલ્પ હોવા છતાં વાણી, રજકણને ગ્રહે-છોડે એ આત્મામાં છે જ નહિ.

મુમુક્ષુ :- હિંમતભાઈ નામ લખ્યું છે.

ઉત્તર :- લખીએ છીએ. હિંમતભાઈ નહોતા લખતા. માંડ માંડ લખાવ્યું છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! એવી વસ્તુ છે ને? વસ્તુ અહીં તો વસ્તુ કહી દીધી ને. જુઓને!

**'જે પરદ્રવ્ય છે તે ગ્રહી શકાતું નથી તથા છોડી શકાતું નથી, એવો જ કોઈ તેનો...'** તેનો એટલે ભગવાન **'(-આત્માનો) પ્રાયોગિક તેમ જ વૈસ્રસિક ગુણ છે.'** શું કહે છે હવે એમાં? પ્રાયોગિક એટલે કે કર્મના નિમિત્તના સંગે ભલે તેને રાગ થયો હોય, શુભભાવ થયો. તો શુભભાવ થયો તો શુભભાવની તાકાતે આહાર છોડ્યો છે એમ નથી. શુભભાવમાં આહાર છોડવાની તાકાત નથી અને અશુભભાવ છે આહાર કરવાનો, અશુભભાવમાં તાકાત નથી કે આહારને ગ્રહે. આહાહા..! સમજાણું કાંઈ?

પ્રાયોગિક હો. પ્રાયોગિક એટલે કદાચિત્ પ્રસંગમાં રાગ એને હો, વિકલ્પ હો, ઈચ્છા હો, પણ એ ઈચ્છા મંદ હો તો આહાર છૂટી શકે છે, આત્મા છોડી શકે છે, શુભભાવ થયો તો આહાર આ છોડી દઉં છું. અશુભભાવ હોય તો આહાર હું ગ્રહું છું. ના. અશુભ અને શુભભાવની તાકાતમાં ગ્રહું છોડવું કોઈ દી નથી રાગમાં. સમજાણું કાંઈ? તારી માન્યતામાં મિથ્યાત્વમાં તેં માન્યું છે કે મેં આ ગ્રહ્યું. મંદ રાગ થયો માટે મેં છોડ્યું અને તીવ્ર રાગ હતો હું ખાઈ શકું. તીવ્ર રાગ હોય અશુભ તો હું ખાઈ શકું, મંદ રાગ છે તો મેં છોડ્યું. એ તેં મિથ્યાત્વને ઘૂંટ્યું છે. કહો, સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આહાહા..! લ્યો! ભાવનગરના ભાઈ.. જયંતિભાઈ નથી આવ્યા. નથી આવ્યા. કહો, સમજાણું આમાં?

ભગવાન આચાર્ય મહારાજ ફરમાવે છે એમ કહેવું એ વ્યવહાર છે. વાણી ક્યાં ગ્રહી હતી તે ફરમાવે? એમ પોતે કહે છે. આહાહા..! ધમાધમમાં ધમાધમે ધમ રચ્યો. આવે છે ને કાંઈક યશોવિજયમાં નહિ? જ્ઞાનમાર્ગ રહ્યો દૂર રે. ધામધુમે ધમાધમ ચલી. આહાહા..! આ કરો... આ કરો.. આ કરો... આ ખાવ... આ પીવો... આ લ્યો... આ છોડો. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જાત્રાની ધમાલમાં તો જુઓ એ તો તમારે. બસમાં ઉતરે નીચે અને એકદમ પહેલા જગ્યા ગોતી લે સારી. કારણ કે પહેલી મોટર ઘરની હોય તો પહેલી વઈ જાય પહેલી મોટરે. પહેલી મોટરે સારી ઓરડી હોય એ ગોતી લે. વહેલા કેમ જાવ છો? કે પહેલું સ્થાન ગોતવા.

મુમુક્ષુ :- આપે પરીક્ષા પણ કરી લીધી.

ઉત્તર :- પૂછ્યું હતું નેમિદાસભાઈને. નેમિદાસભાઈ મોઢા આગળ ચાલ્યા જાય વ્યાખ્યાન-બ્યાખ્યાન સાંભળ્યા વિના. પહેલા? કે ત્યાં ઓરડી-બોરડી સરખી મળે. પછી પાછળથી ઝાઝા (ભેગા થાય તો) ધમાધમ (થાય). ઓલું સાંભળવાનું પડ્યું રહે. આ જાત્રા. ધમાલ-ધમાલ. વળી કો'ક તો પાછા પોતે ઓરડી ગોતીને તાળુ મારી દે. એટલે નવો કોઈ આવીને ગરી ન જાય. તાળુ મારે. હજી માલ-બાલ આવ્યો ન હોય. એકદમ તાળુ મારી દે પહેલું. જુઓ! આ જાત્રા કરવા નીકળ્યા. ખેતશીભાઈ! બાપુ! એ તો વિકલ્પ હો, પણ બહારની ચીજને ગ્રહે-મૂકે એવી તાકાતથી તું માનતો હો તો મિથ્યાત્વને પોષે છે એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- .. કોણ?

ઉત્તર :- માને ઈ કે આ તાળા દીધા હવે કોઈ નહિ આવી શકે અને મારું મકાન મેં ગ્રહ્યું છે. એ મકાન મેં ગ્રહ્યું છે. કોણ ગ્રહે? ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આત્મા '**પ્રાયોગિક...**' પ્રાયોગિક એટલે રાગ વિભાવ. એનામાં વિભાવભાવ હો. શુભ ઈચ્છા હો કે અશુભરાગ હો. એક દ્વેષ હો, પણ દ્વેષને કારણે તલવાર ઉપાડી શકે અને મારી શકે બીજાને (એમ) ત્રણ કાળમાં બને નહિ એમ કહે છે. અહીં તો આહાર સુધી મુનિની વાત છે. પણ આ તો બધાની વાત છે એક એકની. પહેલેથી તે છેક સુધીની વાત છે અહીં તો. આહાર ગ્રહી શકતો જ નથી પછી દ્વેષ આવ્યો એટલે આમ તલવાર ઉપાડીને બંધુક મારી શકે, ત્રણ કાળમાં ગ્રહી શકે નહિ. ઉપાડી શકે નહિ ઉંચેથી તારી તાકાત છે રાગમાં? ઈચ્છાની તાકાત છે? એવો જેણે પહેલેથી અનુભવ કર્યો છે એને આહારની ઈચ્છા અને શરીર એ બે છે જ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! શંકા કરી. જુઓને! પહેલા ત્યાંથી ઉપાડ્યું છે ને? એ તો શરૂઆતની બધી વાત છે એમાં. જુઓ.

'**પ્રાયોગિક તેમ જ વૈસ્રસિક ગુણ છે.**' '**એવો જ કોઈ તેનો...**' એમ. શું છે? '**सः कः अपि च**' '**सः**' '**એવો જ કોઈ તેનો...**' એટલે ભગવાન આત્માનો '**પ્રાયોગિક...**' એટલે વિભાવપણે હો કે સ્વભાવિક એટલે આત્મામાં શાંતિ અને વીર્ય પ્રગટ્યું હોય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું. આત્મામાં સમ્યગ્દર્શન-ચારિત્રનું વીર્ય પ્રગટ્યું હોય તો સ્વભાવ પ્રગટ્યો માટે પર લેવાની તાકાત વધી, સ્વભાવ પ્રગટ્યો માટે આ લબ્ધિથી આ શરીર ગ્રહણ કરવાનો આહારક શરીર થયો, વૈક્રિયક શરીર કર્યું, લબ્ધિ પ્રગટી સ્વભાવની માટે આ થયું. ના. એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહે છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? મુનિને આહારક શરીર આવે છે ને? થાય છે ને? કહે છે, આહારક શરીર પણ કોણે ગ્રહ્યું છે? સ્વભાવ અમને પ્રગટ્યો માટે સ્વભાવની તાકાત છે આહારક શરીર બનાવવાની? અને એમાં ઈચ્છા છે જરી. ઈચ્છાની તાકાત છે આહારક શરીરને બનાવે? રજકણમાં બને છે જુદું અને બનાવે છે જુદું. બને છે એને કારણે. કહો, સમજાણું કાંઈ? જગુભાઈ! બહુ વાતું આકરી. ક્યાં લઈ જવા છે? પણ બાપા! તારા ઘરમાં જો. તું એની તાકાત ઘરમાં જો તો પણ તાકાત નથી અને વિકારને જો તો પરને ગ્રહવા છોડવાની તાકાત નથી તારામાં. લે. બહુ વિકારભાવ કરે માટે ઘણું ગ્રહી શકે અને મોટા ધંધા કરી શકે. ના પાડે છે અહીં. અને વિકાર મંદ કરી શકે માટે આહાર-પાણીને છોડી શકે એવી તાકાત મંદ રાગમાં આવે છે એમ ના પાડે છે. એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..! માટે એનું ફળ શું છે ત્રીજી ગાથામાં કહેશે હવે. વખત થઈ ગયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**મહા સુદ ૭, સોમવાર તા. ૫-૨-૧૯૬૮**
**ગાથા-૪૦૫ થી ૪૦૭, પ્રવચન-૪૭૮**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. એ ૪૦૫, ૪૦૬, ૪૦૭ ગાથા છે. ટીકા છે એની ટીકા. છે ને ટીકા?

મુમુક્ષુ :- અન્વયાર્થનો ત્રીજો અર્થ રહી ગયો

ઉત્તર :- ત્રીજો અર્થ અન્વયાર્થનો રહી ગયો છે, એમ?

શું કીધું જુઓ! પહેલા માથે કીધું છે ને માટે. અન્વયાર્થ છે ને શબ્દાર્થ. માટે એટલે શું? માથે એમ આવ્યું હતું કે જે પરદ્રવ્ય છે તે ગ્રહી શકાતું નથી અને છોડી શકાતું નથી. છે અન્વયાર્થ-શબ્દાર્થ? બતાવો બતાવો ભાઈ એને. ચોપડો આ કોઈ દી જોયો નથી. છે? ઓલા ચોપડા જોવા ઠીક પડે. આમાં ક્યાં લખ્યું છે એ અર્થની ખબર ન પડે. માથે છે પહેલું, જુઓ!

**'જે પરદ્રવ્ય છે...'** છે? **'તે ગ્રહી શકાતું નથી તથા છોડી શકાતું નથી,...'** એટલે શું કહ્યું? કે જે આ આત્મા છે ને? એ આ શરીરના રજકણને, વાણીના રજકણને, કર્મના રજકણને, આ દાળ-ભાતના રજકણને કે હથિયાર ને કે પાણી આદિને લઈ શકતો નથી, છોડી શકતો નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રૂપિયા એમાં આવી ગયું ને, રૂપિયા શું થયું? રૂપિયા પરમાણુ જડ છે, અજીવ છે. અહીં આત્મા અરૂપી જ્ઞાનઘન છે. તે અરૂપીને પોતાના સ્વરૂપમાં ન ઠર્યો હોય અને ઈચ્છા હોય તો પણ ઈચ્છા વડે પરવસ્તુને ગ્રહે કે છોડે એમ આત્મામાં નથી. અજ્ઞાનીની ઈચ્છા કાળે એ ચીજ આવે છે અને જાય છે. ઈચ્છા થઈ કે છોડું અને છૂટી જાય છે. એટલે એમ માને છે કે મેં છોડી. એ ભ્રમ છે. આત્મા ઈચ્છા દ્વારા પરવસ્તુને પકડી શકતો નથી, ગ્રહી શકતો નથી, છોડી શકતો નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- હજી વધારે..

ઉત્તર :- કહીએ વધારે થોડું થોડું ચાલે એટલું કહીએ. કહો, એ તો ખબર છે કે નહિ? મંદવાડ વખતની ખબર છે કે નહિ? એનો ઘરનો દાખલો આપીએ ને. એ વખતે.. મોટાભાઈ પડ્યા હતા. કરોને ઊભા શરીરને. એ રજકણ છે એમ કહે છે. આ જડ પદાર્થ પદાર્થ છે. અજીવતત્ત્વ છે અને અજીવમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી ભરેલું એ તત્ત્વ છે. એ તત્ત્વને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આત્મતત્ત્વ ગ્રહી શકે નહિ, છોડી શકે નહિ, રાખી શકે નહિ, પાળી શકે નહિ, કાપી શકે નહિ, મારી શકે નહિ, ભુક્કો કરી શકે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ફેક્ટરી ક્યાં એનાથી ચાલતી હતી? કહો, સમજાણું કાંઈ? આ સંચા ચાલે ને સંચા? તમારે ઓલા લાદીના નાખે માથે. આ લીલી ભભરાવી, ઝીણો ભુક્કો આમ નાખો, ફલાણું આમ. શું કહેવાય ઈ? ડિઝાઈન. લાદીમાં ડિઝાઈન નાખે છે ને? ફલાણી ડિઝાઈન કરવી. લાલ ને લીલી ને ઢીકણું, આવી ઝીણી ઝીણી ફલાણું. એ ડિઝાઈન જોઈ હતી બહુ એક ફેરી ત્યાં જામનગર. છે ને જામનગર એક આપણે નથી? વઢવાણવાળો છે. ત્યાં ઉતર્યા હતા એના ઘરે જ તે. ઘરે ઉતર્યા ત્યાં એ જ્યાં પાટ પડી હતી ત્યાં જ બધી ડિઝાઈન હતી. એકે એક ડિઝાઈન. કીધું, આ ધંધો? તો કહે, હા. જુદી જુદી. એ કરી શકતો નથી. કેમ? કે આત્મા વસ્તુ છે એ રજકણના તત્ત્વથી જુદું તત્ત્વ છે. અને આ તત્ત્વથી એ રજકણોનું તત્ત્વ જુદું છે. એટલે રજકણો પછી કોઈ તો કર્મના હો, શરીરના હો, આહારના હો, પાણીના હો, વાણીના હો. આ વાણી છે ને? એના રજકણો આત્મા ગ્રહી શકે નહિ, બોલી શકે નહિ, છોડી શકે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીને ભ્રમ પડે છે. મિથ્યાભ્રમ થઈ જાય છે કે હું આ ચીજને ગ્રહું છું અને મૂકું છે. આત્મામાં શું? આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. અને આત્મામાં રંગ, ગંધ, રસ, સ્પર્શ તો નથી. રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી. તો એ નથી ચીજ એ રંગ, ગંધ, રસ, સ્પર્શવાળી ચીજને પકડે શી રીતે? છોડે શી રીતે? ગ્રહે શી રીતે?

મુમુક્ષુ :- આ દુનિયા ગ્રહે છે ને.

ઉત્તર :- આ દુનિયા ગ્રહતી નથી, મૂઢ માને છે.

મિથ્યાભ્રમ અજ્ઞાની એને માને છે કે હું આને ગ્રહુ છું, આને છોડું છું, આને રાખું છું, આને પાળું છું, આની રક્ષા કરું છું. સમજાય છે? આ વીતરાગનું તત્ત્વ જરી ઝીણું છે જગતથી ભાઈ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા, જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જણાણા એ વળી કેવળી પરમાત્મા. એના મુખમાંથી આવેલા છ દ્રવ્યો, છ વસ્તુ છે જગતમાં. એક આત્મા એવા અનંત, પરમાણુ અનંત, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ એવા છ. અહીં તો આત્મા અને પુદ્ગલ વચ્ચેની વાત છે. આહારની લેવી છે માટે.

પહેલો એ સિદ્ધાંત કહે છે. પરદ્રવ્ય છે તે ગ્રહી શકાતું નથી. અજ્ઞાનીની માન્યતામાં ભ્રમ છે કે હું આ ચીજને ગ્રહું છું, ઉપાડું છું. એનામાં ઉપડવાની શક્તિને કારણે ઉપડે અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નજીક આવે છે. અજ્ઞાનીની ઈચ્છાથી એ આવતું નથી અને ઈચ્છાથી તે છૂટતું નથી. કહો, બરાબર છે? પોપટભાઈ! કહો, રોગ થયો ત્યારે ખબર છે કે નહિ આઠ-દસ દી અંદરથી એં..એં.. થઈ જતું હતું.

મુમુક્ષુ :- .. મટી ગયું.

ઉત્તર :- એના ભાઈઓ એમ કહે છે. પણ એ રજકણોની.. એ રજકણો છે એ અજીવતત્ત્વ છે. આ માટી છે. જુઓ! દેખાય છે શું? આ રંગ, ગંધ, રસ, સ્પર્શ(વાળી) ચીજ છે. આ તો ઘણા રજકણોનું દળ છે. ઘણા રજકણો. કટકા કરતા કરતા કરતા કરતા કરતા છેલ્લો પોઈન્ટ રહે એને ભગવાન પરમાણુ કહે છે. એ પરમાણુના પછી બે ભાગ થાય નહિ. એ એવા અનંત પરમાણુઓ કોઈપણ શરીરના હો, રોટલાના હો, દાળના હો, ભાતના હો, કર્મના હો કે વાણીના હો. એને આત્મામાં એવી કોઈ શક્તિ નથી. દ્રવ્યમાં નથી, ગુણમાં નથી અને પર્યાય નામ અવસ્થામાં કોઈ તાકાત નથી કે પરવસ્તુને ગ્રહે અને પરને છોડે. એવું આત્માની અવસ્થામાં કોઈ લાભ-ગુણ એવી શક્તિ છે જ નહિ. અજ્ઞાનીને ભ્રમ પડે છે. પક્ષઘાત થઈ જાય છે ત્યારે ઈચ્છા છે લ્યો, શરીર ચલાવું. હાલે છે?

મુમુક્ષુ :- એ તો રોગ હોય તો ન ચાલે.

ઉત્તર :- બસ, થઈ રહ્યું ત્યારે. એની શક્તિ ગતિ કરવાની નથી તો નથી ગતિ કરતું. એની શક્તિમાં ગતિ કરવાનું હોય તો ગતિ કરે છે. પણ તારે કારણે ગતિ કરે છે અને ચાલે એ વાત ત્રણ કાળમાં જૂઠી એમ કહે છે. સમજાણું કાંઈ? હજી તો અજીવ જીવનું કરી શકે અને જીવને ગ્રહે-છોડે એ તો બહુ મિથ્યા મોટો ભ્રમ છે. સમજાણું કાંઈ? એટલું અહીં તો પહેલું સિદ્ધ કરીને પછી આહાર પછી આહાર... આત્મા આહાર ગ્રહે નહિ તો આહાર વિના શરીર એવું આત્માને ક્યાં આવ્યું? શરીર આત્માને છે એમ ક્યાં આવ્યું? આ તો જડનું છે, માટીનું છે. સમજાણું કાંઈ?

પરદ્રવ્યને '**જે પરદ્રવ્ય છે...**' એમ પાછી ભાષા લીધી છે ને? '**यत्**' પરદ્રવ્ય છે. આ રજકણો શરીર, વાણી, કર્મ પણ હોં! કર્મને પણ આત્મા ગ્રહે અને કર્મને છોડે એવું આત્મામાં નથી. આત્મા અજ્ઞાન કરે, ભ્રમ કરે, રાગ કરે, દ્વેષ કરે ત્યારે કર્મના રજકણો એને કારણે આવે. અહીં રાગ છોડે આત્માના સ્વભાવના ભાને તો કર્મના રજકણો એને કારણે છૂટે. પણ આત્મા એને ગ્રહે અને છોડે એવું આત્મામાં છે નહિ. એમ કહે છે. ભારે ઝીણું! આ તો મોટા પથરા તો લાદીના કરીએ છીએ અને ગ્રહે નહિ. લ્યો, આખો દી કરે છે આ મોટી. પોપટભાઈ! આહાહા..! સંચાઓ કરે. પડ્યા હોય સંચા આમ. આમ જ્યાં હલવે ઓલો હાથો આમ કરે. પણ ભાઈ! તારાથી નથી ચાલતું એમ ભગવાન કહે છે. એ રજકણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પરમાણુઓ છે એમાં જ્યારે તે પ્રકારની અવસ્થા થવાની હોય ત્યારે તે થાય છે. તેં આમ કર્યું, ચલાવ્યું એ તારાથી હલ્યું નથી એમ કહે છે અહીં તો. આહાહા..!

મુમુક્ષુ :- હલવવું પડે.

ઉત્તર :- હવે કોણ હલવે? ધૂળ? આહાહા..!

ત્યાં એક મોટો સંચો જોયો હતો ને ત્રણ કરોડનો. ઉજ્જૈનમાં, નહિ? શેઠ લઈ ગયા હતા. લાલચંદ શેઠ. એ ત્રણ કરોડનો નવો સંચો. આખા હિન્દુસ્તાનમાં નથી. એક જણ નાખે રૂને.. ક્યાંક એક માણસ ઊભો હોય, બસ. એક દોરી તૂટી જાય તો દોરી સાંધે એટલું. ક્યાંક. બાકી એની મેળાએ અહીં રૂ નાખે આખું કપડું થઈને નીકળે. નવો સંચો છે. ઉજ્જૈનમાં છે. લાલચંદ શેઠ. ગુજરી ગયા બિચારા. તે દી ત્યાં હતા ને અમે ગયા હતા ને. લઈ ગયા હતા. આવો આખા હિન્દુસ્તાનમાં નથી. ક્યાંક ક્યાંક માણસ દોરી તૂટી જાય, ઓલો દોરો હોય ને ક્યાંક એ તૂટી જાય તો બંધ થઈ જાય ફટ. દોર તૂટી ગઈ હોય તો સાંધી દેવું પડે એને. માણસ ઊભા હોય. બસ. આખું સમથળ ચાલે. કોને લઈને? કે આત્માને લઈને નહિ. એમ કહે છે અહીં. પણ આ બધા આટલા આટલા કામ કરે, સંચા હલવે, પૈસા ભેગા કરે, પૈસા છોડે, જોવે ત્યાં વાપરવા હોય તો વાપરે. ના પાડે છે અહીં. ઈચ્છા કરે. સમજાય છે? કે અહીં દાનમાં આટલા દઉં. ઈચ્છા એ શુભ. પણ ઈચ્છા વડે લક્ષ્મી આમ દઈ શકાય છે કે બીજાને આપી શકાય છે (એમ નથી). ઈચ્છા થઈ કે આહાર આને દઉ ક્ષુધાવંત પ્રાણીને. એ આહાર દઈ શકે છે એ વાત ખોટી છે એમ કહે છે.

મુમુક્ષુ :- ન દે.

ઉત્તર :- દે લે છે પણ.. લઈ શકે છે કોણ? દઈ શકે છે કોણ? એ જ વાત અહીં સિદ્ધ કરવી છે. ભારે!

તત્ત્વ બે છે કે નહિ? જડ અને ચૈતન્ય જુદા છે. જુદા જુદાનું કરે તો જુદા રહેતા નથી. એમ કહે છે. જુદું તત્ત્વ જુદાનું કરે અને જુદાને ઘાલમેલ કરે તો જુદા રહેતા નથી. બે એક થઈ જાય છે. એક થતાં નથી અને માને છે કે મેં આને કર્યું છે. આહાહા..! અભિમાન.. અભિમાન... અભિમાન... જગતનાં. એ મિથ્યાત્વના અભિમાન એમ કહે છે. વિપરીત માન્યતા છે તારી પાખંડ માન્યતા છે. મેં આ સંચા હલવ્યા, મેં આ પથરા તોડ્યા, મેં પથરામાં આ કામ કર્યા. મેં કર્મને ગ્રહ્યા, મેં કર્મને છોડ્યા, મેં અપવાસ કર્યા. મેં નિર્જરા કર્મની કરી. ના પાડે છે. અપવાસ એટલે શું? તેં રાગ મંદ કર્યો હોય કદાચિત. તો આહાર-પાણીના પરમાણુ આવવાના નહોતા. નહોતા. તેં રાગ મંદ કર્યો માટે આહારના રજકણ ન આવ્યા એમ નથી. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો દરેક દ્રવ્યની વાત છે કે નહિ? આ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

રાગ મંદ કર્યો. ભાઈ! આજે નથી ખાવું. પણ એ રાગ મંદ કર્યો માટે આહારના રજકણો આવ્યા નથી એમ નથી. અને ઈચ્છા થઈ ખાવાની માટે રજકણોને ખાઈ શકે છે અને લઈ શકે છે એમ નથી. અજ્ઞાનીની મોટી ભૂલ છે કહે છે. બે તત્ત્વની જુદાઈને એકપણે માનીને જડને ચૈતન્ય માને છે એ મહામિથ્યાદષ્ટિ અજ્ઞાની છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ભાઈએ તો કહ્યું હતું સવારમાં થોડું. વાત સારી કીધી હતી હોં ભાઈએ. પોપટભાઈ! થોડું રાખે એવું લાગે છે થોડુ થોડું. શબ્દ સારા બોલ્યા હતા. બીજા નંબરના છે ને? આ પહેલા નંબરના. ઓલો ત્રીજો ત્યાં રોકાણો. .. ત્યાં. કહો, સમજાણું કાંઈ? સવારમાં ભાષા તો ઠીક કરી હતી.

ભાઈ! આ તો ત્રણ કાળમાં, ત્રણ લોકમાં ન ફરે એવું તત્ત્વ છે. એ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે મોટા ઈન્દ્ર અધિપતિઓ આખા લોકના સ્વામી, ૩૨ લાખના વિમાનના સ્વામી, અસંખ્ય દેવના સ્વામી શક્રેન્દ્ર. અસંખ્ય દેવલોકના અસંખ્ય (દેવોના) સ્વામી શક્રેન્દ્ર, અર્ધ લોકના (સ્વામી). આખા લોકના સ્વામી બે. ભગવાનના સમવસરણમાં ભગવાનની વાણીમાં આવ્યું કે હે જીવો! આત્મા બીજા આત્મા સિવાયના કોઈપણ રજકણને આહારના, પાણીના, દવાના, ઓષડના, આ સમજાય છે ને? ભસ્મના. ભસ્મુ-બસમું ખાય છે ને આ? હરડે. હરડે લેવી. આ હરડે લે છે ને રેચ માટે? કહે છે કે હરડેના રજકણોની ઈચ્છા થઈ કે આજે લઉં, માટે ઈચ્છાથી હરડે લઈ શકાય છે. ના. ના. ના. એમ કહે છે. અને જો હા. હા. કરી તો શ્રદ્ધા ખોટી, જ્ઞાન ખોટું, તારું આચરણ પણ ખોટું. એમ કહે છે. સમજાણું કાંઈ?

ભાઈ! ખબર નથી આમ માંદો પડે તો આ... સવારે ભાઈ! હવે. ડોક્ટર કહે, બહુ બોલશો નહિ. બહુ બોલશો નહિ. ધીમે ધીમે બોલો. હમણાં બંધ કરજો બોલવું. એમ કહે છે ને? હલે કોણ અને બોલે કોણ? એ તો જડની ભાષા છે એમ કહે છે અહીં તો. આહાહા..! ભાઈ! તું આત્મા છો ને. તું જ્ઞાનસ્વરૂપ છો ને અને અરૂપી પદાર્થ છો. અનાદિઅનંત જીવતી જાગતી જ્યોત ચૈતન્ય વસ્તુ છે. આ તો મડદાં છે રજકણો. શરીરના, વાણીના, રોટલાના, દાળના, ભાતના અને કર્મના. એ તો મડદાં છે. એ મડદાંને તેં નક્કી કર્યા છે કે આ જીવ છે. એ અજીવને તો એની ખબર પણ નથી કે અમે અજીવ છીએ. મડદાં છે એનું તેં નક્કી કર્યું છે. અને તેં નક્કી કર્યું એ તારું જ્ઞાન. પણ એને લઈ શકે અને મૂકી શકે એ અજ્ઞાનભાવે મિથ્યાદષ્ટિએ માન્યું છે. સમજાણું કાંઈ? આહાહા..!

એક જણો હતો અહીંયાં. તે દી આવ્યા હતા ને. (સંવત) ૧૯૯૭ની સાલમાં. લ્યો કહે, આ તમે કહેતા હતા આ કર્યું. આ હાથ કર્યો. ભાઈ! તમે શું કર્યું ખબર છે? કીધું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આમાં શું થયું ઈ તમને ખબર છે? તમને આત્માની ખબર છે? કે આત્માની પર્યાયમાં શું થાય? એ વખતે રજકણની અવસ્થા શું થાય એની ખબર છે? ખબર વિના મેં આ કર્યું? સમજાણું કાંઈ? પછી તો મેં દાખલો આપ્યો હતો જરી કે એક માણસ કહે કે ભાઈ! મને ક્ષુધા લાગી છે. હું તો માંસ ખાઈને દુઃખ મટાડીશ. ક્ષુધા લાગી છે. મુસલમાન હોય કે માંસ ખાનારો હોય. એને ક્ષુધા લાગી. માટે આ છોકરાને મારીને મારે ખાવો છે. માંડ માંડ એને એક છોકરો. મેં તો દાખલો સારો આપ્યો હતો આકરો. કરોડપતિનો છોકરો છે. કરોડપતિ હતો. છોકરો નહોતો થતો. એમાં એક છોકરો થયો. એમાં રાજા દેવા આવે ને? .. દેવા શું કહેવાય? ખુશી કરવા. ઝબલું આપવા અથવા એ શું કહે? આ એને સારું કરવા આવે ને કે ઠીક છે. એમ કહેવા આવે ને. હરખ બતાવવા આવે, બસ એ. એમ આ હરખ બતાવવા રાજા આવ્યો. કરોડપતિ માણસ હતો. નાસ્તિક હતો. કાંઈ માનતો નહોતો. પરલોક-ફરલોક કાંઈ નહિ. છોકરો આવ્યો. ૬૦ વર્ષની ઉંમરે.

એમાં રાજા આવ્યો જોવાને. કુણું શરીર બાળકનું જોઈને (રાજા કહે છે), મને તો આને કાપીને ખાવાનું મન થઈ ગયું. હાય.. હાય.. અરરર..! આમ ન થાય. આ મને ભૂખ લાગી છે. જુઓ! એમ ને એમ આવ્યો છું. તમારું સાંભળીને ચા પણ નથી પીધી મેં. ભૂખ લાગી છે. લ્યો, આને કાપીને .. તો ભૂખ મટી જશે. આ ભૂખનું દુઃખ કાપીશ તો મટી જશે પ્રત્યક્ષ દેખાય છે. એય..! પોપટભાઈ! સાચી વાત છે કીધું આ? માંસ ખાય કાપીને એને દુઃખ મટે એ એનાથી મટ્યું છે એમ છે? તો તો માંસ ખાવાના પાપથી દુઃખ મટે એવો અર્થ થઈ ગયો આ તો. ભાઈ! તને એની ત્રિરાશી કરતા આવડતી નથી, કીધું. એ ક્ષુધા મટી છે એ તો પૂર્વની શાતાના ઉદયને લઈને ક્ષુધા મટી એમ દેખાણું. વર્તમાન પાપના ભાવ જે કાપી નાખવાના થયા છે ખાવાના એના તો કાળા કેર થશે તારા ઘરે. ભવિષ્યમાં. પણ એ ત્રિરાશીની તને ખબર નથી. એટલે આ પાપ માંસ ખાધું ને દુઃખ મટ્યું, એમ પાપ કરીને દુઃખ મટે તો પછી દુઃખ ટાળવાનો ઉપાય બીજો ક્યો? સમજાણું કાંઈ?

એ તને ભ્રમ છે કે માંસ ખાઈને મને દુઃખ મટે છે. વાત સાચી. એ તો ભાઈ બગસરાવાળાની વાત. બગસરાના અમુભાઈ હતા. બગસરા દરબાર છે ને. પાનાસણા. ૬૦ હજારની ઊપજ બાર મહિને. ત્યાં વ્યાખ્યાનમાં બધા આવતા ને. આ ૮૪ની વાત છે. અમુભાઈ છે. બહુ રૂપાળો રાજકુમાર નાની ઉંમરમાં. ૪૦ હજારની ઉપજ. નાનાને પંદર હજારની જુદી રાખી હતી. પણ એણે પછી કીધું, મહારાજ દાખલો આપે છે ભારે. માંસ ખાઈને દુઃખ મટે અને એ દુઃખ મટે તો પાપ કરીને દુઃખ મટે? વાત તો સાચી લાગે છે. પણ મટે છે ને. મટે છે એનાથી નહિ. એ પૂર્વના શાતાનો ઉદય છે, બાપુ! માટે દુઃખ મટ્યું એમ તને લાગે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. ત્યાં તો આકુળતા પડી છે અંદર. પણ ઓલી ક્ષુધા હતી ને? અંદર પડ્યું એટલે તને લાગ્યું કે આ મને મટ્યું દુઃખ. આકુળતા ઓછી થઈ એટલે. એ પણ એનાથી નહિ. વાત તમારી સાચી લાગે છે હોં. મહારાજ! અમારા ઘરે વહોરવા આવજો. મારી માને સંભળાવજો આ વાત. રાજા હતો. બગસરા. ૮૪ની વાત છે. ૪૦ વર્ષ થયા. ઘરે ગયા વહોરવા. બાઈએ તો સોનાના ઓલા પહેરેલા. રાજા ને મોટા. ૬૦ હજારની ઉપજ. મહારાજ! વહોરવા પહેલા મારી માને સંભળાવો આ વાત. તમે વ્યાખ્યાનમાં કરી હતી ઈ. કીધું, આમ છે આ. બહેન! માંસ ખાઈને દુઃખ મટે એમ જે માનનારા છે એ વાત સમજતા નથી. પાપ કરીને દુઃખ મટે? જૂઠું બોલીને લાભ થાય? લોકો તો એમ માને છે લ્યો કે અમે જૂઠું બોલીએ તો આ પૈસા પેદા થાય. કેમ આ બધું નથી કાળા અંદર કરવા પડે છે ને ઓલા? ઈન્કમ ટેક્સને માટે. ફેરફાર કરવા પડે, ચોપડા ફેરફાર કરવા પડે, ભરવા જોઈએ બે લાખ અને ભરે ૩૦ હજાર. તો એટલું જૂઠું કર્યું તો એટલો લાભ થયો કે નહિ? ખોટી વાત છે. ખોટી વાત છે. એને ભ્રમણા થઈ ગઈ છે એવી. વસ્તુની એને ખબર નથી. જૂઠા બોલે લાભ થાય અને ચોરી કરે લાભ થાય, ચોરી કરીને લાભ થાય ને. ચોરવા જાય અને ૫૦ હજાર લાવે ઘરે. આ બહારવટીયા શું કહેવાય આ? ડાકુ. ૫૦ હજાર રૂપિયા લઈ આવે, લાખ રૂપિયા લઈ આવે. કાંઈ ન મળે. અડધો કલાક, કલાક દબાવીને બંદુક નાખીને શેઠિયા પાસે. લાવ કુંચી. ચડી બેસે એની માથે. લઈ જાય. એય..!

મુમુક્ષુ :- ભરવું પડે.

ઉત્તર :- ભરવું પડે. લાખ લઈ જાય અડધા કલાકમાં. આ ચોરીના ફળમાં લાખની પ્રાપ્તિ હશે? ભાઈ! તને ખબર નથી. ગણતરી આવડતી નથી. પૂર્વના પુણ્યનો ઉદય હોય અને એ પ્રાપ્ત થયું, પણ વર્તમાન જે ચોરીના પરિણામ છે એના કાળાકેર થશે. એને એમ ગણતરી ન કરાય કે આ ચોરીથી મને મળ્યું, જૂઠામાંથી મળ્યું, માંસ ખાધું માટે દુઃખ મટ્યું એમ ન થાય. એમ એની ગણતરી હોઈ શકે નહિ.

એમ અહીં કહે છે કે ઈચ્છા થઈ અને વસ્તુ ઉપડી એ વાત તારી ખોટી છે એમ કહે છે. ભાઈ! ઓલી જેમ ખોટી છે. એમ માને કલ્પનાથી. એમ ઈચ્છા થઈ અને આ લાકડું ઉપાડ્યું. વાત ખોટી તારી છે. તને ખબર નથી ન્યાયની. સમજાણું કાંઈ? કોણે ઉપાડ્યું? એ તો એને કારણે ઉપડ્યું હતું. આંગળીએ પણ ઉપાડ્યું નથી એવી વાત છે આ. રજકણોનો સ્વભાવ રૂપાંતર થઈને ઊંચો કરવાનો જે સમય છે તે કાળે થાય છે. આંગળીથી નહિ અને ઈચ્છાથી નહિ. સમજાણું કાંઈ? વીતરાગનું તત્ત્વ ઝીણું છે, ભાઈ! છ દ્રવ્યો છે ભગવાનના કહેલા. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અહીં તો આચાર્યને છેલ્લી સ્થિતિનું વર્ણન કરીને, આખો સિદ્ધાંત સિદ્ધ કરીને છેલ્લી સ્થિતિનું વર્ણન કરે છે. ભાઈ! '**જે પરદ્રવ્ય છે તે ગ્રહી શકાતું નથી તથા છોડી શકાતું નથી,...**' આત્મા કર્મને ગ્રહી શકે નહિ અને આત્મા કર્મને છોડી શકે નહિ. આત્મા આહાર લઈ શકે નહિ, આત્મા આહાર છોડી શકે નહિ એમ કહે છે. અમે આહાર છોડ્યા. મૂઢ છો? એ તો રજકણ અજીવતત્ત્વ છે. અજીવતત્ત્વનો તારા ઉપર, તારો એના ઉપર અધિકાર છે છૂટવાનો અને લેવાનો? તારામાં ઘાલમેલ કર રાગ અને દ્વેષની. એનું આવવું-જવું તારે અધિકારે નથી. એને કારણે છે. તને તત્ત્વની ખબર નથી. કહો, સમજાણું કાંઈ?

'**જે પરદ્રવ્ય છે તે ગ્રહી શકાતું નથી તથા છોડી શકાતું નથી,...**' લ્યો! અહીં કહે, અમે બાયડીને છોડીએ, છોકરા છોડીએ, ધંધો છોડીને બેસીએ. સાંભળને હવે. કોણ ધંધો છોડીને બેઠું? ધંધો તો છૂટેલો જ છે. રાગનો સ્વભાવ, દૃષ્ટિના કારણે રાગ છૂટતાં કે અમથો રાગ મંદ પડતા એ ટાણે એ વેપારની ક્રિયાઓ ત્યાં થવાની નહોતી માટે આ કહે છે કે મેં છોડ્યું એ તારો મોટો ભ્રમ છે એમ કહે છે. સમજાણું કાંઈ? ખેતશીભાઈ! અજર પ્યાલા છે બાપા આ કાંઈ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. ઈ જ કહે છે. જેમ ઓલામાં સંયોગમાં માંસ ખાધુ અને દુઃખ મટ્યું. મેં તો પછી ઘણા દાખલા આપ્યા હતા તે દી. એકને માંસ ખાઈને દુઃખ મટે, એક કંદમૂળ ખાઈને દુઃખ મટે અને એક લીલોતરી ખાઈને દુઃખ મટે. ક્ષુધાનું. ત્રણે એક સરખા જો માને કે આનાથી મટ્યું તો. લીલોતરીના જીવ એકેન્દ્રિય છે. એને ખાઈને આ દુઃખ મટે? દેખાય છે ને? શું દેખાય છે તને? કઈ આંખે જોયું તેં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો અજ્ઞાનથી જોયું કે આ મેં ખાધું. સમજ્યાને? કેરી ને દૂધી-દૂધી આમ ફર્સ્ટ ક્લાસ કરેલી. કારેલાના શાક. કારેલાના, લ્યો! કાચા હોય ને કાચા કાપીને. બટાટા લ્યોને બટાટા. ઊંચા. બટાટા ઊંચા. એક કટકીમાં અનંત જીવ. એક બટાટાની એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંત જીવ છે. એ બટાટાની.. શું કહેવાય સાંભળ્યું કે નહિ? સાંભળ્યું છે કે નહિ? કાતરી. હા ઓલી પતરી પાતળી. એમાં ઘીમાં તળે અને કરકરીયા થાય અને એ રોટલીમાં ખાય જાણે ભૂખ મટે. મરી જઈશ એનાથી નથી મટ્યું, સાંભળને! એય..! પોપટભાઈ! અનંત જીવને મારીને દુઃખ મટતા હશે? દેખાય છે ને? તને દેખતા આવડતું નથી. પરદ્રવ્યના ગ્રહણમાં તારો અધિકાર નથી, પરને છોડવામાં તારો અધિકાર નથી. તને રાગ થાય છે એમાં. બસ, એટલી વાત છે. મર્યાદા એટલી છે. અને કાં.. એ કહેશે પછી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'એવો જ કોઈ તેનો (-આત્માનો)...'** જુઓ! હવે કહે છે. **'એવો જ કોઈ તેને (-આત્માનો) પ્રાયોગિક તેમજ વૈસ્રસિક ગુણ છે.'** હવે શું અર્થ કરે છે? આ જરી ઝીણી વાત છે. એની મેળાએ સમજાય એવી નથી. પ્રાયોગિક ગુણ એમાં સમજાય છે? તમારા ચોપડામાં આવ્યું છે ક્યાંય પ્રાયોગિક અને વૈસ્રસિક? પોપટભાઈ! એમ કહે છે, પ્રાયોગિક એટલે શું? કે આત્મામાં રાગ થાઓ. એ પ્રાયોગિક કહેવાય. કર્મના સંગે થયેલો રાગ-ઈચ્છા. રાગ, દ્વેષ એ ભાવ થયો. એ પ્રાયોગિક કહેવાય. જે રાગ થયો પણ રાગ દ્વારા બીજી ચીજને ગ્રહાય કે છોડાય એવી રાગમાં તાકાત નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગમાં નથી. ઓલામાં આત્મામાં તો પછી કહેશે સ્વભાવમાં નથી. રાગમાં એ તાકાત નથી. વિકાર કરું તો એમાં તો તાકાત આવે કે નહિ પરને-લેવા-દેવાની? ના. ઈચ્છા થઈ ખાવાની માટે ઈચ્છાને કારણે કોળિયો આમ લેવાય છે. ના. ખોટી વાત તારી છે. તને ભ્રમ છે જગતને. સમજાણું કાંઈ? ઈચ્છાની મર્યાદા ઈચ્છા સુધી. પછી એ વસ્તુ આવવી-જવી એને કારણે. એને ઠેકાણે આ માને કે મેં કોળિયો બરાબર.. મોટો કોળિયો ન ખાઈશ. પેટમાં દાંત નથી. કહે છે ને વાતું? એમ કહે છે કે નહિ? ચાવીને ખાવું, ફલાણું કરવું એવું બહુ બોલે. ડાહ્યાના દીકરા બધા એવા બધા ભેગા થઈને વાતું કરે. પેટમાં દાંત નથી. દાંત અહીં છે માટે ચાવીને ખાવું. સાંભળને હવે. ચાવીને કોણ દાંત હલાવી શકતો હતો? આ તો રજકણ-માટી છે. રજકણ છે. આમ આમ થાવું એ તારા અધિકારની વાત છે નહિ. મરતા થઈ જતું નથી ખબર નથી? લોકો આપણે નથી કહેતા? કે શ્વાસ તારો સગો નથી. કહે છે?

મુમુક્ષુ :- મરવા ટાણે તો...

ઉત્તર :- એ માનીને બેસે છે મૂઢ, એમ કહે છે. શ્વાસ તારો સગો નથી એટલે શ્વાસ જે આમ ચાલે છે. પછી તને ખ્યાલ આવશે મરતા ટાણે કદાચિત કે શ્વાસ અહીંથી છૂટ્યો. ડૂંટીથી છૂટે છેલ્લે. મરવા ટાણે આ જગ્યા છોડી દે. અત્યારે ચાલે છે તો આમ છે ને સ્થિતિ કાળ એટલે અહીંથી આમ જાય છે. અહીંથી આમ. એ જ્યારે છેલ્લી સ્થિતિ આવશે એટલે ડૂંટીથી શ્વાસ છૂટી જાશે. પહેલો દોરાવા છૂટે, કોઈને એકદમ છૂટી જાય. અને કોઈને પહેલા ખ્યાલ આવી જાય. શ્વાસે સ્થાન છોડ્યું છે. ડાહ્યો માણસ હોય તો ખ્યાલ આવી જાય. શ્વાસે સ્થાન છોડ્યું. લેને. હેઠે કરી દેને શ્વાસને. એ જડ પરમાણુ છે શ્વાસના. એને ખ્યાલ આવે કે આ શ્વાસે નાભીનું સ્થાન છોડી દીધું છે. ઘણા જોયા હોય ને ૮૦ વર્ષના ડોસાને મરતા-ફરતાને બધું. શ્વાસે સ્થાન છોડી દીધું છે. ઘર છોડ્યું એમ કહે છે આપણે, ભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શ્વાસે ઘર છોડ્યું છે એમ કહે છે મરતા. જીવતો હોય ઓલો હજી હોં! ખ્યાલ આવે કે શ્વાસે ઘર છોડ્યું છે. એનું સ્થાન છોડ્યું. લેને હેઠે અડાડ ને. નહિ ચલાય. તારી ઈચ્છા પ્રમાણે એ શ્વાસ આવે ને જાય એમ નથી. અત્યારે એમ નથી એમ કહે છે. ભારે વાત ભાઈ! શ્વાસને ગ્રહાય નહિ, મૂકાય નહિ. હજી તો ઓલો કહે છે,...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો ત્યાં થવાનું હોય તો થાય. તારી ઈચ્છાથી થાતું નથી. આહાહા..! આમ લાંબુ કરવા જાય તો મરી પણ જાય કેટલાક. ત્યાં લાંબુ ચાલે નહિ ત્યાં. ત્યાં તો એના રજકણની ક્રિયા છે. શું તારી ઈચ્છાથી થાય છે ત્યાં? બહુ કામ આકરું માણસને લાગે હોં! આ બધા અભિમાનના પોટલા હોય ને જ્યાં ત્યાં. એય..! બાબુભાઈ! શું હશે આ બધું? કામ કરતા હશે ને? એય..! હિંમતભાઈ! હિંમતભાઈને છે. નથી? સંચો છે કે નહિ કાંઈ? આહાહા..! આ સંચા તો પુદ્‌ગલના છે. પરમાણુની ક્રિયા છે એ જડની છે. ભગવાન! તારું સ્વરૂપ એની ઈચ્છામાં તું ભલે આવ. ઈચ્છામાં આવ. પણ પરમાં આવી જા છો તું? તું પરમાં આવી ગયો કે એને લે અને મૂકે. ભ્રમ છે. અજ્ઞાનીઓને તત્ત્વની ખબર નથી. 'જડ અને ચૈતન્ય બન્ને પ્રગટ સ્વભાવ ભિન્ન.' શ્રીમદ્‌માં આવે છે ને? સમજાય છે કાંઈ?

શ્વાસને પણ ઈચ્છા થાય તો લેવાય કે મૂકાય? ના. પરદ્રવ્યને ગ્રહવું-છોડવું આત્મામાં છે નહિ, પ્રભુ! તને ખબર નથી. ખબર કર, નક્કી કર. પરદ્રવ્યનું લેવું, મૂકવું મારા અધિકારની વાત નથી. તારા રાગને લેવો, કરવો કે છોડવો એ તારા અધિકારમાં છે. પણ પરને લેવું-મૂકવું એ તારા અધિકારની વાત નથી. ત્રણે કાળમાં ત્રણ લોકમાં જીવના તત્ત્વો પરતત્ત્વને ગ્રહે છોડે એવું છે નહિ. સમજાણું કાંઈ? બધા હુશિયાર માણસ ઘણાય કામ કરે છે એમ માણસ કહે છે. લોકો કહે છે. ફલાણાએ આમ કર્યું, ઓલા કહે, સંચા લેવા, ઓલો કહે આમ કર્યું. અને બે વર્ષમાં તો ભાઈ! પાંચ-પચાસ લાખ પેદા કરી નાખ્યા, ધૂળ કરી નાખી. એમ કહે છે વાતું. ધૂળેય નથી કરી, સાંભળને! રાગ-દ્વેષ કર્યા છે તેં. કર્યું શું તેં? રાગ અને દ્વેષ. એ સિવાય તારું કાંઈપણ કરેલું હોય તો ત્રણ કાળમાં વાત ખોટી છે એમ કહે છે. સમજાય છે આમાં? આ સમજવું પડશે હોં સુખી થાવું હોય તો. દુઃખી થઈ રહ્યો છે આમ. આહાહા..! દવા પણ લઈ શકે નહિ એમ કહે છે. દવા લઈ શકતો નથી, દવા છોડી શકતો નથી. ભાઈ! ખરાબ દવા આવી. કાઢી નાખ, ઓકી નાખ. કોણ ઓકે? સાંભળ તો ખરો. છૂટે તો એને કારણે છૂટે.

મુમુક્ષુ :- ... કાઢવી જ પડે ને.

ઉત્તર :- એ કહે વૈદ્ય. નહિ. નહિ. નહિ. ભૂલ થઈ ગઈ. એ ભૂલ થઈ ગઈ. હવે તો

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આવે છે ને ઓલી માંકડ મારવાની નહિ? પડી હોય તો કાંઈક લેવાઈ ગયું અને કાંઈક આવી ગયું. એક માણસ લેવા ગયો હતો હરડે. નીચે પડી હતી હરડેની, એમાં ભેગી સોમલની એક શીશી પડી હતી. હરડેનો ભુક્કો લે એમ... અંધારું હતું સાંજનું. એટલે હરડેની બદલે સોમલ આવ્યું. લીધું સોમલ. ચાલ્યો ઘરડિયો. મણિબહેનના વરને. બોટાદ. પ્રેમચંદ ખારા નહિ? એમના બહેન મણિબહેન હતા ને? અહીં હતા ને આપણે અહીં રહેતા ને. પ્રેમચંદભાઈ ક્યાં ગયા? તમારા મણિબહેનના વરને. નીચે પડી હતી હરડે અને બેય ભેગી. જુવાન શરીર. હરડેને ઠેકાણે આવ્યું ઝેરકોચલું આકરું સોમલ ઝેરકોચલું. થોડો વખત થયો ત્યાં ઘરડિયો પકડ્યો. કર્યું શું આ? જ્યાં જોવે તો નીચે.. આહા..! પતી ગયું. પતી ગયો દેહ. સૂતા ત્યાં ખલાસ થઈ ગયો. એ આત્મા લઈ શકે-દઈ શકે એ રજકણોને જે આવવાનું હોય એ જ આવે. ઈચ્છા હતી હરડેની અને આવી ગયું આ સોમલ. શું કીધું? ઝેરકોચલું. ઝેરકોચલું આકરું હતું. સમજાણું? કહો, મોહનભાઈ! શું હશે આ? સાકર દઈને દુકાન લઈ શકાય નહિ, દઈ શકાય નહિ એમ કહે છે. બે ભાઈઓએ લીધી હતી. એક તો વયો ગયો ચાલ્યો એને રસ્તે. આ તારી ગતિ ક્યાં બાપુ! તારા જેવા પરિણામ છે એવી તારી ગતિ. પણ પરને લઈને તારું કાંઈ કામ થયું કે આ થયું એ વાતમાં માલ નથી. આહાહા..!

પાંપણનું ફરવું તારી ઈચ્છાને આધીન નથી એમ કહે છે. આ પાંપણ આમ થાય, ઊંચી-નીચી થાય એ ઈચ્છાને કારણે નહિ. કારણ કે એ પરવસ્તુ જડ છે, માટી છે. અને ઈચ્છા આત્માની જુદી ચીજ છે. ઈચ્છામાં તાકાત નથી કે પાંપણને ફેરવે અને ઊંચી-નીચી કરે. એમ અહીં ભગવાન કહે છે. આવું સાંભળવા મળતું નથી. સવારે કીધું હતું. ભાઈએ કહ્યું હતું. પણ અહીં સાંભળવા રોકાતા નથી. ત્યાં રળવામાં રોકાય વધારે ત્યાં રસ પડે ને.

મુમુક્ષુ :- .....

ઉત્તર :- ઓટલા તો છે હવે ઘણા. પોટલા છે ને મોટલા. ત્રણે છે હવે. તો પણ સખ આવતું નથી કોણ જાણે. રોટલા, મોટલા, પોટલા સમજાય છે? પેટમાં જોઈએ રોટલો. અહીં ઉપાડવાને પોટલો હોય છે અને માથે વળી એક મોટલું હોય છે. એ કહે છે કે પણ એને લઈને કાંઈ છે જ નહિ. મૂકવું અંદર પરિણામમાં મિથ્યાત્વ ભ્રમણા છે કે આને લઈને મૂકું છું, એ ભ્રમણા છોડ. અને હું તો જ્ઞાન સ્વરૂપ ચિદાનંદ છું. સમજાય છે? એવી દૃષ્ટિ કર તો તારું કલ્યાણ થાય, નહિતર કલ્યાણ થાય એવું નથી, એમ કહે છે.

‘**પ્રાયોગિક...**’ એટલે કે રાગથી. પ્રાયોગિક એટલે રાગ, દ્વેષ, ઈચ્છા, વિષય વાસના. લ્યો! વાસના થાય અંદર વિષયની. પણ એ વાસનાથી શરીરને ચલાવી શકે, ત્રણ કાળમાં નહિ એમ કહે છે. પ્રાયોગિક એટલે વાસના. રાગની, દ્વેષની, પુણ્યની, પાપની, ઈચ્છા આદિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ભાવ થાય. પણ એ ઈચ્છામાં તાકાત નથી કે શરીરને આમ હલાવી શકે. ઈચ્છાની તાકાત નથી કે આહારના પરમાણુને લઈ શકે. પાછું થાય કેવું? કે જેવી ઈચ્છા હોય એ પ્રમાણે રોટલીનું બટકું નાનું લેજો તો નાનું આમ થાય. કટકો નાનો થાય અને દાળ સાથે આમ કરીને (ખાય). વળી હાથ પાછો અહીં જાય ચટણી ઉપર, વળી શાક ઉપર. આવું ધાર્યું થાતું હોય તો ઈ એમ માને કે મારાથી થાય છે આ. સમજાણું કાંઈ? એમ નથી, ભાઈ! તને ખબર નથી. બાપુ! તારી પર્યાયમાં તને ઈચ્છા થઈ એટલી હદ છે. એ રજકણોનું ત્યાં જવું અને ત્યાં આવવું એ તારા અધિકારની વાત નથી. એમ કહે છે. એ તત્ત્વ ભિન્ન છે. એ તત્ત્વ ભિન્નનો સ્વામી કોઈ નથી. એકના માલિકમાં બીજો માલિક હોઈ શકે નહિ.

જુઓ! એ આવ્યું. શેઠનું આવે છે ને ભાઈ? શેઠમાં આવે છે કે નહિ? માલિક કા માલિક. શું કાંઈક આવે છે. આપ્યું છે ને તમને પુસ્તક? આપ્યું છે ને. શેમાં આવે છે ઈ? ક્યાંક આવે છે ખરું. માલિકનો માલિક બની જાય છે. હાથ નહોતું આવતું. આ આવ્યું. 'સ્વતઃ પરિણમતી વસ્તુકે ક્યોં કર્તા બનતે જાતે હો?' ખબર છે કે નહિ? તમારી પાસે આવ્યું છે કે નહિ? છે. છોકરાએ વાંચ્યું છે કે નહિ? ઈ શેનો વાંચે. આ પુસ્તક છે. શેઠિયા થઈ ગયા. અહીં છે હજી અત્યારે. સરદાર શહેરમાં. ૪૦ વર્ષ પહેલા ૬૦ લાખ એના મામા પાસે હતા. આપતા હતા ન લીધા. ૪૦ વર્ષ પહેલાના ૬૦ લાખ. શું? ૪૦ વર્ષ પહેલાના ૬૦ લાખ એના મામા પાસે રોકડ-નકદ. લે ભાઈ, ભાણેજ હતો. મારે શું કરવા છે ૬૦ લાખ? મારે જાવું પરલોક મરીને. તારા રૂપિયાને લઈને શું કરું? કે હું તારે ત્યાં આવું મને ખવરાવ. .. જીંદગી ભર પાળુ, પૈસો ન લઉં. ૬૦ લાખ ન લીધા. ૪૦ વર્ષ પહેલા. ૬૦ લાખ એટલે તમારા અત્યારે કેટલા થાય ખબર છે? સોળે વીસગણું ફરી ગયું તમારું. તમારી પાસે પચાસ લાખ હોય તો પહેલાના બે લાખ ગણાય. બે લાખ હોં! તમને એમ લાગે કે અમારી પાસે પચાસ લાખ થઈ ગયા. આહાહા..! ખરી વાતને, ભાઈ! ભાવ પણ દરેકના વધી ગયા છે ને ભાવ જુઓને. ૧૬-૧૬ ગણા, ૨૦-૨૦ ગણા. ૧૯ રૂપિયાનું મણ તો ૧૯ રૂપિયાનું કીલો હોય ચોખાનું એક પેકેટ. આ ઘી ૧૯ રૂપિયાનું મણ. અમારે વીંછીયામાં ૧૯ રૂપિયાનું મણ. આખું ગાડું લીધું ૨૫ મણ. ૧૯ મણ ભેસનું. કુરિયા ઊંચા મહિનાનું મળે. તાજું લેવા ક્યાં જાય? એક સાથે ૨૫ ડબા જોઈતા હોય તો. દીક્ષા કરવી હતી ને. અમારે મોટા ભાઈ હતા ને. દીક્ષા ઘરે કરી હતી. દીક્ષાનું નક્કી થયું તો ડબા લીધા હતા. ૧૯ના મણ. સાડા ત્રણ રૂપિયાની સાકર ઊંચી ..ની ભાવનગરથી. ૨૫ મણ ગાડું આખું. હવે અત્યારે તમારે સીત્તેરમાં પણ ન હોય તમારે સાકર. કેટલા ભાવ થઈ ગયા? તો એ પ્રમાણે તમારા રૂપિયાનો ભાવ ઘટી ગયો કે નહિ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ૫૦ લાખ હોય તો દોઢ લાખ ગણવા પહેલાના હિસાબે. એમ નહિ આહાહા..! એ દોઢ લાખ એ મારા નહિ. મારા માને તો મૂઢ છે એમ કહે છે અહીં તો. જુઓ! શું કહે છે?

'સ્વયં પરણમતી વસ્તુ કે ક્યોં કર્તા બનતે જાતે હો? કુછ સમજ નહિ આતી તુમકો નિઃસત્ત્વ બને હી જાતે હો.' નિઃસત્ત્વ બની જાવ છો તમે મૂઢ થઈને. તારાથી પરિણમાતી નથી, તારાથી લેવા-દેવાતી નથી. 'અરે કૌન નિક્કમા જગમેં જો પરકા કરને જાતે હો?' કોણ જગતમાં જડ ચૈતન્ય પર્યાય વિનાનું છે? પર્યાય એટલે કામ વિનાનું છે? દરેક કામમાં જ પડ્યા છે દરેક દ્રવ્ય. દરેક પદાર્થ કામમાં (જ છે). કામ એટલે એની પર્યાય. દરેક પર્યાયમાં જ પડ્યા છે. એ પર્યાય-કામ વિનાનું કોઈ દ્રવ્ય નથી. 'સબ અપને અંદર રમતે હૈં તો કિસવિધ કરણ રચાતે હો? સબ અપને અંદર રમતે હૈં તબ કિસ વિધ કરણ રચાતે હો, વસ્તુ કી માલિક વસ્તુ હૈ જો માલિક હૈ વહી કર્તા હૈ.' એ પરમાણુનો માલિક પરમાણુ છે, તું માલિક નથી. એમ કહે છે. ભાઈ! જુઓ તો ખરા હવે અહીં. સારુ હોય તો રાખજો. એનો બાપ કાંઈ આપે નહિ. રૂપિયા આપે. જુઓ. ત્રીજી લીટી છે ત્રીજી.

'વસ્તુકી માલિક વસ્તુ હૈ જો માલિક હૈ વહી કર્તા હૈ.' પરમાણુનો માલિક પરમાણુ છે. એના જવા-આવવાનું માલિક કર્તા એ પરમાણુ છે. તારાથી લેવા-દેવાનો કર્તા નથી. 'ફિર માલિક કે માલિક બનકર ક્યોં નીતિ ન્યાય ગંવાતે હોં?' 'ક્યોં માલિક કે માલિક બનકર...' એ માલિક છે એનો વળી એનો તું માલિક થા પાછો. સમજાણું કાંઈ? ચોપડી રાખજો ઘરે. ચાર જણા બધાની વચ્ચે. જુઓ! અહીં આ વંચાતું હતું એમ ખબર પડે ને. આ તમારા બાપ પાસે છે, ઈ એને આપે નહિ. 'ફિર માલિક કે માલિક બનકર ક્યોં નીતિ ન્યાય ગંવાતે હોં?' ભાષા જુઓ! 'ક્યોં નીતિ ન્યાય ગંવાતે હોં?' અરે..! તારી નીતિ અને ન્યાય તું ખોઈ બેસે છે ભાઈ! જડના રજકણો, બાયડીના આત્માનો રજકણ, આત્મા બાયડીનો એનો માલિક એનો આત્મા છે. એનો તુ માલિક થવા જા છો કે હું એનો માલિક છું. એમ કહે છે. એમ કહે છે એમ વસ્તુ છે. એનો આત્મા એનો માલિક છે. ત્યાં તું એનો માલિક ક્યાંથી થઈ ગયો કે હું એનો ધણી છું? ઈ કહે છે. આમાં ઈ કહે છે. અહીં તો જીવ-અજીવ બેની વાત છે ને ભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા પછી આવશે હમણાં. આત્મા પર જીવને, પર અજીવને ગ્રહે, મૂકે કે માલિક થાય એ ત્રણ કાળમાં બનતું નથી. લ્યો!

'વસ્તુ કી માલિક વસ્તુ હૈ જો માલિક હૈ વહ કર્તા હૈ. ફિર માલિક કે માલિક બનકર ક્યોં નીતિ ન્યાય ગંવાતે હૈ.' નીતિ ન્યાય ગુમાવે છે બાપા! તું અન્યાય કરે છો. 'જો હૈ સો સ્વયં પરિણમતા હૈ.' 'જો હૈ સો સ્વયં બદલતા હૈ.' પરિણમન નામ બદલવું. 'વહ નહીં કિસીસે ટલતા હૈ. યહ માને બિન કલ્યાણ નહિ કોઈ કૈસે હી કુછ કરતા હો.' આ માન્યા વિના કલ્યાણ નથી. મરી જઈશ હેરાન થઈને. સમજાણું કાંઈ? માલિકનો માલિક થા છો. પણ પૈસાનો માલિક તો ખરો કે નહિ આત્મા? છોકરાનો બાપ તો ખરો કે નહિ?

મુમુક્ષુ :- ન્યાય તો આપી દીધો તમે.

ઉત્તર :- 'ન્યાય નીતિ ગંવાતે હોં.' અરે..! શું કરો છો તમે? આ ગાયન હિન્દીમાં બનાવ્યું છે હોં પોતે. ગૃહસ્થ માણસ છે. એકાંતમાં આવે ને આવા ગાયન બનાવે. અરે..! 'માલિક કે માલિક બનતે હો, ક્યા નીતિ ન્યાય ગંવાતે હો' આહાહા..! કહો, બાબુભાઈ! સાચી વાત હશે આ? આ બધા છોકરા, બાયડી ક્યાં નાખવા જવા? ધણી ન હોય તો પછી કોણ? નિરાધાર હોય. પત્નીનો પતિ ન હોય તો નિરાધાર હોય. આજે આવ્યું છે નિરાધાર.. નિરાધાર.. લ્યો! .. આવ્યું છે ક્યાંક લખાણમાં. જૈનમાં આવ્યું? સ્થાનકવાસીમાં આવ્યું.

એક ગામડું હશે પચાસ ઘરનું. એમાં એક ભંગ્યો હશે બિચારો. એ મરી ગયો ક્ષય થઈને નાની ઉંમરમાં. બાઈ જુવાન નાની ભંગ્યાની. અને છોકરા નાના-નાના બધા. બે, ત્રણ, ચાર, પાંચ. હવે? એ જ્યાં મરી ગયો એટલે રોવે છોકરાઓ. બાઈ રોવે. કોઈ કરનાર ન મળે. કોઈ બે વર્ષનો, ચાર વર્ષનો. ભંગ્યા બિચારા. ભંગ્યો કાંઈક હતો. જુવાન અવસ્થામાં મરી ગયો. એટલે ગામના માણસે જોવાણું નહિ. આ બાઈ મરી જશે હોં! બધું ગામ ભેગું થયું પાછું આખું. આમને આપણે જ્યાં સુધી કમાતા ન થાય ત્યાં સુધી આખા ગામે પાળવા. પણ પાળવા કેવી રીતે? એ સવારમાં ઉઠીને સારા માણસો જે હોય એ ઘરે ઘરે માગવા જાય. એની પાસે જાય. શું બહેન છે કાંઈ છૂટું, કપડું હોય તો જાય બીજે પાસે. એટલે એક માણસ આવ્યો મહેમાન થઈને ત્યાં નોકર. એણે પૂછ્યું ભાઈ, શું કરવા જાવ છો? બાપુ! એ કહેવાય એવું નથી હોં. એ કહેવાય નહિ. કારણ કે કહેવાય તો દોષ કહેવાય. કેમ? પણ મને તો કહો હવે. જુઓ! આ ગરીબ માણસ છે એને માટે માગવા જઈએ છીએ એ અમે માગીએ છીએ અને એને દઈએ છીએ એ વાત ન કહેવાય. એ દોષ કહેવાય. સમજાય છે? એવું આપણને દોષ કહેવાય. માગીને દઈએ અમે દઈએ છીએ અને અમે આપીએ છીએ. બાપુ! એમ વાત બહાર ન પડાય. આ હાથે દેવાય અને આ હાથને ખબર ન પડવી જોઈએ. ભાઈ! એમ લખ્યું હતું. આ હાથે દે તો આ હાથને ખબર ન પડવી જોઈએ. એમ અમે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દીધું એમ અમને અભિમાન આવવું ન જોઈએ. એટલે અમે તમને કહેતા નથી. પણ મને કહો તો ખરા.

જો ભાઈ! ગામમાં એક ભંગ્યો હતો ૨૦ વર્ષનો જુવાન. એ મરી ગયો ક્ષયમાં. એક જ ઘર ભંગ્યાનું ગામમાં હતું. ૫૦ ઘરનું ગામ. એમાં બાયડી જુવાન રોવે.. રોવે.. રોવે.. જોયું જાય નહિ. છોકરા રોવે. એ વખતે અમે નક્કી ત્યાં કર્યું કે આના મોટા બાળક ન થાય ત્યાં સુધી બહેન! તારે કાંઈ ન કરવું. અમે બધું કરશું. .. રોટલી, દાળ, ભાત, કપડા જે તને જોતા હશે એ અમે પૂરું પાડશું. એ અમે લેવા જઈએ. એ અમારી ફરજ છે. અમે કરીએ છીએ એ કેમ તમને કહેવું? અમે કરીએ છીએ એમ કહેતા પણ અમને દોષ લાગે છે. ભાઈ! એમ લખ્યું છે. એય.. પોપટભાઈ! અહીં તો થોડું કરે ત્યાં થૂંકે અંદર. ઓલામાં આવ્યું કે નહિ? મુંબઈ સમાચારના ખૂણે છે ખબર છે? ડાબે ખૂણે છે. પચ્ચીસ હજાર હમણાં ભર્યા છે ત્યાં લખ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. ઓલાએ વાંચ્યું ન હોય તો કહે. લખાવ્યું તો હોય અંદર. આપ્યું હોય. કો'ક બીજા પાસે (કહેવડાવે). પોતે ન કહે બીજાને કહે. મારા નામના મેં આપ્યા છે, નાખો અંદર. એ તો નિઃસ્પૃહી માણસ છે એમ મનાવે પાછો. મેં તો કાંઈ લખાવ્યું નથી. અંદર જલસા-બલસા કરાવીને પોતાના નામના અભિનંદન કરાવે અને પાછા કહે કાંઈ કરાવ્યું નથી. મૂઢ છો. ઉશ્કેરણી કરીને કરાવે અમને મોટો કહે, આમ કરે, ભેગા થઈને આમ કરો. શું કરવું છે પણ તારે? અહીં કહે છે કે એક રજકણનો પલટો કરવો એ તારા અધિકારની વાત નથી. કોને તારે બોલાવવા છે? કોની પાસે તારે તારા અભિનંદન અને પ્રશંસા કરાવવી છે? આહાહા..!

કહે છે, '**પ્રાયોગિક...**' આત્મા રાગ કરે, દ્વેષ કરે, વિષય વાસના લે પણ એથી કરીને ભોગની ક્રિયા કરી શકે કે રાગને લઈને પરની દયા પાળી શકે કે દ્વેષને લઈને હથિયાર લઈને દુશ્મનને મારી શકે. ના. ના. એ ત્રણ કાળમાં બનતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? બાપા! માર્ગ તો એવા છે. 'હરિનો રે માર્ગ છે શૂરાનો, કાયરના નહિ કામ જો ને.' એ પાવૈયાના કામ નથી હીજડાના. સમજાણું કાંઈ?

પ્રભુનો રે માર્ગ છે શૂરાનો કાયરના નહિ કામ જો ને.
પ્રથમ પહેલું મસ્તક મૂકી વળતા લેવા પ્રભુના નામ જોને.

મૂકી દે બધું અભિમાન. છોડી દે શરીર, વાણી હું નહિ, કોઈ ચીજ નહિ. આહાહા..! ત્યારે ભગવાનનો ભક્ત અને ભજન કરી શકે એવી લાયકાત થાશે. આ તો અભિમાન રાખવા છે અને અમે ભગવાનના ભગત છીએ. મરી જઈશ. એય..! ભારે વાત ભાઈ! સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાંઈ?

**'પ્રાયોગિક...'** એટલે આ અર્થ લ્યો. **'તેમ જ વૈસ્રસિક...'** બીજો શબ્દ છે ને? એ શું કીધું વૈસ્રસિક એટલે? ભાઈ! એમ કહે છે પ્રભુ કે તું આત્મા છો ને પ્રભુ! આત્મામાં અનંત આનંદ અને જ્ઞાન પડ્યું છે. હવે એ આત્મા પોતાની દશામાં-પર્યાયમાં રાગ-દ્વેષ, વાસના ભલે કરે પણ એથી કરીને પરચીજને ગ્રહે-છોડે એવી તાકાત નથી. હવે એ રાગ ટાળીને સ્વભાવનું ભાન કરે પૂરુષાર્થની જાગૃતિથી. સમજાય છે? રાગ ટાળીને જ્ઞાનનો વિકાસ કરે, આત્માનું ભાન કરે તો ત્યાં સ્વભાવનો વિકાસ થયો-ઉઘાડ. તો સ્વભાવનો ઉઘાડ થયો માટે એમાં તાકાત આવે કે પરને ગ્રહું-છોડું. ના. સ્વભાવ દશા પ્રગટ કરે એમાં પણ તાકાત પરને ગ્રહવા-છોડવાની નથી. શું કહે છે? કે જેમ રાગ કર્યો માટે કર્મને ગ્રહ્યા? કહે ના. હવે રાગ ટાળ્યો સ્વભાવની દૃષ્ટિએ માટે કર્મ ટાળ્યા મેં? ના, એમ નથી. આહાહા..! સમજાય છે? માણસ એમ કહે ને ભાઈ! ધર્મની જ્યાં શક્તિ પ્રગટે તો બહુ શક્તિ પ્રગટે. તો કંઈકનું ભલુ કરી દે ને કો'કનું આમ કરી દે ને કો'કનું આમ કરી દે. સાંભળ! એમ ન હોય. સાંભળને. આ ક્યાંથી પ્રગટ્યું? ધર્મદશા પ્રગટી માટે ધર્મના સ્વભાવની તાકાત એવી આવી કે પરવસ્તુને સારું કરી દે કાં ભૂંડું કરી દે કાં બગાડી દે કાં રાખી દે. ત્રણ કાળમાં નથી. વૈસ્રસિક ગુણમાં પણ એ સ્વભાવ નથી. એમ કહે છે. આહાહા..!

ભગવાન આત્મા પોતાના રાગના પુણ્યના વિકાર રહિત છું એવું ભાન કર્યું, શ્રદ્ધા કરી, જ્ઞાન કર્યું, શાંતિ કરી, આનંદ કર્યો. તો કહે છે કે સ્વભાવ પ્રગટ્યો છે તો હવે પરપદાર્થને કાંઈ રાખે, ટાળે, ફેરવે, રૂપાળા કરે, સારા કરે એવી તાકાત આવતી હશે કે નહિ? ભારે વાત ભાઈ! ભારે આજે બીજી જાતનું આવ્યું સાંભળવાનું હોં! પણ એને અનુભવ નથી થયો ત્યાં સુધી આઠ-દસ દીમાં.. ખબર છે કે નહિ? કેટલા સ્વપ્ના આવતા હતા અને કેટલું ફલાણું આવતું હતું? કીધું હતું ને, ભાઈએ કહ્યું હતું. ખબર છે ને એ. તે દી કહેતા હતા ને ઓલા સ્વપ્ના આવતા હતા. એ કલ્પનાઓ. કલ્પના છે બધી હોં! રજકણ-ફજકણ આવે જાય નહિ કાંઈ. આહાહા..!

ભાઈ! તારી મર્યાદામાં રાગ કર અને કાં રાગ ટાળ. પણ રાગ ટાળ માટે કર્મને ટાળી શકે અને કોકનું સારું કરી શકે, સ્વભાવની પર્યાયમાં એ તાકાત છે નહિ. સમજાણું? એ સ્વભાવની પર્યાય તને શાંતિ આપે, શાંતિ આપે, પણ બીજાના કામ કરી દે, રજકણોને છોડી દે, બીજાનો રોગ મટાડી દે. માણસ નથી કહેતા કે ભાઈ એવી લબ્ધિ થાય કે બીજાનો રોગ મટાડી દે. સાંભળને, એમ ન હોય.

મુમુક્ષુ :- મીઠી દૃષ્ટિ પડે...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- મીઠી દૃષ્ટિ પડે તો આમ થાય. એ બાયુંનું આવે છે કાંઈક. બાયુંને કડક દૃષ્ટિ હોય છે ને કેટલીક બાયુને?

મુમુક્ષુ :- છોકરું માંદુ થઈ જાય.

ઉત્તર :- માંદુ થઈ જાય. એક બાઈની એવી કડક દૃષ્ટિ હતી. કડક હતી. તો કોણ જાણે લેવા ગઈ હશે કપડું. એમાં એક વર બેઠેલો બિચારો અને એને આંખ ફાટી. મરી જશે આ તો. મારી આંખ જો જોશે તો. ફટ પોતાના બલોયા ઉપર આંખ મૂકી. બલોયુ ફાટી ગયું ફટ દઈને. બલોયું તૂટી ગયું. આ વર બિચારો બેઠો છે. એની આંખ જ એવી કોઈ કડવી કઠણ. પણ એને લઈને થયું નથી, હોં! એવું થયું છે. બાઈ એવી કોઈ કડક જ હતી ને. કોઈ સ્થિતિ ક્યાંક આમ જો રોકાઈ ગયું આમ બરાબર આમ .. ફટ સામું મરી જાય કાં બગડી જાય. વસ્તુ આમ બગડી જાય. પણ ઈ એને લઈને નહિ એમ કહે છે અહીં તો. આહાહા..! નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. સમજાણું કાંઈ? અને ધર્માત્માની જ્યાં એમ કે નજર પડે ત્યાં બે લાડવાના કરોડ લાડવા થઈ જાય, લ્યો. એમ આવે છે ને શાસ્ત્રમાં? લબ્ધિ... લબ્ધિ... લબ્ધિ. ઈ એને લઈને નહિ. અને કોઈ પુણ્ય હોય તો એને લઈને પણ આવે ને જાય એમ નહિ. આહાહા..! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? ભાઈ! ધર્મી મહાત્મા હોય એનો ગુણ પ્રગટ્યો હોય ને કંઈકને પૈસે ન્યાલ કરી દે. એમ કહે માણસ. વાતું અહીંની બહુ ચાલે છે. એય..! પોપટભાઈ! બાપા! ધર્મની પર્યાયનો એવો સ્વભાવ નથી. ભાઈ! વિકારનો નથી તો વળી સ્વભાવનો ક્યાંથી આવ્યો? એ કહે છે. આહાહા..! ભારે વાતું ભાઈ! કહો, ચંદુભાઈ!

કહે છે, '**પ્રાયોગિક તેમ જ વૈસ્રસિક ગુણ છે.**' '**એવો જ કોઈ તેનો (-આત્માનો) પ્રાયોગિક તેમજ વૈસ્રસિક ગુણ છે.**' કે પરદ્રવ્યને ગ્રહે ને છોડી શકતો નથી. એમ એ ગાથાનો અર્થ છે, લ્યો! સમજાણું? એક ગાથામાં આટલો અર્થ ભર્યો છે. આહાહા..! ભગવાન! તારામાં રાગ થાવ, વિષય વાસના થાવ, છતાં એ વાસના વડે તું દેહની ક્રિયાનો ભોગ કરી શકે. ના. એ હાથના ઉપડવા, ઇન્દ્રિયનું જાગૃત થવું, ભગવાન! તારા અધિકારની વાત નથી. ભાઈ! તને ખબર નથી. તને બે તત્ત્વની જુદાઈની ખબર નથી. એ પરમાણુની પર્યાય એની પુષ્ટિ થવું, જીર્ણ થવું એ એને આધીન છે. તારા રાગને આધીન કે તારા ધર્મને આધીન નથી. આહાહા..! સાંભળવી કઠણ પડે માણસને. આખો દી કરતા હોય અને આખો દી કરે ને ઓખો દિ .. ઓલા એક લાખની મોટર લાવો. એય..! પાણીના પૂરની પેઠે ચાલે. પાણી હલે નહિ પેટમાં પડ્યું હોય તો. સારી મોટરમાં ઓલી મોટર હોય તો ગાડા જેવી હોય તો આમ આમ થયા કરે. પાણી પેટમાં પડ્યું હોય તો આમ આમ થયા કરે. ઊંચી

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મોટર નથી આવતી ઓલી? આપણે બે બેઠા નહોતા એક આપણે? એક આવી હતી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. એ આપણે નહોતા આવ્યા? ઢીમડી. નહોતા આપણે? ઢીમડી આવ્યા હતા તે દી. એક મોટર હતી ઓલા ગઢાળીવાળાની ૮૦ હજારની. ૨૦ની સાલ ને? હા ૨૦ સાલ. ચાર વર્ષ થયા. ત્રણ હજાર માણસ નહોતુ મુંબઈથી આવ્યું? મગન સુંદરજી. મગનભાઈએ જમાડ્યા. ૨૮ હજાર એક દીમાં ખર્ચ્યા હતા. ૨૮ હજાર એક દીમાં. લોકોમાં. ૮૦ હજારની મોટર મોઢા આગળ લઈને આવ્યો. અમારે તો મોટર હતી. આવ્યા. કહે મહારાજ! આમાં બેસો, આજ પગલા કરો. ત્યાં વળી પૂનમભાઈ લાવ્યા બીજી એવી ને એવી ૮૦ હજારની. હવે કીધું આમાં બેસવા દેને, અહીં બેઠા છીએ. પણ કહે આવી છે. એ મોટર લાંબી હતી હોં એ તો આમ. પણ એ તો જડ છે, બાપા! એને લઈને પાણી હલે કે નહિ એમ છે જ નહિ. એ પાણી પણ હલે એને કારણે, આત્માને કારણે નહિ અને એને કારણે નહિ. આહાહા..! આ તે કાંઈ વાત! પાણીના રજકણ જુદા, પેટના જુદાં, એના જુદાં. બાપુ! એક રજકણથી બીજા રજકણમાં કાંઈ થાય એવું છે નહિ. તો આત્માથી ત્યાં થાય એમ છે નહિ. સમજાણું?

રેલમાં પણ નહિ? રેલમાં જાય ને રેલમાં? નાનો છોકરો હોય તો ભલામણ કરે સાથે. એ ધ્યાન રાખજો. એને માથુ બહાર કાઢવા દેશો નહિ, ટોપી-બોપી કાઢી નાખશો નહિતર ટોપો પડી જશે. ફલાણું થાય છે કે નહિ? રેલ ચાલે ત્યારે. મોઢા આગળ આદમી બેસજો. વચમાં છોકરાને રાખજો. છેલ્લે નહિ બેસવા દેશો. નહિતર ઊભો થઈને.. કેટલી ભલામણ કરે. અને એમાં ટોપી-બોપી પહેરીને આમ જાશે તો પડી જશે પછી ક્યાં લેવા જઈશ ટોપી? એમાં જરીની ટોપી હોય ૨૫-૫૦ની. આવે છે ને જરીની? આહાહા..!

ભાઈ! એ તારી ઈચ્છા દ્વારા એ વસ્તુ રહે કે ઈચ્છા રાખે સંભાળ તો ટળે નહિ એમ કોઈ દી બનતું નથી. આ તે વાત જગતની. જગુભાઈ! શું હશે આ? ભારે વાત. પણ હવે તમે ગામમાં તો કેટલું કરો છો ત્યાં. કેટલી શાળાઓ, કેટલું ઢીંકણું.. શું કહેવાય એ બધું? હોસ્પિટલ ને ફલાણું ને ઢીંકણું. એવી વાત ચાલે છે. એક વોરો કહેતો હતો હું ત્યાં હતો તો. મહારાજ! અમારી પાસે તો જગુભાઈ આવે, અમારા ઘરમાં તકરાર હોય તો જગુભાઈ કહે તો અમારે તરત માની જાય. અમારા તો ગામમાં જગુભાઈની એવી છાપ છે. મોટો વોરો આવ્યો હતો તે દી. અમારે તો જગુભાઈ.. કહો, સાચી વાત હશે? અહીં તો કહે છે કે એ રજકણની અવસ્થા ત્યાં જગુભાઈની ઈચ્છાથી થઈ નથી. એમ કહે છે અહીં તો. ભારે વાતું આ. જગતથી તો ઊંધું લાગે છે આ બધું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહે છે, આત્મામાં વીતરાગતા પ્રગટો કે આત્મામાં રાગ ને વિકાર પ્રગટો પણ એ વીતરાગતામાં એ તાકાત નથી કે પરદ્રવ્યને છોડે અને ગ્રહે અને રાગની તાકાત નથી કે પરદ્રવ્યને ગ્રહે અને છોડે. એ બે અર્થમાં છે. પ્રાયોગિક અને વૈસ્રસિક. પ્રાયોગિકમાં વિકાર હો તો પણ તાકાત નથી. વૈસ્રસિકમાં વીતરાગતા આત્મામાં હોય તો પણ વીતરાગતાથી પરદ્રવ્યને ગ્રહે, છોડે, મૂકે, લે, દે એવી તાકાત આત્મામાં હોતી નથી. કહો, સમજાણું? આમ જો દૃષ્ટિ કરે તો એને સંતોષ થઈ જાય ફડાક દઈને. મફતનો હેરાન શું કરવા થા છો? આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. મફતના અભિમાન. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડા હેઠે કૂતરું. મારાથી ચાલે. મરી જઈશ ત્યાં હવે. હેઠે પડ્યું તો. તારાથી શું ચાલતું હતું. બળદ છે મોટા. એમ જગતના પદાર્થો એને કારણે ગતિ કરીને અટક્યા હોય કે જતા હોય કે આવ્યા હોય (એ) એને કારણે છે. તારે કારણે નથી. એમ શ્રદ્ધા કર, એમ જ્ઞાન કર અને વીર્યને એમ ત્યાં વાળ. એ માટે આ કહેવાની વાત છે હોં! એકલું આમ કરે માટે એ નથી.

'**માટે...**' હવે કહેશે '**માટે જે વિશુદ્ધ આત્મા છે તે જીવ અને અજીવ દ્રવ્યોમાં (-પરદ્રવ્યોમાં) કાંઈ પણ ગ્રહતો નથી તથા કાંઈ પણ છોડતો નથી.**' લ્યો! શુદ્ધાત્મા છે. અહીં તો પછી લેવું છે ને આ છેલ્લી સ્થિતિનું. આત્માનું ભાન છે, આનંદ છે, શાંતિ છે. હવે સંથારાની તૈયારી આવી તો કહે, ભાઈ! હવે આ છોડો. ક્યાં છોડે? કોણ છોડે? એ તો છૂટેલો જ પડ્યો છે. શરીર જ મારું નથી વળી આહાર છોડવો ક્યાં રહ્યું? અજ્ઞાનીને એમ કે હું આહાર છોડું છું ત્યારે મારો સંથારો થાય છે. એ મિથ્યાદૃષ્ટિનો ભ્રમ છે એમ કહે છે. વિશુદ્ધ આત્માને ગ્રહવું-છોડવું કાંઈ રહેતું નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**મહા સુદ ૮, મંગળવાર તા. ૬-૨-૧૯૬૮**
**ગાથા-૪૦૫ થી ૪૦૭, પ્રવચન-૪૭૯**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૪૦૫, ૪૦૬ અને ૪૦૭ ગાથા.

'**ટીકા :- જ્ઞાન પરદ્રવ્યને કાંઈ પણ (જરા પણ) ગ્રહતું નથી તથા છોડતું નથી,...**' શું કહે છે? જ્ઞાન એટલે આત્મા જે છે આત્મા એ જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, એનો મૂળ શુદ્ધ સ્વભાવ તે આત્મા. એ આત્મા પોતા સિવાય બીજા આત્માઓને કે આ રજકણ પુદ્‌ગલને લેતો નથી તેમ છોડતો નથી. કેમ કે એના પર્યાયના સ્વભાવમાં પણ પરવસ્તુ ગ્રહવું કે મૂકવું એની અવસ્થામાં પણ નથી. શું કીધું સમજાય છે કાંઈ?

આ આત્મા છે એ અરૂપી ચૈતન્યઘન છે. એમાં તો ખરેખર પુણ્ય-પાપના વિકલ્પો જે થાય છે એ પણ એમાં નથી. એવો જે આત્મા, તે આ આત્મા સિવાય આ વાણીને કે શરીરને કે કર્મને કે બાહ્ય ચીજને લે, ગ્રહે કે મૂકે એવું એના સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? હું પરવસ્તુને લઉં છું. આવે છે ને આદાનનિક્ષેપણ. આ ચીજ જોઈને લેવી અને જોઈને મૂકવી. લ્યો એવું આવે છે શાસ્ત્રમાં. આદાન-નિક્ષેપણ. નથી એમાં. ..મત આવે આ લોકોને. .. કોઈપણ ચીજને... શાસ્ત્રમાં એમ આવે લ્યો લખાણ કે સાધુએ કોઈ ચીજને જોઈને. કોઈ ચીજ એટલે એને હોય શું? એને હોય મોરપીંછી અને કમંડળ. બીજું તો એને હોય નહિ અને પુસ્તક. બસ. એને માટે પણ એમ આવે કે એણે જોઈને એટલે કોઈ જીવને દુઃખ ન થાય તેમ જોઈને લેવી ને મૂકવી. લેવી-મૂકવી એ એનો સ્વભાવ જ નથી અહીં તો કહે છે. ફક્ત એ વખતે જયણાનો એવો વિકલ્પ હોય છે-જતનાનો, એમાં એ જાતનું કથન આવે કે એણે જોઈને લેવું અને જોઈને મૂકવું. બાકી આત્મા તો અરૂપી જ્ઞાનઘન એ રૂપી ચીજને ગ્રહે, ઉપાડે કે મૂકે એવું એનામાં છે નહિ. કહો, સમજાણું કાંઈ?

અને એમ માનવું કે હું આ આત્મા સિવાય કર્મના રજકણોને પણ ગ્રહું છું, તો એ અભિપ્રાય મિથ્યા અભિપ્રાય છે. મિથ્યા અભિપ્રાયમાં તીવ્ર કષાય છે. સમજાણું કાંઈ? તીવ્ર કષાય છે. આત્મા અનંતગુણનો પિંડ જ્ઞાનસ્વરૂપ, એનો અનાદર કરીને એમ માનવું કે હું કર્મને ગ્રહી શકું છું, કર્મને છોડી શકું છું, શરીરને પકડી શકું છું, રાખી શકું છું, એને પડતા કે રોકી રાખી શકું છું એમ માનવું અથવા કોઈ જીવ-જંત નીકળે અને શરીર એમાં ન પડે એમ હું રાખી શકું છું એ માન્યતા તીવ્ર કષાયરૂપ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? કહો, પોપટભાઈ! શું કરવું આમાં? લાદી મોટી ઉપાડીને મૂકે, લે-મૂકે અને કહે કે લે-મૂકે નહિ. જેઠાભાઈ!

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શું હશે આ? સમિતિમાં આમ આવ્યું અને પહેલું આ આવ્યું. ભગવાન કહે કે જોઈને લઈને મૂકવું. અહીં વળી ના પાડે કે આત્મા ગ્રહી શકે નહિ, મૂકી શકે નહિ. એય..!

મુમુક્ષુ :- સૂડી વચ્ચે સોપારી થાય છે.

ઉત્તર :- સૂડી વચ્ચે સોપારી. કાંઈ સૂડી વચ્ચે સોપારી નથી. એને ખબર નથી કે કઈ અપેક્ષાએ ત્યાં કથન છે અને કઈ અપેક્ષાએ આ કથન છે. ત્યાં તો એને પ્રમાદ ન થવો જોઈએ એટલું કહેવા એ વાત એને કહેવામાં આવી છે. પણ પરવસ્તુને રાખી શકે છે (એ વાત છે નહિ). સમજાય છે? ત્યાં તો એમ આવે કે ભાઈ! તું જોઈને ચાલજે. કોઈ જીવજંતુ હોય તો ત્યાં પગને અધ્ધર કરજે. એમ આવે ત્યાં. અહીં કહે છે કે એ પગને અધ્ધર કરવું એમ જે માને તે પરદ્રવ્યને ગ્રહે છે, એ અભિપ્રાય સત્યથી વિરુદ્ધ અસત્ય છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**જ્ઞાન...**' એટલે આત્મા '**પરદ્રવ્યને કાંઈ પણ ગ્રહતું નથી...**' એમ. કાંઈ પણ એટલે એક કર્મનો રજકણ કે વાણીની ભાષા કે શરીર કાંઈ પણ કરી શકતો નથી. તેમ પરવસ્તુ દાળ, ભાત, રોટલી, શાક લઈ શકે અને કાઢી શકે, છોડી શકે (એ) આત્મામાં નથી. કેમ કે એ અરૂપી ચીજ છે. અને એ ચીજ આ બધી પર છે. પરને એ અડતી નથી આત્માની ચીજ, તો પરને ગ્રહે-મૂકે એના અભિપ્રાયમાં માન્યતા હોય તો ખોટી છે. સમજાણું કાંઈ? આવે છે નહિ પ્રવચનસારમાં? મુનિને ઉપકરણનું આવે છે ને ભાઈ? નહિ? ઉપકરણ. તત્કાળ બોધક ગુરુના અને નિત્યબોધક શબ્દો શાસ્ત્રના અને ધર્માત્મા પ્રત્યેનો દર્શન-જ્ઞાન આદિથી પરિણમેલા પૂરુષો પ્રત્યે મનથી વિનય કરવો એ બધો મન અને વાણી આદિ ઉપકરણ છે. વસ્તુનો સ્વભાવ નથી એમ કહે છે ત્યાં.

કાયાથી લીધું છે ને. કાયા. મુનિને કાયાનું ઉપકરણ હોય છે. એ સિવાય બીજું હોતું નથી. વસ્ત્ર, પાત્ર મુનિને હોતા નથી. કાયા એક. તો પણ કહે છે કે એ કાયાનું ઉપકરણ ગણ્યું છે પણ એ કાયા જીવનો સ્વભાવ નથી. નિમિત્ત તરીકે ત્યાં છૂટી શકતો નથી એથી કાયાનો પરિગ્રહ છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. વ્યવહારથી એટલે છે નહિ ને કહેવું એનું નામ વ્યવહાર. એમ શાસ્ત્રનો બોધ માટે શાસ્ત્રમાં... શાસ્ત્ર જે છે એને પણ શાસ્ત્રકારે નિત્યબોધક કહ્યા છે. કાયમ વાંચનમાં નિમિત્ત પડે છે ને? પણ એ પણ તેના પ્રત્યેનો વિકલ્પ છે. આ તો પુદ્ગલ છે, આ તો પાના છે. એ પાનાને ઊંચા કરવા, વાંચવા આમ કરવા એ આત્મા કરી શકતો નથી. શાંતિભાઈ! ભારે વાત ભાઈ. આવો માર્ગ! લ્યો! આ સમયસાર આમ છે. આ સમયસારનું પાનું આમ ઊંચું-નીચું કરવું કે આ લઈ શકું કે આ ફેરવી શકું એ આત્મા કરી શકતો નથી એમ કહે છે. પણ એમ વિકલ્પ આવે છે એને વ્યવહારથી ઉપકરણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કહ્યો છે. છતાં એ વિકલ્પ એનો ધર્મ નથી આત્માનો. સમજાણું કાંઈ? ત્રણ લીધા છે. નહિ? કાયા, મન અને વચન. ત્રણ વસ્તુનો ધર્મ, આત્માનો ધર્મ નથી. છતાં એને નિમિત્ત તરીકે વિકલ્પ ઉઠે એટલે નિમિત્ત તરીકે ઉપકરણ કહેવામાં આવ્યું છે. આહાહા..! માર્ગ તો જુઓ!

અહીં તો સામાન્ય વાત કરતાં પહેલી કહે છે અને પછી તો મુનિને માટે શું? એ લિંગમાં જે નગ્ન દશા થઈ જવી, એ લિંગ દેહનું લિંગ છે. એ આત્મા એને દેહને નગ્ન કરી શકે છે કે વસ્ત્ર છોડી શકે છે એમ નથી. એમ સિદ્ધ કરવું છે અહીં. સમજાણું કાંઈ? આત્મા એટલે જ્ઞાન, પરદ્રવ્યને કાંઈ પણ ગ્રહતું નથી. એમ ભાષા છે ને? લ્યો! '**ण वि सक्कदि घेत्तुं जं ण विमोत्तुं जं च जं परद्दव्वं।**' એટલી વાત છે. એમાંથી કાંઈ પણ કાઢ્યું છે. કોઈ એ તો પછી ગુણ લીધો. '**ण वि सक्कदि घेत्तुं जं**' એમાંથી કાંઈ પણ કાઢ્યું લ્યો પોતે. '**કાંઈ પણ...**' નથી. એ તો સામાન્ય શબ્દ છે ને મૂળ પાઠમાં.

આત્મા વસ્તુ છે અને જેને... માથે કીધું હતું ને પાછું વિશુદ્ધ આત્મા. '**विशुद्धः चेतयिता**' ત્રીજી ગાથામાં. ચૈતન્યમૂર્તિ છું, શુદ્ધ છું, એવું અંતર ભાન સમ્યગ્દર્શનમાં થયું છે એ તો રાગને કરતો નથી, રાગને ગ્રહતો નથી, રાગ છોડતો નથી. એ તો સ્વરૂપમાં ઠર્યો એ ઠર્યો અને છૂટી ગયું ઈ છૂટી ગયું. એમ કહે છે. સમજાણું કાંઈ? પરને આમ છોડી શકું છું, આહારને લઈ શકું છું, છોડી શકું છું એ બધું પરદ્રવ્યનું જે કથન એ બધું માની લે કે એ પ્રમાણે થઈ શકે છે. કથન તો આવે એને. લ્યો! આવો આહાર લેવો, નિર્દોષ લેવો, સદોષ લેવો નહિ. આવે કે નહિ શાસ્ત્રમાં? બધું આવે. ૪૨ દોષ રહિત, ૪૬ દોષ રહિત, ૯૬ દોષ રહિત, મુનિઓએ જંગલમાં રહેવું, ત્યાંથી આવીને આવો આહાર હોય તો લેવો, ન હોય તો છોડી દેવો. કથન એવા (આવે) અને અહીં કહે કે કાંઈ ગ્રહણ કરી શકતો નથી. ગ્રહણ તો એ વખતે પણ કરી શકતો નથી. ફક્ત વિકલ્પ છે એવા આવવા-જવાના પુદ્‌ગલમાં નિમિત્ત એ ગ્રહે છે એમ કથન કરવામાં આવે છે. આત્મા પરને ગ્રહે કે રજકણને છોડે, પરવસ્તુનો સ્વામી છે આત્મા? ધણી છે એનો કે એને લે અને મૂકે? આ પૈસા છે એટલાનો તો માલિક ખરો કે નહિ?

મુમુક્ષુ :- હોય ત્યાં સુધી, ન હોય ત્યારે નહિ.

ઉત્તર :- હોય ત્યાં સુધી. જ્યાં સુધી ઘરે રહે ને મૂડી ત્યાં સુધી તો એનો માલિક ખરો કે નહિ? મોહનભાઈ! બિલકુલ નહિ? લ્યો! બંગલો કરાવે, મકાન કરાવ્યું. અહીં લાખ-બે લાખનું. જુઓ! આ બે લાખનું મકાન કેટલા જોવા આવે છે લ્યો. સમજ્યા? આવું થઈ ગયું. ત્રણ જણા માણસ આવ્યા હતા. કો'ક અજાણ્યા માણસ હતા. જુઓ! ક્યાંય આવું છે? ગુજરાતમાં આવું નથી. અજાણ્યા હતા, કોઈ અન્યમતિઓ. કહો, એ મકાન કોનું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


શું કહેવાય? નવનીતભાઈનું છે એમ કહે કે કોનું કહે?

મુમુક્ષુ :- વ્યવહારથી બોલે એમ આ બોલાય છે.

ઉત્તર :- બોલાય એવું છે, બાપા! છે કેવા ભાઈ? સમજાય છે? કોના મકાન? કોના પૈસા? કોની સ્ત્રી? એ પરવસ્તુ સ્વતંત્ર જગતની ચીજો છે. તું જગતનો નિરાલંબી, નિરાધાર, પરના આધાર વિનાનો રહેનાર એવું આત્મતત્ત્વ છે. જ્યાં જ્યાં રહે છે ત્યાં શરીરને આધાર નથી. શરીરનો આધાર નથી. શરીરને ગ્રહ્યું નથી, શરીરને છોડ્યું નથી. એમ કહે છે. સમજાય છે કાંઈ?

એટલે '**કાંઈ પણ ગ્રહતું નથી તથા છોડતું નથી,...**' કર્મને ને બધાને હોં! કર્મને ગ્રહતો નથી આત્મા. એમાં રાગ હોય અને નિમિત્ત થઈને કર્મ આવવું હોય તો આવે. કાંઈ આત્મા ગ્રહે છે એમ છે નહિ. '**પ્રાયોગિક ગુણના સામર્થ્યથી...**' એટલે વિકાર. પરના નિમિત્તથી થયેલો ગુણ એટલે વિકાર પુણ્ય-પાપનો. પુણ્ય-પાપની ઇચ્છા થાય. પુણ્યની ઇચ્છા થઈ પૈસા દેવાની. તો એ ઇચ્છા છે તેથી લક્ષ્મી આમ જાય છે અને પોતે આમ ગણવા માંડી, દેવા માંડી. શું કહેવાય તમારે એ? નોટું. એ નોટું ઇચ્છા છે માટે દેવાય છે, આમ ગણીને દે છે. ના. એમ છે નહિ. અને ઇચ્છા થઈ અશુભ. ઓલી શુભ હતી. દાન માટે દઈએ ઈ દાખલો અને લેવા માંડે ત્યારે અશુભ. આ પૈસા-બૈસા ઘરાક પાસેથી લે કે નહિ? અશુભ ઇચ્છા. તો અશુભ ઇચ્છા છે માટે વસ્તુ લઈ શકે છે હાથમાં એ ત્રણ કાળમાં બનતું નથી. હાથ જ એનો નથી, હાથ જ ગ્રહ્યો નથી તો બીજી વસ્તુ ક્યાંથી ગ્રહે? એમ કહે છે. કહો, શાંતિભાઈ! શું કરવું આમાં? આ બધા મકાનો આવડા આવડા કરે. મોટા નળ ને..

મુમુક્ષુ :- બંગલાઓ.

ઉત્તર :- બંગલાઓ મોટા કરે. ધનબાદ. ધનબાદમાં ધન. ધૂળનું ધન છે. એ તો ધૂળનું છે, એ તો કહે છે. તારું છે? આત્માનું છે? આત્માનું હોય તો આત્માથી જુદું રહે નહિ. ઓલું પડ્યું રહે. એ ચાલ્યો જશે. કાં એ પોતે પડ્યો રહેશે ને એ ચાલ્યું જશે. સમજાણું? ચાલ્યું જશે એટલે શું? પોતે પડ્યો રહે અને વેચી નાખવું પડે તો કો'ક લઈ જાય. અને કાં એ પોતે મરી જાય અને એ પડ્યું રહે. એમાં ક્યાં એ ચીજ હતી કે દી એની?

મુમુક્ષુ :- હોય ત્યાં સુધી તો એની ને?

ઉત્તર :- હોય શું? હોય ત્યાં સુધી અનાદિની છે. હોય ત્યાં સુધી ક્યાં નથી? અનાદિની છે એમ ને એમ છે. જેની છે તે અનાદિની છે. હોય તે આની છે એમ ક્યાં આવ્યું? સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

'**પ્રાયોગિક...**' એટલે કર્મના નિમિત્તથી થતો વિકલ્પ દયાનો, દાનનો. તો દયાના ભાવ થયા તો જીવને ઉપાડી શકે આમ જીવાડવા માટે... સમજાય છે કાંઈ? એમ બની શકતું નથી. ભારે ભાઈ.

મુમુક્ષુ :- ...માખીને પાણીમાંથી કાઢે.

ઉત્તર :- હા, એ જ કીધું. પાણીમાંથી આમ કાઢી શકે. ના. તારું કાર્ય છે જ નહિ. એ તો જડનું કાર્ય તેના જડે થાય છે.

મુમુક્ષુ :- તો હાથે કાઢ્યું?

ઉત્તર :- હાથે કાઢ્યું નથી. હાથે કાઢ્યું એમ નિમિત્તથી (કહેવાય). એ તો એને કારણે ઊંચું આવ્યું ને બહાર નીકળ્યું છે. એવું છે.

મુમુક્ષુ :- એના ઉત્પાદ-વ્યય-ધ્રુવ એનામાં.

ઉત્તર :- એનામાં છે. આહાહા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

ત્યાં અમારે પોરબંદર હતા ને આના કાકા હતા. નેમિદાસભાઈના. અભેચંદભાઈ. બહુ દયાવાન. સમકિતનું લક્ષણ અનુકંપા છે. એટલે અનુકંપા લક્ષણ એટલે વરસાદ આવે ત્યાં ખાડા ભરાય. નેમિદાસભાઈ છે ને આ? એના કાકા હતા. બહુ પોષા કરે, સામાયિક કરે ગૃહસ્થ માણસ. પછી ખાડા હોય ત્યાં જાય અને જ્યાં જ્યાં માખી પડી હોય, મકોડો પડ્યો હોય, કીડી પડી હોય, ફલાણું પડ્યું હોય એને કાઢે. દયા અનુકંપા કહે ને, સમકિતનું લક્ષણ. એમ માને. કોણ કાઢે? ભાઈ! એ વખતે એ રજકણોની પર્યાય ત્યાંથી નીકળીને રજકણની.. હોં! આત્મા એ નીકળવાનો હતો પોતાને કારણે. એ રજકણની અવસ્થા નીકળવાની હતી ત્યારે તો તારું શરીર નિમિત્ત બન્યું. નિમિત્ત બન્યું માટે નિમિત્તે કાઢ્યું છે એમ છે નહિ. અને શરીરની ક્રિયા એમ થવાની હતી એમાં તારી ઈચ્છા નિમિત્ત બની, પણ ઈચ્છા થઈ માટે શરીર આમ ગયું છે અને ચાલે છે લેવામાં. એમ છે નહિ. વળી આમ બોલે કે જીવ અને અજીવ જુદા છે. મારો જીવ અને બીજાના જીવ જુદાં. આ બેય નાખ્યું છે ને? જીવ-અજીવ બેય નાખ્યા છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો. લ્યો, એમાં અર્થમાં નથી નાખ્યું.

મુમુક્ષુ :- અન્વયાર્થ.

ઉત્તર :- એ તો નાખ્યું છે. હું તો આમાં કહું છું. એમાં તો આપણે કાલે આવી ગયું છે ને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એથી તો આમાં લીધું ને મેં તેથી પહેલા ત્રણના ખુલાસા ઉપરથી કર્યા ને? કારણ કે એનો આવો ખુલાસો નથી ટીકામાં માટે. એમાં તો આવી ગયું. પણ આમાં નથી

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નાખ્યું. તેથી તે ત્રણ લેવું પડ્યું ને.

જીવ અને અજીવ. આ જીવ સિવાય બીજા જીવને પણ ગ્રહી શકતો નથી. તેમ એ જીવને છોડી શકતો નથી. કહો, સમજાણું કાંઈ? આ જીવ બીજાને બાંધી શકે છે એક ઠેકાણે, રોકી શકે છે એમ પણ નથી, તેમ એને છોડી શકે છે એમ પણ નથી. એના મોટા વાંધા તેરાપંથી અને સ્થાનકવાસીના. એક સૂત્ર એવું છે કે કોઈપણ પ્રાણી કે સાધુ કરૂણાબુદ્ધિએ કોઈ જનાવરને બાંધે અને છોડે તો એને પ્રાયશ્ચિત આવે. ત્યારે ઓલા કહે કે જુઓ કરૂણાબુદ્ધિથી કરે તો પ્રાયશ્ચિત આવે છે તો એમાં ધર્મ કેમ થાય? ..ભાઈ! આવો આવો. આમ માંડ માંડ કો'ક દી આવે. અંદર આવો અહીં.

શું કહે છે ભગવાન? કે આ આત્મા એવી ચીજ છે કે આત્મા સિવાય કોઈ જીવને ગ્રહી શકે કે છોડી શકે એવું આત્મામાં નથી. કેમ કે આ આત્મા સિવાય બીજા જીવ પણ સ્વતંત્ર પદાર્થ છે. તો કોઈ પણ સ્ત્રીના જીવને, દીકરાના જીવને, બીજા જીવને આત્મા ગ્રહી શકે (એમ નથી). આત્મામાં હાથ ક્યાં છે? એમ આત્મામાં રાગ છે. પણ રાગથી ગ્રહે પરને કે પરને છોડી શકે એ માન્યતા મિથ્યાદૃષ્ટિના તીવ્ર અભિપ્રાયનો કષાય છે. કહો, સમજાણું કાંઈ? એ કહે છે, જુઓ!

'**જ્ઞાન...**' એટલે આત્મા. '**પરદ્રવ્યને કાંઈ પણ ગ્રહતું નથી...**' કહો, પોપટભાઈ! ભારે વાત ભાઈ! બધા પૈસા સંગ્રહી રાખે છે, ધારે ત્યાં પૈસા વાપરી શકે છે. ખોટી વાત છે કહે છે. સંગ્રહી એ જડ વસ્તુ છે. એ જડ સ્વતંત્ર પદાર્થ છે. એને આત્મા રાખી શકે છે એ માન્યતા તીવ્ર મિથ્યાત્વના કષાયના વિપરીત પાપના પરિણામ છે. બરાબર છે? ધીરૂભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પણ .. જડ વસ્તુ છે ને. એ જડ પણ ચીજ છે. એનું બદલવું, રૂપાંતર થવું એ જડને કારણે, પોતાને કારણે છે. વસ્તુ છે ને એ. કે અવસ્તુ છે? અજ્ઞાની માને છે કે મારે કારણે આ રહ્યા અને મારે કારણે ગયા. ભગવાન કહે છે કે આત્માથી પરદ્રવ્ય ગ્રહાય નહિ અને આત્માથી પરદ્રવ્ય છોડાય નહિ. એમ વસ્તુનું સ્વરૂપ એવું ભગવાન કહે છે. સાંભળ્યું ન હોય, કોઈ દી ખબર ન મળે. સમજાણું કાંઈ? આંધળે આંધળું ચાલે અનાદિથી. રખડતો ચોર્યાસીના અવતારમાં. એ કહે છે અહીંયાં, જુઓ!

'**કારણ કે પ્રાયોગિક...**' એને રાગ થાય, દ્વેષ થાય, ઈચ્છા થાય, દયાના ભાવ થાય, હિંસાના ભાવ થાય પણ એ ભાવ વડે પર ચીજને ગ્રહે અને મૂકે એ તો એના વિકારના ભાવમાં પણ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? સત્યની ખબર ન મળે અને માની બેસે કે અમે કાંઈક કરીએ છીએ. કહો, પોપટભાઈ! મકાન-બકાન કરાવ્યા ને આ સોસાયટી ને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વગર ભાડાના મકાન. વગર ભાડા મકાન તો ન આપે. કાંઈ આપી ન દે પણ ઓછા ભાવે અમે કરીએ છીએ. ના પાડે છે અહીં આચાર્ય. એય.. પોપટભાઈ! ક્યાં ગયા તમારે કાંતિભાઈ? આ શાંતિભાઈ છે ને? તમારા શાંતિભાઈએ કરી છે ને એક સોસાયટી? સુરેન્દ્રનગર. કહાનનગર. કોનું નામ છે? અહીં કહાન પણ ક્યાં છે અને નગર પણ ક્યાં છે? સૌની પાસે છે. .. લ્યો, એને ચોપડી દીધી હતી. છે ચશ્મા-બશ્મા છે ને? જુઓ વાંચો. વાંચો તો ખરા. એવી કડી આવી છે. તમારી સામે. વાંચો. જુઓ! છે ને? '**જ્ઞાન...**' જ્ઞાન એટલે આત્મા. જ્ઞાન એટલે આત્મા લેવો અહીંયાં.

મુમુક્ષુ :- સાહેબ એક એક શબ્દનો અર્થ સમજાવજો હોં!

ઉત્તર :- આ જ્ઞાન છે ને ભાઈ! ...ભાઈ! જ્ઞાન શબ્દ છે ને? જ્ઞાન એટલે આત્મા. જાણે છે ને? જાણે... જાણે... જાણે... જાણે... જાણે... એ આત્મા. બસ. જ્ઞાન એટલે આત્મા. એ '**પરદ્રવ્યને...**' આત્મા સિવાય પરવસ્તુને. પરદ્રવ્ય એટલે પર જીવ અને પર પરમાણુ પૈસા, લક્ષ્મી, આબરૂ, કીર્તિ, મકાન બધું. એ '**કાંઈ પણ ગ્રહતું નથી...**' આત્મા પરવસ્તુને કાંઈ પણ ગ્રહતો નથી. અજ્ઞાનીને ભ્રમ પડી જાય છે કે મેં આને રાખ્યું ને મેં આને ગ્રહ્યું. સમજાણું કાંઈ? સત્યને અસત્ય માને છે ઈ. અને માને છે અસત્ય અને માને કે અમે બરાબર કરીએ છીએ. મૂઢ છે અજ્ઞાની. એમ કહે છે અહીંયા. સમજાણું કાંઈ?

'**જ્ઞાન...**' એટલે આત્મા '**પરદ્રવ્યને કાંઈ પણ ગ્રહતું નથી...**' એક રજકણ કરી શકતો નથી. જડ કરે. જડ તો સ્વતંત્ર પદાર્થ છે. આત્મા અરૂપી ચીજ ભિન્ન છે. એ પરને કેમ ગ્રહે? તેમ કોઈને છોડી શકતું નથી. કઈ રીતે? '**પ્રાયોગિક (અર્થાત્ પર નિમિત્તથી થયેલા) ગુણ...**' ગુણ એટલે રાગ. જુઓ! દરેક શબ્દમાં ફેર છે. પરના નિમિત્તથી થયેલો ગુણ. ગુણ એટલે રાગ. એ આત્મામાં રાગ થાય, લોભ આવે. પણ લોભને કારણે પૈસા ગ્રહી શકે અને લોભ ઘટવાનો ભાવ થાય એટલે પૈસા કોઈને દઈ શકે એમ આત્મામાં છે નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- કોના સિદ્ધ ભગવાનના આત્મામાં?

ઉત્તર :- અરે..! આ આત્માની વાત. સિદ્ધ ભગવાનને શું છે? એ તો ગયા મોક્ષ. કહો, સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! સિદ્ધ ભગવાનની વાત ચાલે છે આ? એય.. શાંતિભાઈ! શું છે આ?

કહે છે કે આત્મા,.. રાગ હોય એને. પણ રાગથી એ ચીજને ગ્રહી શકે છે (એમ નથી). લોભ આવ્યો લોભ. લોભ હોય એને. કારણ કે એને સ્વરૂપમાં અસ્થિર થાય એટલે. પણ લોભને કારણે પૈસા રાખી શકે ત્રણ કાળમાં બને નહિ. પૈસો જડ ચીજ સ્વતંત્ર છે. અને લોભ ઘટાડવામાં કોઈ દાનમાં શુભભાવ થાય. દાનના ભાવ થાય તો હોં. દાનના થાય તો.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



માન માટે થાય તો વળી પાપ છે. આ તો કોઈ માન માટે (કરતું હોય તો). સમજાય છે? રાગ મંદ ભાવ થાય. માન માટે થાય કે મારું નામ રહેશે, અમે મોઢા આગળ કહેવાશું. ત્યાં તો એના પાપના ભાવ છે. એટલે પૈસા એના નથી અને પાપ લાગ્યું એ સાથે સંબંધ છે. પણ પાપના પરિણામ હોવા છતાં એ લક્ષ્મી દઈ શકાય છે એમ નહિ. એમ આચાર્ય કહે છે. કહો, ગોકુળભાઈ! સાંભળ્યું નથી. બધા માથા ફરી ગયેલા છે બધા અંદર. વાત સાચી છે કે નહિ? ત્યાં ઓલા મકાનમાં માથે રહે. નીચે ઉતરે કો'ક દી. જાય તો દુકાને જાય. સરખું હોય તો. નહિતર ત્યાં ને ત્યાં પડ્યા રહે માથે. શરીર ઠીક ન હોય તો.

મુમુક્ષુ :- તબિયત નરમ હોય.

ઉત્તર :- તબિયત નરમ હોય તો, એ જ કીધું ને અમે. ઉપર પડ્યા રહે. એક ફેરી હતા નહિ? નીકળ્યા હતા ત્યારે ઉપર હતા મકાનમાં. કહો, સમજાણું કાંઈ? પોપટભાઈ! વાત તો એવી છે, ભાઈ!

અહીં તો પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાની, જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન. એણે ઈન્દ્રોના સમક્ષમાં, ગણધરોના સમક્ષમાં, સમવસરણની સમક્ષમાં આ વાત જાહેર-પ્રસિદ્ધ કરી હતી. સમજાય છે કાંઈ? તે આ આચાર્ય મહારાજ જગતની સમક્ષ ભરતમાં મૂકે છે. કહે છે કે આત્મા પ્રાયોગિક. પ્રાયોગિક એટલે વિકારભાવ. કર્મના નિમિત્તથી થતો લોભ. નિમિત્તથી એટલે કરે પોતે, પણ એ લોભથી પણ ચીજને ગ્રહી શકે એમ બનતું નથી. તેમ રાગ ઘટાડ્યો માટે વસ્તુ કોઈને દઈ શકે એમ બનતું નથી. એમ દ્વેષ આવ્યો. દ્વેષ આવ્યો. તો દ્વેષને કારણે તલવાર ઉપાડી શકે અને બંધુક ઉપાડી શકે, ગ્રહી શકે, આત્માના અધિકારની વાત નથી, આત્મા કરી શકતો નથી. એમ કહે છે. જેઠાભાઈ! પછી એમાંથી ગોળીયું મારે ફડાક દઈને. ના. એ તો જડની ચીજ છે. રજકણો જગતના રૂપી પદાર્થ છે. એ આમ છૂટે એ ત્યારે દ્વેષ કર્યો માટે છૂટે છે એમ નથી. સમજાણું?

મુમુક્ષુ :- મોટી લડાઈઓ ચાલે છે.

ઉત્તર :- લડાઈ તો એને કારણે ચાલે છે જડને કારણે. શું આત્મા કરે છે ત્યાં? આત્મા રાગ અને દ્વેષ કરે. સમજાણું કાંઈ? ઘરમાં બેઠો કરે શું? પૈસાને લે ને મૂકે ને ગણે? ના પાડે છે અહીં. એ રાગને કરે અને રાગને ભોગવે, વિકાર કરે અને વિકારને ભોગવે એટલું એ કરી શકે. એની મર્યાદામાં એટલું છે. પરવસ્તુનું આવવું-જાવું થાય એ આત્મા (કરે એમ) ત્રણ કાળ ત્રણ લોકમાં બનતું નથી. અજ્ઞાનીની દૃષ્ટિ ભ્રમમાં પડી છે એટલે એમ જાણે છે કે હું આને લઈને મૂકું છું. સમજાણું કાંઈ? કહો, કપૂરભાઈ! ભારે વાતું ભાઈ આવી. આ જૈનમાં જનમ્યા બિચારાને તો પણ એને ખબર ન મળે, હજી આ શું ભગવાન કહે છે એની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ખબર ન મળે. આમ કહે અમે ભગવાનને માનીએ છીએ. ભગવાન તો આમ કહે છે. તું ક્યાં માને છે ભગવાનને.

મુમુક્ષુ :- ભગવાનનું નામ તો લે છે.

ઉત્તર :- નામ લે છે રાગનું. ભગવાનને ક્યાં માને છે. ભગવાન તો વીતરાગ હતા. રાગ વિનાના હતા. એ રાગ વિનાના એને પોતાની દૃષ્ટિમાં બેસે કે રાગ વિનાના ભગવાન છે. ત્યારે રાગ વિનાના આત્માનો આદર થાય ત્યારે એણે રાગ વિનાના ભગવાનનું નામ લીધું કહેવાય. સમજાણું કાંઈ? જેઠાભાઈ! કેમ હશે આ? વાતે વાતે ફેર.

મુમુક્ષુ :- સાવ ફરી ગયા.

ઉત્તર :- સાવ ફરી ગયા. પહેલાથી બહુ ફરી ગયા આખા.

ભાઈ! આ ગાથા એવી છે કે કોઈપણ આત્મા એમ કહે.. એય..! છોટાભાઈ! લ્યો છોટાભાઈ તો એના ગામના છે એટલે જરી... ગુણના '**પ્રાયોગિક ગુણના સામર્થ્યથી...**' પ્રાયોગિક એટલે વેપાર. કર્મના નિમિત્તમાં થતો રાગ, દ્વેષ, પુણ્ય, પાપના ભાવ. એવો ભાવ હો, પણ એ ભાવ દ્વારા પરવસ્તુ જીવને ગ્રહે, પકડી રાખે, કોઈ રાજાને દ્વેષ આવ્યો એથી નાખો આને કેદમાં. એ કેદમાં નાખી શકે દ્વેષને લઈને એમ બનતું નથી. એમ કહે છે. અને જ્યાં દિવાળીનો દિવસ આવે કે દીકરો થાય તો કહે, છોડી દ્યો બધાને. એને વિકલ્પ આવે. માટે પરને છોડી શકે છે એ ત્રણ કાળમાં વાત સાચી નથી. એમ કહે છે. કહો, ચંદુભાઈ! વાત ભારે ભાઈ!

મુમુક્ષુ :- પાપ એટલું બધું હોય ને શરીર દૂધથી ધોઈ નાખે.

ઉત્તર :- કે દી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. હા. સાફ કરે. કહે છે ને. કુંવર જન્મે એટલે જેટલા કેદીઓ હોય. જાવ. અરે..! જાવજીવના કે દી હોય ને? કાળા.. ઓલા શું કહેવાય ઈ? જન્મકેદી. તો એ બહુ રાજા મોટો હોય તો કહે, છોડી દ્યો. એમ કહે. એ છોડી દીધો વિકલ્પ આવ્યો માટે છૂટવાની ક્રિયા થઈ છે એનાથી એમ નથી એમ કહે છે. એ તો તે કાળે તેને છૂટવાના કાળે તે છૂટી છે. તારા રાગને કારણે કે દ્વેષને કારણે નહિ. ભગવાનજીભાઈ! બહુ ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? કામદાર છે ને કોણ છે ઈ? સમજાય છે કે નહિ આ? કામદાર! આહાહા..!

ભગવાન! તેં તારી વાત સાંભળી નથી, પ્રભુ! અને ઊંધે રવાડે ચડી ગયો છો તું. ઊંધે રવેડે ચડી ગયો છો. રવેડે સમજ્યાને? રસ્તે. આહાહા..! કોઈ બીજી ગતિ નથી તારી, કહે છે. આવે છે ને? નથી? .. ક્યાંક પ્રવચનમાં આવે છે. બીજો રસ્તો. તારો રસ્તો બીજો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે એ બીજે રસ્તે ચડ્યો અને તે ઊંધે રસ્તે ચડી ગયો કહે છે. મેં લીધું અને મેં મૂક્યું. ચોવીસ કલાકનું પાપ. કહો, પોપટભાઈ!

**'પ્રાયોગિક...'** એમાં ઘણા અર્થો (છે). આ તો મહાસિદ્ધાંત છે ને! એટલે કહે છે, તને દયાનો ભાવ આવે. છે પુણ્ય, છે ઈચ્છા. પણ પરજીવને પકડી રાખ, કોઈ ન મારે અને પકડી રાખ એ તારા અધિકારની વાત નથી. એ તો પરની ક્રિયા છે સ્વતંત્ર. સમજાય છે? ઓલા વળી ત્યાં સુધી લઈ જાય, ભગવાનને પૂછે કે આનું આયુષ્ય કેટલું? ગજબ કરે છે ને. એમ કહે કે એક હાથમાં પંખી રાખ્યું આમ પંખી. મહારાજ! આનું આયુષ્ય કેટલું? તો ભગવાન એમ કહે કે આ તારા હાથમાં. તું છોડી મૂક તો છૂટે. ખોટી વાત. ભગવાન એમ કહે નહિ. તારો પ્રશ્ન હોય ઈ ખોટે ખોટા ગપ મારે છે. આવે છે કે નહિ? એવું આવે છે હોં! અમે સંપ્રદાયમાં સાંભળતા એ. ૫૦ વર્ષ પહેલા. આવે છે. આ હમણાં નહોતું આવ્યું? કેવળી પુસ્તક આમ કહે.. લેખમાં આવ્યું હતું. અરે..! ગપેગપ મારે છે.

ભાઈ! તને ખબર નથી, પ્રભુ! આ આંખની પાંપણ છે ને? એ અનંતા રજકણથી બનેલી છે. જડથી, માટીથી. પુદ્‌ગલ દ્રવ્ય છે. એનું આમ આમ થવું એ આત્માથી ત્રણ કાળમાં થતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ભાઈ! તને ખબર નથી. આ રજકણો જગતના તત્ત્વો છે. જગતના તત્ત્વો. તારા નહિ. તારો તો આત્મા છે. અને એ આત્મા તો અનંત જ્ઞાનાદિથી ભરેલો પદાર્થ છે. એમાં તને રાગ થાય, પણ રાગને લઈને તું પાંપણને આમ ઊંચી કર અને બંધ કર એ તારા અધિકારની વાત નથી. કણું આમ ઊડે ને આવે. શું કહેવાય આ? રજ ઉડીને આવે. આંખ બંધ કરી દ્યો. આમ થાય. કોણ બંધ કરે? સાંભળને. ઈચ્છાનું કાર્ય તારું છે. એ તારી મર્યાદા તારી ઈચ્છામાં રહી ગઈ. બસ. એ ઈચ્છા આગળ જઈને આંખને બંધ કરે કે ઉઘાડે એ આત્માના અધિકારની વાત નથી. આહાહા..! જગતના તત્ત્વો શું છે? જીવ-અજીવ તત્ત્વો ભગવાને કહેલા એનું શું કાર્ય છે? એની એને ખબર નથી. આહાહા..! ઘણો ભાવ ભરી દીધો છે હોં! છેક સુધી. ભાઈ! દયા, હિંસાના બધા પરિણામ. બધા એકેએકના. તારા હિંસાના પરિણામ થાય મારવાના. પણ પરને મારી શકે, મારી શકે, પરવસ્તુને જુદું પાડી શકે એ તારા અધિકારની વાત છે? જુદું પડવું ન પડવું એની પર્યાયનો અધિકાર છે. એની દશાનો અધિકાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

એમ આ લક્ષ્મી દેવી. ગણવા માંડે લ્યો. સો-સોની નોટ, હજાર-હજારની નોટ ગણવા માંડે. કહે છે એ ક્રિયા ઈચ્છા તને થઈ. હવે એ ઈચ્છા કેવી એ તારા આધારે. શુભ છે કે અશુભ. ઈચ્છા તારામાં હોય. પણ ઈચ્છાને કારણે ગણવાની ક્રિયા તારાથી થઈ (એમ) ત્રણ કાળમાં નહિ. એ જડની અવસ્થા જડને કારણે જડમાં જડને આધારે થાય. તારે કારણે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નહિ. સમજાણું કાંઈ? આ કો'કને ન દ્યે. ગુંજામાં નાખે નોટ લ્યોને. કોઈને ખબર નથી દેવી. કેટલાક એવા હોય ને. ઘરની મૂડીની બાયડીને ખબર પડવા ન દે. કેટલાક એવા હોય છે. એને ખબર પડવા દે વળી ઓલું કરે આટલો ખરચ. ગુંજામાં રાખો. ખાનગી રાખો. આપણો ખાનગી મૂડીનો ખાનગી ચોપડો રાખો અને બહાર પાડવાનો બીજો રાખો. એક જણો કહેતા હતા હોં આ વાત. મારી પાસે આવેલી ભાઈ! સાંભળી છે ને તમે પણ સાંભળી છે. તમે બેઠા હતા. ત્રંબકભાઈ કહેતા હતા. નાનાલાલભાઈના સાળા. આ અમારા સાળા નાનાલાલભાઈ એવા છે કે ઘરની મૂડી કેટલી એ બાયડીયુંને ખબર પડવા દે નહિ એવા છે. રાતે ઉઠીને ચોપડામાં લખતા. આ નાનાલાલ કાળીદાસ. નાનાલાલભાઈ, બેચરભાઈ અને મોહનભાઈ. અમારે તો ઘણી વાતું આવી હોય ને. એના બનેવી હતા ને ત્રંબકભાઈ. એ કહેતા કે મહારાજ! આ એવા છે મહા હુશિયાર કે એની પાસે મૂડી કેટલી એ બાયડી, છોકરાને ખબર ન પડવા દે. ત્રણ જણા રાતે ઉઠે, નામા લખે ખાનગી. બહાર પાડે બીજું. એઈ..! કરી શકતો હશે?

મુમુક્ષુ :- રાગ કરે છે.

ઉત્તર :- બસ બસ! આટલી વાત છે અહીં તો કહે છે. કહો, ભગવાનજીભાઈ! કેટલાકને એવું હોય. છોકરા પાસે બહુ મૂડી બહાર ન પાડે. ... રાખી મૂકે. પછી જ્યારે વહેંચવું હોય ત્યારે બહાર પાડે. શું કરે? એક જણો કહેતો હતો કે મને મારા બાપ પાસે આટલી મૂડી મને ખબર નહિ. એક છોકરા બે હતા. વહેંચવા વખતે બેને વહેંચી દીધું. પોતે હવે નવરા થવું હોય. આટલી મૂડી તમારી અમારી પાસે હશે એ અમને ખબર નહિ. ૫૦-૬૦ લાખ હશે એના બે ભાગ. બહાર પડવા ન દે કેટલાક હુશિયાર માણસ. એમ હશે? મૂઢ છો, કહે છે. સાંભળને! તેં રાગ કર્યો. પણ એ ચીજ ગુપ્ત રહીને ન છૂટી એ કાંઈ તારા અધિકારની વાત નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ તો ચાર પૈસે શેર તો મણના અઢી. પછી એની કુંચી કેટલી? કે સાડી સાડત્રીસનું શું? કે સાડી સાડત્રીસ આના. આ એવા સિદ્ધાંત છે. આ તો દાખલા બધા આપવા માંડે. ચાર પૈસે શેર તો મણના અઢી એટલે? સાડા ત્રણ શેરનું શું? સાડા ત્રણ આના. સાડા સત્તરના... એ બધા દાખલા આપે.

અહીં તો કહે છે કે એક આત્મા તેને રાગ અને દ્વેષ થવા છતાં તે રાગ-દ્વેષથી બીજાના કામ કરી શકે, બીજાને ગ્રહે-પકડી શકે તે નહિ. આ એનો સિદ્ધાંત. ચાર પૈસે શેર તો મણના અઢી. પછી આ તો દાખલા આપ્યો એની કુંચીના દાખલા અપાય છે. સમજાય છે કાંઈ? શાંતિભાઈ! બરાબર છે આ? ભારે વાત, ભાઈ! ભગવાન આવું પરમેશ્વર કહે અને આ કહે કે હું ભગવાનને માનું છું. ધૂળેય માનતો નથી. તને માને છો તારા સ્વચ્છંદને. એક વાત.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'તેમ જ વૈસ્રસિક ગુણના સામર્થ્યથી...'** વૈસ્રસિક એટલે શું? કે આત્મામાં ધર્મ પ્રગટ્યો, શાંતિ પ્રગટી, વીર્ય પ્રગટ્યું આત્માના ધર્મનું. ધર્માત્માને આત્માની ધર્મની દશા પ્રગટી, શુદ્ધતા પ્રગટી, વીતરાગતા પ્રગટી, વીર્ય પ્રગટ્યું. તો એવો જે આત્માનો સ્વભાવ પ્રગટ્યો તો એ વડે તો પરચીજને કાંઈ ગ્રહી, લઈ, મૂકી શકે કે નહિ? કે નહિ.

મુમુક્ષુ :- શિષ્યોને ગ્રહે.

ઉત્તર :- શિષ્યને ગ્રહે નહિ અને શિષ્યને મૂકે નહિ. કહો, સમજાણું કાંઈ?

પહેલા પ્રાયોગિકમાં વિકારભાવ હતો. પુણ્યનો, પાપનો, દયાનો, દાનનો, શુભનો, અશુભનો. એ વિકાર પરિણામ તારા. પણ એ સિવાય બીજી ચીજને લે-મૂકે એ તારા અધિકારની વાત નથી. મિથ્યા માન્યતા છે તારી ઊંધી શ્રદ્ધા. બીજું આ. સ્વભાવિક. ધર્માત્માને એવી લબ્ધિ પ્રગટી શાંતિની, શ્રદ્ધાની, જ્ઞાનની, વીતરાગતા. તો એને પ્રતાપે તો કો'કને કાંઈક દઈ શકે કે નહિ પૈસા કે લઈ શકે કે નહિ? એનું શરીર-બરીરને શ્રાપ આપીને મારી શકે કે નહિ? અને કોઈને કૃપા કરીને પૈસા-બૈસા દઈ શકે કે નહિ? ના. એ ગુણનો નિર્મળ પર્યાયનો સ્વભાવ પરને દેવું-લેવાનો એનો પણ છે નહિ. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

શું છે? આ તો ત્રણે શબ્દો શાસ્ત્રના છે. ઊંડા છે. એ કાંઈ તમારા ચોપડાના નામા નથી કે ઝટ દઈને નામુ વાંચી જાય. એક તો પહેલા જ્ઞાન કીધું ત્યાં આત્મા કર્યો. બીજું ત્યાં પ્રાયોગિક કર્યું હતું ત્યાં વિકાર કર્યો. વિકાર છે. પુણ્ય-પાપના વિકાર. એના પુણ્ય-પાપના અસંખ્ય ભેદ છે. કોઈ પણ અસંખ્ય ભેદ માંહ્યલો તારી પાસે રાગ-દ્વેષ હોય. પણ પરચીજને લઈ-મૂકે કે દઈ શકે એ તો તારામાં છે નહિ. ત્રીજામાં વૈસ્રસિક કહ્યો. વૈસ્રસિક. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે. આ એમાંથી કેવળજ્ઞાન થયું, લ્યો ચાલો. આત્મામાં કેવળજ્ઞાન છે એમાંથી કેવળજ્ઞાન (થયું). પણ કેવળજ્ઞાનની એવી તાકાત નથી કે પરને ગ્રહે ને મૂકે.

મુમુક્ષુ :- ચાર કર્મનો અભાવ કરે ને.

ઉત્તર :- ચાર કર્મનો અભાવ એ કરે એમ નથી. એ તો એને કારણે થાય છે. કેવળજ્ઞાન પોતાને પોતાથી થયું. બસ, થઈ ગયું. એ સ્વભાવની એવી તાકાત નથી કે કર્મને છોડે. તેમ કેવળજ્ઞાન થયું... માટે લોકો કહે છે ને ભગવાનના સમવસરણમાં હરણ અને સિંહ બે ભેગા બેસે. સમજાય છે? ઉંદર અને મીંદડી (ભેગા બેસે). એવો ભગવાનનો ગુણ છે. ગુણ નહિ. ના. ના. એમ કહે છે. એ અતિશય એને અડતો નથી. અતિશય પુણ્યની પ્રકૃતિ એની પાસે રહી. અને ત્યાં કાર્ય તેનાથી થાય છે. આનાથી થાતું નથી. એમ કહે છે. જેઠાભાઈ! ભારે વાત ભાઈ.

મુમુક્ષુ :- ...

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- .. ચાલે એવું નથી. આ તો વીતરાગ માર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ. ત્રણ કાળ ત્રણ લોક જેણે જોયા. મોટા લોકના ઈન્દ્રો અર્ધલોકના સ્વામી, બત્રીસ લાખ વિમાનના લાડા. સામે ઊભા હતા અને આ વાત કરી. ભગવાનની વાણીમાંથી આવી છે. આ વાત આમ છે. એ સિવાય વિપરીત માન્યતા કરે તે મૂઢ પોતાના મિથ્યાત્વ પાપમાં લેપાય છે. સમજાણું કાંઈ? કહો, દીપચંદજી! શું છે? બરાબર સત્ય છે? કોઈને મારી નથી કરી શકતો? કપડા છોડી શકે કે નહિ? મુનિ થાય ત્યારે કપડા નથી છોડી શકતો? કપડા નથી છૂટ્યા. જુઓ! નહિતર મુનિ થાય તો કપડા છોડી નાખે. એ ના પાડે છે અહીં. ત્યાં રાગની મંદતા થઈ કે અંદર વીતરાગતા થઈ એથી કપડાને છોડી શકે છે કે પહેરી શકે છે ત્રણ કાળમાં બનતું નથી એમ કહે છે આચાર્ય. આહાહા..! સમજાણું કાંઈ? એવો વીતરાગનો માર્ગ વસ્તુનું તત્ત્વ જ પ્રસિદ્ધ કરે છે. પદાર્થનું-વસ્તુનું સ્વરૂપ છે એ પ્રસિદ્ધ કરે છે.

ભાઈ! જેમ છે તેમ પ્રતીત નહિ કર અને ઊંધું માનીશ તો તારા રખડવાના રસ્તા બંધ નહિ થાય. અને એવા રખડવાના અભિપ્રાય કરીશ તો ક્યાં નરકમાં જઈશ, નિગોદમાં જઈશ, કીડે-કાગડે જાઈશ પત્તો નહિ ખાય. સમજાય છે કાંઈ? વંટોળિયાનું તરણું, વંટોળિયાનું તરણું ક્યાં જઈને પડશે એનો મેળ નહિ રહે. એમ આ ઊંધા શ્રદ્ધા અને ઊંધા અભિપ્રાય હશે ચોર્યાસીના અવતારમાં ક્યાં તારું તણખું જશે મેળ નહિ રહે હવે. એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મિચ્છામી દુક્કડમ કહે તો...

ઉત્તર :- મિચ્છામી દુક્કડમ કોણ આવતો હતો ત્યાં? મિચ્છામી દુક્કડમની વ્યાખ્યા શું? મિચ્છામી દુક્કડમની વ્યાખ્યા કેવી? કે હું આનંદ સ્વરૂપ છું, જ્ઞાનનું ભાન કરી અને આ અભિપ્રાય જૂઠો હતો એને સ્વભાવના અભિપ્રાય દ્વારા એનો નાશ કરે એનું નામ મિચ્છામી દુક્કડમ કહેવામાં આવે છે. ભાષામાં મિચ્છામી દુક્કડમ કહે એ મિચ્છામી દુક્કડમ હોય નહિ. કુંભારના ઘડાની માફક. સમજાય છે?

ઓલો શિષ્ય હતો ને એક જતિનો. ચાળે ચડી ગયો. કુંભારના વાસણ હતા ને કાંઈક ... એટલે કુંભારના કાચા વાસણ હતા. કાંકરી મારીને ફોડે. મિચ્છામી દુક્કડમ.. મિચ્છામી દુક્કડમ કરતો જાય. એટલે ઓલા કુંભારે ઉપાડ્યો ધોકો. મિચ્છામી દુક્કડમ. તારી કાંકરીનું મિચ્છામી દુક્કડમ, મારા ધોકાનું મિચ્છામી દુક્કડમ લે. નવરો થઈને મારા વાસણ ફૂટી ગયા. કહો, જેઠાભાઈ! એમ આવે છે ને. કથામાં આવે છે. ભાન વિનાનો છોકરો હતો. જતિ.. નીકળે. આ તૂટે છે કે નહિ કાંકરી મારીને. આમ રાખે ને કાંકરી? એટલા જોરથી જાય છે કે નહિ કાંકરી એમ. .. કરાવી. ત્યાં ઓલાનું ફૂટ્યું. એય... કોણ છો? મિચ્છામી દુક્કડમ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બીજી કાંકરી મારી. વળી પાછા કહે, કોણ છો? મિચ્છામી દુક્કડમ. બે-ચાર જ્યાં કાંકરી મારી અને કહે મિચ્છામી દુક્કડમ. ત્યારે હવે આને માર ધોકો લઈને. મિચ્છામી દુક્કડમ. મારા ધોકાનું મિચ્છામી દુક્કડમ.

મુમુક્ષુ :- એવી કથા આવે છે?

ઉત્તર :- કથા આવે છે, કથા આવે છે. સમજાણું કાંઈ? એમ આ ભાન વિનાના મિચ્છામી દુક્કડમ સાંજ સવાર ભેગા થઈને કરે એ જતિ જેવા છે.

મિચ્છામી દુક્કડમ તો કોનો અર્થ છે? મિચ્છા નામ જૂઠું. દુઃકૃતમ્-દુષ્કૃત આ મારું .. છે. એટલે? મેં પરને રાખું છું, છોડું છું, મૂકુ છું, પાળું છું, છોડું છું એવી જે મારી માન્યતા હતી એ જૂઠી ક્યારે થાય એને? કે એ વાત સાચી નથી. હું તો જ્ઞાનસ્વરૂપ છું. હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું. એવું જ્ઞાન, જ્ઞાન એ જાણવાનું કામ કરે કે જ્ઞાન લેવા-મૂકવાનું કામ કરે? એવું જ્ઞાનનું ભાન થાય ત્યારે ઓલા અભિપ્રાયને મિચ્છામી દુક્કડમ થાય. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભાવભાસન થાય ત્યારે થાય.

ઉત્તર :- ભાવ કરે ત્યારે થાય ને. પણ એ ભાવ આવા કરે તો ઓલો ભાવ જાય.

અહીં કહે છે, '**વૈસ્રસિક ગુણના સામર્થ્યથી...**' કોઈને ધર્મ દશા બહુ પ્રગટી, વીતરાગતા, બ્રહ્મચર્યની દશા પ્રગટી. કહે છે કે એવા ગુણને લઈને પરદ્રવ્યનું કાંઈ બગાડી શકે, રાખી શકે, મેળવી શકે, દઈ શકે એવું બને કે નહિ? ના. સમજાણું કાંઈ? આહાહા..! એની દશામાં એને શાંતિ અને ધર્મ પ્રગટ્યો તો એનો લાભ એની પાસે, પણ એ શાંતિને કારણે કોઈ રજકણોનો ફેરફાર કરી શકે, બીજાને દઈ શકે કે બાઈ! દીકરો તને દઈએ છીએ. એમ કહે એ મૂઢ જીવ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**વૈસ્રસિક ગુણના સામર્થ્યથી જ્ઞાન વડે પરદ્રવ્યનું ગ્રહવું તથા છોડવું અશક્ય છે.**' અશક્ય છે. એમ બની શકતું નથી. આહાહા..! 'જડ અને ચૈતન્ય બન્ને પ્રગટ સ્વભાવ ભિન્ન.' કોના સ્વભાવને કોણ કરે? કોને કોણ કરે? સમજાણું કાંઈ? આટલું કહ્યું. હવે '**વળી,...**' શબ્દ પડ્યો છે. ઓલો સિદ્ધાંત સિદ્ધ કર્યો ને જાણે. '**च**' છે ને '**च**' અંદર છે. '**परद्रव्यं च न ज्ञानस्यामूर्तात्मद्रव्यस्य**' એમ છે ને? ઓલો '**च**'નો અર્થ કર્યો છે. ટીકામાં છે ને. આ સિદ્ધાંત સિદ્ધ કર્યો. હવે લાગુ પાડે છે વર્તમાનને.

કોઈ સાધુ એમ માને કે આ શરીર મારું છે તે હવે હું છોડું. મૂઢ છો? શરીર તો જડનું છે. તેં ક્યાં ગ્રહ્યું હતું? તારી પાસે રહ્યું છે નજીકમાં એટલે તારું થઈ ગયું? તેં ગ્રહ્યું છે? એમ કહે છે. સમજાણું કાંઈ? આ શરીર મેં ગ્રહ્યું છે એમ માન્યતા છે એ મિથ્યાદષ્ટિની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. અને હવે હું શરીર છોડું. મારે ત્યાગનો કાળ છે શરીર છોડું. મૂઢ છો? શરીરનો સ્વામી છો તું કે શરીરને છોડું? એ છૂટેલું જ છે. તેં ગ્રહ્યું નથી. ગ્રહવું અને મૂકવું તારા પર્યાયમાં છે જ નહિ એનું. કહો, સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

'**જ્ઞાન વડે...**' એટલે આત્મા વડે અરૂપી ભગવાન આત્મા વડે '**પરદ્રવ્યનું...**' એટલે આત્મા સિવાય જીવ-અજીવ પરવસ્તુનું '**ગ્રહવું તથા છોડવું અશક્ય છે,...**' બનતું નથી. આકાશના ફૂલ તોડવા જેમ અશક્ય છે. કેમ કે ફૂલ હોય જ નહિ. તોડી શકે નહિ. એમ આત્મા પરદ્રવ્યને લઈ શકે અને મૂકી શકે, પરજીવને લઈ શકે અને મૂકી શકે. બાયડીના આત્માને, છોકરાના આત્માને રાખી શકે, પોતાના કરીને અને છોડી શકે (એમ) ત્રણ કાળમાં બનતું નથી. એનો આત્મા એનો થઈને રહેલો, એના રજકણો એના થઈને રહેલાં, તું તારો થઈને રહેલો, તું એનો થઈને રહ્યો નથી, તે તારા થઈને રહ્યા નથી. છતાં તે મારા થઈને રહ્યા એ માન્યતા મૂઢની અજ્ઞાનીની છે. સમજાણું કાંઈ? કહો, શું છે આમાં? પોપટભાઈ! આમ છ જણા છોકરા જુઓ તો આમ. કો'ક કાલે કહેતું હતું કે આ ચાર છોકરા. આ ચારેય એના. અને હજી બે બાકી રહ્યા એ આજે સાંજે આવશે. સાંજે આવ્યા હતા ને રાતે પાછા? કો'ક પૂછતું હતું. આ ચારેય જુવાન છે બધાય. છ-છ છોકરા લોઢા જેવા અને પૈસા પેદા કરે. હવે એ છોકરા એના કહેવાય કે કોના કહેવાય ત્યારે? એના પણ નથી અને બીજાના પણ નથી. એના છે ઈ. એનો આત્મા એનો છે. છોકરાનો આત્મા, છોકરાનો જે આત્મા છે એ આત્મા એનો આત્મા થઈને રહ્યો છે કે આના બાપનો થઈને રહ્યો છે ઈ?

મુમુક્ષુ :- બાપનો આત્મા નહિ બાપનો દીકરો.

ઉત્તર :- પણ દીકરો નહોતો એની વ્યાખ્યા કરીએ છીએ. દીકરો એટલે બે (વસ્તુ). એક એનો આત્મા અને ઓલું શરીર. તો હવે એમાં સિદ્ધાંત કરો. કે જે એનો આત્મા છે એ એનો આત્મા એનો આત્મા થઈને રહ્યો છે? કે આનો આત્મા થઈને રહ્યો છે એ? એનો આત્મા થઈને રહ્યો છે. એમાં આનો આત્મા ક્યાંથી આવ્યો એ? અને એના શરીરના રજકણો છે માટીના. એ રજકણ રજકણપણે થઈને રહ્યા છે? એ શરીરના રજકણો આના થઈને રહ્યા છે? મફતનો મૂઢ ઉઠાવગીર માને છે અંદરથી. ઈ ચોર છે, એમ કહે છે. એય..! શાંતિભાઈ!

કો'કની ચીજ ક્યાંક પડી હોય તો કહે મારી છે. ક્યાંથી થઈ ગઈ તારી? તારી હોય? દાગીનો ઊંચો હોય, પચાસ હજારનો, લાખનો. મારો દાગીનો. તારે હોય નહિ આવો દાગીનો. એટલી ખબર નથી? એક જણે ખોદ્યું તો પચાસ હજારનો ઓલો નીકળ્યો હતો. નોર. .. ઘોડાનો. ખોદતા પહેલા કાઠીના હતા. પચાસ હજારનો નોર સોનાનો. આ વાણિયા સાધારણ ગામડાના. ખબર છે ને? બધી ખબર છે મને નામ-ઠામની. ક્યા ગામના. એ પચાસ હજારનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નીકળ્યો પછી. પણ વાણિયાને ઘરે પચાસ હજારનો આવો હોય નહિ. આવો હોય નહિ. ઘોડો ક્યાંથી તમારે લાવવો એ તો કો'કનો જૂનો. પછી ખબર પડી કે આ તો ખોદતા નીકળ્યો છે. પછી તો એવો લોભી માણસ એમાંથી ઓલું પાંદડુ પડી ગયો છોકરો પોતાનો. સોનાનું.. બાંધીને માર્યો, મરી ગયો. માંડ આવ્યું એમાં આ વળી ક્યાં લઈ ગયો? આવા ને આવા મૂઢ જીવો તે એના... પરવસ્તુ મને મળી, પરવસ્તુ કો'ક લઈ ગયું. કોણ લે અને કોણ મળે? બાપા! તને કાંઈ ખબર નથી. મળે તો તારામાં ગરી જવી જોઈએ.

તારી વસ્તુ જે છે દ્રવ્ય-ગુણ અને પર્યાય. દ્રવ્ય એટલે વસ્તુ. ગુણ એટલે એની શક્તિઓ ગુણ. પર્યાય એટલે અવસ્થા. તારી હોય તો એમાં ત્રણમાં ક્યાંક આવવી જોઈએ. અને તારી નથી માટે એ એનામાં રહેલી છે એ તારી છે નહિ. કહો, સમજાણું કાંઈ? આ તો બાવો થઈ જઈએ તો થાય એમ કહે. એય..! શાંતિભાઈ! તમારો કહે છે ઓલો અમૃતલાલ. અહીં સાંભળીને પછી કહે, બાવા થાય તો આવું થાય. પણ બાવો જ છો. કે દી હતો પરનો તારો? સાંભળને. આહાહા..! એકલો આત્મા છે એની સાથે પરની સાથે સંબંધ શું છે પણ તારે? એના દ્રવ્યો એને કારણે ઊભા અને ટક્યા છે. એને કારણે અહીંથી ખસી જાશે. તારે કારણે રહ્યા ને ગ્રહ્યા ને મૂક્યા એ છે નહિ. વસ્તુની ખબર ન મળે, શ્રદ્ધાની ખબર ન મળે, જ્ઞાનની ખબર ન મળે અને હેરાન-હેરાન (થઈને) મરીને ચાલ્યો જાય છે. પોપટભાઈ! આ તો બધું સમજવા જેવું ઘણાને છે આ. એય..! મોહનભાઈ! આહાહા..!

સ્ત્રીને કહે ને? અર્ધાંગના કહે એને. અડધું અંગ કહેવાય. સ્ત્રી તો અર્ધાંગના કહેવાય. ધૂળ છે અર્ધાગના. સાંભળને! હવે મૂર્ખાઈ ક્યાંથી કાઢી આવી તેં? અર્ધાંગના. એનો આત્મા સ્વતંત્ર છે. ત્યાં અંદર છે. ક્યાંકથી પરિણામ કરીને અહીં આવ્યો છે અને વળી પરિણામ કરીને ચાલ્યો જશે. તારે ને એને સંબંધ શું છે? તારો આત્મા સ્વતંત્ર આવ્યો છે ક્યાંકથી પરિણામ કરીને. એ તારા જેવા પરિણામ છે એ કરીને પાછો ચાલ્યો જશે. આ તો બધા ન્હાવામાં ભેગા થયેલા માણસની પેઠે છે. ક્યાંકથી આવ્યા અને પાછા ન્હાવા ઉતરશે. સૌ સૌને ઠેકાણે ચાલ્યા જશે. ત્યાં તારા કેદી હતા?

અહીં એટલું સિદ્ધ કરવા માગે છે કે ભગવાન આત્મા કાં તો વિકાર કરે તો પણ પરદ્રવ્યને ગ્રહી-મૂકી શકે નહિ અને કાં તો આત્માની શાંતિ અને ધર્મ પ્રગટ કરી શકે. અનંતુ બળ આત્મામાંથી. તો પણ તે બળ વડે પરદ્રવ્યને રાખીને ગ્રહી-મૂકી શકાય તેવું છે નહિ. કહો, સમજાણું કાંઈ? આવો અભિપ્રાય જો નક્કી કરે તો એની પરદ્રવ્યની મમતા બુદ્ધિ મેં રાખ્યું, મેં છોડ્યું એ દૃષ્ટિ વઈ જાય. સમજાણું? અમે સાચવ્યા, અમે પૈસા ભેગા કર્યા, વ્યાજ ઉપજાવ્યા, ચાલતી દુકાનને થડે બેસી કરી કરીને બધી વૃદ્ધિ મેં અત્યાર સુધી પામી છે. છોકરાના હાથમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જાશે તો શું થાશે? માટે પહેલેથી... એક જણો કહી ગયો હતો ભાઈ બાપ. છોકરાને કહે જુઓ, તમે બળદ જેવા છો બેય જણા. મારી પાછળ કાંઈ ધંધો કરશો નહિ. આ પૈસા છે બેઠા બેઠા ખાજો. એય..! પોપટભાઈ! અમારે તો બહુ વાતું આવી હોય ને. ઘરે ઘરની. છતાં ધંધા કર્યા એની પણ ખબર છે અમને. ધંધા કર્યા અને ગયા પૈસા. બાપ કહી ગયો હતો. કોઈએ કરવું નહિ. અમે તમને જાણીએ છીએ. બળદ જેવા છો બેય.

મુમુક્ષુ :- હુશિયાર હોય તો સાચવે ને.

ઉત્તર :- એ માને છે મૂઢ. ત્યાં હુશિયાર હોય તો શું રાખે? પણ આ તો એને અભિમાન છે ને કે આ મેં બધું ભેગું કર્યું. અને આ છોકરા નહિ સાચવી શકે. સટ્ટો કરશો નહિ, ધંધો કરશો નહિ. પણ અંતે કર્યા. એ મરી ગયો અને એક ખલાસ થઈ ગયો. સમજાણું કાંઈ? એ કાંઈ રાખ્યું રાખે અને છોડ્યું છોડાય એમ છે નહિ. નવરો માને તો એને આ બેસે એવું છે સત્ય વાત  અસત્ય છોડીને.

**'ગુણના સામર્થ્યથી જ્ઞાન વડે પરદ્રવ્યનું ગ્રહવું તથા છોડવું અશક્ય છે. વળી, (કર્મ-નોકર્માદિરૂપ) પરદ્રવ્ય જ્ઞાનનો-અમૂર્તિક આત્મદ્રવ્યનો-આહાર નથી,...'** હવે સિદ્ધાંત સિદ્ધ કરે છે. આહાહા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ તો અરૂપી છે. એમાં તો રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી આત્મામાં. અને રંગ, ગંધ, રસ, સ્પર્શવાળા કર્મો... જોયું! કર્મો. આઠ કર્મ અને નોકર્મ આ કોળિયા, આહાર આદિ એ પરદ્રવ્ય. એ અમૂર્તિક આત્માનો આહાર જ નથી. એ આત્માને આહાર છે જ નહિ. એમ કહે છે. છેલ્લી સ્થિતિનું વર્ણન કરે છે આચાર્ય. ભાઈ! આ સંથારો કરવો ત્યારે આહાર છોડવો. કોને છોડે? મૂઢ! ક્યાં ગ્રહ્યો હતો? તારામાં ક્યાં ગરી ગયો હતો આહાર? તારી માન્યતા મિથ્યાત્વ છે કે આહાર છોડું. સમજાય છે કાંઈ? એમ કહે છે. ... કેવળીનો આત્મા હતો ને એટલે... રાજા કહે .. એમ કેવળી બોલતા હશે? કેવળી પાસે પ્રશ્ન કરવાની તાકાત તારા જેવાની ન હોય. સાંભળ તો ખરો. સમજાણું કાંઈ? કોણ એની પાસે પ્રશ્ન કરી શકે? સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણ દશા જ્યાં પ્રગટ થઈ છે. તારા જેવા આવા ભિખારી પ્રશ્ન કરી શકતા હશે ત્યાં? ત્યાં આમ રાખે તો આમ થાય. આવે છે એવું હોં! ભગવાન એમ કહે, તારા હાથમાં છે. આમ રાખ.. ઉડાડી દે. દાબવું હોય તો દાબી દે, ઉડાડવું હોય તો ઉડાડી દે. એમ ભગવાન કહેતા હશે?

મુમુક્ષુ :- નહિતર તો દાબી જ દે, મરી જાય.

ઉત્તર :- કોણ મારે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ભગત તમારા.. એ બધા આવા ગપગોળા જ ચાલ્યા છે બધે. ભાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ક્યાં હતા કાંઈ. જૈનને નામે જન્મ્યા એટલું. વાડામાં જન્મ્યા. પણ જૈનપણું શું છે? વીતરાગ શું કહે છે? અને વીતરાગનો માર્ગ શું એની ખબર જ કે દી. એમ ને એમ આંધળે આધળા. સમજાણું કાંઈ?

'**(કર્મ-નોકર્માદિરૂપ)...**' જોયું! '**પરદ્રવ્ય જ્ઞાનનો-**' આત્મા તો અમૂર્તિક છે. એ '**આત્મદ્રવ્યનો-**' જ્ઞાનનો એટલે આત્માનો. જુઓ! '**જ્ઞાનનો-અમૂર્તિક આત્મદ્રવ્યનો-આહાર નથી,...**' જોયું! જ્ઞાનનો એટલે અમૂર્તિક આત્મદ્રવ્યનો. એમ. છે ને? પાઠમાં જ છે. '**ज्ञानस्यामूर्तात्मद्रव्यस्य**' સંસ્કૃત છે મૂળમાં. ભગવાન આત્મા અમૂર્ત છે. એનો આ કર્મ અને નોકર્મ આહારાદિ નથી. આહાર એનો નથી. આહાર એ લઈ શકતો નથી, આહાર છોડી શકતો નથી. એ તો પોતે રાગ છૂટીને સ્વરૂપમાં ઠર્યો, બસ! થઈ રહ્યું. એને આહાર છોડવો એ રહેતું નથી. છોડવું પણ છોડી શકતો નથી પછી છોડવું રહેતું નથી એ વાત પણ ખોટી. એ તો એની મેળાએ પડ્યો છે અને એની મેળાએ ગયો છે આહાર. પણ અજ્ઞાની એમ માને કે જુઓ! મેં આહાર છોડ્યો. મૂઢ છો કહે છે. મિથ્યાત્વને પોષે છો. સમજાણું કાંઈ? એ વાત કરે છે અહીં છેલ્લી સ્થિતિની. આહાહા..! પાણીના પરમાણુઓ, આહારના રજકણો પકડ્યા છે આત્માએ? છોડું છું એનો અર્થ થયો કે હું સ્વામી છું એનો. એનો અર્થ થયો. હું એનો ધણી છું માટે છોડી શકું છું. એટલે મેં ગ્રહ્યા હતા તો છોડી શકું છું. દૃષ્ટિ મિથ્યાત્વ છે, અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

'**(કર્મ-નોકર્માદિરૂપ)...**' આદિ એટલે બધું. વાણી આદિ જગતની ચીજ બધી. '**પરદ્રવ્ય જ્ઞાનનો-અમૂર્તિક આત્મદ્રવ્યનો-આહાર નથી,...**' એ દાળ, ભાત, મોસંબી આત્માનો આહાર નથી. એ આત્માની ચીજ નથી. આત્મા આહાર કરી શકતો નથી અને આહાર છોડી શકતો નથી. આ એમ સિદ્ધ કરવું છે. બધી ચીજને સિદ્ધ કર્યા પછી આ કરવું છે. સમજાણું કાંઈ? ભાઈ! આહાર ઘટાડો થોડો... થોડો... થોડો... શરીર કૃશ થઈ જાય. કોણ ઘટાડે? જડને તેં રાખ્યું છે, પકડ્યું છે તે ઘટાડે? પહેલું પાતળું પાડો. શાસ્ત્રમાં એમ આવે. શરીર કૃશ કરો, સંલેખના લ્યો. એ રાગ અને શરીર બે કૃશ કરો આવે. પણ નિમિત્તથી સાથે કથન આવે.

મુમુક્ષુ :- સંલેખનામાં આવે છે..

ઉત્તર :- હા, આવે છે ને. એ વાત કરે છે અહીંયાં. એ તો નિમિત્તનું કથન હતું. સ્વરૂપ તરફના આનંદની દૃષ્ટિ થતાં રાગ ઘટતો જાય છે અને એ પ્રકારનો આહાર ન આવવાનો હોય તો નથી આવતો. એને વ્યવહારના કથનમાં એમ કહેવાય કે તું કષાયને કૃશ કર આત્માના સ્વભાવની દૃષ્ટિએ હોં! અને શરીરને કૃશમાં નિમિત્તપણે કૃશ કર એમ વ્યવહારથી કથન આવે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એવા એવાને તું એમ જ માની લે કે હું શરીરને કૃશ કરી શકું છું. મૂઢ છો. તારી દૃષ્ટિ પર ઉપર છે. આત્માની ખબર નથી. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ!

**'પરદ્રવ્ય જ્ઞાનનો-અમૂર્તિક આત્મદ્રવ્યનો-આહાર નથી, કારણ કે તે મૂર્તિક પુદ્‌ગલદ્રવ્ય છે;...'** કોણ? મૂર્તિક પુદ્‌ગલ. આહાર તો મૂર્તિક છે, પુદ્‌ગલદ્રવ્ય છે, પરમાણુ છે, અજીવ છે, જડ છે. એને આત્મા કેમ ગ્રહે અને કેમ મૂકે? માટે આત્માને આહાર છે નહિ. એવી અંતરની દૃષ્ટિ જ્ઞાનની કરી અને સ્વરૂપમાં ઠરી જવું. રાગનો પણ ત્યાગ ત્યાં સહેજે થઈ જાય છે. ત્યારે તેને આત્મશાંતિ અને ધર્મ અને સંથારો કહેવામાં આવે છે. એમ છે વિશેષ વાત...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**મહા સુદ ૯, બુધવાર તા. ૭-૨-૧૯૬૮**
**ગાથા-૪૦૫ થી ૪૦૯, શ્લોક-૨૩૮, પ્રવચન-૪૮૦**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ત્રણ ગાથાનો છેલ્લો શબ્દ છે. '**તેથી જ્ઞાન આહારક નથી.**' છે ને છેલ્લું? કેમકે આત્મા તો અમૂર્તિક છે. અને અમૂર્તિકને... આહાર તો મૂર્તિક છે આ દાળ, ભાત, શાક, રોટલી છે જે કોઈ પણ ચીજ.. તો અમૂર્તિકને મૂર્તિકનો આહાર હોતો નથી. આહાર હોતો નથી '**માટે જ્ઞાનને દેહની શંકા ન કરવી.**' એમ કહ્યું છે. સમજાણું કાંઈ? આહાર નથી. આહારક નથી. એમ. જ્ઞાનને આહારકપણું નથી. એટલે આત્માને આહાર ગ્રહવો એ છે જ નહિ.

મુમુક્ષુ :- માટે આહાર છોડી દેવો.

ઉત્તર :- છે નહિ. ગ્રહતો નથી, છોડતો નથી. પરદ્રવ્યની સાથે શું સંબંધ છે? એ કહેશે.

આત્મા વસ્તુ છે એના અનંતા ગુણો છે. એમાં નવી પર્યાયનો સંયોગ થવો. સમજાય છે કાંઈ? સંયોગ, પર્યાયનો સંયોગ થવો પોતાની. અને જૂની પર્યાયનો વિયોગ થવો. એ સંયોગ-વિયોગ છે. સમજાણું કાંઈ? આત્મા વસ્તુ ધ્રુવ ચૈતન્ય પિંડ છે એમાં અનંતગુણ છે. તો એની નવી પર્યાય થવી એનું ગ્રહણ કહો કે સંયોગ કહો. અને જૂની પર્યાયનો વિયોગ કહો કે ત્યાગ કહો. એની પર્યાયમાં ગ્રહણ-ત્યાગ છે. બહારની સાથે કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ?

'**તેથી જ્ઞાન આહારક નથી.**' જ્ઞાન એટલે આત્મા. એ આહારક નથી એટલે આહાર કરવો એ આત્મામાં છે જ નહિ. ત્યારે આહાર થાય છે ને? તો જે આહાર થાય છે એ તો આહાર તો એને કારણે આવે છે રજકણો. એ રજકણો એને કારણે આવ્યા, ગોઠવાણા એને કારણે. માટે દેહ આત્માનો નથી. દેહની શંકા ન કરવી. ઉઠાવે છે. લિંગ ઉપર લઈ જવું છે ને? સમજાણું? '**માટે જ્ઞાનને દેહની શંકા ન કરવી.**' માટે આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એમાં દેહ છે એવી શંકા ન કરવી. દેહ છે જ નહિ આત્માને. ક્યારે? ત્રણે કાળે. અત્યારે. દેહ કે દી (એનો હતો)? દેહ તો દેહનો છે. આ તો જડ માટી છે. એ દેહ આત્માનો છે જ નહિ. કહો, દેહ આત્માનો નથી તો દેહને ઓળખનારા ક્યાંથી થઈ ગયા એના? દેહના ઓળખનારા. આત્માને કોણ ઓળખે છે ત્યાં? કહો, સમજાણું કાંઈ?

'**માટે જ્ઞાનને દેહની શંકા ન કરવી.**' જુઓને! કળશમાં લીધું હતું ઉપર. પાછું અહીં લીધું. ઉપરથી લીધું હતું. પાઠમાં નથી કાંઈ મૂળ ગાથામાં. એ ટીકામાં નાખ્યું એટલે ન્યાય

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કાઢ્યો છે. વસ્તુ ભગવાન આત્મા રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ એ પરવસ્તુને ગ્રહે કે મૂકે ત્રણ કાળમાં કરી શકતો નથી. તો પછી આહાર મૂર્તને ગ્રહે કે છોડે એવું આત્મામાં નથી.

હવે કૌંસ લે છે. '**(અહીં જ્ઞાન કહેવાથી આત્મા સમજવો;...**' જ્ઞાન ભલે કહ્યું પણ કહે છે આત્મા લેવો. વસ્તુએ અનંતગુણનો પિંડ એવો આત્મા લેવો. '**કારણ કે, અભેદ વિવિક્ષાથી...**' એક વિવિક્ષાથી. અભેદ એટલે એક. ગુણ અને ગુણીની '**અભેદ વિવિક્ષાથી...**' વિવક્ષા એટલે કહેવું. '**લક્ષણમાં જ લક્ષ્યનો વ્યવહાર કરાય છે.**' જ્ઞાન તે લક્ષણ છે અને આત્મા તે લક્ષ છે. જ્ઞાન તે લક્ષણ દ્વારા લક્ષ. એ લક્ષણમાં જ લક્ષનો વ્યવહાર કરાય છે. લક્ષણને જ આત્મા કહેવામાં આવે છે. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જાણે છે એ લક્ષણ છે. અને એ જણાય છે એ લક્ષ છે. પણ લક્ષણમાં લક્ષનો આરોપ કરવાથી જ્ઞાન જ પોતે આત્મા છે એમ એકરૂપ કથનથી કહી શકાય છે. કહો, સમજાણું? '**આ ન્યાયે ટીકાકાર આચાર્યદેવ આત્માને જ્ઞાન જ કહેતા આવ્યા છે.**)' આ ન્યાયે આત્માને જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન... જ્ઞાન... આ જ્ઞાન તે આત્મા એમ કહેતા આવ્યા છે.

'**ભાવાર્થ :- જ્ઞાનસ્વરૂપ આત્મા...**' જુઓ! જ્ઞાનસ્વરૂપ આત્મા એમ લીધું. એ તો અમૂર્તિક છે. આત્મા તો રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે. '**અને આહાર તો કર્મ-નોકર્મરૂપ...**' આઠ કર્મ અને નોકર્મ શરીરાદિ, વાણી. '**પુદ્ગલમય મૂર્તિક છે; તેથી પરમાર્થે આત્માને પુદ્ગલમય આહાર નથી.**' એ કર્મનો પણ આહાર નથી અને નોકર્મનો પણ આહાર નથી. ક્યારે? અત્યારે. સમજાણું કાંઈ? કર્મના અને નોકર્મના આહારના પુદ્ગલોમાં આત્માનું હોવાપણું નથી અને આત્માના હોવાપણામાં કર્મ અને નોકર્મના પુદ્ગલોનું હોવાપણું નથી. માટે અત્યારે એમાં નથી. ભારે! કહો, પોપટભાઈ! હવે એમાં શરીરને ઓળખનારા આ બાયડી, છોકરા, પૈસા ક્યાં આવ્યા? ક્યાંથી એના આવી ગયા એમાં?

મુમુક્ષુ :- ખોટું તોફાન છે.

ઉત્તર :- તોફાન છે? આહાહા..! માયાજાળ રચી છે માન્યતામાં. ઢોંગ રચ્યા છે કે આ મારા.. આ મારા... મારા. તારા હોય તો તારાથી જુદા કેમ રહે? અને તું અરૂપી અને એ તો રૂપી છે શરીરાદિ, પૈસા આદિ. સમજાણું કાંઈ? માટે કહે છે કે મૃત્યુકાળે આહારને છોડું અને શરીરને છોડું એ આત્મામાં રહેતું નથી. એમ કહે છે. આહાર ગ્રહ્યો જ નથી ને. આહાર ગ્રહ્યો નથી તો શરીર જ એનું નથી. પછી છોડવું કોને અને ગ્રહવું કોને?

મુમુક્ષુ :- ચરણાનુયોગમાં પાઠ..

ઉત્તર :- ચરણાનુયોગ એ વ્યવહારથી વાત કરે ચરણાનુયોગ. વ્યવહારથી વાત કરે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પોતાની પર્યાયમાં રાગનો ભાવ અભાવ થાય ત્યારે એમ કહેવાય કે આણે આહાર છોડ્યો. એ છોડ્યો કહેવાય છે. છોડે કોણ? ગ્રહે ક્યાં તો છોડે? અને રાગ હોય તો આહાર આવે છે એથી એમ કહેવાય કે રાગ છે માટે આહાર કરે છે. કરે કોણ? ધૂળ? રાગ તો જુદી ચીજ છે, આહાર જુદી ચીજ છે. રાગ રજકણને અડતો નથી, રજકણ રાગને અડતા નથી. મિથ્યામોહ ભ્રમણા છે. હું આહાર કરું છું, મારો આ દેહ છે અને હું દેહ હવે છોડું. ભ્રમણા છે કહે છે. એમ કહે છે. સંથારા વખતે આમ કરું એ પણ ભ્રમણા એમ કહે છે. સંથારો એને હોય નહિ એવાને એમ કહે છે. અજ્ઞાન છે એને તો. કહો, શાંતિભાઈ! ભારે વાત ભાઈ આ!

જ્ઞાન ભગવાન આત્મા '**આહાર તો કર્મ-નોકર્મરૂપ પુદ્‌ગલમય મૂર્તિક છે; તેથી પરમાર્થે આત્માને પુદ્‌ગલમય આહાર નથી.**' ખરેખર પરમાર્થે (નથી) તો વ્યવહારે છે કે નહિ? પરમાર્થે નથી. વ્યવહારે પણ નથી. વ્યવહારે કહેવામાં આવે છે. વ્યવહાર કહે છે કે આહાર કરે છે. આહારના રજકણોને અડતો પણ નથી. રજકણ તો સ્પર્શવાળા છે, રંગ, ગંધવાળા. આત્મા તો અસ્પર્શી ચીજ છે. ખરેખર તો સ્પર્શ એક પરમાણુ બીજા પરમાણુને પકડતો નથી, અડતો નથી તો આત્મા એને ગ્રહે, ભ્રમ છે જગતને. અને એ ભ્રમણા ભગવાનને રખડાવનારી ચીજ છે. સમજાણું કાંઈ? એટલું સ્થાપ્યું પહેલું.

'**વળી આત્માનો એવો જ સ્વભાવ છે...**' હવે આખો સિદ્ધાંત કહે છે. ભગવાન આત્માનો એવો જ કોઈ સ્વભાવ છે '**કે તે પરદ્રવ્યને તો ગ્રહતો જ નથી;...**' કોઈપણ રજકણને, શરીરને, વાણીને, પૈસાને, દાળ, ભાતને પકડ્યા જ નથી, ગ્રહતો જ નથી, ગ્રહવાનો એનો સ્વભાવ જ નથી. સમજાણું?

મુમુક્ષુ :- એક લીટીમાં આવે છે.

ઉત્તર :- એક લીટીમાં સિદ્ધાંત તો એક જ આવે.

મુમુક્ષુ :- આમથી લ્યો...

ઉત્તર :- .. કોણ લે ને કોણ દે. પોતાની વસ્તુ લે અને પોતે પોતાની વસ્તુને દે. આનંદને દે અને આનંદને લે. દે-લે આત્મામાં કર, બાપુ! ક્યાંય પરમાં દે-લે છે નહિ. એમ છે. ભાષા તો એવી આવે, આ (શ્રાવકે) આને મુનિને આહાર આપ્યો, આમ થયું.

મુમુક્ષુ :- મોક્ષમાર્ગ આપ્યો.

ઉત્તર :- એવું બધું કહે છે શાસ્ત્રમાં તો લ્યો.

મુમુક્ષુ :- આત્મા...

ઉત્તર :- હા, એમ આવે. બધી વ્યવહારની વાતું છે જાણવાની. નિમિત્ત કોણ હતું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એ (જ્ઞાન કરાવે છે). કોણ દે, કોણ લે? નથી આવતું કે આહારના દેવા-લેવા ટાણે તારા પરિણામ હતા એ તારા. બસ! બાકી આહાર લેવો-દેવો એ તારી ક્રિયા નથી. આત્માથી થતી નથી. સમજાણું?

**'આત્માનો એવો જ સ્વભાવ છે કે તે પરદ્રવ્યને તો ગ્રહતો જ નથી;...'** શરીરને, આહારને, વાણી, મનને, કર્મને ગ્રહ્યા જ નથી એણે. ઓહોહો..! સમજાણું કાંઈ? **'સ્વભાવરૂપ પરિણમો...'** એ મૂળ ગાથાની વાત આવી. કાં આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ છે એ રૂપે થાવ. તો પણ પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગ એનામાં નથી. **'કે વિભાવરૂપ પરિણમો,...'** કે વિકારરૂપ થાવ. વિકારરૂપ થાવ. મિથ્યાશ્રદ્ધા કરે કે રાગ-દ્વેષ કરે. એ પરિણમે ભલે વિકારરૂપે પણ વિકાર પરિણમવાથી પરવસ્તુને ગ્રહી શકે એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ? યોગના કંપન્નપણે પરિણમો. એ પરિણમે અને કાં અજોગપણે પરિણમે. પણ જોગનું કંપન્ન છે માટે રજકણને ગ્રહે છે, ... (એમ નથી).

મુમુક્ષુ :- યોગનું કામ છે.

ઉત્તર :- યોગનું કામ છે. પ્રકૃતિ અને પ્રદેશ યોગ ગ્રહે અને કષાય તે સ્થિતિ, રસ કરે. વાતું આવી પાછી. એ બધી વાતું વ્યવહારનું જ્ઞાન કરાવવા, નિમિત્ત કોણનું જ્ઞાન કરાવવા છે. એ વાત છે. ત્યારે ઓલા કહે, જ્ઞાન કરાવવા છે એવી વાત ક્યાં છે? વળી એમાં એ લખ્યું છે. ચર્ચામાં એમ લખે. કર્યું છે ને. કોઈક ઠેકાણે લખ્યું છે. એવું ક્યાં કહ્યું છે? વ્યવહારનું આવું જ્ઞાન (કરાવે છે). પણ તારે બીજું શું છે? સમજને. આહાહા..! સમજાણું કાંઈ?

કાં આત્માનો સ્વભાવ ધર્મરૂપે થાવ, શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું એવી શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિરૂપે થાવ અને કાં વિકારરૂપે થાવ. એ સિવાય એનો બહાર સાથે કાંઈ સંબંધ છે નહિ. સમજાણું કાંઈ? **'પોતાના જ પરિણામનાં ગ્રહણત્યાગ છે,...'** જુઓ આવ્યું. પોતાના પરિણામ જે આત્માના છે તે પરિણામનું ગ્રહણ એટલે જે પર્યાય પ્રગટે તેને ગ્રહણ કહીએ, એનો સંયોગ થયો કહીએ. અને જે પરિણામ વ્યય થાય તેને વિયોગ કહીએ, તેનો ત્યાગ કહીએ. આટલી એની મર્યાદા છે. પણ વસ્તુને ગ્રહવી અને વસ્તુને છોડવી એ આત્માની પર્યાયમાં પણ પર્યાયનો પણ ધર્મ નથી. કહો, સમજાણું કાંઈ? છોકરાને ભાઈ નીપજાવવા, ઊપજાવવા, પાળવા, રાખવા, પોષવા એ બધું કરી શકે કે નહિ? નાની ઉંમરના છોકરાને આધાર કોણ?

મુમુક્ષુ :- મા-બાપ.

ઉત્તર :- મા-બાપ આધાર. નહિ? નાની ઉંમરના છોકરાને મા-બાપ આધાર. પછી મોટો જરીક થાય તો ભણવામાં વળી માસ્તર આધાર. ધર્મમાં આવે તો ગુરુ આધાર, ઘરમાં જાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તો વળી બાયડી આધાર. એમ હશે કે નહિ કાંઈ? ગપે ગપ છે કહે છે. તારું તત્ત્વ જુદું. તારા આધારે તું અને એના આધારે એ. તારે આધારે એ નહિ અને એને આધારે તું નહિ. કોઈ કોઈને આધારે કોઈ તત્ત્વ છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

સ્વભાવરૂપે આત્મા શુદ્ધ ચૈતન્યવસ્તુ ભગવાન આત્મા પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના વીતરાગ પરિણામપણે થાઓ કે વિકારપણે, રાગપણે ને વિકારપણે થાઓ. પણ એ પરનું ગ્રહણ-ત્યાગ અને પરને ગ્રહી શકે રાગી માટે, ખૂબ દ્વેષ કરે તો દ્વેષ કરીને પરને મારી શકે, હથિયાર ઉપાડી શકે. ખૂબ રાગ કરે તો પરને પોતાના કરી શકે (એમ ત્રણ કાળમાં નથી). કેમ બહુ રાગ કરે તો કરી શકે કે નહિ? સ્ત્રીને, આ શરીરને પોતાના કરી શકે કે નહિ? બહુ પ્રેમ બતાવે તો પરવસ્તુ એની થઈ શકે કે નહિ? ના. પ્રેમપણે થાઓ તમારા વિકારમાં. એથી પરની ઉપર પ્રેમ બતાવીને એ તારી થાય અને તું એને ગ્રહી શકે એમ છે નહિ. આ હથેવાળો ગ્રહે છે ને? પરણે ત્યારે નથી કહેતા? પરણે ત્યારે એમ માણસ વાતું કરે છે. હથેવાળો આમ થાય ને પકડે. ભાઈ! હાથ જાલ્યો એને પાળજો હવે. કહે છે કે નહિ? અહીં તો કહે છે, હાથ જાલ્યો જ નથી. મફતનો ક્યાં હેરાન થઈ ગયો? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કોઈ જવાબદારી જ ન રહી.

ઉત્તર :- જવાબદારી કોની છે? કોઈ કોઈની જવાબદારી નથી. હાથ જ ગ્રહ્યો નથી.

ઓલા રાજાના કુંવરની વાત આવે છે ને? એ તો હાથ ગ્રહ્યો છે એમ આવ્યું છે એમાં. રાજાનો કુંવર હતો નાની ઉંમરનો. એનો બાપ મરી ગયો. રાણી ... હતી. દિલ્હીના બાદશાહે બોલાવ્યો એને કુંવરને. નાની ઉંમરનો. ૧૦-૧૨ વર્ષની ઉંમરનો. ૧૫ વર્ષનો હશે જુવાન. રાજ મોટું. પણ એનો બાપ મરી ગયો. બાદશાહે બોલાવ્યો. રાણીને શંકા પડી કે આ બાદશાહ બોલાવે છે અને આ બાળક નાનો છે હજી કાંઈ આવડત નથી. ત્યારે (કહે છે), જો ભાઈ! બાદશાહ આમ પૂછે તો તારે આમ કહેવું, બાદશાહ આમ પૂછે તો તારે આમ કહેવું. બે-ચાર આઠ-દસ પ્રશ્ન કહ્યા, એણે શીખવ્યા. છોકરો કહે છે કે બા! મા! પણ તમે પૂછો છો એમાંથી ન કહે અને બીજું કહે તો મારે શું કહેવું? હું પૂછવા આવું અહીં? જા ભાઈ જા. તું તારે જા. કારણ કે પણ તું આ શીખવીશ એટલું (કહીશ), પણ પછી મારે શું કહેવું? લ્યો. સમજાણું? અને શીખવ્યું કેટલું જાય એને? કહો, સમજાણું?

એક છોકરો એવો હતો સગપણ કરવા આવ્યો હતો એને શીખવ્યું એના બાપે. જો તારે આમ કહેવું, આમ કરવું. છ ને છ પૂછે તો બાર કહેવું. બાર (માટે) બારણું યાદ રાખવું. આ બારણું છે ને બાર કહેવું. ફલાણું હોય તો (આમ કહેવું). એમ શીખવ્યું કેટલુંક. એમાં ઓલો પૂછવા આવ્યો ત્યારે કહે, છ ને છ? બારણું. પણ ઓલું બારણું. બાર ખરું ને.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બારણું. શીખવ્યું લાગે છે આને. આને આવડતું લાગતું નથી. ઓલા છોકરાને મોકલ્યો કે એલા તું જા ત્યાં. બાદશાહને સલામ કરીને ઊભો રહ્યો. બાદશાહ દિલ્હીનો હતો. પગે લાગ્યા હાથ જોડીને બે. પકડ્યા હાથ. બાદશાહે હાથ પકડ્યા. કેમ કુંવરજી? હવે શું કરશો તમે? તમારા હાથ તો પકડી લીધા. અરે..! અન્નદાતા! એક હાથ પકડે એને જગત પાળે અને બે હાથ પકડ્યા શું કહો છો તમે? આ વાત શું કરો છો? એણે તો આમ કર્યું. એક હાથ બાયડીનો પકડે એને આખી જિંદગી પાળે. તમે તો બે હાથ પકડ્યા. જાવ એને રાજ સોંપી દ્યો. હુશિયાર માણસ છે. ઓલું શીખવ્યું કેટલું રહેતું હતું? અહીં તો કહે, પકડ્યું જ નથી કાંઈ. એમ કહે છે અહીં તો. આહાહા..! કહો, સમજાણું કાંઈ? કોને પકડે? ભગવાન! ધ્રુવ તો ધ્રુવ જ છે.

અહીં તો એની વર્તમાન અવસ્થામાં ગ્રહણ-ત્યાગ અવસ્થાનો છે. બસ! એટલું સિદ્ધ કરવું છે. એની વર્તમાન અવસ્થા જે છે તે જાય, એનો ત્યાગ કહેવાય, એનો વિયોગ કહેવાય અને જે અવસ્થા નવી થાય તેને ગ્રહણ કહેવાય, તેને સંયોગ કહેવાય. આ સિવાય આત્મામાં કોઈ સંયોગ-વિયોગ છે નહિ. કહો, દુનિયા કહે, આવા સંયોગ અમને આવ્યા પ્રતિકૂળ, અનુકૂળ સંયોગ આવ્યા, સારા સંયોગ વયા ગયા. બધું જૂઠેજૂઠું. કહે છે માયા છે તારી. માયાજાળ. માન્યતા તારી છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**સ્વભાવરૂપ પરિણમો કે વિભાવરૂપ પરિણમો,...**' વિકારરૂપ હો કે એ તારી પોતાની અનુકૂળતા વિકારની હોય તો ઈ, સ્વભાવની હોય તો એ તારી દશામાં છે. '**પોતાના જ પરિણામનાં ગ્રહણત્યાગ છે,...**' પોતાના વર્તમાન અવસ્થામાં બદલવું એ તારો સ્વભાવ છે. માટે જૂની અવસ્થા છોડી, નવી અવસ્થા ગ્રહણ કર. એ જ ગ્રહણ-ત્યાગ છે. પણ કોઈ નવા રજકણો ગ્રહી, જૂના રજકણો છોડવા એ તારામાં છે નહિ.

કેવળજ્ઞાન થાય માટે કેવળજ્ઞાનીએ ઘાતિકર્મનો નાશ કર્યો એમ કહેવું એ નિમિત્તથી છે. ઘાતિકર્મનું છોડવું એ આત્મામાં છે નહિ. અને એમ પણ કહેવાય ભગવાન મોક્ષ પધારે ત્યારે કે આઠેય કર્મ છોડીને ભગવાન મોક્ષ પધાર્યા છે. લ્યો. છેલ્લા ચાર કર્મ હતા અઘાતિ. ચાર હતાને છેલ્લા? છોડ્યા. ચારેય કર્મ છોડી ભગવાન મોક્ષ પધાર્યા. કહે છે કે એ વાત ખોટી છે. આત્મા છોડી શકતો નથી. ભારે. કહો, સમજાણું કાંઈ? લ્યો! ઋષભદેવ ભગવાન. મહાવીર ભગવાન પાવાપૂરીમાં. ચાર કર્મ તો બાકી હતા. ઘાતિના ચાર તો પહેલા છોડ્યા હતા. ચાર રહ્યા. પછી ધ્યાનમાં બેઠા. અજોગપણું જ્યાં સ્થિર થયું અંદર (તો) ચાર કર્મ ટળ્યા. ચાર કર્મ ટાળ્યા ભગવાને એમ કહેવાય લ્યો! અહીં કહે છે કે ટાળવું એવું આત્મામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? એની મેળાએ ટળ્યા એને નિમિત્તથી કહેવું કે ટાળ્યું એ તો વ્યવહારના કથન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. આત્માએ પોતાની અજોગ પર્યાયને પકડી અને જોગ પર્યાયના કંપનનો વ્યય થયો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પરિણામમાં આવ્યું.

ઉત્તર :- પરિણામમાં આવ્યું. ભગવાન જ્યારે મોક્ષ પધારવાની તૈયારી હતી. અષ્ટાપદ પર્વત ઉપર ઋષભદેવ ભગવાન. છેલ્લા મહાવીર ભગવાન પાવાપૂરી. ત્યારે પોતાના પરિણામમાં જે જોગપણું કંપન હતું એનો વ્યય થઈ ગયો. અકંપનનું ગ્રહણ થયું. સ્થિર થઈ ગયા. બસ.

શાસ્ત્રમાં એવું આવે કે આત્મામાં જોગ છે, કંપન છે. તેથી તે પ્રકૃતિ અને પ્રદેશો પરમાણુના ગ્રહે છે એમ આવે. આત્મસિદ્ધિમાં પણ એમ આવે છે. આવે છે ને એમાં? કોણ ગ્રહે તો કર્મ. 'હોય ન ચેતન પ્રેરણા કોણ ગ્રહે તો કર્મ.' એ બધી વાત નિમિત્તના કથન છે. આત્મા કર્મને ગ્રહે કે છોડે એવું આત્મામાં નથી. સમજાણું કાંઈ? આત્મા પોતાની પર્યાયના ભાવમાં રાગ કરે, દ્વેષ કરે, વિકાર કરે, ભ્રમણા કરે. ત્યારે રજકણો એને કારણે આવે એ આત્મા ગ્રહી શકે એમ નથી. એમ આત્મા પોતાના શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ કરી સમ્યગ્દર્શન-જ્ઞાનપણે થાઓ પણ એથી કર્મનો નાશ કરે અને કર્મનો અભાવ ત્યાગ કરે એવું આત્મામાં નથી. મનસુખભાઈ! પરનો ગ્રહણ-ત્યાગ નથી એમ કહે છે. આહાહા..!

એની વર્તમાન અવસ્થામાં રાગ કરે, કાં દ્વેષ કરે, કાં સમ્યક્ શ્રદ્ધા કરે, કાં શાંતિ કરે. બસ! એ એને ગ્રહણ ત્યાગ છે. બાકી પરની સાથે કાંઈ સંબંધ નથી. કર્મ-નોકર્મની વાત લીધી છે કે નહિ? કર્મ પણ ગ્રહતો નથી અને કર્મ છોડતો નથી. હવે શાસ્ત્રમાં એમ આવે કે આમ થાય ને આમ થાય. કષાયથી સ્થિતિ, રસ પડે. કષાય હોય ત્યારે સ્થિતિ, રસ પડે છે ને? ન હોય તો? માટે એટલું કષાયે તો કર્યું કે નહિ કાંઈક સ્થિતિ, રસ પાડવાનું? ના. એ કર્મના રજકણમાં સ્થિતિ, રસ પડે એ એને કારણે, આત્મા-એને પોતાને કારણે છે નહિ. સમજાણું કાંઈ?

**'પોતાના જ પરિણામનાં ગ્રહણત્યાગ છે, પરદ્રવ્યના ગ્રહણત્યાગ તો જરા પણ નથી.'** આત્મા સિવાય કોઈપણ રજકણને, કોઈપણ આત્માને આત્મા ગ્રહે કે મૂકે એવું છે નહિ. કહો, આ એના દીકરા, એની સ્ત્રી, એની આ દીકરીયું, આ એના જમાઈ, આ એના છે. ખોળે બેસાડ્યા છે. એમ નથી કહેતા કાંઈક? સમજ્યાને? ખોળે લીધો છે ને ફલાણું કર્યું. બધી ખોટી વાત છે, કહે છે. રાગ કર્યો એણે. ઓલો આવવાનો હતો એ બેઠો એને કારણે. આત્માએ એને ગ્રહ્યો છે, પકડ્યો છે એમ છે નહિ. ઉઠાડી મૂકે. એ જાતનો હોય તોઉઠી જાવ. જાવ ભાઈ! ચાલ્યા જાવ. એ તો એને કારણે ગયું છે. આને રાગ ગયો તો દ્વેષ થયો માટે સામો છૂટી ગયો છે એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સોભાગભાઈ છે ને? આપણા સોભાગભાઈ નહિ? ૬૦ લાખ રૂપિયા ન લીધા ભાઈએ. એને આપ્યાને? પછી એણે લીધા હતા. આપતા હતા. રાખ્યા હતા ઘરે. રાખ્યા ૬૦ લાખ. ૨૫ લાખ એના બાપ પાસે રાખ્યા. એક ફેરી બિચારાને કહે, અહીંથી વયો જા. મારા ઘરેથી. વયો ગયો હતો કાંઈ એને નહિ. ૬૦ લાખ આપતા તો કાંઈ નહિ. ના પાડી તો કાંઈ નહિ. સોભાગભાઈ આવે છે ને. મામાના દીકરા એના. ૬૦ લાખનો વારસો આપ્યો, રાખ્યા હતા. વળી એને ઓલું થયું. પ્રકૃતિનો મેળ ન ખાધો. પ્રકૃતિ ઓલાની તીખી અને આ મોળો માણસ. સુંવાળો માણસ બહુ. મેળ ન ખાધો. જા વયો જા અહીંથી. કાંઈ નહિ ચાલ્યા. એ કાંઈ આણે દ્વેષ કર્યો માટે ચાલ્યા ગયા છે એમ છે નહિ. વળી પછી આમ જતા એની લાકડી પડી હતી એક એના કાકાની, દાદાની. બહાર. આવું કહે તો પણ મનમાં કાંઈ નહિ. ૬૦ લાખથી ઉઠાવ્યો હતો તો પણ કાંઈ નહિ. લાકડી પડી હતી બહાર એક. મૂકવા આવ્યો પાછો. કાંઈ પાછુ લેવાનું કાંઈ નહિ. ઓલાને ડોસાને એવું થઈ ગયું કે આ શું? હજી આટલું ઉખાડું છું. ૬૦ લાખમાંથી વારસો ના પાડું છું. તો હજી લાકડી મારી બહાર પડી છે તો મૂકવા આવ્યા. કાંઈ લેવા દેવા ન મળે આને. બેટા! રહી જા હવે. તો શું એને લઈને થયું હશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ કહે છે કે વાત ખોટી છે. એનો વિકલ્પ એણે કર્યો અને બીજી રીતે વિકલ્પ ગ્રહવાનો કર્યો. પણ એને લઈને ઓલો આવ્યો છે અને એને લઈને ઓલો જાતો હતો એ વાત છે નહિ. એમ કહે છે અહીં. આહાહા..! સમજાણું કાંઈ? કહો, એટલા વર્ષ પહેલાની વાત છે હોં! ૪૦ વર્ષ પહેલાની. ૬૦-૬૦ લાખ લે તો કાંઈ નહિ, દે તો કાંઈ નહિ. કાંઈ ન મળે. અહીં તો બિચારા પાંચ-દસ હજાર મરી જાય આખો દી કરી કરીને મહેનત. રખડવા માટે, ભેગા કરવા માટે. કોણ ભેગા કરે? ભેગા કરવું એટલે ગ્રહણ કરવું. અહીં ના પાડે છે. ગ્રહણ કરી શકતો નથી.

મુમુક્ષુ :- મુનિ તો ના જ પાડે ને.

ઉત્તર :- મુનિ ક્યાં, આત્માનો સ્વભાવ છે એમ કીધું છે. મુનિની વાત ક્યાં કીધું છે?

**'આત્માનો એવો જ સ્વભાવ છે કે તે પરદ્રવ્યને તો ગ્રહતો જ નથી;...'** છે એમાં મલૂકચંદભાઈ? પકડતો નથી પૈસાને. **'સ્વભાવરૂપ પરિણમો કે વિભાવરૂપ પરિણમો,...'** એમ છે. બેંકમાં પૈસા આત્મા મૂકી શકતો નથી એમ કહે છે. અને બેંકમાં લેવા જાય ત્યારે લઈ શકતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? હમણાં એક કહેતા હતા. આવ્યા હતા. કેટલા લાખ? ૭૦-૯૦? ૭૦ લાખ બેંકમાં પડ્યા છે ભાઈના. ત્યાં ન્યાલચંદના. ત્યાં સ્વીત્ઝરલેન્ડમાં. ૭૦ લાખ બેંકમાં મૂક્યા છે ૭૦ લાખ. એમ કીધું, મૂક્યા પણ નથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અને લીધા પણ નથી. એય.. હિંમતભાઈ! માનવું છે ને કલ્પના. ભ્રમણા છે. આહાહા..! કહો, પોપટભાઈ! શું હશે આ? ભાઈ!

મુમુક્ષુ :- .. માયાજાળ

ઉત્તર :- માયાજાળ માન્યતા તારી છે, ભાઈ! છોડ, છોડ માયા-કપટ. એ માયા મોહ છે, છોડી દે. સમજાય છે કાંઈ? હું પરદ્રવ્યને ગ્રહું... નજર કર તારા ઉપર. એ માટે છે. તારી નજર પર ઉપર છે ગ્રહુ, લઉં એ વાત સાચી નથી, ખોટી છે. સમજાણું કાંઈ? માર તલવારની. '.. કાઢ લે .. દુશ્મન, લાગે કાઠી .. ઘડી રી. માગી કાઢ લે માર લે તાડ લે દુશ્મન...' મિથ્યા ભ્રમણા છે કે હું આને ગ્રહુ ને મૂકું. ઈ છોડી દે. સમજાણું કાંઈ? આહાહા..! કોને બાપા કહેવા? આહાહા..!

વળી બીજી વાત લે છે. આ થોડો આહાર છોડે. એમ નથી? પોતે આહાર-પાણી છોડે. ૨૫ જણાને કહે ત્યારે એને સખ થાય. મારે આનો ત્યાગ છે, મારે આનો ત્યાગ છે, મારે આનો ત્યાગ છે. સમજાય છે? એ મારે આનો ત્યાગ છે એ પણ અભિમાન સેવે છે એમ કહે છે. સમજાણું કાંઈ? અને મારી હવે બંધી પૂરી થઈ ગઈ છે, હવે હું વસ્તુ લઈશ. એમ કરીને પૂરી થઈને ઓલો ત્યાગ કર્યો છે એ બહાર પાડવો છે એણે. મનસુખભાઈ! મારે હમણાં ઘણા વર્ષથી ચોવિહાર છે. તો શું કરવું છે તારે? ચોવિહાર એટલે ચાર આહાર લેતો નથી. નથી લેતો એ વિકલ્પ હતો લઉં એટલે... વિકલ્પ નથી એ તો એ નથી આવતો. હવે તેં છોડ્યું એમાં ક્યાં આવ્યું? મેં ચોવિહાર કર્યો, મેં આહાર ત્યાગ્યો છે આટલા વખતથી. એ ત્યાગના પણ અભિમાન છે એને અંદર, કહે છે. એય..! શાંતિભાઈ! ભારે વાત ભાઈ! આટલા વખતથી મારે જોડા ખપતા નથી પચ્ચીસ વર્ષથી ચાલવામાં. એ વાત કરીને પણ હું ત્યાગ આનો કરું છું એવું એ અભિમાન પોષે છે. ૩૦ વર્ષથી હું રસ ખાતો નથી કેરીનો. સમજાણું કાંઈ? ૪૦ વર્ષથી મેં કંદમૂળ ખાધા નથી. શું કહેવું છે તારે હવે કહે ને? આટલા વર્ષથી હું ઊના પાણી પીઉં છું, ટાઢા પાણી પીધા નથી. શું કર્યું, પ્રભુ! તું શું કહે છે? એ વસ્તુ ગ્રહણ-ત્યાગ તો તારામાં છે નહિ. શેનો તેં ત્યાગ કર્યો અને શેનું ગ્રહણ છોડ્યું? શી રીતે તને આવ્યું આ? સમજાય છે કાંઈ? આહાહા..!

ભોગમાં હતો ત્યારે ભોગનું અભિમાન હતું અને ભોગનો ત્યાગ થયો ત્યારે ત્યાગનું. એ પણ થૂકવું જ્યાં હોય ત્યાં અભિમાન એનું. સમજાણું કાંઈ? એ મિથ્યા અભિપ્રાય છે તારો, ભાઈ! તારામાં હતું કે દી ગ્રહણ ત્યાગ તો તેં છોડ્યા અને મૂક્યાની તું વાતું કરે છે? એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? આહાહા..! આટલા વર્ષથી રસ ખપતો નથી, ગોળ, ખાંડનો ત્યાગ છે. એમ કહે છે ને? પથારીમાં એક જ ગોદડું ખપે છે, ઓઢવામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એક જ પછેડી ખપે છે. બીજી ખપતી નથી. શું કહેવું છે પણ તારે હવે? કહેવું છે શું કહે ને? મારે આનો ત્યાગ છે. બાપુ! એ મારે આનો ત્યાગ છે એ અભિપ્રાય તારો જૂઠો છે એમ કહે છે અહીં. જે આત્મામાં આવ્યું નથી, હતું જ નહિ એને ત્યાગ્યું કેમ તું કહેવા માગે છો? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાતું ભાઈ! જેણે ગ્રહ્યું જ નહોતું કોઈ દી એને તું ત્યાગું છું એમ કહીને શું તારે કહેવું છે? સમજાણું કાંઈ?

જીવોને અભિમાન મિથ્યાત્વ પોષવાના પ્રસંગ અનંત, છૂટવાનો એક આત્માનો આશરો. ભગવાન આત્મા ચિદાનંદ સ્વરૂપ પ્રભુ, એનો આશરો લે. ભ્રમણા છૂટી જશે. ભ્રમણાના નિમિત્તો અનેક. જ્યાં ત્યાં, જ્યાં ત્યાં ભ્રમણામાં ભરાઈ ગયો છે. સમજાણું કાંઈ? અમારો કંઠ આવો, અમે ભાષા બોલીએ તો મીઠી આવી, સામાને આમ પ્રિય લાગે અને અમારી ભાષાથી દુનિયા ખેંચાઈ આવે. અમે એવો ઉપદેશ કરીએ કે પૈસા ખંખેરી નાખીએ. ઝાડને જેમ ખંખેરે સૂકા ઝાડને. સૂકા ઝાડને. બોર-બોર સૂકા થયા હોય ને આમ આમ હલાવે ને ખંખેરે, એમ પૈસાવાળાને એવો ઉપદેશ દે કે ખંખેરી નાખીએ. એ.. પોપટભાઈ! બાયડીને ખંખેરી નાખીએ એવો ઉપદેશ.. તમે પણ શેની અહીં? તમે દાસી છો એની? નોકર રસોયાણીને રાખે તો રસોયાણીને ૨૫ રૂપિયાનો પગાર આપે. ૩૦, ૪૦નો. અત્યારે તો ૪૦માં રહેતી નથી. પહેલા. મહિનાના ૨૫ અને બાર મહિનાના ૩૦૦ તો આ ૪૦ વર્ષથી (કામ કરીએ છીએ) એના કેટલા? એટલું દાન દેવાની તમારી વૃત્તિ ખરી કે નહિ? કે તમે ભિખારણ છો? એય..! પોપટભાઈ! એ એને પૂછવું પડે પાછું. સાંજે ઘીનું બોલવું ઈ બોલું કે નહિ? કેટલા મણનું બોલું? એ પૂછે ત્યારે એને બોલાય. પોપટભાઈ! આમ થાય છે કે નહિ? ચાલી રહ્યું છે? આહાહા..!

એક જણ એમ કહેતો હતો એવો ઉપદેશ દઈએ, એવો ઉપદેશ કે દાગીના પહેર્યા હોય એ છોડાવી દઈએ એ વખતે. દાગીના પહેર્યા હોય. પણ તમારો હક્ક ક્યાંક ખરો કે નહિ? દાસીઓનો હક એને પોતાને મહિને ૨૫નો, ૫૦નો પગાર આવે તો ૧૨ મહિને પાંચસો અને ૨૫ વર્ષ થાય તો ૧૨ હજાર, સાડા ૧૨ હજાર (થાય). એટલો હક ખરો કે નહિ તમારી પાસે? તમારા ધણી પાસે ૨૫ લાખ છે અને સાડા બાર હજાર દેવાનો હક છે કે નહિ કાંઈ? નોકરની પેઠે? એટલા પૈસા છે કે નહિ? ન હોય તો દાગીનો છે કે નહિ તમારી પાસે અત્યારે? આમ જ્યાં કહે ત્યાં ઢગલો. ઓલા હતા નહિ? મણિભાઈ કોઠારી. મણિલાલ કોઠારી. ભાષણ એવું કરે. મણિલાલ કોઠારી હતા, ગોંડલવાળા. ઈ કહેતા. અમને મળ્યા હતા, (સંવત) ૧૯૯૦માં. હજારો માણસ અહીં તો ભેગા થાય તો વાત કરીએ તો આમ કરે. ધૂળેય નથી, કીધું. શું ખંખેરે?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- મૂળ લીંબડીના.

ઉત્તર :- મૂળ લીંબડીના. એ જોરાવરમાં મળ્યા હતા. વઢવાણમાં નહિ? ૯૦માં. હજારો માણસ આમથી અને હજારો આમથી. બેય બાજુ માણસ માણસ. અમે જ્યારે નીકળ્યા ને. આ કહે કે એ તો ખંખેરી નાખે એવો છે. બીજો સાધુ કહેતો હતો કો'ક. નામ ન લેવું. અમે તો ઉપદેશ એવો દઈએ. પૈસા અમારી પાસે નથી. પણ પૈસા હોય એના ખંખેરી અમે નાખીએ. એના ઝાડ સૂકા કરાવીને ખંખેરી નાખીએ અને રાગ ઘટાડીએ. લાવ. તારા અભિમાન છે મૂકને મફતનો. ભાષા તારી નથી. ભાષા તેં ગ્રહી નથી અને ભાષા મૂકતો નથી. આહાહા..! કહો, સમજાણું?

૨૦૦૬ સાલમાં એમ કહેતા હતા ત્યાં. વિલાયત... શું કહેવાય એ? પાલિતાણા. પાલિતાણા ગયા તો કહે, પરમાણુ કેવળી પહેલે સમયે ગ્રહે, બીજે સમયે છોડે. આ કહે કે પરનું કરી શકે નહિ. એમ નહિ. નહિ. ભાષા બોલી શકે નહિ એમ કહે છે આ. નહિ, ભગવાન પહેલે સમયે પરમાણુને ગ્રહે અને બીજે સમયે છોડે. એય..! પોપટભાઈ! જેઠાભાઈ! અરે..! ભગવાન! શું તું કહે છો આ? ભાઈ! રજકણોને આત્મા ગ્રહે અને છોડે, બાપુ! એમાં નથી.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં લખ્યું છે.

ઉત્તર :- લખ્યા. લખ્યા શાસ્ત્રમાં. લખ્યાના અર્થ આવડવા જોઈએ કે નહિ? સમજાય છે? એમ કહે કે પણ મુઓ તો કે નહિ? કે મરી ગયો હતો એમ કહે? દુકાન સોંપીને ગયો હોય ને એનો બાપ? ઉઘાડી દુકાન હોય અને દાણા-બાણા ૨૫ મણના ઉઘાડા પડ્યા હોય અને બકરો ત્યાં ખાઈ ગયો. ઓલો રમવા ગયેલો. પછી એનો બાપ કહે, મુઓ તો કે નહિ? એટલે મરી ગયો હતો એમ કહેવું છે એનો અર્થ? મુઓ હતો કે નહિ? એટલે મરી ગયો હતો એમ કહેવું છે? કે જીવતો હતો કે નહિ? એમ કહેવું છે. બેઠો હતો કે નહિ એમ કહેવું છે. પોપટભાઈ! આહાહા..! ભાષામાં શું કહેવું છે એને સમજ્યા વિના...

ભગવાન આત્મા. કહે છે કે તારી અવસ્થાને છોડ અને નવી અવસ્થાને ગ્રહણ કર. બસ! એટલી તારી મર્યાદા છે. પરવસ્તુના કોઈપણ રજકણને આહારને, પાણીને, શરીરને ગ્રહવું-છોડવું આત્માના દ્રવ્ય-ગુણમાં તો નથી પણ એની પર્યાયમાં નથી, પણ એના વિકારભાવમાં એ તાકાત નથી. સમજાણું કાંઈ? અભિમાન છૂટી જાય. નહિતર અભિમાન પોષાશે. મરી જઈશ, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**પોતાનાં જ પરિણામનાં ગ્રહણત્યાગ છે,...**' બહુ આ તો મહાસિદ્ધાંતો છે. આહાહા..! પ્રભુ! તારા પરિણામમાં ત્યાગ થાય પૂર્વની પર્યાયનો. નવી પર્યાયનું ગ્રહણ થાય. બસ! એટલી મર્યાદા. વસ્તુ તો વસ્તુ ધ્રુવ છે. બાકી પરવસ્તુને ગ્રહવું-છોડવું એનામાં નથી. '**પરદ્રવ્યના**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**ગ્રહણત્યાગ તો જરા પણ નથી.**' એમ છે ને? જરીએ નથી. આપણે ધ્યાન રાખીએ તો વ્યાજ સારું ઊપજાવી શકીએ. સારા ઠેકાણે દઈએ તો વ્યાજ ઊપજે, ખરાબ ઠેકાણે દઈએ તો માલ પણ ચાલ્યો જાય. કહો! એ બરાબર વાત હશે કે નહિ? આહાહા..!

મુમુક્ષુ :- ધ્યાન રાખીને ચાલીએ તો..

ઉત્તર :- પડી જાય. હા. સવારમાં નહોતું કહ્યું કે ચાલતા ચાલતા જુઓ, બે પગ ચાલે છે એમાં એક પગ ઉપર આખું શરીર છે, કીધું. ચાલે ત્યારે એક પગ ઉપર શરીર છે ને? કારણ કે એ પગ જ્યારે ઉપડે ત્યારે ઓલો પગ આમ બેસે. એક પગ ઉપર શરીર હોય છે એમ.

મુમુક્ષુ :- એક પગથી બીજે...

ઉત્તર :- એક પગ ઉપર જ ચાલે છે આમ. જો એમાં અહીંથી ઉતર્યો અને અહીં દીધો હોય અને આમ થઈ ગયું હોય તો પડે. એ ધ્યાન ન રાખે માટે પડે ને? આહાહા..! શું કરે ભાઈ! એ તો બળદ ચાલતા હોય એના ઉપરથી વિચાર આવ્યો. બળદ ચાલે ને. મોઢા આગળના બે પગ મોઢા આગળ મૂકે એટલે પાછો પટ પટ ચાલતો હોય. આને બે છે કીધું. પણ આને એક પગે આખું શરીર તોળાય છે. ચાલતા. અને ઓલો પગ ઊંચો થાય ત્યારે શરીર એક પગે રહે આમ ટકતું. વળી પગ બેસે ત્યારે આ પગે ઊંચો રહે. એ પગથી ગતિ કરે છે આત્મા એ વાત પણ ખોટી છે, કહે છે. પગને ઉપાડ્યો જ નથી. આત્મા પગને ગ્રહતો જ નથી. આહાહા..! અને એ પગ ઉપાડ્યો આમ ઓલીપણે મૂક્યો, એ ગ્રહ્યું અને ઉપાડ્યો એ છે જ નહિ. ઉપાડાવાની શક્તિ નથી અને મૂકવાની શક્તિ એની પર્યાયમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**પરદ્રવ્યનાં ગ્રહણત્યાગ તો જરા પણ નથી.**' આહાહા..! કહો, લાકડી હાથમાં ઝાલી અને ટેકે ચાલે. કહે, બરાબર છે. ઝાલજે બરાબર લાકડી એમ નથી કહેતા? પકડી શકતો જ નથી આત્મા. કહો, સમજાણું કાંઈ? ટેકો રાખજે ટેકો. ફલાણું કરજે, ઢીંકણું કરજે, ટેકો આપજે. ભારે ભાઈસાહેબ જગતની. કહે છે, કોઈનો ટેકો લેતો નથી અને કોઈને ટેકો દેતો નથી. આહાહા..! પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગ જરીએ આત્મામાં ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. અજ્ઞાની માનીને ભ્રમણામાં પડ્યો છે.

'**આ રીતે આત્માને આહાર નહિ હોવાથી તેને દેહ જ નથી.**' લ્યો! આ છેલ્લી ગાથાઓ છે તો મુનિની છેલ્લી દશામાં દેહ છોડું કે આહાર છોડું એવો એને વિકલ્પ હોતો નથી. સમજાય છે કાંઈ? એ તો છૂટેલી ચીજ છે. શરીર અને આહાર છૂટેલી ચીજ છે એને છોડવી, છૂટેલીને છોડવી એનો અર્થ કે મેં ગ્રહણ કરી હતી એવી એની માન્યતા થાય

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. સમજાણું કાંઈ? પોતાનો ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ સ્વરૂપમાં અંતર કેલી કરે છે એટલે રાગ છૂટી જાય છે. એટલે એના પ્રકારના નિમિત્તોનો આહાર અને શરીર છૂટી જાય છે. પણ આત્મા છોડે છે કે ગ્રહ્યું છે એમ છે નહિ.

**'આત્માને દેહ જ નહિ હોવાથી, પુદ્ગલમય દેહસ્વરૂપ લિંગ...'** હવે આવ્યું. એ દેહ નથી. આહાર નથી માટે દેહ નથી અને દેહ નથી માટે લિંગ નથી એમ કહેવું છે. કહો, મુનિનું લિંગ હોય છે ને નગ્ન? મુનિનું લિંગ નગ્ન દિગંબર હોય છે. કહે છે કે એ લિંગ આત્માને છે જ નહિ. એ વાત લાવ્યા છે હવે. સમજાણું કાંઈ? **'પુદ્ગલમય દેહસ્વરૂપ લિંગ (-વેષ, ભેખ, બાહ્ય ચિહ્ન)...'** શ્રાવકને ક્ષુલ્લક હોય તો એને કોપિન આદિ ચિહ્ન હોય. એ મોક્ષનું કારણ નથી. કહો, **'પુદ્ગલમય દેહસ્વરૂપ લિંગ (-વેષ,...'** એ મોક્ષનું કારણ નથી. કહો, સમજાણું કાંઈ? નગ્ન દશા કે ભેખ બહારનો એ બધું મોક્ષનું કારણ નથી. કેમ કે એને દેહ નથી તો એનું લિંગ નથી, તો લિંગ નથી તો લિંગને વળી મુક્તિ થાય એમ છે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ?

**'એવા અર્થનું, આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય હવે કહે છે :-'**

**एवं ज्ञानस्य शुद्धस्य देह एव न विद्यते।**
**ततो देहमयं ज्ञातुर्न लिङ्गं मोक्षकारणम्।।२३८।।**

**'શ્લોકાર્થ :- આમ શુદ્ધ જ્ઞાનને દેહ જ નથી;...'** ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ, એવું જે જ્ઞાનનું ભાન થયું અને ભાન ન થાય તો પણ એનો લિંગ નથી. અહીં તો ભાન થયું એની વાત છે. **'તેથી જ્ઞાતાને દેહમય લિંગ...'** તેથી જ્ઞાતાને (અર્થાત્) આત્મા જાણનાર-દેખનાર ભગવાન આત્મા છે એને **'દેહમય લિંગ મોક્ષનું કારણ નથી.'** કહો, સમજાણું કાંઈ? નગ્નપણું એ મોક્ષનું કારણ નથી એમ કહે છે. એ તો દેહનું લિંગ છે. દેહ જ એને નથી (તો) એનો લિંગ અને ભેખ ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સંહનન..

ઉત્તર :- સંહનન-ફહનન એને છે જ નહિ. સંઘયણ-સંહનન હોય તો કેવળજ્ઞાન થાય. એ છે જ નહિ ને. દેહ જ નથી. દેહના ભેખ જ નથી. અહીં તો બધી ક્રિયાઓ-વિકલ્પ બધો ભેખ-બેખ છે. બહારનું પહેલું લીધું. આગળ લેશે અંદરના વિકલ્પો ઉઠે છે એ પણ મોક્ષનું કારણ નથી. સાધુને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ ઉઠે એ પણ મોક્ષનું કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! છેલ્લી ગાથાઓ છે ને એટલે આચાર્ય ઠેઠ આત્માની બેહદ દશા છે ત્યાં લઈ જાય છે. આ નહિ રે નહિ, બાપુ! નગ્નપણું થયું માટે મુનિપણું છે અંદર? ના. નગ્નપણું દેહ જ નથી ત્યાં એને વળી મુનિપણું એને લઈને ક્યાંથી આવ્યું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમ કહે છે. સમજાણું કાંઈ? લિંગ તો ઘણા પ્રકારના વર્ણવ્યા છે શાસ્ત્રમાં બીજા. વાણીથી બીજાને વિનય કરે એ પણ એનું ચિહ્ન કહેવાય ઉપકરણનું. સમજ્યા? એ લિંગ કાંઈ મોક્ષનું કારણ નથી.

'**તેથી જ્ઞાતાને દેહમય લિંગ મોક્ષનું કારણ નથી.**' તો આમાંથી પાછા કેટલાક એવું કાઢે છે. સમજાણું કાંઈ? કાલે આવ્યું હતું એમાં-આ અમર ભારતીમાં. જુઓ! વસ્ત્રના આગ્રહ શું કરવા? વસ્ત્ર હોય તો પણ મુક્તિ થઈ શકે છે. મમતા ન રાખવી. અને વસ્ત્ર રાખે મમતા વિનાની. તમે કેમ આહાર-પાણી કરો છો મમતા વિના? એમ કોઈ વસ્ત્ર મમતા વિના રાખે તો એનો આગ્રહ શો? કે મુનિપણું એમાં ન હોય. એમ કહે છે.

મુમુક્ષુ :- પોતાની વાત બધા ઊંધે

ઉત્તર :- ઊંધે રવેડે ચડ્યા છે. સાંભળને! આ તો બીજી વાત કરે છે. વેષ તો જ્યારે આત્માનું મુનિપણું હોય, અંતર વીતરાગદશા પ્રગટી ત્યારે તો નગ્નપણાનો જ વેષ હોય. વસ્ત્ર-પાત્ર લેવાનો વિકલ્પ એને હોય નહિ. છતાં એ વેષ છે એ મુક્તિનું કારણ નથી. એમ કહેવું છે. અને એટલે બીજો ભેખ આડોઅવળો હોય એમ નથી કહેવું. આહાહા..! લ્યો, ઈ લખ્યું. અમર ભારતીમાં લખ્યું છે. બેયનો સમન્વય કરવો. દિગંબર અને શ્વેતાંબર. બેયને એમ કે એને પણ મોક્ષ થાય અને એને પણ મોક્ષ થાય. દાખલો (આપ્યો છે કે) હરિભદ્રસૂરિ આમ કહે છે, .. આવે છે. દિગંબરો .... પણ સમભાવ કોને કહેવો?

મુમુક્ષુ :- ... વળી પાછા એને મોક્ષ થાય?

ઉત્તર :- કાંઈ મેળ નહિ. આ લિંગની વ્યાખ્યામાં તો લિંગ હોય તો એવું જ હોય એ વાત બરાબર છે. પણ લિંગથી મોક્ષ નથી એમ કહેવામાં આવ્યું છે. માટે મોક્ષ નથી માટે લિંગ ગમે તેવું હોય, મુનિનો ભેખ પછી વસ્ત્રવાળો હોય ને પાત્રવાળો હોય ને ઓઢણા ઓઢ્યા હોય ને ધાબળા ઓઢ્યા હોય ને મુનિપણું રહે, મુનિપણું હોય. એ વાત અહીં સિદ્ધ નથી કરવી. એ તો હોય જ નહિ.

મુમુક્ષુ :- કોટ, પાટલુન પહેર્યા હોય...

ઉત્તર :- કોટ, પાટલુન.. એ પણ કોઈક કહે છે. આહાહા..!

ભાઈ! એ અંતર દશા જ્યાં સ્વરૂપની દૃષ્ટિ ઉપરાંત જ્યાં સ્વરૂપમાં લીનતા જામી એને એ વસ્ત્રનો વિકલ્પ હોય નહિ અને વસ્ત્ર એના સંગમાં વિકલ્પપૂર્વકના નિમિત્ત નૈમિત્તિક સંબંધમાં ન હોય. કોઈ ઢાંકી દે ધ્યાનમાં હોય નાખી દે તો એને તો ત્યાગ જ વર્તે છે. સમજાય છે? પણ વિકલ્પ છે લેવાનો અને એમ કહે કે અમારે મુનિપણું છે, (એ) મિથ્યાદૃષ્ટિ છે. વસ્તુને સમજતો નથી. છોટાભાઈ! ભારે માર્ગ ભાઈ આ તો. છતાં એ વિકલ્પ ને નગ્ન દશા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તે મોક્ષનું કારણ છે એમ નથી. એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

ભાઈ એ કહેતા અમારે લાલનજી. જુઓ! જે આગમનો આગ્રહ લિંગનો હોય તે ખોટું છે. સમાધિશતકમાં આવે છે. પણ એ લિંગથી મોક્ષનો આગ્રહ હોય એને ખોટું એમ કીધું છે. ભારે લડાવે વાત. સમજાય છે? ભગવાનને પણ વસ્ત્ર હતું. ઈન્દ્રોએ આપેલું બાર મહિના. પછી બાર મહિના પછી શાસ્ત્રમાં તો બહુ નથી.. કલ્પસૂત્રમાં વળી એટલું આઘા લઈ ગયા. વળી એના મામા આવ્યા. મામા આવ્યા ને? કોણ આવ્યું? બ્રાહ્મણ આવ્યો. મામાનો મિત્ર. મામાનો મિત્ર. આપણે કાંઈ બહુ વાંચેલું નહિ. મિત્ર આવ્યો હતો અડધું ફાડીને આપ્યું ભગવાને કપડું. બધી વાતો વિપરીત અને કલ્પિત છે. એય.. શાંતિભાઈ! આવી વાત છે ભાઈ!

એવું લગાડી દે જ્યાં-ત્યાં. જુઓ! આ લિંગ મોક્ષનું કારણ નથી માટે ગમે તે લિંગ હો. એમ નથી. હમણાં પણ ત્યાં બહુ બોલાણું હતું. વવાણિયા. 'જાતિ વેશનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય સાધે તે મુક્તિ લહે એમાં ભેદ ન કોઈ.' જ્યાં ત્યાં લગાડે એ. સમજાય છે? એમ ન હોય ત્રણ કાળમાં. 'જાતિ વેશનો ભેદ નહિ...' એનો અર્થ એ કે 'કહ્યો માર્ગ જો હોય...' તો જે જાતિ ને વેષ હોય તે જ હોય, બીજી જાતિ અને વેષ હોય નહિ. એવો અર્થ કર્યો છે આપણે. સમજાણું કાંઈ?

(સંવત) ૧૯૯૫ની સાલમાં એ અર્થ કર્યો છે. આ છે ને આત્મસિદ્ધિમાં? આશય એમનો બીજો છે. પણ આપણે સાચો અર્થ કર્યો છે. ખળભળાટ થઈ જાય કે એય.. આમ નથી. ફૂંક્યું હતું હમણા કો'કે. બધાને એવું લાગે સમન્વય. ઓહોહો..! ભાઈ! એમ નથી. ભગવાન! તને ખબર નથી. ભાઈ! જાતિમાં ચંડાળની જાતિ હોય તો એને સાધુપણું ન હોઈ શકે, એને કેવળ ન હોઈ શકે. સમજાણું? અને બ્રાહ્મણ અને ક્ષત્રિયને વેશ છે માટે એને કેવળ અને મુનિપણું આવે એમ છે? એમ નથી. પણ જેને ચંડાળની જાતમાં જન્મ થયો છે એને મુનિપણાના પરિણામ આવવાને લાયક જ ન હોય એ. અને જેને વેશ બીજો છે, નગ્નપણા સિવાયનો બીજો ભેખ હોય, બુદ્ધિપૂર્વક કર્યો હોય અને મુનિપણું હોય, ત્રણ કાળમાં બને નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? પોપટભાઈ! બહુ વાતું એવી છે આકરી. કહો, મોહનભાઈ! આહાહા..! બધાને સારું લગાડવા અને બધું સરખું કરવા એવી જાણે ગડબડ ગડબડ કરે. એમ ન થાય.

માર્ગ તો 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' એનો વ્યવહાર અને નિમિત્ત હોય તે જ હોય, બીજું હોઈ શકે નહિ. ગતિ કરે ત્યારે ધર્માસ્તિકાય નિમિત્ત હોય. બીજું કોઈ નિમિત્ત હોય? ત્યારે કહે, ગમે તે નિમિત્ત હોય. એમ ન હોય. જીવ અને જડ ગતિ કરે તો ધર્માસ્તિ જ નિમિત્ત હોય, સ્થિર થાય ત્યારે અધર્માસ્તિ નિમિત્ત હોય. એમ મુનિપણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આવે ત્યારે નગ્નપણું અને વિકલ્પ શુભ એ નિમિત્ત હોય. બીજું હોઈ શકે નહિ. ગતિ કરતાં પછી પુદ્‌ગલનું નિમિત્ત હો, ગમે તેનું હો. એમ છે? એમ હોઈ શકે? સમજાણું કાંઈ? પણ એ નિમિત્ત છે એ લિંગ, માટે મોક્ષનું કારણ લિંગ છે એમ નથી. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? નગ્ન ભેખ થઈ ગયો અને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ છે રાગના માટે તે ધર્મ છે અને મોક્ષનું કારણ છે એમ ત્રણ કાળમાં નથી.

આમ શુદ્ધ જ્ઞાનને દેહ જ નથી. ભગવાન આત્મા જ્ઞાન તો શુદ્ધ જ ચૈતન્ય છે. એને દેહ કેવો? '**તેથી જ્ઞાતાને...**' જાણનાર-દેખનાર ભગવાન આત્માને '**દેહમય લિંગ મોક્ષનું કારણ નથી.**' સમજાણું? છે ને? ગમે તે હોય. પૂરુષલિંગ હોય દેહનું, સ્ત્રીલિંગ હોય દેહનું તો કેવળ થઈ શકે. એમ નથી. સમજાણું કાંઈ? વાત એવી છે, ભાઈ! સનાતન પરમાત્માનો સત્ય માર્ગ એ ધારાએ નિશ્ચય અને વ્યવહાર જે રીતિ છે તે ચાલ્યો આવે છે. એમાં ફેરફાર કરવા જાય તો કાંઈ થાય એવું નથી. સ્ત્રીનું શરીર (હોય તો) શું નડે? ના પાડી છે ને (કે) આત્માને શરીર નથી. પછી સ્ત્રીનું શરીર હોય તો વાંધો શું છે મુનિપણું આવવાને? એને લઈને નથી. પણ શરીર જેનું હોય એવું એને મુનિપણાના પરિણામ આવવાને એનો આત્મા લાયક નથી. એમ છે અંદર. સમજાણું કાંઈ?

'**શુદ્ધ જ્ઞાનને દેહ જ નથી; તેથી જ્ઞાતાને દેહમય લિંગ મોક્ષનું કારણ નથી.**' દેહનું લિંગ ગમે તે હો. જે મુનિને યોગ્ય મુનિને અને ક્ષુલ્લક કે એલ્લક, કોપીન આદિ પણ એ કાંઈ મોક્ષનું કારણ નથી. સમજાણું? હોય ક્ષુલ્લકને કોપીન એક જ કે એવો અમુક વસ્ત્રનો ટૂકડો. છતાં એ કાંઈ ધર્મ નથી અને ધર્મનું કારણ નથી.

'**હવે આ અર્થને ગાથામાં કહે છે :-**'

**पासंडीलिंगाणि व गिहिलिंगाणि व बहुप्पयाराणि।**
**घेत्तुं वदंति मूढा लिंगमिणं मोक्खमग्गो त्ति।।४०८।।**
**ण दु होदि मोक्खमग्गो लिंगं जं देहणिम्ममा अरिहा।**
**लिगं मुइत्तु दंसणणाणचरित्ताणि सेवंति।।४०९।।**

હમણાં ભાઈ આવ્યું છે ને ઓલી ચોપડીમાં પણ. હમ્પીમાં પણ આવ્યું છે. આ ગાથા મૂકી છે, આ જ ગાથા મૂકી છે. જુઓ! કુંદકુંદાચાર્ય કહે છે કે લિંગ મોક્ષનું કારણ નથી. પછી ગમે તે લિંગ હો. જાતિ વેશ ગમે તે હો, કેવળ થઈ શકે છે. પંદર ભેદે મુક્તિ થાય છે. એમાંથી એક ભેદની ના પાડે તો અનંત સંસારી છે. એમ લખ્યું છે. ભગવાન! શું કરે છે તું આ? આહાહા..! ઈ માટે આ કહે છે આ? એ માટે કહે છે? વેશ ગમે તે લિંગ હોય એમ અહીં કહ્યું છે? એ વાત જ ક્યાં છે અહીં? હવે એ નાખ્યું છે ઓલાએ. હમ્પી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હમ્પીનું હંબક. શું ચલવે છે આ તે કાંઈ.

આ વીતરાગ માર્ગ છે. અનાદિનો સનાતન પ્રવાહ માર્ગ છે. કોઈનો કલ્પેલો, ઈન્દ્રો અને કોઈક કરેલો પાંચમા આરાના માણસે કરેલો એવી વાત છે આ? સમજાણું કાંઈ? કહો, જગુભાઈ! એવું આવે છે. બધું હમણાં ખૂબ ચાલ્યું આ હમણાં શતાબ્દી થઈ ને. સો વર્ષની. મનસુખભાઈ! સો વર્ષની થઈ ને શ્રીમદ્‌ની શતાબ્દી. વચ્ચે ખુબ ચાલ્યું વવાણિયામાં, ફલાણામાં પુસ્તક છાપ્યા ને ઢીંકણામાં આ ને આ. આમ થાય.. આમ થાય. ગમે તે વેશ હોય, ગમે તે જાતિ હોય, પંદર ભેદે મુક્તિ થાય, સ્ત્રીથી મુક્તિ થાય, ગૃહસ્થ લિંગે મુક્તિ થાય. પંદર ભેદમાં આવે છે ને? ગૃહસ્થ ભેદે થાય, સ્ત્રી લિંગે થાય, અન્યમતિના બાવાનો-ફકીરનો ભેખ હોય તો મોક્ષ થાય. અહીં ના પાડે છે. જૂઠું છે. એમ છે નહિ. એય..! પોપટભાઈ!

આત્માની જ્યાં દૃષ્ટિ થઈ છે, શુદ્ધ ચિદાનંદ મૂર્તિ (છું), એ ઉપરાંત જ્યાં આત્માના આનંદની દશા અને ઉગ્રતા સ્વસંવેદન વધી ગયું છે એવા મુનિને નગ્નપણું જ હોય. એને વસ્ત્ર-પાત્ર હોઈ શકે નહિ. છતાં તે નગ્નપણું તે મુનિપણું, નગ્નપણું મોક્ષનું કારણ નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? ભેખ લીધો નગ્ન થઈ ગયા માટે હવે આપણે સાધુ થઈ ગયા. કોણે કીધું તને સાધુ? સાધુ તો, આત્મા અનંતગુણનો પિંડ સચ્ચિદાનંદ પ્રભુ એને જગાડીને, જાગીને શાંતિ ને આનંદને જેણે મેળવ્યો છે અંદરથી, આનંદના પિંડનો સ્વાદ જેને ઉગ્ર આવે છે... આહાહા..! અતીન્દ્રિય આનંદમાં ઝુલે છે અંદરથી, એની દશા નગ્ન જ હોય છે. છતાં તે નગ્નપણું અનંત આનંદનું કારણ નથી. સમજાણું કાંઈ?

ગમે તેવું નિમિત્ત હોય. એમ કીધું હતું ને? એય... ચેતનજી! લાકડી આમ હોય અને આમ આમ હોય. હવે સાંભળને! ગમે તેવું નિમિત્ત હોય? નિમિત્ત તો એ જ હોય. તો તો પછી તું એમ ખોસીશ કે ગતિમાં ધર્માસ્તિ નિમિત્ત હોય, કાળ પણ નિમિત્ત હોય, પુદ્‌ગલ પણ નિમિત્ત હોય. એમ કહે તો? એમ હોય નહિ. જે હોય તે જ હોય. એમ વાત છે. ત્યારે નિમિત્ત સિદ્ધ થાય ને. નહિ તો નિમિત્ત સિદ્ધ થાય કેમ? બધા હોય તો. સમજાણું કાંઈ?

આત્માના ધર્મ પામવામાં નિમિત્ત હોય તો સુદેવ-સુગુરુ-સુશાસ્ત્ર હોય. સમજાય છે? કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર નિમિત્ત થાય? સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્ર. એને વિકલ્પ હોય છે શુભનો. એ નિમિત્ત છે. પણ એનાથી મુક્તિ છે એમ નથી. કહો, સમજાણું કાંઈ? લ્યો, ગુરુને પકડ્યા. આ મારા મહારાજ છે. માટે મુક્તિ થાશે. ના. કોણે કહ્યું તને? વિકલ્પમાં તને શ્રદ્ધા હોય એટલી વાત છે. વિકલ્પ પણ પકડ્યો નથી ખરેખર સ્વભાવની દૃષ્ટિએ. અહીં તો હજી પરથી ભિન્ન પાડ્યું છે. સ્વભાવની દૃષ્ટિએ તો ભગવાન આત્મા વિકલ્પને પકડ્યો નથી અને વિકલ્પને

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છોડવો નથી એનામાં. એવી વસ્તુ છે. ભગવાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ, એના અંતરમાં ક્યાં રાગનું ગ્રહણ થઈ ગયું છે તે રાગ છોડે? એ તો સ્વરૂપની દૃષ્ટિ થઈ અને ઠરે છે, રાગ છૂટી જાય છે. નવો ઉત્પન્ન થતો, ઉત્પન્ન થતો. અંદર નહોતો. ઉત્પન્ન થતો એ સ્વભાવની અંદર સ્થિર થતાં એ ઉત્પન્ન થતો નથી. બસ. સમજાણું કાંઈ?

**બહુવિધનાં મુનિલિંગને અથવા ગૃહસ્થીલિંગને**
**ગ્રહીને કહે છે મૂઢજન 'આ લિંગ મુક્તિમાર્ગ છે'. ૪૦૮.**
**પણ લિંગ મુક્તિમાર્ગ નહિ, અર્હંત નિર્મમ દેહમાં**
**બસ લિંગ છોડી જ્ઞાન ને ચારિત્ર, દર્શન સેવતા. ૪૦૯.**

જુઓ! બેય આવ્યું.

લિંગ છોડીને એટલે લિંગનો આશ્રય અને લક્ષ છોડીને. એમ. એ વિશેષ કહેશે હવે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**મહા સુદ ૧૦, શુક્રવાર તા. ૮-૨-૧૯૬૮**
**ગાથા-૪૦૮ થી ૪૧૦, પ્રવચન-૪૮૧**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૪૦૮ અને ૪૦૯ ગાથા. ટીકા એની.

'**ટીકા :- કેટલાક લોકો અજ્ઞાનથી દ્રવ્યલિંગને મોક્ષમાર્ગ માનતા થકા મોહથી દ્રવ્યલિંગને જ ગ્રહણ કરે છે.**' શું કહે છે? કેટલાક લોકો આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ એના ભાવલિંગના ભાન વિના એકલા દ્રવ્યલિંગને એટલે શરીરની નગ્નતા કે બાહ્ય ભેખ એ મને મોક્ષનો માર્ગ છે એમ માનીને '**મોહથી દ્રવ્યલિંગને જ ગ્રહણ કરે છે.**' આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ એનો નિર્વિકલ્પ આનંદનો લિંગ, એને પ્રગટ્યા વિના, જાણ્યા વિના એકલો મોહથી આ ભેખ અને નગ્નપણું ગ્રહણ કર્યું એ મને મોક્ષનો માર્ગ છે એમ માનીને ગ્રહણ કરે છે એટલે કે ધારણ કરે છે. ખરેખર તો દ્રવ્યલિંગ પોતે ધારણ કરી શકતો નથી. પણ માન્યતામાં દ્રવ્યલિંગ ગ્રહણ થયું-નગ્ન ભેખ એટલે અમારે જાણે મોક્ષમાર્ગ થયો એમ માને છે. સમજાણું કાંઈ? અથવા એ વ્રતાદિના પરિણામ છે એ પણ રાગ વિકલ્પ છે. એ દ્રવ્યલિંગ છે. પંચ મહાવ્રત આદિના પરિણામ છે એ પણ રાગ છે. અને એનો બાહ્ય ભેખ છે એ શરીરની ક્રિયા છે. શરીરની ક્રિયાને ગ્રહવું એમ જે કહે છે એટલે એમ કે એ દશા જ્યાં થઈ એટલે એમ માને છે કે મારે કંઈ મોક્ષનો માર્ગ થયો. એમ નથી. મોક્ષમાર્ગ એ કાંઈ દ્રવ્યલિંગ ક્રિયા એ કાંઈ મોક્ષનો માર્ગ નથી.

'**તે (-દ્રવ્યલિંગને મોક્ષમાર્ગ માનીને ગ્રહણ કરવું તે) અનુપપન્ન અર્થાત્ અયુક્ત છે;...**' સમજાય છે કાંઈ? ભેખ ધારણ કર્યો સાધુપણાનો કે ગ્રહણ કર્યો માટે મોક્ષમાર્ગ થઈ જાય એ વાત તદ્દન જૂઠી છે. '**કારણ કે બધાય ભગવાન અર્હંતદેવોને,...**' અરિહંતદેવ પરમાત્મા તીર્થંકરદેવોએ '**શુદ્ધજ્ઞાનમયપણું હોવાને લીધે...**' શુદ્ધજ્ઞાનમય. આત્મા તો એકલો જ્ઞાનમય ચૈતન્ય શુદ્ધ છે. એવો આત્મા એમણે પોતે અનુભવી, સ્થિરતા કરી અને દ્રવ્યલિંગ જે શરીરનું નગ્ન ભેખ ધારણ છે તેમાં પણ તેનું મમત્વ છોડી એ દ્રવ્યલિંગનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**શુદ્ધજ્ઞાનમયપણું હોવાને લીધે...**' પોતે શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદ છે. એકલો જ્ઞાનનો, જ્ઞાનનો દરિયો સ્વરૂપ ચૈતન્ય છું, એવી શ્રદ્ધા, એવું જ્ઞાન અને એની લીનતા એ ત્રણેને શુદ્ધજ્ઞાનમય કહેવામાં આવ્યા છે. એ શરીરની ક્રિયા અને વ્રતાદિ તે શુદ્ધજ્ઞાનમય નથી. સમજાણું કાંઈ?

'**ભગવાન અર્હંતદેવોને,...**' પાઠમાં છે ને? '**णिम्ममा**'. '**देहणिम्ममा अरिहा**' વીતરાગ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

પરમાત્માએ આત્માનું પહેલું સમ્યગ્દર્શન જ્ઞાન તો કર્યું હતું. સમજાય છે કાંઈ? આત્મા... કેમ કરવું? કેમ કરવું એટલે? આત્મા આનંદ ને શુદ્ધ ચૈતન્ય છે તેના સન્મુખની દૃષ્ટિ કરીને સમ્યક્ કરવું. કહો, સમજાય છે? કોઈ ક્રિયાકાંડ કરવાથી તે પ્રાપ્ત થાય છે એમ નથી. ક્રિયા તો રાગની મંદતાનો ભાવ છે. ભેખ પણ જડની પર્યાય છે. એ વડે કાંઈ સમ્યગ્દર્શન થાય, સમ્યગ્જ્ઞાન થાય એમ છે નહિ.

'**ભગવાન અર્હંતદેવોને,...**' બધા ભગવાન એમ કીધું. અત્યાર સુધીના અનંત તીર્થંકરો થયા, અરિહંતો થયા, અનંત કાળથી અરિહંત થતા આવે છે. છે કે નહિ? મહાવિદેહ ક્ષેત્રમાં અત્યારે અરિહંત ભગવાન બિરાજમાન (છે). સીમંધર પરમાત્મા બિરાજમાન તીર્થંકર છે. વીસ તીર્થંકર બિરાજે છે. એ સિવાય લાખો કેવળજ્ઞાની બિરાજે છે મહાવિદેહક્ષેત્રને વિષે. ભરતક્ષેત્રથી આગળ આમ. એ બધા અરિહંત ભગવાનો સમ્યગ્દર્શન ને જ્ઞાન તો તીર્થંકર જે હોય એ તો પૂર્વભવમાંથી લઈને આવે. એટલે કે આત્માનો શુદ્ધ સત્તા શુદ્ધ સ્વભાવનો અનુભવ તો લઈને જ સ્વર્ગમાંથી આવે. સમજાય છે કાંઈ? ચારિત્ર વખતે સ્વરૂપમાં શુદ્ધજ્ઞાનમય હોવાને લઈને લીન થયા, પણ દેહની નગ્ન દશા કે ભેખ એનું મમત્વ નથી કે આ મને મોક્ષનો માર્ગ છે. એનો વિકલ્પ મમત્વને છોડી શુદ્ધજ્ઞાનમય આત્માનું સેવન કર્યું હતું. કહો, સમજાણું કાંઈ? આ શું કરવું આમાં? કઠણ પડે માણસને. કાંઈક બીજું એનું સાધન હશે? એ વસ્તુ પોતે ચૈતન્યઘન છે, આનંદપિંડ છે પ્રભુ. એની અંતર્મુખ દૃષ્ટિ કરી, એનું જ્ઞાન કરીને એમાં લીનતા થવી એનું નામ ભાવલિંગ નામ મોક્ષનું કારણ છે. દ્રવ્યલિંગ કંઈ મોક્ષનું કારણ નથી.

'**શુદ્ધજ્ઞાનમયપણું હોવાને લીધે...**' હોવાને કારણે. એમ. આ કારણે '**દ્રવ્યલિંગને આશ્રયભૂત શરીરના મમકારનો ત્યાગ હોવાથી,...**' શુદ્ધજ્ઞાનમય આત્મા છે એવી સ્થિરતા હોવાથી '**શરીરના મમકારનો ત્યાગ હોવાથી,...**' દ્રવ્યલિંગનો આધાર કોણ છે? શરીર. ભેખ. મમકારનો ત્યાગ હોવાથી. એનો મમકારનો ત્યાગ છે. મમકારનો ત્યાગ હોં! આ મારું છે અથવા એને અવલંબે કાંઈ સ્થિરતા થાય છે એવી મમતા છોડવી. કહો, સમજાણું કાંઈ? શરીર તો ચૌદમે ગુણસ્થાને છેલ્લે છૂટે છે. એને કારણે. અહીં એના પ્રત્યેનું મમત્વ છોડ્યું, આ ભેખ છે તે મોક્ષનું કારણ છે એમ નથી. એમ કે આપણે આ ભેખ લીધો સાધુપણાનો, હવે આપણે મોક્ષનો માર્ગ થઈ ગયો. ભેખ લીધો એમાં શું થયું? એ તો ભેખ અનાદિકાળથી લીધો અનંત વાર. એ તો જડની પર્યાય છે. અને કદાચિત અંતર પંચ મહાવ્રતના ભાવ હોય એ પણ શુભરાગ છે. પર તરફની વૃત્તિ ઉઠે છે એ પુણ્ય છે. મોક્ષમાર્ગ નથી. એથી કહ્યું ને શુદ્ધજ્ઞાનમય આત્મા. એકલો જ્ઞાનપિંડ પ્રભુ આત્મા એવી અંતર દૃષ્ટિ અને સ્થિરતા હોવાને કારણે ભગવાને અર્હંતોએ આમ કર્યું તો તમારે મોક્ષ જાવું હોય તો આમ કરવું એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કહે છે. સમજાય છે? મોક્ષ થવો હોય, કરવો હોય તો આમ કરવું. અનંત તીર્થંકરોએ આમ કર્યું. મહાપુણ્યશાળી પુણ્યવંત પરમાત્માઓ, એને પણ શરીરની સુંદરતા પરમ ઔદારિક શરીર તો પહેલેથી જન્મથી હતું. તીર્થંકરને તો શરીર પહેલેથી પરમઔદારિક હતું. પહેલેથી એને આહાર હોય. પેશાબ અને વિષ્ટા ન હોય. પહેલેથી ન હોય. એવું તો શરીર હતું એમ કહે છે. એ શરીરની નગ્ન દશાનું પણ મમત્વ છોડી એકલો ભગવાન આત્મા શુદ્ધજ્ઞાનમય છે-આવા કારણે તેની શરીરની મમતા છોડી. એ શરીરની મમતાનો ત્યાગ તે શરીરના ભેખનો ત્યાગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'દ્રવ્યલિંગને આશ્રયભૂત શરીરના મમકારનો ત્યાગ હોવાથી,...'** આ ત્યાગ. દેહ... એનો ત્યાગ કર્યો. **'શરીરાશ્રિત દ્રવ્યલિંગના ત્યાગ વડે...'** જોયું! **'મમકારનો ત્યાગ હોવાથી,...'** બે વાત કરી. ભગવાન શુદ્ધજ્ઞાનમયપણું હોવાને લીધે. એક વાત. આત્મા તો શુદ્ધજ્ઞાનમય છે. આ કારણે **'દ્રવ્યલિંગને આશ્રયભૂત શરીરના મમકારનો ત્યાગ હોવાથી,...'** સમજાણું કાંઈ? અંતરના માર્ગ સૂઝ પડ્યા વિના સૂઝે એવો નથી. કોઈ દી અભ્યાસ નહિ, સમજે નહિ અને એમ ને એમ આ ભેખ ધારણ કર્યા, થઈ ગયા અમે ત્યાગી અને થઈ ગયા અમે મુનિ. એમ નથી ભાઈ! એવા ભેખો અનંત વાર ધારણ કર્યા. નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે તો એવા મૂળગુણ અઠ્યાવીશ અને પંચ મહાવ્રત પાળ્યા કે શરીરના ખંડ ખંડ કરીને ખાર છાંટે, ખંડ કરીને ખાર છાંટે તો પણ ક્રોધ ન કરે. પણ આત્મદર્શન ન કર્યું અને આત્મજ્ઞાન ન કર્યું. સમજાણું કાંઈ? એટલે સ્વસન્મુખ જોયું નહિ. પરસન્મુખ જોઈને એ બધી ક્રિયાઓમાં પડ્યો. એમાં કાંઈ આત્માને ધર્મનો લાભ કાંઈ થયો નહિ. સમજાણું કાંઈ?

શું કરવું? કે ભગવાને આમ કર્યું એમ તારે કરવું. એમ કહે છે. મહા પરમેશ્વરો તીર્થંકરો જ્યાં જન્મથી ત્રણ જ્ઞાન લઈને આવ્યા, ઈન્દ્રો જેને જન્મથી પૂજતા એમણે પણ જ્યારે મુનિપણું લીધું ત્યારે સ્વરૂપમાં ઠર્યા છે એ તો. જ્ઞાનાનંદમય ચૈતન્યમાં ઠર્યા, અમૃતના પીણા પીધા. નિર્વિકલ્પ રસના પીણામાં (મગ્ન થયા). નિર્વિકલ્પ આનંદનું પીણું એનું નામ ચારિત્ર છે. એવા કારણે દ્રવ્યાશ્રિત જે દ્રવ્યલિંગ શરીરાશ્રિત છે તેનું મમત્વ છોડીને, મમત્વ છોડીને એમ કહ્યું ને? છોડીને કહો કે ત્યાગ હોવાથી.

**'શરીરાશ્રિત દ્રવ્યલિંગના ત્યાગ વડે...'** શરીરને આધારે જે ભેખ છે તેના મમત્વના ત્યાગ વડે, તેના લિંગના ત્યાગ વડે એમ કહેવામાં આવ્યું. **'દર્શનજ્ઞાનચારિત્રની મોક્ષમાર્ગપણે ઉપાસના જોવામાં આવે છે...'** જુઓ! આ ... આહાહા..! **'દર્શનજ્ઞાનચારિત્રની મોક્ષમાર્ગપણે ઉપાસના જોવામાં આવે છે...'** આત્મા આનંદમૂર્તિ પ્રભુ શુદ્ધ ચૈતન્ય એની અંતર શ્રદ્ધા, એનું જ્ઞાન અને એમાં રમણતા એ રીતે મોક્ષમાર્ગને ઉપાસવામાં, જોવામાં, જોવામાં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આવે છે એમ કહ્યું. જુઓ! ભગવાન આમ કરતાં હતા એ અમને જોવામાં આવે છે. અમે કરીએ છીએ એ પ્રમાણે ભગવાને કર્યું હતું એમ અમને જોવામાં આવે છે. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાષા એમ છે ને? '**लिंगं मुइत्तु दंसणणाणचरित्ताणि सेवंति**' એમ કીધું ને? સેવે છે. કોણ? ભગવાન. એમ પાઠ છે ખરો ને? ભગવાન સેવે છે. ત્યારે અહીં કહે છે કે, અમને જોવામાં આવે છે. એમ કીધું. સમજાણું કાંઈ? ભાઈ! માર્ગ બાપા! અંતરનો એવો છે. શુદ્ધજ્ઞાનની મૂર્તિ પ્રભુ આત્મા છે. એના સમીપમાં એની દૃષ્ટિ કરી, એનું જ્ઞાન કરીને એમાં રમણતા તે દર્શન-જ્ઞાન-ચારિત્રની સેવના કહેવામાં આવે છે. કહે છે કે ભગવાને તો દર્શન-જ્ઞાન-ચારિત્રને સેવ્યા છે ને? '**सेवंति**' સેવ્યા છે ને. ટીકામાં એમ કહ્યું, '**મોક્ષમાર્ગપણે ઉપાસના જોવામાં આવે છે...**' કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મુનિઓ તો અત્યારે જ છે આ પાંચમે આરે. તીર્થંકરો તો પહેલા થઈ ગયા ઘણા. અમને તો એમ જોવામાં આવે છે. પણ પોતે કર્યું છે ને કરે છે ને. નગ્નપણું છે, પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ છે છતાં તેના પ્રત્યેનું લક્ષ છોડી અને એકલો ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ સેવવામાં આવે છે એમ અમને જોવામાં આવે છે. એમણે આમ કર્યું હતું એમ અમને જોવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

પાઠ એમ કીધો ને? '**लिंगं जं देहणिम्ममा अरिहा। लिंगं मुइत्तु दंसणणाणचरित्ताणि सेवंति**' સેવે છે. કહો, સેવતા, સેવતા, સેવતા. ભગવાન પરમાત્મા તીર્થંકરદેવ અરિહંતોએ પણ, જેને નક્કી છે કે આ ભવમાં મુક્તિ છે જન્મ્યા ત્યારે છતાં એમણે પણ જ્યારે ચારિત્ર નામ સ્વરૂપમાં રમણતાને અંગીકાર કર્યો ત્યારે એમણે દેહની મમતા છોડી દીધી છે. દેહ છે એ મારો છે અને દેહના કારણે ભેખ છે એટલે મને કાંઈ મદદ મળે છે મોક્ષમાર્ગને એ મમતા છોડી દીધી. એ અમને જોવામાં આવે છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અરિહંતની મોક્ષમાર્ગની આવી દશા એ અમને જોવામાં આવે છે એમ કહે છે. સમજાણું કાંઈ? છે ને? '**दर्शनात्**' છે ને? દેખવામાં આવે છે. જુઓ! પાઠ છે ને? '**दर्शनात्**'. '**सेवंति**' '**दर्शनात्**' આહાહા..!

ભાઈ! આ શરીર છે, જડ છે એનો ભેખ છે ઈ જડ છે. અરે..! અંદર પંચ મહાવ્રતના વિકલ્પ ઉઠે દયા, દાનના, વ્રતના એ પણ પુણ્ય છે. એ પણ પરને આશ્રયે, પરને લક્ષે ઊભી થયેલી વૃત્તિઓ છે. બાપુ! એ કાંઈ ધર્મ નથી. એનો ત્યાગ કરીને એટલે કે તેના તરફનું લક્ષ છોડી દઈને આત્મા શુદ્ધજ્ઞાનમયની શ્રદ્ધા-જ્ઞાનને સેવના કરતા જોવામાં આવે છે. કહો, ભીખાભાઈ! આહાહા..! તું એમ કર. તારે જો ધર્મ મોક્ષ કરવો હોય તો. એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહે છે. બાહ્ય ભેખને કારણે, બહાર ભેખ લઈ લીધો માટે મોક્ષ થઈ જશે. પંચ મહાવ્રતના પરિણામ પાળ્યા માટે કદાચ બહારનો ત્યાગ કર્યો, રાગ મંદ પડ્યો એટલે મોક્ષ થઈ જશે, એમ છે નહિ. એવા તો અનંત વાર ભેખ ધારણ કર્યા. અને ભેખમાં પંચ મહાવ્રતના પરિણામ પણ અનંત વાર થયા છે. પણ આ કર્યું નથી. શુદ્ધજ્ઞાનમય પ્રભુ આત્મા છે કે જેમાં એ વિકલ્પ નથી. સમજાણું કાંઈ?

ભગવાન! '**શરીરાશ્રિત દ્રવ્યિલંગના ત્યાગ વડે...**' એટલે ઓલો મમકારનો ત્યાગ હોવાથી ત્યાગ વડે. એમ. શરીરાશ્રિત દ્રવ્યલિંગનો ત્યાગ કરીને. અરિહંતો દર્શનજ્ઞાનચારિત્રને મોક્ષમાર્ગ તરીકે સેવતા જોવામાં આવે છે. આહાહા..! વાહ! આવી દશા હોય એવી અમને ખબર છે. તો ભગવાને એવી દશા કરી હતી એ અમે જોઈએ છીએ, એમ કહે છે. કહો, સમજાણું આમાં? તારે કરવું હોય તો આ કર. આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ એનું પણ જ્ઞાન કર, રાગાદિ વિકાર છે એ પર છે તેની સમજ કર, શરીરાદિ જડની પર્યાય સ્વતંત્ર છે તેને સમજમાં લે અને સ્વભાવ સન્મુખ થઈને અંતર અનુભવમાં દૃષ્ટિમાં લે, પછી ઠરવાનું કર. બસ! એ દર્શન અને ચારિત્ર છે. સમજાણું કાંઈ? એ વિના મોક્ષનો માર્ગ બીજો નથી. એક જ માર્ગ કીધો. જુઓ! દર્શન, જ્ઞાન-ચારિત્ર સેવતા એમ કહ્યું. નિશ્ચય સેવતા એમ કહ્યું છે. વચ્ચે વ્યવહાર સેવતા હતા એમ નથી કહ્યું. સમજાણું કાંઈ?

શુદ્ધજ્ઞાનમયપણું હોવાને લીધે, પરના વિકલ્પનો ત્યાગ હોવાને લીધે. મોક્ષમાર્ગ દર્શન-જ્ઞાન-ચારિત્રની મોક્ષમાર્ગપણે સેવના જોવામાં (આવે છે), ઉપાસના-એ એની સેવા કરતા. ભગવાન આત્મા પોતાનો સ્વભાવ એની શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર રમણતાં એની સેવા કરતા. '**મોક્ષમાર્ગપણે ઉપાસના જોવામાં આવે છે...**' જોયું! પર્યાયની સેવા કરતાં જોવામાં આવે છે એમ કહે છે. પર્યાયપણે પરિણમતા હતા. સમજાણું કાંઈ? ત્યાગ વડે ભાવલિંગ એવું સ્વરૂપ દર્શન, જ્ઞાન અને ચારિત્ર. લોકોને બાહ્ય ત્યાગની ક્રિયા ઉપર લક્ષ જાય ઝટ. એનું કાંઈક સાધન હશે કે નહિ? પણ હવે આ શરીર તો જડ છે. એની ક્રિયા સાધન તને શું હોય? આ તો માટી છે-ધૂળ છે. અને રાગાદિ થાય એ વિભાવ છે. મોક્ષમાર્ગ તો સ્વભાવ છે. મોક્ષમાર્ગ સ્વભાવિક શુદ્ધજ્ઞાનમય એની પરિણતિ તે મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? અભ્યાસ નહિ, સાંભળવામાં મળે નહિ, વિચારમાં લે નહિ અને એને સમજાય શી રીતે? આ કાંઈ બહારની ચીજ છે? અંતર દૃષ્ટિએ જોવાની ચીજ છે એ અંતર્મુખ થાય તો એને ખબર પડે.

ભાષા આટલી કરી, ભાઈ! અરિહંતોએ આમ કર્યું ને. તો તારે મોક્ષનો માર્ગ દ્રવ્યલિંગ કેમ હોય? એમ કહે છે. ભાઈ! અમે તો પંચમ આરાના છીએ ને. અરિહંતો તો ચોથે આરે થઈ ગયા હતા. સમજાણું? એ તો ચોથે આરે થઈ ગયા. પણ પાંચમામાં? કહે છે કે અમે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એને આ રીતે જોઈએ છીએ. એ દશા અમારી અત્યારે અહીં છે એમ કહે છે. સમજાણું કાંઈ? ચોથો અને પાંચમાનો બહુ ભેદ નથી પાડ્યો એણે. અરિહંતો આમ સેવતા હતા એ જોવામાં આવે છે. એમ કહીને વર્તમાન અને તે બે એક કાળ દશા ગણી છે. સમજાણું કાંઈ? ચોથે કાળે એ વાત છે અરિહંતની. અમે પંચમકાળના મુનિ એની કંઈ દશા બીજી હોય કે નહિ? બીજું કારણ હોય? ના. બધાની એક જ વાત છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

કુંદકુંદાચાર્ય સેવતા, અમૃતચંદ્રાચાર્ય સેવતા જોવામાં આવે છે. જોયું! કુંદકુંદાચાર્ય કહે, અરિહંતો આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રને સેવતા હતા, અમૃતચંદ્રાચાર્ય હજાર વર્ષ પછી કહે છે, સેવતા ઉપાસના કરવામાં જોવામાં આવે છે. ત્યાં, ત્યાં ને ત્યાં ત્રણે વાત... સમજાણું કાંઈ? જેને મુક્તિ એક ભવમાં હતી એવા તીર્થંકરો, એનું પરમ ઔદારિક શરીર હતું જેના જન્મથી. અને બહાર નગ્નપણું ધારણ કર્યું પાછળથી. પણ છતાં તેને મોક્ષમાર્ગ માન્યો નથી. મોક્ષમાર્ગ શુદ્ધજ્ઞાન, શુદ્ધ-પવિત્ર જ્ઞાનની મૂર્તિ ભગવાન આત્મા, એમાં નજરું નાખીને તેમાં ઠર્યા હતા. તેમાં ઠર્યા એના ઘોલનમાં રમણમાં, રમણમાં રમતા હતા. સ્વરૂપની રમણતામાં રમતા હતા. એમ અમને જોવામાં આવે છે. લ્યો.

કેવળી તીર્થંકરનો મોક્ષમાર્ગ સેવતા હતા એ તમે અહીં પાંચમા આરાના સાધુ શી રીતે ....? કહે છે ને જોવામાં આવે છે. આ આત્મા જ્યારે શુદ્ધજ્ઞાનમય છે એવો જ્યારે અંતર અનુભવ દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા અમને છે. બસ! એ રીતે એમને હતી. તો એ રીતે અમે જોઈએ છીએ એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે કામ! આહાહા..! '**શરીરાશ્રિત દ્રવ્યલિંગના ત્યાગ વડે...**' સમજાય છે? પાઠમાં તો આવ્યું, '**पासंडीलिंगाणि व गिहिलिंगाणि**'.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. મુનિ. ... પણ આમાં બે શબ્દ જુદા નથી પાડ્યા. સમ્મુચય લીધું. અરિહંતોએ આમ કર્યું એમ તારે કરવું એટલું લીધું. પાઠમાં તો બે છે. એક ગૃહસ્થનું લિંગ અને મુનિનું લિંગ. એ બે લિંગોને પણ મોક્ષમાર્ગ નથી એમ કહે છે. શ્રાવક હોય છે .. અગિયારમી પડિમાવાળા ક્ષુલ્લક એને એક લંગોટી હોય છે અને એક નાનો કપડાનો કટકો હોય છે. એવી શરીરની નગ્ન છે. એ કંઈ મોક્ષનો માર્ગ નથી. એ તો પરવસ્તુ જડ છે. સમજાય છે? ગૃહસ્થને માટે પણ એ મોક્ષનો માર્ગ નથી એમ એમાંથી નીકળ્યું કે નહિ? પાઠમાં છે કે નહિ આ? ઈ તો સામાન્યમાં નાખી દીધું. સમજાય છે કાંઈ?

ગૃહસ્થાશ્રમમાં શ્રાવક પણ આમ સેવતા હતા. એટલે કે આ આત્મા રાગથી, પુણ્યથી, દેહથી ભિન્ન એવો શુદ્ધજ્ઞાનમય આત્મા, એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા સેવતા હતા. એટલે

ત્રણે મોક્ષમાર્ગ કરતા હતા. ગૃહસ્થાશ્રમમાં પણ મોક્ષમાર્ગ સેવતા હતા. ભલે થોડો. સમજાણું કાંઈ? અહીં તો કુંદકુંદાચાર્ય પોતે કહે છે. જેમ ભક્તિમાં કીધું છે નિયમસારમાં. દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણ રત્નની ભક્તિઓ શ્રાવક અને મુનિ બેય ભક્તિ કરે છે. નિશ્ચયરત્નત્રય હોં! નિશ્ચયની. આ કહે કે ના. નિશ્ચય તો અત્યારે હોય જ નહિ, અત્યારે તો વ્યવહાર જ હોય. અરે.. ભગવાન! શું કહે છે તું? કાંઈ મેળ નથી.

અહીં કહે છે, આચાર્ય પોતે કહે છે, '**सेवंति**' કહે છે. તીર્થંકરોએ સેવ્યું એમ અમને જોવામાં આવે છે. એમ કરીને પોતાની દશા વર્ણવે છે. નિશ્ચયની દશા વર્ણવે છે. સમજાણું કાંઈ? વિકલ્પની તો અહીં વાતેય નથી. વિકલ્પ મોક્ષમાર્ગ પાંચમા આરામાં કે ચોથા આરામાં ક્યાંય રહેતો નથી. પણ માર્ગમાં આરો-ફારોથી ક્યાં ફેર પડતો હશે? '**દર્શનજ્ઞાનચારિત્રની...**' ભગવાન આત્મા એનું સ્વરૂપ અનંતગુણનો પિંડ પ્રભુ છે. એ વિકાર વિનાની ચીજ છે, શરીર વિનાની ચીજ છે, એની અંતરમાં દૃષ્ટિ કરવી તે દર્શન છે, એનું જ્ઞાન કરવું તે જ્ઞાન છે, એમાં રમણતા કરવી તે ચારિત્ર છે. બસ! આ મોક્ષનો માર્ગ પાંચમા આરા માટે, ચોથા આરા માટે, ગૃહસ્થને માટે, મુનિને માટે. કહો, ચંદુભાઈ! છે કે એમાં ફેર છે? ગૃહસ્થને કાંઈ બીજું? વળી પાછું કીધું પ્રવચનસારમાં એઈ..! પ્રવચનસારમાં નથી કીધું? કે આ ગૃહસ્થનો માર્ગ છે, પરંપરા...

મુમુક્ષુ :- ... ગૃહસ્થને.

ઉત્તર :- ગૃહસ્થને. અહીં તો કહે એક જ છે. એ તો ચરણાનુયોગની કથનીમાં અશુભથી બચવા એને શુભ હોય છે. પછી પરંપરા એને તોડીને સ્થિર થશે. એમ કહીને વાત કરી. ગૃહસ્થોને શુભથી ધર્મ છે, મોક્ષમાર્ગ છે એમ નથી. સમજાણું? પ્રવચનસારમાં આવે છે અને આવે છે ને ગૃહસ્થનું? પ્રવચનસારમાં આવે છે ને? એમ કે આ ગૃહસ્થનો ધર્મ છે. એમ આવે છે ને. મુનિનો ધર્મ તો છ કાયની દયા કરવી એ છે. શ્રાવકોનો ધર્મ...

મુમુક્ષુ :-

ઉત્તર :- હા ઈ. .. એ થાય કોને ધર્મ? એ તો વ્યવહારથી વાત કરી છે. આહાહા...! કથનની પદ્ધતિ છે ને. છ કાયના જીવને કાંઈ ન થાય એકેન્દ્રિય આદિને. એ તો શ્રાવક કરી શકે એમ કહ્યું. પણ મુનિને હોઈ શકતું નથી. શ્રાવકનો ધર્મ છે એમ ત્યાં કીધું. એ તો વ્યવહારથી વાત કરી છે. સમજાણું કાંઈ? કારણ કે એને હજી બે કષાયનો નાશ છે અને ત્રીજા કષાયનો નાશ નથી એટલે એને કોઈ એકેન્દ્રિય જીવ આદિ હિંસા હોય એને વયાવચ્ચ કરી ટકે છે. એટલી એની મર્યાદામાં એમ હોય છે. એમ. પણ એને ધર્મ એ છે એમ નથી. અહીં તો કીધું. બેય.

'**पासंडी**' નામ મુનિ. '**पासंडी**' નામ પાપને ખંડી નાખે. પુણ્ય-પાપના પાપને ખંડી નાખનારો એવો મુનિ તેને અહીં '**पासंडी**' મુનિ કહ્યો છે. પેલો પાખંડી એમ નથી અહીં કાંઈ? સમજાણું કાંઈ? '**पासंडीलिंगाणि**' જેણે પાપને તોડી નાખ્યા છે, જેણે રાગાદિ તોડીને ભુક્કો કર્યો અને સ્વરૂપની દૃષ્ટિ સ્થિરતા કરી છે એવા મુનિઓને કે '**गिहिलिंगा**' કોઈ .. એને બહારનો. બેયને માટે એક જ ધર્મ છે એમ અહીં સિદ્ધ કર્યું છે. સમયસારની શૈલી જુઓ! પ્રવચનસારમાં છેલ્લામાં બે ભાગ એ આવે છે. ઓલો પરંપરાએ મોક્ષ જાશે, ઓલો કહે, શ્રાવકનો ધર્મ છે. સમજાણું? પંચાસ્તિકાયમાં કહ્યું પણ જ્યાં સુધી રાગ છે તેને દુસ્તર મોક્ષ છે. આવે છે કે નહિ? પંચાસ્તિકાયમાં. દુસ્તર છે. ટીકામાં પરંપરાએ જાશે એમ લખ્યું છે એમાં. દુસ્તરનો અર્થ. પણ એનો અર્થ સમજવો ને. આહાહા..! ભારે જગતની તકરાર! વાત સીધી સટ છે એમાં કોઈ વ્યવહારથી કથન કર્યા હોય એને પકડે.

અહીં તો કહે છે કે ગૃહસ્થ હો કે મુનિ હો. એનો માર્ગ શુદ્ધજ્ઞાનમય સ્વરૂપના આશ્રયે શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એક જ માર્ગ છે. સમજાણું કાંઈ? ભગવાન પણ ગૃહસ્થાશ્રમમાં હતા ત્યારે પણ તેમણે દર્શન, જ્ઞાન અને ચારિત્રની સેવના કરી તે મોક્ષમાર્ગ હતો. ગૃહસ્થાશ્રમમાં તીર્થંકરે પણ. આગળ મુનિ થયા ત્યારે પણ લિંગનું મમત્વ છોડીને નિર્મમ સ્વરૂપે સ્વરૂપની લીનતામાં રમતા એનું નામ ચારિત્ર છે. ભાઈ! આવો વખત... આહાહા..! શેના વાદવિવાદ આમાં?

'**મોક્ષમાર્ગપણે ઉપાસના...**' '**સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની મોક્ષમાર્ગપણે ઉપાસના જોવામાં આવે છે...**' જુઓ! આમાં તો એક જ વાત લીધી છે. સમજાય છે? એનો ખુલાસો કરશે આ સ્વદ્રવ્ય-પરદ્રવ્ય. હવેની ગાથામાં. ભાઈ. સ્વદ્રવ્ય-પરદ્રવ્યનો ખુલાસો. દર્શન-જ્ઞાન-ચારિત્ર તે સ્વદ્રવ્ય છે. શરીરની ક્રિયાઓ અને શરીરાદિ પરદ્રવ્ય છે. બે ફાસલા બે જુદા છે. કહો એને સમજવું એને સમજવું અને સમજનારો પોતે ઊંધો પડીને સમજવા માગે. લાવો વાદ કરીએ. પણ કોની સાથે ભાઈ વાદ કરવા? બાપા! આ વાદની ચીજ નથી. નિયમસારમાં કહ્યું, વાદ કરીશ નહિ. ઘણા જીવોની જાત, એને લબ્ધિના ઉઘાડ જુદા, કર્મના નિમિત્તના પ્રકાર જુદા, એમાં ક્યાં ક્યાં જે તારે કહેવું છે એ વાત એને નહિ બેસે અને વાદવિવાદમાં રોકાઈશ મફતનો. વખત જાશે. મૂકને પડતી. એને સમજાઈ ગયું. વાદ કરીને બરાબર સમજાવીએ. આમ છે. સાચું છે તો આપણે એને સમજાવવું જોઈએ. ભગવાનભાઈ! કારણ કે એ મૂકતા નથી. તો લાખ તું વાત કરીશ તો ખટક કરીને ઊભો રહેશે.

એકલો સ્વ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ એને આશ્રયે તારે દર્શન-જ્ઞાન અને ચારિત્ર

છે. એ સિવાય પર આશ્રયમાં કંઈ પણ લાભ છે નહિ. એ સિદ્ધાંત આખો છે. ગૃહસ્થાશ્રમમાં હો, મુનિપણે હો, વ્રતધારી હો કે અવ્રતી હો. પણ સ્વદ્રવ્યને આશ્રયે દર્શનજ્ઞાનચારિત્ર ને .. એટલો મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? એ ગૃહસ્થ છે ને. લિંગમાં એમ આવી ગયું. સમજ્યાને?

'**તેઓ શરીરાશ્રિત દ્રવ્યલિંગનો ત્યાગ કરીને...**' આપણે કૌંસમાં નાખ્યું છે. અરિહંતો શરીરની ક્રિયાકાંડના દ્રવ્યલિંગનો ત્યાગ કરીને એટલે કે તેની મમતા છોડીને. એમ. ત્યાગ કરીને એનો અર્થ કે મમતા છોડીને. '**દર્શનજ્ઞાનચારિત્રને મોક્ષમાર્ગ તરીકે સેવતા જોવામાં આવે છે.**' આહાહા..! તારા સ્વરૂપની સમીપે જા. અંતર સમીપે જા અને એ સમીપમાં જઈને દર્શન-જ્ઞાન-ચારિત્રની સેવના તે એક જ મોક્ષમાર્ગ છે. બાકી બીજો કોઈ મોક્ષનો માર્ગ બે નથી. મોક્ષમાર્ગ બે નથી. આ તો પાંચમા આરાના મુનિ પોતાની વાત કરે છે.

'**ભાવાર્થ :- જો દેહમય દ્રવ્યલિંગ મોક્ષનું કારણ હોત તો અર્હંતદેવ વગેરે દેહનું મમત્વ છોડી દર્શનજ્ઞાનચારિત્રને શા માટે સેવત?**' જુઓ! આ દેહની ક્રિયા અને વ્રતાદિના વિકલ્પો જો મોક્ષનો માર્ગ હોત તો ભગવાન અરિહંતો આદિ મુનિઓ તે એના તરફનું લક્ષ છોડી, તેની મમતા છોડી આત્માના શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રને શું કરવા સેવત? પણ એ હાથ આવે નહિ હાથ. એની તરફની દૃષ્ટિ નથી. તેને જોવાને, જોવાને, જોવાને પ્રયત્ન જોઈએ તે નથી. એને જોવાને. આ વસ્તુ છે. જોનાર પરને જોવે પણ જોનાર એને ન જોવે ત્યાં સુધી એના સમીપ જઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**દેહમય દ્રવ્યલિંગ મોક્ષનું કારણ હોત તો અર્હંતદેવ વગેરે...**' સંતો, મુનિઓ '**દેહનું મમત્વ છોડી દર્શનજ્ઞાનચારિત્રને શા માટે સેવત? દ્રવ્યલિંગથી જ મોક્ષને પામત!**' બસ! દ્રવ્યલિંગ થઈ ગયું, સાધુ બાહ્ય નગ્ન થઈ ગયા. એમ નથી. એને સેવ્યું નથી. થયું છે, થયું છે, સેવ્યું નથી. સેવ્યું છે અહીં. આહાહા..! સમજાણું કાંઈ? ઉપાસના શબ્દ વાપર્યો છે ને. ઉપાસના. સેવના કહો, ઉપાસના કહો. એ દેવ આત્મા, ભગવાન આત્મા દેવ-પરમાત્મા પોતે જ છે. એનો વિશ્વાસ દૃષ્ટિ, એનું જ્ઞાન અને એનું ચારિત્ર એની ઉપાસના તે આત્માની ઉપાસના અને મોક્ષમાર્ગની ઉપાસના છે. કહો! આત્માદેવને સેવે છે ઈ. પર્યાયને સેવે છે એ આત્માદેવને સેવે.

મુમુક્ષુ :- પર્યાયને આત્મદેવ કહે છે?

ઉત્તર :- એ પર્યાય સ્વદ્રવ્ય છે એમ કહેશે હવે. સમજાણું કાંઈ?

'**માટે એ નક્કી થયું કે-દેહમય લિંગ મોક્ષમાર્ગ નથી,...**' લ્યો! પાછું વ્યવહારથી કહેશે કે વ્યવહારનય બેયને માને છે. માને છે એનો અર્થ કે જાણે છે એમ છે. આશ્રય

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કરવાનું એક જ છે. અરે.. ભગવાન! શું થાય? આહાહા..! પળમાં પડી જશે તારો દેહ. ક્યારે પડી જશે એને ખબર છે? શરીર પડશે ક્ષણમાં. એમાં આ કરવાનું છે એ ન કરે અને વાદવિવાદમાં રોકાઈ જશે તો તારું નહિ થાય કાંઈ. મૂકને પડતી, કહે છે. સમજાણું કાંઈ? તારું કરને. તું તારું સંભાળ. નથી આવતું?

મુમુક્ષુ :- પરની તારે...

ઉત્તર :- પરની તારે શી પડી? તું તારું સંભાળ. ચેત, ચેત નર ચેત. નથી આવતું એમાં? તું ચેતને ભાઈ! તારા ચેતનારને ચેતને. જાગનાર જાણનારને જાણને. જાગનારને જાણને. જાગનારો ચૈતન્ય ભગવાન પોતે છે. રાગ ને પુણ્ય તો આંધળા છે બધા. એની સેવા આંધળાની? જાગતાએ આંધળાની સેવા કરવી? સમજાણું કાંઈ? ચૈતન્યપ્રકાશની મૂર્તિ પ્રભુ છે એની જે દર્શનજ્ઞાનચારિત્રની જાગતાની સેવના છે. પુણ્ય-પાપના વિકલ્પો તો આંધળા છે. શરીરની ક્રિયા તો આમ ભેખ તો જડ છે. આંધળાની સેવા? જડની સેવા? એ મોક્ષનો માર્ગ હોય? આહાહા..! સમજાણું કાંઈ? છૂટવાનો માર્ગ એ છૂટેલો ભગવાન છે પૂર્ણાનંદ પ્રભુ. એને આશ્રયે છૂટેલો માર્ગ પ્રગટે અને છૂટવાની દશા થાય.

‘**દેહમય લિંગ મોક્ષમાર્ગ નથી, પરમાર્થે દર્શનજ્ઞાનચારિત્રરૂપ આત્મા જ મોક્ષનો માર્ગ છે.**’ લ્યો, આત્મા ભેળવ્યો હવે. ઈ આગળ કહેશે. ઈ આગળ કહેશે, નાખશે. ‘**પરમાર્થે દર્શનજ્ઞાનચારિત્રરૂપ આત્મા જ મોક્ષનો માર્ગ છે.**’ એ પુણ્ય-પાપના વિકલ્પો દયા, દાનના એ પણ મોક્ષમાર્ગ ધર્મ નથી. શરીરની ક્રિયા નગ્નપણું, ભેખ એ કાંઈ મોક્ષમાર્ગ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવો જે આત્મા એ જ મોક્ષનો માર્ગ છે.

‘**હવે એ જ સિદ્ધ કરે છે...**’ જોયું! ‘**હવે એ જ સિદ્ધ કરે છે (અર્થાત્ દ્રવ્યલિંગો મોક્ષમાર્ગ નથી, દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે-એમ સિદ્ધ કરે છે) :-**’

**ण वि एस मोक्खमग्गो पासंडीगिहियाणि लिंगाणि।**
**दंसणणाणचरित्ताणि मोक्खमग्गं जिणा बेंति।।४१०।।**

એક જ ગાથા છે ને? નીચે હરિગીત. લ્યો, એમાં આવ્યું. બેયમાં છે.

**મુનિલિંગ ને ગૃહીલિંગ-એ લિંગો ન મુક્તિમાર્ગ છે;**
**ચારિત્ર-દર્શન-જ્ઞાનને બસ મોક્ષમાર્ગ જિનો કહે. ૪૧૦.**

વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ આત્માના શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા-જ્ઞાનની સેવનાને પરમાત્મા મોક્ષમાર્ગ કહે છે. આચાર્યને જિનને નાખવા પડ્યા. જિનો કહે. પોતાની ખાતરી દીધી. જિનોએ આમ કર્યું છે એમ જોવામાં આવે છે અને હવે જિનો આમ કહે છે એમ કહી દીધું. આહાહા..! કુંદકુંદાચાર્ય જેવા મુનિ ભગવાન સીમંધર પરમાત્મા પાસે ગયા હતા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આઠ દી ત્યાં રહ્યા હતા. બે હજાર વર્ષ પહેલાં દિગંબર મુનિ સંત. એ કહે છે કે ભગવાન તો આમ સેવતા હતા ને. એમ જોવામાં આવે છે ને. અને એ તીર્થંકરોએ આ મોક્ષમાર્ગ કહ્યો છે. જેવો સેવ્યો એવો કહ્યો. આહાહા..! બહારનું કાંઈક કરવું. કરવું કાંઈક બહારનું હોય ને સૂઝે. અપવાસ કરવા, તપ કરવો, ત્યાગ કરવો કે આ કરે તો એને સાધન છે. પણ એ સાધન જ નથી. ઊંધા સાધન, અવળા બહાર દિશાના સાધન, અંતર દિશામાં લઈ જવાના સાધન હોય એ? સમજાણું કાંઈ? એને સિદ્ધ કરે છે જુઓ! અન્વયાર્થ લઈએ અન્વયાર્થ થોડો.

‘**ગાથાર્થ :- મુનિનાં અને ગૃહસ્થનાં લિંગો...**’ ૪૧૦મી ગાથાનો. ‘**મુનિનાં અને ગૃહસ્થનાં લિંગો...**’ એટલે એ મુનિનું લિંગ નગ્ન મુનિ હોય છે. સમજાય છે? જેને અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત જ્યાં ચારિત્ર પ્રગટ થાય છે એની દશા નગ્ન થઈ જાય છે. એ મુનિઓ જંગલમાં વસતા હોય છે. જ્યાં માણસનો પગરવ નથી, પશુનો પગરવ નથી. એકાંત.. એકાંત.. આત્મામાં ઝુલતા ધ્યાનમાં હોય છે. કહો, સમજાણું કાંઈ? એવા મુનિ અને ગૃહસ્થ. કોપીન આદિ, ક્ષુલ્લક આદિ હોય છે. એ ‘**મોક્ષમાર્ગ નથી;...**’ લ્યો ઠીક! પછી કહેશે હોં! વ્યવહારનય કહેશે. ‘**કારણ કે તે (દ્રવ્યલિંગ) શરીરાશ્રિત હોવાથી પરદ્રવ્ય છે.**’ જુઓ આવ્યો ખુલાસો આવ્યો. પરદ્રવ્ય જ છે. એમ. એ શરીરની ક્રિયા અને વ્રતાદિના વિકલ્પો છે એ ખરેખર પરદ્રવ્ય છે. એ તો પુણ્ય-પાપમાં આવી ગયું છે ને. સ્વદ્રવ્યાશ્રય વ્રતં. વ્રત અને બે.. આહાહા..! કેમ કે કંઈપણ દયા, દાન, વ્રતના પરિણામ, અપવાસના વિકલ્પ થાય એ બધું પરલક્ષે ઉત્પન્ન થાય છે. એટલે પરલક્ષ જ્યારે શરીરાદિ છે તો એનો ભાવ પણ પરલક્ષી છે માટે એ શરીર પરમાં જ જાય છે. એ સ્વદ્રવ્યમાં આવતું નથી. આહાહા..! અહીં તો પરદ્રવ્યને આશ્રયે થતાં વિકલ્પ તે મોક્ષનો માર્ગ અને એને કરતાં કરતાં નિશ્ચયમાં જવાશે. આહાહા..! એ પોતે આખો આનંદનો ઢીમ પડ્યો છે ને પ્રભુ! તને એની મહિમાં નથી આવતી? અને આ એક વિકલ્પ કૃત્રિમ ઊભો થાય પરને લક્ષે, એની મહિમા આવતા અંદરમાં નહિ જઈ શકે. બહારની જેને મહિમા આવે એ અંદરમાં કેમ જાય? સમજ્યાને? બહારચલો થાય એ અંદરમાં કેમ જાય? આહાહા..! બહાર જાઈશ નહિ. ... એવું આવે છે, આનંદઘનજીમાં આવે છે. છે ક્યાંક ઈ. એક સ્તવન છે.

હું તો પ્રણમું સદ્ગુરુ રાયા રે - માતા સરસ્વતી વંદુ પાયા રે
હું તો ગાઉં આતમરાયા - જીવણજી બારણે મત જાજો,

જીવણજી જીવણ જીવજો, બારણે મત જાજો. છે ને?

તમે ઘર બેઠા કમાવો ચેતનજી બારણે મત જાજો...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તારે બાહિર દુર્મતિ રાણી રે...

બહારમાં દુર્મતિ રાણી છે.

કે તાશું કુમતિ કહે વાણી રે,

તને ભોળવી બાંધશે તાણી.. જીવણજી બારણે મત જાજો...

કહો, આ તો આનંદઘનજીનું છે. સમજાણું કાંઈ? એ વિકલ્પ છે ઈ બારણું છે. બહારમાં જાઈશ નહિ. ભાઈ! મરી જઈશ ત્યાં. મારી નાખશે કુમતિ બાંધીને.

તારા ઘરમાં છે ત્રણ રતન તેનું કરજે તું તો જતન,

એ અખૂટ ખજાનો છે ધન્ન... જીવણજી બારણે...

અખૂટ ખજાનો ધન છે અહીં. એની કિંમત નથી આવતી. આ ધૂળની કિંમત આવે એને. કાં પુણ્ય-પાપના પરિણામની આવે.

મુમુક્ષુ :- એ પણ ધૂળ જ છે ને?

ઉત્તર :- ધૂળ જ છે, બીજું શું છે? ધૂળનું કારણ તે ધૂળ. જેને પુણ્યની રુચિ તેને જડની રુચિ. છે ને આપણે અહીં ચાકળો. સામો ચાકળો છે ખૂણામાં. 'જેને પુણ્યની રુચિ તેને જડની રુચિ છે.' છે ને? શું છે ઈ? 'જેને પુણ્યની રુચિ છે તેને જડની રુચિ છે. તેને આત્માના ધર્મની રુચિ નથી.' લ્યો, અસ્તિ-નાસ્તિ કરી. સમજાણું? અહીં તો કહ્યું, 'તારા ઘરમાં છે ત્રણ રતન...' ઘરમાં અહીં રતન છે દર્શન-જ્ઞાન-ચારિત્ર લ્યો! આ સ્વઘર અહીં છે. ત્યાં ક્યાં પરઘરમાં વિકલ્પમાં ક્યાં તારા રતન હતા દર્શન-જ્ઞાન-ચારિત્ર? 'તેનું કરજે તું તો જતન, એ અખૂટ ખજાનો છે ધન્ન...' અખૂટ ખજાનો છે ધન્ન. પોપટભાઈ! આ તમારી ધૂળના ખજાના કરતાં અખૂટ ખજાનો છે આ. એય..!

મુમુક્ષુ :- બેય કામ આવે.

ઉત્તર :- ધૂળમાંય કામ આવતું નથી. દુઃખમાં કામ આવે છે. એ લક્ષ્મી ઉપર લક્ષ જતાં દુઃખ થાય છે. આહાહા..! એ લક્ષ્મી ઉપર લક્ષ જાય ત્યાં આકુળતા થાય છે. એ આકુળતાનું કારણ લક્ષ્મી છે. ભગવાન ઉપર લક્ષ જતાં આનંદનો ખજાનો છે. એની ખબર પડે નહિ, એની કિંમત પડે નહિ, સૂઝ પડે નહિ. અભ્યાસ નહિ કોઈને એટલે... સમજાણું? આહાહા..!

**'ટીકા :- દ્રવ્યલિંગ ખરેખર મોક્ષમાર્ગ નથી,...'** જુઓ! ખરેખર મોક્ષમાર્ગ નથી. વ્રતાદિ પણ ખરેખર મોક્ષમાર્ગ નથી. **'કારણ કે તે (દ્રવ્યલિંગ) શરીરાશ્રિત હોવાથી પરદ્રવ્ય છે'** એ તો. ભગવાન આત્મા એમાં ક્યાં આવ્યો છે? એ પુણ્યના પરિણામ બાર વ્રતના કે પંચ મહાવ્રતના એમાં આત્મા ક્યાં આવ્યો છે? એ તો શરીરાશ્રિતના પરિણામ છે. બાહ્યાશ્રિતના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પરિણામ છે, પરદ્રવ્ય આશ્રિતના પરિણામ છે. સમજાણું કાંઈ? એ પરિણામે કાંઈ મોક્ષમાર્ગ નથી. એટલે એ પરિણામ કાંઈ ધર્મ નથી.

'**દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે,...**' એ આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ એના ત્રણ રતન. એના દર્શન-જ્ઞાન-ચારિત્ર. શું કરવું? કે આત્મા પૂર્ણાનંદને ઓળખીને તેની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા કરવી એ એનો મોક્ષમાર્ગ છે. '**દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે, કારણ કે તેઓ આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે.**' જુઓ! ખુલાસો કરી નાખ્યો. ઓલો વ્યવહારમોક્ષમાર્ગ નથી. વ્યવહારમોક્ષમાર્ગ પરાશ્રિત છે, આ સ્વઆશ્રિત તે એક જ મોક્ષમાર્ગ છે. એટલો ખુલાસો કર્યો. આ આઠમા ગુણસ્થાનેથી હોય છે સ્વદ્રવ્યનો આશ્રય? ઓહોહો..! સમજાણું?

દર્શન-જ્ઞાન આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ પૂર્ણ અનંતગુણનો પિંડ એની અંતરના સન્મુખથી પ્રતીતિ, અનુભવ, જ્ઞાન અને રમણતા એક જ મોક્ષનો માર્ગ છે. જુઓ! માર્ગ એક જ છે. બે-બે છે નહિ. એ ભાઈએ કહ્યું છે એમાંથી કાઢ્યું છે. સમજાણું? આમાં પણ આવશે આપણે અહીં ૧૨માં. નિરૂપણ કર્યું છે. ટોડરમલે ઘરનું કહ્યું. ઘરનું કહ્યું નથી, ભાઈ! એણે ઘરનું કહ્યું નથી. એમણે શાસ્ત્રોમાં જે ખુલાસો સામાન્યપણે હતો એનું સ્પષ્ટીકરણ કરીને ચોખવટ કરી છે. હવે એનું માનવું (નથી). જયપુર આવ્યા હતા કે નહિ? પાંચ લાખનો હોલ કર્યો છે ને? એ આના માટે કર્યો છે. ટોડરમલજીની પ્રસિદ્ધિ કરવી છે. મોક્ષમાર્ગ(પ્રકાશક)ની પ્રસિદ્ધિ કરવી. એણે બનાવેલો મોક્ષમાર્ગ. સમજાય છે? પ્રચાર કરવા માટે પાંચ લાખનો હોલ નાખ્યો. પાંચ લાખ, છ લાખ, સાડા છ લાખ આ ધ્રુવ ફંડમાં નાખ્યા. દોઢ લાખ રૂપિયા છે અને પાંચ લાખ એણે પોતે નાખ્યા છે. એમ કરીને સાડા છ લાખ તો ધ્રુવ ફંડમાં છે. છ લાખનો ખર્ચ થયો છે.

મુમુક્ષુ :- એમાં કિંમત આવતી નથી.

ઉત્તર :- એમાં ભલે કિંમત.. અહીં તો એને પ્રસિદ્ધ કરવા માટે એ છે એમ કહેવું છે અહીં. આત્માને આશ્રયે મોક્ષમાર્ગ છે એ પ્રસિદ્ધ કરવાનું એ સાધન એમ છે. ઉપદેશ દેવાનું, પ્રસાર કરવાનું એ સાધન એમ કહ્યું. પૂરુષાર્થ કરવાનો શું? કે તું દર્શન-જ્ઞાન અને ચારિત્ર આત્માને આશ્રયે થશે, એ પ્રચાર. સમજાણું કાંઈ? પ્રચારમાં ક્યાં લગાવ એમ પ્રચાર. આહાહા..! આવ્યા હતા તમે? જયપૂર નહિ? છેટું પડે એટલે. સમજાણું કાંઈ? તમે પણ નહિ આવ્યા હોય. તમે તો નથી આવતા ને.

'**દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે,...**' આહાહા..! તે આત્મા શુદ્ધ ચૈતન્ય ભગવાન દેહ વિનાનો, વાણી વિનાનો, કર્મ વિનાનો જે ચીજ છે એ ચીજની દૃષ્ટિ, એ ચીજનું જ્ઞાન

અને એ ચીજની રમણતા એ એક જ મોક્ષનો માર્ગ છે. સ્વઆશ્રિત મોક્ષમાર્ગ એક જ અહીં કહ્યો છે. વ્યવહાર પરાશ્રિત છે એને મોક્ષમાર્ગ અહીં કહ્યો નથી. કહો, સમજાણું કાંઈ? તકરાર.. તકરાર... તકરાર.. ભાઈ! તકરાર છોડવાના કાળ પ્રભુ આવ્યા ને. તું અહીં ક્યાં પડ્યો? આહાહા..!

એ મરવા ટાણે શરીરના રજકણો ફરી જશે. નાડીયું તણાશે, શ્વાસ બંધ થશે ત્યાં તું કોનું શરણું લઈશ? કહો, સમજાય છે કાંઈ? કદાચિત તેં વ્યવહારના પુણ્ય કર્યા હોય તો એ પુણ્ય પરિણામ તો ચાલ્યા ગયા. એના રજકણ પડ્યા હશે બંધનમાં. હવે તું કોની નજર કરીશ તો શરણ મળશે? એ વખતે કદાચ તને શુભભાવ આવશે શુભ એ તો પરલક્ષી છે. પરલક્ષી ભાવ છે એમાં સ્વ તો આવ્યું નહિ. આવ્યા વિના શાંતિ મળશે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? તમે પુણ્ય ઘણા કર્યા હતા. પણ પુણ્ય કર્યા હતા એ શુભભાવ હતો. શુભભાવના તો રજકણ પડ્યા છે અંદર પટારામાં-બંધનમાં. હવે નજર ક્યાં નાખવી એને મરતા? આમ હલોહલ ... કહળ્યું કુટુંબ ભેગું થાય બધા. એમાં ડબલ ન્યુમોનિયા હોય એને. શ્વાસ લેતા સબાકો આવતો હોય. બધું છલોછલ થઈ ગયું. કફ-બફ ચોંટીને સરખો.. કારણ કે કફ એવો ચોંટી ગયો ચીકણો કે શ્વાસ આમ લેવાય નહિ, આમ લેવાય નહિ. સબાકાનો પાર ન મળે. આહાહા..! સમજાણું? એ દેહની ક્રિયા, બાપુ! એ શરણ નથી. ત્યાં કોઈ જોડે ઊભા રહ્યા એ તને શરણ આપે એવું નથી. અને તેં પૂર્વના પુણ્ય કોઈ કરેલા હોય તો ઘણા દાન, દયા અને ભક્તિના તો એ પુણ્ય પરિણામ અત્યારે તો નથી. એ તો એના રજકણો પડ્યા છે કર્મમાં-જડમાં. હવે જડમાં પડ્યા છે ત્યારે નજર ક્યાં નાખવી છે તારે? સમજાણું કાંઈ?

એ ભગવાન આત્મા શરણ. શુદ્ધ ચૈતન્ય આનંદનું જેણે શરણું લીધું છે. એ મરતા ટાણે એનું શરણું લેશે, શાંતિથી દેહ છૂટશે. નહિતર અસમાધિએ છૂટ્યા દેહ પાછા અસમાધિના અવતાર આવશે. કહો, સમજાણું? એકલું મરવું, એકલું જન્મવું અને એકલા રહેવું. કોઈ સાલ નથી નાખે એવું ત્યાં ભગવાન.. પણ ભગવાન પોતે એમ કહે છે. તું તારી સામું જો, મારી સામું જોવું છોડી દે. એમ ભગવાન કહે છે. લ્યો. અહીં સ્વદ્રવ્ય .. ભગવાન પણ એમ કહે છે, મુનિઓ એમ કહે છે. અમારી સામું જોવું છોડી દે અને તારી સામું જો, તારામાં પડ્યા છે બધા રતન. આહાહા..! ચૈતન્ય હીરો ચમકતો ભગવાન છો ને. ભાઈ! તને ખબર નથી. એ ચૈતન્ય હીરાને કાચમાં ન વેચી નાખ. સમજાણું કાંઈ? કાચના રૂપાળા કટકે એને ન વેચ. પુણ્યના પરિણામ જરી થયા ત્યાં અમે બહુ કર્યું. વેચી નાખ્યો ચૈતન્યને. હીરો ભગવાન અંદર જેને અનંત પાસા પડેલા છે. આ હીરાને તો અમુક પાસા (હોય), આ તો અનંત પાસા, અનંત ગુણો. આહાહા..!

સ્વભાવ છે એનું શું કહેવું? સ્વભાવ છે અને એકલી સ્વભાવની મૂર્તિ પ્રભુ છે આત્મા.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એના પિંડમાં ક્ષેત્ર આખું એમ ન ગણવું પણ એના સ્વભાવના સામર્થ્ય એટલું છે. બેહદ આનંદ, બેહદ જ્ઞાન, બેહદ શ્રદ્ધા, બેહદ શાંતિ, ચારિત્ર વીતરાગતા અનંત... અનંત... અનંત... અનંત... અનંતી. અનંતી વીતરાગતા પડી છે. આ એમાંથી સમભાવ આવશે. સમભાવ કાંઈ બહારથી આવશે નહિ. સમભાવ રાખો. ક્યાંથી આવશે? સમભાવ રાખો, પીડા બહુ છે. સમતા ક્યાંથી કાઢવી? ભાઈ! પીડા બહુ છે.

જીવરાજજીને થઈ ગયું હતું ને એક ફેરી ઓલું નહિ? .. હતા ને કેવું? .. હતા. એ આવ્યા હતા. ધારશીભાઈ! તપસીના સગા થતા હતા ને. સાળા. બહુ પીડા. સહનશીલ બહુ જબ્બર. એ .. એમ કીધું કે વ્યાધિએ ઘર છોડ્યું એમ બોલ્યા હતા. ... (સંવત) ૧૯૮૮ની સાલ. ૮૯ની. પણ આ તો સહનશીલ ઘણા બહુ સહનશીલ. ... પણ એણે કીધું કે વ્યાધિએ મર્યાદા છોડી દીધી છે. એમ કહ્યું. ઓલો વૈદ મોટો. વૈદ શું છે આમને? વ્યાધિએ મર્યાદા છોડી દીધી. એટલી વાત કહી. ત્યાં .. થઈ ગયું. સમજાણું? ક્યાં જઈશ હવે ત્યાં? કહે. ઓલો વૈદ મોટો હોં! ... ક્યાં કરીશ તું? વ્યાધિ જડની દશા છે. વૈદજીને એમ થયું કે આ વ્યાધિએ ઘર મૂકી દીધું. એટલી વ્યાધિ. ક્યાં જઈશ તું હવે? સમજાણું કાંઈ? તારા પુણ્યના વિકલ્પ ત્યાં મદદ કરશે? આહાહા..!

ભાઈ! ચૈતન્ય ભગવાન છે. અખૂટ ખજાનો છે. આ આવી ગયું ને હમણાં? અખૂટ ખજાનો-ખૂટે નહિ એવો ખજાનો છે તારો. એવા આત્માનું પહેલું જ્ઞાન કર કે આ શું છે? દ્રવ્ય શું, ગુણ શું, પર્યાય શું, વિકાર શું? પછી સ્વભાવની સન્મુખ થઈ ખજાનામાં જા. સમજાય છે? નિહાલભાઈએ કહ્યું છે ને એક ઠેકાણે? અજ્ઞાનીના તાળા ખજાના બંધ છે. તાળા બંધ છે એના. પટારે તાળા માર્યા છે એણે. જ્ઞાનીના ખજાના ખુલી ગયા. એ શબ્દ છે એમાં. સમજાણું કાંઈ? એ તો ભિન્ન ભિન્ન રીતે કથનની પદ્ધતિ આવે ઘણા પ્રકાર આવે. અહીં આવ્યું ને ખજાનો અખૂટ છે. ભાઈ! ખજાનામાં તેં રાગ ને પુણ્ય ને આ મારા એવી મમતાના મિથ્યાત્વના માર્યા છે તાળા. સમજાણું કાંઈ? એક વિકલ્પ ઉઠે પુણ્યનો, હોં! પાપની વાસના અને અશુદ્ધની વાસના તો શું કહેવું? પણ પુણ્યની વાસના એક વિકલ્પ ઉઠે આ મારો છે એ માર્યા તાળા તેં. ખજાના ખોલવાના બંધ કર્યા. અજ્ઞાનીની તિજોરી બંધ છે. જ્ઞાનીની તિજોરી ખુલી ગઈ છે. રાગ અને પુણ્ય હું નથી. હું તો આનંદકંદ શુદ્ધ ચૈતન્ય છું. રાગની એકતા તૂટી ખજાનો ખુલી ગયો છે. આહાહા..! એને આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે એમ કહે છે.

હવે આમાં સીધી વાત છે. બે ને બે ચાર જેવી વાત છે. હવે આમાં ચોપડા પાના લખેલાં, બે ને બે ચાર ક્યાં લખ્યા છે? ભાઈ! આંકની ચોપડીમાં લખ્યા છે લે. એને આંકની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ચોપડી મૂકવી પડે. એક ફેરી રામજીભાઈએ કહ્યું હતું. ખબર છે? એક ફેરી કહ્યું હતું. બે ને બે ચાર ક્યાં લખ્યા? એ આંકની ચોપડી એની પાસે મૂકવી પડે પાછી. મૂર્ખો છે કે નહિ? સમજાણું કાંઈ? શેમાં લખ્યું છે? આ આંકની ચોપડીમાં લખ્યું છે. ચાર એકડે ચાર, બે ને બે ચાર ત્યાં ચાર લખ્યું છે. હવે લખ્યા પણ અંતરથી તો સમજ હવે. એય..! પોપટભાઈ! આહાહા..!

કહે છે, ભગવાન આત્મા જે મોક્ષમાર્ગ તો સ્વ આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે. ભાષા તો જુઓ! ઓલો વ્યવહાર મોક્ષમાર્ગ એ આત્માશ્રિત છે? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો રાગ એ વિકલ્પ રાગ છે. એ પરદ્રવ્ય આશ્રિત છે. સ્વદ્રવ્ય આશ્રિત નથી. ખબર ન મળે પણ હાંકે રાખ્યું છે બધું. કહો, શાંતિભાઈ! છે કે નહિ આમાં? જુઓને! ભગવાન આત્મા ચૈતન્ય દ્રવ્ય વસ્તુ છે અખંડાનંદ પ્રભુ એને આશ્રયે દર્શન, જ્ઞાન અને ચારિત્ર મોક્ષમાર્ગ દ્રવ્યને આશ્રયે છે. જુઓ! આ દ્રવ્ય એટલે આત્મા, હોં! દ્રવ્ય એટલે પૈસો-ફૈસો નહિ. લખ્યું છે ને આપણે જુઓને! 'દ્રવ્ય દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ.' એ દ્રવ્યદૃષ્ટિ. દ્રવ્ય એટલે અખંડાનંદ ખજાનો આનંદકંદનો પ્રભુ એની અંતરમાં દૃષ્ટિ કરવી, શ્રદ્ધા કરવી, અનુભવ કરવો એનું નામ દૃષ્ટિ છે. એ સ્વદ્રવ્ય આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**મહા સુદ ૧૦, શુક્રવાર તા. ૯-૨-૧૯૬૮**
**ગાથા-૪૧૦-૪૧૧, પ્રવચન-૪૮૨**

૪૧૦ ગાથા. ચાલ્યું છે. પણ એનો છેલ્લો ટૂકડો છે ને એનો વિસ્તાર નથી થયો.

'**ટીકા :- દ્રવ્યલિંગ ખરેખર મોક્ષમાર્ગ નથી,...**' શું કહે છે? ... ભાઈ છે? ઠીક! આત્મા છે ને આત્મા? એ આત્મા છે એમાં જ્ઞાન, દર્શન, આનંદ અને શાંતિ ભરી છે. એને આશ્રયે મોક્ષમાર્ગ થાય. પણ એમાં પુણ્યાદિ વ્રતના વિકલ્પ ઊઠે શુભભાવ કે દેહની લિંગદશા ભેખ એ કાંઈ મોક્ષનો માર્ગ નથી. કહો, સમજાય છે કાંઈ? ખરેખર દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી. આત્માને બંધનથી છૂટવાને માટે શરીરની ક્રિયા અને દયા, દાનના, વ્રતના ભાવ તે આત્માને છૂટવાનો માર્ગ નથી. કહો, સમજાણું કાંઈ? એ શરીરની ક્રિયા એ જડ છે અને દયા, દાન, વ્રતના પરિણામ તે વિકાર છે. એથી બેય ભાવ આત્માને ધર્મનું કારણ અને મોક્ષનો માર્ગ નથી.

'**કારણ કે તે શરીરાશ્રિત હોવાથી પરદ્રવ્ય છે.**' આ તો દેહ છે માટી જડ અને અંદર પુણ્યના પરિણામ થાય એ પણ સંયોગી ભાવ સંયોગને લક્ષે સંયોગી ભાવ થયેલા તે ખરેખર પરદ્રવ્યને આશ્રયે થયા છે. શરીરાશ્રિત એ ભાવ છે. કહો, સમજાણું કાંઈ? આ શરીરની ક્રિયા થાય બાહ્ય કે અંદરમાં રાગાદિ પરિણામ થાય કે કાર્મણ શરીરને આશ્રયે અને આ બાહ્ય શરીરને આશ્રયે (પરિણામ થાય), બેય આત્મવસ્તુ નથી. એથી વ્રત, નિયમ, અપવાસ આદિનો શુભભાવ થાય કે આ દેહની ક્રિયા (થાય), બેય પરદ્રવ્ય એટલે આત્મા સિવાય પરવસ્તુને આધારે થાય છે. માટે તે મોક્ષનો માર્ગ નથી. બરાબર છે? આ ઊના પાણી પીવા, ત્યાગ કરવો આ બધું નહિ? આહાહા..! ભાઈ! એમ કહે છે, જુઓ!

'**દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે,...**' છે? આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ ભગવાન આત્મા છે. એની અંતરમાં શ્રદ્ધા, શ્રદ્ધા એટલે કે વસ્તુનો શુદ્ધ સ્વભાવ છે એવી શુદ્ધ શ્રદ્ધા. વસ્તુનું શુદ્ધ સ્વરૂપ છે શુદ્ધ જ્ઞાન, એનું શુદ્ધ જ્ઞાન. અને વસ્તુ શુદ્ધ ચારિત્ર રમણતા આનંદ વીતરાગસ્વરૂપ છે એની વીતરાગી રાગરહિત રમણતા. એ જ એક મોક્ષનો માર્ગ છે. એ એક સુખને પ્રાપ્ત કરવાનો માર્ગ છે. સુખી થવું હોય તો આ માર્ગ છે. બાકી બધા દુઃખના માર્ગ છે. બરાબર હશે? આ પૈસા મેળવવા, પૈસા ખર્ચવા, રાગ ઘટાડવો એ બધાય કહે છે કે પુણ્ય-પાપના ભાવ એ દુઃખના માર્ગ છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- આ શરીરાશ્રિત તો શું થઈ ગયું? પરદ્રવ્ય. એ આવ્યું, અંદરમાં આવશે ૪૧૧માં ખુલાસો. '**નિશ્ચયમોક્ષમાર્ગનાં સાધક છે; તે વ્રતોને અહીં છોડાવ્યાં નથી, પરંતુ એમ કહ્યું છે કે તે વ્રતોનું પણ મમત્વ...**' છોડવું. સમજાણું કાંઈ?

વાત એ છે કે એક ક્ષણ સમયમાત્રના જે પુણ્ય-પાપના ભાવ થાય છે એ તો કૃત્રિમ વિકાર છે. શરીર તો પર છે. એટલે કે વિકાર ને શરીરને અને કર્મને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એ બધો પરમાં જાય છે. એને આશ્રયે આત્માનું કલ્યાણ કે મોક્ષનો માર્ગ કે આત્માની શાંત વીતરાગી ધર્મ દશા એ પરઆશ્રયે કોઈ રીતે થતી નથી.

'**દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે,...**' ભારે વાતું ભાઈ! ભગવાન આત્મા સચ્ચિદાનંદ આનંદમૂર્તિ પ્રભુ આત્મા છે. એ આનંદનું ધામ છે. સમજાય છે કાંઈ? આહાહા..! જેમ ઓલા ચોરને પકડવો હોય ને, ચોરને બોલાવવો હોય, મનાવવો હોય ત્યારે એને બરફની પાટ ઉપર સુવાડે છે. રાડ નાખી જાય પછી. ભાઈસાહેબ! મેં આ દોષ કર્યો છે એમ કહે. બરફની પાટ. ચાર-પાંચ મણની રાખે છે ને પાટ? પોલીસો રાખે. પછી માથે રાખીને.. કૂચો રાખે એટલે ઓગળી ન જાય. ભુક્કો. એ ચોરને મનાવવો હોય ત્યાં સુવાડે. ભલે એકાદ લૂગડું પહેર્યું હોય પણ રાડ નાખે. આહાહા..!

અહીં આત્મા આનંદની પાટ છે. સૂવે તો શાંતિ થાય એવું છે એમ કહે છે. સમજાણું કાંઈ? શરીર પ્રમાણે રજકણથી જુદી ચૈતન્ય પાટ અરૂપી ભગવાન અને અતીન્દ્રિય અમૃત રસનો એ પિંડ આત્મા છે. એ શિલા છે. આત્મા અરૂપી શિલા છે. એના ઉપર પોઢે એટલે એનો આશ્રય કરે, એમાં ઠરે તો દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ નામ છૂટવાનો માર્ગ છે. એમ કહે છે. અને પુણ્ય-પાપના ભાવમાં જો સૂવે, ઠરે તો બંધનો માર્ગ છે. સૂવાની વ્યાખ્યા આમ ઠરે એની વાત છે. સૂવે એટલે છોડી દે અને આત્મામાં ઠરે એ તો મોક્ષનો માર્ગ. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના ભાવમાં આળોટે (એ) દુઃખનો માર્ગ છે.

મુમુક્ષુ :- એકલા પુણ્યમાં આળોટે તો?

ઉત્તર :- એકલા પુણ્યમાં આળોટે તો દુઃખનો માર્ગ છે. સમજાણું કાંઈ? પાપના ભાવ જેમ દુઃખરૂપ છે એમ પુણ્યભાવ રાગ, કષાય અગ્નિ છે. એ બેય કષાય અગ્નિ છે. ભગવાન આત્મા શાંત અનાકુળ આનંદસ્વરૂપમાંથી એ પુણ્ય-પાપના શુભ-અશુભભાવ બેય વિપરીત ભાવ ઊભા થાય છે. એની જાતના નથી, એની જાતથી વિરુદ્ધ કજાતના બેય ભાવ છે. કહો, સમજાણું કાંઈ? એના ફળમાં મળે તો આ ધૂળ આદિ મળે. પૈસા-ધૂળ. હેરાન થવાના રસ્તા છે બધા.

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- ધૂળનીય સગવડ નથી. બહારની સગવડતા ધૂળની. પૈસા-બૈસા સરખાઈના મળ્યા તો ઓલો આવ્યો હોય રાત્રે ચોર કહે, લાવ કૂચી.

મુમુક્ષુ :- મુંબઈમાં થયું હતું.

ઉત્તર :- હા. મુંબઈમાં થયું હતું. એક જણો તો વળી ૨૫ હજારની વીંટી પહેરીને નીકળ્યો મુંબઈમાં. એક ગલીએ ચડ્યો ત્યાં ગોઠિયાને ખબર કે આ છે એની પાસે. એ તો સો નજર હોય ને ચોરની. ઓલી કોરથી જોયું કોઈ નથી આવતું. આની કોરથી ગર્યો અને ઓલી કોર નીકળે તો પકડ્યો. ભાઈસા'બ પણ આ વીંટી લેવા. તું જાણતો મને ઓળખે છે. ...હું મારી નાખીશ. મને પકડીશ (માટે) મારી નાખીને લઈશ. એ ૨૫ હજારનો દાગીનો એને મારવા માટે નિમિત્ત થયું.

મુમુક્ષુ :- ... સુખ થાય છે.

ઉત્તર :- ધૂળમાંય સુખ નથી. મૂઢ માને છે. એ તો આવી ગયું છે આપણે. દુઃખના કારક છે એમ નથી આવ્યું? કળશટીકામાં આવી ગયું છે. પૈસા, બાયડી, છોકરા, કુટુંબ, શરીર સુંદર અને મકાન અને એ બધા દુઃખના નિમિત્ત છે. કષાય અગ્નિ ઉત્પન્ન થાય છે એમ કહે છે અહીં તો. પણ એને ભાન નથી તો જ્યાં ત્યાં ભટક્યા ભટક કરે છે કહે છે. ભાઈ! તારામાં માલ છે. બીજી ચીજમાં માલ અને તું નમાલો? મારા સુખ માટે પૈસા, લક્ષ્મી, આબરૂ, પુણ્ય અને પાપ એ માલ. મારા સુખ માટે મારામાં માલ નહિ. પોતાની કિંમત તું તો કરાવે છે આ. બરાબર છે? આહાહા..! ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ છે. શુદ્ધ સચ્ચિદાનંદ મૂર્તિ આત્મા છે. એમાં માલ નહિ અને આ પુણ્ય-પાપના ભાવ અને એના ફળમાં માલ. હું એક નમાલો અને આ માલ. કિંમત કરાવે છે તારી તું. એમાં માલ નથી અને મારામાં માલ છે. એવો આત્મા પોતાના શુદ્ધ આનંદસ્વભાવની અંતરમાં રુચિ, પરિણતિ અને એકાગ્રતા કરે એવું જે સમ્યગ્દર્શન અને જ્ઞાન-ચારિત્ર એ જ એક છૂટવાનો અને આનંદનો માર્ગ છે. કહો, સમજાણું કાંઈ?

એ પુણ્યની મહત્તા. વળી એક લેખ મોટો આવ્યો છે ઓલા હેમચંદજી પંડિત છે ને. પુણ્યથી તો મોક્ષનું સાધન છે. ફલાણું (થાય). આ જુઓને ક્યાંનું ક્યાં નાખ્યું? મોટો લેખ લખ્યો છે એ. એ વળી મોટો ડાહ્યો. પુણ્ય વિના ચાલે નહિ, પુણ્ય વિના ચાલે નહિ. આહાહા..! મોટો લેખ લખ્યો છે. આહાહા..! ભાઈ! પુણ્ય એટલે શું? પાછું એણે એ નાખ્યું છે લ્યો પુણ્યા.. પુણ્યં. સર્વાર્થસિદ્ધિમાં શબ્દ છે ને. જુઓ! પુણ્યને પવિત્ર કીધું છે, પવિત્ર. આહાહા..! અરે..! ભગવાન! પુણ્ય તો આત્માની પવિત્રતા જે પ્રગટે તેને ખરું પુણ્ય કહેવામાં આવે છે. ઓલો વ્યવહાર પુણ્ય તો વ્યવહારમાં પાપ ઘટાડે એને એની અપેક્ષાએ વ્યવહાર કહેવાય છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પવિત્રતા તો ભગવાન આત્મા જેને પુણ્યના વિકલ્પ નામ રાગના અવલંબનની જરૂર નથી. એવું નિરપેક્ષ તત્ત્વ ભગવાન આત્મા એનો આશ્રય લેતા શાંતિ અને આનંદ થાય. બાકી પરમાં પવિત્રતા છે નહિ. કહો, સમજાણું આમાં?

'**દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે,...**' પણ જીવોએ એમ જ કર્યું છે અનાદિ કાળથી. માંડ માંડ મનુષ્યપણું મળે. એમાં પણ સાંભળવાનું મળવું મુશ્કેલ પડે સાચું. શ્રીમદ્ કહે છે ને કેટલાક બિચારા વખત ચોવીસ કલાકમાં બે કલાક મળે સાંભળવા જાય ત્યાં કુગુરુ લૂંટી લે એના બે કલાક. પોપટભાઈ! લૂંટી લે એટલે? નિમિત્તથી વાત કરે ને? આમ થાય.. આમ થાય.. આમ થાય... બિચારાનો આવો કાળ. અનંત કાળને ટાળવાનો આ ભવ એને ભવભ્રમણમાં જોડી દે. લૂંટી નાખે છે કે નહિ? સમજાણું કાંઈ? આંખ વીંચીને ક્યાંય પત્તો નહિ ખાય, ભાઈ! ક્યાં જઈશ? ક્યાં જઈશ? કોઈ શરણ નથી ક્યાંય બહાર. પાંજરાપોળ નથી ત્યાં ક્યાંય. અવતાર કીડી, કાગડા, કૂતરાના થશે, ભાઈ! એ પરને આશ્રયે લાભ માનવા જાઈશ તો સ્વરૂપની મૂઢતા થશે. સ્વરૂપની દૃષ્ટિ થશે નહિ. અને સ્વરૂપની દૃષ્ટિ વિના જાગશે નહિ. જાગ્યા વિના તેને વિવેક આવશે નહિ. આહાહા..!

ભગવાન આત્મા...! અહીં તો કહે છે કે '**દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે,...**' બસ! આત્મા પુણ્ય-પાપના રાગ વિનાની ચીજ છે. એની દૃષ્ટિ-શ્રદ્ધા, અનુભવ કરવો, એની એકાગ્રતાથી ચારિત્ર કરવું એ જ એક છૂટવાનો, ધર્મનો અને મોક્ષનો માર્ગ છે. '**કારણ કે...**' કારણ આપે છે જુઓ બેયમાં. '**તેઓ આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે.**' જુઓ! ઓલા ત્રણને સ્વદ્રવ્ય કીધું. સમજાણું કાંઈ? જેમ આ શરીરને પરદ્રવ્ય કીધું, એમ પુણ્યના વિકલ્પ, વ્રતાદિના વિકલ્પને પણ પરદ્રવ્ય કીધું. એમ અહીંયાં આત્મામાં ચૈતન્ય ભગવાન આત્મા, ચૈતન્યજ્યોત પ્રકાશનું પૂર આત્મા છે. એની અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા (થાય) તે આત્મા છે. તે આત્મા છે એમ કહે છે. '**કારણ કે તેઓ આત્માશ્રિત હોવાથી...**' કોણ? દર્શન-જ્ઞાન અને ચારિત્ર એ આત્મા આશ્રિત છે. પરાશ્રિત નથી. જુઓને! વ્યવહાર પરાશ્રિત છે. નિશ્ચય સ્વઆશ્રિત છે. સીધી વાત છે. પણ એવા કુંડાળે નાખ્યા છે ને. બિચારા બહાર પાપ છોડીને આમ કરતા હોય તો અમે જાણે ધર્મ કરીએ છીએ. પણ એમાં મિથ્યાત્વનું મહાશલ્ય વેદાય છે ઈ? મહામિથ્યાત્વ એ તો મહાપાપ છે. હવે એ પાપની તેને ખબર નથી.

ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા પરમેશ્વરે એમ ફરમાવ્યું, ભાઈ! એ આત્મા જે આનંદમૂર્તિ પ્રભુ એને આશ્રયે જે દર્શન-જ્ઞાન અને ચારિત્ર થાય તે સ્વઆશ્રય હોવાથી તે આત્મા જ છે. એ આત્મા જ છે અને પુણ્યના વિકલ્પો અને શરીરની ક્રિયા પરદ્રવ્ય આશ્રયે આત્મા છે એ અણાત્મા છે એટલે શરીર છે. સમજાણું કાંઈ? એ તો ..માં આવ્યું છે, એમાં આવ્યું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે પુણ્ય-પાપ. એક સ્વદ્રવ્ય આશ્રિત હોવાથી તે મોક્ષમાર્ગ છે અને ઓલો પરદ્રવ્ય આશ્રય હોવાથી પરદ્રવ્ય છે. એ પુણ્ય-પાપમાં આવી ગયું હતું. એ અહીં કહ્યું મોક્ષમાર્ગના અધિકારમાં કહ્યું છે. સમજાણું કાંઈ?

પર્યાયને દ્રવ્ય કીધું. કેમ કે વસ્તુ આત્મા પરમાનંદની મૂર્તિનો પ્રવાહ છે. એ પ્રવાહ જો રાગમાં રોકાતો અને માનતો કે મને લાભ છે તો એને પરદ્રવ્ય આશ્રિત સંસાર છે. ભગવાન ચૈતન્યનું પૂર છે એના શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એ અંતરની દૃષ્ટિ, અંતર જ્ઞાન અને અંતર શાંતિ આત્મા આશ્રિત હોવાથી તે આત્મા છે. કહો, સમજાણું કાંઈ? સંવર અને નિર્જરા એ આત્મા આશ્રયે પ્રગટે-થાય માટે તેને આત્મા કહ્યો છે. આહાહા..! સંવર-નિર્જરા એમ નહિ આ ક્રિયા કરીને આ સંવર થઈ ગયો. ધૂળેય નથી. ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ એની અંતર દૃષ્ટિ થાય, એને આશ્રયે જ્ઞાન થાય, એનું જ્ઞાન થાય. એમ. અને આત્માની સ્વરૂપમાં રમણતા ચારિત્ર થાય એ એક જ મોક્ષનો માર્ગ છે, ભાઈ! સંસારથી છૂટવાનો, દુઃખથી છૂટવાનો, દુઃખના દાવાનળે સળગી રહ્યો એમાંથી નીકળવાનો આ એક માર્ગ છે. આહાહા..! અરેરે..! સમજાણું કાંઈ?

‘**કારણ કે તેઓ...**’ તેઓ એટલે કોણ? દર્શન-જ્ઞાન અને ચારિત્ર. છે એમાં? જુઓને, જુઓને! બહુ સ્પષ્ટ વાત છે પણ હવે એણે કોઈ દી સંભાળ કરી નથી. ઘરના ચોપડા જોવા હોય તો બધે જોવાને તૈયાર. ક્યાં ગયા નારણભાઈ ગયા? છે. એ ચોપડાથી તમારા બાપ યાદ આવ્યા. મહારાજ. મને પાછા કહે હોં! મહારાજ! આ નારાયણ ચોપડા જોતા નથી અને નોકર આગળ રાખે તો જોવા જોઈએને પણ મારી પાસે હા પડાવો છો? શું કરો છો તમે? ખબર છે? તમે નહોતા પણ કહ્યું હતું. ત્યારે (સંવત) ૧૯૮૪માં. થાંભલા પાસે બેસે. આ નોકર... પૈસા તે દી ૮૦ હજાર રૂપિયા. આ ૮૪ની વાત છે હોં. કેટલા થયા? ૪૦ વર્ષ થયા. પછી? કે આ નોકર રાખે છે. .. નામું નારાયણને જોવું પડે કે નહિ મહારાજ? શું કહેવા માગો છો? કરશનજીભાઈ! એના ચોપડા જો. હું તો કહું મૂકી દે. અહીં બેસને. એ વાત કરી હતી તમને. એના બાપ હતા. કરશનજીભાઈ. કરશન. કરશન. શું કરશનભાઈ! શું કહો છો તમે આ? નારાયણ એકનો એક દીકરો અને બીજું કાંઈ જોનાર કોઈ ન મળે. નોકર ભગત હતા ઓલા વિશ્વાસુ. મોહનજી ભગત અને બીજા ઓલા મણિલાલ હતા. હતા ને ખબર છે ને. એટલે કોઈનો બરાબર વિશ્વાસ ન આવે. જોવું જોઈએને કોક દી? આઠ દીએ તો છોકરાએ ઘરના નામા જોવા જોઈએ કે નહિ? શું કહો છો કીધું? મને હા પડાવો છો? આ જોવા જોઈએ આત્માના ભગવાને કહ્યા ઈ. કે મારી મુક્તિ કેમ થાય અને બંધન કેમ છૂટે, એ ચોપડા જોવા. કે આ ચોપડા જોવા? હોળી છે મેં કીધું. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભગવાન આત્મા.. અરે..! પોતે તો કોઈ જાણે કિંમત વિનાની ચીજ. અને શરીર, પૈસા, પુણ્ય અને પાપના ભાવ એ કિંમતવાળી. આ તે કાંઈ ગજબ વાતું છે! આહાહા..! આખો પોતે પુણ્ય-પાપના વિકાર વિનાની ચીજ એની કાંઈ કિંમત ન મળે. આ કિંમત બધી. જુઓને! શું થઈ ગયું? આંધળો તે કેટલો પણ. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે ભાઈ! આ વસ્તુ છે ને પ્રભુ! એ જ્ઞાનનો પ્રકાશ છે, આનંદનું નૂર પૂર છે. શાંતિનો ભરેલો રસનો સાગર આત્મા છે, ભાઈ! એને આત્મા કહીએ. એવા આત્માની અંતર્મુખની દૃષ્ટિ, એનું જ્ઞાન અને એની રમણતા એ આત્મા આશ્રિત માટે તેને આત્મા કહીએ. મોક્ષનો માર્ગ તે આત્મા છે એમ કહે છે. આહાહા..! મોક્ષનો માર્ગ તે પુણ્ય પરિણામ અને દેહની ક્રિયા એ બંધ છે એ તો અણાત્મા શરીર છે. એમાં મોક્ષનો માર્ગ ક્યાં આવ્યો એમાં? સમજાણું કાંઈ? આહા..! પણ એ પોતાને પોતે ચીજ શું એનું માહાત્મ્ય એને દેખાતું નથી. કોઈ દી જોયું નથી, કોઈ દી અનુમાન કરીને આ આત્મા આવો હશે એવું પણ કોઈ દી અનુમાન કર્યું નથી. આ આત્મા એટલે કોણ પણ? આત્મા એટલે વસ્તુ. વસ્તુ એટલે એમાં અનંત શક્તિઓ. અનાદિનું તત્ત્વ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... સત્... સત્... સત્... સત્... સત્. એ રાગથી ઉપડ્યું ન જાય, રાગથી શ્રદ્ધ્યું ન જાય એવું એ તત્ત્વ છે. સમજાણું કાંઈ? એ તો એની દશાથી શ્રદ્ધ્યું જાય એવી ચીજ છે. એ કહે છે એની દશાથી એ શ્રદ્ધાય, એની દશા તે આત્મા છે. જા! શું કીધું સમજાણું?

પુણ્યના ભાવ દયા, દાન, વ્રતના એ તો બાપુ! રાગ છે અને એ તો સંયોગીભાવ છે તો સંયોગને આપશે. એમાં આત્માની એકતા એમાંથી થશે નહિ. ભગવાન આત્મા પોતાના અનંત શાંત આદિ ગુણોમાં એકાગ્ર થતાં, એકાગ્ર થતાં જે આત્માની અંતર નિર્વિકલ્પ શ્રદ્ધા, નિર્વિકલ્પ આત્માનું જ્ઞાન અને આત્માની એકાગ્રતારૂપ વીતરાગી ચારિત્ર એ આત્મા આશ્રિત હોવાથી એ એક જ મોક્ષનો માર્ગ છે. સમજાણું? અને સમ્યગ્દર્શન છે એ સ્વદ્રવ્ય છે એમ કીધું. આહાહા..! સમજાણું કાંઈ? આ જુઓ, ઓલા કહે સમ્યગ્દર્શન બે પ્રકારના. એક પરદ્રવ્યરૂપ સમ્યગ્દર્શન, એક સ્વદ્રવ્યરૂપ સમ્યગ્દર્શન. કહો, સમજાણું કાંઈ?

આત્મા ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એની અંતરની દૃષ્ટિ નિર્વિકલ્પ શ્રદ્ધા તે આત્મા છે. એ સમ્યગ્દર્શન તે આત્મા છે એમ કહે છે. સમ્યગ્દર્શન તે વિકલ્પ છે એ નહિ. ચોખ્ખી વાત કરી છે, જુઓને! વ્યવહાર શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા વિકલ્પ એ આત્મા નથી. એ તો પરદ્રવ્ય છે. આહાહા..! એમ સમ્યગ્જ્ઞાન એ આત્મા છે, સ્વદ્રવ્ય છે. આહાહા..! આત્મા વસ્તુ જે જ્ઞાનસ્વરૂપ છે તેનું જ્ઞાન, તેનું અંતર જ્ઞાન. એ જ્ઞાન તે સ્વદ્રવ્ય છે. સ્વદ્રવ્ય છે. એ વસ્તુથી પ્રગટ થયેલી પર્યાય દ્રવ્યની માટે સ્વદ્રવ્ય છે. કહો, શાસ્ત્રના ભણતર એ પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સ્વદ્રવ્ય નહિ, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓલા ભણતરમાં ગૂંચવાઈ ગયા પાછા. આમાં આ કહ્યું છે. ભાઈ! એમાં જે કહ્યું છે ઈ કહ્યું છે. તું કોણ છો એ કહ્યું છે. એ બધું લક્ષ શાસ્ત્રનું તારા સ્વરૂપનું લક્ષ કરાવવા કહ્યું છે. સમજાણું કાંઈ? ક્યાંય અટકાવવા શાસ્ત્રે કહ્યું નથી. કારણ કે એ અટકેલા તો છૂટીને વીતરાગ અને સર્વજ્ઞ થઈ ગયા. એની વાણીમાં અટકવાનું ક્યાંય આવે કે છૂટવાનું આવે? શું કીધું?

આત્મા એનું સમ્યગ્દર્શન શું છે? કે સ્વદ્રવ્ય છે. કેમ કે આત્મા પૂર્ણાનંદ પ્રભુ એને આશ્રયે જે અંતર અનુભવ થઈને પ્રતીત થઈ તે સમ્યગ્દર્શન તે સ્વવસ્તુ છે. એ સ્વવસ્તુ છે. આત્માઆશ્રિત હોવાથી તે સ્વવસ્તુ છે. એમ આત્મા શુદ્ધ ચૈતન્ય છે, એનું સ્વસંવેદનજ્ઞાન, સ્વ-પોતાનું પ્રત્યક્ષ જ્ઞાન તે જ્ઞાન આત્માઆશ્રિત હોવાથી તે દ્રવ્ય સ્વદ્રવ્ય છે, એ જ્ઞાન સ્વવસ્તુ છે. પરજ્ઞાન, પરશ્રદ્ધા એ સ્વવસ્તુ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ઘરના છોકરા ઘંટી ચાટે ને પાડોશીને આટો. એમ નથી કહેતા લોકો? એમ આત્મા ઘરમાં ચીજ શું છે? એ તો ઘંટી ચાટે. એ તો કાંઈ ન મળે. પુણ્ય-પાપ પાડોશી છે અને શરીર પાડોશી છે એમાં માલવાળા. ભારે ભાઈ આ! આહાહા..! પુણ્ય-પાપ તો પાડોશી છે. સમજાણું? એ આવે છે એક ઠેકાણે હોં! સમકિત સાથે સગાઈ કીધી, પાડોશીને.. પુણ્ય-પાપ બેય ... એમ આવે છે. આનંદઘનજીમાં આવે છે. સમજ્યાને? પાડોશી. 'અવધૂ વૈરાગ બેટા જાયા' એવું કાંઈક છે. સમજાણું? વૈરાગ્ય બેટા જાયાની વ્યાખ્યા શું છે? કે પુણ્ય-પાપના વિકલ્પ રહિત મારી વસ્તુ છે એવી દૃષ્ટિ સહિત વૈરાગ્ય થયો. સમજાણું? લ્યો, એ પાનું જ આવ્યું.

અવધૂ વૈરાગ બેટા જાયા, યાને ખોજ કુટુંબ સબ ખાયા
ખોજ કુટુંબ સબ ખાયા અવધૂ વૈરાગ બેટા જાયા.
જેણે મમતા માયા ખાઈ, સુખ દુખ દોનો ભાઈ
કામક્રોધ દોનુંકું ખાઈ, ખાઈ તૃષ્ણાબાઈ.
દુર્મતિ દાદી મત્સર દાદા, મુખ દેખતહી મુઆ,
મંગલરૂપી વધાઈ વાંચી, એ જબ બેટા હુઆ
અવધૂ વૈરાગ બેટા જાયા,

આ પુત્ર. જુઓ પ્રજા! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ બેટા છે. એ આત્મા છે. સમજાણું કાંઈ? આ પાડોશી શબ્દ આવ્યો.

પુણ્યપાપ પાડોશી ખાયે, માન લોભ દોઉ મામા.

'પુણ્યપાપ પાડોશી...' પુણ્ય-પાપ તો પાડોશી છે. તારી ચીજ ક્યાં હતી? એ આવ્યું જુઓ! સમજાણું કાંઈ? પાડોશીને આટો અને ઘરના છોકરા ઘંટી ચાટે. એમાં માલ. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાંઈ? કહો, ચંદુભાઈ!

પુણ્યપાપ પાડોશી ખાયે, માન લોભ દોઉ મામા
મોહ નગરકા રાજા ખાયા, પીછે હી પ્રેમ તે ગામા.

પરનો પ્રેમ ઊડી ગયો ફડાક દઈને. હું આનંદમૂર્તિ જ્ઞાન છું એવી દષ્ટિ થતાં, પરથી વૈરાગ્ય થતાં બધી વૃત્તિ પુણ્ય-પાપ અને બધી ચીજ ઉપરથી પ્રેમ છૂટી ગયો. સમજાણું કાંઈ? લ્યો! ત્રણ કડી છે. વધારે હશે.

ભાવ નામ ધર્યો બેટાકો, મહિમા વર્ણ્યો ન જાઈ.

ભાવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ભાવ.

ભાવ નામ ધર્યો બેટાકો મહિમા વર્ણ્યો ન જાઈ,
આનંદઘન પ્રભુ ભાવ પ્રગટ કરો, ઘટઘટ રહ્યો સમાઈ.

ભગવાન! તારા ઘટમાં ભગવાન બિરાજે ચૈતન્યમૂર્તિ વીતરાગ સ્વરૂપ છે ઈ. એ ઘટમાં વીતરાગભાવ બિરાજે છે એમ કહે છે. સમજાણું કાંઈ? 'આનંદઘન પ્રભુ ભાવ પ્રગટ કરો, ઘટઘટ રહ્યો સમાઈ.' ઓલા પુણ્ય-પાપ તો પાડોશી હતા. સમજાણું કાંઈ? શાંતિભાઈ! પણ ઓલા બંગલા-બંગલા મીઠા ભારે લાગે, આમ બધા હજીરા લાગે. પાચ-દસ લાખ, વીસ લાખ. આ વળી મલૂકચંદભાઈને વીસ લાખે પણ સખ નથી. એના છોકરાને બે કરોડ-કરોડ. ધૂળમાંય નથી હવે. સમજાણું કાંઈ? આહાહા..!

'આનંદઘન પ્રભુ ભાવ પ્રગટ કરો,...' પુણ્ય-પાપ તો પ્રગટેલા એ નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? ૧૦૫મું પદ છે. ૧૦૮ પદ છે એના? એમાં ૧૦૫મું છે અને આમાં ૧૩૦ થયું ને ઓલા ૨૪. ૧૨૯. ૨૪ તીર્થંકરના અને ૧૦૯ પદ છે એમ કરીને પદ છે. ૧૩૩ પદ છે. આ બધા વાંચેલા પહેલા (સંવત) ૧૯૭૮માં. વનમાં વિંછીયાના વનમાં. વિંછીયાના વડ હેઠે. ૭૮. છે ને વડનું કાંઈ છાપ્યું છે ને? ભાઈ હરિભાઈ! શેમાં છાપ્યું છે? અભિનંદનમાં. વડ વડ વિંછીયાનો છે ને? ૭૮માં આ બધા ત્યાં.. એકલા આહાર કરીને ચાલ્યા જઈએ તો સાંજે આવીએ. ...

'ઘટઘટ રહ્યો સમાઈ.' એટલે શું કહ્યું? ભગવાન આત્મા અંદર આ દેહ તો ભિન્ન છે. એમાં આત્મા આનંદ ને જ્ઞાન ને વૈરાગ્યની મૂર્તિ આત્મા છે. એને વૈરાગ્ય વીતરાગ મૂર્તિ આત્મા છે. એમાંથી વીતરાગભાવ પ્રગટ કર. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર ત્રણે વીતરાગભાવ છે. એ ભાવ-બેટો છે આત્માનો. આ બધા બેટા દુઃખના નિમિત્ત છે. કહો, છ દીકરા મોટા આમ જુઓ તો બધા જુવાન. એક જણો તો કહે, બધા છોકરા જુવાન થઈ ગયા છે એને. એક જણો કો'ક કહેતું હતું. સમજાણું કાંઈ? એકસાથે છ બેઠા હોય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લ્યો. હારબંધ જુવાન લઠ જેવા. આહાહા..! એ બધા દુઃખના નિમિત્ત સગી છે એમ કહે છે. આ વીતરાગ બેટા આત્મા એ સુખનું કારણ છે. બરાબર છે કે નહિ? કહો, ભગવાનજીભાઈ! એને પાંચ છે. ત્રણમાં થોડાક ઓલા, બે જણા ઓલા. બધું સમજવા જેવું છે આખી દુનિયા. આહાહા..!

ભગવાન! તારી પ્રજા તો એને કહીએ, એ તારો દીકરો એને કહીએ કે ભગવાન આત્મા પૂર્ણાનંદ શુદ્ધ, એની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ પ્રગટ કર એ તારો દીકરો, એ તારી પ્રજા અને એ તારો બેટો. આહાહા..! એ પ્રજા વિકાર ને પુણ્ય-પાપના પાડોશીને ખાઈ જાય છે. ઉડાવ, મારામાં એ નથી. બળી જા. સમજાય છે કાંઈ? આહાહા..! જગતની દૃષ્ટિ ઊંધી ને. ઊંધી આડે પુણ્ય તો આમ ગળે વળગ્યા જાણે અંદરથી. સંયોગી ભાવ ભગવાન! એ આકુળતા છે. આકુળતાને ગળે વળગ્યે અનાકુળતા નહિ આવે. સમજાય છે કાંઈ? એ તો ખાવા જેવા પાડોશી છે. મફતના ઊભા થયા જોડે. તારા સ્વરૂપમાં આનંદમૂર્તિ પ્રભુ એમાં પુણ્ય-પાપ તો પાડોશી તરીકે ઊભા થયા. એને બધું પૂરું અને ઘરના છોકરા ઘંટી ચાટે.

મુમુક્ષુ :- આ પુણ્ય-પાપ તો આપે છે.

ઉત્તર :- ધૂળેય આપતું નથી. શું આપે છે? હોળી આપે છે દુઃખના નિમિત્ત બધા. પાપના તો દુઃખના નિમિત્ત આપે જ છે. આ તો પુણ્યભાવ પણ દુઃખના નિમિત્ત આપે છે. ધૂળ છે ત્યાં? પૈસા આવ્યા, બાયડી આવી, છોકરા આવ્યા. દુઃખનું નિમિત્ત છે. કષાય અગ્નિ સળગે છે ત્યાં. એય..! મોહનભાઈ! આહાહા..! બે જણા જુદા પડ્યા ત્યાં એક જણાને કાંઈક થયું ને એકને ઘટ્યું તો હળહળ અગ્નિ સળગી અંદર-કષાય. મારી નાખ્યા જગતને. માયા... માયા... માયા... મિથ્યાત્વની માયા જંજાળ.

આ તો આત્મા છે, કહે છે. આહા..! ભગવાન આત્મા. જુઓને કેટલી વાત! મોક્ષમાર્ગમાં તો થોડા શબ્દો. લીટી અઢી છે. આહાહા..! એથી ઓછું છે. આહાહા..! .. કહો, સમજાણું કાંઈ? ભગવાન આત્મા એ રાગથી નિરાળું જેનું સિંહાસન છે. સમજાણું કાંઈ? ઓલું યાદ આવ્યુંને ઓલું તમારે નથી? ચતુરાંગલ હૈ ભગવાન. સિંહાસનથી ચાર આંગળ ઊંચા બેસે ભગવાન. તીર્થંકર થાય ને કેવળજ્ઞાન જ્યારે ત્યારે સમવસરણને માથે હોય. સમજ્યાને? ગંધકુટી. એના ઉપર હોય સોનાનું સિંહાસન. એના ઉપર ચાર તસુ ઊંચે. હેઠે શરીર ન રહે. એમ ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગથી ભિન્ન એનું સિંહાસન છે. સમજાણું કાંઈ? 'સુરતી ગગનમેં લાગી.' એ પુણ્ય-પાપ વિનાનો ચૈતન્ય છે. એની અંતરમાં શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટ કરવા એ આત્માને ધર્મ અને મોક્ષનો માર્ગ છે. સૂઝ પડતી નથી માણસને સૂઝ પડતી નથી. કોઈ દી સાંભળ્યું નથી અને વિચાર્યું નથી. આ તે કોણ છે અંદર? સમજાણું કાંઈ? બહારનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આ લેવું ને મૂકવું આ કર્યું, તે કર્યું ધૂળધાણી ને વા પાણી. ધૂળધાણી ને વાપાણી સમજાણું છે ને?

એક મુસાભાઈ હતા. વોરા લોટીયો. મુસોભાઈ. નામ મુસાભાઈ. પછી ઘરમાં પૈસા નહિ. પછી નાતનો માલ લઈ વેચીને નાતને જમાડીએ. નાતને જમાડે. માલ એનો લઈ. નાતના ઘણા વાસણ-બાસણ હોય ને? એ લઈને ગયા. જમાડતા જમાડતા પોતે (બોલે), લ્યો પાણી, લ્યો પાણી. ખાવ. શું કીધું? નાતનો માલ નાત ખાય, મુસાભાઈના વા પાણી. ઈ શું કહે છે આ? લેવા આવ્યા પાંચ-દસ દિવસે ઓલા પૈસા. કીધું નહોતું તમને? નાતનો માલ નાત ખાય અને અહીં તો મુસાભાઈના વા-પાણી છે. હું તો મુસો છું. આવા.

એમ ભગવાન આત્માનો માલ સમજ્યા વિના પુણ્ય-પાપના માલને માનીને વા-પાણી ઉડાડ્યા. મજા છે. ધૂળમાંય નથી. હેરાન થઈ જઈશ હેરાન. સમજાણું કાંઈ? આહાહા..! રાતા પીળા કર્યા થોડા. પાંચ-દસ-પચાસ વર્ષ. સરવાળે મીંડા.. આ.. આ.. કરીને મરી જશે. આંખ મીંચીને. કાઢો ઝટ. કાઢો કાઢો સહુ કહે. ભાઈસા'બ પણ આ રહ્યા હતા ને.

મુમુક્ષુ :- જાણે જન્મ્યો નહોતો.

ઉત્તર :- હા, જનમ્યો નહોતો. અડવા ન દે એની ઠાઠડીને પાછી. અડાડશો નહિ. વળી ભૂતડુ થઈને આવશે. જુઓ! આ મરી ગયો રળી રળીને. સમજાય છે?

ભાઈ! એ તો બહારની ક્રિયા પણ અંદર પુણ્ય-પાપમાં જે પડીને રળે અને રોવે છો એ દુઃખરૂપ છે. ભગવાન આત્મા ચિદાનંદ આનંદની પાટ છે નાથ! ત્યાં અંદર દૃષ્ટિ અને જ્ઞાન, એને આશ્રયે રમણતા પ્રગટે તેને શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રને આત્મા કહીએ, એને સ્વવસ્તુ કહીએ, એને સ્વદ્રવ્ય કહીએ. જુઓ! આ દ્રવ્ય આવ્યું. ભાઈ! પ્રશ્ન હતો ને કાલે ભાઈનો. દ્રવ્ય-દ્રવ્ય. દ્રવ્ય એટલે વસ્તુ. અહીં છે ને આપણે? 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ.' દ્રવ્ય એટલે આત્મદ્રવ્ય. એ પ્રશ્ન પહેલા થયો હતો ઘણા વર્ષ પહેલા. થાનના એક આવ્યા હતા દેરાવાસી માણેકચંદભાઈ. આપણે જસાણીના સગા થાય. જસાણી કરોડપતિ. આપણા નાનાલાલભાઈના. અમે અહીં બેઠા હતા અને એ આવ્યા. એ બહાર બેઠા હતા. તે દી ચાકળો અહીં નહોતો આમ હતો. એણે પ્રશ્ન કર્યો. મહારાજ! આ દ્રવ્યદૃષ્ટિ? એ જાણે કે અહીં કરોડપતિ બહુ આવે છે અહીં. અને એમના સગા નાનાલાલભાઈ કરોડપતિ જસાણી. રાજકોટના. એટલે એ કહે કે દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ? આ શું? પૈસાવાળા એ સમ્યગ્દૃષ્ટિ? અરે..! માણેકચંદભાઈ! એ પાછા બિચારા મળ્યા હતા થાનમાં હો થાનમાં. વાત કે ભાઈ અમને ખબર નહિ. અમે તો જાણીએ કે દ્રવ્ય એટલે પૈસો. તમારી પાસે પૈસાવાળા બહુ આવે છે. હવે ધૂળવાળા આવે તો અહીં શું છે? કીધું. સમજાણું કાંઈ?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ.' દ્રવ્ય એટલે આત્મા. પુણ્ય અને પાપના રાગ વિનાનો, શરીર વિનાનો, અખંડ આનંદ અને પૂર્ણ ગુણનો પિંડ એવું જે દ્રવ્ય, એની અંતર દૃષ્ટિ થવી તેનું નામ સમ્યગ્દર્શન છે. કહો, સમજાણું? એ સમ્યગ્દર્શન સ્વદ્રવ્ય છે એટલે આત્મા છે. એ સ્વવસ્તુ છે. તારા ઘરથી નીકળેલું ઘર એ તારી પ્રજા છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**કારણ કે તેઓ આત્માશ્રિત હોવાથી સ્વદ્રવ્ય છે.**' આહાહા..! એ તારો વારસો રાખે, કહે છે. પુણ્ય-પાપ તારો વારસો નહિ રાખે. એ તો બળી જશે. પુણ્ય-પાપ સળગી જશે. કેટલી વાત કરી છે જુઓ!

'**ભાવાર્થ :- મોક્ષ છે તે સર્વ કર્મના અભાવરૂપ આત્મપરિણામ છે,...**' હવે ન્યાય આપે છે જરી. મોક્ષ એટલે આત્માને સર્વ વિકારથી રહિત, સર્વ કર્મથી રહિત એવો આત્માનો સર્વ કર્મના અભાવરૂપ આત્માના પરિણામરૂપ, સદ્ભાવરૂપ આત્માના પરિણામ છે. મોક્ષ શું છે મોક્ષ? એ સાંભળ્યું છે? જોયું છે? કહે છે એને. મોક્ષ કાંઈ લટકવું એ નહિ.

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.

વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથે એને સમજાવ્યો જગતને કે સકળ માર્ગ નિર્ગ્રંથ. મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા. પુણ્ય-પાપના વિકાર એ બંધન છે, એ દુઃખ છે. એનાથી છૂટીને આત્માની પૂર્ણ આનંદ દશા થવી, પૂર્ણ પવિત્ર દશા થવી એનું નામ મોક્ષ. મોક્ષ એટલે શું? આત્માની પૂર્ણ પવિત્રતાની પ્રાપ્તિ થવી એનું નામ મોક્ષ. અને અપવિત્રતાની પ્રાપ્તિ રહેવી એનું નામ સંસાર. આહાહા..! સંસાર કોઈ બાયડી-છોકરામાં રહેતો નથી કાંઈ. બાયડી-છોકરા પર છે, એ તો એને ઘરે રહ્યા. એને અંદર મમતા છે કે આ મારા અને હું. અને પુણ્ય-પાપ મારા અને હું એવો મિથ્યાત્વભાવ એ સંસાર. રાગ-દ્વેષભાવ એ સંસાર. એનો અભાવ થઈ આત્માના આશ્રયે મિથ્યાત્વ ટળી સમકિત થયું, રાગ-દ્વેષ ટળીને વીતરાગતા થઈ. એવી પૂર્ણ પવિત્રતાની પ્રાપ્તિ તેને ભગવાન મોક્ષ કહે છે. એ પૂર્ણ પવિત્રતાની પ્રાપ્તિ કર્મના અભાવરૂપ છે. અને આત્માના પરિણામરૂપ છે. લ્યો, અહીં તો મોક્ષને આત્માના પરિણામ કહ્યા. કોઈ દી સાંભળ્યું નહિ હોય. પરિણામ મોક્ષ હશે? મોક્ષ એટલે આત્માના પરિણામ? પરિણામ એટલે પર્યાય. પર્યાય એટલે અવસ્થા, અવસ્થા એટલે દશા. સમજાણું કાંઈ? આહાહા..! સંસાર એટલે? આત્માની વિકારી દશા. મોક્ષ એટલે? આત્માની પૂર્ણ પવિત્ર શુદ્ધ દશા. એમ મોક્ષનો માર્ગ એટલે? કે આત્માના શુદ્ધ પવિત્રતાની પરિણતિનો ભાવ એ આત્માના પરિણામ છે. તે પરિણામ મોક્ષના પરિણામનું કારણ છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**મોક્ષ છે એ સર્વ કર્મના અભાવરૂપ આત્મપરિણામ છે, માટે તેનું કારણ પણ...**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમ. '**તેનું કારણ પણ આત્માના પરિણામ જ હોવું જોઈએ.**' મોક્ષ નામ પૂર્ણ પવિત્ર આનંદદશા એ મોક્ષ. તો પૂર્ણ કર્મના અભાવરૂપ પૂર્ણ દશા એ આત્મપરિણામ, તો એનું કારણ પણ આત્માના પરિણામ હોવા જોઈએ. વિકારી પરિણામ મોક્ષનું કારણ થાય? એ તો પરભાવ છે. સમજાણું કાંઈ? એક એક ગાથાએ કેટલું સ્પષ્ટ ચોખ્ખું છે! પોતાની દૃષ્ટિએ વાંચે અને પોતાને ગોઠ્યું હોય એટલો અર્થ કાઢે એમાંથી. શું કહે છે શાસ્ત્ર એની કોર દૃષ્ટિ ન લઈ જાય. પણ પોતાની દૃષ્ટિ હોય એની કોર શાસ્ત્રને લઈ જાય. એના ભાવને પોતાની દૃષ્ટિ કોર લઈ જાય.

અહીં કહે છે, '**તેનું કારણ...**' કોનું કારણ? મોક્ષનું. આત્માની પવિત્ર પૂર્ણ દશા એવા પરિણામ, એવી પર્યાય, એવી અવસ્થા એને મોક્ષ કહીએ અને તેનું '**કારણ પણ આત્માના પરિણામ જ હોવું જોઈએ. દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માના પરિણામ છે;...**' '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' એ તત્ત્વાર્થસૂત્રનું પહેલું સૂત્ર છે. આવે છે ને? ઉમાસ્વામી. '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**'. તો એ મોક્ષમાર્ગ આત્માના પરિણામ છે. વીતરાગી પરિણામ છે. રાગ પરિણામ એ પરભાવ છે, આત્માના પરિણામ નથી. એમ કહે છે અહીં. સમજાણું કાંઈ?

'**તેનું કારણ પણ...**' આ તો ન્યાયથી વાત કરે છે, હોં! હોવું જોઈએ એટલે આમ હોય ને. એમ. '**દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માના પરિણામ છે;...**' ભગવાન આત્મા પરિણામી પદાર્થ અનંત શુદ્ધ ચૈતન્યમૂર્તિ એની અંતર દૃષ્ટિ કરીને જે પરિણમન થયું એ તો આત્માના પરિણામ છે. આત્મામાંથી આવ્યા છે. આત્મામાંથી અને આત્મા આશ્રયે આવ્યા છે. '**માટે નિશ્ચયથી તે જ મોક્ષનો માર્ગ છે.**' લ્યો! માટે ખરેખર, સાચી રીતે તો આત્માના નિર્વિકારી પરિણામ તે એક જ મોક્ષનો માર્ગ છે. કહો, હજી પરિણામના વાંધા ઊઠે. ઓલો કહે, સમ્યગ્દર્શન પરિણામ ન હોય, સમ્યગ્દર્શન ગુણ હોય. આ કોણ જાણે ક્યાંથી માથાફોડ કરે છે? અહીં તો કહે છે કે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર ત્રણે મોક્ષના પરિણામ છે. મોક્ષ પણ પરિણામ છે. લે હવે. મોક્ષ પણ પર્યાય છે. મોક્ષ કાંઈ ગુણ નથી. ગુણ તો ત્રિકાળી આત્મામાં આનંદ ત્રિકાળી જ્ઞાન અને ત્રિકાળી છે. એની અવસ્થાની પવિત્રતા પ્રગટ થવી એ પરિણામ છે મોક્ષ. કોણ જાણે આખી વાત જ ફેરફાર થઈ ગઈ છે. સંપ્રદાયમાં. સંપ્રદાહ-દાહ રહી ગયો. વસ્તુ જે ભગવાન આત્મા પરમાત્માએ કહી એ વસ્તુ બહુ ફેરફાર થઈ ગયો આખો. આહાહા..! 'દાહ લાગ્યો ડુંગરીએ બહેની ક્યાં જઈ કહીએ?' આવે છે ને? ડુંગરીએ દાહ લાગ્યો ચારે કોર. ભગવાન આત્મા...!

મુમુક્ષુ :- સોનગઢ આવીને રહે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઉત્તર :- આત્મામાં રહે તો સમજાય એને. સોનગઢમાં ક્યાં હતું? કહો, છોટાભાઈ! અહીં કહે છે અહીં સોનગઢમાં આવીએ તો પ્રગટે એમ છે? કે અંદરમાં આવે તો પ્રગટે? સોનગઢ તો આત્મા છે. જેને કાટ ન લાગે એવો આત્મા. પુણ્ય-પાપનો કાટ છે એ આત્મામાં નથી. એવો આત્માનો સોનગઢ આત્મા ભગવાન, એમાં એકાકાર થાય તો તેને શાંતિ મળે અને સુખ થાય. સોનું ચોખ્ખું જ હોય, સોનાને કાટ હોય નહિ. કાટ તો પરચીજ છે. સમજાણું? કાટ તો શુદ્ધતાને રોકનારી છે. એથી કહે ને ચૌદ વલું સોનું, પંદર વલું સોનું. એમ કહે છે ને? ભાગ લોઢાનો નાખીને સોનું કહે છે એને? એ તો પર છે. એમ આત્મા આટલો શુદ્ધ થયો, આટલો શુદ્ધ થયો. એ તો એ સોનું શુદ્ધ થાય ઈ સોનું આત્મા કહેવાય. અશુદ્ધતા એ આત્મા છે? સમજાણું?

'**માટે નિશ્ચયથી તે જ મોક્ષનો માર્ગ છે.**' લ્યો! ખરેખર.. ત્યારે હવે કહે વ્યવહાર? પણ વ્યવહાર વિકલ્પ છે એ મોક્ષનો માર્ગ નથી. સાંભળને! અહીં નિશ્ચયથી કીધું ત્યારે વ્યવહાર બીજો છે ને. છે એ કહેવામાત્ર છે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો રાગ, શાસ્ત્રનું જ્ઞાન એ બધું વિકલ્પ છે તે નિમિત્તરૂપે છે. નિમિત્ત સાથે છે માટે એને મોક્ષમાર્ગ વ્યવહારે કહેવામાં આવે છે. એ કહેશે નય. પણ એ આદરણીય છે નહિ. વ્યવહાર છે. નથી એમ નહિ. આદરણીય નથી. આશ્રય કરવાલાયક નથી.

'**લિંગ છે તે દેહમય છે;...**' ભેખ શરીરના તો દેહની ચીજ છે. નગ્નપણું અને લૂગડા છૂટી ગયા, આ બાર વ્રતના વિકલ્પો, પંચ મહાવ્રતના એ બધો દેહ છે. '**દેહ છે તે પુદ્ગલમયદ્રવ્ય છે; માટે આત્માને દેહ મોક્ષનો માર્ગ નથી.**' જુઓ! આ ઓઘો એ ચારિત્ર છે. અરે.. ભગવાન! ક્યાં લઈ ગયા પણ બાપા! ઓલો કહે પીંછી કમંડળ છે. આ પીંછી-કમંડળ હોય તો એ ચારિત્રવંત છે, વંદનીય છે. ઓલો કહે, ઓઘો હોય એ ચારિત્ર છે. ઊંચો કરીને કહે. બધા બેઠા હોય સામા. હા મહારાજ. ચારિત્ર તો એ જ કહેવાય ને. આહાહા..! એમ કહેતા હતા કે નહિ? કહે છે. ચારિત્રનું નિમિત્ત તે ચારિત્ર છે. એના કારણ. લિંગ-ભેખ એ ક્યાં આત્મા છે? એ તો જડનો ભેખ શરીર. શરીર ભેખ એનું નગ્નપણું. સમજાય છે? મુનિનું લિંગ છે એ નગ્ન જ હોય છે. પણ નગ્ન છે એ તો દ્રવ્ય જડપણું છે. એ કાંઈ આત્મા છે? નગ્નપણું એ મોક્ષનું કારણ છે?

નગ્નપણું આવે ને શાસ્ત્રમાં? પછી ઓલો નાગો બાવો. નહોતું કીધું વઢવાણમાં. ત્યાં ફરતા, (સંવત) ૧૯૮૨માં. ત્યાં જાતા વનેચંદ શેઠ ને જયચંદ શેઠને. ઓલા .. મુનિપણું નગ્ન હોય, એને વૈરાગ્ય હોય બહુ. ઓલો નાગો ગાંડો હતો હોં એક. હું ત્યાં દિશાએ જાઉં. .. ત્યાં રહેતો. એ પાણી પીવા આવે. ગાંડો તદ્દન. નાગો રહે, લૂગડા જરી હાથમાં રાખે થોડાક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

ઊંચા. ગામમાં આવે તો ખાવા એકદમ આપે લોકો એકદમ. ઓહોહો..! જંગલમાં રહે છે. નાગો ગાંડો એને શું? ઢોર રહે એમ એ રહેતો હતો. બહાર નગ્નપણું એટલે શું થયું એમાં? શરીર મુંડાવે શું કર્યું? શરીર તો મુંડે છે, બોકડા પણ મુંડાવે છે. મન મુંડાવ્યા વિના પુણ્ય-પાપના રાગ જ મારા નહિ, એવું મન મુંડાયા વિના આત્મદર્શન થાય નહિ. એમ કહે છે.

લ્યો! '**પરમાર્થે અન્ય દ્રવ્યને અન્ય દ્રવ્ય કાંઈ કરતું નથી...**' આત્માને દેહ મોક્ષનો માર્ગ નથી. '**પરમાર્થે અન્ય દ્રવ્યને અન્ય દ્રવ્ય કાંઈ કરતું નથી...**' કહો! એ પણ માનતા નથી. કાંઈક કરે, કરે. ન કરે એમ હોય? શું કરે ધૂળ કરે? ખરેખર શરીરનો ભેખ આત્માને કાંઈ લાભદાયક નથી. '**એ નિયમ છે.**' એવો જગતનો નિયમ છે. વસ્તુનો એવો સ્વભાવ છે. આત્માને પરદ્રવ્યની નગ્ન દશા કાંઈ લાભકારી નથી. પરદ્રવ્યની ક્રિયા આત્માને કાંઈ લાભદાયક અને નુકસાનકારક નથી.

'**જો આમ છે (અર્થાત્ જો દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી અને દર્શનજ્ઞાનચારિત્ર જ મોક્ષમાર્ગ છે) તો આમ (નીચે પ્રમાણે) કરવું-એમ હવે ઉપદેશ કરે છે :-**'

૪૧૧.

**तम्हा जहित्तु लिंगे सागारणगारएहिं वा गहिदे।**
**दंसणणाणचरित्ते अप्पाणं जुंज मोक्खपहे।।४११।।**

'**गहिदे**' સમજાય છે? અને '**जहित्तु**' બે ઉપર વજન છે.

**તેથી તજી સાગાર કે અણગાર-ધારિત લિંગને,**
**ચારિત્ર-દર્શન-જ્ઞાનમાં તું જોડ રે! નિજ આત્મને. ૪૧૧.**

જોયું! ગૃહસ્થનું લિંગ. ગૃહસ્થનું લિંગ હોય ને આ કોપીન અને ભેખ બાહ્ય. અણગાર લિંગ એ નગ્નપણું. '**गहिदे**' નું ધારિત કર્યું. એની વ્યાખ્યા-ટીકા.

'**ટીકા :- કારણ કે દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી,...**' ૪૧૧. સમજાણું કાંઈ? આહાહા..! શરીર મૌન કર્યું, અપવાસ કરીને જીર્ણ થયું. લ્યો, એને થઈ ગયો ધર્મ. ધૂળમાંય નથી. આત્માની અંતર દૃષ્ટિ સમતાની, વીતરાગતાની પ્રગટ્યા વિના તારો કાયકલેશ ને વનવાસ ને મૌનપણું શું કરે? વૃથા... વૃથા... વૃથા છે. આત્માને કાંઈ લાભ નથી. આવે છે ને? નિયમસાર. સમજાણું? શેમાં આવે છે ઈ? સામાયિકમાં આવે છે નહિ? સામાયિક-સામાયિક. પહેલા સામાયિક આવે ને. સમાધિ. સમાધિમાં સામાયિક આવતી હશે. લ્યો, એ આવ્યું. ૧૨૪.

**किं काहदि वणवासो कायकिलेसो विचित्तउववासो।**
**अज्झयणमोणपहुदी समदारहियस्स समणस्स।।१२४।।**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**વનવાસ વા તનક્લેશરૂપ ઉપવાસ વિધવિધ શું કરે?**
**રે! મૌન વા પઠનાદિ શું કરે સામ્યવિરહિત શ્રમણને? ૧૨૪.**

જ્યાં શુદ્ધ ઉપયોગની રમણતા શાંતિની નથી તેને આવી ક્રિયાકાંડે શું લાભ થાય? સમજાણું કાંઈ?

'**કેવળ દ્રવ્યલિંગધારી શ્રમણાભાસને સમસ્ત કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત મહા આનંદના હેતુભૂત પરમસમતાભાવ વિના,...**' પરમસમતા એ. આનંદમૂર્તિ છું, શુદ્ધ ચૈતન્ય દષ્ટિવંત છું એવું અંતર ભાન થયા વિના '(૧) **વનવાસે વસીને વર્ષાઋતુમાં વૃક્ષ નીચે સ્થિતિ કરવાથી, ગ્રીષ્મઋતુમાં પ્રચંડ સૂર્યના કિરણોથી સંતપ્ત પર્વતના શિખરની શિલા ઉપર બેસવાથી અને હેમંતઋતુમાં રાત્રિમધ્યે દિગંબરદશાએ રહેવાથી, (૨) ત્વચા અને અસ્થિરૂપ (માત્ર હાડ-ચામરૂપ) થઈ ગયેલા આખા શરીરને ક્લેશદાયક મહા ઉપવાસથી,...**' શું કરે એમાં? ચૈતન્ય ભગવાન શુદ્ધ આનંદ, એની તને દષ્ટિ અને આનંદનો લાભ અંતરમાં નથી, એવી સમતા નથી. એ સમતા હોં! આ સમતા બહારની કષાયની એ નહિ. સમતાની વાત કરી છે ને જુઓ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ કીધું. કેવળ દ્રવ્ય નહિ. '**કાદવથી વિમુક્ત અને મહા આનંદના હેતુભુત પરમસમતાભાવ...**' વીતરાગ પરિણામ રાગ વિનાના ભાવ વિના તને આ વનવાસ અને આ ઉપવાસ ને કાયક્લેશ શું તને કરશે? સમજાણું કાંઈ? ઉપાદેય છે એમ કહ્યું, જુઓ!

'**(૩) સદા અધ્યયનપટુતાથી અથવા (૪) વચનસંબંધી વ્યાપારની નિવૃત્તિસ્વરૂપ સતત મૌનવ્રતથી શું જરાય ઉપાદેય ફળ છે?**' જરાય નહિ. સમજાણું કાંઈ? ઘણું મૂક્યું છે આચાર્યે તો. ઓહોહો..! ભાઈ! તારી દશા પ્રગટ્યા વિના સમભાવ પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડી અને વીતરાગ સ્વરૂપી પરમાત્મા પોતે છે એની સમતા અંદરમાંથી રાગરહિત વીતરાગી સમતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને અહીં સમતાભાવમાં લાવ્યા છે. જે અહીં મોક્ષનો માર્ગ કહે છે એને ત્યાં સમતામાં સમાડી દીધું. સમજાણું કાંઈ?

'**કારણ કે દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી, તેથી સમસ્ત દ્રવ્યલિંગને છોડીને...**' એમ છે ને શબ્દ પાઠમાં? છોડીને એનો અર્થ? નગ્નપણું મૂકી દેવું એમ નહિ. એ તો છે. એને મૂકવું શું ત્યાં? એમ વ્રતના વિકલ્પો પણ હોય એને છોડવું એટલે કે એની મમતા છોડવી. એ મને લાભદાયક નથી. નીચે અર્થમાં આવશે. સમજાણું કાંઈ? દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી. દેહની ક્રિયા અને શુભભાવ-એ વ્રતનો શુભભાવ, પુણ્યભાવ એ મોક્ષમાર્ગ નથી. '**સમસ્ત દ્રવ્યલિંગને છોડીને...**' શરીરની ક્રિયા અને પુણ્ય-પાપની મમતા છોડ કે આ મારું છે એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મમતા છોડ. બાયડી-છોકરા છોડીને બેઠો બિચારો નગ્ન થઈને. તો કહે, હજી છોડવાનું છે. શું હવે બાકી? પુણ્યની ક્રિયાના પરિણામ છે એ મારા છે એ મમતા છોડ અને સ્વરૂપની દૃષ્ટિ કરીને ઠર. એ તને સમતા અને મોક્ષનું કારણ છે. નગ્નપણું સૂકાઈ જા અપવાસ કરી કરીને મરી જાય તો પણ કાંઈ કલ્યાણનું કારણ નથી. રાડ નાખે હોં! હાય.. હાય..! અમે બધું કરીએ એના તો મીંડા. શું કરતો હતો? ધૂળ? સાંભળને હવે.

'**તેથી સમસ્ત દ્રવ્યલિંગને છોડીને દર્શનજ્ઞાનચારિત્રમાં જ,...**' એમ. છોડીને એટલે? એ પુણ્યનો વિકલ્પ અને દેહની ક્રિયા એનું લક્ષ છોડી દઈને સ્વરૂપ અંદરમાં આત્મા એની શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રમાં સેવન કર. '**સમસ્ત દ્રવ્યલિંગને છોડીને દર્શનજ્ઞાનચારિત્રમાં જ,...**' જોયું! ઓલા રાગમાં નહિ, દેહની ક્રિયામાં નહિ. '**તે (દર્શનજ્ઞાનચારિત્ર) મોક્ષમાર્ગ હોવાથી,...**' તે દર્શનજ્ઞાનચારિત્રમાં. સમજાણું? અહીં તો શબ્દો એવા લખે ચોખ્ખા. સમ્યક્ શબ્દ લાગુ પાડ્યો નથી. '**दंसणणाणचरित्ते**' એવી ભાષા લીધી છે ને. બધે લીધી છે પહેલેથી. એ સમ્યક્ છે એનો અર્થ. દર્શન એટલે આત્માનું દર્શન એ સમ્યક્. એમ.

'**દર્શનજ્ઞાનચારિત્રમાં...**' ભગવાન આત્મા, એમાં એમ નથી કહ્યું પણ આત્માનું જે સમ્યગ્દર્શન, આત્માનું જે જ્ઞાન અને આત્માની વીતરાગતા તેમાં જ મોક્ષમાર્ગ હોવાથી, તે જ મોક્ષમાર્ગ હોવાથી '**આત્માને જોડાવાયોગ્ય છે.**' કહો, સમજાણું કાંઈ? એ આત્માને મોક્ષમાર્ગમાં જોડાવાયોગ્ય છે એમ કહે છે. રાગમાં જોડાવાયોગ્ય છે નહિ. વ્રતના પરિણામ, ભક્તિના પરિણામ, તપના ભાવ એ તો રાગ છે. એમાં આત્માને જોડાવા લાયક નથી. કહો, સમજાણું? '**આત્માને જોડાવાયોગ્ય છે-એમ સૂત્રની અનુમતિ છે.**' છે ને? એમ આ સૂત્રનું કહેવું આમ છે. કુંદકુંદાચાર્ય મહારાજનું સૂત્રનું કહેવું આમ છે. અથવા બધા સૂત્રની અનુમતિ આ છે. એમ કહે છે. આહાહા..!

વીતરાગે કહેલા, પરમેશ્વરે ત્રિલોકનાથ તીર્થંકરે કહેલા શાસ્ત્રો, એમાં તો અનુમતિ આની છે. રાગ ને પુણ્યની ક્રિયાની અનુમતિ ભગવાનની આજ્ઞામાં નથી. આત્મા પોતે વીતરાગમૂર્તિ એની શ્રદ્ધા, જ્ઞાન, લીનતા એ એની સૂત્રની અનુમતિ છે. એનાથી તારી મોક્ષની ક્રિયા પ્રગટીને મોક્ષ થશે. બાકી બીજાથી થશે નહિ. એમ એણે પાકો નિર્ણય અને જ્ઞાન કરવું જોઈએ. એ કર્યા વિના એનું એકેય ડગલું સાચું ભરશે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**મહા સુદ ૧૧, શનિવાર તા. ૧૦-૨-૧૯૬૮**
**ગાથા-૪૧૧-૪૧૨, શ્લોક-૨૩૯, પ્રવચન-૪૮૩**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૪૧૧ ગાથા. એનો ભાવાર્થ.

'**ભાવાર્થ :- અહીં દ્રવ્યલિંગને છોડી...**' દ્રવ્યલિંગ એટલે આ શરીરની નગ્ન દશા મુનિને હોય છે ને? એ કાંઈ મુનિપણું નથી નગ્નદશા એ. એમ અંદરમાં પંચ મહાવ્રતના પરિણામ વિકલ્પ જે રાગ થાય એ કાંઈ મુનિપણું ધર્મ નથી. એ તો દ્રવ્યલિંગ નિમિત્તપણે હોય છે. તો અહીં આચાર્ય કહે છે કે એને છોડી દઈ એટલે કે તેનું લક્ષ છોડી દઈ, એની મમતા છોડી દઈ '**આત્માને દર્શનજ્ઞાનચારિત્રમાં જોડવાનું વચન છે...**' ભગવાન આત્મા પોતાના સમ્યગ્દર્શનમાં-જ્ઞાનમાં અને ચારિત્રમાં જોડવો. એનો અર્થ એ થયો કે આત્માને અંતર દૃષ્ટિ કરી, અંતર જ્ઞાન કરીને સ્થિર થવું.

વસ્તુ જે આત્મા છે એનું દર્શન. એટલે વસ્તુ શુદ્ધ ચૈતન્ય આનંદમૂર્તિ તેનું અંતર્મુખ થઈ એમાં લીન થવું એટલે એનો અર્થ કે આત્માની અંતર્મુખ થવું અને તે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિર થવું એનું નામ મોક્ષનો માર્ગ છે. કાંઈ પાંચ મહાવ્રતના પરિણામ કે વિકલ્પ જે રાગ ઊઠે છે કે દેહની ક્રિયા જડની નગ્નપણું એ કાંઈ મુનિપણું નથી, એ કાંઈ ધર્મ નથી. એવો ભેખ નિમિત્તરૂપે હોય છે. એનાથી બીજો ભેખ હોય એમ પણ નહિ પાછું.

મુમુક્ષુ :- બીજા પ્રકારના વ્રત હોય?

ઉત્તર :- બીજા પ્રકારના વ્રત હોય, બીજા પ્રકારનો ભેખ હોય વસ્ત્ર સહિતનો, લંગોટી કે આ સમજ્યાને? પાંદડા બાંધેલા કે રાખ ચોપડેલી. એવું લિંગ ન હોય. મુનિને એવું લિંગ ન હોય. હોય તો નગ્ન દશા તદ્દન અને અંતરમાં અઠ્યાવીશ મૂળગુણ એટલે કે અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યનો વિકલ્પ-રાગ. પણ એ રાગ છે એ પુણ્યબંધનું કારણ છે, નિમિત્ત છે એ જડની અવસ્થા છે. એને છોડી દે લક્ષમાંથી એમ કહે છે. અને આત્માને દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જોડ. આત્મા શુદ્ધ આનંદપ્રભુ એની દૃષ્ટિ, એનું જ્ઞાન અને એની સ્થિરતા કર. સમજાય છે કાંઈ?

દર્શન, જ્ઞાન, ચારિત્ર જોડવાનું કહ્યું છે એ વચન છે. '**તે સામાન્ય પરમાર્થ વચન છે.**' સંક્ષેપમાં પરમાર્થ વચન છે. એટલે શું? કે છોડવાનું કહીને તું વ્રત છોડી દે ને પછી નગ્નપણું મૂકી દે એમ નથી. પરમાર્થ વચન. '**કોઈ સમજશે કે મુનિ-શ્રાવકનાં વ્રતો છોડાવવાનો ઉપદેશ છે.**' વ્રતનો તો વિકલ્પ છે રાગ, એ છોડાવવાનો ઉપદેશ એટલે કે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ છોડાવવાનો ખરો, પણ એનો અર્થ એ કે છોડીને બીજે જાય એમ નથી. એમાંથી ખસીને સ્વરૂપમાં ઠર એમ કહે છે. સમજાણું કાંઈ? મુનિના પંચ મહાવ્રત હોય છે, બાર વ્રત શ્રાવકના હોય છે એને છોડાવવાનો ઉપદેશ છે એમ નથી.

**'જેઓ કેવળ દ્રવ્યલિંગને જ મોક્ષમાર્ગ જાણી ભેખ ધારણ કરે છે,...'** બસ, આપણે તો નગ્ન થઈ જઈએ અને પંચ મહાવ્રતના પરિણામ પાળીએ એટલે આપણે મોક્ષમાર્ગ થઈ ગયો એમ માને એ વાત ખોટી છે. એને સમજાવવા વાત કરી છે. સમજાણું કાંઈ? **'કેવળ દ્રવ્યલિંગને...'** એટલે બસ દયા, અહિંસા, સત્ય, દત્, બ્રહ્મચર્ય પાળવાનો ભાવ એ તો રાગ છે. વિકલ્પનું ઉત્થાન વૃત્તિ છે. એ વૃત્તિ છે એ તો ઝેર છે. એ કાંઈ આત્માનો ધર્મ નથી. સમજાણું કાંઈ? અને નગ્નપણું હોય છે મુનિને. મુનિ થાય એટલે એના શરીરની દશા નગ્ન જ થઈ જાય. પણ નગ્ન થાય તે નગ્નપણું કાંઈ ધર્મ અને મુક્તિનું કારણ નથી. પણ નગ્નપણું હોય છે એ બરાબર છે. એટલી વાત જ્યાં સિદ્ધ કરી એટલે એમ માની બેઠા કે એનાથી આપણને મોક્ષ થશે. નગ્ન થઈ જાવ, નગ્ન થઈ જાવ, દિગંબર થઈ જાવ. પણ દિગંબર એટલે શું? ભાવદિગંબર.

આત્મા આનંદસ્વરૂપ ભગવાન એમાંથી વિકલ્પની જે પુણ્ય-પાપની વિકલ્પની, વસ્ત્રની લાગણી વિકલ્પની એને છોડી દે એમ કહે છે. સમજાય છે કાંઈ? ભારે માર્ગ! ભગવાન આત્મા અંતરમાં ચૈતન્યબિંબ છે. એમાં કહ્યું ને? ભગવતી સ્વસંવેદન ચેતના જેમાં વ્યાપી છે આત્મામાં. કાંઈ પુણ્ય-પાપનો રાગ વ્યાપ્યો નથી. આ પંચ મહાવ્રતના પરિણામ અને નગ્નપણું કાંઈ આત્મામાં નથી વ્યાપ્યું. એ તો બાહ્યમાં જડમાં છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એને લક્ષણે એને ઓળખવો. એટલે કે એમાં અંતરમાં મહિમાવંત ચેતના, અવિનાશી ચેતના, જેમાં અંતરમાં ઉતરેલી છે. વસ્તુમાં-દ્રવ્યમાં એ ચેતના ઉતરેલી છે. અંતરમાં ઉતરેલી એટલે અવિનાભાવી, એ આત્મા સાથે અવિનાશી ચેતના વર્તે છે. એમાં કાંઈ રાગ અને પુણ્ય અને દેહની અવસ્થા કાંઈ અંદરમાં ઉતરતી નથી, તેમ તેની પર્યાયમાં પણ એ નથી એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? એ પર્યાય જ એની નથી રાગાદિ વ્રતાદિની. એની પર્યાય એટલે અવસ્થા. અંદર ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એમાં ચેતન અનંત ધર્મોમાં વ્યાપેલ છે ચેતના. એવું જે દ્રવ્ય-વસ્તુ છે એમાં ચેતના એના સ્વધર્મમાં વ્યાપેલી, અંતરમાં ઉતરેલી અને એની ઉપયોગ પરિણતિ છે. જાણવા-દેખવાની શુદ્ધ ઉપયોગ પરિણતિ તે પર્યાયમાં વ્યાપી છે. એવો જે ગુણ વ્યાપીને પર્યાય તેમાં ઠર. એટલે કે તેમાં દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રગટ કરી અને એમાં રમ. એ પુણ્યનો વિકલ્પ એ કાંઈ ગુણમાં કે પર્યાયમાં વ્યાપેલો નથી અને એનું એ સ્વરૂપ ને એનું લક્ષણ એ નથી. સમજાણું કાંઈ? નગ્નપણા વડે આત્માને ઓળખવો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એનું લક્ષણ હશે? વ્રતનો વિકલ્પ છે એ આત્માનું લક્ષણ છે કે એ વડે આત્મા ઓળખાય? એનું લક્ષણ તો ચૈતન્ય ઉપયોગ. ચેતના ત્રિકાળ અને ઉપયોગ વર્તમાન પરિણતિ પર્યાય એ વડે અંતરમાં વ્યાપેલી. એ પણ અંતર વ્યાપેલી છે. આખા આત્મામાં અવિનાશી ચેતના વ્યાપેલ છે એમ શુદ્ધ પરિણતિ પણ આખા આત્મામાં અંદર વ્યાપી છે. સમજાણું કાંઈ? એમાં ઠર.

**'કેવળ દ્રવ્યલિંગને જ મોક્ષમાર્ગ જાણી ભેખ ધારણ કરે છે, તેમને દ્રવ્યલિંગનો પક્ષ છોડાવવા ઉપદેશ કર્યો છે...'** સમજ્યાને? છે તો એ વ્રતનો વિકલ્પ છોડાવવાની વાત. પણ ઓલા ભડકી ન જાય માટે આવો અર્થ જરી હળવો કર્યો છે. વ્રત છોડવવા માટે છે. વ્રત છોડો વ્રત છોડો એટલે? વ્રતના વિકલ્પનું લક્ષ છોડી દે. અને અહીંયાં અંતર આત્મામાં ઠર તો મુક્તિ થશે. સમજાય છે ને? વિકલ્પથી કાંઈ મુક્તિ છે નહિ. વિકલ્પ પોતે કાંઈ ચારિત્ર પણ નથી. આહાહા..! હવે એને ચારિત્ર ઠરાવે. લ્યો! સરાગ ચારિત્ર પહેલું હોય. પાંચમે-છઠ્ઠે સરાગ હોય અને આઠમેથી નિરાગ હોય-વીતરાગ હોય. કહો.

બહુ આવ્યું હતું ને? હમણાં નહિ? સામ્યનું. આમાં આવ્યું હતું સામ્યનું, નહિ? સામ્ય અત્યારે ન હોય. મોહક્ષોભરહિત પરિણામ તે સામ્ય છે. મોહ એટલે દર્શનમોહ અને ચારિત્રમોહથી રહિત એ તો ઉપર હોય, આગળ હોય. અહીં નહિ. અહીં આચાર્ય કહે છે કે અમે મોહક્ષોભરહિત સામ્યભાવના શુદ્ધ ઉપયોગને પ્રાપ્ત છીએ. વીતરાગ ચારિત્રરૂપ નિશ્ચયરત્નત્રયરૂપ, શુદ્ધોપયોગરૂપને અમે પ્રાપ્ત છીએ. એમ કહ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ તો પહેલી પ્રતિજ્ઞા કરીને શરૂ કર્યું પ્રવચનસારમાં. સામ્ય નામ શુદ્ધ ઉપયોગ એટલે નિશ્ચયરત્નત્રય. એમ. એટલે કે વીતરાગ ચારિત્ર. એટલે વીતરાગ ચારિત્ર એટલે એમાં દર્શન-જ્ઞાન આવી ગયા. વીતરાગ ચારિત્ર એટલે? ઉપર ગુણસ્થાનની વાત નથી. સાતમી ભૂમિકામાં અપ્રમત્ત દશાને જ અંગીકાર કરું છું એમ કહે છે મૂળ તો. સમજાણું કાંઈ? એમાં ઠર. લિંગ-બિંગના ઉપર લક્ષ (છોડી દે). એ જાણે કે આપણે સાધુપણું લીધું, બાહ્યમાં પંચ મહાવ્રત પાળીએ માટે હવે આપણું કલ્યાણ થશે. કહે. ના. ના. એનાથી કાંઈ નથી. સમજાણું કાંઈ?

**'તેમને દ્રવ્યલિંગનો પક્ષ છોડાવવા ઉપદેશ કર્યો છે-ભેખમાત્રથી (વેશમાત્રથી, બાહ્યવ્રતમાત્રથી) મોક્ષ નથી,...'** એવા પંચ...

મુમુક્ષુ :- ... સાથે સાથે છે.

ઉત્તર :- હોય ભલે. હોય તે ભલે. હોય તે શું છે? સમજાય છે? આત્મા ગતિ કરે ત્યારે ધર્માસ્તિ હોય ભલે. ગતિના પરિણામ અહીં કરે એમાં ગરી જાય છે ધર્માસ્તિ? આવી જાય છે? એ તો બહાર રહે છે. એમ આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતામાં વિકલ્પ કાંઈ અંદર આવી જતા નથી, તેમ નગ્નપણું પેસતું નથી. નિમિત્ત હો. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એ નિમિત્ત પણ એવું જ હોય પાછું, બીજું નિમિત્ત હોય જ નહિ. એથી એને એમ થઈ ગયું કે આવું નિમિત્ત હોય માટે આ નિમિત્તથી આત્માનું કલ્યાણ થઈ જશે. કહો, સમજાણું કાંઈ? ભેખમાત્ર અને વેશમાત્ર લીધા. નગ્ન થયો અને પછી કાંઈક વ્રત પાળવા અને શરીરે બ્રહ્મચર્ય પાળે, બાહ્ય લક્ષે વ્રતાદિના પરિણામ હોય, એ મુક્તિમાર્ગ છે એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

'**પરમાર્થ મોક્ષમાર્ગ તો આત્માના પરિણામ...**' ખરેખર મોક્ષનો માર્ગ એટલે ધર્મ એ તો આત્માના પરિણામ છે. જુઓ! અહીં વ્રતના પરિણામ એ આત્માના પરિણામ નથી એમ કીધું. કહો, સમજાણું કાંઈ? પંચ મહાવ્રત હોય, અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ હોય એ આત્માના પરિણામ નથી. એ તો પરભાવ પરિણામ છે, સંયોગી પરિણામ છે. દેહમાં નગ્ન દશા એ તો સંયોગ દશા છે, પર દશા છે. સંયોગી ભાવ અને સંયોગ દશા તે આત્માના પરિણામ નથી. આત્મા તો આનંદ અને શુદ્ધ ચૈતન્ય પ્રભુ એના અંતરમાં નિર્મળ પરિણામ પ્રગટ થાય, પર્યાય થાય તેને આત્માના પરિણામ કહે છે અને એ આત્માના પરિણામ મોક્ષમાર્ગરૂપ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર એ આત્માના પરિણામ છે. શુદ્ધ નિર્વિકલ્પ આત્માની દૃષ્ટિ, આત્માનું સ્વસંવેદનજ્ઞાન, આત્મામાં લીનતા એ આત્માના પરિણામરૂપી મોક્ષમાર્ગ છે. કહો, સમજાણું આમાં?

'**મોક્ષ નથી, પરમાર્થ મોક્ષમાર્ગ તો આત્માના પરિણામ જે દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ છે.**' જોયું! પરમાર્થ મોક્ષમાર્ગ તો ખરેખર મોક્ષનો માર્ગ એ કે આત્માના પરિણામ જે, આત્માના પરિણામ જે દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ છે. સમજાણું કાંઈ? માર્ગ પ્રભુ નિરાલંબી અલૌકિક માર્ગ છે. જુઓ! આ નિશ્ચયરત્નત્રય તે જ મોક્ષમાર્ગ એમ સિદ્ધ કરે છે. વ્યવહાર મોક્ષમાર્ગ, વ્યવહાર-ફ્યવહાર મોક્ષમાર્ગ છે નહિ. એ આત્માના પરિણામ જ નથી એમ કહે છે. ચંદુભાઈ! ભારે આકરું કામ જગતને. એ વ્યવહાર નાશ કરે છે. બીજા નયની અપેક્ષા (રહેતી નથી). સાંભળને પણ હવે. એ તો વ્યવહારે બીજા નયની અપેક્ષા છે. નિશ્ચયમાં તો અપેક્ષા છે નહિ. શું થાય? એની પોતાની મહત્તા આનંદકંદ પ્રભુ છે, એનો ઉકેલ કરતા જ્યાં પરમાત્મા સિદ્ધ થઈ શકે છે એવો જેનો ઉકેલ પડ્યો છે. પરમાત્મા પોતે ખીલે ને જેમ ગુલાબની ફૂલની કળી જેમ ખીલે અને આમ હજાર પાંખડીએ, લાખ પાંખડીએ ખીલીને આવે, એવો આ તો અનંત પાંખડીએ ખીલતો આત્મા ભગવાન અનંત શક્તિનો પિંડ છે. એ પર્યાયમાં સંકોચ છે, શક્તિમાં સત્ત્વ છે. પર્યાયમાં-અવસ્થામાં સંકોચ છે. એ શક્તિમાં સત્ત્વ છે એના ઉપર એકાગ્ર થતાં શક્તિનો વિકાસ પર્યાયમાં થાય છે. વસ્તુ તો આવી છે. બીજી હોય શી રીતે? ક્યાંથી લાવવું? કહો, નિર્મળ પર્યાય ક્યાંય બહારથી આવે એવી છે?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રાગમાંથી આવે એવી છે? મેલમાંથી નિર્મળ આવે, ઝેરમાંથી આવે? સમજાણું કાંઈ?

**'મોક્ષમાર્ગ તો આત્માના પરિણામ...'** જુઓ! ભાષા પરિણામ છે. ઓલો કહે કે નહિ. સમ્યગ્દર્શન પરિણામ ન હોય. એ તો ગુણ હોય, સમ્યક્ચારિત્ર ગુણ હોય. વળી એમાં ઘણાય કાગળ નીકળે છે બિચારાને ખબર નથી. અનેક અનેક પ્રકારે. અહીં તો કહે છે કે વસ્તુ, વસ્તુ ભગવાન આત્મા અનંત શક્તિ ગુણનો પિંડ અને એની શક્તિઓ જે શુદ્ધ અનંત, એના આશ્રયે થતાં પરિણામ તે શુદ્ધ પરિણામ હોય છે. નિર્વિકલ્પ વીતરાગ પરિણામ તે મોક્ષનો માર્ગ છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે વીતરાગી પરિણામ છે, તેથી તે વીતરાગી આત્મા છે, તેથી તેના વીતરાગી પરિણામથી આત્માના પરિણામ કહેવામાં આવ્યા છે. કહો, સમજાણું કાંઈ? વસ્તુ પોતે સમતાનો પિંડ છે. ચારિત્રગુણ એટલે વીતરાગસ્વરૂપ. શ્રદ્ધાગુણ એટલે શુદ્ધ સમ્યક્ શુદ્ધ શ્રદ્ધાપિંડ, જ્ઞાનગુણ એ ચૈતન્યનો પ્રકાશ, એવા જે ત્રણ ગુણો આખું સત્ત્વ એ સિવાય બધા ધર્મો વ્યાપક છે. એમાં એકાગ્ર થતાં શ્રદ્ધાપણે સમ્યક્પણે પરિણમન થાય એ વીતરાગી પર્યાય છે, શુદ્ધ છે, એ આત્માના પરિણામ છે, એ મોક્ષનો માર્ગ છે.

એમ આત્માના શુદ્ધ જ્ઞાનનું જ્ઞાન એ આત્માના પરિણામ છે, જ્ઞાનથી પ્રગટ થયેલી જ્ઞાનદશા છે, ગુણથી પ્રગટ થયેલી પર્યાય છે તેથી તે આત્માના પરિણામ છે, તેથી તે શુદ્ધ છે, એ સમ્યગ્જ્ઞાન વીતરાગી પરિણામ છે, તેથી તે મોક્ષમાર્ગ છે.

એમ ભગવાન આત્મામાં સમતા ચારિત્રગુણ પિંડ પડ્યો છે આખો. એમાંથી ચારિત્રના વીતરાગી પરિણામ વહે, એકાગ્ર થઈને વહે-થાય, એ વીતરાગી પરિણામ છે એ ચારિત્ર છે, મોક્ષનો માર્ગ તે આત્માના પરિણામ છે. એ મોક્ષનું કારણ છે. ભગવાનજીભાઈ! વાત તો આમ છે. શું કરે? એના અંતર માહાત્મ્યમાં જાય નહિ અને બહારનું માહાત્મ્ય ભૂલે નહિ. આહાહા..! ભાઈ! એમાં ક્યાંય હાથ નહિ આવે. વ્યવહારમાં ક્યાંય હાથ આવશે નહિ. ભગવાન મોટો બિરાજે છે ને, ભાઈ! આખો પિંડ પ્રભુ. એ કળી પડી છે શક્તિની એનો વિકાસ કરવો એ તારી એકાગ્રતાથી થાય છે. એમાં એકાગ્રતાથી થાય છે. રાગમાં એકાગ્રતાથી થાતું હશે? બહિર્બુદ્ધિમાં? સમજાણું કાંઈ? માણસને કઠણ લાગે ને, જાણે અશક્ય જેવું લાગે ને. એક જણો કહેતો હતો, આ તમે કહો છો એ માર્ગ તો એકાદ જણો પામે. ઈ એમ કહેતો હતો ત્યાં લલિતપૂર. લલિતપૂરમાં. આ છેલ્લા ગયા ત્યારે, હોં! (સંવત) ૨૦૨૦માં. એકાદ જણ (પામે). એક હતો પંડિત. મરી ગયો હોં બિચારો. નહિ? મરી ગયો. એ વખતે એમ થાય. શું કરે? ચાલ્યા જાય. ઊભો થઈને (બોલ્યો), તમે આ માર્ગ કહો છો એમાં તો કોઈ એકાદ પામે. બાકી તો માર્ગ આ (કોઈ ન પામે). પણ સાચો હોય પછી એક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પામે કે ન પામે એનો પ્રશ્ન શું છે? આ સાચું છે કે ખોટું એ માનને. આવા ને આવા. પામે તો આ જ પામવાનો રસ્તો છે. ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ છે, શુદ્ધ આનંદનો કંદ આત્મા છે એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા તે જ મોક્ષનો માર્ગ છે. બાકી કોઈ મોક્ષનો માર્ગ છે નહિ. એને તો ક્રમબદ્ધ ... રવિપ્રસાદ ચાલ્યા ગયા બિચારા. .. ઓલો પણ ગયો. નહિ? .. એ ત્યાં હતા ને? તે દી ત્યાં હતા. તે દી બેય ભેગા હતા. પછી વયો ગયો. કેવળજ્ઞાનને ન માને. એક સમયમાં ત્રણ કાળનું જ્ઞાન નહિ. આહાહા..! આત્માને જ માનતા નથી.

આત્મા એટલે? એકલો જ્ઞાનનો પિંડ પ્રભુ અને જ્ઞાનનું થવું એની દશામાં કોને ન જાણે? અગ્નિ કોને ન બાળે? એમ જ્ઞાન કોને ન જાણે? ત્રણ કાળ ત્રણ લોક તો સાધારણ થઈ ગયા. જેનો સ્વભાવ જાણવું છે, જેનો સ્વભાવ જાણવું છે, એવી શક્તિ ત્રિકાળ પડી છે. એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એની રમણતા. સર્વજ્ઞસ્વભાવી ચૈતન્યમાં સર્વજ્ઞસ્વભાવ ઉતરેલો પડ્યો છે અંદર. વ્યાપક છે. કહો, સમજાણું કાંઈ? એવા સર્વજ્ઞ ભગવાન આત્મા પોતે એમાં વ્યાપેલું તત્ત્વ આખું છે. એના અંતર્મુખ થઈને શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટ કરવી તે એક જ મોક્ષમાર્ગ છે. કારણ કે મોક્ષ આત્માના પરિણામ છે, તો મોક્ષના કારણ પણ આત્માના પરિણામ જોઈએ. એ પહેલા આવી ગયું છે. સમજાણું કાંઈ? માથે આવી ગયું, જુઓ! '**સર્વ કર્મના અભાવરૂપ આત્મપરિણામ...**' મોક્ષ એટલે. '**માટે તેનું કારણ પણ આત્માના પરિણામ જ હોવું જોઈએ.**' છે ને ઓલી કોર? જેઠાભાઈ! આહાહા..! મોક્ષ એટલે શું? લ્યો! મોક્ષ એટલે શું કાંઈ લટકવું ને એ રીતે મોક્ષ છે? મોક્ષ નામ આત્માના પૂર્ણ શુદ્ધ દશાની પર્યાય પ્રગટ થવી. પૂર્ણ શુદ્ધ, પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ, પૂર્ણ વીતરાગતા, પૂર્ણ નિર્મળ દશાની પૂર્ણ પ્રાપ્તિ એનું નામ મુક્તિ. એ તો આત્માના પરિણામ છે-પર્યાય છે. તો એનું કારણ પણ એની જાતનું હોય કે સદૃશ્ય હોય કે વિસદૃશ્ય હોય? સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા એની પૂર્ણ દશા સર્વજ્ઞ દશા, સર્વદર્શી દશા, સર્વ રમણતા-યથાખ્યાત ચારિત્ર દશા, પૂર્ણ વીર્ય દશા, પૂર્ણ સ્વચ્છતા દશા, પૂર્ણ પ્રભુતા દશા, પરમેશ્વર દશા. એ પરિણામ એનું નામ મોક્ષ. એના કારણમાં પણ એ જાતના પરિણામ હોય કે એથી વિરૂદ્ધ જાતના પરિણામ હોય? સમજાણું કાંઈ? આ ભેખ છે એ તો જડનો છે. પંચ મહાવ્રતના પરિણામ એ આત્માના પરિણામથી જુદી જાતના પરિણામ છે એમ અહીં કહ્યું છે. કહો, ચંદુભાઈ! વાત તો એવી મીઠી અને સીધી છે. પણ એવી કરી મૂકી છે ને. અંદરમાં પોતે ભાસ નથી ને. આ કોઈ મહા ચીજ છે. ચૈતન્યચમત્કાર વસ્તુ છે, ગુપ્ત ચમત્કાર છે, ગુપ્ત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ચમત્કાર છે. શક્તિનો પિંડ છે. એ શક્તિનો વિકાસ વ્યક્ત કરવો એનું નામ મુક્તિનો માર્ગ છે. રાગ પ્રગટ થાય એ મુક્તિનો માર્ગ નથી. એ તો બંધનો માર્ગ છે. છોડ છોડ એમ કીધું. અહીં તો છોડનું જ કીધું છે. એ તો પછી ઓલું જરી સ્વચ્છંદી ન થઈ જાય એટલે... નહિતર છોડવાનું જ કીધું છે એને. છોડ એટલે એના ઉપર લક્ષ છોડીને અહીં ઠર. એ વ્રત ને એ ભેખ ક્યાં મોક્ષનો માર્ગ છે? સમજાણું કાંઈ?

અહીં તો '**जहित्तु**' '**गहिदे**' બે શબ્દ છે. ગ્રહ્યા છે તેને છોડ. આને આમાં સ્થાપ. જુઓને! આહાહા..! આવા આત્માના પરિણામ એની એને કિંમત નથી આવતી. સમજાણું? કહો, ભગવાન પરમાનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે, એના પરિણામ એટલે પર્યાય એટલે અવસ્થા વીતરાગી પરિણામ હોય છે. પંચ મહાવ્રતના વિકલ્પ આદિ તો રાગ પરિણામ છે. એ ખરેખર પૂર્ણનું કારણ નથી, પૂર્ણના કારણના પર્યાયમાં એ વસ્તુ નથી કે વસ્તુમાં એ રાગ નથી. વસ્તુ વીતરાગસ્વરૂપ છે, એની પૂર્ણ દશા વીતરાગ પૂર્ણ શુદ્ધ છે, એના કારણરૂપે પણ અપૂર્ણ પણ શુદ્ધ દશાના પરિણામ તે મોક્ષનું કારણ છે. રાગ તો પૂર્ણમાં નથી, કારણમાં નથી અને અંદરમાં પણ નથી. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? ચાર-ચાર, પાંચ વાર તો વાત ચાલે છે. રગડી રગડીને તો ચાલે છે. રગડ કરીને. આહાહા..! ચૈતન્ય હીરો ચળકતો પ્રભુ શાશ્વત ધ્રુવ વસ્તુ છે. નિરાધાર લટકતો શાશ્વત. કોઈ આધાર નથી એને. શરીર, કર્મને લઈને રહ્યો એમ નથી એ તો પોતે પોતાથી છે. એવો ચૈતન્ય હીરો એમાં તો એકલી વીતરાગતા પડી છે કહે છે. એ રાગ ઊભો થયો એટલે એમાં પડી નથી. એ તો ઊભો કર્યો છે પર્યાયમાં અટકીને. સમજાણું કાંઈ?

માટે '**પરમાર્થ મોક્ષમાર્ગ તો આત્માના પરિણામ જે દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ છે.**' લ્યો! એ પરિણામ તો આ જ છે. રાગ પરિણામ એ મોક્ષનો માર્ગ નથી. ખરેખર રાગ એ આત્માના પરિણામ જ નથી લ્યો. આત્માના પરિણામ? આત્મા તો વીતરાગનો પિંડ છે. એ તો આખો વીતરાગ પિંડ આત્મા છે. શું આત્મામાં રાગ છે અંદર? એના પરિણામ વીતરાગસ્વરૂપ અકષાય વીતરાગ કહો, અકષાય સ્વભાવ કહો, ચારિત્ર સંપન્ન રમણતા .. કહો. એવો સ્વભાવ એનો છે. હવે એના સ્વભાવમાંથી પરિણામ પ્રગટ થાય એ તો વીતરાગ જ પ્રગટ થાય. કહો, સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો આત્મા આનંદસ્વરૂપ છે. તો આનંદમાંથી પર્યાય પ્રગટ થાય એ આનંદવાળી હોય. અને રાગ છે એ તો દુઃખવાળી દશા છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્માના લક્ષે રાગ કેમ ઉત્પન્ન થાય? કારણ કે એનામાં રાગ નથી વસ્તુમાં. વસ્તુમાં તો આનંદ છે. તો આનંદના લક્ષને દોરે તો આનંદ પર્યાય પ્રગટ થાય. પૂર્ણ એકાગ્ર થાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો પૂર્ણ આનંદ દશા પ્રગટ થાય. ત્રણેમાં આનંદ ઘૂંટાય છે. ક્યાંય રાગ છે, વિકલ્પ છે, કારણમાં કે અંદરમાં કાર્યમાં ક્યાંય નથી. આહાહા..! કારણ સદશ્ય કાર્ય એમ હોય. જુઓ! કારણ સદશ્ય કાર્ય એટલે? વીતરાગી કાર્ય છે તેનું સદશ્ય કારણ વીતરાગી પરિણામ હોય. ઉપાદાન સદશ્ય કાર્ય, લ્યો. રાગ એનું ઉપાદાન કારણ છે? એ તો નિમિત્ત છે. નિમિત્ત છે એનો અર્થ પર છે. પર છે એનો અર્થ કે એના મૂળ પરિણામ નથી. એમ કહે છે. આહાહા..!

એક જણો કહેતો હતો, અમે તો આ કરતા હતા, ચાલ્યા જતા હતા એમાં વચ્ચે દખલ નાખી. દેરાવાસી હતો વિરમગામનો. ઓલો શું કહેવાય આ? ઈન્કમ ટેક્સનો. કસ્ટમ ખાતાનો ઉપરી હતો, દેરાવાસી. અહીં સાંભળ્યું વ્યાખ્યાન ખરું. પણ ત્યાં આવીને ખળભળાટ થઈ ગયો અંદર આવ્યા પછી. ચાલતા હતા એમાં કહે આમ નહિ. હવે અમને વિઘ્ન નાખ્યું. હવે તારું ખોટું હતું, સાંભળને! કીધું. એય..! એમ માનીને ચાલ્યા જતા હતા, બસ! ભગવાન લ્યો પરિણામ. ભગવાન પાસે જઈએ તો પરિણામ સારા થાય, અહીં સારા થાય? એમ પ્રશ્ન કર્યો. પણ એ સારા એટલે શું હવે? એ તો શુભભાવ, શુભભાવ છે. કહેવાય વ્યવહારે સારા લ્યો! આહાહા..!

પ્રવચનસારમાં નથી આવતું? પહેલો શ્લોક. નહિ? જેનું નામ ગ્રહણ પણ સારું છે. આવે. એ તો આવે. એમ આવે. નામ ગ્રહણનો અર્થ, અંદર વીતરાગતા વર્તે છે. અને પછી ઓલો વ્યવહાર નામ મહાવીર... મહાવીર.. એનું નામ ગ્રહણ પણ સારું છે એવું આવે છે, લ્યો! નાખવું એને શું? કાઢવું હોય તો અહીં પણ નીકળે લ્યો. નામમાં પણ સારું છે કીધું લ્યો. તમે કહો કે ભાવ સારો નથી. આ તો કહે નામ સારું. અરે..! ભગવાન! સાંભળને ભાઈ! એ પ્રવચનસારમાં આવે છે શરૂઆતમાં. સમજાય છે? ભગવાનનું નામ ગ્રહણ પણ સારું છે એવું આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો જ્ઞાનપ્રધાન કથન છે તો નિશ્ચયની સાથે આવો વિકલ્પ હોય છે એમ પ્રમાણનું જ્ઞાન કરાવવા વાત છે. સમજાણું કાંઈ? શું થાય? પોતે જ્યાં અર્થના ઊંધા અર્થ કરે. આહાહા..! કેટલા... પહેલા ગાથામાં, પાછળમાં ૯૧માં, ૯૨માં. શુદ્ધ ઉપયોગને પ્રાપ્ત થઈએ છીએ, વીતરાગ ચારિત્રને પ્રાપ્ત છીએ, એ રૂપે ધર્મરૂપે અમે થયા છીએ. મોક્ષના માર્ગે ચડ્યા છીએ. મોક્ષમાર્ગના કાર્ય થાય છે. બીજી ભાષા છે. સાક્ષાત્ મોક્ષમાર્ગ એમ ભાષા છે લ્યો. કોઈ એમ કહે કે ઓલો મોક્ષમાર્ગ એટલે પરંપરા મોક્ષમાર્ગ છે ને? સાક્ષાત્ શબ્દ છે એમાં. પ્રવચનસારમાં છે. જુઓ. છેલ્લે. છેલ્લી ગાથામાં છે. લ્યો, એ પાનું નીકળ્યું જુઓ. સાક્ષાત્ મોક્ષમાર્ગ છે. લ્યો. જુઓ! સ્વયં સાક્ષાત્ ધર્મ છે એમ રહે છે. ૯૧. ૯૧ (ગાથા)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

લ્યો. **'એવા થયા થકા, (આચાર્ય ભગવાન) હું સ્વયં સાક્ષાત્ ધર્મ જ છું' એમ રહે છે.'** ૯૧. ૯૧ની ટીકા છે આ તો. મૂળ પાઠ ટીકા છે. જુઓ સંસ્કૃત. **'पारमेश्वरीप्रवृत्तिमभ्युपगतः कृतकृत्यतामवाप्य नितान्तमनाकुलो भूत्वा प्रलीनभेदवासनोन्मेषः स्वयं साक्षाद्धर्म एवास्मीत्यवतिष्ठते'**. હવે આમાં મુનિ પોતે કહે છે અમૃતચંદ્રાચાર્ય. અમે શુદ્ધ ઉપયોગ સાક્ષાત્ મોક્ષમાર્ગ છે અમારે. પરંપરા વ્યવહાર મોક્ષમાર્ગ. વ્યવહારને પરંપરા કહે છે ને? ભાઈ! એમ કહે છે ને? પરંપરા. સાક્ષાત્. અહીં તો કહે છે, સાક્ષાત્ મોક્ષમાર્ગ છે અમારે તો અત્યારે. ઓલો કહે વ્યવહાર અત્યારે હોય અને નિશ્ચય હોય નહિ. શું કરે છે આ? શું કરે છે સમજાતું નથી. સમજાતું નથી એટલે આવો અર્થ કેમ બેસતો હશે? એમ. એમ સમજાતું નથી. સમજાતું નથી એમ કહે ને? આ શું કરે છે કાંઈ સમજાતું નથી. એટલે કે આવી રીતે કેમ સમજતા હશે? એમ. આમાં સીધી વાત છે. સાક્ષાત્ મોક્ષમાર્ગને પામ્યા છીએ. આવો શબ્દ અમૃતચંદ્રાચાર્યનો છે પોતાનો. વ્યવહારે પામ્યા છે. વ્યવહારના જ્યાં ત્યાં લખાણ આવે છે. પરંપરા પરંપરા આવે છે લ્યો. અહીં તો સાક્ષાત્ મોક્ષમાર્ગ કહે છે. મુનિપણામાં. આહા..!

મુનિદશા, મુનિદશા એટલે શું? ઓહોહો..! જ્યાં આત્માના આનંદ ઉપર છલમ છલમ છેલા અંદર રમતી હોય. આનંદમાં છલોછલ ભરેલો ભગવાન એમાં રમતો હોય છે. જેને પ્રતિકૂળ-અનુકૂળની કાંઈ છે જ નહિ. આહાહા..! હે મહાત્મા! કહ્યું હતું ને શ્રીમદ્દે? ઓલા વાંદરાને દેખીને કહ્યું હતું. એ વાત કેવળજ્ઞાનને યાદ કરી છે પોતે. વાંદરો આમ ફરતો હશે, નીકળ્યો હશે ટાઢમાં. બહુ ટાઢમાં એને ઓલી હોય મસ્તી, હોં! એનું શરીર ગરમ બહુ હોય ગરમ. આવે છે ને? કપિ મદ ગળે. નથી આવતું? ટાઢ પડે ને.. એવું કાંઈક આવે છે. કપિ મદ ઝરે. મદ ત્યારે એને ફાટ્યા હોય, ફાટ. બહુ ઠંડી પડે તો ફાટ વાંદરાને આવે. એવો એનો સ્વભાવ છે. એની ચામડીનો રૂવાંટા.. ફાટે. ત્યાં નીકળતા હશે. શ્રીમદ્ નીકળેલા. એમને તો ઓલી ઝંખના હતી ને? કે આહા..! મુનિ જંગલમાં હોય, ગામમાં આવા વસે. .. હે મહાત્મા! પંચમકાળમાં ભગવાને મોક્ષ ના પાડી છે. આમ અત્યારે આવું કરશે મોક્ષ નહિ મળે કેવળ. ભગવાનજીભાઈ! એને ક્યાં કહેવું હતું, એ તો બધું સમજવા જેવું છે. અત્યારે આવી દશા ન હોય, કેવળ નહિ પમાય, જંગલમાં એકલા ફરો છો આવી ટાઢમાં. છોટાભાઈ! આહાહા..! આ ભગવાન આત્મા અંતરના આનંદે ચડેલો જેની ઉગ્ર દશામાં શુદ્ધ ઉપયોગનું પરિણમન છે એ મોક્ષના માર્ગને પરિણામ કહેવાય છે. એને દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, લ્યો!

**'વ્યવહાર આચારસૂત્રમાં...'** જુઓ! આવ્યું હવે પાછું હોં! **'વ્યવહાર આચારસૂત્રમાં**

**કહ્યા અનુસાર...**' વ્યવહારના શાસ્ત્રમાં આવે તો ખરીને વાત? '**જે મુનિ-શ્રાવકનો બાહ્ય વ્રતો છે,...**' જુઓ! આ વ્રત આવ્યા પાછા. ઓલામાં પણ આવ્યું હતું પહેલું બાર વ્રત. કૌંસમાં. એ ચરણાનુયોગમાં બાહ્ય વ્રતની વ્યાખ્યા આવે શાસ્ત્રમાં. મુનિને પંચ મહાવ્રત હોય. ઓલામાં કહે, જુઓ! એણે પંચ મહાવ્રત પાળ્યા હતા કે નહિ? તમે એને હેય કહો છો તો પાળ્યા શું કરવા? હવે એ પ્રશ્ન કરે છે. અરે.. ભગવાન! એ તો હોય છે એમ કહ્યું છે. પાળ્યા એટલે રાખ્યા છે એને? પંપાળ્યા છે? શુભરાગને પંપાળ્યો છે? પાળ્યા છે એટલે? હોય છે એને જ્યારે એ ભૂમિકામાં છઠ્ઠે આવે ત્યારે. સાતમે જાય ત્યારે હોતા નથી. ઓળંગીને ગયા છે. એથી એને મુખ્યપણું નિશ્ચય મોક્ષમાર્ગ એ વર્તે છે.

'**વ્યવહાર આચારસૂત્રમાં...**' છે ને શાસ્ત્રના હોં જૈનશાસ્ત્રમાં. પરંપરા કેવળીએ કહેલામાં '**અનુસાર જે મુનિ-શ્રાવકના બાહ્ય વ્રતો છે.**' મુનિના પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ, શ્રાવકના બાર વ્રત આદિ જે કહ્યાં છે '**તેઓ વ્યવહારથી નિશ્ચયમોક્ષમાર્ગનાં સાધક છે;...**' વ્યવહારથી એટલે ખરેખર નહિ. નિમિત્તપણે છે એથી એને મોક્ષનો માર્ગ વ્યવહારથી સાધક કહ્યા છે. નિશ્ચયથી સાધક તો પોતાનો સ્વભાવ ભગવાન, એના આનંદના પરિણામ, જે વીતરાગી પરિણામ તે જ મોક્ષના સાધક છે. પણ આવું એક હોય છે, વ્યવહારથી વિકલ્પમાં. તો વ્યવહારથી મોક્ષમાર્ગ સાધન કહ્યું છે.

'**તે વ્રતોને અહીં છોડાવ્યા નથી,...**' એટલે એ છોડીને તું સ્વચ્છંદી થા એમ કહ્યું નથી. પાછા આમાંથી કાઢે એ વ્રત છોડાવ્યા નથી, એ વ્રત તો સાધન થાય. '**પરંતુ એમ કહ્યું છે કે તે વ્રતોનું પણ મમત્વ છોડી...**' જોયું! એ પંચ મહાવ્રતના રાગ ઉઠે દયા, દાનના વિકલ્પ એનું મમત્વ છોડ. 'આ હું છું અને મને લાભ છે' એ છોડી દે. હોય છે. '**પરમાર્થ મોક્ષમાર્ગમાં જોડાવાથી મોક્ષ થાય છે,...**' લ્યો! જોયું! ઓલું '**जहित्तु**' હતું ખરું ને? અરે.. ભગવાન! એને પોતાને સત્યને વાત હજી ગ્રહવી, પકડવી એને આકરી પડે છે. શાસ્ત્રમાંથી અર્થ આવા કાઢવા સવળા એ આકરા પડે છે. હજી અર્થપણે પરિણમવું એ તો આકરું પડે. આહાહા..!

ભગવાન આત્મા નિરાલંબી સચ્ચિદાનંદ પ્રભુ છે એને વિકલ્પ રાગનું પણ શરણ નથી. પુણ્યના પરિણામનું શરણ... હવે પુણ્યાતિ પુણ્યં વળી ઓલો કહે. હવે એમ કાઢે. ભણેલા નીકળ્યા પણ ઠીક નીકળ્યા તો ખરા હવે બધાય. ચર્ચા કરવા તો મથ્યા. અરે..! ભગવાન! બીજું કાંઈ થાય એવું નથી, ભાઈ! તારા ઘરમાં જાવું હોય તો એ રાગ-બાગ કાંઈ મદદ કરે એવો નથી. આહાહા..! મનને માર અને ચૈતન્યને જગાડ. સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાન આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ વીતરાગ મૂર્તિ પ્રભુ છે એને જગાડ. મનના રાગને માર.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એને માર્યા વિના તું જીવતો થઈશ નહિ. એમ કહે છે અહીં તો. આહાહા..! કહો, સમજાણું?

'**વ્યવહારથી નિશ્ચયમોક્ષમાર્ગના સાધક છે;...**' વ્યવહારથી. '**તે વ્રતોને અહીં છોડાવ્યાં નથી, પરંતુ એમ કહ્યું છે કે તે વ્રતોનું પણ મમત્વ છોડી પરમાર્થ મોક્ષમાર્ગમાં જોડાવાથી...**' જોડાણ કીધું ને? '**जहित्तु**' કીધું છે ને? મોક્ષ થાય છે. '**કેવળ ભેખમાત્રથી-વ્રતમાત્રથી મોક્ષ નથી.**' એકલા તું વ્રત પાળ મહાવ્રતના, અહિંસા, સત્ય, દતના અને એમાંથી તને મોક્ષ થઈ જાય, ધર્મ થાય એ ત્રણ કાળમાં છે નહિ. ભગવાન વીતરાગ મંદિરમાં અંદર જા. એ પોતે વીતરાગી મંદિર છે. એમાં નથી આવતું કાંઈક? મંગળ મંદિર... શું આવે છે? નહિ? મંગળ મંદિર ખોલો. મંગળમય મંદિર ખોલો. મંગળમય આ આત્મા મંગળમય મંદિર છે. વીતરાગ આનંદસ્વરૂપ છે. એવા મંદિરને ખોલ અંદરમાંથી એકાગ્ર થા એમાં. સમજાણું કાંઈ? પુણ્યના વિકલ્પ અને પરના લક્ષવાળા ભાવ તને મોક્ષ નહિ આપે, શાંતિ નહિ આપે, ધર્મ નથી એ. એવી એને શ્રદ્ધા કરવી એ પરસેવા ઉતરી જાય છે. ચારિત્ર તો એવું ક્યાંથી હોય? સમજાણું કાંઈ? '**કેવળ ભેખમાત્રથી-વ્રતમાત્રથી મોક્ષ નથી.**' લ્યો!

'**હવે આ જ અર્થને દૃઢ કરતી આગળની ગાથાની સૂચનારૂપે શ્લોક કહે છે :-**' ૨૩૯ ને? ટીકા બે લીટી જ છે.

**दर्शनज्ञानचारित्रत्रयात्मा तत्त्वमात्मनः।**
**एक एव सदा सेव्यो मोक्षमार्गो मुमुक्षुणा।।२३९।।**

જુઓ! આ તો સદા એક સેવ એમ કહે છે. બે સેવ એમ નથી. નિશ્ચય સેવ અને વ્યવહાર પણ સેવ (એમ નથી.)

મુમુક્ષુ :- .. પહેલા વ્યવહાર સેવીએ.

ઉત્તર :- પણ પહેલા પહેલા હતી જ કે દી વળી? પહેલા શું? સાથે વિકલ્પ હોય એને સેવ નહિ અને આને સેવ એમ કહે છે. પહેલા પછી હોય ક્યાં, મફતના હેરાન થાય છે હેરાન. અરેરે..! આવું મનુષ્યપણું મળ્યું અને .. જશે, ભાઈ! કોઈ શરણ નહિ થાય. અહીં ટાંગા તૂટશે આમ.. આમ... આમ.. મારાપણું માન્યું હશે ને, ઘાણીની પેઠે પીલાશે મરણ વખતે. સમજાણું કાંઈ? એક જણો કહેતો હતો, મહારાજ! આ પંચમ આરાના વ્રતધારીના મરણ.. શું કીધું?

મુમુક્ષુ :- સમાધિ મરણ આમ થાય

ઉત્તર :- ના. ના. સમાધિ મરણ પણ એમ કે આ.. આમ આલાસ-વિલસ એમ કાંઈક ભાષા હતી. તરફડીને. ભાષા કીધી એની જોઈએ ને. આ પાંચમા આરાના ત્યાગીઓના તરફડીને મરણ સમાધિ થાતા હશે? તરફડી-તરફડીને સમાધિ મરણ થાતા હશે? એમ કહેતો હતો બિચારો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જેને દેખ્યા હોય તો છેલ્લે તરફડતા હોય. કારણ કે દૃષ્ટિની ખબર નથી. રાગથી ભિન્ન ભગવાન ચિદાનંદ છે એનો તો અનુભવ નથી. એટલે બહારના કષ્ટ સહન કરી કરીને કેટલું સહન કરે? ખરા ટાણા આવે ત્યારે અસાધ્ય થઈ જાય. અને જ્યાં સુધી સાધ્ય હોય ત્યાં સુધી કષ્ટ ઘણું હોય. આલશ-વિલશ હોય આમ. વળી પાછા કેટલાકને પાણી ખપે નહિ. પાણી બંધ કરી દીધું હોય. તૃષાથી ગળું સુકાતું હોય. એટલી બધી (મોટી) સભામાં બંધ કર્યું હોય, હવે એને લેવાય નહિ અને ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ છે એનો તો અનુભવ નથી. જેની સંપદા ખોલવી જોઈએ એ તો સંપદા નથી. બહારના કષ્ટથી એને પછી મોક્ષમાર્ગ માને એમાં કષ્ટ જ્યારે ખરું આવ્યું ભીંસાઈ જાશે. અસાધ્ય થઈ જશે. કારણ કે સાધ્ય એવો આત્માને સાધ્ય લીધો નથી. એટલે અસાધ્યમાં જ વર્તતો હતો, એ છેલ્લે અસાધ્ય થઈ જશે બહારમાં. આહાહા..! સમજાણું કાંઈ? ક્યાં એ વખતે કાંઈ.. કે મોસંબી નાખવા જાશે તો અવળું પડશે. નળી ન ચાલે એને.

આ તો એક છોકરાને .. હતો બિચારાને હોં. ગુરુકુળમાં એક છોકરો નહિ? .. ત્રણ ભાઈ વચ્ચે એક દીકરો હતો. આને બિચારો હતો એને .. ઘણા વર્ષ થઈ ગયા હોં! ૯૨ની સાલ. એ બિચારા ત્રણ ભાઈ પાટીદાર વચ્ચે એક છોકરો હતો. બસ! છેલ્લી સ્થિતિમાં આને કહે મોસંબી આપો આને. એ મોસંબીનું પાણી નાખ્યું ત્યાં બંધ થઈ ગયો શ્વાસ. કારણ કે ત્યાં અટકી ગયું. થઈ રહ્યું. થવાનું હતું. એમાં પાણી શું કરે? એ સ્થિતિ જ એટલી હતી. પ્રેમચંદભાઈને એમ થયું કે મૂળ તો ઓલું પાણી ગયું ને? આગળ ચાલવાનો રસ્તો નહોતો ફૂ થઈ ગયું. મૂળ તો એમ થયું. પાણી પીધું, પીધા ભેગું અંદર ગયું નહિ. છેલ્લે બહાર નીકળી ગયું. ફૂ. એ તો એની અવસ્થા થવાની (હતી), એમાં તું શું કર ત્યાં? પાણી રાખે કે અંદર ઉતરે અને ન ઉતરે એ તો એની સ્થિતિ પ્રમાણે થાય. ઓહુ... એમ નથી કરતા? ઓલા પાણી ઉતરવાની અહીં ગૂંચાઈ છે ને? શું કહેવાય ખાય ત્યારે? ઓંતરાશ થાય ત્યારે. અહીં દુઃખે. હવે ઓંતરાશ થાતા થાતા એ તો એની મેળે બેસવું હોય તો બેસે. નહિતર તું બેસાડી શકે ન્યાં એને? એ તો જડની પર્યાય છે. સમજાણું કાંઈ? એ ઓલી ઓંતરાશ થવાની હોય તો આમ થઈ ગયું, બંધ થઈ ગયું. જાવ બીજે ભવે. આહાહા..! એ વખતે તો આમ આત્માની સમાધિ રાખી હશે, શાંતિ રાખી હશે, શાંતિના સાગરને સંભાળ્યો હશે તો ત્યાં સંભાળ થાશે. સમજાણું કાંઈ? ત્યાં કાંઈ બહાર આમ આમ થાય તો થાશે એમ નહિ થાય. આહાહા..!

'**શ્લોકાર્થ :- આત્માનું તત્ત્વ દર્શન-જ્ઞાન-ચારિત્રત્રયાત્મક છે...**' ભાષા જુઓ હવે થોડી પાછી. ઓલા પરિણામ લીધા હતા આત્માના. શુદ્ધ ચૈતન્ય ભગવાન, એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ, ચારિત્ર તે આત્માના પરિણામ હતા. હવે કહે છે કે '**આત્માનું તત્ત્વ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**દર્શનજ્ઞાનચારિત્રત્રયાત્મક છે...**' સમજાય છે? '**(અર્થાત્ આત્માનું યથાર્થ રૂપ દર્શન, જ્ઞાન ને ચારિત્રના ત્રિકસ્વરૂપ છે);...**' શું કીધું? ભગવાન આત્મા શુદ્ધ પરમબ્રહ્મ આનંદમૂર્તિ પ્રભુ એના રૂપ એટલે એનું સ્વરૂપ એટલે એના પરિણામ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પરિણામ તે આત્માનું તત્ત્વ અને આત્માનું રૂપ છે. એ પંચ મહાવ્રતના વિકલ્પ અને નગ્નપણું એ કાંઈ આત્માનું રૂપ અને આત્માનું તત્ત્વ નથી. સમજાણું કાંઈ? આહાહા..! 'એક દિન જાવું છે નિર્વાણી કરી લેને આતમની ઓળખાણ. એક દીન જાવું છે નિર્વાણી.' નિર્વાણ એટલે નક્કી. એમ હશે કે નહિ? નક્કી દિવસ હશે કે નહિ એનો? કે અનિયત હશે?

મુમુક્ષુ :- લખાઈ ગયો છે.

ઉત્તર :- લખાઈ ગયેલો છે? શેમાં લખ્યો છે? કેવળીએ લખી દીધો છે? એ કેવળીએ નિત્ય કર્યું છે? એમ પૂછે છે. અરે.. ભગવાન! સાંભળને ભાઈ! એ તો એ પર્યાય જે સમયે તે થવાની દ્રવ્યની વ્યવસ્થિત તે વ્યવસ્થાની અવસ્થા છે. એ અવસ્થા જ એની વ્યવસ્થા છે. આહાહા..! કેમ બેસે પણ? કોઈ દી સાંભળ્યું નથી ઘર. પરઘરને સ્વઘર (માન્યું). સમજ્યાને? આહાહા..! પહેલી ગાથામાં નથી કહ્યું પ્રવચનસારમાં? જેને આવું સ્વપરનું જ્ઞાન નથી એને ધર્મ ઉદ્ભવતો નથી. જેને આવા આત્મા સહિત છ દ્રવ્યની શ્રદ્ધા નથી, સત્તાની શ્રદ્ધા, હોવાપણાની શ્રદ્ધા નથી એને ધર્મ ઉદ્ભવતો નથી. કેમ કે જેને સ્વપરની વિવેકતાની ખબર નથી. સ્વપરની જુદાઈ વિના સ્વની શાંતિ અને સ્વનો લાભ કેમ થાય? સ્વપરના જુદાના ભાન વિના સ્વના શાંતિનો અને ધર્મનો લાભ કેમ થાય? પણ પર કોણ અને સ્વ કોણ એની ખબર ન મળે. ખીચડો બધોય.

અહીં તો કહે છે, ભગવાન આત્માનું તત્ત્વ અથવા રૂપ અથવા સ્વરૂપ. અહીં તો ત્રિકાળની વાત નથી હોં! એના પરિણામની વાત છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્યારે એનું રૂપ છે ત્રિકાળી વીતરાગ સ્વરૂપ, શુદ્ધ સ્વરૂપ. ત્યારે એની શ્રદ્ધા જ્ઞાન અને શાંતિના, ચારિત્રના પરિણામ શુદ્ધ સ્વરૂપ આત્માનું તત્ત્વ તે ભાવ છે. એ આત્માનો ભાવ છે. પંચ મહાવ્રતના વિકલ્પો, મહાવ્રતના, દયા-દાનના એ કાંઈ આત્માનું તત્ત્વ નથી. એ આત્માનું રૂપ નથી. આત્માનું હોય તો ખસી ન જાય. એ તો ખસી જાય, નીકળી જાય છે. સમજાણું કાંઈ?

'**યથાર્થ રૂપ દર્શન, જ્ઞાન ને ચારિત્રના ત્રિકસ્વરૂપ છે...**' એ ત્રણ સ્વરૂપ એનું રૂપ છે. એ સિવાય ચોથી ચીજ નથી. વ્યવહાર વિકલ્પ એનું રૂપ નથી એમ કહે છે. આહાહા..! વ્યવહાર દર્શન, વ્યવહાર જ્ઞાન, વ્યવહાર ચારિત્ર એ શુભ વિકલ્પ છે. વિકલ્પ રાગ છે. રાગ એ કાંઈ આત્માનું તત્ત્વ, આત્માના તત્ત્વમાંથી આવેલી ચીજ નથી. સમજાણું કાંઈ? એ તો આસ્રવતત્ત્વ છે. જે પંચ મહાવ્રતના ભાવ છે, બાર વ્રતના ભાવ છે એ તો આસ્રવતત્ત્વ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. એ આત્મતત્ત્વ નથી. સમજાણું? આત્મતત્ત્વ, અહીં ઓલી ભાવની અપેક્ષા લેવી છે હોં! એકલો આત્મા દ્રવ્ય એ તત્ત્વ તો એમાં પર્યાય પણ નથી. એ વળી અત્યારે નથી લેવું. અહીં તો આત્માનું તત્ત્વ એટલે ઓલું વિકારી પરિણામ એનું આસ્રવતત્ત્વ છે એ એનું તત્ત્વ નથી. વ્યવહાર તત્ત્વ એનું નથી એમ સિદ્ધ કરવા આત્માનું તત્ત્વ શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા જ્ઞાન અને શાંતિ વીતરાગી પરિણામ તે આત્માનું તત્ત્વ છે, આત્માનું રૂપ છે. આત્મા એ રૂપે શોભે છે. રાગના રૂપે આત્મા શોભતો નથી. સમજાણું કાંઈ?

'**દર્શનજ્ઞાનચારિત્રત્રયાત્મક છે...**' '**તત્ત્વમાત્મનઃ**' એ સ્વરૂપ છે આત્માનું. સમજાણું? '**તેથી મોક્ષના ઈચ્છક પૂરુષે...**' આ કારણે. એમ. આ કારણ આપ્યું. ભગવાન આત્મા અનાકુળ આનંદના સ્વભાવથી ભરેલો અને શાંતિથી ભરેલો અને વીતરાગભાવથી ભરેલો. શાંતિ કહો કે વીતરાગ કહો. એની અવસ્થા એને લક્ષે થયેલી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એ ચારિત્ર, એ આત્માનું તત્ત્વ છે, આત્માના પરિણામ છે, આત્માની જાતની જાત છે. '**તેથી મોક્ષના ઈચ્છક પૂરુષે...**' છે ને એમાં? '**મોક્ષમાર્ગો મુમુક્ષુણા**' છે ને? મુમુક્ષુજીવોએ. જુઓ! આને મુમુક્ષુ કહીએ. જેને આત્માની પૂર્ણ આનંદ દશા પ્રગટ કરવાની જેને ઈચ્છા છે. સમજાય છે કાંઈ? શું કીધું? મોક્ષના ઈચ્છક કીધું. કોઈ પુણ્યના ઈચ્છક, સ્વર્ગના ઈચ્છક, લક્ષ્મીના ઈચ્છક, બહાર અનુકૂળતા મળે એના ઈચ્છક, મનુષ્યનો દેહ ભવિષ્યમાં મળશે એના ઈચ્છક, વજ્રઋષભનારાચ સંહનન મળશે, આ ભગવાનનો ભેટો ભવિષ્યમાં થશે એની વાત ના પાડે છે અહીં તો. એ મોક્ષનો ઈચ્છક નથી. સમજાણું કાંઈ?

'કામ એક આત્માર્થનું...' આવે છે ને? 'બીજો નહિ મન રોગ.' શ્રીમદ્‌માં આવે છે. રોગ છે કાંઈક આમ થાશે ને પછી આમ થાશે. સ્વર્ગમાં જાશું અને પછી ભગવાનને મળશું. ક્યાંથી મળશે તું? અહીં ભગવાનને મળતો નથી ત્યાં ક્યાંથી તું મળીશ? આવ્યું હતું ને? હમણાં નહિ આવ્યું હતું છાપામાં. આમાંથી સ્વર્ગમાં જાશે, પુણ્યથી સ્વર્ગમાં જાશે, ત્યાંથી પછી ભગવાન પાસે જાશે. હવે અહીં ભગવાને કીધું એવો અહીં ભગવાન બેઠો છે એને તો તું માનતો નથી. સમજાણું કાંઈ? વીતરાગી બિંબ પ્રભુ આત્મા છે એની તો તને આસ્થા નથી. રાગની આસ્થા (છે). તો ભગવાન ક્યાં આવ્યો તારી પાસે? અને તું ક્યાં ભગવાન પાસે જઈશ? અહીં જાવું નથી આની પાસે, ન્યાં બહાર પાસે જઈશ? ત્યાં જઈશ તો રાગને સેવીશ ત્યાં જઈને. સમજાણું કાંઈ? પછી એમ કે આમ થઈ રહેશે જાવને ભાઈ. હવે અનંત વાર ગયો હતો ભગવાનના સમવસરણમાં. બહારના સમવસરણમાં ગયો શું, અંદરના સમવસરણમાં જાય ત્યારે થાય.

અનંત ગુણનો સમાજ ભગવાન બિરાજે છે પ્રભુ, એની પાસે જા અને એનો જે તત્ત્વનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભાવ મોક્ષનો ઇચ્છક પૂરુષ હોય તે આ '**(દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ) મોક્ષમાર્ગ એક જ...**' ભાષા જુઓ! કેટલું સ્પષ્ટ કર્યું છે! '**મોક્ષના ઇચ્છક પૂરુષે (દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ) મોક્ષમાર્ગ...**' આત્મા શુદ્ધ પવિત્રની શ્રદ્ધા, જ્ઞાન અને વીતરાગતા ચારિત્ર એ મોક્ષમાર્ગ. '**એક જ...**' પાછું એક જ. બે મોક્ષમાર્ગ નથી. તે પણ '**સદા...**' કોઈ વખતે વ્યવહાર અને કોઈ વખતે નિશ્ચય એમ નથી. પહેલા સેવવો વ્યવહાર અને પછી સેવવો નિશ્ચય એમ છે? પહેલો વ્યવહાર સેવવો પછી નિશ્ચય થાય. આવા અર્થ ક્યાંથી કાઢ્યા? પણ કોણ જાણે શું થયું? ઓહોહો..!

આવું સત્ય ... કોઈ દેવને આવવું નથી થાતું. શેના થાય પણ? જેના પરિણામ જે જાતના થવાના હોય એને અટકે કોણ? પરમ સત્ય આવું છે એમાં ફાંટા પડી ગયા, કટકા પડી ગયા. આહાહા..! દેવોને ખબર છે. ત્રણ જ્ઞાનના ધણી સ્વર્ગમાં દેવ છે, શક્રેન્દ્ર છે. ભગવાન પાસે સંતો બિરાજે છે. કોઈ વખતે ઉપયોગ જતો પણ હશે. આમ જોવા. પણ શું કરે? આના જે જાતના પરિણામ જેના થવાના એને અટકાવે કોણ? અને સામે પ્રતિકૂળતા આવીને જેને સહન કરવાની તાકાત છે એ જાતની, એને સહન કરવાની તાકાત એને સામે આવવું અટકાવે કોણ? સમજાય છે? એવી પ્રતિકૂળતાના ભાગમાં પણ જેને આત્મશ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર છે એને પ્રતિકૂળતા ટળે કેમ? અહીં સહન કરવાની દશા છે એની. અને ઓલાને એ જાતના પરિણામ અવળા થવાની છે એને છોડે કોણ? મૂકાવે કોણ? દેવ શેનો આવે? સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન કેવળજ્ઞાનમાં તો દેખી રહ્યા છે પરમાત્મા. સમજાણું? આહાહા..! ભગવાનની પ્રસાદ-પ્રસન્નતા કૃપાનું ફળ મોક્ષ છે. આવે છે ને? ભગવાનની પ્રસાદતાનું, પ્રસન્નતાની કૃપાનું મોક્ષ ફળ છે. એટલે કે ભગવાનના જ્ઞાનમાં તારી મોક્ષદશા આ કાળે થશે એમ ખ્યાલમાં છે એને. આહાહા..! એટલે એની કૃપા છે. એટલે પોતાની પ્રસન્નતા અને કૃપા આત્મામાં જ્યાં ઉતરી, ભગવાનની કૃપા અને પ્રસન્નતા છે એમ કહી દીધું છે. આહાહા..! કોઈની કૃપા આવે નહિ. ત્યાં એમ લખ્યું. પ્રવચનસારમાં નથી આવ્યું? પહેલું શરૂઆતમાં. શરૂઆતમાં નથી? નિયમસારમાં? ના. ના. પ્રવચનસારમાં છે. એ જુદું. ઓલો તો શ્લોક છે. ન્યાં તો ભગવંત પંચ પરમેષ્ઠીના પ્રસાદથી ઊપજવા યોગ્ય. જુઓ! ભગવંત પંચ પરમેષ્ઠીના. ઓલું તો વળી જુદું. એ તો આનાથી શાસ્ત્ર ...

'**ભગવંત પંચપરમેષ્ઠીના પ્રસાદથી...**' અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સંત, સાધુ વીતરાગી મૂર્તિઓ પાંચ છે. મૂર્તિ એટલે સ્વરૂપ હોં! આ મૂર્તિ એમ નહિ. એના '**પ્રસાદથી ઊપજવાયોગ્ય, પરમાર્થસત્ય, અક્ષય મોક્ષલક્ષ્મીને ઉપાદેયપણે નક્કી કરતા થકા,...**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સમજાણું કાંઈ? લ્યો! તમે પણ અર્થ કર્યો છે પ્રસાદનો નીચે. '**પ્રસાદ=પ્રસન્નતા; કૃપા.**' એ પંચપરમેષ્ઠીની કૃપા મોક્ષમાં. આહાહા..! પંચપરમેષ્ઠી વીતરાગ પરિણતિ છે ને એની તો. એને જાણે યાદ કરીને અંદર પરિણમ્યો છે પોતે એ પંચપરમેષ્ઠીની જ કૃપા છે, પ્રસન્નતા છે. પ્રભુ આપની કૃપા છે. એવી ભાષાના અર્થ આવે ગૂંચાઈ જાય. અહીં કહે કે ... બીજા કોઈની કૃપા લાગુ પડે નહિ. વીતરાગની કૃપા-ફિપા હોય નહિ. એ સમજ તો ખરો કઈ અપેક્ષાએ વાત છે એ? સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આત્મા પોતાનું જે તત્ત્વ છે ત્રિકાળ આનંદ અને શુદ્ધ એનું જે તત્ત્વ-પરિણામ પ્રગટ થયા નિર્મળ, એને દર્શન-જ્ઞાન-ચારિત્ર અને આત્મા તત્ત્વ, પરિણામ અને ભાવ કહીએ તે '**એક જ સદા સેવવાયોગ્ય છે.**' એવો જે મોક્ષમાર્ગ એક જ. ભાઈ! એક જ નહિ. બીજો પણ હોય એમ કહે ને. નહિ તો અનેકાંત થાતું નથી. હવે આ એક જ (મોક્ષમાર્ગ) છે અને બીજો નથી. શું થાય હવે? આત્મા જ ભગવાન પોતે જ જ્યાં અવળો પડે એને સમજાવે કોણ? સમજાણું કાંઈ? અને સવળો પડે એને રોકે કોણ? એને બહારના પરિષહ અને અમુક પ્રતિકૂળતાના ગંજ હોય તો એમાં જાય સળગે ક્યાંથી? શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... સમજાણું કાંઈ?

અરે..! '**મોક્ષના ઈચ્છક પૂરુષે...**' લ્યો. મોક્ષનો માર્ગ જે નિશ્ચયરત્નત્રય સ્વને આશ્રયે દર્શન, જ્ઞાન અને ચારિત્ર તેને '**એક જ સદા...**' પાછો સદાય. કોઈ સમયે પણ વ્યવહારનો વિકલ્પ છે એ સેવવાયોગ્ય છે એમ છે નહિ. બીજો મોક્ષમાર્ગ આદરવા લાયક છે, સેવવાયોગ્ય છે એમ નથી. એક જ ભગવાન આત્મા સહજાનંદની મૂર્તિ પ્રભુ, એવો જે આત્મા, તેની અંતર સન્મુખની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ સ્વઆશ્રયની તત્ત્વ ભાવરૂપ તેને સદા સેવવા યોગ્ય છે. એ આરાધવાયોગ્ય છે. બીજું કોઈ કરવાયોગ્ય છે નહિ. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સરવાળો આપ્યો.

ઉત્તર :- સરવાળો આપ્યો. હજી તો શ્લોક એક આવશે.

**'આ જ ઉપદેશ ગાથા દ્વારા કરે છે :-'**

૪૧૨.

**मोक्खपहे अप्पाणं ठवेहि तं चेव झाहि तं चेय।**
**तत्थेव विहर णिच्चं मा विहरसु अण्णदव्वेसु।।४१२।।**

જુઓ દ્રવ્ય નાખ્યું. એ વિકલ્પ છે એ અન્ય દ્રવ્ય છે, જુઓ!

નીચે હરિગીત.

**તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને;**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે. ૪૧૨.**

એ વિકલ્પ પણ પરદ્રવ્યને સિદ્ધ કર્યું અહીં. જોયું! નિર્વિકલ્પ દશા એ સ્વદ્રવ્ય છે એમ સિદ્ધ કરતા આવ્યા છે ને? પહેલેથી. સમજાણું કાંઈ? '**તું સ્થાપ નિજને મોક્ષપંથે,...**' અહીં કીધું જુઓ! નિજને મોક્ષપંથે એમ કીધું ને? '**ધ્યા, અનુભવ તેહને, તેમાં જ નિત્ય વિહાર કર..**' એ આ વિહાર અહીં કર અંદર. બહારમાં ભટક્યા ભટક કરે છે એ રહેવા દે વિકલ્પમાં. એમ કહે છે. '**તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે**', એ ૪૧૨ની ગાથા છે. એનો અર્થ આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**મહા સુદ ૧૨, રવિવાર તા. ૧૧-૨-૧૯૬૮**
**ગાથા-૪૧૨, પ્રવચન-૪૮૪**

૪૧૨ ગાથા. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. શ્લોક ફરીને લઈએ.

**मोक्खपहे अप्पाणं ठवेहि तं चेव झाहि तं चेय।**
**तत्थेव विहर णिच्चं मा विहरसु अण्णदव्वेसु।।४१२।।**

પર્યાયનું ધ્યાન ... કહ્યું છે. નિહાલભાઈમાં આવે છે ને કે પર્યાય મારું ધ્યાન કરે, હું શું ધ્યાન કરું? તો અહીં તો પર્યાયમાં ધ્યાન કર એમ કહે છે. એનાથી વિરૂદ્ધ છે આ. પર્યાયનું ધ્યાન કર એમ કહે છે અહીં. અહીં પાઠ એવો છે, જુઓ! જુઓ! શબ્દ આવે છે ને.

**તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને;**
**તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે. ૪૧૨.**

ધ્યા-પંથને ધ્યા હોં પર્યાયને.

શું કહે છે? કથનની પદ્ધતિ જુદી જુદી જાતની છે. સમજવી જોઈએ ને એણે? એય..! ...ભાઈ!

‘**ટીકા :- (હે ભવ્ય!) પોતે અર્થાત્ પોતાનો આત્મા અનાદિ સંસારથી માંડીને...**’ પહેલી ભૂલ બતાવે છે. એ પાઠમાં નથી. એમાંથી કાઢીને પહેલી ભૂલ બતાવે છે. ‘**અનાદિ સંસારથી માંડીને...**’ જોયું! નિગોદથી માંડીને. અનાદિથી ‘**પોતાની પ્રજ્ઞાના (-બુદ્ધિના) દોષથી...**’ આ શબ્દ છે અહીં તો. પોતાની શ્રદ્ધા ને જ્ઞાનના પોતાના દોષથી. કર્મને કારણે છે એમ કાંઈ નથી. એ તો પરચીજ છે. અનાદિ સંસારથી પોતાનો આનંદ જ્ઞાનસ્વરૂપ છે તેને ભૂલી ‘**પોતાની પ્રજ્ઞાના (-બુદ્ધિના) દોષથી...**’ .. જ્ઞાનમાં આત્મા આવવો જોઈએ, વસ્તુ સ્વરૂપ એમ ન આવતાં બુદ્ધિમાં રાગ-દ્વેષના સ્વરૂપ વિકારી પરિણામ આવવાથી એ પોતાનો અપરાધ થયો એ. પરવસ્તુની અહીં વાત નથી. પોતાના ‘**દોષથી પરદ્રવ્યમાં-રાગદ્વેષાદિમાં નિરંતર સ્થિત રહેલો હોવા છતાં,...**’ પરદ્રવ્યની પાછી વ્યાખ્યા. સમજાણું કાંઈ? ‘**आसंसारात्परद्रव्ये रागद्वेषादौ नित्यमेव**’ પોતાનો આત્મા આનંદ અને જ્ઞાનમૂર્તિ સ્વરૂપ એને ભૂલી પોતાની બુદ્ધિના દોષથી. કહો હવે, આમાં તો કર્મનું નિમિત્ત છે કે કર્મનું નિમિત્ત એ યાદ કર્યું નથી.

મુમુક્ષુ :- બીજા શાસ્ત્રમાં (કહ્યું હોય).

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- બીજા શાસ્ત્રમાં તો નિમિત્તનું જ્ઞાન કરાવવા કરે. અહીં તો શું કામ છે તારે? તું પોતે તને ભૂલીને અપરાધ કરે છો, બસ! એ વાત છે.

ભગવાન આત્મા આનંદસ્વરૂપ, ચિદાનંદ ધ્રુવ એને ભૂલીને તારી બુદ્ધિના દોષે પરદ્રવ્ય નામ પોતાના સ્વદ્રવ્યમાં ન રહેતા પરદ્રવ્યમાં એટલે? એમ. '**परद्रव्ये रागद्वेषादौ नित्यमेव**' એમ શબ્દ છે ને? રાગદ્વેષાદિ એ જ પરદ્રવ્ય છે ખરેખર. ભગવાન આત્મા ચૈતન્ય આનંદમાં સ્વદ્રવ્યમાં ન રહેતા, અંતરમાં ન રહેતા પુણ્ય અને પાપ... જુઓ અહીં ભાષા! રાગ અને દ્વેષ, શુભ અને અશુભ વિકાર એમાં '**નિરંતર સ્થિત રહેલો હોવા છતાં...**' રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ એમાં નિરંતર. નિરંતર. એક સમય પણ આંતરો એણે પડવા દીધો નથી. રાગ અને દ્વેષ, શુભ અને અશુભ. અશુભ ન હોય તો શુભ, શુભ ન હોય તો અશુભ. એવા રાગ-દ્વેષના પરિણામમાં નિરંતર સ્થિત રહેલો હોવા છતાં. આત્મા તે વિકારમાં સ્થિત રહેલો હોવા છતાં. પોતાના સ્વરૂપમાં સ્થિત ન રહેતા, રાગ અને દ્વેષ અને વિકારમાં સ્થિત ટકતો હોવા છતાં. એટલે કહે છે કે આવું હોય છે. સમજાણું કાંઈ? પાઠ હવે આવશે. આ તો ઉપરથી કાઢ્યું પહેલું.

પહેલા એમ કીધું ને '**अप्पाणं ठवेहि**'-સ્થાપ. આત્માને મોક્ષમાર્ગ એટલે કે શ્રદ્ધા શુદ્ધ આત્મતત્ત્વ, પરમાત્મતત્ત્વ એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એની રમણતા. એમાં આત્માને સ્થાપ. એમ કહ્યું એટલે એમાથી કાઢ્યું કે અનાદિથી પરમાં સ્થપાયેલો છે. કહો, સમજાય છે કાંઈ? આમાં સ્થાપ એમ કહેતા કે આત્માને શુદ્ધ ચિદાનંદ મૂર્તિ પરમાત્મ સ્વરૂપ પોતાનું છે એની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ. જુઓ! ત્રણ નિશ્ચયરત્નત્રય લીધા છે. એ નિશ્ચયરત્નત્રય જે સ્વરૂપ પરિણામ એમાં સ્થપાયેલો નથી, એથી સ્થપાયેલો છે-રહેલો (છે) રાગદ્વેષના પરિણામમાં. સમજાણું કાંઈ? અહીં તો.. નથી. ઓલા કહે કે જ્ઞાનાવરણીય... મોહનીય કર્મને લઈને રાગદ્વેષ કર્મથી (થાય એમ) થાય, મોહનીય કર્મને લઈને મિથ્યાત્વ થાય. અહીં તો કહે છે, પોતાના બુદ્ધિના દોષથી.

મુમુક્ષુ :- બીજી ગાથામાં હોય.

ઉત્તર :- બીજી ગાથામાં કહ્યું હોય તો કાંઈ આ ખોટું કરીને કહ્યું હોય? બીજી ગાથામાં રાગદ્વેષ છે ત્યાં નિમિત્ત કોણ છે એનું જ્ઞાન કરાવ્યું હોય. 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.' પોતે પોતાને ભૂલીને હેરાન થઈ ગયો છે.

મુમુક્ષુ :- કો'ક ભૂલવનાર જોઈએ.

ઉત્તર :- કોણ ભૂલવનાર જોવે? તું નો તું ભૂલનાર અને તું નો તું ભૂલને ભાંગનાર. તું નો તું ભૂલનાર અને તુંનો તું ભૂલને ભાંગનાર. ભગવાનજીભાઈ! આહાહા..! આડી આંખ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કરે એ પોતે અને આડી છોડીને સવળી કરે એ પોતે. આંખ આડી કરી છે એમ કહે છે આ દોષબુદ્ધિ એટલે.

જે જ્ઞાનની વર્તમાન બુદ્ધિએ આત્માને લક્ષમાં લઈ, દૃષ્ટિમાં લઈ અને એમાં સ્થિર થવું જોઈએ, એને ઠેકાણે તે બુદ્ધિએ રાગ-દ્વેષમાં સ્થિર થયો છે એ એનો પોતાનો સ્વયં નિરંતર અપરાધ છે. સમજાય છે કાંઈ? '**રાગદ્વેષાદિ...**' આદિ શબ્દ છે ને? હરખ, શોક, રતિ, અરતિ એવી જે કલ્પનાઓ એમાં નિરંતર-એક સમય પણ એણે તેમાંથી સ્થિરપણું છોડ્યું નથી. પરદ્રવ્યમાં નહિ, પરવસ્તુમાં નહિ, પરદ્રવ્યને લઈને નહિ. પરદ્રવ્યમાં સ્થિત છે? અહીં તો પરદ્રવ્યની વ્યાખ્યા જ આ કરી.

ભગવાન આત્મા ચિદ્દ્ઘન છે, આનંદમૂર્તિ આત્મા છે. એનાથી પુણ્ય અને પાપ, શુભ અને અશુભ રાગ-દ્વેષ એ સ્વદ્રવ્ય નહિ. એ પરદ્રવ્ય છે. એ તો પહેલું આવી ગયું છે. મોક્ષનો માર્ગ એ સ્વદ્રવ્ય છે અને વિકાર છે એ પરદ્રવ્ય છે. એ લઈને ચાલ્યા આવ્યા છે. સમજાણું કાંઈ? નિજઘરને જોયા વિના, નિજઘરમાં ઠર્યા વિના જેના ઘરમાં ચીજ નથી, એવો જે પુણ્ય-પાપ ને રાગ-દ્વેષનો વિકલ્પ છે એમાં નિરંતર સ્થપાયેલો છે. એમ પહેલું સિદ્ધ કર્યું.

ત્યારે એને કહે છે કે હવે ગુલાંટ ખા અને આત્માને શાંતિમાં સ્થાપ. એટલે કે નિશ્ચયરત્નત્રય એવો જે મોક્ષનો માર્ગ એમાં સ્થાપ. એટલે કે એનો અર્થ કે શુદ્ધ પરમાત્મતત્ત્વ છો તેની તરફ બુદ્ધિને વાળ, એમાં વળતા સ્વરૂપનું પરિણમન શુદ્ધ થશે એમાં આત્માને સ્થાપ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કેટલું સ્પષ્ટ છે! છતાં રાડે રાડ પાડે. એ.. અમને કર્મ નડે. કાં કો'ક કહે પરમેશ્વર અમને રખડાવે, કો'ક કહે, કાંઈક રખડાવે. ભૂલ કરે પોતે અને નાખે કો'ક માથે. હવે એ ભૂલ કે દી ટાળે? એથી તારી ભૂલ છે એમ પહેલું નક્કી કર. કે તું જ આમ આત્મામાં અંતર સ્વરૂપમાં ન ઠરતાં કૃત્રિમ પુણ્ય-પાપના વિકાર આદિ, શોક આદિ રતિ-અરતિમાં તેં તારા આત્માને ઊંધા પૂરુષાર્થથી સ્થાપ્યો છે, સ્થાપ્યો છે. એટલે કે મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને રાગ-દ્વેષ પરિણામ તેં ઊભા કરીને અને તેમાં સ્થિર થયો અનાદિથી છે. લ્યો, એમાં કોઈ એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, કીડી, કાગડામાં ત્યાં કર્મનું જોર હતું ને સ્થાપ્યો છે એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધું આવી ગયું. કીડી, કાગડામાં રહ્યો તો પણ તું તારા સ્વરૂપને ભૂલીને વિકારમાં સ્થિત રહેવાથી રહ્યો છો. એમ છે. સમજાણું કાંઈ?

બહારની ભૂલવણી.. ભૂલભૂલવણી હોય છે ને? વડોદરામાં નથી? બહાર છે ઓલી મહેંદીની ભૂલભૂલામણી. વડોદરામાં બહાર બાગમાં છે એક. જોઈ હતી (સંવત) ૧૯૬૩ની સાલમાં.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એક છે ને બહાર? ભૂલભૂલામણી નહિ મેથીની? મેથી શું કહેવાય? મહેંદીની. ક્યાં ગરવું ખબર ન પડે. કીધું, એક માણસ ઊભો હતો લે ભાઈ બે આના પણ તું હવે મને (બહાર કાઢ). ૬૩ની વાત છે ને. કેસ ચાલતો હતો અમારો અફીણનો. પછી નવરા હોય ત્યારે જોવા જઈએ. મોટી છે બાગમાં. ક્યાંથી ગરવું? ઓલો માણસ કહે, મને ખબર છે અહીંથી જાવ, અહીંથી નીકળાય. ઘણા માણસ સાથે હતા ને. ઘણા માણસો. ૬૩ની વાત છે. ૬૧ વર્ષ પહેલાની વાત છે. એ ભૂલભૂલવણીમાં પણ ઓલો દેખાડનારો દેખે ત્યારે નીકળે એના ખ્યાલમાં આવે ત્યારે. એમ કહે છે. ખ્યાલમાં આવે એમ મેં કહ્યું છે ને. દેખાડનારે કહ્યું ત્યારે એના ખ્યાલમાં આવે કે ઠીક, અહીંથી આમ એવી ગોઠવણી હોય મહેંદીની. આમથી આમ ક્યાં નીકળવું એ સૂઝે નહિ. આમ જઝ્યા, વળી આમ નીકળે, વળી આમ નીકળે, ક્યાંય નીકળવાનો રસ્તો નહિ. એવી ગોઠવણી કરી છે મહેંદીની. આખો બાગ મોટો. આ ૬૩ની વાત છે. અત્યારે હશે? કોણ જાણે આપણે ક્યાં જોવા ગયા હતા.

કહે છે, ભાઈ! આંટીઘૂંટી તેં ઊભી કરી છે. લ્યો હવે. સમજાણું કાંઈ? ચિદાનંદ ભગવાન ધ્રુવ ચૈતન્ય આનંદમૂર્તિ છે એની પર્યાય એટલે વર્તમાન અવસ્થામાં તે આંટીઘૂટી કર્તા(બુદ્ધિ) અને રાગ-દ્વેષ અને વિકાર ને મિથ્યાત્વ ઊભો કર્યો છે. અહીં તો રાગ-દ્વેષાદિમાં એટલે એ મિથ્યાત્વમાં પણ તું ઠર્યો છો. એમ કહે છે ને ભેગું? એ પુણ્ય-પાપના ભાવ, રાગ-દ્વેષના ભાવ તેટલો હું, તેમાં હું એ જ મિથ્યાત્વભાવ, એ મિથ્યાત્વભાવમાં તેં તારા આત્માને સ્થાપ્યો છે. સમજાણું કાંઈ? પરવસ્તુને કાંઈ નહિ. પરવસ્તુ .. છે ક્યાં? જેની દશામાં કાંઈ વિકાર થાય તો એમાં ઠરે. પરમાં ક્યાં ઠરવું? પર તો અડતો પણ નથી. પરથી તો ભિન્ન તદ્દન છે. સમજાણું કાંઈ?

તારા '**(-બુદ્ધિના) દોષથી...**' જુઓ! અહીં તો પ્રજ્ઞાનો દોષ લીધો. ભાઈ! ઓલો મિથ્યાશ્રદ્ધાનો દોષ ન લીધો. એય..! જ્ઞાનથી વાત કરી. જ્ઞાનમાં આમ તેં ન જ્ઞેય કર્યું અને આમ જ્ઞેય કર્યું એમ કહે છે. ભગવાન આત્મા ચિદ્દ્ઘન આનંદકંદ છે. એની વર્તમાન જ્ઞાનની અવસ્થા, પર્યાય વર્તમાન અવસ્થા પ્રગટ. એણે સ્વજ્ઞેયને ન કરતાં પરજ્ઞેયમાં તેં કર્યું એ તારો દોષ છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ '**પ્રજ્ઞાના દોષથી...**' દોષ એ તારો છે. શ્રીમદ્દ્ ન કહ્યું? તારો દોષ એટલો કે પરને પોતાનું માનવું અને પોતાને ભૂલી જવું. લ્યો, આટલો એક શબ્દ છે. આ બધા કર્મગ્રંથ વાંચી વાંચીને કાઢ્યું. આમાં એક સમાઈ જાય છે. ભાઈએ લખ્યું નથી હમણા? પંડિત. ઉપાદાન પોતાથી કામ કરે છે. નિમિત્ત અકિંચિત્કર છે. ટૂંકામાં લખ્યું છે ટૂંકામાં. જોઈને ચોપડી? ભાઈ! નવરંગભાઈ! વાંચીને? નથી આપી? આ ચોપડી નથી આવી? આપી છે? આ. આ. ભૂલી ગયા. એટલું પણ ભૂલી જાય છે. આમાં પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ત્રણ ભૂલ નાખી છે થોડી. આઠ પાનામાં. પણ સાધારણને સમજાય એવી નથી. એ તો પહેલા એ બોલતા કે બે મિનિટની તમારી વાતું છે બધી. ક્રમબદ્ધ, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર આટલા આટલા લાખોના હજારોના ખર્ચ ને પંડિતો ભેગા મોટા ઉપાધિ શું કરો છો આ તમે? બે મિનિટનું કામ છે. નિયત વસ્તુ છે સ્વતંત્ર થાય છે એ સ્વતંત્ર છે. પોતે ઉપાદાનથી કામ કરે ત્યારે પરચીજ એને કાંઈ કામ કરતી નથી. અને ભગવાન આત્મા પોતાનો આશ્રય ન લેતા પરનો આશ્રય લે તો દોષ છે અને સ્વનો આશ્રય લેતાં ધર્મ થાય છે. લ્યો, ટૂંકી વાત છે આ. એક મિનિટ ન થઈ આ ત્રણમાં. રતિભાઈ! વાંચી છે ને તમે? નથી વાંચી. છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એમ છે લ્યો. પૈસા રાખવામાં ઝટ લેતા આવડે છે. આમાં મદદ નહિ પડે? આ તો સાધારણ ભાષા છે. આમાં કાંઈ બીજું નથી. હિન્દી છે. કહો, સમજાય છે આમાં?

ભગવાન શુદ્ધ ચૈતન્યઘન એને સ્વલક્ષ ન કરતાં જ્ઞાનની વર્તમાન બુદ્ધિ અને ઉઘાડ વિકાસ છે, એને આમ સ્વ વસ્તુનું લક્ષ ન કરતાં અનાદિથી પરના લક્ષે જે વિકાર થયો તેમાં એ ઠરેલો છે. એ તારી પોતાની ભૂલ છે. બીજાની કોઈની ભૂલ નથી. અને ભૂલ વિનાનો નથી, ભૂલ કરાવી નથી અને ભૂલ તેં પોતે જાતે ઊભી કરી છે. એમ કહે છે. સમજાણું કાંઈ? ભૂલ વિનાનો હોય આનંદ લાવ. આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. શાશ્વત આનંદકંદ છે. જો ભૂલ ન હોય તો આનંદનો સ્વાદ આવવો જોઈએ. સમજાય છે કાંઈ? આનંદનું વેદન હોવું જોઈએ. અહીં અનુભવ કહેશે ને હમણાં? માટે ભૂલ તારામાં છે. એ કરેલી તેં છે. તારા બુદ્ધિના દોષથી પરદ્રવ્યમાં એટલે... એમ.

'**રાગદ્વેષાદિમાં નિરંતર...**' એક સેકન્ડનો અસંખ્યમો ભાગ પણ તેં રાગ-દ્વેષમાં સ્થિરપણું કોઈ દી છોડ્યું નથી. સ્થિર... સ્થિર... સ્થિર... રાગ... રાગ... રાગ... રાગ... પુણ્ય-પાપ... પુણ્ય-પાપ... પુણ્ય-પાપ.. એવો '**રહેલો હોવા છતાં,...**' એમ કહે છે. આવી દશામાં ભૂલ હોવા છતાં '**પોતાની પ્રજ્ઞાના ગુણ વડે...**' હવે ગુંલાટ ખાય છે જુઓ! ઓલા પોતાના પ્રજ્ઞાના દોષથી હતું, અહીં પોતાની પ્રજ્ઞાના ગુણ વડે. ગુણ નામ અવસ્થા-દશા. પોતાની જ્ઞાનની દશાને અંતર વાળતા એ પોતાની પ્રજ્ઞાનો ગુણ થયો. પ્રજ્ઞા નામ જ્ઞાનની જે અવસ્થા. પ્રજ્ઞાછીણી કીધી છે ને? જ્ઞાનની જે વર્તમાન અવસ્થા એને અંતરમાં વાળતા એ પ્રજ્ઞાનો ગુણ થયો કે જે દશાએ દશાવાનને લક્ષમાં લીધો. સમજાણું કાંઈ?

અહીં શું કહે છે? કે આવો હોવા છતાં. એમ. વિકારમાં થયેલો હોવા છતાં વાળી શકાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં તો એમ કહ્યું ને? '**मोक्खपहे अप्पाणं ठवेहि**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભાઈ! તું સ્થાપ એમ કીધું છે. એમાં એમ કહ્યું છે કે તું એ આત્મામાં નહિ ઠરી શકે, તને કર્મનું જોર છે, કાળ હજી પાક્યો નથી એમ છે કાંઈ એમાં? સમજાણું કાંઈ? તારે હજી અનંતા ભવ ભગવાને દીઠા હશે માટે નહિ ઠરી શકે, એમ કીધું છે? એમ જ છે. ભગવાને દીઠું છે કોને? કે જેના જ્ઞાનમાં જ્ઞાનસ્વરૂપ ભાસ્યું નથી તેને અનંતા ભવ હોય છે. સર્વજ્ઞપણું ભાસ્યું નથી, સર્વજ્ઞ છે, ત્રણ લોકના નાથ કેવળજ્ઞાની પરમાત્મા છે. એવું જેને જ્ઞાનની પર્યાયમાં આ સર્વજ્ઞ આત્મદ્રવ્ય છે એવું ભાસ્યું નથી. એનો આત્મા રાગ-દ્વેષ અને મિથ્યાત્વમાં સ્થિર છે એને અનંત સંસાર છે.

અહીં કહે છે કે ગુલાંટ ખા. અમે કહીએ છીએ, કેવળી કહે છે અને સંતો મુનિઓ કહે છે. ભગવાન આત્મા એને તારા '**પ્રજ્ઞાના ગુણ વડે જ...**' પાછું ગુણ વડે જ. એમ. કોઈ કર્મનું નિમિત્ત ખસે.. સમજાય છે? કે ગુરુ એને મળ્યા માટે પ્રજ્ઞા વડે અંદર વળે છે એમ નહિ. જ એક જ વાત લીધી છે. સાંભળવાનું મળ્યું માટે એ વડે અંદરમાં વળે છે એમ નથી. ચંદુભાઈ! પોતાની પ્રજ્ઞા-જ્ઞાનની વર્તમાન જે દશા છે એ ભગવાન અખંડાનંદ પ્રભુ છે એના તરફ તું વાળ. એ તારા પ્રજ્ઞાની પર્યાયનો ગુણ કહેવાય, એ પ્રજ્ઞાનો ગુણ કહેવાય. પ્રજ્ઞાનો દોષ રાગમાં વાળ એ પ્રજ્ઞાનો દોષ. એ પ્રજ્ઞાને અંતરમાં વાળ એ પ્રજ્ઞાનો ગુણ. ભારે વાત! સમજાણું કાંઈ?

'**પોતાની પ્રજ્ઞાના ગુણ વડે...**' લ્યો, પર્યાય પોતાની છે એમ કહે છે. એ પર્યાય પોતાની છે, ચંદુભાઈ! પોતે દ્રવ્ય છે એકલું અને પર્યાય નથી ને એ ક્યાંથી પાછું આવ્યું? કહો, સમજાણું કાંઈ? એ તો ધ્રુવની અપેક્ષાએ વાત. પણ આ પર્યાય એની છે એવી જે '**પ્રજ્ઞાના ગુણ વડે જ...**' ગુણ વડે જ. નવરંગભાઈ! '**તેમાંથી...**' તેમાંથી એટલે? રાગ અને દ્વેષના મલિન પરિણામમાં સ્થિર થયો તેમાંથી '**પાછો વાળીને...**' તારા આત્માને ત્યાં સ્થાપ્યો છે રાગ-દ્વેષમાં, એમાંથી પ્રજ્ઞા વડે પાછો વાળીને. પ્રજ્ઞા વડે પાછો વાળીને. '**પ્રજ્ઞાના ગુણ વડે જ તેમાંથી પાછો વાળીને...**' એમ લીધું છે. ભારે ભાઈ ધર્મની કળા અને ધર્મનું જ્ઞાન! સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્ય સમરસી પ્રભુ છે. આત્મા તો શાંત અને અવિકારી આનંદના રસરૂપ આત્મા છે. આ વિકૃત અવસ્થા તો વર્તમાન ક્ષણિક, અનિત્ય ઉપાધિના મેલ પરિણામ છે એમાં તું સ્થિર થયો અને પડ્યો છો તારા દોષથી. પાછો વાળ. એ જ્ઞાનની પ્રજ્ઞાનો ગુણ એટલે અંતરમાં વાળ એ પ્રજ્ઞાનો ગુણ છે.

'**પ્રજ્ઞાના ગુણ વડે જ...**' કહો, અહીં શ્રદ્ધા વડે એમ નથી લીધું. જ્ઞાનપ્રધાનથી વાત લીધી છે. કારણ કે શ્રદ્ધા જાણતી નથી અને આ આમ સ્થિર છે તો આમ કર એ જાણે છે એ જ્ઞાનની પર્યાય દ્વારા પાછો વાળ એમ કીધું છે. નવરંગભાઈ! આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

'**પોતાની પ્રજ્ઞાના ગુણ વડે જ...**' એક પ્રશ્ન આવે છે અંદર. ભાઈ! શ્રદ્ધા કરવું? જ્ઞાન કરવું? ભાઈ! શ્રદ્ધાથી કરવું અને જ્ઞાનથી કરવું. પણ શ્રદ્ધાથી થાય તો આમ થાય. પણ અહીં તો પ્રજ્ઞાથી જ એકલી વાત લીધી છે. કારણ કે એ વડે જણાય છે. શ્રદ્ધા જાણતી નથી સ્વને, શ્રદ્ધા જાણતી નથી સ્વને, શ્રદ્ધા જાણતી નથી પરને. સમજાય છે? શ્રદ્ધા જાણતી નથી રાગ-દ્વેષને. જ્ઞાનની દશા છે એ આમ જ્ઞેય તરીકે જે જાણવાનો એનો સ્વભાવ છે એટલે એને જાણીને રોકાય છે એ જ્ઞાનની અવસ્થાને અંતરમાં વાળ. આહાહા..! સમજાણું કાંઈ?

'**તેમાંથી...**' તેમાંથી એટલે વિકારમાં સ્થિત છે, એની દૃષ્ટિ ત્યાં છે તેમાંથી '**પાછો વાળીને...**' આવો હોવા છતાં, રહેલો હોવા છતાં ત્યાંથી પાછો વાળીને. સમજાણું કાંઈ? '**તેને અતિ નિશ્ચળપણે...**' જુઓ! ઓલામાં સાધારણ નિરંતર સ્થિત હતો એટલી વાત. આ તો અતિ નિશ્ચળપણે. ભગવાન આત્માને વર્તમાન જ્ઞાનની દશા દ્વારા. વડે કહો કે દ્વારા કહો. જ્ઞાન દ્વારા અંતરમાં અતિ નિશ્ચળપણે-ચળે નહિ એ રીતે અને અંતરમાં ઠરે એ રીતે '**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં...**' સમ્યગ્દર્શન, જે પૂર્ણ સ્વરૂપ પરમાત્મા એની શ્રદ્ધા, એ પૂર્ણ સ્વરૂપ ભગવાન એનું જે જ્ઞાન અને એના સ્વરૂપનું ચારિત્ર. આ ત્રણેય નિશ્ચયરત્નત્રય છે. સમજાય છે કાંઈ? નિશ્ચય એટલે સાચા ત્રણ છે. આમાં વ્યવહારની વાત નથી. પોતે પ્રાપ્ત કરીને વાત કરે છે. સમજાણું કાંઈ? આવે છે ને? ... નહિ? આત્મસાત કરી ને. શુદ્ધ ઉપયોગને આત્મસાત્ કરીને. પ્રવચનસારમાં આવે છે, ભાઈ! શુદ્ધ ઉપયોગને મુનિ આચાર્ય પોતે આત્મસાત્ કરીને, આત્મારૂપ કરીને. આ જે નિશ્ચયરત્નત્રય છે એને કુંદકુંદાચાર્ય પોતાને આત્મસાત્ કરીને, આત્મરૂપ કરીને પરિણમે છે. ક્યાંક છે. કેટલામા છે? ક્યાં હશે? પહેલામાં હશે? આ તો ઓલા કહે છે કે નથી આ ક્યાંય. ૧૩મી ગાથાનો ઉપોદઘાત છે, ભાઈ!

ઉપોદઘાતમાં મુખ્ય વાત મૂકી છે, જુઓ! '**एवमयमपास्तसमस्तशुभाशुभोपयोगवृत्तिः शुद्धोपयोगवृत्तिमात्मसात्कुर्वाणः शुद्धोपयोगाधिकारमारभते।**' કુંદકુંદાચાર્ય મહારાજ પોતે જુઓ! '**શુદ્ધોપયોગવૃત્તિને આત્મસાત્ (આત્મરૂપ, પોતારૂપ) કરતા થકા શુદ્ધોપયોગ-અધિકાર શરૂ કરે છે.**' કહો, આવી છે વાત. ઓલા કહે, શુદ્ધોપયોગ અત્યારે હોય નહિ, મુનિને શુદ્ધોપયોગ હોય નહિ. આચાર્ય કહે છે, શુદ્ધોપયોગ આત્મસાત્ કરીને હું વાત કરું છું. શું કરે છે જીવ? પોતાની વાત રાખવા સિદ્ધાંતને મરડી નાખે છે, લ્યો! આ તો પાઠ અમૃતચંદ્રાચાર્યનો છે ને. '**शुद्धोपयोगवृत्तिमात्मसात्कुर्वाणः**' '**कुर्वाणः**' નામ '**કરતા થકા...**' '**शुद्धोपयोगाधिकारमारभते।**' '**શુદ્ધોપયોગ અધિકાર શરૂ કરે છે.**' એમ કહે છે. સમજાણું કાંઈ? લ્યો! મુનિ પોતે એ અહીં વાત કરે છે. એની એ વાત છે અહીં.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'**નિશ્ચળપણે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિરંતર સ્થાપ;...**' શુદ્ધોપયોગ નિશ્ચયરત્નત્રય. ભગવાન આત્મા શુદ્ધ પૂર્ણ એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એની રમણતા-ચારિત્ર એ ત્રણ જે નિશ્ચયરત્નત્રય જે શુદ્ધ ઉપયોગરૂપ છે એમાં સ્થિર થા. સમજાણું કાંઈ? આહાહા..! હજી તો શાસ્ત્રના અર્થો કરવામાં સરખાઈ નથી લાગતી એને. ઊંધુ કાઢે ત્યારે એને ઠીક લાગે. હવે એ અંદરમાં કેમ જાય?

ભગવાન આત્મા મહાપ્રભુ છે, ચૈતન્ય પ્રભુ છે. અનંત ગુણનો સ્વભાવ સાગર છે. એવો ભગવાન પોતે આત્મા પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થાપ. નિરંતર સ્થાપ. એટલે કે અંતર સ્વરૂપમાં દૃષ્ટિ, એનું જ્ઞાન અને લીનતા નિરંતર રહે. વ્યવહારનો વિકલ્પ એનું કોઈ સાધન-ફાધન છે જ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? એનો અર્થ એ કે જે જ્ઞાનપર્યાય રાગ-પુણ્ય-પાપમાં રોકાયેલી છે... સ્થાપીને એમ કીધું ને? નિરંતર સ્થાપીને. એને જ્ઞાનની અવસ્થાને, વર્તમાન દશાને અંતરમાં વાળ. એનો અર્થ થયો કે શુદ્ધ ભગવાન પૂર્ણ છે, એની શ્રદ્ધા, એનું જ્ઞાન, એની રમણતા-ચારિત્ર એ નિશ્ચયરત્નત્રયમાં આત્માને સ્થાપ. એટલે તે રૂપે પરિણમ. સમજાણું કાંઈ? રાગ-દ્વેષ અને પુણ્ય-પાપરૂપે પરિણમે છે, થાય છે, થાય છે, થાય છે. થયેલો છે, થાય છે, સ્થાપેલો છે. એને શુદ્ધ રત્નત્રયપણે પરિણમ. સમજાય છે કાંઈ?

'**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિરંતર સ્થાપ;...**' પર્યાયમાં સ્થાપ એમ છે. એય..! નવરંગભાઈ! જુઓ! એય..! ચંદુભાઈ! અહીં તો... એનો અર્થ કે જે પર્યાયનું પરિણમન વિકારરૂપે પરિણમે છે એને તું સ્વસન્મુખ થઈને નિર્વિકારરૂપ પરિણમ. સમજાણું કાંઈ? કેટલી વાત કરી છે, જુઓને! એમાં ક્યાંય દોષમાં કે ગુણમાં પરની અપેક્ષાનું લક્ષ છે એ ક્યાંય રાખ્યું નથી. દોષમાં પરનું કારણ છે જરીએ. ત્યારે ઓલા કહે, નહિ. ભાવકર્મમાં નિમિત્તનું દ્રવ્ય (કર્મ) કારણ છે, સિદ્ધને નથી અને આને છે એમ માને. પણ માનવાનો અર્થ શું? સાંભળને હવે. અરે.. ભગવાન! શું કરે છે તું આ? એ પાછું એમ કહે કે વ્યવહારની દૃષ્ટિનો દૃષ્ટિકોણ ટોડરમલજીને ગમે તે રહેલો હોય, પણ આ માટે તો સંસારી વિકારી આત્માને દ્રવ્યકર્મનું નિમિત્ત કારણ છે એ વાત એની બરાબર છે. પણ નિમિત્તકારણ ક્યારે કહેવાય? ખરું કારણ એ નથી. પોતે દોષ કરે છે ત્યારે કર્મને નિમિત્ત કારણ તરીકે કહેવામાં આવે છે. એટલે નિમિત્ત તરીકે કહેવામાં આવે એ વાત અહીં લીધી નથી. એનું કામ શું છે તારે? અહીં કરે ત્યારે કહેવાય છે એટલે પછી કામ શું છે તારે? એમ કહે છે. અને અહીં જ્યારે ગુણ કરે છે ત્યારે કર્મનો ઉઘાડ એની મેળાએ એમાં થાય છે. ત્યારે ઓલા કહે કે કર્મનો ઉઘાડ થાય તો આત્માને લાભ થાય. આમ લ્યો. અહીં તો એ કહે છે કે તું તારામાં સ્થાપ એટલે કર્મ એની મેળાએ ખસી જશે. એમ છે. ખસી જશે એ વાતેય લીધી નથી. અસ્તિની એકલી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લીધી છે. શું કરે?

પરદ્રવ્યની સાથે કામ તારે શું છે? એ એનામાં પરિણમી, બદલી રહ્યા છે. તું તારામાં બદલ. બસ! બીજું કાંઈ છે નહિ. જેમ છે એમ છે. સમજાણું કાંઈ? 'શાસ્ત્રે વાદ ભયં' શાસ્ત્રમાં આવે કે વાદના ભય.. આ.. આ... આ... સાંભળને બાપા! ભય કેવો? ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે, નિર્ભય સ્વભાવનો પિંડ છે એ તો. સમજાણું કાંઈ? એમાં તારા પ્રજ્ઞાની દશા-ગુણને વાળ. વાળીને નિરંતર. પહેલું નિશ્ચળ લીધું, પછી નિરંતર લીધું. ચળે નહિ એ રીતે વસ્તુના સ્વભાવની શ્રદ્ધા, વસ્તુના સ્વભાવનું જ્ઞાન, વસ્તુના સ્વભાવનું ચારિત્ર. એમાં સ્થાપ, નિરંતર રહે, એમાં રહે. એ તારો શુદ્ધ ઉપયોગનું નિશ્ચયરત્નત્રય પરિણમન એ તને મોક્ષનું કારણ છે. પૂર્ણાનંદની પ્રાપ્તિનું આ કારણ છે. સમજાણું કાંઈ?

એક વાત કરી. મોક્ષપંથમાં આત્માને સ્થાપ. એક શબ્દનો અર્થ કર્યો. એક શબ્દનો અર્થ થયો. '**मोक्खपहे अप्पाणं ठवेहि**' એમ છે ને? મોક્ષના પંથમાં આત્માને સ્થાપ. એમ શબ્દ છે. એ જ શબ્દ અહીં કીધો નહિ? નિયમસાર ભક્તિમાં. સમજાણું કાંઈ? વળી કુદરતી નીકળી ગયો અત્યારે. મેં કીધું ક્યાંક છે ખરું. ત્યાં એ નીકળ્યો. સમજાણું કાંઈ? એ બંધપંથમાં તેં સ્થાપેલો છે તે મોક્ષપંથમાં સ્થાપ. લ્યો, આ એની ભાષા ...ની. વિકારના પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભભાવ, ઓલો વ્યવહારરત્નત્રય શુભ છે, એમાં સ્થાપેલો છે તો એ તો અનંત વાર કર્યું છે. એમ કહ્યું નથી? નિયમસારમાં વ્યવહારરત્નત્રયને અનેક વાર ભાવ્યા છે નથી કર્યું? શ્લોક આવે છે પણ એ માને નહિ. વ્યવહારરત્નત્રય પણ અનંતવાર કરી ચૂક્યો છો. એ મિથ્યાત્વ ભાવના છોડી દે. એની ભાવના તો મિથ્યાત્વ છે. રાગ રાખું અને રાગ કરું એ મિથ્યાત્વભાવ છે. એણે સમકિતની ભાવના કોઈ દી ભાવી નથી. એકલો ભગવાન ચૈતન્ય પ્રભુ એના પૂર્ણાનંદની પ્રાપ્તિની પ્રતીતિ ને જ્ઞાન ને રમણતા એમાં સ્થાપ આત્માને. એનું પરિણમન કર, પરિણમન કર. સ્થાપનો અર્થ તે રૂપે થા. વિકારરૂપે થા છો, આ રૂપે થા એમ કહે છે. સમજાણું કાંઈ?

દ્રવ્યનું જ્યાં કથન હોય ત્યાં તો દ્રવ્યમાં પર્યાય પણ નથી એમ આવે. મોક્ષનો માર્ગ અને મોક્ષની પર્યાય પણ વ્યવહારનયનો વિષય છે એમ કહે છે. એય..! નવરંગભાઈ! ઉત્પાદ-વ્યય એ વ્યવહાર છે, મોક્ષમાર્ગ વ્યવહાર છે, મોક્ષ પોતે વ્યવહાર છે. ભંગ ભેદ અંશ છે એ વ્યવહાર છે. હવે વ્યવહારમાં સ્થાપ એમ કહે છે અહીં? એય..! વ્યવહાર હેય છે ને? વ્યવહાર તો હેય છે. તો અહીં કહે છે, મોક્ષમાર્ગ પર્યાય છે એ વ્યવહાર છે એમાં સ્થાપ, એમ કહે છે. એનો અર્થ-ઉત્પન્નની પર્યાય છે માટે એને વ્યવહાર કહ્યો. પણ એ ગ્રહણ કરવાયોગ્ય અને પ્રગટ કરવા લાયક તો એ છે. કાંઈ રાગ-દ્વેષ પ્રગટ કરવા લાયક નથી. એમ. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાંઈ? બરાબર ઈ આવ્યું આ તમે આવ્યા ને. તે દી ઓલી પર્યાયનું હતું તમારા રસ્તામાં નહિ? પર્યાયનો અનુભવ છે, દ્રવ્યનો અનુભવ નથી.

મુમુક્ષુ :- આજે એ જ ...

ઉત્તર :- ક્યાં રસ્તામાં? તે દી કહેતા હતા તમે કે રસ્તામાં ઓલું હતું પર્યાયમાં... પર્યાય આત્મા, પર્યાય જ આત્મા છે એમ કહે છે. ત્યાં તો ૨૦મા બોલમાં તો. દ્રવ્ય આત્મા નહિ. મારા અનુભવમાં જે આવ્યું એ આત્મા. એમ.

મુમુક્ષુ :- અનુભવ તો પર્યાયમાં જ થાય ને.

ઉત્તર :- એ આત્મા. હું એ જ છું. એ .. ભલે પડ્યું એક બાજુ. પર્યાયને લક્ષે થયેલું પણ છે એનું વેદન તો આ અનુભવ પર્યાયનો. તે શુદ્ધ પર્યાયની વાત છે ને ત્યાં? આહાહા..! શું પદ્ધતિ! શાસ્ત્રની કઈ શૈલી. વસ્તુ તો દ્રવ્ય છે તે જ આશ્રય છે. સમજાય છે? પણ અનુભવ તો પર્યાયનો આવે છે. એને કહે છે કે અનુભવમાં... અનુભવ પછી લેશે. આને સ્થાપ એમ પહેલું લીધું. સમજાણું કાંઈ? અનુભવ ત્રીજો બોલ આવશે આમાં. '**मोक्खपहे अप्पाणं ठवेहि तं चेव झाहि**' '**तं चेव**' એ શબ્દ આવ્યો હવે. '**તથા...**' '**झाहि**' આવ્યું. '**झाहि**' આવ્યું.

'**તથા સમસ્ત અન્ય ચિંતાના નિરોધ વડે...**' ધ્યાનની વ્યાખ્યા કરીને? ધ્યાનનો અર્થ ચિંતા નિરોધો ધ્યાનં. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ એને '**સમસ્ત અન્ય ચિંતાના નિરોધ વડે...**' પાછું એકલી ચિંતાના નિરોધ વડે એમ નહિ. '**અત્યંત એકાગ્ર થઈને...**' પાછું ધ્યેય લીધું છે દ્રવ્યસ્વભાવ શુદ્ધ ચૈતન્ય એક અગ્રને લક્ષમાં લઈને. એમ. સમજાણું કાંઈ? જુઓને! એક એક શબ્દે ક્યાંય અનેકાંતપણું છે એ છૂટતું નથી. ઓલા કહે, ચિંતા છોડી ઘો, વિકલ્પ મૂકી ઘો, વિકલ્પ છોડી ઘો, વિકલ્પ છોડી ઘો. પણ વિકલ્પ છોડે શેમાં? કોઈ ચીજ ઉપર દૃષ્ટિ દીધા વિના, એકતા થયા વિના રાગ છૂટે શી રીતે? કહો, સમજાય છે કાંઈ?

તેથી. અહીં નાસ્તિથી વાત લીધી. '**સમસ્ત અન્ય ચિંતાના નિરોધ વડે...**' એ તો કાઢ્યું છે. પાઠમાં તો '**झाहि**' એટલે જ શબ્દ છે. ધ્યાન કર. હવે ધ્યાન કર એ અસ્તિથી વાત લીધી છે. નાસ્તિથી એમ લીધું, કોઈ પણ ચિંતા વિકલ્પની જાળને છોડી દઈને '**ચિંતાના નિરોધ વડે...**' ચિંતાને અટકાવીને. નિરોધ વડે. ચિંતા છે એને નિરોધ-રોકું એમ છે એમાં? આ બાજુ સ્વરૂપમાં ઠરતાં, સ્વરૂપનું ધ્યાન કરતાં, એકાગ્ર થઈને ધ્યાન થતાં ચિંતાની ઉત્પત્તિ થતી નથી એ ચિંતાનો નિરોધ કહેવામાં આવે છે. અને ચિંતાનો નિરોધ એકલો નહિ. '**અત્યંત એકાગ્ર થઈને...**' ઓલામાં એમ હતું ને? અતિ નિશ્ચળપણે રહીને. '**અત્યંત એકાગ્ર થઈને...**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વસ્તુ ભગવાન આત્મા, એમાં અત્યંત એકાગ્ર થઈને. અત્યંત એકાગ્ર થઈને. અંતર વસ્તુ તરફ એકાગ્ર થઈને. એક અગ્ર-મુખ્ય વસ્તુને લક્ષમાં-દૃષ્ટિમાં લઈને '**દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ધ્યા;...**' ચંદુભાઈ! ઠીક! ઉઘાડું કરી નાખ્યું. એમ કે મારે રસ્તામાં ચાલતું હતું આવું. આહાહા..! એમાં કુદરતી ત્યાં એ આ આવે છે સામી ગાથા આવી જુઓ! આ ૪૧૨મી આવી.

કહે છે, ભગવાન આત્મા છે વસ્તુ શિલા, ચૈતન્યશિલા. અરે..! ચૈતન્યભીંત કીધી છે ને? ચૈતન્યભીંત છે વસ્તુ. જેમ આ ટક ટક કરવા માટે સામે ચીજ હોય છે ને. શેના ઉપર ટક ટક કરવું? કોઈ ચીજ હોય તો ટક ટક થાય કે એના વિના? એમ આ ચૈતન્યભીંત ધ્રુવ. ભીંતનો અર્થ શું કર્યો? એક-બે અર્થ કર્યા હતા ને કાંઈક? ચૈતન્ય ભીંત. કેટલામું આવે છે એ?

મુમુક્ષુ :- ચૈતન્યભીંતને વિપરીત થવા...

ઉત્તર :- વિપરીત થવા દેવી નહિ. એ વિપરીત થવાને મેલી, આ તો પહેલામાં ચૈતન્યભીંત શરૂઆતમાં આવે છે. પ્રવચનસાર પહેલા શરૂઆતમાં. ઓલી મેલી થવા ન દેવી એ તો મુનિને વિકલ્પથી. હા, ઈ છે. એ નહિ. આ તો એક પહેલામાં છે. ચૈતન્યભીંત. અંતર વસ્તુ. સમજ્યાને? કાંઈક છે ખરું. કાંઈ બધું યાદ રહે છે કાંઈ? કેટલામાં છે નહિ? ચૈતન્યભીંત એવું છે કાંઈક. એમાં લગાવ લગાવ એમ કહે છે. એમાં બે અર્થ છે એના. ચૈતન્યભીંત શબ્દ કરી અને .. જ્ઞાનલબ્ધિ ભીંત. આ ઓલા ત્રણ આપ્યા નથી? ત્રણ કાળના ભાઈ! આકાર મૂક્યા. તીર્થંકરો નહિ? ચિત્રિતમાં.

મુમુક્ષુ :- ૩૮માં.

ઉત્તર :- એ ગાથા ૩૮. શું કહે છે?

એક ક્ષણમાં ભાસે છે જ્ઞાનરૂપી ભીંતમાં, જ્ઞાનની ભૂમિમાં, જ્ઞાનરૂપી પટમાં. ભગવાન જ્ઞાનરૂપી પટ છે. પટમાં આલેખાય છે ને જેમ? જ્ઞાનરૂપી પટમાં લોકાલોક જણાઈ જાય છે. એવો જ્ઞાનરૂપી પટ ખુલ્લો છે આ. એમાં અંદર નજર કર, એનું ધ્યાન કર અને ધ્યાનમાં સ્થિર થા. એમ કહે છે, લ્યો. સમજાણું કાંઈ?

'**અન્ય ચિંતાના નિરોધ વડે...**' આ ગુણ-ગુણીનો ભેદ છે, વિકલ્પ છે એ પણ ચિંતા છે. સમજાણું કાંઈ? વ્યવહારનો વિકલ્પ ચિંતા છે, ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઉઠે એ ચિંતા છે. એ ચિંતાના નિરોધ વડે-ચિંતાને અટકાવીને. સમજાવવું છે ને? એમ સમજાવેને? '**અત્યંત એકાગ્ર થઈને...**' અત્યંત સ્વરૂપમાં એકાગ્ર થઈ, ભગવાન આત્માને લક્ષમાં લઈ, વસ્તુને દૃષ્ટિમાં લઈ '**દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ધ્યા;...**' એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આ નિશ્ચયરત્નત્રયને ધ્યા એમ કહે છે. શશીભાઈ! માટે કેટલી વાર કહ્યું હતું, ભાઈ! બહુ બહાર

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

પાડવા જેવું નથી. એમાં.. કહો, ..ભાઈ! કારણ કે લોકો અર્થ ન સમજે અને પછી પક્કડ થઈ જાયને એકાંત તો.. પછી લોકોને કાંઈક.. એ અમે કહ્યું છે એ તો અપેક્ષાથી કહ્યું છે. પણ એટલી અપેક્ષા અહીં સમજવાની તૈયારી ન હોય અને પછી માંડ માંડ એક જ તાણે, એક જ તાણે. એ કઈ અપેક્ષા છે ત્યાં (એ સમજે નહિ). સમજાણું કાંઈ?

'**સમસ્ત અન્ય ચિંતા...**' સમસ્તમાં કોઈ ચિંતા બાકી હશે? કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, કોઈ પંચ મહાવ્રતનો વિકલ્પ કે કોઈ. બધી ચિંતાનો નિરોધ, વિકલ્પમાત્રનો નિરોધ. '**નિરોધ વડે...**' એના દ્વારા. વડે એમ કીધું, લ્યો. '**નિરોધ વડે અત્યંત એકાગ્ર થઈને...**' એ જાણે નાસ્તિ વડે એકાગ્ર થઈને. શબ્દ છે ને અંદર. '**समस्तचिन्तान्तरनिरोधेन**' શબ્દ છે. '**निरोधेन**' સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ આનંદમૂર્તિ એને બીજી વિકલ્પની ચિંતાને છોડી દઈ અને તે સ્વરૂપ ભગવાન આત્મા એની જે શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર જે નિશ્ચય સ્વઆશ્રયે થયેલા એનું ધ્યાન કર. એને ધ્યા. ધ્યા નામ એ રૂપે પરિણમન કર. એય..! ઓલામાં એમ આવે કે પરિણામ મારું ધ્યાન કરે. હું શું ધ્યાન કરું? એને કરવું હોય તો કરે. અહીં કહે કે પરિણામનું ધ્યાન કર એમ કહે છે. પરિણામનું ધ્યાન કર. એનો અર્થ કે અંદરમાં અકાગ્ર થયો એટલે પરિણામ પ્રગટ્યું એ પરિણામરૂપ પરિણમ્યો. એમ. આહાહા..! સમજાણું કાંઈ? ઠીક આ આવ્યું બરાબર. તમે રાજકોટવાળા આવ્યા ત્યારે સામે આ આવ્યું.

ભાઈ! તારો ભગવાન મોટો છે ને અંદર પ્રભુ! એના ઉપર લક્ષ કરીને જે પરિણતિ નિર્મળ થાય, એમાં ધ્યા, એનું ધ્યાન કર એટલે એ રૂપે પરિણમ. જે વિકારપણે પરિણમતો તેને અટકાવીને નિર્વિકારપણે પરિણમ. નિર્વિકાર એટલે શું? કે દર્શન-જ્ઞાન અને ચારિત્ર. એમ. સમજાણું કાંઈ? ચંદુભાઈ! ભારે માર્ગ આવો. આહાહા..! ધ્યાન તો કરે. તો કહે છે.. ચિંતાનું ધ્યાન તો છે ને. પહેલું કીધું ને? ચિંતાનું ધ્યાન તો છે. સમજાણું? પણ એ ચિંતાનું ધ્યાન છોડીને આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રનું ધ્યાન કર. એટલે કે ચિંતાનું પરિણમન છોડી દઈને નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાનનું પરિણમન કર. પરિણમન એટલે શું વળી પાછું? એ રૂપે થા. શેઠી! બહુ ઝીણું છે આ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં ઉપર લક્ષ છે એટલે પર્યાયને બદલવી. ત્યાં ઉપર છે, આની ઉપર આવી જા. પર્યાયને બદલવું તો એનું પર્યાય ઉપર લક્ષ (રહેશે). એટલે અહીં પરિણમે છે એ આમ પરિણમ. એટલે એનો અર્થ કે સ્વદ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં શુદ્ધ પરિણમન થા. એનું ધ્યાન કર એમ કીધું. આહાહા..! સમજાણું કાંઈ? સ્વસમય-પરસમયમાં એમ લીધું છે ને? નહિ? સ્વસમયમાં ભાઈ એમ લીધું છે. પરિણમન. પરિણમતો થકો. નહિતર ત્યાં તો એમ કીધું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે કે '**જીવો ચરિત્તદંસણણાણઠિદો**'. એ '**ઠિદો**' રહ્યો છે. એનો અર્થ કર્યો કે એ પરિણમતો થકો અર્થ કર્યો છે. પરિણમે છે ત્યાં તો. ત્યાં '**ઠિદો**' શબ્દ છે. અહીં સ્થાપન શબ્દ છે. એ તો અપેક્ષિત વાત છે ને.

ભગવાન આત્મા જે અહીં લક્ષમાં છે એને અંદર ધ્યાનમાં જોડી દે. ધ્યાનમાં જોડી દે. લ્યો એને તો .. જોગમાં જોડ, ધ્યાનમાં જોડ આવે છે કે નહિ? પાઠ મૂળ શ્લોકમાં આવે છે. અને અનંત તીર્થંકરોએ જોગ ... કરી છે એમ કીધું. લ્યો. સમજાણું કાંઈ? એનો અર્થ છે કે આમ જે પર તરફની જે વિકલ્પ ચિંતા છે એ છોડી દઈ અને શુદ્ધ સ્વભાવ તરફ જ્યાં દૃષ્ટિ થઈ, એને જ્ઞાન થયું, એમાં આત્માને સ્થાપ્યો, એનું ધ્યાન કર્યું એમ કહેવામાં આવે છે. પર્યાયનું ધ્યાન કર એમ કીધું. એટલે (દર્શન-જ્ઞાન-ચારિત્ર) પર્યાયરૂપે પરિણમ. નિર્વિકારી નિશ્ચયરત્નત્રયપણે થા. ચિંતાપણે છો તે રત્નત્રયપણે થા એમ કહે છે, લ્યો! પાઠ સામા પાછા છે ને ઓલું અંદર.. દ્રવ્યદૃષ્ટિપ્રકાશ. એય..! ચંદુભાઈ! હજી કેટલાક ખાનગીમાં આવશે ઓલું બીજું આપજો, બાપુ! એ જીરવવા જેવી નથી વસ્તુ. કઠણ છે. સમજાણું કાંઈ? એય..! દાસ!

કહે છે, '**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિરંતર...**' ના એ નહિ. '**દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ધ્યા;...**' એમ. ઓલામાં એમ કહ્યું હતું, દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થાપ. અહીં દર્શન-જ્ઞાન-ચારિત્રને ધ્યા. એમ કહ્યું. વાત તો એની એ છે પણ હવે સ્પષ્ટ નાખ્યું. સમજાણું કાંઈ? આમ સ્થિર થા. સ્થિર કર, ધ્યાન કર એનું. શુદ્ધ ચૈતન્ય વસ્તુ એની વિશેષ અવસ્થા લીધી. અતિ નિશ્ચળપણે આવ્યું હતું. અહીં આવ્યું કે અન્ય ચિંતા (છોડી) નામ અત્યંત એકાગ્ર થઈ. એમ આવ્યું. અત્યંત એકાગ્ર થઈ, ભગવાન આત્મા ઉપર દૃષ્ટિ દઈ એને અગ્ર નામ મુખ્યમાં લઈ અને સ્થિર થઈ એનું ધ્યાન કર. કહો, સમજાણું આમાં? લ્યો, આ ધર્મ. આવો ભારે ધર્મ ભાઈ! ભગવાનજીભાઈ! ઓલા બિચારા લુહાણા એણે તો સાંભળ્યું પણ ન હોય ધર્મ શું. એ તો બિચારા... એને આખી જીંદગી આવો શબ્દ સાંભળ્યો પણ ન હોય. રળવાની મજૂરીમાં ગયા હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાપ ગયા. લ્યો, બસ! એ લોકો એટલું માને. દર્શન તે શું? દર્શન કોને કહેવાય? શરીર જોયું ઈ કહેવાય?

મુમુક્ષુ :- .. પાપ ગયા...

ઉત્તર :- પાપ શી રીતે જાય પણ? શુભભાવ કરે તો પાપ ઘટે એને. શુભભાવ. એને ઠેકાણે ... ખબર ન મળે. કહો, સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે બધી ચિંતા એ દેવ-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ છે એને (પણ) છોડીને. સમસ્ત ચિંતામાં એ ચિંતા આવી કે નહિ? કહો, શેઠી! શું છે? આહાહા..!

**'દર્શન-જ્ઞાન...'** **'એકાગ્ર થઈને...'** **'અત્યંત એકાગ્ર થઈને...'** એટલું પરિણમન કર કે જે પરિણમન પાછું ફરે નહિ. એમ કહે છે. એકાગ્ર થઈને ભગવાન આત્મા અંતરમાં ઉતરીને, અંતરના તળિયામાં જઈને, એને લક્ષમાં લઈને જે શ્રદ્ધા-જ્ઞાન પરિણમ્યા એનું ધ્યાન કર. પાછું **'ચારિત્રને જ ધ્યા;...'** પાછા 'જ' છે, હોં! સમજાણું કાંઈ? આહાહા..! હવે અનુભવ લે છે. **'तं चेय'** **'चेय'** **'चेव'** એ તો અમથું સાધારણમાં નાખી દીધું છે પહેલામાં. ચેત શબ્દ છે ને? હવે **'चेय'** શબ્દ છે ત્રીજો. **'સમસ્ત કર્મચેતના...'** એટલે શું કહે છે? કે આત્મામાં થતાં પુણ્ય-પાપના ભાવ એ કર્મચેતના છે. વિકારી ભાવ. એ વિકારી ભાવમાં જ્ઞાન અટકે છે તેને કર્મરૂપી રાગરૂપી કાર્ય, વિકારરૂપી કાર્યની ચેતના કહેવામાં આવે છે. એને છોડ એમ કહે છે. સમજાય છે? ઓલાને લીધું કે તેમાંથી પાછો વાળીને, ઓલામાં લીધું કે અત્યંત એકાગ્ર થઈને, આમાં લેશે એના ત્યાગ વડે. એમ. કહો, સમજાણું કાંઈ?

શુભ-અશુભભાવ છે ... તો શુભભાવ છે ને શુભ? દયા, દાન, વ્રત, ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ કર્મચેતના છે. કર્મ નામ વિકારી ચેતાયેલી દશા છે. એના ત્યાગ વડે એમ કહેશે. એના ત્યાગ વડે. વળી આત્મા રાગનો ત્યાગ કરી શકે નહિ અને એના ત્યાગ વડે. એય..! આવે છે કે નહિ? કઈ અપેક્ષા છે? બાપુ! અહીં તો સમજાવું છે ને. એના અભાવ વડે એમ. એના અભાવ વડે. જે રાગને એકાગ્ર થઈને ચેતે છે, પુણ્ય-પાપના વિકલ્પને એકાગ્ર ચેતે છે એ તો કર્મચેતના, તેને છોડીને એટલે કે તેનું લક્ષ છોડી દઈને આત્માના એકાગ્રતામાં અનુભવ કર, આત્માનો અનુભવ. કહો, સમજાણું? એ પણ પાછી ભાષા લઈને અનુભવ કરશે. દર્શન-જ્ઞાન-ચારિત્રને અનુભવ. એમ.

**'સમસ્ત કર્મચેતના અને કર્મફળચેતનાના ત્યાગ વડે...'** કર્મફળ એટલે? હરખ-શોક, હરખ-શોક. હરખ અને શોક એ કર્મફળ કહેવાય અને રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ એ કાર્યચેતના કહેવાય. એ કાર્ય અને ફળ બેનું લક્ષ છોડી દઈને, બેના ત્યાગ વડે. લ્યો! કર્મફળચેતના સંન્યાસ એમ શબ્દ છે. સંન્યાસ શબ્દ છે. જુદી જુદી ભાષા છે. જોયું! સમજાણું કાંઈ? **'સમસ્ત કર્મચેતના...'** સમસ્તમાં કોઈ બાકી રહેશે? વ્યવહાર વ્રત, વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ, ભક્તિ, પૂજાનો રાગ એ બધી કર્મચેતના. કર્મફળચેતના. બહુ હરખ આવી જાય આમ અંદરથી. આહાહા..!

મુમુક્ષુ :- પ્રમોદ આવી જાય ને.

ઉત્તર :- પ્રમોદ આવી જાય-હરખ. એ કર્મફળચેતના. જ્ઞાનસ્વરૂપમાં હરખ કેવા? સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાંઈ? એ હરખ અને શોક એ બેનું વેદન ફળ, એના ત્યાગ વડે, તેના ત્યાગ વડે. એમ. ઓલામાં રહેલો હોવા છતાં આમ વાળ, ઓલામાં ચિંતાના નિરોધ વડે એકાગ્ર થા, આના ત્યાગ વડે. '**શુદ્ધજ્ઞાનચેતનામય થઈને...**' શુદ્ધ જ્ઞાનચેતનામય થઈને એટલે કે શુદ્ધ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, એની ચેતના એટલે એકાગ્રમાં અનુભવ કરીને. જુઓ ચેતીને. એને '**દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ચેત...**' શુદ્ધજ્ઞાનચેતનામય થઈને. રાગાદિ અને હરખ-શોકના ફળને છોડી દઈને '**શુદ્ધજ્ઞાનચેતનામય થઈને...**' ઓલી બે ચેતના છોડીને શુદ્ધજ્ઞાનચેતનામય થઈને. એ શુદ્ધજ્ઞાનચેતનામય થઈને થવું એ દર્શન-જ્ઞાન અને ચારિત્ર છે. આહાહા..! શાંતિભાઈ! બહુ પણ ઝીણું આ. માણસને ધર્મ કરવો હોય તો સરળ શી રીતે થાતો હશે? આ રીતે જ થાય. બીજો ધર્મ છે જ નહિ. સમજાણું કાંઈ? ભાઈ! એને સમજવા માટે વખત લેવો જોઈએ. દુનિયાની સમજણ માટે કેટલો વખત આપે છે? હેરાન હેરાન થઈ જાય છે. એલ.એલ.બી. ને બી.એ. જુઓ! અમેરિકા જાય છે હેરાન થવા. એ શું છે ત્યાં? હોળી સળગે ચિંતાની. આ કરું, આ ભણું. આટલા ભણ્યા પછી આમ કરું, આટલા ભણ્યા પછી આમ કરું. વળી મા-બાપે આટલા ખર્ચ્યા માટે પાછો આટલો પગાર થશે. એની ચિંતા.. ચિંતા.. ચિંતા. ભગવાન! અહીં તો દેવ-ગુરુ-શાસ્ત્રની ચિંતા કે પર વસ્તુ ધર્મને રાખું કે આ ધર્મ નાશ થઈ જશે તો? એની ચિંતાનો વિકલ્પ પણ છોડી દે, કહે છે. કહે છે કે આ ફલાણું આમ નાશ થઈ જાય, તીર્થ નાશ થઈ જાય છે. હવે સાંભળને. આહાહા..! સમજાણું કાંઈ?

એ '**કર્મફળચેતનાના ત્યાગ વડે શુદ્ધજ્ઞાનચેતનામય થઈને...**' જુઓ! શુદ્ધ. ઓલી બે અશુદ્ધ હતી. પુણ્ય-પાપના ભાવ અને હરખ-શોકના ભાવ અશુદ્ધ મલિન પરિણામની ચેતના હતી. '**શુદ્ધજ્ઞાનચેતનામય થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને...**' જુઓ! શુદ્ધજ્ઞાનચેતનામય થઈને એનો અર્થ કે દર્શન-જ્ઞાન-ચારિત્રને '**ચેત...**' એ '**શુદ્ધજ્ઞાનચેતનામય થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ચેત-અનુભવ;...**' એને અનુભવ. ઓલામાં તો એમ આવે કે અનુભવ-બનુભવ આપણે જોવું નહિ સામું. આવે છે કે નહિ? એ ખબર છે ને બધી? એય..! અહીં તો કહે છે, એને અનુભવ. જરીક અંદર ખાનગી વાંચતાને ત્યારે ગડબડ થાતી. કહો, સમજાણું કાંઈ? '**શુદ્ધજ્ઞાનચેતનામય થઈને...**' એમ કુંદકુંદાચાર્ય પોકાર કરે છે. પણ એ તો પર્યાય થઈ ને. હા. હા. સાંભળને. '**દર્શન-જ્ઞાન-ચારિત્રને જ...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્માની શુદ્ધજ્ઞાનચેતનામય દશા એને અનુભવ, એને અનુભવ. એ તારો મોક્ષનો માર્ગ છે. પૂર્ણાનંદની પ્રાપ્તિનો આ માર્ગ છે. .. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**મહા સુદ ૧૩, સોમવાર તા. ૧૨-૨-૧૯૬૮**
**ગાથા-૪૧૨, કળશ-૨૪૦, પ્રવચન-૪૮૫**

જુઓ! અહીં સંબોધે છે ને? મોક્ષપંથે સ્થાપ. એમ કહે છે ને? ત્યારે કોઈને કહે છે ને? આચાર્ય આદેશ અથવા ઉપદેશ કરે છે. હે ભવ્ય! એમ સંબોધન છે ને? એમ નથી પણ એમાં આવી ગયું. 'સ્થાપ'માં આવી ગયું ને. હે આત્મા! તારું જે શુદ્ધ સ્વરૂપ છે, પવિત્ર છે, પૂર્ણ છે એની પ્રતીત, જ્ઞાન અને રમણતામાં આત્માને સ્થાપ. સમજાણું કાંઈ? પોતાનો આત્મા અનાદિથી જે રાગ-દ્વેષમાં છે એમાંથી પાછો વાળી અને દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થાપ. એનો અર્થ કે જે રાગથી આમ છૂટો પડીને, અંતર દૃષ્ટિ આત્મતત્ત્વની શુદ્ધ ચૈતન્યમૂર્તિની શ્રદ્ધા, એનું જ્ઞાન અને રમણતા એમાં આત્માને સ્થાપ. લ્યો, આ મોક્ષનો માર્ગ.

'**તેનું જ ધ્યાન કર,...**' એકાગ્ર થઈ દર્શન, જ્ઞાન, ચારિત્રને ધ્યા. એનો અર્થ એ કે દર્શન, જ્ઞાન, ચારિત્ર જે સમ્યક્ પૂર્ણ પરમાત્મતત્ત્વ એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એમાં એકાગ્ર થા, એનું નામ દર્શન, જ્ઞાન, ચારિત્રનું ધ્યાન. વિકલ્પ ને રાગ ને પર નહિ. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારની છેલ્લી ગાથાઓ છે ને. એકદમ સાર. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે. એને શ્રદ્ધામાં લઈ, જ્ઞાન એનું કરી અને એમાં ઠર. એ આત્માને ધ્યાવ્યો અને દર્શન, જ્ઞાન, ચારિત્રનું ધ્યાન કર્યું એમ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? એનો અનુભવ કર. વિશેષ વિશેષ કહે છે. એ ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એનો અનુભવ કર. વિકારનો જે અનુભવ છે એ આ અનુભવ કર. એમ. સમજાણું કાંઈ? ત્યાં સુધી આવ્યું છે.

હવે ચોથું. જુઓ! ચોથામાં શું લે છે? '**દ્રવ્યના સ્વભાવ વશે...**' ભગવાન આત્મા ચૈતન્ય ધ્રુવ પરમાનંદની મૂર્તિ આત્મા છે. એવો દ્રવ્યનો સ્વભાવ છે કે એને વશે '**જે ક્ષણે ક્ષણે પરિણામો ઊપજે છે...**' આ પરિણામ, હોં! દર્શન, જ્ઞાન, ચારિત્રના. દ્રવ્ય સ્વભાવ વસ્તુ છે એનો આશ્રય કરીને જે દર્શન, જ્ઞાન, ચારિત્રના જે પરિણામ-પર્યાય ઊપજે છે '**તે-પણા વડે (અર્થાત્ પરિણામીપણા વડે) તન્મય પરિણામવાળો (-દર્શન, જ્ઞાન, ચારિત્રમય પરિણામવાળો) થઈને...**' બદલનારો આત્મા ધ્રુવપણે રહીને પરિણમે છે પર્યાયમાં. તો એ દ્રવ્યનો સ્વભાવ છે. દ્રવ્યની દૃષ્ટિ થતાં વસ્તુના સ્વભાવને દૃષ્ટિમાં લેતા દ્રવ્યના સ્વભાવને વશ જે પરિણામ થાય છે, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના, '**તે-પણા વડે તન્મય પરિણામવાળો (-દર્શનજ્ઞાનચારિત્રમય પરિણામવાળો) થઈને દર્શન, જ્ઞાન, ચારિત્રમાં જ વિહર'...**'

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પરિણમન કરવું પણ એ પરિણમન થાય કઈ રીતે? કે દ્રવ્યને આશ્રયે. સમજાણું કાંઈ? આમ ઉપદેશ તો એ છે કે આમ પરિણમ, આમાં વિહાર કર. રાગમાં વિચર નહિ અને નિર્મળ આત્મા શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતામાં વિચર. વિચરે તો પ્રગટ પર્યાય થઈ હોય એમાં વિચરે ને? તો પ્રગટ થઈ છે ક્યાં? સ્વભાવના આશ્રયથી. વસ્તુ જે અખંડ પરમાત્મસ્વરૂપ છે એના આશ્રયે એની પ્રતીત, જ્ઞાન, રમણતામાં રહે. આમ રાગમાં રહે છે એ છોડી દે. સમજાણું કાંઈ?

'**(દર્શનજ્ઞાનચારિત્રમય પરિણામવાળો) થઈને...**' બદલવાનો એનો સ્વભાવ છે તેથી તે બદલીને પરિણામ તો પ્રગટ કરે. શેના? દ્રવ્ય સ્વભાવના શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રના. સમજાણું કાંઈ? રાગના? એ કંઈ દ્રવ્ય સ્વભાવ નથી. દ્રવ્ય વસ્તુ છે એની દૃષ્ટિથી, જ્ઞાનથી, રમણતાથી જે દ્રવ્ય સ્વભાવનું પરિણમન થાય એ દર્શન, જ્ઞાન, ચારિત્રમય પરિણામ થાય. એ પરિણામમાં તન્મય થઈને, તન્મય એટલે એકરૂપ પરિણામવાળો થઈને '**દર્શન, જ્ઞાન, ચારિત્રમાં જ વિહર;...**' વિચર. કહો! પુણ્ય-પાપ આદિ વિકલ્પમાં ન વિચર. અહીં તો નિશ્ચયમાં વિચર એમ કહેવું છે. સમજાણું? સ્વદ્રવ્ય આશ્રયે જે પરિણામ થાય, દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ સ્વભાવવાળો છે તો એ પરિણમે ખરો. એ પરિણમે શું? કે દર્શન, જ્ઞાન અને ચારિત્ર તેના તન્મયપણાને કર. સમજાય છે? એમાં વિહર. લ્યો, આ વિહાર. આ વિહરની વાત છે. ઓલા વિહારની ક્યાં? એ તો જડની ક્રિયા છે. એને થાવી હોય તો થાય. કહો, સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્ય સ્વરૂપ મહા પરમાત્મા ચૈતન્યધામ, એનો પરિણમવાનો સ્વભાવ છે એટલે એની દૃષ્ટિ થતાં એનું પરિણમન દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપે થશે. સમજાય છે? એમાં વિચર. એ મોક્ષનો માર્ગ છે. આ નિશ્ચય મોક્ષમાર્ગ એક છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? કળશમાં પણ આવશે. જુઓ! હવે સાર લે છે. અન્યમાં ન વિચર ને, એમાં આમ લેશે હવે. '**अण्णेसु**' એમ છે ને? '**मा विहरसु**'. ન્યાં પાછું અવલંબન લીધું. '**તથા જ્ઞાનરૂપને એકને જ અચળપણે અવલંબતો થકો,...**' ત્યાં સરવાળો લીધો, ભાઈ! ઓલામાં એમ નાખ્યું, સ્થાપ, સ્થાપ. પણ એનો અર્થ ઈ છે. ભગવાન આત્મા... સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે ને. એકલો જ્ઞાન મહા સામાન્ય. પ્રવચનમાં આવે છે ને? મહા સામાન્ય ઉપર વ્યાપતું કેવળજ્ઞાન છે ને. મહા સામાન્યજ્ઞાન જે છે, સમ્યક્ જ્ઞાનમૂર્તિ, સદૃશ સ્વભાવ જ્ઞાનમૂર્તિ મહા સામાન્ય એમાં વિશેષપણું વ્યાપીને કેવળજ્ઞાન થાય છે. મહા સામાન્ય ઉપર વિશેષ થાય છે. મહાસામાન્ય કહો કે દ્રવ્ય કહો, એના ઉપર થાય છે. અંદરમાં પેસતું નથી. સમજાણું કાંઈ?

અન્ય દ્રવ્યમાં ન વિચર, એમાં આ સ્વદ્રવ્ય લઈ લીધું પાછું. એક જ્ઞાનરૂપને એકને જ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અચળપણે અવલંબતો થકો. ભગવાન આત્મા એકલો જ્ઞાન જ્ઞાનરસ છે, જ્ઞાન સત્ત્વ છે, સામાન્ય જ્ઞાનનું સત્ત્વ એકલું સ્વરૂપ છે. એવું જે એક જ્ઞાન, **'એકને જ અચળપણે અવલંબતો...'** એકને જ અચળપણે. સ્વરૂપ ત્રિકાળ છે એને એકને જ અવલંબતો. એને અવલંબતો પરમાં ન વિચર એમ કહેવું છે. કહો, સમજાણું કાંઈ? ભગવાન આત્મા ધ્રુવ સ્તંભ છે. જ્ઞાનરૂપી સ્વરૂપ સદશસ્વરૂપ સ્તંભ, ધ્રુવ એને અવલંબતો. લ્યો, આ આલંબન. એનું આલંબન લેતો. અચળપણે અવલંબતો પાછો એમ. એક સ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્ય સદશ ધ્રુવ, એને અચળપણે એકને જ અવલંબતો થકો. ત્રણ પરિણમનની વાત કરી, પરિણમે છે ઈ. ત્રણ પરિણમન એની સેવા. પણ એનો અર્થ ઈ થયો કે અંદર વસ્તુ છે પૂર્ણ એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એને સેવ, એમાં સ્થાપ અને અનુભવ કર, એમ કહ્યું છે. સમજાણું કાંઈ? ચંદુભાઈ! ભગવાન આત્મા એકરૂપ ચૈતન્ય છે. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. પટ ચૈતન્યપટ ધ્રુવનો. એને એકને જ અવલંબતો. ભેદ વિના અભેદ ચીજને અવલંબતો થકો. અચળપણે અવલંબતો થકો. જે આમ રાગને અવલંબતો હતો અનાદિથી, એ આ જ્ઞાનસ્વરૂપ એવું જે જ્ઞેય સ્વનું એને અચળપણે એકને અવલંબતો થકો. એ અસ્તિ કરી.

**'જેઓ જ્ઞેયરૂપ હોવાથી ઉપાધિસ્વરૂપ છે...'** જેઓ પુણ્ય-પાપનો વિકલ્પ, શરીરાદિ બધું જ્ઞેયરૂપ હોવાથી. રાગાદિ વિકલ્પ એ તો પરજ્ઞેય છે. **'જ્ઞેયરૂપ હોવાથી ઉપાધિસ્વરૂપ છે એવાં સર્વ તરફથી ફેલાતાં...'** એટલે કે વિકલ્પની જાળ ઉઠતી સર્વ તરફથી. **'સમસ્ત પરદ્રવ્યોમાં જરા પણ ન વિહર.'** વ્યવહારના વિકલ્પમાં જરા પણ ઠર નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ ઉઠે છે, શાસ્ત્રના જ્ઞાનનો વિકલ્પ ઉઠે છે અને વ્યવહાર ચારિત્રનો વિકલ્પ છે એ પરદ્રવ્ય છે. જ્ઞેયને અવલંબતો-સ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણ છે તેને અવલંબતો પર જે જ્ઞેય છે તે ઉપાધિરૂપ છે. સ્વજ્ઞેય છે તેને અવલંબતો પરજ્ઞેય જે ઉપાધિ રાગાદિ છે તેને **'સર્વ તરફથી ફેલાતાં...'** વિકલ્પની જાત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના અવલંબે જે ઉત્પન્ન થાય, **'સમસ્ત પરદ્રવ્યોમાં જરા પણ ન વિહર.'** જુઓ! વ્યવહારમાં જરા પણ ન ચાલ એમ કહે છે. સમજાણું કાંઈ? વ્યવહાર ક્યો? દુનિયાના વ્યવહારની વાત નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, જ્ઞાનનો વિકલ્પ ભણવાનો અને પંચ મહાવ્રતાદિનો વિકલ્પ. **'સર્વ તરફથી ફેલાતા સમસ્ત પરદ્રવ્યો...'** બધા પરદ્રવ્યો રાગાદિમાં જરા પણ ન વિચર, જરા પણ ન વિચર. જ્ઞેયસ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાન એને અવલંબીને તેમાં વિચર. કહો, સમજાણું કાંઈ? આ તો છેલ્લી ગાથાઓ છે ને. સર્વવિશુદ્ધજ્ઞાન. એટલે એકદમ સાર સાર સાર વાત (લીધી છે).

વસ્તુને વર્તમાન પર્યાય-અવસ્થા રાગને, સંયોગી ભાવને કે સંયોગને અવલંબતી એ પર્યાયને

અંતર જ્ઞેય તરફ વાળતાં એકલા (સ્વ)જ્ઞેયને અવલંબતો જે પરિણામ પ્રગટ થાય તેમાં વિચર. આ પરદ્રવ્યમાં વિચર નહિ. આ તો ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યબિંબ એવા ધ્રુવને અવલંબીને એમાં વિચર. પર તરફના લક્ષથી ઉત્પન્ન થયેલા શુભ-અશુભ વિકલ્પો એમાં જરીયે સ્પર્શ નહિ. લ્યો, આનું નામ મોક્ષનો માર્ગ છે. કહો, સેઠી! આહાહા..! રાડો પાડે છે. કાંઈક કાંઈક બીજું એનું સાધન? આ સાધન જ ઈ છે, એમ કહે છે. અવલંબવું એ સાધન. બીજું કોઈ સાધન-ફાધન નથી. એથી તો કહ્યું, શબ્દ આવા પડ્યા છે. '**मा विहरसु अण्णदव्वेसु**'. ભગવાન સ્વદ્રવ્ય, સ્વદ્રવ્ય, સ્વદ્રવ્ય એટલે એમાંથી કાઢ્યું. '**मा विहरसु अण्णदव्वेसु**' સ્વદ્રવ્ય જ્ઞાન, એકરૂપ જ્ઞાન એને અવલંબતો પરદ્રવ્યરૂપ વિકલ્પાદિને બિલકુલ જરા પણ સ્પર્શતો નહિ એવા સ્વરૂપને અનુભવ. કહો, શેઠી! ભારે વાતું, ભાઈ!

વસ્તુ છે, એના તરફનું અવલંબન લઈને અન્ય દ્રવ્યના ઉત્પન્ન થતાં ચારે બાજુથી કોઈ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની શ્રદ્ધા બહારની છ દ્રવ્યની, ગુરુની, દેવની, શાસ્ત્રની એ શ્રદ્ધાના જે વિકલ્પો છે એમાં જરીયે અડીશ નહિ, એને સ્પર્શીશ નહિ, એમાં વિચરીશ નહિ. કહો, સમજાણું કાંઈ? આ આત્માને પૂર્ણ આનંદની પ્રાપ્તિનો ઉપાય આ છે. પૂર્ણ આનંદની પ્રાપ્તિ એટલે મુક્તિ. એનો આ ઉપાય છે. કહો, સમજાણું આમાં? ..ભાઈ! કહો, આ પૈસા-બૈસા દાન દેવામાં રાગ આવે તો એને સ્પર્શીશ નહિ, એમ કહે છે અહીં તો. દાન, શિયળ, તપ, .. ચાર આવે છે ને? હમણાં પ્રશ્ન ઈ છે, એક જણાનો આવ્યો છે, જુનાગઢથી. દાનમાં દેવું. ભગવાને આટલા કોટિ દાન દીધા, તપમાં સાડા બાર વર્ષ તપ કર્યા. સમજ્યાને? ... એક દાન લીધું છે. તપમાં એ બધું મૂક્યું છે. આવું કર્યું. તમે તો કહો છો કે ક્રિયા એ પુણ્યબંધનું કારણ છે, ધર્મ નથી. તો શું છે આનો ખુલાસો? એવો પ્રશ્ન આવ્યો છે-કાગળ, જુનાગઢથી. અમારે ૬૦ માણસોને તમારામાં ભળવું છે. તમારા પંથમાં. અહીં અમારો પંથ કે દી (હતો)? એઈ..! નરમ માણસ છે. ગોંડલવાળા છે ને? ધીરૂભાઈ નહિ? જાડા આવે છે. ગોંડલિયા. એના નાના ભાઈના જમાઈ લાગે છે. એટલે ચર્ચા થાતી હોય. ભાવ થાય છે, પણ આનો અમને ખુલાસો આપો. અને ત્રીજો ખુલાસો તમારા પછી કોણ પાછળ? આ ત્રણ ખુલાસા માગ્યા છે. એ.. નવરંગભાઈ! એક તપનો ખુલાસો, એક દાનનો ખુલાસો અને એક તમારા પછી કોણ? લ્યો, ત્રણ માંગ્યા છે. એઈ..! જેઠાભાઈ! અમારે તો કોઈ આધાર જોઈએ. અમારે પાછળનું શું કરવું? પણ તું અત્યારે તારાથી છો અને પછી તારાથી છો, કોઈને લઈને છે કોણ અહીં? એ.. પોપટભાઈ! આરે..! આહા..!

વાત ઈ છે કે આત્મા વસ્તુ છે. મહાસાગર ચૈતન્યનો આનંદસાગર છે. એ આનંદ અને જ્ઞાનનું પૂર વસ્તુ છે. એનું અવલંબન લેવું એ એક જ ઉપાય (છે), બીજો કોઈ ઉપાય

છે નહિ. એ દેવ-ગુરુ હોય તો પણ એના આધારે-અવલંબને રહે છે એ વસ્તુ નથી, એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? અમારે આધાર કોણ? આધાર તારા આત્માનો. કહો, ચંદુભાઈ! આહાહા..! પાછળ કંઈક ટકાવે ને. પણ કોણ ટકાવે? તારું તું ટકાવ કે બીજો ટકાવે? તારે આલંબન કોનું? કે અંદર જ્ઞાનાનંદ ભગવાન બેઠો છે એનું. શુદ્ધ ચિદાનંદની મૂર્તિ પોતે આત્મા છે. એનું આલંબન છે. આલંબન વળી આ મૂર્તિનું ને.. એ તો બધો વિકલ્પ છે. એનો સ્પર્શીશ નહિ. અહીં તો ના પાડે છે. ત્યારે કરવું નહિ ને અમારે હવે આ? કોઈ વળી એમ કહે. એઈ..! જેઠાભાઈ! અહીં ના પાડે છે, જુઓ! લ્યો. જાત્રા-બાત્રાના વિકલ્પને સ્પર્શીશ નહિ એમ કહે છે. એઈ..! નેમીભાઈ! આ બધું કરી આવ્યા ને બે બાજુનું. પણ આ એમ જ છે. આવે, પણ સ્પર્શીશ નહિ. સ્વરૂપમાં અભાવ માનજે. સ્વરૂપના અવલંબનની જેટલી એકાગ્રતા તે તારું કલ્યાણનું કારણ. બાકી અંદર વિકલ્પ આવે એને સ્પર્શીશ નહિ, અડીશ નહિ, પરદ્રવ્ય છે. આહાહા..! આ તો કહે, વ્યવહારથી નિશ્ચય થાય. કરતાં કરતાં (થાય). સાધન શું? એમ પૂછતા હતા. લ્યો. અરે..! ભગવાન! અહીં તો કહે છે, ઉપાધિ છે. '**જેઓ જ્ઞેયરૂપ હોવાથી...**' જુઓ! '**જેઓ જ્ઞેયરૂપ...**' એ તો જ્ઞેય છે. વ્યવહાર રાગાદિ તો જ્ઞેય છે. દયા, દાન, ભક્તિ, જાત્રાનો શુભભાવ થાય એ તો આત્માનું જ્ઞેય પરજ્ઞેય છે. જ્ઞેય તો પોતે પણ છે. ઓલું પરજ્ઞેય છે, એમાં ઉપાધિ છે. કહો, શેઠી! દઈ આવ્યા ને? સોળ લાખનું કરી આવ્યા તમે. તે દી કહ્યું હતું એને. સોળ લાખ તમે ખર્ચ્યા છે માટે તમે ખર્ચ્યા છે એમ નથી એમ માનજો. તમારો ભાવ શુભ હોય તો પુણ્ય છે, ધર્મ-બર્મ નહિ. તમે જાણો કે આપણે આમાંથી ધર્મ થઈ જશે અને બહાર આવશું. આવશે, બહાર પડ્યા એટલે આમ થાશે. બહાર પડ્યા એટલો રાગ થાય છે. શેઠી!

તમે હતા ને? તમારો દીકરો હતો બાબુભાઈ. ગોદિકા, ત્રણ જણ હતા ને. પાટણી. ત્રણ હતા. એને કહ્યું હતું આપણે, ઓહોહો...! સોળ લાખ ને હાથી તે.. અઢાર હાથી, હતા? તમે હતા? એમ? તમે હતા નવરંગભાઈ? એમ! છેલ્લો વરઘોડો જુઓને મોટો. ઓહોહો..! લોકને એમ થઈ જાય કે... હું બેઠો હતો રથ ઉપર. મોઢા આગળ કોઈ પૂછે છે, કોઈ મહારાજા, રાજા આવ્યા છે? આવું શું છે? આ શું? એમ બેઠો હતો. કો'ક વાત કરતું હતું. .. દેખાય નહિ માણસ. એટલું માણસ.. માણસ.. માણસ.. હાથી હું દેખતો નહોતો. પછી હું ગયો ત્યાં ઊભા રાખ્યા હતા હાથીને. છેલ્લે સલામ મારવા. ત્યારે જોયા. દેખાય નહિ માણસ. આ શું છે? અમારે વાત ચાલે છે. કોઈ રાજા, મહારાજા આવ્યા છે? આટલા હાથી ને શું છે આ? એક મહારાજ આવ્યા છે. અહીં થયું હતું એનો વરઘોડો છે. ધર્મની રથયાત્રા. એમ વાત કરતા હતા. બહુ માણસ. સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબર બધું. હતા તે દી તમે?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમ!

એ તો બહારની પ્રવૃત્તિ પરમાણુની પર્યાય. એમાં આત્માએ શું કર્યું ન્યાં? અને એમાં શું વિકલ્પ આવ્યો? અહીં તો કહે છે, બંધનું કારણ છે. તારે મોક્ષનું કારણ પ્રગટ કરવું છે કે નહિ? આહાહા..! એ.. ચંદુભાઈ! ભારે વાતું, ભાઈ! એકાંત છે, એકાંત. હવે સાંભળને! એકાંત છે. એકાંત જ છે મોક્ષનો માર્ગ. નિશ્ચય એકાંત એક જ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? આ કીધું ને? **'मा विहर'** ના પાડી. એની પછી ઓલી આવશે. જઈશ નહિ બીજે. થાય તો પણ તેના તરફનુ અભાવરૂપ પરિણમન કર. એમ કહે છે. ભગવાન ચૈતન્યબિંબ પ્રભુ છે, જ્ઞાનનો પટ છે ને. એમાં એકાકાર થઈને ચિતરને જ્ઞાનની એકાગ્રતા. રાગનો વિકલ્પ છે એ તો અન્ય જ્ઞેયનો ચિતારો છે, એ કંઈ તારી ચીજ નથી. આહાહા..!

મુમુક્ષુ :- પ્રભાવના..

ઉત્તર :- કોની પ્રભાવના? પોતામાં થાય કે બહારમાં થાય? લોકો કહે.. આહાહા..! કેમ જેઠાભાઈ! જેઠાભાઈ કહેતા હતા, માણસ ઓહોહો..! શું છે? પ્રભાવના અહીં થાતી હશે કે બહાર થાતી હશે?

મુમુક્ષુ :- નિમિત્ત નૈમિત્તિક..

ઉત્તર :- નિમિત્તનો અર્થ શું? એને કારણે થાય. બહારની ક્રિયા એને કારણે થાય. વિકલ્પ પણ ઉઠ્યો છે એને કારણે ઉઠ્યો છે, આત્માને કારણે નહિ. સમજાય છે કાંઈ? આત્મામાં વિકલ્પ ઉઠવાની વસ્તુ જ ક્યાં છે એમાં? વસ્તુ અખંડાનંદ જ્ઞાનની મૂર્તિ (છે). એમાં જ્ઞાન પ્રગટ થાય, જ્ઞાનની પ્રતીત પ્રગટ થાય, જ્ઞાનમાં રમણતા પ્રગટ થાય. વિકલ્પ ઉઠે એ વસ્તુમાં છે? એને તો અન્ય વસ્તુ કીધી અહીં. પુદ્ગલના પરિણામ છે ઈ. આહાહા..! રાડ નાખે લોકો.

ભગવાન! ચૈતન્ય આનંદબિંબ છો ને પ્રભુ! એને અવલંબ ને! આહાહા..! લોકોને એવું લાગે. પણ પોતાનું એને માહાત્મ્ય આવતું નથી. હું કોઈ મહાન બાદશાહ છું. ત્રણ કાળ ત્રણ લોકને એક સમયમાં સમાડી દઉં એવી તાકાતવાળો એક સમયમાં તાકાતવાળો. સમાડી દઉં. જાણું એવો. સમાડી દઉં એટલે જાણું. મહા સામાન્ય ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ એના ઉપર પર્યાય વ્યાપીને પરિણમે છે. એ પરિણમન તારા દ્રવ્ય સ્વભાવને વશ થયું. એ પર્યાય તારી. વિકલ્પ છે ઈ તારી પર્યાય નહિ. વ્યવહાર રત્નત્રય પરિણામ આત્માના નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, ઈ અહીં કહે છે ને. હમણા ખોલશે. અન્યદ્રવ્ય છે જુદું. અહીં પાઠ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'**मा विहरसु अण्णदव्वेसु**' રાગને અન્ય દ્રવ્ય જ કહી દીધું છે. સમજાણું કાંઈ? સમજાણું આમાં? અરે..! એનો અંતર નિર્ણય તો કરે સમજણમાં. આ જ માર્ગ છે, બીજો કોઈ માર્ગ નથી. વીર્યને ત્યાં રોક. વસ્તુના સ્વભાવ તરફના અવલંબનથી જે પરિણામ થાય તે એક જ મોક્ષનો માર્ગ છે. પરના લક્ષે ઉત્પન્ન થતો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો વિકલ્પ તે મોક્ષનો માર્ગ નથી, નથી. કહો, મલૂકચંદભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઘણું કરવા માગે છે, પણ થાવું હોય ત્યારે થાય ને. શું કરે એને? ઘણા ઊંચાનીચા થાય છે. છોકરા પાસે પૈસા છે ઈ કાઢતા નથી. કહો, સમજાણું આમાં? એમાં આનો વાંક છે? કો'કે એમ કહે, તમે મોટા ગૃહસ્થ માણસ. પણ એમાં એને શું કરવું? એઈ..! મલૂકચંદભાઈ એટલે અમદાવાદના આપણા અગ્રેસર. અગ્રેસર પણ શું કરવું મારે? કોઈ ન આપે, એમાં વાંક મારો છે? એઈ..! પણ કેટલાક નાખે માથે, તમે મોટા છો, તમે મોટા છો. તમારા આધારે અમે બધું કામ ઉપાડ્યું છે, એમ કહે. કે નહિ? ઈ કહે છે કેટલાક. શું કરવું? એ કંઈ એના અધિકારની વાત છે? અહીં તો વિકલ્પ કરવો આત્માના અધિકારની વાત નથી, એમ કહે છે. આહાહા..! પૈસા પર પાસેથી લેવા અને ખર્ચવા એ તો અધિકારની વાત છે જ ક્યાં? અને તે પણ જે રજકણો, જે નોટું જ્યાં જવાની તે પરમાણુની પર્યાય ત્યાં તે પ્રકારે થવાની એમાં કોઈ કરી શકે નહિ. આહાહા..! એવી વાત છે જરી. સમજાય છે? જે નોટું જ્યાં પડી છે ત્યાંથી જ્યાં જવાની હોય, જે ક્ષેત્રે, જે કાળે, જે પ્રકારમાં જવાની હોય તેમાં બીજો કરી દે કે હું આમ કરી દઉં નોટું, બીજે આપે ને મને અહીં આપે. ઈ બધી વાતું સમજવા જેવી છે. પોપટભાઈ!

અહીં તો કહે છે, તું તને અવલંબ. ભગવાન મળ્યો છે મોટો ચિદાનંદપ્રભુ, એનું અવલંબન લે ને. રાગના અવલંબન ને નિમિત્તના અવલંબે તને લાભ શું છે? એમ કહે છે, એમ કહે છે. આહાહા..! એક '**જ્ઞાનરૂપને એકને જ અચળપણે અવલંબતો થકો...**' જુઓને! પોતાના પુરુષાર્થથી અવલંબતો થકો. એમ છે અહીંયા. કોઈ કર્મ મોળું પડે માટે આમ કરતો. એમ જોવું છે એની સામું? પર સામું જોવું છે? ઓલા કહે છે કે કર્મ મોળા પડે ત્યારે, એમ તમે લ્યો. પણ અહીં અવલંબતો થકો, તારે કામ શું છે? અવલંબતો થકો કર્મ એને કારણે નીકળી જાય. નીકળી જાય ન જાય, તારે શું કામ છે? એનું તારે કામ શું છે? વિકલ્પનું કામ નથી પછી નીકળી જાય એનું તારે કામ શું છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ક્યાં આવે છે? એને ઘરે પડ્યા છે ઈ. અહીં ક્યાં આવ્યા છે? પર્યાયને અડ્યા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પણ નથી. જુઓને! અહીં તો એક જ અવલંબતો થકો. ઓહોહો..! ભગવાન! પણ અમારે કર્મ નડતા હોય ને? કર્મ પણ તારે છે ક્યાં કે નડે તને? તારામાં હોય તો નડે. તારામાં કર્મ છે નહિ. કર્મ તો કર્મમાં છે. શેઠી! સમજાણું કાંઈ?

ખરેખર તો અહીં દ્રવ્યના સ્વભાવ વશમાં રાગેય એનો નથી એમ કહે છે. એના દ્રવ્યના સ્વભાવવશે. દ્રવ્યનો સ્વભાવ એવો છે કે દ્રવ્ય-વસ્તુ જે ચૈતન્યઘન છે એને વશે એના દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ થશે. દ્રવ્યના સ્વભાવવશે રાગ કે દી થતા હતા? વ્યવહાર-ફ્યવહાર દ્રવ્ય સ્વભાવના વશે દ્રવ્યનું પરિણમન છે ઈ ક્યાં એનું પરિણમન છે, એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? એને શ્રદ્ધા અને જ્ઞાનની પાટી એવી ચોખ્ખી કરવી જોઈએ કે જેમાં એકલો આત્મા જ નજરે પડે, શ્રદ્ધામાં. રાગાદિ કોઈ ચીજ નહિ એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? ઓહોહો..! ટીકા કેટલી કરી!

નિરંતર વિહર, અન્યદ્રવ્યમાં વિહર નહિ. એ અન્ય દ્રવ્યમાં વિહર નહિ એમાંથી આ કાઢ્યું. એક ભગવાન આત્મા પરમાનંદ પ્રભુ, એનું અવલંબન અચળપણે લે. પરની ઉપાધિને જરીયે કરીશ નહિ. રાગાદિના પરિણામ થાય, એ જાણવા લાયક છે માટે જોવું એમ પણ નહિ એમ કહે છે અહીં તો. સમજાણું? એઈ..! તને તું જો, તને તું જાણ, તને તું માન, તારામાં તું ઠર. આ એક જ તારા માટે છૂટકારાનો મોક્ષનો માર્ગ છે, બાકી બીજો નથી. એવું એને જ્ઞાનમાં પાકુ કરવું જોઈએ. પાકું કરવું જોઈએ. પાકુ કેવું? કે સજ્જડબંબ. આ ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ તેના અવલંબે પરિણામ થાય તે પરિણામ મોક્ષનો માર્ગ. બાકી કોઈ મોક્ષનો માર્ગ બીજો નથી. કહો, જાધવજીભાઈ! ભારે આ તો. ઓલા તો કહે, દયા ને વ્રત ને દાન, શીલ, તપમાં એક જ પૂછ્યું છે એણે. તપમાં બધું નાખ્યું. દાનમાં ઓલું ભગવાને આટલા સોનામહોર આપ્યા. એ તમારા લક્ષમાં હશે. એવું લખ્યું છે. એ તો માણસની ... નમ્ર ભાવ. અમને પ્રમાણ સહિત આપો. સમજ્યાને? તો અમારે ૬૦ માણસને ભળવાનો વિચાર કરશું. પાછું એમ લખ્યું. એમ જ હોય ને...

અહીં ક્યાં પંથ છે? અહીં તો આ માર્ગ છે એમાં તું જા. એમાં અંદર જા, એ તારો માર્ગ છે. કહો! સોનગઢમાં ક્યાં તારો માર્ગ છે? એઈ..! સોનગઢનું અવલંબન ક્યાં તારો માર્ગ છે, એમ કહે છે અહીં તો. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રનું અવલંબન પણ ક્યાં તારો માર્ગ છે? ઈ તો અહીં એમ કહે છે. તારો માર્ગ તો અંદર ભગવાન ચૈતન્યબિંબ છે એનું અવલંબન. એ માર્ગ તારામાં તું છે. તારું અવલંબન તું, તારે અવલંબન બીજાનું નથી. આહા..! એવો ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, એનું અવલંબન લઈને શ્રદ્ધા, જ્ઞાન દ્રવ્યનો સ્વભાવ છે એ પરિણમે છે માટે એમાં ઠર. એ તો દ્રવ્યનો સ્વભાવ છે, કહે છે. '**मा विहर**' એટલે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જરાય ફરીશ નહિ. એમ કાઢ્યું.

'**ભાવાર્થ :- પરમાર્થરૂપ આત્માના પરિણામ...**' જુઓ! ખરેખર '**આત્માના પરિણામ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે;...**' એ વ્યવહાર રત્નત્રયના પરિણામ એ ખરેખર આત્માના નથી. વિભાવ પરભાવ, પરભાવ, પરભાવ. આત્માના ભાવ નહિ. સમજાણું કાંઈ? પુણ્ય પરભાવ છે, આત્માના ભાવ નહિ. તો પેલા કહે, પુણ્યભાવ મોક્ષનું કારણ છે. પુનતિ ઈતિ પુણ્ય. એઈ..! તમારે સંસ્કૃતવાળા તો બધું જાણે. અરે..! ભગવાન! શું કરે છે તું? પવિત્રનો દરિયો ભગવાન આત્મા છે એની પવિત્રતા ત્યાં અંદર જા તો પવિત્રતા આવશે. પુણ્યના પરિણામ તો વિકાર દુઃખરૂપ છે. ટાળવાયોગ્યની દશાને તું પવિત્રતા કહે છે. એ તો પાછું બીજું નાખે છે કે મોક્ષમાર્ગ.. જુઓ! પહેલા શ્રદ્ધા-જ્ઞાનની પર્યાય હોય છે કે નહિ? નિશ્ચયની. ઈ પર્યાય ટળે છે ત્યારે બીજી થાય છે ને? જો એ ટળે છે એટલે હેય છે ને. હેય છે એટલે કે સારી નથી એમ કહે છે. ભારે તર્ક કરે છે. એમ કે પહેલા મોક્ષના માર્ગની થોડી પર્યાય પ્રગટી ને? ઈ જઈને વિશેષ થાય ને? માટે એ પણ હેય થઈ ગઈ. હેય છે માટે સારી નથી એમ કોણે કીધું? એમ કહે છે. એઈ..! તર્કબાજ આત્મા છે ને, ભઈ. રાગને તમે હેય કહો તો અમે તો એમેય કહીએ, અધૂરી હેય છે અને પૂરી પર્યાય ઉપાદેય છે. હેય છે માટે નિર્મળ નથી અને મોક્ષનો માર્ગ નથી એમ કેમ કહેવું? એઈ..! દલીલ છે તો.. આહાહા..! એ તો શુદ્ધ છે અને અધૂરી છે એટલે આગળ વધીને દ્રવ્યને આશ્રયે વિશેષ થાય. ખરેખર તો મોક્ષમાર્ગ એ મોક્ષનું કારણ ક્યાં છે? 'વાદવિવાદ કરે સો અંધા'. આ તો સહજ માર્ગ છે. આવો માર્ગ પ્રભુ મોટો બિરાજે છે. હવે તું શેની ઓથ લેવા જા છો? કોનું શરણ લેવા જાય છે? કોના છિદ્ર ગોતી ગોતીને કાઢે છે? આમાંથી કાઢ્યું, આમાંથી કાઢ્યું. ભગવાનમાંથી ગોતતો નથી અને બીજાના છિદ્રમાંથી ગોતે છે, એમ કહે છે.

જ્યાં આનંદ અને શાંતિનો ગાંઠડો પડ્યો છે મોટો, એને ખોલને. આ રાગમાં ક્યાં જ્ઞાનનો ગાંઠડો હતો, ન્યાં ક્યાં શાંતિનો ગાંઠડો હતો? સમજાણું કાંઈ? જેમાં હશે એમાંથી આવશે. પુણ્યના ભાવમાં છે કાંઈ માલ? એક સમયની પર્યાય બીજા સમયની પર્યાય એનાથી થાતી નથી. અહીં તો નિર્મળ પર્યાય છે એક સમયની એમાંથી નિર્મળ પર્યાય બીજી થતી નથી. ભગવાન આત્મા એમાંથી થાય છે. એને અવલંબ, કહે છે. એમ જો. સમજાણું કાંઈ? એ આત્માના પરિણામ એને અવલંબીને થયા, એ દર્શન, જ્ઞાન, ચારિત્ર એ જ આત્માના પરિણામ છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ એ આત્માના પરિણામ નથી એમ કીધું. હવે એને ચોથે, પાંચમે, છઠ્ઠે મોક્ષનો માર્ગ કહે છે. ગજબ કરે છે ને! વ્યવહારનય સ્થાપો. વ્યવહારનય પ્રાણ પોષો. હવે ઈ નીકળ્યું છે. અહીંયા સામું આવ્યું ને એટલે એની સામે એ નાખ્યું. વ્યવહારના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પ્રાણ પોષો. અત્યારે વ્યવહાર સ્થાપવાયોગ્ય છે તો એનાથી આગળ વધશે. નહિતર વધી શકશે નહિ. નિશ્ચય એકદમ નિરાધાર પ્રગટે નહિ, આધાર જોશે. ભઈ, એમાં આવે છે, આમાં પણ આવે છે, હોં! દ્રવ્યલિંગને આધારે ભાવલિંગનું આવે છે. સમજાણું? આમાં છે. આ છે ને? કેટલામી ગાથા છે આ? એમાં છે, જુઓ! આ નીકળ્યું. દ્રવ્યલિંગ આધારે નિશ્ચય.. નિમિત્તથી વાત છે. ૪૧૪ છે, ૪૧૪ ગાથામાં છે. સમજ્યાને? (જયસેનાચાર્યદેવની ટીકામાં) ૪૧૪નો અર્થ આવે છે. '**ण य होदि मोक्खमग्गो लिंगं इत्यादि**' એને માથે છે. '**पाखंडीलिंगाणि य**' ત્યાં લખ્યું છે એમાં. '**द्रव्यलिंगमात्रेण संतोषं मा कुरुत किंश्रतु द्रव्यलिंगाधारेण निश्चयरत्नत्रयात्मक**' એઈ..! આવું નાખે. એ તો નિમિત્ત છે એટલી વાત સિદ્ધ કરે છે. આધાર એનો કે દી હતો? વ્યવહારની વાત કરી છે. જયસેનાચાર્યમાં જરી મળે એવું છે ઓલાને.

ભાઈ! વિકલ્પ પણ આધાર નથી અને બહાર લિંગ પણ આધાર નથી. ભગવાન મોટો આધારશિલા પડી છે ને! સમજાય છે? આનંદની શિલા, જ્ઞાનની મૂર્તિ મોટો આધાર પડ્યો છે ને. એને આધાર કોનો? પરમાત્માને આધાર કોનો? આકાશને આધાર કોનો? આકાશ આકાશમાં રહે કે બીજામાં રહે? આવ્યું છે ને? સંવર અધિકારમાં. આકાશને આધાર કોનો? આવે છે કે નહિ? આહાહા..! ભગવાન આત્માનું જ્ઞાન પ્રછન્ન દ્રવ્ય, પ્રછન્ન ક્ષેત્ર, પ્રછન્ન કાળ, પ્રછન્ન ભાવને પણ પ્રગટ જાણી લ્યે છે. એવો જ્ઞાનનો પર્યાય તાકાતવાળો છે. સમજાણું કાંઈ? પ્રછન્ન દ્રવ્ય, કાળાદિ સૂક્ષ્મ છે. પ્રછન્ન ક્ષેત્ર, પ્રછન્ન ક્ષેત્ર. આમ ખાલી મોટો ભાગ. પ્રછન્ન કાળ પર્યાય. પ્રછન્ન ભાવ. સ્થુળ પર્યાય છે વર્તમાનની એમ સૂક્ષ્મ પડી છે ને આગમની? ષટ્ગુણહાનિવૃદ્ધિની. એવો ભગવાન આત્મા જ્ઞાનનો પિંડ એની પર્યાયની આટલી તાકાત છે. પ્રગટ અને અપ્રગટ બધાને પહોંચી વળે છે. પોતાની પર્યાયના પરિણમનમાં, હોં! પહોંચી વળવું ન્યાં એમ નહિ. આહાહા..!

એનો જ્ઞાનસ્વભાવ દ્રવ્યસ્વભાવ અને એનું પરિણમન જ્ઞાનનું. એના પર્યાયના પરિણમનની શું હદ લેવી? સમજાય છે કાંઈ? આહા..! મોટો સ્વભાવનો સાગર ગોળો ચૈતન્યપ્રભુ એને અવલંબીને જે પ્રગટ દશા કેવળજ્ઞાન થાય એમાંથી. આ તો દર્શન, જ્ઞાન, ચારિત્રની વાત થાય છે. એને અવલંબીને કેવળજ્ઞાન મોક્ષ થશે. આ કારણ કહે છે ઈ તો વ્યવહારથી કહે છે હજી. ખરું તો એ અવલંબીને જે પૂર્ણ પર્યાય પ્રગટ થાય છે એનું નામ કેવળજ્ઞાન અને મોક્ષ છે. સમજાણું કાંઈ? વાત ઈ કે વસ્તુના સ્વભાવમાં કેટલું સત્ત્વ છે, સ્વભાવ છે એની એને મહિમા જ આવતી નથી. એટલે જ્યાં ત્યાં ગોથા ખાઈને અહીંથી આવશે, અહીંથી આવશે. જ્યાં હશે ત્યાંથી આવશે કે નહિ હશે ત્યાંથી આવશે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર મોટો પડ્યો છે. સમજાય છે કાંઈ? અવલંબન લે અને ત્યાંથી નીકળશે એ તને આનંદ આપશે. અને એ આનંદની પર્યાય અને આ દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય એ મોક્ષનું કારણ છે. બીજાને અડીશ નહિ. '**તે જ મોક્ષમાર્ગ છે.**' જુઓ! '**પરમાર્થરૂપ આત્માના પરિણામ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે;...**' જુઓ! આ નિશ્ચયની વાત છે, વ્યવહારની વાત જ નથી. '**તે જ મોક્ષમાર્ગ છે.**' મોક્ષમાર્ગ બે ક્યાંથી આવ્યા આમાં? વસ્તુ સ્વભાવ ચૈતન્ય વીતરાગમૂર્તિ પ્રભુ, એના પરિણામ વીતરાગી છે આત્માના પરિણામ, તે પરમાર્થે આત્માના પરિણામ કહેવાય. અને એ શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર એ આત્માના પરિણામ ત્રણેય વીતરાગ પરિણામ છે. તેથી આત્માના કહ્યા અને તે જ મોક્ષનો માર્ગ છે.

'**તેમાં જ (દર્શનજ્ઞાનચારિત્રમાં) જ આત્માને સ્થાપવો,...**' આત્માને સ્થાપવાનો અર્થ ત્યાં રાગમાં સ્થિર ન થતાં આમ દૃષ્ટિ કરીને એમાં ઠર. એમ. દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર જ છે. એઈ..! એ તો આનું પરિણમન કર. પરિણમન કર એટલે દ્રવ્યના લક્ષે આનું પરિણમન કર. એમાં આત્માને સ્થાપ. એમ. સમજાણું કાંઈ? ઉલ્લસિત વીર્ય કામ કરે ત્યાં. સમજાણું? ભંગ વીર્ય, ખંડ ખંડ વીર્ય કામ કરતું હશે? ભગવાન આત્મા ચૈતન્યબિંબ. જેનો વીર્યગુણ લ્યો તો પણ અપાર અપરિમિત શક્તિ પડી છે. અને એ વીર્યની રચના તો સ્વરૂપની રચના કરે તે વીર્ય કહેવાય. રાગની રચના કરે એ વીર્ય કહેવાય? ઘરનું વીર્ય કહેવાય? બળ. આત્મબળનું સામર્થ્ય એટલું છે કે બિંબ પોતે અંદર અવલંબન લેતાં અંદર શુદ્ધતા, પવિત્રતાની એકલી રચના થાય. એ આત્માના પરિણામ છે. તે મોક્ષનો માર્ગ છે. એમાં આત્માને સ્થાપવો. '**તેનું જ ધ્યાન કરવું,...**' આહાહા..! '**તેનો જ અનુભવ કરવો...**' વિશેષ વિશેષ. સ્પષ્ટતા. '**અને તેમાં જ વિહરવું-પ્રવર્તવું,...**' વિહરવું એટલે પ્રવર્તવું. '**અન્ય દ્રવ્યોમાં ન પ્રવર્તવું.**' કહો.

'**અહીં પરમાર્થે એ જ ઉપદેશ છે કે-નિશ્ચય મોક્ષમાર્ગનું સેવન કરવું.**' લ્યો. નિશ્ચય મોક્ષમાર્ગનું સેવન કરવું એટલે નિશ્ચય મોક્ષમાર્ગને પ્રગટ કરવો. પ્રગટ કરવો એટલે પરિણમવું. પરિણમે કેમ? દ્રવ્યને આશ્રયે? સમજાણું કાંઈ? '**કેવળ વ્યવહારમાં જ મૂઢ ન રહેવું.**' કેવળ કેમ લીધું? વ્યવહાર વચ્ચે આવે, હોય. પણ એમાં મૂઢ (ન રહેવું). વ્યવહારથી કલ્યાણ થાશે એમાં મૂઢતા ન કરવી. જુઓ! મૂઢતા ન કરવી એમાં. એ મૂઢતા છે કહે છે. વિકલ્પ દયા, દાન, વ્રત, દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ ઉઠે એનાથી મારી મુક્તિ થાશે એ તો વ્યવહાર મૂઢતા છે. વ્યવહારનું જ્ઞાન નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? ૪૧૨ થઈને? બરાબર, ૪૧૩માં ઈ આવશે. વ્યવહાર મૂઢ ન રહેવું. ૪૧૩માં આવે છે ને? નહિ? નિશ્ચયમાં .. બરાબર છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'**

**एको मोक्षपथो य एष नियतो दृग्ज्ञप्तिवृत्त्यात्मक-**
**स्तत्रैव स्थितिमेति यस्तमनिशं ध्यायेच्च तं चेतति।**
**तस्मिन्नेव निरन्तरं विहरति द्रव्यान्तराण्यस्पृशन्**
**सोऽवश्यं समयस्य सारमचिरान्नित्योदयं विन्दति।।२४०।।**

કહો, ચોથા આરાના માટે હશે આ વાત? આઠમું ગુણસ્થાન અત્યારે નથી. અરે.. ભગવાન! અરે..! માંડ વખત મળ્યો, બાપુ! એ તારા નરકના, નિગોદના દુઃખો યાદ કરે તો તને એમ થઈ જાય કે આ તે શું કર્યું? પણ યાદેય કરતો નથી. યાદેય કરતો નથી. સમજાણું કાંઈ? એ નિગોદના અનંતા દુઃખો. જ્ઞાનની દશા અનંતમે ભાગે રહી ગઈ. એ દુઃખ છે. જ્ઞાનની દશા અનંતમે ભાગે રહી ગઈ. અક્ષરને અનંતમે ભાગે. આવ્યું છે ને? શ્રદ્ધા વિપરીત, ચારિત્ર બિલકુલ વિપરીત, આનંદથી ઊલટી દુઃખની આકુળતા એકલી. એવી દશામાં રહ્યો ભાઈ! તું અનંત વાર રહ્યો. એ કાળને હદ નથી, એટલી મર્યાદા. અનંત.. અનંત.. અનંત... એ કાળ ગાળ્યો. એ પરમાં તેં ગાળ્યો, ભાઈ! પરાધીનમાં ગાળ્યો છે. અને એ દુઃખની વાત અને એ તરફડાટ સાંભળે ત્યારે ખબર પડે કે આ શું કર્યું? સમજાણું કાંઈ? ઓલી તો અહીં શાતાની જરી અનુકૂળતા મળી અને જ્યાં ધૂળ મળી ને આ મળ્યું ત્યાં આપણે હવે (વાંધો નથી). ભાઈ! તારા દુઃખ તો ભગવાને જોયા અને તેં વેદ્યા છે એવું છે. સમજાણું કાંઈ? એ દુઃખના કિનારા લાવવા હોય તો આ આત્માનો આશ્રય લે. કોઈ બીજા આશ્રયે દુઃખનો નાશ થશે નહિ. ..નો વિકલ્પ પણ દુઃખ છે, એમ કહે છે. આહાહા..! આસ્રવ તે દુઃખ છે, દુઃખનું કારણ છે. મોક્ષમાર્ગનું કારણ છે?

**'દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ જે આ એક નિયત મોક્ષમાર્ગ છે.'** લ્યો. દર્શન, જ્ઞાન, ચારિત્રસ્વરૂપ જે આ એક નિયત મોક્ષમાર્ગ છે. આ એક નિયત મોક્ષમાર્ગ છે. ભાષા જુઓ! આ એક નિશ્ચય મોક્ષમાર્ગ એક જ છે. કહો! એણે બે માર્ગનો ધર્મ કીધો છે. ટોડરમલજીએ. ભાઈ! એમણે નથી કહ્યો. એમણે એક જ વાત શાસ્ત્રના આધારથી જ કરી છે. શાસ્ત્રમાં કીધું, એક જ મોક્ષમાર્ગ છે, બે નથી. પછીના અધિકારમાં આવશે. બેનું નિરૂપણ છે, નિરૂપણ છે. સાથે એક વિકલ્પ એવો દેખી વ્યવહારે વ્યવહારથી અનુકૂળતા દેખી એને આરોપ આપ્યો છે. મોક્ષમાર્ગ નથી પણ બંધમાર્ગ છે. બંધમાર્ગ છે તેને મોક્ષમાર્ગ કહેવો એનું નામ વ્યવહારના લક્ષણ છે. સમજાણું કાંઈ? જેમાંથી સમાધિ પ્રગટે નહિ, શાંતિ પ્રગટે નહિ એને મોક્ષમાર્ગ કેમ કહેવાય? પૂર્ણ શાંતિનો સાગર મુક્ત દશા અને પૂર્ણ શાંતસાગર દ્રવ્ય, એમાંથી શાંતિ અને સમાધિ પ્રગટે પરિણામ એનું નામ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? એ કબુલ કરવામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ પરસેવા ઉતરે એને. એ.. શાસ્ત્રના વાદ. આમાં આ લખ્યું છે. બધું લખ્યું છે, કહે ને, હવે શું કરવું છે? તને લખ્યા વિના, લખ્યા વિના એટલે જાણ્યા વિના... સમજાણું? અલખને કેમ કરી ઓળખવો? ઈ તું અલખ છો, બાપુ ભગવાન! એને ઓળખીને એમાં ઠરવું એક જ મોક્ષનો માર્ગ છે. બાકી બધી ઉપાધિઓ છે. લ્યો, જાત્રાનો ભાવ ઉપાધિ, ભક્તિનો ભાવ ઉપાધિ, દયાનો ભાવ ઉપાધિ, વ્રતનો ભાવ ઉપાધિ એમ કહે છે અહીં. આહાહા..!

'**દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ જે આ એક નિયત...**' નિશ્ચય. એક નિશ્ચય મોક્ષમાર્ગ છે. આ એક નિશ્ચય મોક્ષમાર્ગ છે, આ એક નિયત મોક્ષમાર્ગ છે. એક નિશ્ચય મોક્ષમાર્ગ છે અને એક વ્યવહાર મોક્ષમાર્ગ છે, એમ બે નથી. તેથી એણે શબ્દ એમ વાપર્યો છે. એક મોક્ષમાર્ગ નિયત છે અને બીજો વ્યવહાર મોક્ષમાર્ગ છે, એમ નથી લખ્યું એણે ત્યાં. એઈ..! એક નિશ્ચય છે અને એક વ્યવહાર છે એમ બે નથી. એમ કહ્યું છે. આહા..! કારણસર લખ્યું છે. સમજાણું? એક નિશ્ચય મોક્ષમાર્ગ છે અને એક બીજો મોક્ષમાર્ગ છે એમ નથી. એમ નથી લખ્યું. એમ લખ્યું નથી. એમ છે ને? શાસ્ત્રના આધારની શૈલીએ લખ્યું છે. સમજાણું? જુઓ! પણ એક નિશ્ચય મોક્ષમાર્ગ છે, તથા એક વ્યવહાર મોક્ષમાર્ગ છે... જુઓ! ભાષા વાપરે છે એનો હેતુ છે. એક નિશ્ચય મોક્ષમાર્ગ અને એક વ્યવહાર. એટલે પહેલો વ્યવહાર મોક્ષમાર્ગ છે એક અને પછી નિશ્ચય મોક્ષમાર્ગ એક, એમ નથી. નહિતર એમ ભાષા જોઈએ, એક નિશ્ચય મોક્ષમાર્ગ છે અને બીજો પણ એક વ્યવહાર મોક્ષમાર્ગ છે. એમ નથી લીધું. કારણ કે સાથે હોય એને કથન કરવામાં આવે છે. બે છે નહિ. સમજાણું? પહેલો વ્યવહાર મોક્ષમાર્ગ હોય અને પછી બીજો મોક્ષમાર્ગ. ત્યારે એનું નામ થયું એક નિશ્ચય મોક્ષમાર્ગ છે અને એક વ્યવહાર મોક્ષમાર્ગ છે. ચંદુભાઈ! જુઓ! અહીંયા ભાષા કેવી લીધી. નિરૂપણની અપેક્ષાએ બે પ્રકાર જાણવા. પણ એક નિશ્ચય મોક્ષમાર્ગ છે અને એક વ્યવહાર મોક્ષમાર્ગ છે, એમ બે મોક્ષમાર્ગ માનવા મિથ્યા છે. ત્યારે પેલો કહે, બે મોક્ષમાર્ગ ન માને તે મિથ્યા છે. અરે..! ભગવાન! તારે શું કરવું છે? લડવું છે? લ્યો, શેઠી! આ તમારા પાંચ લાખના હોલનું કથન. ટોડરમલજી આમ કહે છે. જુઓ! કેટલી વાત છે! આ એક નિશ્ચય મોક્ષમાર્ગ છે અને વળી એક બીજો વ્યવહાર મોક્ષમાર્ગ છે એમ નથી. સમજાણું કાંઈ? સમજાણું?

વળી તે નિશ્ચય અને વ્યવહાર બન્નેને ઉપાદેય માને છે. તે પણ ભ્રમ છે. જોયું! ઓલો કહે, નિશ્ચય-વ્યવહાર બે માર્ગ ઉપાદેય ન માને તે ભ્રમ છે. કર વાંધો બાપા! આહાહા..! કારણ કે નિશ્ચય અને વ્યવહારનું સ્વરૂપ તો પરસ્પર વિરુદ્ધ છે. બેય વિરુદ્ધ છે. ઓલો રાગ છે, આ અરાગ છે. રાગનું ફળ બંધ છે, આનું મોક્ષ છે. બેયનું ફળ પરિણામ બેય જાત જ જુદી છે. કહો, ચંદુભાઈ! આવું છે. હવે કોની સાથે આમાં... કરો વાદ. પણ હવે થઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગયા વાદ. આટલા લખાણ લખ્યા તોય હજી હખ નથી આવતું. બે તો મોટા.. ભગવાનજીભાઈ! વાંચે છે ને? ભગવાનજીભાઈ વાંચે છે હમણાં. બે આવા ચોપડા થયા મોટા મોટા આઠ આઠ રૂપિયાના, સોળ રૂપિયાના બે. બે હજાર વર્ષમાં આવું થયું નથી. એવું લખાણ પંડિતોએ કર્યું. લોકોને વાંચવા દ્યો ને. લોકોને તટસ્થ બુદ્ધિથી કરશે ન્યાય. એમાં શું છે? બહાર પડવા દ્યોને બેયની દલીલો. કાંઈ વાંધો છે કે ચોરી કરી હોય. ઓલાની દલીલ બહાર આવે તો અમારો માર્ગ આમ છે. હવે બહાર આવવા દે ને. સામો શું કહે છે એ દલીલ ખ્યાલમાં તો આવવી જોઈએ કે નહિ?

અહીં તો કહે છે, એક જ મોક્ષનો માર્ગ છે. બીજો મોક્ષનો માર્ગ નથી. ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, એમાંથી પ્રગટેલા નિર્મળાનંદના પરિણામ તે મોક્ષનો માર્ગ છે. બાકી દયા, દાન ને વ્રતનો વિકલ્પ-ફિકલ્પ આવે એ મોક્ષનો માર્ગ નથી. એમ કહે છે. આહાહા..! ઈ આત્માના પરિણામ જ નથી. ઈ વિભાવ પરભાવ છે. પુદ્‌ગલના પરિણામ છે. પરદ્રવ્યના પરિણામ છે. આહાહા..!

'**તેમાં જ જે પુરુષ સ્થિતિ પામે છે...**' તેમાં જે આત્મા સ્થિતિ પામે છે '**અર્થાત્ સ્થિત રહે છે...**' સ્થાપે છે એમ આવ્યું ને? એની વ્યાખ્યા છે. સ્થાપે છે, સ્થિત રહે છે. એમ. '**તેમાં જ જે પુરુષ સ્થિતિ પામે છે અર્થાત્ સ્થિત રહે છે,...**' એક મોક્ષનો માર્ગ જે દ્રવ્યને આશ્રયે પ્રગટ્યો, દ્રવ્યમાંથી પ્રગટ્યો એવો એક નિશ્ચય મોક્ષમાર્ગ તેમાં જે સ્થિત રહે છે, '**તેને જ નિરંતર ધ્યાવે છે,...**' ગાથામાંથી જ લીધું છે. '**તેને જ નિરંતર ધ્યાવે છે,...**' એટલે એ જ દ્રવ્યમાં એકાગ્ર થઈને ધ્યાનની પર્યાય પ્રગટ કરે છે. '**તેને જ ચેતે-અનુભવે છે,...**' અનુભવે છે-વેદે છે. સ્વભાવને આશ્રયે થયેલા પરિણામ એને જે અનુભવે છે. અસ્તિથી વાત કરી.

'**અને અન્ય દ્રવ્યોને નહિ સ્પર્શતો થકો...**' ઓલામાં આવ્યું હતું ને? જરા પણ મોક્ષમાર્ગ નથી. જરા પણ ન વિચર. '**અન્ય દ્રવ્યોને નહિ સ્પર્શતો થકો...**' વિકલ્પાદિ આવે એને નહિ અડતો, નહિ સ્પર્શતો થકો. ભિન્ન રાખ એને. આહાહા..! '**અન્ય દ્રવ્યોને નહિ સ્પર્શતો થકો...**' એટલે વિકલ્પ શુભરાગ આવે એને પણ નહિ સ્પર્શતો થકો '**તેમાં જ નિરંતર વિહાર કરે છે,...**' તેમાં જ એટલે દર્શન, જ્ઞાન, ચારિત્રમાં જ પરિણમન કરે છે. અને એમાં વિચરે છે. એમાં જ નિરંતર વિહાર કરે છે. '**તે પુરુષ, જેનો ઉદય નિત્ય રહે છે...**' કહો, સમજાણું કાંઈ? '**એવા સમયના સારને (અર્થાત્ પરમાત્માના રૂપને) થોડા કાળમાં જ અવશ્ય પામે છે...**' પૂર્ણ પર્યાય પરમાત્માનું રૂપ છે. પૂર્ણ રૂપ પોતાનું છે એવું એકાગ્ર થઈને પૂર્ણ રૂપ પામે છે. એ પરમાત્માનું ખરું રૂપ ઈ છે. આત્માની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પૂર્ણ પર્યાય પ્રગટ થાય એ આત્માનું ખરું રૂપ છે. સમજાણું કાંઈ? **'(અર્થાત્ પરમાત્માના રૂપને) થોડા કાળમાં જ અવશ્ય પામે છે-અનુભવે છે.'** બેય લીધું સાથે-મોક્ષમાર્ગ અને એનું ફળ.

**'તે પુરુષ, જેનો નિત્ય ઉદય રહે છે...'** પછી કાયમ રહે છે એમ કહે છે. જે પરિણમન દ્રવ્યના સ્વભાવ આશ્રય થઈને સેવ્યું છે અને જે પૂર્ણ દશા જેના ફળરૂપે આવે છે તે નિત્ય રહે છે. કેવળજ્ઞાન, અનંત આનંદ પર્યાય કાયમ એમ ને એમ રહે છે. **'જેનો નિત્ય ઉદય રહે છે એવા સમયના સારને (અર્થાત્ પરમાત્માના રૂપને) થોડા કાળમાં જ અવશ્ય પામે છે...'** થોડા કાળમાં જરૂર તે મોક્ષને પામે છે. થોડા કાળમાં જરૂર તે અનંત આનંદ અને કેવળજ્ઞાનને પામે છે. કહો, સમજાણું આમાં? આહાહા..!

નિશ્ચય એટલે સાચું અને વ્યવહાર એટલે ખોટું. એના વાંધા ઉઠાવે. વ્યવહાર અભૂતાર્થ છે? વ્યવહાર અભૂતાર્થ છે? .. અભૂતાર્થ છે, ક્યાંક આવ્યું છે ને? ૪૬ ગાથામાં નથી આવતું? ત્યાં કીધું પણ ન્યાં પણ કીધું, કથંચિત્ વ્યવહાર એમ નથી લીધું. ૪૬ ગાથા ને સમયસાર. વ્યવહાર અપરમાર્થભૂત અભૂતાર્થ હોવા છતાં. આવે છે કે નહિ? જણાવ્યો છે. એમ આવે છે. છે ને ૪૬? ૧૧માં તો આવ્યું જ છે પણ ૪૬માં છે. વ્યવહાર બતાવ્યો છે ને. જુઓ! ૪૬ જુઓ. બતાવ્યું છે.

**'જોકે વ્યવહારનય અભૂતાર્થ છે...'** જોઈ ભાષા! **'આ બધાય અધ્યવસાનાદિ ભાવો જીવ છે એવું જે ભગવાન સર્વજ્ઞદેવોએ કહ્યું છે તે, જોકે વ્યવહારનય અભૂતાર્થ છે...'** ત્યાં કથંચિત્ અભૂતાર્થ નાખશે કથંચિત્ છે? વ્યવહારનય અભૂતાર્થ છે **'તોપણ, વ્યવહારનયને પણ દર્શાવ્યો છે;...'** જાણવાલાયક છે. એ અસ્તિ છે એને જાણવાલાયક છે એમ કહે છે. **'કારણ કે જેમ મ્લેચ્છભાષા મ્લેચ્છોને વસ્તુસ્વરૂપ જણાવે છે તેમ વ્યવહારનય વ્યવહારી જીવોને પરમાર્થનો કહેનાર છે...'** ભેદથી અભેદ જણાવે છે. માટે ભેદને પણ જાણવો જોઈએ. એમ કહે છે. છે ને? **'અપરમાર્થભૂત હોવા છતાં...'** જુઓ! અભૂતાર્થ અપરમાર્થ હોવા છતાં પણ **'ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે (વ્યવહારનય) દર્શાવવો ન્યાયસંગત જ છે.'** દર્શાવવો ન્યાયસંગત છે. બતાવવો કે અહીં છે, આ ઠેકાણે આમ છે, આ છે એમ દર્શાવવો ન્યાયસંગત છે. આદરવાલાયક છે એમ છે નહિ. સમજાણું? આવો જીવ અલ્પ કાળમાં પૂર્ણાનંદને પામે છે. કારણ અને કાર્ય બેય શુદ્ધ છે, સદૃશ છે એમ સિદ્ધ કર્યું, લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**મહા સુદ ૧૪, મંગળવાર તા. ૧૩-૨-૧૯૬૮**
**શ્લોક-૨૪૦, ૨૪૧. ગાથા-૪૧૩, પ્રવચન-૪૮૬**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. કળશ ચાલ્યો ને? ૨૪૦. જુઓ! એમાં શું કહ્યું? કે આ દર્શન, જ્ઞાન, ચારિત્રસ્વરૂપ જે આ એક નિયત મોક્ષમાર્ગ છે. આત્મામાં આત્માનો આશ્રય લઈને પરિણમન જે થયું-સમ્યગ્દર્શન, સ્વને આશ્રયે ચૈતન્યબિંબ જ્ઞાયક એને આશ્રયે જે નિશ્ચય સમ્યગ્દર્શન, એને આશ્રયે સમ્યગ્જ્ઞાન અને એને આશ્રયે ચારિત્ર. સમ્યક્ શબ્દ વાપર્યો નથી પણ એમ જ છે એનો અર્થ. સ્વરૂપને આશ્રયે નિશ્ચય જે દર્શન, જ્ઞાન, ચારિત્ર છે તે એક જ મોક્ષનો માર્ગ છે. કહો, સમજાણું કાંઈ? એમાં જે બીજો વિકલ્પ આદિ વ્યવહાર છે તે મોક્ષમાર્ગ નથી. ક્રિયાકાંડ અંદર વ્રતાદિના પરિણામ એ કોઈ મોક્ષમાર્ગ નથી. વિશેષ તો ઈ કહેવું છે કે એવા સમયસારને થોડા કાળમાં જ અવશ્ય પામે છે. એ શબ્દ ટીકામાં છે. .. એવું સંસ્કૃત છે. થોડા કાળનો અર્થ '**अचिर**' શબ્દ પડ્યો છે ને? જેને આત્મા પરમાનંદસ્વરૂપ એની અંતર આશ્રય, દૃષ્ટિ કરી, જ્ઞાન કર્યું અને રમણતા છે એ એક જ મોક્ષનો માર્ગ નિશ્ચય (છે). અને એ એક મોક્ષનો માર્ગ થોડા કાળમાં એટલે કે કાં તે ભવમાં અને કાં ત્રીજા ભવ આદિ. એમ સંસ્કૃત શબ્દ છે. બીજો ભવ તો હોય નહિ. કારણ કે બીજા ભવમાં તો સ્વર્ગમાં દેવમાં જાય. સમજાણું કાંઈ? થોડો કાળ છે ને ભાઈ? ચંદુભાઈ! એમાં અર્થ છે. સંસ્કૃતમાં છે.

થોડો કાળ એટલે '**अचिरात**' આત્મા બીજી ક્રિયાકાંડ આદિ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ જે છે એ કંઈ મોક્ષમાર્ગ નથી. એને કરીને જે મોક્ષમાર્ગ માને છે એ તો મૂઢ જીવ છે. વ્યવહારમાં મૂઢ છે. એ ૪૧૩માં આવશે. પહેલાં આવી ગયું છે, પહેલાં આવી ગયું છે. વ્યવહારમૂઢ, નિશ્ચય પ્રતિબુદ્ધ આવે છે ને? પહેલાં આવી ગયું છે. હજી આવશે આમાં, પહેલાં આવી ગયું છે. ૪૧૩માં કહેશે અને પહેલાં ૩૨૪ ગાથામાં આવી ગયું છે. '**ववहारभासिदेण**' એમ આવ્યું છે ને? એમાં આવ્યું છે. વ્યવહારમૂઢ, નિશ્ચય પ્રતિબુદ્ધ. જે કોઈ પુણ્ય, દયા, દાન, વ્રતાદિના પરિણામ એને કોઈ ધર્મ માને છે એ વ્યવહારમાં મૂઢ થયેલા છે. સમજાય છે? ધર્મી નિશ્ચય પ્રતિબદ્ધ છે. નિશ્ચય એટલે આ નિશ્ચય. આત્મા શુદ્ધ ચૈતન્યની મૂર્તિ છે એમાં પ્રતિબદ્ધ છે. એના નિશ્ચય શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે. અને કોઈ એમ કહે છે કે નિશ્ચય મોક્ષમાર્ગ અત્યારે નથી. અત્યારે વ્યવહાર (હોય). નિશ્ચય હોય તો એ ભવે મુક્તિ થાય એમ કહે છે. આ એને માટે જરી ખુલાસો છે આ. થોડા જ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કાળમાં જરૂર મોક્ષ પામે છે એટલે કે કાં તે ભવે મુક્તિ પામે. આવો નિશ્ચય મોક્ષમાર્ગ (હોય તો.) અને કાં સ્વર્ગનો ભવ પામી ત્રીજે ભવે મુક્તિ પામે. અને કાં એકાદ ભવ કોઈને વિશેષ પણ હોય. સમજાણું કાંઈ? ... આદિ. એવો ભાવ છે. ... સંસ્કૃતમાં. (પરમઅધ્યાત્મ તરંગિણી). '**अचिरात्-शीघ्रं तद्भवे तृतीयभवादौ वा अवश्यं नियमतः, समयस्य**' સાર એટલે મોક્ષ દશા. જુઓ! '**तृतीयभवादौ**' બીજો ભવ નથી જેમાં. કારણ છે. મનુષ્યનો ભવ છે એને જ અહીં ગણવામાં આવ્યો. મનુષ્યભવ ત્રીજો થાશે ને ત્યાં મુક્તિ થાય. કાં વચ્ચે દેવનો આવે ને કોઈ પાંચમે પણ (થાય). નિશ્ચય મોક્ષમાર્ગ છે આ ભવમાં તો જેને નિશ્ચય હોય તે એ જ ભવમાં મોક્ષ જાય એવું કાંઈ નથી. એ સિદ્ધાંત અત્યારે કહેવાય છે. અત્યારે તો વ્યવહાર મોક્ષમાર્ગ હોય. નિશ્ચય મોક્ષમાર્ગ હોય તો એ ભવે જ મોક્ષ જાય. કેમ કે શ્રેણીમાં નિશ્ચય મોક્ષમાર્ગ હોય. અહીં તો આચાર્ય કહે છે કે ત્રીજો ભવ આદિ. છોટાભાઈ!

એક જ મોક્ષમાર્ગ છે. નિશ્ચય અને વ્યવહાર બે છે જ નહિ. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યનું દળ છે એનો આશ્રય થઈને જે શુદ્ધની પરિણતિનું.. અહીં એમ લીધું કે પરિણતિમાં ધ્યાન કર. એનો અર્થ કે તું શુદ્ધનું ધ્યાન કર. એમ. વસ્તુનું ધ્યાન કર. આત્મા ત્રિકાળ સ્વરૂપ એનું અંદર ધ્યાન કરીને જે પરિણમન થાય એ પરિણમન નિશ્ચય છે અને તે એક જ મોક્ષનો માર્ગ છે. એ મોક્ષના માર્ગી જીવ કોઈ એ ભવે કેવળ પામે છે. કોઈ સ્વર્ગમાં જઈને ત્રીજે ભવે પણ પામે છે. એટલે નિશ્ચય મોક્ષમાર્ગી શ્રેણીમાં જ હોય એ વાત સાચી નથી. શેઠી! આ તો વળી એટલું રહી ગયું હતું કાલે. તે દી કહ્યું હતું, તે દી પહેલાં. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે અવશ્ય થોડા કાળમાં. થોડા કાળની વ્યાખ્યા હતી. કાં તે જ ભવમાં જાય. પૂર્ણ ચારિત્રની રમણતા કરે તો. થોડું બાકી રહ્યું હોય તો એ સ્વર્ગમાં જઈ, મનુષ્ય થઈ પછી પૂર્ણ સ્વરૂપનો આશ્રય કરીને પામે. પણ નિશ્ચયવાળો પામે એ એ જ ભવમાં પામે એવો કોઈ નિયમ નથી. સમજાય છે કાંઈ? અત્યારે.. એઇ..! ભગવાનજીભાઈ! એમાં તમારે ઈ આવશે બધુંય. વ્યવહાર છે એકલો શુભભાવ છે અને ધર્મધ્યાન છે એમ આવશે. એમાં એ લખ્યું છે. આઠમેથી શરૂઆત થાય. નિશ્ચયની શ્રેણિ માંડે ત્યારે. ત્યારે શુદ્ધભાવ હોય. ત્યારે મોક્ષનો નિશ્ચય માર્ગ હોય. અહીં તો કહે છે, નિશ્ચય મોક્ષમાર્ગવાળો એ જ ભવે જાય, ત્રીજે ભવે જાય, કોઈ પાંચમે જાય. સમજાણું કાંઈ? નિશ્ચય એક જ મોક્ષમાર્ગ છે. એ માટે તો આ વાત લીધી છે કે દ્રવ્યલિંગ કોઈ મોક્ષનો માર્ગ નથી. દ્રવ્યલિંગનો અર્થ ઈ કે વ્યવહાર સમ્યગ્દર્શન, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર ચારિત્ર એ બધા વિકલ્પો છે, દ્રવ્યલિંગ છે. એ કંઈ મોક્ષનો માર્ગ છે જ નહિ. અત્યારે તો એ જ ચાલ્યું છે. બસ! એ જ વ્રત, નિયમ, ક્રિયા, દયા, ભક્તિ થઈ રહ્યું, બસ, એ મોક્ષમાર્ગ. શુભભાવ એ ધર્મધ્યાન છે. અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ધર્મધ્યાનને શુભભાવ કહ્યો છે માટે ધર્મધ્યાન પણ મોક્ષનો માર્ગ છે. એ તો વ્યવહાર ધર્મધ્યાન છે. નિશ્ચય ધર્મધ્યાન વિના એને વ્યવહાર ધર્મધ્યાન કહેવાય નહિ. નિશ્ચય ધર્મની અહીં વાત છે, જુઓ! સમજાણું કાંઈ? શું થાય? અરે..! આવો વખત મળ્યો. ભવને ગાળવાનો વખત-ભવ છે. નહિતર ક્યાંય પત્તો ખાશે નહિ. આહા..! ક્યાં જશે? ક્યાં જશે? સમજાણું કાંઈ? એને મૂળ પકડશે નહિ તો એને ફળ સારા આવશે નહિ. સમજાણું કાંઈ? આંબાના ફળ જોઈતા હોય તો મૂળમાં પાણી નાખવું પડે કે નહિ? કે ઉપર પાંદડે પાણી નાખતા હશે?

એમ ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદમૂળ છે. એ મૂળ છે. એને આશ્રયે પ્રગટેલા ગુણો તે મૂળગુણ છે. સમજાણું કાંઈ? એ મૂળગુણને પાળ તો કાં એ ભવે કેવળ પામે, કાં ત્રીજે ભવે પામે. એટલે નિશ્ચયવાળાની જ વાત અહીંયા છે. વ્યવહારવાળાની વાત નથી.

મુમુક્ષુ :-...

ઉત્તર :- પણ વ્યવહાર મોક્ષમાર્ગ નથી. એ તો કથનમાં નિરૂપણ.. કહેશે. કથનમાં બે પ્રકાર આવે. પણ માર્ગ બે નથી, માર્ગ તો એક જ છે. ટોડરમલજીએ જે કહ્યું છે.. આમ પ્રમાણ માને મોક્ષમાર્ગ (પ્રકાશક), વળી ઈ માને કે ના, ના ઈ ધર્મ છે. અરે..! ભગવાન! એનો અર્થ શું થયો? અને આ તો મુદ્દાની મૂળની વાત છે. બીજી કોઈ ધારણાની વાતમાં ફેર હોય તો એની સાથે કંઈ સંબંધ નથી. આ તો મૂળ માર્ગ છે, મૂળ માર્ગની વાત છે. માર્ગ કોને કહેવો? જે માર્ગે, કારણે, ઉપાયે, સાધને પૂર્ણ થાય. જે સાધને, જે ઉપાયે, જે કારણે પૂર્ણ થાય એનું નામ માર્ગ કહેવાય. સમજાણું કાંઈ? એટલે થોડા કાળમાં અવશ્ય પામે છે. એટલે પૂર્ણ પરમાત્મદશાને અનુભવે છે.

'**ભાવાર્થ :- નિશ્ચયમોક્ષમાર્ગના સેવનથી...**' જોયું! નિશ્ચય મોક્ષમાર્ગના સેવનથી. પણ એનો અર્થ ઈ. નિશ્ચય મોક્ષમાર્ગનું સેવન એટલે પરિણમન. પરિણમનથી '**થોડા જ કાળમાં મોક્ષની પ્રાપ્તિ થાય...**' છે. પરિણમન કેમ થાય એ બીજી વાત છે. પણ પરિણમનથી, આના પરિણમનથી. વિકારના પરિણમનથી, રાગના પરિણમનથી, વ્યવહારના પરિણમનથી મોક્ષમાર્ગ નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અરે..! એનું મૂળ ન પકડે શ્રદ્ધાનું, ચૈતન્યની મૂળ ચીજને (તો) ક્યાં રસ્તો છે બીજો? સમજાણું કાંઈ? '**નિશ્ચયમોક્ષમાર્ગના સેવનથી થોડા જ કાળમાં મોક્ષની પ્રાપ્તિ થાય છે એ નિયમ છે.**' એ નિયમ છે. ત્રિકાળી સિદ્ધાંત છે. ત્રણે કાળનો આ સિદ્ધાંત સર્વજ્ઞના પંથમાં છે.

'**જેઓ દ્રવ્યલિંગને જ મોક્ષમાર્ગ માની...**' સાધુની ક્રિયા વ્રતની કે શ્રાવકની ક્રિયા વ્રતની, તપની, બહારની એને માની '**તેમાં મમત્વ રાખે છે...**' કે આ અમારે ધર્મ છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અને આ અમારો મોક્ષમાર્ગ છે. સાધુની ક્રિયા વ્યવહારની. વ્રત, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યની ક્રિયા, પૂજા, ભક્તિની ક્રિયા એમાં મમત્વ રાખે છે કે આ મોક્ષમાર્ગ છે. '**તેમણે સમયસારને અર્થાત્ શુદ્ધ આત્માને જાણ્યો નથી**'. કહો, સમજાણું કાંઈ? '**એમ હવેની ગાથામાં કહેશે; તેની સૂચનાનું કાવ્ય પ્રથમ કહે છે.**'

**ये त्वेनं परिहृत्य संवृतिपथप्रस्थापितेनात्मना**
**लिङ्गे द्रव्यमये वहन्ति ममतां तत्त्वावबोधच्युताः।**
**नित्योद्योतमखण्डमेकमतुलालोकं स्वभावप्रभा-**
**प्राग्भारं समयस्य सारममलं नाद्यापि पश्यन्ति ते।।२४१।।**

'**अद्यपि**' અત્યાર સુધી એટલે કે ક્રિયાકાંડ કરીને મરી જાય, પંચ મહાવ્રતના પરિણામ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા અને ભક્તિના પરિણામ આવું કરે તો અત્યાર સુધી એને મોક્ષ થયો નથી, એમ કહે છે. એવું અનંત વાર કર્યું. સમજાણું કાંઈ? '**अद्यपि**'નો અર્થ ક્યાં આવ્યો? આમાં જુદો શબ્દ નથી. '**જે પુરુષો આ પૂર્વોક્ત પરમાર્થસ્વરૂપ મોક્ષમાર્ગને છોડીને વ્યવહારમોક્ષમાર્ગમાં સ્થાપેલા પોતાના આત્મા વડે દ્રવ્યમય લિંગમાં મમતા કરે છે... તત્ત્વના યથાર્થ જ્ઞાનથી વર્તતા થકા હજુ સુધી...**' હજુ સુધી આવ્યું. હજુ સુધી. જુઓ! એમાં આવ્યું છે ને? એટલે શું કહે છે?

'**જે પુરુષો આ પૂર્વોક્ત પરમાર્થસ્વરૂપ મોક્ષમાર્ગને...**' ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ ચૈતન્યબિંબ ચૈતન્ય સ્ફટિક મૂર્તિ પ્રભુ, એને આશ્રયે જે પરમાર્થ મોક્ષમાર્ગ છે, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એને આશ્રયે થાય છે. એને છોડીને, એની દરકાર મૂકીને, એમ કહે છે. એની તો દરકાર કરતો નથી. એમ કહે છે મૂળ તો. '**વ્યવહારમોક્ષમાર્ગમાં સ્થાપેલા પોતાના આત્મા વડે દ્રવ્યમય લિંગમાં મમતા કરે છે...**' વ્યવહારમોક્ષમાર્ગમાં સ્થાપેલા પોતાના આત્મા વડે. એમ કહે છે. દયા, દાન, વ્રત, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, એવા ભક્તિ આદિના પરિણામમાં વ્યવહાર મોક્ષમાર્ગમાં સ્થાપેલો પોતાનો આત્મા. ઓલા વ્યવહારમાં સ્થાપ્યો એમ કહે છે. '**દ્રવ્યમય લિંગમાં મમતા કરે છે...**' એ ક્રિયાકાંડ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ, જાત્રા, એમાં મોક્ષમાર્ગ માને છે. આહાહા..! કહો, રતિભાઈ! શું કરવું? આ બધું તમે આ માનસ્તંભ કર્યા. એમાં મોક્ષમાર્ગ હશે? ભાવ હતો કે નહિ એનો? ભાવ નહોતો? એઈ..! પોપટભાઈ! કહે છે કે એ બધા વિકલ્પો પોતે બંધરૂપ છે, એમાં છૂટવાનો માર્ગ ક્યાંથી આવ્યો? એમ કહે છે. એ.. ચંદુભાઈ! એમ નથી કે પૈસાવાળા માટે પૈસાથી ધર્મ થાય અને ગરીબ માટે તપસ્યાથી થાય. કારણ કે એને પૈસા નથી તો શરીરની તપસ્યા કરે તો થાય અને પૈસાવાળાને પૈસાથી થાય અને બોલકાને બહુ પ્રરૂપણા અને શાસ્ત્રની ભાષાથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થાય. કહો, સમજાણું કાંઈ? કોઈને નહિ કહે છે કે બોલકાને ભાષાથી થાય નહિ, શરીરની તપસ્યાથી પણ થાય નહિ અને દાનથી પણ થાય નહિ. લ્યો. ભગવાને દાન દીધા હતા ને? કેટલા? એક કરોડ સાડા ત્રણ કરોડનો સોનુ દરરોજ. એ તો ખોટી વાત છે. દાન દેવાથી ભગવાન ખુશ થાતા હશે? સમજ તો ખરો. શાસ્ત્રમાં એમ આવે કે ભગવાન જ્યારે દીક્ષા લે ત્યારે એના મા-બાપે ખુલ્લી મૂકી દીધી. એ જુદી વસ્તુ છે. આ તો કહે, બાર મહિના સુધી દાન દેવા રોકાણા. ગપ્પા માર્યા છે કે નહિ?

જ્યાં વૈરાગ્ય ઉઠતો અંદરથી... આહાહા..! ક્યાંય અંદર ચેન પડતું નથી. અંદર સ્થિરતા કરું, કરું, કરુંની જ્યાં રમઝટ વાગી છે. છૂટું જગતને અને રમું આત્મામાં. એમ જામી ગયો છે જ્યાં. સત્‌ના શરણમાં એકદમ જવા પ્રયત્ન કરે. એને વળી બાર મહિના દાન દેવા રોકાય અને પછી સંયમ લેતા હશે. આહાહા..! આ મૂળ લોકોને રાજી કરવાના બતાવ્યા છે બધા. લોકો રાજી થાય. નેમિનાથ ભગવાનને એમ જ થયું હતું. ... વૈરાગ્ય થયો પછી ઘરે આવ્યા. શૈષાવનમાં ગયા. ન્યાંથી ઉતરીને પાછા શૈષાવનમાં ગયા હતા, એમ કહે છે. ત્યારે આ કહે, બાર મહિના દાન આપ્યું. ન્યાં આપ્યું હશે? પરણવા ગયા ત્યાં? પાછા ઘરે આવ્યા હશે. કાંઈ વાતનો માલ ન મળે. આહાહા..! ઓલા લોકોને એમ લાગે, જુઓ! દાન આપ્યા હતા ને. ઓલો આવ્યો હતો ને? જુનાગઢનો કાગળ. મહારાજ! આ દાન આપ્યા છે. એનું શું? આપ પ્રમાણ સહિત કંઈક લખો, લ્યો. કોણ લખે છે? આવ ને સાંભળવું હોય તો. અહીં ક્યાં પંથમાં ભેળવવા છે. પંથ જ ક્યાં છે? આત્મામાં પંથ છે, એમાં જાવું હોય તો જા. ભગવાનજીભાઈ! આહાહા..!

ભગવાન આત્મા મહાસાગર છે ને. ભાઈ! ચૈતન્યનો સાગર ભર્યો છે. એનું શરણ લે, એમાંથી શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર થાય એ એક જ મોક્ષનો માર્ગ છે. આ ક્રિયા લોકો... અહીં ઈ જ કહે છે, '**વ્યવહારમોક્ષમાર્ગમાં સ્થાપેલા પોતાના આત્મા વડે...**' વ્યવહારમાં કથન આવે શાસ્ત્રમાં કે આ વ્યવહાર છે. પણ એમાં એણે આત્મા ત્યાં સ્થાપ્યો છે. આ વસ્તુ અંતર છે એમાં દૃષ્ટિ કરતો નથી. સમજાણું કાંઈ? તે વ્યવહાર એનો ઊંચો હોય, નવમી ગ્રૈવેયક ગયો હતો એનો. મહા દયા, દાન એવી (ક્રિયાકાંડ પાળી). અત્યારે તો એ વ્યવહારના પણ ક્યાં ઠેકાણા છે. તમારામાં તો કાંઈ ઠેકાણું નથી એ બધું. આધાકર્મી આહાર. સાધુ માટે કરે, લે રોટલી. કેરીના રોટલા.. ઓલા શું કહેવાય? સમજ્યાને? મોટા.. ફરે. કેરીઓ અને રસ ઉડાવે અને સાધુ નામ ધરાવે. આ તે કંઈ... એને માટે બનાવેલા હોય. સમજાય છે? એ તો વ્યવહારના પણ ઠેકાણા નથી. નિશ્ચય દૃષ્ટિ તો છે નહિ.

અહીં તો કહે છે, વ્યવહારમાં સ્થાપેલો બરાબર છે એમ કહે છે, ભાઈ! વ્યવહાર એનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એવો ચોખ્ખો હોય છે, અઠ્યાવીસ મૂળગુણ બરાબર હોય છે. અને દેવ-ગુરુ માટે એની વ્યવહારની શ્રદ્ધા માથા મૂકે (કાપે) તો પણ બીજું ફેરવે નહિ. એવી વ્યવહારની શ્રદ્ધા દેવ-ગુરુ-શાસ્ત્રની હોય છે. એવો પોતાના આત્માને '**વ્યવહારમોક્ષમાર્ગમાં સ્થાપેલા પોતાના આત્મા વડે દ્રવ્યમય લિંગમાં મમતા કરે છે...**' એમ માને છે કે આ દ્રવ્યલિંગ મોક્ષનો માર્ગ છે. અમે વ્રત પાળીએ છીએ, દયા પાળીએ છીએ, ભક્તિ કરીએ છીએ, બ્રહ્મચર્ય પાળીએ છીએ, પૂજા કરીએ છીએ, આ કરીએ છીએ, આ કરીએ છીએ. એમાં અમારું કલ્યાણ થઈ જશે. કહો, સમજાણું કાંઈ? પૈસા દે બીજાને, સાધર્મીને મદદ કરે તો પણ મોક્ષ થાય, ફલાણાને જમાડે તો મોક્ષ થાય, સંઘ જમાડે તો મોક્ષ થાય. હવે બહુ મોક્ષ થાય એવો ધર્મ.

મુમુક્ષુ :- સહેલી રીત બતાવી દીધી.

ઉત્તર :- સહેલી રીત બતાવી દીધી? સહેલી રાખ બતાવી છે. સહેલી એટલે રાખ. આહા..! રાખ મળશે. મોક્ષ એટલે શું? ભગવાન આત્મા આનંદસ્વરૂપ, એનું શરણ લીધા વિના એ રાગ તો વિકાર છે. આહાહા..! વિકલ્પ છે એ તો વિષમભાવ છે. સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એ સમતાભાવ છે. સમતાભાવથી પૂર્ણ સમતા વીતરાગતા પ્રાપ્ત થાય કે રાગ વિષમભાવથી પ્રાપ્ત થાય? ભાઈ! તને તારા માર્ગની ખબર નથી. અને આનાથી અમને મોક્ષ થશે. કહે છે કે મમતા કરે છે. અર્થાત્ એમ માને છે કે...

'**તે પુરુષો તત્ત્વના યથાર્થ જ્ઞાનથી રહિત વર્તતા થકા...**' જુઓ! એ વ્યવહારથી મોક્ષ માનનારા, એ તત્ત્વજ્ઞાન ચૈતન્ય છે રાગથી રહિત. ઓલામાં આવ્યું ને? નિશ્ચય નહિ હોય તો તત્ત્વનો નાશ થશે, વ્યવહાર નહિ હોય તો તીર્થનો નાશ થશે. એટલે વ્યવહાર છે ખરો. નિશ્ચય હોય ત્યાં આશ્રય પડ્યો છે અને ભેદ છે, ગુણસ્થાન છે એને જાણવું ઈ છે ઈ બરાબર છે, પણ એને આશ્રયે વ્યવહાર એ પોતે મોક્ષમાર્ગ છે, એમ નથી. ત્યાં એમ લે. વ્યવહારનો નાશ થશે એટલે તીર્થપણું મોક્ષનો માર્ગ વ્યવહારથી જ છે. એમ કહે છે. એવો અર્થ કરે છે. ... અરે..! ભગવાન! ભાઈ! તારા શરણમાં... તું મુક્તસ્વરૂપ છો. તારું સ્વરૂપ જ મુક્ત છે. વિકલ્પ ને રાગ વિનાનું સ્વરૂપ મુક્ત છે. મુક્ત સ્વરૂપમાંથી મુક્તિની પર્યાય અને કારણ પ્રગટ થાય. રાગમાંથી મુક્તિની પર્યાય પ્રગટ થતી હશે? સમજાણું? મોટા મોટા આચાર્ય નામ ધરાવનારા મારીને ગોથા... કહે છે, મૂઢ છો. એમ કહે છે, જુઓ!

'**તે પુરુષો તત્ત્વના યથાર્થ જ્ઞાનથી રહિત...**' તત્ત્વના એટલે વસ્તુ સ્વરૂપ ભગવાન આત્મા એ શુદ્ધ ચૈતન્ય છે, તેનું જ્ઞાન એને નથી. એને અશુદ્ધતાથી વિકલ્પથી મને ધર્મ થશે. એમ એ માને છે. કહો, સમજાણું કાંઈ? '**તે પુરુષો તત્ત્વના યથાર્થ જ્ઞાનથી રહિત...**' એટલે એના જાણપણા ક્ષયોપશમજ્ઞાન પણ અયથાર્થ જ્ઞાન છે. એ વ્યવહાર પણ અયથાર્થ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મોક્ષમાર્ગ છે નહિ એમ કહે છે. આહાહા..! સમજાણું? ગમે એવો ક્ષયોપશમ એ જાતનો અગિયાર અંગ, નવ પૂર્વનો ઉઘડ્યો હોય પણ યથાર્થ તત્ત્વનું ભાન નથી, એમ કહે છે. એ કંઈ યથાર્થ તત્ત્વનું જ્ઞાન નથી. તત્ત્વનું (જ્ઞાન) યથાર્થ નથી. ક્ષયોપશમજ્ઞાન દ્વારા અને રાગની ક્રિયા દ્વારા મોક્ષમાર્ગ માને છે એ તત્ત્વજ્ઞાન રહિત છે, એમ કહે છે. ઓલાને એમ થઈ જાય, આહા..! કેટલું આમ.. હજારો શાસ્ત્ર ભણાવે. લ્યો. શાસ્ત્ર ભણાવે અને એનો ક્ષયોપશમ ઈ જાતનો હોય. પણ ઈ ક્ષયોપશમ એટલે તત્ત્વજ્ઞાન વિનાનો ક્ષયોપશમ છે, પર ક્ષયોપશમ છે. એ કંઈ તત્ત્વજ્ઞાનનો ક્ષયોપશમ પોતાનો ક્ષયોપશમ નથી. એ તો ઇન્દ્રિયાધીન થયેલો રાગ મંદ થઈને ઉઘડેલો એ કંઈ... એ તો ધબો નમઃ થઈ જવાના. પાછા નિગોદમાં જવાના. સ્વભાવને અધિક કર્યો નથી અને હિણી દશા અને રાગને અધિક કર્યો છે. એને અધિક કર્યો છે. ઈ હિણામાં જવાના. સમજાણું કાંઈ? આહાહા..!

'**તે પુરુષો તત્ત્વના યથાર્થ જ્ઞાનથી રહિત વર્તતા થકા...**' જોયું! પોતે પોતાના ઊંધા પુરુષાર્થથી વર્તતા થકા. એમ. શું કરીએ? અમારે કર્મનો એટલો યોગ કે એટલામાં જ અમે આવ્યા. એટલા વ્યવહારમાં આવ્યા અને એટલો જ અમારે બસ છે. સંતોષ છે. ના, તું ઊંધો તત્ત્વજ્ઞાનથી રહિત વર્તે છે તારા પુરુષાર્થથી. સમજાણું કાંઈ? આહાહા..! ઓલામાં તો ઘણું લખ્યું છે. હેમચંદ્રજીનું લખ્યું છે. હેમચંદ્રાચાર્ય કન્યાને નગ્ન રાખીને સાધે એ કંઈ મુનિ કહેવાય? એવું બધું લખ્યું છે. કાલે નહિ આપણે આવ્યું ઈ. કુમારપાળનું લખ્યું ને વ્યાકરણ બનાવ્યું સિદ્ધહેમ વ્યાકરણ એમાં રાજાનું નામ પહેલું, મુનિનું પહેલું... એવું બધું લખ્યું છે. એક જણાએ લખ્યું છે. આવે છે ને? સિદ્ધહેમ વ્યાકરણ સિદ્ધરાજ.. મુનિને આ હોય? રાજાને મોઢા આગળ પાડવો છે.. આ શું છે આ તે? એને કળિકાળ સર્વજ્ઞ (માને). દુનિયા તે કંઈ ગાંડી છે ને. એઈ..! ઘણા બોલ લખ્યા છે એવા. યુદ્ધનું શાસ્ત્ર રચ્યું છે ને ફલાણું (લખ્યું છે). સાધુને લખાય? અહિંસા ને બ્રહ્મચર્યવાળા જીવોએ આવું લખાય? એમ લખ્યું છે. આહાહા..! એ તો વ્યવહારના પણ ઠેકાણા નથી. આ તો વ્યવહાર સાચો હોય એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે આકરું કામ. જગતની સાથે ઊભા રહેવું અને અતડા થઈને રહેવું. એઈ..! આહા..! એક કોર કળિકાળ સર્વજ્ઞ કહે અને એક કોર દૃષ્ટિ વિપરીત છે તદ્દન. વ્યવહારના ઠેકાણા નથી. આ વસ્તુ...

અહીં તો દિગંબર જૈન સાધુ થઈ એ વ્યવહાર કહેલો, ભગવાને કહેલો-જિનવરે કહેલો વ્યવહાર એમાં જે વિકલ્પમાં આત્માને સ્થાપેલો છે એને માને છે કે આ મોક્ષનો માર્ગ છે. એ તત્ત્વજ્ઞાનથી રહિત છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વરે નિશ્ચય મોક્ષમાર્ગની ભૂમિકામાં રાગના વિકલ્પની મર્યાદા વ્યવહારની આવે એ મર્યાદામાં જે કીધું છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એમાં રહીને માને છે કે આ મોક્ષનો માર્ગ છે પણ તત્ત્વજ્ઞાનને પકડતો નથી. કહો, નવરંગભાઈ! આ તો બહુ ભુક્કા ઉડ્યા બધી વાતના, એક્કે એક. ભાઈ! આવા કાળે બાપુ! શેના તને આગ્રહ? છોડને બધું. આહાહા..!

હમણાં યાદ આવ્યું. હરિશચંદ્ર રાજા. એને આવ્યું હતું. સાધુ. સાધુ કહે કે વચન આપ. પાળવું પડશે. રાજ આપ. જા આપ્યું. લૌકિક નીતિમાં આવા માણસ. ભંગ્યાને ત્યાં વેચાણા. એવી વાત આવે છે. નાટક જોયું છે. આહાહા..! જેને ત્યાં નોકર રહ્યો રાજા. રાણી, છોકરો નાનો. ન્યાં વનમાં ફૂલ વીણવા જાય છે. મેં જોયું હતું (નાટક) ત્યાં. ત્યાં સર્પ કરડે છે. કુંવર દેહ છોડી દે છે. માતા આવે છે. દીકરા! તારો બાપ ગયો, હવે તું ગયો, ભાઈ! મા બાળવા જાય છે. ત્યાં હરિશચંદ્ર ઊભો છે. લાવ, દાણ કોણ છો? રાણી હરિશચંદ્ર રાજાની. હું હરિશચંદ્ર છું પણ હું દાણ લઈશ પછી બાળવા દઈશ. એઈ..! જેને નોકર છું એણે કહ્યું છે સાચવવું. જે કોઈ બાળવા આવે એનો પૈસો લેવો. ... ચાર આના, આઠ આના કાંઈક. લાવ. અહીં નથી. બાઈ કહે છે, મારી પાસે કંઈ નથી. બાળવા નહિ દઉં. આહાહા..! અરે..! લૌકિકની નીતિમાં પણ કેવું કરે છે, જુઓને! એઈ..! એમ લોકોત્તર સત્‌ને આંગણે ગયો, કુરબાન છે આખી દુનિયા. દુનિયાના માન જાઓ, અપમાન થાઓ અમને કંઈ દરકાર નથી, કહે છે. સમજાણું કાંઈ? માગવા આવતા એ બોલે છે, 'સતિયા સત્ મત છોડીયે, સત્ છોડ્યે પત જાય. સત્‌ની બાંધી લક્ષ્મી ફેર મીલેગી આય' ભગવાન ચિદાનંદ સ્વરૂપ, એના શરણે જતાં દુનિયામાં ચાહે સો અતડા કહે, ભ્રષ્ટ કહે, આ કહે. એ બધું પાલવશે પણ સ્વરૂપનું શરણ છોડવું પાલવશે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ.. સત્ જ્ઞાન, સત્ શ્રદ્ધા, સત્ શાંતિ, સત્ ચારિત્ર, સત્ આનંદ એવો જે સત્ પ્રભુ આત્મા, એનો આશ્રય લઈને જે જ્ઞાન અને શ્રદ્ધા થાય, એને આશ્રયે ચારિત્ર તે એક જ મોક્ષનો માર્ગ છે. બાકી બધા વિકલ્પ આદિ અસત્ છે, જૂઠા છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ!

'**તે પુરુષો તત્ત્વના યથાર્થ જ્ઞાનથી રહિત વર્તતા થકા...**' સમજાણું કાંઈ? '**હજુ સુધી...**' એટલે શું કહે છે? અત્યાર સુધી આવું એણે કર્યું છે અનંત વાર છતાં આ પામ્યો નથી. એમ. '**अद्यपि**' અત્યાર સુધી આ બધું એણે કર્યું છે ઘણું. વ્યવહારમાં પડ્યો છે. અનંત વાર નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે એમાં આત્માને સ્થાપ્યો છે. અને જૈન સંપ્રદાયમાં આવીને સાધુ થઈને વ્યવહારમાં સ્થાપ્યો છે (કે) આનાથી મને ધર્મ થશે. તો પણ '**સમયના સારને (અર્થાત્ શુદ્ધ આત્માને) દેખતા-અનુભવતા નથી.**' કહો, સમજાણું? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય એ વ્યવહારના વિકલ્પો તો અશુદ્ધ મેલ છે. મેલને છોડી ભગવાન નિર્મળાનંદ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

પ્રભુ એવા આત્માને જાણતા નથી, અનુભવતા નથી. સમજાય છે કાંઈ? પરમાં અટક્યા છે. આ મને મોક્ષ આપશે, આ મને મોક્ષ આપશે. સમજાણું? તે તત્ત્વજ્ઞાનથી રહિત છે. જેનાથી મોક્ષ મળે એવા તત્ત્વનું જ્ઞાન નથી, એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? જે લક્ષમાં લેવો જોઈએ એને લીધો નહિ અને છોડવા જેવી વાત છે એને લક્ષમાં લઈને ત્યાં અટક્યો. અત્યાર સુધી તેં એમ કર્યું છે, એમ કહે છે. '**अद्यापि**' '**હજુ સુધી...**' સમજાણું કાંઈ? એ સમય નામ આત્માના પવિત્રતાના પદને અનુભવતા નથી.

'**કેવો છે તે સમયસાર શુદ્ધ આત્મા? નિત્ય પ્રકાશમાન છે (અર્થાત્ કોઈ પ્રતિપક્ષી થઈને જેના ઉદયનો નાશ કરી શકતું નથી)...**' ભગવાન નિત્ય પ્રકાશમાન છે. સમજાણું? નિત્ય પ્રકાશમાન છે. એક વાત. '**અખંડ છે (અર્થાત્ જેમાં અન્ય જ્ઞેય આદિના નિમિત્તે ખંડ થતા નથી)...**' એ વસ્તુ પણ અખંડ છે અને જે શુદ્ધતાનો અનુભવ થવો તે પણ અખંડ છે. વસ્તુ શુદ્ધ અનુભવ થઈ એ પણ નિત્ય છે, કાયમ એ રહેવાની છે. સમજાણું કાંઈ? ભગવાન ચિદાનંદ સ્વરૂપ નિત્ય છે. એના અનુભવથી પર્યાય પ્રગટે છે એ પણ નિત્ય છે. અખંડ છે. ભગવાન આત્મા એકરૂપ અખંડ છે. એને આશ્રયે જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ્યા એ પણ અખંડ અભેદ છે. એમાં ભેદ નથી. કહો, સમજાણું કાંઈ?

'**એક છે...**' એક છે ને? '**(અર્થાત્ પર્યાયોથી અનેક અવસ્થારૂપ થવા છતાં જે એકરૂપપણાને છોડતો નથી),...**' વસ્તુપણે એક છે. અનેક અવસ્થા થવા છતાં વસ્તુ તો એકરૂપે છે. અને એ વસ્તુના અનુભવમાં અનેક પર્યાય શુદ્ધ થવા છતાં એક જ છે. આહાહા..! જેના ફળ અનંત આનંદ, જેના ફળમાં અનંતા દુઃખનો નાશ, એ કઈ વસ્તુ છે? સમજાણું કાંઈ? એ ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રભુ, આંખ વીંચીને ધ્યાન કરતાં એની આંખ્યું ઉઘડે એવો એ આત્મા છે. વિકલ્પની આંખ્યું બંધ કરીને અંદર ધ્યાન કર, નિર્વિકલ્પ દશા પ્રગટ થાય એવો છે. એવો એક છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! અહીં તો જ્યાં થોડું કાંઈક કરે કાંઈક નિયમ અમે કર્યા. થૂંકે ઘણા પાસે પાછો. પોતાની ત્યાગની ક્રિયાની પ્રસિદ્ધિ કરે. દાનની પ્રસિદ્ધિ કરે, તપની કરે. આ શું કહેવાય તમારા? વર્ષીતપ. વર્ષીતપ કર્યા છે. પાંચમા આરાના વર્ષીતપ એટલે ચોથા આરાના મહિના મહિનાના.. નિર્જરા થઈ જાય. કાળ ચાલ્યો જાય છે તારો, સાંભળને! ભગવાન ચૈતન્યની ઓથ લીધી નથી અને એવા રાગની મંદતાના પરના લક્ષે થયેલાની ઓથમાં પડ્યો છો, એ અનેક ખંડ ખંડ વસ્તુ છે બધી.

ભગવાન આત્મા સત્ ચિદાનંદ ધ્રુવ, ધ્રુવ, ધ્રુવ એકરૂપ તેનું શરણ લેતાં એકરૂપ દશા પ્રગટ થાય છે. આવે છે ને? અભિનંદે છે. મતિજ્ઞાન .. પર્યાયો પ્રગટ થતાં બધું એકને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ અભિનંદે છે. અનેકપણું થતું નથી, એકપણું જ છે. શુદ્ધતાના અંશો ભલે અનેક હો, છતાં એ શુદ્ધતાની એકતા જ થાય છે. સમજાણું કાંઈ?

'**અતુલ (–ઉપમારહિત) જેનો પ્રકાશ છે (કારણ કે જ્ઞાનપ્રકાશને સૂર્યાદિકના પ્રકાશની ઉપમા આપી શકાતી નથી)...**' એમને એમ છે. સૂર્યનો પ્રકાશ જડનો રજકણની અવસ્થા છે. આ ભગવાન ચૈતન્યસૂર્ય છે ભગવાન. ચૈતન્યબિંબ પ્રભુ છે એમાંથી નીકળેલા કિરણો પ્રકાશમય છે. ચૈતન્યના પ્રકાશમય છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર એ બધી જ્ઞાનની દશાના પ્રકાશ ચૈતન્યની ઉજળી દશા છે. એ ઉજળી દશામાં મલિનતા હોય નહિ. સૂર્યના કિરણને કોણ મેલું કરે? સૂર્યના કિરણને કોણે મેલા કર્યા? એમ ભગવાન ચૈતન્યસૂર્ય અંદર છે, એનું અંતરમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર, એના કિરણને કોણ મેલું કરે? એ પછી અમલનું આવશે, હોં! જુઓ! સમજાય છે? અતુલ છે. પછી અમલ છેલ્લો શબ્દ છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન આત્મા શરીર અને પરમાણુ, કર્મના દળથી તો ભિન્ન છે. પણ ઓલો પુણ્યનો વિકલ્પ જે દયા, દાન, વ્રત એનાથી જુદો છે. એવો પ્રકાશનો પુંજ પ્રભુ એને તુલના કોની દેવી? એને કોની ઉપમા દેવી? એની એને ઉપમા. આહા..! '**(–ઉપમારહિત) જેનો પ્રકાશ છે (કારણ કે જ્ઞાનપ્રકાશને સૂર્યાદિકના પ્રકાશની ઉપમા આપી શકાતી નથી)...**' એ તો '**સ્વભાવપ્રભાનો પુંજ છે...**' સમજાય છે? '**(અર્થાત્ ચૈતન્યપ્રકાશના સમૂહરૂપ છે),...**' લ્યો. અખંડ એક અતુલં.

'**અમલ છે (અર્થાત્ રાગાદિ-વિકારરૂપી મળથી રહિત છે).**' છે ને એમાં શબ્દ? '**અમલં**' બસ, '**અમલં**' '**અમલ છે...**' જોયું! એ છઠ્ઠો બોલ છે. છ બોલ થયા છ. આહાહા..! '**સ્વભાવપ્રભાનો પુંજ છે...**' પ્રભુ. એકલો સ્વભાવનો પુંજ પ્રભુ છે. સ્વ સ્વ. રાગ વિનાનું એકલું ચૈતન્ય સ્વ. શુદ્ધ સ્વભાવ દર્શન, આનંદ આદિ શુદ્ધ સ્વભાવનો એ તો ઢગલો છે. શુદ્ધ સ્વભાવનો ઢગલો છે. એ અરૂપી શુદ્ધ સ્વભાવનો પુંજ છે અને એની પ્રગટ દશા થાય એ પણ શુદ્ધ સ્વભાવનો પુંજ છે. કહો, સમજાણું કાંઈ? '**અમલ છે...**' જોયું! એને મેલ કેવો? ભગવાન આત્મા સ્વરૂપમાં મેલ કેવો? અને એને આશ્રયે પ્રગટ પૂર્ણ દશા થાય કેવળજ્ઞાન આદિ એમાં મેલ કેવો? સમજાણું કાંઈ? અનુભવ દશામાં મેલ નથી એમ કહે છે. 'અનુભવ તું હૈ હેતુ હમારો' એક ફેરી આનંદઘનજી કહે છે.

અનુભવ તું હૈ હેતુ હમારો,
આય ઉપાય કરી ચતુરાઈ ઔરનો સંગ નિવારો
અનુભવ તું હૈ હેતુ હમારો.
આય ઉપાય કરી ચતુરાઈ ઔરનો સંગ નિવારો ચેતન.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અનુભવ તું હૈ હેતુ હમારો.

કોઈ 'આય ઉપાય...' કોઈપણ પ્રકાર કરીને પણ તું અનુભવ કર. સમજાય છે કાંઈ? એ અનુભવ એ નિર્મળાનંદ વસ્તુ છે. વસ્તુ તો નિર્મળ છે પણ એનો અનુભવ પણ નિર્મળ.. નિર્મળ.. નિર્મળ.. નિર્મળ.. નિર્મળ આનંદ શુદ્ધ છે. રાગાદિ વિકારથી રહિત છે. જુઓ! એક શ્લોકમાં કેટલું મૂક્યું! સમજાણું? રાગાદિ વિકારમળથી રહિત છે.

'**(આ રીતે, જેઓ દ્રવ્યલિંગમાં મમત્વ કરે છે તેમને નિશ્ચય-કારણસમયસારનો અનુભવ નથી...**' એ ક્રિયાકાંડમાં જ જેનું મન રોકાઈ ગયું છે, ધમાલ.. ધમાલ.. ધમાલ. ધર્મને નામે ધમાલ. એઈ..! ધર્મને નામે. જુઓને આ જાત્રા ઉપર ચડે ને હેઠે ઉતરે. ૯૯ કરે ત્યાં લોકો ઓહો..! ન્યાલ થઈ ગયા. એ.. પોપટભાઈ! થઈ ગઈ ધમાલ. આહાહા..! અહીં તો કહે છે કે એ વિકલ્પ હોય ખરો, આવે ખરો. પણ એ કંઈ નિર્મળતાનું કારણ છે અને એ છે માટે નિર્મળતા પ્રગટશે (એમ નથી). આહાહા..! લોકો રાડ નાખે ને.

એક ફેરી કહ્યું હતું ને. જાત્રાનો ઉત્સાહ કર્યો કે એનું પ્રાયશ્ચિત લીધું હવે જંગલમાં રહું. એવું લખ્યું ઓલાએ. એમાં તો હો હો થઈ પડ્યું એને. રાડ નાખી ગયા અંદરથી. સન્મતિ સંદેશમાં આવે છે. આ એમના અનુયાયી જુઓ આ. કાળા કેર કરે છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! એ ઈચ્છા છે ને? એટલી ઈચ્છા છે ને? શુભરાગ છે ને. ઈચ્છા હોય પણ એ કંઈ આદરણીય છે? ખરેખર તો એ નિંદવા લાયક છે, લ્યો. નિંદવાનો અર્થ ખસી જવા લાયક છે. ન્યાંથી ખસી જવા લાયક છે, ન્યાં રહેવા લાયક નથી. ઓલામાં આવ્યું છે ને? મુનિએ પંચ મહાવ્રત લીધા, શુદ્ધ ઉપયોગરૂપી ચારિત્ર લીધું. પછી આ પંચ મહાવ્રતના પરિણામ આવ્યા, આહારના ભાવ આવ્યા, મારું વ્રત તૂટ્યું. લ્યો. એમ આવે છે જયધવલમાં. એઈ..! પ્રતિક્રમણ કરે છે. મરતાં છેલ્લે પચ્ચખાણ કરે છે. મારું વ્રત તૂટ્યું. ઈચ્છા કેમ થઈ? શુદ્ધ ઉપયોગરૂપી અખંડ દશામાં મલિનરહિતમાં આ શું? મેં તો શુદ્ધ ઉપયોગમાં રહેવું એ મેં પચ્ચખાણ કર્યા હતા. આહાહા..! કડક માર્ગ તો જુઓ!

સામ્યની બીજી વ્યાખ્યા કરે છે. મેં તો શુદ્ધ ઉપયોગમાં રહેવું, બસ! એ પચ્ચખાણ મેં કર્યા છે. એમાં આહાર લેવાની વૃત્તિ ઉઠી. વળી કહે કે સંયમને માટે આમ થયું. પણ ઈ કહે છે, વૃત્તિ ઉઠી કેમ? સાંભળને! આહાહા..! ઈ તો સંયમને માટે વૃત્તિ ઉઠી છે તેથી સંયમ, નિયમ જેટલી દશા છે તેમાં દોષ નથી. પણ ઈ પોતે તો દોષરૂપ છે. આહાહા..! વીરનો માર્ગ અફર શૂરાનો માર્ગ છે. સમજાણું?

કહે છે, '**(જેઓ દ્રવ્યલિંગમાં મમત્વ કરે છે તેમને નિશ્ચય-કારણસમયસારનો અનુભવ નથી;...**' અનુભવતો નથી. વિકારને અનુભવે છે. '**તો પછી તેમને કાર્યસમયસારની**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**પ્રાપ્તિ ક્યાંથી થાય?)**' તો તેને મોક્ષરૂપી પર્યાય ક્યાંથી થાય? ઈ કહેવું છે ને મૂળ તો. '**હવે આ અર્થની ગાથા કહે છે :-**' લ્યો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, ઈ કળશની વાત કરી. '**હવે આ અર્થની ગાથા કહે છે.**' એ જ અર્થને ગાથામાં સમજાવે છે.

**पासंडीलिंगेसु व गिहिलिंगेसु व बहुप्पयारेसु।**
**कुव्वंति जे ममत्तिं तेहिं ण वादं समयसारं।।४१३।।**
**બહુવિધના મુનિલિંગમાં અથવા ગૃહીલિંગો વિષે,**
**મમતા કરે, તેણે નથી જાણ્યો 'સમયના સાર'ને. ૪૧૩.**

જુઓને! એક વસ્તુ કેટલી મૂકી છે! બહુવિધના. પાછો બહુવિધ શબ્દ વાપર્યો છે ને. ઘણા પ્રકારની ક્રિયાકાંડના વિકલ્પો. '**બહુવિધના મુનિલિંગમાં અથવા ગૃહીલિંગો વિષે**' ગૃહસ્થાશ્રમમાં આ વ્રત પાળ્યા ને આ કર્યા ને આ કર્યા. આ પડિમાનો વિકલ્પ ને આ ખપે ને ન ખપે, એ વિકલ્પની જાળમાં સલવાણો. શ્રાવકને લીધા છે ભેગા.

**બહુવિધના મુનિલિંગમાં અથવા ગૃહીલિંગો વિષે,**
**મમતા કરે, તેણે નથી જાણ્યો 'સમયના સાર'ને. ૪૧૩.**

ટીકામાં બહુવિધના પ્રકાર, એનો અર્થ આવ્યો? નથી આવ્યો. નથી આવ્યો એટલે જરી.. અન્વયાર્થ લઈએ. જુઓ!

'**ગાથાર્થ :- જેઓ બહુ પ્રકારનાં...**' પાસંડીલિંગો. પાસંડી એટલે મુનિ. પાખંડી એમ નથી લેવું. પાસંડીનો અર્થ જ મુનિ થાય છે. પાપને ખંડે તે પાસંડી. સમજાણું કાંઈ? '**पाषण्डीलिंगेषु**' ઘણા પ્રકારનાં '**મુનિલિંગોમાં...**' એટલે વિકલ્પની ક્રિયાઓ અનેક પ્રકારની મુનિનો ભેખ હોય અંદર. કોઈ અપવાસનો કે ઉણોદરીનો, કોઈ ફલાણો, આંબેલનો.. અત્યારે જુઓને! એક આંબેલ અને એક અપવાસ, બે આંબેલ ને એક અપવાસ, ત્રણ આંબેલ ને એક અપવાસ. ... એ બધું થોકડાનું યાદ બહુ હોય જેઠાભાઈને. છ આંબેલ ને એક અપવાસ. ઓહોહો..! એ તો દ્રવ્યલિંગનું પણ ઠેકાણું નથી. આ તો દ્રવ્યલિંગ જે મુનિ છે, નગ્ન છે અને આ અપવાસ આમ કરું ને એના પછી આ કરું, એના પછી આ કરું, બે પારણે ને ત્રણ પારણું, ત્રણ પારણું ને ચાર પારણું. એટલી બધી ક્રિયાઓમાં અને લુખ્ખુ ખાવું. અનશન, ઉણોદરી, રસપરિત્યાગ, કાયક્લેશ, રસ ખાવો નહિ, આ કેરી ખાવી નહિ, ફલાણું ખાવું નહિ. એવી વિકલ્પોની જાળું. એમાં અને '**ગૃહસ્થલિંગોમાં...**' ગૃહસ્થના લિંગો, બાર વ્રતના વિકલ્પોની જાળ. આ ખપે, આટલા દિ અહીં રહેવું, આટલું ન ફરવું, આ દિશામાં ન જાવું ને આ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દિશામાં જાવું એવા વિકલ્પો. સમજાણું કાંઈ?

એ '**મમતા કરે છે...**' એ દ્રવ્યલિંગ જ મોક્ષનું કારણ માને છે. '**તેમણે સમયસારને નથી જાણ્યો.**' કહો, સમજાણું કાંઈ? જુઓ! આમાંથી પાછા પેલા ઈ કાઢે છે. આ હમણાં હંપીને બધા.. 'જાતિ વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય'. એઈ..! આવું જ લિંગ હોય, નગ્નપણું જ હોય એમ નહિ. ના પાડે છે અહીં આચાર્ય. એમ નથી ના પાડતા. સાંભળને! એઈ..! નવરંગભાઈ! એવી બધી વાત ચાલી છે અત્યારે. એક જણો હંબક છે હંપીમાં. એણે બધું હંબક જ નાખ્યું છે. સીમંધર ભગવાન પાસે આમ છે ને ઢીકણું આમ છે. અરે..! પ્રભુ! શું કરે છે તું આ? લોકને છેતરવા છે આ તત્ત્વથી વિરુદ્ધ કરીને? આહાહા..! સમજાણું કાંઈ? ગમે તેવું લિંગ હોય. પંદર ભેદે સિદ્ધ થાય. એવું શ્વેતાંબર શાસ્ત્ર કહે છે. એમાંથી એક પણ ભેદની ના પાડે તે અનંત સંસારી હોય. એવું લખ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એણે પાછો દાખલો આનો આપ્યો છે. આ ગાથાઓનો. કુંદકુંદાચાર્ય અપ્રમત્ત યોગી કહેતા કે લિંગનો આગ્રહ કરે તેને મોક્ષ નથી. માટે ગમે તેવું (લિંગ હોય). પણ લિંગનો આગ્રહ કરે તેને મોક્ષ ન હોય. ગમે તેવું લિંગ ક્યાંથી કાઢ્યું એમાં તેં? એ.. નવરંગભાઈ! પોતાનો સ્વાર્થ પોષવા શું કરે છે જીવ. લિંગ હોય તો નગ્ન મુનિ જ હોય. અને એને અઠ્ઠાવીસ મૂળગુણ જ હોય. વેષ બીજો હોય અને એને લિંગ કહેવાય, એ જૈનમાં હોઈ શકે નહિ. શ્રાવક હોય તો બાર વ્રતની જાત વીતરાગે કહ્યા એવા જ એને વિકલ્પ હોય. એને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો જ વિકલ્પ હોય. એ લિંગ હોય. સમજાય છે કાંઈ? એ લિંગ એવું હોવા છતાં એ લિંગમાં માને છે કે આ મારો મોક્ષમાર્ગ છે, તે મૂઢ છે એમ કહેવું છે અહીં. માટે ગમે તે લિંગ હોય અને ત્યાં મોક્ષમાર્ગ હોઈ શકે એમ છે નહિ. અહીં સલવાણા ત્યાં આમ કાઢે ને આમથી આ કાઢે. સમજાણું કાંઈ? આવે છે ને સમાધિ શતકમાં? ... જે આગમમાં લિંગનો આગ્રહ છે તે ખોટા છે. પણ એ તો જે આગમ એ લિંગથી મોક્ષ કહે ઈ ખોટું છે. લિંગ તો એ જ હોય. આહા..! જ્યાં વસ્તુ છતી અંદરમાં આનંદમાં ઉતર્યો છે, એને દશા વિકલ્પ રહિત થઈ ગઈ છે, ત્યાં વિકલ્પ હોય તો પણ પંચ મહાવ્રતનો અને અચેલપણાનો ને એવો હોય. દશા નગ્ન જ હોય, શરીર. એવી નિમિત્તની સ્થિતિ છે. નિમિત્ત હોય તો એવું જ હોય. છતાં એનાથી કલ્યાણ નથી. આમ વાત છે. શેઠી! બહુ માર્ગ આ તો વીરોનો માર્ગ છે. આડોઅવળો કંઈક કરવા જઈશ તો ભરડાઈ જઈશ તું.

આ સંતોએ કહ્યું છે એ તો લિંગમાં મમતા કરે છે કે એ મને મોક્ષનું કારણ છે એમ નિષેધે છે. છોડવાનું કહીને એમ કહેવું છે. ગમે તેવો વેષ હોય અને વસ્ત્ર પાત્ર હોય તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પણ વેષથી મુક્તિ થાય. નિશ્ચય મોક્ષમાર્ગ એને પ્રગટે. ત્રણ કાળમાં ન હોય. સમજાય છે કાંઈ? ગૃહસ્થ પણ ગમે તેને માનતો હોય. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માનતો હોય, બાર વ્રત હોય, ધર્મી હોય. સમજાય છે? એ અમારે કહેતા. સંપ્રદાયમાં કહેતા ઈ. ગમે તેને માનતો હોય. ઈ ક્યાં... સમજ્યાને? લૌકિક માટે માને છે ને એ તો. આ કુદેવ, કુગુરુને માને ને? છોકરા માટે, પૈસા માટે, દીવા માટે, આના માટે, ઢીંકણા માટે. એ તો લૌકિકને માટે માને છે. ધર્મને માટે.. તો વેપાર કેમ કરે છે? લ્યો, એક જણો એમ દાખલો આપતો. વેપાર કેમ કરે છે? માટે જેમ વેપાર કરે છે એમ આ કુદેવને માનવામાં ભાવ છે કે અમને આનાથી મળશે કાંઈક. પુણ્યની શ્રદ્ધા નથી. પુણ્યની શ્રદ્ધા નથી તો વેપાર શું કરવા કરે છે? લ્યો, એમ આપ્યું એણે. પ્રભુ! પુણ્ય તો વ્યવહારની એક રીત છે કે આ પ્રમાણે કરવું. બાકી મળવું-બળવું પુણ્યને આધીન છે. કુદેવને માનવા એમાં પુણ્યને આધીન વસ્તુ મળશે. ખોટી, તદ્દન ખોટી. એને પુણ્યની શ્રદ્ધા નથી. શેઠી! એવા. બહુ ચર્ચા ચાલતી. (સંવત) ૧૯૮૩માં. અરે..! ભગવાન! શું કરે છે તું આ? ન્યાં પોલું નહિ ચાલે, ભાઈ! સમજાણું? આહા..! વીતરાગમાર્ગ છે આ તો. સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો માર્ગ છે. જેમાં ક્યાંય વ્યવહાર અને નિશ્ચયમાં ફેરફાર હોઈ શકે નહિ. બાપુ! માર્ગ એવો છે. છતાં વ્યવહારથી મોક્ષ થાય એમ છે નહિ. .. ઓલામાં કહ્યું હતું ને પહેલું? ૩૨૪માં આવે છે ને?

ભાઈ! ૩૨૪ ગાથા છે ને. '**ववहारभासिदेण**' નહિ? '**ववहारभासिदेण**' છે ને? વ્યવહારથી કહ્યું હોય એમ માની લે. મૂઢ છો, કહે છે. કેટલામું છે? ૩૨૪ છે. જુઓ! એમાં છે. '**અજ્ઞાનીઓ જ વ્યવહારવિમૂઢ (વ્યવહારમાં જ વિમૂઢ) હોવાથી પરદ્રવ્યને 'આ મારું છે' એમ દેખે છે-માને છે;...**' ૩૨૪ ગાથા, એની ટીકા. અજ્ઞાનીઓ જ વ્યવહારમૂઢ. વ્યવહારમાં વિમૂઢ હોવાથી પરદ્રવ્યને આ મારું છે, રાગાદિ મારા છે, એમ દેખે અને માને છે. '**જ્ઞાનીઓ તો નિશ્ચયપ્રતિબુદ્ધ (નિશ્ચયના જાણનારા) હોવાથી પરદ્રવ્યની કણિકમાત્રને પણ 'આ મારું છે' એમ દેખતા નથી...**' નિશ્ચયપ્રતિબુદ્ધ છે. આહાહા..! જુઓને! અહીં નિશ્ચય લીધું. સમજાણું કાંઈ? નિશ્ચય પ્રતિબુદ્ધ. ભગવાન આત્મા, શુદ્ધ ચૈતન્ય છું એનું ભાન છે. એમાં પ્રતિબંધ એકાગ્ર છે. વ્યવહારમાં મૂઢ છે નહિ. વ્યવહાર છે એને જાણે છે. એનો અર્થ એમ થયો. અજ્ઞાની એ વ્યવહારની ક્રિયામાં મૂઢ થઈને માને છે કે મારો મોક્ષનો માર્ગ છે. કહો, સમજાણું કાંઈ?

વર્ષીતપ કરે તો આહા..! એક જણો (સંવત) ૧૯૯૦માં કહેતો હતો. આ લાખોપતિની દીકરી, વહુ એ વર્ષીતપ કરે અને કો'ક કહે છે કે એને ધર્મ ન થાય. આ ઊભા ઊભા મોક્ષ જાય એવું છે આ. લાખોપતિની દીકરીઓ, બે-બે, પાંચ-પાંચ લાખની વહુ છોકરાની.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમજ્યાને? ચાલીસ-પચાસ વર્ષ થયા હોય અને વર્ષીતપ કરે. જુઓ! ભાઈ! છતે આહાર છોડી અપવાસ કરે અને એને નિર્જરા ન થાય? નિર્જરા થાય-એનો કાળ જાય. સાંભળને! સમજાણું કાંઈ? એ વિકલ્પને મંદ કર્યો એમાં એને અભિમાન હોય પાછું, મેં આ કર્યું, મેં આ કર્યું ને મેં આ કર્યું. અને પાછું એનું ઉજવણું કરવાનો ભાવ હોય સાસરા પાસે. ત્યારે ઈ તપ કર્યો કહેવાય. ઉજવણું કરે ને? તમારે કરે છે કે નહિ?

મુમુક્ષુ :- સારું દેખાવું જોઈએ.

ઉત્તર :- સારું દેખાવું જોઈએ, ઉજવણું કરવું જોઈએ. લાંઘણું કરી હતી? લાંઘણું જ હતી, હવે સાંભળને!

ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપના ભાન વિના હું શ્રાવક અને શ્રમણ છું એમ બાહ્ય ક્રિયાકાંડમાં માને છે એમ લેવું. સમજાણું કાંઈ? મમતા કરે છે એમ છે ને અંદરમાં? મોક્ષ દેનાર છે એમ માને છે.

'**ટીકા :- જેઓ ખરેખર 'હું શ્રમણ છું**'...' લ્યો. એ ક્રિયાકાંડ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં માને કે હું ખરેખર સાધુ છું. સાધુ છું. છોડી દીધું છે. બાયડી, છોકરા છોડીને બેઠા છીએ, દુકાન છોડી, ધંધો કાંઈ કરતા નથી. એમ '**હું શ્રમણ છું, હું શ્રમણોપાસક (-શ્રાવક) છું...**' અમે શ્રાવક છીએ, બાર વ્રતધારી છીએ. અમારે આમ ખપે, ફલાણું ન ખપે. એવા શુભરાગની ક્રિયાકાંડમાં '**એમ દ્રવ્યલિંગમાં મમકાર વડે...**' બેયના દ્રવ્યલિંગ ક્રિયાકાંડ. અહીં તો એકલું જ હતું, ત્યાં બીજી વાત હતી નહિ. '**દ્રવ્યલિંગમાં મમકાર વડે...**' એવા વ્રત ને તપ ને ભક્તિના ભાવથી મુક્તિ થશે એમ મમતા વડે '**મિથ્યા અહંકાર કરે છે,...**' જૂઠું માન્યું છે. અમે ધર્મી છીએ, અમે સાધુ છીએ. કહો! સમજાણું કાંઈ?

ઓલો નહોતો એક ફેરી? એક સાધુ. તમે ત્રસ છો કે સ્થાવર? ગુરુએ શીખવ્યું નથી. કહે છે. આરે..! ભારે વાત, કીધું. આ સાધુ. મૂળ તો પાણી ઉપાડવા માટે લીધેલા. તુંબરા .. લાવે પાણી. એમાં કંઈક મેળ ન ખાધો, વૃદ્ધાવસ્થા. ... વઢવાણનો. ત્રસ છો કે સ્થાવર? ગુરુએ શીખવ્યું નથી. અહીં તો કહે છે કે સાધુ જૈનનો દિગંબર પાકો. અને દિગંબરનો શ્રાવક સંપ્રદાયમાં આવેલો, એમ કહે છે. એના પણ વ્રત ને ક્રિયા ને તપનો ભાવ છે, વિકલ્પ છે એમાં મમતા કરે કે આ મારો મોક્ષમાર્ગ છે. મૂઢ છે એમ કહે છે. સમજાણું?

'**જેઓ ખરેખર 'હું શ્રમણ છું**'...' એમ. સાધુ છીએ કે નહિ અમે? શું અમે હિંસા કરીએ છીએ? દયા પાળીએ છીએ, નિર્દોષ આહાર લઈએ છીએ. શું છે? કહો. લૂગડું રાખતા નથી. આથી વધારે શું કરવું હવે? તમે તો કાંઈ છોડી શકો છો? જરીયે છોડો તો ખરા. કરી તો જુઓ નગ્નપણું. એમ વળી કેટલાક કહે છે. આહા..! અરે.. ભગવાન! હું સાધુ છું

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અને '**હું શ્રમણોપાસક (-શ્રાવક) છું એમ...**' બહુવિધ લઈ જવું. બહુવિધના '**દ્રવ્યલિંગમાં મમકાર વડે...**' ઘણા પ્રકારની ક્રિયાકાંડના શુભભાવમાં '**મિથ્યા અંહકાર...**' જૂઠો અહંકાર કરે છે. જૂઠો અહંકાર કરે છે કે અમે ધર્મી છીએ, અમે ધર્મ કરીએ છીએ. જૂઠા છે. સમજાણું કાંઈ? કહો, સમજાણું આમાં? બહારનો વિકલ્પ છે એ તો બંધનું કારણ છે.

'**તેઓ અનાદિરૂઢ...**' છે. '**(અનાદિ કાળથી ચાલ્યા આવેલા)...**' હવે એવો તો શુભભાવ અનાદિ કાળથી ચાલ્યો આવે છે. અનાદિથી કર્યું છે તેં. સાંભળને! કર્મચક્ર છે. પાપ ને પુણ્ય, પુણ્ય ને પાપ બેય કર્મચક્ર અનાદિ કાળથી ચાલ્યું આવે છે. એમાં તેં નવું શું કર્યું? અનાદિરૂઢ છે. '**(અનાદિ કાળથી ચાલ્યા આવેલા) વ્યવહારમાં મૂઢ...**' છે. એ રાગની ક્રિયા, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી ધર્મ માને છે એ વ્યવહારમાં મૂઢ છે. એને ધર્મનું ભાન નથી. વિશેષ કહેશે. એમાં જરી લાંબુ છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**મહા સુદ ૧૫, બુધવાર તા. ૧૪-૨-૧૯૬૮**
**ગાથા-૪૧૩, પ્રવચન-૪૮૭**

... તેની દૃષ્ટિ એટલે અનુભવ વિના એકલું શ્રમણપણું બહારના શુભ ક્રિયાકાંડ કરે છે, મુનિ થઈને. ઈ કહે છે, જુઓ! '**ખરેખર 'હું શ્રમણ છું...**' શ્રમણની ક્રિયા, અઠ્યાવીસ મૂળગુણ. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એવો શુભરાગ કરે છે અને નગ્નપણું ધારણ કર્યું છે. એ માને છે કે હું સાધુ છું. તો કહે છે કે ખોટી વાત છે. સમજાય છે કાંઈ? '**ખરેખર હું શ્રમણ છું, હું શ્રમણોપાસક (-શ્રાવક) છું...**' બાર વ્રતના વિકલ્પ રાગ કરે છે અને પંચ મહાવ્રતનો શુભરાગ કરે છે અને માને છે કે હું સાધુ છું. તો કહે છે કે ઈ મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- સાધુ તો છે ને?

ઉત્તર :- સાધુ... સાધુ ક્યાં રહ્યો?

સાધુ તો આત્મા ચિદાનંદ સ્વરૂપ આનંદનો આશ્રય લઈને પરમ શુદ્ધોપયોગ પ્રાપ્ત કર્યો હોય તેને અહીંયા મુનિ અને શ્રાવક કહે છે. જુઓ! શ્રાવક અને બેય કહે છે. શ્રાવક પણ બાર વ્રતનો ભાવ પ્રગટ કરીને, શુભ ભાવ છે, એ તો પુણ્ય ભાવ છે. એવી વાત છે. અને સાધુ નામ ધરાવી નગ્નપણાનો વેશ ધારણ કરી અઠ્યાવીસ મૂળગુણ, છ આવશ્યક, સામાયિક, ચઉવિસંતુ આદિ, વ્યવહાર જે શુભ રાગ છે એવી ક્રિયાકાંડમાં રહ્યા છે અને માને છે કે અમે સાધુ છીએ અને શ્રાવક છીએ. તો કહે છે કે એ તારી શ્રદ્ધા વિપરીત છે. શું છે? જુઓ!

'**એમ દ્રવ્યલિંગમાં મમકાર વડે...**' છે? '**એમ દ્રવ્યલિંગ...**' દ્રવ્યલિંગનો અર્થ નગ્નપણું અને શ્રાવકનું કોપિન આદિ એક હો અને ક્ષુલ્લકપણું અને અંદરમાં પંચ મહાવ્રત આદિના શુભજોગની ક્રિયા એ દ્રવ્યલિંગ છે. ઈ આત્માનું ભાવલિંગ નહિ. ભાવલિંગનો અર્થ આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવનો આશ્રય કરીને નિર્વિકલ્પ સ્વસંવેદન રાગાદિ રહિત શુદ્ધ ઉપયોગની પ્રાપ્તિ કરવી એને જ નિર્વિકલ્પ ભાવલિંગ કહેવામાં આવે છે. શેઠી!

મુમુક્ષુ :- આગમ અનુસાર..

ઉત્તર :- આગમ અનુસાર શુભરાગની ક્રિયા કરે છે એ પણ દ્રવ્યલિંગ છે.

મુમુક્ષુ :- એના હિસાબે તો .. એમ પૂછે છે.

ઉત્તર :- એમ કહ્યું? શું કહ્યું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- આગમમાં લખ્યું છે તેને અનુસાર..

ઉત્તર :- વ્યવહાર આગમ અનુસાર, નિશ્ચય આગમ અનુસાર નહિ. વ્યવહારની ક્રિયા શાસ્ત્ર પ્રમાણે વ્યવહાર છે તેવો કરે છે અને માને છે કે હું મુનિ છું, તેને સમ્યગ્દર્શનનું ભાન નથી. આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ રાગ રહિત, પુણ્ય રહિત, વ્યવહાર રહિત. એવા નિશ્ચય સ્વભાવનો જેને અનુભવ નથી, તેના આનંદનો સ્વાદ આવ્યો નથી અને એકલી બાહ્ય ક્રિયાકાંડમાં પોતાનું સાધુપણું માને છે તો કહે છે કે દ્રવ્યલિંગમાં મમતા કરે છે, મિથ્યાદૃષ્ટિ છે. કહો, શેઠી!

**'ખરેખર 'હું શ્રમણ છું...'** ખરેખર કહ્યું ને? ખરેખર. વ્યવહાર ક્રિયાકાંડ ખરેખર શ્રમણ છે એમ છે નહિ. સમજાય છે કાંઈ? આહા..! ભગવાન આત્મા તો શુભ ક્રિયાકાંડના રાગથી તો રહિત છે. એ રાગ તો આસ્રવતત્ત્વ છે, પુણ્યતત્ત્વ છે, બંધ-ભાવબંધ ભાવ છે. ભગવાન આત્મા તો ભાવબંધથી રહિત છે. આહાહા..! શુદ્ધ ચૈતન્ય અનંત અનંત જેનું જ્ઞાન છે, અનંત આનંદ છે, અનંત શાંતિ છે. સમજાય છે કાંઈ? વર્તમાન પર્યાયમાં-અવસ્થામાં વસ્તુ સ્વરૂપ અનંત બેહદ આનંદ આદિ જેની શક્તિ છે, એવી દૃષ્ટિ કરી નથી, પોતાના સ્વભાવનું અવલંબન લીધું નથી, પોતાના સ્વભાવનો અનુભવ કર્યો નથી અને એકલી પરાશ્રયે ક્રિયાકાંડ કરે છે, તો કહે છે કે હું શ્રમણ છું અને હું શ્રાવક છું. બાર વ્રત પાળે. સમજાય છે કાંઈ? એ શુભરાગ છે.

મુમુક્ષુ :- પડિમા ધારે તો વાંધો?

ઉત્તર :- પડિમા ધારે તો એ રાગ છે. આત્મા રાગ રહિત પોતાના આનંદ સ્વરૂપના અનુભવ વિના એ ક્રિયાકાંડમાં મમતા કરે છે કે હું સાધું છું, મિથ્યાદૃષ્ટિ છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ! સવારે કહ્યું હતું ને? દ્રવ્યલિંગ. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો'.

ઈ કહે છે આચાર્ય, કુંદકુંદાચાર્ય કે ભાઈ! ભગવાન! તું તો નિર્લેપ ચિદાનંદ મહા સ્વભાવ.. સ્વભાવ.. સ્વભાવ... સ્વભાવ જ્ઞાનસ્વભાવ, પૂર્ણ સ્વભાવ, આનંદ સ્વભાવ, સર્વ પૂર્ણ સ્વભાવ, શાંતિ શાંતિ-સમતાનો સાગર છે. વિકલ્પ ઉઠે છે એ તો વિષમભાવ છે. શુભભાવ જે વિકલ્પ ઉઠે છે એ તો વિષમભાવ છે. ભગવાન આત્મા તો સમતાનો સાગર છે. વીતરાગસ્વરૂપ છે. ચારિત્ર નામ શાંતિની શક્તિને ધરનારો, પૂર્ણ આનંદ ધરનારો, પૂર્ણ જ્ઞાન, દર્શનને ધરનારો. એવો આત્મા સ્વભાવ એનો અનુભવ નહિ કરીને, એનો આશ્રય નહિ કરીને એકલો પરનો આશ્રય કરીને શુભ ક્રિયાકાંડમાં સાધુપણું અને શ્રાવકપણું માને છે તો મિથ્યાદૃષ્ટિ છે. હિરાભાઈ! ભારે આકરું કામ આ. એ.. ભગવાનભાઈ! અમારે ભગવાનભાઈને બહુ હતું. પોષા, અપવાસ બહુ કર્યા છે ને એણે. હવે તો આવી ગયા ને અહીંયા. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


વાત એ છે કે પોતાનું નિજઘર જે છે, નિજઘર. નિજઘરમાં.. પુણ્ય-પાપના વિકલ્પ છે એ તો નિજઘરમાં છે નહિ. અને દેહાદિ તો પોતામાં છે જ નહિ. પોતામાં છે તો વસ્તુ વસ્તુ ચૈતન્ય સ્વરૂપ, જ્ઞાનપુંજ પ્રભુ જેના એક જ્ઞાનસ્વભાવનું હોવું અનંત સ્વભાવ, અનંત શક્તિપણું પ્રસિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ? એ તો આકાશનો વારંવાર દાખલો દઈએ છીએ. સંવરમાં આકાશનો દાખલો આપ્યો છે ને? આકાશને આધાર કોનો? આકાશ છે. આકાશ સમજો છો? સર્વવ્યાપક આકાશ. આકાશને આધાર કોનો? આકાશનો આધાર આકાશ જ છે. સમજાય છે કાંઈ? અને એની અસ્તિ ક્યાં? આકાશની અસ્તિ ક્યાં? અપાર.. અપાર.. અપાર.. અપાર.. અપાર અસ્તિ છે. અને અપાર અસ્તિ, આકાશ સર્વવ્યાપક, એનો આધાર કોણ?

એમ ભગવાન આત્મા એક સમયમાં જ્ઞાનસ્વભાવ, એનો આધાર શું? શું વિકલ્પ આધાર છે? શરીર આધાર છે? નિરાધાર અકારણીય તત્ત્વ પડ્યું છે. સમજાય છે કાંઈ? પણ એ વાત અંતર રુચિ નથી. સમજાય છે કાંઈ? બહારનું રુચે છે, બહારનું એને. ભગવાન આત્મા બેહદ સ્વરૂપ એકલું. વિકલ્પ નામ દયા, દાન કે અઠ્યાવીસ મૂળગુણની ક્રિયાનો રાગ અને બાર વ્રતના વિકલ્પનો રાગ અથવા શ્રાવકના ષટ્કર્મ છે ને? ષટ્કર્મ-ષટ્ આવશ્યક. દેવદર્શન, ગુરુ પૂજા આદિ એ પણ શુભ વિકલ્પ રાગ છે.

મુમુક્ષુ :- હા, પણ ધર્મ તો ખરો ને.

ઉત્તર :- એ ધર્મ નથી, એ તો સ્વરૂપનો અનુભવ કરીને ધર્મ પ્રગટ કર્યો હોય તો એને વ્યવહાર ધર્મનો આરોપ કરવામાં આવે છે. પણ અહીં સ્વરૂપનો અનુભવ તો છે નહિ અને એકલી રાગની ક્રિયામાં પોતાનો ધર્મ માને છે, ઈ કહે છે, જુઓ!

'**દ્રવ્યલિંગમાં મમકાર વડે...**' મમત્વ. જુઓ! મોહ મિથ્યાત્વ થયું એ તો. આહા..! શું કહે છે? ચૈતન્યબિંબ ભગવાન. શુદ્ધ અનંત અનંત બેહદ જેની ચૈતન્યધાતુ. ચૈતન્યથી ભરેલો છે, આનંદથી ભરેલો છે, પૂર્ણ શાંતિ વીતરાગ સ્વભાવથી ભરેલો છે. એવી ચીજ જે છે એનું તો લક્ષ, દૃષ્ટિ કરતો નથી, અને પોતાના સ્વભાવમાં નથી એવા ક્રિયાકાંડના શુભભાવમાં મમત્વ, મમત્વ 'ઈ હું છું, હું કરું છું, મેં કર્યા, હું કરું છું' એનું નામ મિથ્યાત્વ ભાવ છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! અનંત કાળમાં પોતાની નિજ નિધિ, નિજ નિધિ શું છે? એનો એનો ખ્યાલ આવ્યો જ નથી. સમજાય છે કાંઈ?

આચાર્ય તો પોકાર કરે છે, પ્રભુ! આવો આત્મા છે, ભગવાન! ઓહો..! એ કૃત્રિમ વિકલ્પ ઉઠે છે, વ્રતનો, દયા, દાનનો, પૂજાનો, ભક્તિનો એ તો કૃત્રિમ વૃત્તિ છે, વસ્તુમાં નથી. એની શક્તિમાં નથી. વસ્તુમાં નથી-દ્રવ્યમાં, શક્તિમાં નથી-ગુણમાં. એ પર્યાયમાં નવી ઉત્પન્ન કરે છે એ સ્વભાવમાં નથી. અને નવી ઉત્પન્ન કરીને હું કરું છું અને ઈ મારો ધર્મ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે, એવી માન્યતા મમકારભાવથી મિથ્યા અહંકાર કરે છે. મમત્વભાવ વડે શુભ ક્રિયાકાંડમાં મમત્વભાવ વડે. જુઓ ભાષા! '**મિથ્યા અહંકાર કરે છે,...**' સમજાય છે કાંઈ? છે ભાઈ એમાં? સૂક્ષ્મ વાત છે.

અહીં તો શું કહે છે? પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનપુંજ. એમાં મમત્વ નામ પોતાપણું માનીને જે દૃષ્ટિ કરીને અનુભવ કરવો, એ છોડી દીધું. અને પોતાના સ્વભાવમાં નથી એવા વિકલ્પની શુભરાગની પ્રવૃત્તિ કરીને મમત્વ દ્વારા અહંકાર મિથ્યાત્વ (કરે છે કે) 'હું સાધુપણું પાળું છું, હું શ્રાવક છું'. એ શુભરાગમાં અહંકાર કરે છે, મિથ્યાદૃષ્ટિ છે. ધીરૂભાઈ! એઈ.. શેઠી! ત્યાં તમે મોટા જયપૂરમાં રહેનારા. મોટા કુટુંબના. ભાનેય કાંઈ નહોતું.

મુમુક્ષુ :- વ્યવહાર..

ઉત્તર :- એ વ્યવહાર તો બંધનું કારણ છે. હો તો હો. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી હોય છે. પણ છે બંધનું કારણ. એ મોક્ષનો માર્ગ નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જરૂરી નથી, જરૂરી નથી. આવે છે, જરૂરી નથી.

મુમુક્ષુ :- .. નિશ્ચય છે..

ઉત્તર :- નિશ્ચય છે ત્યાં આવો (ભાવ) આવે છે. હોય છે નામ કરવો પડે છે એમ નહિ. એ તો વિકલ્પ છે, રાગ છે. રાગ કરવો પડે છે એમ નથી. રાગ આવે છે ઈ બંધનું કારણ છે. સૂક્ષ્મ છે. પહેલા એ વાત ઘૂંટી હતી. આ તો માંડ માંડ હવે ફર્યા છે. નહિ તો બધા પ્રશ્ન કરતા હતા. એ તો વાત એવી છે.

આખો ચૈતન્યગોળો વસ્તુ અરૂપી જ્ઞાનઘન છે. એમાં વિકલ્પ ને રાગનો અવકાશ ક્યાં છે? સમજાય છે કાંઈ? નિશ્ચય પોતાનો અનુભવ હોય, પોતાના સ્વરૂપમાં સ્થિર ન થઈ શકે ત્યારે આવો શુભ વિકલ્પ આવે છે. આવે છે, પણ એમાં ઉત્સાહ નથી. ગ્રહણ કરવાનો ઉત્સાહ નથી કે આ ઠીક છે અને મારું કાર્ય છે, એમ નથી. ત્યારે તેને વ્યવહાર કહેવામાં આવે છે. ભારે વાત ભાઈ! પોતાની નિજ નિધિમાં શું છે એની ખબર નથી. આ નિધિ વિનાનો ઉપરનો કાટ. સોના ઉપરનો કાટ. કાટને શું કહે છે? સમજ્યા? કાઈ હોય ને કાઈ. એમ ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાન, આનંદ, શાંતિ આદિ શુદ્ધ સ્વરૂપનો પિંડ સોના સમાન છે અને પુણ્ય-પાપના વિકલ્પ જે ઉઠે છે, એ તો કાઈ છે. જંગ કહે છે ને? જંગ કહે છે, જંગ કહે છે. તો જંગ છે ઈ મારું સ્વરૂપ છે. (એને) સોનાવાળો એમ માને કે આ સોનું છે, તો મૂઢ છે. શેઠી!

કુંદકુંદાચાર્ય મહારાજ મૂળ પાઠમાં કહે છે, જુઓ! '**कुव्वंति जे ममत्तिं**' એમ છે ને

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શબ્દ? '**कुव्वंति जे ममत्तिं**'. અહીં મમત્વભાવ દ્વારા મિથ્યા અહંકાર કરે છે. વિશેષ ખુલાસો કર્યો-એનો અર્થ. સમજાય છે કાંઈ? અમૃતચંદ્રાચાર્યદેવે ખુલાસો કર્યો કે મમત્વનો અર્થ શું? '**पासंडीलिंगेसु व गिहिलिंगेसु व बहुप्पयारेसु**' ઘણા પ્રકારના શુભ વિકલ્પની જાળ ઉઠે. શુભની, શુભની. સમજાય છે કાંઈ? એ પુણ્ય છે, રાગ છે, વિકલ્પ છે. આત્માના અમૃતસ્થાન સ્વરૂપથી વિપરીત વિકલ્પ છે. એમાં મમત્વ કરે છે કે એ મારો છે અને હું સાધુ છું, હું શ્રાવક છું. તો કહે છે કે મિથ્યા અહંકાર કરે છે. '**कुव्वंति जे ममत्तिं**' એટલો અર્થ કર્યો. '**દ્રવ્યલિંગમાં મમકાર વડે મિથ્યા અહંકાર કરે છે...**' એમ કહ્યું. સમજાય છે કાંઈ? પહેલી સમજમાં શું ચીજ છે એની ખબર નથી. અને એ બાહ્ય ક્રિયાકાંડમાં પોતાપણું માને છે તો પોતાનું શુદ્ધ આનંદસ્વરૂપ તો રાગમાં માની લીધું, પુણ્યમાં માની લીધું, વિકારમાં માની લીધું. એ તો મોટો મિથ્યાત્વભાવ છે, એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ? ગાથા એવી આવી છે, જુઓ! સવારે નિર્જરાની વાત કરી, આ મોક્ષમાર્ગની વાત છે.

'**જેઓ ખરેખર 'હું શ્રમણ છું, હું શ્રમણોપાસક (-શ્રાવક) છું' એમ દ્રવ્યલિંગમાં મમકાર**...' દ્રવ્યલિંગ નામ બાહ્ય ક્રિયાકાંડ. દેહની નગ્નદશા, શ્રાવકની કોપિન આદિની બાહ્ય દશા અને અંતરમાં વ્રતનો વિકલ્પ શુભરાગ. એ બધાને દ્રવ્યલિંગ કહેવામાં આવે છે. ભાવલિંગ એ વિકલ્પથી ભિન્ન પોતાના આનંદસ્વરૂપની અંતર દૃષ્ટિ અને જ્ઞાન અને એમાં રમણતા જે વીતરાગી પર્યાય છે, જે શુદ્ધ ઉપયોગ છે તેને ભાવલિંગ અને મુનિપણું કહે છે. કહો, સમજાય છે કાંઈ? '**મમકાર વડે...**' એનો અર્થ શું? કે પોતાનું શુદ્ધ-પવિત્ર સ્વરૂપ છે, એને છોડીને જે ક્રિયાકાંડના વિકલ્પ ઉઠે છે એમાં મમત્વભાવ દ્વારા. આ હું છું, એના દ્વારા. આ હું, આ હું, આ હું, મારું કર્તવ્ય છે, મારું આચરણ છે, મારું સ્વરૂપ છે એવા શુભરાગમાં મમત્વભાવ દ્વારા મિથ્યા નામ જૂઠો અહંકાર કરે છે. જે સ્વરૂપમાં નથી એનો અહંકાર કરે છે, એનું નામ મિથ્યાદૃષ્ટિ કહે છે. ભારે વાતું. ભાઈ! તારું સ્વરૂપ છે ને. આ સ્વરૂપ છે? શુભભાવ એ એનું સ્વરૂપ છે? સ્વરૂપ હોય તો છૂટું કેમ પડે? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- .. સાવધાન કર્યા છે.

ઉત્તર :- હા, સાવધાન કર્યા છે.

ભાઈ! પ્રભુ! તું મહાનિધાન છો ને, નાથ! આહાહા..! અમૃતચંદ્રાચાર્ય નથી કહેતા પ્રવચનસારમાં? ભગવાનનો ઉપદેશ તીક્ષ્ણ ધાર જેવો પામીને. આવે છે ને? સર્વજ્ઞ ભગવાનનો ઉપદેશ, જૈન ઉપદેશ તીક્ષ્ણ ધાર. ઉપદેશમાં એમ આવે છે કે મોહ અને રાગ-દ્વેષનો નાશ કરવો એમ ભગવાનનો ઉપદેશ છે. તરવાર જેમ માથુ કાપે છે તો તરવાર કહેવાય છે ને? એમ ભગવાનનો ઉપદેશ ત્રિલોકનાથ પરમેશ્વરની વાણીમાં એવો ઉપદેશ આવ્યો કે એને તીક્ષ્ણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ધાર કહ્યું-ઉપદેશને. કેમ કે એ રાગ ને દ્વેષ ને અજ્ઞાનને નાશ કરવાનો ઉપદેશ આપે છે. સમજાય છે કાંઈ?

જિનવાણી કોને કહે છે? જિનવાણીમાં તો વીતરાગતા આવે એને જિનવાણી કહે છે. રાગ આવે છે તેને બતાવે છે એનું નામ જિનવાણી છે. બતાવે છે. આદર કરાવે એ જિનવાણી ક્યાં છે? સમજાય છે કાંઈ? આહાહા..! બતાવે છે. જ્યાં સુધી પૂર્ણ વીરતા, પૂર્ણ ધીરતા, પૂર્ણ શાંતિ પ્રગટ ન થાય ત્યાં સુધી વચ્ચે અશુભથી બચવા માટે એમ કહેવામાં આવે છે. બાકી તો એ કાળમાં એવો શુભભાવ હો, આવે છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા. પણ છે ઈ બંધનું કારણ. એમ ન સમજે તો દૃષ્ટિમાં મિથ્યાત્વ પડ્યું છે એમ કહે છે. શેઠી! આહાહા..!

ભાઈ! સમ્યક્પણું કોને કહે? સાચાપણું કોને કહે? સત્યપણું કોને કહે? કે જે સ્વભાવમાં નથી તેને પોતાનું માનું એ તો અસત્યપણું થયું. સ્વભાવ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન, એ સ્વભાવ, એની માન્યતા કરવી, એ છે એવી નિર્વિકલ્પ (માન્યતા કરવી). એ તો સ્વભાવની અનંતતાની બેહદતા છે તેમાં જ્યાં એકાકાર થાય છે, તો અનંતમાં એકાકાર થવાથી વિકલ્પની એકતા તૂટી જાય છે. વિકલ્પ નામ રાગની એકતા તૂટે એ દશાને એકતા કહે છે અને એ દશાને ધર્મ કહે છે. સમજાય છે કાંઈ? કહો! આહાહા..! લોકોને મળ્યું નથી એટલે આકરું લાગે આ.

આચાર્ય ભગવાન તો કહે છે કે જિનનો ઉપદેશ તીક્ષ્ણ તરવાર એકલી તરવાર જેવો નહિ. એમ કહ્યું છે ને? તીક્ષ્ણ તરવાર, તીક્ષ્ણ તરવાર. આમ સજાવેલી. તરવાર સમજો છો? સજેલી આમ તૈયાર. અને જે ચક્રવર્તીની તરવાર હોય છે એની એક હજાર દેવ સેવા કરે. ચક્રવર્તીની એક તરવાર હોય છે. એની એક હજાર દેવ સેવા કરે. એની એટલી તીખી ધાર છે કે વજ્રનો સ્તંભ હોય, વજ્રનો સ્તંભ! કાકડી કાપે (એમ કાપી નાખે). કાકડી સમજો છો? શું કહે છે? કકડી. કાકડી હોય ને? ખીરા. કાકડી હોય છે. કકડી નથી હોતી? એ કાકડી વનસ્પતિ કુણી હોય છે ને? બહુ કુણી. તીક્ષ્ણ ધાર એવી હોય છે.. ચક્રવર્તીની તરવાર. વજ્રનો સ્તંભ હોય તો એને તોડી નાખે. ફડાક દઈને કાપી નાખે. એવો ભગવાનનો ઉપદેશ, વીતરાગની વાણી તીક્ષ્ણ ધાર જેવો ઉપદેશ છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા પવિત્ર વીતરાગ પિંડ છે. એમાં રાગની એકતા તોડવાનો ઉપદેશ ભગવાનનો છે. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, આમ નહિ કરીને, એકલા સંયોગી વિકારી પુણ્યભાવ ક્રિયાકાંડના, મમત્વભાવ. આ હું છું અને મારી ક્રિયા છે, રાગ હું છું અને રાગની ક્રિયા હું છું, એવો મિથ્યા અહંકાર કરે છે. અનાદિરૂઢ છે. એ તો અનાદિની મંદ રાગની ક્રિયા અનાદિથી ચાલી આવે છે. એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કંઈ નવી નથી. સમજાય છે કાંઈ? નિગોદમાં પણ.. નિગોદ હોય છે ને? નિગોદ સમજો છો? બટાટા, ફૂગ એમાં પણ શુભ-અશુભ, શુભ-અશુભ ભાવ નિરંતર થાય છે. ઈ કહે છે કે એ શુભભાવ અનાદિરૂઢ છે. એમાં આત્માનો ભાવ ક્યાં આવ્યો? એમ કહે છે. આહાહા..! ભાઈ! તારે ધર્મ કરવો હોય તો ધર્મ તો આત્મસ્વભાવનો આશ્રય લેવાથી થાય છે. શું શુભરાગના આશ્રયથી અને શુભરાગ ધર્મ છે કે તેના આશ્રયથી તને ધર્મ થાય?

કહે છે કે એ શુભભાવ અનાદિરૂઢ છે. એ તો અનાદિ કાળથી અના-સમાગત. અનાદિ કાળથી સમાગત છે ને? સમાગત એમ કર્યું છે. અનાદિ કાળથી સમાગત એમ લખ્યું છે. તમારે શું લખ્યું છે ગુજરાતી? **'ચાલ્યા આવેલા..'** અહીં સમાગત છે. બરાબર છે. અનાદિકાળથી સમાગત. અહીં કૌંસમાં એમ લખ્યું છે. ચાલ્યા આવેલા. આ સમાગત. અનાદિથી ચાલ્યા આવે છે એનો અર્થ શું? કે ભગવાન આત્મા શુદ્ધ આનંદનો ભૂલીને પાપ-પુણ્ય, પાપ-પુણ્ય, પાપ-પુણ્ય એ તો અનાદિથી ચાલ્યું આવે છે. એમાં તેં નવું શું કર્યું? એમ કહે છે. સમજાય છે કાંઈ? કેમ ત્યાં રોક્યા હતા? જવાબ ન આપ્યો તમને. ... કહો, સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો અનાદિરૂઢ, વ્યવહારમૂઢ અનાદિ અનારૂઢ. નિશ્ચય અનારૂઢ, નિશ્ચય અનારૂઢ. ત્રણ શબ્દ વાપર્યા છે. સમજાણું કાંઈ? કહે છે, ભાઈ! પ્રભુ! તું એવો છો કે જેમાં એ શુભ ક્રિયાકાંડનો રાગ છે જ નહિ. અને એ રાગની ક્રિયા તો અનાદિરૂઢ છે. એ રાગની ક્રિયા તો અનાદિથી ચાલી આવે છે, એમ કહે છે. રાગભાવ, રાગભાવ, રાગભાવ, રાગભાવ તો અનાદિથી ચાલ્યો આવે છે. વસ્તુ જેમ અનાદિથી શુદ્ધ ચાલી આવે છે, એમ શુભરાગ પણ અનાદિથી ચાલ્યો આવે છે, એમ કહે છે. આહાહા..! નવરંગભાઈ! ભારે વાત આમાં. ભારે કામ પણ આમાં ગળે ઉતરવું.. અરે..! પણ આ અનંત કાળમાં ચાર ગતિના દુઃખમાં દુઃખી, દુઃખી, દુઃખી છે. દેવમાં દુઃખી, નરકમાં દુઃખી, શેઠિયા દુઃખી, રાંકા દુઃખી. પોપટભાઈ! તમને બધા પૈસાવાળાને સુખી કહે. છોકરાને આટલા થયા તો પૈસા ઉડાવ્યા. તમને બાપને પૂછ્યા વિના. તો આને શેના પૂછે? તમે તો ભેગા છો, આણે તો જુદા પાડ્યા છે. આહાહા..! પણ એમાં છે શું? એ તો જડની ક્રિયા જડમાં થવાની હતી. અને એમાં કોઈ રાગની મંદતા કરી એ તો અનાદિરૂઢ ભાવ છે. અનાદિરૂઢ નામ અનાદિથી ચાલ્યો આવે છે. એવી કોઈ નવી વસ્તુ નથી, એમ કહે છે. આહાહા..! પંચ મહાવ્રતના શુભ પરિણામ અને અઠ્ઠાવીસ મૂળગુણના વિકલ્પ અને બાર શ્રાવકના વ્રતના જે વિકલ્પ રાગ, કહે છે કે એ તો અનાદિરૂઢ છે, અનાદિરૂઢ છે. એ કંઈ નવી વસ્તુ નથી. પાપ-પુણ્ય, પાપ-પુણ્ય, પાપ-પુણ્ય કર્મચક્ર, કર્મચક્ર, કર્મચક્ર ભગવાનથી ભિન્ન, ચૈતન્યમૂર્તિથી ભિન્ન એવું કર્મચક્ર અનાદિથી ચાલ્યું આવે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. તેં નવું શું કર્યું? એમ કહે છે. આહાહા..! વાહ! એ.. ચંદુભાઈ!

ભગવાન! આહાહા..! એક વાર નિધિ ઉપર નજર તો કર કે શું ચીજ છે? એમાં શુભરાગ-બાગ છે નહિ, અનંત આનંદ આદિ વીતરાગતા પડી છે એમાં. સમજાય છે કાંઈ? આહાહા..! એવો ભગવાન જેવી અનંત વીતરાગસ્વરૂપ... સવારે જંગલમાં કહ્યું હતું,

જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ,
યહી વચનસે સમજ લે જિન પ્રવચનકા મર્મ.

'જિન સો હી હૈ આત્મા'. આહા..! પરમાત્મ પ્રકાશમાં કહે છે કે જીવ અને જિનવર, બેમાં કાંઈ ફેર નથી. જિનવરની વર્તમાન અવસ્થા પૂર્ણ વીતરાગ અને પૂર્ણ જ્ઞાન ને દર્શન આદિ પ્રગટ થઈ છે. તારામાં એવી ને એવી શક્તિ પૂર્ણ વીતરાગ (પડી છે). એમને વીતરાગતા એક સમયની પૂર્ણ પ્રગટ થઈ છે. તારામાં એવી અનંતી વીતરાગતાનું ધામ તારું સ્વરૂપ છે. શું તારી ચીજમાં રાગ છે? એમ કહે છે. ... તારી ચીજમાં છે? અનાદિરૂઢ છે. એ તો અનાદિથી ઘૂંટેલી તારી ચીજ છે. રાગ.. રાગ.. રાગ.. શુભરાગ, શુભરાગ. એ તો તારા રાગના ઘૂંટણનો સ્વભાવ અનાદિનો છે. તેં આત્માની એકાગ્રતા કદી કરી નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ?

કહે છે, '**તેઓ અનાદિરૂઢ (અનાદિ કાળથી ચાલ્યા આવેલા) વ્યવહારમાં મૂઢ...**' શેઠી! શું કહે છે? કે વ્યવહાર રાગ જે થયો, એમાં તો તું મૂઢ થયો છે. એ વ્યવહારમાં મૂઢ થઈ ગયો. વ્યવહારનો જ્ઞાતા થવું જોઈએ, પોતાના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન અને ભાન કરીને રાગ આવ્યો તેને જ્ઞાતા થઈને જાણવો જોઈએ. આ તો રાગમાં મૂઢ થઈ ગયો. ઈ જ હું છું, એમ થઈ ગયું. એનાથી જાણનારો તો ભિન્ન રહી ગયો, એને ભિન્ન રાખ્યો નહિ. તેં રાગમાં પોતાની જાતને ભેળવી દીધી. એમ કહે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ફરીને કહીએ છીએ. અહીં આપણે ક્યાં..

કહે છે, ભગવાન આત્મા પોતાનો વીતરાગ જ્ઞાનસ્વરૂપ આત્મા છે. એમાં જે રાગ છે એ તો અનાદિરૂઢ છે. અનાદિરૂઢ. અનાદિના એ તો રાગના સંસ્કાર છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- અનાદિ રાગ છે, અનાદિનો રાગ છે.

મુમુક્ષુ :- અનાદિનો હોય પણ શાંત થાય?

ઉત્તર :- હા, શાંત થાય છે. છે, વાંચ્યું છે કે નહિ? અંદર જુઓ. અનાદિરૂઢ છે. સાંભળો તો ખરા. વિકાર અનાદિથી નવો નવો ચાલ્યો આવે છે. નવો નવો નવો અનાદિથી ચાલ્યો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આવે છે. રાગ નવો છે? જુઓને! અનાદિરૂઢ શબ્દ પડ્યો છે. સંસ્કૃત છે. કુંદકુંદાચાર્યની વાણીમાંથી કાઢ્યું છે. રાગ વિકલ્પ છે એ અનાદિથી ચાલ્યો આવે છે. નવો, નવો, નવો અનાદિથી ચાલ્યો આવે છે. એકરૂપ અવસ્થા રહે છે એમ નહિ.

અહીં તો બીજું કહેવું છે, તારી ક્રિયાકાંડનો આવો રાગ છે એ રાગ નવો નવો અનાદિથી તારામાં ચાલ્યો આવે છે. એ નવી ચીજ ક્યાં છે? એમ કહે છે. સમજાય છે કાંઈ? અનાદિરૂઢ. જુઓને પાઠ છે. અમૃતચંદ્રાચાર્યે કેટલું સ્પષ્ટ કર્યું છે. જેમ ભગવાન આત્મા શુદ્ધ આનંદઘન ચિદાનંદ નિર્વિકલ્પ અનાદિથી ચાલ્યો આવે છે, એમ રાગ.. રાગ.. રાગ.. નવો નવો કરતાં કરતાં અનાદિથી ચાલ્યો આવે છે. સમજાય છે કાંઈ? એનો અંત કરનારી તો આત્મસ્વભાવની દૃષ્ટિ કરે તો એનો અંત આવે છે. એમ કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. નિગોદમાં પણ શુભ-અશુભ થાય છે. સાંભળ્યું છે ક્યાં? નિગોદ સમજ્યા? નિગોદ એટલે શું?

મુમુક્ષુ :- નરક.

ઉત્તર :- નહિ. નિગોદ. નરક તો પંચેન્દ્રિય જીવ હોય છે. આ તો એકેન્દ્રિય. આ લીલ, ફૂગ, બટાટા, કંદ, સૂરણ કંદ. લીલ, ફૂગ નહિ. ફૂગ થાય છે, જળમાં ફૂગ થાય છે. એક શરીરમાં અનંત જીવ છે, એમાં એક શરીરમાં અનંત જીવ છે. ફૂગમાં. સમજાય છે? અરે..! એ તો સાધારણ વાત છે, એ તો વ્યવહાર વાત છે. ફૂગ, ફૂગ આટલી લ્યો. જળમાં ફૂગ થાય છે ને? એ ફૂગની એક કણી લો તો એમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે. અને એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા એના કરતાં અનંતગુણા જીવ છે. તો ત્યાં પણ શુભ-અશુભ ભાવ થાય છે એમ કહે છે. ત્યાં શુભભાવ થાય છે તો મરીને મનુષ્ય થાય છે. એમાં નવું શું છે? એમ કહે છે અહીંયાં. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. શુદ્ધભાવ પુણ્ય-પાપના રાગથી રહિત તારી ચીજની અનુભવ દૃષ્ટિ કરી નહિ, તારું કલ્યાણ કદી નહિ થાય. બાર વ્રત પાળીને અને પંચ મહાવ્રત પાળીને મરી જાય નહિ. એમ કહે છે. અમૃતચંદ્રાચાર્ય દિગંબર મુનિ અને કુંદકુંદાચાર્ય તો બે હજાર વર્ષ પહેલા થયા. એમની તો આ ગાથા છે. જુઓ!

‘**पासंडीलिंगेसु व गिहिलिंगेसु व बहुप्पयारेसु**’ ઘણા પ્રકારના શુભ વિકલ્પ. ‘**कुव्वंति जे ममत्तिं**’. જે મમત્વ કરે છે એ આત્માને જાણતા નથી. જેના સ્વભાવમાં એ રાગ સ્વભાવમાં છે જ નહિ. નવો નવો ઉત્પન્ન કરતાં અનાદિ કાળથી ચાલ્યો આવે છે. એ મારી ક્રિયા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે અને મારું કામ છે, એમ મમત્વ કરે છે, એ મિથ્યા અહંકાર કરે છે એમ કહે છે. અસત્યમાં પોતાનું સત્યપણું માને છે. આહાહા..! કઠણ વાત છે જગતને. એને આત્મા અંદર ચિદાનંદ ધ્રુવ પરમાત્મા પૂર્ણ આનંદ, આનંદ, આનંદ સ્વપ્રકાશકનો પિંડ પ્રભુ આત્મા છે. સમજાય છે કાંઈ? એક એક આત્માનો એક ગુણ અનંત, એવા એવા અનંત ગુણ અનંત. એવા અનંત ગુણ અને એક એક ગુણમાં અનંતી શક્તિ. એ કહેવામાત્ર નથી. સમજાય છે કાંઈ? એમાં સ્વભાવભાવ એવો ભર્યો છે કે જેમાં રાગનો અંશ નથી અને વીતરાગતાની હદ નથી. રાગનો અંશ નથી અને વીતરાગતાની હદ નથી. બેહદ વીતરાગતા ભરી છે. વીતરાગ, વીતરાગ. ચારિત્રગુણ. અકષાય રસકંદ, અકષાય સ્વભાવ. એક ગુણ વીતરાગ બેહદ પડ્યો છે. એને અનંત વીતરાગતા કહો, એકરૂપ વીતરાગતા કહો, સર્વરૂપ વીતરાગતા કહો. પૂર્ણ વીતરાગતા કહો, અખંડ વીતરાગતા કહો. સમજાય છે કાંઈ? એવી ચીજમાં પડી છે. સવારે તો બધા બોલ મેળવ્યા હતા ને.

સર્વ જ્ઞાન કહો, પૂર્ણ જ્ઞાન કહો, અખંડ જ્ઞાન કહો, અભેદ જ્ઞાન કહો, એક જ્ઞાન કહો. એવો તો એક જ્ઞાન ગુણ છે આત્મામાં. એમ આત્મામાં સર્વદર્શી કહો, પૂર્ણ દર્શી કહો, એક દર્શી કહો, અભેદ દર્શી કહો. એવો તો એક દર્શનગુણ પડ્યો છે. એમ ચારિત્ર. પૂર્ણ વીતરાગ કહો, અભેદ વીતરાગ કહો, સંપૂર્ણ વીતરાગ કહો. સર્વ વીતરાગ કહો. આહાહા..! શું તત્ત્વ છે એની ખબર નથી. શેઠી! બધું ઊંધું સાંભળ્યું હતું. ન્યાં જયપૂરમાં. આહાહા..!

ભગવાન! અહીં શું કહે છે? જુઓને! ભાઈ! એ તો અનાદિરૂઢ છે. '**વ્યવહારમાં મૂઢ...**' છે. '**વ્યવહારમાં મૂઢ (મોહી) વર્તતા થકા...**' જુઓ ભાષા! સમજાય છે કાંઈ? વ્યવહાર રાગ થયો, શુભરાગ એમાં તો મોહી થયો. ઈ જ હું છું, એમ થઈ ગયું. મૂઢ છે. આત્મા આખો વીતરાગસ્વરૂપ છે એ રાગરૂપ છે એમ તેં માન્યું. સમજાય છે કાંઈ? એમ કહે છે. આ ટીકા અમૃતચંદ્રાચાર્યની, કુંદકુંદાચાર્યની અલૌકિક વાત છે. આ ભરતક્ષેત્રમાં આવી ટીકા નથી. એવી ચીજ છે. સમજાય છે કાંઈ? દિગંબર સંત જંગલમાં રહેનારા, આત્માના આનંદમાં. વિકલ્પ આવ્યો વાણી વાણીને કારણે સૂત્ર રચાઈ ગયા. કહે છે, વિકલ્પ પણ હું નથી અને વાણીની રચના મેં કરી નથી. સમજાય છે કાંઈ? ભઈ, કરુણાથી વિકલ્પ આવ્યો તો કંઈ લાભ છે કે નહિ? કહે છે, ભાઈ! એ તો શુભરાગ છે. એ કંઈ આત્માની ચીજ નથી. હોય તો કેમ છૂટી જાય? છૂટી જાય એ પોતાની ચીજ નહિ. સમજાય છે કાંઈ? અને પોતાની ચીજ નથી એમાં મમત્વ દ્વારા હું કરું છું અને મારી ચીજ છે, એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- કલ્યાણ નથી. ઈ જ કહે છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો'. કેટલી, કેટલી ક્રિયા એની? ચામડા ઉતરડીને ખાર છાંટે તો પણ ક્રોધ ન કરે એવી ક્ષમા. પરંતુ આત્મા શું અખંડાનંદ પ્રભુ રાગ રહિત છે એવી અનુભવ દૃષ્ટિ કરી નહિ. તો જન્મ-મરણનો એક આંટો ટળ્યો નહિ. કેમ મટે? રાગ ઈ જ ભવ છે, રાગ ઈ જ ભવ છે. તો રાગથી ભવનો અભાવ, ભવથી ભવનો અભાવ કઈ રીતે થાય? સમજાય છે કાંઈ? રાગથી રહિત ભગવાન આત્મા છે એ ભવથી રહિત છે. એવા આત્માનો અનુભવ કરવાથી ભવનો અભાવ થાય છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! અત્યાર સુધી દરકાર કરી નથી. એમ ને એમ રૂઢ ચાલ્યો આવે છે.

અહીં ભગવાન આચાર્ય કહે છે, ભાઈ! તને અનાદિરૂઢ ચાલ્યો આવે છે. સમાગત. વ્યવહારમાં મૂઢ થઈ ગયો છો. '**વ્યવહારમાં મૂઢ (મોહી) વર્તતા થકા...**' એમ ભાષા છે. તું વ્યવહારમાં મૂઢ થયો છો. કર્મને કારણે નહિ. સમજાય છે કાંઈ? તું પોતાનું શુદ્ધ સ્વરૂપ ભગવાન પવિત્ર આનંદમૂર્તિનો આશ્રય નહિ કરીને, વિકલ્પ શુભરાગમાં મૂઢ વર્તતો થકો, મૂઢ વર્તતો થકો એટલે? ઈ જ હું છું, વીતરાગસ્વરૂપ ભગવાન આત્માનું મમત્વ છોડીને, ઈ હું છું, વીતરાગસ્વરૂપ આત્મા છે, સમતાનો સાગર છે, જ્ઞાનનો ભંડાર છે એને પોતાનું નહિ માનીને, આ રાગ હું છું, એવા મમત્વ દ્વારા વ્યવહારમાં મૂઢ થાય છે. એ અજ્ઞાની છે. સમજાય છે કાંઈ? વ્યવહારે સમકિતી. એ એક ફેરી આવ્યું હતું ને? ભડક્યા હતા એ લોકો. વ્યવહાર સમકિતી કહે છે ને? તે દી એક ફેરી એમ આવ્યું હતું. વ્યવહારે સમકિત છે. ધૂળમાંય સમકિત નથી. વ્યવહાર શું, વ્યવહાર તો રાગ છે. શું રાગ સમકિત છે? વ્યવહાર સમકિત સમકિત છે જ નહિ, વ્યવહાર સમકિત તો રાગ છે. નિશ્ચય આત્માના અનુભવની દૃષ્ટિ થઈને પ્રતીતિ થવી નિશ્ચય સમકિત તે સમકિત છે. વ્યવહાર સમકિત કોઈ ચીજ નથી. એ તો રાગ છે. મોક્ષમાર્ગ એક છે, બે નથી. સમજાય છે કાંઈ? આહાહા..! માણસને અંતરની મહિમા અને એ ચીજની સામર્થ્ય-શક્તિ છે એની મહિમાની ખબર નથી. આટલું કર્યું તો... સ્વભાવસન્મુખથી વિમુખ અને વિભાવથી સન્મુખ. એ દિશા તો અનંતકાળથી ચાલી આવે છે. ઈ કહે છે. ભગવાન! એ તો તેં અનાદિ કાળથી કર્યું છે. એ ક્યાં નવું છે? સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ પિંડ પ્રભુ, પરમાત્મા જિન જિનસ્વરૂપ આત્મા છે. જિન છે તે જીવ છે અને જીવ છે તે જિનસ્વરૂપ છે. એવા સ્વરૂપની સન્મુખ થયો નથી અને રાગથી વિમુખ કદી થયો નથી. સ્વભાવથી વિમુખ થઈને, રાગ સન્મુખ થઈને એ રાગ મારી ક્રિયા છે એમ માન્યું છે. એ મિથ્યાદૃષ્ટિ વ્યવહારમાં મૂઢ છે. શેઠી! આમ છે. સમજવું પડશે. ઈ વિના કલ્યાણ નથી. પૈસા ખર્ચી નાખ્યા, જાઓ! પાંચ-પચ્ચીસ આપી દીધા, સો, બસો,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પાંચ હજાર, દસ હજાર, વીસ હજાર, સોળ લાખ ખર્ચ્યા, લ્યો. એમાં શું થયું? સમજાય છે કાંઈ? ભાઈ! ગયા વર્ષે અમે જયપૂર ગયા હતા ને? ત્યાં ગોદિકાજી છે ને? ગોદિકાજી છે. સોળ લાખ ખર્ચ્યા. અગિયાર દિવસમાં અગિયાર લાખ. અમે ગયા વર્ષે ગયા હતા. પાંચ લાખનો તો હોલ બનાવ્યો છે. ટોડરમલજી હોલ. ટોડરમલજી મોક્ષમાર્ગ પ્રકાશકના રચયિતા છે ને? એના કુટુંબના છે. પાંચ લાખનો હોલ. ફાગણ સુદ-૨નું ઉદ્દ્ઘાટન હતું એટલે અમે ત્યાં ગયા હતા. જોયો છે? ત્યાં બહાર છે, ગાંધીનગરમાં. પાંચ લાખનો હોલ. અમે અગિયાર દિવસ રહ્યા તો છ લાખનો ખર્ચ થયો. અગિયાર દિવસમાં. અગિયાર દિવસમાં છ લાખ. અને પાંચ લાખ એના નભવા માટે આપ્યા. ધ્રુવ ફંડમાં. સોળ લાખ. તો મેં એમને કહ્યું, ભાઈ! સોળ લાખમાં ધર્મ થશે? એ તો જડની ક્રિયા થઈ. તમારાથી થઈ નથી. એઈ..! આ શેઠી હતા, શેઠીના દીકરા પણ સાથે હતા. એમાં તમારો શુભભાવ છે, શુભભાવ છે તો પુણ્ય થયું. એનાથી તમને ધર્મ થઈ ગયો એમ નથી. બહાર છે ને હોલ? સીમંધરસ્વામીની પ્રતિમા છે. મંદિર છે. વેદી પ્રતિષ્ઠા થઈ હતી. ફાગણ સુદ-૨નું હતું. અહીંયા અમારે ફાગણ સુદ-૨ બીજની જ ભગવાનની વર્ષગાંઠ છે. સમજાય છે કાંઈ? ભાઈ હતા ને? ચંદુભાઈ હતા ને, નવરંગભાઈ આદિ ઘણા હતા. આહાહા..! અને છેલ્લો વરઘોડો. વરઘોડો સમજ્યા? રથયાત્રા. અઢાર હાથી. અઢાર શણગારેલા. ઓહો..! શું છે પણ આ? એ તો પરમાણુની પુદ્ગલ પરાવર્તનની પર્યાયના પ્રવાહે ચાલે છે. ભાઈ! તારા વિકલ્પથી નહિ. આહાહા..! અને તને શુભ વિકલ્પ આવ્યો, એમાં પોતાપણું માને છે તો એ તો મિથ્યાત્વ છે એમ કહે છે. શેઠી! અમારે હજી ભાઈ છે ને, ઈ કરવાના છે. મલૂકચંદભાઈ કરવાના છે ને બધું? હજી મોટું કરશે કે નહિ? મોટા શેઠિયા છે તો. ઈ હા પાડે છે, હા પાડે છે ખરા. કહો, સમજાણું? આ તો મોટા કરોડોપતિ કહેવાય. ઈ તો હજી કરોડપતિ હશે કે નહિ? હશે થોડા. જે હોઈ ઈ ખરું. પણ આ તો એના છોકરાઓ કરોડપતિ. પાંચ કરોડ રૂપિયા બે છોકરાને. પાંચ કરોડ. ફાટી જાય પ્યાલા. ભગવાન! કરોડ હોય તો શું? કરોડની મમતા હોય તો શું? એ તો બધી પરચીજ છે.

એ તો ગજરાજજીની વાત થઈ. ગજરાજની સાથે. તમે વીસ લાખ ખર્ચ્યા. ઈ વખતે થઈ ગયું. એમ બોલતા હતા. વીસ લાખનું બનાવ્યું છે ને? લાડનુ જોયું છે? લાડનુ. લાડનુ ગયા હતા. વીસ લાખનું મંદિર બનાવ્યું છે. વીસ લાખનું. એક મંદિર વીસ લાખનું, સંગેમરમરનું છે. ફિરોઝાબાદમાં પણ સોળ લાખનું, વીસ લાખનું મંદિર બનાવ્યું છે. એમાં શું થયું? એ તો પરમાણુની પર્યાય એના ચક્રમાં સ્કંધના પરિણમનનો પ્રવાહ છે તો બની ગયું છે. બાંધનારનો કોઈ શુભ વિકલ્પ છે, પુણ્યનો ભાવ હો, શુભ હો. એ શુભ કંઈ પોતાનું સ્વરૂપ નથી. અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શુભથી કંઈ પોતાનું સમ્યગ્દર્શન થાય છે? એમ કહે છે. એઈ..! ભગવાન! તને ખબર નથી. સમ્યક્શ્રદ્ધા. શું રાગ પોતામાં છે કે એનાથી સમ્યક્શ્રદ્ધા થાય છે? આહાહા..! રાગને પીઠ દઈને સ્વભાવ સન્મુખ થઈને પોતાનો શુદ્ધ ભગવાન આત્મા નિર્વિકલ્પ પ્રતીતિ કરીને આત્માના આનંદનો સ્વાદ આવવો એનું નામ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન વિના ત્રણ કાળમાં કદી કલ્યાણ નથી. સમજાય છે કાંઈ?

કહે છે, '**(અનાદિ કાળથી ચાલ્યા આવેલા) વ્યવહારમાં મૂઢ...**' કહે છે ને? વ્યવહાર સમકિત. વ્યવહાર સમકિત છે જ નહિ. સાંભળને. ઈ તો મૂઢ થઈ ગયો તું. વ્યવહાર સમકિત તો ક્યારે કહેવાય? કે પોતાનો ચૈતન્ય ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ, એનો અનુભવ કરીને આનંદનો સ્વાદ લઈને પ્રતીતિ થઈ કે આ આત્મા છે. ત્યારે જે રાગાદિ આવે છે તેને વ્યવહાર સમકિત કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હોય છે. તો એ રાગને વ્યવહાર સમકિત કહે છે. વ્યવહાર સમકિત સમકિતની પર્યાય છે? વ્યવહાર સમકિત એ સમકિતની અવસ્થા છે? એ તો રાગની અવસ્થા છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, આવી વ્યવહારની ક્રિયાકાંડમાં મમતા કરીને મારી વસ્તુ છે, ઈ અનાદિ વ્યવહારમાં મૂઢ થઈ ગયો છે, કહે છે. સમજાય છે કાંઈ? ઊંચી ગાથા છે. અનાદિરૂઢ વ્યવહારમાં મૂઢ, પ્રૌઢ વિવેકમાં અનારૂઢ. લ્યો. શું કહે છે? ત્રીજો બોલ આવ્યો. ભગવાન! તેં ભેદજ્ઞાન કર્યું નથી. એમ કહે છે. રાગ છે. એમાં પ્રૌઢ.. છે ને? વિવેક. પ્રૌઢ વિવેક. અતિશય ભેદજ્ઞાન. એઈ..! પ્રૌઢનો શું અર્થ છે? પાકું, અતિશય. વિશેષ ભેદજ્ઞાન. રાગના વિકલ્પથી ભિન્ન. એવો પ્રૌઢ વિવેકવાળો. આપણે પ્રૌઢ આવે છે ને? આ શું કહેવાય? તમારે ક્લાસ. પ્રૌઢ વર્ગ. પાકો વિવેક, પાકું ભેદજ્ઞાન, અતિશય વિવેક, મહા પ્રૌઢ જ્ઞાન. રાગથી ભિન્ન મારી ચીજ છે, શુદ્ધ આનંદસ્વરૂપ એવા '**પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય...**' જુઓ! નિશ્ચયની વ્યાખ્યા શું કરી? '**પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય (નિશ્ચયનય) પર અનારૂઢ વર્તતા થકા...**' પ્રૌઢ વિવેકવાળા નિશ્ચયનો અર્થ ઈ કે રાગથી ભિન્ન થઈને પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે એવો ભેદ કરીને નિશ્ચય પર આરૂઢ નહિ થવાવાળા. પોતાના સ્વભાવ પર આરૂઢ નહિ થહિ થતો થકો, રાગ ઉપર આરૂઢ થઈને પોતાનો માને છે, તો પ્રૌઢ વિવેક-રાગથી ભિન્ન કરીને પોતાનો શુદ્ધ ભગવાન આત્મા એમાં આરૂઢ-આશ્રય નહિ લેતો થકો મિથ્યાદષ્ટિ વ્યવહારમાં ધર્મ માને છે. કહો, સમજાય છે કાંઈ? અમૃતચંદ્રાચાર્ય મુનિ દિગંબર સંત જુઓ આ વાત (કહે છે). કઠણ પડે, વાડાવાળાને કઠણ પડે, સંપ્રદાયને. આમાં બીજા સંપ્રદાયને તો કઠણ પડે જ. જેઓ એકલો વ્યવહાર જ મનાવે છે એને. સમજાય છે કાંઈ?

કહે છે કે પ્રૌઢ વિવેકવાળો. જેણે નિશ્ચયનો અર્થ સ્વઆશ્રય કરીને જે દૃષ્ટિ પ્રગટ થાય

છે, એ તો પરથી ભિન્ન કરીને નિશ્ચયનય પ્રગટ થાય છે. રાગનો આશ્રય કરીને ભેદજ્ઞાન પ્રગટ થાય છે? જેનાથી જુદું પાડવું છે એનો આશ્રય લેવો છે? સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! એણે કદી કર્યું નથી. કહે છે કે અનાદિરૂઢથી ચાલ્યો આવ્યો રાગ અને એમાં વ્યવહારમાં મૂઢ થઈ ગયો. એ વ્યવહાર વિકલ્પની જાત આત્માની વસ્તુથી ભિન્ન છે. એમાં મૂઢ થઈ ગયો. એમાં તારું જ્ઞાન રોકાઈ ગયું. અને પ્રૌઢ વિવેકવાળા નિશ્ચયનય પર અનારૂઢ. અથવા આરૂઢ નહિ થઈને રાગથી, પુણ્યના વિકલ્પથી, શુભથી ભિન્ન થઈને પોતાનો નિશ્ચય શુદ્ધ સ્વભાવ છે એમાં આરૂઢ નહિ થઈને. આરૂઢ નહિ થયો થકો પોતાની દૃષ્ટિમાં અથવા પોતાની જ્ઞાનની પર્યાયમાં રાગથી ભિન્ન થઈને જે પર્યાય દ્રવ્યમાં સ્થિત થવી જોઈએ, જે પર્યાય દ્રવ્યમાં સ્થિત થાય છે એવા નિશ્ચયમાં તો આરૂઢ થયો નહિ અને વ્યવહાર ક્રિયાકાંડમાં આરૂઢ થઈને પોતાનો ધર્મ છે એમ માન્યું.

'**પરમાર્થસત્ય (-જે પરમાર્થે સત્ય છે એવા) ભગવાન સમયસારને દેખતા...**' નથી. આ કારણે, આ કારણે પોતાનું ભેદજ્ઞાનરૂપી વિશેષ પાકું જ્ઞાન. તેનું નામ પાકું. રાગથી વિકલ્પથી ભિન્ન પોતાનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એમાં અનારૂઢ થઈને અથવા આરૂઢ નહિ થઈને પરમાર્થ સત્ય એવો ભગવાન આત્મા, એને એણે જાણ્યો નહિ. સમજાય છે કાંઈ? જુઓ! '**પરમાર્થસત્ય (-જે પરમાર્થે સત્ય છે એવા) ભગવાન સમયસાર...**' સમયસાર પ્રભુ આત્મા એકલો શુદ્ધ સમય. સમય નામ આત્મા સાર. વિકાર રાગથી રહિત એવું પરમાત્મ પોતાનું સ્વરૂપ તેને વ્યવહારમાં મૂઢ થઈને, નિશ્ચયમાં આરૂઢ નહિ થઈને પરમાર્થ સ્વરૂપને જાણ્યું નહિ. સમજાય છે કાંઈ?

'**પરમાર્થસત્ય (-જે પરમાર્થ સત્ય છે એવા) ભગવાન સમયસારને...**' લ્યો. '**णादं समयसारं**'માંથી કાઢ્યું. ભગવાન કાઢ્યા. અમૃતચંદ્રાચાર્ય મહારાજ દિગબંર સંત મુનિ વનવાસમાં રહેતા હતા. એમણે આ ટીકા જંગલમાં બનાવી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા મહિમાવંત પ્રભુ રાગની મહિમા શું? એ તો નિંદ્ય વસ્તુ છે. ભગવાન આત્મા.. જુઓ! રાગની મહિમા નથી. ભગવાન આત્મા સમયસાર શુદ્ધ ચૈતન્ય આનંદ અને જ્ઞાનની મૂર્તિ એવા સમયસારને રાગમાં મૂઢ થઈને નિજ સત્યને જોતા નથી, અનુભવતા નથી તે મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. આહાહા..! કહો! જયકુમારજી! ત્યારે જય થાય છે, એમ કહે છે. અરે..!

અનુભવ તું હૈ હેતુ હમારો,
આય ઉપાય કરી ચતુરાઈ ઔરનો સંગ નિવારો
અનુભવ તું હૈ હેતુ હમારો.

એ રાગનો સંગ મારામાં નથી.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.

કહે છે કે ભગવાન! તેં તારો અનુભવ કર્યો નહિ. નાથ! આ રાગના અનુભવમાં માને છે કે હું છું, એમાં હું છું એમ માને છે. સ્વભાવથી વિરોધી ભાવમાં હું છું એમ માને છે. તો તારી માન્યતા ત્યાં રોકાઈ ગઈ અને સમયસાર શુદ્ધ આત્મા રાગથી ભિન્ન કરીને અનુભવ કરતો નથી. ત્યાં રોકાઈ ગયો અનુભવ ક્યાંથી કરે? કહો, પોપટભાઈ! મોહનભાઈ ગયા? ક્યાં ગયા? મુંબઈ. ઠીક. સમજાય છે કાંઈ?

વસ્તુ ભગવાન આત્મા પરમાર્થસત્ય, સત્ સત્. શુદ્ધ જ્ઞાન સત્, શુદ્ધ દર્શન, શુદ્ધ આનંદ, શુદ્ધ વીતરાગતા. એ બધું સત્ સત્ સ્વરૂપ જે પરમાત્મા એને દેખતો નથી. રાગમાં રોકાવાથી અને રાગમાં મમત્વ કરવાથી અનાદિ રાગના ભાવમાં મૂઢ થઈને પોતાના શુદ્ધ આત્માને અંતરમાં દેખતો નથી, અનુભવતો નથી. એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. સમજાય છે કાંઈ? કહો, ચંદુભાઈ! આહાહા..! '**ભગવાન સમયસારને દેખતા...**' નથી. દેખતા નથી એનો અર્થ '**અનુભવતા નથી.**' કહો, સમજાણું? '**परमार्थसत्यं भगवन्तं समयसारं न पश्यन्ति**' પાઠ છે. દેખતા નથી. દેખતાનો અર્થ પોતાનો અનુભવ કરતા નથી. સમજાય છે કાંઈ? આ એક ગાથામાં આટલું આવ્યું, લ્યો. વ્યવહારને તો અહીંયાં ઉડાવી દીધો. વ્યવહાર, વ્યવહાર એકલો વ્યવહાર? નિશ્ચયના ભાન વિના એકલો વ્યવહાર કેવો? એ તો વ્યવહારમૂઢ થયો, એમ કહે છે. નિશ્ચય છે તો તેનો અનુભવ છે, ત્યારે રાગ આવે છે તેને જાણનારો રહે છે. આ તો જાણનારને જાણ્યો નહિ અને વ્યવહારમાં મૂઢ થઈ ગયો, એમ કહે છે. જાણનારને જાણ્યો નહિ અને જાણનાર નહિ એવા રાગને પોતાનો માન્યો. તો વ્યવહારમૂઢ છે. એનું નામ દ્રવ્યલિંગમાં મમત્વ કરે છે એ મિથ્યાદૃષ્ટિ છે. સ્વરૂપની દૃષ્ટિ કરીને, આરૂઢ થઈને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તે સમ્યગ્દૃષ્ટિ મોક્ષનો માર્ગી છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**મહા વદ ૧, ગુરુવાર તા. ૧૫-૨-૧૯૬૮**
**ગાથા-૪૧૩, શ્લોક-૨૪૨, ૨૪૩ પ્રવચન-૪૮૮**

૪૧૩નો ભાવાર્થ.

'**ભાવાર્થ :- અનાદિ કાળનો પરદ્રવ્યના સંયોગથી થયેલો જે વ્યવહાર તેમાં જ જે પુરુષો મૂઢ અર્થાત્ મોહિત છે,...**' ઈ અત્યારે લેવું છે. શું કહે છે? આત્મામાં શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પૂર્ણ આનંદ આનંદ આદિ છે એને અનુસરીને થયેલી દશા નથી. પણ કર્મના નિમિત્તના આશ્રયે થયેલો વિકલ્પ આદિનો વ્યવહાર જે છે, પંચ મહાવ્રત, બાર વ્રત વગેરે એ કંઈ પરમાર્થભૂત આત્માનો સ્વભાવ નથી. '**અનાદિ કાળનો પરદ્રવ્યના સંયોગથી થયેલો જે વ્યવહાર...**' અહીં પરાશ્રિત વ્યવહાર, સ્વઆશ્રિત નિશ્ચય. એટલું અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? '**વ્યવહાર તેમાં જ જે પુરુષો મૂઢ અર્થાત્ મોહિત છે...**' રાગાદિની ક્રિયા પંચ મહાવ્રતની, બાર વ્રતની, અઠ્યાવીસ મૂળગુણની, દયા, દાનના પરિણામની, એ ક્રિયામાં જે મૂઢ છે એ તો પરદ્રવ્ય આશ્રિતનો વિકાર છે. એ કંઈ મોક્ષનો માર્ગ નથી. કહો, નવરંગભાઈ! શું કરવું આમાં? આત્મા કંઈ જાણવામાં આવ્યો નથી. અનુભવવો શી રીતે? એમ કહેતા હતા સવારમાં.

ઈ કહે છે કે, પણ આત્મા આમ છે કે નહિ? અહીંયા કહે છે કે, વસ્તુ આ જાણે છે, જાણે છે. જાણે છે ઈ જાણે છે ઈ હયાતીવાળું કોઈ તત્ત્વ છે કે નહિ? જાણે છે જેની સત્તામાં, હોવાપણામાં જણાય છે, જેના હોવાપણામાં અસ્તિત્વમાં જણાય છે એ જાણનાર તે આત્મા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યારે અનુભવ શી રીતે કરવો? ઈ કરે ત્યારે થાય.

મુમુક્ષુ :- એમનો પ્રશ્ન અનુભવનો હતો.

ઉત્તર :- અનુભવ કોઈ બીજો કરી દે? જાણનાર આ સત્તા છે...

અહીં ઈ જ કહે છે, કે પરદ્રવ્યના લક્ષે થતો વિકલ્પ એ કંઈ ખરો મોક્ષનો માર્ગ નથી. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યવસ્તુ છે ને? જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર.. એ જાણવાભૂત ધ્રુવ, જાણવું જાણવું એવું નિત્ય છે, નિત્ય છે. એને અનુસરીને દર્શન, જ્ઞાન અને ચારિત્ર થાય તેને અહીંયા પરમાર્થ મોક્ષનો માર્ગ કહે છે. માર્ગની અપેક્ષાએ એને પરમાર્થ કહ્યો છે. ઓલો રાગ છે ઈ પરમાર્થ નથી એ અપેક્ષાએ. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જણાતો નથી એવું કોણે નક્કી કર્યું? વાત ઈ કે અંતરના સ્વભાવનું હોવાપણું એનું શું છે એ તરફનું એણે મનન જ કર્યું નથી. મહાસત્તા.. કોઈ પણ ચીજ છે એની મુખ્યતામાં જો આત્મા ન હોય તો આ છે એમ જાણ્યું કોણે? રાગ હો, દ્વેષ હો, પુણ્ય હો, શરીર હો, આ હો, આ હો, આ.. આ.. આ.. એમ જાણે આ છે, એમ નક્કી કોની સત્તામાં થયું? એ જ્ઞાનની સત્તામાં નક્કી થાય છે. એ જ એમાં મુખ્ય છે બધામાં.

અહીં કહે છે કે એવી પોતાની સત્તા ચૈતન્યસત્તા ભગવાન પૂર્ણ શુદ્ધ છે એવો સ્વભાવ એનો આશ્રય છોડી અને એકલો પરને આશ્રયે થયેલા પંચ મહાવ્રતના દયા, દાનના ભાવ એને તો પરાશ્રિત ભાવ હોવાથી તે ખરો મોક્ષમાર્ગ નથી. એ તો એમાં મૂઢ થયેલો છે. આકરું કામ લોકોને પડે છે. '**તેઓ એમ માને છે કે 'આ બાહ્ય મહાવ્રતાદિ રૂપ ભેખ છે તે જ અમને મોક્ષ પ્રાપ્ત કરાવશે**',...' આ નગ્નપણું કે પંચ મહાવ્રતના પરિણામ, દયા, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યનો ભાવ એ તો બધો પરાશ્રિત વિકલ્પનું ઉત્થાન વિકાર છે, સ્વભાવમાં એ નથી. એનાથી અમને મોક્ષ પ્રાપ્ત કરાવશે એમ માનનારા સ્વરૂપથી મૂઢ થયેલા રાગમાં અને વ્યવહારમાં મૂંઝાઈ ગયેલા છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

'**પરંતુ જેનાથી ભેદજ્ઞાન થાય છે...**' એ અંદરનો અર્થ છે ને એટલે લીધો છે. પ્રૌઢ વિવેક. એનો અર્થ કર્યો છે. '**જેનાથી ભેદજ્ઞાન થાય છે એવા નિશ્ચયને તેઓ જાણતા નથી.**' અહીં નિશ્ચય સ્વભાવને આશ્રયે જે પર્યાય પરમાર્થ થાય તેને અહીં પરમાર્થ કહ્યો છે. છે એ મોક્ષનો માર્ગ એ, પણ ખરેખર વસ્તુની અપેક્ષાએ પણ એક ઉપચાર છે. વસ્તુ જે છે ત્રિકાળ નિત્ય જાણવું.. જાણવું.. જાણવું... એવું નિત્ય ધ્રુવ એ અપેક્ષાએ તો તેનો આશ્રયે થયેલો પરમાર્થ અનુભવ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ નિર્વિકલ્પ ભાવલિંગરૂપી મોક્ષમાર્ગ. એ પણ વસ્તુ ત્રિકાળીની અપેક્ષાએ પણ એક ઉપચાર છે. ઉપચાર એટલે કે વ્યવહાર છે. મોહનભાઈ! ઈ તો આપણે આવ્યું હતું. પરમાત્મ પ્રકાશમાં આવ્યું નહોતું? સમજાણું કાંઈ?

અહીંયાં બીજી અપેક્ષા લેવી છે. અહીંયા તો પરાશ્રિત વ્યવહાર અને સ્વઆશ્રય નિશ્ચય. એટલી વાત લેવી છે. અપેક્ષાએ જાણવું જોઈએ ને? સમજાણું કાંઈ? અહીંયા તો બહારની ક્રિયાકાંડના બહારના લક્ષે ઉત્પન્ન થયેલો એ વિકાર શુભરાગ પંચ મહાવ્રત એ તો આખું ચૈતન્ય દ્રવ્ય જે છે, વસ્તુ જે છે એનો આશ્રય તો પડ્યો રહ્યો. ફક્ત પરને આશ્રયે ઉત્પન્ન થતા દયા, દાન, વ્રત આદિના વિકલ્પો એ તો પરાશ્રિત છે. એમાં જેનું જ્ઞાન રોકાઈ ગયું છે અને એનાથી જ મારો છૂટકારો થશે (એમ માને છે). એ તો બંધભાવ છે. બંધભાવમાં મૂંઝાણો અને એનાથી મુક્તિ થશે તો દૃષ્ટિ વિપરીત છે. શું છે શેઠી?

મુમુક્ષુ :- જવાબ દેવો કઠણ પડે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- કઠણ પડે છે? ઈ તો મોટા માણસ છે. આહા..!

અહીં તો કહે છે, પ્રભુ! મહાપ્રભુ ચૈતન્ય બિરાજે છે ને. ભગવાન આત્મા, જેનો ધ્રુવ સ્વભાવ કહો, એકરૂપ જ્ઞાયક કહો, સર્વજ્ઞ સ્વભાવ કહો, પૂર્ણ કેવલ્ય કહો, પૂર્ણ સર્વ આનંદ કહો એવો ધ્રુવ સ્વભાવ પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ અભેદ એકરૂપ તત્ત્વ છે. વસ્તુ છે કે નહિ? વસ્તુ છે જેમ નિત્ય, એમ એની એક એક શક્તિઓ એની સાથે અવિનાભાવે નિત્ય છે. અને તે તે શક્તિ પૂર્ણ છે. વસ્તુ એક છે તો એની શક્તિ પણ પૂર્ણ અને એક છે. એનો આશ્રય લીધો નથી અને ફક્ત એમાં નથી એવા વિકલ્પને ઉત્પન્ન કરનારા પરનો આશ્રય લઈ અને વ્યવહાર ઉત્પન્ન કર્યો એનું જ્ઞાન ત્યાં રોકાણું કે આ મને મુક્તિ આપશે. જે ભાવ પરાશ્રિત છે એ સ્વઆશ્રિતપણાની પૂર્ણ દશાને પ્રાપ્ત કરાવશે એમ માન્યતા છે તે વિરુદ્ધ છે, મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ આમાં?

વસ્તુ છે, વસ્તુ છે એનો જ્ઞાન સ્વભાવ છે, દર્શન સ્વભાવ છે, આનંદ સ્વભાવ છે, શાંત સ્વભાવ છે, શાંત એટલે વીતરાગતા-સમતા, એવો જે સ્વભાવ છે એ તો પરિપૂર્ણ છે, એકરૂપ છે, અખંડ છે. એનો આશ્રય ન લેતાં પર્યાયે નિમિત્તનો આશ્રય લઈને જે વિકલ્પો ઉભા કર્યા પંચ મહાવ્રતના, વ્રતના એ તો કહે છે કે બંધનું કારણ છે. કારણ કે સ્વઆશ્રય અવસ્થા તે મોક્ષનું કારણ છે. કારણ કે મોક્ષ એ સ્વઆશ્રિત પરિણામમાં પૂર્ણતા તેને મોક્ષ કહીએ. તો એ મોક્ષનું કારણ પણ સ્વઆશ્રિત પરિણામ જ મોક્ષનું કારણ હોય. કહો, સમજાય છે કે નહિ આમાં? પોપટભાઈ!

ભગવાન મોટો ચૈતન્યબિંબ નજર પડતાં ત્યાં ઠરે એવી ધ્રુવ ચીજ છે. સમજાય છે કાંઈ? ધ્રુવ વસ્તુ સત્ સત્ સત્ સત્ સત્ સત્. જ્ઞાન સત્ ધ્રુવ તરીકે, હોં! જ્ઞાન સત્, આનંદ સત્, શાંતિ સત્, શ્રદ્ધા સત્, અસ્તિત્વ સત્, વસ્તુત્વ સત્ એવી સત્ સત્ સત્. જેનો સ્વભાવ ધ્રુવ સત્ પરિપૂર્ણ છે, એનો આશ્રય લેતો નથી, કહે છે. પર્યાય છે એની, પણ એ પર્યાય એનો આશ્રય ન લેતાં પર્યાય પરને આશ્રયે વિકલ્પો ઉત્પન્ન કરે છે. કહો, સમજાણું કાંઈ?

કહે છે અને વળી એમાં મોક્ષ માને છે. કારણ કે આ બાજુની ચીજ છે એ તો ભૂલી ગયો. પરિપૂર્ણ પ્રભુ પરમાત્મસ્વરૂપ જ પોતે છે એ તો ભૂલી ગયો. સમજાણું? પરદ્રવ્યના સંયોગથી કીધું ને? સંયોગથી. થયેલી છે એની પણ સંયોગથી, પરને લક્ષે થયેલો છે એ બધો ભાવ. સમજાણું કાંઈ? અહીં તો વ્યવહાર પરઆશ્રય, નિશ્ચય સ્વઆશ્રય એટલું ફક્ત સિદ્ધ કરવું છે. નહિતર તો પરમાર્થ મોક્ષમાર્ગ છે એ પણ પૂર્ણ વસ્તુની અપેક્ષાએ તો એક અંશ છે. નિર્વિકલ્પ ભાવલિંગ પણ એક અંશ છે. ત્રિકાળની અપેક્ષાએ એ પણ એક ઉપચાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે અને વ્યવહાર છે. આહાહા..!

મુમુક્ષુ :- ન સમજાણું.

ઉત્તર :- ન સમજાણું? એ ઠીક કર્યું. વસ્તુ છે ને વસ્તુ? વસ્તુ છે, છે. અને છે ઈ ત્રિકાળ છે. હવે છે એવો જે એનો સ્વભાવ ધ્રુવ, એની અપેક્ષાએ વર્તમાન પર્યાયમાં એ સ્વને આશ્રયે પ્રગટેલી વીતરાગી દશા મોક્ષનો માર્ગ તે ત્રિકાળની અપેક્ષાએ તો એક અંશ છે. એ અપેક્ષાએ ત્રિકાળી જ્યારે અનુપચાર છે તો આ એક ઉપચાર છે. ત્રિકાળી નિશ્ચય છે તો આ એક વ્યવહાર છે. એમ છે. સમજાણું કાંઈ?

અહીં એ વાત નથી સિદ્ધ કરવી. અહીં તો પરાશ્રયથી મોક્ષમાર્ગ માને છે, એને સ્વઆશ્રય મોક્ષમાર્ગ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? '**પરંતુ જેનાથી ભેદજ્ઞાન થાય છે એવા નિશ્ચયને તેઓ જાણતા નથી.**' નિશ્ચય નામ રાગથી ભિન્ન પડીને આત્માને આશ્રયે જે જ્ઞાન થાય, શ્રદ્ધા થાય, આનંદ થાય.. સમજાય છે કાંઈ? એને એ જાણતા નથી. '**આવા પુરુષો સત્યાર્થ, પરમાત્મરૂપ, શુદ્ધજ્ઞાનમય સમયસારને દેખતા નથી.**' અનુભવતા નથી એમ કહે છે. સાચું જે ત્રિકાળી પરમાત્મરૂપ પોતાનું પરમ સ્વરૂપ એવું શુદ્ધજ્ઞાનમય એવો જે આત્મા તેને દેખતા નથી એટલે અનુભવતા નથી. અનુભવતા નથી. અનુભવવું તે મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? માર્ગ તો અલૌકિક અનંત કાળનો અજાણ્યો. ઓહો..! કેટલો કાળ ગયો એને ઘૂંટતા. સમજાય છે? રાગ.. રાગ.. રાગ.. રાગ.. શુભ કે અશુભ બેય. ઈ તો આવ્યું હતું ને? અનાદિથી એ તો ચાલ્યો જ આવે છે. રાગ.. રાગ.. રાગ. ભલે નવો, ઈનો ઈ રાગ ન હોય પણ સમાગત આવ્યું હતું ઓલામાં? અહીં શું આવ્યું કીધું? અનાદિ કાળથી ચાલ્યા આવેલા. એમ. ચાલ્યા આવેલા એમ કૌસમાં છે ને. અનાદિરૂઢની વ્યાખ્યામાં. અનાદિ કાળથી ચાલ્યા આવેલા. કાલે તો ઓલું હિન્દી હતું ને. અનાદિ સમાગતા. ત્યારે પ્રશ્ન થયો હતો ને? કે અનાદિનું હોય ઈ ટળે નહિ. પણ અનાદિનું એટલે પ્રવાહે અનાદિનું. રાગ વિનાનો કોઈ દી થયો છે? રાગ તો અનાદિથી ચાલ્યો આવે છે. શુભ-અશુભ, શુભ-અશુભ, શુભ-અશુભ, શુભ-અશુભ. ભગવાન આત્મા રાગ વિનાની સચ્ચિદાનંદ મૂર્તિ છે એનું તો શરણ લીધું નથી. એનો આશ્રય લીધો નથી. આશ્રય આનો ખોટાનો લીધો. સમજાણું કાંઈ?

એક સમયની અવસ્થા છે એ અવસ્થા છે ઈ પરને આશ્રયે ઉત્પન્ન થયેલો ભાવ પુણ્યનો, દયા, દાન, વ્રતાદિ, પંચ મહાવ્રત છે એ તો પરાશ્રયથી ઉત્પન્ન થયેલો વ્યવહાર છે. એ એના સ્વભાવભાવની દશા નથી. પરાશ્રયે થાય એ પોતાની અવસ્થા સ્વરૂપ કેમ હોય? સમજાણું કાંઈ? લોકોને એવો પડે છે કોઈ રીતે આ વ્યવહાર છે ને ઈ થાય, ઈ કંઈક સાધન થાય. ભઈ, એ નિમિત્ત સાધન ઈ તો વ્યવહાર કહો કે નિમિત્ત કહો બધું એક જ છે. ઈ તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અહીં સ્વને આશ્રયે કાર્ય કરે ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે. એને વ્યવહાર સાધાનનો આરોપ કહેવામાં આવે. બાકી વસ્તુ કાંઈ છે નહિ એમાં. માણસને ત્યારે (એમ થાય છે) સાધન શું? એમ કહે. ત્યાં ઈ કહેતા હતા ઓલા. ... પણ સાધન શું? સાધન ક્યું હવે? અંતરનું સાધન તે સાધન. બાહ્ય સાધન બહુ કર્યા અનંત વાર. ઈ તો એમાં પણ આવે છે, કીધું. જુઓને નથી આવતું? 'વહ સાધન બાર અનંત કિયો'. ત્યારે બીજા વળી એમ કહે, દેરાવાસી, સાધન કહ્યા પણ તે દી એની કાળલબ્ધિ પાકી નહોતી એટલે એ સાધન નામ (ન પામ્યું). અત્યારે એ સાધન કામ આવે એવું છે. વળી એમ કહેતા હતા. લખ્યું છે ને. ઈ આવ્યો હતો ને, કહેતો હતો ને. ઈ અહીં બેઠો હતો. એક સાધુ આવ્યો હતો. આમ .. આ બહાર પાડો તમારી વાત. અમારી વાત બહાર પડી ગયેલી છે. એમ કે પુસ્તકો (બહાર પાડો). બહાર પડી ગયા છે. ઈ જાણે કે આહા..હા..! ફેરફાર બહુ. આ બધું સાધન તે દી નહોતું થયું પણ અત્યારે થાય. ભવપરિપાક થયો (એટલે અત્યારે થાય). ... એમાં હતું. પરિપાક, ભવપરિપાક. ભવપરિપાક હોય તો એને સાધન થાય. તો એ સાધન શેનું થયું?

મુમુક્ષુ :-..

ઉત્તર :- એ તો અહીં ત્યાંય અંદરમાં એકાગ્ર થયો ત્યારે કહેવાય વ્યવહાર. વ્યવહાર કહેવાય. સાધન-ફાધન છે નહિ. વ્યવહારનો અર્થ કે નથી એને કહેવું. એનું નામ સાધન છે, વ્યવહાર છે. આકરી વાત છે. બે લેખ આવ્યા છે આજે મોટા. વ્યવહાર ભૂતાર્થ છે, ભાઈ! એમ લખ્યું છે. કૈલાસચંદ્રજીએ. ઓલો દિલ્હીવાળો છે ને? એણે એમ કહ્યું, ઓલા લાલબહાદુરે લખ્યું હતું ને? કે પર્યાય અને વ્યવહારનય બે એક છે. આ કહે કે નહિ, પર્યાય અને વ્યવહાર એક નથી. એમ મોટો લેખ છે. પર્યાય એક સમયની વ્યવહાર કીધું છે ને આમાં? રાજમલજીએ. પર્યાયનય તે વ્યવહારનય એમ જ કીધું છે. અને આગમને હિસાબે પરાશ્રય તે વ્યવહાર. બધો. પર વ્યવહાર અને સ્વ તે બધો નિશ્ચય છે.

અહીં પણ પરાશ્રયે વિકલ્પ તે વ્યવહાર. સ્વઆશ્રય તે નિશ્ચય. એમ અપેક્ષા છે કે નહિ? સમજાણું કાંઈ? રાજમલજીમાં તો એક જ કહે છે, પર્યાય તે જ વ્યવહારનય છે, દ્રવ્યાર્થિકનય નિશ્ચય છે. કારણ કે પર્યાયાર્થિકના ભેદ ચાર. રાગ ઉત્પન્ન થાય વ્યક્ત, અવ્યક્ત એ અસદ્‌ભુત વ્યવહારમાં જાય. અને જ્ઞાન આને જાણે ઈ પણ એક સદ્‌ભુત વ્યવહારમાં જાય. અને આ જ્ઞાન તે આત્મા અને આત્મા તે જ્ઞાન, એવો ભેદ પાડવો પણ સદ્‌ભુતમાં જાય. એ બધો પરાશ્રિત વ્યવહાર છે. ઈ પર્યાયભેદ છે. એકલો ભગવાન આત્મા અભેદ ચૈતન્યમૂર્તિ છે તેને નિશ્ચય કહીએ. .. સમજાણું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અહીંયા બંધ અધિકારથી શરૂ કરી હતી એ શૈલી અત્યારે અહીં લીધી છે. પરાશ્રિત વ્યવહાર, ... નિશ્ચય વ્યવહારનો નિષેધ કરે છે. નિશ્ચય પરાશ્રિત વ્યવહારનો નિષેધ કરે છે. કોણ? પર્યાય. આત્મા આશ્રયે દશા થાય એ વ્યવહારનો આદર કરતી નથી. વ્યવહારનો નિષેધ કરે છે. નિષેધ કરે છે એટલે એમાં ભેગું પરિણમતું નથી. એમ એનો અર્થ. ભારે વાત, ભાઈ! સમજણ કરવી નથી અને ધોકા પંથે પોતાનો પંથ માનવો છે. ભાઈ! એમ ન ચાલે, બાપા! આ તો વસ્તુ છે. એ કંઈ વસ્તુ કોઈની કરેલી છે અને કોઈને હઠથી થાય એવી છે એ ચીજ?

ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત વસ્તુ છે. જેની નજરમાં આવતાં, જેની નજરમાં જ્ઞાનની પર્યાય નજરમાં આવતાં જે વસ્તુ છે આખી આ, એને આશ્રયે જે દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થાય તે એક જ શુદ્ધતા અને મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? અભ્યાસ જોઈએ. ઈ તો કંઈ એમ ને એમ મળી જાય એવી ચીજ નથી. નિવૃત્તિ કરી વિચારમાં મંથનમાં લઈ આ તત્ત્વ શું છે? આ ના પાડું છું ઈ શું છે? અને હા પાડું છું ઈ શું છે? સમજાણું કાંઈ? આવો આત્મા જણાતો નથી. કેવો? કેવો જણાતો નથી? એમ નક્કી કરવું પડશે ને એને? સમજાણું કાંઈ? ભાઈ! જે જણાતો નથી એવી જે પર્યાય છે, ઈ એમ કહે કે હું જણાતો નથી. એનો અર્થ કે જણાણો છું એ જણાતો નથી એમ કહે છે. ના ના નાસ્તિ વિચાર. આવે છે ને શ્રીમદ્‌માં?

કરી કલ્પના દૃઢ કરે, ના ના નાસ્તિ વિચાર
પણ એ અસ્તિ સૂચવે, એ જ ખરો નિર્ધાર.

નવરંગભાઈ! બહુ ટૂંકામાં એમણે (સમાવ્યું છે). આ જણાય. આ એટલે શું? બોલ. આ એટલે આ જ્ઞાન. આ એટલે આત્મા. આ એટલે આત્મા થયો. આ એટલે આત્મા છે એ નથી ક્યાંથી આવ્યું પાછું? સમજાણું કાંઈ? આ એટલે હું. હું નથી. હું નથી એમ કહે છે કે હું નથી એમ તો કહે છે, એ જ હું છું એમ સિદ્ધ થાય છે એમાં. સમજાણું કાંઈ? જેમાં આખું શરીર, ઈન્દ્રિય બંધ થઈ જાય અને વિચારનું ઘોલન ચાલે ઈ શેમાં ચાલે છે? સમજાણું કાંઈ? કોઈ હોવાપણામાં ચાલે કે ન હોવાપણામાં ચાલે છે? એ હોવાપણામાં આ આ આ ચાલે છે, ઈ આખું ત્રિકાળ તત્ત્વ ધ્રુવ છે. સમજાણું કાંઈ?

એને આશ્રયે,... કહે છે કે જે સત્યાર્થ પરમાત્મસ્વરૂપ છે ધ્રુવ, ત્રિકાળ સત્ય, સત્ય, સત્ય, સત્ય... એવું પરમ સ્વરૂપ. પરમાત્મસ્વરૂપ એટલે પરમ આત્મ સ્વરૂપ એટલે પરમ રૂપ પોતાનું ત્રિકાળ. એને પરમાત્મરૂપ જ કહેવાય છે. કોને? ત્રિકાળને હોં! શુદ્ધજ્ઞાનમય સમયસાર આત્મા ધ્રુવ એને અનુભવતા નથી-દેખતા નથી. એટલે તે સ્વરૂપ છે તેના ઉપર તેની નજર

નથી. એને તો આ વિકલ્પ ને દયા, દાન ને વ્રત, ભક્તિ ઉપર નજર છે. આ પૈસા-બૈસા ઝટ મળી જાય આ એવી ચીજ નથી. ... જોડે, શું કહેવાય ઈ? સેક્રેટરી કહો. એને પૂછી લે આજ શું .. છે? .. ચિહ્ન કરી દે. આ કરજો. એમ કરે. તમને પૂછ્યા વિના ઘરે કરે એમ ન કરે ત્યાં. મોટા રાજા કહેવાય. રાજા એટલે મોટા વાઘ સિંહ જેવા કડક અંદર હોય. ચક્રવર્તી. આ તો બિચારા સાધારણ રાજા. તોય આવું હોય છે એને. એના છાપેલા કાગળ હોય, છાપેલા. છાપેલા એના ઓલા હોય. દરરોજના ભિન્ન ભિન્ન દૂધપાક છે, દૂધ છે, .. ઢીકણું છે, ફીકણું છે. બધાના નામ. પેલો હુશિયાર માણસ ફટ ફટ બોલી જાય. આ કરજો. આવી લહેર કરવાની મળે અને મહારાજ કહે છે દુઃખી છે. એ દુઃખી છે પરાશ્રય. એ તો દુઃખી છે એ તો અહીં સિદ્ધ કરવું છે. એ અશુભભાવમાં તો દુઃખી છે, પણ આ શુભભાવમાં દુઃખી છે એમ સિદ્ધ કરવું છે. આહાહા..!

ભાઈ! જેને પરાશ્રય ભાવ થયો, ભાઈ! એ તો આકુળતા છે. એ તો આકુળતા છે. શાંત ભગવાન આત્મા, શાંતિનો સાગર પ્રભુ, સમતાનો સાગર વસ્તુ છે ને. સાગર એટલે શું? કે જેનો ચારિત્રસ્વભાવ છે, જેનો વીતરાગસ્વભાવ છે એ સ્વભાવ છે તેને હદ શું? એ તો સ્વભાવ. એક એક સ્વભાવ સાગર મોટો. દરિયાના જેમ બિંદુના પાર નહિ, છતાં બિંદુનોય પાર છે ત્યાં તો. આ તો સ્વભાવ છે ને. સ્વભાવ છે તેને હદ શું? એવો જે વીતરાગ સ્વભાવ, એવો જે શાંતસ્વરૂપ, એવો જે આનંદસ્વરૂપ, એવો જે સત્યાર્થ પરમાત્મસ્વરૂપ એને જે જોતો નથી, એને દેખતો નથી, એને અનુભવતો નથી એને ધર્મ હોતો નથી. કહો, સમજાણું કાંઈ? આ તમે તો બધા દુઃખી ઠરાવ્યા. આ પૈસા માંગે ને ફલાણું માંગે ને ઢીકણું માંગે. એ તો દુઃખી છે પણ આ દુઃખી છે એમ સિદ્ધ કરવું છે. શેઠી! આ ઓલા મહેન્દ્રભાઈ કહે, પિતાજી સાહેબ, પિતાજી સાહેબ. આપને શું ઠીક પડશે? દુઃખીના મોટા ડુંગરા છે. એઈ..! મલૂકચંદભાઈ! પિતાજી સાહેબ, આપને રહેવું પડશે. આપની મરજી હોય એ પ્રમાણે કરો. બચ્ચાઓની સંભાળ કરવી પડશે. બાર મહિને પંદર દી તમારે રહેવું પડશે, મજૂરી કરવા. ત્યાં એને ખુશી થાય છે એ દુઃખનો ભાવ છે, પાપનો ભાવ છે, અધર્મભાવ છે. આ ભાવ અધર્મ છે, કહે છે. ઓલો તો છે, પણ પરાશ્રિત દયા, દાન, વ્રત, મહાવ્રતાદિના પરિણામ તે અધર્મભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

શાંત, ભગવાન મહાશાંતની પેઢી પ્રભુ છે. એમાંથી શાંતિ આવવી જોઈએ. એને ઠેકાણે પરને આશ્રયે અશાંતિ ઉત્પન્ન કરે છે અને એમાં તું મોક્ષનો માર્ગ માને છે. પૂર્ણ શાંતિ, પૂર્ણ શાંતિનો આ માર્ગ? પૂર્ણ શાંતિનો આ રાજમાર્ગ? ઊંધાઈમાં પડ્યો છો તું, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'** જુઓ!

**व्यवहारविमूढदृष्टय: परमार्थं कलयन्ति नो जना:।**
**तुषबोधविमुग्धबुद्धय: कलयन्तीह तुषं न तण्डुलम्।।२४२।।**

**'શ્લોકાર્થ :- વ્યવહારમાં જ જેની દૃષ્ટિ (-બુદ્ધિ) મોહિત છે એવા પુરુષો પરમાર્થને જાણતા નથી,...'** ભગવાન આત્મા પરમ પદાર્થ પ્રભુ એને છોડીને પરના આશ્રયે વિકલ્પ દયા, દાન, વ્રતના પરિણામમાં મૂઢ થઈ ગયા છે. જેનામાં નથી એમાં નથી એવું ઉત્પન્ન કરીને વિકલ્પોની જાળને ઉત્પન્ન કરીને એમાં મૂઢ જે મૂર્છાઈ ગયા છે, એ પરમાર્થને જાણતા નથી. કહો, સમજાણું કાંઈ? '**दृष्टय:**' છે ને? એનો અર્થ જ્ઞાન કર્યું. આમ તો દૃષ્ટિ છે. વ્યવહારમાં જેમની બુદ્ધિ. આ વ્યવહાર ક્યો? અશુભ વ્યવહારની વાત નથી આ. ગુણી-ગુણનો ભેદ પડે એ પણ રાગ છે. એમાં પણ જે વિમૂઢ છે, એમાં પણ જેણે શાંતિના માર્ગની આ એક ઉપાય અને કળા છે એમ જે માને છે, તો કહે છે કે એ મૂઢ છે. વસ્તુના સ્વરૂપને એ જાણતો નથી. સમજાણું કાંઈ? **'એવા પુરુષો પરમાર્થને જાણતા નથી,...'**

**'જેમ જગતમાં તુષના જ્ઞાનમાં જ જેમની બુદ્ધિ મોહિત છે...'** તુષ એટલે ફોતરું. અથવા અનાજના ફોતરા કે ડાંગરના ફોતરા કોઈપણ. ફોતરાને ભાળે છે. જુઓ! શું કહે છે? ચોખો છે ને? ચોખો. ઈ ચોખાને જોતો નથી પણ ફોતરું ભાળે છે ઉપરનું. એમ ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિ છે તેને ઈ જોતો નથી. પણ પુણ્યના વિકલ્પોરૂપી ફોતરા છે એને જોવે છે. સમજાણું કાંઈ? વ્યવહારમાં જ જેમની બુદ્ધિ મોહિત છે. વ્યવહારમાં જ, એમ કીધું છે ને? **'એવો પુરુષો પરમાર્થને જાણતા નથી,...'** ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યના ધ્યેય ઉપર એની નજર નથી.

**'જેમ જગતમાં તુષના જ્ઞાનમાં જ જેની બુદ્ધિ મોહિત છે (-મોહ પામી છે) એવા પુરુષો તુષને જ જાણે છે...'** ફોતરાને જ જાણે છે. કહો, સમજાણું કાંઈ? દાખલો આપ્યો છે ને? નહિ? મોક્ષમાર્ગ પ્રકાશકમાં. ગૃહસ્થની બાઈ હતી મોટી લાખોપતિની. હવે અત્યારે લાખોપતિ સાધારણ કહેવાય. પણ પહેલા લાખોપતિ બહુ કહેવાતા. પહેલા લાખોપતિ બહુ કહેવાતા ને? ઓહોહો..! લાખપતિ. હવે તો લાખપતિ ધૂળ જેવું લાગે છે. પચીસ લાખ, પચાસ લાખ એમ કહે ત્યારે ઠીક લાગે. એમ લોકો માને. એઈ..! ...ચંદભાઈ! પહેલા લાખપતિ એટલે આહાહા..! વિધવા બાઈને પાંચસો રૂપિયા થાય, પાંચસો. સમજ્યાને? શું કહેવાય? પડલાના. પડલાના. પોતના. પોતના. પોત પોત. ઈ જ્યારે રાંડે ને? પોતના પાંચસો થાય તો આહા...! મહિને અઢી રૂપિયા વ્યાજના આવશે એને. એ.. નવરંગભાઈ! અત્યારે અઢી રૂપિયાનું શાકનું ઠેકાણું ન મળે અત્યારે. હવે એનો નભાવ થઈ જશે. એમ કહેતા પહેલાં,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


હોં! આ સાંઈઠ વર્ષ પહેલાની વાત છે. કહો, સમજાણું કાંઈ? ત્યારે પૈસા પણ થોડા હતા ને. અત્યારે પૈસા ઘણા થઈ ગયા. ભાવ પણ વધી ગયો. બધું એના પ્રમાણમાં વધી જાય ને. સોળ ગણા ભાવ થાય તો સોળ ગણા રૂપિયા ગણવા. ધૂળમાંય નથી ન્યાં ક્યાંય. ઓછા હોય કે વધારે હોય.

ફોતરાને દેખનારા એટલે ભગવાન ચૈતન્યબિંબ અંદર ચોખો અખંડાનંદ પ્રભુ છે એને નથી જોતો અને આ ક્રિયાકાંડના રાગને-ફોતરાને ભાળે છે, મૂઢ છે. લાખપતીબાઈ હોય ને? એ ફોતરા ખાંડતી હતી. ... ચોખા. ડાંગર ખાંડતી હતી. પણ ચોખા ભારે ભારે હેઠે પડી જાય. ફોતરા રહે ઉપર. ખંડિયું હોય આવડું મોટુ. એક બાઈ આવી નવી કો'ક ગામની. ચાલોને જઈએ જોવા. ઠીક, બાઈ ફોતરા ખાંડે છે. શેઠાણી છે. આપણે ખાંડો ન્યાં. પણ ફોતરા નથી અંદર કસ છે ચોખા. એને છૂટા પાડે છે. સાંભળ તો ખરો. ફોતરા ખાંડવા મંડી. આવામાં હશે. પણ ચોખા અંદર છે.

એમ ધર્મી જીવ આત્માનો સચ્ચિદાનંદ અખંડ આનંદ એના ઉપર એકાગ્ર થઈને જે કસ પ્રગટ્યો છે એના ઉપર પેલા મહાવ્રતના પરિણામને દેખે છે, આ તો મહાવ્રત પાળે છે. આ લોકો કહે છે ને? કુંદકુંદાચાર્યે મહાવ્રત પાળ્યા હતા. ફોતરા ભાળે છે. પણ ઓલો કસ પડ્યો છે અંદર. રાગ વિનાનો ચૈતન્ય આનંદકંદની શ્રદ્ધા અને અનુભવ છે. એને ચોખાને તો દેખતો નથી તું. મૂઢ છે. પહેલેથી શરૂઆત થયા વિના આઠમું આવશે ક્યાંથી હવે? આહાહા..! સમજાણું કાંઈ? આ મોટી બાઈ છે એ પણ ફોતરા ખાંડે છે. કાંઈક હશે ત્યારે ને. એમ મહા મુનિઓ સંતો પંચ મહાવ્રતનો વિકલ્પ જોઈને ચાલે એવો વિકલ્પ તો હોય એને. અને અજ્ઞાની જોવે છે કે એ પાળે છે ને. પણ પાછળ વિકલ્પ વિનાની આનંદની શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ છે. સાંભળ તો ખરો. ઈ વસ્તુને રાખે છે ઈ. જોઈને ચાલે, નિર્દોષ આહાર લે. લે કે નહિ? પેલો કહે, નિર્દોષ આહાર લઉં, બરાબર આમ લઉં, ફલાણું.. શું છે? ફોતરા દેખ્યા એકલા. અંદર બીજી ચીજ છે. મહા સંતો ધર્માત્માને તો એ વિકલ્પની પાછળ ચોખો-અંદર એકાકાર થઈને આનંદનો અનુભવ છે. આનંદનો અનુભવ છે. એના ઉપર આ ફોતરું તને દેખાય છે કે જો આ મહાવ્રત પાળે છે ને આ દેખાય છે. તું ફોતરાને ભાળે છે, પણ અંદરને ભાળતો નથી. લ્યો, આણે અપવાસ કર્યો છે આઠમનો, આણે ચૌદસનો અપવાસ કર્યો. અમે ચૌદસનો અપવાસ કરીએ, એમાં ફેર શું છે? હવે સાંભળને! એને તો અંદર વિકલ્પ આવ્યો છે, અંદર શુદ્ધોપયોગમાં રહેવા માટે આવ્યો છે. સમજાય છે કાંઈ? આ વૃત્તિ નહિ, અંદર ઠરું. વસ્તુનો અનુભવ છે એમાં ઠરું. એ ત્યાં ઓલો દેખે કે આહાર ખાતો નથી. અમે પણ આહાર ખાતા નથી. બેયને સરખો લાભ છે. એમ નથી. ભગવાને પણ બાર વર્ષ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તપ કર્યા હતા. લ્યો. એમ અમે કરીએ છીએ છ મહિનાના, બાર મહિનાના વર્ષીતપ કરીએ. પણ મૂઢ તું... ભગવાને કર્યા હતા કે નહિ? હખે કરીને આહાર ખાધા નહિ, પાણી કરીને પાણી પીધા નહિ. એવું આવે છે. એ સ્તુતિમાં બોલે પહેલું સ્થાનકવાસીમાં. અન્ન કરીને અન્ન ખાધા નહિ, પાણી કરીને પાણી પીધા નહિ. બાપા! ત્યારે કેવળ થયા. ખાતા-પીતા થાતા હશે કેવળ? દુઃખ થયું હશે ભગવાનને ન્યાં? અન્ન ન ખાધા ને પાણી ન પીધા. પાછળ અંતર આત્માના અતીન્દ્રિય આનંદના સ્વાદમાં એ વૃત્તિ-આહાર લેવાની ઈચ્છા ઉઠી જ નહિ. તેથી એને આહાર નહોતો એમ બહારથી કહેવાણું. બાકી અંદર આનંદ હતો એને અપવાસ કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? પણ ફોતરાને ભાળે.

જુઓ! ઓલો જુનાગઢનો પ્રશ્ન આવ્યો છે ઈ એમ કહે છે. બાર વર્ષના અપવાસ કર્યા હતા ને, મહારાજ! તમે તો એને ધર્મ નથી કહેતા. ભગવાને તો બાર વર્ષના અપવાસ કર્યા. એવો ગણધર પુરુષ કોઈ લાવી દ્યો કે જેણે અપવાસ તપ ન કર્યું હોય અને કેવળ થયું હોય. ફોતરું દેખે છે ઓલું. તીર્થંકરે પણ દીક્ષા લીધી કે નહિ? કહો. ભાઈ! સંસાર છોડ્યો છે કે નહિ ભગવાને? ઈ અમારે આણંદજી કહેતા. ... સંસાર તો તીર્થંકરે છોડ્યો છે કે નહિ? સંસાર જો સારો હોય તો કેમ તીર્થંકર છોડે? તો મારે સંસાર છોડવો છે ... આહા..! પણ સંસાર ભગવાને ક્યો છોડ્યો હતો? એમ કહે એને. ભાઈ! સંસાર તીર્થંકરે છોડ્યો હતો કે નહિ? ત્રણ જ્ઞાનના ધણી હતા, ઈન્દ્રોના પૂજનિક હતા. આવું સાધન છોડ્યું હતું કે નહિ? દીક્ષા લીધી હતી કે નહિ? જો સંસાર છોડ્યો તો તારે સંસાર છોડવા જેવો છે કે નહિ? શું તું માને છે? એઈ..! શું છે? એમાં જેઠાભાઈ જેવા કહે કે હા ભાઈ, ચાલો આપણે ઊના પાણી પીએ. આટલો તો ત્યાગ કરો. ભગવાન દીક્ષા લઈને ઊના પાણી પીધા હતા. આપણે શ્રાવક થઈને (પીએ). પણ ભગવાને સંસાર છોડ્યો હતો એની વ્યાખ્યા શું? તને ખબર નથી.

ભગવાને તો વિકલ્પને છોડીને, મિથ્યાત્વનો ત્યાગ હતો, અવ્રતનો ત્યાગ કરીને સ્વરૂપમાં ઠર્યા હતા. એનું નામ સંસારનો ત્યાગ છે. અસ્થિરતાનો ત્યાગ તે સંસારનો ત્યાગ સ્થિરતા કરીને કર્યો હતો. એ કસ નથી દેખતો ઓલું ખાંડે છે એમાં. ચોખા નથી દેખતા, ફોતરા દેખે છે. એણે અપવાસ કર્યા હતા કે નહિ? બાર વર્ષ ન ખાધું કે નહિ? ફલાણું કર્યું કે નહિ? કહો, આ ફોતરા દેખે છે. સમજાણું કાંઈ? ઋષભદેવ ભગવાને વર્ષી તપ કર્યો હતો કે નહિ? બાર મહિના અપવાસ કર્યા હતા કે નહિ? વર્ષીતપ એટલે? વર્ષનું તપ. વર્ષીતપનો અર્થ વર્ષનું તપ. બસ, એણે વર્ષનું તપ કર્યું હતું કે નહિ? અમે એક ટંક ખાઈએ છીએ. એક ટંક ખાઈએ. એક દી ખાઈએ અને એક દી અપવાસ, એક દી ખાઈએ અને એક દી

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અપવાસ. વર્ષીતપ. વર્ષી એટલે વર્ષ. વર્ષનું તપ ભગવાને કર્યું હતું કે નહિ? પણ હવે અમારે એવી શક્તિ નથી એટલે અમે એક દી ખાઈએ અને એક દી ન ખાઈએ. પણ તારો તપ અને ઈ તપમાં મોટો ઉગમણો, આથમણો ફેર છે. સાંભળને! તું ફોતરાને ભાળે છે, નહિ ખાવાને ભાળે છે તું. પણ ભગવાન ત્યાં આનંદ ખાતા હતા. અતીન્દ્રિય આનંદના સ્વાદમાં મશગુલ હતા. તેથી એને આહારની ઈચ્છા હતી નહિ. તું ઈચ્છા છોડી, શુભની ઈચ્છા પણ પાછળ આનંદ-બાનંદ છે નહિ. તું ક્યાં એની સાથે મેળવવા જાય છે? પોપટભાઈ! વર્ષીતપ-બર્ષીતપ કર્યો હતો કે નહિ કોઈ દી? નથી કર્યો? ઠીક. બૈરાંએ કર્યો નથી? નહિ કર્યો હોય. ઠીક. ત્યારે ઈ કહે છે બિચારા કે અમે અપવાસ કરતાં એને છોડાવ્યા. એ.. નવરંગભાઈ! આપણે કહે એનું પાછું.. ભઈ સાંભળને! એમાં જરીક શુભરાગ કદાચિત્ કોઈ કરતો હોય મિથ્યાત્વ સહિત, આ બીજી રીતે શુભ રાગ કરે છે. સમજાણું કાંઈ? સાંભળીને, વિચારીને જે કરે એમાં શુભભાવ નથી? ઓલામાં નહોતો, મિથ્યાત્વ સહિત શુભભાવ હતો. એમાં વળી માનતો કે આ અમે ધર્મ કરીએ છીએ. અહીં તો શુભભાવ સાંભળતા કહે કે શુભથી ધર્મ નથી. સમજાણું કાંઈ? ઈ સાંભળવાનો શુભભાવ અને ઓલા શુભભાવમાં પણ ફેર છે. નવરંગભાઈ! શું થાય? બહારનું દેખે. ભગવાને આમ કર્યા. ઋષભદેવ ભગવાને બાર મહિના સુધી અપવાસ (કર્યા). છ છ મહિનાના અપવાસ કર્યા અને પછી આહાર લેવા જતા તો નહોતા મળ્યા. ભાઈ! એની અંદર વિકલ્પ રહિત આનંદની ઉગ્રતાનો સ્વાદ હતો. અતીન્દ્રિય આત્માના સ્વાદને અનુભવતા હતા. એ અનુભવ આડે વિકલ્પ ઉત્પન્ન થયો નથી. થયો તો આહાર લેવાનો એ તૂટી ગયો, ફડાક અંદર આનંદ વધી ગયો. ઈ જોયું નહિ અને બહાર ન ખાધું ઈ જોયું. એમાં અજ્ઞાની.. સમજાય છે?

‘**તુષનાં જ્ઞાનમાં જ તેમની બુદ્ધિ મોહિત છે...**’ ઓલા ફોતરા વિકલ્પમાં મોહિત છે. આ કર્યું ને આ છોડ્યું, આ મૂક્યું, આ અપવાસ કર્યા, જુઓ! આણે દયા પાળી, આણે દીક્ષા લીધી, લૂગડા છોડ્યા, નગ્ન થયા. પણ ઈ તો બહારના ફોતરા છે. સાંભળને. ‘**એવા પુરુષો તુષને જ જાણે છે,...**’ એ અજ્ઞાની બહારની ક્રિયા (દેખે છે). મુનિઓ ધર્માત્માને પણ બહારની ક્રિયા આદિ હોય છે એને પેલો અજ્ઞાની દેખે છે. પણ અંદરમાં સ્વભાવનો અનુભવ છે અને આનંદ છે એની ખબર નથી. ‘**તંદુલને જાણતા નથી.**’ તંદુલ એટલે ફોતરા વિનાના ચોખા. સમજાણું?

‘**ભાવાર્થ :- જેઓ ફોતરામાં મૂઢ થઈ રહ્યા છે,...**’ ફોતરાને જ કૂટ્યા કરે છે. જુઓ! મહાવ્રત પાળ્યા, અહિંસા પાળી, દત્ત પાળ્યું, બ્રહ્મચર્ય પાળ્યું, ફલાણું કર્યું, ફલાણું કર્યું, લ્યો. ‘**તેમણે તંદુલને જાણ્યા જ નથી;...**’ ઈ ચોખાને જાણતો નથી. ચોખો અથવા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અનાજને જાણતો નથી. ફોતરાને જાણે છે. '**તેવી રીતે જેઓ દ્રવ્યલિંગ આદિ વ્યવહારમાં મુગ્ધ થઈ રહ્યા છે...**' લ્યો. દ્રવ્યલિંગ. અપવાસ આદિની ક્રિયા, બાર વ્રતની ક્રિયાના પરિણામ વિકલ્પો. એમાં રહ્યા છે '**(અર્થાત્ શરીરાદિની ક્રિયામાં મમત્વ કર્યા કરે છે)...**' લ્યો. રાગ મારો, પુણ્ય મારું, શરીર ક્રિયા એ હું કરું છું, આટલો આહાર છોડ્યો, શરીર મોળું થયું. જીર્ણ થયું. ધના અણગારને નહોતું? એમ કહે છે કેટલાક લ્યો.

ધના અણગારને અપવાસ કરતાં કરતાં કેવું થઈ ગયું શરીર? આમ ગાડું કોલસાનું ખખડે. જેમ ... ગાડું આખું ભરીને ચાલે ને? અને કાં તલહરા, તલહરા. આ સૂકા તલહરા નહિ? શું સમજ્યા? તલહરા નથી સમજતા? તલ.. તલ. ઈ સૂકા હોય ને, ઈ ગાડામાં જાય તો ખડ ખડ, ખડ ખડ બહુ થાય. અને કાં કોલસા ભરે ને ખડ ખડ થાય, અને કાં હાંડલા બહુ ભરીને નીકળે કુંભાર ગાડામાં. ખડ ખડ બહુ થાય. નરસિંહભાઈ કહેતા હતા. એક વાર નરસિંહદાસ આવ્યા હતા ને? જુનાગઢ. ત્યાં બોટાદ આવ્યા હતા. (સંવત) ૧૯૮૦માં આવ્યા હતા. ... કરતા ને? મેં પૂછ્યું હતું. મહારાજ! ધના અણગારને તો.. પોતે પાછી આમ ચેષ્ટા કરીને બતાવી. નરસિંહદાસ. મહારાજ! આમ ખડ ખડ શરીર થાય ત્યારે જીર્ણ થાય. હજી વાર છે. એમ કહ્યું હતું. અમારે તપસી ... પારણા કરતા. ચોવિહારા ..., હોં! ત્રણ દી અને ચાર દી. પાણીનો બિંદુ વગર. ખાવા ટાણે દૂધ, દહીં, ખાંડ, સાકર ... કાંઈ નહિ. એકલા રોટલા લુખ્ખા અને દાળ ખાય. એવા ચૌદ મહિના કર્યા હતા. અઠ્ઠમ છઠ સોળ મહિના કર્યા હતા. અને એક એક અપવાસ .. એમ કરીને સાડા ત્રણ વર્ષ સુધી. પછી છેલ્લી સ્થિતિ થોડી બાકી હતી ત્યાં ... નરસિંહભાઈ આવ્યા હતા. વાંચેલુ ખરું ને. ... સૂત્ર આવે છે. ધના અણગારનું. મહારાજ! ધના અણગારનું આમ ખડ ખડ હાડકા થતા. ઉઠે, બેસે ત્યારે. આમ સૂકા થઈ ગયા હોય ને (એટલે) ખડ ખડ (થાય). એવું ખડ ખડ થાશે ત્યારે તમારી સ્થિતિ પૂરી થાશે. તપસ્યા એનું નામ કહે લોકો. હાડકા સૂકા થઈને ખડ ખડ થાય એને. પણ અંદરમાં રાગનો નાશ થાય વીતરાગી દશા પ્રગટ થઈ છે. એને અહીં ભગવાન ઉપવાસ અને તપસ્યા કહે છે. ઈ તો જોતો નથી. આહા..!

'**તેમણે શુદ્ધાત્મ-અનુભવનરૂપ પરમાર્થને જાણ્યો જ નથી;...**' લ્યો. જેમને વિકલ્પની ક્રિયાકાંડમાં જ મમતા છે અને એ મારું સ્વરૂપ છે એમ માને છે .. '**શુદ્ધાત્મ-અનુભવનરૂપ...**' શુદ્ધાત્મ અનુભવનરૂપ, જોયું! એને અહીંયા પરમાર્થ કહ્યો. શુદ્ધાત્મ અનુભવ. અત્યારે અહીંયા સિદ્ધ ઈ કરવું છે ને. દર્શન, જ્ઞાન, ચારિત્ર સિદ્ધ કરવા છે ને. શુદ્ધાત્મ અનુભવરૂપ પરમાર્થ. કહો, ચંદુભાઈ! પરમાર્થ આને કીધો અહીં. જ્યાં ઓલામાં પર્યાય કીધી હતી ઈ. મોક્ષમાર્ગની વ્યાખ્યા છે અહીં તો અત્યારે. પરમાત્મ પ્રકાશમાં. ભાવલિંગ નહિ? એ તો ઉપચાર છે. ભાવલિંગ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ તો ઉપચાર છે. આ નિશ્ચય મોક્ષમાર્ગ એ ઉપચાર છે. કોની અપેક્ષાએ? ઓલા ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ. આ વ્યવહારના વિકલ્પની અપેક્ષાએ પરમાર્થ છે. એમ સિદ્ધ કરવું છે. આહાહા..! ભારે વાત! સમજાણું કાંઈ?

'**તેમણે શુદ્ધાત્મ...**' એ દ્રવ્ય છે. એના '**અનુભવનરૂપ...**' એ પર્યાય છે. એણે '**પરમાર્થને જાણ્યો જ નથી;...**' પરમ પદાર્થ ભગવાન આત્મા, એનું શરણ લઈને જે અનુભવ થાય, એ અનુભવને અને આત્માને બેયને જાણ્યો નથી. '**એવા જીવો શરીરાદિ પરદ્રવ્યને જ આત્મા જાણે છે,...**' એ તો શરીરને, રાગને ને પુણ્યને જ આત્મા જાણે છે. '**પરમાર્થ આત્માનું સ્વરૂપ તેઓ જાણતા જ નથી.**' ભગવાન આત્મા શુદ્ધ પૂર્ણાનંદ પ્રભુ એના સ્વરૂપનો અનુભવ, એને એ જાણતા નથી. લ્યો, ૪૧૩ થઈ.

'**હવે આગળની ગાથાની સૂચનારૂપે કાવ્ય કહે છે :-**'

**द्रव्यलिङ्गममकारमीलितै-**
**र्दृश्यते समयसार एव न।**
**द्रव्यलिङ्गमिह यत्किलान्यतो**
**ज्ञानमेकमिदमेव हि स्वतः।।२४३।।**

આહાહા..! યા હોમ કરે છે, સ્વાહા કરે છે. રાગ-બાગ સ્વાહા થઈ જાય. અહીં આત્મામાં (રાગ) કેવો? એમ કહે છે.

'**શ્લોકાર્થ :- જેઓ દ્રવ્યલિંગમાં મમકાર વડે અંધ-વિવેકરહિત છે, તેઓ...**' લ્યો. જેને વ્યવહારના વિકલ્પમાં, દયા, દાન, વ્રતના પરિણામમાં મમકાર નામ આ મારું છું, હું છું, એવો જેને મમકાર નામ મિથ્યાત્વ ભાવ વર્તે છે, (તેઓ) '**અંધ-વિવેકરહિત છે,...**' એ આંધળા છે. ભગવાન આત્મા આનંદમય છે તેને જોતા નથી. એ રાગને જોનારા આત્માને જોતા નથી, આંધળા છે એમ કહે છે અહીં તો. આહાહા..! ભગવાન આત્મા આનંદધામ પ્રભુ એને જોવે એને ચક્ષુવાળા કહ્યા છે. એ નિશ્ચય ભગવાન આત્મા એને અંતર જોવે, અનુભવ તે આંખ્યુંવાળા છે. બાકી કહે છે કે રાગને, પુણ્યની ક્રિયાને જોનારા વિવેકરહિત આંધળા છે. ભગવાન બેઠો છે એને જોતા નથી અને ભિખારી પરિણામ વિકારને જોવે છે. એમ કહે છે. પામરને જોવે અને પ્રભુને જોતો નથી. સમજાણું કાંઈ?

કેટલાકે કાઢી નાખ્યો. અત્યારે વ્યવહાર જ હોય, નિશ્ચય ન હોય. કેટલાક કહે, એ વ્યવહાર સાધન છે. વ્યવહાર સાધન છે, વ્યવહાર કરતાં કરતાં આવશે. વળી કેટલાક એમ કહે, ક્ષયોપશમભાવ છે ને? રાગની મંદતા કરી ને એ ક્ષયોપશમભાવ છે. એ ક્ષયોપશમભાવ ક્ષાયિકભાવને પમાડશે. વળી કેટલાક એમ કહે છે. તમારા પક્ષમાં. સમજાણું કાંઈ? રાગની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ક્રિયા કરે છે એમાં કાંઈક ક્ષયોપશમ છે કે નહિ? દયા, દાન, વ્રત, ભક્તિના પાપના તીવ્ર પરિણામ કરે છે, એમાંથી આ કરે છે એમાં કાંઈક ભાવ છે કે નહિ? માટે ક્ષયોપશમ છે. આવે છે ને? આપણે પણ આવે છે. નિયમસારમાં આવે છે, પંચાસ્તિકાયમાં આવે છે. સોહમ ભવિ સુખે કરીને પચ્ચખાણ થાય. ઈ ગાથામાં નાખ્યું છે. દુઃખે કરીને, સુખે કરીને પચ્ચખાણ નથી ઓલામાં. એમ. સમજાણું? દ્રવ્ય નિક્ષેપે ક્ષયોપશમ છે. લ્યો, સમજાણું?

આ પ્રશ્ન અમારે ઠેઠ ઉઠ્યો હતો, (સંવત) ૧૯૭૯-૧૯૮૦માં. તમારું ચોમાસુ થઈને આવ્યા. લિંબડી. ૧૯૮૦માં રાણપૂર. કારતક-માગશરમાં. ઓલા બધા કહે, રામજીભાઈના સાસરા ને મૂળચંદજી ને બધા. નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે ક્ષયોપશમ કરીને ગયો. એ ક્ષયોપશમ થયા વિના જાય? ભલે મિથ્યાત્વ હોય, પણ ક્ષયોપશમ છે. મેં કીધું, એને ક્ષયોપશમ ન કહેવાય. એ વાંધા ઉઠતા બધા. મેં કીધું, ક્ષયોપશમ ન કહેવાય. એ તો રાગનો ઉદય કહેવાય. ક્ષયોપશમ એને કહેવાય? એ વિના આટલો પુરુષાર્થ..? પણ કેટલો? પુરુષાર્થ એટલે શું? કીધું. ચંદુભાઈ! ૧૯૮૦ના શિયાળાની વાત છે. ૧૯૭૯નું ચોમાસુ હતું ને? લિંબડી. ન્યાંથી રાણપૂર આવ્યા. મારે બોટાદ હતું, ન્યાંથી ભેગા થયા રાણપૂરમાં. હું હતો ઉપર. આ બે જણા વાતું કરે. મૂળચંદજી અને ઈ. ઓલા કહે, આહા..! એમાં વળી હું ઉપરથી ઉતર્યો. કેમ આમાં? મેં કીધું, કેમ શું? નવમી ગ્રૈવેયકે ગયો અનંત વાર એમાં મોહનો ક્ષયોપશમ ભાવ ખરો કે નહિ? ના, ના કીધું. નહિ. આવે એમાં શું દાળિયા થયા? એ તો વ્યવહારની વાતું છે. મોહનો ક્ષયોપશમ થાય તો સમ્યગ્દર્શન અને અનુભવ થઈ જાય, મુક્તિનો માર્ગ થઈ જાય. જન્મ-મરણ ટળી જાય. એઈ..! અમારા હિમંતભાઈના ગુરુ હતા ઈ. નહિ? .. નહિ બહુ તમને. ભાઈને વધારે. ડોસાને વધારે હતું. આહાહા..! નહિ. નવમી ગ્રૈવેયકે જે અનંત વાર ગયો એને મોહનો ક્ષયોપશમ કહેવાય નહિ. ક્ષયોપશમમાં તો અંદર આત્માનું વેદન થઈને મુક્તિના ભણકાર વાગે. આમાં ક્યાં મુક્તો હતો? એવા તો અનંત વાર જઈ આવ્યો. એ નહિ. સમજાણું કાંઈ?

ઈ અહીં કહે છે, આંધળો છો. કહે છે. આવી રાગની મંદતા અને એમાં તું મોક્ષનો માર્ગ માને છો, આંધળો છો. ઓલો ભગવાન આખો પડ્યો રહ્યો. કહો, સમજાણું કાંઈ? એવા વાંધા બહુ ઉઠતા. (સંવત) ૧૯૮૩માં પાછું ઉઠેલા. આ ૧૯૮૦ની વાત છે. આખી રાત... એક ફેરી દામોદર શેઠ આવ્યા. મેં આખી રાત વિચાર કર્યો કે ક્ષયોપશમથી બંધ થાય. કેમ? કીધું. જુઓને! મનુષ્યપણું કેમ બંધાય? પ્રકૃતિના ભદ્રિક, પ્રકૃતિનો વિનય, એનાથી બંધાય કે નહિ? મેં કીધું, ઈ ક્ષયોપશમભાવ ક્યાં છે? ઈ તો ઉદયભાવ છે. શબ્દ એવા આવે છે ને? ચાર પ્રકારે મનુષ્યપણું બાંધે. ... ચાર બોલ આવે છે. સમજ્યાને? ... આ ક્ષયોપશમભાવ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નહિ. આખી રાત વિચાર કર્યો. આખી રાત વિચાર કર્યો હોય તો ખોટો છે. જે ભાવે મનુષ્યપણું બાંધે ઈ ક્ષયોપશમ ક્યાંથી આવ્યો? આ ક્યાંથી ગોટા માર્યા? એટલે માણસને એ વખતે આકરું લાગતું. ઉદયભાવ છે. ઉદયબંધકરા. બંધનું કારણ તો ઉદય છે. ક્ષયોપશમ બંધ કરે? આ તો ખોટો ક્ષયોપશમ અનાદિનો એ બંધનું કારણ નથી. અમથો ક્ષયોપશમ છે ને? જ્ઞાનનો, દર્શનનો, વીર્યનો એ કંઈ બંધનું કારણ નથી. ઉદય બંધનું કારણ છે. આ બંધનું કારણ છે એને આંધળા માને છે કે મોક્ષનું કારણ છે. એમ કહે છે. સમજાણું કાંઈ? અમારો પુરુષાર્થ છે કે નહિ એમાં? રાગ મંદ કર્યો. આ તીવ્ર કરતા હતા એને મંદ કર્યો છે, પાતળો પાડ્યો છે. મહાવ્રત પાળીએ છીએ. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય પાળીએ છીએ, જોઈને ચાલીએ, કોઈ કીડીને મરવા ન દઈએ, ધ્યાન રાખીએ છીએ. વ્હોરવા જઈએ તો નિર્દોષ આહાર અમારા માટે કર્યો હોય તો પ્રાણ જાય તોય ન લઈએ. આ કંઈ ક્ષયોપશમ વિના થતા હશે? કીધું, ક્ષયોપશમ-બયોક્ષપમ નહિ. આ જુઓ, અહીં કહે છે.

'**જેઓ દ્રવ્યલિંગમાં મમકાર વડે અંધ-વિવેકરહિત છે,...**' આંધળા છો. કહે છે. એવી ક્રિયાકાંડને તું મોક્ષનો માર્ગ માને છો, ભાન નથી. '**તેઓ સમયસારને જ દેખતા નથી;...**' એ ભગવાન આત્માને તે જોતા નથી. જોતા જ નથી. આંધળો આને દેખે છે એમ કહે છે. આહાહા..! '**કારણ કે આ જગતમાં દ્રવ્યલિંગ તો ખરેખર અન્ય દ્રવ્યથી થાય છે,...**' લ્યો ઠીક. એ વિકલ્પ આદિ તો અન્ય દ્રવ્યને આશ્રયે થયેલા છે. અન્ય દ્રવ્ય જ છે. એમ કહે છે. ઈ તો આવી ગયું ને પહેલું. '**દ્રવ્યલિંગ તો ખરેખર અન્ય દ્રવ્યથી થાય છે,...**' નગ્નપણું અન્ય દ્રવ્ય, રાગ પણ અન્ય દ્રવ્ય, બધું અન્ય દ્રવ્ય છે. મહાવ્રતના પરિણામ પણ અન્ય દ્રવ્ય છે, આત્મદ્રવ્ય નથી. આહાહા..! સમજાણું? '**આ જ્ઞાન જ એક પોતાથી (આત્મદ્રવ્યથી) થાય છે.**' ભગવાન આત્મા, જ્ઞાન એટલે મોક્ષનો માર્ગ એ પોતાથી થાય છે અંદર. જ્ઞાન એટલે રાગ નહિ. એમ. જ્ઞાન એટલે આત્માની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર એ આત્માથી-પોતાથી થાય. એક પોતાથી થાય-આત્મદ્રવ્યથી જ થાય. જ્ઞાન શબ્દે મોક્ષનો માર્ગ. ઓલો રાગ છે તે જ્ઞાન નથી, અજ્ઞાન છે, અંધકાર છે. સમજાય છે? અને આત્મા જ્ઞાનાનંદ છે એનું જ્ઞાન. એનું જ્ઞાન, એનું દર્શન, એનું ચારિત્ર ત્રણેને અહીં જ્ઞાન કહ્યું. એ જ્ઞાન આત્મદ્રવ્યથી થાય છે, રાગથી થાતું નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**મહા વદ ૨, શુક્રવાર તા. ૧૬-૨-૧૯૬૮**
**ગાથા-૪૧૪, પ્રવચન-૪૮૯**

છે ને? '**વ્યવહારનય જ મુનિલિંગને અને શ્રાવકલિંગને-એ બન્ને લિંગોને મોક્ષમાર્ગ કહે છે...**' એ આવશે અર્થમાં. '**નિશ્ચયનય કોઈ લિંગને મોક્ષમાર્ગ કહેતો નથી**' એમ **ગાથામાં કહે છે :-**'

**ववहारिओ पुण णओ दोण्णि वि लिंगाणि भणदि मोक्खपहे।**
**णिच्छयणओ ण इच्छदि मोक्खपहे सव्वलिंगाणि।।४१४।।**
**વ્યવહારનય એ ઉભય લિંગો મોક્ષપંથ વિષે કહે,**
**નિશ્ચય નહીં માને કદી કો લિંગ મુક્તિપથ વિષે. ૪૧૪.**

'**ટીકા :-**' શું કહે છે? '**શ્રમણ અને શ્રમણોપાસકના ભેદે બે પ્રકારનાં દ્રવ્યલિંગો મોક્ષમાર્ગ છે' એવો જે નિરૂપણ પ્રકાર...**' '**भणदि**' છે ને શબ્દ? મૂળ પાઠમાં '**भणदि**' છે. કહેવું, પ્રરૂપણ કરવું, કથન કરવું એમ છે. નિરૂપણ છે ને? ઈ અહીંથી કાઢ્યું. '**भणदि**' શબ્દ છે ને? વ્યવહાર '**भणदि**', '**ण णिच्छयणओ**' એમ કહ્યું છે. શું કહે છે? સાધુ અને શ્રમણોપાસક-શ્રાવક, એના બે પ્રકારનાં દ્રવ્યલિંગ. સાધુને પંચ મહાવ્રતના, અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ હોય છે. નગ્ન મુનિ હોય. અને શ્રાવકને બાર વ્રતાદિના વિકલ્પ-રાગ હોય છે. એ બધા દ્રવ્યલિંગ છે. કેમ કે અશુદ્ધ દ્રવ્યનું સ્વરૂપ છે. વસ્તુ પોતે શુદ્ધ ચૈતન્ય છે. એ પુણ્ય પરિણામના મલિન પરિણામપણે પરિણમે છે એથી તે અશુદ્ધ દ્રવ્યના કથનને વ્યવહારનય કહે છે કે આ મોક્ષમાર્ગ છે. એમ વ્યવહારનય પ્રરૂપે છે. સમજાય છે કાંઈ?

સાધુ અને શ્રમણોપાસક. સાધુ હોય એની દશા નગ્ન હોય છે અને એને અઠ્યાવીસ મૂળગુણ, પંચ મહાવ્રતના, અહિંસા, સત્ય, દત્તના પરિણામ હોય છે. અને શ્રાવકને બાર વ્રતના અને કોઈ ઉત્કૃષ્ટ શ્રાવક હોય તો એને બહારમાં કોપિન એટલે એકલી લંગોટી આદિ વસ્ત્રનો કટકો જ હોય છે. અંદર એના વિકલ્પને. ઓલી ક્રિયા તો દેહની છે. અહીં તો અશુદ્ધ દ્રવ્યનું પ્રરૂપણ એમ કહ્યું છે, ભાઈ! અશુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ (એમ કહ્યું છે). ઓલી વસ્તુ પર છે એ નહિ. ઈ દ્રવ્ય પોતે આત્મા છે. એ બાર વ્રતના વિકલ્પનો શુભ રાગ અને પંચ મહાવ્રતનો શુભ રાગ, અશુદ્ધ દ્રવ્ય પોતે પરિણમે છે. એને વ્યવહારનય કહે છે કે આ મોક્ષમાર્ગ છે. સમજાય છે કાંઈ? લ્યો, આખું આમાંથી કાઢ્યું મોક્ષમાર્ગનું કથન. ટોડરમલજીએ.

બે પ્રકારનું કથન છે. નિરૂપણ છે વ્યવહાર, નિશ્ચયનું. પણ વ્યવહાર એ મોક્ષમાર્ગ છે

એમ નથી. અહીં તો '**ण इच्छदि**'માં આવશે. અહીં તો '**ण इच्छदि**' એનો અર્થ કે નથી. એમ. પાઠમાં '**ण इच्छदि**' છે. '**ण इच्छदि**' એટલે નથી એમ. અહીં તો કહે છે, સાધુને છ પ્રકારની જે પ્રરૂપણા, એમ છે ને? એવું જે પ્રરૂપણ. એટલે '**भणदि**'. એવું જે કથન. વ્યવહારનય એમ કહે કે આ બાર વ્રત શ્રાવકના, મુનિના પંચ મહાવ્રત. પરિણામ હોં મહાવ્રતના. દેહની ક્રિયા મુનિની તો નગ્ન જ હોય છે. અને શ્રાવક છે એ ગૃહસ્થાશ્રમમાં હોય તો એને હજી વસ્ત્રાદિ હોય. પણ કોપિન આદિ જે એનો બહારનો ભેખ છે, અગિયારમી પડિમાધારી શ્રાવક થાય છે. એને કોપિન આદિ હોય. લંગોટી. એ તો પર છે. પણ અંદરના બાર વ્રત અને પંચ મહાવ્રતના દયા, દાનના પરિણામ છે એ દ્રવ્ય પોતે અશુદ્ધપણે પરિણમ્યું છે. એને વ્યવહારનય કહે છે કે આ મોક્ષમાર્ગમાં આવે છે. માટે મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ?

'**તે કેવળ વ્યવહાર જ છે,...**' ભાષા એમ છે ને? '**ववहारिओ पुण णओ**' વ્યવહારીઓ વ્યવહાર કહે છે એવો પાઠ છે. અમૃતચંદ્રાચાર્યે ખુલાસો કર્યો કે '**તે કેવળ વ્યવહાર જ છે,...**' સાધુને પંચ મહાવ્રતના પરિણામ બરાબર ચોખ્ખા હોય, એને વ્યવહારનય મોક્ષમાર્ગ કહે, તે કેવળ વ્યવહાર છે. સાચું સ્વરૂપ નથી. કહો, શેઠી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ કહે છે? કંઈ જરૂર નથી. સાથે છે, એ સંબંધી વિકલ્પ (છે). આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિનો આશ્રય લઈને જે આનંદનો અનુભવ કરે છે, એની સાથે એવા વિકલ્પ હોય છે નિમિત્ત તરીકે, એથી એનું કથન વ્યવહાર નિમિત્ત તરીકે કહે છે. કહો, સમજાય છે? આત્માનો મોક્ષમાર્ગ તો આત્મા તદ્દન પુણ્ય-પાપના, વ્રતના અને અવ્રતના વિકલ્પ રાગ રહિત આત્માના આનંદ સ્વરૂપનો આશ્રય લઈ, અને જે અતીન્દ્રિય આનંદ અને શાંતિનું વેદન આવે એને મોક્ષમાર્ગ સાચો કહે છે. એની સાથે આવા જ વિકલ્પો શ્રાવક હોય તો એને બાર વ્રતના અને મુનિ હોય તો એને અઠ્યાવીસ મૂળગુણના અચેલપણે રહેવું, નગ્નપણે રહેવું, એક વાર ઊભા ઊભા આહાર લેવો, એવા એને શુભ વિકલ્પો હોય છે. હોય છે એવું નિમિત્ત દેખી, સહચર દેખી, સાથે દેખીને વ્યવહારનય કહે છે કે આ પણ એક મોક્ષનો માર્ગ છે.

'**કેવળ વ્યવહાર જ છે,...**' એમ કરીને અમૃતચંદ્રાચાર્યે તો (ખુલાસો કર્યો). કેવળ વ્યવહારનું કથન છે, એ સાચું કથન નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? તત્ત્વની વસ્તુની ખબર ન મળે અને બહારથી બધું માનીને આ અમે ત્યાગી ને આ અમે આ. મિથ્યાત્વભાવને સેવતા હોય અને માને કે અમે ધર્મ કરીએ છીએ. માને. જયંતિભાઈ! શું થયું? આજે શુક્રવારે વખત મળ્યો? હા, ઠીક, સમજી ગયો. બરાબર. કહો, સમજાણું આમા?

જુઓ! આ એક ગાથામાં બે પ્રકારના વ્યવહાર અને નિશ્ચયનો ફડકો કરે છે. અને તે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વ્યવહાર ક્યો લીધો છે અહીં? કે પોતે દ્રવ્ય જે આત્મા છે, એ પંચ મહાવ્રત અને વિકલ્પમાં રોકાય છે તેને વ્યવહાર કહ્યો છે. તે વ્યવહારનય એને મોક્ષમાર્ગ કહે છે. એમ છે નહિ. ચંદુભાઈ! શરીરનો ભેખ છે એની તો વાત નથી. અહીં તો આચાર્યને ખાસ એ સિદ્ધ કરવું છે. આહા..! મુનિ હોય છે એ નગ્ન જ હોય છે. એની દશા નગ્ન જ થઈ જાય. જ્યાં સાચા સાધુ થાય ભાવલિંગી મુનિ ભગવાને સ્વીકાર્યા એવા થાય એટલે તેની નગ્ન દશા જ થઈ જાય. પણ ઈ નગ્ન દશાને અહીં લીધી નથી. એને અઠ્ઠાવીસ મૂળગુણના જે અચેલપણે રહેવું, એક વાર આહાર લેવો, એક વાર ભોજન, નીચે પથારી, છ આવશ્યક, સામાયિક વિકલ્પ હોં શુભરાગ, એ શુભરાગને વ્યવહારનય પરના આશ્રયે કથન કરનારી નિમિત્ત દેખીને એને વ્યવહાર મોક્ષનો માર્ગ છે એમ મોક્ષના પંથમાં આ એક છે, એમ વ્યવહારનય કહે છે. કહો, નવરંગભાઈ! આ ગાથા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ તો પછી કહેશે. હજી તો અત્યારે તો આ.. દ્રવ્ય તો પોતે છે. એ અશુદ્ધ દ્રવ્ય. રાગ પંચ મહાવ્રત એ અશુદ્ધ દ્રવ્ય છે. અશુદ્ધ જુઓને! અશુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ છે ઈ. સમજાણું કાંઈ? શું કહે છે? જુઓ!

'**તે કેવળ વ્યવહાર જ છે, પરમાર્થ નથી,...**' કેવળ વ્યવહાર છે. જાણવાલાયક છે. છે તેને જાણવાલાયક છે. મોક્ષમાર્ગ છે એમ વ્યવહાર કહે છે. જાણવાલાયક છે એને ઠેકાણે ઈ કહે છે કે ઈ મોક્ષમાર્ગ છે. એટલું વ્યવહારનય કહે છે. સમજાણું કાંઈ? '**પરમાર્થ નથી,...**' એ મોક્ષમાર્ગ ખરો નથી. કહો, સમજાણું કાંઈ? અઠ્ઠાવીસ મૂળગુણના રાગના વિકલ્પો મુનિને યોગ્ય જે રાગ છે, શુભરાગ, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યનો શુભરાગ એક વાર આહાર, અચેલપણે રહેવું, અદંતધોવન,.. સમજાય છે? અસ્નાન અને જંગલમાં આદિ રહેવું, એવો જે વિકલ્પ આવે છે-શુભરાગ, એને વ્યવહારનય કહે છે કે આ મોક્ષમાર્ગમાં આવે છે ને? આવે છે ને? હોય છે ને? માટે કહે છે.

'**પરમાર્થ નથી,...**' એ મોક્ષમાર્ગ છે જ નહિ, એ તો બંધમાર્ગ છે. સમજાણું કાંઈ? પંચ મહાવ્રતના ભાવ, બાર વ્રતના ભાવ એ તો બંધમાર્ગ છે. કેમ કે એ તો અશુદ્ધ દ્રવ્ય પરિણમે છે. દ્રવ્ય પોતે શુદ્ધ છે, વસ્તુ શુદ્ધ છે. ચૈતન્ય જ્ઞાનાનંદ અનંત ગુણનો પિંડ તે શુદ્ધ છે. તે નિમિત્તના લક્ષે અશુદ્ધપણે પરિણમે છે. માટે તે મોક્ષમાર્ગ ખરો નથી. સમજાણું કાંઈ? જુઓને! કેવી શૈલી લીધી છે! અશુદ્ધદ્રવ્યાર્થિક લીધું છે ને? પહેલેથી શરૂઆતથી. અશુદ્ધ દ્રવ્ય છે એ લીધું છે અહીંયાં. મુનિનો નગ્ન ભેખ છે એ તો વાતેય નથી લીધી. એનું શું કામ છે તારે? આ તો પોતાનો અટકેલો વિકલ્પ ભાગ છે, જે મોક્ષમાર્ગ નથી. સમ્યગ્દર્શન,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ્ઞાન, ચારિત્ર એ નથી, પણ વ્યવહાર સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો રાગ અને શાસ્ત્રના ભણતરનો વિકલ્પ એ અશુદ્ધ દ્રવ્યનું પરિણમન છે. દ્રવ્ય પોતે શુદ્ધ છે. પોતે વસ્તુ શુદ્ધ છે. એ અશુદ્ધમાં અટકીને પર્યાયમાં પર્યાયદષ્ટિએ પરિણમે છે તેથી તેને વ્યવહારનય કહે છે કે આ મોક્ષમાર્ગ છે. પરમાર્થે ખોટી વાત છે. એ મોક્ષમાર્ગ છે નહિ. કહો,

મુમુક્ષુ :- એક કોર કહેવું અને પાછું ખોટું છે એમ કહેવું.

ઉત્તર :- પણ છે એટલે કહે છે. નિમિત્ત તરીકે સાથે છે માટે કહે છે. પણ વસ્તુ છે નહિ. સાચી નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્યારે પોતે શુદ્ધ સમ્યગ્દર્શન અંતર સહિત વસ્તુની સ્થિરતાની રમણતા પ્રગટ કરે ત્યારે તેને વિકલ્પ એ દશામાં મુનિને અઠ્યાવીસ મૂળગુણની ભૂમિકાનો ભાવ જ એની જાતનો હોય છે. એથી ઓલું નિમિત્ત તરીકે ગણી, દ્રવ્યનું અશુદ્ધ પરિણમન, દ્રવ્ય પોતે પરિણમીને અટક્યું છે એટલું ગણી એને વ્યવહારનય એટલો ... દેખીને કહે છે કે આ મોક્ષમાર્ગ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આટલું કેમ છે? હમણાં શેઠીએ ન પૂછ્યું? એને હોય છે કે નહિ? એને હોય છે. એટલું હોય છે એમ દેખીને .. થયો વ્યવહારનો. છે જ નહિ. શું એને પાપભાવ હોય છે? એને બીજો ભાવ હોય છે? ના. આવો હોય છે વિનય. હોય છે. બસ, હોય છે દેખીને વ્યવહારનય કહે છે કે મોક્ષપંથમાં ઈ છે. મોક્ષપંથમાં આવે છે. એટલે આવે છે એમ ન કહેતાં ઈ છે. પરમાર્થ કહે છે, ખોટી વાત છે તારી. ઈ મોક્ષમાર્ગ નથી. સમજાણું કાંઈ?

'**કારણ કે...**' જુઓ હવે, '**કારણ કે તે (પ્રરૂપણા)...**' તે કથન '**પોતે અશુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી...**' આ કારણ આપ્યું. ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ, ચૈતન્યનો સૂર્ય પ્રભુ છે અને આનંદનો કંદ આત્મા છે. એનું પરિણમન દશા તો આનંદ, અતીન્દ્રિય આનંદની દશા, શુદ્ધ જ્ઞાનની દશા એ એનું ખરું પરિણમન શુદ્ધ દ્રવ્યનું છે. સમજાણું કાંઈ? એને છોડીને '**પોતે અશુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી...**' કોણ? વ્યવહારનય અને એનો વિષય પોતે. પોતે અશુદ્ધ દ્રવ્યનું અનુભવન છે એમાં. વિકારી પરિણામ પંચ મહાવ્રતના ભાવ, અઠ્યાવીસ મૂળગુણનો ભાવ, બાર વ્રતનો ભાવ એ પોતે અશુદ્ધ દ્રવ્યનો અનુભવ છે. એમાં તો વિકારનું વેદન છે. પુણ્યના પરિણામના મેલ ભાવનું વેદન છે. ઈ મેલ છે. પોપટભાઈ! ભારે!

'**તે (પ્રરૂપણા) પોતે અશુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી...**' અશુદ્ધ દ્રવ્ય. પોતે શુદ્ધ ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત શુદ્ધ આનંદમૂર્તિ છે. આ પરિણામ દુઃખરૂપ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સમજાણું કાંઈ? પંચ મહાવ્રતના ભાવ એ દુઃખરૂપ પરિણમન છે. એ અશુદ્ધ દ્રવ્યનું પરિણમન છે. દ્રવ્ય શુદ્ધનું પરિણમન તો આનંદમૂર્તિ આત્મા છે. આનંદસ્વરૂપ આત્મા છે. ઈ આનંદનું આનંદરૂપે પરિણમન એ શુદ્ધ દ્રવ્યનું પરિણમન. એ મોક્ષનો માર્ગ. અને શુદ્ધ દ્રવ્ય હોવા છતાં આનંદથી ઊલટો વિકાર અને આકુળતા રૂપે પરિણમ્યો છે એ અશુદ્ધ દ્રવ્યનું પરિણમન છે. એટલે કે અશુદ્ધ પર્યાય છે, મેલી છે. માટે તેને મોક્ષમાર્ગ કહેવું એ સાચું નથી. એમ કહે છે. ભારે! કહો, ચંદુભાઈ! કેટલો ખુલાસો કરે છે!

'**ववहारिओ पुण णओ दोण्णि वि लिंगाणि भणदि**' બે ભેદો વર્ણવે છે. ઈ ભેદ છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદની મૂર્તિ અભેદ થઈને, અભેદનું પરિણમન થવું, અભેદનું એટલે દ્રવ્ય શુદ્ધ ચૈતન્ય આનંદ છે એની એકતા થઈને જે પરિણમન થવું એ તો શુદ્ધ દ્રવ્યનું પરિણમન હોવાથી એ તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની નિર્મળ દશા હોવાથી તેને મોક્ષમાર્ગ કહેવો એ પરમાર્થ છે. સમજાણું કાંઈ? કહો, જયકુમારજી! ભારે આવી વાતું. ઓહો..! સંપ્રદાયને બિચારાને મળે નહિ. એમ ને એમ જિંદગી હેરાન થઈને ચાલ્યા જાય. મિથ્યાત્વ સેવી. અમે આ મહાવ્રત પાળીએ છીએ. આ તો કાંઈ છે જ નહિ એની પાસે તો અત્યારના માણસો પાસે તો. ભગવાને જે કહેલો તો વ્યવહારે દિગંબર નગ્નદશાવાળાને પણ અત્યારે નથી. સમજાય છે કાંઈ? બીજા ભેખધારી પાસે તો છે નહિ. એ.. પોપટભાઈ! કહો, નવરંગભાઈ! શું છે આ? આહાહા..!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથનો માર્ગ વીતરાગસ્વરૂપ છે એ માર્ગ તો. ભગવાન આત્મા ચૈતન્ય આનંદસ્વરૂપ છે, વીતરાગસ્વરૂપ જ આત્મા છે. એને અવલંબે વીતરાગી પર્યાયનું પરિણમન, સમ્યગ્દર્શન નિશ્ચયનું નિર્વિકલ્પ પરિણમન, નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન અને આત્માની શુદ્ધ ચૈતન્યની રમણતારૂપ પરિણમન એ તો શુદ્ધ સ્વભાવ છે તેની વ્યક્ત દશાનું પરિણમન છે. એ મોક્ષનો માર્ગ. એ શુદ્ધ દ્રવ્યનું પરિણમન છે. છે પર્યાય પણ એ શુદ્ધ દ્રવ્ય છે તેવી તેની પર્યાય છે. શુદ્ધ નિર્વિકલ્પ વીતરાગ પરિણતિ તે વીતરાગ સ્વભાવની પરિણતિ છે. સમજાણું કાંઈ?

આત્મા વીતરાગસ્વરૂપ જ છે. ત્રિકાળ. વસ્તુએ. જિન જિનવર, જીવ જિનવર બેય એક જ સ્વરૂપે છે. એને પર્યાય પ્રગટી છે. પણ વસ્તુ તો વીતરાગસ્વરૂપ છે આત્મા. સમજાણું કાંઈ? બધા આત્માઓ વીતરાગસ્વરૂપ છે. આહાહા..! એઈ..! સ્વભાવ. એ વીતરાગસ્વરૂપ આત્મા છે એનો આશ્રય કરીને જે વીતરાગ પરિણતિ પ્રગટ થાય, વીતરાગી અવસ્થા, રાગ વિનાની અવસ્થા, વસ્તુમાં નથી એવી અવસ્થા થાય તો તો રાગ થઈ ગયો. વસ્તુમાં નથી એવા આ દયા, દાન, વ્રતના પરિણામ, પંચ મહાવ્રતના એ તો વસ્તુમાં નથી એવી પરિણતિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થઈ. તેથી અશુદ્ધ દ્રવ્ય પરિણમ્યું ઈ. સમજાય છે કાંઈ? આ જીવને ન મારું ને આ જીવને બચાવું ને આ જૂઠું ન બોલું ને સત્ય બોલું, એ બધો વિકલ્પ શુભ રાગ છે. જીવના દ્રવ્યના એ મેલા પરિણામ છે. રાગવાળા પરિણામ છે. એ વસ્તુના સ્વભાવના પરિણામ નથી. આહાહા..! હજી તો શ્રદ્ધાના ઠેકાણા ન મળે, હજી જ્ઞાન અને શ્રદ્ધા કોને કહેવી (એની ખબર ન હોય) અને ચારિત્ર થઈ ગયા એને. ધૂળમાંય નથી ચારિત્ર. કહો, જયંતિભાઈ! કહો, શેઠી! છે કે નહિ એમાં? છે એમાં, જુઓ! શું કહે છે? જુઓ!

વ્યવહારનય... સમજાય છે? એ કેવળ વ્યવહાર છે. બે પ્રકારનો ભેદવાળો વિકલ્પ છે એને મોક્ષમાર્ગ કહેવો એ કેવળ વ્યવહાર છે. પરમાર્થ નથી. એ મોક્ષમાર્ગ નથી. સમ્યગ્દર્શન એ નહિ. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ વ્યવહાર સમકિત છે એમ વ્યવહારનય કહે છે. મોક્ષમાર્ગ કહે, નિશ્ચય કહે કે નથી, એ સમકિત નહિ. એ સમકિત નહિ.

મુમુક્ષુ :-..

ઉત્તર :- કારણ આપે છે. '**કારણ કે તે (પ્રરૂપણા) પોતે અશુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ...**' છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચ મહાવ્રતનો વિકલ્પ એ તો અશુદ્ધ દ્રવ્યના પરિણમનરૂપ છે. એ કારણે એ વ્યવહાર છે, એ કારણે એ પરમાર્થ છે નહિ. વ્યવહાર નિષેધ છે. સમજાણું કાંઈ? '**તેને પરમાર્થપણાનો અભાવ છે;...**' ભગવાન આત્મા એ અશુદ્ધના પરિણમનમાં જેટલો અટકે, પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણમાં એમાં શુદ્ધ દ્રવ્ય સ્વરૂપ જેવું વીતરાગ છે, એના પરિણમનનો એ રાગમાં અભાવ છે. આવું તો સાંભળ્યું નહોતું કોઈ દી ન્યાં. આટલા વર્ષ ઊના પાણી પી પીને મરી ગયા. ખબર જ નથી. સંપ્રદાયમાં તો આ વાત જ નથી. સમજાણું કાંઈ? જુઓને! કેટલો ન્યાય છે!

વ્યવહાર કહે છે તે કેવળ વ્યવહાર જ છે. એમ છે એમ સ્થાપ્યું, હોં! વ્યવહાર છે એમ. પણ પરમાર્થ નથી. એટલે વ્યવહાર છે એમ સ્થાપ્યું ખરું. વ્યવહાર છે ખરો. જણાવવા યોગ્ય દર્શાવવા યોગ્ય છે. ૪૬માં આવે છે ને? દર્શાવવો ન્યાયસંગત છે. પણ આદરવો નહિ. એમ કહે છે. આહાહા..! સમજાણું? એ તો ૧૨મી ગાથામાં આવ્યો આખો સિદ્ધાંત. જાણેલો પ્રયોજનવાન છે. જાણેલો છે, છે એટલું. પણ તું એને મોક્ષમાર્ગ માન એમ નથી. જેટલો પરદ્રવ્યને લક્ષે દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ, જાત્રા, નામ સ્મરણ, ભગવાનનું નામ સ્મરણ એ બધો રાગ અને પુણ્યનો વિકાર છે. એ પરદ્રવ્યના લક્ષે થયેલો અશુદ્ધ ભાવ છે. અશુદ્ધ ભાવ તેમાં શુદ્ધ ભાવનો અભાવ છે. માટે તે મોક્ષમાર્ગ નથી. કરવું પડશે આ, બહારથી મળે એવું નથી આ ધૂળમાંથી કાંઈ. પૈસા ખર્ચી નાખો પચાસ હજાર, લાખ, થઈ જાય ધર્મ. ધૂળમાંય ધર્મ નથી અહીં કહે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- આવું કહેશો તો ખર્ચશે નહિ.

ઉત્તર :- કોણ ખર્ચતો હતો? એઈ..! મલૂકચંદભાઈ! કોણ ખર્ચે? એક રજકણને ફેરવી શકે છે કોઈ? એક રજકણ છે એને આમ કે આમ કરી શકે કોઈ ત્રણ કાળમાં? તે રજકણનું જે પરિણમન જે ક્ષેત્રે, જે કાળે, જે ભાવે ત્યાં ફેરફાર થાય એ એને કારણે થાય. આત્મા કરી શકે નહિ ત્રણ કાળ ત્રણ લોકમાં. આંખની પાંપણ ઊંચી નીચી થાય એ આત્માને લઈને ત્રણ કાળ ત્રણ લોકમાં નહિ. એટલે એ વાત અહીં લીધી નથી. ભાઈ! નગ્નપણું થાય, વસ્ત્ર છૂટી જાય ઈ વાત અહીં લીધી નહિ. પોતે પુરુષાર્થથી.. કારણ કે એમાં પુરુષાર્થ કાંઈ નથી પરમાં. પણ પોતાનો પુરુષાર્થ ઊલટો પડેલો અશુદ્ધ પરિણમન જે છે એની આ વાત લીધી છે. અહીં તો એ વાત લીધી છે. સમજાણું કાંઈ? નગ્નપણું કે આ મોરપીંછી પકડવી કે... શું કહેવાય આ? કંમડળ મૂકવું ને જોઈને આ કરવું ને જોઈને મૂકવું ને જોઈને લેવું, એ ક્રિયા તો આત્માની છે જ નહિ. એ તો પુદ્‌ગલની ક્રિયા છે. એટલે અહીં એ વાત લીધી નથી. એની વાત જ નથી. ચંદુભાઈ! ભારે વાત ભાઈ! આવો વીતરાગ માર્ગ. વીતરાગ માર્ગ કોને કહે? ભાઈ! એકલી વીતરાગતા. આહાહા..!

કહે છે કે ભાઈ! એ તો રાગ છે ને. એ છે પરિણમન તારું. દ્રવ્યનું પરલક્ષી, અશુદ્ધ દ્રવ્યનું પરિણમન અનુભવ-વેદન છે, પણ એ તો વિકારનું વેદન છે. એ કંઈ મોક્ષમાર્ગ નથી. આહાહા..! આટલી તો સ્પષ્ટતા મૂકી છે. શેઠી! આ છેલ્લી ગાથાઓ છે હવે. ૪૧૪મી ચાલે છે, ૪૧૫ પૂરી. આહાહા..! ભગવાન! તું તો ચૈતન્યજ્યોત શુદ્ધ વીતરાગની મૂર્તિ છો ને પ્રભુ! એ વીતરાગમૂર્તિ પ્રભુ ત્રિકાળ છે. એનો આશ્રય લઈને જે અંતરમાં દૃષ્ટિ કરીને અનુભવ થઈને જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વીતરાગી પર્યાય પ્રગટ થાય તે મોક્ષનો માર્ગ છે. કારણ કે વસ્તુ શુદ્ધ છે એવું એનું શુદ્ધ પરિણમન છે. વસ્તુ શુદ્ધ છે અને રાગાદિ પંચ મહાવ્રતના પરિણામ અશુદ્ધપણે પરિણમે એ મોક્ષમાર્ગ નથી. સમજાણું કાંઈ? છે એટલું જાણવા લાયક છે. આદરવા લાયક નથી. ભારે વાત. અને આ તો જ્યાં ત્યાં અભિમાન.. અભિમાન.. અભિમાન.. આહાહા..! અમે પૈસા ખર્ચ્યા, અમે આ બનાવ્યા, આ પરની દયાઓ પાળીએ છીએ, અમે આ પરનો ત્યાગ કર્યો છે. એ બધું મિથ્યા અભિમાન છે.

પરના ત્યાગ ગ્રહણની વાત જ નથી અહીં તો. સમજાય છે? મેં આને આટલું છોડ્યું, આટલું મેં ગ્રહ્યું, આટલું મને ખપે ને આટલું દ્રવ્ય મને ન ખપે, એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે એમ કહે છે. પરદ્રવ્ય ખપે ન ખપે એનો સ્વામી તું છો નહિ. એનો સ્વામી થા છો કે મેં આટલું છોડ્યું, મેં આટલું છોડ્યું, મેં આમ ગ્રહણ કર્યું. ઈ વાત પરદ્રવ્યની સાથે તો વાત જ નથી. એ ગ્રહણ ત્યાગમાં તારો જે વિકલ્પ ઉઠે છે.. આહાહા..! સમજાણું કાંઈ?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એ શુભ રાગ જે ઉઠે છે, કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધા છોડી અને સુદેવ.. દ્રવ્ય છોડ્યું નથી એણે, એની શ્રદ્ધા છોડી અને સુદેવ-સુગુરુ-સુશાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ જે છે એ પણ અશુદ્ધ દ્રવ્યનું પરિણમન છે. સમજાણું કાંઈ? અવ્રતનો વિકલ્પ છોડી, અવ્રતના નિમિત્તો છોડવા એ તો અહીં છે જ નહિ, એને છોડી વ્રતનો વિકલ્પ જે ઉઠ્યો છે એ પણ અશુદ્ધ દ્રવ્યનું પરિણમન છે. ભગવાન આત્માના દ્રવ્યમાં નથી, ગુણમાં નથી એવી પર્યાયમાં પરલક્ષી પરિણમન થયું એ અશુદ્ધ દ્રવ્યનું પરિણમન છે માટે તે પરમાર્થે ખરો સાચો મોક્ષમાર્ગ નથી. કહો સમજાણું કાંઈ?

'**તેને પરમાર્થપણાનો અભાવ છે...**' દેખો! પુણ્યના ભાવ.. અહીં તો એકલા પુણ્યના ભાવની વાત છે, હોં! પંચ મહાવ્રતના ભાવ, દેવ-ગુરુ-શાસ્ત્રની (શ્રદ્ધા), સાચા દેવ-ગુરુ, હોં! સાચા દેવ-ગુરુ. આહા..! અરિહંત સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, અનાહારી નિરોગ શરીર શરીર પરમ ઔદારિક અને અંદર વીતરાગતા પૂર્ણ એવા દેવને માને, તો એ શુભરાગ છે. કુદેવને છોડે તો અશુભરાગ છોડ્યો પણ શુભરાગ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અશુભને છોડ્યો એટલો તો ધર્મ છે ને?

ઉત્તર :- ધૂળેય ધર્મ નથી. શુભ છૂટીને અશુભ થયો' તો કે દી? ફક્ત અશુભ હતો એનો વ્યય થઈને શુભ કર્યું છે એટલું. ઈ તો કર્મચક્ર છે. ભગવાન શુદ્ધ ધાતુ ચૈતન્યનો એ અંકુર નથી. આહાહા..! આંબામાંથી અંકુર ફૂટે તો કેરી માટે ફૂટે ને? કે એમાંથી લીંબોળી માટે ફૂટતો હશે? કેરીને માટે ફૂટે અંકુરો.

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાન ધાતુ, આનંદ સ્વરૂપ એની અંતરથી દશા-અંકુર ફૂટે તો શુદ્ધ ફૂટે. શુદ્ધ ફૂટે. વીતરાગી પર્યાય ફૂટે. એને શુદ્ધ દ્રવ્યનું પરિણમન અને એને મોક્ષમાર્ગ કહે છે. કહો, સમજાણું કાંઈ? એણે પુરુષાર્થ કરવો પડશે. એમ ને એમ મળે એવું નથી. આહા..!

મુમુક્ષુ :- સાચો અને સીધો પુરુષાર્થ.

ઉત્તર :- હા, આ જ સાચો પુરુષાર્થ છે. અંતર વસ્તુ ભગવાન પૂર્ણાનંદની ભીંત આખી ધ્રુવ, એને અવલંબીને નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રગટ થાય. બસ! એનું નામ ભગવાન ધર્મ કહે છે. એનું નામ મોક્ષમાર્ગ કહે છે. અને આ પંચ મહાવ્રત આદિના પરિણામ તેને અધર્મ કહે છે, તેને બંધનો માર્ગ કહે છે, તેને મોક્ષનો માર્ગ (કહેતા નથી). શેઠી! ધર્મથી વિરુદ્ધ એ અધર્મ.

મુમુક્ષુ :- અધર્મ છે એટલે..

ઉત્તર :- છોડવો. માટે છોડીને સિદ્ધ થવું. માટે કહે છે. એક પાપ પરિણામરૂપ અધર્મ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે અને એક પુણ્ય-પરિણામરૂપ અધર્મ છે. ધર્મ સ્વભાવ વીતરાગ સ્વભાવથી વિરુદ્ધ તે અધર્મ. ભગવાન આત્મા તદ્દન નિર્વિકલ્પ વીતરાગ સ્વરૂપ છે. એનાથી વિરુદ્ધ ભાવ શુભ કે અશુભ એ બધો વસ્તુના સ્વભાવથી વિરુદ્ધ ભાવ. અને વસ્તુના સ્વભાવને આશ્રયે થતી પર્યાય એનાથી પણ વિરુદ્ધ ભાવ. માટે ધર્મ નથી. ધર્મ, વસ્તુનો સ્વભાવ તે ધર્મ. તો એ વસ્તુમાં છે રાગ? વસ્તુમાં તો વીતરાગતા પડી છે. અકષાયરસ છે ચિદાનંદ પ્રભુ. એને આશ્રયે થયેલી જે અકષાય શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એ એક જ સમકિત છે. રાગ તે સમકિત નથી, વ્યવહાર સમકિત કહેવામાત્ર છે. ઈ સમકિત નથી. એમ શાસ્ત્રનું જ્ઞાન જ્ઞાન કહેવામાત્ર છે, ઈ જ્ઞાન નથી. પંચ મહાવ્રતના પરિણામ કહેવામાત્ર ચારિત્ર છે, ચારિત્ર નથી. એમ કહે છે. છે કે નહિ એમાં? શેઠી! આ લખ્યું છે. શું લખ્યું છે? '**भणदि मोक्खपहे, णिच्छयणओ ण इच्छदि**' પરમાર્થ કહ્યું છે એ માનતો નથી. કહો. '**અશુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી તેને...**' તેને એટલે પુણ્યના ભાવને-શુભભાવને-પંચ મહાવ્રતના ભાવને પરમાર્થ કહેતો નથી. પરમાર્થપણાનો એમાં અભાવ છે. કહો, સમજાણું આમાં? હવે સિદ્ધ કરે છે.

'**શ્રમણ અને શ્રમણોપાસકના ભેદોથી અતિક્રાંત, દર્શનજ્ઞાનમાં પ્રવૃત્ત પરિણતિમાત્ર...**' લ્યો, એ વિકલ્પો જે છે રાગ, એનાથી અતિક્રાંત. ભેદનો જે વિકલ્પ છે, પંચ મહાવ્રતનો, વ્યવહાર શ્રદ્ધાનો, શાસ્ત્રજ્ઞાનનો વિકલ્પ છે ઈ રાગ છે, એનાથી અતિક્રાંત, રહિત ભેદોથી રહિત. દેખો! ઈ ભેદ છે. શુદ્ધ દ્રવ્યમાં રાગાદિનું પરિણમન ઈ ભેદરૂપ છે. કહો, આ તો મલિનના ભેદરૂપ ગણ્યું છે અહીં તો અત્યારે. પેલો અંશરૂપ ભેદ છે એ વળી જુદો, ભાઈ! સમજાણું કાંઈ? અંશરૂપ તો આ શુદ્ધ પરિણમનને અહીં પરમાર્થ ગણે છે. મોક્ષમાર્ગ કહેવો છે ને. સમજ્યાને? ઓલો મલિન છે તેને અહીંયા અશુદ્ધ કહેવામાં આવે છે. ભેદરૂપ કહેવામાં આવ્યું છે. અશુદ્ધ તો ઠીક પણ ભેદ. નહિતર તો આ મોક્ષમાર્ગ છે એ ભેદ છે. ઈ અત્યારે લેવું નથી. દ્રવ્યની અપેક્ષાએ શુદ્ધ પરિણમન પણ ત્રિકાળની અપેક્ષાએ ભેદ છે. ઈ અહીં નથી. ભેદ એટલે પરના લક્ષે ઉત્પન્ન થયેલો ભેદ છે તેને અહીં ભેદ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

'**શ્રમણ અને શ્રમણોપાસકના ભેદોથી અતિક્રાંત,..**' જોયું! '**દર્શનજ્ઞાનમાં પ્રવૃત્ત પરિણતિમાત્ર...**' દેખો! ભગવાન આત્મા.. દર્શન વસ્તુ ત્રિકાળ એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એમાં પ્રવર્તતી પરિણતિ એ ચારિત્ર. વસ્તુ જે છે એ જ્ઞાન, દર્શન, આનંદરૂપ છે ત્રિકાળ. એની અંતરની શ્રદ્ધા, નિર્વિકલ્પ શ્રદ્ધા, નિર્વિકલ્પ વીતરાગી જ્ઞાન અને તેમાં પરિણતિમાત્ર એટલે રમણતા. એવું જે દર્શન, જ્ઞાનમાં પ્રવર્તેલી પરિણતિરૂપ '**શુદ્ધ જ્ઞાન જ એક છે-એવું જે નિસ્તુષ (-નિર્મળ) અનુભવન તે પરમાર્થ છે,...**' ફરીને. વસ્તુ.. ઓલો ભેદ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હતો રાગાદિ. એ નહિ, ધર્મ નહિ, મોક્ષમાર્ગ નહિ. ભગવાન આત્મા પોતાના દર્શન-જ્ઞાનમૂર્તિ આત્મા છે. એનું અંતરમાં દર્શન-જ્ઞાન પ્રગટ કરી અને તેની પરિણતિ પ્રગટ કરી, વીતરાગી પરિણતિરૂપ ભાવ, તે જ્ઞાન એક જ મોક્ષમાર્ગ છે. '**જ્ઞાન જ એક છે...**' દેખો! જ્ઞાન એટલે ઓલો રાગ નહિ, એમ કહેવું છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્યમૂર્તિ છે એની નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ બધું જ્ઞાનસ્વરૂપ છે, રાગસ્વરૂપ છે નહિ એમ કહેવું છે.

મુમુક્ષુ :- નિર્વિકલ્પ શ્રદ્ધા શું અને વિકલ્પની શ્રદ્ધા શું?

ઉત્તર :- આ કહ્યું ને? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ વિકલ્પ શ્રદ્ધા રાગ છે. અને આત્મા અંદર વીતરાગી શ્રદ્ધા પૂર્ણ શુદ્ધ ચૈતન્યને વળગીને જે પરિણતિ પ્રગટ થઈ એ વીતરાગી શ્રદ્ધા. એ વીતરાગી શ્રદ્ધા, એ સ્વરૂપનું જ્ઞાન એ વીતરાગી જ્ઞાન અને એમાં એકાકાર પરિણતિ એ બધી વીતરાગી પરિણતિ તે જ્ઞાનમાત્ર છે. એમાં રાગનો અંશ છે નહિ. એમ કહેવું છે. આહાહા..! એ આત્મા છે, એમ કહેવું છે. જ્ઞાન એટલે. સમજાણું? '**જ્ઞાન જ એક છે...**' ત્યાં જ્ઞાન જ-આત્મા જ એક છે એ તો બધું.

ફરીને. '**શ્રમણ અને શ્રમણોપાસકના ભેદોથી અતિક્રાંત, દર્શનજ્ઞાનમાં પ્રવૃત્ત...**' ભગવાન આત્મા દર્શન, જ્ઞાનરૂપ છે અને એમાં દર્શન, જ્ઞાનની પરિણતિ પ્રગટ કરી એમાં પરિણતિ ઉભી કરે છે એ પરિણતિ તે શુદ્ધ જ્ઞાન જ એક છે. શુદ્ધ જ્ઞાન જ એક છે. એટલે શુદ્ધ દ્રવ્ય જ એક છે. એમ. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એની અંતરમાં એકાકાર થઈને જે દર્શન, જ્ઞાન અને ચારિત્ર વીતરાગી દશા થઈ એ શુદ્ધ જ્ઞાન જ એક છે. એ જ્ઞાનની પરિણતિ તે જ્ઞાન છે. આત્માની પરિણતિ તે આત્મા છે. તે જ એક મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? ઓલો અનાત્મા છે. અશુદ્ધ દ્રવ્યનું પરિણમન છે. અને આ શુદ્ધ દ્રવ્યનું પરિણમન તે આત્મા જ છે. એ સ્વદ્રવ્ય છે એમ કહેવું છે અહીં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અભેદ. વિકલ્પ થયો ઈ ભેદ.

વસ્તુ જે છે, ચિદ્‌ઘન પ્રભુ છે શુદ્ધ પૂર્ણ. એ પૂર્ણના લક્ષે જે પરિણતિ વીતરાગી નિર્વિકલ્પ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર નિર્વિકલ્પ પરિણતિ તે આત્મા જ છે. એ જ્ઞાનમાત્ર જ છે. એટલે વસ્તુમાત્ર જ છે. એમાં બીજો ભેળસેળ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? ત્યાં જયપૂરમાં નથી આ. શેઠી! ત્યારે તો આવ્યા છે ને. કહે છે. પણ ઘણો વખત ત્યાં પડ્યા રહે છે જયપૂરમાં હજી. છોકરાઓ કહે થોડું થોડું (અહીં રહો). કહો, સમજાણું આમાં?

આ એક ગાથા તો જુઓ, એક ગાથા! ઓહોહો..! લ્યો. કહે છે, આ ટીકા પણ કેટલી સરસ કરી છે! '**णिच्छयणओ ण इच्छदि मोक्खपहे सव्वलिंगाणि**'. '**सव्वलिंगाणि**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જેટલા વિકલ્પો શુભના છે, એને પરમાર્થ નય માનતો જ નથી. મારામાં છે જ નહિ, ઈ વસ્તુ જ હું નથી, જાઓ! જ્ઞાનસ્વરૂપ ભગવાન એ નિતરતું જ્ઞાન થઈને ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ છે. આનંદમૂર્તિ છે. જ્ઞાન તરીકે અવિનાભાવ તરીકે એને જ્ઞાનમાત્ર (કહે છે). એ જ્ઞાન જ પોતે પ્રવાહરૂપે દ્રવે છે. સ્વભાવમાં એકાગ્રતાને લઈને એ દ્રવવું જે શુદ્ધ દ્રવ્યનું એવું જે જ્ઞાન એ જ દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. એ જ મોક્ષનો માર્ગ છે. ઓલો રાગ મોક્ષનો માર્ગ છે નહિ. કહો, સમજાણું આમાં?

જુઓ! ઓહોહો..! સંતોની ક્ષયોપશમ શક્તિ પણ કેટલી છે! કથનને કેટલું સહેલું કરીને આમ બે ભાગ કરીને મૂકે છે. એના ખ્યાલમાં આવી જાય. એટલો તો ક્ષયોપશમ ઉઘાડ છે. કહે છે કે ભાઈ! ભેદથી છૂટવું. ભેદથી છૂટી એ ભેદ થઈ ગયો રાગનો, બાર વ્રતનો એ ભેદ છે, એ તો અશુદ્ધ છે. એનાથી અતિક્રાંત-રહિત. ભગવાન આત્મા જે ચૈતન્યજ્યોત છે એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એની રમણતા, એ જ્ઞાનમાત્ર ત્રણે છે. એ આત્મામાત્ર ત્રણે છે. એમાં અનાત્મા અશુદ્ધ દ્રવ્યના પરિણમનનો અભાવ છે. એ શુદ્ધ દ્રવ્યનું પરિણમન જ એ આત્મા છે. એ આત્મા છે તે એક જ મોક્ષમાર્ગ છે. આ પકડાય નહિ ને પાછું એને. નવરંગભાઈ! આ બધું સમજવું પડશે, હોં! અધ્ધરથી ન્યાં ચાલે એવું નથી. આત્મા ખ્યાલમાં ન આવે તો શું કરવું? પણ આત્મા ખ્યાલમાં લેવો પડશે એને. નવરંગભાઈ! આ તો બહારનું સૂઝે. એમાં શું સૂઝે? પણ સૂઝે શું?

જાણનાર જાણનાર જાણે છે એ જ એનું અસ્તિત્વ છે. આ તો કહે છે કે રાગ આવ્યો પણ એને જાણનાર અહીં છે કે નહિ? જેની મુખ્યતામાં જાણનાર છે, રાગ છે એનો જાણનાર છે, દ્વેષ છે તેનો જાણનાર છે, દેહની ક્રિયાનો જાણનાર છે. એ જાણનારની પર્યાય જાણનારને લક્ષે થઈ. એકલા પરને લક્ષે નહિ પાછી. સમજાણું કાંઈ? પ્રત્યક્ષ થાય. એમ કહે છે. પર્યાયમાં રાગનું જ્ઞાન, પરનું જ્ઞાન છે એ પરોક્ષ છે, ભાઈ! સમજાય છે? એ જ્ઞાન પરોક્ષ છે એ વાસ્તવિક જ્ઞાન નહિ, એમ કહે છે અહીં. સવારે કહ્યું હતું, આમ સર્વ, સર્વ અનંત અનંત શબ્દ એક ફેરી કાંઈક ઉતાર્યું હતું ખરું બીજી રીતે, પહેલા ક્યાંક. શબ્દ, જ્ઞાન અને અર્થ. ક્યાંક ઉતાર્યું છે ખરું, ઘણા વખત પહેલા. શેમાં ઉતાર્યું હતું? કોઈ વિષય હતો એમાં ઉતાર્યું હતું. યાદ નથી પણ ઉતાર્યું હતું ખરું એક ફેરી. ઉતાર્યું હતું. એક ફેરી ઉતાર્યું હતું ત્યાં. ત્રણ આમ છે. આ તો ઉતાર્યું છે આજ.

આત્મા એની જ્ઞાનની અવસ્થામાં.. કારણ કે વસ્તુ જ્ઞાન જ ત્યાં ત્યાં છે. આ ક્રિયા છે એને જાણે, દેહની ક્રિયા છે તેને જાણે. ઈ છે માટે જાણે છે? એમ નહિ. આ રાગ છે માટે જાણે છે એમ નહિ. એ જાણવાની પર્યાય સ્વતંત્ર તેવી જ તેની છે. સર્વ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એને જ્ઞાનમાં સર્વ છે, એવું જ્ઞાન તો આવ્યું. પણ જ્ઞાન આવ્યું. શબ્દ શબ્દમાં રહ્યો, અર્થ પદાર્થમાં રહ્યો. હવે એ જ્ઞાન છે ત્યાં સુધી તે પરોક્ષ છે. એ પરોક્ષ જ્ઞાન છે. એ વાસ્તવિક જ્ઞાન (અને) મોક્ષનો માર્ગ નથી. એમ કહે છે અહીં. એ.. નવરંગભાઈ! ભગવાન! કહે છે કે એ પરલક્ષી છે. એ સ્વ ચૈતન્ય પોતે તો દ્રવ્યો નથી. સમજાણું કાંઈ? પોતે ભગવાન આત્મા, જેના ચક્રમાં ચકરાવામાં આખો આનંદકંદ, જ્ઞાન એવા કેવળજ્ઞાનની પર્યાય તો અનંતી પડી છે. કેવળજ્ઞાનની પર્યાયો જે સર્વ.. સર્વ... સર્વ એક પર્યાય છ દ્રવ્યને જાણવાની તાકાત, એવી પર્યાય તો જેના ગુણમાં અનંતી પડી છે. અનંતી એટલે કેટલી? ત્રણ કાળની પર્યાય એમ નહિ, એથી પણ એની શક્તિનો પાર નથી. પર્યાય તો પર્યાયનો અંશ પરિણમ્યો ઈ. ભલે પરિણમે. પરિણમે છતાં એની શક્તિ તો અપાર છે. સમજાય છે? એવું જે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, એને પ્રત્યક્ષ કરીને, એને પ્રત્યક્ષ કરીને, એને આશ્રય કરીને જે જ્ઞાન થાય, જે શ્રદ્ધા થાય, જે ચારિત્ર થાય એ જ્ઞાનમાત્ર છે, એમ કહે છે. એ આત્મામાત્ર છે. આહાહા..! સમજાણું કાંઈ?

જેમાં રાગની, એ વ્યવહારની એની જેમાં અપેક્ષા નથી. એવા જ્ઞાનને જેને આત્માની અપેક્ષા થઈ છે. આત્માની અપેક્ષા થઈને જેનું જ્ઞાન અને શ્રદ્ધા, ચારિત્રરૂપે પરિણમ્યું છે. ઈ એક જ પરિણતિ તે વાસ્તવિક મોક્ષનો માર્ગ છે. ચંદુભાઈ! આહાહા..! વસ્તુ પણ બીજી હોય શી રીતે? વસ્તુની સ્થિતિ જેમ છે આમ છે. બીજી રીતે કોઈ વસ્તુ કહેવા માગે તો બેસશે શી રીતે? બેસે શી રીતે? સમજાણું કાંઈ?

કહે છે, '**શ્રમણ અને શ્રમણોપાસકના ભેદોથી...**' છૂટેલો એટલે રહિત '**દર્શનજ્ઞાનમાં પ્રવૃત્ત પરિણતિમાત્ર...**' એ ચારિત્ર. '**(-માત્ર દર્શન-જ્ઞાનમાં પ્રવર્તેલી પરિણતિરૂપ)...**' એટલે ત્રણેનું એકરૂપ થઈ ગયું. દર્શન, જ્ઞાન અને પરિણતિ ચારિત્ર. એકરૂપ પરિણતિ શુદ્ધની. શુદ્ધની એકરૂપ પરિણતિ. એ '**શુદ્ધ જ્ઞાન જ એક છે...**' આ પર્યાયની વાત છે, હોં! વસ્તુ જે છે.. ઓલી અશુદ્ધ દ્રવ્ય એ પરિણતિ છે-પર્યાય છે. પણ તે અશુદ્ધ પરને લક્ષે થયેલી એટલે અશુદ્ધ દ્રવ્ય પરિણમે એ વસ્તુ નહિ. સમજાણું કાંઈ? નિજ ઘરનો માલ એમાં નથી આવ્યો. પરઘરનો ઉધારો અંદર આંગતુક આવ્યો. આગંતુક કહેવાય છે ને ભાઈ ઓલામાં? પંચાધ્યાયીમાં આવે છે ને? એ આગંતુક જ્ઞાન છે, રાગ એ આગંતુક છે, વસ્તુ નહિ. આહાહા..! એવા ક્ષયોપશમ અગિયાર અંગ અને નવ પૂર્વના કર્યા પણ પાછા મરીને નિગોદમાં ગયા. ધબો નમઃ થઈ ગયા. આહાહા..! પણ બહારથી આમ જુઓ તો પાણીના પૂરની જેમ પૂરો ભણેલો. વાતું કરે વ્યાખ્યાનમાં. લોકોને એમ થાય... અરે..! પણ તને વસ્તુની ખબર ન મળે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જે ભગવાન આત્મા આનંદની ખાણ છે, જ્ઞાનનો તો સાગર છે, સમતાનો સાગર પ્રભુ છે. આત્મા એ સમતાનો સાગર છે. એટલે વીતરાગ ભાવનો એ દરિયો છે. એને આશ્રયે થઈ જે વીતરાગ શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન અને વીતરાગી રમણતા થઈ તે શુદ્ધ દ્રવ્યનું, એક જ્ઞાનનું જ પરિણમન છે. એટલે એ આત્માનું જ પરિણમન છે. એમાં પરદ્રવ્યની અશુદ્ધતાનો અંશ છે નહિ. સમજાણું કાંઈ?

અત્યારે કેવા ગોટા ચાલે છે! આહાહા..! અભૂત.. વળી એવું આજ આવ્યું છે. અકાળે જન્મ કીધો છે ને. અકાળ મરણ થાય તો અકાળ જન્મ. ભારે તમારી વાત અભૂત અને ... કોઈ દી આવી અમે શાસ્ત્રમાં ભાળી નથી અને સાંભળી નથી. એવા મારો છો ગોળા તમે. અરે..! ભગવાન! એ તો એક.. ભગવાન! શું કરવું છે? ભાઈ! જે સમયે દેહ છૂટવાનો તે કાળે છૂટવાનો જ. ભગવાનના જ્ઞાનમાં આવ્યું તે જ મરણ છે, કાળે જે એનો દેહ છૂટે છે. એનો પર્યાય સ્વકાળનો ત્યાંથી-દેહથી છૂટો પડવાનો ત્યારે જ પડે ઈ. હજી એટલી કબુલાત નથી, એને રાગથી છૂટો પડીને આત્મદ્રવ્યની સાથે એકત્વ કરવું.. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે, એ નિયત અનિયતનું નાખ્યું છે. ભગવાન! સાંભળને ભાઈ! એ ક્રમબદ્ધની અવસ્થાનું જ્ઞાન તો ત્યારે કહેવાય કે જો દ્રવ્યનું લક્ષ કરે તો. તો પર્યાયનું જ્ઞાન કહેવાય. ક્રમે તું અટક્યાની વાતું કર્યા કરે એમ નહિ. સમજાણું કાંઈ? શાસ્ત્રથી જાણે કે આ પર્યાય ક્રમે થાય, નિમિત્તથી ન થાય, આ બધું ભલે તું જાણે પણ એ જ્ઞાનને દ્રવ્યનું અવલંબન મળે નહિ ત્યાં સુધી એ જ્ઞાન સાચું નહિ. આહાહા..! કારણ કે આત્માનું જ્ઞાન રાગને અવલંબે હોય નહિ. રાગને અવલંબે હોય નહિ. એને ચૈતન્યનું અવલંબન હોય.

ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ પ્રભુ છે. એનું એને આલંબન હોય શ્રદ્ધામાં. આલંબનમેં આયા. આવે છે ને? નિયમસારમાં આવે છે. આહાહા..! મારી શ્રદ્ધાને આલંબન મારા આત્માનું છે. મારા જ્ઞાનને આલંબન મારા આત્માનું છે. મારી શાંતિ-ચારિત્ર-વીતરાગતાને આલંબન મારા પ્રભુનું છે. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? મારા દર્શન, જ્ઞાન, ચારિત્રમાં મારો આત્મા સમીપ વર્તે છે કહે છે. રાગને સમીપને કારણે આ જ્ઞાન, શ્રદ્ધા છે એમ છે નહિ. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ એ વસ્તુ શું છે એને તો કાંઈ માલ ન મળે. વાતો બધી આ કરો ને આ કરો. આ વ્રત કહેવાય ને આ ભક્તિ કહેવાય. ધૂળેય નથી. શેઠી!

ભગવાન શુદ્ધતાના સ્વભાવની ખાણ છે ને. ખાણ જેની ખૂટે નહિ. આ તો ખૂટી જાય. સમજાય છે? અને આ ખાણ પૈસા પેદા થાય ને ઢીકણાની.. નથી કહેતા? આટલા મિલમાં મેંગેનિઝ નીકળે છે ને ધૂળ નીકળે છે. એ બધા ખૂટે. એ નહિ ખૂટે તો તું ખૂટી જઈશ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દેહ છૂટી જશે. ચાલ્યો જશે બહાર. એ.. પોપટભાઈ! આ તો ખૂટે નહિ એવો ખજાનો. આહાહા..! એનો સ્વભાવ છે જ્ઞાન અને આનંદ, એમાંથી પર્યાય વહે એ ખૂટે કે દી? દ્રવ્ય ખૂટે તો પર્યાય ખૂટે. આહા..! સમજાણું કાંઈ?

એવો અહીં ભગવાન આત્મા પોતાની શુદ્ધ પરિણતિમાં પરિણમેલું જ્ઞાન જ એક છે. એ જ્ઞાન જ એક છે. ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ આનંદસ્વરૂપ એ પોતે જ્ઞાનપણે એટલે શ્રદ્ધા, શાંતિપણે પરિણમ્યું એ જ્ઞાન જ એક જ મોક્ષનો માર્ગ છે. મોક્ષનો માર્ગ ઈ જ્ઞાન જ એક છે, ઓલો રાગ નહિ. એમ. જ્ઞાનમાં શ્રદ્ધા, શાંતિ, વીતરાગતા ત્રણે આવી ગઈ. સમજાણું કાંઈ? ભારે ગાથા આવી છે, હોં! '**એવું જે નિસ્તુષ (-નિર્મળ) અનુભવન...**' '**શુદ્ધ જ્ઞાન જ એક છે એવું જે નિસ્તુષ...**' તુષ નામ ફોતરા (નિસ્ નામ) વિનાનું. ઓલો વ્યવહારનો વિકલ્પ છે એ તો ફોતરા છે. આહાહા..! પંચ મહાવ્રતના ભાવ વિકલ્પ ઉઠે પણ એ તો ફોતરા છે. આ ફોતરા વિનાનું પરિણમન તેને નિસ્તુષ કહે છે. આહા..! સમજાણું કાંઈ? એની સમજણ તો કરે. એના ખ્યાલમાં તો વાત લે કે વસ્તુનો આ માર્ગ છે. ખ્યાલમાં નથી એને શ્રદ્ધા કે દી થાય? અને એનું પરિણમન કે દી થાય? અને કે દી પહોંચે આત્માને? આહાહા..!

'**દર્શનજ્ઞાનમાં પ્રવૃત્ત પરિણતિમાત્ર શુદ્ધ જ્ઞાન જ એક છે...**' ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ એનું દર્શન, જ્ઞાનની પરિણતિ ત્રણેની. દર્શનજ્ઞાનમાં પ્રવૃત્ત એટલે પરિણતિ. પરિણતિ એટલે શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની ત્રણેની પરિણતિ. ત્રણેની પરિણતિ જે દ્રવ્યને અવલંબે થઈ તે પરિણતિ એકલી જ્ઞાનમાત્ર છે. જ્ઞાનમાત્ર એટલે સ્વદ્રવ્યના સ્વભાવમાત્ર છે. એ નિસ્તુષ છે. એટલે એમાં રાગનો, વ્યવહારનો ભાગ બિલકુલ આવતો નથી. રાગ જે તુષ છે એ આવતો નથી. કારણ કે ન્યાંથી અતિક્રમીને અહીં આવ્યો છે. અતિક્રાંત થઈ. સમજાણું કાંઈ? '**શુદ્ધ જ્ઞાન જ એક છે...**' જ્ઞાન જ પાછું. જોયું! એમાં જરીયે રાગનો અંશ નહિ નિશ્ચય પરિણતિમાં. સમજાણું કાંઈ? વસ્તુ ભગવાન આત્મા ચૈતન્ય પરમાત્મસ્વરૂપ એનું જે પરિણમન થયું એ જ્ઞાન જ એક છે. એમાં બિલકુલ રાગનો અંશ, નિમિત્તની ભેળસેળ કે વ્યવહાર શ્રદ્ધા હતી, આ વ્યવહાર જ્ઞાન હતું માટે આ થયું એમ બિલકુલ નથી. સમજાણું કાંઈ? આ કરવાનું છે મનુષ્યને. બાકી બધા થોથા છે. અને આ કર્યા વિના એના જન્મ-મરણનો અંત આવે નહિ. રખડપાટી, અહીંથી બીજે અને બીજેથી ત્રીજે,.. એઈ..! રખડ્યા રખડ. ચોર્યાશીના અવતાર. ધૂળ ધૂળના અવતાર. કલંક છે, કલંક છે. આત્માને જન્મ કરવો એ કલંક છે. આહાહા..! શરમજનક જન્મો ટળે.

આવો ભગવાન આત્મા પોતાને ઘેર આવી અને ઘરમાંથી પરિણમન થયું છે. રાગ છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એ તો પરઘરમાં ગયો છે. સમજાણું? એ દ્રવ્યનું વાસ્તવિક પરિણમન-અવસ્થા જ નહિ. એ તો દ્રવ્યની અવસ્થા જ નહિ. આહાહા..! અશુદ્ધ દ્રવ્યની અવસ્થા એટલે પર્યાયની અવસ્થા એ શુદ્ધ દ્રવ્યની અવસ્થા નહિ. ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપી પ્રભુ એને આશ્રયે થઈને જે શ્રદ્ધા, જ્ઞાન, શાંતિનું પરિણમન થયું એ એકલું જ્ઞાન પરિણમન છે, એકલું નિર્મળ પરિણમન છે, એકલું વીતરાગી પરિણમન છે, એકલું નિર્દોષ પરિણમન છે. આહાહા..! ઓલો સદોષ છે. રાગ સદોષ છે, મેલ છે, રાગ છે, બંધ છે, ઝેર છે. આ એકલું અમૃતનું પરિણમન છે. કહો, સમજાણું કાંઈ?

પોતે '**નિસ્તુષ (-નિર્મળ) અનુભવન તે પરમાર્થ છે,...**' લ્યો. નિર્મળ અનુભવન તે પરમાર્થ છે. ઓલો કેવળ વ્યવહાર એને છોડી દઈને લક્ષમાંથી. ભગવાન આત્મા ચૈતન્ય દ્રવ્યસ્વભાવને અવલંબી જે નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન, વીતરાગી ગુપ્ત ચમત્કારમાંથી પ્રગટેલી દશા એ એકલો પરમાર્થ ભાવ છે. એવું જે '**(-નિર્મળ) અનુભવન તે પરમાર્થ છે,...**' સમજાણું કાંઈ? ઓલામાં એમ કહ્યું હતું કે કેવળ વ્યવહાર છે, પરમાર્થ નથી. કેમ? કે અશુદ્ધ દ્રવ્યના અનુભવનરૂપ હોવાથી. એમ કારણ આપ્યું હતું. આને હવે કહે છે, આમ કેમ? આમ કેમ? કે એવું '**નિસ્તુષ (-નિર્મળ) અનુભવન તે પરમાર્થ છે,...**' કેમ? '**તે (અનુભવન) પોતે શુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી તેને જ પરમાર્થપણું છે.**' સિદ્ધ કરી દીધું. આહાહા..! કેમ? પોતે શુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ. ભગવાન આત્મા ચૈતન્ય વીતરાગસ્વરૂપ એની શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવનરૂપ હોવાથી '**તેને જ પરમાર્થપણું છે.**' એને એકને પરમાર્થપણું છે. વ્યવહારને પરમાર્થપણું છે નહિ. આ એકને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૩, શનિવાર તા. ૧૭-૨-૧૯૬૮**
**ગાથા-૪૧૪, શ્લોક-૨૪૪ પ્રવચન-૪૯૦**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૪૧૪ ગાથા. મોક્ષનો માર્ગ શું છે એ કહે છે. '**પોતે શુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી તેને જ પરમાર્થપણું છે.**' ત્યાં સુધી આવ્યું છે. એટલે શું કહ્યું? કે આત્મા જે શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ છે, પરમાર્થ આનંદસ્વરૂપ છે એને અંતર્મુખ થઈને એનો અનુભવ કરવો એ શુદ્ધ દ્રવ્યનો અનુભવ છે. સમજાય છે કાંઈ? '**શુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી...**' એટલે? કે આત્મા ચૈતન્ય અને આનંદ વસ્તુ છે એમાં જે પુણ્ય-પાપના વિકલ્પ જે રાગ ઉઠે છે એથી રહિત છે. વસ્તુ છે એ શરીર, કર્મના અજીવથી રહિત છે. તેમ એ શુભ વ્યવહાર જે આ કહેવાય છે એનાથી વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એનાથી તે આસ્રવતત્ત્વથી તે રહિત છે. તો રહિત છે એવું ક્યારે થાય? કે અંતર્મુખ દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતાં રહિત છે તેવો રહિતનો અનુભવ થાય. સમજાય છે કાંઈ?

આ પરમાર્થ મોક્ષનો માર્ગ આ એક જ છે કેમ? કે વસ્તુ જે છે એ શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક આનંદ ધ્રુવ તત્ત્વ છે. દ્રવ્ય-વસ્તુ. એનામાં જે પુણ્ય આદિના વિકલ્પો, આ વ્યવહાર જેને ધર્મ લોકો કહે છે ને? દયા, દાન, વ્રત, ભક્તિ આદિ એ તો શુભરાગ છે, એ આસ્રવ છે. તો આસ્રવ રહિત તત્ત્વ છે એમ થતાં આસ્રવ સહિત જે પર્યાયમાં હતું, એ આસ્રવ રહિત છે એવી દૃષ્ટિ થાય કઈ રીતે? કે અંતર્મુખ વસ્તુ ધ્રુવ છે તેના ઉપર દૃષ્ટિ જતાં એ આસ્રવ રહિત થતાં વસ્તુની દશા સહિત થતાં જે નિર્મળ અનુભવ થાય તેને પરમાર્થે મોક્ષમાર્ગ કહેવાય છે. કહો, સમજાય છે કાંઈ? એ તો એનું એ થયું. '**भूदत्थमस्सिदो खलु**'. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્ય સત્ દળ, પરમાનંદનું એ દળ છે આત્મા. સમજાય છે? એ વસ્તુ ભગવાન આત્મા ચૈતન્યદળ અખંડાનંદ પ્રભુ છે. કહે છે કે એ તત્ત્વની અંદરમાં શરીર, વાણી, કર્મ અને અજીવ તો નથી પણ પુણ્ય-પાપના જે આસ્રવ વૃત્તિઓ ઉઠે છે એ વસ્તુમાં નથી. એ વસ્તુમાં નથી એમ ક્યારે નથી? એમ ક્યારે નિર્ણય થાય? કે એનું લક્ષ રાગ અને નિમિત્ત ઉપરથી છૂટી અને અંતર ધ્રુવ દ્રવ્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ જતાં, જે રાગ સહિતનું પરિણમન હતું તે વીતરાગ ઉપર અંતર દૃષ્ટિ જતાં રાગ રહિત પરિણમન થાય તે માર્ગ મોક્ષનો અને પરમાર્થ માર્ગ છે. કહો, શેઠી! આહાહા..! સમજાય છે કાંઈ?

'**પોતે શુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી...**' કોણ? પરમાર્થ માર્ગ. પરમાર્થે મોક્ષનો માર્ગ-છૂટકારાનો માર્ગ વિકારથી રહિત થઈને નિર્વિકારી પરમાત્મ પદ એવો જે મોક્ષમાર્ગ, મોક્ષ એનો માર્ગ, એ પરમાર્થ શુદ્ધ વસ્તુ જે પરમાનંદસ્વરૂપ છે એના અંતરમાં અનુભવ જતાં, એનું ધ્યેય કરતાં જે અનુભવ પર્યાયમાં થાય એનું તે શુદ્ધ દ્રવ્યનું અનુભવન, અરાગી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એ એક જ મોક્ષનો પરમાર્થ માર્ગ છે. આ સિવાય કોઈ માર્ગ છે નહિ. સમજાય છે કાંઈ? હવે સાંભળ્યું પણ નથી, વિચારવું નથી અને એમ ને એમ ધર્મ ધર્મ કરે છે અનાદિથી. સમજાણું? સુઘોષ આવ્યું છે એમાં પણ લખ્યું છે. સુઘોષ છે ને ભાઈ આ? પાલિતાણાનું મોકલે છે. કોણ જાણે, અંતરિક્ષનું છે લખાણ. એમાં એક સાધુએ લખ્યું છે કે જુઓ, આપણે આ મમતા ઘટાડીએ, શરીર ... પુણ્યક્રિયા એ આપણને ભવ અભાવનું કારણ છે. પુણ્ય એટલે કે રાગ. રાગ પોતે જ ભવસ્વરૂપ છે. અને એ રાગ ભવના અભાવસ્વભાવમાં એ રાગ નથી. આહાહા..! રાગ પોતે દયા, દાન, વ્રત, ભક્તિ પુણ્ય આદિનો જે પરિણામ કહેવાય એ પોતે ભવસ્વરૂપ છે. અને એ ભવસ્વરૂપ ભગવાન શુદ્ધ દ્રવ્ય સ્વરૂપમાં એ ભવસ્વરૂપનો અભાવ છે. સમજાણું કાંઈ?

કહે છે કે પરમાર્થ માર્ગ એને નિસ્તુષ કેમ કહીએ? મોક્ષમાર્ગને પરમાર્થ માર્ગ અને સાચો માર્ગ કેમ કહીએ? કે '**પોતે શુદ્ધ દ્રવ્યના અનુભવનસ્વરૂપ હોવાથી...**' આ કારણથી તેને પરમાર્થપણું આવે છે. ભઈ, માર્ગ કઠણ તો છે ને. કહો, ખેતશીભાઈ! આ કઠણ લાગે છે. સાંભળ્યું નથી ક્યાંય કોઈ દી. એટલે કઠણ, પહોંચવું કઠણ પડે છે. પણ પહેલું સમજે કે આ શું છે, ત્યારે એ કઠણનું સરળ થાય ને.

વસ્તુ આખી છે. પરમાનંદ મૂર્તિ આત્મા છે. એ અતીન્દ્રિય આનંદમાં, રાગ જે આસ્રવ છે એ તો દુઃખરૂપ છે એ દુઃખનો તો એમાં અભાવ છે. સમજાણું કાંઈ? એટલે વિકલ્પ જે છે, જેને લોકો પુણ્યને ધર્મ કહે છે એ તો વિકલ્પ છે, દુઃખ છે. દુઃખ રહિત એવો જે આનંદ સ્વભાવ, એવું જે દ્રવ્ય, એવું દ્રવ્ય છે. છે એવું. એવા દ્રવ્યનો અનુભવ. એટલે દુઃખનો અનુભવ તે તો મોક્ષમાર્ગ નહિ. દુઃખના વિકલ્પથી રહિત શુદ્ધ દ્રવ્યનો અંતર વસ્તુનું અનુભવન તે શુદ્ધ દ્રવ્યનો અનુભવ હોવાથી '**તેને જ પરમાર્થપણું છે.**' તેને જ ખરેખર સત્યપણું લાગુ પડે છે. મોક્ષનો માર્ગ એ સત્ય એને જ લાગુ પડે છે. સમજાણું કાંઈ? ચંદુભાઈ! કહો, નવરંગભાઈ! ઓલું પાણી ગળવું તો ક્યાંય રહી ગયું તમારું. કેટલા વર્ષના. આ તો ઓલો વિકલ્પ કરવો ને? વિકલ્પ, એથી રહિત છે. કારણ કે વિકલ્પ છે એ દુઃખ છે. ભાઈ! વિકલ્પ છે એ મોક્ષમાર્ગ નહિ. એ અભૂતાર્થ છે, જૂઠો છે. સાચો તો ભગવાન આત્મા સત્સ્વરૂપ ચિદાનંદ મૂર્તિ છે. એનો અનુભવ થવો તે શુદ્ધ દ્રવ્યનો અનુભવ હોવાને

કારણે તેને જ ખરેખર સત્ય સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એને જ સાચો કહેવાય છે. આ વાત છે. કહો, સમજાણું આમાં?

**'માટે જેઓ વ્યવહારને જ પરમાર્થબુદ્ધિથી (-પરમાર્થ માનીને) અનુભવે છે,...'** જેઓ જે સ્વરૂપમાં નથી એવો વ્યવહાર વિકલ્પ. સમજાય છે? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતના પરિણામનો રાગ અને શાસ્ત્રના ભણવા તરફની સન્મુખ બુદ્ધિનો રાગ એ વ્યવહાર છે. એને જ '**પરમાર્થબુદ્ધિથી અનુભવે છે,...**' એટલે તેને પર્યાયમાં એ છે તે પર્યાયબુદ્ધિથી તેને જ અનુભવે છે.

મુમુક્ષુ :- પરમાર્થ..

ઉત્તર :- હા, પરમાર્થબુદ્ધિથી અનુભવે છે. એટલે કે પર્યાયમાં છે એને સાચું છે એમ માનીને અનુભવે છે. વસ્તુમાં નથી. સમજાણું કાંઈ?

'**વ્યવહારને જ...**' એટલે આસ્રવને જ. એટલે વિકલ્પને જ એટલે કે દુઃખરૂપ વિકારી ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, અપવાસનો વિકલ્પ ઉઠે છે એ દુઃખરૂપ ભાવ છે. એને જ સુખરૂપ માને છે. એનાથી રહિત છે એમ ન માનતાં એનાથી સહિત એ જ મોક્ષમાર્ગ છે એમ અનુભવે છે '**તેઓ સમયસારને જ નથી અનુભવતા;...**' સમજાય છે કાંઈ? જેઓ એ વિકલ્પ જે શુભરાગ છે, એને સાચો માનીને, સત્ય સ્વરૂપ માનીને, વસ્તુના સ્વભાવમાં એનો અભાવ છે છતાં તે સત્ છે એમ માનીને એ જ મારો મોક્ષમાર્ગ છે, છૂટવાનો મારો આ જ રસ્તો છે, એમ માને છે એ રાગ રહિત વસ્તુ જે છે, એવા ચૈતન્યને એ અનુભવતો નથી. એથી ચૈતન્યના તત્ત્વને એ પામતો નથી. સમજાણું કાંઈ? માલ પડ્યો છે અંદર, દેખે છે રાગમાં. નથી ત્યાં દેખે છે અને છે ત્યાં દેખતો નથી. એમ કહે છે.

આ શરીર, વાણી આ તો જડ છે. એમાં તો એની પર્યાયનો અંશ પણ આમાં નથી. આસ્રવનો અંશ જે છે એ આમાં તો નથી. શરીર, કર્મ આદિ તો પર છે તદ્દન. એનામાં ઉઠે છે જે પરલક્ષી શુભભાવ, વ્યવહાર રત્નત્રય જેને કહે છે એવો શુભભાવ, એને જ પરમાર્થ માને છે. કારણ કે એ વસ્તુમાં નથી. અને નવો ઉત્પન્ન થયેલો વિકાર જેમાં (પરમાર્થ) નથી એને માને છે કે આ મારો પરમાર્થ મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ?

'**વ્યવહારને જ...**' એટલે કે એના સ્વરૂપમાં નથી અને નવી કૃત્રિમ વિકલ્પ દશા ઉભી કરી છે એને જ સાચો મોક્ષનો માર્ગ માને છે અને એ સત્ય માર્ગ છે એમ માને છે, એ તે પરમાર્થને '**તેઓ સમયસારને જ નથી અનુભવતા;...**' તેઓ સમયસાર નામ ભગવાન આત્મા જે વ્યહારના રાગના આસ્રવ દુઃખદશાથી રહિત છે તેને અનુભવતો નથી. રાગને, દુઃખને અનુભવે છે. કહો, ચંદુભાઈ! આવું છે, બાપા! આહાહા..! તારો માર્ગ ભાઈ અલૌકિક

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. પણ એને સાંભળવા મળે નહિ. સમજાય છે? એ વિચાર કે દી કરે? એને ઘડ કે દી બેસે? કહો, સમજાણું? બહારમાં 'દોડત દોડત દોડીયે જેથી મનની દોડ, પ્રેમ પ્રતીત વિચારો ઢૂંકડી ગુરુગમ લેજો જોડ'. 'દોડત દોડત...' આ કરું ને આ કરું ને આ કરું. અપવાસ કરું, ઓળી કરું ને આ કરું, સામાયિક કરું ને પોષા કરે. એ બધો વિકલ્પ છે. સમજાણું કાંઈ? એ તો શુભરાગ છે. ભાઈ! એ રાગ વસ્તુ સ્વરૂપમાં નથી. વસ્તુમાં હોય તો ટળી શકે નહિ. વસ્તુ ભગવાન આત્મામાં એ રાગ નથી. એ રાગને જ પરમાર્થ માને છે, રાગને જ સાચું તત્ત્વ માને છે, એ રાગ રહિત ભગવાન આત્માને અનુભવ કરતાં નથી. એટલે સમયસારને પહોંચતા નથી, પામતા નથી, પ્રાપ્ત કરતા નથી. કહો, સમજાણું કાંઈ?

અનંત કાળથી આથડ્યો વિના ભાન ભગવાન,
સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન.

કાં તો શરીરના બળવાળા ક્રિયામાં જોડાણા, તપ આદિમાં. બુદ્ધિના બળવાળા ઉઘાડની વાતુંમાં રોકાણા અને પૈસાના બળવાળા દાનમાં ધર્મ માનીને બેઠા. એઈ..!

અહીં તો કહે છે, ભગવાન! તું પોતે પ્રભુ તને વસ્તુની સ્થિતિ છે, વસ્તુ છે એની મર્યાદામાં એ રાગની મર્યાદા એમાં આવતી નથી. વસ્તુ વસ્તુ છે, ચૈતન્ય બિંબ આનંદકંદ આત્મા છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એને આત્મા કહે છે કે જેમાં પુણ્ય-પાપનો ભાવ નથી. એને આત્મા કહે છે. ભગવાન એને આત્મા કહે અને એ આત્મા માને નહિ. એ તો રાગની ક્રિયા મારો આત્મા અને એ મારું કલ્યાણ કરશે (એને માને) તો એ આત્માને માનતો નથી પણ અનાત્માને આત્મા માને છે. વ્યવહારને પરમાર્થ માને છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? એને તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા રહેતી નથી. સમજાણું કાંઈ?

દેવ-ગુરુ ધર્મની શુદ્ધિ કહો કેમ રહે? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો.
શુદ્ધ શ્રદ્ધાન વિન સર્વ કિરિયા કરી, છાર પર લીંપણું તેહ જાણો.

આનંદઘનજી કહે છે. શું કહે છે? 'દેવ-ગુરુ ધર્મની શુદ્ધિ કહો કેમ રહે?' કેમ કે દેવ અરિહંત અને ગુરુ નિર્ગ્રંથ અને ધર્મ અરાગી ધર્મ. એની શ્રદ્ધા ક્યાં રહે? 'દેવ-ગુરુ ધર્મની શુદ્ધિ કહો કેમ રહે? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો.' તે વ્યવહારના વિકલ્પથી રહિત અંતર સ્વરૂપની અંતર જઈને શ્રદ્ધા, જ્ઞાન અનુભવ નહિ તો તને દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની પણ શ્રદ્ધા સાચી નથી. કેમ કે એને ઈ કહેવું છે. ઈ તો તું માનતો નથી. સમજાણું કાંઈ? નવરંગભાઈ! ભગવાનની શ્રદ્ધા નથી એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- પોતાના ભગવાન..

ઉત્તર :- ભગવાનની ક્યાંથી આવી? ભગવાનને પણ ઈ કહેવું છે. ત્રણ લોકના નાથ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સર્વજ્ઞદેવ પરમેશ્વર ઈન્દ્રોની સમક્ષમાં સમવસરણમાં દિવ્યધ્વનિમાં આ ફરમાવ્યું હતું. ભાઈ! તું રાગના વિકલ્પથી રહિત પ્રભુ છો. અમે પણ એ રીતે થયા છીએ અને તું પણ તે થવાને માટે લાયક તારું તત્ત્વ જ છે. એમ ભગવાને કહ્યું અને એ રીતે ન માને અને રાગને ધર્મ માને તો દેવની શ્રદ્ધા રહી નહિ, ગુરુની રહી નહિ અને ધર્મ જે રાગરહિત છે એની પણ શ્રદ્ધા રહી નહિ. ત્રણેયની ન રહી.

'દેવ-ગુરુ ધર્મની શુદ્ધિ કહો કેમ રહે? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો.' આ રાગ તો અશુદ્ધ છે. એને તું પરમાર્થ મોક્ષમાર્ગ માને તો શુદ્ધ શ્રદ્ધા ક્યાં તારી આવી? 'શુદ્ધ શ્રદ્ધાન વિન સર્વ કિરિયા કરે' અને એ આત્મા વસ્તુ શુદ્ધ છે, એના અંતર્મુખ આસ્રવ રહિત છે, એવી દૃષ્ટિ અને અનુભવ વિના તારી જેટલી ક્રિયા અપવાસ ને ઓળી ને.. સમજાય છે? ત્યાગ ને દાન ને જે કરીને મરી જાય એ બધું છાર પર લીપણું છે. છાર સમજાય છે? રાખોડી હોય ને એક હાથ સુધી. રાખ. પછી માથે ઓળેપો કરે ગારનો. હવે તો પથરા થયા. પહેલા તો કરતા ને ગામડામાં. હાથ મારીને આમ કરતાં. ગારું કરતાં ને? ગારું. આમ હાથ મારે. ક્યાંથી પણ થાય? થાબડો ક્યાંથી રહેતો હતો? હેઠે રાખ છે ને. પોપડું ઉખડશે આખું. 'છાર પર લીપણું તેહ જાણો'. ભાઈ! તને દ્રવ્ય સ્વભાવ વસ્તુમાં વિકલ્પ અને રાગનો અભાવ છે, એવી અંતર્મુખ થઈને શુદ્ધ શ્રદ્ધા અને દૃષ્ટિ ન કર અને એ વિના તારી આ બધી ક્રિયાઓ રાખ પર ગાર કરવા જેવું, લીપણા જેવું છે. શેઠી! ન્યાં બધું આમ થઈ જાય એવું છે અંદરથી. ભાઈ! નાખ્યા જગતને ઊંધે રસ્તે દોરી...

આવા મનુષ્યના દેહ.. બહારનું જરીક કાંઈક આચરણ થયું, રાગ થયો, આ કર્યું, થઈ ગયો ધર્મ. બાપુ! આ અવતાર નહિ મળે. આ મનુષ્યદેહના ટાણા, સાંભળવાના જોગ, એને સમજવાના ટાણા, અંતર્મુખ થવાનો કાળ અને ટાણું છે ભાઈ તારો. એમ કહે છે. સમજાણું કાંઈ? આવા સમય અને આવા પ્રસંગ નહિ બને. દુનિયાની આબરુ તો બધી પડી રહેશે. દુનિયામાં મોટા માને. ઓહો..! શું તપસી! અપવાસ કર્યા ને આ કર્યા! ઓહોહો..! કહો, સમજાણું? શું ક્રિયા અપવાસ, શું તપસ્યા ને શું એક ટંક ખાવું, દૂધ, દહી, ખાંડ કંઈ ખાવું નહિ, આટલું કર્યું, જોઈને ચાલે, શું એમના મહાવ્રતની ક્રિયા ને શું એમની દયાની ક્રિયા. એ બધી રાગની ક્રિયાને દુનિયા વખાણીને મારી નાખશે. પોપટભાઈ! આહા..!

કહે છે, '**સમયસારને જ નથી અનુભવતા;...**' એટલે શું કહ્યું? કે વ્યવહારને પરમાર્થબુદ્ધિથી અનુભવે છે. એ વિકલ્પ જે છે શુભરાગ, એને સાચું તત્ત્વ માનીને, જે સ્વરૂપમાં નથી, એ જૂઠું છે, સ્વરૂપમાં નથી. એને રાગને પુણ્યના વિકલ્પને સાચો માનીને અનુભવે છે, એને સાચું તત્ત્વ જે રાગ રહિત છે એવા આત્માને તે અનુભવતા નથી. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમજાણું કાંઈ? એકલો આવ્યો ને એકલો જાઈશ. કોઈ ક્યાંય શરણ ન મળે. આમ મરતાં આંતરડા તણાય, આ થાય. ક્યાં જાવું છે તારે? સમજાય છે? એ શુભભાવ તેં કર્યા હશે લાખ વર્ષ, કરોડ વર્ષ લે ને. તો એના તો રજકણ બંધાણા ધૂળના. એમાં તને ક્યાં શરણ છે? શાંતિ આપે છે ક્યાં ન્યાં? અને અત્યારે ભગવાન ભગવાન ણમો અરિહંતાણં કરે તો એ રાગ છે. એ આકુળતા છે. એને તું સત્ય માનીને તું અનુભવતો હો તો રાગ રહિત આત્માની દૃષ્ટિ તને થશે નહિ. એમ કહે છે. આહા..હા..! સમજાણું? મરવા ટાણે સંભળાવો મને, સંભળાવો. પણ શું સાંભળવું છે તારે? બેઠો છે ભગવાન અંદર ને. એની સામું જા ને, જોને. સાંભળવાનો તો વિકલ્પ છે. એઈ..! મને સંભળાવો. સાંભળે ત્યાં ણમો અરિહંતાણં એમ કરીને દેહ છૂટી જાય. આહાહા..! શું મરણ થયું ને પણ. ધૂળેય નથી મરણ. સાંભળને! બાળમરણ છે. એ રાગને જ પોતાનું પરમાર્થ સ્વરૂપ માને છે, શ્રવણના ભાવને જ પોતાનું સાચું સ્વરૂપ માને છે. પણ વસ્તુ જે સમયસાર આત્મા છે, રાગ વિકલ્પ રહિત છે એને જાણતો નથી. અંતર ઉતરીને અનુભવતો નથી. એ સમયસારને જ નથી અનુભવતો. નથી અનુભવતા. ઘણા જીવો લીધા છે ને. સમજાણું કાંઈ?

**'જેઓ પરમાર્થને પરમાર્થબુદ્ધિથી અનુભવે છે,...'** હવે સવળું લીધું. જેઓ, ભગવાન આત્મા એ વિકલ્પ જે શુભ છે.. કોઈ વળી એમ કહે, મરતાં મને ભગવાન પાસે સામે બેસાડજો. ડોલીમાં લઈને પણ ભગવાનના દર્શન કરવા બેસાડજો. પણ શું છે? સાંભળને! એઈ..! ન્યાં જઈશ તોય શુભરાગ છે. કહે! ભગવાનને દેવું છે કાંઈ? અને શુભરાગમાં છે? શુભરાગ છે એ અશુભથી બચવા હોય છે એટલું. એની સામું ધ્યાન રાખીને મારું મરણ થાય ને. એની સામે રાખ્યું એ તો રાગ છે. એ રાગને પરમાર્થ માનીને બેઠો છો તું. જયકુમારજી! ભારે વાતું ભાઈ! ઓલા બિચારા કહે, મને ડોલીમાં બેસાડીને.. અન્ય મતિમાં હોય છે ને? જીવતા એને સમાધિ આપે. થોડો જીવ હોય ને દાટી દે. માથે લાકડા નાખીને માથે ધૂળ નાખે. મેં જોયું છે, ઉમરાળામાં જોયું હતું. કબીરનો સાધુ હતો, કબીર. અમે નાના છોકરા. ચાલો, જોવા તો જઈએ, શું કરે છે આ? એક વાળંદ હતો. એના પાસે રહેતો. વાળંદ એને સાચવતો. કબીરનો સાધુ હતો. મોતીવાડ છે ત્યાં રહેતો હતો. અમે ત્યાં મોતીવાડમાં નિશાળ હતી તો ત્યાં એની પાસે જાતા. મરતાં કહે, મને થોડો જીવ હોય.. ખાડો એના ફળિયામાં હતો ત્યાં દાટજો. જીવતો, હોં! બેસાડ્યો અંદર. જીવતો હતો. માથે નાખ્યું પાટિયું. પછી ઢોલ પીટે. ઉંહકારો ન થાય અને સાંભળે નહિ. બુંગ્યો ફૂંક્યો. એ વખતે ખબર નહોતી. હવે ખ્યાલ આવ્યો કે આ બુંગ્યો કેમ ફૂંક્યો? બુંગ્યો વગાડે. ઓલો મૂંઝાયને અંદરથી. મરી જા હવે એમ ને એમ. એવું હોય છે અન્યમતિમાં. સમાધિમરણ. સમાધો ધૂળેય નથી.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અહીં તો કહે છે, વિકલ્પ જે ઉઠે છે તેના રહિત ચૈતન્ય છે એમાં જઈને મર ત્યારે પંડિત મરણ કહેવાય છે. ન્યાં ઈ ... ધૂળ માથે વાળીને જાય.. વિકલ્પને તોડીને અંદરમાં જા. સમજાણું કાંઈ? અંતર ગુફામાં જા તો પરમાર્થને પરમાર્થબુદ્ધિથી અનુભવે. પરમાર્થ એવો જે ભગવાન શુદ્ધ ચૈતન્ય એને જ પરમાર્થને પરમાર્થબુદ્ધિથી. એને સાચી બુદ્ધિથી, સત્ય બુદ્ધિથી, સ્વરૂપ સન્મુખ થઈ અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ દ્વારા આત્માને અનુભવે છે '**તેઓ જ સમયસારને અનુભવે છે.**' તે આત્માને અનુભવે છે, તે જ મોક્ષમાર્ગનું વેદન કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**જેઓ પરમાર્થને પરમાર્થબુદ્ધિથી...**' એટલે વસ્તુ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એ પરમાર્થ છે. અને પરમાર્થબુદ્ધિથી એટલે દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં જે સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ થઈ એને જ પરમાર્થથી અનુભવે છે '**તેઓ જ સમયસાર...**' નામ ભગવાન આત્માને વેદે છે, અનુભવે છે, શાંતિનું વેદન એને છે, એને પંડિતમરણ છે, એને મોક્ષનો માર્ગ છે. કહો, સમજાણું કાંઈ? મહિના મહિનાના, બબ્બે મહિનાના અપવાસ કરી જીર્ણ શરીર થઈ જાય. આહાહા..! વાહ.. વાહ! ધૂળેય નથી, સાંભળને! એ તો પરલક્ષી કદાચિત્ રાગની મંદતા હોય તો દૃષ્ટિ તો તારી ત્યાં છે, એ તો મિથ્યાદૃષ્ટિ છે, પર્યાયબુદ્ધિ છે. સમજાણું કાંઈ? એ પરમાર્થ માર્ગ નથી, ઈ ખોટો માર્ગ છે કહે છે. આહાહા..! વીતરાગના માર્ગને સાંભળવા કાયરના તો કાળજા કંપી ઉઠે એવું છે. આહા..! વીરો વીર તારો માર્ગ અફર છે. આહા..!

વસ્તુ ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ વીતરાગસ્વરૂપે ભરેલો ભગવાન સમતાનો સાગર છે. એના સન્મુખ થઈને, વિકલ્પથી વિમુખ થઈને વસ્તુને જે અનુભવે, અંતર્મુખની દૃષ્ટિનો અનુભવ (કરે), કેમ કે જે રાગ અને વ્યવહારથી રહિત છે તેને અનુભવે તે પરમાર્થબુદ્ધિથી પરમાર્થને અનુભવે, તે આત્માને અનુભવે છે. તેને સાચો મોક્ષમાર્ગ છે. કહો, સમજાણું કાંઈ? આમાં તો સમજાય એવું છે. આમાં કંઈ એવું બહુ (કઠણ નથી). પછી એને કેમ વર્તવું (એ જુદી વાત છે). પણ આમ કહેવા માગે છે એમ તો એના ખ્યાલમાં આવવું જોઈએ. એ ખ્યાલેય ન આવે તો પછી જાશે ક્યાં? રુચશે ક્યાં? અને ઠરશે ક્યાં? આહાહા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- વ્યવહારનયનો વિષય તો ભેદરૂપ અશુદ્ધદ્રવ્ય છે,...**' એટલે શું કહે છે? કે વર્તમાન રાગાદિ જે ઉઠ્યો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ણમો અરિહંતાણં વગેરે વિકલ્પ, એ તો ભેદ છે. વસ્તુમાં અભેદપણાથી ભેદ પડી ગયો, વિકલ્પ ઉઠ્યો છે. '**વ્યવહારનયનો વિષય તો ભેદરૂપ અશુદ્ધદ્રવ્ય છે,...**' એ તો દ્રવ્યની અશુદ્ધ પરિણતિ વિકાર છે. એ વ્યવહારનયનો વિષય છે, પર્યાયબુદ્ધિ છે ઈ. આહાહા..! સમજાણું કાંઈ? વર્તમાનમાં વસ્તુ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જે ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ ચૈતન્ય ભગવાન છે, એની વર્તમાન પર્યાય એટલે અવસ્થા નામ હાલત-દશા, એમાં જે શુભરાગ છે, એ તો વ્યવહારનો વિષય છે. વર્તમાનનો વિષય છે. એ તો અશુદ્ધ દ્રવ્ય છે, દ્રવ્યની મલિનતા છે. એને જ પોતાનો ધર્મ માને છે એ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. સમજાણું કાંઈ?

'**વ્યવહારનયનો વિષય...**' એટલે કે એની દૃષ્ટિમાં વર્તમાનમાં દૃષ્ટિમાં વર્તમાન નયનો વર્તમાન વિષય રાગ છે. અને એ રાગ પુણ્યનો વિકલ્પ છે એ તો અશુદ્ધ દ્રવ્ય છે. દ્રવ્યની વર્તમાન મલિન પર્યાય છે. એ પર્યાય દ્રવ્યમાં નથી. નવીન ઉત્પન્ન કરીને તેનો વિષય બનાવીને તેમાં અટક્યો છે. '**તેથી તે પરમાર્થ નથી;...**' સમજાણું કાંઈ? ભગવાન આત્મામાં તો શુદ્ધતા, પરિપૂર્ણતા પડી છે. એને અંતરમાં જઈને જે પરિણતિ પ્રગટ થાય એ તો અંદરમાંથી આવે છે. એ પરમાર્થ છે. રાગની ઉત્પત્તિ, દયા, દાન, વ્રત, ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં (કરે), સવારમાં ઓલો સહજાત્મ સ્વરૂપ પરમગુરુ, સહજાત્મ સ્વરૂપ પરમગુરુ.. શું છે પણ સહજાત્મ સ્વરૂપ? એ તો વિકલ્પ છે, રાગ છે. પરમગુરુ તો શબ્દમાં આવ્યું. એમાં વસ્તુમાં ક્યાં આવ્યું? સમજાણું કાંઈ? એમાં કો'ક એ રસ્તે ચડે. ગોખણ.. ગોખણ. એ પણ એક શુભરાગ છે. એ વ્યવહારનયનો વિષય, વર્તમાન દૃષ્ટિનો વિષય છે. વર્તમાન દૃષ્ટિ પર્યાયબુદ્ધિનો વર્તમાનનો વિષય વ્યવહાર છે, પરમાર્થ નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! કહો, સમજાણું? ણમો અરિહંતાણં આમ બોલે અને મરે તો પણ કહે છે, મિથ્યાદૃષ્ટિનું બાળમરણ છે. કેમ? કે રાગના ઉપર લક્ષ છે, એ વ્યવહારનો વિષય છે અને એ પરમાર્થ માને છે કે આ મારો ધર્મ છે. મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાણું આમાં?

'**તેથી તે પરમાર્થ નથી;...**' વસ્તુના સ્વભાવમાં નથી એવો જે વિકલ્પ ઉઠાવીને તેને જ પોતાનું સ્વરૂપ માનીને ધર્મ માને છે એ તો વ્યવહારનો વિષય મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે. '**પરમાર્થ નથી; નિશ્ચયનયનો વિષય અભેદરૂપ શુદ્ધદ્રવ્ય છે,...**' ભગવાન આત્મા એ વિકલ્પથી રહિત એકરૂપ અભેદ છે એ નિશ્ચયનો એટલે સત્ય નય, સાચા જ્ઞાનનો વિષય એ આત્મા છે. સમજાણું કાંઈ? ભારે પણ. આનું કાંઈક સાધન બીજું હશે કે નહિ? આ તો પાધરો આવડો, આવડો. પણ કાંઈક બીજું સાધન ખરું? ટેકો ખરો? કહે છે, ટેકો તે એનો હોય કે ટેકો તે વિરોધનો હોય? એમ કહે છે. વિરોધનો ટેકો હોય? વિકલ્પ તો વિરોધ છે, વ્યવહાર વિષય છે, એમ કીધું અહીં તો. સમજાણું કાંઈ?

વ્યવહાર નામ વર્તમાન રાગની વૃત્તિ જે શુભની, પુણ્યની, દયા, દાન, વ્રત, નામ સ્મરણ આદિની ઉઠે, વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર જ્ઞાન, વ્યવહાર વર્તન આચરણ એ તો વર્તમાનનો વિષય છે. અને વર્તમાનનો વિષય તે તો વસ્તુમાં નથી, સ્વભાવમાં નથી. માટે તે મિથ્યા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે અને તે મોક્ષનો માર્ગ નથી. સમજાણું? તે તો અશુદ્ધ દ્રવ્ય છે, પરમાર્થ નથી. અસ્તિ-નાસ્તિ કરી. ખરો માર્ગ નથી, એ ખરું દ્રવ્ય નથી. ખોટું ઊભું કર્યું છે. '**નિશ્ચયનયનો વિષય...**' ભગવાન આત્મા રાગ રહિત છે, એમ રાગ રહિત થવામાં વિકલ્પના લક્ષને છોડી અભેદ દૃષ્ટિ કરે તે વિષય અભેદરૂપ શુદ્ધ દ્રવ્ય છે. એ તો શુદ્ધ દ્રવ્ય છે. ધ્રુવ શુદ્ધ દ્રવ્ય છે વસ્તુ. એ સાચા જ્ઞાનનો અને સાચી શ્રદ્ધાનો એ વિષય છે. એ ધ્યેય છે એમ કહે છે. સમજાણું કાંઈ? નિશ્ચયનયનું ધ્યેય, વિષય એટલે ધ્યેય '**અભેદરૂપ શુદ્ધદ્રવ્ય છે,...**' અખંડ અભેદ ચિદાનંદ ભગવાન વિકલ્પનું લક્ષ છોડીને અંતર્મુખમાં જાય ત્યારે શુદ્ધનયનો વિષય અભેદ છે તે દૃષ્ટિમાં આવતાં જે દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ પ્રગટે એનું નામ સાચો મોક્ષનો માર્ગ છે.

'**તેથી તે જ પરમાર્થ છે.**' ભગવાન આત્મા અંતર્મુખ જતાં બહિર્મુખથી લક્ષ છોડીને અંતર ભગવાન આત્માના લક્ષે ધ્યેયે જતાં જે દશા પ્રગટે તે શુદ્ધ દ્રવ્યની દશા છે. તે પરમાર્થ છે. તે સાચો માર્ગ છે. સમજાણું કાંઈ? '**માટે, જેઓ વ્યવહારને જ નિશ્ચય માનીને પ્રવર્તે છે...**' એ વ્યવહાર મને લાભ કરશે, વ્યવહારથી મારો નિશ્ચય પ્રગટ થશે, બાહ્ય લક્ષી ભાવે અંતર્મુખ લક્ષ જવાને મને મદદ કરશે એમ જે માને છે. એમ કહે છે. કાયરના તો કાળજા કંપે. આહાહા..! આવો માર્ગ, આવો માર્ગ વીતરાગનો? 'એવો માર્ગ વીતરાગનો કહ્યો અનાદિઅનંત.' પરમાત્માએ આવો માર્ગ કહ્યો છે. ભગવાન અનાદિઅનંત છે ને વસ્તુ. એ તો કૃત્રિમ વિકલ્પ વચ્ચે ઊભો થયો મફત. ભગવાન અનાદિઅનંત ચૈતન્યદળ શુદ્ધ ધ્રુવ, એને અવલંબે જે અનુભવ થાય તે વીતરાગી પર્યાય, તે સાચો પરમાર્થ માર્ગ છે. કહો, સમજાણું કાંઈ?

'**માટે, જેઓ વ્યવહારને જ નિશ્ચય માનીને પ્રવર્તે છે...**' ફક્ત એ વ્યવહારનો વિકલ્પ છે એથી મને પરમાર્થ આવશે, આ કરતાં કરતાં આવશે, ઈ હશે તો આવશે, ઈ છે તો થાશે એમ જે વ્યવહારને સાચો માનીને પડ્યો છે '**તેઓ સમયસારને અનુભવતા નથી;...**' એનાથી ખસીને આત્માને અનુભવવો જોઈએ તે અનુભવતા નથી. સમજાણું કાંઈ? છે ને આમાં? લખાણ છે કે નહિ આમાં? આમાં બીજો અર્થ ક્યો છે? આ પંડિતજી રહ્યા અમારે અહીં. કહો, આ શબ્દનો અર્થ શું છે? આ શબ્દ શું છે? એ.. પોપટભાઈ! આમાં તો ચાર ચોપડીનો ભણેલો હોય ઈ સમજે એવું છે.

પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ તીર્થંકરદેવ ફરમાવે છે, જેઓ વસ્તુના સ્વભાવમાં નથી એવા પુણ્ય રાગને પરમાર્થ જાણીને અનુભવે છે તે સમયસારને રાગ રહિત આત્માની શ્રદ્ધા, જ્ઞાનને અનુભવતા નથી. એટલે આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર પ્રગટ કરતાં નથી. રાગને પ્રગટ કરીને ઊભા છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! '**જેઓ વ્યવહારને જ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**નિશ્ચય માનીને પ્રવર્તે છે તેઓ સમયસારને અનુભવતા નથી; જેઓ પરમાર્થને પરમાર્થ માનીને પ્રવર્તે છે...**' ભગવાન આત્મા.. એ વ્યવહારના વિકલ્પથી રહિત એવી દૃષ્ટિ કરીને ચૈતન્યમાં અંતર્મુખ થઈને અનુભવે છે '**તેઓ જ સમયસારને અનુભવે છે...**' તે જ આત્માને જાણે છે, શ્રદ્ધે છે અને આચરે છે. એનું આચરણ સાચું છે. સમજાણું કાંઈ? આચરણ કહે છે ને? આચરણ કરો, આચરણ. કોનું આચરણ? રાગનું આચરણ કે આત્માનું આચરણ? રાગનું આચરણ તો આસ્રવનું આચરણ છે, વિકારનું આચરણ છે. સમજાણું કાંઈ? એવો માર્ગ હોય તો અનંત કાળમાં કેમ ન પામ્યો? નથી એવું કર્યું? અનંત વાર કર્યું છે. બબ્બે મહિનાના સંથારા, બાર બાર મહિનાના અપવાસ, કરોડોના દાન, આઠ વર્ષે દીક્ષિત તે કરોડ પૂર્વનું ચારિત્ર ક્રિયાકાંડનું. એ ચારિત્ર ક્યાં હતું? સમજાણું કાંઈ?

કહે છે, '**પરમાર્થ માનીને પ્રવર્તે છે તેઓ જ સમયસારને અનુભવે છે...**' તે જ આત્માના શુદ્ધ સ્વરૂપને અનુભવે છે. '**(તેથી તેઓ જ મોક્ષનો પામે છે).**' લ્યો. સમજાણું કાંઈ? કોણ? જે આત્મા ચિદાનંદ ભગવાન રાગ રહિત છે તેની અંતર દૃષ્ટિ કરીને રાગ રહિતની દૃષ્ટિને અનુભવે છે, રાગ રહિત શ્રદ્ધા, રાગ રહિત જ્ઞાન અને રાગ રહિત આચરણને અનુભવે છે તે મોક્ષને પામે છે. કહો, સમજાણું કાંઈ?

'**બહુ કથનથી બસ થાઓ,...**' હવે આચાર્ય કહે છે, ઘણું કહ્યું, ઘણું કહ્યું. '**એક પરમાર્થનો જ અનુભવ કરો**'-**એવા અર્થનું કાવ્ય હવે કહે છે :-**'

**अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पै-**
**रयमिह परमार्थश्चेत्यतां नित्यमेकंः।**
**स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रा-**
**न्न खलु समयसारादुत्तरं किञ्चिदस्ति।।२४४।।**

છે શ્લોક? ૨૪૪. ૪૧૪ ગાથા થઈ, ૪૧૫ બાકી રહી છે એટલે હવે આચાર્ય (કહે છે), '**अलम अलम**' હવે બસ થઈ, બસ થઈ. ઘણું કહ્યું. જીવ અધિકાર, અજીવ અધિકાર કરતાં કરતાં સર્વવિશુદ્ધ અધિકાર પૂરો કરવા આવ્યા છે. કહે છે, '**अलम अलम**' બહુ કહેવાથી, ઘણું કહેવાથી અને બહુ દુર્વિકલ્પોથી. જોયું! દુર્વિકલ્પ કીધા એ બધા. જે કંઈ વિકલ્પ ઉઠે છે શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિ કે આવો આત્મા ને તેવો આત્મા, એ બધા દુર્વિકલ્પ છે. આહાહા..! ભઈ, પુણ્યનો વિકલ્પ છે ને? દુર્વિકલ્પ છે, ભાઈ! ભગવાન એમાં દુભાય છે. આહાહા..! ભગવાન આત્મા અકષાય શાંતસ્વરૂપ છે એમાં વિકલ્પથી આત્મા દુભાય છે, દાઝે છે, દુઃખ થાય છે. આહાહા..! એ વિકલ્પ છે એ કષાયઅગ્નિ છે. સમજાણું કાંઈ?

વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ જે ભાવ વિકલ્પ છે એને ભેદ કરીને વર્ણવ્યું

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ એ વિકલ્પો દુર્વિકલ્પ છે, કહે છે. એ આત્માના આનંદ સ્વરૂપની અંદર એ દશાથી દુઃખ થાય છે. સમજાણું કાંઈ? એ '**દુર્વિકલ્પોથી બસ થાઓ, બસ થાઓ;...**' ભાઈ! હવે બસ થયું. હવે માર્ગને સમજ અને અનુભવ એમ કહે છે. એ વિકલ્પની ઝાળથી તને શું લાભ છે? સમજાણું કાંઈ? '**અલમ અલમ**' '**અલમ**' બસ થાઓ, બસ થાઓ. '**અહીં એટલું જ કહેવાનું છે...**' ભગવાનને એટલું જ કહેવાનું છે. સર્વજ્ઞ પરમેશ્વરને બધા શાસ્ત્ર કહીને એટલું જ કહેવાનું છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**આ પરમાર્થને એકને જ નિરંતર અનુભવો;...**' આહાહા..! ભગવાન આત્મા એ આસ્રવની મેલ રહિતની ભીંત છે. ભગવાન ચૈતન્ય ધ્રુવ છે એ પુણ્ય-પાપના રાગ રહિત છે. એ રહિત છે તેને આનંદ સહિત જાણીને અનુભવો. '**આ પરમાર્થને એકને...**' જુઓ, ભાષા આવી છે. ઓલો રાગાદિ વ્યવહાર બીજો છે અને આ એક છે અને બીજો આ છે એમ બે નહિ. આવ્યું છે ને આપણે ભાઈ? એક નિશ્ચય મોક્ષમાર્ગ, એક વ્યવહાર મોક્ષમાર્ગ બે એક એક કહ્યા છે. બીજો એમ ભાષા નથી વાપરી એણે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં. આ તો કહે છે, એકને જ નિરંતર અનુભવો. ભાઈ! ભગવાન આત્મા એ શુભ ક્રિયાકાંડના રાગથી રહિત છે. એવો એકરૂપ ભગવાન. રાગની તો અનેકતા ભિન્ન-ભિન્ન, ભિન્ન-ભિન્ન ઉત્પન્ન થાય છે. એવા રાગ રહિત ચૈતન્ય વસ્તુને એકને જ રાગની ક્રિયાના પરિણામ રહિત જ એકને જ અનુભવો. તે નિરંતર અનુભવો. એટલે શું કહે છે? તારી દૃષ્ટિમાં ભગવાન જ નિરંતર તરવો જોઈએ. કોઈ કાળે પણ શુભ વિકલ્પ પણ મને મદદ કરશે, એમ હોવું જોઈએ નહિ. એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

વસ્તુ ચૈતન્યપુંજ છે. જ્ઞાનનો ગંજ છે, જ્ઞાનનો ભર છે. ભર નથી ભરતા મોટો ખડનો? જ્ઞાનનો ભર છે મોટો એકલો. આનંદનો કંદ છે પ્રભુ. એ એકને જ અનુભવો. બસ, એકને જ અનુભવો. બીજી વળી રાગની ક્રિયા, વચમાં કાંઈક વ્યવહાર છે અને આ મને મદદ કરશે કે આ માર્ગ છે, ત્રણ કાળમાં ભગવાન ના પાડે છે. સમજાણું કાંઈ? ઓલામાં એવો રસ લાગે અંદર. ઢાળસાગર કહેવાય છે. રામચંદ્રજી, રામ શ્રીકૃષ્ણનું વાંચતા એ લોકો. હું તો બેસતો નહિ. એવા લોકો ભેગા થાય. ઢાળ સાગર. સમજાય એમાં. રાવણે આમ માર્યો ઓલાને. કાલે મારશે તો કાલે સાંભળવા વહેલા આવશું. લક્ષ્મણજી કાલે મારશે રાવણને. એ ત્યાં પૂરું કરે. એવો રસ આવે કથા સાંભળવામાં. પણ મારી નાખવાનો ભાવ, સાંભળવાનો ભાવ તને હોંશ શેની છે? એવી લડાવે ને વાતને. ઢાળસાગર વાંચતા. બીજું શું એક બે આવે છે? રામરાસ. ઢાળસાગરનો શ્રીકૃષ્ણનો અધિકાર અને રામરાસમાં રામચંદ્રજીનો અધિકાર. બે અધિકાર મોટા છે. બપોરે વાંચે. માણસો ભેગા થાય. આહાહા..! ખુશી ખુશી થઈ જાય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના, ના. જુદું. લોકો રાજી થઈ જાય. કથા છે ને. એમાં તત્ત્વ શું. વાંચે. (સંવત) ૧૯૭૦માં એક ફેરી થયું હતું. હું ઉપર બેઠો હતો. રતનશી ભાવસાર નહોતો? મહારાજ! .. બહુ સારું કર્યું. શું છે? કીધું. પહેલે ધડાકે, ચોમાસામાં. આ તમારા ગુરુ વાંચે છે ને? ગુરુ વાંચે તો.. રાડ નાખે. આમ રાજી કરવા ને માણસને ભેગા કરવા. બોટાદની વાત છે, (સંવત) ૧૯૭૦ની સાલની. અષાઢ સુદ ૧૫થી શરૂ થાય તે ભાદરવા સુદ-૫ સુધી. એટલા દી વાંચે. માણસો ભેગા ખૂબ થાય. બાયું બાયું ખૂબ આવે. ધૂળમાંય ન્યાં... મશ્કરી ને વિકથાથી કુથલીયું. અરે..! એમાં આત્મા ક્યાં આવ્યો? ભાઈ! એમાં ક્યાં મોક્ષમાર્ગ છે? માણેકચંદજી બેઠા હતા, હોં! એ બેઠા હતા ને મારાથી બોલાણું. એટલે માણેકચંદજી કહે પણ તમારા ગુરુ આમ કહે છે. ગુરુ હો કે ગમે તે હો, તો શું છે? હું હેઠે જઈને કહીશ. હવે કહેને તારે કહેવું હોય ઈ. જાને. વિકથાઓ કરીને જગતને રાજી રાખવા છે. ધર્મ શું છે એની તો દરકાર કરવી નથી. ૭૦ની વાત છે. અષાઢ સુદ-૧૫. પુનમથી શરૂ કરે, ભાઈ! પચાસ દી હોય ને. પુનમથી. ત્યારે માણસ ભેગા થાય. અરે..! ભગવાન! તારા આત્માની વાત મૂકીને આ શું? જેમાં શુભભાવ થાય, એ પણ ઠેકાણા વિનાનો શુભભાવ. અને એમાં ધર્મ માનીને રાજી રાજી થઈ જાય. આહાહા..! ભાઈ! એ માર્ગ નથી, કહે છે.

**'આ પરમાર્થને એકને જ નિરંતર અનુભવો;...'** કહો, સમજાય છે કાંઈ? પણ પોતે પરમાત્મા ચિદાનંદ સ્વરૂપ છે એ વાત કોઈ રીતે ઘડમાં બેસતી નથી. એ જાણે હું તો પામર ભિખારી છું, બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ, દાળ વિના ચાલે નહિ, ઢીકણા વિના ચાલે નહિ, સદડી દાળ ન થઈ હોય ઢીંચણિયું ઉઠે, હવે એને કહે કે આવો આત્મા. પણ સાંભળને! એવો છો. ત્રણ લોકનો નાથ છો તું. તારી એક સમયની પર્યાયમાં પરમાત્મા પ્રગટે છે. એવા અનંતા પરમાત્મા તારા આત્મામાં બિરાજે છે, તને ખબર નથી. એઈ..! આહાહા..! તારું સિદ્ધપદ છે એક સમયનું પરમાત્મ દશા. એક સમયનું. એવી એવી અનંતી સિદ્ધ દશા પરમાત્મા તારા આત્મામાં બિરાજે છે. ભાઈ! તું એવડો (છો). તને ખબર નથી. સમજાણું કાંઈ?

શ્રેણિક રાજા. સમકિત, ક્ષાયિક સમકિત. ભવનો નાશ કરી એક વિકલ્પ આવ્યો ને તીર્થંકર ગોત્ર બાંધ્યું છે. નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું. નરકમાં ગયા છે. પણ સમ્યગ્દર્શન આત્માનું ભાન હતું તો એકાવતારી થઈને મોક્ષ જશે. નરકમાંથી નીકળી. ચોર્યાસી હજાર વર્ષે ગયા છે. અઢી હજાર ગયા. સાડી એક્યાસી હજાર વર્ષ પછી ત્રણલોકના નાથ તીર્થંકર થશે. એ પ્રતાપ સમ્યગ્દર્શનનો છે. એ આત્માના આરાધનનો છે. બાકી તારી ક્રિયાકાંડના રાગ લાખ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કર ને અનંત વાર કર્યા, એને તું પરમાર્થ માનીને અનુભવે છે. મૂઢ છો, કહે છે.

પરમાર્થને '**આ પરમાર્થને...**' જોયું! આ પરમાર્થને. આહાહા..! સમજાણું? ભગવાન આત્મા પરમ પ્રભુ એની શ્રદ્ધા, જ્ઞાન અને એના અંતર્મુખની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એને એકને જ '**નિરંતર અનુભવો;...**' દૃષ્ટિમાં ભગવાન તરવરે એમાં કોઈ દી રાગ દૃષ્ટિનો વિષય થાય એમ ન હોય. એમ કહે છે. વચ્ચે રાગ આવે પણ દૃષ્ટિના વિષયમાં તો ભગવાન જ એકલો તરવરે છે. સમજાણું કાંઈ? વિષય એટલે ધ્યેય. આહા..! ધ્રુવના ધ્યેયમાં દૃષ્ટિ છે એ સદાય એમાં ને એમાં રાખ. એમ કહે છે. આહાહા..! ભારે વાત પણ! '**આ પરમાર્થને...**' શું કહે છે? બસ થઈ, બસ થઈ. દુર્વિકલ્પોથી બસ થાઓ. ભગવાન આત્મા જે શુભરાગની ક્રિયાથી પાર (જુદો) છે એવા ભગવાન આત્માને અનુભવો. એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એક જ કરવા જેવી છે.

'**કારણ કે નિજ રસના ફેલાવથી પૂર્ણ જે જ્ઞાન તેના સ્ફુરાયમાન થવામાત્ર જે સમયસાર (-પરમાત્મા) તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી...**' શું કહે છે? કારણ કે નિજ રસનો ફેલાવ. ભગવાન આનંદમૂર્તિ છે એની એકાગ્રતા થતાં એ શાંતિનો રસ ફેલાય છે, કહે છે. વિસ્તાર પામે છે. ઓલો તો રાગ હતો, એમ કહે છે. સમજાય છે? રાગનો પ્રસાર હતો. જે દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પો તો રાગનો પ્રસાર હતો. આ તો એનાથી રહિત થઈ વસ્તુની દૃષ્ટિમાં જા તો વસ્તુ નિજ રસના ફેલાવથી, નિજ રસના વિસ્તારથી, ફેલાવથી '**પૂર્ણ જે જ્ઞાન તેના સ્ફુરાયમાન...**' એક તો ત્રિકાળ નિજ રસ તો વિસ્તાર પડ્યો છે આખો અખંડ, એવું જે પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ વસ્તુ '**તેના સ્ફુરાયમાન થવામાત્ર...**' તેનો પર્યાય પ્રગટ્યો, અંકુરો ફૂટ્યો. એ આનંદમાંથી આનંદની અંકુર દશા પ્રગટી. એનું નામ મોક્ષનો માર્ગ છે, એમ કહે છે. કેવી શૈલીએ વાત કરી, જુઓને! દિગંબર સંતોએ સત્‌ને જાહેર કરી દીધા છે. ધર્મના સ્તંભ, કેવળજ્ઞાનના કક્કા ઘૂંટાવ્યા છે એકલા. આ રીતે કેવળજ્ઞાન થશે. કેવળ એટલે મોક્ષ. આ મોક્ષનો માર્ગ છે, બીજો છે નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાન વસ્તુ છે ને? જ્ઞાનનો પૂર્ણ છે, અખંડ છે, એક છે, અભેદ છે. એમ આનંદ એક છે, અખંડ છે, અભેદ છે. એમ શ્રદ્ધા એક છે, અખંડ છે, પૂર્ણ. એમ અનંત ગુણો એકરૂપ છે, સામાન્ય છે, પૂર્ણ છે, એકરૂપ છે. એવું જે આત્મતત્ત્વ '**તેના સ્ફુરાયમાન થવામાત્ર...**' રાગથી ખસી દ્રવ્યને ધ્યેયમાં લેતાં તે સ્ફુરાયમાન પર્યાય અંદરમાંથી પ્રગટ થાય. એમાંથી આનંદના ઝરણા ઝરે. એવો આત્મા સ્ફુરાયમાન થાય છે, કહે છે. '**થવામાત્ર જે સમયસાર...**' એ તો શાંતિ પ્રગટે એ જ સમયસાર. આહાહા..! વ્યવહારનો રાગ એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સમયસાર નહિ, એ આત્મા નહિ, એ અનાત્મા છે. આહા..! સમજાણું કાંઈ? સમજાણું?

શ્રીકૃષ્ણ હતા ને? એક બાણ જ્યાં ફૂટ્યું, બાણ માર્યું. પહેલા શંખ ફૂંક્યો. દ્રૌપદીને લેવા ગયા હતાને? સામે મોટો હતો રાજા ઘણા કરોડો માણસ લઈને આવ્યો. આ તો પાંચ પાંડવ અને પોતે, છ ગયેલા. દ્રૌપદીનો... સંહાર કર્યો હતો ને? લેવા ગયા હતા. શ્રીકૃષ્ણ, પાંડવ ગયા પણ પહોંચ્યા નહિ. ઈન્દ્રિય કંઈ પહોંચે? પાંચ ઈન્દ્રિયો હતી. એમ કહેતા, ભાઈ! તે દી અર્થ કરતા. પાંડવો પાંચ ગયા, ઈન્દ્રિયો પાંચ ગઈ. ઈન્દ્રિયના જ્ઞાને શું થાય? શ્રીકૃષ્ણ ઉઠ્યા, જાગ્યા. પાંડવો! કેમ પાછા આવ્યા? સાહેબ! બહુ જોર છે, બહુ જોર છે. હારી ગયા. શું બોલીને ગયા હતા? કાં ઈ અને કાં અમે. એમ બોલી ગયા. ઈ કાં અમે. એટલે ઈ પહેલા આવ્યા હતા. તમે પાછા રહી ગયા. બોલવામાં તમારા બોલવાના ઠેકાણા નહોતા. એઈ..! એવું આવે છે, જ્ઞાતાસૂત્રમાં. કાં ઈ અને કાં અમે. આજ અમે અને આજ એ નહિ. એમ કરીને ગયા. વ્યવહાર નાખ્યો છે ને. હાથમાં જ્યાં શંખ લીધો. ફૂંક્યો ત્યાં ત્રીજો ભાગ વયો ગયો. દર્શન જ્યાં થયું ત્યાં ત્રીજા ભાગનો નાશ થઈ ગયો. એમ હાથમાં જ્યાં ટંકાર લીધો, બાણ બાણ, આમ જ્યાં ટંકાર મારે છે, ટંકાર મારે છે. બીજો ભાગ ગયો. એક ભાગ રહ્યો અચારિત્રનો. એ સ્થિરતા થઈને ટળી જશે. ભાગી ગયા એની મેળાએ પછી ઓલા. એવો શ્રીકૃષ્ણ ભગવાન આત્મા છે, એમ કહેતો હતો. ઈ વાત (સંવત) ૧૯૮૭માં પોરબંદર કરી હતી. પોરબંદર .. નહોતું. કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા કર્મ કૃષે સો કૃષ્ણ કહીએ. રાગાદિને કૃષી નાખે, ઘસી નાખે, નાશ કરે એને આત્મા કહીએ, એમ કહે છે અહીં. નિજ પદ રમે સો રામ કહીએ, કર્મ કૃષે સો કૃષ્ણ કહીએ. એ રામ બીજો નહિ. આ આત્મા નિજ પદ રમે સો આત્મારામ કહીએ. કહે છે, સમજાણું? ટંકાર માર્યો. આહાહા..! ભાગ, ભાગ. ઓલો રાજા તો ત્રાસ થઈ ગયો. દ્રૌપદીને જઈને કહે છે, માતા! બચાવ, બચાવ, કો'ક આવ્યો છે જોરદાર પુરુષ. તને કહેતા નહોતા? મારો ભાઈ આવશે તો તને નહિ રહેવા દે. મારું નામ લઈશ નહિ. જો ઈ આવ્યા છે. શું કરવું હવે? લુંગડું પહેર બાયડીનું. ઓઢ લૂગડું બાયડીનું, મોઢા આગળ કર મને. ઓલો વાસુદેવ છે. દંતવાક્ય છે. દેખશે તો મારી નાખશે તને. લુગડું પહેર બાયડીનું અને મોઢા આગળ રાખ મને. નહિ મારે, જા. જઈને નમે છે. અભય છે રાજા. સ્ત્રીના લુગડે અમે હાથ ન ઉપાડીએ. અમે વાસુદેવ છીએ. સમજાય છે?

એમ લાગણી પુણ્યની કે પાપની થઈને આવે, ઉડાડી દઈએ. ઉડાવ ફટ દઈને. મારું સ્વરૂપ એવું નથી. હું ચિદાનંદ સ્વરૂપ છું. હું તો રાગને કૃષનાર કૃષ્ણ છું. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા છે. આહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહે છે, '**સ્ફુરાયમાન થવામાત્ર...**' જોયું! ન્યાં પણ સ્ફુરાયમાન ભાષા આવે છે. ભાઈ! .. ત્યાં સ્ફુરાયમાન શબ્દ છે. બરાબર ઈ શબ્દ છે. બાણ મારે છે ને ધનુષનું. બીજે ઠેકાણે સ્ફુરાયમાન આવે છે. એક ફેરી ન્હાતા હતા ને, નેમિનાથ ભગવાન ન્હાતા હતા. નેમિનાથ ભગવાન ન્હાતા હતા ને લૂગડું કાઢી નાખ્યું, નાહીને. ત્યાં રુખમણી ઉભી હતી, શ્રીકૃષ્ણની રાણી. લૂગડું ધોઈ નાખ. રુખમણી કહે છે, અમે એના લૂગડા ન ધોઈએ. જેના લૂગડા, શંખ ફૂંકે અને દુનિયા ધ્રુજે એના લૂગડા ધોઈએ. ઈ કૃષ્ણ ફૂંકે, તમે ન કરી શકો. ઉપડ્યા નેમિનાથ ભગવાન. નાગની શય્યા હોં! નાગ શય્યા. આ પાટ હોય છે ને? પાટી રાખતા ઢોલિયામાં. નાગની પાટી. સાચા નાગ આમ. ફણ માંડીને ચાલે એવા નાગ. ઈ જ્યાં નેમિનાથ ભગવાન અંદર સૂતા. નાગશય્યાએ સૂવે અને શંખ ફૂંકે એના લુગડા ધોઈએ. તને તારા ધણીનું અભિમાન આવી ગયેલું છે. જઈને ફૂંક્યું. ... બાર યોજનમાં દ્વારિકા ધ્રુજી ઉઠી. ઠામડા ખડ ખડ થઈ ગયા. ઘરના ઓલા ધ્રુજે ને? ધરતીકંપ થાય (એમ). ખબર પડી કૃષ્ણને કે છે શું આ? આવ્યા, અરે..! ભગવાન! આ શું તમે કરો છો? ભઈ આમ થયું હતું. તારી રાણી આમ કહેતી હતી. હા, થયું હતું. સાંભળને. સમજાણું? એઈ..!

એમ ભગવાન જ્યાં જાગ્યો રણકાર મારીને, ઝેરને તોડી નાખીને સ્ફુરાયમાન અંદરથી થઈ ગયો. ભગવાન ચિદાનંદ પરમાત્મા હું પોતે છું. એવી અંતર દૃષ્ટિ કરતાં આત્મા સ્ફુરાયમાન થાય છે, કહે છે. હું રાંકો છું ને રાગવાળો છું, એમાં સ્ફુરાયમાન થાતો હશે? એમ કહે છે. એઈ..! હું રાગની ક્રિયાવાળો છું ને મેં રાગ કર્યો. પામર છો, ભિખારી. હું તો ત્રિલોકનો નાથ વર્તમાન વર્તમાન પરમાત્મા જ છું. એવી અંતર દૃષ્ટિ થતાં જે જ્ઞાન ને શ્રદ્ધા ને શાંતિ પ્રગટ થાય એ સમયસાર એવો પરમાત્મા પોતે, એનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી. વ્યવહાર-ફ્યવહાર કોઈ ઊંચો નથી, તારું નિમિત્ત-ફિમિત્ત ઊંચું નથી એમ કહે છે. ફૂંક તારો એમાંથી. બાળીને રાખ કરવા જેવું છે.

'**(-સમયસાર સિવાય બીજું કાંઈ પણ સારભૂત નથી).**' ભગવાન ત્રણ લોકનો નાથ પરમાત્મા, એની દૃષ્ટિ અને એકાકાર થતાં જે દશા પ્રગટ થાય એના સિવાય કોઈ જગતમાં બીજી ઊંચી ચીજ નથી. અને એને જ અહીંયાં મોક્ષમાર્ગ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**મહા વદ ૪, રવિવાર તા. ૧૮-૨-૧૯૬૮**
**શ્લોક-૨૪૪, ૨૪૫. ગાથા-૪૧૫ પ્રવચન-૪૯૧**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૨૪૪ કળશ થઈ ગયો, કળશ. ભાવાર્થ છે. બહુ ટૂંકા શબ્દ આખા કળશના નાખ્યા. બે વાત નાખી છે.

'**ભાવાર્થ :- પૂર્ણ જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કરવો;...**' એટલે શું કહે છે? જેને મોક્ષનો માર્ગ પ્રગટ કરવો હોય, જેને આત્માને દુઃખથી રહિત થવાની દશા પ્રગટ કરવી હોય તો ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય દ્રવ્ય વસ્તુ છે, એ વસ્તુ પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે આત્મા. પૂર્ણ એટલે જ્ઞાનસ્વરૂપ છે, સ્વભાવ છે, એક છે, અખંડ છે, અભેદ છે તેથી પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે. એમાં બીજા અનંતા ગુણો આવી જાય છે. એવો પૂર્ણ જ્ઞાનસ્વરૂપ આત્મા વસ્તુ છે ત્રિકાળ એકરૂપ એનો અનુભવ કરવો. એ પર્યાય છે-અવસ્થા છે. પૂર્ણ જ્ઞાનસ્વરૂપ એ દ્રવ્ય વસ્તુ છે. એનો અનુભવ કરવો એ એક જ મોક્ષનો માર્ગ છે. બહુ ટૂંકામાં કહ્યું છે. આત્માને પૂર્ણ આનંદ દશારૂપી મુક્તિ, આત્માની પૂર્ણ આનંદરૂપી મોક્ષ દશા, એનું કારણ- એનો ઉપાય એક પૂર્ણસ્વરૂપ ભગવાન ચૈતન્યબિંબ, પોતે પૂર્ણ ઈદં, વસ્તુ પૂર્ણ જ્ઞાન અને આનંદથી પૂર્ણ, આત્મા વસ્તુ પૂર્ણ છે. એનો આશ્રય કરીને એનો અનુભવ કરવો, એમાં એકાકાર થવું, એનું નામ એક જ પરમાર્થે મોક્ષનો માર્ગ સર્વથા છે. કહો, સમજાણું કાંઈ? બહુ ટૂંકુ કર્યું. લાખ વાતની વાત, કહે છે આખા સમયસારને કહ્યું અમે. લ્યો.

વસ્તુ પોતે શુદ્ધ પૂર્ણ ધ્રુવ ચિદાનંદ ભગવાન એક સમયની વર્તમાન અવસ્થા અને પુણ્ય-પાપના વિકલ્પો, અને નિમિત્ત સંયોગ એ ત્રણેનું લક્ષ છોડીને પૂર્ણ જ્ઞાનાનંદ સ્વભાવ ધ્રુવ ચૈતન્ય ભગવાન પૂર્ણ સ્વરૂપ જ છે. એની અંતર દૃષ્ટિ કરી, તેનું જ્ઞાન કરી, તેમાં રમવું એક જ મોક્ષનો માર્ગ સર્વથા પૂર્ણ મોક્ષની પ્રાપ્તિ માટેનો ઉપાય છે. સમજાય છે કાંઈ?

'**આ ઉપરાંત ખરેખર બીજું કાંઈ પણ સારભૂત નથી.**' એટલે કે બીજો કોઈ મોક્ષનો માર્ગ સર્વથા નથી. વચમાં જે દયા, દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા વ્યવહાર વિકલ્પ જે ઉઠે છે રાગ, એ કોઈ મોક્ષનો માર્ગ છે નહિ. એમ કહે છે.

મુમુક્ષુ :- કેટલા ટકા?

ઉત્તર :- સોએ સો ટકા. સર્વથા તે મોક્ષનો માર્ગ નથી રાગાદિ અને સર્વથા અનુભવ તે મોક્ષનો માર્ગ છે. એ સર્વથા શબ્દ વાપર્યો છે આમાં. આમાં છે ઘણું કરીને. છેલ્લો સાર છે ખરો ને. સમજાણું? ક્યો શ્લોક છે આ? ૨૪૪ (કળશ ટીકા). જુઓ! '**સમયસાર સમાન**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**અર્થાત્ શુદ્ધ જીવના સ્વરૂપના અનુભવ સમાન દ્રવ્યક્રિયા...**' દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ જે વિકલ્પ રાગ છે તે દ્રવ્યક્રિયા છે અને '**સિદ્ધાંતનું ભણવું, લખવું ઈત્યાદિ...**' શાસ્ત્ર ભગવાનના કહેલા તેને લખવા, કહેવા, બોલવા, પ્રરૂપવા વગેરે વિકલ્પ. શુભરાગ છે ઈ. ઈત્યાદિ '**किञ्तित न अस्ति**' '**કાંઈ નથી...**' કાંઈ નથી. '**શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ સર્વથા છે, અન્ય સમસ્ત મોક્ષમાર્ગ સર્વથા નથી.**' એ તો પછી આ છે અને આ નથી, એનો અર્થ સર્વથા થયું એમાં. કહો, નવરંગભાઈ!

મુમુક્ષુ :- .. સર્વથા ક્યાંથી આવ્યું?

ઉત્તર :- આ છે અને આ નથી એટલે થઈ રહ્યું. સર્વથા આ છે અને સર્વથા આ નથી.

ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાનસ્વભાવથી ભરેલો પદાર્થ છે અને પૂર્ણ આનંદથી ભરેલો પદાર્થ છે. વસ્તુ છે ને? વસ્તુ પદાર્થ છે એ એક છે. તેથી તેનું જ્ઞાન અને આનંદનું રૂપ પણ એક છે. એક છે એટલે પૂરું છું. પૂરું છે એટલે કે એ અપૂર્ણ છે નહિ. સમજાય છે કાંઈ? એવા ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ધ્રુવ એના સન્મુખ થઈને દૃષ્ટિ કરી અને એનું જ્ઞાન કરીને એમાં રમણતા એકાગ્રતા થવી એ એક જ મોક્ષનો માર્ગ સર્વથા છે. કથંચિત્ એમાં નથી કે કથંચિત્ આ અને કથંચિત્ આ, એમ નથી. સમજાણું? '**અન્ય સમસ્ત મોક્ષમાર્ગ સર્વથા નથી.**' કિંચિત્ શબ્દ વાપર્યો હતો ને? '**किञ्तित न अस्ति**' એમાંથી આવી ગયું. એઈ..! '**किञ्तित न अस्ति**' છે કે નહિ એમાં? જુઓને!

'**પરમાર્થ એકને જ નિરંતર અનુભવો. કારણ કે નિજ રસના ફેલાવથી પૂર્ણ જે જ્ઞાન... તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી...**' છે ને? ટીકામાં જ છે, એના અર્થમાં. બીજું કાંઈ પણ નથી. સમજાણું કાંઈ? '**આનાથી કોઈ અધિક કોઈ મોક્ષમાર્ગ કહે છે તે બહિરાત્મા છે,...**' એમ કહ્યું. સમજાણું કાંઈ? કેમ કે વસ્તુ પોતે ભગવાન આત્મા વસ્તુ છે, પદાર્થ છે-ચીજ છે, ધ્રુવ છે એથી એનું જ્ઞાન એક છે, ધ્રુવ છે, પૂર્ણ છે, નિત્ય છે, કાયમ છે. એવો એક એક ગુણ એનો નિત્ય છે, એક છે, પૂર્ણ છે, સર્વસ્વ છે. એવું જે આત્મતત્ત્વ એનો અનુભવ કરવો. એને અનુસરીને અંતરમાં એકાકાર થવું એ એક જ મોક્ષનો-પૂર્ણ આનંદની પ્રાપ્તિનો ઉપાય ને કારણ એક જ છે. કહો, સમજાણું કાંઈ? ભવનો અભાવ કરવો એવું સુઘોષમાં આવ્યું હતું. કીધું, લાવને વાંચીએ. ભવના અભાવનું શું કહે છે આ? શું કરવું ભવનો અભાવ (કરવા)? આત્માને ભવનો અભાવ કરવો, ભ્રમણનો અભાવ કરવો. કરવું શું? આ પુણ્યની ક્રિયા કરવી. કીધું જુઓને, આ સુઘોષ. પુણ્ય એટલે કે રાગ. રાગ એટલે કે ભવ. હવે ભવનો અભાવ કરવો એમાં ભવના કારણથી ભવનો અભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થાય? મહત્ છે એટલે શું પણ? ગપ છે. સમજાણું કાંઈ?

બીજી રીતે લઈએ કે ભવનો એટલે રાગનો અને વિકારના ભવના અભાવસ્વરૂપ થઈને રહેવું છે કે નહિ તત્ત્વને? ભવના અભાવસ્વરૂપ રહીને પણ તત્ત્વને રહેવું છે કે નહિ? તો તે તત્ત્વ શું છે? કે જે ભવનો અભાવ થાય અને રહે એમ ને એમ એ શું છે ચીજ? સમજાય છે કાંઈ? માણસ એમ કહે, આપણે તો ભવભ્રમણનો અભાવ કરવો છે. તો ભવભ્રમણ છે જે વસ્તુને એને ભવભ્રમણ રહિત થઈને પણ કાંઈક રહે છે કે નહિ એ ચીજ? તો શું એ રહે છે? ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ પરમાત્મસ્વરૂપ જ પોતે છે. એમાં ભવના રાગનો અભાવ સ્વરૂપમાં છે. એથી એવા ભવના અભાવસ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણ પૂર્ણ ઈદં આત્મા છે. જ્ઞાને પૂર્ણ, આનંદે પૂર્ણ, શાંતિ એટલે ચારિત્રએ પૂર્ણ, સમતાના સાગરથી પૂર્ણ, સ્વચ્છતા, પ્રભુતાની એકતા પૂર્ણતા, અભેદતા, સર્વતા, સર્વથા સર્વસ્વ વસ્તુ પોતે છે. એનો અનુભવ કરવો કે જેથી એ વિનાની ચીજ છે એ ભવનો અભાવ થતાં એ ચીજ એમ ને એમ રહેશે. સમજાણું કાંઈ? ભારે વાતું. કહો, સમજાય છે કે નહિ આમાં? એ... શેઠી!

કહે છે, ભગવાન આત્મા.. ભાઈ! તને ખબર નથી. આ શરીર, વાણી, કર્મ તો કંઈ આત્મામાં છે નહિ. આ તો પરવસ્તુ છે, માટી-ધૂળ છે. અને આત્મામાં જે કંઈ પુણ્ય અને પાપ, શુભ અને અશુભ રાગ થાય છે એ તો વિકાર છે, કૃત્રિમ છે. એ વસ્તુમાં નથી. વસ્તુમાં હોય એમાંથી પ્રગટે એ મોક્ષનું કારણ થાય. રાગ વસ્તુમાં નથી એ મોક્ષનું કારણ થાય? સમજાણું કાંઈ? જગતને સોંઘુ મનાવી દીધું છે ને એટલે એમ લાગે આહા..! પણ આ જ સોંઘુ છે. કેમ કે વસ્તુનું સ્વરૂપ એવું છે. એ સત્ છે, સહજ છે, સરળ છે. આહાહા..! કહો, પ્રવિણભાઈ!

ભાઈ! તું એક વસ્તુ છો કે નહિ? આ જેમ ચીજ છે, આ શરીરાદિ વસ્તુ છે આ. એમ તું કોઈ જાણનાર (ચીજ છો કે નહિ)? આ તો જ્ઞેય છે, દૃશ્ય છે. તેનો દૃષ્ટા, તેનો જાણનાર કોઈ છે કે નહિ? તો તેનો જાણનાર, દૃષ્ટા એનો સ્વભાવ કોઈ પરિપૂર્ણ હોય કે અપૂર્ણ હોય? કારણ કે જેને રાગની અપેક્ષા રહે નહિ અને જેને એક સમયની અવસ્થાની પણ અપેક્ષા નથી. વસ્તુ જે છે... સમજાય છે કાંઈ? પણ એની ચીજની એને કોઈ દી ખબર નથી. સાંભળ્યું નથી, વિચાર્યું નથી. એને આવું તત્ત્વ આવડું મોટું છે હું, હું તે ભગવાન સાક્ષાત્ પરમાત્મસ્વરૂપે જ હું પોતે છું. એવું જો તત્ત્વ ન હોય તો એની પર્યાયમાં પૂર્ણતા આવશે ક્યાંથી?

પૂર્ણ આનંદની દશા પ્રગટ કરવી એનું નામ મુક્તિ. પૂર્ણ આનંદની દશા પર્યાયમાં-અવસ્થામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુક્ત થવું અને પૂર્ણ દુઃખનો નાશ થઈ જવો. પૂર્ણ આનંદની દશા થવી અને પૂર્ણ દુઃખ એટલે જે દુઃખ હતું એનો નાશ થવો. ત્યારે પૂર્ણ આનંદની દશા, એ વસ્તુમાં જો પૂર્ણ ન હોય તો આવશે ક્યાંથી? સમજાણું કાંઈ? પણ એને દૃષ્ટિ ફેરવવી કઠણ પડે છે. દૃષ્ટિમાં સંયોગ લીધા છે અને કાં દયા, દાનના વિકલ્પ લક્ષમાં લીધા છે. અને કાં એક સમયનો વર્તમાન પ્રગટ જ્ઞાનાંશ છે એ દૃષ્ટિમાં લીધો છે. એથી એના ઉપર દૃષ્ટિ સદા તરવરી રહી છે. આહાહા..!

ભગવાન આત્મા પૂર્ણ ઈદં. શુદ્ધ ચૈતન્ય ધાતુ, શુદ્ધપણું જેણે ધારી રાખ્યું છે. અને જેનું શુદ્ધપણું એક એક ગુણનું શુદ્ધ છે એ પૂર્ણ જ છે, એકરૂપ છે, સામાન્ય છે, સદૃશ્ય છે, અભેદ છે, સર્વસ્વ એક એક ગુણે છે. એવો પૂર્ણ ઈદં ભગવાન આત્મા એનું પહેલું જ્ઞાન કરી કે આવો હોય કે નહિ? આવો આત્મા હોય કે નહિ? એવું પહેલું વિકલ્પ દ્વારા નિર્ણય કરીને પછી વિકલ્પ છોડીને આ વસ્તુ ઉપર દૃષ્ટિ કરતાં વસ્તુનો જે અનુભવ થાય એનું નામ મોક્ષનો માર્ગ છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

'**પૂર્ણ જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કરવો;...**' એટલે કે પરમાર્થે સર્વથા એક જ મોક્ષનો એ માર્ગ છે. '**આ ઉપરાંત ખરેખર...**' એ સિવાય કાંઈ પણ બીજા કોઈ પણ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આદિ બિલકુલ સર્વથા બંધનું કારણ છે અને મોક્ષનું કારણ બિલકુલ નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- છૂટ આપી દીધી ને. બિલકુલ એમાં છે નહિ, છૂટો થઈ જાય. છૂટા થવાની છૂટ આપી. આહાહા..! અરે..! પણ એમાં ક્યાં છે? પણ એને એ વાત બેસે નહિ. આ ભગવાન ચૈતન્યગોળો આખો, જેની પર્યાયમાં આખું જગત તરવરે છે. આખું જગત રાગથી માંડીને બધું જ્ઞેય જેના જ્ઞાનમાં જણાઈ જાય છે, એવી તો એની એક સમયની અવસ્થાનું હોવાપણું છે. એક સમયની અવસ્થાનું હોવાપણું છે. કોઈ દી એણે અંતરમાં એનું મંથન કરીને એનું સત્ત્વનું તત્ત્વ શું છે એને લક્ષમાં ન લ્યે, એમ (ઉપર) ઉપરથી ચાલી નીકળ્યે કંઈ મોક્ષમાર્ગ પ્રગટ થાય એવો નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. એને ખ્યાલ નથી આવતો? આ તો હજી પૂર્ણ શબ્દ પડ્યો છે ને એટલે જરી પર્યાયમાં વર્તમાન અવસ્થામાં પણ જ્ઞાનની પ્રગટ દશાનો જે અંશ છે એમાં પણ આ બધું અને હું, એવું એના ખ્યાલમાં આવે છે. પણ ખ્યાલમાં આવતા છતાં એનો એણે નિર્ણય કર્યો નથી. એ.. નવરંગભાઈ! ભગવાન! તારી મહિમાનો પાર નથી. પ્રભુ! પણ તેં મહિમા કોઈ દી સાંભળી નથી. આહાહા..! ચૈતન્યહીરો જેનો એક એક.. ઓલા હીરા થાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે ને? એના એક એક પાસાની કરોડ કરોડની કિંમત હોય ઊંચાની. પાસા.. પાસા. શું કહેવાય શેઠી? પહેલ. શેઠીને એ બધું હોય છે. પહેલું. હીરાના પાસા હોય કે નહિ? એક એક હીરાની... સમજાય છે? એ અમારો દાખલો આવતો. અમારે હીરાજી મહારાજ કહેતા. દાખલો આપતા.

એક હતો ઝવેરી. બહુ ધંધો કરેલો ૫૦-૬૦ વર્ષ. વૃદ્ધ થઈ ગયા તો મૂકી દીધેલો એટલે છોકરાઓ કરતા હતા. રાજમાં એક હીરો નીકળ્યો એવો. રાજમાં. લ્યો, આ શેઠી જેવા હશે, નવરા થઈ ગયેલા હશે અને મહેન્દ્રભાઈ જેવા કામ કરતા હશે. પણ આ શેઠને લાગુ ન પડે, હોં! શેઠને બીજું... વૃદ્ધ થઈ ગયેલા વૃદ્ધ. એક એવો હીરો નીકળ્યો. રાજ મોટું ખાતું. કોઈ પહેલાના પૂર્વના ઓલામાંથી ભંડાર ગોતતા ગોતતા નીકળેલો. એક હાર પણ નીકળેલો. ભાઈ! પોરબંદરમાં એક હાર નીકળ્યો. ગૃહસ્થ મોટા હતા ધનાઢ્ય. ખલાસ થઈ ગયા હશે. એમાં કોઈ મોતીનો હાર પટારામાં રહી ગયેલો. પટારા હતા ને પહેલા? એમાં હાર રહી ગયો. ગરીબ થઈ ગયેલા. તપાસણી કરતાં એમાંથી હાર નીકળ્યો. આ હાર શું છે? દેવીદાસ પોતે કહેતા હતા. દેવીદાસભાઈ હતા ને? બહાર કાઢ્યો. બીજાને બતાવ્યો કે આનું શું ઉપજશે? વીસ હજારનો હાર છે. વીસ હજાર દઈએ તમારે દેવો હોય તો. આપ્યો. વીસ હજાર અત્યારે સાધારણ થઈ ગયા. ઈ હાર જ્યાં બીજા ઝવેરીને બતાવ્યો. ઈ કહે, આના સીત્તેર હજાર ઉપજશે. હેં..! લાવ સીત્તેર હજાર. સીત્તેર હજારે વેંચ્યો. વીસ પછી કંઈક ત્રણ પ્રકાર કહેતા હતા. કોઈકે વળી ત્રીસ હજાર કીધા, સમજ્યાને? ઓલો કહે, સીત્તેર હજારે દેવો છે તમારે? કિંમત થઈ અને માથે થઈ ગયેલા, પડેલો જૂનો. એ કિંમત થઈને સીત્તેર હજારે હાર આપ્યો. દેવીદાસભાઈ પોતે કહેતા. ..ભાઈ! દેવીદાસભાઈ કહેતા હતા. કો'ક હતું, ગામનું .. હશે ત્યાં. સીત્તેર હજાર ઉપજ્યા એના.

એમ એક હીરો રાજમાં નીકળેલો ઊંચો. હવે બધા ઝવેરી આવ્યા. છોકરાઓ બધા ભેગા થઈને. પણ કોઈ કિંમત ટાંકી શકે નહિ. આ કેટલાનો હીરો? શું છે? કોઈ કહે, લાખનો, કોઈ કહે, બે લાખનો, કોઈ કહે, પચાસ લાખનો, કોઈ કહે, આ લાખનો. સમજ્યાને? પછી ઝવેરી વૃદ્ધ થઈને બેઠેલા. એક જૂના ઝવેરી વૃદ્ધ છે. ઘણા સાંઈઠ વર્ષ, સીત્તેર વર્ષ કામ કર્યું છે એને બોલાવો. આવ્યા. સો પાસા હીરાને. આ શું કહેવાય તમારે? પહેલ. સો પાસા. એમાં એક પાસામાં જરી પીળાશનો ડાઘ. પીળાશનો જરી ડાઘ. બહુ નજરથી જોવે તો. એને આમ જોતાં જોતાં જોતાં કહ્યું, સાહેબ! આની કિંમત નવ્વાણુ લાખની તો ખરી. કારણ એક પાસો કાચો છે. જો એક પાસો હોત તો તો એક કરોડની કિંમતથી આગળ વધી જાત. ઓહોહો..! આવી કિંમત! ગમે તે તમારા પૂરાના જૂના રાજના ગમે ત્યાંથી આવ્યો હોય. કહો, શેઠી! ઈ તો મેં કીધું, શેઠીને લાગુ નહિ પડે. ઈ તો અહીં તમને પૂછ્યું નહોતું? તમને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ન્યાંનું પૂછ્યું હતું. મૂર્તિ છે ને ત્યાં? મૂડબિદ્રી. નાનાલાલભાઈ બેઠેલા અને આ પણ બેઠેલા. બેયને પૂછ્યું હતું, આ કેટલી કિંમતનું? એક એક પચાસ પચાસ લાખની પ્રતિમા છે. મૂડબિદ્રી નીલમણિની. સત્યાવીસ લાખ કે એટલી કાંઈક છે. આણે તો કીધું, અત્યારે કિંમત ગણાય નહિ. કોઈ લ્યે નહિ અને કોઈ દે પણ નહિ. કોણ લે? એટલી કિંમત હતી. મૂડબિદ્રીમાં છે. મણિની પ્રતિમાઓ. નાનાલાલભાઈ પણ કહેતા હતા. બહુ કિમતી ચીજ. ચીજ બહુ કિમતી. ગમે ત્યારની છે.

એમ આ ચીજ બહુ ઊંચી. કિંમત કરી ઓલાએ. રાજા કહે આને કાંઈક બક્ષીસ આપો. દિવાન કહે, આજ નહિ, કાલે વાત. સારી વાત છે. દિવાન ગયો એની પાસે. સાંજે ગયો અહીંથી કિંમત કરીને. ઝવેરી સાહેબ! આ તમે શું શીખ્યા છો? ધર્મને માટે... ઝવેરાતનું કામ કર્યું. બીજી કિંમતુ પણ બહુ આવડે, મણિની, માણેકની, ફલાણા.. ફલાણાની. ધર્મની કિંમત કાંઈ જાણી છે? બાપા! ધર્મ તો કાંઈ જાણ્યો નથી. ધર્મ શું થાય અને કેમ થાય? ચૈતન્યની કિંમતું કેમ થાય ઈ કંઈ ખબર નથી. પાછો વયો આવ્યો. ઓલો વયો આવ્યો ઘરે. રાજમાં. બીજે દી આવ્યા કિંમત દેવા. આને આપો ઈનામ. એટલે દિવાન કહે, એને સાત ખાસડા મારો. આ શું? રાજા દરબારને કહે, આમ કેમ કહો છો? સાહેબ! હું કહુ છું, ઠીક કહું છું. સાત મારો ઈ કરતાં ચૌદ મારો. ઓલો સમજી ગયો, આ મારે ત્યાં આવ્યો હતો કાલે બપોરે. અને મને કંઈ ખબર નહોતી ધર્મની ઈ વાત લઈ ગયો. આ ચૈતન્યહીરો કોણ છે એની કિંમત મને નથી (એમ) ઈ કહી ગયો હતો ખરો. ચંદુભાઈ! 'પરખ્યા માણેક મોતીયા, પરખ્યા હેમ કપૂર, પણ એક ન પરખ્યો આત્મા, ત્યાં રહ્યો દિગ્મૂઢ.' મૂઢ પણ શું કર્યું તેં કરીને? બધાની પરીક્ષાઓ. પોપટભાઈ! પત્થરની ને લાદીની ને લાદીમાં આ ભર-ભર ભૂકો નાખો, લીલી, પીળી ને ફલાણું નાખો. શું કાંઈક કહેતો હતો? કાંઈક કહેવાતું હશે ને? ડિઝાઈન. આ બધી હોળી છે, સાંભળને! તું કોણ છે એની તને ખબર ન મળે. તારી ડિઝાઈનમાં શું છે આમ વસ્તુ? ચૈતન્ય ચળખતો હીરો ભગવાન, જેની કિંમત કેવળી જ કરી શકે. પૂરી રીતે પ્રત્યક્ષ થઈને. સમજાય છે?

એવો ભગવાન આત્મા, કહે છે કે ભાઈ! પૂર્ણ ઈદં. આહાહા..! એવું તારું સ્વરૂપ છે. ઓલાએ કબુલ કર્યું કે સાચી વાત ભાઈ! મારી પાસે દિવાન આવ્યા હતા. મારી પરીક્ષા કરી લીધી હતી. મને ધર્મની કિંમત નથી. હું બરાબર એને માટે લાયક છું. મને મૂળની કિંમત ન મળે અને હીરા માણેકની કિંમતું કરી, એમાં મને શું લાભ થયો? મરીને જાવું છે દુર્ગતિએ. અહીંથી ચાલ્યા. વૃદ્ધ અવસ્થા થઈ ગઈ. એંસી, પોણોસો, સો. હવે વળી ઓછું થઈ ગયું. તે દી તો એંસી બહુ કહેવાતા ને? અત્યારે એંસીવાળા ઘણા થઈ ગયા. સમજાણું? સાચી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


વાત છે, સાહેબ! હું ખાસડાને લાયક છું, હોં! પણ મારે તો શું? પણ લાયક તો એ છું.

આ ચૈતન્ય ભગવાન આત્મા મહા હીરો, જેની કિંમતનો કરનાર હું. હીરાની કિંમત કરનાર હું. એને તો ખબર નથી. 'હીરો મુખસે ના બોલે લાખ હમારા મોલ' છે ખબર એને? બડા બડાઈ ના બોલે. સમજાય છે? બડો પોતાના વખાણ કરતા હશે? હીરો કાંઈ કહેતો હશે કે મારી કિંમત છે? એની કિંમત હું ટાંકુ અને મારી કિંમતની મને ખબર ન મળે. શેઠી! આત્મા એની કિંમત કરે છે લાખની, ભાવની. જે છે ઈ છે. પણ એની આ કિંમત છે ને આમ છે ને તેમ છે. જે જ્ઞાનના કિરણ દ્વારા એની કિંમત કરે એના જ્ઞાનકિરણ દ્વારા તું ત્રિકાળી ચૈતન્ય કેવો છો એની કિંમત કરતાં તને ન આવડે, શું કર્યું તેં? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. અહીં તો એક પૂર્ણ શબ્દમાં જ ચાલે છે. ભગવાન પૂર્ણ ઈદં. સમજાય છે? દુર્વિકલ્પથી બસ થાઓ. છે ને? '**નિજ રસના ફેલાવથી જે પૂર્ણ જ્ઞાન...**' મૂળ પાઠમાં છે. પૂર્ણ જ્ઞાન છે. જુઓ! '**સ્વરસવિસરપૂર્ણજ્ઞાન**'. શ્લોક છે એમાં-૨૪૪. એમ કહીને તો એમ કહ્યું ભગવાન આચાર્યે, ભાઈ! તારી ચીજ છે ને એ જ્ઞાનથી પૂર્ણ છે, આનંદથી પૂર્ણ છે, શાંતિથી પૂર્ણ છે, વસ્તુના અનેક ગુણો માંહ્ય એક એક ગુણથી તે પૂર્ણ છે. એવું તત્ત્વ તું છો. ભાઈ! વસ્તુ છે ને. વસ્તુ છે તેમાં અપૂર્ણતા અને વિપરીતતા કેમ હોય? એવી વસ્તુની અંતર દૃષ્ટિ કરીને અનુભવ કરવો. બસ! એ એક જ મોક્ષનો માર્ગ છે. કારણ કે પોતે મોક્ષસ્વરૂપ છે. સમજાણું કાંઈ? એ સિવાય કાંઈ પણ આ ઉપરાંત બીજો કોઈ પણ વિકલ્પ ને વ્યવહારથી મોક્ષમાર્ગ માને તે બહિરાત્મા છે. અને આ ઉપરાંત બીજો મોક્ષમાર્ગ સર્વથા ભગવાનના માર્ગમાં નથી. એટલે આત્માના માર્ગમાં નથી. એમ. ભારે કઠણ જગતને. સમજાણું કાંઈ?

એક કીધું હતું ને માથે? એકને જ નિરંતર અનુભવવો. પરમાર્થ પ્રભુ તારી દૃષ્ટિએ દોલત મોટી તને દેખાશે. વસ્તુ .. એની કિંમત કરી અંતરના અનુભવમાં આવ, ઈ એક જ મોક્ષનો માર્ગ છે. બાકી દ્રવ્યક્રિયા અને શાસ્ત્ર ભણતર અને દયા, દાન ને વ્રત, ભક્તિ ને તપ ને એ બધા શુભ વિકલ્પો રાગ છે. એ કંઈ આત્માને માટે મોક્ષનો માર્ગ નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**આ ઉપરાંત ખરેખર બીજું કાંઈ પણ સારભૂત નથી.**' કાંઈ પણ સારભૂત નથી. ઓલો સમયસારની સામું નાખ્યું ને. સમયસાર તે અનુભવ સાર છે, ત્યારે બીજું કાંઈ પણ સાર નથી. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? મોક્ષનો માર્ગ નિશ્ચય એક જ માર્ગ છે આ. સમજાણું?

**'હવે છેલ્લી ગાથામાં આ સમયસાર ગ્રંથના અભ્યાસ વગેરેનું ફળ કહીને આચાર્યભગવાન આ ગ્રંથ પૂર્ણ કરશે; તેની સૂચનાનો શ્લોક પ્રથમ કહે છે :'** ''

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**इदमेकं जगच्चक्षुरक्षयं याति पूर्णताम्।**
**विज्ञानघनमानन्दमयमध्यक्षतां नयत्।।२४५।।**

'**अध्यक्ष**'-અનુભવ કરો.

'**શ્લોકાર્થ :- આનંદમય વિજ્ઞાનઘનને...**' બહુ ટૂંકામાં નાખ્યું. એક જ્ઞાન અને આનંદ. બે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદમય છે, પ્રભુ આત્મા તો અતીન્દ્રિય આનંદમય જ આત્મા છે. આ પુણ્ય-પાપના રાગ ઉઠે એ તો દુઃખરૂપ દશા છે. એ આત્માનું સ્વરૂપ નથી. આહાહા..! સમજાણું કાંઈ? પહેલેથી આનંદમયથી ઉપાડ્યું છે. દુનિયાને આનંદ જોઈએ છે ને? સુખી થાવું છે કે નહિ? જ્યાં સુખ હશે ત્યાં ગોતતા સુખ મળશે કે જ્યાં નથી ત્યાં મળશે?

ભગવાન આત્મા વસ્તુ તરીકે વસ્તુ આત્મા આનંદમય. આનંદવાળો નહિ પણ આનંદમય. એમ. સમજાણું કાંઈ? વસ્તુ પોતે આત્મા આનંદમય છે. પુણ્ય-પાપના ભાવ ઉઠે છે એ તો વિકૃત છે. અને વિકૃત છે તેથી વાસ્તવિક ત્રિકાળી આનંદ છે તેનાથી તે ઊલટો ભાવ છે. ઊલટો ભાવ છે તે આત્માને આનંદની પ્રાપ્તિમાં કેમ મદદ કરે? સમજાય છે કાંઈ? માટે આનંદમય ભગવાન આત્મા અને વિજ્ઞાનઘન. બે શબ્દ લીધા. જાઓ. ભગવાન તો વિજ્ઞાન, જ્ઞાન વિજ્ઞાન, જ્ઞાનનો ઘન છે. જ્ઞાનનો પુંજ છે, જ્ઞાનનો ભર છે. કહો, સમજાણું કાંઈ? ક્યાં હશે? એની ખબર ન મળે એને. ભાઈ! તું એવો છો. તને એની ખબર નથી. ભરચક ભરેલો ઘન છે, ઘન છે. એટલે? જ્ઞાનનો ઘન છે. જેમાં પુણ્ય અને પાપ એવા વિકલ્પનો પ્રવેશ નથી એવી એ ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ?

જેમ શિયાળાના ઘીના ઘી, એમાં આંગળી તો પ્રવેશ ન કરે પણ તવેથો પ્રવેશ નહિ કરી શકે. તવેથો. સમજાય છે? આ જોયા છે, હોં! તે દી અમે પહેલા (સંવત) ૧૯૮૨માં રહેતા હતા ને? ચેલા. ધરમશીભાઈને ત્યાં વ્હોરવા જઈએ ને? ધરમશીભાઈ ઘીનો ડબ્બો કાઢે, અડધિયું. અડધિયા થાય છે ને ડબ્બા? શું કહેવાય? કલઈના. અડધા, અડધિયા. અડધા. વ્હોરવા આવે ત્યારે અડધિયું ઉપર કરે. અડધિયામાં ઘી પડ્યું હોય. એ પણ પાકુ કઠણ. અને તે દી હતા પણ શિયાળામાં ૮૨માં આવ્યા હતા ને? પહેલા નહિ? ૮૨માં. પોષ મહિનો હતો ઘણું કરીને. ૮૨ની વાત છે, હોં! ૪૨ વર્ષ થયા. ત્યારે ગુલાબ હતો તમારે. ઈ ઘી આંગળા નાખીને તવેથો અંદર પડ્યો હોય. ઈ તવેથેથી ઉખેડીને આપતા આમ. એવું કઠણ. તે દી તો આ બધું ભરચક.. કાળા બજાર ને ઘીમાં કાંઈક નાખે એવું ક્યાં હતું? તે દી કાંઈ નહોતું ને. તે દી વનસ્પતિનો અર્ક ને પર્ક નહોતા, એકલું ચોખ્ખું ઘી હોય, ચોખ્ખું. આંગળ ન ગરે. કે ફાંસ વાગી જશે. ઘીની ફાંસ. આહાહા..! આંગળી તો શેની ગરે, તાવેથા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ન ગરે. તાવેથા સમજો છો? શેઠી! તાવેથો એટલે શું? તાવેથો. બે-ત્રણ વાર કીધું. ખુરપા.

એમ અહીં ભગવાન કહે છે, ભાઈ! એવું ઘીનું. જ્ઞાન, આનંદનું ઘીરૂપી તત્ત્વ તું છો કે જેમાં પુણ્ય-પાપ, દયા, દાનનો વિકલ્પ પણ જેમાં પ્રવેશ કરે નહિ એવું તારું તત્ત્વ છે. આહાહા..! એ તો આનંદઘન છે એમ પણ કહો, પણ આનંદમય કહીને વિજ્ઞાનઘન કીધું છે. સમજાણું કાંઈ? વિજ્ઞાનઘન આનંદમય એમ છે ને? એનો અર્થ થયો. વસ્તુ પોતે આનંદમય કહો કે આનંદઘન કહો. એ આનંદઘન આત્મા છે. આહાહા..! અને વિજ્ઞાનઘન છે. એમ શાંતિનો ઘન છે. આહાહા..! પૂર્ણ લાગુ પાડ્યું અને પાછું ઘન લાગુ પાડ્યું. જે વસ્તુ પૂર્ણ છે તે ઘન છે. નિવડ છે વસ્તુ. એવો ભગવાન આત્મા આનંદમય અને વિજ્ઞાનઘન છે. એવો શુદ્ધ પરમાત્મા સમયસારને '**પ્રત્યક્ષ કરતું...**' '**અધ્યક્ષ**' આવ્યું ને? જુઓ! જોયું? પ્રત્યક્ષ કરતું એટલે પરોક્ષ સ્વરૂપનું નહિ. ભગવાન આત્મા આનંદઘન છે, વિજ્ઞાનપિંડ છે, વિજ્ઞાનઘન છે. બેની મુખ્યતાથી વાત જ બધે લ્યે છે. જ્ઞાન અને આનંદ. સમજાય છે? કારણ કે જ્ઞાનપણું મુખ્ય છે એથી જ્ઞાન લ્યે છે અને આનંદની જગતને જરૂર છે. એટલે આનંદની વાત પહેલેથી ઉપાડે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા તેમાં નજર નાખ્યે વિજ્ઞાનઘન અને આનંદનો પિંડ આત્મા છે, કહે છે. સમજાણું? ઘન દરેકમાં લાગુ પાડે. સ્વચ્છતાનો ઘન છે આત્મા. શાંત સમતાનો ઘન છે આત્મા. સમજાય છે? એમાં વિકલ્પ-રાગનો અંદર પ્રવેશ નથી. આનંદઘન છે આત્મા, દુઃખની દશાનો જેમાં પ્રવેશ નથી. જ્ઞાનઘન છે આત્મા, જેમાં અજ્ઞાનનો અંશ અંદર પ્રવેશ થઈ શકે નહિ. આહાહા..! પ્રભુતાનો પિંડ ઘન છે આત્મા. પ્રભુ નામ એક શક્તિ પ્રભુત્વ નામની પરમેશ્વર નામની, પરમ ઈશ્વર નામની એ પણ પૂર્ણ અને ઘન છે શક્તિ કે જેમાં પામરતા પેસી શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન પ્રભુતાના સ્વભાવથી ઘન છે, પિંડ છે. જેમાં પામરતા પ્રવેશ થઈ શકે નહિ એવો પ્રભુ છે. આહાહા..! એના ગુણો કેવા છે અને કેવું સત્ છે, ઈ સત્ કેવું છે એવું એણે નક્કી કર્યું નથી.

... થવાને લાયક છો. એટલે પ્રત્યક્ષ કહી દીધું. સમજાય છે કાંઈ? કેમ કે એનામાં પ્રકાશ નામનો ગુણ છે એક, પ્રત્યક્ષ નામનો એક ગુણ છે. એ પણ પૂર્ણ છે, ઘન છે, એક છે, અભેદ છે. સમજાણું કાંઈ? શું કહે છે? ત્રણ લીધા મૂળ. જ્ઞાન, આનંદ અને પ્રત્યક્ષ. એટલે કે ભગવાન આત્મા શુદ્ધ ઘન છે, આનંદનો ઘન છે, જ્ઞાનનો પિંડ-ઘન છે, જ્ઞાનનું જેનું રૂપ પૂર્ણ છે, આનંદનું રૂપ પૂર્ણ છે. એમ એક પ્રકાશ નામનો ગુણ છે આત્મામાં એ પણ પૂર્ણ છે, ઘન છે, એક છે, અભેદ છે. એવી એવી શક્તિઓને પ્રકાશ નામના ગુણને કારણે અંતરમાં વળતાં આત્મા રાગની અપેક્ષા વિના જ્ઞાનને પ્રત્યક્ષ કરી શકે એવો એ આત્મા છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આહાહા..! પરોક્ષ રહી શકે નહિ એ આત્મા એમ કહે છે. એનો ગુણ એવો નથી. એ.. નવરંગભાઈ!

કહે છે, ભગવાન આત્મા.. ભાઈ! એ વસ્તુ છે. એ રાગના પડદા પાછળ મોટો પ્રભુ છે. અને તે પ્રભુમાં પ્રભુતા જ્ઞાનની પૂર્ણતા, આનંદની પૂર્ણતા, એમ એક એક શક્તિની પૂર્ણતા (છે). પૂર્ણ કહો, ઘન કહો, સર્વસ્વ શક્તિ કહો. સ્વભાવ છે એમાં સર્વસ્વ કહો, એકરૂપ કહો. એમ એક પ્રકાશ નામની શક્તિ એનામાં છે-ગુણ છે કે જે ગુણ પરિપૂર્ણ છે, ઘન છે, એકરૂપ છે. એથી એ દ્રવ્ય, એવી વસ્તુને '**પ્રત્યક્ષ કરતું...**' પોતાની પર્યાયમાં તેને લક્ષમાં લેતાં તે પ્રત્યક્ષ થાય છે. આહા..! છેલ્લે મૂક્યું. આ સાર છે, ભાઈ!

ભગવાન આત્મા આવો જે સ્વભાવ છે એને અંતર્મુખ જતાં, એવું તત્ત્વ છે તેને પ્રત્યક્ષ કરતો આત્મા અક્ષય જગત-ચુક્ષુ, '**આ એક (-અદ્વિતીય) અક્ષય જગત ચક્ષુ (-સમયપ્રાભૃત) પૂર્ણતાને પામે છે...**' સમજાણું? વિશેષ કે જે ભગવાન આત્મા જે પૂર્ણ જ્ઞાન અને આનંદમય છે અને તેમાં પ્રકાશ નામનો એક ગુણ પણ પૂર્ણ અને એકરૂપ છે. એના સન્મુખમાં, સન્મુખ જોતાં, એના સન્મુખ જોતાં એનો આદર થાય છે. રાગની સન્મુખ જોતાં રાગનો આદર થાય, આની સન્મુખ જોતાં આનો આદર થાય છે. આદર થતાં એ પ્રત્યક્ષપણાનો ગુણ છે માટે પ્રત્યક્ષ કરતો આત્મા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? કેટલું નાખ્યું એક શબ્દમાં! છેલ્લો શ્લોક હતો ને. કળશ. ગજબ! આચાર્યોએ પણ કામ કર્યા છે ને! શબ્દોમાં આવી શૈલી મૂકી છે કે જેનું વાચ્ય આવું છે.

ભાઈ! તું પ્રભુ છો. તું પૂર્ણ છો. તું એકરૂપ છો અને તું અંતરમાં પ્રત્યક્ષ થવાને લાયક છો. માટે પ્રત્યક્ષ થઈને પૂર્ણ આત્મા થાય છે. એમ કહે છે. પહેલું મતિ-શ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ થાય છે. અને પછી કેવળજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ થઈને પૂર્ણતાને પામે છે. આહાહા..! સમજાણું કાંઈ? આનંદમય, વિજ્ઞાનઘન ભગવાન એવો શાંતરસનો સાગર પ્રભુ, પ્રત્યક્ષતા કરતું એક અક્ષય જગત-ચક્ષુ છે આ. આખી દુનિયા ત્રણકાળ ત્રણલોકની આંખ છે. ભગવાન આત્મા તો ત્રણકાળ ત્રણલોકના પદાર્થને જાણવાની જગત-ચક્ષુ એક આંખ છે. ચૌદ બ્રહ્માંડમાં ... રહેલું એક જગત-ચક્ષુ એ ચૈતન્ય છે. કે જે જગત-ચક્ષુ આત્મા આ રીતે પૂર્ણ આનંદ અને જ્ઞાન તરફ ઢળતાં પોતે વર્તમાન પ્રત્યક્ષ કરે છે અને પછી પૂર્ણ થાય ત્યારે કેવળજ્ઞાન પ્રત્યક્ષ થઈને પ્રાપ્ત થઈ જાય છે. સમજાણું કાંઈ? એ.. ..ભાઈ! ભારે ભાઈ ભગવાન તારું..

આનંદમય વિજ્ઞાનઘન એવો શુદ્ધ પરમાત્મા પોતે સમયસારને પ્રત્યક્ષ કરતું આ તત્ત્વ. આ એક અદ્વિતીય અક્ષય જગત-ચક્ષુ પદાર્થ ભાવ હોં! શબ્દો તો છે. શબ્દ તો .. કરે છે. પણ આ તો ભાવ. એક આવો એક આ ભગવાન આત્મા. આ એક અક્ષય જગત-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ચક્ષુ ક્ષય ન પામે તેવું અવિનાશી છે. જગત-ચક્ષુ એટલે સમયસાર એટલે આત્મા શબ્દે પૂરું થાય છે અને વસ્તુએ પણ પૂર્ણ થાય છે. પૂર્ણતાને પામે છે. હવે સમયસાર પૂર્ણ થાય છે એમ કહે છે. ભગવાન આત્મા પૂર્ણ થાય છે અને શબ્દે પણ સમયસાર પૂર્ણ હવે થાય છે. અતિશય પાત્ર છે. એમાં ક્યાંક છે. આ શાસ્ત્ર કર્યું છે એ અતિચારી શાસ્ત્ર છે. અતિશયતા. અતિશયવાળું શાસ્ત્ર છે. છે આમાં ક્યાંય? સંસ્કૃત. નથી? સંસ્કૃત રાખવું જોઈએ ને સાથે. હથિયાર સાથે હોય કે મૂકીને આવે ઘરે? તમે રાખો છો ને એક.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ પણ.. એમ. પણ આમાં કળશ આવે છે કે નહિ? શું કીધું આ? જગત-ચક્ષુ? અતિશય. ... બે લીધું છે. બધા શાસ્ત્રથી અતિશયવાળું છે. જેની વિશેષતા પૂરી જણાય છે એવી અતિશયતા છે. ભગવાનને અતિશય પ્રગટે છે ને! એમ આ શાસ્ત્ર અતિશયવાળું અને આત્મા પણ અતિશયવાળો છે એમ કહે છે. આહાહા..! જેનો જ્ઞાનનો અતિશય પ્રગટે છે પૂર્ણથી. આહાહા..! આનંદ આદિ બધા ગુણ. આ તો મુખ્ય બે ચીજ લીધી છે. સમજાય છે? કારણ કે વસ્તુ છે ઈ પરોક્ષ કેમ રહી શકે? વસ્તુ છે એ તો જ્ઞાનનો વિષય પ્રત્યક્ષ ન થાય તો વસ્તુ શેની? એમ કહે છે. સમજાણું કાંઈ? જે ચીજ અનુમાન થઈ શકે તેનો પ્રત્યક્ષ કરનારો હોય. સમજાણું કાંઈ? અગ્નિ છે, અહીંયા ધુમાડો છે માટે અગ્નિ છે એવું અહીં અનુમાન થાય. પણ ત્યાં જોનારો પ્રત્યક્ષ જોવે છે. એમ જે અનુમાનથી આત્મા આવો છે, પૂર્ણ છે, એમ અનુમાનથી પહેલું કહ્યું, અભેદ છે, એકરૂપ છે પણ એ અનુમાન તો ક્યારે યથાર્થ કહેવાય? ઈ પ્રત્યક્ષ કરે તો અનુમાનને વ્યવહાર કહેવાય. સમજાણું કાંઈ? એમ અહીં કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતે પોતાને પ્રત્યક્ષ થતો પૂર્ણતાને પ્રાપ્ત થાય છે, એમ કહે છે. .. નાના નાના દેખાય છે. ચાર નાના નાના હોય એવા દેખાય છે. ઓહોહો..! આટલું! ચામડાની આંખમાં અંદર ઉઘાડવાળો આટલો કે જેને આવું બધું દેખાય છે. ક્ષેત્ર નાનું, જાણે મોટું. એ ક્ષેત્રનું અહીંયાં કામ નથી. એનામાં સામર્થ્ય એટલું બધું છે. અહીં આંખમાં કાણા નથી હોં! કાણા નથી કે જેમાંથી આમ જોવે આત્મા. કાણા નથી. એ તો પરમાણુના રજકણ દળ આમ અખંડ ધારાવાહી. વજની ભીંત જેમ .. આ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ જ કહ્યું છે ને? આ શું કહ્યું છે? આ સામે જે છે કાળી કીકી અખંડ રજકણનું ઔદારિક બંધન એવું છે કે જેમાં કાણાનો અવકાશ નથી. ભગવાન એને કહે છે કે ઔદારિક બંધન નામકર્મની એક પ્રકૃતિ છે. આ રજકણો એવા બંધાયેલા છે. આમ વજની

ભીંત જેવા, હોં! આમાં ક્યાંય કાણું નથી.

મુમુક્ષુ :- ડોક્ટર લોકોને વધારે..

ઉત્તર :- ડોક્ટરને ભાન શું છે ન્યાં? એઈ..! ચંદુભાઈ! ડૉક્ટર એની દવાની વાતું કરે. ન્યાં ક્યાં મટાડી દે એવું છે. નવરંગભાઈ! આહાહા..! આ તો ભગવાન તો સર્જન. બંધનને કાપીને મોક્ષને પમાડે એવા ભગવાન સર્જન છે. આહાહા..! તું એવો છો. એમ હોં પાછું. પ્રગટ થાય છે એટલે બંધને નાશ કરતો અને પોતે પોતાને પ્રત્યક્ષ કરતો પરિપૂર્ણતાને પ્રાપ્ત થાય છે. આ મંગળિક કર્યું. સમજાણું કાંઈ? એ આત્મા પોતાને અંતર જ્યારે જાણે ત્યારે રાગ વિના જ જણાઈ છે ઈ. જે જ્ઞાનનો પ્રત્યક્ષ અંશ છે, જ્ઞાનને સહારો રાગનો નથી, મનનો નથી. એ જ્ઞાન સ્વસંવેદન સીધું આત્માને જાણે છે. એવું પ્રત્યક્ષ કરતો એ આત્મા પ્રગટ થાય છે. અને મંગળિક તરીકે પૂર્ણ કહે છે અહીં. પૂર્ણ કેવળજ્ઞાન થઈને પૂર્ણતાને પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ?

'**આ એક અક્ષય...**' એક આત્માની વાત કરી હોં! એક એટલે બધા થઈને એમ નહિ. એક એક આત્મા અદ્વિતીય ચક્ષુ '**(-સમયપ્રાભૃત) પૂર્ણતાને પામે છે.**'

'**ભાવાર્થ :- આ સમયપ્રાભૃત ગ્રંથ વચનરૂપે તેમ જ જ્ઞાનરૂપે...**' વાણીરૂપે અને વાચ્યરૂપે. વાચ્ય શું છે એ પણ.. '**બન્ને પ્રકારે જગતને અક્ષય (અર્થાત્ જેનો વિનાશ ન થાય એવું)...**' એ વાણી પણ એવી છે કે એક અખંડ અભેદને બતાવે છે. વાણી એવી અખંડ છે. અને ભગવાન આત્માનું જ્ઞાનનેત્ર પણ અખંડ અને અભેદ છે. બન્ને પ્રકારે નાશ ન થાય એવું અદ્વિતીય નેત્ર સમાન છે. અજોડ-જે નેત્રની સાથે કોઈનું જોડાણ, જોડ જોડમાં મૂકી ન શકાય. સમયસાર શાસ્ત્રની સાથે કોઈને જોડમાં મૂકી ન શકાય. એમ આત્મા જ્ઞાનાનંદ સમયસાર એની સાથે કોઈ જોડ મૂકી શકાય નહિ.

'**અદ્વિતીય નેત્ર સમાન છે, કારણ કે જેમ નેત્ર ઘટપટાદિને પ્રત્યક્ષ દેખાડે છે...**' જુઓ! પ્રત્યક્ષ ઉપર અહીં વજન છે. જેમ આંખ આમ દેખાડે છે આ ઘટ, પટ આ આ છે, ભીંતને ... આમ સીધો માર્ગ દેખાય છે. સીધા માર્ગ ઉપર બેઠો હોય તો કેટલો ક્યાંય દેખાય આમ. '**નેત્ર ઘટપટાદિ...**' આદિ એટલે સડક આદિ આમ લાંબી લાંબી, એ સીધો ક્યાંય દેખાય. જેમ ઘટપટાદિને આંખ પ્રત્યક્ષ દેખાડે છે '**તેમ સમયપ્રાભૃત આત્માના શુદ્ધ સ્વરૂપને...**' વાણીથી પણ પૂર્ણ છે અને પોતાથી પૂર્ણ '**આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષ અનુભવગોચર દેખાડે છે.**' કહો, સમજાણું? એ વાણીમાં જ આમ કહ્યું છે, કહે છે. સમજાણું? પ્રત્યક્ષ દેખાડે છે એવો ભાવ જ એ વાણી કહે છે. આહા..! સમયપ્રાભૃત શાસ્ત્ર અને આત્મા બેય. '**આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષ અનુભવગોચર દેખાડે છે.**' વાણી પણ એમ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહે છે અને પોતે પણ એમ પ્રત્યક્ષ કરતું આત્માને પ્રત્યક્ષ દેખાડે છે. બધાના નેત્રમાં જેમ બધું દેખાય છે, એમ આત્મા અંતર સમ્યગ્જ્ઞાન નેત્ર દ્વારા અંતર દેખાય આત્મા તેને પરિપૂર્ણ પ્રાપ્ત કરે છે.

**'હવે ભગવાન કુંદકુંદાચાર્યદેવ આ ગ્રંથને પૂર્ણ કરે છે તેથી તેના મહિમારૂપ તેના અભ્યાસ વગેરેનું ફળ ગાથામાં કહે છે :-'** ૪૧૫.

**जो समयपाहुडमिणं पढिदूणं अत्थतच्चदो णादुं।**
**अत्थे ठाही चेदा सो होही उत्तमं सोक्खं।।४१५।।**

નીચે હરિગીત.

**આ સમયપ્રાભૃત પઠન કરીને, અર્થ-તત્ત્વથી જાણીને,**
**ઠરશે અરથમાં આતમા જે, સૌખ્ય ઉત્તમ તે થશે. ૪૧૫.**

સૌખ્ય ઉત્તમ પામશે એમ નથી કીધું, સૌખ્ય ઉત્તમ થશે. પરિણમી જશે. સમજાણું કાંઈ? **'આ સમયપ્રાભૃત પઠન કરીને, અર્થ-તત્ત્વથી જાણીને,'** જાણીને અર્થ તત્ત્વથી બેય રીતે. **'ઠરશે અરથમાં આતમા જે, સૌખ્ય ઉત્તમ તે થશે.'** ૪૧૫ શ્લોક છેલ્લો છે. સર્વવિશુદ્ધજ્ઞાનનો અધિકાર કરતાં કરતાં... અન્વયાર્થ લઈએ થોડો.

**'અન્વયાર્થ :- જે આત્મા (-ભવ્ય જીવ)...' 'इदं' 'આ સમયપ્રાભૃતને ભણીને,...' 'पठित्वा'** છે ને? ભણીને. ભણીને પણ શું? **'અર્થ અને તત્ત્વથી...'** અર્થ એટલે પદાર્થ અને તેનો ભાવ. **'અર્થ અને તત્ત્વથી જાણીને,...'** વસ્તુ અર્થ નામ પદાર્થ છે અને એનું તત્ત્વ નામ ભાવ છે, એને જાણીને **'તેના અર્થમાં સ્થિત થશે,...'** કહો, સમજાણું કાંઈ? ભગવાન આત્મા અર્થ આવો છે, પદાર્થ આવો છે એમ બરાબર જાણીને વસ્તુ આવી છે એમ ભણીને અને એનો ભાવ પણ આવો છે એમ જાણીને પછી પદાર્થ અભેદ વસ્તુમાં ઠરશે. પરિપૂર્ણ વસ્તુ દ્રવ્ય છે તેમાં ઠરશે **'તે ઉત્તમ સૌખ્યસ્વરૂપ થશે.'** સમજાય છે? **'उत्तमं सौख्यम् भविष्यति'**. સુખને પામશે એમ નથી લીધું. સુખરૂપ સ્વરૂપ થશે. એનું આનંદરૂપ પરિણમન થઈ જશે. સમજાણું કાંઈ? કેમ કે ભગવાન આનંદમય છે પ્રભુ. એનો જે અનુભવ કરશે. પહેલું પઠન કરીને લીધું છે, હોં! **'पठित्वा'**. કેવો છે આત્મા? સર્વજ્ઞે કહ્યો એ કેવો છે એ પહેલા એણે જાણવું પડશે, ભણવું પડશે, ભણવું પડશે એમ કહે છે. ભણીને એમ કીધું છે. ભણીને અર્થ તત્ત્વ જાણીને. ભણવામાં આ જાણવું પછી. જેને વસ્તુ જ નથી એની ખબર વિના આવો આવો થયા કરે પણ વસ્તુ શું છે એ તો ભણ્યો નથી. સમજાણું? લ્યો, આ ભણીને આવ્યું. આ સંસાર ભણે છે ને ઘણા લોકો. આ લોકોત્તર ભણતર છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કહે છે, '**સમયપ્રાભૃતને ભણીને, અર્થ અને તત્ત્વથી...**' શાસ્ત્રના અર્થો અને એનું તત્ત્વ જાણીને. તેના અર્થભૂત ભગવાન આત્મા. પણ પહેલું એણે ભણવું જોઈએ. એનો અર્થ કે પહેલું સાંભળવું જોઈએ. સાંભળીને શું ચીજ છે આવડી વ્યાખ્યા કરી એ કઈ રીતે છે? એમ પહેલા ખ્યાલમાં ભણતરથી આવવું જોઈએ. એમ ને એમ ભણ્યા વિના મોટો આવો છે, આવો છે એને ખ્યાલમાં નહિ આવે, કહે છે. સમજાણું કાંઈ? આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા, જેને એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન પ્રગટેલું એવા પરમાત્મા. એમણે આ આત્માને કહ્યો એવું પહેલું ભણવું જોઈશે, એમ કહે છે. સમજાણું કાંઈ?

પછી તેનો અર્થ જાણે અને પછી તત્ત્વ જાણે-ભાવ જાણે. બેય. ઠરશે તત્ત્વમાં એટલે અર્થમાં. ભગવાન આત્મામાં ઠરશે. વસ્તુ.. વસ્તુ.. વસ્તુ જાણે કે આવી ચીજ છે, આવી ચીજ છે. એમ જાણીને પછી એમાં ઠરશે. જાણીને એટલે શ્રદ્ધા કરીને, જાણીને ઠરશે. એ પોતે જ આનંદરૂપે પરિણમી જશે. આનંદસ્વરૂપ છે માટે. એનું સ્વરૂપ જ આનંદ છે. આનંદરૂપ પરિણમી જશે. આનંદના સ્વરૂપરૂપે થઈ જશે એમ કહે છે. સમજાણું કાંઈ? ટીકા. વખત થવા આવ્યો છે. થઈ જશે એટલું લ્યો. ઉત્તમ સૌખ્ય એટલે સ્વરૂપપણે આનંદપણે પરિણમી જશે. એમ કહે છે. એનું પરિણમન જ આનંદરૂપે થઈ જશે. આનંદ કંઈ લાવવો છે ને મેળવવો છે એમ નથી કાંઈ. આત્મા આનંદમય છે એનો અનુભવ કરતાં, એમાં ઠરતાં, આનંદમાં ઠરતાં આનંદરૂપે પરિણમી જશે. એનું નામ આત્માનો ધર્મ અને એનું નામ મુક્તિ અને એનું નામ આત્માના પરિણામમાં નિર્મળતા કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**મહા વદ ૬, સોમવાર તા. ૧૯-૨-૧૯૬૮**
**ગાથા-૪૧૫ પ્રવચન-૪૯૨**

... છે ને? જે ચેતયિતા-ચેતનારો, જાણનારો આત્મા. આવા શાસ્ત્રને જે જાણનારો આત્મા. ચેતયિતા આત્મા. એમ. '**ખરેખર ભણીને...**' '**खलु**' શબ્દ પડ્યો છે ને? ખરેખર ભણીને. ખરેખર ભણીને એટલે ઉપરટપકે એમ નહિ. વાસ્તવિક શાસ્ત્રને શબ્દબ્રહ્મને સમયસારમાં શું કહેવું છે? એને બરાબર જે કહેવું છે તે રીતે ભણીને. પોતાની કલ્પનાથી ભણે અને અર્થ કરે એમ નહિ. સમજાણું કાંઈ? જે શબ્દમાં કહેવાનો આશય છે જે રીતે જ્યાં તેને તે રીતે ભણીને. ભણીને પહેલું લીધું છે. સમજાણું? ભણ્યા વિના, સાંભળ્યા વિના, સમજ્યા વિના આ શું ચીજ છે એ શી રીતે જાણશે? કહો, પોપટભાઈ! આ ભણવાનું કહે છે. લ્યો, પોપટભાઈ! શું કહે છે આ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત સાચી.

જેને આત્મા શું છે એ કહેનાર શાસ્ત્ર છે, એને પહેલું ભણવું પડશે એમ કહે છે. '**पठित्वा**' શબ્દ તેથી મૂક્યો છે. સમજાણું કાંઈ? '**पठिहूणं**' '**पठिहूणं**' '**हू**' શબ્દ છે ઈ? '**पठिहूणं**' એટલે '**पठित्वा**' કર્યું. '**पठिहूणं**'. સમજાણું કાંઈ? જુઓ! આ છેલ્લી ગાથામાં સાર આખો બધો મૂકે છે. આ સમયસાર શાસ્ત્ર સમયસાર એવો પરમબ્રહ્મ ભગવાન આત્મા... એને આત્મા પોતે વિશ્વસમય છે. તેથી તે બ્રહ્મસ્વરૂપ છે. પરમબ્રહ્મ સ્વરૂપ ભગવાન. અને એને કહેનારું શાસ્ત્ર છે એ શબ્દબ્રહ્મ સમાન છે. વાચક અને વાચ્ય બેય પરમબ્રહ્મ સમાન છે. વાણી શબ્દબ્રહ્મ છે. સમજાણું કાંઈ? એવા શાસ્ત્રને જે આત્મા, જે આત્મા ચેતયિતા. જે કોઈ ચેતયિતા જગતનો જાણનાર ભગવાન છે, એવો જે આત્મા ખરેખર ભણીને. ખરેખર. '**खलु**' છે શબ્દ. ખરેખર ભણશે, ભણશે, ખરેખર ભણશે ધ્યાન રાખીને સાંભળશે, ધ્યાન રાખીને વાંચશે, ધ્યાન રાખીને શાસ્ત્રના અર્થ શું કહે છે તે ભણશે એમ કહે છે.

મુમુક્ષુ :- ભણવું એટલે તો ગુરુ પાસે શીખવું..

ઉત્તર :- શીખવું એમાં આવી ગયું બધું. પણ શીખીને પણ શીખીને પાછું એને વારંવાર વિચારમાં મૂકવું, સાંભળવું એ બધું ભણવામાં જાય છે. ભણાવનાર, ભણાવનાર હોય એ ગુરુ છે એ વાત બરાબર છે. પણ ભણાવનાર પાસે ભણવું. ભણવું શું? કે આ સમયસાર. કહો, સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આ ભાગવત શાસ્ત્ર છે. ભગવાન આત્મા પરમબ્રહ્મ ભગવાન ચિદાનંદમૂર્તિ એને પ્રકાશનારું આ શાસ્ત્ર છે. પોપટભાઈ! મોટા ૬૦-૬૦, ૭૦ વર્ષના થયા એને ભણવું? ભણ્યો છે કે દી એકડા? એમ કહે છે. આત્માને ભણ્યો છો કે દી? એમ કહે છે. જે શાસ્ત્ર ભગવાન આત્મા છે, પરમબ્રહ્મ પ્રભુ એને બતાવનારું શાસ્ત્ર ભણ્યો છો કે દી? કહે છે. માટે અભણ છો. માટે ભણ, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? તે પણ ખરેખર ભણીને, પાછો શબ્દ મૂક્યો છે. એના કહેવાના આશય છે એનાથી ઊલટા અભિપ્રાયને ભણે એ ભણવું નહિ. આશય જે આચાર્યોને કહેવો છે અને શબ્દમાં જે આશય છે તે પ્રકારને તેના હાર્દના ભાવને ખરેખર રીતે ભણીને. કહો, સમજાણું કાંઈ?

'**વિશ્વને પ્રકાશવામાં સમર્થ...**' વિશ્વ નામ સમસ્ત પદાર્થને પ્રકાશવામાં સમર્થ એવા '**પરમાર્થભૂત, ચૈતન્ય-પ્રકાશરૂપ આત્માનો નિશ્ચય કરતો થકો...**' લ્યો. આ આત્માને બતાવનારું શાસ્ત્ર છે. એ આત્મ-શાસ્ત્ર કહો કે સમયસાર કહો કે શબ્દબ્રહ્મ કહો. આત્મશાસ્ત્ર કહો કે સમયસાર શાસ્ત્ર કહો કે શબ્દબ્રહ્મ કહો. એને કહેવું છે આત્મા. એને આત્મા કહો, ભગવાન ચૈતન્ય સ્વરૂપ કહો. કે પદાર્થ ત્રિકાળ શું છે આત્મા તેને બતાવનારું આ શાસ્ત્ર છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા વિશ્વનો પ્રકાશક હોવાથી સમય-વિશ્વસમય છે આત્મા. ત્રણકાળ ત્રણલોકમાં ચૌદ બ્રહ્માંડમાં વિશ્વ પ્રકાશરૂપી ચૈતન્ય સૂર્ય છે. બધાને પ્રકાશવાનો, સ્વ અને પરને પ્રકાશવાના સામર્થ્યવાળો વિશ્વસમય આત્મા છે. એને આ કહેનારું હોવાથી ખરેખર તેને ભણીને '**વિશ્વને પ્રકાશવામાં સમર્થ એવા પરમાર્થભૂત, ચૈતન્ય-પ્રકાશરૂપ આત્મા...**' જોયું! પાછું એ લીધું. આત્મા કેવો? વિશ્વને પ્રકાશવામાં સમર્થ છે એવો પરમાર્થભૂત ચૈતન્ય-પ્રકાશરૂપ ભગવાન આત્મા. લ્યો, સમજાય છે? આ ચૈતન્ય-પ્રકાશરૂપ ભગવાન આત્મા. ચેતયિતા સ્વભાવ ભગવાન આત્મા. જાણવા-દેખવાના જ્ઞાયક સ્વભાવરૂપ આત્મા.

એનો '**નિશ્ચય કરતો થકો...**' એનો નિર્ણય કરતા થકા. આ આત્મા આવો છે ચેતયિતા સર્વને પ્રકાશવામાં સમર્થ છે એવો આત્મા, એનો નિશ્ચય કરતાં થકા. ભણીને એનો નિશ્ચય કરતા થકા. સાચું ભણીને પણ એમાંથી આ આત્મા ચૈતન્યપ્રકાશ આત્મા છે એનો નિશ્ચય કરતા થકા. સમજાણું કાંઈ? '**(આ શાસ્ત્રને) અર્થથી...**' પદાર્થથી. વસ્તુ શું છે તેનાથી. '**અને તત્ત્વથી,...**' તેના સ્વરૂપથી-તેના ભાવથી. વસ્તુ અને વસ્તુના ભાવથી. વસ્તુ આત્મા અને એનો ભાવ ચૈતન્યપ્રકાશ. આનંદ જ્ઞાયક આદિ ભાવ. '**અર્થથી અને તત્ત્વથી જાણીને...**' જોયું! ત્યાં જાણીને કહ્યું. પહેલું ભણીને કહ્યું. ભણીને કહીને પછી નિર્ણય શેનો કર્યો? કે આત્મા ચૈતન્યનો પ્રકાશ, ચૈતન્યપ્રકાશરૂપ આત્માનો નિર્ણય કરીને. અર્થથી નામ વસ્તુથી અને તત્ત્વથી જાણીને. કહો, શું કીધું આમાં? કોઈ એમ જ કહે કે અમારે તો બસ વિકલ્પ તોડવો

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. અમારે દુઃખ ટાળવું છે. એ ટાળવું હોય તો એ વસ્તુ શું છે? અને વસ્તુનો ભાવ શું છે? એનું એણે પહેલા જ્ઞાન કરવું જોઈએ. ભણીને આ જ્ઞાન કરવું પડશે. કહો, સમજાય છે કાંઈ?

'**નિશ્ચય કરતો થકો (આ શાસ્ત્રને) અર્થથી અને તત્ત્વથી જાણીને,...**' જુઓ! વસ્તુથી અને તેના સ્વભાવથી તેની શક્તિથી, તેના સ્વરૂપથી, તત્ત્વથી ભાવથી જાણીને. '**તેના જ અર્થભૂત...**' ભગવાન. તેનો જ અર્થભૂત પદાર્થભૂત ભગવાન એક. અર્થભૂત, '**તેના જ અર્થભૂત ભગવાન એક પૂર્ણ વિજ્ઞાનઘન...**' પૂર્ણ વિજ્ઞાનઘન. જુઓ! અહીં લીધું છે. માથે પણ આવ્યું હતું. આનંદમય વિજ્ઞાનઘન. મથાળામાં ઉપોદ્ઘાતમાં. પૂર્ણ વિજ્ઞાનઘન છે ઈ. આત્મા જ્ઞાન પૂર્ણ ઘન. જેમાં લોકાલોકને પ્રકાશવાનો સ્વભાવ છે. પણ જેમાં ઘનમાં પરપદાર્થનો પ્રવેશ થાય એવો એનો સ્વભાવ નથી. વિશ્વને પ્રકાશવાનો સ્વભાવ છે. પણ વિશ્વ એમાં પ્રવેશ કરે એવો એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? વિજ્ઞાનઘન છે. ભગવાન આત્મા એકલો જ્ઞાનનો પિંડ છે. જેમ બરફનો.. કીધું હતું ને? બરફની પાટ. બરફની પાટ છે જેમ. ઠંડી, ધોળી, રૂપી સફેદ બરફની પાટ. એમ આત્મા જ્ઞાનની વિજ્ઞાનઘનની પાટ છે. આહા..! કહો, સમજાણું કાંઈ? રૂપી છે એ (એક) જ પદાર્થ છે અને અરૂપી એ પદાર્થ નહિ? અને રૂપી એ ખરેખર પદાર્થ શું? એ તો સાધારણ.. એની પ્રસિદ્ધિ કરનાર કોણ? આ રૂપી છે અને આ રજકણ છે અને એમાં આવા વર્ણ, ગંધ, રસ શક્તિ છે. એ શક્તિનો આમ પર્યાય થાય છે એ તો એને કંઈ ખબર નથી. આત્મા સિવાય જે પાંચ પદાર્થ છે, એને તો ખબરેય નથી કે અમે જગતના તત્ત્વો છીએ કે કેમ. અમને પ્રકાશનારા કોણ છે એની ખબર નથી અને અમે કોણ છીએ એની ખબર નથી. સમજાય છે કાંઈ?

ભગવાન, અર્થભૂત ભગવાન. મોટો પદાર્થભૂત વસ્તુ જે આત્મા મહિમાવંત એક પૂર્ણ વિજ્ઞાનઘન. એક અને પૂર્ણ વિજ્ઞાનઘન. એટલા ત્રણ શબ્દ વાપર્યા. એક, ભગવાન આત્મા એક છે પોતાનો સ્વભાવ. પૂર્ણ છે, વિજ્ઞાનઘન છે. એવું પરમબ્રહ્મ. લ્યો. એવો અર્થભૂત ભગવાન એ પૂર્ણ જ્ઞાનઘન એવો પરમબ્રહ્મ. એમ. એવો પરમબ્રહ્મ ભગવાન આત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**સર્વ ઉદ્યમથી...**' જુઓ! '**ठाही**' એમ છે ને? '**अत्थतच्चदो णादुं, अत्थे ठाही**'. '**ठाही**'માંથી કાઢ્યું. એવા પદાર્થમાં-અર્થમાં પદાર્થ ભગવાન આત્મા પરમબ્રહ્મ સ્વરૂપ શાસ્ત્રથી, વાણીથી, ઉપદેશથી એમ ભણી ખરેખર કેવો છે એમ ભણી, અને એ અર્થ અને તત્ત્વને જાણી અને ચૈતન્યપ્રકાશ એવો ભગવાન એ એક પૂર્ણ વિજ્ઞાનઘન છે એવા પરમબ્રહ્મમાં. એવો પરમબ્રહ્મ આનંદમૂર્તિ આત્મા એમાં સર્વ ઉદ્યમથી ઠરશે. '**સર્વ ઉદ્યમથી સ્થિત થશે...**' આરંભ શબ્દ છે ને? '**आरम्भेण**' ... વિશ્વ પ્રકાશમાં. સમજાણું? ચોથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



... '**परमब्रह्मणि सर्वारम्भेण**'. સર્વ આરંભેણ એટલે સર્વ પુરુષાર્થથી. '**सर्वारम्भेण**' સર્વ ઉદ્યમથી. ભાષા કેટલી છે આમાં? સર્વ ઉદ્યમથી. જેટલી પર્યાયની તાકાત છે તેટલા પુરુષાર્થથી અંદરમાં જોવે છે, એમ કહે છે. કંઈ પણ ઉદ્યમ પરમાં જાય એમ નહિ. સર્વ ઉદ્યમથી, આખા વીર્યની શક્તિથી. એની સાથે જેટલી પર્યાયોના બધા પુરુષાર્થના બળથી ભગવાન વિશ્વધામ ચિદ્ધામ. સર્વને જાણવાનું ચૈતન્યધામ એમાં ઠર. લ્યો, આ કરવાનું. સમજાણું કાંઈ? પણ પહેલો વિશ્વ આવો છે વિશ્વસમય, ચૈતન્યપ્રકાશ પ્રકાશમય ભગવાન પરમબ્રહ્મ આવો છે. એમાં સર્વ ઉદ્યમથી પુરુષાર્થથી સ્થિત થશે. લ્યો, હવે ઓલા ક્રમબદ્ધમાં પુરુષાર્થ ક્યાં આવ્યો? કહે છે ને? ક્રમબદ્ધમાં તો કંઈ પુરુષાર્થ આવતો નથી અને અહીં તો સર્વ ઉદ્યમથી ઠરશે એમ આવ્યું. એઇ..! એઈ..! ભગવાનજીભાઈ! આ શું વાંચો છો ને તમે એમાં. નિયતનું છાપ્યું છે ને ઓલાએ? અનિયત અને નિયત બેય.

મુમુક્ષુ :–..

ઉત્તર :– હા. અનિયત. અનિયત દેખે છે ઈ. અરે..! પણ અનિયત, નિયતની વ્યાખ્યા શું? ત્રણકાળ ત્રણલોક આમ દ્રવ્ય-ગુણ-પર્યાયથી ભરેલા છે તેને એક સમયમાં જેમ છે તેમ જાણે છે. એમાં આઘુંપાછું અનિયત હતું ક્યાં? અરે..! શું કરે? ભગવાન વિશ્વપ્રકાશક ચૈતન્ય, અહીં તો એક કીધો. તો વિશ્વ નામ બધું જેટલી પર્યાયો, અનંતા દ્રવ્યની, અનંતા ગુણની જે પર્યાયો એક સમયમાં પ્રકાશે એવો એનો સ્વભાવ છે. એમાં એક સમયમાં જણાય એના જ્ઞાનમાં નથી આવ્યું કે આ દશા આ સમયે, આ નિમિત્ત ને આ પર્યાય આ સમયે થશે? એ જ્ઞાનમાં નથી આવી?

મુમુક્ષુ :– જ્ઞાનમાં હોય એમ આવે ને.

ઉત્તર :– જ્ઞાનમાં એમ છે. પણ જ્ઞાનમાં આ સમયે આ પર્યાય થશે. આ જ પર્યાય અને આ જ નિમિત્ત. એવું જ્ઞાનમાં નથી આવ્યું પહેલેથી? અનિયત હતું ક્યાં પણ?

મુમુક્ષુ :– જ્ઞાનમાં એમ આવ્યું છે ને ફલાણી વસ્તુ અનિશ્ચિત છે?

ઉત્તર :– ધૂળમાંય આવી નથી. મૂઢ છે. વસ્તુને સમજતો નથી.

મુમુક્ષુ :– માટે અમે અનિશ્ચિત માનીએ છીએ.

ઉત્તર :– પણ અનિશ્ચિત એટલે શું? વસ્તુ છે તેની વ્યવસ્થાની અવસ્થા વ્યવસ્થિત અવસ્થા ચાલી જાય છે. જેમ છે તેમ એ ભગવાન જ્ઞાનની પર્યાયને જાણે છે. બસ, થઈ રહ્યું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– પણ એમ નથી અનિશ્ચિત કહે છે. પણ અનિશ્ચિતની વ્યાખ્યા શું? આ સમયે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આવું નિમિત્ત આવશે તો થાશે અને આવું આવશે તો નહિ થાય. એમાં વસ્તુ ક્યાં? તો જ્ઞાને જાણ્યું નહિ.

મુમુક્ષુ :- .. જેવું નિમિત્ત આવશે એવું થાશે.

ઉત્તર :- પણ જેવું નિમિત્તની વ્યાખ્યા શું? જ્ઞાનમાં તે સમયે બધી પર્યાયો ત્રણકાળની પર્યાય ખ્યાલમાં આવી ગઈ છે કે આ સમયની આ પર્યાય, આ સમયની પર્યાય, આ સમયની આ પર્યાય. બધી આવી ગઈ. એમાં વળી આ નિશ્ચિત અને આગળપાછળ આવ્યું ક્યાં? શેઠી! અહીં તો એક જ કીધું કે એ તો વિશ્વસમય છે. બસ! જાણનાર છે એકલો. એને લઈને જાણ્યું માટે ન્યાં થાય છે એમ કાંઈ આવ્યું નથી. અહીં તો વિશ્વસમય છે અને વિશ્વ જે આખું જગત છે, જે રીતે એક સમયમાં છે, આખું જગત એક સમયમાં છે એ રીતે જ્ઞાનમાં આવી ગયું છે. કહો, સમજાય છે કાંઈ? બીજે સમયે જેમ છે તેમ જ્ઞાનમાં પહેલે સમયે આવી ગયું છે. ત્રીજે સમયે જેમ છે એ જ્ઞાન પહેલા સમયમાં આવી ગયું છે. અનંત સમયમાં જે સમય છે તે જ્ઞાન પહેલા સમયમાં આવી ગયું છે. એમાં પ્રશ્ન રહ્યો ક્યાં? ચંદુભાઈ! સમજાણું?

દેવચંદજી શીતલનાથની સ્તુતિમાં (કહે છે), 'દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ, રાજનીતિએ...' આપની આજ્ઞા કોઈ જડ ચૈતન્ય લોપતું નથી. ... જગતમાં એમ ને એમ પરિણમન છે. જેમ દ્રવ્યના ગુણો એક સમયે જેમ આમ વિસ્તારથી વ્યાપ્યા છે, વસ્તુમાં એક સમયના ગુણો-શક્તિઓ આમ વિસ્તારથી વ્યાપી છે એમ પર્યાય એક સમયમાં ઊર્ધ્વ કાળ આમ વિસ્તારથી વ્યાપેલી છે. ગુણમાં જેમ અનંતમાં આઘુંપાછું નથી, એમ કાળક્રમમાં થયેલી પર્યાયમાં આઘુંપાછું હોઈ શકે નહિ. પણ હોઈ શકે નહિ વસ્તુમાં. ક્રમાનુપાતે સ્વકાળે ઉત્પન્ન થતી આવે છે ને? પ્રવચનસારમાં. ક્રમાનુપાતે સ્વકાળે ઉત્પન્ન થતી. એવું છે પ્રવચનસારમાં. જ્ઞેય અધિકારમાં. જ્ઞેયનો એવો સ્વભાવ છે એમ કીધું છે. જ્ઞેયનો એવો સ્વભાવ છે. સમજાણું? જ્ઞેય અધિકારમાં છે. સ્વકાળે ઉત્પન્ન થતી. ૯૯માં અધિકાર છે પણ એ સિવાય પછીની ગાથામાં છે. સ્વકાળે ઉત્પન્ન થતી. તેને કાળે તે પર્યાય ત્રણકાળમાં તે તે કાળે પર્યાય (ઉત્પન્ન થાય છે). એ વિશ્વસમય છે પદાર્થ. એનો પ્રકાશક આ છે, બસ! જ્ઞેય એવું છે તેને જાણનારું જ્ઞાન પણ એવું છે. એમ કહે છે. આપણે જ્ઞેય-જ્ઞાયક પ્રકાશમાં નાખ્યું છે. છે ને? જ્ઞેય-જ્ઞાયક સ્વભાવ પુસ્તક.

અહીં તો કહે છે, વિશ્વનો પ્રકાશક હોવાથી એમ આવ્યું કે નહિ પહેલું? એ વિશ્વનો પ્રકાશક છે કે આઘુપાછું કરનારો છે? પણ એમાં આઘુપાછું થાય (એટલે શું?). વિશ્વ એટલે એકસાથે આમ. બસ! આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા આમ ચૈતન્ય અરીસો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જેમ અરીસો છે આમ સામે અને આમ ચીજો છે. એ બદલતી બદલતી અવસ્થાવાળી છે. તે જ પ્રકારે અહીં સ્વચ્છતામાં તે પ્રકારે જણાય છે. એમ ચૈતન્ય અરીસો છે, ભગવાન દેહમાં ચૈતન્ય ભગવાન અરીસો છે આમ. એમાં ત્રણકાળ ત્રણલોકનો વિશ્વસમય જે રીતે એક સમયમાં છે, એ સમયે અહીં જ્ઞાનમાં જણાય છે. એવડા સામર્થ્યવાળો આત્મા છે. તેવા આત્માને તત્ત્વને એનો ભાવ આવડો છે જ્ઞાનનો, જ્ઞાનનો ભાવ આવડો મોટો છે એવો દર્શનનો, શ્રદ્ધાનો, ચારિત્રનો એવો. એને અર્થથી અને ભાવથી જાણીને અર્થમાં ઠર. એમાં બધું આવી ગયું કે આમ છે એમ જ્યાં જાણ્યું એટલે આમ દૃષ્ટિ થઈ. સમજાણું કાંઈ? છે ભઈ, જગત તો એમ ને એમ ચાલ્યું જાય છે ને. આ ઘડ બેસતી (નથી). કાંઈક કરવું છે, ફેરવવું છે. કોને ફેરવ અને કોને કર? સાંભળને! છે તેને જાણનારો છો, બસ. અહીં તો એટલી વાત છે. તારામાં થાય તેને જાણનારો અને પરમાં થાય તેને જાણનારો. એ વિશ્વસમય ને વિશ્વપ્રકાશક છે. વિશ્વસમય પદાર્થ છે તેનો પ્રકાશક વિશ્વસમય આત્મા છે. આવો આત્મા નક્કી ન કરે તો એણે આત્માને જાણ્યો, નક્કી કર્યો નથી. આવો આત્માનો સ્વભાવ છે એમ એણે નક્કી જ કર્યો નથી. અને નક્કી કર્યા વિના આત્મા ઠરશે શી રીતે? આહાહા..! શેઠી! કેટલા વર્ષ ગયા ને કેટલા જયપૂરમાં ગાળ્યા તોય... આ નવું લાગે છે લોકોને. નવું નથી. વસ્તુની અનાદિની સ્થિતિ છે.

મુમુક્ષુ :- .. એને માટે તો નવું છે ને.

ઉત્તર :- કોઈને કાંઈ નવું નથી.

અહીં તો કીધું ને, સમયસાર ભગવાન પરમાત્માનું '**કે જે વિશ્વનો પ્રકાશક હોવાથી...**' એકલો વિશ્વ જેમ છે તેમ પ્રકાશક છે. જ્ઞાનનો સ્વભાવ એને પ્રકાશવાનો છે અને વસ્તુ પોતે પોતાને કારણે પોતે બનીને થઈ રહી છે. બસ! એમાં આઘુપાછું આ તે કંઈ વસ્તુમાં નથી અને જ્ઞાનમાં પણ નથી. એવો નિર્ણય કરતાં એનું ઠરવું દ્રવ્યમાં જાય છે, એમ કહે છે. આહાહા..! મહાન પ્રયત્ન છે, જુઓ! તેથી કહ્યું, જુઓ! સર્વ ઉદ્યમથી સુપ્રસિદ્ધ. મહા પુરુષાર્થથી.

ભગવાન આત્મા એનો જ્ઞાનગુણ એવો છે. પર્યાયનો સ્વભાવ એવો છે, એવી અનંતી પર્યાય. જ્ઞાનની એક સમયની પર્યાયનો એવો સ્વભાવ છે અને એવી અનંતી પર્યાયરૂપ એક જ્ઞાનગુણનો એવો સ્વભાવ છે. બસ છે તેને જાણવું એટલો સ્વભાવ છે. પોતાને પણ જાણવું. પોતે પ્રમેય છે, જગત પ્રમેય છે. બેયને પ્રમાણનું જ્ઞાન પોતે કરીને આવું જ્ઞાન છે, એવો જે ધરનાર આત્મા એનો આવો જ્ઞાનસ્વભાવ (છે) એવો નિર્ણય કરીને '**પૂર્ણ વિજ્ઞાનઘન પરમબ્રહ્મમાં સર્વ ઉદ્યમથી સ્થિત થશે...**' એનો અર્થ જ ઇ થયો કે આવું જે જ્ઞાયકસ્વરૂપ છે એની જ્યાં મહિમા આવી એટલે એના અંતરમાં ઠર્યો. સર્વ ઉદ્યમથી ત્યાં ઠર્યો. એને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કાંઈ રાગ કરવાનો ને ફલાણું કરવાનું રહેતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્ય સ્વપરપ્રકાશનો પિંડ પ્રભુ છે. પર છે તે છે, વળી આઘુપાછું શું? છે તે છે. આમ નથી અને આમ થશે. તો છે તે છે કેમ રહ્યું? આમ નથી અને આમ થાશે. આમ થાશે તો આમ થાશે. એમાં છે તે છે ક્યાં રહ્યું? દ્રવ્ય છે તે છે, ગુણ છે તે છે અને પર્યાય સત્ છે.. છે.. છે.. છે.. છે.. એમ ભાસે. એમાં પછી આમ થાશે તો આમ થાશે. એમાં અનિશ્ચિત રહ્યું ક્યાં? શું થાય? એને ઘડ ન બાસે ત્યાં સુધી શું કરે? અહીં તો કહે છે કે ઘડ બેસાડવી પડશે, બાપા! તારે જો કલ્યાણ કરવું હોય તો, છૂટવું હોય તો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. દેખાતો નથી. એને ભ્રમણા લાગે છે. કેવળજ્ઞાની કબુલ્યું. કેવળજ્ઞાન પ્રમાણે થાય ઈ કબુલ્યું છે. સ્વકાળે થાય, સ્વકાળે થાય. શ્રુતજ્ઞાન માને એવું ખરું. શ્રદ્ધામાં રાખે પણ પાછું જાણે જુદું. અરે.. ભગવાન! આ તો બધું પોકળ ઉઘડી ગયું.

મુમુક્ષુ :- પુરુષાર્થ થાતો નથી એમ એને લાગે છે.

ઉત્તર :- પુરુષાર્થ ક્યો પણ? આ પુરુષાર્થ છે. જાણનાર બધાનો છું એવો જે અંદરમાં પુરુષાર્થ એ પુરુષાર્થ છે. આહાહા..! સમજાણું કાંઈ? ઈ તો જયપૂરની ચર્ચાએ તો ઊંડાણમાં એ કેટલા હતા એ બધા માપમાં આવી ગયા છે. નવરંગભાઈ! ઊંડાણમાં કેટલા કૂવા હતા, ઊંડામાં કેટલો કૂવો હતો એ ખ્યાલ આવી ગયો. મપાઈ ગયું, મતિ મપાઈ ગઈ. ભગવાન! શું કરે છે ભાઈ! તને નુકસાન થાય અને તને અલાભ થાય એ પણ કોઈને ઠીક લાગે? સમજાણું? વિપરીત માન્યતાનું કેટલું દુઃખ છે, કેટલું ફળ છે, ભાઈ! ઈ રોતા ન છૂટે. ... બાપા! તને ખબર નથી. શું થાય? એવા દુઃખમાં જા અને દુઃખને છૂટવાના ઉપાયને ન કરે, ભાઈ! મહા કરુણાનું સ્થાન છે એ તો, હોં! આહાહા..! વસ્તુ જ આવી છે. એમાં કચરડી મચરડીને તું કરવા જાઈશ, ભાઈ! તને નુકસાન છે. તારી શ્રદ્ધામાં નુકસાન છે. જ્ઞાનસ્વરૂપ જાણનાર છે અને જ્ઞેય તે છે તે છે. છે તે છે. જેમ છે તે બધું આમ છે. એમાં અહીં આમ આમ કરવા જાઈશ તો તારી દૃષ્ટિમાં ફેર પડશે. દૃષ્ટિ વિપરીત થશે. વિપરીતના ફળમાં સંસારમાં રખડવાનું ઊભું થાય છે.

સંસાર એટલે દુઃખ. સંસરણ ઈતિ સંસાર. આવે છે ને? પ્રવચનસાર મૂળ પાઠ. સંસાર એક આત્માની ક્રિયા છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષની ક્રિયા પરિણતિ એ સંસાર છે. આહાહા..! ભાઈ! જેવું સ્વરૂપ તારું છે સ્વપરપ્રકાશક વિશ્વસમય અને વિશ્વસમય સામો. આખું બધું. એટલે તું અને પર બેય, હોં! તું અને પર બેય. આહાહા..! એવું સ્વપ્રમેય અને પરપ્રમેય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તેનો પ્રમાતા જાણનાર તું પૂરો એક સમયે આખો છો. એમાં આ છે.. છે.. છે. એમ આ પદ છે.. છે એમાં છે છેમાં કોઈ કાળમાં આમ નહોતું અને (આમ આવે), એ બાપુ! એ ન આવે એમ, ભાઈ! એમ વસ્તુની સ્થિતિ નથી. ભગવાને કહી નથી, ભગવાને જાણી નથી અને વસ્તુમાં એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

.. એમાં અનંતા સંસારના ગર્ભ ગળાવાની શક્તિ પડી છે. આહા..! ગર્ભમાં ગળવું, જન્મ કરવા, ભાઈ! આખા તત્ત્વની વ્યવસ્થા છે એનાથી વિપરીત માન્યતા એ એને અનંત અનંત સંસારમાં રહેવાનો એમાં ભાવ છે. સમજાણું કાંઈ? આવો ભગવાન આત્મા સ્વપરપ્રકાશની મૂર્તિ હું છું. કરવાનું નથી. મારે કરવું એવું નથી, પરમાં કરવું એમ નથી. એ થાય છે તેને જાણનાર છે. સમજાણું કાંઈ?

કેવળી સ્વકાળે થાય એમ જાણે અને શ્રુતજ્ઞાની વળી શ્રદ્ધામાં એમ લે અને જ્ઞાનમાં બીજું લે? શ્રદ્ધા અનુસાર જ્ઞાન હોય કે શ્રદ્ધાથી વિપરીત જ્ઞાન હોય? દીપક કારણ છે અને પ્રકાશ કાર્ય છે. શ્રદ્ધા કારણ છે અને જ્ઞાન કાર્ય છે. શ્રદ્ધા સાચી અને કાર્ય ખોટું એમ આવે? આહાહા..! છે ભાઈ, અટપટી વાત છે ને. જરી નવી લાગે એવું છે. નવી નથી, ભાઈ! અનંત કાળથી અનાદિથી આ રીતે જ વસ્તુની સ્થિતિ થઈ આવી છે.

એ અહીં કહે છે, ભાઈ! તું તો જાણનાર છો ને. જાણનારમાં આ વખતે અહીં આવશે તો આમ થાશે અને આમ નહિ આવે,.. એવું જાણનારમાં આવે ક્યાંથી પણ? સમજાણું કાંઈ? એ જાણનાર જેમ છે તેમ સત્‌ને જે રીતે સત્ સ્વનું અને પરનું છે, તેને જાણનારો ભગવાન પૂર્ણ વિજ્ઞાનઘન છે. પરમબ્રહ્મ છે. આનંદ સહિત લેવો છે પાછો. એમાં '**સર્વ ઉદ્યમથી સ્થિત થશે,...**' એમાં પુરુષાર્થ છે, કહે છે. આમ બધું છે એમ (જેણે) જાણ્યું છે એવો હું છું, એમાં ઠરવું એ પુરુષાર્થ છે. એને કબુલવું એનું જ્ઞાન કરવું અને એમાં ઠરવું એ પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? આહા..!

પ્રાણી જુઓને, ઓલી અજગરની વ્યાખ્યા સાંભળી છે ને. અજગરે પકડ્યો સિંહને જંગલમાં. માણસો નીકળ્યા હતા ત્યાં. ૨૪ કલાક સુધી... અજગર મોટો અને સિંહને પકડ્યો, ભરડામાં લીધો. સિંહના પગ રહી ગયા આમ એટલે થાય નહિ કાંઈ. પગ આમ રહી ગયા અને ભરડો આમ લઈ લીધો. ઝુર્યો.. ઝુર્યો, હોં! છૂટવા. આહાહા..! આટલા ભરડામાંથી છૂટવા માટે સિંહ જેવું વનનું જનાવર, છૂટવાની ઘણી મહેનત કરી. પણ અંતે બહુ ભરડો માર્યો તો ભુક્કો ઊડી ગયો, સિંહ મરી ગયો. માણસો ... રેલ નીકળી જોતા હતા જંગલમાં. આહાહા..! અરે..! છૂટવાનું આ કરે છે સિંહ જેવો પ્રાણી, બહારના આમ બંધનમાં આવીને છૂટવાનું કરે છે, ભાઈ! તું રાગની એકતામાં બંધાયેલો, છૂટવાનો મહા પુરુષાર્થ કર, કહે છે. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કાંઈ? આમ ટાંગા રહી ગયા અધ્ધર અને અહીં ભરડો માર્યો ઓલા અજગરે. આમ આમ થાય. હવે શું કરવું? ટાંગા આને અડે નહિ, હેઠે અડે નહિ. જોર કરવું શી રીતે? ખાડા પડ્યા હેઠે, હોં! ૨૪ કલાક ઝુર્યા બેય, અજગર અને સિંહ. ખાડા પડી ગયા. જોરદાર સિંહ હતો. ઓલાએ મૂક્યો નહિ પણ. અંતે પછી ભરડો એવો ખેંચ્યો ને... ભુક્કો. આહાહા..! સિંહ જેવા પ્રાણીને એક શરીરના ભરડામાંથી છૂટવાનો આટલો પ્રયત્ન. એ પ્રયત્નથી કંઈ છૂટે? એ કંઈ એની ક્રિયા છે?

આ તો કહે છે કે ભાઈ! રાગની એકતાની બુદ્ધિમાં તું ભરડાઈ ગયો છો, પકડાઈ ગયો છે. આ વસ્તુ આવી છે એમ જાણીને એમાં ઠર એ છૂટવાનો ઉપાય છે. સમજાણું કાંઈ? કેમ કે આત્મા પોતે મુક્તસ્વરૂપ છે. એ તો જાણનાર તેનો અર્થ શું થયો? સ્વને પરને બધું જાણનાર છે એમાં બંધાવું એવું ક્યાં આવ્યું? એ સ્વપરને જાણનાર એવો આત્મા એવો નિર્ણય કરી, અનંત પુરુષાર્થ! સર્વ ઉદ્યમ એટલે અનંત ઉદ્યમ. સર્વ ઉદ્યમ એમ શબ્દ વાપર્યો છે, લ્યો. જેટલી પર્યાયમાં તાકાત છે પુરુષાર્થની એટલા ઉદ્યમથી ઠર અંદર. આ વિના ભગવાનમાં ઠર્યા વિના બીજો ઉપાય નથી. રાગમાં ઠર્યો છો એ તો અનાદિ સંસાર છે. એ ભ્રમણા અને દુઃખરૂપ દશા છે. તો એ રાગ પણ આ સ્વરૂપમાં નથી. એ તો ચૈતન્ય સ્વપરપ્રકાશનો આત્મા મૂર્તિ છે. એવો નિર્ણય કરી અને આત્મા સર્વ પુરુષાર્થથી ઠરશે.

'**તે આત્મા,...**' એ આત્મા આમ ઠરશે તે આત્મા, જેની નજરુંમાં નિધાન ભગવાન લેશે તે આત્મા. એમ. વળી એક જણો કહે, એક્કેય વાત એણે બાકી ક્યાં રાખી છે? એણે અહીં નોંધ લઈને ગયો. શ્રદ્ધા પણ ફરે નહિ, જ્ઞાન પણ ફરે નહિ, બધી પર્યાય ક્રમબદ્ધ કીધી. અમારે ઠરવું ક્યાં? શાંતિભાઈ કહેતા હતા. શાંતિભાઈ દેસાઈ કહેતા હતા. અરે.. ભગવાન! અહીં તો કહે છે કે જેટલી પર્યાયો છે બધી પરલક્ષે જે થાય છે, સમજાય છે? ક્રમમાં હોવા છતાં એની ખબર નથી એને. બધી પર્યાયો એને આમ વાળ. શ્રદ્ધાની પર્યાય પણ આ શ્રદ્ધાની પર્યાય ક્રમસર છે પણ આ શ્રદ્ધાગુણ છે અને એનો ધરનાર આ છે અને એનો ક્રમ છે, એનો નિર્ણય ક્યારે થાય? કે સ્વભાવ સન્મુખ થઈને નિર્ણય કરે ત્યારે નિર્ણય થાય. ત્યારે એ શ્રદ્ધાની પર્યાય ફરી ગઈ. પણ ફરવાની હતી ઈ કાળે ફરી છે. સમજાણું કાંઈ? 'અગમ પ્યાલા પિયો મતવાલા, ચિન્હી અધ્યાતમ વાસા.; એવી ચીજ છે ભઈ આ તો. જેને જન્મ-મરણના દુઃખ ટાળવા હોય એની વાત છે. આહા..!

એક ઘરમાં જુઓને થોડુંક દુઃખ આવે ત્યાં બિચારા રાડેરાડ નાખે છે. આબરુદાર માણસ હોય, અંદરમાં પેદાશ ન હોય. દીકરીઓ પાંચ પાંચ દીકરીયું હોય, છોકરા ત્રણ-ત્રણ, ચાર-ચાર હોય, ૧૫૦-૨૦૦ માંડ પૈસા આવતા હોય. બહારમાં આબરુ મોટી ગણાતી હોય. ભીંસાતા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હોય એવા ભીંસાતા હોય અંદર. ક્યાંય ઊંચું માથું થાય નહિ, લ્યો. માગી શકાય નહિ, છૂટકો અહીંથી થાય નહિ. આ તો બહારના આવા પ્રકાર. એવા એવા દુઃખમાં તો ભાઈ! તું અનંત વાર આવ્યો છો. મૂંઝાઈ ગયો પછી મૂંઝાઈ જાય. પછી મરે. જાણે છૂટશું અહીંથી. પણ અહીંથી છૂટીને જાઈશ ક્યાં? સમજાય છે? દુકાન બદલાવીશ એટલે કંઈ દુઃખના પરિણામ બદલી જશે? દુકાન બદલાશે એટલે કાંઈ લેણદાર વયો જશે? સમજાણું? દીવાળું કાઢ્યું. આ અમે દુકાન બદલાવી. નાની ઉંમરમાં માંડી હતી. દીવાળું કાઢે, શું કહે છે? એ દુકાને અમે દેવાળું કાઢ્યું. એ દુકાનમાં અમારું જે માલિકપણાને લેણમાં હતું એ હવે અમારે નહિ. બીજી દુકાન કરી. ૬૫ વર્ષ પહેલાં. ભાવનગરમાં. આ શું કરતા હશે આવું? પાટિયું કાઢી નાખે અને દેવાળુ છે. બીજી દુકાન માંડે બીજા નામની. પણ તું છો કે નહિ ઈનો ઈ? ભલે અહીંનું કદાચ વયું જાય. દેણદાર તો તું છો. તેં પાઘડી ફેરવીને દેવાળું કાઢ્યું. એમ દુકાન ફરીને બીજે ભવ જાઈશ, બાપા! એથી કંઈ એના દેણા, દુઃખના મિથ્યાત્વના ભાવ કર્યા ઈ કંઈ ફરશે નહિ. સમજાય છે કાંઈ? જૂઠા ભાવના વેદન, ભગવાન! બહુ જૂઠા છે. સમજાય છે કાંઈ?

એથી કહે છે કે જેવું સત્ છે તેવી વસ્તુમાં ઉદ્યમ કરીને ઠર. તને આનંદ થશે. તું આનંદરૂપ પરિણમી જઈશ. થશે એમ નહિ, તું પરિણમી જઈશ એમ કહે છે. એમ કીધું છે ને? જુઓ! '**होही उत्तमं सोक्खं**' મળશે ક્યાંકથી એમ નહિ, તું સુખરૂપ પરિણમી જઈશ. એમ છે ને? જુઓને! '**એવા સૌખ્યસ્વરૂપ પોતે જ થઈ જશે.**' અર્થ છે ને. મૂળ કહેવું છે ઈ. '**होही उत्तमं सोक्खं**' સુખ તને ક્યાંયથી પ્રાપ્ત થશે એમ નહિ. વસ્તુ પોતે જ આનંદસ્વરૂપ છે અને પૂર્ણ છે એમાં તું દૃષ્ટિ કરીને ઠર, તારો આત્મા આનંદરૂપે પરિણમી જશે. દુઃખની દશારૂપે પરિણમ્યો છે તે આનંદરૂપે પરિણમશે. બસ! આ મોક્ષનો ઉપાય છે. સમજાણું કાંઈ? '**સર્વ ઉદ્યમથી સ્થિત થશે, તે આત્મા, સાક્ષાત્ તત્ક્ષણ પ્રગટ થતા એક ચૈતન્યરસથી ભરેલા...**' જોયું! સાક્ષાત્ તત્ક્ષણ. તત્ ક્ષણ. '**પ્રગટ થતા એક ચૈતન્યરસથી ભરેલા સ્વભાવમાં સુસ્થિત...**' એ ચૈતન્યરસથી ભરેલો સ્વભાવ છે તારો. ચૈતન્યરસ રસ. શક્તિ કહો, સ્વભાવ કહો, ગુણ કહો, સામર્થ્ય કહો. એ ચૈતન્યરસરૂપી સ્વભાવથી ભરેલો ભગવાન છે. એમાં રાગ, દુઃખ, વિકલ્પ છે નહિ. એવો ચૈતન્યરસથી ભરેલો ભગવાન છે એવો તેં પહેલો નિર્ણય કર્યો હતો, જાણ્યું હતું, હવે એમાં ઠર. લ્યો, આ કરવાનું કહે છે. શું કરવું? દેરાસર કરવા? પૂજા કરવી? ભક્તિ કરવી? વ્રત પાળવા? એ તો કહેતા નથી આમાં. એઈ..! શેઠી! આહાહા..! ભાઈ! તું કરી શકે છે તે કહેને. ઓલું તું ક્યાં કરી શકે છો? અને વિકલ્પ પણ ખરેખર કર્તાપણે કરી ક્યાં શકે છે? એ તો એ ટાણે કોઈ આવે ત્યારે ખરેખર વિશ્વસમયનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જાણનાર તું છો. તું તો એનો જાણનાર છો, એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? વિકલ્પ છે એનો પણ કરનાર ક્યાં છે? તું તો એનો જાણનાર છો. વિશ્વસમયમાં બધું આવી ગયું. વિકલ્પને જાણનાર, એને (રાગ) થતો હોય તેને જાણનાર. તું તો જાણનાર જાણનાર જ છો. જાણનારના ચૈતન્યરસથી ભરેલો ભગવાન આત્મા છે એમાં ઠર. કેમ ઠરવું? વળી એમ પૂછે કોઈ. આ ઠરમાં શું કહેવું એને? કેમ ખાવું? આમ ખાવું. ઈ બતાવો તમારા હાથે. એવો આત્મા '**સાક્ષાત્ તત્ક્ષણ પ્રગટ થતા એક ચૈતન્યરસથી ભરેલા સ્વભાવમાં સુસ્થિત અને નિરાકુળ (-આકુળતા વિનાનું) હોવાને લીધે જે (સૌખ્ય)...**' એ સુખની વ્યાખ્યા થઈ. કેવું છે? '**ભરેલા સ્વભાવમાં સુસ્થિત અને નિરાકુળ (-આકુળતા વિનાનું) હોવાને લીધે જે (સૌખ્ય) 'પરમાનંદ' શબ્દથી વાચ્ય છે,...**' લ્યો. જે સુખ પરમાનંદના શબ્દથી કહેવાલાયક છે. એ આત્માનો આનંદ અંદર સ્વરૂપમાં ઠરતાં જે આનંદ આવે એ 'પરમાનંદ' નામના શબ્દથી કહેવા લાયક છે. '**શબ્દથી વાચ્ય છે,...**' 'પરમાનંદ' શબ્દથી વાચ્ય છે.

'**ઉત્તમ છે,...**' ઉત્તમ છે '**અને અનાકુળતા-લક્ષણવાળું છે...**' સમજાણું? '**ભરેલા સ્વભાવમાં સુસ્થિત અને નિરાકુળ હોવાને લીધે...**' આને કારણે. એમ. આકુળતા વિનાનું હોવાને કારણે જે આત્માનો આનંદ સ્વરૂપમાં ઠરતા, વસ્તુ ભગવાન ચૈતન્ય વિશ્વસમયમાં ઠરતા એ આનંદ શબ્દથી વાચ્ય કરવા લાયક એવું સુખ '**ઉત્તમ છે, અનાકુળતા લક્ષણવાળું છે એવા સૌખ્યસ્વરૂપ પોતે થઈ જશે.**' આનંદરૂપે પોતે જ પરિણમી જશે. સમજાણું કાંઈ? આ તો કહે કે ભઈ, અમને આટલા સુખના ઢગલા છે, આટલા સુખના. એ બધા સુખના નિમિત્ત નથી, દુઃખના નિમિત્ત છે. અને તું નિમિત્તપણે પરિણમતો નથી. દુઃખપણે પરિણમે છો તે વખતે. આ તો પોતે દુઃખના વિકલ્પથી ભિન્ન પડી એનો પણ જાણનાર આ સ્વરૂપ ભગવાન છે એના અંદર ઠરતા આત્મા આનંદરૂપે પરિણમી જશે. કેમ કે એનું સ્વરૂપ જ આનંદમય છે. આનંદમય સ્વરૂપમાં ઠરતાં આનંદરૂપી પરિણતિ થઈ જશે. લ્યો, આ છેલ્લો સમયસારનો ૪૧૫ શ્લોકનો-આનંદની પ્રાપ્તિ એવો-સાર કહીને મહિમા બતાવ્યો. સ્વરૂપનું ફળ બતાવ્યું, ફળ. શું થશે? કે આનંદરૂપ થઈ જઈશ. એમ. સમજાણું કાંઈ?

'**ઉત્તમ છે, અનાકુળતા લક્ષણવાળું છે એવા સૌખ્યસ્વરૂપ પોતે થઈ જશે.**' એવો સુખસ્વરૂપ પરમાનંદ શબ્દથી કહેવા લાયક પોતે જ થઈ જશે. ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનાદિ અનંત ગુણનો પિંડ છે એમાં અંદર ઠરતા પોતે જ પર્યાયની આનંદની દશારૂપે (પરિણમી જશે). જુઓ, એક આનંદને મુખ્ય નથી લીધો. સમજાય છે ને? બીજા બધા સાથે શુદ્ધરૂપી અવસ્થા થઈ છે પણ એ બધી આનંદના પરિણમન સાથે બધી થઈ છે એટલે આનંદને મુખ્ય ત્યાં મૂક્યો છે. દુનિયાને ધ્યેય તો આનંદનું-સુખનું છે ને? સુખ માટે ઝાંવા છે કે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નહિ? અહીંથી લઈએ, અહીંથી લઈએ, બાયડીમાંથી લઈએ, પૈસામાંથી લઈએ, ધૂળમાંથી લઈએ, શરીર નિરોગ કરીને લઈએ, લાડવા ખાઈને લઈને,... ધૂળમાંય નથી. દુઃખ છે બધે. કહો, સમજાણું કે નહિ? સારા છોકરા થાય તો સુખ, પૈસા થાય તો સુખ, મકાન થાય તો સુખ. ધૂળમાંય નથી. એ તો માટી પરવસ્તુ. તને શું થયું એમાં? તારું ત્યાં લક્ષ જાય છે એટલી આકુળતા થાય છે તને. અને તારો આત્મા ત્યાં જેટલું લક્ષ જશે, એકાગ્ર (થઈશ) એટલો તને આનંદ થશે. એમ કહે છે.

ભગવાન આનંદધામ છે. ચિદાનંદ સ્વરૂપ છે, કહે છે લ્યો. ભારે ગાથા. આખા સારને... જીવ, અજીવ, કર્તાકર્મ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ અને સર્વવિશુદ્ધ. આ બધું ભણીને આમાંથી આ કાઢવાનું છે તારે. જ્ઞાનમય સર્વ વિશ્વનો જાણનારો પરમબ્રહ્મ ભગવાન છે. ચૈતન્યરસથી ભરેલો છે. ભરેલો જ છે. ભરપૂર સ્વભાવથી ભરેલો ભગવાન છે. સમજાણું? કોઠી જેમ ભરી હોય ને મોટી? એ તો... શું કહેવાય? કાણું. કાણું કાઢે તો થઈ રહે કો'ક વાર. આ ભગવાન એવી કોઠી મોટી આનંદના .. છે, કાઢ એટલો આનંદ નીકળે છતાં કોઈ દી ખૂટે નહિ. એવો આત્મા છે. એવો આત્માનો નિર્ણય જ્ઞાન કરીને ઠર. કહો, સમજાણું કાંઈ?

'**પરમાનંદ**' **શબ્દથી વાચ્ય છે...**' વાચ્ય એટલે પરમાનંદ શબ્દથી સુખને પરમાનંદથી કહેવું. એવું '**ઉત્તમ છે અને અનાકુળતા-લક્ષણવાળું છે એવા સૌખ્યસ્વરૂપ પોતે જ થઈ જશે.**' કારણ કે પોતે જ આનંદસ્વરૂપ છે. આનંદસ્વરૂપ છે. એમાં ઠસોઠસ ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદનો રસ જ પડ્યો છે. દુનિયાના વિષયના રસની ગંધ પણ જેમાં નથી. અને આત્માનું સુખ છે એ વિષયની ગંધમાં ક્યાંય નથી. વિષયસુખની ગંધમાં આત્માની ગંધ નથી. અને આત્માની ગંધમાં વિષયના સુખની ગંધ નથી. આમ ... સુખમાં. ધૂળેય નથી, દુઃખી છો, સાંભળને! પાંચ ઈન્દ્રિયના વિષયથી પીડિત પ્રાણી, પાંચ ઈન્દ્રિયના વિષયથી પીડિત પ્રાણી વિષયમાં રમે છે. આવે છે ને? પ્રવચનસાર. આહાહા..! વિષયમાં રમે છે. 'દુર્લભ મનુષ્યપણું પામીને જે વિષયોમાં રમે છે તે રાખને માટે રતનને બાળે છે.' એ તો ઘણા વખતથી આવે છે. ધૂળમાંય નથી ત્યાં વિષયમાં. સમજાણું? વિષયમાં વિષ છે. વિષયમાં વિષ છે માટે એનું નામ વિષય પાડ્યું છે. ઝેર છે. એઈ..! આહાહા..! ભગવાન આત્માનો વિષય કર, ત્યાં ઝેરને મારનારો આનંદ છે. આહાહા..! લ્યો, એ ટીકા થઈ. એક ગાથાની ટીકા થઈ.

'**ભાવાર્થ :- આ શાસ્ત્રનું નામ સમયપ્રાભૃત છે.**' પ્રાભૃત કહો કે સાર કહો. આ શાસ્ત્રનું નામ સમયપ્રાભૃત છે. '**સમય એટલે પદાર્થ,...**' બે વ્યાખ્યા કરી. '**અથવા સમય**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**એટલે આત્મા.**' સમય આત્માને કહીએ અને સમય છએ દ્રવ્યને કહેવામાં આવે છે. '**તેનું કહેનારું આ શાસ્ત્ર છે.**' ખરેખર તો આત્માને કહેનારું છે પણ આત્મા બધા પદાર્થનો જાણનાર છે ને એટલે એ બધા પદાર્થને કહેનારું, આત્માને કહ્યો એટલે બધાને કહેનાર છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ બધા પદાર્થને જાણનારો છે. એટલે આત્મા જ પોતે જ્યાં જાણ્યો એટલે બધા પદાર્થને કહેનારો. આત્માને કહેનારું શાસ્ત્ર એ બધા પદાર્થને કહેનારનું શાસ્ત્ર થઈ ગયું. સમજાણું કાંઈ? '**આ શાસ્ત્ર છે.**'

'**વળી આત્મા તો સમસ્ત પદાર્થોનો પ્રકાશક છે.**' ભગવાન તો પ્રકાશક ચૈતન્ય સૂર્ય બધાનો પ્રકાશક છે. કોઈ ચીજનો પોતા સિવાયનું પરિણમન કરનારો નથી. બધાનો પ્રકાશક છે. પોતે પરિણમનાર છે અને પરને એકલો જાણનાર છે. '**આવા વિશ્વપ્રકાશક આત્માને કહેતું હોવાથી...**' આવા વિશ્વપ્રકાશક. સમસ્ત પદાર્થોનો પ્રકાશક એવો આત્મા. એમ. સમસ્ત પ્રકાશને પ્રકાશતો એવો આત્મા. એને કહેતું હોવાથી. વાણી, વાણી. વાણી કહેવી છે ને હવે. '**આ સમયપ્રાભૃત શબ્દબ્રહ્મ સમાન છે;...**' શબ્દબ્રહ્મ સમાન છે. ભગવાન પરમબ્રહ્મ સ્વરૂપ છે તો એને કહેનારું શાસ્ત્ર છે એટલે શાસ્ત્રને પણ શબ્દબ્રહ્મ લાગુ પડે છે. 'વચનામૃત વીતરાગના..' આવે છે ને? વચનામૃત વીતરાગના. વચન અમૃત વીતરાગના. ઓલો વીતરાગી અમૃત આત્મા છે એને કહેનારા શબ્દોને વચનામૃત વીતરાગના (કહ્યું). આવે છે ને?

વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ,<br>
ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.

કાયરના કાળજા ધ્રુજે એવી વાત છે, કહે છે. વીતરાગના વચનો અપૂર્વ આહ્લાદદાયક, અપૂર્વ દુઃખના નાશક, સંસારનો ભુંહાડિયો વાળનારા છે અને મોક્ષના દેનારા છે. એવી વીતરાગની વાણી લોકોને, કાયરને તો આમ (ધ્રુજાવે એવી છે). બહુ આકરું.. આમ કરી કરીને... સમજાણું કાંઈ? એવા વચનામૃત વીતરાગના. પરમ શાંતરસ મૂળ. વાણી વાણીને પરમ શાંતરસ મૂળ કીધી. પરમ શાંતરસને બતાવનારું છે અને વાણી પરમ શાંતરસનું મૂળ છે. પરમ શાંતરસને બતાવનારી વાણી. પરમશાંત આનંદરસ આત્માનો છે એને વીતરાગ બતાવે છે. એને એમ ન કહ્યું કે કષાયને બતાવે છે, પરને બતાવે છે. એ તો અહીં પરમશાંતરસનું જ્ઞાન અને ભાન થયું ત્યાં બધું શું છે એ પણ જ્ઞાનમાં આવી ગયું. 'સબ આગમભેદ સુ ઉર બસે'. સમજાણું કાંઈ?

'**વિશ્વપ્રકાશક આત્માને કહેતું હોવાથી આ સમયપ્રાભૃત શબ્દબ્રહ્મ સમાન છે;...**' શબ્દબ્રહ્મ સરખું છે. '**કારણ કે જે સમસ્ત પદાર્થનું કહેનાર હોય...**' બધા જગતના ત્રણકાળ ત્રણલોકના પદાર્થને કહેનારું હોય તેને શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે. બધાને જાણનાર

હોય એને બ્રહ્મ કહેવાય છે. આત્મા પરમબ્રહ્મ. એને પ્રકાશનારા શબ્દોને શબ્દબ્રહ્મ કહેવાય છે. ત્રણકાળ ત્રણલોકને જાણનાર આત્માને પરમબ્રહ્મ કહેવાય છે. એના કહેનાર શબ્દને શબ્દબ્રહ્મ કહેવાય છે. સમજાણું કાંઈ? ઉદક રતન, મણિરતન આવે છે ને? ઊંચું પાણી હોય તો એને ઉદક રતન કહેવાય. પાણીમાં રતન છે એમ કહેવાય. શબ્દો એવા એને લાગુ પડે. ઓલામાં ભાવ છે ને એવો. ઉદક ઊંચું. ઉદક રતન શાસ્ત્રમાં આવે છે. ઉદક સમજાય છે? પાણી. મણિરત્ન. મણિમાં ઊંચું. પાણી રતન પાણીમાં ઊંચું. પુત્રરત્ન. રાજરત્ન આવે છે કે નહિ? બધે ઉપમા આપે છે કે નહિ? એઈ..! રાજમાં ઊંચો, પુત્રમાં ઊંચો, ફલાણામાં ઊંચો. વિદ્ધ રત્ન, ધર્મ રત્ન, આ સમ્યગ્દર્શન, ચારિત્ર રત્ન. કહે છે, એમ આત્મામાં ચૈતન્ય રત્ન છે. બ્રહ્મસ્વરૂપ છે તો આ વાણીને પણ એવી ઉપમા દેવામાં આવે છે. શબ્દબ્રહ્મ છે, વાણી પણ શબ્દબ્રહ્મ છે. સમજાણું કાંઈ? ચૈતન્ય રત્ન છે તો શબ્દ શાસ્ત્ર પણ શાસ્ત્ર રતન છે, શાસ્ત્ર રતન છે. આહાહા..! સમજાણું કાંઈ?

‘**શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે.**’ સર્વ પદાર્થને કહેનારું હોય તેને શું કહેવાય? ‘**દ્વાદશાંગશાસ્ત્ર શબ્દબ્રહ્મ છે...**’ જુઓ, બાર અંગ છે ને, શબ્દબ્રહ્મ છે. બાર અંગ. ભગવાનની વાણીમાં બાર અંગ આવ્યા. સર્વજ્ઞ પરમેશ્વરને જ્ઞાન જ્યાં પૂર્ણ થયું, ૐ ધ્વનિમાં બાર અંગ આવ્યા. આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ એવા બાર અંગ. એક એક સૂત્રમાં.. સમજાય છે? એક કરોડ કે એવો શ્લોક છે. એવા એવા અઢાર હજાર પદ. એવા એવા આચારાંગ, ઠાણાંગ બાર અંગથી મોટા... હાથી જેટલી સ્યાહી હોય તો લખાય નહિ. એવા દ્વાદશાંગ શબ્દબ્રહ્મ છે ‘**અને આ સમયપ્રાભૃતશાસ્ત્રને પણ શબ્દબ્રહ્મની ઉપમા છે.**’ એ માંહ્યલો ભાગ છે તો એને પણ શબ્દબ્રહ્મ કહેવાય છે. સમજાય છે કાંઈ? ‘**આ શબ્દબ્રહ્મ (અર્થાત્ સમયપ્રાભૃતશાસ્ત્ર) પરબ્રહ્મને (અર્થાત્ શુદ્ધ પરમાત્માને) સાક્ષાત્ દેખાડે છે.**’ એને દેખાડે છે માટે આને શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે. હવે એનો સાર કહેશે પછી...

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**મહા વદ ૭, મંગળવાર તા. ૨૦-૨-૧૯૬૮**
**ગાથા-૪૧૫, શ્લોક-૨૪૬. પ્રવચન-૪૯૩**

(૪૧૫ ગાથાનો) ભાવાર્થ :- '**આ શાસ્ત્રને ભણીને...**' ત્યાંથી આવ્યું, વચમાં. આ સમયસાર પૂરું થાય છે. ૪૧૫ શ્લોકે આચાર્યે ભલામણ કરી છે એનો જ અર્થ આમાં કહેવાય છે. સમયસાર એટલે વચનો અને સમયસાર એટલે આત્મા. આ સમયસાર એટલે વચનો જે છે એ શબ્દબ્રહ્મ છે. ભગવાનની વાણી દિવ્યધ્વનિ જે છે પૂર્ણ સ્વરૂપને બતાવનારી છે. ભગવાન પરમાત્મા કેવળી. પૂરું બધું કહેનારી હોવાથી એ વાણીને શબ્દબ્રહ્મની ઉપમા અપાય છે. કારણ કે બધું તેમાં કહી શકાય છે. એથી એ શબ્દબ્રહ્મ કહેવાય છે. અને એને જાણનારો, બધું જાણનારો એવો આત્મા એને આત્મબ્રહ્મ કહેવાય છે. સમજાણું કાંઈ?

આ આત્મા જે છે એ સર્વજ્ઞ ભગવાન પરમેશ્વરે એવો કહ્યો અને એવો જોયો અને એવો છે કે એ સર્વને જાણનાર-દેખનાર આત્મબ્રહ્મ ભગવાન આત્મા છે. એને બતાવનારું આ શબ્દ શાસ્ત્ર છે. તો કહે છે કે '**આ શાસ્ત્રને ભણીને...**' ભણીને. પહેલું ભણવું જોઈએ એને. સાંભળવું જોઈએ, વિચારવું જોઈએ, વાંચવું જોઈએ, મનન કરવું જોઈએ. '**આ શાસ્ત્રને ભણીને...**' સર્વોત્કૃષ્ટ સર્વજ્ઞની વાણીમાં જે રીતે આત્માને વર્ણવાય તે રીતે વર્ણન આવ્યું તે વર્ણન આ સમયસારમાં છે. સમજાય છે કાંઈ? તીર્થંકરદેવ પરમેશ્વર ત્રિલોકનાથ એની વાણી જે સર્વોત્કૃષ્ટપણે જે આવી એનું નામ શબ્દબ્રહ્મ છે. એનો આ ભાગ છે-સમયસાર. એને ભણીને '**તેના યથાર્થ અર્થમાં ઠરશે...**' જુઓ હવે. ભણીને ભગવાન આત્મા એ યથાર્થ વસ્તુ છે. આ ચૈતન્ય ભગવાન જ્ઞાનમૂર્તિ પૂર્ણાનંદ જ્ઞાનતત્ત્વ કહેશે હમણાં, પણ એ જ્ઞાન, આનંદ આદિ વસ્તુનું સ્વરૂપ છે એ આત્મા છે. એમાં ઠરશે એનું કલ્યાણ થશે. સમજાણું કાંઈ? '**તે પરબ્રહ્મને પામશે.**' એમ. જે આમાં આત્મા કહ્યો, યથાર્થ અર્થ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ એમાં એનું જ્ઞાન કરી, એને ભણી અને એમાં ઠરશે એટલે એનો અનુભવ કરશે તેને આત્મા પ્રાપ્ત થશે. એટલે શું? સમજાણું કાંઈ?

એને ધર્મ પ્રાપ્ત થશે. કોને? આ આત્મા જે જ્ઞાન, આનંદ આદિ સ્વરૂપે વર્ણવ્યો એવો જે આત્મા એને બરાબર સાંભળી, ભણી, એની શ્રદ્ધા, એનું જ્ઞાન કરી, એમાં ઠરશે '**તે પરબ્રહ્મને પામશે.**' તે પોતાનું પરમાનંદ સ્વરૂપ શબ્દબ્રહ્મને ભણી એનો યથાર્થ અર્થ જે કીધો એવો જે આત્મા એમાં ઠરશે તો વસ્તુ જે શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે તેવી તેની પર્યાયમાં તેને પ્રાપ્તિ થશે. સમજાણું કાંઈ? '**અર્થમાં ઠરશે તે પરબ્રહ્મને પામશે.**' ભાવાર્થ છે. ભાવાર્થનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અડધો ભાગ ચાલ્યો છે અને અડધો ભાગ બાકી છે. ૪૧૫નો ભાવાર્થ. સમજાય છે કાંઈ?

**'અને તેથી જેને...'** શું કહે છે? આ આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ આનંદ છે. આનંદ એનું સ્વરૂપ છે અને જ્ઞાન એનું સ્વરૂપ અહીં તો કહેશે. એ જ્ઞાન સાથે આનંદ એનો સ્વભાવ છે. એવું પહેલું શાસ્ત્રથી સાંભળી, ભણી અને પછી એની શ્રદ્ધા કરી, જ્ઞાન કરીને એમાં ઠરશે, તે આ વસ્તુ શુદ્ધ ચિદાનંદ છે તેની તેને પ્રાપ્તિ થશે. એનું નામ આત્મજ્ઞાન, એનું નામ આત્મદર્શન, એનું નામ આત્મઅનુભવ, એનું નામ આત્માના આનંદની પ્રાપ્તિ. કહો, સમજાય છે કાંઈ? **'તેથી જેને પરમાનંદ કહેવામાં આવે છે એવા ઉત્તમ, સ્વાત્મિક,...'** એટલે શું કહે છે? કે વસ્તુ જે શુદ્ધ ચૈતન્ય આનંદ છે એ જે ધર્મી જીવ એની વર્તમાન પર્યાયમાં સ્વરૂપમાં ઠરશે એને પરમાનંદ જે શબ્દથી કહેવામાં આવે છે એવું સુખ પણ એને પરિણમી જશે. એનો આત્મા આનંદરૂપે થઈ જશે. એ કેવો છે આનંદ? ઉત્તમ છે, સ્વાત્મિક છે, સ્વાધીન સ્વસ્વરૂપે છે. કેવો છે? ઉત્તમ છે, સ્વસ્વરૂપ છે, સ્વાધીન છે. **'બાધારહિત...'** છે. **'અવિનાશી સુખને પામશે.'** જે આત્મામાં આનંદ અવિનાશી પડ્યો છે એની અંતરમાં અનુભવ ને દૃષ્ટિ કરીને ઠરશે તે પર્યાયમાં અવિનાશી આનંદપણે થઈ જશે. અવિનાશી આનંદપણે પરિણમશે. બહુ ટૂંકી વાત કરી.

**'માટે હે ભવ્ય જીવો! તમે પોતાના કલ્યાણને અર્થે...'** જુઓ! પોતાના કલ્યાણને અર્થે એટલે આ ભણીને, વાંચીને કો'કને કહેવું છે, સંભળાવવું છે એમ નહિ એમ કહે છે. દુનિયામાં પંડિતાઈ કહેવરાવવી હોય, સભા રિઝવવી હોય, દુનિયામાં અમે જાણીએ છીએ એવી કાંઈ પ્રસિદ્ધિ થાવી હોય, તો એમાં કંઈ માલ છે નહિ. ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે જે કેવળજ્ઞાનમાં આત્મા જોયો એવો કહ્યો. એવો શાસ્ત્રમાં કહ્યો. એવા આત્માને ભણીને અંતરમાં ઠરશે. આનો અભ્યાસ કરવો પોતાના કલ્યાણને અર્થે. એક શબ્દ પડ્યો છે આ. આનો અભ્યાસ કરવો. પોતાના હિતને માટે આનો અભ્યાસ કરવો. જાણીને કોઈને હું કહું ને સંભળાવું એમ પ્રસિદ્ધિ પામવું એમાં કંઈ આત્માનું કલ્યાણ નથી.

**'કલ્યાણને અર્થે આનો અભ્યાસ કરો, આનું શ્રવણ કરો, નિરંતર આનું જ સ્મરણ અને ધ્યાન રાખો, કે જેથી અવિનાશી સુખની પ્રાપ્તિ થાય. આવો શ્રી ગુરુઓનો ઉપદેશ છે.'** કહો, સમજાણું કાંઈ?

**'હવે આ સર્વવિશુદ્ધજ્ઞાનના અધિકારની પૂર્ણતાનો કળશરૂપ શ્લોક કહે છે :-'** છેલ્લો. ૨૪૬ને?

**इतिदमात्मनस्तत्त्वं ज्ञानमात्रवस्थितम्।**
**अखण्डमेकमचलं स्वसंवेद्यमबाधितम्।।२४६।।**

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઓહોહો..! ટૂંકામાં કેટલું કહી નાખ્યું! આખું સમયસાર કહી દીધું આમાં.

'**શ્લોકાર્થ :- આ રીતે આ આત્માનું તત્ત્વ...**' એટલે આત્મા છે એનું તત્ત્વ નામ ભાવ, એનું સ્વરૂપ. શું? '**(પરમાર્થભૂત સ્વરૂપ) જ્ઞાનમાત્ર નક્કી થયું...**' શું કહ્યું? જ્ઞાન, જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. એ આત્માનું સ્વરૂપ. જાણવું.. જાણવું.. જાણવું એ આત્માનું સ્વરૂપ. શરીર, કર્મ સ્વરૂપ નહિ. પુણ્ય-પાપના શુભ-અશુભ જોગ સ્વરૂપ નહિ. સમજાય છે કાંઈ? આત્મા એનું સ્વરૂપ-સ્વભાવ જ્ઞાનમાત્ર-જાણવું.. જાણવું.. જાણવું.. એવું ચિદ્‌ઘન એવો જે આત્મા, એ જ્ઞાનમાત્ર છે એમ નક્કી થયું. એટલે? કે જે આત્મા જ્ઞાનમાત્ર છે એને પ્રાપ્ત થવામાં શુદ્ધ ઉપયોગથી પ્રાપ્ત થશે એમ કહે છે. કેમ કે જ્ઞાનમાત્ર વસ્તુ છે. એમાં કોઈ પુણ્ય-પાપના વિકલ્પ ને દયા, દાનના વિકલ્પથી પ્રાપ્ત થાય એ એનામાં છે નહિ તો એનાથી પ્રાપ્ત નહિ થાય એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાનનો પુંજ છે. પ્રથમ ધર્મ કરવો હોય એની વાત છે આ. આહાહા..! ભગવાન આત્મા આ રજકણ, દેહ, વાણી, મન તો એની વસ્તુ જ નથી. સમજાણું કાંઈ? એ તો આવે છે ને? ભાઈ! પ્રવચનસારમાં કહ્યું. આ ઘણીવાર કહીએ છીએ કે એના થઈને રહ્યા છે. એમાં ઈ શબ્દ છે પ્રવચનસારમાં. ભાઈ! શરીર, વાણી અને મન. શરીર, વાણી, મનનો હું કર્તા નથી, કરાવતો નથી, મેં ભેગા કર્યા નથી, એ મારા થઈને રહ્યા નથી, એ એના થઈને રહ્યા છે. એવો શબ્દ છે. શરીર, વાણી, મન એ પરમાણુની જડની પર્યાય છે. એના થઈને એના અસ્તિત્વમાં એના થઈને રહ્યા છે. એમાં કારણરૂપે હું નથી, એનો કર્તા હું નથી, એનો પ્રયોજક, યોજક-યોજના કરીને શરીરને રાખું, વાણીને રાખું એ હું નથી. એમાં રહ્યા છે માટે ઠીક છે એવો અનુમોદ કરનાર હું નથી. એને આત્મા કહીએ. સમજાણું કાંઈ? જ્ઞાનમાત્ર છે ને. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા.. આ તો એક બીજો પણ વિચાર આવ્યો હતો એમાં. ઓલું આવે છે ને ભાઈ? અલિંગગ્રહણમાં. આત્મા શુદ્ધ ઉપયોગસ્વભાવી છે. ભગવાન આ કહે છે ને? એ આત્મા શુદ્ધ ઉપયોગ આઠમે થાય (એમ કહે છે). ભગવાન! પણ આત્મા શુદ્ધ ઉપયોગસ્વભાવી જ છે. એ આત્મા પ્રાપ્ત થાય ત્યારે શુદ્ધ ઉપયોગથી જ પ્રાપ્ત થાય છે. ભાઈ! આ તો જ્ઞાનમાત્ર છે. આહાહા..! સૂર્યનો દાખલો નથી આપ્યો? સૂર્યને જેમ મેલ નથી, ગ્રહણ નથી. એમ ભગવાન આત્મા શુદ્ધ ઉપયોગી સ્વભાવી છે. શુદ્ધ ઉપયોગ. જો કોઈ એમ કહે કે મેં આત્મા જાણ્યો તો એ આત્મા શુદ્ધ ઉપયોગી સ્વભાવ છે તો શુદ્ધ ઉપયોગથી જણાય એવો છે. આહાહા..! એઈ..! આ જ્ઞાનમાત્ર છે એમાંથી (નીકળે છે). એમાં રાગ નથી, પુણ્ય નથી, વિકલ્પ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ્ઞાનમાત્ર છે ઈ જ્ઞાનના વેપારથી જ જ્ઞાનમાત્ર વસ્તુ જણાય છે. એમાં રાગનો વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પવાળો છે નહિ અને એનાથી તે જણાય નહિ. એટલે કોઈ એમ કહે કે આત્મા એટલે એ શુભજોગથી જણાય. તો કહે છે કે આત્મા શુભજોગસ્વરૂપ જ નથી. ભાઈ! એ સ્વરૂપ જ નથી. જે સ્વરૂપ નથી એનાથી તું પ્રાપ્ત શી રીતે કરીશ? સમજાય છે કાંઈ? જ્યારે જેને પ્રાપ્ત થયો છે એ આત્મા શુદ્ધ ઉપયોગસ્વભાવી છે. શુદ્ધ ઉપયોગ. એટલે પુણ્યના ભાવ દયા, દાન, વ્રતના એ શુભભાવ છે. હિંસા, જૂઠું, ચોરીના અશુભભાવ છે. એ બેય અશુદ્ધ ઉપયોગ છે. અશુદ્ધ ઉપયોગ એ આત્મા નથી. એ અનાત્મા છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ભાઈ! આ જેમ અનાત્મા છે ને? શરીર, કર્મ આ અનાત્મા જડ છે. વાણી જડ છે, મન જડ છે, એમ પુણ્ય અને પાપ પ્રભુ! અચેતન છે. તને ખબર નથી. એ જડ છે. જડ રજકણ નહિ. પણ એનો ઉપયોગ જે છે અશુદ્ધ તે અચેતન છે. એમાં જ્ઞાનનો અંશ અને શુદ્ધતાનો અંશ છે નહિ. આ તો જ્ઞાનમાત્ર કરીને ભગવાને આત્માને સિદ્ધ કર્યો. કુંદકુંદાચાર્યે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એ તો જ્ઞાનમાત્ર વસ્તુ છે. અને એ જ્ઞાનમાત્ર વસ્તુ છે તો એ જ્ઞાનમાત્રથી સ્વસંવેદનમાં કહેશે, સ્વસંવેદ્યક છે. આગળ કહેશે. પોતાથી પોતે જણાય છે. એટલે રાગ અને પુણ્ય વિકલ્પ એનો નથી કે એનાથી જણાય. એમ કહે છે. નવરંગભાઈ! વાતું એવી છે, બાપા! આહાહા..! વસ્તુ જ આવી છે ને, ભગવાન! એમાં વાદને સ્થાન નથી, એમાં તર્કને સ્થાન નથી. વસ્તુની એવી સ્થિતિ એવી ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવે કહી છે. લોકોને સાંભળવા ન મળે અને ઊંધે રસ્તે ચડે એથી શું? એથી કંઈ રસ્તો આવી જાય એવું છે?

મુમુક્ષુ :- બીજે રસ્તે ચડતાં સારે રસ્તે...

ઉત્તર :- ઊંધે રસ્તે ચડતાં સવળો આવી જતો હશે? ઝેર પીતા અમૃતનો ઓડકાર આવતો હશે? શેઠી!

મુમુક્ષુ :- ... લાંબો થઈ જાય.

ઉત્તર :- લાંબો થઈ જાય. જાવું હોય ભાવનગર અને ઢસા જાય. ઢસી જાય, ઢસે-ઢસી જાય. આ બાજુ ઢસા છે, આમ ભાવનગર. જુઓ! અમારે અહીં વચમા પડ્યા છીએ ને. આમ ભાવનગર છે. પૂરું થવાને. સમજાય છે? અને આમ છે ઢસા. હેઠે ઢસડવાનું. ઉગમણું ભાવનગર છે, આથમણું ઢસા છે. સમજાણું કાંઈ? જાવું હોય અને જાય આમ તો દૂર પડતું જાય. ભાઈ! તને ખબર નથી.

આત્માને પ્રાપ્ત કરવો એટલે પ્રાપ્ત કરવો એટલે જ્ઞાનસ્વરૂપ છે ઈ. અને જ્ઞાનસ્વરૂપ છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


તો જ્ઞાનની પર્યાયની શુદ્ધતા દ્વારા જ પ્રાપ્ત થાય છે ઈ. કેમ કે વસ્તુ પોતે એવી છે. આહાહા..! સમજાય છે કાંઈ? પહેલો જેણે આત્મા જાણ્યો હોય અને જાણવો હોય તો એ શુદ્ધ ઉપયોગ દ્વારા જ જણાશે. એ શુદ્ધ ઉપયોગસ્વભાવી આત્મા છે. સમજાણું કાંઈ? કહો, ચંદુભાઈ! આહાહા..! ભગવાન! આ શરીર પણ તારું નથી. એ તો શરીર ને વાણી ને મન ત્રણે એ એના થઈને રહ્યા છે. તારા એક સમયમાં થઈને રહ્યા નથી. ભાઈ! એ એના થઈને ત્યાં રહ્યા છે. તારા થઈને તારા રૂપે તારામાં થઈને નથી રહ્યા. હવે એની સાથે શું કામ છે તારે? એ તો પર જડ માટી-ધૂળ છે. આહાહા..!

હવે અહીં તો કહે છે કે શુભ અને અશુભ પરિણામ અનાત્મા થઈને રહેલા છે. આત્માના સ્વરૂપ થઈને રહેલા નથી. આહાહા..! ભારે વાત ભાઈ! અરે..! વીતરાગનો માર્ગ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો, જોયેલો અને એ રીતે છે. એને સાંભળવા મળે નહિ. માણસ માને કે અમે ધર્મ કરીએ છીએ. સમજાય છે કાંઈ? ભાઈ! ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે ને. એમ પરમેશ્વર કહે છે ને. જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનસ્વભાવ જે એનો સ્વભાવ છે એનાથી પ્રાપ્ત થાય કે એનાથી વિરુદ્ધ વિભાવથી અને બાહ્ય ક્રિયા જડથી પ્રાપ્ત થાય? આહાહા..! ભગવાન આત્મા આમ જ્ઞાન જ્ઞાનસૂર્ય છે, ચૈતન્યસૂર્ય છે, એને અહીં આત્માનું તત્ત્વ કહ્યું છે. આત્માનું તત્ત્વ એટલે આત્માનું સ્વરૂપ, આત્માનો ભાવ, ભવન. એ આખું ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વરૂપ છે એનું પર્યાયમાં થવું એ તો રાગ ને પુણ્યની વિકલ્પની સ્થિતિથી દૂર ખસી અને અંતર સ્વરૂપમાં એકાગ્ર થતાં તે સ્વભાવ છે તેવો જ્ઞાનનો વેપાર થાય. જ્ઞાનના વેપારમાં રાગનો અને મલિનનો વેપાર હોઈ શકે નહિ. એવો જ્ઞાનનો વેપાર એનો અર્થ શુદ્ધ ઉપયોગ છે. સમજાણું કાંઈ? આહાહા..! કેમ કે જ્ઞાનસ્વરૂપ છે. એટલે શુદ્ધસ્વભાવસ્વરૂપ જ છે. શેઠી! આહાહા..! આકરું લાગે કે ન પકડાય એથી કંઈ બીજી ચીજ થઈ જશે? વસ્તુ તો જે છે તે છે. ત્રણે કાળ ભગવાન પરમેશ્વરે જે કહ્યું છે તે તત્ત્વ છે. આમ બોલે બહુ સાંજ-સવાર, કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં. અરિહંતા શરણં. મંગળિકમાં બોલે ને ઘડિયો. દરિયાપરીયા જાતા ને? જાતા બેય મિત્રો. અરિહંતા મંગલ, સિદ્ધા મંગલ, સાહૂ મંગલં, કેવળી પણ્ણત્તો ધમ્મો મંગલં. ભગવાન જાણે શું કહે છે આ?

મુમુક્ષુ :- બોલતા હતા ખરા.

ઉત્તર :- બોલતા હતા ખરા. બોલતા હતા ખરા ઈ ખોટું છે, કહે છે. અહીં બોલતા ઈ આત્માની જ ભાષા નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ પુદ્ગલ બોલતું હતું. આત્મા બોલે જ નહિ કોઈ દી, એમ કહે છે અહીં.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમ કે એટલું થોડું હતું. એમ કહેવા માગે છે. થોડોક દોકડો રાખવા માંગે છે. થોડોક. બોલતા હતા, આત્માની ભાષા નથી. એ જડની છે. જડ અનાત્મા બોલે, આત્મા બોલે નહિ. એ બોલે તે બીજો અને જાણનારો તે બીજો. એવી વાત છે. સમજાણું? આ ભાષા તો જડ છે, માટી છે. અજીવતત્ત્વની ધ્વનિ ઉઠે. વાણીનું ન હમણાં કહ્યું? વાણી, શરીર અને મન. ત્યાં તો એમ પણ કહ્યું છે ને? ભાઈ! એક ગાથામાં છે. શરીર કહીને મન, વાણી પણ ભેગા સમજી લેવા. પહેલા સ્પષ્ટ કર્યું છે. પછી છેલ્લે ટૂંકુ કરી નાખ્યું. શરીર, વાણી અને મન એ પરમાણુ અચેતન પુદ્ગલ છે. એ અચેતન પુદ્ગલસ્વરૂપે છે. એના અસ્તિત્વ ઉત્પાદ-વ્યય-ધ્રુવપણે એને કારણે રહેલા છે. એનો આત્મા કર્તા નથી, એનો આત્મા કારણ નથી. એનો આત્મા લાવનાર નથી, એનો આત્મા જોરના પ્રયોજક કરીને શરીરરૂપે આમ બનાવું, વાણીરૂપે આમ બનાવું એવો યોજનાર (નથી). તમારે યોજના હોય છે ને? વાણિયા હુશિયાર નથી (હોતા)? આ યોજના કોણ કરી? ફલાણાએ કરી. એમ કહે છે ને? એઈ..! મલૂકચંદભાઈ! ગોઠવણ. એ વાણીની ગોઠવણ અને શરીરની યોજના આત્મા ત્રણકાળમાં કરી શકતો નથી. પ્રયોજક, પ્રયોજક શબ્દ છે? પ્રયોજક. પ્ર-વિશેષે યોજક.

વાણીની રચના વાણીથી થાય છે. આ જડ છે, આ તો માટી છે. આ શરીરની રચના શરીરથી થાય છે. એ આત્મા છે? અહીં તો રાગ ને પુણ્ય-પાપના ભાવ એ આત્મા નથી. તો આત્મા નથી તો એની (આત્માની) પ્રાપ્તિ રાગથી થાય? એની પ્રાપ્તિ રાગથી-નથી એનાથી થાય? સમજાણું કાંઈ? આહાહા..! એ તો નથી પણ એક વાક્ય લીધું છે ને અહીં? આત્માને પરપદાર્થના આલંબનનું જ્ઞાન નથી. ભાઈ! આ જ્ઞાન આવ્યું છે ને આ? એઈ..! શું કીધું? ભગવાન આત્મા એવો છે કે એ શરીર, વાણી, મન ને કર્મ રૂપે તો નથી, એ તો ભિન્ન છે. એનામાં પુણ્ય-પાપ, દયા, દાન, વ્રતના પરિણામ થાય એ પણ અનાત્મા અચેતન છે, આત્માથી ભિન્ન છે. હવે એનામાં પર આલંબી ઈન્દ્રિય આદિના લક્ષે થયેલું જ્ઞાન, પરાલંબી જ્ઞાન એ જ્ઞાન આત્માનું નહિ. એઈ..! ભારે! ઈ આ જ્ઞાન નહિ, એમ કહે છે. આહાહા..! એઈ!

જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્યબિંબ છે એ તો. સૂર્યના ચૈતન્યબિંબ. અને એમાંથી જે કિરણ નીકળે.. તમારે શું કહેવાય આ? એક હજારનું આ... સર્ચ લાઈટ. એમ કહે છે ને મોટી? બે હજાર. નહોતી ત્યાં? બાહુબલીજી. હજાર હજારની બે. રાત્રે આમ પ્રકાશ.. પ્રકાશ (થઈ જાય). આ તો અનંત જ્ઞાનચેતના. અનંત.. શું કીધું તમારું ઈ? સર્ચ લાઈટ નહિ અનંત લાઈટ. આહાહા..! ભગવાન આત્મા ચૈતન્યના નૂરનું પૂર છે, ભાઈ! તને ખબર નથી. એ ચૈતન્યનું તેજ એનું એ પૂર છે. પણ કોઈ દી ખબર ન મળે. શું કહે છે અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ક્યાં છું એની ખબર ન મળે, અને ધર્મ કરીએ. ધૂળમાંય ધર્મ નથી. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, ભગવાન આત્મા જ્ઞાનમાત્ર. આહા..! જે એનું સ્વરૂપ તો જાણવુંમાત્ર એનું સ્વરૂપ છે. એમાં રાગ નહિ, પુણ્ય નહિ, શરીર, વાણી નહિ. અને પરાલંબી જ્ઞાનેય એનું નહિ. ઈન્દ્રિયથી થતું જ્ઞાન એ આત્માનું જ્ઞાન નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ એ તો પરાલંબી. અહીંથી અંદરથી ક્યાં આવ્યું છે? મધદરિયેથી જે ફાટીને ભરતી આવે એ ભરતી. બહારના પાણી શું કરે? સમજાય છે કાંઈ? વરસાદના પાણીએ કાંઈ દરિયામાં ભરતી આવતી હશે? કહો, નક્કી કરો. વરસાદનું પાણી ૨૫ ઈંચ પડે. માથે ધોધ. અને નદીમાં ચારે કોરથી પડે. ઓટને કાળે એ પાણી ભરતી લાવે દરિયામાં? તાકાત નથી એ પાણીની. ઓટ ટાણે તો ઓટ જ થાશે. એની ભરતી તો એના મધ્યમાંથી ઉછળીને જ્યારે આવે ત્યારે ભરતી થાય. પછી ભલે ૧૧૮ ડિગ્રી તડકો હોય. ૧૧૮ ડિગ્રી તડકો હોય છતાં મધ્યથી ઉછળતો જ્યાં આવે, એને કોઈ ઓટ લાવી શકે નહિ.

એમ ભગવાન આત્મા જ્ઞાનબિંદુ સર્વજ્ઞસ્વભાવ છે આત્મા. આત્માના મધ્યબિંદુમાં સર્વજ્ઞસ્વભાવ એવો જ્ઞાનમાત્ર છે. લ્યો, આ જ્ઞાનમાત્રથી સર્વજ્ઞ. આહાહા..! સર્વજ્ઞનો બિંદુ, ચૈતન્યનો બિંદુ ભગવાન છે. એવો જે આત્મા એના અંતરમાં તે જ્ઞાનની એકાગ્રતા દ્વારા તે જ જ્ઞાનની એકાગ્રતા દ્વારા એ આત્માની પ્રાપ્તિ થાય છે. તે જાતના જ્ઞાનની એના સન્મુખ થઈને તે જાતનું જ્ઞાન, તે જાતનો ઉપયોગ, તે જાતની શ્રદ્ધા, તેનું આચરણ.. શુદ્ધ એટલે, એ જાતના શ્રદ્ધા, જ્ઞાન, આચરણ દ્વારા તે આત્માની પ્રાપ્તિ થાય છે. ધર્મની પ્રાપ્તિ થનારને શુદ્ધ ઉપયોગ સ્વભાવથી થાય. અહીં તો એ સિદ્ધ કરવું છે, ભાઈ!

આત્મા જાણ્યો એમ કહેનાર એમ કહે કે અમે શુદ્ધ ઉપયોગ હમણાં નથી. તો જાણ્યો જ નથી. સમજાણું કાંઈ? આહા..! ગજબ કર્યો છે આણે આઠમે શુદ્ધ ઉપયોગ કહીને. અહીં તો કહે છે, શુદ્ધ ઉપયોગ એ જ આત્મા છે. તું ના પાડે છે, પણ શું કરે છે તું? ભગવાન! તારી મોટપની તને ખબર નથી અને તું ક્યાંકનો ક્યાંક ખતવી નાખે, એમ નહિ ચાલે. હેરાન થઈ જઈશ. ભાઈ! ચાર ગતિમાં હેરાન થઈ ગયો છો. તને હખ ક્યાંય નથી.

અહીં તો કહે છે, ચૈતન્ય ભગવાન જ્ઞાનમૂર્તિ છે. એની ઉપર જ્યાં નજર પડી, એ જાતના જ્ઞાનથી નજર પડી. પરાલંબી જ્ઞાનથી નહિ, રાગથી નહિ, પુણ્યથી નહિ, કાંઈથી નહિ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ભગવાન આત્મા.. આ તો સાર કીધો ને. હવે તો છેલ્લો શ્લોક એટલે સાર કીધો. આહાહા..! કહે છે, ભાઈ! તું એટલે કોણ? તું એટલે કોણ? તું એટલે જ્ઞાનમાત્ર. ચૈતન્યમાત્ર, ચૈતન્યમાત્ર, જ્ઞાનમાત્ર. સમજણનો પિંડ પ્રભુ, ચૈતન્યનો પિંડ.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એવો જે આત્મા કેવો છે?

'**જ્ઞાનમાત્ર તત્ત્વ અખંડ છે...**' લ્યો, એ અખંડ છે. ખંડ ક્યાં? વસ્તુ છે એકરૂપ ત્યાં ખંડ ક્યાં? રાગ તો નહિ, પરાલંબી જ્ઞાન તો નહિ પણ એ જ્ઞાન ખંડ નહિ, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એકલી એકરૂપ વસ્તુ છે, અખંડ છે. જુઓ! શ્રીમદ્ એમ કહ્યું છે ને? અખંડ અને એક છે. પછી એક આવશે. જીવ એક અખંડ સંપૂર્ણ. ત્યાં એક શબ્દ પહેલો વાપર્યો. જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે. સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય. પેલા ખૂણામાં છે. ઉગમણો ખૂણામાં પહેલો ચાકળો. કહો, સમજાણું કાંઈ? આ તો બધા રિઝર્વ્ડ ચાકલા છે. તમારા ઘરે હોય છે ને? ... વેપારના લૂગડા, ઢીકણા, ફીકણા. આ ભગવાનના ઘરના રિઝર્વ્ડ ચાકળા છે બધા. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યનું નૂર એવો આત્મા, કહે છે કે એ તો અખંડ છે. ભાઈ! પણ શી રીતે? વસ્તુ છે એમાં અખંડતા ન હોય તો ખંડ શી રીતે હોય? ઈ કહે છે, જુઓ! '**(અનેક જ્ઞેયાકારોથી...)**' એટલે જાણવાના, જાણવાના પદાર્થોને કારણે '**અને પ્રતિપક્ષી કર્મોથી જોકે ખંડ ખંડ દેખાય છે...**' અવસ્થામાં. વસ્તુમાં નથી. '**(તોપણ જ્ઞાનમાત્રમાં ખંડ નથી).**' એકલો ભગવાન ચૈતન્યમૂર્તિમાં ખંડ નથી. એ તો જ્ઞાનપર્યાયની વ્યાખ્યા કરી એણે જરી. પણ એ પર્યાયનું સ્વરૂપ એનું વસ્તુનું સ્વરૂપ નથી. જાણવાના જ્ઞેયો છે તેને આકારે ખંડ એક એક, એક એક અનેકરૂપે થાતું હોય. પણ એ અનેકરૂપ છે જ નહિ. અખંડ જ છે. આહાહા..! બહુ છેલ્લા શ્લોકે...

ભગવાન! તું તો જ્ઞાનસ્વરૂપ છો એમ અહીં સિદ્ધ થયું ને. ૪૧૫ શ્લોકે એમ નક્કી કર્યું. સર્વજ્ઞ ભગવાને એમ નક્કી કરાવ્યું. પરમાત્મા ત્રણલોકના નાથ તીર્થંકરદેવે સમવસરણમાં ગણધર અને ઈન્દ્રોની સમક્ષ આ કહ્યું. સમજાય છે કાંઈ? ભગવાન મહાવીર પ્રભુ અહીં વિચરતા હતા ત્યારે એમ કહ્યું. અત્યારે બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર તીર્થંકર ત્રિલોકનાથ પરમેશ્વર. એ બધા પરમેશ્વરે આ રીતે આત્માને કહ્યો છે.

ભાઈ! તું ભગવાન જ્ઞાનસ્વરૂપ છો ને, ભાઈ! ચૈતન્યનું માંડલું છો, ચૈતન્યસૂર્ય છો. અને તે પણ અખંડ છે. ખંડ નથી, ભંગ નથી, ભેદ નથી. એકરૂપ વસ્તુ છે. એક અખંડ વસ્તુ છે. એક અખંડ વસ્તુ છે. અહીં એક પછી લેશું. અખંડ વસ્તુ છે. હવે ઈ એક છે. અખંડ હોવાથી એક છે. એટલે? કે જેમાં કોઈ ઉપાધિનો પ્રસંગ જ નથી. સમજાય છે? અખંડ છે અને એક છે. એને કોઈ ઉપાધિનો પરાલંબી જ્ઞાન છે જ નહિ. એક વસ્તુ છે. સમજાણું કાંઈ? જ્ઞેયાકારોથી ખંડ નથી, તેમ કર્મના વિકલ્પના નિમિત્તે ત્યાં ઉપાધિ નથી. એકરૂપે છે. વસ્તુ સ્વરૂપ આમ જ્ઞાનમાત્ર અખંડ છે, એક છે. એવા તત્ત્વને અહીંયા આત્મા કહેવામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આવે છે. રાગવાળો અને પુણ્યવાળો એ આત્મા નહિ. કર્મવાળો ને શરીરવાળો એ આત્મા નહિ. આહાહા..! અહીં તો કેટલા વાળા વળગ્યા છે. પોપટભાઈ! બાયડીવાળો ને છોકરાવાળો ને મકાનવાળો ને પૈસાવાળો ને આબરુવાળો ને નાકવાળો.. કેટલા વાળા હશે આને? એક વાળો નીકળે અહીં, ઓલા પાણી પીવે ને નીકળે તો હાય.. (થઈ જાય). કેટલા વાળા ચોંટ્યા છે? અહીં કહે છે આત્મા વાળો છે જ નહિ. આહાહા..! માન્યું છે અજ્ઞાનીએ મિથ્યાશ્રદ્ધામાં હું રાગવાળો ને પુણ્યવાળો ને કર્મવાળો. ભાઈ! આત્મા નહિ એને કહીએ. આહાહા..! સમજાય છે કાંઈ? એ તો જ્ઞાનસ્વરૂપવાળો. એને આત્મા કહીએ. આ આત્માનું હજી ભાન ન મળે અને કહે કે ધર્મ થઈ જાય. ધૂળમાંથી ધર્મ થાય. હેરાન થવાના રસ્તા છે બધા. પોપટભાઈ! પૈસાવાળાને હખ નહિ, ત્યાગી થયા હોય તો હખ નહિ. આ વસ્તુને સમજ્યા વિના.

મુમુક્ષુ :- .. દ્રવ્યનું વિશેષણ છે કે ...?

ઉત્તર :- એ દ્રવ્યનું વિશેષણ છે. દ્રવ્યનું. પણ એ ભાન થાય ત્યારે આવું દ્રવ્ય છે એમ. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન આત્મા.. એ તો દ્રવ્યનું વિશેષણ એવી જ પર્યાયમાં એને પરિણમી જાય છે એમ કહે છે. જ્ઞાનરૂપ પરિણમન થવું, જ્ઞાનરૂપમાં અખંડપણું થવું, જ્ઞાન ઉપાધિ વિનાનું એકરૂપ રહેવું, જ્ઞાન અચળ નામ પોતે જ્ઞેયથી ચળે નહિ એમ થઈ જવું અને એ જ્ઞાન પોતે પોતાથી વેદાય એવું થઈ જવું. સમજાણું કાંઈ?

ફરીને, અહીં તો એકદમ શ્લોક ૪૧૫નો સારાંશ, સારાંશ. અમૃતચંદ્રાચાર્યે કળશ ચડાવ્યો. મંદિર (કરીને) પછી કળશ ચડાવે છે ને? સોનાના કળશ ને રતનના કળશ. આ કળશ ચડાવ્યો આ. ભગવાન આત્મા જ્ઞાનમાત્ર નક્કી થઈ ગયો. તેનું સ્વરૂપ તો જ્ઞાનમાત્ર છે. જ્ઞાનમાત્ર કહેતાં આનંદ, શાંતિ એમાં ન આવે એમ નહિ. પણ જ્ઞાનમાત્ર કહેતાં શરીર, કર્મ, રાગ, પરાલંબી જ્ઞાન એ નહિ. એટલું બતાવવા જ્ઞાનમાત્ર કહ્યું છે. એ જ્ઞાનમાત્ર કહેતાં.. સ્યાદ્વાદ કહેશે. જ્ઞાનમાત્ર કહેતાં એક જ જ્ઞાનરૂપ છે એમ નહિ. જ્ઞાનમાં જ્ઞાન છે એમ કહેતાં સ્વતંત્ર જ્ઞાન છે તે સુખરૂપ જ હોય. જ્ઞાન છે એમ કહેતાં એમાં અસ્તિત્વ હોય. જ્ઞાન છે એમ કહેતાં જ્ઞાન સ્વચ્છ જ હોય. જ્ઞાન છે એમ કહેતાં જ્ઞાનની સામર્થ્યતા, પ્રભુતા લઈને જ્ઞાન હોય. સમજાય છે કાંઈ? એ જ્ઞાન કહેતાં જ પોતે પોતાને જ્ઞેય કરે અને જ્ઞાન થાય એવું જ્ઞેય પ્રમેયવાળું જ્ઞાન હોય. એવા અનંત ગુણવાળું છે એક જ્ઞાન કહેતા. આગળ કહેશે. શક્તિનું વર્ણન કરશે. સમજાણું? હમણાં આત્મ વૈભવ છપાઈ ગયું છે ને. બહાર આવ્યું છે ને. શક્તિ આવશે હળવે હળવે બધું. તૈયાર કર્યા પછી આવશે એવું લાગે છે. હવે દિવસ રહ્યા થોડા ને. દસ દી છે હવે. દસ દીએ કંઈ શક્તિ નથી આવી જવાની. લખાણ ઘણું છે ને અંદર. અહીં કહે છે, શક્તિએ તો એક સેકંડમાં આવી જાય એવી છે. પણ આ વાંચવાના કાળમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આવવાની વાત છે. સમજાણું કાંઈ? અને અહીંયા તો ક્રમે ક્રમે વર્ણન છે અને વસ્તુમાં ક્રમે ક્રમે નથી. વાત જ કોઈ અલૌકિક બીજી છે એમાં શું કરે? આહાહા..! કહે છે.. નવલચંદભાઈ રહ્યા છે? શું કીધું?

આ આત્માને ભગવાને કેવો નક્કી કરાવ્યો? કે એ તો જ્ઞાનમાત્ર તે આત્મા. અખંડ તે આત્મા. એમાં ખંડ ન હોય. વસ્તુ છે, અખંડ છે તે આત્મા. સમજાય છે? અને તે એકરૂપે તે આત્મા. એના બે રૂપ છે નહિ. બે રૂપ નહિ. એક સિવાય એકનો બે કોઈ દી થયો નથી. રાગવાળો કે ઉપાધિવાલો થયો નથી એવો એ આત્મા છે એમ કહે છે. દ્વિતીય રૂપ, ભાઈ! આવે છે ને? પ્રવચનસાર. ભાવબંધ બીજું બીજું છે. ઈ બીજું આ નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? જે સ્ફટિક રતન છે. એમાં જે લાલ ફૂલની ઉપાધિ દેખાય એ સ્ફટિકથી બીજું રૂપ છે. એ દ્વિધા રૂપ થઈ ગયું. સ્ફટિક રતન છે એમાં લાલ ફૂલ આદિ મૂકે તો લાલ અંદર જણાય. એ સ્ફટિકનું એકરૂપ નથી, બીજું રૂપ છે. એમ ભગવાન આત્મા ચૈતન્ય સ્ફટિકરૂપ છે, એ એકરૂપ છે. એનું દ્વિરૂપ નામ ભાવબંધનો રાગ એમાં છે નહિ. એ દ્વિરૂપ જે છે એ એનામાં છે નહિ. એ તો એકરૂપે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ઈ એક છે. અખંડ હોવાથી એક છે એમ કહ્યું છે. પણ એનો અર્થ કે એક છે વસ્તુ એક જ રૂપ રહી છે. એનું બીજું રૂપ થયું જ નથી. એકનું બીજું થયું જ નથી. માન્યું છે એણે કે હું રાગવાળો થઈ ગયો, બીજા રૂપે થઈ ગયો. પણ એ થયો નથી. ભગવાન ચૈતન્યપ્રભુ એકરૂપ છે. આ એવા આત્માની અંતરમાં દૃષ્ટિ કરીને ઠરવું એનું નામ ધર્મ છે. બાકી બધી વાતું અને કહેવાની કથની છે. સમજાણું કાંઈ?

**'એક છે, અચળ છે...'** જ્ઞાનમાં ઘણું જણાવા છતાં જ્ઞાન ફીટીને બદલાઈને જ્ઞેય થતું નથી. બીજું રૂપ જણાય છે ને એમાં? બીજા રૂપે ન થયો પણ બીજું જણાય છે ને? બીજું જણાય તો બીજા રૂપ થઈને જાણતો નથી, બીજા રૂપ થયો નથી. પોતાના રૂપે જ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી એનું તત્ત્વ-રૂપ-સ્વરૂપ અખંડ છે, એક છે, અચળ છે. ગમે તેટલું જાણવામાં આવે છતાં તે જ્ઞાન જ્ઞેયરૂપે થતું નથી. જ્ઞાનમાં રાગ જણાય છતાં જ્ઞાન રાગરૂપે થતું નથી. બીજા રૂપે તો થતું નથી, બીજા રૂપ તો અંદર આવ્યું નથી પણ તેનું જ્ઞાન, રાગનું જ્ઞાન એમ નથી. ખરેખર જ્ઞાનનું જ્ઞાન છે. અચળ રહ્યો છે જ્ઞાનમાં. એનું પોતાનું જ્ઞાન છે, સ્વનું જ્ઞાન છે.

**'અચળ છે...'** ભગવાન સ્વપરપ્રકાશક વસ્તુ અચળ છે. આહાહા..! હવે આમ કહે કે નવ તત્ત્વની શ્રદ્ધા તે સમકિત. પણ નવમાં આત્મા કેવડો એના ભાન વિના ક્યાંથી સમકિત આવ્યું? ન મળે આત્માનું ભાન, ન મળે પુણ્યનું ભાન, ન મળે જડનું ભાન. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહો! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યનું નૂર, એનો ઉપયોગ જે છે, એનો જે ઉપયોગ છે, એની જાતનો ઉપયોગ છે તેથી તે જણાય એવો છે એમ છેલ્લો ઈ કહેશે હવે. એક છે એમ કીધું ને? ત્યારે હવે કેવું છે? '**સ્વસંવેદ્ય છે (અર્થાત્ પોતાથી જ પોતે જણાય છે)**...' એટલે શું કીધું? જુઓ! પોતે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, અખંડ છે, એક છે અને અચળ છે. જ્ઞેયરૂપે થયું નથી. અચળ છે. એ પોતે પોતાથી જણાય. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એ જ્ઞાન, શ્રદ્ધા, શાંતિ, શુદ્ધતા એ સ્વસંવેદન એટલે પોતાથી પોતે જણાય એવો છે. એ જ્ઞાન, આનંદ પોતાનું સ્વરૂપ છે. પોતે પોતાથી જાણે. રાગથી અને પુણ્યથી જણાય એ પોતે નથી તો એનાથી જણાય એવો આત્મા નથી. અહીં તો હજી પહેલા દરજ્જાની વાત ચાલે છે. સમ્યગ્દર્શનના કાળમાં પણ સ્વસંવેદનથી જણાય એવો એ આત્મા છે, એમ કહે છે. આહાહા..! વસ્તુ જ એવી છે એમાં તું શું કર? કહો, જેઠાભાઈ! આમાં તો ક્યાંય રહી ગયું.

મુમુક્ષુ :- એકડાની વાત છે.

ઉત્તર :- એકડાની વાત ઘણાને એલ.એલ.બી. લાગે. આ તે કંઈ એલ.એલ.બી.ની હશે? અરે.. ભગવાન! આ તો હજી એકડાની, ધર્મનો એકડો આવો છે. આહાહા..! સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માનું તત્ત્વ છે તે આ પરમેશ્વર કહે છે. સમજાણું કાંઈ? એવી વાત પરમેશ્વર વિના ક્યાંય હોઈ શકે નહિ. ગમે એટલી વાતું કરે, યોગ સાધીએ છીએ ને આ કરીએ છીએ ને ફલાણું કરીએ છીએ. સમજાણું? ઈ આવશે આમાં. આત્માનું જ્ઞાનમાત્ર ધ્યાન પણ કરે પણ કંઈ મળશે નહિ. ઈ આવશે પાછળ. આવું તત્ત્વ છે.. આવે છે ને? ભાઈ! અર્થમાં આવે છે ને? ૨૪૬માં પાછળ. ભાવાર્થ આવે છે ને. '**આત્માનું-જ્ઞાનમાત્રનું ધ્યાન પણ કરે, તોપણ મિથ્યાત્વ કપાય નહિ;**...' આ રીતે વસ્તુ છે. પાછળ છે. આઠ-દસ લીટી પછી. સમજાણું કાંઈ? બહુ સારો અર્થ કર્યો છે.

આમ કહે છે કે આવું સ્વરૂપ છે. એ સિવાય એવું સ્વરૂપ ન જાણે અને પછી જ્ઞાનમાત્ર જ્ઞાનમાત્ર ધ્યાન કરે તો મિથ્યાત્વ નહિ કપાય. ભ્રમ નહિ જાય. જે રીતે વસ્તુ ભગવાને કહી અને તે રીતે તેવી છે. એવી રીતે એના જ્ઞાનમાં અને શ્રદ્ધામાં આવે તો તે વસ્તુની પ્રાપ્તિ થાય. એ વિના એકલું જ્ઞાન જ્ઞાન કરીને મરી જાય ને .. શું જ્ઞાન છે પણ? ઈ વસ્તુ છે જ્ઞાનમાત્ર એટલે કે વિકાર નથી, ઉપાધિ નથી, અલ્પજ્ઞ નથી, ખંડ ખંડ નથી, ભેદ નથી, અચળ છે, ચળ નથી. એટલા વિશેષણો સહિતવાળું તત્ત્વ એનું આવું અસ્તિત્વ છે, એનું આવું હોવાપણે છે. એવા હોવાપણાનું જ્ઞાન કરી અને પછી ધ્યાન કરે તો તેને પ્રાપ્તિ થાય. આવા ભાન વિના ધ્યાન કરે.. એક જણો કહેતો હતો, ધ્યાનમાં શું મળે? આમ વિકલ્પ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થોડા શૂન્ય થઈ જાય છે. જડ જેવા. સમજાણું કાંઈ? ભગવાન પરમેશ્વર કેવળી તીર્થંકરે આવો આત્મા કહ્યો એવો જ્યાં સુધી એના જ્ઞાનમાં, શ્રદ્ધામાં ન આવે ત્યાં સુધી ધ્યાનમાં આકાશના ફૂલ છે, ખોટે ખોટા. ઢોંગ છે એના ધ્યાનના. એઈ..! તરંગ છે. કહ્યું છે ને? જુઓને. ઓલામાં છે. ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. શ્રીમદ્‌માં છે. એ.. બીજો ચાકળો આમ ઉપર. ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. છે માથે? શ્રીમદ્‌નું વાક્ય છે. આગમમાં ગમ કાઢ્યો. ગમ પડ્યા વિના આગમ-શાસ્ત્ર શું કરે? તને ગમ પડે નહિ શું કહેવું છે શાસ્ત્રને, એના ભાન વિના આગમના અર્થ કરનારા અનર્થ કરે છે, એમ કહે છે. શેઠી! ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે ને.

અને સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે. સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે. ભગવાન પરમેશ્વરે કહ્યો આત્મા એવો જાણનાર સત્સંગ ન મળે અને મળ્યા વિના ધ્યાન કરવા બેસે તો તરંગ ઉઠશે. એ વિકલ્પના તરંગ થાશે અને માનશે કે ધ્યાન કરું છું. તારો કાળ વયો જશે. પોપટભાઈ! ભારે! સત્સંગ વિના.. છે ને? ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે.

સંત વિના અંતની વાતનો અંત પમાતો નથી. ભાષા ટૂંકી છે. સંત વિના અંતની વાતનો અંત પમાતો નથી. સંત કોને કહેવા એ સમજવું પડે. સમજાણું કાંઈ? સંત એટલે આ સાધુ થઈ ગયા ને બહાર લુગડા (કાઢીને) નગ્ન થયા એ સાધુ નહિ. સંત તો એને કહીએ કે આવો જે આત્મા છે, એવો જેણે અનુભવ્યો છે, એને જેણે જાણ્યો છે તેને સંત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ પણ સંત છે. આહાહા..! સંત વિના.. છે ને? પછી?

લોકસંજ્ઞાએ લોકાગ્રે જવાતું નથી. લોકસંજ્ઞા-દુનિયા આમ માને છે, ઘણા આમ માને છે. એવી સંજ્ઞાની માન્યતાએ લોકાગ્રે નામ સિદ્ધપદ પમાતું નથી. આટલા બોલ મૂક્યા છે ટૂંકા. શ્રીમદ્‌ના વાક્ય છે. શ્રીમદ્ રાજચંદ્ર. લોકસંજ્ઞા એટલે ઘણા માણસો આ માને છે. લાખો-કરોડો આ માને છે ને. લાખો-કરોડો માને એટલે શું થયું? સત્‌ને સંખ્યાની જરૂર ન હોય. સત્ સત્‌થી નભે છે. ઝાઝા માને, ન માને એની સાથે સંબંધ નથી. કીડીના નગરા ઘણા હોય. એથી કાંઈ માણસમાં ગણાતા હશે? સમજાણું કાંઈ? આમાં ઓહો..! ઓલાના વ્યાખ્યાનમાં પાંચ લાખ ભેગા થયા, ઓલામાં આટલા થયા. શું પણ થયા એટલે? એની કિંમત શું? સમજાણું કાંઈ? દુનિયાની સંજ્ઞાએ કંઈ લોકાગ્રે એટલે સિદ્ધપદને પ્રાપ્ત થવાતું નથી. આહાહા..!

આટલું કહીને છેલ્લો શબ્દ ઈ મૂક્યો છે. પછી અબાધિત કહેશે. '**સ્વસંવેદ્ય છે. (અર્થાત્ પોતાથી જ પોતે જણાય છે.**' આમાં કેટલી વાત મૂકે છે. પોતાથી જ પોતે જણાય છે એમાં શું? શુભજોગથી જણાય ઈ પોતાથી છે? ભાઈ! આ તો શુદ્ધ ઉપયોગને આપણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અહીં સિદ્ધ કરવો છે. આહાહા..! શુદ્ધ ઉપયોગ તો આત્મસ્વભાવ છે. પોતે પોતાથી પ્રાપ્ત થાય છે. રાગથી, વિકલ્પથી એ પોતે નથી, એ રૂપે પોતે નથી. પોતે નથી તો એનાથી કેમ પ્રાપ્ત થાય? માટે કોઈ એમ કહેતું હોય કે પહેલો શુભ ઉપયોગ હેઠે હોય અને શુદ્ધ ઉપર હોય, એ આત્માની ખબર જ નથી કે આત્મા કેવો છે. એ સર્વજ્ઞ કહેવા માગે છે એ સર્વજ્ઞની પણ એને ખબર નથી. ગુરુ કહેવા માગે છે, ગુરુની ખબર નથી, શાસ્ત્ર આમ કહેવા માગે છે એને શાસ્ત્રની પણ ખબર નથી. ત્રણની ખબર નથી એને આત્માની ખબર નથી. શેઠી!

ભગવાન આત્મા જે સ્વરૂપે છે.. આટલા વિશેષણવાળું કહ્યું ને? તેથી સ્વસંવેદ્ય. સ્વસંવેદ્ય. સ્વ-પોતાથી સમ્યક્ પ્રકારે પ્રત્યક્ષ વેદાય એવો આત્મા છે. સ્વસંવેદ્ય છે. પોતે પ્રત્યક્ષ જ છે. પોતાનું સ્વરૂપ જ પ્રત્યક્ષ છે. સમજાણું? ઈ આવે છે ને અલિંગગ્રહણમાં. પ્રત્યક્ષ, આત્મા પ્રત્યક્ષસ્વરૂપ છે. પરોક્ષ સ્વરૂપ એ આત્મા જ નહિ. આહાહા..! સમજાણું? જ્ઞાન, જે જ્ઞાન છે એ જ્ઞાન દ્વારા અંદર જણાતા એ જ્ઞાન પ્રત્યક્ષ થાય છે. એટલે પોતાનો સ્વભાવ જ પ્રત્યક્ષ છે. એ પ્રત્યક્ષ થવાને લાયક છે. પ્રત્યક્ષ થવાનો જ એનો સ્વભાવ છે. પરોક્ષ રહી શકે એવું એનું સ્વરૂપ છે નહિ. આહા..! સમજાણું કાંઈ?

આ શેની વાત ચાલે છે? હજી આત્માનું જ્ઞાન થાય અને સમ્યગ્દર્શન થાય એની વાત ચાલે છે. ચારિત્ર તો આગળ રહ્યું હજી. આ ઉપરાંત પછી સ્વરૂપમાં રમણતા જામી જાય આનંદની, પોતે પોતાથી પાછો આનંદમાં જામે, સ્થિર થાય ત્યારે સાધુ થાય. ત્યારે એને કેવળજ્ઞાન થાય. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

કહે છે, '**સ્વસંવેદ્ય...**' સ્વસંવેદ્ય. પોતાથી જ વેદાય તેવો, જણાય તેવો. ભાષા એમ છે ને? પોતાથી જણાય એવો. એનો અર્થ ઈ છે કે પોતે ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી પ્રભુ તે જ્ઞાનસ્વભાવના પરિણમનથી તે જણાય તેવો છે. જ્ઞાનસ્વભાવનું પરિણમન એનો અર્થ કે તે શુદ્ધ ઉપયોગથી જણાય એવો છે. એ શુભ અને અશુભ તે જ્ઞાનનું પરિણમન નહિ. માટે તેનાથી જણાય એવો નથી. સમજાણું કાંઈ? સ્વસંવેદ્ય.

ભગવાન જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, સ્વચ્છસ્વરૂપ, પ્રભુસ્વરૂપ. 'માત્ર' શબ્દમાં પરનો અભાવ છે. આવી બધી શક્તિઓને સાથમાં સદ્ભાવ છે. એવા સ્વરૂપ, આનંદસ્વરૂપ. તો એ આનંદ દ્વારા જણાય એવો છે. એ સ્વ આનંદ છે તેના દ્વારા વેદાય એવો છે. આહાહા..! જ્ઞાનસ્વરૂપ તો જ્ઞાનની પર્યાય દ્વારા વેદાય અને જણાય એવો છે. શુદ્ધસ્વરૂપ તો શુદ્ધ પર્યાય દ્વારા તે જણાય અને વેદાય એવો છે. સમજાય છે કાંઈ? જ્ઞાન સાથે વીર્યસ્વરૂપ, વીર્યસ્વરૂપ ભગવાન છે. તો એના વીર્યથી તે જણાય એવો છે. રાગમાં વીર્ય જાય એ એનું વીર્ય નથી. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાંઈ? આ શરીરના જડના (કાર્ય) કરું એ તો વીર્ય એનું છે જ નહિ. ઈ તો મફતનો માને છે મૂઢ થઈને. આ તો પુણ્ય-પાપના પરિણામ કરે તે વીર્ય જીવનું નહિ. કારણ કે જીવનું વીર્ય જીવસ્વરૂપ હોય. રાગમાં જાય એ વીર્ય જીવનું સ્વરૂપ નહિ. આહાહા..!

કહે છે, સ્વસંવેદ્ય છે. ભગવાન પોતાના શાંત, સ્વચ્છ, શુદ્ધ એવો જે સ્વભાવ તેના સ્વભાવ દ્વારા સ્વથી તે પોતાના અનુભવ દ્વારા વેદાય, જણાય, અનુભવાય એવો જ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? અરે..! આમાં ક્યાં તકરાર, આમાં વાદવિવાદ ક્યાં છે. ભાઈ! આમાં નથી. આહાહા..! આવું જેનું સ્વરૂપ છે એમાં વળી વાદવિવાદ શા? 'સદ્‌ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' આંધળા છે. એઈ..!

ભગવાન ત્રણલોકના નાથ પરમેશ્વરે આત્માનો ખજાનો ખોલીને જગત પાસે મૂક્યો, હવે એ ખજાનો કોણ ન લે? કહે છે. આહાહા..! સમજાણું? એવું વીર્ય જે છે ને? જ્ઞાનનું વીર્ય. જ્ઞાનનું વીર્ય ને? કે રાગનું? જ્ઞાન છે, જ્ઞાન છે એનું વીર્ય એટલે જ્ઞાનબળ છે. એ જ્ઞાનના બળ દ્વારા તે જણાય એવો છે. એટલે તો એ સ્વરૂપ જ એવું થઈ ગયું એનું. શુદ્ધસ્વભાવથી જણાય અને શુદ્ધ ઉપયોગથી જણાય એવો તેનો સ્વભાવ થઈ ગયો. સમજાણું? એ રીતે એની સ્થિતિ જ એવી છે. બીજી એની સ્થિતિ છે નહિ. કહો, સમજાણું આમાં?

સ્વસંવેદ્ય. પોતાથી જ પોતે (જણાય એવો છે). આ તો મહા સિદ્ધાંત છે. એ સિદ્ધાંતના પડખાનો પાર ન મળે એમાં. ભગવાનની વાણી થોડા શબ્દોમાં ગાગરમાં સાગર ભરી દીધી છે. સમજાણું? સાગરનો નકશો કરીને ભરી દે ઓલામાં તો જુદી વાત છે, હોં! સાગરનો નકશો કરીને ઘડામાં ભરી દે. આ તો સાગરનું પાણી ભરી દીધું એમ કહે છે. કો'ક એમ કહે કે ગાગરમાં સાગર એટલે સાગરનો નકશો કરીને ગાગરમાં નાખી દે. એમ નહિ. આ તો સાગરના પાણી ગાગરમાં મૂકી દીધા. ચૈતન્ય જ્ઞાનસ્વરૂપે પ્રભુ ડોલે છે ને અંદર. ભરચક છલોછલ. જ્ઞાનસ્વભાવ. એ સાગરમાં જેમ પાણી છલોછલ છે, એમ ભગવાન આત્મામાં જ્ઞાનસ્વભાવ છલોછલ ભર્યો છે. પણ કોઈ દી અનુમાન પણ કર્યું નથી કે આ તે કોણ છે? આંધળી આંખે ચાલ્યો જ ગયો છે એમ ને એમ. સમજાય છે કાંઈ? એવો ભગવાન આત્મા આમ ચૈતન્યના નૂરના પૂરથી છલોછલ ભર્યો છે. તે પોતાનું જ્ઞાન ને પોતાનું વીર્ય ને પોતાની શાંતિ ને પોતાનો ઉપયોગ ને પોતાની સ્વચ્છતા એ દ્વારા વેદાય અને જણાય એવો છે. સમજાણું કાંઈ? આ છેલ્લી ગાથામાં બરાબર આવ્યા તમે. કહો, નવરંગભાઈ! આ તો હરખજમણ છે. એઈ..! આપણે વાણિયામાં નથી થાતું? હરખજમણ કરે છે. વેવાઈને બોલાવે, લાવો તમારા માણસ (લાવવા હોય) એટલા. ચાલો જમાડીએ આજ. સાગમટે. કન્યાવાળાને કહે ઓલો તારા લાવ એટલા લાવ, આજ અમારે જમાડવા છે. હરખજમણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. અહીં કહે છે કે લાવ એટલા આત્મા, તૈયાર છે આવો આત્મા. તૈયાર થઈને આત્મા મોક્ષને પામે એવો એનો જીવસ્વભાવ છે. આહાહા..!

અમૃતચંદ્રાચાર્યે અમૃત રેડ્યા છે, અમૃત! ભગવાન આત્મા અમૃતસ્વરૂપ જ છે ને. અમૃતસ્વરૂપ જ છે. અ-મૃત-મરે નહિ એવો અવિનાશી સ્વભાવ જેનો છે. ત્રિકાળ રહેનાર, આનંદ ત્રિકાળ રહેનાર, શાંતિ ત્રિકાળ રહેનાર, જ્ઞાન ત્રિકાળ રહેનાર, સ્વચ્છતા ત્રિકાળ રહેનાર, પ્રભુતા ત્રિકાળ રહેનાર, પરમેશ્વરતા આત્મા ત્રિકાળ રહેનાર છે. એ પરમેશ્વર શક્તિ પરમેશ્વર શક્તિ દ્વારા જણાય એવી છે એમ કહે છે. આહાહા..! પામર એવા રાગ ને વિકલ્પથી તે જણાય એવો નથી. કહો, સમજાણું કાંઈ? છેલ્લું હવે આવી ગયું.

'**અબાધિત છે...**' બસ! જે પ્રગટ્યું છે એને કોઈ વિઘ્ન કરનાર નથી. એમ છેલ્લો શબ્દ ઈ છે. કોઈ ખોટી યુક્તિથી તો ઠીક, પણ એ વસ્તુ જે આવી છે એ પ્રગટી છે અને છે, એને કોઈ વિઘ્ન કરે કે વિવાદથી બીજી રીતે થઈ જાય એમ છે નહિ. અબાધિત નિર્બાધ વસ્તુ એવી ભગવાન છે. આહા..! એની એને ખબર ન મળે. આંધળો કેટલો આ! બધાની મોટી વાતું કરે. સંસારની વાતું કરવા બેસે તો મોટો દેવનો દીકરો ઉતર્યો હોય જાણે. આનું આમ હોય ને આનું આમ હોય. રોકેટ આમ જાય પછી આમ થાય. બધી વાતુંની ખબર. છોકરાને ખબર હોય. પણ તારો કોણ છો? તું ક્યાં ઊંચો જાય અને કેટલો છે? પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ કહે છે, ભગવાન! તારું સ્વરૂપ આવું છે અને પ્રગટ્યું એ વસ્તુ પણ અબાધિત છે અને અનુભવ થયો તે અબાધિત છે. એને કોઈ બાધ કરે, વિઘ્ન કરે એવી કોઈ ચીજ છે નહિ.

એમ કરીને અંત્યમંગળની ગાથા ૪૧૫ના કળશમાં કહી. સમજાણું કાંઈ? એવા આત્માને અંતર સ્વભાવ દ્વારા જાણશે, અનુભવશે એને આત્માની પ્રાપ્તિ થશે. એટલે આનંદની પ્રાપ્તિ થશે. એટલે એને શાંતિ મળશે. એને ક્રમે ક્રમે વધીને મુક્તિ મળશે. બીજો કોઈ એનો ઉપાય છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**મહા વદ ૮, બુધવાર તા. ૨૧-૨-૧૯૬૮**
**શ્લોક-૨૪૬, પ્રવચન-૪૯૪**

... અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ એ ધર્મો આત્મામાં પણ છે અને જડમાં પણ છે. સમજાણું? **'કેટલાક તો સાધારણ...'** સાધારણ એટલે? આત્માના પણ છે અને બીજા પાંચેય દ્રવ્યમાં પણ છે. અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ એ તો આત્મામાં પણ છે અને પરમાણુ અને આકાશમાં પણ છે. એથી આત્મા એ દ્વારા ઓળખી શકાય નહિ, એ દ્વારા જુદો ન પાડી શકાય. માટે સાધારણ દ્વારા એને ન કહ્યું. **'કેટલાક (ધર્મો) પર્યાયાશ્રિત છે-'** આત્મા પૂર્ણ આનંદ, કેવળજ્ઞાન એવી જે પર્યાયો છે એ તો પર્યાય-અવસ્થા આશ્રિત છે. **'કોઈ અવસ્થામાં હોય છે અને કોઈ અવસ્થામાં નથી હોતા,...'** સંસાર અવસ્થામાં કેવળજ્ઞાન નથી સિદ્ધમાં છે, એનાથી કાંઈ આત્મા બીજા કરતાં જુદો પાડી શકાય નહિ. **'તેથી તેઓ અવ્યાપ્તિવાળા છે,...'** સાધારણ અને કોઈ વખતે હોય અને કોઈ વખતે ન હોય માટે અવ્યાપ્તિ. આત્મામાં બધે સ્થાને તે ફેલાતા નથી, વ્યાપતા નથી, રહેતા નથી. સમજાણું કાંઈ? **'તેમનાથી પણ આત્મા ઓળખી શકાય નહિ.'**

**'ચેતનતા જોકે આત્માનું લક્ષણ છે,...'** અહીં જ્ઞાન કીધું છે ને. હવે એને સિદ્ધ કરે છે. ચેતનતા એ આત્મા, ચેતનતા, ચેતયિતા, ચેતવું એ એનું લક્ષણ છે, **'તોપણ તે શક્તિમાત્ર છે,...'** એ તો શક્તિ આખું સત્ત્વ એ છે. પ્રગટરૂપે ખ્યાલમાં આવે એ ચેતનતા એ નથી. સમજાય છે કાંઈ? વસ્તુમાં હોવાપણું, દ્રવ્યપણું એવા ગુણોથી પણ ઓળખી શકાય નહિ કેમ કે બીજામાં છે. એની કોઈ અવસ્થામાં હોય અને કોઈમાં ન હોય તો બધી રીતે વ્યાપી શકે એ લક્ષણ એનું કહેવાય નહિ. અને ચેતનતા કહીએ તો વાત છે અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ રહિત લક્ષણ છે. છતાં શક્તિમાત્ર છે. અંદર શક્તિ એની છે. પ્રગટમાં પ્રગટમાં વર્તમાનમાં જેનાથી પકડી શકાય આત્મા એ ચેતનતા વડે પ્રગટ પકડી શકાય નહિ. બરાબર સમજાય છે આમાં? નવરંગભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શક્તિ છે એ તો. પ્રગટમાં ક્યાં છે એ? આખું ત્રિકાળ એકરૂપ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચેતનતા ત્રિકાળ એકરૂપ છે. દર્શન-જ્ઞાન શક્તિનું એક તત્ત્વ, એક તત્ત્વ. દર્શન અને જ્ઞાન એવી ચેતનતા એકરૂપ ત્રિકાળ છે. હવે એ શક્તિરૂપ છે એને શી રીતે પ્રગટવું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એમ કહે છે. સમજાણું કાંઈ?

‘**તોપણ તે શક્તિમાત્ર છે, અદૃષ્ટ છે;...**’ ચૈતનતા. આત્મા ચેતનપણું એ દૃષ્ટ છે. લક્ષમાં આવે એવી પ્રગટ અવસ્થા એ નથી. સામાન્યપણું કહ્યું ને. ચેતન સામાન્ય છે એ. દર્શન-જ્ઞાનનું એકરૂપ એવી ચેતનતા સામાન્ય છે ત્રિકાળ. એ અદૃષ્ટ છે. અંદર લક્ષમાં આવે એવી અવસ્થા નથી. ‘**તેની વ્યક્તિ દર્શન અને જ્ઞાન છે.**’ જુઓ! ચેતનતા એમાં જે પ્રગટતા એ ચેતનતાની, દર્શન અને જ્ઞાન એ છે. ઓલું સામાન્ય ચેતના તો અવ્યક્ત શક્તિરૂપ છે. હવે એની વર્તમાન પ્રગટતા દર્શન અને જ્ઞાનની અવસ્થા છે. દર્શન અને જ્ઞાનની પ્રગટતા છે. જુઓ! કેટલું સ્પષ્ટ કર્યું છે ને!

‘**તે દર્શન અને જ્ઞાનમાં પણ જ્ઞાન સાકાર છે, પ્રગટ અનુભવગોચર છે;...**’ લ્યો! દર્શન છે એ નિરાકાર ... પર્યાય એ દ્વારા જણાય એવી... સમજાય છે? માટે ‘**દર્શન અને જ્ઞાનમાં પણ જ્ઞાન સાકાર...**’ નામ સવિકલ્પ નામ સ્વ અને પરને વિભાગ પાડવા માટે તે જ્ઞાન કામ કરે, દર્શન કામ કરે નહિ. નવરંગભાઈ! ન્યાયથી મૂકી છે વાત. પહેલું થોડું આવ્યું છે આપણે ઓલા અબદ્ધસ્પૃષ્ટમાં. શ્રુતજ્ઞાન આમ છે, પરોક્ષ છે. થોડું આવી ગયું છે. અબદ્ધસ્પૃષ્ટ નહિ? ‘**उदयति नयश्री**’ એમાં છે ક્યાંક ખરું. કહો, સમજાણું આમાં?

અહીં આત્માને જ્ઞાનમાત્ર કહીને આત્માને ઓળખાવ્યો અને તે જ આત્મા છે એમ કેમ? એમ સ્પષ્ટ કરે છે. કહો, શેઠી! બફમ થઈ જાય છે. આ શું? વળી પાછું આ આવ્યું.

મુમુક્ષુ :- ચેતના લક્ષણ નહિ?

ઉત્તર :- ચેતનતા ત્રિકાળ એકરૂપ છે સામાન્ય. દર્શન-જ્ઞાનનું એકરૂપ એ ત્રિકાળ છે. વ્યક્ત ક્યાં છે ઈ? વ્યક્ત તો એ માંહ્યલી દર્શન-જ્ઞાનની પર્યાયો બે પર્યાયો પ્રગટ છે. અને એમાં પણ દર્શન છે એ સામાન્ય છે એ દ્વારા આત્મા જાણી શકાય નહિ. સમજાણું કાંઈ?

‘**દર્શન અને જ્ઞાનમાં પણ જ્ઞાન સાકાર છે,...**’ સાકાર એટલે? સ્વ અને પરને જાણી શકે. સ્વને-પરને જાણવાની તાકાત સાકર સમ્યગ્જ્ઞાનમાં-જ્ઞાનમાં છે. સમજાણું કાંઈ? ‘**પ્રગટ અનુભવગોચર છે;...**’ જુઓ! જ્ઞાન અવસ્થા પ્રગટ લક્ષમાં આવે તે લક્ષણ છે એનું. જાણે છે, જાણે છે, આ જાણે છે, જાણે છે લક્ષમાં આવે છે કે નહિ? ચેતના લક્ષમાં ન આવે કારણ કે શક્તિ છે. પ્રગટ અવસ્થા દર્શન-જ્ઞાનની, પણ આ દર્શન એમ ખ્યાલ આવે તો જ્ઞાન થઈ જાય. સમજાણું કાંઈ?

આમ તો ઓલામાં આવે છે ને? પ્રવચનસાર. નહિ? સાકાર ઉપયોગ દ્વારા ગ્રંથિને છેદી. આમ તો જ્ઞાન ઉપયોગ દ્વારા છેદાય છે. ત્યાં એમ લીધું છે. સાકાર-અનાકાર ઉપયોગ દ્વારા. સમજાણું ને? પ્રવચનસારમાં આવે છે. આવ્યું છે ને? તમે સાકારનો અર્થ નીચે સવિકલ્પ,

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નિરાકારનો અર્થ નિર્વિકલ્પ કર્યો છે. કેટલામું આવે છે? સાકાર-અનાકાર છે ને? જુઓ!

**जो एवं जाणित्ता झादि परं अप्पगं विसुद्धप्पा।**
**सागारोऽणागारो खवेदि सो मोहदुग्गंठिं।।१९४।।**

સમજાણું? '**સાકાર ઉપયોગવાળાને કે અનાકાર ઉપયોગવાળાને-બન્નેને અવિશેષપણે એકાગ્રસંચેતનની પ્રસિદ્ધિ હોવાથી-અનાદિ સંસારથી બંધાયેલી અતિ દઢ મોહદુર્ગ્રંથિ છૂટી જાય છે.**' ઉપયોગ લઈ લીધો છે દર્શનમાં. એને ખ્યાલ ન આવે પણ ઉપયોગ લીધો છે. દર્શનઉપયોગ અને જ્ઞાન (ઉપયોગ) સવિકલ્પ એવી શૈલી લીધી છે. ભાઈના શબ્દો છે. જયસેનાચાર્યના. ... કહો, સમજાણું? આમ ખ્યાલમાં જ્યાં આવે એ દર્શન નથી આવતું એમ કહે છે. ખ્યાલ કે આ જાણે છે પ્રગટ. પ્રગટ અવસ્થામાં જાણે છે, જેના અસ્તિત્વમાં જણાય છે તે જ્ઞાન. તે જ્ઞાનની પ્રગટતાથી આત્મા જાણી શકાય છે. માટે આત્માને જ્ઞાન તત્ત્વ કહીને આખું સર્વસ્વ આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ કહી દીધું. સમજાણું કાંઈ? અને જ્ઞાન છે એ પ્રગટ એ જ્ઞાનના ઉપયોગ દ્વારા જ આત્મા જાણી શકાય. સમજાણું કાંઈ? રાગ, વિકલ્પ કે ભેદથી જાણી શકાય નહિ. લ્યો! વિશેષ.

'**પ્રગટ અનુભવગોચર છે;...**' શું? પહેલી વાત એમ લીધી કે જે આ આત્મા છે, વસ્તુ છે, વસ્તુ. હવે એ વસ્તુમાં હોવાપણું, દ્રવ્યપણું, પ્રમેયત્વપણું એવા અનંતગુણો છે. છતાં એ ગુણો બીજામાં પણ છે, રજકણમાં છે, આકાશમાં છે. તો એક ગુણ અહીં અને એક ગુણ ત્યાં તો એ દ્વારા આત્મા જુદો પાડીને આ આત્મા એમ પકડી ન શકાય. સમજાય છે કાંઈ? બીજી વાત કે આત્મામાં કોઈ વખતે કેવળજ્ઞાનાદિ હોય, કેવળદર્શનાદિ હોય એવા દ્વારા એને ઓળખવા માગે તો બધી અવસ્થાઓમાં વ્યાપનારી તે અવસ્થા નથી. તેથી આત્માને ઓળખવા માટે તે કોઈ અવસ્થામાં હોય તે લક્ષણ લાગુ પડતું નથી. બે.

ત્રીજું. ચેતયિતા એનું લક્ષણ છે. ચેતયિતાનું ચેતના લક્ષણ છે. ચેતયિતા. એનું ચેતના. ચેતના એટલે દર્શન અને જ્ઞાન સામાન્યરૂપ શક્તિ એ એનું લક્ષણ છે. એ અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ રહિત. એટલે કે બીજે ન હોય અને કોઈપણ તેના ગુણમાં કે અવસ્થામાં ન હોય એમ નહિ. પણ એ ચેતનતા સામાન્ય છે, એની શક્તિરૂપ છે. એની પ્રગટતાના તો દર્શન અને જ્ઞાન બે ભાગ છે. દર્શન-જ્ઞાનના બે ભાગમાં દર્શન દ્વારા આત્મા ન ઓળખી શકાય. કારણ કે દર્શનમાં અભેદપણું છે, સામાન્યપણું છે, નિર્વિકલ્પપણું છે. એ દ્વારા આ આત્મા એમ ન ઓળખી શકાય. સમજાય છે કાંઈ? આવું વળી ઝીણું પાછું.

ભગવાન આત્મા જુઓ! આ વસ્તુસ્થિતિ છે. આ રીતે આત્માને ન જાણે અને સામાન્ય રીતે એમ કરીને ધ્યાન કરીને બેસે તો કાંઈ નહિ વળે તારું એમ કહે છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આ રીતનો આત્મા છે અને આ સ્વરૂપે છે એ રીતે એના જ્ઞાનના ખ્યાલમાં આવીને લક્ષ અંદર કરશે તો તેના ધ્યાનમાં વાસ્તવિક વસ્તુ ધ્યેય થશે. નહિતર વાસ્તવિક ધ્યેય થશે નહિ. જ્ઞાન કરીને આમ બેસી જાય.. આત્મા. શું પણ આત્મા? સમજાણું કાંઈ? આ બધા એમ ને એમ થોથા ખાય છે ને અનંતકાળથી?

વાસ્તવિક ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો આત્મા અને તે આત્માનું ખાસ લક્ષણ જે જ્ઞાન કે જે જ્ઞાનની અવસ્થા કોઈપણ આત્મામાં ન હોય એમ હોઈ શકે નહિ. એ જ્ઞાન જ અનુભવગમ્ય છે. ગોચર એટલે ગમ્ય. જ્ઞાન-જાણે તે આત્મા... જાણે તે આત્મા.. જાણે તે આત્મા. પુણ્ય-પાપ નહિ, અસ્તિત્વ આદિની અહીં અત્યારે વાત નહિ. એ આ જાણે તે આત્મા. એ જાણવાની પર્યાય તે અનુભવગમ્ય છે, લક્ષમાં આવે છે, ખ્યાલમાં આવે છે. કહો, સમજાણું કાંઈ? દર્શન ખ્યાલમાં ન આવે. આ દર્શનને ખ્યાલ કરે તો જ્ઞાન થઈ જાય છે. શેઠી! ઝીણી વાત છે. આહાહા..! ભારે!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ..માં લખાણ હોય તો કે દી એણે અભ્યાસ કર્યો છે? એય..! શેઠી! શાસ્ત્ર તમારા ગામમાં લખાણું છે, લ્યો ઠીક!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો હમણા જાગ્યા વળી, નહિતર હતા ક્યાં? સૂતા હતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કે સવળું બોલે એવા છે. એ સવળું બોલે એવા છે. મીઠાલાલજી છે ને.

'**પ્રગટ અનુભવગોચર છે;...**' શું કીધું? સમજાણું કાંઈ? કે જે આ આત્મા વસ્તુ છે વસ્તુ-પદાર્થ, એને હોવાપણાથી ઓળખો તો નહિ ઓળખાય. કારણ કે હોવાપણું તો પરમાં પણ છે અને આમાં પણ છે. એને જુદો શી રીતે પાડવો? શરીર પણ છે, રાગ પણ છે, કર્મ પણ છે, આકાશ પણ છે. તેથી હોવાપણા દ્વારા આત્મા નહિ જણાય. ઠીક! પછી કહે છે, એમાં દરેક અવસ્થામાં ન વ્યાપે એવી મોટી શક્તિનું વર્ણન કરો કે આવો તો કેવળજ્ઞાનમય છે, કેવળ આનંદમય છે. સંપૂર્ણ, સંપૂર્ણ પ્રગટ જ્ઞાનમય છે. તો એ અવસ્થા કાંઈ દરેક ઠેકાણે હોતી નથી. તો એ દ્વારા સાધકને સાધવું છે તો એ કામ અહીં આવે નહિ. કહો, સમજાણું કાંઈ?

ત્રીજી વાત એ કે આત્મા ચેતનસ્વરૂપ છે. ચેતનાસ્વરૂપ છે. એ આત્માનું ચેતનાસ્વરૂપ અતિવ્યાપ્તિ-અવ્યાપ્તિ રહિત છે. આત્મા સિવાય હોય નહિ અને જ્યાં જ્યાં આત્મા ત્યાં બધે સ્થાને ચેતનતા હોય. પણ એ શક્તિમાત્ર છે. પ્રગટ આખી ચેતનાની પ્રગટ શું છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આ તો સામાન્ય દર્શનરૂપ ચેતના સામાન્યરૂપ છે શક્તિરૂપ. તેની પ્રગટતા. વ્યક્તિ નામ પ્રગટતા. ચેતનાની વર્તમાન અવસ્થામાં-દશામાં પ્રગટતા, વ્યક્તતા દર્શન અને જ્ઞાન છે. કહો, સમજાણું આમાં?

'**તે દર્શન અને જ્ઞાનમાં પણ...**' એમ પાછું. '**જ્ઞાન સાકાર છે,...**' એટલે જ્ઞાન સ્વ-પરને આ રાગથી ભિન્ન પાડવું હોય, પરથી ભિન્ન પાડવું હોય તો એ જ્ઞાનમાં તાકાત છે. આ રાગ એ હું નહિ અને આ આત્મા તે હું. સમજાય છે કાંઈ? સાકાર નામ સવિકલ્પ નામ સ્વ અને પરને જાણવાની જેનામાં તાકાત છે. સ્વ અને પરને જેનામાં જાણવાની તાકાત છે. એવી જે જ્ઞાન અવસ્થા તેને અહીંયાં સાકાર કહેવામાં આવે છે. સાકાર એટલે આકાર-બાકારની અહીં વાત નથી હોં પાછી. એક સાધુ કહેતો હતો ત્યાં મળ્યો હતો ને તે દી. (સંવત) ૧૯૯૯માં. સ્થાનકવાસી સાધુ. ચોમાસુ ગામમાં હતું. રસ્તામાં મળે. એને મળવાનો ભાવ હશે એટલે એની કોર દિશાએ આવ્યો હશે. પછી વાત થોડીક એને કરવી હશે. સાકાર જ્ઞાન છે, રૂપી જ્ઞાન છે અને દર્શન અરૂપી છે. શું તમે કહો છો? જુવાન હતો સાધુ. કાંઈ ખબર ન મળે બિચારાને. લૂગડા પહેરી અને કોઈ લૂગડા કાઢીને થઈ ગયા સાધુ.

અહીં તો કહે છે, ભાઈ! તારો આત્મા જે રીતે છે એને જ્યાં સુધી દર્શન-જ્ઞાનમાં પ્રતીતમાં ન લે તો સામ્યપણું, સમતાપણું પ્રગટશે ક્યાંથી? સમજાય છે? સમતા નામ વીતરાગતા એનું મૂળ તો આત્માનું દર્શન અને જ્ઞાન છે. એ આત્માનું જેવું સ્વરૂપ છે તેવું દર્શન અને જ્ઞાન નહિ થાય તો ઠરવાની વીતરાગતા, સામ્યતા, સમતા, નિર્વિકલ્પ દશા, વીતરાગતા ક્યાંથી આવશે? સમજાણું કાંઈ?

કહે છે, આત્માને જાણવા માટે જ્ઞાન જ એક લક્ષણ છે. એ અનુભવગમ્ય થઈ શકે છે એમ કહે છે જુઓ! '**પ્રગટ અનુભવગોચર...**' ગોચર એટલે ગમ્ય. આ જાણવું છે એ આત્મા. જાણે છે આત્મા. જ્યાં જોઈએ ત્યાં જાણે છે આત્મા તે આત્માને .. લક્ષણ પ્રગટવા માટે સાધન છે. સમજાણું કાંઈ? લ્યો! રાગ પણ સાધન નથી, શરીર પણ સાધન નથી, ચેતના કાયમની સાધન નથી, પ્રગટ દર્શન પણ સાધન નથી, એક જ્ઞાન સાધન છે એમ કહે છે. લ્યો! જ્ઞાન આ જાણે છે એ આત્મા. એટલે જાણવાના લક્ષણ દ્વારા 'આ આત્મા' એમ જ્ઞાન દ્વારા પરથી ભિન્ન પાડી અને પોતાના આશ્રયમાં જાય એવો એ જ્ઞાનનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? આમ તો અંદરમાં ઉતરેલ છે. નહોતું આવ્યું? શું કીધું ઓલું? ચેતનને. ભગવતી ચેતના અને ભગવતી ઉપયોગ. આવ્યું હતું કે નહિ? એ ચેતના સામાન્ય છે. પહેલું આવી ગયું. ઠીક! આમાં આવી ગયું છે. એ સામાન્ય છે ને ચેતના ઉતરેલી? આપણે આવ્યું હતું ને? ૧૨૭. પહેલી શરૂઆત. વિશેષની શરૂઆત.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભગવાન આત્મા... જુઓ! ચેતના એટલે જાણવું-દેખવું એવો સામાન્યગુણ, એ ગુણ આખા આત્મામાં ઉતરેલો છે, ઉતરેલો છે. છે એમ. આવ્યું હતું ને ભાઈ? નવરંગભાઈ આવ્યું હતું? ક્યારે આવ્યું હતું? ભૂલી ગયા હશે. પણ હમણાં આવ્યું હતું ને તમે આવ્યા પછી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. થયું હતું પણ. પણ વ્યાખ્યાન એકવાર આવે તો ખ્યાલમાં આવવું જોઈએ કે નહિ? ઘરાક સારો આવે તો કેવું ખ્યાલમાં રહે કે આજે પાંચ હજાર પેદા થાય એવું છે. સમજાણું? કહો, સમજાણું આમાં?

ભગવાન આત્મા, જેમાં ચેતના ઉતરેલી છે. આ છે ને? ૧૨૭ ઓલા પાનામાં થઈ રહ્યું ને? (પ્રવચનસાર ગાથા-૧૨૭) જુઓ! '**જીવના સ્વધર્મોમાં...**' શેઠી નહિ હોય કાં તો તે દી. હતા? નહોતા. શું કહે છે? આ જ્ઞેય તત્ત્વ છે. એમાં જ્ઞેયમાં આત્મા પણ જ્ઞેય છે. આત્મા જ્ઞેય છે ને? છએ દ્રવ્ય જ્ઞેય છે ને? જ્ઞેય એટલે જાણવાલાયક. એમ આત્મા પણ જાણવાલાયક જ્ઞેય છે. હવે એ આત્મા '**જીવના સ્વધર્મોમાં વ્યાપનારી હોવાથી (જીવના) સ્વરૂપપણે પ્રકાશતી, અવિનાશિની...**' ત્રિકાળીની વાત છે. '**ભગવતી, સંવેદનરૂપ ચેતના વડે...**' સમજાણું? ચેતના વડે '**નિષ્પન્નપણું જેમાં ઊતરેલું પ્રતિભાસે છે...**' ચેતના. પણ એ પ્રતિભાસે એ પર્યાય દ્વારા ચેતનાનું લક્ષણ કરીને પ્રતિભાસે છે. આખો આત્મા, આ ચેતના એમાં ઉતરેલી છે એ વર્તમાન પ્રગટ જ્ઞાન દ્વારા જાણી શકાય છે. આ ગુણ વર્ણવ્યો છે ચેતના. ભાઈ! જુઓ! અહીંથી એની શક્તિ લીધી. અહીં ગુણ લીધો. અવિનાશી લીધી છે ને? અવિનાશી લીધી છે.

મુમુક્ષુ :- શક્તિમાત્ર લીધું.

ઉત્તર :- બસ! શક્તિ કહો કે અવિનાશી વસ્તુ કહો, ગુણ કહો.

ભગવાન આત્મા એમાં ચેતના એક અવિનાશીની સ્વભાવરૂપ આત્મદ્રવ્યમાં અંતરમાં ઉતરેલી નિષ્પન્ન પ્રાપ્ત ભાસે છે તે જીવ છે. અરે..! પણ ભાસે છે શેમાં? એ દ્વારા. '**અને જેમાં ઉપયોગની સાથે રહેનારી, યથોક્ત લક્ષણવાળી ચેતનાનો અભાવ હોવાથી...**' '**દ્રવ્યપરિણતિરૂપ ઉપયોગ વડે...**' જુઓ હવે. '**દ્રવ્યપરિણતિરૂપ ઉપયોગ વડે નિષ્પન્નપણું (-રચાયેલાપણું, બનેલાપણું) જેમાં ઉતરેલું પ્રતિભાસે છે...**' જાણવાનો ઉપયોગ, પ્રધાન એ લેવો છે, હોં! ઉપયોગ તો બેય લીધો છે ભેગો આમાં. પણ અહીં એકલો જુદો પાડ્યો છે હવે. ઉપયોગ એકલો જાણવાની પરિણતિ. કારણ કે ઉપયોગ છે આ બેય થઈને. પણ એમાં પણ આ જ્ઞાન ઉપયોગ છે એ આત્મામાં અંતર્મુખ વસ્તુમાં અંતર્મુખ ઉતરેલું છે. આખી પર્યાય છે પણ પર્યાય આખા દ્રવ્યમાં ઉતરેલી છે કે નહિ અંદર? વ્યાપક છે ને આખા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દ્રવ્યમાં? આ વાત કરી હતી થોડી. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે તારે.. દાખલો નહોતો આપ્યો ઓલાએ કાંઈક? ..માં ઉતરવું હોય તો અહીંથી ઊતરવું. ઓલો તળાવનો ભાઈએ આપ્યો હતો ને? તળાવનો દાખલો આપ્યો હતો. લ્યો વળી યાદ આવ્યું. તળાવમાં ઉતરવા ટાણે આરો હોય. લ્યો! મલૂકચંદભાઈને યાદ રહે છે. દાખલો આપ્યો હતો. તળાવમાં ઉતરવું હોય તો એના આરા હોય પગથિયા. ગારામાંથી ઉતરે તો કાં તો ગરી જાય અને કાં લપસી જાય. ચારે કોર હોય ને ધૂળની ઓલી? એમાં પાણી ઝપટ મારતું હોય એટલે પાણી ઘણું ગરી હોય અને કાં કાદવ થયો અને કાં.. સમજ્યાને? કાં આમ લપસી જાય. એને આરે ઉતરાય. એમ આત્મામાં ઉતરવું હોય તો સમ્યગ્જ્ઞાનને આરે ઉતરાય. એ લખ્યું છે ને. ઉતરેલું આવ્યું. એમાં આવી ગયું એ. એનો આરો કાઢ્યો.

મુમુક્ષુ :- પગથિયા ઊતરતા જાય.

ઉત્તર :- ઊતરતાં કહ્યું હતું. એ ઊતરતાં એ આરાનો ખ્યાલ આવ્યો હતો, લ્યો! આહાહા..! સમજાણું કાંઈ? અરે..ભાઈ! આહાહા..!

ભગવાન મોટું જ્ઞાનનું સરોવર છે. જ્ઞાનનું સરોવર આખો અનંતગુણનો સરોવર ભગવાન પિંડ પ્રભુ બિરાજે છે. પોતે હોં! શરીર-ફરીર ક્યાંય રહી ગયા જુદા એના. અહીં તો કર્મ પણ જુદા રહી ગયા અને રાગ પણ જુદા રહી ગયા. રાગ દ્વારા જણાય, શુભયોગ દ્વારા આત્મા જણાય. ગજબ કરે છે ને! શુભયોગમાં આત્માની શુદ્ધતા. અરે..! ભગવાન! આત્માનો આનંદ જે વસ્તુ છે એવો આનંદપણાની પર્યાયમાં ન આવે ત્યાં સુધી એણે આત્માને જાણ્યો ક્યાં કહેવાય? અશુદ્ધયોગમાં આનંદ ક્યાં પ્રગટપણે આવે? શુભયોગમાં આનંદ પણ ક્યાં છે અને શુભયોગ સ્વ તરફ જાય તો એનું લક્ષણ પણ ક્યાં છે કે એને પકડે? આહાહા..! સમજાણું કાંઈ? એવા વાદવિવાદ જગતમાં ઊભા રહેશે. સમજાણું? કામ કરનારા કામ કરીને ચાલ્યા જાશે. શું થાય? જગતમાં એવું છે. આહાહા..!

ભગવાન આત્મા, જેનામાં કહે છે જ્ઞાનની વર્તમાન પરિણતિ પર્યાય એ અંદર જો તો એમાં ઊતરેલી છે, અંદર છે. એટલે એના દ્વારા આત્મા જાણી શકાય છે. એ અસ્તિ દ્વારા ન જણાય, પૂર્ણ પર્યાય દ્વારા ન જણાય. કારણ કે અહીં છે નહિ. આ રાગ દ્વારા ન જણાય એ તો ક્યાંય રહી ગયું. આહાહા..! તારો શુભરાગ હોય દયા, દાન, ભક્તિ, પૂજાનો એના દ્વારા જણાય એ એનું લક્ષણ ક્યાં છે પણ ઈ? એનું લક્ષણ નથી સામાન્યમાં, નથી વિશેષમાં. સામાન્યમાં પણ ચેતના, વિશેષમાં દર્શન-જ્ઞાનની વ્યક્તતા.-એમાં જ્ઞાન દ્વારા જણાય એવું અનુભવગમ્ય જ્ઞાન છે. સમજાણું કાંઈ?

જ્ઞાન એટલે વર્તમાન પ્રગટ જે છે ને જાણવાનો વિકાસ. ક્ષયોપશમ, ક્ષયોપશમ શાસ્ત્રભાષાએ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહીએ તો. જ્ઞાનની પર્યાયમાં દરેકમાં જાણે છે કે આ છે... આ છે... આ છે... પણ એ જાણ્યું શેમાં? એ જ્ઞાનની પર્યાયમાં. એ જ્ઞાનપર્યાય વ્યક્ત પ્રગટ અનુભવગમ્ય છે અને અનુભવગમ્ય છે તે જ્ઞાન દ્વારા આત્મા જાણી શકાય છે. સમજાણું કાંઈ? લક્ષણ અને એનું જે લક્ષ. લક્ષ જ્ઞાન દ્વારા થઈ શકે છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ જ્ઞાન દ્વારા થઈ શકે છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કોઈ અસ્તિત્વ ગુણ દ્વારા કે રાગ દ્વારા કે પૂર્ણ પર્યાય દ્વારા થઈ શકતી નથી. અસ્તિત્વ વસ્તુનું આખું અસ્તિત્વ, આખી ચીજ એ જ્ઞાનના લક્ષણ દ્વારા, પ્રગટ અનુભવગમ્ય દ્વારા જાણી શકાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'જ્ઞાન સાકાર છે, પ્રગટ અનુભવગોચર છે;...'** જોયું! **'તેથી તેના દ્વારા જ આત્મા ઓળખી શકાય છે.'** એટલું સ્પષ્ટ કર્યું છે! આ તમારે જયપૂરના જયચંદ્ર પંડિત. જયપૂરના અને જયચંદ્ર. મૂળ તો જયપૂર એનું નામ છે. એમાં જયચંદ્ર. જયચંદ્ર કહેવાય ને? જયપૂર. કહે છે, ભગવાન આત્મા... ભાઈ! આ તો શાંતની ચીજ છે. આ કાંઈ કોઈ વાદવિવાદની, કોઈ ભણી જવાની (વસ્તુ નથી). આ તો વસ્તુ જે છે ભગવાન આત્મા, એમાં કહે છે કે તારે જો ઊતરવું હોય, એને પ્રાપ્ત કરવો હોય તો એ જ્ઞાનની અવસ્થા છે એ પ્રગટ જ્ઞાનગમ્ય, અનુભવગમ્ય છે એથી તે દ્વારા આત્મા જાણી શકાય છે. જુઓને! કેટલો સિદ્ધાંત મૂક્યો! એ એનો અર્થ થયો કે જ્ઞાન શુદ્ધપણાના પરિણમન દ્વારા એના અંદરમાં જઈ શકે છે. સમજાણું કાંઈ? રાગનો આશ્રય નહિ, અંદર રાગનો મેલ-કણ નહિ. એ જ્ઞાનનો પર્યાય શુદ્ધ જે છે એ શુદ્ધ દ્વારા આ આત્મા અંદર જાણી શકાય છે. એમ કહે છે ટૂંકામાં. સમજાણું કાંઈ? ચૈતન્ય-ભીંત ધ્રુવ. એ ધ્રુવ ચૈતન્ય છે, નિત્ય ચૈતન્ય છે સ્વાત્મા એને જ્ઞાનની પર્યાય દ્વારા આ આત્મા છે એમ પહોંચી-પ્રાપ્ત થઈ શકે છે. સમજાણું કાંઈ?

**'તેથી તેના દ્વારા જ આત્મા ઓળખી શકાય છે. માટે અહીં...'** આ સ્થાનમાં **'આ જ્ઞાનને જ પ્રધાન કરીને આત્માનું તત્ત્વ કહ્યું છે.'** લ્યો! માટે આ સ્થાનમાં. માથે કહ્યું ને આખા સમયસારનો કળશ? **'आत्मतत्त्वं' 'इतीदमात्मनस्तत्त्वं ज्ञानमात्रमवस्थितम्।'** હવે એમાં તો આખું કાઢશે સ્યાદ્વાદ અને ઉપાય ઉપેય. અહીં તો હજી જ્ઞાનમાત્ર કેમ કહ્યું એની વાત કરે છે. **'આ જ્ઞાનને જ પ્રધાન કરીને આત્માનું તત્ત્વ કહ્યું છે.'**

**'અહીં એમ ન સમજવું કે આત્માને જ્ઞાનમાત્ર તત્ત્વવાળો કહ્યો છે તેથી એટલો જ પરમાર્થ છે...'** એટલે જ્ઞાનસ્વરૂપ એકલું જ છે અને બીજા ગુણો નથી એમ ન સમજવું. અહીં **'તેથી એટલો જ પરમાર્થ છે...'** એમ ન સમજવું. **'અને અન્ય ધર્મો જૂઠા છે,...'** એમાં હોવાવાળો ગુણ, આનંદગુણ એ આદિ જૂઠાં છે એમ નથી. **'આત્મામાં નથી;...'** એમ ન માનવું. **'આવો સર્વથા એકાંત કરવાથી તો મિથ્યાદૃષ્ટિપણું થાય છે,...'** એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ્ઞાન તે આત્મા, એકલું જ્ઞાન લે તો એ જ્ઞાન એકલું છે એમ જો માન તો જ્ઞાન છે એની શ્રદ્ધા કરનાર, એમાં ઠરનાર, એમાં વીર્યની સ્ફુરણા કરનાર, એનું હોવાપણું આદિ શક્તિઓ જ્ઞાન છે એની સાથે આ બધા છે. એ બધા છે અને તું કહે કે જ્ઞાનમાત્ર છે (તો) એકાંત મિથ્યાદષ્ટિ થઈ જઈશ. સમજાણું કાંઈ?

જ્ઞાન છે એમ કહેતાં આ બધા અસ્તિત્વ ગુણો-શક્તિ સિદ્ધ કરશે. જ્ઞાન. જ્ઞાન છે. એ અસ્તિત્વ આવ્યું. જ્ઞાન જ્ઞેય થઈને જ્ઞાનમાં આવે છે એ પ્રમેયત્વ શક્તિ છે, જ્ઞાન વસ્તુત્વ પ્રયોજનભૂત સિદ્ધ કરે છે. દ્રવે છે દ્રવે છે. એ જ્ઞાન છે, એ જ્ઞાન છે એ જ્ઞાન એકલું છે એમ લ્યો તો એ જ્ઞાન છે એ આનંદસહિત જ હોય. કારણ કે વસ્તુ સ્વભાવ છે એ સુખરૂપ અને અનુકૂળ જ હોય. જ્ઞાન છે એમ કહેતાં એ અનાકુળ આનંદ પણ સાથે હોય જ. એમ આવા અનંત ગુણો એમાં સાથે હોય છે. એમ ન માનતા જ્ઞાનમાત્ર એકલો માનીને જો બેસે, મૂઢ થઈ જશે મિથ્યાદષ્ટિ. નવરંગભાઈ!

મુમુક્ષુ :- ઝીણું...

ઉત્તર :- ઝીણું પણ છે તો બહુ અમૃત જેવું છે આવું તત્ત્વ. આહાહા..! કેળવે તો બધું કેળવાય એવું છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આ વસ્તુ છે અને તે વસ્તુ આખી અનંતગુણમય છે. એને જ્ઞાનમાત્રથી કહ્યો પણ એથી જ્ઞાનમાત્રથી કહ્યો એ તો રાગ અને વિકારના અભાવ અને બીજા દ્રવ્યના અભાવમાત્રથી કહ્યો. પણ જ્ઞાનમાત્ર કહેતા એક જ જ્ઞાનસ્વરૂપ જ છે એમ જો લેવા જા તો 'જ્ઞાન છે' એ અસ્તિત્વનો ગુણ નાસ્તિ થઈ જાય છે. આ જ્ઞાન છે એ પરથી નથી એવો ગુણ એમાં રહેલો છે એની નાસ્તિ થઈ જાય. જ્ઞાન છે એવી શ્રદ્ધાની રુચિ શ્રદ્ધા સાથે છે. જ્ઞાન એકલું માન તો શ્રદ્ધાનો નાશ થઈ જાય. જ્ઞાન છે એ આનંદસહિત છે. કારણ કે જ્ઞાન છે એ સુખસહિત જ હોય. વસ્તુ જે છે અનાકુળ શાંતિ અને અનાકુળ સ્વભાવ સહિત હોય. જો જ્ઞાન છે એમાં એ આવી ગયું કે આનંદસહિત છે, આનંદસહિત છે. એમ અનંત ધર્મો સહિત એ આવી જાય છે. સમજાણું કાંઈ? જ્ઞાન છે એ સ્વથી છે. જ્ઞાન છે એ પરથી નથી. જ્ઞાન છે એક છે. જ્ઞાન છે એ અનેક પણ છે. અનેકને જાણે છે (માટે) અનેક છે. સામાન્ય તરીકે એક છે. એમ એક કહેતા એ વસ્તુનો સ્વભાવ સાબિત થઈ જાય છે. સમજાણું કાંઈ? એટલે કહે છે કે એકલું જ્ઞાનમાત્ર માનતા '**આવો સર્વથા એકાંત કરવાથી તો મિથ્યાદષ્ટિપણું થાય છે,...**' મિથ્યા એટલે જૂઠી દૃષ્ટિ થાય છે. જૂઠી દૃષ્ટિ થતાં આત્માને શાંતિનો ભંગ થઈને અશાંતિ થાય છે. સમજાણું કાંઈ? ધર્મ તે આવો છે.

'**વિજ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધનો...**' વિજ્ઞાન બૌદ્ધ એમ માને છે કે આ જગતમાં વિજ્ઞાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જ છે બીજું કાંઈ નથી. બૌદ્ધનો એક મત છે, એક મત છે કે આ જગતમાં વિજ્ઞાન જ છે. બધું વિજ્ઞાન... વિજ્ઞાન... વિજ્ઞાન.. બસ! થઈ રહ્યું. આખો પટ વિજ્ઞાન. એવો બૌદ્ધનો મત છે. અને વેદાંતનો પણ એ મત છે કે આત્મા એક જ છે. બીજું-બે છે નહિ. તો એ વિરોધ આવ્યો. તત્ત્વથી વિરુદ્ધ થયું. સમજાણું કાંઈ? એમ નથી. આત્મા એક છે, એમાં અનંત ગુણો છે, અનંત અવસ્થાઓ છે અને એ આત્મા છે તો પરથી નથી. નથી ત્યારે પર પણ સિદ્ધ થઈ જાય છે. એકલો આત્મા આત્મા કરે અને વસ્તુને આ રીતે ન સમજે તો એ આત્મા એને પ્રતીતમાં નહિ આવે. આત્મા છે એમ નક્કી કેમ કરવું પડ્યું? જો બીજી ચીજ ન હોય તો? થઈ રહ્યું. એટલે આત્મા છે એમ કહેતા બીજી ચીજો છે. એક જ આત્મા છે અને બીજી નથી એમ સિદ્ધ નથી થાતું. સમજાણું કાંઈ? કહે છે, '**વિજ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધનો અને વેદાંતનો મત આવે છે; માટે આવો એકાંત બાધાસહિત છે.**' એ જ્ઞાન જ છે એમ માનતા એકાંત નામ એક જ ધર્મ માનતા વસ્તુની સ્થિતિને વિઘ્ન આવે છે, બાધા આવે છે, વિરોધ આવે છે. માટે એવું વસ્તુનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

'**આવા એકાંત અભિપ્રાયથી...**' જુઓ હવે. એ જ્ઞાન જ છું. એવો આત્મા. એ રાગવાળો છે, શરીરવાળો એ તો વળી ભાઈ એક કોર મૂકી દ્યો. અહીં તો જ્ઞાન છું એકલા ગુણવાળો એક જ જ્ઞાન છું તો એ જ્ઞાન અને ધરનાર આત્મા, એ આત્મા તો જ્ઞાન પણ છે અને આત્મા તો આનંદ પણ છે. જ્ઞાન તે આત્મા ખરો, પણ આત્મા એકલો જ જ્ઞાનમય છે એમ નથી. આહાહા..! આત્મા સત્ છે, ચિદ્-જ્ઞાન છે, સચ્ચિદાનંદ-આનંદ છે. એમ તો સિદ્ધ ત્રણેય થઈ ગયું. અને ત્રણને પ્રતીતમાં શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ત્રણે આવી ગયા અંદર. સચ્ચિદાનંદ સત્ છે, છે એવી પ્રતીતિ દર્શન, જ્ઞાન છે તેનું જ્ઞાન અને ચારિત્ર છે આનંદ છે તેનું ચારિત્ર-રમણતા. સમજાણું કાંઈ? એક જ જ્ઞાનમાત્ર હોય તો આ કોઈ રીતે વસ્તુ સિદ્ધ થતી નથી. અને એ વસ્તુને આ રીતે દૃષ્ટિમાં સિદ્ધ કર્યા વિના ધ્યાન કરવા બેસે તો પણ આકાશના ફૂલ જેવું નિરર્થક જશે. ફળ આવશે નહિ. આવશે રખડવાનું. એટલે જે આવે છે એ આવશે એમ. જે રખડવાનું છે એ આવશે. અહીં તો રખડવું ટાળવા માટેની વાત છે ને? સમજાણું કાંઈ? આહાહા..!

જેને દુઃખથી મુક્ત થવું હોય. એમ છે. દુઃખથી મુક્ત થવું હોય. આવે છે ને ભાઈ? પ્રવચનસારમાં નહિ? કુંદકુંદાચાર્યનું. ચારિત્ર અધિકારમાં. ન્યાયથી વાત છે. જેને દુઃખથી મુક્ત થવું હોય, તેણે અમે કહીએ છીએ તેવું શ્રમણ સામ્યપણું અંગીકાર કરો. દુઃખથી મુક્ત થવું હોય તો. આ સિદ્ધાંત મૂક્યો છે. ટીકા અમૃતચંદ્રાચાર્યની. સમજાય છે? દુઃખ જે વિકારની દશા, આકુળતા... આકુળતા... આકુળતા, જેમાં શાંતિની ગંધ ન મળે એવી વિકલ્પની આકુળતા,

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પુણ્ય-પાપના વિકલ્પની આકુળતા દુઃખ, એ દુઃખથી મુક્ત થવું હોય એને આવો આત્મા છે એમ દૃષ્ટિમાં, અનુભવમાં લેવો પડશે. એમ દુઃખથી મુક્ત થવું હોય એમ કરીશ તો દુઃખની હયાતી સ્વીકારવી પડશે ને? ભાઈ! તમે આત્માનું ધ્યાન કરો. શું કરવા? ક્યાં પડ્યા છો તો એમાં ધ્યાન કરવું? રાગ અને વિકાર દુઃખમાં પડ્યા છે માટે ધ્યાન કરવું. દુઃખનું અસ્તિત્વ સિદ્ધ થઈ ગયું. આનંદની ઊલટી દશા સિદ્ધ છે તારામાં વર્તમાન. એને ન માને અને એકદમ આત્મા આત્મા કરે એમ ન ચાલે કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'આવા એકાંત અભિપ્રાયથી કોઈ મુનિવ્રત પણ પાળે...'** દેખો! દિગંબર સાધુ થઈ જાય કે નગ્ન મુનિ જંગલમાં રહે. બાવા આવે છે ને ઘણા નગ્ન? બાવા નથી થાતા કેટલાક? ઓલામાં ત્યાં તો બહુ હોય છે. નાગા બાવાની ટોળી છે મોટી. કુંભ-કુંભ-કુંભ. કુંભનો મેળો થાય ને? હજારો બાવા ને બાયું નાગી હોય છે ત્યાં. બાયું નાગી. બાવાની .. શું પીવે ઓલું? કેળ હોય છે ને કેળ? કેળના પાણી પીવે એ. એટલે એને શરીરના બધા આંતરડા નરમ ઘેંસ થઈ જાય. પછી એને બહારથી ઓલું નહિ. અંદરમાં દૃષ્ટિ વિપરીત અને મિથ્યાત્વ બધો વિકાર પડ્યો છે. સમજાણું? કેળ, કેળ છે ને આ કેળ નહિ? કેળા. એની કેળનું પાણી પીવે ને એટલે એના આંતરડા મોળા-નરમ પડી જાય. અમારે હતા ને? ધ્રાંગધ્રામાં હતા. મોહનભાઈ દિવાન. ડુંગરપૂરના દિવાન હતા મોહનભાઈ હતા. હમણાં નહોતો એનો દીકરો આવ્યો? નોકર નહોતો? રસોડે હતો ને, રસોડે નહિ? પાતળું શરીર હતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું નામ? રતિલાલ. એ મોહનભાઈનો દીકરો છે. ઓલો વૃદ્ધ જેવો રાખ્યો છે, ઠોઠિયા જેવો. ઠોઠ જેવો હતો એક. પોતે પાછા માંડ માંડ ચાલી શકે ત્યાં એમાં તો શું કરતો હશે? બીજો કો'ક એવો હતો. પહેલા ઓલો કાકો હતો. આનો નહિ? હરિભાઈના કાકા હતા નહિ? એ બિચારા એવા હતા. શ્વાસ પણ લઈ શકે નહિ. એ બધા ઠોઠ તૈયાર કર્યા હતા ત્યાં રસોડે. આ તો એક વાત છે. યાદ આવે એટલે વાત કરીએ આ બધી. કાંઈ બિચારા ઊભા થવાની તેવડ નહિ એ બધા શું કામ કરતા હશે ત્યાં? આમના કાકા તો બિચારા આમ કરતા હોય. ઓલો આવીને સાંજે ... એ એનો દીકરો મોહનભાઈનો. મોહન ડુંગરપૂરના દિવાન. અહીંયાં આવતા. એમને પ્રેમ હતો. એમના ઘરે ગયા હતા. મેં કીધું, મોહનભાઈ! આ શરીર આવું કેમ થઈ ગયું? શરીર બધું ઢીલું ઢસ. આખા આંતરડા. દિવાન હતો. પાંચસોનો પગાર તે દી. આમ તો એ માસ્તર હતા રાજના. માસ્તર હતા પછી એના ઉપર વિશ્વાસ બહુ આવ્યો. દિવાન રાખ્યા હતા બીજાને. પણ તમારે.. ઘણા વર્ષની વાત છે હોં! મેં કહ્યું, આ શરીર આવું કેમ? મોહનભાઈ! કહે, મેં કેળનું પાણી પીધું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આંતરડા જાગૃત થાય જ નહિ. આંતરડા બધા ઢીલાઢસ. બાવા હોય ને પીવે ઈ. એમ કાંઈ વિષયને માર્યો છે માટે નથી, હોં! વાત એ માટે કહેવાય છે. વિષયને માર્યો માટે એ નાગા ફરે છે એમ નથી. એ વિષય મરે નહિ. વાસ્તવિક તત્ત્વના ભાન વિના વિષય મરે નહિ. વિષય ઝેર છે. આત્મા અમૃતસ્વરૂપ આવો છે એના ભાન વિના વિષય કોઈ દી ટળે નહિ. અંદર ગલગલિયા ઊંડે ઊંડે પડ્યા હોય છે. સમજાણું કાંઈ? આત્માના આનંદના સ્વાદ વિના વિષયના સ્વાદની રુચિ ટળે જ નહિ કોઈ દી. સમજાણું કાંઈ? અમૃતના પીણા પીધા વિના ઝેર ટળે નહિ. એમ વાત.

એ કહે છે કે આવો આત્મા છે, એ જ્ઞાનસ્વરૂપ છે, એની સાથે આનંદ છે એવા અનંત ગુણો છે. એવા અનંત ગુણવાળા આત્માનું જ્ઞાન કર્યા વિના એકલો જ્ઞાનમાત્ર જાણીને ધ્યાન કરવા બેસે તો કહે છે કે મુનિવ્રત પણ પાળે અને આત્માનું જ્ઞાનમાત્રનું ધ્યાન પણ કરે. લ્યો! જ્ઞાન છું... જ્ઞાન છું... જ્ઞાન છું એમ ધ્યાન પણ કરે. જુઓ! ધ્યાન પણ કરે ત્યાં સુધી લીધો છે હવે. શુભરાગ કરે એ એક કોર મૂકી દીધો. અહીં આમ કરું. પણ વસ્તુ છે એની તો ખબર નથી. ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ અનંત અનંત ગુણ અને અનંત શક્તિનો પિંડ છે. એક જ ગુણ નથી. વસ્તુ એક, શક્તિ અનંત, એની અવસ્થા અનંત. એને જ્ઞાનમાત્રથી ઓળખાવ્યો. કારણ કે અનુભવગમ્ય છે માટે. પણ એમ જ્ઞાનમાત્ર એકલો કરીને અનુભવ કરવા જાય, ફળ આવશે શૂન્ય. સમજાણું કાંઈ? ઝીણી વાત છે.

**'આત્માનું-જ્ઞાનમાત્રનું-ધ્યાન પણ કરે, તોપણ મિથ્યાત્વ કપાય નહિ;...'** એ ભ્રમણા ટળશે નહિ, મિથ્યાત્વ નાશ થશે નહિ. જુઓ! ભાષા કેવી સરસ કરી છે! મિથ્યાત્વ તો નાશ ત્યારે થાય કે એક સમયમાં ભગવાન પોતાના અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણવાળું તત્ત્વ છે એને જ્ઞાનની પર્યાય દ્વારા પકડતા એમાં અનંતા ગુણો પકડઈ જાય છે. અનંતા ગુણોની પ્રગટદશા થઈ જાય છે. કારણ કે દ્રવ્ય અનંત ગુણવાળું છે અને વસ્તુમાં અનંત શક્તિ છે, સંખ્યાએ હોં! એ જ્ઞાન દ્વારા પકડતા અનંત શક્તિની વ્યક્તતા દશામાં થાય ત્યારે એનું નામ આત્મા જાણ્યો અને અનુભવ્યો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શૂન્ય લાગે કે ધ્યાન કરો છો? હા હોં! કાંઈ થાય છે? કાંઈ ખબર પડતી નથી. આનંદ આવે છે. શું આનંદ પણ ક્યો? કોણ જાણે આમ લાગે છે. સમજાણું?

એક બાવો આવ્યો હતો નહિ (સંવત) ૧૯૯૦માં? એમ.એ. ભણેલો હોં! હુશિયાર માણસ. ભણસાલી, સુરતનો ભણસાલી હતો. જુવાન માણસ. કડી નાખી હતી અહીં. કડી તાંબાની. કાણા પાડી અને એક ટાંટ્યુ પહેરતો. જુવાન માણસ હોં ૩૫ વર્ષનો. મારી પાસે આવ્યો. નામ ઓલું ને આવ્યો મારી પાસે. હુશિયાર માણસ. એમ.એ. ભણેલો. કીધું, આ શું કરીને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બેઠા? પણ બોલવાનું ન મળે એટલે લખે કે આમ કર્યું હતું. પણ આમ તમારી સાથે શી રીતે વાત કરવી અમારે?

મુમુક્ષુ :- બહુ આનંદમાં રહેતા હતા.

ઉત્તર :- ધૂળમાંય આનંદ નહોતો. મફતના હેરાન થવાના રસ્તા કર્યા. કીધું, આ શું કર્યું તેં? આ હઠ કરીને બોલવું નહિ. થોડા મગ ખાતા ભૂંગળી દ્વારા. ભૂંગળી નાખીને મગ ખાય, લીમડો ને એવું ખાય. જુવાન માણસ હતો. મેં થોડી થોડી વાત કરી પણ કીધું આમાં શી રીતે તમને વાત કરવી? .. કાઢી નાખી.. ગાંધીની સાથે ત્યાં વર્ધામાં ગયા છે. ૯૦ની સાલની વાત છે. રાજકોટ આવ્યા હતા. આવા ને આવા બિચારા ક્રિયાકાંડમાં કાંઈ ભાન ન મળે. તું કોણ છો? કેવડો છો? કેટલી શક્તિઓ છે? સત્ત્વ શું છે? અનંત ગુણનો પુંજ પ્રભુ છે. વસ્તુ એક પણ એની શક્તિઓની સંખ્યા અનંત છે. એક જ જ્ઞાન છે એમ નહિ. સમજાય છે? પણ એ જ્ઞાન કહો તો જ્ઞાનની શ્રદ્ધા કરનારી શક્તિ ક્યાં ગઈ? જ્ઞાન શ્રદ્ધયું કોણે? જ્ઞાનમાં ઠર્યું કોણ? જ્ઞાનનું હોવાપણું કઈ રીતે? સમજાય છે?

અનેક શક્તિઓ જ્ઞાનમાત્ર કહેતા એમાં સાબિત થાય છે. વગર વિચાર્યે સમજ્યા વિના જ્ઞાનમાત્ર-જ્ઞાનમાત્ર કરો. જુઓ! અહીં તો ત્યાં સુધી લીધું. એકલો શુભ ક્રિયાકાંડ કર તો કાંઈ વળે એવું નથી, અશુભમાં તો પાપ જ છે, શુભમાં તો પુણ્ય છે. આ આત્માને ધ્યાન કરવા જાય, જ્ઞાનમાત્ર છે એમ ધ્યાન કરવા જાય તો કાંઈ વળે એવું નથી. મિથ્યાત્વ કપાશે નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- મિથ્યાત્વ દ્રઢ થશે.

ઉત્તર :- દ્રઢ થાતું જાય છે ત્યાં સમુળગુ. શું થાય? આહાહા..! જે રીતે છે એ રીતે દૃષ્ટિમાં ન લે અને જ્ઞાન-શ્રદ્ધા ન કરે અને આમ ક્રિયાકાંડ કરી, તપસ્યા કરીને મરી જાય, સૂકાઈ જાય, કાંઈ ફળ નહિ આવે સારું. ખોટું આવશે રખડવાનું. ઈ તો છે ઈ છે. ... એ સફળ છે. આવે છે ને? પ્રવચનસારમાં આવે છે. એ એમાં પણ આવે છે, આમાં વીર્ય અધ્યયનમાં. સૂયગડાંગમાં. ...એ સફળ છે. એ તારી ક્રિયા સફળ છે. આત્મદર્શન વિનાની ક્રિયા તારી સફળ છે. ચાર ગતિના ફળનું કામ છે. શેઠી! અને ધાર્મિક ક્રિયા તે અફળ છે- એમાં ચાર ગતિનું ફળ નથી. આત્મા આનંદમૂર્તિ જ્ઞાન એવા અનંત ગુણવાળું તત્ત્વ, એને જેમ સર્વજ્ઞે કહેલો, પરમેશ્વરે કહેલો, એણે અનુભવેલો, એણે કહ્યો અને એવો શાસ્ત્રમાં કહ્યો છે. એ રીતે ગુરુગમ દ્વારા આત્મા ન જાણે અને એકલો જ્ઞાન જ્ઞાન કરીને ધ્યાન કરવા જાય તો વળશે નહિ કાંઈ. મિથ્યાત્વ નહિ કપાય, મિથ્યાશ્રદ્ધા નહિ નાશ થાય, વ્યય નહિ થાય. જેવું સ્વરૂપ છે તે રીતે અંતરમાં પ્રતીત, ભાન કર્યા વિના (મિથ્યાત્વનો નાશ નહિ થાય).

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ પ્રતીતની ઉત્પત્તિમાં મિથ્યાત્વનો નાશ થાય, સાચી પ્રતીતની ઉત્પત્તિ વસ્તુના ભાન વિના થાય નહિ. મિથ્યાત્વ કપાય નહિ, મિથ્યાત્વ દૃઢ થશે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તોપણ મિથ્યાત્વ કપાય નહિ; મંદ કષાયોને લીધે સ્વર્ગ પામે તો પામો,...**' એવા ધ્યાન કરે જંગલમાં કેટલાક જોગી ને બાવા ને, સમજ્યા વિનાના તો કોઈ આ વ્યંતર આ ભૂતડા-બૂતડા થાય. સ્વર્ગમાં જાય, પાછા ચાર ગતિમાં રખડશે. સમજાણું કાંઈ? '**સ્વર્ગ પામે તો પામો, મોક્ષનું સાધન તો થતું નથી.**' છૂટવાનું સાધન થતું નથી. '**માટે સ્યાદ્વાદથી યથાર્થ સમજવું.**' સ્યાત્ નામ અપેક્ષાએ જે કહ્યું હોય તેને તે રીતે સમજીને વસ્તુને સાધવી. યથાર્થ સમજવું.

જુઓ! એ શ્લોક આવ્યો અહીંયાં. ઓલામાં પાછળ આવે છે, નહિ? આ અધિકાર પૂરો કરીને જયચંદ્ર પંડિતે હિન્દીમાં કળશ મૂક્યો છે.

**સરવવિશુદ્ધજ્ઞાનરૂપ સદા ચિદાનંદ કરતા ન ભોગતા ન પરદ્રવ્યભાવકો,**
**મૂરત અમૂરત જે આનદ્રવ્ય લોકમાંહિ તે ભી જ્ઞાનરૂપ નાહીં ન્યારે ન અભાવકો;**
**યહૈ જાનિ જ્ઞાની જીવ આપકું ભજૈ સદીવ જ્ઞાનરૂપ સુખતૂપ આન ન લગાવકો,**
**કર્મ-કર્મફળરૂપ ચેતનાકૂં દૂરિ ટારિ જ્ઞાનચેતના અભ્યાસ કરે શુદ્ધ ભાવકો.**

ટૂંકામાં નાખી દીધું બધું ઘણું. પહેલેથી જે કહેતા આવે છે ને? '**સરવવિશુદ્ધજ્ઞાનરૂપ...**' કેવો છે ભગવાન આત્મા? સર્વવિશુદ્ધજ્ઞાનરૂપ. ક્રમબદ્ધથી શરૂ કર્યું છે ને? એ ક્રમબદ્ધનું નાખ્યું છે. છે શેઠી એમાં? પાછળ હશે. પાછળ છે કેટલાકને. આમાં અહીં છે, બીજાને પાછળ છે. '**સરવવિશુદ્ધજ્ઞાનરૂપ સદા ચિદાનંદ કરતા ન ભોગતા ન પરદ્રવ્યભાવકો,...**' ભગવાન આત્મા સર્વવિશુદ્ધ નિર્મળાનંદ પ્રભુ ભગવાન છે આત્મા. '**સદા ચિદાનંદ...**' એ તો જ્ઞાનાનંદ ભગવાન આત્મા છે. '**કરતા ન ભોગતા ન...**' એ પરદ્રવ્યનો એ કર્તા નથી અને પરદ્રવ્યનો એ ભોકતા નથી. રાગનો એ કર્તા નથી અને રાગનો એ ભોક્તા સ્વરૂપ નથી. ભગવાન આત્મા સદા ચિદાનંદ પ્રભુ. ચિદાનંદ બેય ભેગું લીધું. જ્ઞાન અને આનંદ. એકલું જ્ઞાન નહિ. એમ.

'**ચિદાનંદ કરતા ન ભોગતા ન પરદ્રવ્યભાવકો,...**' પરદ્રવ્ય અને પરદ્રવ્યની પર્યાય અહીં તો વળી. ઓલા પરદ્રવ્યને તો શું કરવું હતું? પણ પરદ્રવ્યની પર્યાયનો આત્મા કર્તા નથી. સમજાય છે કાંઈ? કોઈને આગળ-પાછળ છે ભાઈ, જૂનું નવું છે ને. આત્મા પરદ્રવ્યની પર્યાય કરે એ આત્મામાં નથી. એમ કહે છે. કો'કનું ભલું કરે, કો'કનું ભૂંડુ કરે એવું આત્મામાં નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં અહીં આત્મામાં છે. એને બતાવો. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'**સરવવિશુદ્ધજ્ઞાનરૂપ...**' બધા પડખેથી ભગવાન વિશુદ્ધ છે એમ કહે છે અહીં. ચિદાનંદ પ્રભુ જ્ઞાયકમૂર્તિ સર્વવિશુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. સદા ચિદાનંદ છે. ત્રણે કાળ એ તો જ્ઞાન અને આનંદ જેની ચીજ છે. '**કરતા ન ભોગતા ન પરદ્રવ્યભાવકો,...**' આત્મા સિવાય બીજા આત્માનું અને શરીર વગેરે કર્મનું કે બીજાનું એ કર્તા નામ તેને બદલાવનાર નથી અને તેનો તે આત્મા ભોકતા નથી. બીજાને પલટાવતો નથી અને બીજાને આત્મા ભોગતો નથી. સમજાણું કાંઈ? ખરેખર તો રાગને કરવાનો પણ એનો સ્વભાવ નથી અને રાગને ભોગવવાનો પણ એનો સ્વભાવ નથી. સર્વવિશુદ્ધજ્ઞાન છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર જ છે. એ પરદ્રવ્ય જ છે. પરભાવ છે ને એ. પરદ્રવ્ય-ભાવ તેથી લીધું છે ને.

'**મૂરત અમૂરત જે આનદ્રવ્ય...**' બેય લીધું. આત્મા સિવાયના પરમાણુ શરીરો એ બધા મૂર્ત પદાર્થો છે આ જડ પુદ્ગલ. અમૂર્ત આકાશ આદિ જે અનેરા દ્રવ્યો '**લોકમાંહિ તે ભી જ્ઞાનરૂપ નાહીં...**' તે આત્મારૂપ નથી. આ પર જીવ અને પર અજીવ, મૂર્ત અને અમૂરત બધા આનદ્રવ્ય-આત્માથી અનેરા દ્રવ્યો '**લોકમાંહિ તે ભી...**' આત્મરૂપ નથી, જ્ઞાનરૂપ નથી. '**ન્યારે ન અભાવકો;...**' આત્માથી જુદા છે બધા '**ન અભાવકો;...**' વસ્તુ જગતમાં ત્યાં નથી એમ નહિ. '**ન અભાવકો;...**' અભાવ છે એમ નહિ. આત્માથી ન્યારા ત્યાં છે. સમજાણું કાંઈ? '**યહૈ જાનિ જ્ઞાની જીવ...**' '**યહૈ જાનિ જ્ઞાની...**' ધર્માત્મા જીવ '**આપકું ભજૈ સદીવ...**' લ્યો! એ જ્ઞાનાનંદ સ્વભાવનું ભજન કરે. ભજવું એટલે એકાગ્ર થવું. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એને ભજે, સેવે, એકાગ્ર થઈને રમે. '**સદીવ...**' સદાય. પોતાને ભજે સદાય. રાગને નહિ, પુણ્યને નહિ, પરને નહિ. ભગવાનને નહિ એમ કહે છે અહીં તો.

મુમુક્ષુ :- પોતાને ભજે.

ઉત્તર :- પોતાને ભજે. કહો, સમજાણું આમાં? ક્યાં ગયા ત્રિભુવનભાઈ આવ્યા નથી? આવ્યા છે. ઠીક, તમારો છોકરો પૂછતો હતો કાલે. મહારાજ! માલ આત્મામાં નથી એટલે ભગવાન આત્મામાં માલ નથી? મેં કીધું ભગવાનમાં આ માલ નથી. લ્યો! ભરત પૂછતો હતો હોં! પૂછે છે. ભગવાનમાં પણ આનો માલ નહિ? ભગવાનનો માલ ભગવાનમાં. આ માલ નહિ. ઓલા નમાલા કીધા હતા ને. આત્માને માટે બધા નમાલા છે. આત્મા પોતે પોતાના માલવાળો છે. ભગવાન ખરા કે નહિ? આ આત્માને માટે નમાલા છે ઈ. આ આત્માની અપેક્ષાએ ભગવાન અદ્રવ્ય છે, અભાવ છે, આ અપેક્ષાએ અભાવ છે. છે ને અહીં અભાવ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આમાં અભાવ છે. આને માટે. ત્યાં ભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..!

‘**યહૈ જાનિ જ્ઞાની જીવ...**’ ધર્મીજીવ ‘**આપકું ભજૈ સદીવ...**’ જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છું એમ અંતરમાં એકાગ્ર થાય ‘**સદીવ જ્ઞાનરૂપ...**’ એ જ્ઞાનરૂપ એનું છે અને ‘**સુખતૂપ...**’ સુખનો શિખર છે. સુખનો અગ્રેસર સુખ શિખર. સુખતૂપ આવે છે ને આપણે? મેરુ પર્વતમાં સ્તૂપ આવે છે. આમાં પણ સ્તૂપ નથી આપતા? સમવસરણમાં. સ્તૂપ છે સ્તૂપો. અને આ બૌદ્ધના ઘણા સ્તૂપો આવે છે નહિ? મોટા કિલ્લા મોટા કિલ્લા. ઓલા આપણે નીકળ્યા નહિ માથે? બે-ત્રણ-ચાર-પાંચ નીકળ્યા હતા. ૨૧ની સાલમાં. બૌદ્ધના ઓલા ડુંગર ઉપર. મોટા છે. મોટા. સ્તૂપ અને શિખર. એ આત્મા જ્ઞાનનું શિખર છે. એના ઉત્કૃષ્ટ આનંદ શિખરરૂપ છે. એનાથી કોઈ સુખમાં બીજો કોઈ છે નહિ. સુખનો શિખર છે. આહાહા..! સુખની દેગડી છે. સુખનો મેરુ આત્મા છે.

‘**જ્ઞાનરૂપ સુખતૂપ આન ન લગાવકો,...**’ અનેરો કાંઈ લગાવ નથી. ભગવાન આત્માને રાગ ને વિકલ્પનો લગાવ નથી તો વળી પરનો લગાવ ક્યાંથી આવ્યો? અનેરા અનેરામાં રહ્યા. એવો આત્મા તેને બરાબર ઓળખી, તેનું ધ્યાન અને જ્ઞાન કરવું અને ‘**કર્મ-કર્મફળરૂપ ચેતનાકૂં દૂરી ટારિ...**’ પુણ્ય-પાપના ભાવ જે કર્મ છે વિકાર, વિકાર ચેતના. પુણ્ય-પાપના ભાવ છે ને વિકારી ચેતના. વિકારી ચેતના કહો કે કર્મચેતના કહો. કર્મ એટલે જડની અહીં વાત નથી. કાર્યચેતના. પુણ્ય-પાપના કાર્યચેતના અને કર્મફળચેતના હરખ-શોકનું ફળ વેદવું એ કર્મફળચેતના. એ ‘**ચેતનાકૂં દૂરી ટારિ...**’ એનો વ્યય કરી. એટલે સિદ્ધ કર્યું કે છે. ‘**જ્ઞાનચેતના અભ્યાસ કરે શુદ્ધ ભાવકો.**’ એકલો ભગવાન જ્ઞાનમૂર્તિ છે. જ્ઞાનચેતનાનો અભ્યાસ કરે, અનુભવ કરે, શુદ્ધભાવથી અનુભવ કરે એટલે ‘**શુદ્ધ ભાવકો.**’ લ્યો, અહીં તો શુદ્ધભાવ છે. તો તેને આત્માની પ્રાપ્તિ થાય અને તેને મુક્તિ થાય. એ સિવાય વળે એવું છે નહિ.

‘**આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં સર્વવિશુદ્ધજ્ઞાનનો પ્રરૂપક નવમો અંક સમાપ્ત થયો.**’ લ્યો! એ અધિકાર પૂરો થયો. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**મહા વદ ૯, ગુરુવાર તા. ૨૨-૨-૧૯૬૮**
**શ્લોક-૨૪૭, પ્રવચન-૪૯૫**

.. છે ને આ? '**અહીં સુધીમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવની ૪૧૫ ગાથાઓનું વ્યાખ્યાન ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે કર્યું અને તે વ્યાખ્યાનમાં કળશરૂપે તથા સૂચનિકારૂપે ૨૪૬ કાવ્યો કહ્યાં. હવે ટીકાકાર આચાર્યદેવે વિચાર્યું કે-આ શાસ્ત્રમાં જ્ઞાનને પ્રધાન કરીને જ્ઞાનમાત્ર આત્મા કહેતા આવ્યા છીએ;...**' શું કહે છે? આ શાસ્ત્રમાં તો આત્મા જ્ઞાનમાત્ર છે એમ કહેતા આવ્યા છે. એટલે કે આત્મા જે ચૈતન્ય વસ્તુ છે એ જ્ઞાનમાત્ર છે. એટલે કે કર્મ, શરીર, રાગાદિ, પુણ્યાદિ એ સ્વરૂપ નથી. વાત અસ્તિથી સ્થાપી છે આમ.

ભગવાન આત્મા એટલે ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ. એનો અનુભવ કરો. એનું નામ ધર્મ છે. ત્યારે કોઈ એમ કહે કે જ્ઞાનમાત્ર કહેતાં એક જ જ્ઞાનગુણ એવું એકાંત તો નથી આવી જતું ને? એ માટે '**જ્ઞાનને પ્રધાન કરીને જ્ઞાનમાત્ર આત્મા કહેતા આવ્યા છીએ; તેથી કોઈ તર્ક કરશે કે જૈનમત તો સ્યાદ્વાદ છે;...**' સ્યાદ્વાદ એટલે અનેક ધર્મને માનનાર, અપેક્ષાએ અનેક ધર્મને કહેનાર છે વીતરાગમાર્ગ. '**તો પછી આત્માને જ્ઞાનમાત્ર કહેવાથી શું એકાંત આવી જતો નથી?**' સમજાય છે કાંઈ? ભગવાન આત્મા આમ ચૈતન્યચક્ષુ એકલો જ્ઞાનસૂર્ય આત્મા છે. એમ કહેતા બીજા ગુણોનો નિષેધ અને અનેકાંતપણાનો અભાવ તો નથી આવતો ને? એમ કહે છે. સમજાણું કાંઈ? સ્યાદ્વાદ તો અનેક ધર્મને માનનાર છે. આત્મામાં એક જ જ્ઞાન એમ નહિ, અનેક ધર્મ છે, અનેક ગુણ છે. તો જ્ઞાનમાત્ર કહેતા એકાંત તો નથી આવી જતું ને? '**સ્યાદ્વાદ સાથે વિરોધ આવતો નથી?**' એક વાત. સમજાણું કાંઈ?

બે બોલને ઉપાડ્યા છે અમૃતચંદ્રાચાર્યે. અત્યાર સુધી ઉપાડીને બધે '**चित्स्वभावाय भावाय**' જ્ઞાનસ્વરૂપ ભગવાન, જ્ઞાનસ્વરૂપ ભગવાન, ચૈતન્યસૂર્ય ભગવાન. એ પુણ્ય-પાપ એમાં નથી, શરીર, કર્મ નથી, શુભ-અશુભભાવ પણ નથી. નથી ત્યારે છે આટલો. એવો આત્માને કહેતા એક જ ગુણવાળો, એક જ સ્વભાવવાળો થતાં અનેકાંતપણું એમાં વિરોધ પામતું નથી? ના. સાંભળ. એક વાત.

'**એક જ જ્ઞાનમાં ઉપાયતત્ત્વ અને ઉપેયતત્ત્વ-એ બન્ને કઈ રીતે ઘટે છે?**' બીજી વાત. ત્યારે તમે આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે એમ કહો, તો એ જ્ઞાનના બે ભાગ કેમ પડે? એક સાધકપણું અને એક સિદ્ધપણું. સમજાય છે કાંઈ? જ્ઞાનસ્વરૂપ એક વસ્તુ છે જ્ઞાન,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો એમાં સાધકના મોક્ષનો માર્ગ અને એ જ્ઞાન પાછું મોક્ષરૂપે થાય. વસ્તુ એક અને બે ભાગ કેમ પડે એમાં? નવનીતભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત તો હોય એ તો બરાબર કહે.

જ્ઞાનમાત્ર ભગવાન આત્મા. આ માટી (શરીર) માટી ન મળે એમાં, પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે એ પણ એમાં નથી. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ ઉઠે છે એ શુભરાગ એ પણ આત્મા નહિ. માટે આત્મા છે એનું ધ્યાન કરવું. જે આત્મા નથી એવો રાગ અને પુણ્યનું ધ્યાન કરવું નહિ. એમ કહ્યું. ધ્યાન એટલે કે આત્મા જે રીતે વસ્તુ છે, ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જોઈ, ત્રિલોકનાથ તીર્થંકરદેવ. જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસૂર્ય (છે). તો એ જ્ઞાનસૂર્યમાં એનું ધ્યાન કરવું એટલે એની દૃષ્ટિ, એનું જ્ઞાન અને રમણતા. તો જ્ઞાનમાત્ર કહેતા અનેકાંત જે ધર્મ છે સ્યાદ્વાદ એ એમાં કેમ આવ્યો? એ તો વિરોધ થાય છે. એમ કોઈને લાગે. તો એનો ખુલાસો કરશે. અને એક વસ્તુ ભગવાન આત્મા આમ જ્ઞાનસ્વરૂપ છે. તો એનો એક ભાગ મોક્ષમાર્ગરૂપ અને એક ભાગ મોક્ષરૂપ. એક ભાગ પૂર્ણરૂપ, એક ભાગ અપૂર્ણરૂપ. એવા બે ભાગ જ્ઞાનમાં કેમ પડે? સ્વરૂપચંદભાઈ! ઝીણી વાત છે. આહાહા..!

અહીં તો આત્માને ઓળખવો અને આત્માની શ્રદ્ધા કરવી, આત્મામાં રમણ કરવું એ મોક્ષનો માર્ગ છે. મોક્ષનો માર્ગ એટલે ધર્મ આ. સમજાણું કાંઈ? આ ભગવાન આત્મા અંદર છે એ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરે જોયો છે એ કેવો જોયો છે એણે પરમેશ્વરે? કે એ આત્માને તો અનંત ધર્મ, ગુણો, શાંતિ, આનંદ આદિ જ્ઞાનસ્વરૂપે જોયો છે. એ આત્માને કાંઈ પુણ્ય-પાપના રાગસહિત અને કર્મસહિત નથી જોયો ભગવાને. કારણ કે કર્મ અને આસ્રવતત્ત્વ ભિન્ન તત્ત્વ છે. કર્મ અને શરીર એ તો અજીવ માટી તત્ત્વ છે. અને પુણ્ય-પાપના ભાવ થાય છે એ તો આસ્રવતત્ત્વ છે, બીજું તત્ત્વ છે. એ ભગવાને આત્માને આસ્રવ અને અજીવ તત્ત્વથી ભિન્ન જ્ઞાનમાત્ર જોયો છે. નવનીતભાઈ!

તો જેવો ભગવાને જોયો એવો આત્મા છે. અને એવા આત્માનું ધ્યાન કરતાં એટલે એની અંતર શ્રદ્ધા કરતાં, એનું જ્ઞાન કરતાં, એમાં રમણ કરતાં આત્માને શાંતિ અને ધર્મ થાય. તો કહે છે કે એક જ જ્ઞાનમાત્ર કહેતાં એમાં બીજા ગુણો આવ્યા નહિ. શ્રદ્ધા, શાંતિ, આનંદ, સ્વચ્છતા, અસ્તિત્વતા, વસ્તુતા, પ્રમેયત્વ એ તો આવ્યા નહિ. અને એક ધર્મને કહો તો એકાંત થઈ જાય છે. સમજાણું કાંઈ? તો એ અનેકાંતપણું આમાં વિરોધ નથી પામતું ને? એમ શિષ્યનો પ્રશ્ન છે.

અને એક જ વસ્તુ છે આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ ચૈતન્યસ્વરૂપ. એમાં એ સાધકપણે આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ્ઞાન થાય અને એક સાધ્યપણે થાય એવા એકમાં બે ભાગ કેમ પડે? સ્વરૂપચંદભાઈ! ઝીણી વાત છે આ. કહો, ન્યાલભાઈ! સમજાય છે કે નહિ? સ્વરૂપચંદ-સ્વરૂપની જ વાત છે અહીં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... આ નામ છે ને.

અહીં તો કહે છે, ભગવાન! તું છો જેવો તેવો તારે થાવું છે કે નહિ? જેવો એ છે એવું તારે થાવું છે કે નહિ? જેવો છે એવો તું અનાદિથી થયો નથી. સમજાય છે કાંઈ? અનાદિથી અનંતવાર જૈન સાધુ થયો, અનંતવાર ક્રિયાકાંડ કર્યા, અનંતવાર તપસ્યાઓ કરી પણ આત્મા જેવો છે તેવો એ થયો નથી. કેમ કે આત્મા જેવો છે તેવો એને જ્ઞાનમાં જ આવ્યો નથી. એ તો આ ક્રિયા કરું ને આ કરું ને આ કરું. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો વિકલ્પ રાગ છે, આસ્રવ છે. એ કરું અને મારું કલ્યાણ થશે. તો એ આત્મા એવો છે નહિ. અને એવો નથી અને એવો એને માનીને કરે છે તો મિથ્યાત્વનું પોષણ, મિથ્યાદર્શનનું પોષણ થાય છે. વિપરીત માન્યતા ક્ષણે ક્ષણે દૃઢ અને ઘટ્ટ થાય છે. આત્માના મોટા લાકડા મિથ્યાત્વના આકરા પેસે છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે વાત!

ભગવાન આત્મા એ પુણ્ય-પાપના રાગ વિનાનો એ જ્ઞાનમાત્ર કહ્યું તો ઓલા વિનાનો તો ઠર્યો. પણ એકલા બીજા ગુણો વિનાનો ઠરે છે? કેમ છે જ્ઞાનમાત્ર કહેવામાં? સમજાણું કાંઈ? પુણ્ય-પાપના વિકાર અને કર્મ વિનાનો છે એમ તો આપે સિદ્ધ કર્યું, પણ એકલો જ્ઞાનમાત્ર કહેતા એની સાથે બીજા ધર્મનો અભાવ થાય છે તો અનેકાંત રહેતું નથી. સમજાણું કાંઈ? અને બીજું, એક વસ્તુ જ્ઞાનસ્વરૂપ તમે કહો એના બે રૂપ શી રીતે બને? કે મોક્ષમાર્ગરૂપે પરિણમે જ્ઞાન એટલે આત્મા અને એનો એ આત્મા મોક્ષરૂપે થાય એકમાં કેમ હોય? શિષ્યે એમ કહ્યું ને? '**જ્ઞાનમાં ઉપાયતત્ત્વ...**' ઉપાયતત્ત્વ એટલે મોક્ષનો માર્ગ. '**અને ઉપેયતત્ત્વ...**' એટલે મોક્ષફળ. '**એ બન્ને કઈ રીતે ઘટે છે? આમ તર્ક કોઈને થશે.**' આમ તર્ક કોઈને થશે. '**માટે આવા તર્કનું નિરાકરણ કરવાને ટીકાકાર આચાર્યદેવ હવે પરિશિષ્ટરૂપે...**' કંઈક પૂરવણી રૂપે '**થોડું કહે છે.**' કહ્યું છે ઘણું પણ થોડી પૂરવણીરૂપે વધારે કહે છે. શ્લોક છે. ઓલી કોર શ્લોક છે.

**अत्र स्याद्वादशुद्ध्यर्थं वस्तुतत्त्वव्यवस्थितिः।**
**उपायोपेयभावश्च मनाग्भूयोऽपि चिन्त्यते।।२४७।।**

૨૪૭ કળશ છે.

**अत्र स्याद्वादशुद्ध्यर्थं वस्तुतत्त्वव्यवस्थितिः।**
**उपायोपेयभावश्च मनाग्भूयोऽपि चिन्त्यते।।२४७।।**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


'**શ્લોકાર્થ :- અહીં સ્યાદ્‌વાદની શુદ્ધિને અર્થે...**' ભગવાને કહેલો સ્યાત્‌ નામ અપેક્ષાએ વાદ્‌ નામ કહેવું એવી શુદ્ધિ અર્થે અથવા આત્માના અનંત ધર્મ અને ગુણો છે એની પ્રસિદ્ધિને અર્થે '**વસ્તુતત્ત્વની વ્યવસ્થા...**' વસ્તુતત્ત્વ-વસ્તુનો સ્વભાવ તેની વ્યવસ્થા. એક વાત. વસ્તુ કેવી છે તેની વ્યવસ્થા કહેશે. એક વાત. '**(એક જ જ્ઞાનમાં ઉપાયપણું અને ઉપેયપણું કઈ રીતે ઘટે છે..**' તે બીજી વાત. આત્મા એક અને બે પ્રકારપણું-મોક્ષમાર્ગ એટલે ધર્મ પરિણમન અને એનું ફળ મોક્ષ. એવું એકમાં બે કેમ ઘટે છે? એ '**જરા ફરીને પણ...**' ફરીને કેમ? કે આવી તો ગયું છે. પણ '**ફરીને પણ...**' બીજી સ્થિતિએથી '**વિચારવામાં આવે છે.**' ઝીણો આ અધિકાર છે. શરૂ કર્યો છે.

જગતને તત્ત્વ શું છે, આત્મા શું છે? ભગવાને શું જોયું છે? એની ખબર ન મળે. અને ખબર વિના આત્માને ધર્મ થાય. ધર્મ એટલે આત્માનો જે ત્રિકાળ આનંદસ્વભાવ છે. શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે એ વસ્તુસ્વભાવ એમાં પડ્યો છે. એની અંતર દૃષ્ટિ કરતાં જે વસ્તુ છે તે પરિણમે શુદ્ધપણે, નિર્વિકલ્પપણે, રાગ વિનાપણે એવી પરિણતિની દશા થાય તેને ભગવાન ધર્મ કહે છે. કહો, સમજાણું કાંઈ? ધમાધમ. ધર્મને નામે ધમાલ અનાદિથી. એમાં અત્યારે તો બધું ચક્કર આખું ફરી ગયું છે, બહુ ફરી ગયું છે. લોકોને બિચારાને ધર્મ શું ચીજ છે? આવો મનુષ્યનો અવતાર માંડ માંડ થોડો વખત ૫૦, ૬૦, ૭૦ વર્ષ. અનંતકાળમાં આખડતો ક્યાંથી આવ્યો છે. એમાં જે આ તત્ત્વ છે ભગવાન પરમેશ્વરે કહેલું એ એને ખ્યાલમાં ન આવે, શ્રદ્ધામાં ન આવે અને એમ ને એમ મરી જાય બહાર ક્રિયાકાંડ કરીને. એમાં કાંઈ જન્મ-મરણના અંત છે નહિ. સમજાણું કાંઈ?

જુઓ! એક જ આત્મા બેપણે થાય છે એમ કહે છે પાછી ભાષા ભાઈ! ઓલો રાગ અને પુણ્ય એ આત્મા નથી એમ તો પહેલું નક્કી કરતાં આવ્યા છે. જુઓ! ખુબી તો જુઓ! શરીર, વાણી અને આ મન જડ એ તો આત્મા નથી. અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય એ આત્મા નથી. એ તો આસ્રવ છે. હવે આત્માના એકલાના બે ભાગ મોક્ષમાર્ગ અને મોક્ષપણે કેમ થાય? એ પ્રશ્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? એક જ જ્ઞાનમાં '**ઉપાય-ઉપેયભાવ જરા ફરીને પણ વિચારવામાં આવે છે.**'

'**ભાવાર્થ :- વસ્તુનું સ્વરૂપ...**' આનંદઘનજીએ કહ્યું છે ઓલામાં. આવ્યું હતું હમણાં. આનંદઘનજીનું સ્તવન છે ને, અનંતનાથનું.

ધાર તરવાર ની સોહિલી દોહિલી, ચઉદમા જિન તણી ચરણ સેવા,
ધાર પરિ નાચતા દેખિ બાજીગરા, સેવના-ધાર પરિ રહૈ ન દેવા.

ભગવાનની આજ્ઞાનો આત્મધર્મ 'ધાર તરવારની સોહિલી...' પણ એ આત્માના ધર્મનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સેવવું એ મહા દોહ્યલું છે. શેઠી!

એક કહે સેવિયે વિવિધ કિરિયા કરી, ફલ અનેકાંત લોચન ન દેખૈ,

શું કહે છે? 'એક કહે સેવિયે વિવિધ...' આમ દયા ને ભક્તિ ને પૂજા ને વ્રત ને આ ને તે દાન, ઉપધાન કરીને સેવિયે આત્માને, ભગવાનને કે આત્માને. એમ બેય. ભગવાન એટલે આ આત્મા એમ. 'એક કહે સેવિયે વિવિધિ કિરિયા કરી, ફલ અનેકાંત લોચન ન દેખૈ.' પણ જેનું ફળ અનિશ્ચિત છે કહે છે. ક્રિયાકાંડના ફળ અનિશ્ચિત. કેવો ભાવ કેવો થશે અને એ ભાવને ક્યાં ક્યાં ગતિમાં જવું એનું ફળ એક નથી. સમજાણું કાંઈ? શુભભાવના અનેક પ્રકાર છે. જેવા જેવા શુભભાવ એના અનેક પ્રકારના ફળ ચાર ગતિ છે. એમાં નિશ્ચિત ફળ એનું શુદ્ધ છે એવું ફળ એનું નથી. એમ શબ્દ છે. 'ફલ અનેકાંત લોચન ન દેખૈ,'

ફલ અનેકાંત કિરિયા કરી બાપડા, રડબડે ચાર ગતિમાંહિ લેખૈ.

બિચારા પ્રાણીઓ આવો મનુષ્યદેહ મળ્યો અને એવા ફળનું જેમાં નિશ્ચિત એકરૂપ નથી, આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિનું ફળ વીતરાગતા એકરૂપ છે એવું આ ક્રિયાનું ફળ છે નહિ. એ ક્રિયાના કરનારા બિચારા રડબડે ચાર ગતિમાં. શુભભાવ આદિ હોય એનો એ શુભભાવથી કોઈ સાધારણ ભૂતડું થાય, કોઈ દેવ થાય, કોઈ માણસ થાય, એવા અનેકાંત અનિશ્ચિત ફળને પામે, પણ ચાર ગતિમાં રખડે. એના ભવનો અંત આવે નહિ.

અહીં એ કહે છે, જુઓ! એક જ વસ્તુમાં બે પ્રકાર. આહાહા..! જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, એનું જે અપૂર્ણ રૂપ સ્વરૂપની દૃષ્ટિ જ્ઞાન, શાંતિ એ એનો ઉપાય છે. અને પૂર્ણ રૂપ તેનો ઉપેય નામ ફળ છે. એક જ આત્માના બે ભાગ પડશે. વિસ્તાર કરશે. શેઠી!

**'ભાવાર્થ :- વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષાત્મક અનેક-ધર્મસ્વરૂપ હોવાથી...'** શું કહે છે? ભગવાન આત્મા અથવા ભગવાને જોયેલા છ દ્રવ્ય. ભગવાન તીર્થંકરદેવે છ વસ્તુ જગતમાં જોઈ છે. કેવળી પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવે કેવળજ્ઞાનમાં આ જગતમાં અનાદિઅનંત છ દ્રવ્ય જોયા છે. અનંત કેવળીઓ થયા, અનંત કેવળીઓ થશે, વર્તમાન લાખો કેવળીઓ મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. એ બધા ભગવંતોએ છ દ્રવ્ય જોયા. અનંત આત્મા, અનંત આ પરમાણુ માટી રજકણો, અસંખ્ય કાળાણુ અરૂપી છે, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને આકાશ છે. આવા છ ભગવાને જોયા છે. છએ દ્રવ્ય કેવા છે? કે સામાન્યવિશેષાત્મક. સમજાણું કાંઈ?

**'વસ્તુનું સ્વરૂપ...'** દરેક વસ્તુનું સ્વરૂપ. આત્મા હો કે આ પરમાણુ માટી, રજકણ હો એ વસ્તુનું સ્વરૂપ. વસ્તુ એટલે કે જેમાં અનંતા ગુણો વસેલા તે વસ્તુ. ભગવાન આત્મા વસ્તુ છે, જેમાં અનંત જ્ઞાન-દર્શન-આનંદ આદિ વસેલા છે. પરમાણુ એક વસ્તુ છે રજકણ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પોઈન્ટ. આ કાંઈ એક નથી. આના કટકા કરતાં છેલ્લા પોઈન્ટને ભગવાન પરમાણુ કહે છે. એ પણ એક વસ્તુ છે. એમાં અનંતગુણ વસેલા રજકણમાં છે. તો દરેક વસ્તુ સામાન્યવિશેષાત્મક છે. એટલે શું હવે?

'**અનેક-ધર્મસ્વરૂપ હોવાથી...**' સામાન્ય વિશેષ. સામાન્યપણે એક છે અને વિશેષપણે પર્યાયપણે ગુણના ભેદપણે વસ્તુ છે. દ્રવ્યપણે સામાન્ય છે અને એના ગુણ અને પર્યાયપણે વિશેષપણે છે. સામાન્ય અને વિશેષરૂપે દરેક વસ્તુ છે. આ વળી શું સામાન્ય અને વિશેષ? એકડે એકથી આ તો માંડી. આહાહા..! કહે છે, ભગવાન! વસ્તુ છે એના બે ભાગ. એક સામાન્ય, એક વિશેષ. સામાન્ય એ કાયમ રહે છે દ્રવ્ય વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ.. એને સામાન્ય કહીએ. અને એમાં ગુણના પ્રકાર અને વર્તમાન દશાના પ્રકાર એને વિશેષ કહીએ. એ વસ્તુ જ સામાન્ય અને વિશેષસ્વરૂપ ત્રિકાળ છે. દ્રવ્યપણે સામાન્ય કહીએ અને પર્યાયપણે વિશેષ કહીએ. પોપટભાઈ! પડિક્કમણા કરી કરીને મરી ગયા એમ ને એમ. પણ વસ્તુ શું એની ખબર ન મળે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હતુ નહિ? ઠીક! સ્વરૂપચંદભાઈ! મિચ્છામી દુક્કડમ. શેના પણ મિચ્છામી દુક્કડમ એટલે શું? આ આત્મા શું કાંઈ ખબર? જય નારાયણ. ભગવાનનો માર્ગ એમ ન ચાલે એમ કહે છે આંધળે દોડે. જેઠાભાઈ!

'**વસ્તુનું સ્વરૂપ...**' લ્યો, સ્વરૂપ આવ્યું સ્વરૂપચંદભાઈ! '**સામાન્યવિશેષાત્મક...**' સામાન્ય-વિશેષ-આત્મક એટલે સ્વરૂપ. સામાન્ય-વિશેષ સ્વરૂપ. હવે એની વ્યાખ્યા. એ '**અનેક-ધર્મસ્વરૂપ હોવાથી...**' કારણ કે સામાન્યપણાનો એક ધર્મ છે, એક વિશેષપણાનો ધર્મ છે, એક નિત્યપણાનો ધર્મ છે, અનિત્યપણાનો ધર્મ છે, એકપણાનો ધર્મ છે, અનેકપણાનો ધર્મ છે. એવું '**અનેક-ધર્મસ્વરૂપ હોવાથી તે સ્યાદ્‌વાદથી જ સાધી શકાય છે.**' એ અપેક્ષાના કથનથી સાધી શકાય છે.

'**એ રીતે...**' અપેક્ષા સમજાય છે? એના એ આત્માને નિત્ય કહેવો, કાયમ રહે એની અપેક્ષાએ સામાન્ય. એવા એ આત્માને અનિત્ય કહેવો. અવસ્થા બદલે છે એની અપેક્ષાએ. વસ્તુ છે કાયમ રહે છે ધ્રુવ એ અપેક્ષાએ સામાન્ય. અને પર્યાય બદલે છે, અવસ્થા બદલે છે એ છે વિશેષ. તો એની એ ચીજને '**અનેક-ધર્મસ્વરૂપ...**' સામાન્ય-વિશેષસ્વરૂપ. એને ને એને નિત્ય કહેવો, એને ને એને અનિત્ય કહેવો. એ વીતરાગ સર્વજ્ઞ સિવાય આ વસ્તુ ક્યાંય હોઈ શકે નહિ. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે કેવળજ્ઞાનમાં એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા. એ અરિહંતોએ... સવારમાં આવ્યું હતું ને? ભાઈ! યોગીઓને આમ કહ્યું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. આહાહા..! ભગવાન ત્રિલોકનાથ પરમાત્માએ ઈચ્છા વિના વાણી નીકળે એને. ઈચ્છા ન હોય. પૂર્ણ કેવળજ્ઞાન થઈ ગયું. વીતરાગ છે. પણ વાણી ધોધમાર ૐ ધ્વનિ નીકળે એ યોગીઓને, સંતોને ભગવાને એમ કહ્યું હતું કે વસ્તુ દરેક સામાન્ય અને વિશેષ છે. સવારે બીજી વાત હતી. એ બધી આપણે... કહો, સમજાણું? વાત તો એની એ છે ને. એને કાંઈ ભેદ પાડીને એક જ ગુણ નહોતો કહ્યો. ભગવાને તો બધું એકસાથે કહ્યું હતું. સમજાણું?

સવારમાં એમ આવ્યું હતું. અરિહંતોએ, સંતોને એમ ફરમાવ્યું હતું કે. વીતરાગી સંતો સમવસરણમાં બિરાજતા. ભગવાનની ધર્મસભામાં સંતો, મુનિઓ, નગ્ન દિગંબર હજારો સંતો બિરાજતા. સમજાય છે કાંઈ? મુનિની દશા નગ્ન દિગંબર હોય છે. એટલી અંદર વીતરાગતા પ્રગટ થઈ ગઈ હોય છે. એવા મુનિઓની સમક્ષ ભગવાને અરિહંતોએ સંતોને એમ કહ્યું હતું, હે આત્મા! આ વિકારના પરિણામ જે આત્મામાં પુણ્ય-પાપ, દયા-દાન, કામ-ક્રોધના વિકાર થાય છે એ તારાથી ખરેખર તારાથી તેં કરેલા છે. એ શુદ્ધ વસ્તુનું તેના સ્વઆશ્રયનું વાસ્તવિકનું નિશ્ચયનું સત્યનું એ વિવેચન છે. કર્મથી વિકાર થાય અને કર્મ વિકાર કરાવે એ વાત જૈનદર્શનમાં ભગવાને ના પાડી છે. સંતો પાસે ભગવાન આમ કહેતા હતા. નવનીતભાઈ! આહાહા..! સવારે કાઢ્યું હતું ને? કેટલામી ગાથા કીધી હતી? ૧૨૭. ૧૮૯. ઓલી ૧૨૭ તો ઓલી ચેતનાની પરિણતિ. ૧૮૯. એ તો આપણે ઘણી વાર કહીએ છીએ પણ અત્યારે બે-ત્રણ કાઢ્યું એમાંથી. નિરૂપણ કાઢ્યું, યોગીઓને કહ્યું કાઢ્યું અને વિકાર પોતે નિશ્ચય છે .. દ્રવ્ય.. ત્રણ એકમાંથી.

૧૮૯ ગાથા છે પ્રવચનસાર. ભગવાનની વાણીનો સાર. એમાં એ આવ્યું. એક જ ગાથામાં ત્રણ બોલ છે. ભગવાન પરમેશ્વરે ઈચ્છા વિના ૐ ધ્વનિ દ્વારા સંતોને, મુનિઓને સભામાં એમ ફરમાવ્યું હતું કે આત્મા વિકાર જે પુણ્ય ને પાપ, કામ ને ક્રોધ, દયા ને દાન અને એ મારા ધર્મ છે મિથ્યાત્વ, એ મિથ્યાત્વનો વિકાર તે જીવ પોતે પોતાથી પોતામાં પોતે કરે છે. કર્મને લઈને કરે છે એ વાત છે નહિ. એનું નામ શુદ્ધનું કથન, સત્યનું કથન, નિશ્ચયનું કથન, નિયમિત કથન. જેમ એનો નિયમ છે તેનું એ કથન. સમજાણું કાંઈ?

એક વાત તો વિકાર એ કરે છે એ વાસ્તવિક કથન છે. એક. સંતોને ભગવાને એમ કહેલું હતું. સમજાણું કાંઈ? અને બે પ્રકારના કથન નિરૂપણ છે. એક નિશ્ચયનું સ્વઆશ્રિત, એક વ્યવહારનું પરાશ્રિત. બે છે તેમ એણે બરાબર જાણવું જોઈએ. કર્મનો આત્મા કર્તા કહેવું એ વ્યવહારનું કથન છે. કર્મ જડ કરી શકે નહિ. કર્મનો આત્મા કર્તા હોઈ શકે નહિ. કર્મ જડ માટી છે. ધૂળ છે રજકણ. જેવા આ રજકણ જાડા છે એવા ઝીણા છે. એ પણ પોતાને કારણે કર્મરૂપે થાય છે. આત્માને કારણે નહિ. નવનીતભાઈ! એ પણ ખબર ન મળે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જૈનમાં પડ્યા એને ૫૦-૫૦, ૬૦-૬૦ ગાળ્યા હોય. જય ભગવાન. હોય એ ખરું ભાઈ! ભગવાન કહે એ સાચું. ... જાવ. આપણે કાંઈ સમજવું નથી. પણ સમજ્યા વિના ત્વમેવ સત્ય ક્યાંથી આવ્યું? તમે કહો છો એ સાચું, તમે કહો છે એ સાચું. શું પણ ઈ કહે છે એ સાચું?

મુમુક્ષુ :- ઈ જે કહેતા હોય.

ઉત્તર :- પણ શું કહેતા હોય? જાણ્યા વિના કહેતા હોય એ સાચું આવ્યું ક્યાંથી પણ? સમજાણું કાંઈ? ઓલા (કહે) ત્રણ ને ત્રણ સાત. તમે કહો એ સાચું. શી રીતે સાચું તું કહે છો?

મુમુક્ષુ :- ભગવાન કહે નહિ.

ઉત્તર :- પણ ભગવાન કહે નહિ એમ કેમ એને લાગ્યું? એની પરીક્ષા પોતે કર્યા વિના એને સાચું ક્યાંથી લાગ્યું? પોપટભાઈ! પરીક્ષા કરવી પડશે.

મુમુક્ષુ :- ભગવાનને તો...

ઉત્તર :- ભગવાને પણ ભગવાન છે એનો નિર્ણય કોણે કર્યો પણ પાછો? ભગવાન કરાવે છે? પોતે નિર્ણય કરશે કે આ વીતરાગ છે, સર્વજ્ઞ છે, રાગ વિના છે, પૂર્ણ સ્વરૂપ પામ્યા છે, પૂર્ણને જાણે છે. એ પૂર્ણ જાણનાર ભગવાને પૂર્ણની વાત કરી છે. એમ નક્કી તો એણે કરવું પડશે કે નહિ? સમજાણું કાંઈ? અરિહંતોએ સંતોને કહ્યું. કથન બે પ્રકારના એમાં નીકળ્યું, અને વિકાર કરે તે શુદ્ધ કથન છે. એ નીકળ્યું. ત્રણ બોલ નીકળ્યા એમાંથી, લ્યો. એય.. પંડિતજી! આહાહા..! આચાર્યોએ પણ કથન કર્યા છે ને! ગાગરમાં સાગર જેવું સમાડી દીધું છે.

અહીં કહે છે, '**વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષાત્મક...**' એટલે સ્વરૂપ '**અનેક-ધર્મસ્વરૂપ હોવાથી...**' આત્મામાં પણ જુઓ અનેક ધર્મ. ધર્મ એટલે સ્વભાવ. નિત્ય પણ છે, અનિત્ય પણ છે. સામાન્ય છે એ નિત્ય છે, વિશેષ છે તે અનિત્ય છે. સામાન્ય વિશેષ. કાયમ રહેવાની અપેક્ષાએ સામાન્ય એટલે નિત્ય. અને અવસ્થા બદલે છે ક્ષણે ક્ષણે એ અપેક્ષાએ વિશેષ. એ વિશેષ તે અનિત્ય છે. સામાન્ય ધર્મ છે, વિશેષ ધર્મ છે, નિત્ય ધર્મ છે, અનિત્ય ધર્મ છે. એવા આત્મામાં પોતામાં પોતાને કારણે આવા ધર્મ નામ સ્વભાવ છે. એ કર્મને લઈને નહિ, પરને લઈને નહિ. સમજાણું કાંઈ? અને એ ચીજનો કોઈ કર્તા-બર્તા નથી. વસ્તુ પોતાના સ્વરૂપે સામાન્ય વિશેષ છે. એને કોઈ ઈશ્વર કર્તા હોય, ફલાણું એ ત્રણ કાળમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? પરમેશ્વર કહેનારા છે પણ કરનારા નથી. એમાં પણ વ્યવહાર છે. સમજાણું કાંઈ? એ વસ્તુને કાંઈ કરી નથી ભગવાને. ભગવાને તો જેવું છે એવું જ્ઞાનમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જેવી વસ્તુ છે એવું જાણ્યું છે.

તો કહે છે કે વસ્તુ '**અનેક-ધર્મસ્વરૂપ...**' ઓલામાં એક જ્ઞાનસ્વરૂપ આવ્યું હતું. જ્ઞાનસ્વરૂપ તે આત્મા. તો આ તો અનેકધર્મ સ્વરૂપ હોવાથી. '**સ્યાદ્...**' એટલે અપેક્ષાએ '**વાદ...**' એટલે કહેવું-બોલવું '**સાધી શકાય છે. એ રીતે સ્યાદ્વાદની શુદ્ધતા...**' જુઓ! એટલા અર્થ કર્યા. અનેકાંત ધર્મ ભગવાન આત્મામાં છે, પરમાણુમાં પણ અનેક ધર્મ છે એની '**શુદ્ધતા (પ્રમાણિકતા,...**' શુદ્ધતા-સ્યાદ્વાદની શુદ્ધતા, અનેકાંત ધર્મને કહેવાની પ્રમાણિકતા, અનેકાંત ધર્મને કહેવાની સત્યતા, અનેકાંત ધર્મને બતાવનારી '**નિર્દોષતા, નિર્મળતા અદ્વિતીયતા)...**' એ તો ઓલામાં છે ને? જયચંદ્ર પંડિતમાં. સમજાણું કાંઈ? ભગવાનનો સ્યાદ્વાદ માર્ગ બાપા એવો છે એ જગતે સાંભળ્યો નથી, જોયો નથી. સમજાય છે? અને ભગવાનનું કહેલું અનેકાંત તત્ત્વ બેસે એ તો અમૃત છે. ઝેરને મારી નાખીને અમૃત પ્રગટે એવું અનેકાંત છે. આવે છે ને? અમોઘ મંત્ર. પ્રવચનસારમાં આવે છે. અનેકાંત. આનંદસ્વરૂપ છું, જ્ઞાનસ્વરૂપ છું. રાગરૂપે નહિ, પુણ્યરૂપે નહિ. જ્ઞાન જ્ઞાનરૂપે છે, જ્ઞાન આનંદરૂપે નહિ, આનંદ આનંદરૂપે છે, આનંદ જ્ઞાનરૂપે નહિ. આહાહા..! આત્મા આત્મારૂપે છે, આત્મા વિકારપણે નહિ, વિકાર વિકારપણે છે, વિકાર આત્માપણે નહિ, જડ જડપણે છે, જડ આત્માપણે નહિ, આત્મા આત્માપણે છે, આત્મા જડપણે નહિ. સમજાણું કાંઈ? આવું (સમજવા) કોણ નવરો હોય? હજી તો સાધારણ વાત ચાલે છે આ તો.

અરે.. ભગવાન! ભાઈ! તારું કલ્યાણ કરવું હોય, બાપુ! જેવી ચીજ છે એવી જાણવી તો પડશે ને એણે? જાણ્યા વિના માનશે શું અને માન્યા વિના ઠરશે ક્યાં? સમજાણું કાંઈ? જ્ઞાનમાં એ ચીજ નહિ આવે તો જ્ઞાનમાં આવ્યા વિના એને રુચિ કરશે, શ્રદ્ધા શી રીતે કરશે? અને શ્રદ્ધા કર્યા વિના ઠરશે ક્યાં? જ્ઞાન, દર્શન, ચારિત્ર(રૂપ) વસ્તુ જાણશે તો જ્ઞાન-દર્શન-ચારિત્ર થાશે. સમજાણું કાંઈ?

'**શુદ્ધતા સિદ્ધ કરવા માટે આ પરિશિષ્ટમાં વસ્તુનું સ્વરૂપ વિચારવામાં આવે છે. (તેમાં એમ પમ બતાવવામાં આવશે કે આ શાસ્ત્રમાં આત્માને જ્ઞાનમાત્ર કહ્યો હોવા છતાં સ્યાદ્વાદ સાથે વિરોધ આવતો નથી.)**' એક વાત એ કહેશે. '**વળી બીજું, એક જ જ્ઞાનમાં સાધકપણું તથા સાધ્યપણું કઈ રીતે બની શકે...**' જુઓને! વાત કેવી લીધી છે? ઓલા વ્યવહારની તો વાત આમાં અડવા દીધી નથી. ભાઈ! જ્ઞાનમાત્ર આત્મા, આનંદમાત્ર આત્મા એના જ બે ભાગ પાડવા. ઓલો શુભયોગ છે એ સાધક છે અને શી રીતે સાધ્ય છે એ વાત તો આમાં આવતી જ નથી. નવનીતભાઈ! એક જ વસ્તુ આખી ભગવાન ચૈતન્ય જ્યોત, એ પોતાના શુદ્ધપણે પરિણમન છે અપૂર્ણ એ સાધક, મોક્ષનો માર્ગ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અને શુદ્ધપણાનું પરિણમન તે મોક્ષ. એમાં રાગ ને પુણ્યની ક્રિયા આત્માને સાધક છે અને એનું ફળ મોક્ષ છે એ ત્રણ કાળમાં છે નહિ. કહો, ચંદુભાઈ! આહાહા..!

અરે..! એ નરકના, નિગોદના દુઃખો એણે વેઠ્યા ભાઈ! એ ભગવાન કહે છે અને એણે વેઠ્યા. ભાઈ! એણે વિચાર્યું નથી કોઈ દી. આહાહા..! એ નરકની પીડા એ નારકીની ૩૩-૩૩ સાગર. બાપુ! આત્મા અનાદિનો છે. અનાદિનો છે. એ અનાદિનો રહ્યો ક્યાં? રહ્યો ક્યાં? એ ચાર ગતિના દુઃખમાં રહ્યો છે. ચાર ગતિના દુઃખમાં, હોં! ચાહે તો નરકની ગતિ હો, નિગોદ હો, મનુષ્ય હો, દેવ હો, પણ પોતે પરાધીન દુઃખમાં જ એણે કાળ ગાળ્યો છે. એણે આત્મા શું છે એની ઓળખાણ ચાર ગતિમાં કોઈ દી કરી નથી. રખડતા, રખડતા માંડ આવો કાળ મળ્યો. એમાં પણ જો આત્મા શું ચીજ છે? ભગવાન શું કહે છે? એની જો જ્ઞાન-શ્રદ્ધા નહિ કરે તો એ રખડવાના આરા અંત એને નહિ આવે. સમજાય છે કાંઈ? આ ધર્મને બહાને આમ ભક્તિ કરી, જાત્રા કર્યા, દયાઓ પાળી, વ્રત પાળ્યા, અપવાસ કર્યા, વર્ષીતપ કર્યા, ઉજવણા કર્યા. ધૂળેય નથી એમાં ધર્મ, સાંભળને. એય..! પોપટભાઈ! રાડ નાખે એવું છે જગત તો હોં! રાગ છે ભાઈ! તને ખબર નથી પ્રભુ! એ આત્મા જ્ઞાનમાત્ર છે. રાગવાળો નથી. રાગવાળો નથી ને એ રાગની ક્રિયાથી એને લાભ? એ બધી રાગની ક્રિયા છે. તને ખબર નથી. આહાહા..! વૃત્તિ ઉઠે છે, ભાઈ! પ્રભુ! પ્રભુ ચૈતન્યમૂર્તિ છે. એમાં એ વૃત્તિનું ઉત્થાન થાય છે કે આમ કરું, આમ કરું, આ છોડું એ બધી વૃત્તિ છે. વૃત્તિ છે તે રાગ છે, રાગ છે તે ઝેર છે. એ ઝેરને મારવાનું સાધન ભગવાન આત્મામાં રાગ નથી અને આનંદ છે એવો અનેકાંત તત્ત્વનો અનુભવ કરતાં એ ઝેર મટે છે. એ સિવાય ઝેરને મટાડવાનો ઉપાય બીજો છે નહિ. સમજાણું કાંઈ?

‘**એક જ જ્ઞાનમાં સાધકપણું તથા સાધ્યપણું...**’ સાધકપણું એક જ વસ્તુ ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એમાં સાધકના મોક્ષના માર્ગરૂપે પરિણમવું, થવું અને એને ને એને આત્માને પૂર્ણ કેવળજ્ઞાન અને મોક્ષપણે થવું ‘**કઈ રીતે બની શકે તે સમજાવવા જ્ઞાનનો ઉપાય-ઉપેયભાવ અર્થાત્ સાધકસાધ્યભાવ...**’ ઉપાય એટલે સાધક અને ઉપેય એટલે સાધ્ય. ઉપાય એટલે માર્ગ અને ઉપેય એટલે એનું ફળ મોક્ષ. ‘**આ પરિશિષ્ટમાં વિચારવામાં આવે છે.**’

‘**(હવે પ્રથમ આચાર્યદેવ વસ્તુસ્વરૂપના વિચાર દ્વારા સ્યાદ્વાદને સિદ્ધ કરે છે :-)**’ એ બધું ગદ્ય જ છે ને. ગદ્ય છે. શું કહે છે હવે? જુઓ! જરી ઝીણી વાત શરૂઆત છે એટલે ભાઈ અભ્યાસ જગતને નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયના નામ પણ આવડતા નથી. આત્મામાં દ્રવ્ય શું કહીએ? ગુણ શું કહીએ? પર્યાય શું છે? ભગવાન જાણે. ભગવાન તો જાણે છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ તને કાંઈ ખબર છે?

મુમુક્ષુ :- ગુરુએ નથી શીખવ્યું.

ઉત્તર :- પણ ગુરુએ શીખવ્યું નથી... પણ ગુરુ પણ અજ્ઞાની પણ તું અજ્ઞાની. તારે કાંઈ સમજવું છે કે નહિ? કીધું ને? સામાયિક એકને મેં પૂછ્યું, સામાયિક છે. સામાયિક એટલે શું કીધું? સામાયિક રૂપી છે કે અરૂપી? સામાયિક રહેતી ક્યાં હશે? સામાયિક પર્યાય હશે કે ગુણ? એ શું વળી પર્યાય અને ગુણ? સામાયિક. અરે.. ભગવાન! તને ખબર નથી, બાપુ! સામાયિક તો એને કહીએ જે આત્મા આનંદ અને શુદ્ધ વીતરાગ મૂર્તિ છે, એની અંતર સન્મુખ દ્રષ્ટિ કરી અને સ્વરૂપમાં ઠરે અને વીતરાગદશા પ્રગટ થાય તે વીતરાગી પર્યાયને ભગવાન સામાયિક કહે છે. એ દ્રવ્યની પર્યાય વીતરાગ એને સામાયિક કહે છે. સમજાણું કાંઈ? ખોખા સવારથી સાંજ કરી કરી પથરણા ખંખેરની ઉઠી જાય. થઈ ગઈ બે સામાયિક. ધૂળેય નથી સામાયિક સાંભળને! એક સેકન્ડની સામાયિક જન્મ-મરણને ટાળે એમ ભગવાન ફરમાવે છે. એય..! પોપટભાઈ! સમાયિકું કરી હશે ને? અમે બધા કરતા હોં! અમારી દુકાનમાં ત્યાં પાલેજમાં. ભાઈ! અને હું ભગત કહેવાતો. હું બધાને પડિક્કમણું-બડિક્કમણું કરાવતો. જે સમજતા ઈ કરાવતા. ત્યાં કે દી ભાન હતું? પર્યુષણ આવે એટલે દુકાન.. હું તો નાની ઉંમરનો પણ બધું મોઢે કરેલું હોં પડિક્કમડણું-બડિક્કમણું બધું મોઢે. સામાયિક પડિક્કમણું બધું મોઢે. આવે છે ને આ શ્રમણસૂત્ર. બધું મોઢે કરેલું નાની ઉંમરમાં. સાંજે પછી ભેગા થઈને પડિક્કમણું કરાવીએ. આપણે ધર્મ કર્યો એમ માનીએ. પણ અહીં કોને ખબર હતી કે આ ધર્મ નથી. અને અપવાસ કરીએ. આઠ અપવાસ આઠ દીના હોય અને ચાર અપવાસ કરીએ. ચોવિહાર પાળીએ. .. નાની ઉંમરથી જ હોં! અને ચોવિહાર જાવજીવના પહેલેથી હતા. પાંચમી સાલથી જાવજીવ ચોવિહાર. પાણી-આહાર નહિ. દુકાને સાંજ પડે.. આપણે જાણીએ ધર્મ કરીએ. પછી જ્યાં (ખબર પડી), આ તો ધર્મ નહિ, આ તો બીજી ચીજ છે લ્યો! ભગવાનજીભાઈ! ગાઈએ રાતે. 'જુઓ રે જુઓ જૈનો કેવા વ્રતધારી!' એમ મોઢે થયું ને પછી ઓલા બધા બેસે. એ આવે છે હોં! સ્તવન આવે છે. કેવા વ્રતધારી. પણ ધર્મ શું વ્રતધારી એ ધર્મ. 'કેવા વ્રતધારી આજે થયા નરનારી, જુઓ રે જુઓ' એને વંદના હમારી પાછી. એ બધું ઘણું મોટું હતું. કહે છે, ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ માન્યું. વસ્તુ શું છે એ ખબર ક્યાં છે. આ આત્મા શું છે.

ભગવાન આત્મા એક સમયમાં સામાન્ય ધ્રુવ ત્રિકાળ છે. એમાં શક્તિ જ્ઞાન, આનંદ આદિ પણ ત્રિકાળ છે. એની વર્તમાન અવસ્થાનું થવું, બદલવું એ પર્યાય છે. હવે એ પર્યાયમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પુણ્ય-પાપનો વિકાર એ આત્મા નહિ. અને એ આત્માનું સાધન પણ નહિ. ચૈતન્યબિંબ પ્રભુ, સામાન્યપણે રહીને, વર્તમાન અવસ્થા બદલે છે. એ બદલવાની અવસ્થાનું ધ્યેય દ્રવ્યને કરીને જે વીતરાગતા પર્યાયમાં પ્રગટ થાય તે વિશેષ સ્વરૂપ તે આત્માનો ધર્મ છે. એનું નામ મોક્ષનો માર્ગ છે. અને એ જ આત્મા પૂર્ણ શુદ્ધપણે થાય, પૂર્ણ શુદ્ધપણે થાય એનું નામ મોક્ષ છે. એમાં રાગ ને નિમિત્ત ને શરીર-ફરીર આવતું નથી. બેના ભાગ છે. એના ને એના બે ભાગ છે ને? આહાહા..!

'**સ્યાદ્વાદ સમસ્ત વસ્તુઓના સ્વરૂપને સાધનારું,...**' જુઓ! મૂળ વસ્તુ છે હોં ટીકા સંસ્કૃત. સ્યાદ્ એટલે અપેક્ષાએ. સ્યાદ્-સ્યાત્. સ્યાત્ એટલે કથંચિત્ કોઈ અપેક્ષાએ. વાદ એટલે કહેવું. એ '**સમસ્ત વસ્તુઓના સ્વરૂપને...**' સમસ્ત એટલે છ દ્રવ્ય. જગતની બધી ચીજો ભગવાને જોઈ એને '**સાધનારું, અર્હત્ સર્વજ્ઞનું એક અસ્ખલિત શાસન છે.**' જુઓ એ. આહાહા..! અર્હંત ભગવાન પરમેશ્વર સિવાય આ વાત ત્રણ કાળમાં ત્રણ લોકમાં બીજે ક્યાંય હોઈ શકે નહિ. જેટલા મતો છે એ બધા ઘરની કલ્પનાના છે.

ભગવાન અર્હંત પરમેશ્વર. છે એમાં? સંસ્કૃત છે હોં! અત્યારનું નથી. હજાર વર્ષ પહેલાની ટીકા છે અને અનંતકાળથી આ ચાલ્યું આવે છે. '**અર્હત્ સર્વજ્ઞનું...**' જે ઈન્દ્રોને પૂજ્ય છે અથવા જેના જ્ઞાનમાં કોઈ રહસ્ય બાકી નથી એટલે ભગવાન પરમેશ્વર જેને કેવળજ્ઞાન થયું. વર્તમાન પરમાત્મા સીમંધર પ્રભુ મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકરપણે બિરાજે છે. કરોડો વર્ષથી છે, અબજો વર્ષથી છે, હજી અબજો વર્ષ રહેવાના છે. કારણ કે કરોડ પૂર્વનું આયુષ્ય છે. કરોડ પૂર્વનું. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એનું એક પૂર્વ કહેવાય. એવા કરોડ પૂર્વનું ભગવાનનું આયુષ્ય છે. વર્તમાનમાં સમવસરણમાં પરમાત્મા મનુષ્ય ક્ષેત્રમાં બિરાજે છે. સમજાણું કાંઈ? એ અર્હંતોએ પૂર્વે જેટલા થયા એ ભગવાન વર્તમાન અને ત્રણે કાળના.

'**અર્હત્ સર્વજ્ઞનું...**' જુઓ પાછું સર્વજ્ઞ. આહાહા..! લ્યો, આ ધર્મનું મૂળ સર્વજ્ઞ. હવે જ્યાં સર્વજ્ઞને જ માનવાના ઠેકાણા ન મળે એને... આહાહા..! અર્હંત ભગવાન સર્વજ્ઞ. અર્હંતનો અર્થ એ જ થયો ને. .. કહેવાય છે ને? કે પૂજ્ય? અહીં શું કર્યું છે? અર્હત્ એટલે શું? પૂજ્ય કે રહસ્ય વિનાનું. એ જાણવામાં ખાલી અર્હત્નો અહીં. મીંડુ નથી માથે. અર્હત્ છે. પૂજવાને યોગ્ય. સમજાણું કાંઈ?

ભગવાનનો આત્મા અર્હત્ નામ ઈન્દ્રોને પણ પૂજ્ય છે, ગણધરોને પૂજ્ય છે એવા પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞ. સર્વજ્ઞ એટલે? જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણવામાં વર્તે છે. સર્વજ્ઞ. સમજાણું કાંઈ? જેના જ્ઞાનમાં એક સમયમાં હોં!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સેકન્ડનો અસંખ્ય ભાગ. સેકન્ડનો અસંખ્યમો ભાગ. આ આંખ મીંચે ને ઉઘાડે એમાં અસંખ્ય સમય (જાય). એનો એક સમય. એ એક સમયમાં ભગવાનને ત્રણ કાળ ત્રણ લોક જાણવામાં વર્તે છે. આવે છે ને નમોત્થુણં નથી આવતું? નમોત્થુણં. સર્વજ્ઞ સર્વદર્શી આવે છે. એમ ને એમ (બોલી જાય). અર્થ કોને આવડે? ભગવાન જાણે. એમાં ને એમાં લખ્યા હોય એ ખરા. સ્વરૂપચંદભાઈ! લોગસ્સ આવડે છે ને? લોગસ્સમાં ઓલું નમોત્થુણં આવે છે, નમોત્થુણં. નમોત્થુણં, અરહંતાણં, ભગવંતાણં...

અરે..! ભગવાન! અહીં તો કહે છે કે પહેલું સમજ. અર્હત્ ઈન્દ્રોને પૂજ્ય અને સર્વજ્ઞ. સર્વજ્ઞ. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જેને પ્રત્યક્ષ જ્ઞાનમાં જણાય છે એવા સર્વજ્ઞ. એ સર્વજ્ઞે ત્રણ કાળ ત્રણ લોક એક સમયે જોયા છે કે એક સમય પછી આગળપાછળ જોયા છે? ભવિષ્યમાં થશે પર્યાય ત્યારે ભાળશે ભગવાન? કહો, ત્યારે તે ભવિષ્યમાં અવસ્થા થશે? એ તો જેવું નિમિત્ત આવે એવી થાય. ત્યારે ભગવાન જોવે અહીં?

મુમુક્ષુ :- અનિશ્ચિત છે માટે.

ઉત્તર :- ત્રણ કાળમાં અનિશ્ચિત ન હોય. ભગવાનના જ્ઞાનમાં બધા દ્રવ્યો અનંતા એની જે પર્યાય-અવસ્થા જે સમયે જ્યાં થવાની જે નિમિત્ત હોય, પહેલેથી જ્ઞાનમાં બધું આવી ગયું છે. કોઈ જ્ઞાન બાકી છે નહિ. માટે ભગવાનના જ્ઞાન પ્રમાણે જગતની પર્યાય પરિણમે છે. આઘી-પાછી નહિ. એય..! સ્વરૂપચંદભાઈ! ભારે કઠણ.

શીતલનાથ ભગવાનમાં સ્તુતિ કરતાં દેવચંદજી થયા છે ને ખરતર ગચ્છ. ખરતર ગચ્છમાં દેવચંદજી (થયા). એણે સ્તુતિ કરી છે એમાં લખ્યું છે. 'દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ, રાજનીતિએ ચાર જી. ત્રાસ વિના જડ ચૈતન્ય પ્રભુની કોઈની લોપે કાર.. જી... દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ.' ષટ્ દ્રવ્ય છે, એનું ક્ષેત્ર છે, ત્રણ કાળ છે દ્રવ્યનું એનો વર્તમાનકાળ છે, એનો ગુણ ત્રિકાળી ભાવ છે. 'રાજનીતિએ...' જગતના પદાર્થનો નિયમ છે એ. 'ત્રાસ વિના જડ ચૈતન્ય પ્રભુની...' એ પરાણે બધા પરિણમતા નથી કહે છે. એ 'ત્રાસ વિના જડ ચૈતન્ય પ્રભુની કોઈ ન લોપે કાર.' ભગવાનની જ્ઞાનની પર્યાયને કોઈ ઓળંગીને પરિણમતા નથી. આહાહા..! અરે..! આ એક વાત બેસે તો ન્યાલ કરી નાખે એવી વાત છે. સમજાણું કાંઈ?

ભગવાનની જ્ઞાનની અવસ્થા એ જાણે છે ભગવાન ત્રણ કાળ ત્રણ લોકને. એમાં આ સમયે આનું આયુષ્ય પૂરું થશે અને આ સમયે દેહ છૂટશે એ પહેલેથી જાણવું નથી આવ્યું? કે અકાળે મરશે એને આવું આવશે તો મરશે અને આવું નહિ આવે તો નહિ મરે. એમ છે જ્ઞાનમાં? એ પણ એનો અર્થ શું? ભગવાને નથી જાણ્યું પહેલેથી? જ્ઞાન સર્વજ્ઞ કોને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કહીએ? જ્ઞાનમાં આ ભવિષ્યમાં આ સમયે, આ દેહે, આ ક્ષેત્રે, આ સંયોગે દેહ છૂટશે. એવું જ્ઞાનમાં ત્રણ કાળની પર્યાયો ભગવાનના જ્ઞાનમાં આવી છે.

મુમુક્ષુ :- અકાળ મરણ છે.

ઉત્તર :- અકાળ મરણ એ કહ્યું જ નથી ભગવાને. તે કાળે તે સમયે જે ક્ષેત્રે જ્યાં દેહ છૂટવાનો, જે ક્ષેત્રે જ્યાં જેનો જન્મ થવાનો, જે ક્ષેત્રે જે કાળે જેને ત્યાં સમ્યગ્દર્શન થવાનું, જે ક્ષેત્રે જે કાળે જ્યાં તેને મોક્ષ થવાનો ભગવાનના જ્ઞાનમાં પહેલેથી આવી ગયું છે. હજી સર્વજ્ઞને નમો અરિહંતાણં. અરિહંતાણં કોણ સર્વજ્ઞની ખબર ન મળે. નમો અરિહંતાણં વાંચે રાખ્યે. એય..! સ્વરૂપચંદભાઈ! કેટલા વખતથી નમો અરિહંતાણં કર્યું હશે. ભાઈ! નમો અરિહંતાણંમાં તો મોટો માલ છે. અરિહંત સર્વજ્ઞ છે. આવા સર્વજ્ઞ હોય. જે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે. એ પ્રમાણે થાય, એવી જેને શ્રદ્ધા થઈ જાય એને જ્ઞાતાદૃષ્ટાનું ભાન થઈ જાય. હું તો જ્ઞાતાદૃષ્ટા છું. કોઈનું કરી દઉં કે કોઈ મારું કરે એવું વસ્તુમાં છે નહિ.

મુમુક્ષુ :- ક્રમબદ્ધપર્યાય સાબિત થાય છે.

ઉત્તર :- સાબિત છે એમાં પણ. રાડે રાડ મોટા. પૈસા કેટલા ખર્ચ્યા છે. પંડિતો બધા ભેગા થયા જયપૂરમાં. શેઠીના ગામમાં. શેઠી હતા ત્યારે તમે? ચર્ચા થઈ ત્યારે? અહીં હતા. બધા પંડિતો વચ્ચે ચર્ચા થઈ તો હજારો પુસ્તકો છપાણા. આહાહા..! અરે.. એટલું નથી ભગવાન! તારે નક્કી કરવું (પડશે). પરમેશ્વર એક સમયમાં જે જ્ઞાન પૂર્ણ સર્વજ્ઞ સર્વજ્ઞ. તો સર્વજ્ઞ. સર્વજ્ઞમાં શું બાકી રહ્યું? કે આ સમયે આની અવસ્થા થશે એ પહેલી નક્કી નહિ જણાય. ત્યાં થાય ત્યારે જણાશે. થાય ત્યારે જણાય તો એ સર્વજ્ઞ શેના?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હોય તે જાણે. જે પ્રમાણે થાય છે, જે પર્યાય જ્યાં જ્યાં જે કાળે થાય તેને ભગવાન પહેલેથી જાણે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિશ્ચિત એટલે? જે સમયે જે પર્યાય નિશ્ચિત તે નિશ્ચિત જ છે. બીજાની અપેક્ષાએ તો અનિશ્ચિત છે એમ એ જાણે છે. આહાહા..! અરે..! ભગવાન મૂળ વાંધા આખા ઉઠ્યા. પંડિતોમાં વાંધા, ભણતરના વાંધા. અરે..! ભગવાન! સર્વજ્ઞ પરમેશ્વર જેને.. આહાહા..!

કહ્યું હતું ને એક ફેરી નહોતું કહ્યું? (સંવત) ૧૯૫૭ની સાલ. ૫૭માં એક સાધુ આવ્યા હતા સ્થાનકવાસી. બિચારાને ખબર નહિ. એ તેરાપંથી સાધુ હતા. ૫૭ની વાત છે. ૧૧ વર્ષની ઉંમર હતી મારી. ત્યારે એક સાધુ ગામમાં આવેલા. અમારે ઉમરાળા. પછી ૫૯માં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પાલેજ ગયા. ૫૭માં એક આવ્યા રતનચંદજી કરીને હતા. કોઈ પૂછે કે મહારાજ! કેટલું રહેશું અહીં? ભગવાન દેખ રહા હૈ. બસ એટલું કહે. સ્વરૂપચંદભાઈ! રતનચંદજી હતા. બિચારાને એ કાંઈ ખબર નહિ હોં. ફક્ત આ એક પકડેલું. આપણે કોઈને કહીએ તો પાછું .. થાય. એય..! ન્યાલભાઈ! તમે નહિ ઓળખ્યા. રતનચંદજી હતા એક. ૫૭ની સાલમાં હતા. ઉમરાળે આવ્યા હતા અને બધે ફરતા હતા. એકલા બિચારા હોં! જંગલમાં રહે. આહાર-પાણી લેવા નીકળે ગામમાં. મહારાજ! અહીંથી ક્યાં વિહાર કરશો? ભગવાન દેખ રહા હૈ. અહીં કેટલા દી રહેશો? ભગવાન દેખ રહા હૈ. ક્યાં .. ? ભગવાન દેખ રહા હૈ. બસ એક જ વાત કરે. ભગવાનજીભાઈ! ૫૭ની સાલની વાત છે. એને ખબર નહિ બિચારાને.

તેરાપંથીનો સાધુ હતો. પછી એને આ જરી ખોટું લાગ્યું તેરાપંથીનું. આ દયા-દાનને પાપ માને છે ને લોકો? અને બધું એકાંત આખું અને સામે વાત બોલાવે આઠ દી. કે તમે ચંદનબાળા જેવા આર્જિકા છો? ગૌતમ જેવા સાધુ છો? કપટ કરો તો અઢી દ્વીપના ચોર એમ બોલાવે એટલે એને બિચારાને ડર લાગ્યો. એકલા હતા. ઉંમરવાળા ૬૦-૬૫. ... ..માં જાય નહિ. વહોરવા નીકળે પાતરું લઈને. મેલા લૂગડા. કો'કનો દરવાજો ઉઘાડો હોય કણબી-બણબી ત્યાં ગરી જાય રોટલો અને છાશ મળે તો બેને લઈને વયો જાય. જંગલમાં વયા જાય. રોટલો અને છાશ. પણ કોઈ પૂછે તો એક જ જવાબ એનો. ભગવાન દેખ રહા હૈ. કારણ કે ભગવાન દેખે એમ થાશે. હું કરું આમ થાય એમ કાંઈ થાતું નથી. આહાહા..!

એવી જો શ્રદ્ધા બેસી જાય એને તો તો આત્મા જ્ઞાનસ્વરૂપ છે, થાય તેને જાણનારો છે, કરનારો છે નહિ. એમ થઈ જાય. આહાહા..! ૫૭ની વાત છે. ઘણા વર્ષની. કેટલા થયા ૫૭ને? ૬૭ વર્ષ થયા. ૧૧ વર્ષની ઉંમર હતી તે દી. ખ્યાલ આવ્યો. મેં એને આમ જોયાને. પૂર્વના સંસ્કાર ને. હું અપાસરે ચડતો હતો અપાસરે. આ બાજુના પગથીયેથી. હું ચડતો હતો અને એ આમ નીકળ્યા. હાથમાં જોળી. એકલા ચાલ્યા જાય. મને અંદરથી થઈ ગયું હતું આ! વાહ! એમ ભાઈ થઈ ગયું હોં અંદરથી. વૈરાગ્ય પસંદ ખરો ને. આહા..! ૧૧ વર્ષની ઉંમર છે. આહા..! એકલા ચાલે છે. કોઈ બીજું સાથે નહિ. વાહ! વાણિયો -બાણિયાનો છોકરો (કહે), મહારાજ! બતાવું. તો કહે, સાથે નહિ. એમ બતાવે હારે હાલે જીવ હિંસા થાય. પાપ લાગે. અત્યારે તો કાંઈ ઠેકાણે ક્યાં છે? વ્યવહારના પણ ઠેકાણા ન મળે. આહાહા..! ઓલો તો બિલકુલ નહિ. સમજાય છે? પોપટભાઈ! એક માળા રાખતા લૂગડાની. જંગલમાં રહે. આની ખબર નહિ. સર્વજ્ઞે દીઠું હોય એમ નક્કી કરે તો સમ્યગ્દર્શન થાય એની ખબર નહિ. કહો, સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**‘અર્હત્ સર્વજ્ઞનું એક અસ્ખલિત શાસન છે.’** ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથે કહેલું **‘સમસ્ત વસ્તુઓના સ્વરૂપને સાધનારું,...’** જોયું! વસ્તુના સ્વરૂપને સાધનારું ભગવાનનું શાસન એક જ અસ્ખલિત છે. બીજા કોઈ માર્ગમાં આવું સ્વરૂપ ત્રણ કાળમાં છે નહિ. અરિહંત પરમેશ્વર વીતરાગ એ વાડો નથી. જૈન સંપ્રદાય એ સંપ્રદાય-વાડો નથી. એ વસ્તુનું સ્વરૂપ જેવું છે, જેવું જગતનું સ્વરૂપ, જેવું ચૈતન્યનું સ્વરૂપ, જેવું જડનું સ્વરૂપ, વસ્તુનું સ્વરૂપ તેવું ભગવાને કહ્યું છે. સમજાય છે કાંઈ? એ સર્વજ્ઞ ભગવાનનું એક. પાછું જોયું! **‘એક અસ્ખલિત શાસન છે.’** એક અસ્ખલિત. અસ્ખલિત-ખલના ન પામે. એવો વીતરાગ અનેકાંત માર્ગ સ્વરૂપનું .. એવું **‘(-નિર્બાધ) શાસન છે.’** શાસન એટલે શિખામણ. એનું જ્ઞાન.

**‘તે (સ્યાદ્વાદ) બધું અનેકાંતાત્મક છે.’** એ બધું અનેકાંતાત્માક એટલે શું કહે છે? જુઓ હવે. બધું-અનેક-અંત. ઘણા અંત એટલે ધર્મ. અનેક ધર્મ સ્વરૂપ. આત્મ એટલે સ્વરૂપ. બધું અનંત, અનેક અંત એટલે ધર્મસ્વરૂપ છે. **‘એમ ઉપદેશે છે,...’** હવે આમાં વાંધા પાછા. અનેકાંત છે. કોઈ વખતે પુણ્યથી ધર્મ થાય, કોઈ વખતે આત્માથી ધર્મ (થાય). એમ અનેકાંત નહિ એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? આ બધું અનેકાંત કર્યું છે ને? ચંદુભાઈ! એનો અર્થ એવો કરે છે. ક્રમબદ્ધ પણ હોય અક્રમબદ્ધ પણ હોય. જડનું આત્મા કરી પણ શકે અને ન પણ કરી શકે. અરે.. ભગવાન! એમ ન હોય. કહેશે બધું અહીં. ભાઈ! અનેકાંત તો એ છે કે પોતાપણે છે અને પરપણે નથી. કોઈપણ પર્યાય, કોઈપણ ગુણ, કોઈપણ દ્રવ્ય એ સ્વપણે છે અને પરપણે નથી એનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ?

**‘અર્હત્ સર્વજ્ઞનું એક અસ્ખલિત શાસન છે તે બધું અનેકાંતાત્મક છે એમ ઉપદેશે છે,...’** આત્મા પણ અનેક ધર્મવાળો. ધર્મ એટલે શક્તિ-ગુણવાળો, પર્યાયવાળો. પરમાણુ પણ અનેક ધર્મવાળો. એક પરમાણુ હોં! નાનો પોઈન્ટ છે. આ તો ઘણા રજકણ ધૂળ. છેલ્લો પોઈન્ટ અનંત ધર્મવાળો. એવું ભગવાને બધું અનેકાંતાત્મક. અનેક ધર્મ એટલે સ્વભાવ, અંત એટલે ધર્મ. અનેક સ્વભાવસ્વરૂપ. એમ ભગવાને અનેકાંત સ્વરૂપ બધા પદાર્થનું કહ્યું છે. એક પર્યાય લ્યો તો અનેકાંત ધર્મસ્વરૂપ છે. એક સમયની નિર્મળ પર્યાય લ્યો તો અનેક ધર્મ છે. રાગથી નથી, પોતાથી છે, પૂર્વથી નથી, પછીથી નથી, ગુણથી નથી એવો એક એક પર્યાય પણ અનેક ધર્મસ્વરૂપ છે. આહાહા..! ઝીણું લાગે માણસને. અભ્યાસ ન મળે ને એટલે. કહો, સમજાણું કાંઈ?

એક સમયની પર્યાય ધર્મ લ્યો તો આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે. એવી અંતર દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શન થયું તો કહે છે કે સમ્યગ્દર્શનની એક સમયની પર્યાય પણ અનંત ધર્મસ્વરૂપ છે. કારણ કે એક સમયની પર્યાય જ્ઞાનની પર્યાય સાથે એ રૂપે નથી, આનંદની પર્યાય છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એ રૂપે નથી. રાગરૂપે નથી, ત્રિકાળી ગુણરૂપે નથી, ત્રિકાળી દ્રવ્યરૂપે નથી. એવા અનંતા પદાર્થપણે એ નથી. એક એક પર્યાયમાં અનંતા ધર્મ નામ શક્તિ ને સ્વભાવ વસેલા છે. આહાહા..! ઝીણું છે સ્વરૂપચંદભાઈ! આહાહા..! આવ્યા છે બરાબર હવે. ૪૧૫ ગાથા કાલે પૂરી થઈ. સમયસાર ૧૫મી વાર વંચાય છે સભામાં. આહાહા..!

કહે છે, ભગવાનનું શાસન એવું અસ્ખલિત છે, નિર્બાધ છે. દરેક ગુણને, દરેક દ્રવ્યને, દરેક પર્યાયને અનેકાંતાત્મકપણે પોતે સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ આમાં? આ આંગળી છે, જુઓ! એ આંગળી પોતાપણે છે પણ આ આંગળીપણે નથી. બરાબર છે? હવે જુઓ અસ્તિ, નાસ્તિ ધર્મ થઈ ગયો એમાં. પોતાપણે છે અને પરપણે નથી એવા બે ધર્મ થઈ ગયા. એવા બે નામ અનેક ધર્મ થઈ ગયા એમાં. આ આંગળી આ આંગળીપણે નથી, આ આંગળી આ આંગળીપણે આ આંગળી આખા હાથપણે નથી, આ આંગળી બીજા પદાર્થપણે નથી. એવા અનંત સ્વભાવ એક પર્યાયના એક ધર્મમાં અનંત સ્વભાવ છે. આહાહા..!

આ તો પણ આમ કહેવાય છે કે નહિ? કોઈપણ ચીજની અવસ્થા પોતાપણે ક્યારે રહી શકે? કે અનંત પદાર્થના મધ્યમાં પણ અનેરાપણે એકથી અનેરાપણે, બીજાથી અનેરાપણે, ત્રીજાથી અનેરાપણે એવા અનંતથી અનેરાપણે રહી શકે ત્યારે તેમાં અનંતથી અનેરાપણાના અનંતધર્મ હોય તો. લોજિક છે આ સ્વરૂપચંદભાઈ! પણ ભગવાન શું (કહે છે એ) સમજવાની દરકાર નહિ. આ તો ભાઈ બધી ઝીણી વાત છે.

મુમુક્ષુ :- આખો અધિકાર છે.

ઉત્તર :- હા, આખો અધિકાર એવો વર્ણવ્યો છે. સમજાણું?

એક ભગવાન આત્મા. એક આત્મા લ્યો આ આત્મા દ્રવ્ય વસ્તુ. પોતાપણે છે બીજા અનંત આત્માઓપણે એ નથી. જો પરપણે હોય તો ભેગા થઈ જાય. એક આત્મા પોતાપણે છે એ કર્મ, શરીર અને રજકણપણે નથી. પોતાપણે છે અને અનંતપણે નથી એવા અનંતધર્મ એમાં છે. ધર્મ એટલે સ્વભાવ. અનંત જીવોપણે નથી, અનંત પરમાણુપણે નથી. એવું ભગવાનનું શાસન '**સમસ્ત વસ્તુને અનેકાંત-સ્વભાવવાળી છે.**' લ્યો! '**એમ ઉપદેશે છે, કારણ કે સમસ્ત વસ્તુ...**' એવી છે એમ કહે છે. ભગવાન કલ્પનાથી કહેતા નથી. એમ પાછું લીધું. અનેકાંતાત્મક છે એમ કહે છે. કેમ? કે વસ્તુ અનેકાંત સ્વભાવવાળી છે. એમ કહે છે. વસ્તુ જ એવી છે. પરમાણુ લ્યો, આત્મા લ્યો, ગુણ લ્યો, એની અવસ્થા લ્યો. અનેક ધર્મપણે છે એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે.

'**(સર્વ વસ્તુઓ અનેકાંતસ્વરૂપ છે એમ જે સ્યાદ્વાદ કહે છે તે અસત્યાર્થ કલ્પનાથી કહેતો નથી, પરંતુ જેવો વસ્તુનો અનેકાંત સ્વભાવ છે તેવો જ કહે છે.)**' એમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અનેકાંતપણું છે તેવું કહે છે એમ કહે છે. એમાં ન હોય એનું કહેતા નથી.

મુમુક્ષુ :- .. ન લગાડતા.

ઉત્તર :- હા. ન હોય એમાં લગાડવું નહિ. એમાં છે એવો અનેકાંત ધર્મ કહે છે. એ ભગવાનના શાસનમાં આવું અનેકાંતપણું એ જ્ઞાનમાત્ર કહેતા પણ સિદ્ધ થઈ જાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**મહા વદ ૧૦, શુક્રવાર તા. ૨૩-૨-૧૯૬૮**
**પરિશિષ્ટ, પ્રવચન-૪૯૬**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. છેલ્લો પેરેગ્રાફ અહીં છે આમાં. ૨૪૭ કળશ થઈ ગયો ને એના પછી. '**અહીં આત્મા નામની વસ્તુને...**' ત્યાંથી છે. છે? '**અહીં આત્મા નામની વસ્તુ...**' છે આ આત્મા. જુઓ! વસ્તુ શબ્દ વાપર્યો છે હોં પહેલેથી. '**अत्र त्वात्मवस्तुनि**' સંસ્કૃત છે ને? આત્મા વસ્તુ છે એક. એને '**જ્ઞાનમાત્રપણે ઉપદેશવામાં આવતાં...**' એને એમ કહેવામાં આવ્યું અત્યાર સુધી કે આત્મા એટલે જ્ઞાનસ્વરૂપ જ છે, ચૈતન્ય જ્ઞાયકભાવસ્વરૂપ છે એ. એ જ્ઞાનસ્વરૂપ છે એમ કહીને આત્માનું વર્ણન કરતાં આવ્યા છે. સમજાણું? એવી દૃષ્ટિ કરતાં, આત્મા જ્ઞાનસ્વરૂપ છે એની દૃષ્ટિ કરતાં એને સમ્યગ્દર્શન થાય. પુણ્ય-પાપ ને રાગ ને કર્મ, શરીર એ સહિત નથી. એથી રહિત છે અને જ્ઞાનમાત્ર જ્ઞાનસહિત છે. પણ એક જ્ઞાનમાત્ર સહિત કહેતા '**સ્યાદ્વાદનો કોપ નથી;...**' એમ કહે છે. જ્ઞાનમાત્ર કહેતા, જ્ઞાનમાત્ર કહ્યું ત્યાં અનેકાંતપણું ક્યાં આવ્યું? એ તો જ્ઞાનમાત્ર એક જ ધર્મ આવ્યો. વીતરાગનો માર્ગ તો અનેકાંત છે. આ બધો વિષય ઝીણો છે બધો.

આત્માને એમ વર્ણવ્યું કે આત્મા એટલે શું? કે જ્ઞાનચક્ષુ, જ્ઞાનરૂપ. જ્ઞાન જેનું રૂપ, જ્ઞાન જેનું સ્વરૂપ, જ્ઞાનમાત્ર આત્મા. એવા જ્ઞાનની અંતર દૃષ્ટિ કરીને, અનુભવવો આ વસ્તુ એવી છે શુદ્ધ ચૈતન્ય એમ શ્રદ્ધા કરવી, એનું જ્ઞાન કરવું, રમવું એનું નામ ધર્મ. તો જ્ઞાનમાત્ર કહેતા એમાં એક જ ગુણ આવ્યો, એક જ ધર્મ આવ્યો. સ્વભાવ એક આવ્યો. એમ છતાં સ્યાદ્વાદનો કોપ નથી. આચાર્ય પોતે કહે છે કે એને જ્ઞાનમાત્ર કહેતા પણ અનેક ધર્મો છે તેમાં તેનો વિરોધ આવતો નથી. સમજાણું કાંઈ? બધો ન્યાયનો વિષય છે ભાઈ આ જરી.

'**કારણ કે જ્ઞાનમાત્ર...**' ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ છે એમ કહેતા '**સ્વયમેવ અનેકાંતપણું છે.**' એ જ્ઞાનમાત્ર કહેતા જ એની મેળાએ એમાં અનેક ધર્મો સિદ્ધ થાય છે, એમ કહે છે. જ્ઞાનમાત્ર છે એમ કહેતા જ સ્વયમેવ-પોતાની મેળાએ જ જ્ઞાનમાત્રમાં અનેક ધર્મો, અનેક શક્તિઓ, અનેક સત્ત્વ સિદ્ધ થાય છે. '**ત્યાં (અનેકાંતનું એવું સ્વરૂપ છે કે), જે (વસ્તુ) તત્ છે તે જ અતત્ છે,...**' એ પહેલેથી ઉપાડ્યું છે. જે તત્ છે તે છે, તે જ તે નથી. પોતાના જ્ઞાનસ્વભાવે તત્ છે તે છે. અને જ્ઞેય સ્વભાવથી તત્ નથી. એ જ્ઞાનમાં જ્ઞેય જણાય પરવસ્તુ એ જ્ઞેયપણે નથી. પોતાપણે છે અને તે જ પોતે તત્ નથી. તત્ નથી એટલે? પરરૂપે નથી. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'જે તત્ છે તે જ અતત્ છે,...'** એનો ખુલાસો પછી કરશે. **'જે (વસ્તુ) એક છે તે જ અનેક છે,..'** ખુલાસો કરશે. વસ્તુ તત્ છે એટલે કે જ્ઞાનસ્વરૂપ છે એમ કહેતા તે અતત્ છે-પરરૂપે નથી. એમાં બે ધર્મ આવી જાય છે અનેકાંત એમ કહે છે. સમજાણું કાંઈ? અને એક છે તે જ અનેક છે. વસ્તુ એક છે. વસ્તુ તરીકે ભગવાન એક છે તત્ત્વ. રાગ ને દ્વેષ ને એ વસ્તુ (નહિ). વસ્તુ તરીકે એક છે. પણ એમાં ગુણ અને અવસ્થા તરીકે અનેક છે. જે એક છે તે જ અનેક છે. સ્વરૂપચંદભાઈ! આ બધું ન્યાયથી, લોજિકથી વાત સિદ્ધ કરે છે.

મુમુક્ષુ :- એક હોય એ અનેક કેવી રીતે હોય?

ઉત્તર :- એક હોય એ અનેક છે. એક છે જે અપેક્ષાએ તે એક જ છે. જે અપેક્ષાએ અનેક છે તે અપેક્ષાએ અનેક જ છે. વસ્તુ તરીકે દ્રવ્ય-ગુણ-પર્યાય આખા પિંડ તરીકે લ્યો તો એક છે. પણ એના ગુણ અને શક્તિ અને અવસ્થાભેદથી લ્યો તો તે અનેક છે. જે અપેક્ષાએ એક છે તે અપેક્ષાએ અનેક છે એમ નહિ. જે અપેક્ષાએ તત્ છે તે જ અપેક્ષાએ અતત્ છે એમ નહિ. વીતરાગનો માર્ગ અનેકાંત સૂક્ષ્મ છે. અનેકાંતનો અર્થ કાંઈ ફૂદડીવાદ નથી. આ તો તેમાં જે સ્વભાવ છે તે છે અને પરસ્વભાવપણે નથી, જ્ઞેયપણે નથી એવો જ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાનરૂપે છે અને આ પર જે જ્ઞેય-શરીર, વાણી, મન જે જ્ઞેય છે-જાણવાલાયક છે. જ્ઞાનમાં એ કાંઈ કરવાલાયક કે ફેરવવા લાયક સામી ચીજ નથી. તેમ જ્ઞાનમાં જ્ઞેય જણાય છતાં તે જ્ઞેયરૂપ જ્ઞાન નથી. જ્ઞાન જ્ઞાનરૂપ છે અને જ્ઞાન અતત્ છે. અતત્ નામ જ્ઞેય જેટલા શરીર, વાણી, કર્મ આદિ પરચીજ છે એ જ્ઞેય છે. એ જ્ઞેયરૂપ નથી. સમજાય છે કાંઈ? અત્યારે પણ આત્મા જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે એ કર્મ, શરીર, વાણી આદિરૂપે નથી. એમ અંતરમાં તત્નો નિર્ણય કરી અને પરરૂપે નથી એમ નિર્ણય કરવો એનું નામ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? જેમ હું જ્ઞાનસ્વરૂપે છું એમ હું જ્ઞેયસ્વરૂપે પણ છું એમ નથી. હું જ્ઞાનસ્વરૂપે છું એમ કર્મરૂપે પણ છું, શરીરરૂપે છું, વાણીરૂપે છું, પર પૈસારૂપે છું એમ નથી.

મુમુક્ષુ :- ગરીબ થઈ જાય ત્યારે ને?

ઉત્તર :- ગરીબ-તવંગર આત્મા છે જ ક્યાં? આત્મા તો પોતાના અનંત જ્ઞાનલક્ષ્મી સહિત છે અને પરના જ્ઞેયથી છે નહિ. કહો, આત્મા લક્ષ્મીવાળો નથી એમ કહે છે. લક્ષ્મી તે અતત્ છે, તે આત્મામાં નથી. એ રૂપે અતત્ છે આત્મા એ રૂપે છે નહિ. આહાહા..! દીકરા, દીકરી, સ્ત્રી, કુટુંબ, શરીર, પરિવાર, દેવ-ગુરુ-શાસ્ત્ર કે મંદિર આદિ પરજ્ઞેય છે. એ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ્ઞેયરૂપે આત્મા નથી. આહાહા..!

ભગવાન જ્ઞાનસ્વરૂપ છે તે તત્ છે-તે છે. તે જ અતત્ છે. જ્ઞેયથી તે નથી. એનું હોવાપણું જ્ઞેયથી નથી. કહો, સમજાણું કાંઈ? એ ખુલાસો આવશે નીચે. આ તો ઉપરથી કહ્યું થોડું. એક છે, વસ્તુ એક છે. પ્રદેશ અસંખ્ય. પહેલી સામાન્ય વાત કરી છે, પછી આત્માની કહેશે. જે એક છે, વસ્તુ એક છે, આત્મા એક વસ્તુ છે. એ એક છે કઈ રીતે? દ્રવ્ય-ગુણ અને પર્યાયરૂપે વસ્તુ તરીકે એક છે, પણ તે જ અનેક છે. જ્ઞાન-દર્શન આદિ ગુણો અને અવસ્થાથી પોતે જ અનેક છે. એક છે તે અનેક છે. જે અપેક્ષાએ છે તે અપેક્ષાએ અનેક નહિ. અનેક પોતે છે. અનેક શરીર અને કર્મ સહિત છે માટે અનેક છે એમ નહિ. એમ કહે છે ભાઈ! આહાહા..!

પોતે ભગવાન આત્મા એક છે તે જ અનેક છે. એ કર્મને શરીરને લઈને અનેક છે એમ નહિ. એમ કહે છે. જે એક છે તે જ અનેક છે. ભગવાન આત્મા ચૈતન્યજ્યોત સ્વરૂપ એક વસ્તુ છે. તે જ પોતે પોતાના ગુણ ને અવસ્થાના ભેદથી અનેક છે. પણ એ અનેકપણું એવું નથી કે એક છે, એક કર્મ સહિત અને શરીર છે માટે અનેક છે એવું એમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! આવો આત્મા છે તેને દૃષ્ટિમાં લેવો. એવું તત્ત્વ જ એવું છે. તેને દૃષ્ટિમાં લેવું, એની શ્રદ્ધા કરવી, એમાં ઠરવું એ જ મુક્તિનો માર્ગ છે. બીજો કોઈ ક્રિયાકાંડ ને વિકલ્પ ને ફલાણું મુક્તિનો માર્ગ છે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? બે બોલ થયા. બેના ચાર.

‘**જે સત્ છે તે જ અસત્ છે,...**’ એમ આઠ બોલ છે આમાં. આ બે કીધા ચાર તત્-અતત્, એક-અનેક એ ચાર થયા. અને સત્ છે તે અસત્ છે એમ આઠ બોલ છે. ‘**જે સત્ છે...**’ એમ આઠ બોલ આવશે. પોતે પોતાના દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી સત્ છે. એ જ પોતે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસત્ છે. આ આંગળી એનું દ્રવ્ય છે, એનું ક્ષેત્ર છે પહોળું, એની અવસ્થા છે અને એની શક્તિ છે. એનાથી સત્ છે. અને આ આંગળી દ્વારા અસત્ છે. જે સત્ છે તે જ અસત્ છે. પોતાપણે સત્ છે એ પરથી અસત્ છે. પરથી પણ જો સત્ હોય તો બે એક થઈ જાય છે. અને પરથી જેમ અસત્ છે એમ પોતાથી પણ અસત્ હોય તો વસ્તુ રહેતી નથી. આ તો ન્યાયનો માર્ગ અનેકાંતથી સિદ્ધ કર્યો છે. કોઈ એકાંત ન લઈ જાય સમયસારમાં, નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય.. કરીને. આવો છે ને આત્મા આવો છે. આ તો બધું વેદાંત એક જ છે અને બધું એક છે એમ કહે છે. એમ નથી. એ જ્ઞાનમાત્ર કહેતા જ પણ આવા અનંતા ધર્મો એમાં સ્વયમેવ, સ્વયમેવ, સ્વયમેવ પોતાથી સિદ્ધ થાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'જે એક છે તે જ અનેક છે, જે સત્ છે...'** છે. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે. વસ્તુ પોતે છે તેનાથી છે, તેનું ક્ષેત્ર છે પહોળું તેનાથી છે, તેની વર્તમાન અવસ્થા છે તેનાથી છે અને કાયમની શક્તિરૂપ ગુણ છે તેનાથી છે. એટલે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ થઈ ગયા. સમજાણું કાંઈ? આ માર્ગ વસ્તુમાં વસ્તુનું સ્વરૂપ છે એ સર્વજ્ઞમાં જ આવું હોય. એ સિવાય કોઈ ઠેકાણે આ સ્થાન હોઈ શકે નહિ. એટલે અનેકાંતને આ રીતે સિદ્ધ કરીને સ્વતંત્ર વસ્તુ કેવી છે એમ પ્રસિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાના શક્તિવાન પોતે છે દ્રવ્ય, શક્તિ છે ભાવ, અવસ્થા છે દશા, ક્ષેત્ર છે પહોળાઈ. એ પોતે વસ્તુ, એનું ક્ષેત્ર, એની અવસ્થા અને એનો ભાવ. એનાથી છે, પરથી નથી. એટલે એને પર ઉપર દૃષ્ટિ દેવાની નથી. તેમ પરને દૂર કરવું કે પરને મેળવવું એ એને રહેતું નથી. કેમ કે પરથી નથી. પરથી નથી એટલે પરથી નથી એટલે પરને દૂર કરવું કે હટાવવું એ એમાં છે નહિ. પરથી તો નથી જ એ. સમજાણું કાંઈ? કર્મથી આત્મા અસત્ છે એમ કહે છે. એમ આવી જાય કે નહિ? આત્મા પોતાના સત્ સ્વરૂપે છે અને કર્મ જે રજકણ છે કર્મના એનું દ્રવ્ય એટલે વસ્તુ, એનું ક્ષેત્ર પહોળાઈ, એની અવસ્થા કાળ, એનો ભાવ શક્તિ. એનાથી અસત્ છે આત્મા. એટલે કર્મથી આત્મા અસત્ છે. એટલે કર્મ આત્માને હેરાન કરે કે કર્મ આત્માને રખડાવે એવું એનામાં છે નહિ. એમ કહે છે. આહાહા..! કહો, સમજાણું આમાં કાંઈ? શેઠી! કર્મથી આત્મા અસત્ છે. અસત્ છે. એનાથી અસત્ છે એનો ઓલું કર્મ કરે શું?

મુમુક્ષુ :- બીજો હોય એ જ રખડાવે ને.

ઉત્તર :- ધૂળેય... રખડે છે પોતાના દ્રવ્યના ભાન વિના. ભાન પોતાનું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એના ભાન વિના પર્યાયમાં મિથ્યાત્વ સેવીને જે તેના ત્રિકાળ સ્વભાવમાં નથી અને તેની વર્તમાન પર્યાયમાં પણ નથી એવી ચીજને પોતાની માને અને ત્રિકાળ સ્વભાવમાં વિકાર નથી એને પોતાની માને. બસ! એ માન્યતા તેને મિથ્યાદૃષ્ટિ કહે છે. સમજાણું કાંઈ?

અહીં તો સમુચ્ચય પર્યાયની વાત લીધી છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે. કાળ તો બધું લેવું હોં! વિકાર આદિ. પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી. એટલે કર્મનો ઉદય આવ્યો એની પર્યાયમાં, એ પર્યાય એનાથી તે છે પણ એનાથી આત્મા નથી. કર્મનો ઉદય આવે છે એ કર્મની પર્યાય સ્વકાળ છે એનો પર્યાયનો. રજકણો છે તેનું ક્ષેત્ર છે, તેની શક્તિ છે અને તેની વર્તમાન અવસ્થા છે. એનાથી એ છે, એનાથી આત્મા નથી. એટલે વસ્તુમાં પરદ્રવ્ય કાંઈ નુકસાન કરે છે કે પરવસ્તુથી કાંઈ લાભ થાય છે એ વસ્તુના સ્વરૂપમાં નથી. સ્વરૂપચંદભાઈ! આ ભગવાનની પ્રતિમા અને ભગવાન ત્રિલોકનાથ બિરાજતા હોય તો એનાથી આત્મા અસત્

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ અસત્ છે પછી... એય..! શેઠી! આહાહા..!

ભગવાનનો માર્ગ તે કોઈ અલૌકિક છે કે નહિ? આ તો એક સ્યાદ્વાદનું વાક્ય થોડું આ નહિ? પ્રવચનસારનું ભાઈ! ઓલું બાળ ને વૃદ્ધ નથી આવતું? શું વ્યાખ્યા! શું એક શૈલી! કુંદકુંદાચાર્યની વસ્તુ મૂકવાની પદ્ધતિ. કહે છે, ભાઈ! આ આત્મા છે અસત્ છે ને? અન્નથી આત્મા નથી. અન્નથી આત્મા... નથી. અનશનસ્વભાવી કહ્યો છે ને? જુઓ! એણે કેવી રીતે મૂક્યું છે કે ભગવાન આત્મા તપ કેમ છે એને? કે તપ કેમ થાય એને? કે ભગવાન આત્મા અશન, અશન એટલે આહાર-પાણી આદિ એનાથી રહિત છે. એવો જેણે આત્મા અનુભવ્યો છે એને અહીંયાં તપ છે. ભાઈ! ત્યાં તો બોલ બહુ સારા લીધા છે. યુક્ત આહાર વિહાર. ગજબની વાત! ચરણાનુયોગની રીત પણ ઓહોહો..! કોઈ દિગંબર સંતોની કથની પણ વસ્તુને સિદ્ધ કરવાની. આમ આ .. એવી વસ્તુ કરે છે. કહે છે કે ભાઈ! મુનિને તપ કેમ છે? કે મુનિનો આત્મા જે છે એ પોતાના સ્વરૂપે છે અને અન્ન આદિના સ્વરૂપે નથી. અશન જે આહાર-પાણી એ રૂપે નથી. એટલે એને છોડવું-ત્યાગવું એમાં રહેતું નથી. નથી એને છોડવું-ત્યાગવું? એવો એણે આત્મા અંદર અનુભવ્યો છે. આહાહા..! એક વાત.

અને બીજી વાત ઈ કે એવો આત્મા અનુભવમાં લીધો છે અને હવે જ્યારે એક આહાર લેવાની વૃત્તિ ઊભી થાય છે ત્યારે નિર્દોષ એષણા સમિતિના વિકલ્પમાં નિર્દોષતા રહે એ રીતે આહાર લે છે. એથી તે આહારી હોવા છતાં અણાહારી છે. આહાહા..! સમજાણું કાંઈ? એય..! નવરંગભાઈ! ઓલો આહાર લેતો નથી છતાં એ આહારી છે. કેમ કે આહાર લઈ શકું છું, છોડી શકું છું એવી જેની માન્યતા છે એણે આહાર સહિત જ આત્મા માન્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? હું આહાર છોડું છું. ત્યારે એનો અર્થ કે મારી પાસે હતો, મારામાં હતો એટલે છોડું છું. એટલે એ આહારનો સ્વામી થાય છે, આહાર મારામાં નથી, એવું એણે માન્યું નથી. સમજાણું કાંઈ? મારામાં અસત્ છે. આ તો અસત્‌માં વળી યાદ આવ્યું. સમજાણું કાંઈ? એઈ..! આહાહા..!

ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપે સત્ છે અને તે આહાર, પાણી, કર્મ આદિ ચીજોથી તે અસત્ છે. અસત્ છે. એટલે આવો પરથી અસત્ છે અને સ્વથી સત્ છું એવો જેણે આત્માને અણાહારી-અનશનસ્વરૂપ. અશનસ્વરૂપ નહિ પણ અનશનસ્વરૂપ એવો આનંદ-જ્ઞાનસ્વરૂપનો જેને અંતર અનુભવ થયો તે અશનરહિત જ છે. એ જ એની દૃષ્ટિ અને જ્ઞાનમાં મોટું તપ છે. આહાહા..! સમજાણું કાંઈ? પછી કહ્યું કે ભાઈ! નિર્દોષ આહાર લે છે ને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એષણાસમિતિથી, એ વિકલ્પથી. એટલે એ જાતનો ચરણાનુયોગ છે એટલે વ્યવહાર નાખીને, વ્યવહાર નાખીને એ રીતે અણાહારી ઠરાવ્યો. સમજાણું કાંઈ? એ યોગીનો આહાર છે એમ કહ્યું છે ભાઈ ત્યાં. યોગીનો આહાર છે. આહાહા..! આ તો યોગ યોગ કરે છે ને લોકો? અત્યારે યોગનું બહુ ચાલ્યું છે ચારે કોર. અરે..! યોગ તો કોને કહેવો? ભગવાન!

આ આત્મા જે છે એ જ્ઞાનમૂર્તિ આદિ અનંતગુણનો પિંડ છે. એવી અંતર દૃષ્ટિમાં ભાન થયું અને એમાં એકાકાર થયો તેને યોગ કહે છે. એ વિના યોગ બધા ફોક છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યાં એને યોગી કીધો છે. એ મુનિ છે, ધર્માત્મા છે, અનશનરહિત મારું સ્વરૂપ જ ત્રિકાળ છે. ત્યારે અનશનરહિત છે, આહાર-પાણી રહિત છે, ખાદ્ય આદિથી રહિત છે, પેય આદિથી રહિત છે, જ્ઞેય આદિથી રહિત છે. એવા સ્વરૂપનું... આ ગુણ છે એ સહિત છે, એમ આત્માને જેણે અંતર દૃષ્ટિમાં અનુભવ્યો એને અશન વિનાનો આત્મા એ દૃષ્ટિ અને જ્ઞાનમાં આવ્યો એ જ એનો તપ છે. એ એની સાચપ છે એમ કહેવું છે. તપ એટલે એ એની સાચપ છે. આહાહા..! અને એમાં વળી નિર્દોષ વૃત્તિથી આહાર લે છે વૃત્તિ જરી છે તો એ અપેક્ષાએ, ચરણાનુયોગની અપેક્ષાએ એને પણ અનાહારી, આહારની ગૃદ્ધિ વિનાનો વિકલ્પ છે તેથી તેન અણાહારી કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓલો એષણા સમિતિનો વિકલ્પ લીધો. ચરણાનુયોગ છે ખરો ને એટલે એને સાથે લીધો. સમજાણું કાંઈ? યોગીનો આહાર છે. આહાહા..!

કહે છે, એક વાર આહાર છે તે યોગીનો છે. બે વાર આહાર તે અયોગીનો હિંસાયતન છે. આહાહા..! જ્યાં અંતર દશા સ્વરૂપની અંતર દૃષ્ટિની રમણતા થઈ છે એવું સત્ જેને દૃષ્ટિમાં આવીને ઠર્યો છે (એને) એક વાર આહારનો વિકલ્પ હોય છે. બે વાર આહારનો વિકલ્પ ઉઠે તો હિંસાયતન છે. મુનિપણું રહેતું નથી અને યોગી રહેતો નથી. આહાહા..! નવનીતભાઈ! એ યોગી નહિ, એ ભોગી છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા તો ઘણા બોલમાં આખું તત્ત્વ ગોઠવ્યું છે. ભીક્ષા તરફી આહાર છે, રસ વિનાનો આહાર છે, માંસ વિનાનો.. આવે છે ને? વાતમાં તો એ સિદ્ધ કરવું છે કે જેની વસ્તુમાં એ ચીજોનો જ અભાવ છે, એવો અભાવ છે અને સ્વરૂપે સદ્ભાવ છે એવી જેને અંતરમાં દૃષ્ટિમાં આત્મા છે આવો એવો અનુભવમાં આવ્યો, બસ! એ સમ્યક્ સાચો થયો અને એમાં ઈચ્છાની ઉત્પત્તિ ન થાય, સ્થિર થાય એનું સાચું તપ છે. સમજાણું કાંઈ? એનું નામ યોગીનો યોગ છે, બાકી બધા ફોક છે. આમ બેસે આમ. શું પણ હજી વસ્તુ શું છે એને જાણ્યા વિના?

સત્ છે. પોતે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે સત્ છે અને પરથી અસત્ છે. એમ અંતર નિર્ણય (કરે). વસ્તુ એવી છે. એવો અંતરમાં નિર્ણય કરે ત્યારે એને સમ્યક્ દશા થાય છે. કારણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કે એવું સ્વરૂપ જ સાચું છે. સાચું પોતાથી સત્ અને પરથી અસત્ એવું એનું સાચું સ્વરૂપ છે. એવા સાચાને સમ્યક્‌પણે શ્રદ્ધામાં લે એને વિકલ્પ રહિત નિર્વિકલ્પ દૃષ્ટિ થાય. એને ધર્મ પહેલો સમ્યગ્દર્શનનો થાય. એ વિના ધર્મ થાય નહિ. સમજાણું કાંઈ?

**'જે નિત્ય છે તે જ અનિત્ય છે-'** જુઓ! હવે પાછો ૧૩મો બોલ છે. ઓલા ચાર પહેલા ગયા. સત્-અસત્‌માં ૮ આવશે એટલે ૧૨ થયા. **'જે નિત્ય છે તે જ અનિત્ય છે-'** શું? ભગવાન આત્મા.. અહીં તો દરેક વસ્તુની શરૂઆત આમાં આત્મા પછી. ભગવાન આત્મા વસ્તુ નિત્ય છે, કાયમ રહેનાર છે. છે... છે... છે... છે... છે... છે... છે... તે જ અનિત્ય છે. અવસ્થાની દૃષ્ટિએ અનિત્ય છે, વસ્તુની દૃષ્ટિએ નિત્ય છે. કાયમ રહેવાની અપેક્ષાએ નિત્ય છે, બદલવાની અપેક્ષાએ અનિત્ય છે. પરને કારણે અનિત્ય છે એમ નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ છે નિત્ય, નિત્ય, નિત્યાનંદ પ્રભુ. એ નિત્ય છે એ જ અવસ્થાએ અનિત્ય છે. પર્યાય બદલે છે. પણ એ અનિત્યપણું એ વસ્તુનું સ્વરૂપ છે. નિત્ય છે તે અનિત્ય છે. એ બદલવું એ પરને લઈને નથી. એમ કહે છે. સમજાય છે? કે ભાઈ કાળ છે માટે બદલે છે. કર્મ આવ્યો નિમિત્તપણે માટે અહીં બદલવું થાય છે. એવો ધર્મ જીવનો છે? એવો નથી. પોતે બદલવું એ પોતાનો ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભાઈ! આ તો વિષય એકદમ ન્યાયનો છે ને એટલે જરી ધ્યાન રાખે તો સમજાય એવું છે. આ કાંઈ વાર્તા નથી. સમજાણું? એકલું આમાં સમાડી દીધું છે જૈનદર્શનનું અનેકાંત. ઓલામાં પણ સ્યાદ્વાદ કહ્યું છે ને જુઓને. બાર બોલ ઉત્કૃષ્ટ અપેક્ષાએ.. ભગવાનનો માર્ગ સ્યાદ્વાદ છે, અનેકાંત છે. એમ કીધું છે ત્યાં. ત્યાં પણ સ્યાદ્વાદ કીધું છે. કારણ કે વિકલ્પ હઠ ન કર, સ્વરૂપમાં ઠરી શકાય તો ઠર નહિતર શુભ વિકલ્પ હોય છે એને જાણવાયોગ્ય જાણીને ઊભો રહે. હઠ કરીને અંદર નહિ થઈ શકે, સહજપણું નહિ આવે અને એકલા વિકલ્પમાં રોકાઈ જઈશ કે એ જ ઠીક છે તો ઓલો ઉત્સર્ગ માર્ગ વયો જાશે દૃષ્ટિમાંથી. પ્રવચનસાર. બહુ વાત. પ્રવચનસારનો ચરણાનુયોગ ગજબની શૈલી! કુંદકુંદાચાર્ય બોલે છે, આ પ્રણેતા અમે ઊભા. શ્રમણ નામ સાધુનો માર્ગ શું છે? તેની પર્યાય શું છે? વિકલ્પ કઈ જાતનો તેમાં હોય? તેના અનુભવનારા, જાણનારા પ્રણેતા આ અમે ઊભા છીએ. સમજાય છે કાંઈ? આવું સાધુપણું હોય, બીજી રીતે હોઈ શકે નહિ. આહાહા..!

**'જે નિત્ય છે તે અનિત્ય છે-'** કહો, ૧૪ બોલ છે. એ ૧૪ થશે. ૧૪નો વિસ્તાર આવશે. **'એમ એક વસ્તુમાં...'** એક જ ચીજમાં **'વસ્તુપણાની નિપજાવનારી...'** વસ્તુપણું જે છે તેને નિપજાવનારી. વસ્તુમાં વસ્તુપણું. પદાર્થમાં પદાર્થપણું એટલે એના સ્વરૂપપણું

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તેને નિપજાવનારી એમાં હોય એની વાત છે ને આ? '**પરસ્પર વિરુદ્ધ...**' પરસ્પર વિરુદ્ધ જુઓ! '**બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે.**' કહો, આમાંથી એ કાઢે છે કે ક્રમબદ્ધ હોય તે અક્રમબદ્ધ હોય. એય..! એનો અર્થ થયો, પોતાનો પર્યાય વ્યવસ્થિત જે ચાલે છે તે એનાથી છે. પરથી નથી. એમ વાત છે. સત્-અસત્ .. એમાં. આહાહા..! શું થાય? કાંઈ કોઈ કોઈને સમજાવી શકે એમ છે? ભગવાનની તાકાત છે કે બીજાને સમજાવી દે? ભગવાનમાં સર્વશક્તિ ખરી પણ આ એટલી શક્તિ ઓછી રહી. એમ હશે? બીજાનું કરે, કાંઈક સારું કરી દે તો શક્તિ કહેવાયને ભગવાનની? ભગવાનની શક્તિ એવી છે કે સ્વનું કરે અને પરનું ન કરે એવી શક્તિ છે એની. આહાહા..! ત્યારે એનું સત્પણું રહે છે. પરનું કરવા જાય તો પરપણે થઈ જાય તો પોતાપણે રહી શકતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ મહાસિદ્ધાંત આ સવા લીટીનો છે આખા જૈનદર્શનનો.

'**એમ એક વસ્તુમાં...**' એક જ ચીજની અંદર '**વસ્તુપણાની નિપજાવનારી...**' એ વસ્તુપણું સિદ્ધ થાય, એમાં હોય એ એમ. વસ્તુપણાની પ્રાપ્ત કરાવનારી, છે તેને પ્રાપ્ત કરનારી '**પરસ્પર વિરૂદ્ધ...**' માંહોમાંહે વિરુદ્ધ. જુઓ! તત્ છે તે અતત્ છે, એક છે તે અનેક છે. '**પરસ્પર વિરૂદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે.**' એનું નામ અનેક અંત નામ ધર્મ છે. અનેક ધર્મ છે. ભગવાન આત્મામાં પોતામાં પોતાને કારણે અનેક ધર્મ છે. પરને કારણે કાંઈ નથી. સંસારમાં હોય કે મોક્ષમાં હો, પોતે પોતામાં છે. પરને લઈને કાંઈ છે નહિ. કહો, સમજાણું કાંઈ? નિગોદમાં પણ રહેલો આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણે છે અને કર્મના અને બીજા આત્માના, એ શરીરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણે નથી. એવી જ વસ્તુની સ્થિતિ વસ્તુને પ્રાપ્ત કરાવનારી વસ્તુને સિદ્ધ કરનારી છે. કહો, સમજાણું આમાં? '**એમ એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી...**' એટલે કે વસ્તુને વસ્તુપણે સિદ્ધ કરનારી. પરસ્પર એટલે માંહોમાંહે. માંહોમાંહે છે એવી. અસ્તિ તે નાસ્તિ છે અને નાસ્તિ તે અસ્તિ છે. કઈ અપેક્ષાએ? છેપણાની અપેક્ષાએ અસ્તિ અને પરપણે નાસ્તિ. એમાં ને એમાં વિરુદ્ધ પરસ્પર વિરુદ્ધ શક્તિ. '**બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે.**' એ સામાન્ય વાત કરી.

'**માટે પોતાની આત્મવસ્તુને પણ,...**' હવે આત્મામાં ઉતારે છે. આ કારણે પોતાની આત્મવસ્તુને પણ. જુઓ! પોતાની આત્મવસ્તુ. ભગવાન આત્મા વસ્તુ પોતે છે એને પણ '**જ્ઞાનમાત્રપણું હોવા છતાં,...**' ભગવાન ચૈતન્યજ્યોત જ્ઞાનમાત્ર હોવા છતાં પણ '**તત્-અતત્પણું, એક-અનેકપણું, સત્-અસત્પણું અને નિત્ય-અનિત્યપણું પ્રકાશે જ છે;...**' પોતાના આત્મામાં પણ આ ચૌદ બોલ પ્રકાશે જ છે. '**પ્રકાશે જ છે;...**' ચૌદ બોલે આત્મા પ્રકાશે છે. પરને લઈને નહિ, પોતાના આવા ચૌદ બોલને લઈને. આહાહા..! સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાંઈ?

**'કારણ કે-તેને (જ્ઞાનમાત્ર આત્મવસ્તુને)...'** હવે એનો ખુલાસો આવ્યો. એક એક તત્ અને અતત્‌ની વ્યાખ્યા. ઓલા નામ આપ્યા હતા. હવે એનો ખુલાસો. આ જ્ઞાનમાત્ર ભગવાન આત્મા. જ્ઞાન છે, જ્ઞાન છે, આત્મા જ્ઞાન છે એમ કહેતા **'અંતરંગમાં ચકચકાટ...'** અંતરંગ-અંતર અંગ, અંતર આત્માનું અંગ જ્ઞાન ચકચકાટ-ચકચકાટ પ્રકાશ. એ જ્ઞાનથી ભગવાન **'ચકચકાટ પ્રકાશતા જ્ઞાનસ્વરૂપ વડે તત્પણું છે,...'** અંતરંગમાં ચકચકાટ પ્રકાશતા જ્ઞાનપણા વડે ભગવાન આત્મા તત્ છે. જ્ઞાનપણા વડે તે છે, જ્ઞાનપણા વડે તે છે.

**'અને બહાર પ્રગટ થતા,...'** જુઓ! ઓલું અંતરંગમાં લીધું, એની સામે બહાર પ્રગટ થતાં. અંતરંગમાં ભગવાન જ્ઞાનસ્વરૂપે ચકચકાટ પ્રકાશમાન તે સ્વરૂપે ભગવાન છે. અને બહાર પ્રગટ થતાં **'અનંત, જ્ઞેયપણાને પામેલા,...'** જુઓ! સમજાણું કાંઈ? ખરેખર તો રાગ, કર્મ, શરીર એ બધું બહાર છે. જ્ઞાનના પ્રકાશકમાં એ નથી, ભાઈ! આહાહા..! ભગવાન આત્મા જ્ઞાનથી અંતરંગમાં ચકચકાટ વસ્તુ છે. તે વસ્તુ બહાર-જ્ઞાનસ્વરૂપ ભગવાનની બહાર એ દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ ઉઠે છે ને એ જ્ઞાનથી બહાર જ્ઞેય છે. જેટલો લોકો વ્યવહાર કહે છે ને? આ ભગવાને કહ્યો વ્યવહાર. એ રાગ છે એ જ્ઞાન સ્વરૂપથી બહાર છે, ભિન્ન છે. એ જ્ઞેય છે. જ્ઞેયપણે તે અતત્ છે. આહાહા..!

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી અરિસો એનાથી તે છે અને જ્ઞાનથી બહાર જે જ્ઞાનસ્વરૂપમાં નથી એવો દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ અને કર્મ અને શરીર એ અનંત જ્ઞેયો છે, અનંત જ્ઞેયો છે. અનંત જ્ઞેય બહાર છે. એ અનંત જ્ઞેય બહારથી આત્મા અતત્ છે. એ વ્યવહારને લઈને આત્મા નથી, નિમિત્તને લઈને આત્મા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનજીભાઈ! આ બધી તમારે બહુ ચાલે છે એમાં. અહીં ના પાડે છે જુઓ બધી. જ્ઞેયને લઈને આમ થયું, ઢીકણાને લઈને આમ થયું, નિમિત્તનેય... અહીં તો નિમિત્તને લઈને નથી એમ કહે છે. ઓલો વ્યવહાર વ્યવહાર કરે છે ને? અહીં તો વ્યવહાર તો અતત્ છે. વ્યવહારમાં આત્મા નથી. વ્યવહારથી આત્મા નથી. જ્ઞેય તો બહાર વર્તે છે. ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ એમ દૃષ્ટિ કરતાં રાગાદિ બહાર વર્તે છે. એ અનંત જે જ્ઞેયો છે તે પણે આત્મા નથી.

ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ, એ પંચ મહાવ્રતના વિકલ્પો કે રાગ દયા, દાનના ભાવ કે પૂજા-ભક્તિના ભાવ કે કર્મ ને શરીર એ બધા જ્ઞાનથી બહાર છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન એનાથી બહાર છે. એનો એમાં અભાવ છે, બહારથી તે અતત્ છે. આહાહા..! હવે એ વ્યવહારથી આત્માને નિશ્ચય છે એમ માનનારા બહારથી આત્મા છે અને પોતાથી છે નહિ એમ થયું. નવનીતભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? પહેલો બોલ તત્-અતત્‌નો નાખ્યો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પછી સત્ અસત્ નાખશે. પહેલું જ્ઞાન અને જ્ઞેય નાખ્યું. નહિતર તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે અને પરથી નથી એ તો આવશે બીજું. પણ અહીં તો જ્ઞાન અને જ્ઞેય બે જ વાત નાખી છે. પહેલા બોલમાં.

ભગવાન જ્ઞાનસ્વરૂપ ચકચકાટ છે. જાણવા-દેખવાના સ્વભાવથી ભગવાન છે. અને એનામાં નથી અને બહારરૂપ છે એવા વ્યવહાર નામ વિકલ્પો દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ આદિના ભાવ અને કર્મ અને શરીર આદિ બધું લંગર અનંતનું, અનંત જે જ્ઞેયો જ્ઞાનમાં નથી, તે જ્ઞેયપણે આત્મા નથી. સમજાણું કાંઈ? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પર્યાયમાં નાખશે અસ્તિમાં. ભાઈ! પહેલું જ્ઞાન અને જ્ઞેયને ભિન્ન પાડી દીધું. ઓલામાં નાખશે. એની પર્યાયપણે છે, રાગાદિ અને પર્યાયપણે છે અને પરપણે નથી એમ નાખશે. અહીં તો નહિ. તેથી પહેલો બોલ આ જ્ઞાન અને જ્ઞેયનો નાખ્યો છે. આહાહા..! પહેલું આ કેમ લીધું છે એનો આ છે અર્થ. તત્ છે જ્ઞાનસ્વરૂપે, જ્ઞેયસ્વરૂપે અતત્ છે. એ રૂપે નથી. નિમિત્તપણે નથી, વ્યવહારપણે નથી એવું તો એનું સ્વરૂપ છે કહે છે. સમજાણું કાંઈ? તો એ પણે નથી અને સ્વપણે છે એવા ઉપર દૃષ્ટિ દેતા વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિ થાય છે. વ્યવહારપણે નથી અને વ્યવહાર દૃષ્ટિ રાખીને આત્માપણે છે એમ દૃષ્ટિ થાય, (એમ) ત્રણ કાળમાં બને નહિ. સમજાણું કાંઈ? ભારે ભાઈ લુખ્ખુ આ તો. લુખ્ખુ લાગે આમાં. એઈ..! પોપટભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એમ? એ તો ... બોલે છે ને. આહાહા..!

ભાઈ! ભગવાન છે ને એ. અરિસો છે ને. અરિસાની સ્વચ્છતા આદિથી અરિસો છે. પણ જે અરિસામાં જે દેખાય છે એ ચીજ છે અરિસાની છે. ઓલી ચીજથી એ નથી. અરિસામાં સામે ચીજ છે ને બીજી દેખાય છે. એમાં એ નથી. એ તો એની સ્વચ્છતાનું રૂપ છે. અરિસાનું સ્વચ્છતાનું પોતાનું સ્વરૂપ છે. અને સામી ચીજ છે એ એમાં તો નથી. બરફ અને અગ્નિ ત્યાં દેખાય એ એમાં નથી. ત્યારે એમાં દેખાય છે ને? કે એ એની અરિસાની અવસ્થામાં છે એ તો. અરિસાની અવસ્થા છે. એ અગ્નિની અને બરફની નથી. સમજાણું કાંઈ? એમ ભગવાન ચૈતન્ય અરિસો એ રાગને, પરને જાણવાની સ્વચ્છતાની પર્યાયમાં છે, ચકચકાટ પ્રકાશની પર્યાયમાં છે, પણ રાગાદિ જ્ઞેયપણે એ છે નહિ. આહાહા..! ભારે આવું ઝીણું પણ. સમજાણું કાંઈ?

જે કોઈ આ આત્માને પોતાના જ્ઞાનસ્વરૂપે છે ગંભીર ભગવાન આત્મા અને જ્ઞેયપણે નથી એમ ન માનતા જ્ઞેયપણે, રાગપણે, પર નિમિત્ત છે તો કાંઈક એની અવસ્થા થાય છે જ્ઞાનની ચકચકાટની, તો એણે પરપણે નથી એમ ન માન્યું. પરપણે પણ છું. આહાહા..!

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બરાબર છે? આહાહા..! સમજાણું? આહાર, પાણી, દેવ-ગુરુ-શાસ્ત્ર બધા તો જ્ઞાનની ચકચકાટમાં એ નથી. એ જ્ઞેયો છે. એ જ્ઞાનપ્રકાશમાં નથી. સામે ભગવાન છે કે પ્રતિમા છે એ જ્ઞેય છે. આત્મા જ્ઞાનથી પ્રકાશતો ભગવાન એ જ્ઞેય અને પોતાનું જ્ઞાન એમ પરિણમતો, ચકચકાટપણે પરિણમતા અસ્તિત્વમાં રહેતો આત્મા, એ ભગવાન જે જ્ઞેય છે તે પણે નથી. જ્ઞેયપણે તેનું જ્ઞાન નથી એમ કહેવું છે અહીં તો. જ્ઞાનપણું જ્ઞાનપણાને લઈને છે. સમજાણું કાંઈ?

આત્મા જ્ઞાનસ્વરૂપ છે એનો અર્થ કે વર્તમાનમાં જ્ઞાનની પરિણતિ જે પર્યાય છે તે જ્ઞાનપણે છે અને એ પર્યાયમાં જે રાગાદિ, પર આદિ જણાય તે પણે નથી. એને કારણે એ પર્યાય નથી. સમજાણું કાંઈ? હવે મૂળ ચીજની ખબર ન મળે અને કહે ધર્મ થાય અમારે. કહો, પોપટભાઈ! આહાહા..! પોતે જ્ઞાનપ્રકાશ પ્રભુ જ્ઞાનપણે પ્રકાશકતો ચકચકાટ અંતરંગમાં પ્રકાશતો. સમજાણું? જ્ઞાનસ્વરૂપપણે વડે છે. જ્ઞાનસ્વરૂપ વડે, જ્ઞાનસ્વરૂપ વડે તેનું પણું છે તે પણું, પણ જ્ઞાનમાં જણાવાયોગ્ય ચીજ જે છે એ જ્ઞેયપણાના સ્વરૂપ વડે તેનું જ્ઞાન નથી. જ્ઞેયપણાના સ્વરૂપ વડે તેનું જ્ઞાન નથી. કહો, આ ભાષા થાય છે ને ભાષા? કહે છે કે એ જ્ઞેય છે. અહીં જ્ઞાન ચકચકાટ આત્મામાં પરિણમે છે એ ભાષાને લઈને નહિ. કારણ કે ભાષા જ્ઞેય છે, જ્ઞેયપણે જ્ઞાન નથી થતું. જ્ઞાન જ્ઞાનપણે થાય છે, જ્ઞેયપણે થતું નથી. કહો, નવરંગભાઈ! ભારે ઝીણું આવું!

આવું તો વસ્તુનું સ્વરૂપ છે એ રીતે એને સમ્યક્તા દૃષ્ટિમાં ન આવે અને પછી (માને કે) અમે ધર્મ કરીએ છીએ. ધર્મ એટલે એકાગ્ર થઈ જઈએ છીએ. શેમાં? પણ હજી વસ્તુની તો ખબર નથી. કહો, ન્યાલભાઈ! બહુ ઝીણું આવ્યું આ તો. આહાહા..! આહાર, પાણી, કર્મ અને વાણી, ભગવાન અને ભગવાનની મૂર્તિ બધા (જ્ઞેયને) ભગવાન આત્મા જ્ઞાનપણે ચકચકાટપણે, જ્ઞાનના પ્રકાશ વડે છે, જ્ઞાનના પ્રકાશ વડે છે. એ જ્ઞેયપણા વડે નથી. તે તે કાળે પણ તે જ્ઞેયપણા વડે નથી. જેવું જ્ઞેય છે તેવું જ જ્ઞાન હોવા છતાં તે જ્ઞેયપણા વડે જ્ઞાન નથી. જ્ઞાનપણા વડે જ્ઞાન છે. સ્વરૂપચંદભાઈ! આ બધું સમજવું પડશે, હોં!

ભાઈ! વસ્તુ આમ છે. પરમેશ્વર કહે છે કે ભાઈ! વસ્તુ આમ છે ને. અનેકાંત વસ્તુ પોતે જ્ઞાનમાત્ર કહેતા સ્વયમેવ અનેકાંતપણું એમાં પ્રકાશે છે. જ્ઞાન છે એમ કહેતા જ્ઞેયપણે નથી એમાં આવી જાય છે એમ કહે છે. આહાહા..! એ જ્ઞાનપણે છે, જ્ઞાનના ચકચકાટ ભાવપણે છે, જ્ઞાનના ગુણ ને પર્યાયના પ્રકાશપણે છે એમ કહેતા જે જ્ઞેય છે તે પણે નથી એવો અનેકાંત ધર્મ એમાં સ્વયમેવ સાબિત થાય છે. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? વળી સામે ભગવાન ને મૂર્તિ, બધા કેટલા ઓલા વળી કહે કે એનાથી થાય નહિ એમ કહે છે. એક જણે કીધું, જો પોતાથી થાય. પણ ભગવાન પાસે જાય તો આપણો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શુભભાવ ખીલે ને? ત્યાં ખીલે ને? જો ત્યારે તું ત્યાં છો કે નહિ પણ એ ટાણે? તારું જ્ઞાન તે સંબંધીનું, તારું જ્ઞાન તે સંબંધીનું તારું જ્ઞાન. તારા સંબંધીનું તારું જ્ઞાન તે સંબંધીનું તારું જ્ઞાન. તેમાં તે પ્રકાશે છે કે જ્ઞેયને લઈને પ્રકાશે છે? આહાહા..! એક જણો કાલે આવ્યો હતો એ નડિયાદવાળો આવ્યો હતો. નામ સાંભળ્યું છે તમારું કે બહુ આમ છે. હવે નિવૃત્તિની અવસ્થા થઈ ગઈ. ૫૫ વર્ષ કાંઈક હશે. હવે કાંઈક કરવું હોય તો કરીએ કાંઈક. બહુ કર્યું હોય ને હવે નિવૃત્તિ કાંઈક કરીએ. છોકરા-બોકરા કરશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો કરશે તો રહે. સરખાઈ ક્યાંથી આવે? એ ન કરે બીજો કરે તો અહીં બેસે નવરો? એય..! પોપટભાઈ! એ તો બધી દોર સરખી હોય ને પછી આપણે હવે નિવૃત્ત (થઈએ). ૫૦, ૬૦-૬૦ વર્ષ થવા આવ્યા, હવે મરવાની તૈયારી. આ કાંઈ કરીએ નહિ તો જાવું છે ક્યાં? એમ. મલૂકચંદભાઈ! આહાહા..! ભાઈ! તું ક્યાં છો? ક્યાં તારે જાવું છે અને ક્યાં તારે રહેવું છે? તું તો જ્ઞાનસ્વરૂપ છો. જ્યાં જાય ત્યાં જ્ઞાનમાં જ છો, જ્યાં જાય ત્યાં જ્ઞાનમાં જ રહેલો છો. એ જ્ઞેયને લઈને ક્યાંય તું રહ્યો નથી. બરાબર છે? દવાખાનામાં બેઠો હોય તો પણ?

મુમુક્ષુ :- બેઠો છે જ કે દી દવાખાને.

ઉત્તર :- અહીં તો જ્ઞાનમાં બેઠો છે, કહે છે. જ્ઞાનપણે ચકચકાટ પ્રકાશપણે સ્વપરપ્રકાશક, સ્વપરપ્રકાશકપણે પ્રકાશે છે. એ પર એવી ચીજથી તો અસત્ છે એટલે અતત્ છે. જ્ઞેયથી જ્ઞાન અતત્ છે, જ્ઞાનથી જ્ઞાન તત્ છે. આ એક સિદ્ધાંતમાં કેટલું સમાઈ જાય છે આખું. આહાહા..! વીતરાગનું કથન. સર્વજ્ઞ પરમેશ્વરને કહેવાની રીત અલ્પમાં આખી દુનિયા સમાડી દે છે. સમજાણું કાંઈ?

તારો ભગવાન જ્ઞાનસ્વરૂપે બિરાજમાન છે. એ જ્ઞાનથી ચકચકાટ પ્રકાશતો આત્મા તે વડે પ્રકાશે છે. એ જ્ઞેય વડે પ્રકાશે છે એમ છે નહિ. આહાહા..! ભારે વાત ભાઈ! આવું બધું ક્યાં શીખવા જાય હવે. ધંધા કરવા અમારે કે આ બાયડી-છોકરાને પોષવા કે આવું સમજવું અમારે? એય..! મલૂકચંદભાઈ! ઓલા તો હેરાન કરવાના ધંધા છે બધા રાગના. આહાહા..! રાગ ને દ્વેષ.. રાગ અને દ્વેષ. જે જ્ઞાનના જ્ઞેય છે એને હું કરું છું, જે જ્ઞાનમાં નથી એને હું કરું છું એ જ આત્માને માનતો નથી. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા..! અહીં તત્-અતત્ની વ્યાખ્યા ચાલે છે આ હોં હજી. ચૌદ બોલનો પહેલો બોલ. એમાં જ્ઞાન અને જ્ઞેય. પોતાપણે છે અને પરપણે નથી એમાં ચારનો વિસ્તાર આવશે. અહીં તો અત્યારે જ્ઞાન અને જ્ઞેય. બસ, એટલી પહેલી વાત. સમજાણું કાંઈ? જ્ઞાનમાત્ર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભગવાન આત્માને '**અંતરંગમાં ચકચકાટ પ્રકાશતા...**' અંતરંગમાં-પોતામાં એમ કહે છે. અંતરંગમાં એટલે પોતામાં એમ. ઓલા બહાર છે ને ઓલા એટલે. પોતામાં ચકચકાટ પ્રકાશતા જ્ઞાનનો પ્રકાશ સ્વપરપ્રકાશકપણે પ્રગટ થતો તે વડે આત્માને, તે વડે આત્માને તે પણું છે. એ વડે આત્માને તત્પણું છે. પોતામાં જ્ઞાનનો પ્રકાશ, સ્વપરપ્રકાશ વડે આત્માને તે પણું છે. કહો, સમજાણું કાંઈ? ઓહોહો..!

'**બહાર પ્રગટ થતા,...**' બહાર ભિન્ન ભિન્ન અવસ્થાઓ દ્રવ્યની, જગતની ચીજોની. '**બહાર પ્રગટ થતા,...**' પદાર્થો ટકતા, રહેતા '**અનંત, જ્ઞેયપણાને પામેલા,...**' ભાષા જુઓ! અનંત જ્ઞેયપણાને. ઓહોહો..! ભગવાન આત્મા એ અનંત જ્ઞેયને તે સમયે પોતે પોતામાં જ્ઞાનપણે પ્રકાશતો પ્રગટ થાય છે. અનંત જ્ઞેયપણે ભગવાન અતત્ છે. અનંત જ્ઞેયથી અતત્ છે અને તે અનંત જ્ઞેયના જ્ઞાનપણે અને સ્વના જ્ઞાનપણે તે આત્મા તત્ છે. આહાહા..! કહો, મૂલચંદભાઈ! બહુ ઝીણું આવું. .. હાથમાં ન આવે. સમ્યક્જ્ઞાન હજી કરવાને નવરા નથી અને સમ્યગ્જ્ઞાન વિના વ્રત ને ચારિત્ર આવ્યા ક્યાંથી? જે વસ્તુ છે એને જાણીને એમાં ઠરવું એ જ્ઞાન અને ચારિત્ર છે. તો વસ્તુ કેવી છે હજી તો એની ખબર ન મળે અને પછી ઠરવાનું આવી ગયું એને અંદરથી. સમજાણું કાંઈ? શેમાં ઠરવું છે પણ? જે જેમાં માનશે તે તેમાં ઠરશે. જે કોઈ એમ માનશે કે શુભભાવ મારો છે, દેહની ક્રિયા મારી છે તો એમાં ઠરશે. તો મિથ્યાત્વ થઈને મિથ્યાત્વમાં ઠર્યો અને દૃઢ થાય મિથ્યાત્વ. આહાહા..!

ભગવાન આત્મા એ શુભરાગ થાય કે દેહની ક્રિયા હો, કે ભગવાન હો, એ બધા જ્ઞેય છે. જ્ઞેયપણે જ્ઞાનનું અતત્પણું છે. જ્ઞેયપણે જણાવાયોગ્ય પદાર્થપણાથી આત્માનું તો અતત્પણું છે. જાણવાના જ્ઞાનપણે આત્માનું તત્પણું છે. મહાસિદ્ધાંત મૂક્યો છે. સમજાણું કાંઈ? એનો અર્થ થયો કે જ્ઞાન જ્યાં જ્યાં પરિણમે છે સ્વપર પ્રકાશતું જ્ઞાન, એ પણા વડે તેનું તે પણું છે. પરના જ્ઞેયપણે તેનું તે પણું નથી. આહાહા..! કહો, શેઠી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આહાહા..! વસ્તુ તો આવી છે. ભાઈ! તું તારાપણે છો કે નહિ? તારાપણે તું એટલે શું કહે છે? તારાપણે તું એટલે શું? જ્ઞાનપણે તું તે તારાપણું. જાણવાના સ્વપરપ્રકાશના પ્રકાશપણા વડે તારાપણું. અને તારાપણામાં જે જ્ઞેયો જણાય છે તેથી તારાપણું જ્ઞાનનું છે એમ નહિ. એ જ્ઞેયો જે અનંત બહાર છે તેનાથી તારું અતત્પણું છે. સમજાણું કાંઈ? સમજાય છે કાંઈ આમાં?

એક જ બોલ છે આખો. ભગવાન આત્મા એને જ્ઞાનસ્વરૂપે પ્રભુએ કહ્યો. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ ચૈતન્યબિંબ છે તો કહે છે કે એ ચૈતન્યમાં દ્રવ્યપણે જ્ઞાન, ગુણપણે જ્ઞાન, અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પર્યાયપણે જ્ઞાન. એ જ્ઞાનનું સ્વપરપ્રકાશકપણાનું જે થવું તે પણે આત્મા છે. અને તે જ્ઞાનમાં પરજ્ઞેયો તે જણાય છે એમ પણ નથી, કહે છે. એ તો જાણવામાં તારી પર્યાય જ પોતા વડે જણાય છે તે છે તું. આહાહા..! અને જ્ઞાનમાં જ્ઞાન અંતરંગ વસ્તુ ભગવાન ચૈતન્ય પ્રકાશબિંબ છે. તે ચકચકાટ કરતો પ્રકાશે તે પણે તું છો અને આ પુણ્ય-પાપના વિકલ્પો, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર કે શેત્રુંજય અને પરવસ્તુ એ જ્ઞેયપણે તારું જ્ઞાન ચકચકાટ પ્રકાશે છે, ચકચકાટપણે પ્રકાશે છે એ જ્ઞેયપણે નહિ. જ્ઞેયપણાને લઈને નહિ. જ્ઞેયપણાનું તારામાં અતત્‌પણું છે. સમજાય છે કાંઈ? જો જ્ઞેયપણે પણ તું તત્‌ હો તો બધા એક થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો તે માર્ગ કેવો! આવો માર્ગ બાપુ! આ તો સર્વજ્ઞ પરમેશ્વરનો.

મુમુક્ષુ :- પરને પ્રકાશે છે?

ઉત્તર :- પરને પ્રકાશે એ ઠીક પણ પર જે આ પરજ્ઞેય છે ને એ દયા, દાનનો ભાવ એ જ્ઞેય છે, રાગ છે. એ જ્ઞાનસ્વરૂપ નથી. રાગ એ જ્ઞાનસ્વરૂપ છે? પર જ્ઞાનસ્વરૂપ છે? પર તો જ્ઞેય છે. શરીર, કર્મ બધા જ્ઞેય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર આ જ્ઞાનસ્વરૂપ છે? સ્ત્રી, કુટુંબ એ આ જ્ઞાનસ્વરૂપ છે? લક્ષ્મી આદિ આ જ્ઞાનસ્વરૂપ છે? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપે પ્રકાશતો, સ્વપરપ્રકાશના ચકચકાટ ભાવે રહેતો એ તત્‌પણે રહેતો અને રાગાદિ દયા, દાનના વિકલ્પ આદિ જ્ઞેયપણે ન થતો, એ અતત્‌પણે રહેતો, તેનાથી અતત્‌પણે રહેતો તે આત્માનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

આ વીતરાગનો માર્ગ આવો છે, બાપુ! સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનીએ જોયું અને જાણ્યું, કે ભાઈ! તું એક છો અને તારા સિવાય અનંત પદાર્થ છે. પણ તે જ્ઞેય છે તે વડે તું નથી. આહાહા..! કેટલું સમાડ્યું છે આમાં! આખું જગત. ભગવાન! તું તો જ્ઞાનસ્વરૂપે અરિસો છો ને. અને અરિસામાં સામી ચીજ જે દેખાય બરફ અને અગ્નિ સામે એ પણે અરિસો તો નથી. એ પણે અરિસો છે? એ પણે હોય તો અરિસો અરિસાપણે અને અરિસો પરપણે બે થઈ જાય. એમ છે નહિ. એમ ભગવાન આત્મા ચૈતન્ય અરિસો જ્ઞાનઅરિસો છે. આત્મા જ્ઞાનપ્રકાશમૂર્તિ અરિસો છે એમાં જ્ઞાનરૂપે ચકચકાટ પ્રગટતો તે તે પણે આત્મા છે અને તે આત્મા પુણ્ય-પાપના વિકલ્પ, શરીર, વાણી, મન, દેવ-ગુરુ-શાસ્ત્ર એ જ્ઞેયપણે આત્મા નથી. એ વડે તે રહે છે નહિ, એ વડે રહેતો નથી. એ તો પોતાના જ્ઞાનપ્રકાશપણે રહે છે. સમજાણું કાંઈ? નવનીતભાઈ! સ્વરૂપચંદભાઈ! આ બધો નિર્ણય કરવો પડશે, હોં! આ વિના ચાલે એવું નથી સુખી જો થવું હોય તો. બાકી ચાર ગતિમાં ઘોદા છે. એ પુણ્ય કરે તો પણ મરીને જાશે ચાર ગતિ દેવમાં. એ દુઃખી અંગારા છે ત્યાં. સમજાણું કાંઈ? કારણ કે પુણ્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો જ્ઞેય છે એમ કહે છે અહીં. જ્ઞેયપણે આત્મા છે એ માન્યતા તે મિથ્યાદષ્ટિની છે. સમજાણું કાંઈ? મિથ્યા અસત્યદષ્ટિ છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ ઉઠે છે તે રાગ છે, તે જ્ઞેય છે. જ્ઞેયપણે આત્મા છે એમ માનનાર આત્મા જ્ઞાનપણે છે તેમ માનતો નથી. એની દષ્ટિ વિપરીત અને મિથ્યાત્વ છે. મિથ્યાત્વ છે તે મિથ્યાત્વ ઘૂંટે છે. અસત્યને ઘૂંટે છે અને માને કે અમે કાંઈક કરીએ છીએ. એય.. પોપટભાઈ! આહાહા..!

ભગવાન આત્મા ચૈતન્ય પ્રકાશની મૂર્તિ છે. કહે છે, એ તો ચૈતન્યના પ્રકાશે ચકચકાટે છે. શું પરપણાને લઈને ચકચકાટે છે, પ્રકાશે છે અને ફેલાવ પામીને રહે છે? પરપણાને લઈને વિસ્તાર પામીને રહે છે? એ તો પોતાના જ્ઞાનની ચકચકાટપણે રહે તો પોતા વડે પોતે રહે છે. એનો અર્થ થયો કે દષ્ટિ એને દ્રવ્ય ઉપર જવી જોઈએ. સમજાણું કાંઈ? આ તો સમજાય એવું છે. ભાષા સાદી છે જરી પણ ભાવ ઝીણા છે ખરા. ભાઈ! વીતરાગનો માર્ગ બાપા આવો છે. વીતરાગે કર્યો નથી કાંઈ કોઈનો. છે એવું જાણ્યું અને એવું કહ્યું છે. બાપા! આવો છે, ભાઈ! તને લક્ષમાં લીધું નથી તેં. અનંત કાળ થયા ભાઈ! તારા તત્ત્વને તેં તારાપણે કોઈ દી લક્ષમાં લીધું નથી. પરપણે માનીને રખડી રહ્યો છે. આહાહા..!

અહીં તો ત્યાં સુધી કહે છે, આ શરીર છે, વાણી છે આ જડ છે આ તો. જડ છે આમ જ્ઞાનમાં જણાય છે આ. પણ ઈ જણાતું નથી એમ કહે છે અહીં તો. એ સંબંધી પોતાના જ્ઞાનથી પ્રકાશતો પોતે પોતા વડે ત્યાં પ્રકાશે છે. આ વડે ત્યાં જ્ઞાન થાય છે એમ એનામાં નથી કેમ કે આ વડે તો અતત્ છે. આ વાણી વડે જ્ઞાન થાય છે? ના. અતત્ છે.

મુમુક્ષુ :- ઈન્દ્રિય વડે તો થાય છે.

ઉત્તર :- ઈન્દ્રિય વડે... ઈન્દ્રિય જડ છે માટી. એ વડે તો અતત્ છે.

મુમુક્ષુ :- મન વડે?

ઉત્તર :- મન વડે, રાગ વડે, બધા વડે અતત્ છે.

મુમુક્ષુ :- બધા સાધન કાઢી નાખ્યા.

ઉત્તર :- સાધન હતા કે દી? .. સાધન ઓલામાં આવે છે. સંયમનું સાધન શરીર એને અંતર.. વ્યવહારના કથન આવે છે. પ્રવચનસાર. કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા, અહીં તો તત્ત્વની દષ્ટિમાં, સત્ય દષ્ટિમાં તો જ્ઞાનસ્વરૂપે પ્રકાશે છે પ્રભુ. કારણ કે એ તો જ્ઞાનમાત્ર ચીજ છે. ચૈતન્ય સૂર્ય છે. સૂર્ય સૂર્યપણે પ્રકાશે છે કે સૂર્ય અંધારા વડે પ્રકાશે છે? અંધારા વડે પ્રકાશે છે? ખરેખર અંધારાને પ્રકાશે છે? સૂર્ય સૂર્ય વડે પ્રકાશે છે. એમ ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ છે, પ્રકાશની મૂર્તિ પોતાના ચૈતન્યપ્રકાશ વડે પ્રકાશે છે. એ રાગાદિ, પુણ્યાદિ પરવસ્તુ જે જ્ઞેય છે તેથી તો આત્મા અતત્ છે, તે રૂપે છે નહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

માટે એ રૂપે થતો નથી અને એ રૂપે પ્રકાશતો નથી. એવો આત્મા દૃષ્ટિમાં લઈને અનુભવ કરવો એનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૧૧, શનિવાર તા. ૨૪-2-૧૯૬૮**
**પરિશિષ્ટ, પ્રવચન-૪૯૭**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છે. એ તત્‌નો બોલ ચાલે છે. ફરીને જુઓ, તત્. શું કહે છે? આ આત્મા છે એ જ્ઞાનમાત્ર છે એને આત્મા કહ્યો છે. કેમકે જે પુણ્ય-પાપના ભાવ અને શરીર, કર્મ એ બધું જ્ઞેયમાં-પરમાં જાય છે. શરીર, કર્મ, આત્મપ્રદેશે સ્થિત જે કર્મ અને શરીર આદિ એ પર છે. અને ઉપયોગ મિશ્રિતમાં જે રાગ-દ્વેષાદિ પરિણામ છે એ પણ જ્ઞાનમાત્રથી પરવસ્તુ પર છે. સમજાણું કાંઈ? એથી અહીં આત્માને જ્ઞાનમાત્ર કહેતાં વિકાર અને પરથી રહિત કીધો, પણ જ્ઞાનની સાથે રહેલા અનંત ધર્મથી ભિન્ન છે એમ નથી કહેવું. એ અનંત ધર્મ-અનેકાંત ધર્મ જ્ઞાનમાત્ર કહેતાં એમાં અનેક ધર્મ સાથે આવી જાય છે. સમજાણું કાંઈ?

કહે છે, '**જ્ઞાનમાત્ર આત્મવસ્તુને...**' જ્ઞાનમાત્ર આત્મપદાર્થ ચૈતન્યમૂર્તિ, એને '**અંતરંગમાં ચકચકાટ પ્રકાશતા...**' પોતે જ્ઞાનમાત્ર ભગવાન અનંતગુણનો પિંડ જે છે, એને જ્ઞાનના પર્યાયમાં જ્ઞાનની અવસ્થાથી ચકચકાટ પ્રકાશમાન થતાં '**જ્ઞાનસ્વરૂપ...**' '**જ્ઞાનસ્વરૂપ વડે તત્પણું છે,...**' એટલે શું કહે છે? ઝીણી વાત છે, ભાઈ! જે આત્મામાં રાગાદિ દેખાય છે, પુણ્ય-પાપનો વિકલ્પ જે દેખાય છે એ આત્માનું તત્‌પણું નથી. એનાથી આત્મા અતત્ એટલે તે પણે આત્મા નથી. સમજાય છે કાંઈ?

આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસૂર્ય એ તો પ્રકાશથી ચકચકાટમાન થતું તત્ત્વ છે, તે પણે તે તત્ છે, તે પણે તે તત્ છે. એનો અર્થ એ થયો કે એના જ્ઞાનમાં જે જ્ઞેય રાગાદિ અનંત જણાય છે એ અનંત છે એ પર. અને પર વડે જો જ્ઞાન થાય તો એ પરનું થઈ જાય. સમજાય છે કાંઈ? રાગ, પુણ્ય-પાપનો ભાવ અને કર્મ શરીર આદિ એનાથી જો આ જ્ઞાન હોય તો જ્ઞાન તત્‌રૂપે ન રહે, પરનું થઈ જાય. ઝીણી વાત છે, ભાઈ! વીતરાગનું અનેકાંત તત્ત્વ અમૃત છે. આ અનેકાંત બેસે તેને અમૃતનું પરિણમન થાય. જુઓ! ચંદુભાઈ! સવારનું જરી આવે છે. સ્વરૂપાચરણ આવે છે આમાં, ભાઈ! સવારે કાઢ્યું હતું રસ્તામાં.

ભાઈ! આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ કહેતાં, એ રાગ ને પુણ્ય-પાપ ને કર્મ જે અનંત છે એ અનંતને જાણવાની અવસ્થામાં પ્રકાશરૂપ અનંતપણું પ્રકાશે છે. જ્ઞાનની વર્તમાન અવસ્થામાં અનંતપણું પ્રકાશે છે. એ અનંતપણે પ્રકાશતો આત્મા જ્ઞાનમાં અનંતપણું પ્રકાશે છે એમ અનંતા ગુણોની સમય-સમયની પર્યાયમાં સમય-સમય વિકાસ થતો એ જ્ઞાનની સાથે શ્રદ્ધા, શાંતિ,

શાંતિ એટલે સ્થિરતા અંશ, આનંદ વિગેરેથી પ્રગટ થતું તત્ત્વ તેને અહીં તત્પણે પ્રકાશતું કહેવામાં આવે છે.

શું કહ્યું? ફરીને. કોઈ એમ કહે કે ભાઈ! વસ્તુના સ્વરૂપનું ભાન થયું પણ એમાં સ્વરૂપ આચરણની સ્થિરતા ન થઈ. સમજાય છે કાંઈ? સ્વરૂપનું આચરણ ન આવ્યું. આચરણ તો રાગનું રાગનું રહ્યું. અહીં તો કહે છે કે જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, ભાઈ! શાંતિથી સમજવા જેવી વાત છે, એકદમ ઉભડકપણે બેસે એવી વાત નથી. વસ્તુ ચૈતન્ય ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે એમ ફરમાવ્યું કે આત્મા જ્ઞાનમાત્ર છે-એમ કહેતાં જ્ઞાનની સાથે અનેક ધર્મોનો વિરોધ નથી આવતો. અનેક ધર્મ છે એમ જ સિદ્ધ થાય છે. તેથી જ્ઞાનમાત્ર છે એમ રાગને જ્ઞેયથી ભિન્ન પાડતા, રાગને, પુણ્ય-પાપના વિકલ્પને, શરીરને જે જ્ઞેયો છે એનાથી ભિન્ન પાડતાં જ્ઞાનમાત્રનું પરિણમન થતાં તેમાં શ્રદ્ધા, શાંતિ આદિનું પરિણમન સાથે થાય છે. એને અહીંયાં જ્ઞાનનો ચકચકાટ પ્રકાશમાન પર્યાય કહેવામાં આવે છે. આહાહા..! નવનીતભાઈ! એય..! મૂળચંદભાઈ! આવો માર્ગ છે. હજી માર્ગ સમજે નહિ અને થઈ ગયા ધર્મ.

જેનાથી ભેદ પાડવો છે કે જેનું એ જ્ઞાન નથી, જેનું એ જ્ઞાન નથી, એથી એટલે શું? કે પુણ્ય-પાપના વિકલ્પ જે રાગ છે એનું એ જ્ઞાન નથી. તેમ શરીર, વાણી, મન આમ એક પ્રદેશે સ્થિત છે એનું જ્ઞાન નથી. એમ જ્ઞાનના ઉપયોગમાં રાગ અને પુણ્ય-પાપના વિકલ્પ છે તેનો એ ઉપયોગ નથી. જ્ઞાન એનું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા ચૈતન્યનો પ્રકાશ. જ્ઞાન એટલે લોકો એમ સમજે કે આ જ્ઞાન એટલે આ શું? ઓલી ચીજ છે એ જ્ઞાનસ્વરૂપ છે એમ નથી આવતું એને. આ જ્ઞાન કાંઈક ભણવું કે વાંચવું એને જ્ઞાન સમજે, પણ જ્ઞાન એટલે ચૈતન્ય તે જ્ઞાનની મૂર્તિ છે. ચૈતન્યપ્રકાશનો પુંજ તે આત્મા છે. આત્મા એટલે શું? આત્મા એટલે શું? આત્મા એટલે જેમાં જ્ઞાન, દર્શન, આનંદના સ્વભાવનો સમૂહ-પિંડ તે આત્મા. એટલે અહીં જ્ઞાનમાત્ર કહેતાં એકાંત નથી આવતું એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અનેકાંતપણું એમાં આવે છે. એટલે કે જ્ઞાનમાત્ર કહેતાં ભગવાનઆત્મા જ્ઞાનમાં જે જ્ઞેય છે-પુણ્ય, પાપ, દયા, દાન, વિકલ્પ, શરીરક્રિયા આદિ બધું જ્ઞેય છે, આત્માનું કર્તવ્ય નથી, આત્માના પર્યાયમાં એનું અસ્તિત્વ નથી, આત્મા તેને ભોગવે તેવું એમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

એથી ભગવાનઆત્મા જ્ઞાનમાત્ર પ્રકાશતાં તે જ્ઞેયની અનંતતાને પોતાના સ્વભાવના અસ્તિત્વમાં તે સંબંધીના પોતાના જ્ઞાનને પ્રકાશે છે. એ કાળે તેના જ્ઞાન સાથે સમ્યગ્દર્શનની પર્યાય પ્રકાશે છે. કેમકે જ્ઞાનના ગુણ સાથે શ્રદ્ધા વણાયેલી છે. આત્મામાં જ્ઞાનગુણ સાથે શ્રદ્ધા નામનો ગુણ વણાયેલો છે. એમ આત્મામાં જ્ઞાન સાથે આનંદ વણાયેલો છે. વણાયેલો

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એટલે? વણ્યો હશે ભેગો?-સાથે છે. જ્યાં જ્ઞાન છે ત્યાં આનંદ છે, ત્યાં શાંતિ-શાંતિ એટલે ચારિત્ર-વીતરાગતા (છે), ત્યાં અસ્તિત્વ છે, સ્વચ્છતા છે, પ્રભુતા છે. એથી તેને જ્ઞાનમાત્ર કહેતાં એક જ ધર્મ કહેવો છે એમ નથી અને એકાંત થઈ જાય છે એમ નથી.

ભગવાનઆત્મા... પરમેશ્વરે જ્યારે એમ આગમમાં વર્ણવ્યું કે આત્મા જ્ઞાનમાત્ર છે. સમજાણું કાંઈ? તો એમાં એમ વર્ણવ્યું કે આત્મા પુણ્ય-પાપના રાગ અને પરના જ્ઞેયથી ભિન્ન છે એમ વર્ણવ્યું છે. સમજાણું કાંઈ? એવો જે ભગવાનઆત્મા પુણ્ય-પાપના રાગના જ્ઞાનવાળો અને પરવસ્તુના જ્ઞાનવાળો એમ પણ નહિ. એ તો જ્ઞાનસ્વરૂપ જ છે. સ્વપરપ્રકાશની મૂર્તિ પ્રભુ છે. એવા જ્ઞાન ઉપર દૃષ્ટિ આપતા એટલે દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતા રાગ અને પુણ્યનું જ્ઞાન નથી, જ્ઞાન આત્માનું છે. એ આત્મા ઉપર દૃષ્ટિ આપતા અનંતા ગુણો જ્ઞાનની સાથે પરિણમે છે. શ્રદ્ધાની પર્યાય, શાંતિની એટલે સ્વરૂપાચરણની પર્યાય, આનંદની પર્યાય એ બધું તત્‌પણે પરિણમે છે. તેને તત્‌પણે આત્મા કહેવામાં આવ્યો છે. આહાહા..!

એવો માર્ગ કે જગતને સાંભળવા મળે નહિ કે દિ' અંદર બેસે? આમ વિશ્વાસ અંદર (ક્યારે આવે કે), આ ચીજ... આ ચીજ... આ ચીજ (છે). સમજાણું કાંઈ? ભગવાનનો ઉપદેશ, સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથનો ઉપદેશ તો એ છે કે સ્વ અને પર બે જુદાં છે. સ્વ છે એ પોતે તત્‌પણે છે અને પરથી તે અતત્‌પણે છે. એવો ભગવાનનો ઉપદેશ છે. પરમેશ્વર કેવળજ્ઞાની તીર્થંકરનો. હવે એ ઉપદેશમાં એને જ્ઞેયથી જ્ઞાન ભિન્ન છે અને જ્ઞેયનું જ્ઞાન નથી, જ્ઞાનનું જ્ઞાન છે એમાં અનંતા ગુણનું પરિણમન જે છે તે પણે આત્માનું અસ્તિત્વ છે. એમાં દર્શન, શ્રદ્ધા, શાંતિ, સ્થિરતા સ્વરૂપાચરણ બધું આવી જાય છે. અનંતા ગુણોનું પરિણમન રાગથી ભિન્નપણે, વિકલ્પથી ભિન્નપણે, શરીર કર્મથી ભિન્નપણે, સ્વરૂપના અભિન્નપણે પર્યાય અનંતી પરિણમી જાય છે. આહાહા..! એય..! પોપટભાઈ! આ બધું સમજવું પડશે, હોં. બહારમાં વળે એવું નથી, હોં! બહારમાં કાંઈ ધૂળેય તે. પૈસા મેં દીધા એમ માનનાર પૈસા દે છે એને પોતાના માને છે તે મૂઢ છે, કહે છે કે એનાથી ભિન્ન જ્ઞાન (છે). ભિન્ન જ્ઞાન દેવા-લેવાની ક્રિયા કરે તો એને એક માન્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે! કહો, ભગવાનજીભાઈ! ભારે વાત, ભાઈ!

આત્મા એને કહીએ કે ચૈતન્યનું પૂર નૂર એ પ્રકાશનો પુંજ પ્રભુ છે. તો એની સાથે અનંતા ગુણો છે. તો કહે છે કે રાગ આદિ અનંત પરવસ્તુ છે. એ અનંત પરને પોતાની પર્યાયમાં પી જાય છે ઈ. અજ્ઞાની એમ માને છે કે રાગ અને આ છે... એ દાખલો આપ્યો છે ને? ભાઈ! ઓલામાં નહિ? ઘટનું જ્ઞાન એમાં આપ્યો છે ને? ઘટ-ઘડો છે તો જ્ઞાન છે, તો એનું જ્ઞાન ઘટ પી ગયું. અર્થમાં છે. ઓલું આવશે ત્યારે. શ્લોક આવશે ત્યારે. એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આનો શ્લોક છે. એટલે શું કહે છે?

આમ વસ્તુ પોતે જ્ઞાનપુંજ પ્રભુ છે. એ જ્ઞાન કોઈ કહે કે આ લાકડું દેખાય એ એનું જ્ઞાન છે. કારણ કે એ વખતે આ કેમ જણાયું? આ જણાય... આ જણાય... આ શીશપેન જાણી, લ્યો. આ વખતે શીશપેન કેમ જણાણી? કે એ શીશપેનનું જ્ઞાન છે. શીશપેન હતી તો જ્ઞાન એનું છે એમ માનનારા જ્ઞેયનું જ્ઞાન માનનારા, જ્ઞાનનું જ્ઞાન નહિ માનનારા મૂઢ બેને એક કરીને માને છે. સમજાણું કાંઈ? મેળ એવો ખાય. લ્યો, સામું જેવી ચીજ હોય એવું અહીં જ્ઞાન થાય. પણ જ્ઞાન તે સમ્યક્ હોય તો એવું થાય કે જ્ઞાન વિપરીત થાય? એથી જાણે જ્ઞેયને લઈને જ્ઞાન થયું, લોકાલોક છે માટે અહીં જ્ઞાન થયું? સમજાણું કાંઈ? લોકાલોક તો જ્ઞેય છે. એક ભગવાનઆત્મા બધા માયલો એક જ આત્મા જ્ઞાયક છે એકલો. જે જ્ઞાયકની દશા અનંત જ્ઞેયને જાણવાની એક સમયની અવસ્થાની તાકાત છે. એવું જ્ઞાન તે તત્પણે છે અને લોક, અલોકાદિ રાગાદિપણે તે છે નહિ-એવું જે અંતરમાં ભાન થઈને પરિણમન થાય એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને ધર્મ કહે છે. એય..! નવરંગભાઈ! બહુ આકરી વાતું પણ. આહાહા..!

તત્ત્વને કહેવાની રીતમાં (સ્યાદ્વાદનાં) ચૌદ(બોલ)માં એટલી ઉતારી નાખી છે. બહુ ટૂંકામાં મોટી ગાગરમાં સાગર ભરી દીધો છે. આ વસ્તુ છે ને? ભાઈ! તને તારો છે તેમ તને માનવું હોય તો તું તો જ્ઞાનસ્વરૂપ છો અને જ્ઞેયસ્વરૂપ સંબંધીનું જ્ઞાન એ પણ જ્ઞેયનું નહિ. તારું જ પોતાનું જ્ઞાન તે સ્વપરને પ્રકાશતું પ્રગટ થાય છે એ તું છો. બાકી રાગાદિ તું નહિ. એનાથી ભિન્ન પડેલું જ્ઞાન તે તારું છે. એમ અંતર અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? તો આમાં સ્વરૂપ આચરણ આવી ગયું કે નહિ?

મુમુક્ષુ :- જ્ઞાનમાત્રમાં આવી ગયું.

ઉત્તર :- જ્ઞાનમાત્ર કહે છે ને પ્રભુ! અનંત ધર્મ સિદ્ધ કરે છે એમાં. એક જ જ્ઞાન ક્યાં સિદ્ધ કરે છે? એક જ જ્ઞાન સિદ્ધ કરે તો તો એકાંત થઈ જશે. એકાંત તો નથી. અમે જ્ઞાનમાત્ર કહેતાં જ અમે કહીએ છીએ, સ્વયેમવ અનેકાંતપણું સિદ્ધ થાય છે. એ જ્ઞાન કહેતાં જ એમાં અનેક ધર્મો, અનેક સ્વભાવ સાથે સિદ્ધ થાય છે. રાગના અને પરના ધર્મ સાથે નહિ, પણ પોતાના સાથે અનંતધર્મ અવિનાભાવી છે એનાથી પ્રસિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? વાત પણ આવી સાંભળી ન હોય ને. શું લાગે આ? શું છે આ? ભાઈ!

જુઓ! તને પરવસ્તુને દેખીને કોઈ વિકલ્પ ઊઠ્યો. આહ્‌લાદનો. ઠીક છે આમાં મને. સુખ વિકલ્પ. સમજાય છે? આ મજા છે. ભાઈ! એ વિકલ્પની જે મજા તને ભાસે છે,

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ભાઈ! એ વિકલ્પ તો જ્ઞેય છે. એ તારી ચીજ નથી. અને તેં મારી માનીને તેં વિકલ્પની મજા માની એનું નામ જ્ઞાનનું અજ્ઞાન છે, એનું નામ જ્ઞાનનું મિથ્યાત્વ છે, એનું નામ જ્ઞાનની અસ્થિરતાની દશા છે. સમજાણું કાંઈ? આહાહા..! પરચીજ અને પરચીજના લક્ષે થયેલો વિકલ્પ, એનું જ્ઞાન નથી, જ્ઞાન જ્ઞાનનું છે. એમ કહેવું છે ને તત્? આહાહા..!

અસ્તિપણે જ્ઞાનનું અસ્તિત્વ... અહીં જ્ઞાન અને જ્ઞેય સંબંધની વાત છે. ઓલા અસ્તિપણું દ્રવ્ય-ક્ષેત્રપણે જ્ઞાનનું અસ્તિત્વ. એ જ્ઞાનનું હોવાપણું જ્ઞેયને લઈને નથી. જો જ્ઞેયને લઈને જ્ઞાન હોય તો જ્ઞેય જ જ્ઞાન પી ગયું. પણ આ તો જ્ઞાન જ્ઞેયના સંબંધીનું જ્ઞાન પોતે પી જાય છે. આરે..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા જેમ અરીસાની અંદર જે ચીજ દેખાય છે એ અરીસાની સ્વચ્છતા છે, ચીજ નહિ, ચીજ તો ભિન્ન રહી ગઈ; એમ ચૈતન્ય જ્ઞાન અરીસો એમાં જે પરપ્રકાશપણું જે અંદર જણાય એ પ્રકાશપણું સ્વનું પોતાનું છે, એ જ્ઞેયનું નથી. એ જ્ઞેયનું માનતાં જ્ઞાન(ને) આખું ગળી જાય છે જ્ઞેય અને આખા પોતાનો અભાવ થઈ જાય છે. એનું નામ નાસ્તિક છે. એ આત્માને માનતો નથી. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા જ્ઞાનના તેજનું તેજ પડેલો પ્રભુ છે. કહે છે કે તે આત્મા તે પણે છે. એટલે? તે પણે છે એટલે? કે રાગ ને પુણ્ય ને શરીરની ક્રિયા થાય તે પણે નહિ અને તેનું જ્ઞાન નહિ, તે પણે નહિ અને તેનું જ્ઞાન નહિ, જ્ઞાનનું જ્ઞાન છે. આહાહા..! અને જ્ઞાનનું જ્ઞાન અનુભવતાં એમાં શ્રદ્ધા, સ્થિરતા, આનંદ આદિ એ બધા જ્ઞાનમાત્રમાં અનેક ધર્મો સાથે આવી જાય છે. આ એને તત્પણું કહેવામાં આવે છે. તે આત્માનું અસ્તિત્વ તત્ છે. ..ભાઈ! આહાહા..! કહો, સમજાય છે આમાં મૂળચંદભાઈ! હવે આ જ્યાં સમજણના ઠેકાણા ન મળે અને કહે અમે ધર્મ કરીએ છીએ. શેના ધર્મ? આહાહા..!

દયાનો ભાવ આવ્યો એ રાગ છે એનું જ્ઞાન છે એમ પણ નહિ, રાગ તો એનો નહિ પણ રાગનું જ્ઞાન એનું નહિ. આહાહા..! અહીં તો એ રાગની ક્રિયા એ મારી અને એ મારો ધર્મ. અધર્મ છે. આત્માનો ઘાત કરે છે. આત્મા હણાવાયોગ્ય થઈ જાય છે અને એ હણનાર છે. વધ્ય-ઘાતક. વધ્ય-ઘાતક આવે છે ને? બે ઠેકાણે આવે છે. ૭૨માં અને એક ઓલામાં પ્રવચનસારમાં પાછળ નહિ? વધ્ય-ઘાતક. મોક્ષમાર્ગનું શરૂ કર્યું ને ૩૨ ગાથાથી.

મોહ અને રાગ-દ્વેષના પરિણામ તે ભિન્ન છે અને ભગવાન તેનો જાણનાર ભિન્ન છે. જાણનારને ભિન્નપણે તે તત્પણે તેને ન જાણે અને અતત્ છે એને પોતાપણે જાણે તો તો એ હણનાર છે અને આત્મા હણાઈ જાય છે, હિંસા થઈ જાય છે એમાં. સમજાણું કાંઈ? આત્માની હિંસા થઈ જાય છે. આત્માનું જીવન ચૈતન્યપણે સ્વતઃ સત્ જીવન છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તે રહેતું નથી. આહાહા..! આવી હિંસા કેવી? એય..! શેઠી! આવો માર્ગ છે. આહાહા..!

ભાઈ! તારી હયાતી, તારું હોવાપણું તો જ્ઞાનસ્વરૂપના હોવાપણે તારું હોવાપણું છે. એથી અનંત જ્ઞાનમાં જે અનંત પરચીજો જણાય એ પણે હોવાપણું તારું નહિ. એવું ભેદજ્ઞાન થયા વિના જ્ઞાન જ્ઞાનપણે છે અને જ્ઞાન રાગ અને વ્યવહારપણે નથી, એમ એને પ્રતીતમાં નહિ આવે; અને જ્ઞાન જ્ઞાનપણે છે એમ માનતા, અનુભવતા જ્ઞાનની શાંતિનું વેદન, જ્ઞાનના આનંદનું સાથે વેદન, જ્ઞાનની પ્રભુતાનું વેદન, પરમેશ્વર પોતે છે એની પ્રભુતાના અંશનું વેદન ભેગું આવી જાય છે. એકલું જ્ઞાન આવે એવું એકાંત થાતું નથી. અનેકાંત ધર્મ સાથે અનુભવાય છે. કહો, રતિભાઈ! ભારે વાતું ભાઈ આવી. આવો ધર્મ કઈ જાતનો? આ તો પૂજા કરવાનું કહે, દયા પાળવાનું કહે, વ્રત પાળવાનું કહે, અપવાસ કરવાનું કહે. હવે સાંભળને, તારા વ્રત અને અપવાસ ક્યાં હતા? એય..! ...ભાઈ! આહાહા..!

ભગવાન પરમેશ્વર તો એમ કહે છે... સમજાણું? કે તું ભગવાન તત્ સ્વરૂપે છો. એમ ન માનતાં રાગથી અને પુણ્યથી મને લાભ થાય છે, એમ માનનારા પુણ્ય અને રાગથી મારું... એમ માનનારા અતત્ ને પરપણે છે, નથી એને (સ્વ)પણે માને છે. મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વને ઘૂંટે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ પરીક્ષા ઝીણી છે, શેઠી! ઓલા હીરા માણેક જેવી નથી. આહાહા..! ચૈતન્ય હીરો જેમાં અનંત... શું કહેવાય તમારા? પાસા. પાસા-પાસા હોય ને આમ.

મુમુક્ષુ :- પહેલુ.

ઉત્તર :- પહેલુ. એમ ભગવાનઆત્મામાં અનંત પહેલુ ગુણના છે. અનંત ગુણના પહેલુ છે. એક પણ ગુણનો પહેલુ કાઢી નાખે તો તત્ત્વ સિદ્ધ થશે નહિ, હીરો સિદ્ધ નહિ થાય. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે '**તેને (જ્ઞાનમાત્ર આત્મવસ્તુને) અંતરંગમાં ચકચકાટ પ્રકાશતા...**' અંતરંગ. જોયું! પોતાનું અંગ છે એ બધા. એનાથી પ્રકાશતા અવયવો '**જ્ઞાનસ્વરૂપ વડે...**' તે પણે તત્ છે. જ્ઞાનની પર્યાયપણે, આનંદની અવસ્થાપણે, સ્વરૂપની સ્થિરતાપણે, એ આત્મા પોતાપણે તે તત્ છે. તત્પણું ભાન થતાં જ પોતામાં સ્વરૂપનું આચરણ અને શાંતિ અને આનંદ બધું આવી જાય છે. એકલું જ્ઞાન આવતું નથી. એકલું જ્ઞાન હોય તો એકાંત થઈ જાય છે એમ કહે છે. આહાહા..! એકલું જ્ઞાન રહે તો એકાંત થઈ જાય છે. એકાંત જ્ઞાનમાત્ર કહેવા છતાં એકલું નથી કહ્યું, એમ કહે છે. સમજાણું કાંઈ? એકલું જાણપણું થાય. જાણપણું એકલું, તો આત્મા વસ્તુ એવી છે નહિ. એ જ્ઞાનની સાથે આનંદની સાથે સ્થિરતાની સાથે સ્વચ્છતાની સાથે પ્રભુતા એવી પર્યાયપણે પરિણમવું તે તત્પણે આત્મા છે. હજી તો આ સમ્યગ્દર્શનની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વ્યાખ્યા ચાલે છે. આહાહા..!

'**બહાર પ્રગટ થતા, અનંત જ્ઞેયપણાને પામેલા,...**' જુઓ! બહાર પ્રગટ થતાં એટલે આત્માની પર્યાયમાં નહિ. '**બહાર પ્રગટ થતા,...**' દયા, દાન, વ્રતના વિકલ્પો અને શરીરની ક્રિયા એ બધા બહાર પ્રગટ થતાં જ્ઞાનના દ્રવ્યમાં નહિ, જ્ઞાનના ગુણમાં નહિ, જ્ઞાનની અવસ્થામાં નહિ. આહાહા..! '**બહાર પ્રગટ થતા, અનંત, જ્ઞેયપણાને પામેલા...**' એ અનંત જ્ઞેયપણાને પામેલા છે. પુણ્ય-પાપના વિકલ્પ, વ્યવહાર રત્નત્રય આદિ જે કહો, એ બધું જ્ઞેયપણાને પામેલી ચીજ છે, જ્ઞાનપણાને પામેલી ચીજ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ-શાશ્વત જ્ઞાન અને આનંદનું જ્યાં પરિણમન થાય, ત્યારે કહે છે કે તે જ્ઞેયપણે પામેલાપણે થતો જ નથી. જ્ઞેયપણે પામેલાપણે થતો નથી. એ તો જ્ઞાનપણે પામેલાપણે થાય છે. સાધારણ માણસને તો ભાઈ, અમે ધર્મ સાંભળવા આવ્યા, ધર્મ કહો, ધર્મ. આ વળી કઈ જાતનો ધર્મ હશે? આ તે કોઈ ધર્મ હશે? બહુ જાણે... જાણે.. જાણે... એવો ધર્મ હશે? બહુ જાણપણું કરે એવો ધર્મ હશે આ. એ નહિ. જાણપણું તારું સ્વરૂપ જ છે. સમજાણું કાંઈ?

જ્ઞાન-ભગવાનઆત્મા પરને જાણતા છતાં પરરૂપે થયો નથી, પરને ખરેખર જાણતો નથી. પોતાના જ્ઞાનરૂપે, શ્રદ્ધારૂપે, શાંતિરૂપે, સ્થિરતારૂપે, શાંતિ એટલે સ્થિરતા, આનંદરૂપે, સ્વચ્છતારૂપે થતો તે જ્ઞાનપણે પ્રકાશે છે. બહાર પ્રગટપણાને પામેલા જ્ઞેયો તે પણે અતત્ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા વ્યવહારના દયા, દાનના વિકલ્પપણે પરિણમવું એ એનું સ્વરૂપ જ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બહાર પ્રગટ થતાં.

ઉત્તર :- બહાર પ્રગટ થતાં. નવરંગભાઈ! ભારે કઠણ. આવો ધર્મ ક્યાંથી કાઢ્યો? ધર્મ આવો છે. કાઢે ક્યાંથી? આહાહા..! ભાઈ! તને ખબર નથી. ચૈતન્ય પ્રભુ છે, લોકાલોકનો જાણનાર છે, લોકાલોકનો જાણનાર છે. આવ્યું છે ને એમાં, નહિ? પરાત્મજ્ઞાન અને પરમાત્મજ્ઞાન. ૩૩. સમજાય છે? ૩૨ પછી.

ભગવાનઆત્મા પરાત્મજ્ઞાન વિનાનો એટલે પર અને આત્મા બે ભિન્ન છે એનું જ્યાં ભાન નથી, તે તો પરમાં પોતાનું ઈષ્ટપણું અને એકપણું માનીને બેઠો છે. એને તત્પણાનું ભાન નથી. અને ભગવાનઆત્મા લોકાલોકને જાણનારું પરમજ્ઞાનસ્વરૂપ જ છે. એમ આગમના ઉપદેશમાં એમ આવ્યું છે. ભગવાનનો ઉપદેશ એમ છે કે તું તો લોકાલોકનો જાણનાર ચૈતન્ય તત્ત્વબિંબ તારું છે. લોકાલોકનો કોઈપણ અંશ અને અવયવ તારો નથી અને તારે કારણે એ નથી. તું તો લોકાલોકને જાણનાર જ્ઞાયક પરમ જ્ઞાનસ્વરૂપ આત્મા છો-એમ આગમનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉપદેશ એમ આવ્યો છે. એમ આવતાં એ જ્ઞેય અલ્પજ્ઞાન પણ રહ્યું નહિ અને રાગ પણ નહિ. એ સર્વજ્ઞ અને વીતરાગ થયાં એ અલ્પજ્ઞાન અને રાગનો અભાવ થઈને થયાં એનો ઉપદેશ એવો આવ્યો કે તું સવર્જ્ઞ સ્વભાવી આત્મા. ત્રણ કાળ, ત્રણ લોકને જાણનારો તું છો. એમ જ્યાં થાય છે ત્યાં અલ્પજ્ઞપણું પોતાનું નહિ અને રાગ પણ પોતાનો નહિ. સર્વજ્ઞપણું પોતાનું અને પૂર્ણ વીતરાગતા એ પોતાની થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે, '**બહાર પ્રગટ થતા, અનંત જ્ઞેયપણાને પામેલા, સ્વરૂપથી ભિન્ન...**' સ્વરૂપથી ભિન્ન. પોતાના સ્વરૂપથી જુદાં '**એવા પર રૂપ વડે અતત્પણું છે...**' પર વડે તો નહિ હોવાપણે છે. પર વડે નહિ હોવાપણે છે. રાગના, દયા-દાનના વિકલ્પ, તપના અપવાસનો વિકલ્પ ઊઠે છે એ પણે નહિ હોવાપણે આત્મા છે. એને ઠેકાણે એ પણે હું છું અને મને ધર્મ થાય છે (એમ માને છે તે) મિથ્યાદષ્ટિ મિથ્યાત્વને પોષે છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞેયનિષ્ઠ કહ્યું છે ને ભાઈ! ત્યાં નહિ? જ્ઞેયનિષ્ઠ છે, જ્ઞાનનિષ્ઠ નથી. એમાં છે-રાગમાં. એમાં એકપણું માનીને બેઠો છે. રાગ દયા, દાન... એને સૂક્ષ્મતાના રાગમાં છું એની એને ખબર નથી. હું ત્યાં રાગમાં છું એવું એણે માન્યું છે, પણ રાગનો વિકલ્પ એ તો પરજ્ઞેય છે, તે પણે આત્મા છે નહિ. નથી તેને પોતાપણે જ્ઞેય થઈને માને છે, બસ! એ જ આત્માની હિંસા અને આત્માનું ખૂન છે, એ આત્માને માનતો નથી. આહાહા..! કહો, સમજાણું આમાં? ઝીણું ઝીણું કહેવું અને વળી સમજાય છે એમ કહેવું પાછું!

અરે..! ભગવાન! બાપુ! તું ઝીણો છો, ભાઈ! ઝીણો કેટલો? કે તારા પુણ્યના પરિણામને પણ ભગવાને સ્થૂળ કીધા. પંચ મહાવ્રતના પરિણામ છે તેને ભગવાને સ્થૂળ કહ્યાં છે અને તે જ્ઞેય કહ્યાં છે. તું સૂક્ષ્મ છો અને જ્ઞાન છો. આહાહા..! સમજાણું કાંઈ? એને સ્થૂળપણે માનવો આત્માને એવા રાગવાળો કે રાગથી લાભવાળો.. સમજાણું કાંઈ? એ મિથ્યાશ્રદ્ધાને ઘૂંટે છે. આહાહા..! ભલે બાહ્યથી નગ્નપણું હોય, અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય પણ એ પાળે છે એ રાગને પાળે છે, વિકારને પાળે છે, આત્માને ખોઈ બેઠો છે. સ્વરૂપચંદભાઈ! આવો માર્ગ છે વીતરાગનો.

મુમુક્ષુ :- એવો જ હોય ને બીજો કેવો હોય.

ઉત્તર :- ઠીક, આવ્યા છે. ઝીણી વાતું છે આ.

કહે છે કે બહાર પ્રગટ તો એ નથી. અતત્પણું છે. ઓહોહો..! જ્ઞેય અને જ્ઞાન તદ્દન ભિન્ન છે. અનંતને જાણવાની તાકાત એક સમયમાં પોતાના પર્યાયના ચકચકાટને કારણે છે એમ કહે છે, લોકાલોકને કારણે નહિ. ત્યાં ઓલું આવે છે ને? જયધવલમાં નથી આવતું? .. એ તો છે અર્થની અપેક્ષા. એ નાખે બધો વ્યવહાર. એ નાખે. આવ્યું છે આમાં કે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અસહાય ખરું કેવળજ્ઞાન પણ અર્થની અપેક્ષા તો ખરી. એ તો ફક્ત જ્ઞેયજ્ઞાયક સંબંધ બતાવે છે, વ્યવહાર. એટલી સહાય તો ખરી, એટલી અપેક્ષા તો ખરી. હવે એ અપેક્ષા નથી, એ તો વ્યવહારથી વાત કરી સાંભળને તને. આહાહા..! આવે છે જયધવલમાં. અર્થ અપેક્ષા. જ્ઞેયની તો અપેક્ષા છે ને. કારણ કે જ્ઞેય છે એ જાણે છે ને. એટલે એને જ્ઞેયની નિમિત્તતા તો થઈને. નિમિત્તતા. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા વાત કરી છે. ખરેખર વસ્તુના પરિણમનમાં જ્ઞેયની અપેક્ષા બિલકુલ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ લોકાલોક છે માટે કેવળજ્ઞાન પરિણમ્યું છે તો લોકાલોકનું જ્ઞાન થઈ જાય છે, જ્ઞાન જ્ઞાનનું રહેતું નથી. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! લ્યો. એક બોલ થયો. આમ બે થયા. તત્ અને અતત્. ચૌદ માયલા બે થયા. હવે ત્રીજો.

**'સહભૂત (-સાથે) પ્રવર્તતા...'** એ આવ્યું ને? **'સહભૂત (-સાથે) પ્રવર્તતા અને...'** સાથે પ્રવર્તતા. એ શબ્દ છે પહેલો. એટલે શું કહે છે? કે આત્મા જે વસ્તુ છે એમાં જ્ઞાન, દર્શન, આનંદ એ સાથે પ્રવર્તે છે. એટલે જ્ઞાન પહેલું હોય અને દર્શન પછી હોય એમ નથી. ગુણો એક સાથે વર્તે છે. ગુણો એક સાથે વર્તે છે. સહવર્તી. વસ્તુ છે વસ્તુ આત્મા. તો વસ્તુના ગુણો જે છે એ બધા અનંત ગુણો એમ સાથે વર્તે છે. જ્ઞાન છે ત્યાં દર્શન છે ત્યાં આનંદ છે ત્યાં અસ્તિત્વ, વસ્તુત્વ એક સાથે વર્તે છે. **'સહભૂત (-સાથે) પ્રવર્તતા...'** સાથે ગુણો આત્મામાં એક સમયમાં અનંતા સાથે રહેતા. એટલો અર્થ પહેલો.

**'અને ક્રમે પ્રવર્તતા...'** અને આત્મામાં જ્ઞાનાનાદિ નિર્મળ પર્યાયો ક્રમે પ્રવર્તે એની અહીં લેવી છે વાત, હોં! ઓલી રાગાદિની અહીં વાત નથી. જ્ઞાનમાત્રની વાત લેવી છે, જ્ઞાનમાત્રની. જ્ઞાન અને આનંદ આદિ જે ગુણો અનંત છે, એની ક્રમે પ્રવર્તતા... છે ને? **'ક્રમે પ્રવર્તતા...'** શું ક્રમે પ્રવર્તતા? કે વસ્તુ ભગવાનઆત્મા છે એમાં જ્ઞાન, દર્શન, આનંદ એક સાથે વર્તે છે, જેમ સાકરમાં મીઠાશ, સફેદાઈ, સુંવાળપ એક સાથે વર્તે છે; અને પછી એની મીઠાશની ઓછી-વત્તી આદિ જે દશા થાય એ ક્રમે-ક્રમે વર્તે છે, એમ ભગવાનઆત્મા વસ્તુમાં સહવર્તી સાથે રહેનારા ગુણો, આત્મા સાથે નહિ, હોં! ગુણો ગુણોની સાથે રહેનારા. અને **'કર્મે પ્રવર્તતા અનંત ચૈતન્ય-અંશોના સમુદાયરૂપ...'** ક્રમે-ક્રમે થતી અવસ્થાઓ જ્ઞાનની, દર્શનની, આનંદની આદિ પવિત્રતાની બધી લેવી. તેના અંશો, **'ચૈતન્ય-અંશોના સમુદાયરૂપે અવિભાગ...'** જેના ભાગ ન પડે. એવા **'દ્રવ્ય વડે...'** ભાગ ન પડે ગુણ પર્યાયના, એમ કહે છે. આખી વસ્તુ.

સહવર્તી ગુણો અને ક્રમવર્તી પર્યાય. ક્રમે-ક્રમે થતી અવસ્થા અને સાથે રહેતા ગુણો. એનો એક પિંડ ગણો તો દ્રવ્ય તે દ્રવ્યથી તે એક જ છે. વસ્તુથી તે એક છે. કોણ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આત્મા. '**ક્રમે પ્રવર્તતા અનંત ચૈતન્ય અંશોના...**' અહીં તો ચૈતન્ય જ્ઞાન લેવું છે ને એટલે. બાકી બધા અંશો ભેગા લઈ લેવા. '**ચૈતન્ય-અંશોના સમુદાયરૂપ...**' દેખો! ગુણ સહવર્તી અનંતા અને પર્યાય ક્રમે-ક્રમે વર્તે એનો આખો સમુદાય. આખો સમુદાય. સમુદાય એટલે એક એવો અવિભાગ. સમુદાયમાં ભાગ ન પાડો એવું '**દ્રવ્ય વડે એકપણું છે,...**' ભગવાનઆત્મા આવા દ્રવ્યે વડે એક છે. આચાર્યોએ જંગલમાં કેવી વાત કરી છે! સમજાણું કાંઈ? આનંદમાં ઝુલતા હતા. વિકલ્પ આવ્યો. વાણીને કારણે વાણી, પરમાણુને કારણે પરિણમી ગઈ. પરમાણુ પરિણમી ગયા. એને કારણે નહિ.

અહીં તો કહે છે કે-હું મારા આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણો એક સમયમાં એક કાળમાં સાથે વર્તતા અને ક્રમે-ક્રમે તે ગુણોની નિર્મળ પર્યાયો ક્રમે-ક્રમે વર્તતી એ બધાનો એકરૂપ સમુદાયરૂપ દ્રવ્ય તે એક છું. એ અપેક્ષાએ હું એક છું. બધા આત્માઓ અને બધા રજકણો વડે એક છું એમ નહિ. સમજાણું કાંઈ? બધા આત્માઓ અને બધા રજકણપણે એક છું, વ્યાપક છું, એક છું એમ નહિ. પોતે પ્રભુ આત્મા... જુઓ! આ સર્વજ્ઞનો ઉપદેશ અને સર્વજ્ઞનું કહેલું તત્ત્વ! સર્વજ્ઞ ઉપજ્ઞ આવે છે ને? બે ઠેકાણે આવે છે. સર્વજ્ઞે જાણીને કહેલું. આ હું તત્ત્વ પૂર્ણ જાણવાનો સ્વભાવ એ વસ્તુ અનંત ગુણોની સાથે, ગુણો રહેનારા આત્મામાં અનંત ગુણો સાથે (રહે). ક્રમે-ક્રમે પર્યાય-અવસ્થા થાય. એમાં પણ વાંધા મોટા. એ ખરેખર તો ક્રમે-ક્રમે એક પછી (એક) જે થાય તે જ થાય. જેમ અનંતા ગુણો આમ છે, એમ અનંતી પર્યાય આમ છે. એમાં આઘું-પાછું કાંઈ હોય નહિ. સમજાણું કાંઈ?

જેમ ભગવાનઆત્મા... આ તો આત્મ દરબારની વાત ચાલે છે, ભાઈ! આહાહા..! બાકી દરબાર થોથા છે બધા. ભગવાનઆત્મા જેના અંતરમાં એ જ્ઞાનગુણ, દર્શનગુણ, શ્રદ્ધા ગુણ આદિ અનંત ગુણો એક સાથે બધા વર્તે છે. ગુણોને ક્રમ ન હોય. એક ગુણ પહેલો અને બીજો ગુણ પછી. એવા સહવર્તી-સાથે રહેનારા ગુણોથી અને સમયે-સમયે પર્યાય ક્રમે ક્રમે તે નિર્મળ થતી દશા, જ્ઞાનની દશા, શ્રદ્ધાની દશા, શાંતિની દશા, આનંદની દશા એ અહીં લેવી, રાગાદિ નહિ. સમજાણું કાંઈ? એવી જે નિર્મળ ક્રમે-ક્રમે પર્યાય થાય અને એક સાથે રહે, એનો આખો સમુદાય, તે વડે દ્રવ્ય એક છે. સમજાણું કાંઈ?

'**અવિભાગ દ્રવ્ય વડે...**' એટલે શું? કે જે દ્રવ્યમાં ગુણ અને પર્યાયનો ભાગ પડતો નથી જુદો. એકરૂપ એમ. એ વડે '**એકપણું છે,...**' કોને? આત્માને. એ રીતે આત્મા એક છે. ગુણો અને પર્યાયોનો સમુદાય એકરૂપ તે વડે દ્રવ્ય એક છે. તે વડે આત્મા એક છે. બધા આત્મા વડે, ક્રમ વડે અને બધો વ્યાપક વડે આત્મા એક છે એવું વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ? સર્વવ્યાપક આત્મા છે, ભાઈ! બસ! ભળી જાવ, અનંતમાં અનંત ભળી

જાવ. કહે છે. અનંતમાં ભળી ગયું એમ ભાઈ કહે છે ને?

ભાઈ! અનંતમાં ક્યા અનંત? ક્યો અનંત? એ તારા અનંતા ગુણો અને તારી ક્રમે થતી અથવા એક સમયે થતી અનંતી અવસ્થા. પછી ક્રમે થતી બધી અનંતી હોય એક સમયે હોં બધી અવસ્થા. એનો સમુદાય તેને દ્રવ્ય એક કહેવામાં આવે છે. એમાં રાગ ન આવે, વિકલ્પ ન આવે, મેલ ન આવે, વ્યવહાર ન આવે, કર્મ ન આવે, કાંઈ ન આવે. એને દ્રવ્યથી એકપણું લાગુ પડે છે. સમજાણું કાંઈ?

હવે અનેકપણું. આખી વસ્તુ આત્મા અનંત ગુણોનો પિંડ આમ અને અનંત પર્યાયનો આમ સમુદાય. બધું થઈને દ્રવ્ય તરીકે એક ગણવામાં આવે છે. એક છે. એ જ અનેક છે પાછું. તત્ છે તે અતત્ છે, એક છે તે અનેક છે. એવા અનેકાંત ધર્મો એમાં સિદ્ધ થાય છે, એમ સિદ્ધ કરવું છે. બહુ ઝીણું છે આ ફેર. પોપટભાઈ! મોક્ષ સ્વરૂપ જ છે એ. મૂકાયેલો જ છે. રાગથી અને પરથી મુક્ત સ્વરૂપ છે. એને બંધવાળો માનવો એ પરની સાથે એકપણું કરે છે. આ તો એક આ રીતે છે. રાગથી અને પરથી એક છે એમ છે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ?

આ અંદરમાં વ્યવહાર ઊઠે ને દયા, દાનનો જેને વ્યવહાર શ્રદ્ધા આદિ કહો, એ એકમાં ન આવે. આહાહા..! એના નિર્મળ ગુણો એક સાથે રહેલા અને નિર્મળ પર્યાય ક્રમે થતી તેનું એકપણું, તે વડે દ્રવ્ય એક છે એમ કહેવાય છે. સમજાણું કાંઈ? ધીમે-ધીમે થોડો વિચારનો અવસર પણ રહે છે, જો વિચારે તો. એકલું સાંભળે... સાંભળે, પણ ભેગું વિચારવું જોઈએ ને એને? કહે છે, '**સહભૂત પ્રવર્તતા અને ક્રમે પ્રવર્તતા અનંત ચૈતન્ય-અંશોરૂપ...**' સમુદાયરૂપ. ભાગ ન પાડો એ રીતે. '**દ્રવ્ય વડે એક છે.**' બીજો બોલ. હજી આનો આ બીજી વાર આવશે, પછી ત્રીજી વાર આવશે. ત્રણ વાર આવશે. એક વાર કહેવાણું, આ બીજી વાર. હજી ત્રીજી વાર આવશે. મૂળ વસ્તુ છે ને.

'**અને અવિભાગ એક દ્રવ્યથી વ્યાપ્ત,...**' હવે અનેકની વ્યાખ્યા આવે છે. ભાગ ન પડે એવું જે એક દ્રવ્ય, એમાં વ્યાપેલા, રહેલા, ફેલાયેલા, '**સહભૂત પ્રવર્તતા...**' આત્મા જ્ઞાનાદિ એક સાથે પ્રવર્તતા '**ક્રમે પ્રવર્તતા અનંત ચૈતન્ય-અંશોરૂપ (-ચૈતન્યના અનંત અંશોરૂપ) પર્યાયો વડે અનેકપણું છે;...**' જુઓ! આમાં પર્યાય આવી. જુઓ! આમાં પર્યાય આવી દ્રવ્યમાં. એઈ..! દૃષ્ટિના વિષયની વાત ચાલે છે ત્યાં આ નાખે છે. એ પ્રશ્ન આવ્યો. આમાં આ છે ને. એ શું છે? આ તો પ્રમાણનું જ્ઞાન કરાવે છે.

અહીં તો પરથી ભિન્ન અનેકપણે કેમ છે એ સિદ્ધ કરવું છે. અહીં દૃષ્ટિનો વિષય છે એ સિદ્ધ નથી કરવો. એ અત્યારે અહીં વાત નથી. સમજાણું કાંઈ? ખરેખર દૃષ્ટિના વિષયમાં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો એકપણું જ હોય છે. પ્રગટે છે પર્યાયો અનેકપણે, વસ્તુ એક છે. સમજાણું કાંઈ? અહીં તો સિદ્ધ કરવું છે કે જેને અમે જ્ઞાનમાત્ર કહ્યું હતું તે એકલું જ્ઞાનમાત્ર નથી પણ એમાં બીજા ધર્મો પણ અનેક સિદ્ધ થાય છે, સાબિત થાય છે જ્ઞાનમાત્ર કહેતાં, એમ અહીંયાં કહેવું છે. તો તે જ વસ્તુને જ્યારે એમ કહે કે પોતાપણે તત્‌પણે છે અને જ્ઞેયપણે નથી. એવા બે ધર્મો સિદ્ધ થયા એમાં. એમ પોતાના ભાગ ન પાડે એવા ગુણને અને પર્યાય સમુદાયરૂપે કહો તો તે દ્રવ્યપણે એક છે, એને ભાગલા ન પાડો એવા દ્રવ્યના ભાગરૂપ પાછા ગુણ અને પર્યાયથી જુઓ તો તે અનેક છે. જે અપેક્ષાએ એક છે તે અપેક્ષાએ અનેક નથી અને જે અપેક્ષાએ અનેક છે તે અપેક્ષાએ એક નથી. એ તો જ્ઞાનની મૂર્તિ છે તો જ્ઞાનના જ એમાં ન્યાયો આવે, બીજું આવે શું? સમજાણું? આ તો બધું જ્ઞાન-જ્ઞાન... પણ એ જ્ઞાનસ્વરૂપ જ છે, એમાં જ્ઞાનનું જ આવે, બીજું આવે શું આમાં?

કહે છે, ભગવાનઆત્મા એક પણ છે અને અનેક પણ છે. એવા બેય ધર્મો એમાં છે. જ્ઞાનમાત્ર કહેતાં એક જ જ્ઞાન આવ્યું એમ નહિ. આવું અનેકપણું પણ એમાં આવી જાય છે. કેમ? કે જ્ઞાનગુણની સાથે અનંત ગુણો વર્તતા અને એની પર્યાય પણ ક્રમે-ક્રમે જ્ઞાન છે એમ નક્કી કરનાર તો પર્યાય છે. આ વસ્તુ છે એને જાણનાર તો પર્યાય ક્રમે ક્રમે છે. એ ક્રમે-ક્રમે પર્યાયની અનેકતા અને ગુણની અનેકતાથી જુઓ તો એ દ્રવ્ય અનેક છે. સમજાણું કાંઈ? બહુ ધ્યાન રાખે તો પકડાય એવી વાત છે. ..ભાઈ! ઓલા મકાન નથી પથરા ખડકવા ન્યાં ઝટ દઈને, આ બહુ ઝીણી વાત છે. આહાહા..! આ પણ જુઓ આવો માર્ગ. કાંઈક સહેલો બતાવોને. કોઈક કહે લ્યો. .. કહેતા હતા. થોડો સહેલો (બતાવો). પણ જે રીતે હોય એ રીતે સહેલો કહેવાય કે જે રીતે ન હોય અને ઊંધું કહે એને સહેલો કહેવાય? સમજાણું કાંઈ?

પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમાત્મા, એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જોયા એ આમ કહે છે. સમજાણું કાંઈ? હવે એ કહે છે એ પ્રમાણે જાણે નહિ અને વિપરીત જાણે અને સહેલું માને. અપવાસ કરવા, વ્રત કરવા, ત્યાગ કરવો, આ કરવું, આ દૂધપાક ખાવો નહિ, રસ ખાવો નહિ એ ધર્મ. મૂઢ એ કાંઈ ધર્મ નથી, સાંભળને. મિથ્યાત્વ છે. આહાહા..! એ જ્ઞેય વસ્તુનો જાણનાર જ્ઞાન છે, એને ઠેકાણે જ્ઞેયનો ત્યાગનાર અને જ્ઞેય છે તો હું છું એમ માનનાર મિથ્યાત્વ છે, મિથ્યાત્વભાવને ઘૂંટે છે. એમ વાત છે. આહાહા..! એ આંતરો ક્યાં પાડે? બધું સરખું લાગે. જુઓ! આ પણ આમ કરે છે.. આ પણ આમ કરે છે. અરે..! ભગવાન! બાપુ! બહુ ફેર છે. વાત વાતમાં ફેર છે. આ મુદ્દાની વસ્તુમાં ફેર છે, ભાઈ! તારા હોવાપણામાં બે પ્રકાર છે. રાગ ને પુણ્યને લઈને નહિ, પરને લઈને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નહિ, તારા હોવાપણામાં એક દ્રવ્ય તરીકે એક છે અને તારા જ ગુણો અને તારી જ પર્યાયની અપેક્ષાએ તું અનેક છો. અનેકપણું પણ એનો ધર્મ છે અને એકપણું પણ એનો ધર્મ છે. વિરોધ લાગે છતાં વિરોધપણું વસ્તુને વિરોધ શક્તિઓ નિપજાવનારી છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**અવિભાગ...**' એક દ્રવ્યમાં વ્યાપેલા ભાગ ન પડે એવો જે ભગવાનઆત્મા એમાં રહેલા સાથે પ્રવર્તતા જ્ઞાન-દર્શન આદિ અનંત ગુણો અને ક્રમે પ્રવર્તતા. ક્રમે-ક્રમે થતાં-પ્રવર્તતાં '**અનંત ચૈતન્ય-અંશોરૂપ પર્યાયો વડે અનેકપણું છે;...**' લ્યો! સમજાણું? આત્મા રાગને લઈને અને કર્મને લઈને અનેક નથી એમ સિદ્ધ કરવું છે, ભાઈ! પરને લઈને અનેક એમ નહિ. એમ છે જ નહિ એમ કહે છે. બધું થઈને એક છે એમ નહિ અને પરને લઈને અનેક છે એમ નહિ. આ રાગ ઘણાં પુણ્ય દયા, દાનના, ભિન્ન... ભિન્ન... ભિન્ન... વર્તે છે. આ ક્રિયાઓ ભિન્ન... ભિન્ન... ભિન્ન.. જાતની શરીરની વર્તે છે એને લઈને અનેક છે આત્મા?- ના, ના; એનાથી તો ભિન્ન છે, એને લઈને અનેક નહિ. એના પોતાના ગુણ અને પર્યાયના ભેદ વડે કરીને અનેક છે. આહાહા..! આ તો પ્રોફેસરનું જ્ઞાન બીજી જાતનું છે આમાં. સ્વરૂપચંદભાઈ! ઓલા ભણાવતા તમારા પ્રોફેસર બોલતો હોય ને એક કલાક, બે કલાક. હાંક્યે જાય. ઓલા છોકરા સમજે. હા, જાવ પાસ કરો. ગોખી નાખો.

અરે..! ભાઈ! આ તો સર્વજ્ઞ પરમેશ્વર છે. સર્વજ્ઞે જાણેલું અને એનું કહેલું. એવો જે આગમ એ આમ આત્માને બતાવે છે. આહાહા..! ત્યાં આવે છે ને? એક તો એ વાત લીધી હતી. 'કુંદકુંદાચાર્ય' પણ બોલે છે ને પાંચમામાં. આગમની સેવાથી અમારો વૈભવ પ્રગટ્યો છે. જુઓ, ત્યાં નિમિત્તથી વાત કરે છે ને. છે તો જ્ઞાન પોતાનું પણ એમ કે ભગવાનની વાણી, આગમની સેવાથી અમારો વૈભવ (પ્રગટ થયો છે). કેટલી નિર્માનતા છે! અને ત્યાં પણ 'પ્રવચનસાર'માં (કહે છે), આગમની ઉપાસના સર્વથા પ્રકારે કરવી જોઈએ. એય..! ... આવે છે ને? સમજાણું કાંઈ? બીજા કહે કે વળી બીજું આવે, એય..! મલૂકચંદભાઈ! સાંભળવામાં રાગ છે માટે સાંભળવું નહિ. એ તો તૈયારી થયેલા જીવો છે, એને પછી વિકલ્પમાં રોકાવું નહિ, અંદરમાં જાવું એમ વાત છે. પણ હજી વાસ્તવિક તત્ત્વ જાણ્યા જ નથી, સાંભળ્યા નથી, સમજ્યો નથી એને જાવું ક્યાં? અંદરમાં ક્યાંથી જતો હતો? સમજાણું કાંઈ? અનેક વાંધા.

સાંભળવાથી જ્ઞાન થાતું નથી, તમે એમ કહેતા હતા. સાંભળવાનો વિકલ્પ છે એનાથી જ્ઞાન થાતું નથી, એમ કહેતા હતા. વળી આ ક્યાંથી લાવ્યા? એય..! ભાઈ! કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએ ને? જ્યારે પોતે જ્ઞાનની પર્યાયની એવી લાયકાત હોય છે ત્યારે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એને આગમનું નિમિત્તપણું હોય છે. સમજાય છે? એવું હોય છે. એ સર્વજ્ઞની વાણી નિમિત્ત છે એમ સિદ્ધ કરવું છે. સર્વજ્ઞપણું જેને પ્રગટ કરવું છે... કારણ કે પોતે જ્ઞાનસ્વભાવી, સર્વજ્ઞસ્વભાવી આત્મા છે. અને તેની પૂર્ણ દશા પ્રગટ કરવાનું પરમ આત્મરૂપ સર્વજ્ઞ છે. એવું જેને પ્રગટેલું છે એની વાણીમાં તો આ જ આવે. અલ્પજ્ઞ અને રાગનો અભાવ કરીને સર્વજ્ઞ ત્રિકાળી સ્વભાવ છો, એવું એના ઉપદેશમાં, નિમિત્તમાં એવું આવે છે. એના નિમિત્તમાં એવું આવે છે. એ વાણી એમ ન કહે કે તારાથી પૂરુષાર્થ નહિ થાય અને તારે આમ ન થાય એમ વાણી ન કહે, ભાઈ! ઓલી ૮૨મી ગાથા સાથે (મેળવ્યું). તથૈવ.. એમ વાણી આવે છે. આવી વાણી બોલો છો તમે? (સંવત) ૧૯૭૨માં (કહ્યું હતું), ભાઈ! આ વાણી આવી તમે કરો છો? શું કરો છો આ તમે? આગમની વાણી આવી હોય? સર્વજ્ઞ પરમેશ્વરની આવી વાણી હોય? ભગવાને દીઠું એમ થાશે આપણે કાંઈ કરી શકીએ નહિ. એવી વાણી ભગવાનની હોય? એય..! ૭૨માં મોટી ચર્ચા થઈ સંપ્રદાયમાં. કેટલા વર્ષ થયા? ૫૨ થયા. સ્વરૂપચંદભાઈ! ફાગણ હતો ફાગણ. આ ફાગણ સુદ ૧૩-૧૪ હતી. ૭૨ની ૧૩-૧૪. વીતરાગની વાણી આવી હોય? તમે કહો છો. વીતરાગની વાણી તો સર્વજ્ઞ અને વીતરાગ થયેલા છે. વીતરાગની વાણી સર્વજ્ઞ અને વીતરાગ થવાનું જ કહે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ થવાને લાયક છો, વીતરાગ થવાને લાયક છો એમ ફરમાવે.

જુઓને! આગમ-ઉપદેશ ભાઈ એમાં લીધું છે. આગમ ઉપદેશપૂર્વક નથી ભાઈ ત્યાં? આગમ ઉપદેશપૂર્વકમાં સ્વપરના ભેદનું જ્ઞાન કરાવે છે. તેથી બેનું ભેદજ્ઞાન નથી તેને સ્વરૂપમાં ઠરવાની દશા હોઈ શકતી નથી, તેને ચારિત્ર હોતું નથી, વ્રત હોતા નથી, તપ હોતા નથી. અને જેને આત્મામાં પૂર્ણ જ્ઞાનની શક્તિ ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાની છે (એમ જે નથી માનતો) એને અલ્પજ્ઞથી હઠીને અંદરમાં જવાની તાકાત નહિ આવે. સમજાણું કાંઈ? સર્વજ્ઞનો એમ ઉપદેશ છે. ત્રણ કાળ, ત્રણ લોકને જાણનાર જ્ઞાયક, લોકાલોકને જાણનાર તું છો. કોઈનો કરનાર નહિ, કોઈમાં ભળનાર નહિ. સમજાણું?

ઓલા કહેતા હતા ને? કોઈ કહેતું હતું ને? કે .. ભેળસેળ વિનાનું અનાજનું. ભેળસેળ વિનાનું કેવળ માન્યું ને? કેવળ કહ્યું છે ને ૩૨ ગાથામાં નહિ. પ્રવચન. કૌંસમાં નિર્ભેળ કર્યું છે. આ રાગ અને પુણ્ય વિનાનો નિર્ભેળ-ભેળ વિનાનો આત્મા છે. એની દુકાન માંડને અંદરમાં. ભાઈ! ઓલા કહે, ભેળસેળ વિનાનું અનાજ લેવું, ભેળસેળ વિનાનું દૂધ દેવું, ભેળસેળ વિનાનું ઘી આપવું કે જેથી લોકો.. ધૂળેય નહિ થાય, સાંભળને હવે. લોકોને પણ લાગે એવું સારું હોં! માણસને. આ ભેળસેળ વિનાની દુકાન તારી છે અંદર, સાંભળને! પુણ્ય-પાપના રાગ અને નિમિત્તને અંદર ભેળવવા નહિ. એમ માન અંદરમાં તો તને શાંતિ મળશે અને સહેલું...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સહેલું સોંઘુ મળશે. અનાજની રાહતની માંડે છે ને. થોડી કિંમતે આપવા.

અહીં તો કહે છે, તારી પર્યાય અનેકરૂપે છે, ગુણ અનેકરૂપે છે તે રીતે તું અનેક છો. એ કાંઈ પરને લઈને અનેક છે, રાગને લઈને અનેક છે, વિવિધતા જે તારામાં થાય છે, આ બીજી રીતે (લઈએ), એ જ્ઞાની પર્યાયમાં શ્રદ્ધાની પર્યાયમાં વિવિધતા જે થાય છે એ વિવિધતા કોઈ નિમિત્તને લઈને છે કે નિમિત્તના અભાવને લઈને છે એમ નથી, એમ કહે છે. એય..! આહાહા..! ભારે વાત! સંકેલ્યું છે ને પણ તત્ત્વને.

ભગવાનઆત્મા અનંત ગુણોના સહવર્તીપણે અને પર્યાયની અનેકતાપણે (છે). ભલે દ્રવ્યમાં ભાગ ન પડે પણ ગુણ અને પર્યાયની અનેકતાથી તે અનેકપણે ભગવાનઆત્મા છે. સમજાણું? એ અનેક પર્યાયો પ્રગટ થાય છે પણ એ પણે પોતે છે, પરને લઈને અનેકપણું છે એમ છે નહિ. રાગવાળું તો નથી પણ જે ભિન્ન-ભિન્ન પર્યાય થાય એ અનેકપણું પરને લઈને નથી. ઓલા કહે, પરેણ જાય તે પર્યાય. અરે..અરે..! ભારે પણ ચાલ્યું છે. પરને લઈને ઉત્પન્ન થાય તે પર્યાય. અહીં તો ક્રમે-ક્રમે પર્યાય થાય તો એને લઈને તું અનેક છો. નવરંગભાઈ! બહુ ફાંકા મારનારા ઘણા પણ. બિચારાને ખબર ન મળે. સમાજને અભ્યાસ ન મળે. આંધળો અભ્યાસ જગતનો. તત્ત્વનો (અભ્યાસ) ન મળે. કહો.

'**અનંત ચૈતન્ય-અંશોરૂપ પર્યાયો વડે અનેકપણું છે;...**' પોતાના ગુણ અને પર્યાય વડે અનેકપણું છે. એ અનેકપણું તેનું સ્વરૂપ છે એમ કહે છે. સમજાણું કાંઈ? એમ જેને અંતર નિર્ણય કરે એને દ્રવ્ય તરીકે એક ભાસે, ગુણ પર્યાય તરીકે અનેકનું જ્ઞાન કરે. બસ. રાગ તરીકે છું, પર તરીકે છું, પરથી અનેક છું હું એમ ભાસતું નથી. આ એનું નામ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**મહા વદ ૧૨, રવિવાર તા. ૨૫-૨-૧૯૬૮**
**પરિશિષ્ટ, પ્રવચન-૪૯૮**

આ સમયસારનો સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છે. શું કહે છે? આ આત્મા છે એ (જ્ઞાનમાત્ર) વસ્તુ છે. એ કાંઈ શરીર, વાણી, કર્મપણે એ ચીજ નથી. અને તે આત્મા જે વસ્તુ છે જ્ઞાન જાણવાના સ્વભાવવાળી ચીજ એ ખરેખર જે પર્યાયમાં શુભ અને અશુભ વિકારભાવ દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ થાય છે એ એનું સ્વરૂપ નથી. એ આત્મા નથી. જેને આત્મામાંથી ધર્મ પ્રગટ કરવો હોય તો એ આત્મા શું છે એવો એણે અનુભવ પહેલો નિર્ણય કરવો પડશે. કારણ કે એની વર્તમાન અવસ્થામાં વિકાર, પુણ્ય-પાપના ભાવ તે અધર્મ છે, દુઃખરૂપ દશા છે. તો જેને સુખી થવું હોય એટલે ધર્મ કરવો હોય એણે ધર્મની નવી પર્યાય સુખની ક્યાંથી આવે છે? કોણ છે? એવો એણે અનુભવ દૃષ્ટિમાં દ્રવ્ય લેવું પડશે. સમજાણું કાંઈ?

સોનામાંથી જેમ અનેક પ્રકારના દાગીનાઓ થાય છે તો એ દાગીનાઓ થાય છે એનું મૂળ તો સોનું છે. એ દાગીનાઓ થાય છે એ કાંઈ સોનીથી નહિ અને સોનીની હથોડીથી નહિ. કારણ કે આ સોનાપણાની અવસ્થા જે થવી એ સોનામાંથી થાય છે. સમજાય છે? એ હથોડીથી કે સોનીથી નહિ. કેમ કે જે અવસ્થા થાય તે જાતની તે જાત થાય. આત્મા પોતે સોનું જેમ છે તો સોનાની જાતની અવસ્થા થાય. એને કાંઈ હથોડી અને કાંઈ સોનીની જાત ત્યાં આવતી નથી. એથી એની જાતની એમાં અવસ્થા ન થાય. તો જે અવસ્થા થાય છે એનું મૂળ કારણ સોનું છે.

એમ આત્મામાં જે કંઈ દશા-અવસ્થા થાય એનું મૂળ કારણ કોઈ (અન્ય વસ્તુ નથી). અહીં તો જ્ઞાનમાત્ર ચીજ સિદ્ધ કરવી છે ને? તો ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ સચ્ચિદાનંદ મૂર્તિ છે. તો એમાંથી જ્ઞાનની, શાંતિની, ધર્મની વીતરાગી પર્યાય એમાંથી આવે. કાંઈ જોડે કર્મ, શરીર અને આ બધા પદાર્થ જડ છે એમાં કાંઈ આ નથી કે જેથી એમાંથી આવે. એટલો તો એણે નિર્ણય કરવો પડશે કે નહિ? સમજાય છે?

મારે સુખી થવું (છે) એટલે કે જન્મ-મરણની દુઃખની ગાંઠ ગાળવી (છે). જન્મ-મરણના દુઃખ છે ભાઈ! અંદરમાં વિકારમાં દુઃખ છે. એ માની ભલે બેસે કે અમે સુખી છીએ. એ તો સનેપાતિયો જેમ હરખ સનેપાતિયો દુઃખ છે છતાં ખડ ખડ હસે છે. એવી આ દુનિયા દુઃખી છે પણ સુખીની હોંશું કરીને સુખી છીએ એમ એ માને છે. મૂલચંદભાઈ!

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભ્રમ છે એને. ભાઈ! એને ખબર નથી.

આ શરીર કે આ લક્ષ્મી કે કાંઈ આ કે અંદર પુણ્ય-પાપના ભાવ થવા એ કાંઈ સુખ નથી. સમજાણું કાંઈ? પણ અજ્ઞાની એને સુખ માનીને હસે છે. અમે સુખી છીએ, અમને ઠીક છે. અમને ઠીક છે. અમને એટલે શું? આત્માને એમાં ઠીક છે? કે હા અમને ઠીક છે. એ હરખ સનેપાતિયો જેમ ગાંડો થાય છે અને જેમ હસે છે. છે દુઃખી. એમ અજ્ઞાની પોતાના સ્વરૂપને ભૂલી પુણ્ય-પાપના ભાવ અને સંયોગને દેખીને તેમાં હું છું એટલે મને એમાં મજા છે. તેમાં હું છું એટલે તેમાં મને મજા છે, એમ હરખ સનેપાતિયાની જેવો અજ્ઞાની પરમાં પાગલ થઈને સુખી છું (એવી) હોંશું કરે છે. સમજાણું કાંઈ?

સુખી તો એને કહીએ કે જેને પરની અપેક્ષા રહે નહિ અને સ્વના અવલંબે અંદરમાંથી દશા પ્રગટ થાય તો તેને સુખી અને સ્વતંત્ર અને પોતાની દશા એને કહીએ. સમજાણું કાંઈ? એટલો એ વિચાર પણ કરે નહિ. દુનિયાના સમજવા માટે કેટલી મહેનતું કરે છે. જેમાં સરવાળે મીંડા અને વર્તમાન પણ આકુળતા.

ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ કેવળજ્ઞાનીએ જે આત્મા જોયો અને કહ્યો એ શું છે? કે ભાઈ! એ તો જ્ઞાનમાત્ર છે. એ અત્યારે ચાલે છે. એ જ્ઞાનમાત્ર છે. એટલે કે એમાં વિકાર, પુણ્ય-પાપ જે વિકલ્પો ઉઠે છે એ એમાં નથી. એ નવી નવી અવસ્થામાં મિથ્યા ભ્રમને કારણે વિકારની ઉત્પત્તિ કરી, પુણ્ય-પાપ, દયા-દાનના વિકલ્પોનો રાગ સ્વરૂપમાં નથી. એની શક્તિમાં નથી અને એ શક્તિવાનમાં નથી. સમજાણું કાંઈ? એ અધ્ધરથી દાહ ઊભો કરે છે. પુણ્ય-પાપના વિકલ્પની લાગણી વર્તમાન અંશને દેખી, અંશને માની, ત્રિકાળને ન માની ઊભા કરે છે વિકાર. એ દુઃખ છે, એ અશાંતિ છે, એ ચાર ગતિના રખડવાના એ બધા બીજડા છે. સમજાણું કાંઈ? એ દુઃખ જેને ટાળવું હોય અને જેવો આત્મા છે તેવું થાવું હોય... સમજાણું કાંઈ? તો એણે આત્મા શું છે એવો એણે નિર્ણય કરવો જોઈએ.

તો કહે છે કે આત્મા તો જ્ઞાનમાત્ર છે. આ અમે કહીએ છીએ. સમજાણું કાંઈ? એ તો ચૈતન્યપ્રકાશ જાણવાનો સ્વભાવ, જાણવું સ્વભાવ તે આત્મા. અંદર પુણ્ય-પાપના ભાવ ઉઠે એ આત્મા નહિ. એમાં તું નહિ, એ તારામાં નહિ. તું તો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છો, એનો નિર્ણય કર, એનું જ્ઞાન કર, એમાં ઠર તો તને સ્વતંત્રતાની શાંતિ મળશે અને દુઃખની દશા ટળશે. આ ઉપાય છે. બીજો કોઈ ઉપાય છે નહિ. કહો, સમજાણું કાંઈ? સ્વરૂપચંદજી! આવું સ્વરૂપ છે. આહાહા..!

મુમુક્ષુ :- આ ખોટું છે.

ઉત્તર :- આ બધું ખોટું છે. આહાહા..! ભગવાન! આ સ્વરૂપ આ ક્યાં? આ તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



માટી છે. ખોખું છે થોથું. સમજાય છે? જેમ આ ઝભ્ભો માથે છે એમ આ માંસના લોચાનો ઝભ્ભો પર છે. એ ક્યાં તને સુખદાયક છે અને એ ક્યાં દુઃખદાયક છે? એ તો પરચીજ છે જગતની. પણ અજ્ઞાની પોતાની ચીજનું ભાન ન મળે એથી એ શરીરને પોતાનું માનીને હું સુખી છું એમ માને છે. અને રોગાદિ થાય ત્યારે હું દુઃખી છું એમ માને છે. પણ એ વસ્તુ માને છે એમ નથી.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, વીતરાગ સમતાસ્વરૂપ અકષાય સ્વભાવનો રસ એ આત્મા છે. એવો આત્મા જેને નિર્ણય કરવો હોય એણે આ જ્ઞાન કરવું જોઈએ. બે-ચાર બોલ ચાલ્યા છે. ઝીણા પડ્યા કો'ક કહે. પણ બીજું આમાં શું થાય? એનો વિસ્તાર વળી આગળ આવશે.

હવે કહે છે કે ભગવાન આત્મા જે પણે નથી તેના લક્ષ કર્યે તને શું લાભ થાય? આત્મા જે પણે નથી-શરીરપણે, કર્મપણે, પુણ્ય-પાપપણે-જે પણે નથી એનું લક્ષ કરવાથી તને શું લાભ થાય? ભાઈ! બરાબર છે? જે પણે છે તે પણે લક્ષ કરવાથી તને શાંતિ મળે. આહાહા..! કહે છે, ભગવાન! તું તો જ્ઞાનસ્વરૂપ છો ને પ્રભુ! તું દુઃખરૂપ નહિ, સુખરૂપ છો ને તું. આનંદરૂપ છો. એ પોતાથી છે. એ આમાં સિદ્ધ કરે છે. ચાર બોલ આવ્યા, હવે બીજા ચાર એકસાથે લે છે.

જુઓ! '**પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે હોવાની શક્તિરૂપ જે સ્વભાવ તે સ્વભાવવાનપણા વડે સત્‌પણું છે,...**' આ તો મહાસિદ્ધાંતો છે. શું કહે છે? ધ્યાન રાખે તો પકડાય એવું છે, સમજાય એવું છે. એને પોતાને એ જાતનો અભ્યાસ ન મળે. જગતના ધુમાડાના બાચકા ભરી ભરીને મરી ગયો અનાદિથી. સમજાણું કાંઈ? અનાદિથી રાગને પોતાનો કરવા મથે પણ એ રાગ પોતાનો થતો નથી. તો રજકણ તો શેનો એનો થાય? આહાહા..! એક રજકણ પણ પ્રયત્ન કરીને મંથન કરે છે કે આ મારું થાય, મારું થાય. મરી ગયો અનંત કાળથી. નથી જેમાં તે રૂપે એ કેમ થાય? એમ રાગ પણ મારો કરવા માગે તો રાગ નહિ થાય. રાગ એક સમયની વસ્તુ છે. ત્રિકાળમાં નહિ રહે. સમજાણું કાંઈ?

કહે છે કે તારી ચીજ '**પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે હોવાની...**' શું કહે છે? આત્મા એવો છે કે પોતાનું દ્રવ્ય જે વસ્તુ એના હોવાપણે, રહેવાપણે એની શક્તિ છે. પરથી રહેવાપણે અને પરને રાખવાપણે એની શક્તિ નથી. કહો, આ તો સમજાય છે કે નહિ? કે પોતે આત્મા છે એ પોતાના દ્રવ્ય એટલે વસ્તુ, પોતાના દ્રવ્યપણે હોવાની શક્તિરૂપ, પોતાના દ્રવ્યપણે. પછી બોલ લેશે ત્રણ. પોતાના દ્રવ્યપણે હોવાની શક્તિરૂપ જે સ્વભાવ. ભગવાન આત્મા પોતાની વસ્તુ છે. જ્ઞાનદ્રવ્ય. જ્ઞાનદ્રવ્ય એટલે જ્ઞાનસ્વરૂપ એટલે ત્રિકાળ દ્રવ્ય વસ્તુ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ ત્રિકાળ પોતે વસ્તુપણાની હોવાની શક્તિવાળું એ તત્ત્વ છે. એ પરની શક્તિવાળું તત્ત્વ નથી. પરને રાખે અને પરથી રહે એવું એ નથી.

આત્મા શરીરને રાખે, પૈસાને રાખે, કર્મને રાખે એવું એ તત્ત્વ નથી અને આત્મા કર્મ ને શરીર ને પૈસારૂપી દ્રવ્ય છે એનાથી પોતે રહે એવું એ દ્રવ્ય નથી. કહો, સમજાણું કાંઈ? વાત તો સીધી છે પણ હવે માણસને.. એય..! પુનમભાઈ! સમજાય છે આમાં? ખબર પડે છે કે નહિ જ્યારે શરીરમાં આવે ત્યારે ઓલું કાંઈક શું કહેવાય? બ્લડ પ્રેશર. એના બાપને ખબર હોય. એ બ્લડપ્રેશર શરીરના રજકણો છે એ રૂપે આત્માને થવાની આત્મામાં શક્તિ નથી. અને બ્લડ પ્રેશર વડે આત્મા રહે એવી આત્મામાં શક્તિ નથી. એ એના વડે રહે, આત્મા પોતાથી રહે છે એવી એની શક્તિ છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો જ્યારે એને નિર્ણય થાય કે મારી ચીજ તો મારા વડે રહેલો હું છું. મારું ટકવું પરને લઈને, કર્મને લઈને, શરીરને લઈને, પૈસાને લઈને, સામગ્રીને લઈને, બાયડી-છોકરાને લઈને, મકાન અને લૂગડાને લઈને અરે..! પુણ્ય-પાપના રાગને લઈને.. એ ભાવમાં આવશે, પણ એ રીતે ટકું એવું મારું દ્રવ્ય નથી. આહાહા..! સમજાણું કાંઈ?

‘**પોતાના દ્રવ્ય-**’ એટલે વસ્તુ. દ્રવ્ય એટલે કાયમ ચીજ. ‘**ક્ષેત્ર,...**’ એટલે એની પહોળાઈ. અસંખ્ય પ્રદેશી છે આત્મા. પહોળો પહોળો. સમજાય છે? જેમ સાંકળી છે ને? સોનાની સાંકળી હજાર મકોડાની હોય છે. તો એ મકોડો છે એક એક એમ એ હજાર મકોડાની પહોળી પહોળી છે એટલી સાંકળી છે. એમ આત્મા, એક પોઈન્ટ પરમાણુ જે આ રજકણ છે એ અંતરમાં જેટલી જગ્યામાં મૂકે તે પ્રદેશને પ્રદેશ કહીએ. પરમાણુને રોકવામાં. એવો આત્મા અસંખ્ય પ્રદેશી એનું ક્ષેત્ર છે. એનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ છે. એ પોતાથી અસંખ્ય પ્રદેશે રહેવાની એની શક્તિ છે. એ પરના ક્ષેત્રથી રહે અને પરના ક્ષેત્રને રાખે એવી આત્મામાં શક્તિ નથી. સમજાણું કાંઈ? મૂલચંદભાઈ! આ તો સમજાય એવું છે પણ દરકાર જ કરી નથી એણે. એમ ને એમ કાં તો આ વ્રત લ્યો, આ ભક્તિ કરો, તપ કરો, ફલાણું કરો. હોળી બધી રાગની છે. અને એમાં માને ધર્મ તે મિથ્યાત્વને પોષે છે. શું થાય? અનંત સંસાર વધે છે.

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- એ ક્ષણે. કેમ કે ભગવાન આત્મા અહીં તો જ્ઞાનપ્રભુ, જ્ઞાનસ્વરૂપ છે એને એમાં જ્ઞાનનો આશ્રય લઈને જે લાભ થાય એ તો ખબર નથી. એ તો રાગ અને પુણ્યની ક્રિયા કે દેહની ક્રિયા કાંઈ થઈ એમાં એની દૃષ્ટિ છે. એમાં દૃષ્ટિ છે એટલે આખો આત્મા છે શુદ્ધ ચૈતન્ય એનો અનાદર કરે છે અને રાગનો આદર કરીને મિથ્યાત્વને સેવે છે. ચાહે તો મહાવ્રતને પાળતો હોય તો પણ એ મારી ક્રિયા છે અને એ મારું કર્તવ્ય છે એમ માનનારા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


રાગ ઉપર દૃષ્ટિ છે તો મિથ્યાદૃષ્ટિ છે. નવરંગભાઈ! ભારે કામ આકરું. ભાઈ! બાપુ! વસ્તુ જ આમ છે ને. હવે શું કરીએ એમાં? સમજાણું કાંઈ?

કહે છે કે પોતાના ક્ષેત્રપણે **'હોવાની શક્તિરૂપ જે સ્વભાવ...'** દ્રવ્યપણે હોવાની શક્તિરૂપ. એમ ક્ષેત્રપણે પોતાનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ. આ શરીરનું ક્ષેત્ર, મકાનનું ક્ષેત્ર, પાદર-ફાદરના ક્ષેત્ર, એનાથી રહે એવો આ આત્મા નથી. તેમ પરના ક્ષેત્રને રાખે એવો આત્મા નથી. ભાઈ! આટલા મકાન રાખે ને તમારે લખે છે ને આકાશ-પાતાળ અને ઢીંકણું નથી કરતા? મકાન વેચે ત્યારે આપે છે લખીને? આકાશ-પાતાળ તમારો હક. શું કાંઈ કહે છે? આકાશ-પાતાળ અને બીજું શું? ઓલું ઓલું ઓલું આપણે નહોતું આવ્યું? યાવત્ ચંદ્ર દિવાકરો. ઓહો..! આપણે સંસ્કૃતમાં હતું ને. યાવત્ ચંદ્ર દિવાકરો. ચંદ્ર જ્યાં સુધી રહે અને દિવાકર-દિવાકર એટલે સૂર્ય. યાવત ચંદ્ર દિવાકરો. એમ નથી કહેતા? એટલે ચંદ્ર જ્યાં સુધી રહે અને દિવાકર એટલે સૂર્ય. દિવસનો કરનાર સૂર્ય. જ્યાં સુધી ચંદ્ર-સૂર્ય રહે ત્યાં સુધી તમારું આ બધું. ધૂળમાંય નથી તારું. સાંભળને! અરે.. ભગવાન! યાવત્ ચંદ્ર દિવાકરો. એ આત્મા પોતાના દ્રવ્યમાં યાવત્ ચંદ્ર દિવાકરો પોતે રહેલો છે. એમ પોતાના અસંખ્ય પ્રદેશી વસ્તુ છે એમાં યાવત્ ચંદ્ર દિવાકરો તેમાં છે. તે પોતાની હોવારૂપ શક્તિ પોતાની છે. પરના ક્ષેત્રથી રહેવું અને પરના ક્ષેત્રને રાખવું એ આત્મામાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિરપેક્ષ.

ઉત્તર :- નિરપેક્ષ છે. પણ વસ્તુ પોતાથી જ છે ને. જે છે એ છે ને અપેક્ષા કોની હોય?

ભગવાન આત્મા સત્‌રૂપે દ્રવ્યથી છે, સત્‌રૂપે પોતાના સ્વ પહોળાઈથી એટલે ક્ષેત્રથી છે અને સ્વપણાની અવસ્થાથી (છે). દેખો! **'પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે હોવાની શક્તિરૂપ જે સ્વભાવ...'** શું કહે છે? આ કયો કાળ? રાગનો નહિ. આહાહા..! કહે છે... ધ્યાન રાખો! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, પવિત્રસ્વરૂપ, સ્વચ્છતાસ્વરૂપ એ વસ્તુ છે એની. એવી જે ચીજ છે એ ચીજની વર્તમાન જે અવસ્થા-દશા થાય તે અવસ્થા પવિત્રપણે થવાના શક્તિરૂપ એનો સ્વભાવ છે. એનો સ્વભાવ વિકારપણે થવું એનો સ્વકાળ નથી. કારણ કે વસ્તુમાં નથી. અને પરની અવસ્થાથી આમાં અવસ્થા થાય એવું આત્મામાં નથી. કારણ કે અવસ્થા થનારની શક્તિ તો વસ્તુમાં છે. શું કીધું?

ભગવાન આત્મા.. એમ કોઈ માને કે અમને તો ભાઈ શરીર ઠીક હોય, લક્ષ્મી ઠીક હોય તો અમને અવસ્થા સારી થાય. તો કહે છે કે તારી દૃષ્ટિમાં મિથ્યાભ્રમ પડ્યો છે. કારણ કે જે જ્ઞાનમાત્ર વસ્તુ છે, વસ્તુ છે ચૈતન્ય પદાર્થ છે, કાયમ છે એ એની અવસ્થાનું થનાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પોતાને કારણે તે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ધર્મના પરિણામ થવાનો પોતાથી થવાનો શક્તિવાન આત્મા છે. શું કહે છે જુઓ!

'**કાળ-ભાવરૂપે હોવાની શક્તિરૂપ જે સ્વભાવ...**' પહેલા દ્રવ્ય લીધો, પછી ક્ષેત્ર. એમ કાળરૂપે હોવાની શક્તિરૂપ જે સ્વભાવ. એટલે શું કીધું? કે ભગવાન આત્મા એનું જે સ્વરૂપ જ્ઞાન આનંદ સ્વરૂપ છે એ વસ્તુ થઈ. હવે એની વર્તમાન અવસ્થા સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ શાંતિ એટલે ચારિત્ર આનંદ, એ રૂપ જે દશા થવાની પોતાની પોતાને કારણે શક્તિ છે. કર્મ ખસે ને આ રસ્તા થાય કે અંદર પુણ્યના પરિણામ છે માટે આ અવસ્થા થાય એવી એનામાં શક્તિ છે નહિ. ભારે! અહીં તો એકલા સિદ્ધાંતો છે. ચાર પૈસાનું શેર તો મણના અઢી. કુંચી જેમ હોય કુંચી? એમ આ કુંચી છે એકલી. પછી સાડા સત્તર શેરનું કેટલું? સવા તેત્રીશ શેરનું કેટલું? એ બધું એમાં આવી ગયું. સવા તેત્રીશ શેરનું સવા તેત્રીસ આના. સાડા સત્તર શેરનું કેટલું? સાડા સત્તર આના. ચાર પૈસે શેર તો મણના અઢી. એ આખો સિદ્ધાંત છે. એમ આ સિદ્ધાંત છે એકલો કુંચીનો. ભાઈ! તું એક વસ્તુ છો ને પ્રભુ! ચિદ્‌ઘન છો ને? જ્ઞાનઘન છો ને? એ વસ્તુ છે તારી. એમાં એક સમયની અવસ્થામાં વર્તમાનકાળમાં એટલે વર્તમાન દશામાં જ્ઞાનની શાંતિ જ્ઞાનની પર્યાયપણે થવું, આ પુસ્તક-પાના છે તો જ્ઞાનની પર્યાય થાય એમ નથી. એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- જડ છે.

ઉત્તર :- જડ છે પણ એનાથી એમ ભાસે છે ને કે એનાથી આ જ્ઞાન થાય છે. એમ નથી. તારામાં ચૈતન્યમૂર્તિ વસ્તુ છે એ પોતે જ્ઞાનની વર્તમાનકાળમાં જ્ઞાનરૂપે દશાનું થવું એ પોતાની હોવાની શક્તિરૂપ સ્વભાવ છે. સમ્યગ્જ્ઞાનની પર્યાયપણે થવું એ પોતાના સ્વભાવરૂપ હોવાની શક્તિ છે. આહાહા..!

બીજી રીતે કહીએ તો સમ્યગ્દર્શનરૂપે થવાની કાળમાં શક્તિ પણ પોતાને લઈને છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા તો જ્ઞાન ચૈતન્યસૂર્ય. એના કિરણો નીકળે, એના કિરણો નીકળે તો જ્ઞાન જાતના નીકળે. સર્ચ લાઈટમાંથી કિરણ નીકળે એ કોઈ અંધારું નીકળતું હશે? સૂરજનું કોઈ કિરણ મેલું હશે? આ સૂરજ છે એનું કોઈ હજાર કિરણનું કોઈ કિરણ મેલું હોય? એમ ભગવાન આત્મા જ્ઞાન ચિદ્‌ઘન વસ્તુ છે. તો કહે છે કે એની વર્તમાન હાલત-દશા-પર્યાય-એ જ્ઞાનની દશા થવાની શક્તિરૂપે આત્મા છે. એની અવસ્થાને થવા માટે કોઈ જગતની ચીજની અવસ્થાને મદદ કરે તો થાય એવો એ આત્મા નથી. સમજાણું કાંઈ? શું કરે હવે? ગમે તેટલું સહેલું કરે પણ હોય એવું આવે ને? એય..! નવરંગભાઈ!

અફીણ છે. તો અફીણની અવસ્થા કાળાપણે થવાની એની શક્તિ છે-કડવાશપણે. એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પોતાને કારણે કડવાશની અવસ્થા થવાની શક્તિ છે કે કોઈ બીજી ચીજને લઈને? સાકર છે સાકર. એ વસ્તુ થઈ, સાકરની પહોળાઈ છે અસંખ્ય પ્રદેશ છે અમુકમાં. અને એનું જે સાકરપણે વર્તમાન મીઠાશની અવસ્થા થાય વર્તમાન મીઠાશ. એની શક્તિપણે થવું એ પોતાને કારણે થાય. એ મીઠાશની અવસ્થા કોઈ પરને કારણે થાય એવું વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ?

એમ આત્મામાં ધર્મ કરવાની વીતરાગીદશા રૂપે સ્વકાળમાં થવાની પોતાની શક્તિરૂપ સ્વભાવ પોતાનો છે. ધર્મ એક અવસ્થા છે. ધર્મ એક પર્યાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ એમ આવે છે ને? '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' તો સમ્યગ્દર્શન એટલે કે આત્માની શુદ્ધ પર્યાય, પ્રતીતિ શુદ્ધ સ્વભાવની. કહે છે કે એ પ્રતીતિની પર્યાય થવાની પોતાની શક્તિ છે. કોઈ ગુરુથી મળતું નથી, શાસ્ત્રથી મળતું નથી અને કર્મ ગળે તો સમ્યક્રૂપે પરિણમે એવું આત્મામાં નથી. આહાહા..! કહો, નવરંગભાઈ! આહાહા..!

અથવા એમ કોઈ કહે કે આપણે તો બરાબર આહાર-પાણી બરાબર શુદ્ધ લેવા. એવો કષાય મંદ કરીને કરવું. તો એને લઈને આપણને સમ્યગ્દર્શન પરિણમે. તો કહે છે કે ભાઈ! એ વસ્તુના સ્વરૂપમાં નથી. એઈ..! આપણે નિર્દોષ આહાર, નિર્દોષ પાણી એવા ભાવ કરવા. એ ભાવને લઈને આપણા પરિણામ સુધરી જાય. તો કહે છે કે તારી માન્યતા તદ્દન મિથ્યાત્વ છે. કારણ કે એ લેવા કે દેવાની ક્રિયા તો તારી નથી પણ એમાં પરિણામ જે શુભ વર્ત્યા, એનાથી સમ્યગ્જ્ઞાનની પર્યાય થાય એવી રાગમાં તાકાત નથી. એ પોતાના સ્વભાવમાં જ્ઞાનરૂપ થઈને શ્રદ્ધા સમ્યક્ થાય એવી આત્મામાં તાકાત, પર્યાયમાં તાકાત છે. ભારે વાતું! આવો ધર્મ ક્યાંથી (કાઢ્યો)? કહે છે. મારી નાખ્યા જગતને ઊંધે રસ્તે ચડાવીને. એમાં ક્યાંય ફળ ન મળે. સંસારનું રખડવું છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે તું એક ચીજ છો કે નહિ? અને છે તો એનો સ્વભાવ શું? એની શક્તિ શું? એનો ગુણ શું? ગુણ એટલે એનો કાયમી ભાવ શું? તો કહે છે, આત્મા એનો કાયમી ભાવ જ્ઞાન છે, આનંદ છે, શાંતિ છે, સ્વચ્છતા છે, વીતરાગતા છે, પ્રભુતા છે. આવો જે વસ્તુનો દ્રવ્ય સ્વભાવ એ દ્રવ્ય પોતાથી રહે એવી તાકાત છે, એનું ક્ષેત્ર પણ અનંત ગુણનો જે પિંડ છે એનું ક્ષેત્ર પણ પોતાથી રહેવાની તાકાત છે અને એની વર્તમાન અવસ્થાનું થવું એ પોતાથી કાળપણે સ્વભાવપણે પરિણમે એવી શક્તિ છે. આ તો ટૂંકા શબ્દો છે ભાઈ! આમાં તો મહાસિદ્ધાંતો ભર્યા છે. સમજાણું કાંઈ? આ તો ૧૫મી વાર ચાલે છે વ્યાખ્યાન. આ સમયસારનું ૧૫મી વાર. આ તો ૧૬મી વાર ચાલે છે આ તો. એક વાર સર્વવિશુદ્ધ બે વાર લેવાઈ ગયું હતું ને. એક વાર લેવાઈ ગયું હતું. ભાઈ નારણભાઈએ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કહ્યું હતું.

અહીં કહે છે, આ રજકણ છે ને આ પરમાણુ આ શરીર? એ રજકણની વસ્તુ જે છે દ્રવ્ય, એ રજકણ જે દ્રવ્ય છે એ પોતાથી દ્રવ્ય છે. એનું પહોળાપણું એક પ્રદેશી પોતાથી છે અને એની અવસ્થા થવી આ રંગ, ગંધની એ પોતાને કારણે થયેલી છે. આત્માને કારણે થાતી નથી. કહો, સમજાણું કાંઈ? એ પૈસા છે ને રજકણ જડ માટી. એ રજકણ તે દ્રવ્ય છે અને એ રજકણનું ક્ષેત્ર પહોળું એક પ્રદેશી છે. અને એની અવસ્થા વર્તમાનમાં આમ આવે-જાય તે અવસ્થાનું થવું તે દ્રવ્યને કારણે છે. તે દ્રવ્યની સ્વકાળપણે એ અવસ્થા થવી એ એની શક્તિ છે. બીજો અજ્ઞાની કહે કે મેં પુણ્યના વિકલ્પ ભાવ કર્યા માટે પૈસાની પર્યાય મારી પાસે આવે છે, મિથ્યાદષ્ટિ મૂઢપણાને સેવે છે. આહાહા..! નવનીતભાઈ! આ બધા ડાહ્યા માણસનું શું કરવું આ? ડાહ્યા માણસ હોય એ પૈસા રળે. એમ કહે છે ને? શેઠી! આહાહા..! ભાઈ! તારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા છે નાથ! અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા છે. એ રજકણનો કાળ જે છે એટલે રજકણની જે અવસ્થા છે એ અવસ્થાપણે થવાની શક્તિ તેના રજકણમાં છે. અહીં આવવું-જવું એ રજકણમાં આવવાની શક્તિ છે. તારે લઈને નથી અને તારામાં એ શક્તિ નથી. આહાહા..!

આ હાથ લ્યો. હાથ છે ને? એ હાથ છે એ અંદર રજકણ છે મૂળ આ વસ્તુ રજકણ હાથમાં. અને એનું ક્ષેત્ર એક એક રજકણનું ક્ષેત્ર પ્રદેશી. હવે એની આ અવસ્થા થાય છે. આમ થઈ, આમ થઈ, આમ થાય. એ અવસ્થા તે પરમાણુના સ્વકાળે થવાની પરમાણુમાં શક્તિ છે. આત્મા એમ માને કે મારાથી થાય છે, દષ્ટિ મૂઢ અને મિથ્યાદષ્ટિ છે. અને એ મિથ્યાત્વમાં અનંતુ પાપ છે. કારણ કે આખા સત્‌ને અસત્ કરી નાખે છે એ. સમજાણું કાંઈ? માન્યતામાં હોં! ત્યાં તો થાય એ થાય છે. સમજાણું કાંઈ?

આત્મા સિવાય આ રજકણ છે, આ હોઠ છે, દાળ, ભાત, શાક છે, પાણી છે, કહે છે કે એક એક રજકણ પોતાનું દ્રવ્ય છે, એની પહોળાઈ ક્ષેત્ર છે, એની વર્તમાન અવસ્થા થવાની પરમાણુમાં રૂપાંતર કે ક્ષેત્રાંતર. આમ આઘું જવું કે રહીને રૂપાંતર થવું એવી અવસ્થાની શક્તિ તેની પર્યાયના સ્વકાળને લઈને છે. બીજો કહે કે હું આ અવસ્થાને કરું છું. (એ) અજીવને જીવ માને છે અને અસત્‌ને સત્ માને છે. સમજાણું કાંઈ? કહો, જયંતિભાઈ! કેવો આ ધર્મ હશે? આ તે કઈ જાતનો? ભાઈ! તને ખબર નથી. તારી તને ખબર નથી, પરની પણ તને ખબર નથી. પર પણ એક જગતની ચીજ છે. એ ચીજ પણ તેને સમયે, તેને થવાને કાળે, તેની અવસ્થા થવાની શક્તિએ તે અવસ્થા થાય છે. એમાં તારો અધિકાર નથી. અને તારામાં જે અવસ્થા થાય છે... અહીં તો ગુણ લેવો છે. અહીં વિકાર-ફિકાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

લેવું નથી અહીં. વિકારી આત્મા કે દી હતો? આહાહા..!

જ્ઞાનસ્વરૂપ આત્મા જ્ઞાનઘન ભગવાન આનંદમૂર્તિ આત્મા. કહે છે કે એની વર્તમાન સ્વકાળ. સ્વકાળ એટલે પર્યાય. કાળપણે હોવાની શક્તિરૂપ પોતાની પર્યાયપણે હોવાની શક્તિરૂપ જે સ્વભાવ. એ તો એનો સ્વભાવ છે. તે સ્વભાવપણા વડે સત્‌પણું છે. પોતાની જ્ઞાન, દર્શન અને આનંદની પર્યાયપણે પરિણમવાની શક્તિ વડે સત્‌ને તે સ્વભાવપણું એનું છે. કહો, સમજાય છે કે નહિ આમાં? ભાઈ! એ ધ્યાન રાખે તો સમજાય એવું છે. બાપા! સમજાવવા માટે વાત કરી છે કે સમજનારને માટે કરી છે કે ન સમજાય એને માટે કરી છે? જડને કરી છે આ જડને? આ માટી એને કરી છે? પણ એણે કોઈ દી કદર કરી નથી. નથી કદર કરી પોતાની, નથી કદર કરી પરની. જેમ જેનું થાય તેની કદર એણે નથી કરી. ના, એ મારાથી થાય. અને પોતાથી થાય તેને પરથી થાય એમ કદર કરી છે. ઊંધી કદર કરી છે. સમજાણું કાંઈ? પ્રશ્ન કર્યો હશે. ભાઈ કહેતા હતા. નહિ? રજનીશને કોઈકે. ઉપાદાન અને નિમિત્ત. એવી ધારણા .. અંદરથી પ્રશ્ન ઉઠે ખરો. એમાં કો'કના લાવેલા પ્રશ્ન કરશો નહિ.

મુમુક્ષુ :- ઉપાદાનમાં..

ઉત્તર :- કામ કરે. બિચારો પણ એવું માને... મફતનો પ્રશ્ન કરે કાંઈ સમજ્યા વિનાનો. કોની પાસે ગયો એ? ઉપાદાન-નિમિત્ત ત્યાં ક્યાં હતા? બે ચીજ જ ક્યાં હતી? એ તો અજ્ઞાનદશામાં આમ ને આમ વિકલ્પ કરે. મૂઢ છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

અહીં તો એ કહે છે કે જડની સમય સમયની જે પર્યાય થાય-અવસ્થા થાય-તે તેના સ્વકાળની પર્યાયની શક્તિ વડે તે થઈ છે. એમ આત્મામાં દર્શન, જ્ઞાન અને શાંતિનો ધર્મરૂપી પર્યાય પ્રગટ થાય. વિકાર તો આત્મા છે નહિ એટલે એને પ્રશ્ન ગણ્યો નથી. સમજાણું કાંઈ? એ તો પરદ્રવ્યથી જ્યારે ભિન્ન બતાવવું હોય ચતુષ્ટયમાં ત્યારે પોતાનો વિકાર પોતાને કારણે છે, પરને કારણે નથી. પણ એ ચીજ તો પરથી ભિન્ન પાડવાની છે. અહીં તો રાગથી ભિન્ન પડેલી ચીજ આવી છે વસ્તુ. વસ્તુ આવી છે એમ સિદ્ધ કરવી છે. સમજાણું કાંઈ?

અરે..! ભગવાન! તું તો જ્ઞાનસ્વરૂપ છો ને પ્રભુ! તું આનંદસ્વરૂપ છો. અતીન્દ્રિય આનંદના રસવાળું તત્ત્વ છો. તો એવા તત્ત્વની વર્તમાન અવસ્થા એટલે હાલત એટલે પર્યાય કેવી થાય? એ સ્વકાળે તેને આનંદ અને જ્ઞાનની અવસ્થારૂપે થવું એ તો પોતાની શક્તિનો સ્વભાવ છે. આહાહા..! એ વર્તમાનમાં આનંદ અતીન્દ્રિય આનંદપણે થવું એ સ્વકાળની શક્તિનો સ્વભાવ છે. રાગપણે થવું ને પરને થવું ને પરપણે થવું, પરનું કરવું અને પરપણે થવું એ તારો સ્વભાવ ત્રણ કાળમાં નથી એમ કહે છે. ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, '**પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-**' અહીં તો હજી કાળ સુધી આપણે આવ્યું છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પોતાની જે અવસ્થા છે-હાલત-એ પોતાની અવસ્થા એ પોતાનું લેવું છે ને? રાગ એ પોતાની અવસ્થા નથી. શરીરાદિ અને પરાદિની અવસ્થા તો પોતાની નથી. આ બાયડી, છોકરા ને કુટુંબને મકાન ને પૈસાની અવસ્થા તો આત્માની નથી અને આત્માથી થઈ નથી. પણ પુણ્ય-પાપના વિકાર આત્માની અવસ્થા નથી અને આત્માથી થઈ નથી. અહીં તો એમ સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! સમજાય એવું છે પણ તું લક્ષ કરને. લક્ષ કર અને ન સમજાય એમ વાત હોઈ શકે નહિ. આહાહા..! ત્રણ કાળનું જ્ઞાન લઈને પડ્યો છે ને તને આવું એક સમ્યગ્જ્ઞાન ન થાય એ કેમ શી રીતે નકાર તું કરી શકીશ? સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા એનામાં પોતાના કાળ હોવાની, પોતાના કાળરૂપે હોવાની એટલે પોતાની વર્તમાન અવસ્થારૂપે હોવાની શક્તિરૂપ જે સ્વભાવ, તે સ્વભાવ વડે પોતે સત્ છે. આહાહા..! શું કીધું? ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પ વિનાનો, કર્મ, શરીર વિનાનો, સ્વભાવ સહિતવાળો એવું સ્વરૂપ જે છે એમ જ્યાં દૃષ્ટિ થાય ત્યારે તે સ્વભાવ તે વર્તમાન અવસ્થાપણે, સમ્યગ્દર્શનપણે, સમ્યગ્જ્ઞાનપણે, સમ્યક્ શાંતિપણે, આનંદપણે, સ્વચ્છતાપણે, પરમેશ્વરની પર્યાયપણે પરિણમવાની સ્વકાળની શક્તિ પોતાના સ્વભાવને કારણે છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

દરિયામાં ભરતીની પર્યાય થવાની દરિયાની શક્તિ છે કે પવનની છે કે માટીની છે? દરિયો પાણીથી ભર્યો છે ને પાણી? તો એ પાણીની ભરતી થવાની અવસ્થાની શક્તિ સ્વભાવની પોતાને કારણે છે. પવનને કારણે નહિ, બહારના પાણીને કારણે નહિ. વરસાદના પાણી પડે અંદર એ કારણે એની ભરતીની અવસ્થારૂપે શક્તિ થાય એવું દરિયામાં નથી. ભારે!

એમ ભગવાન આત્મા ચૈતન્યરત્નાકર દરિયો છે. પણ ઈ દરિયાનું માહાત્મ્ય એને આવે. ચૈતન્ય રત્નાકર. ભગવાન ચૈતન્ય રત્નાકર, વસ્તુ જે છે જ્ઞાન રતન, દર્શન રતન, ચારિત્ર રતન. બધા રતન એટલે ઊંચી ચીજ કહેવાય છે ને બહારમાં? આ પુત્રરત્ન નથી કહેતા? નર રતન ને સ્ત્રી રતન નથી આવતું આ ચક્રવર્તીમાં? સ્ત્રી રતન. રતન એટલે ઊંચી ચીજ દુનિયાની. એમ. આ તો મોટો રતન ભગવાન છે. જ્ઞાન રતન, દર્શન રતન, ચારિત્ર રતન અને આનંદ રતન, સ્વચ્છતા રતન, પ્રભુતા રતન. એવા અનંતા રતનનો ગંજ એ આત્મા છે. એવા અનંતા રતનના ગંજપણે, વર્તમાનપણે પરિણમવાની પોતાને કારણે શક્તિ છે. આહાહા..! હજી તો આ પર્યાય ધર્મની થાય તો આમ થાય, આમ થાય તો આમ થાય. એ કર્મ ગળે, મિથ્યાત્વ ટળે તો સમકિત થાય. કેવળજ્ઞાનાવરણીય ગળે તો કેવળ થાય. અરે..! ભગવાન શું કહે છો તું આ? ભાઈ! વસ્તુના સ્વરૂપમાં એમ નથી. એ આત્મા સ્વકાળે જ્યારે કેવળજ્ઞાનપણે પરિણમે એ પોતાની પર્યાયની સ્વકાળની શક્તિથી પરિણમે છે. આહાહા..! આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સંહનન મજબૂત છે અને હાડકા આ છે માટે સ્વકાળપણે પરિણમે છે, એના અનંતા ગુણોની વર્તમાન અવસ્થા-દશાપણે થાય છે એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ? સમજાય એવું છે હોં! પણ પહેલું માથુ મગજમાં એને એમ લાગે કે આ તો મને ઝીણું લાગે. એ ઝીણી વાત આપણને સમજાય નહિ એ શલ્ય એને સમજવા દે નહિ.

ભાઈ! તું આવો છો એટલે એવો તને જણાવે છે. ઉઘાડો કરીને તને બતાવે છે. ઉઘાડો એટલે? કર્મ અને શરીર વિનાનો અને પુણ્ય-પાપ વિનાનો. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા.. કહો, નવરંગભાઈ! ઉઘાડો પ્રભુ ચૈતન્યમૂર્તિ છે. અહીં તો જ્ઞાનવાન જ કીધો છે. જ્ઞાનવાન એટલે જ્ઞાન જેનું રૂપ છે. શ્રદ્ધાવાન-સમ્યક્ જેનું રૂપ છે. આનંદવાન-આનંદ જેનું રૂપ છે. એવા જ્ઞાનની સાથે બધા અનંતા ધર્મો લઈ લેવા. જ્ઞાનમાત્ર કહ્યો છે. પણ જ્ઞાનમાત્ર કહેતા અનેક ધર્મોની સિદ્ધિ એમાં થાય છે. એક જ ધર્મની સિદ્ધિ થાય અને એકાંત છે એમ નથી. એ વાત તો અહીં સિદ્ધિ કરે છે. સમજાણું કાંઈ?

પોતાના કાળથી હોવાની શક્તિરૂપ. ઓહોહો..! શું શાસ્ત્રકાર! એ થોડા શબ્દમાં ત્રણ કાળને રહેંસી નાખીને એકલી (શુદ્ધ) પર્યાય પોતાથી થાય એમ સિદ્ધ કરે છે. આ કષાયની મંદતા હતી તો અહીં સમ્યગ્દર્શનની પર્યાય પરિણમી એમ વસ્તુમાં નથી એમ કહે છે. કારણ કે એ વસ્તુ પર છે. એનાથી ભિન્ન છે. સમજાણું કાંઈ? આ તો નિમિત્તથી થાય અને વ્યવહારથી થાય એના ભુક્કા ઉડે છે આમાં. આહાહા..! કહો, ચંદુભાઈ!

ભાઈ! તારામાં અનંતા ગુણો જે જ્ઞાન-દર્શન-આનંદ આદિ છે એના સ્વકાળે વર્તમાન અવસ્થાએ, વર્તમાન પર્યાયે, વર્તમાન દશાએ તે રૂપે થવાની શક્તિ હોવાથી તારો તે સ્વકાળે થવાનો સ્વભાવ જ છે. એમાં કોઈની અંદર અપેક્ષા છે નહિ. આહાહા..! જુઓને! આમાં તો વ્યવહારરત્નત્રય છે તો નિશ્ચયરત્નત્રય પરિણમે એમ અહીં અપેક્ષા જ નથી. ગજબ કરે છે! વ્યવહારરત્નત્રય પહેલું, નિશ્ચયરત્નત્રય પછી. એમ કહે છે. વ્યવહાર શુભરાગ ઉપાદાન અને એનું પરિણમન પછી નિશ્ચય દશા થાય. એ ઉપાદાન ફરી આ થાય. આગળ... સમજ્યાને? કહે છે ને કાંઈક? ચોથેથી શુભ ઉપાદાનનું થઈને શુદ્ધ થાય છે. એ શુભ ઉપાદાન પલટીને શુદ્ધ થાય છે. આહાહા..! બહુ કરે છે પણ આ. કેમ સાંખ્યું જાય જગતમાં? એ.. નવરંગભાઈ!

મુમુક્ષુ :- કુદરત ના

ઉત્તર :- કુદરત નહિ સાંખે ભાઈ! અને કોપ પડશે તારા ઉપર. વીતરાગની વાણીનો કોપ પડશે. આવે છે ને ભાઈ ઓલા અનેકાંતમાં? એ જ અહીં સ્યાદ્વાદ આવે છે. અનેકાંતનો કોપ તારા ઉપર છે. ભગવાનની વાણી અને વસ્તુનું સ્વરૂપ અનેકાંત છે. પોતાથી છે, પરથી નથી એવા અનેકાંતનો કોપ તારા ઉપર છે. એમ કહે કે રાગ છે, પુણ્ય છે તો અહીં મારી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પર્યાય ધર્મપણે પરિણમે (એમ માન તો) કોપ છે તારા ઉપર. સમજાણું કાંઈ? અનંતા કેવળીઓનો તું અનાદર કરે છો. એટલે કે તારા ત્રિકાળ ગુણની સ્વતંત્ર થવાની શક્તિનો તું નકાર કરે છો. સમજાણું કાંઈ? આવી ભારે વાત, ભાઈ! આ વળી કહે, દયા પાળે તો ધર્મ થાય, પૂજા કરે તો ધર્મ થાય, ભક્તિ કરે તો ધર્મ થાય, જાત્રા કરે તો ધર્મ થાય. ધૂળેય ન થાય. સાંભળ કહે છે.

મુમુક્ષુ :- દયાની તો વાત ચાલે છે.

ઉત્તર :- એ દયા ને ભક્તિ ને પૂજા એ તો શુભ વિકલ્પ છે. એ તો તું નથી એમ સિદ્ધ કરવું છે અહીં તો. તું નથી તો તેનાથી તે થાય? તું જે રૂપે હોય એનાથી થાય. નવરંગભાઈ! આહાહા..!

ભગવાન! તું તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસૂર્ય છો ને. તો ચૈતન્યના સૂર્યના કિરણનું વર્તમાન સ્વકાળનું થવું એ તો તારી શક્તિને લઈને, સ્વકાળને લઈને થાય છે. પરને લઈને નહિ. આહાહા..! માગે.. માગે.. માગે... માગણ છે ને માગણ. ચક્રવર્તીએ વાઘરણ રાખી હોય ને તો વાઘરણને ટેવ પડી ગયો હોય. ગોખલામાં દાણા નાખે ઓલા.. ટૂકડા નહિ ઓલું નાખે દાંતણ. થોડા દાંતણ, થોડા રૂપિયા મૂક્યા હોય ત્યાં. એય.. મા-બાપ! વાઘરણ પહેલા બહુ આવતો. હવે પૈસા થઈ ગયા. નહિતર ઘરે ઘરે દેવા આવે. એને .. ટેવ પડી ગઈ તો ચક્રવર્તીએ રાખી ઘરે. સાંજે કોઈ ન હોય ત્યારે થોડો .. ગોખલામાં મૂકે. પછી મૂકે ઓલા દાંતણ પાંચ. એ... મા-બાપ થોડો રોટલા આપજો. લઈ લે ત્યારે હખ આવે. એમ આ ભિખારી થઈ ગયો. પણ તારામાં ક્યાં કમી છે તો તું માગે છે પરથી? કાંઈક દેહની ક્રિયા હોય તો થાય, રાગ મંદ હોય તો થાય. એમ નથી તારામાં. આખું ધર્મ ચક્ર બદલે છે અંદરમાં. ધર્મરૂપી સ્વભાવનું ચક્ર પોતાને કારણે પર્યાય પરિણમે છે કહે છે. આવો ચક્રવર્તી તું ને જ્યાં ત્યાં માગે. 'ધમ્મ-વરચાઉરંત-ચક્કવટીણં' આવે છે ને? નમોત્થુણં કર્યું હતું કે નહિ પહેલા? ભૂલી ગયા? ભૂલી ગયા હવે. નમોત્થુણંમાં નથી આવતું? 'ધમ્મ-વરચાઉરંત-ચક્કવટીણં, દીવોતાણં, સરણગઈપઈઠ્ઠા' દીવે ટાણે સંઘવી પીટ્યા. નમોત્થુણમાં એક આવે છે. નમોત્થુણં. શ્વેતાંબરમાં બહુ આવે. આપણે પણ આવે છે પણ.. અર્થની ખબર ન મળે કાંઈ. પછી એવું આવ્યું 'દીવોતાણં' હે નાથ! આપ તો દ્વીપ સમાન છો, દ્વીપમાં પ્રાણ શરણ છો. જેમ દ્વીપ હોય તો એને એમ લાગે કે તરવું હોય તો નીકળી શકાય એમાંથી. 'દીવોતાણં, સરણગઈપઈઠ્ઠા' શરણરૂપ છો, આધારરૂપ છો, પ્રતિષ્ઠારૂપ. બધાનો આધાર આપ છો. ઓલા અર્થ ન આવડે એટલે દીવા ટાણે સંઘવી પીટ્યા. આવા ને આવા સામાયિક કરનારા. પોષા ને સામાયિક કરે. હજી અર્થની ખબર ન મળે એ કે દી શીખે, સમજે અને..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સામાયિક થઈ ગઈ હવે, લ્યો. ઘડિયાળું ઘડિયાળું હોય ને? પહેલા ઘડિયાળું મૂકતા. રેતી પડે. અમારા ઘર પાસે હતા એક મામા-મામી. કરે સામાયિક. અરે..! ભગવાન! સામાયિક કહેવી કોને તને ખબર ન મળે. ક્યાં આસન નાખવા અને ક્યાં સ્થિર થવું એની તને ખબર નથી. સામાયિક ક્યાંથી આવી તને?

અહીં તો કહે છે, સામાયિક એવી વીતરાગ પર્યાય. એની સ્વકાળે દ્રવ્યમાંથી આવવાની શક્તિ પોતાને કારણે છે. કોઈ વિકલ્પ ઉઠ્યો અને ક્રિયા થાય માટે આવવાની શક્તિ આત્મામાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ એનું જ્ઞાન અને નિર્ણય તો કરે કે આ વસ્તુ (છે). નિર્ણયના ઠેકાણા ન મળે અને ચારિત્ર ને વ્રત આવી ગયા એની પાસે. મૂલચંદભાઈ! જરી કઠણ વાત છે ભાઈ! પૂર્વનું ઓગાળીને વમન કરવું એ કઠણ પડે ભારે. રેચ લેવો પડે રેચ સરખો. નવનીતભાઈ! આહાહા..!

ભગવાનના સિદ્ધાંતો સંતોની કથનીમાં દિગંબર મુનિઓ એ ધર્મના થાંભલા! જેને ધર્મ શું ચીજ છે? એને જાહેર-પ્રસિદ્ધ કરીને કેમ પ્રસિદ્ધ થાય તેના પડકાર કર્યા છે. પ્રસિદ્ધ કરીને પ્રસિદ્ધ કેમ થાય તેનો ઉપદેશ કર્યો છે. આહાહા..! ભાઈ! તારી શાંતિ એટલે ધર્મ, સમ્યગ્દર્શન, સમ્યક્ શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર, આનંદ, વીર્ય એ બધો અમૃતનો પર્યાય જે છે એ તારા દ્રવ્યની પોતાની તે સમયે અવસ્થા થવાની શક્તિવાળો તું છો. એને નથી પૂર્વની પર્યાયનો આધાર, નથી નિમિત્તનું કારણ. અહીં તો વર્તમાનપણે સ્વકાળમાં પરિણમનનો શક્તિવાળો પોતે છે લ્યો! ઓહોહો..! વર્તમાન. આ તો બીજું આવી ગયું, ભાઈ!

જેમ કેવળજ્ઞાન થાય. તો કેવળજ્ઞાન પૂર્વે ચાર જ્ઞાન હતું માટે આ કાળે કેવળજ્ઞાન (થયું) એમ નથી. એમ કહે છે. એમ નથી. એય..! આ તો વર્તમાન સ્વકાળે તે કેવજ્ઞાનપણે પરિણમવાની શક્તિને લઈને કેવળજ્ઞાનપણે પરિણમે છે. પૂર્વે મોક્ષમાર્ગ હતો તો મોક્ષરૂપી પર્યાયે પરિણમે એમ છે નહિ. સમજાણું કાંઈ? ભારે! શું કહેવાય? માંડવાળ કરવી પડે. માંડવાળ નથી કહેતા? માંડવાળ. બધું માંડવાળ ફેરફાર કરવો પડે આખો. મોક્ષમાર્ગથી મોક્ષ થાય એમ ના પાડે છે અહીં તો લ્યો. ઈ પણ ના પાડે છે. એય..! રાગથી તો નહિ, નિમિત્તથી તો નહિ, સંહનનથી તો નહિ, માણસથી તો નહિ. એય..! શેઠી! આહાહા..!

કહે છે, ભગવાન! તારી વર્તમાન દશા જે અવસ્થા થાય એ રૂપે તારી પોતાની તે કાળની યોગ્યતાની શક્તિને લઈને થાય છે. રાગને લઈને નહિ, પરને લઈને નહિ, તારી પૂર્વની અવસ્થાને લઈને નહિ. એ સ્વની અવસ્થા થવાની પોતાની શક્તિ યથાર્થ સ્વતંત્ર છે. દ્રવ્યને લઈને કહેવું એ વ્યવહાર છે. એ દ્રવ્ય પણ પર્યાયની દાતા નથી. આહાહા..! અહીં તો .. વર્તમાન પર્યાય એ સત્ છે. એ જ રૂપે સત્ય છે. સત્ય કહેવું છે ને? એ રૂપે પર્યાયપણે થવું એ પર્યાયનું

સત્ છે, એ સત્ છે. પરની અપેક્ષા છે નહિ. સમજાણું કાંઈ? કાંઈક સુખી હોઈએ, પૈસા-બૈસા હોય, સાધન હોય તો ધર્મ કરી શકીએ. મૂઢ છો. સુખી કોને કહેવો તને? સુખરૂપ તું છો. જ્ઞાનરૂપ છો એમ સુખરૂપ છો. હવે એની અવસ્થામાં સુખરૂપ અને આનંદરૂપ થવું એ તો તારા પોતાના સ્વકાળની પર્યાયની લાયકાતથી આનંદ અને સુખરૂપ થાય છે. પરના અનુકૂળ સાધન મળ્યા માટે થાય છે એમ છે? કહો, સમજાણું? કે શરીરનું વજ્રનારાચ સંહનન હોય તો કેવળજ્ઞાન થાય. અહીં ના પાડે છે. લે. ત્યાં એમ કહે, વજ્રનારાચય સંહનન જોઈએ કેવળજ્ઞાન વખતે. સાંભળને! એમ નથી કહ્યું. એ તો હોય ત્યારે શું નિમિત્ત હતું એનું જ્ઞાન કરાવ્યું છે. ભારે વાતું ભાઈ!

અહીં તો કહે છે, તારા પંચ મહાવ્રતના પરિણામ હોય ને દયા, દાનના કદાચિત્ શુભરાગ. એનાથી ધર્મની પર્યાય પરિણમતી નથી. ધર્મની અરાગી પર્યાય તો સ્વકાળ જ્ઞાનમાત્ર વસ્તુ છે એવી દૃષ્ટિ આપતા તે કાળે તે પર્યાયને નિર્મળપણે પરિણમવાની શક્તિથી પરિણમી રહ્યો છે. આહાહા..! રાગની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી, આ પૂર્વની પર્યાયની વર્તમાન સ્વકાળ પરિણમવામાં શક્તિ ... ભાવની નથી, વર્તમાન સ્વની શક્તિ છે. આહાહા..! શશીભાઈ! આવું છે, બાપુ! તત્ત્વ આવું છે. એ તત્ત્વને દૃષ્ટિમાં લીધા વિના જેટલી માથાફોડ કરે એ બધી મફતમાં જશે એને. ભગવાન... ભગવાન કરે, ણમો અરિહંતાણ.. ણમો અરિહંતાણં માળા ગણો માળા. આજે ગયા હતા ને તો એક માળા હાથમાં લઈને પછી જાત્રા ઉપર ઉપર માળા ગણે. વળી આમ રાખે આમ એટલે બીજા દેખે કે ઓહો..! પણ સાધુ છે તું? તો હેઠે જોઈને ચાલવું જોઈએ. એને ઠેકાણે માળા ગણે. હવે તારી ઈર્યા સમિતિ ક્યાં ગઈ? તારું માળા ગણવું ક્યાં? આ તો બધું ફોગટ જાય છે તારું. થાય છે ને માથે? માળા ગણે.

મુમુક્ષુ :- વાક્ય સાંભળતો જાય અને માળા ગણતો જાય.

ઉત્તર :- હા. બે કામ કરે. ભાઈ! તું ક્યાં થઈ રહ્યો છો એની તને ખબર નથી અને તને થાય કે મને ધર્મ થાય છે.

ભાઈ! તું તો છો જ્ઞાન અને આનંદરૂપ. તું તો છો જ્ઞાન અને આનંદરૂપ. એની અવસ્થા વર્તમાન થવાને કાળે તેની અવસ્થા થાય એવો તું છો. આહાહા..! વાહ રે વાહ! પરમાત્માનું કથન તો જુઓ! સમજાય છે? પરમાત્મા પ્રસિદ્ધ કરે છે ભાઈ! પરમાત્માની પર્યાયની પ્રસિદ્ધિ સ્વકાળે થવાની શક્તિથી થાય છે. પરને કારણે નહિ. કે ભાઈ! આ પાંચમો આરો નથી માટે કેવળજ્ઞાન નથી. ના. એમ કોણે કહ્યું તને? પોતાની કાળના સ્વકાળની પર્યાયની પરિણતિની યોગ્યતા નથી માટે થતી નથી. આ એમાં ઈ છે. ભાઈ નવનીતભાઈ! આ બધું સ્વકાળ.

આહાહા..! પરકાળ નડે છે તને? કહે ના. પરકાળ કોને નડે? કોણે કીધું તને? કોણે તને કીધું? પાંચમે આરે કેવળ ન થાય એમ કહ્યું કોણે? આરાને લઈને ન થાય એમ કહ્યું કોણે? ભગવાન તો એમ ના પાડે છે. ભગવાન તો કહે છે, સ્વકાળની પર્યાય થવાની જે લાયકાત છે તેનાથી થાય છે. એવો સ્વકાળે કેવળજ્ઞાન થવાની લાયકાત તારામાં નથી માટે થતી નથી. કહો, નવરંગભાઈ! આહાહા..! પોતામાં દ્રવ્ય, પોતાનું ક્ષેત્ર અને પોતાના કાળે, પોતાનો કાળ. એમ. એ હોવાની શક્તિરૂપ જે સ્વભાવ. એ હોવાની શક્તિરૂપ જે સ્વભાવ. વર્તમાન દ્રવ્યનો સ્વભાવ કાળપણે સ્વકાળપણે પરિણમવું એ એની શક્તિનું સ્વરૂપ છે. એ વડે '**સ્વભાવવાનપણા વડે સત્‌પણું છે,...**' એ પર્યાયનું તે પણે થવું તે રીતે તે સત્ છે. સમજાણું કાંઈ?

હવે રહ્યો ચોથો ભાવ. '**પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે હોવાની શક્તિરૂપ જે સ્વભાવ...**' આત્મામાં જ્ઞાન-દર્શન અને આનંદરૂપી જે ભાવ છે પડ્યા પાથર્યા એ રૂપે હોવાની ભાવરૂપે હોવાની રહેવાની શક્તિ પોતાને કારણે છે. એ ભાવનું રહેવું કોઈ પરને કારણે નથી. આત્મામાં વસ્તુ છે એમાં જ્ઞાન પાથરેલું છે આમ અસંખ્ય પ્રદેશે. દર્શન, આનંદ એવા અનંત ગુણો. એવા ભાવરૂપે હોવાની, ભાવરૂપે રહેવાની પોતાની શક્તિના સ્વભાવ વડે પોતે ભાવ રહેલા છે. એ ભાવો રહ્યા છે કોઈને કારણે નહિ. કહો, સમજાય છે કાંઈ?

ભગવાન આત્મામાં-વસ્તુ છે એમાં જે જ્ઞાન-દર્શન-આનંદ આદિ જે અનંત ગુણો છે અનંત આનંદ એ રૂપે હોવાનું સામર્થ્યરૂપે પોતે પોતાને કારણે ભાવ રહ્યા છે. નિર્મળ પર્યાય પ્રગટે છે માટે ભાવ રહ્યા છે એમ પણ નથી એમ કહે છે. નિર્મળ પર્યાય પ્રગટે તો ભાવરૂપે હોવાવાળું છે એમ નથી. ભાઈ! ભગવાન આત્મા મહિમાવાળા જે ગુણો છે અંદર એ રૂપે હોવાપણાની શક્તિના સ્વભાવપણા વડે પોતે રહેલો છે. એ ભાવને રહેવા માટે કોઈની અપેક્ષા છે નહિ. આહાહા..! દ્રવ્ય વસ્તુને રહેવાની કોઈની અપેક્ષા નથી. તેને અસંખ્ય પ્રદેશી રહેવાને માટે કોઈની અપેક્ષા નથી. તેની વર્તમાન અવસ્થા થવાને કોઈની અપેક્ષા નથી, એમ ત્રિકાળ-ભાવને રહેવાની કોઈની અપેક્ષા નથી. ઓહોહો..!

કેવળજ્ઞાન હોય તો પણ અનંતા ભાવરૂપે રહેવાની શક્તિથી ભાવ રહેલા છે. અલ્પ જ્ઞાન હો મતિ આદિ તો પણ અનંતા ભાવ પોતાના ભાવરૂપે રહેલાના સ્વભાવ વડે ભાવ છે. સમજાણું કાંઈ? અહીં તો જ્ઞાનમાત્ર લેવું છે ને. મલિન પર્યાયની અહીં વાત છે જ નહિ. નિર્મળ પર્યાય થોડી હો સ્વકાળે તો પણ અનંતા ભાવરૂપે રહેવાનો પોતાના સ્વભાવને કારણે ભાવ રહેલા છે. એમાં કાંઈ ફેરફાર છે નહિ. અને કેવળજ્ઞાન થઈ જાય આત્મામાં તો પણ અનંતા ભાવ પોતાને કારણે રહ્યા એવો શક્તિનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

'**પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે હોવાની શક્તિરૂપ જે સ્વભાવ તે સ્વભાવવાનપણા**

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**વડે...**' તે સ્વભાવવાન. તે સ્વભાવનું રૂપ જ એનું છે એવું. એ દ્વારા સત્‌પણું છે. એ દ્વારા પોતે સત્ છે. પોતાના દ્રવ્યથી સત્ છે, ક્ષેત્રથી સત્ છે, સ્વથી સ્વકાળથી સત્ છે અને ભાવથી સત્ છે. આ એક ભાંગો કહ્યો, લ્યો. એકના ચાર કહ્યા. એમાં હવે નાસ્તિના વિશેષ લેશે....

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**મહા વદ ૧૩, સોમવાર તા. ૨૬-૨-૧૯૬૮**
**પરિશિષ્ટ, પ્રવચન-૪૯૯**

સમયસાર, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. એટલે શું? આ સમયસાર એટલે આત્મા. આ આત્મા છે એનો જ્ઞાનસ્વભાવ છે. મુખ્યપણે જ્ઞાનસ્વભાવ. એની સાથે અનંત સ્વભાવો છે. આત્મા છે એ વસ્તુ છે. આ શરીર, રજકણ, કર્મ એનાથી તદ્દન જુદી ચીજ.

મુમુક્ષુ :- કર્મથી જુદો?

ઉત્તર :- કર્મથી તો જુદો પણ પુણ્ય-પાપના વિકલ્પ રાગ છે એનાથી જુદો. એને અહીંયા આત્મા કહેવામાં આવે છે. આત્મતત્ત્વનું...

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે ને. જેને આત્મા કહીએ. એ તો જ્ઞાન ચૈતન્યસૂર્ય સ્વભાવસ્વરૂપ આત્મા છે. એ સર્વવિશુદ્ધ જ્ઞાનમૂર્તિ આત્મા છે. એમાં નથી કર્મ, નથી શરીર, નથી વાણી. નથી પુણ્ય-પાપના વિકલ્પ નામ રાગ એમાં નથી. તો જેને આત્માનું સાચું શ્રદ્ધા અને સાચું જ્ઞાન કરવું હોય એણે આત્માને જ્ઞાનમય માની, વિકાર વિનાનો માની અને આત્માનો અનુભવ અને દૃષ્ટિ કરવી જોશે. પોપટભાઈ! ઝીણું બહુ છે આ. જૂના માણસને આકરું લાગે. નહિ લાગે?

આ આત્મા છે. આ તો સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ પરમાત્માએ જે જ્ઞાનમાં-કેવળજ્ઞાનમાં આત્માને, અનંત આત્માને જોયા, એ માહ્યલો આત્મા કેવો છે એમ એનું વર્ણન કર્યું. અને એ વર્ણનમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે આત્મા કેવો છે એનું વર્ણન ચાલે છે. આવી વાત સર્વજ્ઞ પરમાત્મા સિવાય કોઈ સ્થાનમાં, કોઈ સંપ્રદાયમાં ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આ તમારા આવ્યા. સમજાણું કાંઈ? દિલીપભાઈ! કોઈ કહે કે આ રમણ ઋષિમાં આમ છે ને ઓલા રજનીશમાં આમ છે ને ઢીકણામાં આમ છે ને ફલાણામાં.. નવનીતભાઈ! અરે.. ભગવાન! તને ખબર નથી. બાપુ! આ તો સર્વજ્ઞ પરમેશ્વર, જેણે એક સેકંડના અસંખ્યભાગમાં ત્રણકાળ ત્રણલોક જોયા. એવો આત્મા કેવો એ પરમાત્માએ જોયો, પ્રગટ કર્યો એણે આ કહ્યું છે. એ વાત બીજે ક્યાંય હોઈ શકે નહિ. જેનામાં-જે સંપ્રદાયમાં સર્વજ્ઞપણું નથી તે બધા કથનો કરે એ બધા વિપરીત અને ઊલટા જ હોય છે. બાહ્ય દૃષ્ટિએ એને સારા લાગે. ઉપરટપકે ઉપર દૃષ્ટિએ સારા લાગે. પણ ઊંડાણ જોતા...

તળાવનો દૃષ્ટાંત આપ્યો છે ને શ્રીમદ્દે? તળાવનું પાણી કાંઠે અને મધ્યમાં ઉપર સરખું લાગે. ઉપર સપાટી જોતાં સરખુ લાગે. પણ માપ કરવા જાઓ તો કાંઠેથી મધ્યમાં ઘણો ફેર હોય છે. સમજાણું કાંઈ? એમ કેટલાક અજ્ઞાનીના વાક્યો જાણે કે આ વીતરાગના માર્ગ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જેવા હોય એવા ઉપરટપકે લાગે. મકનભાઈને લઈને આવ્યું. એમના ભત્રીજાને લઈને. ઈ કહે કે રમણ ઋષિનું ફલાણું છે. ભાઈ! તમને ખબર નથી, પ્રભુ! આ તો વસ્તુની સ્થિતિનું વર્ણન છે. ઓલો કહે, આ વેદાંત છે ને આમ છે. એમ ક્યાંય નથી, ભાઈ! તને ખબર નથી. અહીં તો અનંતા આત્માઓ છે, અનંતા પરમાણુઓ છે, અસંખ્ય કાલાણુઓ છે, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ છે. એવા અનંતા છ વસ્તુ છે એને જાણવાની આત્મામાં જ્ઞાનની એક સમયની અવસ્થાની તાકાત છે. એવો એક સમયની અવસ્થા છ દ્રવ્યને જાણે એવો એક સમયનો પર્યાય છે. એવી અનંતી પર્યાયનો ગુણ છે અને એવા અનંતા ગુણનું દ્રવ્ય છે. એવી વ્યાખ્યા સર્વજ્ઞ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. ભાઈ! સ્વરૂપચંદભાઈ!

મુમુક્ષુ :- આમ નક્કી કરવું જોઈશે?

ઉત્તર :- આમ નક્કી કરવું પડશે. જેને હિત કરવું હોય અને ધર્મ કરવો હોય તો. અનંત કાળથી રખડે છે. કંઈકના કંઈક સંપ્રદાય પોતાની કલ્પના માની ધર્મનું સ્વરૂપ વિકૃત માની અને રખડે છે. એ વાતનો અહીં માલ વર્ણવ્યો છે ભગવાને. જરી છે સૂક્ષ્મ અત્યારે. સમજાણું?

ભાઈ! તું ભગવાન છો. અહીં સર્વવિશુદ્ધજ્ઞાનસ્વરૂપ છો. તું એકલો સર્વવિશુદ્ધજ્ઞાનસ્વરૂપ છો. એવા એવા અનંત આત્માઓ છે. સમજાણું કાંઈ? અને અનંત આત્મા કરતાં અનંતગુણા તો આ પરમાણુ માટીના રજકણોની સંખ્યા છે. આ છે ને જડ? એના કટકા કરો તો અનંત થાય. એવા એવા જેટલી જીવની સંખ્યા છે એથી અનંતગુણી રજકણની સંખ્યા છે. અને એ બધાને જાણવાની શક્તિ એક આત્માની એક સમયની પર્યાયમાં છે. પર્યાય એટલે અવસ્થા. પર્યાય એટલે એક સમયની દશા. એક જ્ઞાનગુણ જે આત્મા છે ત્રિકાળ એની એક સમયની અવસ્થા. એ અવસ્થા એના શક્તિમાં પડી છે. શક્તિનો અનંત અવસ્થાનો પિંડ એ છે. અનંત અવસ્થાનો પિંડ જ્ઞાનગુણ છે. એ જ્ઞાનગુણની અવસ્થાની એક સમયની પર્યાયમાં અવસ્થામાં ત્રણ કાળ ત્રણ લોકના અનંત દ્રવ્યને જાણવાની તાકાત છે. આવો આત્મા એક સમયમાં છે એવો જે ન માને અને આત્મા આત્મા કરે એ બધા આત્મા નથી પણ અનાત્મા છે. એ.. મૂલચંદભાઈ! વાતું કરે, આત્મા આમ છે અને આત્મા આમ કરો, વિકલ્પ તોડો. શું વિકલ્પ તોડે? ધૂળ તોડે? તને કંઈ વસ્તુની જ ખબર નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ છે. અહીં સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છે. તો એનો જ્ઞાનસ્વભાવ છે, સ્વભાવ. સ્વભાવ અને આત્મા બેય અભિન્ન છે. પણ એ અભિન્ન છે એમાંથી આ સર્વવિશુદ્ધજ્ઞાન છું એવો જ્યારે નિર્ણય કરે છે ત્યારે તેને સમ્યક્ પર્યાય દ્રવ્યમાંથી પ્રગટ થાય છે, શાંતિ પ્રગટ થાય છે, આનંદ પ્રગટ થાય છે, સ્વચ્છતા પ્રગટ થાય છે, અસ્વચ્છતા અને દુઃખની દશાનો નાશ થાય છે. એને સમ્યગ્દર્શન અને ધર્મ કહીએ. સમજાણું કાંઈ? એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જરી ઝીણું તત્ત્વ છે, ભાઈ! જગતને વીતરાગનો માર્ગ, સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા તત્ત્વનો માર્ગ એને સમજવો બહુ પ્રયત્ન માગે છે. અનંતા જન્મ-મરણ ગાળવાની વસ્તુ.. આહાહા..! એ તે કાંઈ.. સમજાય છે? અને બહારના જીવો બધું આમ માને કે આત્મા આમ છે, ભગવાન આમ છે. પણ પાછો આત્મા રાગથી ક્રિયાથી લાભ થાય એમ માને તો એ આત્માને માન્યો નથી. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જુદો માન્યો. રાગ હજી તો. શરીર તો જુદું. શરીરની ક્રિયા આમ આમ થાય ઈ મેં કરી, એમ માનનારા શરીરને જ આત્મા માને છે. આત્મા જુદો માનતા નથી. ભલે જૈનના વાડામાં પડ્યા હોય પણ આમ માને કે આ શરીરની ક્રિયા હું કરી શકું છું એ અજીવને જીવ માને છે. જીવ માનતા નથી.

બીજી વાત. એનામાં દયા, દાન, વ્રતના પરિણામ શુભ થાય એ વિકલ્પ છે એ ધર્મ છે એમ માનનારા આત્માને માનતા નથી. કારણ કે આત્મા વિકારવાળો નથી. વિકાર રહિત વિકારનો જાણનાર (છે). પોતાની ત્રિકાળ શક્તિને જાણે અને વિકારને જાણે એવી એક સમયની પર્યાયની તાકાતવાળો આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? એ પરમાત્મા સર્વજ્ઞદેવના શાસન સિવાય આ વાત ક્યાંય હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ ચૈતન્યપ્રકાશસ્વરૂપ છે. એની સાથે અનંતા ગુણો છે. જ્ઞાનશક્તિ છે, આનંદશક્તિ છે, શ્રદ્ધાશક્તિ છે, શાંતિ સમતાસ્વરૂપ શક્તિ છે. એવી આત્મામાં અનંતી શક્તિઓ છે. એ શક્તિ આપણે આ બોલ આવ્યો છે, જુઓ! '**પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે હોવાની શક્તિરૂપ જે સ્વભાવ તે સ્વભાવવાનપણા વડે (અર્થાત્ એવા સ્વભાવવાળી હોવાથી) સત્પણું છે,...**' એક પંક્તિમાં તો બહુ સમાડ્યું છે. સામે પુસ્તક છે કે નહિ? સમજાણું કાંઈ? આ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ જે આત્મા છે એ પોતાના દ્રવ્ય, પોતાની વસ્તુ છે એને હોવાપણે, રહેવાપણે શક્તિવાળું તત્ત્વ છે. પોતાથી પોતે દ્રવ્યથી વસ્તુથી ટકવાપણે, રહેવાપણે પોતાને કારણે એનામાં એ શક્તિ છે. કહો, એનો કોઈ ઈશ્વર કર્તા નથી. સમજાણું કાંઈ? બીજા પદાર્થનો એને દ્રવ્યમાં આધાર નથી. એવી એ ચીજ છે.

કહે છે કે પોતાનું દ્રવ્ય એટલે વસ્તુ. પોતાનું ક્ષેત્ર અસંખ્યપ્રદેશી ક્ષેત્ર છે. એ વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય હોઈ નહિ. ભગવાન આત્મા શરીરથી પગ સુધી જે છે એના અસંખ્યપ્રદેશ છે. એ એક એક પ્રદેશમાં અનંતા અનંતા ગુણો-ભાવ ભરેલા છે. આહાહા..! સમજાય છે કાંઈ? હવે આ આત્માની ખબર ન મળે અને ધર્મ થાય. ધર્મ તે ક્યાંથી થાતો હશે? વસ્તુ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પોતે ધર્મ કરનાર કેવો છે એની ખબર વિના ધર્મ થાય શેમાં? સમજાણું કાંઈ? કહે છે, અસંખ્ય પ્રદેશ છે આત્મામાં. પ્રદેશ કાલે કહ્યું હતું. એક પોઈન્ટ છે આ રજકણ છેલ્લો જેટલી જગ્યામાં રોકાય તેને પ્રદેશ કહીએ. એવો આત્મા અંસખ્ય પ્રદેશી પહોળો છે. જેમ સોનાની સાંકળ હોય છે બે હજાર મકોડાની એ મકોડો એક પ્રદેશ ગણવો. હજાર મકોડાની આખી સાંકળી. એમ આત્માનો એક એક અંશ એમ કરીને અસંખ્ય પ્રદેશી છે. જુઓ! અસંખ્ય પ્રદેશી ભગવાન સર્વજ્ઞે જોયો છે અને તે સિદ્ધ થાય છે. કારણ કે આ તે આ નહિ, આ તે આ નહિ. આ ભાગ છે અંદરમાં. અંદરમાં, આ તો જડ માટી છે. અંદર આત્માનો પ્રદેશ જે અહીં છે તે અહીં નથી, અહીં છે તે અહીં નથી. એવા એવા અસંખ્ય પ્રદેશી ભગવાન સ્વક્ષેત્ર, પોતાનું સ્વધામ, સ્વભૂમિ આત્માના અસંખ્ય પ્રદેશ સ્વભૂમિ, એ સ્વભૂમિ પોતાને કારણે છે. એ સ્વક્ષેત્ર પરને કારણે નથી. આહાહા..! સમજાણું કાંઈ?

વીતરાગના તત્ત્વો લોકોને સમજવામાં આવે નહિ એટલે એનું બીજી રીતે ભરડાઈ ગયું બધું. અને લોકો પછી નિશ્ચયની વાત કેટલીક સાંભળે એટલે બીજામાં પણ એવી સંભળાય તો કહે, આ બધી સરખી લાગે છે. જયંતિભાઈ! આ અમારા જયંતિભાઈ પણ ગયા હતા ને. પડ્યા હતા. ત્યાં પ્રમુખ હતા. પ્રમુખ હતા ને પડ્યા હતા. વળી અમારા ભાઈ એમ કહે છે. આ પ્રમુખ થઈને પડ્યા. ઓલા વળી બીજા ઘણા હતા. જીવા.. શું કહેવાય? ચંદુભાઈ ઘડીયાળી. રજનીશમાં આમ છે. અરે..! ભગવાન! તને ખબર નથી, બાપુ! એ પરમેશ્વર સર્વજ્ઞ જેણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા એવો આત્માનો સ્વભાવ છે. એ સ્વભાવ જેણે પ્રગટ કર્યો છે એણે આ તત્ત્વો કહ્યા છે. એ સિવાય કલ્પનાથી કહેનારા બધા મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. સમજાણું કાંઈ? ભલે વાતું કરે, આમ કરવું, વિકલ્પ છોડવો. પણ વિકલ્પ એટલે શું? અને વિકલ્પ શેમાંથી છૂટીને શું થાય? અને એ એક સમયની અવસ્થામાં છે? એની શક્તિમાં છે? એના દ્રવ્યમાં છે? કે એના ક્ષેત્રમાં છે. એની કાંઈ ખબર વિના શું છોડે-તોડે? .. તારી આત્માની વાત કરશો નહિ. એટલે આત્મા મારે સમજવો નથી. આહાહા..!

કહે છે, ભગવાન આત્મા પોતાના ક્ષેત્ર અસંખ્ય પ્રદેશીથી પોતાની શક્તિના હોવાપણે સત્ છે. પોતાને કારણે અસંખ્ય પ્રદેશી સત્ છે. છે. ત્રીજી વાત. કાળ. પોતાના કાળની હોવાની શક્તિરૂપે આત્માનો સ્વભાવ છે. શું કહે છે? જરી આ ઝીણી વાત છે. દ્રવ્ય તો વસ્તુ છે, ક્ષેત્ર એનું અસંખ્ય પ્રદેશી ભૂમિ છે. ભૂમિ એટલે જમીન. એની જમીન અસંખ્ય પ્રદેશી એની ભૂમિ છે. આત્માને વળી ભૂમિ કઈ હશે? એનું ક્ષેત્ર, એનું ક્ષેત્ર એની ભૂમિ. એમ. સમજાણું કાંઈ? એ અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર એમાં કહે છે કે અહીં સમય સમયની અવસ્થા જે થાય છે, આની અવસ્થા નિર્મળ લેવી છે, રાગાદિ એની અવસ્થા નથી. જ્ઞાન ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આત્મા સર્વ શુદ્ધ ચૈતન્યપ્રભુ એમ જ્યાં જેને જ્ઞાનમાં લક્ષમાં આવ્યો ધર્મીને, તો કહે છે કે એ સર્વ જ્ઞાન સ્વભાવ વસ્તુ એની વર્તમાન અવસ્થા પોતે સતરૂપે જે પર્યાય પ્રગટ થાય છે સમ્યગ્દર્શનપણે, સમ્યગ્જ્ઞાનપણે, શાંતિપણે, આનંદપણે, સ્વચ્છતાપણે, પ્રભુતાપણે એ પર્યાય સત્ પોતાના સ્વકાળે પોતાને કારણે સત્ છે. આહા..! શું આમાં સમજવું માણસને?

ભાઈ! આ તો મહાસિદ્ધાંતો છે વીતરાગના. સમજાય છે? પરમેશ્વર એમ કહે છે કે ભાઈ! તું આત્મા છો. એ જ્ઞાનસ્વરૂપી અસંખ્ય પ્રદેશી. એની વર્તમાન અવસ્થા.. રાગ અને પુણ્ય એ તારી ચીજમાં છે જ નહિ. એટલે એ તત્ત્વ તું નહિ. દેહ, વાણી, શરીર તો તું નહિ. આ તો માટી જડ અજીવ જગતના તત્ત્વો છે. એ તો જગતને કારણે ટકીને બદલી રહ્યા છે. તારામાં જરી પરલક્ષી વિકૃત ભાવ થાય, એ પણ તારું સ્વરૂપ નથી. અંદમરાં કોઈ શક્તિ નથી કે અંદરમાંથી પ્રવાહરૂપે વિકાર આવીને પરિણમે. એટલે એક સમયની દશામાં જે પુણ્ય-પાપ ને ભ્રમણા ઉત્પન્ન કરે છે એ તો જીવની પર્યાયનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સર્વ જ્ઞાનની મૂર્તિ પ્રભુ, એની કહે છે કે વર્તમાન અવસ્થા-વર્તમાન પર્યાય-અવસ્થા-દશા-એ પોતાના તે અંશપણે સમ્યગ્જ્ઞાનપણે, સમ્યગ્દર્શનપણે ધર્મની પર્યાયપણે, શાંતિપણે વીતરાગપણે એવી અવસ્થાપણે તે સમયની પોતાની શક્તિથી પોતે થાય એવી એની શક્તિ છે. સમજાણું કાંઈ? શું કહે છે આ? જુઓ! આમાં તો ક્રમબદ્ધ પણ આવી ગયું. ક્રમ એટલે ભગવાન આત્મા વસ્તુ છે. અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર છે. એની અનંતી શક્તિ ભાવમાં આવશે. એ ભાવની વર્તમાન અવસ્થામાં-વર્તમાન દશામાં જે સ્વકાળે તેની શક્તિ નિર્મળ પર્યાયરૂપે થવાનો સ્વકાળ છે, તે જ કાળે તે થાય છે. તે પહેલાના કાળે એ કાળ નહિ, પછીના કાળે એ કાળ નહિ, નિમિત્તને કાળે પરની પર્યાયને કાળે આ નહિ અને પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, ભાવને કારણે પણ આ સમય નહિ. આહાહા..! ભારે ઝીણું. આ તો એકલું અનેકાંત સિદ્ધ કરે છે.

દ્રવ્ય-ક્ષેત્ર-કાળરૂપે હોવાની, સ્વપર્યાયરૂપે હોવાની, સ્વ અવસ્થાપણે (હોવાની). શુદ્ધ ચૈતન્ય છું એવા જ્ઞાનની સત્‌ની વર્તમાન અવસ્થા, શ્રદ્ધાની વર્તમાન અવસ્થા, આનંદની વર્તમાન અવસ્થા, સ્વચ્છતાની વર્તમાન અવસ્થા તે રૂપે હોવાની શક્તિરૂપ જે સ્વભાવ. તે રૂપ હોવાની શક્તિરૂપ જે સ્વભાવ. એવા સ્વભાવપણા વડે કાળે તે સત્ છે. તે કાળની અવસ્થા તેની સત્ છે. સમજાણું કાંઈ? હવે ભઈ અમારે ધર્મ કરવો છે, હવે આમાં શું આવું સમજીને કામ છે? ધર્મ ક્યાં થાતો હશે? આ ધર્મ છે.

પરથી જુદો અને રાગથી જુદો અને તારા સ્વભાવથી અભિન્ન. એવો તારો જે ત્રિકાળ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સ્વભાવ છે, જેને ધર્મ કરવો છે તેને સ્વભાવવાન આવી ચીજ છે તેના પર દૃષ્ટિ કરવી પડશે. અને એ દૃષ્ટિ આપતાં તે કાળે તેને તે પર્યાય થવાના અનંત ગુણનો, એક ગુણ નહિ પણ અનંત ગુણની, અનંત ગુણની પર્યાય પણ તે તે ગુણની તે કાળે તે થવાનું સત્ છે. બીજા ગુણને કારણે નહિ, બીજા પર્યાયને કારણે નહિ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળને, નિમિત્ત ને કારણે નહિ. પછી ને પહેલાને કાળે નહિ. સ્વરૂપચંદભાઈ! ઝીણું છે, ભાઈ! ભગવાન કેવળજ્ઞાની... આમ બોલે કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં. સાંજ-સવાર ગડિયા બોલી જાય. બરાબર છે? સાંજ સવાર. અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવળી પણ્ણત્તો ધમ્મો મંગલં. શું પણ અરિહંતા, કેવળી પણ્ણત્તો ધમ્મો મંગલ. શું પણ કેવળી પણ્ણત્તો? ભગવાન જાણે.

કેવળજ્ઞાનીએ આ કહ્યું છે. એનું પણ્ણત્તો એટલે કેવળીએ કહેલું. પણ્ણત્તો એટલે કહેલો. શું કહેલો? કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં. ભગવાન કેવળી એમ કહે છે કે તારો જે આત્મા છે એ અનંત આનંદ આદિ ગુણનો પિંડ છે. એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતા જે સ્વકાળે તેની પર્યાય શાંતિની, નિર્મળની રાગ રહિતની વીતરાગ પર્યાય થાય તે પર્યાયની સત્પણે થવાની શક્તિ હોવાને કારણે થાય છે. કોઈ નિમિત્તથી થાય છે કે સંયોગથી થાય છે એમ છે નહિ. અને તે પણ અંતરમાં પુરુષાર્થ પડ્યો છે-વીર્ય, આત્મામાં વીર્ય નામનો ગુણ છે. એ ગુણની તે સમયે તે પુરુષાર્થની પર્યાય સ્વતઃ સત્પણે થાય એવો એનો સ્વભાવ છે. આહાહા..! પુરુષાર્થ કાંઈ કૂદવો નથી.

અહીં તો પુરુષાર્થને પરના કામ કરી શકે એવું આત્મામાં ત્રણ કાળમાં નથી. તેમ રાગની રચના કરે એવું વીર્ય આત્મામાં નથી. એમ કહે છે ભાઈ! આહાહા..! શું કહે છે? આત્મામાં પુણ્યના દયા, દાનના પરિણામને રચે એવું આત્મામાં વીર્ય નથી. આહાહા..! સમજાણું કાંઈ? આત્મામાં વીર્ય-બળ એવું છે કે એ સમયમાં પોતાના પુરુષાર્થની પર્યાયપણે સ્વકાળના સત્પણે થવું, એ હોવું એ શક્તિરૂપ એનો સ્વભાવ છે. જ્ઞાનનો પણ તે સમયે તે પર્યાયનું સમ્યક્પણે હોવું, થવું તે સત્પણે તે એનો સ્વભાવ છે. સમ્યગ્દર્શનની પર્યાયપણે પરિણમવું તે કાળે તે તેનો સ્વકાળે શક્તિ હોવાનો સ્વભાવ છે. એમ અનંતા ગુણોની એક સમયે પર્યાય પ્રગટ થવી અને પરિણમવું એ એનો સ્વભાવ છે. આવો, આવો અહીં. ક્ષુલ્લક છે ઈ? અહીં છે બેસવાનું. આવો આવો. હિન્દી સમજો છો? સમજો છો? થોડું. આ તો બહુ ઝીણો વિષય. હિન્દી નથી? થોડું સાંભળે તો ખરા. વિષય ગુજરાતી ચાલે છે, હિન્દી નહિ ચાલે. સૂક્ષ્મ છે થોડું. આવ્યા એટલે જરી બિચારા સાંભળે તો ખરા ને. શું કહે છે? કેટલામું પાનું? ૫૭૨, શું કહે છે જુઓ! ફરીને. અહીંયા આવ્યું. શું કહે છે જુઓ!

**'પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે હોવાની શક્તિરૂપ જે સ્વભાવ તે સ્વભાવવાનપણા**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**વડે (અર્થાત્ એવા સ્વભાવવાળી હોવાથી) સત્‌પણું છે,...**' છે? શું કહે છે? આત્મા આવો છે કે જ્ઞાનસ્વરૂપ આત્મા છે. સર્વવિશુદ્ધ અધિકાર ચાલે છે. આત્મા એને સમ્યગ્દષ્ટિ ધર્મી માને છે કે એ જ્ઞાનસ્વરૂપ છે. એ નથી શરીરની ક્રિયાવાળો, નથી દયા, દાન, વ્રતના વિકલ્પ ઉઠે છે એ વિકારવાળો. એ વિકારથી રહિત છે. એને અહીંયા આત્મા કહેવામાં આવ્યો છે. એમ ભગવાન આત્મા ધર્મી સમ્યગ્દષ્ટિ જીવ આત્માને આવો માને છે કે પોતાથી... છે? પોતાના દ્રવ્યથી. પોતાનું દ્રવ્ય જે વસ્તુ છે, ગુણ અને પર્યાયનો પિંડ જે પોતાનું દ્રવ્ય છે તે રૂપે થવાની શક્તિના સ્વભાવરૂપ હું સત્ત્વ છું. મારું સત્ત્વ મારા દ્રવ્યથી છે. મારું દ્રવ્યનું સત્ત્વ પોતાથી છે, પરથી નથી. સમજાય છે કાંઈ? પોતાના દ્રવ્યથી હોવાની. પોતાના દ્રવ્યરૂપ હોવાની શક્તિરૂપ સ્વભાવ, તે સ્વભાવપણા વડે હું સત્ છું. મારું દ્રવ્યથી હું સત્ છું. મારા અસંખ્ય પ્રદેશથી હું સત્ છું. મારા અસંખ્ય પ્રદેશ છે મારી નિજ ભૂમિથી હું સત્ છું. પરદ્રવ્યથી અને પરક્ષેત્ર સાથે મારે કાંઈ સંબંધ નથી.

હવે ત્રીજો બોલ, જે અત્યારે સૂક્ષ્મ ચાલે છે ઈ. પોતાના કાળરૂપથી હોવાની શક્તિરૂપ. એ બહુ ઝીણી વાત છે. સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે ભાઈ! પ્રભુ! તું આત્મા છો ને. તું આત્મા છો ને. તો આત્મા એટલે જ્ઞાનમૂર્તિ. એ પુણ્ય-પાપના ભાવ તો આસ્રવતત્ત્વ છે. એ તો વિકલ્પ આસ્રવતત્ત્વ છે. એ આત્મતત્ત્વ નહિ. કર્મ, શરીર એ અજીવતત્ત્વ છે. એ આત્મતત્ત્વ નહિ. આત્મતત્ત્વ એને કહે છે કે જ્ઞાનમૂર્તિ ચૈતન્યસૂર્ય આનંદમૂર્તિ એ આત્મા. તો આવા આત્માની જ્યારે દૃષ્ટિ થઈ તો ધર્મી એમ માને છે કે પોતાની એક સમયની અવસ્થા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનની, શાંતિની વીતરાગી પર્યાય જે ઉત્પન્ન થાય છે, એક સમયની અવસ્થા પોતામાં થવાની શક્તિરૂપે પોતાનો સ્વભાવ છે તો તેનાથી થાય છે. બહુ ઝીણી વાત છે. આ તો આખું વીતરાગનું પરમેશ્વર ત્રિલોકનાથ જૈનદર્શનનું તત્ત્વ રહસ્ય છે. જે અનંત કાળથી એને કદી રુચ્યું નથી, સાંભળ્યું નથી અને અંતરમાં શું અનુભવ દૃષ્ટિ છે એની ખબર નથી.

કહે છે, પોતાના કાળથી. ભાવ પછી લેશે. પોતાની કાળ.. ભાવ પછી લેશે. પોતાની કાળની શક્તિરૂપે, પોતાના કાળરૂપે થવાની શક્તિ. પોતાના કાળરૂપે થવાની શક્તિ. મહા ગંભીર ભર્યું છે આમાં. અનંત ગુણ જે પોતાના છે, જ્ઞાન આનંદ આદિ ત્રિકાળ શક્તિઓ, એની વર્તમાન અવસ્થા-વર્તમાન પર્યાય-વર્તમાન દશા-એ વર્તમાન અવસ્થાપણે સમ્યક્ શ્રદ્ધા જે ત્રિકાળ છે એ શ્રદ્ધાની વર્તમાન અવસ્થાપણે સમ્યક્ શ્રદ્ધાપણે થવું એ પોતાને કારણે થાય છે. એવી સ્વકાળની શ્રદ્ધાગુણની પર્યાયની શક્તિ છે. સમજાય છે કાંઈ? કર્મ ગળે કે કર્મ ટળે તો પોતાની શ્રદ્ધારૂપી પર્યાય થાય છે એમ આત્મામાં નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પોતાની ભૂમિમાં બિરાજમાન અનંત ગુણ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જે છે તેની એક સમયમાં શ્રદ્ધારૂપે થવાની ક્રમસર જે પર્યાય છે... કેમ કે ચેતનમાં અનંત ગુણ છે એમાં અનંત ગુણમાં ત્રિકાળ પર્યાય વર્તમાન અને બીજી બધી પર્યાય એક વિદ્યમાન છે અને બીજી અવિદ્યમાન છે, તો વિદ્યમાન પર્યાય પ્રગટ થવાની એક સમયમાં કાળની શક્તિ હોવાથી તે પર્યાય પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? પોતાના કાળથી હોવાની શક્તિ. પોતાના કાળરૂપે થવાની શક્તિ એમ લ્યો. ભગવાન આત્મા પોતાનો શુદ્ધ ચૈતન્ય પ્રભુ પોતાની અંતર દૃષ્ટિ જ્યાં થઈ સમ્યગ્દષ્ટિને તો એ સમ્યગ્દષ્ટિ એમ માને છે કે પોતાની નિર્મળ વીતરાગી શ્રદ્ધા અને વીતરાગી પર્યાય સ્વકાળે થવાની પોતાની શક્તિરૂપ સ્વભાવથી થાય છે. તે કારણે હું સત્ છું. તે કારણે હું સત્ છું. આહાહા..! ભારે કઠણ. સમજાય છે કાંઈ? કઠણ વાત છે, ભાઈ!

અનંત કાળ થયો ચોર્યાસી લાખમાં પરિભ્રમણ કરતાં કરતાં પણ એ ચૈતન્યસ્વરૂપ શું છે, સર્વજ્ઞ કોને ચૈતન્ય કહે છે એવું ભાન કર્યું નહિ. ભાન કર્યા વિના એણે અનંત વાર ચોર્યાસીના અવતાર કર્યા. સમજાય છે કાંઈ? એ કહે છે કે અમારો આત્મા સમ્યગ્દષ્ટિ જીવ એમ અનુભવે છે, એમ માને છે અને એમ છે. પોતાનો આત્મા.. પુણ્ય-પાપના વિકલ્પ છે તે તો હું નથી. કેમ કે એ તો આસ્રવતત્ત્વ છે. મારું જ્ઞાનતત્ત્વ છું. હું આનંદતત્ત્વ છું, હું શાંતત્ત્વ છું, હું સમતા-વીતરાગભાવ તત્ત્વ છું. એમને ખબર નહિ પડે. દેવજીભાઈને. ... પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ શબ્દ હોવો જોઈએ. ભારે!

ભગવાન આત્મા અહીંયા તો કહે છે કે આત્મા તો ચૈતન્યસૂર્ય છે. તો ચૈતન્યસૂર્યના કિરણ ચૈતન્ય જેવા પ્રગટ થાય છે. પુણ્ય અને પાપના વિકલ્પ જે રાગ છે એ તો અંધકાર છે. એ ચૈતન્યસ્વરૂપ નહિ. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે તો એમાંથી વર્તમાનકાળમાં પોતાના કાળરૂપે, પોતાના વર્તમાન સમયની પર્યાયના કાળરૂપે થવાની શક્તિરૂપ જે સ્વભાવ છે તે સ્વભાવ દ્વારા આત્મા સ્વકાળથી સત્ છે. ભારે ઝીણું. સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. વસ્તુ અખંડ આનંદકંદ શુદ્ધ ચૈતન્ય છે તેની ઉપર તેની દૃષ્ટિ છે. એ દૃષ્ટિ હોવાથી એમાં જે અનંત ગુણ છે તેની એક સમયની પર્યાયમાં જે અનંત ગુણની પર્યાયમાં એક એક ગુણની પર્યાયમાં સ્વતઃ થવાની શક્તિરૂપ સ્વભાવ હોવાથી તે પર્યાય સત્ છે. પરને કારણે સત્ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીંયા તો કહે છે કે દયા, દાનના વિકલ્પ જે ઉઠે તે આત્મામાં નથી. તેથી વર્તમાન સમયની પર્યાય સમ્યગ્જ્ઞાનની શાંતિની ઉત્પન્ન થાય છે તે એ કારણે સત્ નથી. આહાહા..! મૂલચંદભાઈ! ભારે ઝીણું ભાઈ! ભગવાન આત્મા વસ્તુ છે અને એમાં વસેલી, રહેલી અનંત શક્તિ છે. તો અનંત શક્તિ નામ સ્વભાવ જે ગુણ છે તો ભગવાન આચાર્ય કહે છે-અમૃતચંદ્રાચાર્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એક હજાર વર્ષ મુનિ થયા, દિગંબર મુનિ. આત્મજ્ઞાની આત્મધ્યાની. અને એમના પહેલા એક હજાર વર્ષ કુંદકુંદાચાર્ય થયા. સંવત ૪૯. જે જંગલમાં રહેતા હતા. આત્માના આનંદમાં મસ્ત હતા. ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાન પાસે કુંદકુંદાચાર્ય દિગંબર સંત ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા અને ત્યાંથી આવીને આ સમયસાર બનાવ્યું. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર બનાવ્યા. અને એક હજાર વર્ષ પછી અમૃતચંદ્રાચાર્ય જંગલમાં રહેવાવાળા આનંદકંદમાં ઝુલવાવાળા મુનિ થયા. એમણે એની ટીકા કરી. આ એમની ટીકા ચાલે છે. સમજાય છે કાંઈ?

ભગવાન ત્યાં એમ કહેતા હતા અને અમે પણ એમ અનુભવીએ છીએ કે આત્મા પોતાની જે અનંત શાંતિ, આનંદ જે ગુણ છે તેની વર્તમાનમાં વર્તમાનમાં સ્વકાળમાં જે અવસ્થા થવાની પોતાની શક્તિથી પોતાના કાળરૂપે શક્તિરૂપ થવાના સ્વભાવ હોવાથી તે પર્યાયથી આત્મા સત્ છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ છે, ભાઈ! ભગવાન સર્વજ્ઞનો કહેલો માર્ગ સૂક્ષ્મ છે અને મહા આનંદદાયક છે. કહે છે કે ધર્મીને સમ્યગ્દષ્ટિને આત્મા ઉપર દૃષ્ટિ હોવાથી પોતામાં જે અનંત ગુણ છે તો એક સમયમાં આનંદરૂપ થવાની પોતાની શક્તિ પોતાથી છે. એ આનંદનો અનુભવ જ્ઞાની કરે છે. સમજાય છે કાંઈ? રાગનો નહિ, નિમિત્તનો નહિ, (એ) પર છે પરચીજ છે. પોતાના અસ્તિત્વમાં, પોતાના હોવાપણામાં આનંદ જે ત્રિકાળ છે તેના સ્વકાળરૂપે થવાની શક્તિરૂપ સ્વભાવ છે. તે સ્વભાવ દ્વારા એ સત્ છે. આહાહા..! સમજાય છે કાંઈ? નરકમાં નારકી છે પણ સમ્યગ્દષ્ટિ છે તો કહે છે કે એ સમ્યગ્દષ્ટિ એમ અનુભવે છે, ચોથા ગુણસ્થાને પણ, સમજાય છે કાંઈ? પોતાની પર્યાયમાં-પોતાની અવસ્થામાં... કેમ કે એ અવસ્થા દ્રવ્યની છે-વસ્તુની. દ્રવ્ય છે જ્ઞાયક. જ્ઞાયકતત્ત્વની દૃષ્ટિ હોવાથી જ્ઞાયકમાં જે ભાવ જેટલા પડ્યા છે એ તો ભાવ છે, વસ્તુ દ્રવ્ય છે. એની વર્તમાન અવસ્થા સ્વકાળની થવાની શક્તિથી નિર્મળ આનંદ, નિર્મળ શ્રદ્ધા, નિર્મળ જ્ઞાન એ સ્વકાળની પર્યાયનું સત્ત્વ છે. તેને સમ્યગ્દષ્ટિ પોતાનું માને છે અને તેને અનુભવે છે. સમજાય છે કાંઈ? બહુ ઝીણું.

મુમુક્ષુ :- ક્યા જીવની વાત કરે છે?

ઉત્તર :- નારકીના ધર્મી જીવની. નારકીની તો વાત છે. નારકીનો જીવ નહિ, જીવનો જીવ છે. આહાહા..! ઈ આવ્યું નહિ? 'બાહર નારકી કૃત દુઃખ ભોગત, અંતર સુખરસકી ગટાગટી, બાહર નારકી કૃત દુઃખ ભોગત' સમ્યગ્દષ્ટિ કોને કહેવો? 'બાહર નારકી કૃત દુઃખ ભોગત, અંતર સુખરસની ગટાગટી.' ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે એવો અનુભવ સમ્યગ્દષ્ટિને થયો છે. તેથી સમ્યગ્દષ્ટિને આનંદની પર્યાય સ્વકાળે થવાને કારણે આનંદ હોય છે. એ આનંદનો અનુભવ કરે છે તેનું નામ ભગવાન સમ્યગ્દષ્ટિ કહે છે. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભગવાનજીભાઈ! આવું છે બાપા! આહાહા..! નવનીતભાઈ! નવનીતભાઈને તો બેસે છે. એ તો માખણ છે ને. આ વસ્તુ સમજવા જેવી છે. આ બધી ગડબડ કાઢી નાખીને આ રીતે સમજવું પડશે. નહિતર એનું કલ્યાણ કદી ત્રણકાળમાં નહિ થાય.

ભગવાન આત્મા.. સર્વવિશુદ્ધ અધિકાર છે. જુઓ માથે. પરિશિષ્ટ છે ને સર્વવિશુદ્ધ અધિકારનો. એનું પરિશિષ્ટ છે. ... સર્વવિશુદ્ધ પછી નાખ્યું છે. સમજાય છે કાંઈ? ઓહો..! ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પોતાની ચીજથી દ્રવ્યથી છે અને પોતાના અસંખ્ય પ્રદેશી ક્ષેત્રથી છે. અને પોતાની સમય સમયની અવસ્થા, સમય સમયની અવસ્થા શુદ્ધ શુદ્ધ પવિત્ર એવી પર્યાયપણે થવાની શક્તિ પોતાથી છે. કોઈ પરને કારણે છે કે કર્મને કારણે છે કે ગુરુ મળ્યા માટે એ પર્યાય ઉત્પન્ન થાય છે એવી પર્યાયમાં શક્તિ નથી. પોતાથી સમ્યગ્દર્શન, જ્ઞાન, આનંદની પર્યાય થવાના સ્વકાળને કારણે ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! સમજાય છે કે નહિ જરી? શું ભાઈનું નામ? નારણભાઈ. આવ્યા હતા ને પહેલા. આ બધું સમજવું પડશે, હોં! બધી રખડપટ્ટી મૂકવી હોય તો. બહારથી કાંઈ મળે એવું નથી. બહારથી કાંઈ મળે એમ નથી.

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે. સત્ નામ શાશ્વત ચિદ્ નામ જ્ઞાન, આનંદ નામ સુખ એનાથી ભરેલો ભગવાનનું જેને અંદરમાં ભાન થયું, સમ્યગ્દર્શન થયું તો હું આનંદ છું, હું પુણ્ય-પાપની ક્રિયાકાંડ રાગ નથી. જડની ક્રિયા જીવની નહિ. અને મારો સ્વકાળ મારી વર્તમાન દશા, મારી શાંતિની દશા, મારી શ્રદ્ધાની દશા, મારા આનંદની દશા, એક એક ગુણની દશા તે તે કાળે તે ગુણમાં સત્રૂપ તો ત્રિકાળ પડી હતી અને એક સમયમાં વિદ્યમાન રૂપે સ્વકાળે પર્યાય સત્રૂપે થાય છે, બસ! ક્રમસર થાય છે. ભાઈ! અહીં તો કાળનો ક્રમ નાખ્યો.

ભગવાન! એક સમયમાં જે પર્યાય થાય છે, બસ! એ સ્વકાળે જ થશે. બીજા સમયે થાય તે બીજા સમયના કાળે થશે. બસ! એ ક્રમસર સાદિઅનંતનું ભાન થયું. અનાદિઅનંતનું ભાન થયું તો સાદિઅનંત નિર્મળ પર્યાય ક્રમથી થાય છે એની પ્રતીત થઈ ગઈ. સમજાય છે કાંઈ? આવો ધર્મ. આ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય આવો માર્ગ ત્રણ કાળમાં બીજામાં હોય નહિ. લાખ વાત દુનિયા કરે કે આમ ધ્યાન કરવું કે આમ યોગ કરવા, વિકલ્પ તોડવા. મરી જાય તોય આત્મા ભગવાન કહે છે, પરમેશ્વર કેવળજ્ઞાની વીતરાગ એવો આત્મા ભગવાને કહ્યો એવો જાણ્યા વિના ત્રણ કાળમાં એનો ઉદ્ધાર છે નહિ. સમજાણું કાંઈ? અન્યમતિ બાવા ને જોગી હોય છે ને, કે આમ ધ્યાન કરે છે. શું ધૂળ કરે ધ્યાન? વસ્તુની તો ખબર નથી. આર્તધ્યાન કરે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભગવાન આત્મા એના ચાર બોલ છે. એક ચીજના ચાર બોલ. એ પરમેશ્વર સિવાય વીતરાગ માર્ગ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? દિલીપભાઈ! બધા વાતું કરે, હોં! ખોટે ખોટી ગપ્પે ગપ છે. આત્મા આવો છે. ધ્યાન કરો. પણ કેવો છે? તેં જાણ્યું છે? ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ છે. આટલામાં. ક્ષેત્ર આટલું. શરીરનું ક્ષેત્ર ભિન્ન, કર્મનું ક્ષેત્ર ભિન્ન, ભગવાન આત્માનું ક્ષેત્ર ભિન્ન. અસંખ્ય પ્રદેશમાં છે ભગવાન. જુઓ! અસંખ્ય પ્રદેશમાં એક એક પ્રદેશમાં અનંત ગુણ ભર્યા છે. અને અનંત ગુણમાં એક એક સમયની અવસ્થા અસંખ્ય પ્રદેશમાં (થાય છે). એક સમયની નિર્મળ સમ્યક્ પર્યાય થઈ એ અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે. સમજાય છે કાંઈ? ગુણ સર્વવ્યાપક છે આમ. તો એની સમ્યક્ શ્રદ્ધા અનુભવ થયો અને હું આત્મા પવિત્ર શુદ્ધ છું એવો સમ્યગ્દર્શનમાં અનુભવ થયો. તો એ સમ્યગ્દર્શનની એક સમયની પર્યાય બધા અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે. સમય એક છે પણ વ્યાપક આખા અસંખ્ય પ્રદેશમાં છે. ભગવાન! સમજાય છે કાંઈ? એમ સમ્યગ્દર્શનની પર્યાય સમ્યગ્દર્શન-નિર્મળ પવિત્ર હું છું, રાગ નહિ એવી પ્રતીતિ અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે. એ જ્ઞાન સમ્યગ્જ્ઞાનની પર્યાય થઈ કે હું શુદ્ધ ચૈતન્ય છું એમ જ્ઞેય કરીને જ્ઞાન થયું એ એક સમયની પર્યાય અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે. એક સમયમાં આનંદ પ્રગટ થયો સમ્યગ્દર્શનમાં, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો તે પણ એક સમયની પર્યાય પોતાથી થઈ છે. અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે. સમજાય છે કાંઈ? આહાહા..! તેથી ક્ષેત્ર તો પહેલું કહ્યું, ભાઈ! ક્ષેત્ર પહેલું લીધું પછી કાળ લીધો.

ભાઈ! તારું દ્રવ્ય ત્રિકાળ છે, તેમ ક્ષેત્ર ત્રિકાળ છે. એમ એક સમયની.. અહીં તો પવિત્ર પર્યાય જ વાત છે. કેમ કે ધર્મીજીવ પુણ્ય-પાપને પોતાના માનતો નથી. સમજાય છે કાંઈ? જે કંઈ પુણ્ય-પાપના વિકલ્પ અને કર્મ સહિત આત્માને માને એ તો મિથ્યાદૃષ્ટિ છે. કેમ કે એક તત્ત્વને બીજા તત્ત્વ સહિત માન્યું તો એ તત્ત્વ ભિન્ન રહ્યું નહિ. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જીવ પહેલેથી પુણ્ય-પાપના વિકલ્પ છે રાગ અને કર્મ, શરીર અજીવથી હું ભિન્ન છું એમ માન્યું તો હું છું કોણ? હું જ્ઞાનમૂર્તિ છું. જ્ઞાનમૂર્તિ એવો સર્વવિશુદ્ધ જ્ઞાનસ્વરૂપ હું છું એવી વર્તમાન અવસ્થામાં-પર્યાયમાં જે જ્ઞાનની અવસ્થા એક સમયમાં થવાવાળી છે તે સ્વશક્તિથી જ થાય છે. અને ક્રમસર થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાના પુરુષાર્થ સહિત, પોતાના જ્ઞાન સહિત, પોતાની શ્રદ્ધા સહિત, આનંદ સહિત એક સમયમાં પ્રત્યેક ગુણની પર્યાય સ્વકાળથી પોતાથી સત્ત્વ છે. પર કારણે સત્ત્વ નથી. સમજાય છે કાંઈ? રાત્રે ઘણું કહ્યું હતું બધું. આ થોડું થોડું આવ્યું ને આ.

એક સમયની જ્ઞાનની પર્યાય-અવસ્થા પોતાથી પર્યાય થઈ. પૂર્વની પર્યાયથી નહિ.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે તો કહે છે, ભગવાન કે ભાઈ! સાંભળ! ભગવાન આત્મા જ્ઞાનગુણનો પિંડ પ્રભુ છે એમાં એકાગ્ર થવાથી તે સ્વકાળમાં કેવળજ્ઞાન જે થયું તે સ્વપર્યાય સ્વકાળના સત્ત્વથી થયું છે. પૂર્વે મોક્ષનો માર્ગ હતો-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તેના ફળરૂપે કેવળજ્ઞાન થયું એ તો વ્યવહારનું કથન છે. અહીંયા તો કેવળજ્ઞાનરૂપી પર્યાયનું સ્વકાળે થવું પોતાથી છે. પૂર્વને કારણે નહિ. નિમિત્તથી નહિ. છોટાલાલભાઈ! અરે..! આવું ભગવાનનું તત્ત્વ. સર્વજ્ઞ પરમેશ્વર જૈનશાસનનું આ તત્ત્વ છે. આવા તત્ત્વની ખબર ન મળે અને ધર્મ થઈ જશે. નારણભાઈ! આ નરને નારાયણ થવાનો આ વખત છે. આહાહા..!

અરે.. ભગવાન! આ રજકણ તો માટી છે. આ તો માટી ધૂળ છે. અજીવતત્ત્વ છે ધૂળ. એ કાંઈ આત્મા નથી. કર્મ જડ ધૂળ છે. કર્મની રજકણ ધૂળ તત્ત્વ-અજીવતત્ત્વ છે. પુદ્‌ગલ છે. એ તું છે? એ તો નહિ પણ દયા, દાન, વ્રત, ભક્તિના શુભભાવ એ આત્મા નહિ, એ આસ્રવતત્ત્વ છે. સમજાય છે કાંઈ? એનો જાણનારો જ્ઞાતા-દ્રષ્ટા હું છું એમ અંતરમાં જ્યારે દૃષ્ટિ થઈ તો સમયે સમયે તો અનંતા ગુણ તે કેટલા અનંતા ગુણ? કેટલા અનંતા ગુણ? ઓહોહો..! સમજાય છે કાંઈ? આકાશના પ્રદેશ અનંત છે અલોક અનંત, એની સંખ્યા કરતાં એક આત્મામાં અનંતગુણા ગુણ છે. સમજાય છે કાંઈ? એટલા ભાવ છે. એ બધા ભાવની એક સમયમાં સમય સમયની પર્યાય થવાની શક્તિથી પોતાની પર્યાયથી સત્ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી દૃષ્ટિ થયા વિના એને ધર્મ થતો નથી. સમજાય છે કાંઈ?

કહે છે, પોતાના કાળરૂપે થવાની શક્તિરૂપ જે સ્વભાવ છે, સ્વભાવ છે, '**તે સ્વભાવવાનપણા વડે...**' સ્વભાવવાનપણા વડે, કાળના સ્વભાવપર્યાય થવાની શક્તિ વડે, તે વડે સત્ છે. ગુણ અને દ્રવ્ય ને ક્ષેત્રથી નહિ, પરથી નહિ એ વડે સત્ છે, એમ કહે છે, ભાઈ! આહાહા..! કેટલી વાત સિદ્ધ કરે છે!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ, નહિ, નહિ, નહિ. કોઈ નહિ. દાસ! સમજાય છે કાંઈ?

ભાઈ! ભગવાન આત્મા કેવળજ્ઞાન લેવાની એમાં તાકાત છે. એમ સમજે નહિ અને એવી શ્રદ્ધા ન કરે તો એનો કોઈ આરો નથી. ચોર્યાશીના અવતારમાંથી નીકળવાનો આરો નથી. કહે છે કે ભગવાન આત્મા પોતાના કાળરૂપે થવાની, પર્યાયરૂપે થવાની, એ અંશરૂપે થવાની શક્તિરૂપ જે સ્વભાવ છે તે સ્વભાવવાનપણા વડે, એ સ્વભાવવાન એ એનું સ્વનું એ રૂપ છે. એ દ્વારા તે સત્ છે. ઓલામાં સત્ લીધું છે ગુજરાતીમાં? સત્‌પણું એટલે સત્ત્વ. એ પણું, સત્ત્વપણું છે, પોતાપણું છે. સમયે સમયે નિર્મળ પર્યાયનું થવું એ પોતાનું સત્ત્વ છે, પોતાપણું છે. સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બીજો બોલ-ભાવ. હવે ભાવ આવ્યો. પોતાના ભાવરૂપે થવાની. એક એક શબ્દમાં લાગુ પાડવું. પોતાનો ભાવ. ભાવ નામ પોતાનો આત્મા છે એમાં જ્ઞાનભાવ ત્રિકાળ છે, આનંદભાવ ત્રિકાળ છે, શ્રદ્ધા ભાવ ત્રિકાળ છે, અસ્તિત્વ ભાવ ત્રિકાળ છે. એવા અનંતા અનંતા ગુણરૂપી ભાવ. પોતાના ભાવરૂપે હોવાની નામ હયાતિરૂપ શક્તિરૂપે જે પોતાનો સ્વભાવ છે એ હોવાપણાના સ્વભાવ વડે પોતાના ભાવથી સત્વ છે. પોતાના ભાવથી આત્મા સત્વ છે. પરના ભાવથી આત્મા સત્વ નથી. આહાહા..! ... પોતાનો ભાવ જે ત્રિકાળ છે-જ્ઞાન, આનંદ, એ પોતાના ભાવની શક્તિ હોવાનો અર્થ 'છે', એ છે રૂપ સ્વભાવથી આત્મા સત્વ છે. કોઈ બીજા કારણે નહિ. ઓહોહો..! સમજાણું કાંઈ? એ તો કાલે આવ્યું હતું.

હવે બીજો બોલ લઈએ. દસ મિનિટ છે ને. **'અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે નહિ હોવાની શક્તિરૂપ જે સ્વભાવ...**' છે. ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ શુદ્ધ આનંદમૂર્તિ પોતાની પર્યાયમાં પોતાના કાળથી, પોતાના ભાવથી, પોતાના દ્રવ્ય, ક્ષેત્રથી છે. અને કર્મ, શરીર કે રાગ એનાથી આત્મા નથી એવી શક્તિ છે. પોતાનું દ્રવ્ય, પરદ્રવ્યરૂપે નહિ હોવાની શક્તિ. ભગવાન આત્મા પરમાણુરૂપે નહિ થવાની શક્તિ. રાગરૂપ નહિ થવાની શક્તિ. એવું દ્રવ્ય છે. સમજાય છે કાંઈ? પહેલા હોવાની શક્તિની વાત લીધી હતી. હવે નહિ હોવાની. ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એને આત્મા કહે છે કે જે પોતાનું સ્વરૂપ છે એ પરદ્રવ્યથી નહિ થવાની શક્તિરૂપ વડે આત્મા સત્ છે. પરદ્રવ્યના કારણે આત્માનું દ્રવ્ય અસત્ છે. આહાહા..! આ શરીર, વાણી કે જડ કર્મ એ પર છે. તે પર કારણરૂપ નહિ થવાની, એ રૂપે નહિ થવાની શક્તિરૂપ હોવાથી અસત્ છે. પરથી અસત્ છે. પોતાથી સત્ છે, પરથી અસત્ છે. સમજાય છે કાંઈ? આ શરીર, વાણી, કર્મ જડ માટી ધૂળ છે અજીવ. તો અજીવ સત્ત્વ છે તેનાથી પરદ્રવ્ય-પરવસ્તુ એ પરદ્રવ્યરૂપ નહિ થવાની શક્તિ. આત્મા ત્રણ કાળમાં પરમાણુરૂપ થતો નથી. પરમાણુરૂપ નહિ થવાની શક્તિ એમાં છે માટે અસત્ છે. પરદ્રવ્યરૂપ નહિ થવાને કારણે અસત્ છે. સ્વદ્રવ્યથી થવાની શક્તિને કારણે એ સત્ છે. આહાહા..! સમજાણું કાંઈ?

પરદ્રવ્ય, પરક્ષેત્ર. પરક્ષેત્રરૂપ નહિ થવાની શક્તિ. આત્મા અસંખ્ય પ્રદેશ છે. એ પરમાણુના ક્ષેત્ર અને શરીરના ક્ષેત્રપણે નહિ થવાની શક્તિથી અસત્ છે. સમજાય છે કાંઈ? અસત્ છે. શરીરનું ક્ષેત્ર, પરમાણુનું ક્ષેત્ર, આ એનું ક્ષેત્ર છે ને પહોળું, એ પણે નહિ થવાની શક્તિરૂપ આત્મા છે માટે પરક્ષેત્રથી આત્મા અસત્ત્વ છે. સમજાય છે કાંઈ? આવી વાત સર્વજ્ઞ પરમેશ્વર સિવાય ક્યાંય હોઈ શકે નહિ. આમ ઓઘે ઓઘે વાતું કરે કે આમ થાય ને ભગવાન આવો છે. બસ! એમાં કંઈ છે જ નહિ. નિર્મળ છે. પણ નિર્મળ કઈ રીતે છે? સમજાય છે? શુદ્ધ છે, શુદ્ધ છે. પણ શુદ્ધ શું છે? એનું દ્રવ્ય શું છે? ક્ષેત્ર શું છે? ભાવ શું છે? દશા-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અવસ્થા શું છે? એવા ભાન વિના આત્મા સમજે, માને એ આત્મા સમજ્યો નથી. સમજાય છે કાંઈ?

પરદ્રવ્યરૂપ નહિ થવાની શક્તિરૂપ સ્વભાવ છે. નહિ થવારૂપ શક્તિનો સ્વભાવ છે. એમ પરક્ષેત્રરૂપ નહિ થવાની (શક્તિરૂપ સ્વભાવ) વડે અસત્ છે. પરક્ષેત્રરૂપ ન થવું, પરકાળરૂપ ન થવું. શું? કર્મનો ઉદય છે એ કર્મનો સ્વકાળ છે. કર્મ છે ને જડ? એમાં ઉદય આવ્યો એ એનો સ્વકાળ છે. એ સ્વકાળની પર્યાયપણે નહિ થવાની શક્તિરૂપ અસત્ છે આત્મા. આહાહા..! સમજાય છે કાંઈ? આવો આત્મા છે, એમ કહે છે. ભાઈ! તને આત્માની ખબર નથી. આ તો કહે, કર્મનો ઉદય આવે એવો અમારે વિકાર કરવો પડે. ઈ તો વાતેય નથી. પણ રાગથી આત્મા નથી એવી અસત્ત્વ શક્તિ છે એમ કહે છે. સમજાય છે કાંઈ?

આ શરીર છે માટી. એની અવસ્થા છે ને આ? આ એનો સ્વકાળ છે-પર્યાય. તો કહે છે કે પરના કાળરૂપ નહિ થવાની, પરના કાળરૂપ નહિ થવાની શક્તિરૂપ સ્વભાવ છે. તેથી આત્મા અસત્ત્વ છે. પરના કાળરૂપે નહિ થવાની. પોતાના કાળ-સ્વકાળરૂપે થવાની. પોતાની પર્યાયિરૂપે થવાની અને પરની પર્યાયિરૂપે નહિ થવાની. સમજાણું કાંઈ? આવું માણસને ઝીણું પડે એટલે માણસ બીજે દોરાઈ ગયા. જયંતિભાઈ! વીતરાગનો માર્ગ કંઈ પકડવામાં આવે નહિ, નવરાશ ન મળે, બે ઘડી કાંઈક થોડો વખત મળે તો જાય, ત્યાં માથે મારે આડાઅવળા ગોળા, જાઓ થઈ ગયો ધર્મ અને આ ઉપડ્યા. સામાયિક કરીને બેસે. સાંભળે, સામાયિક કરે ને બધું ભેગું થાય.

અહીં તો કહે છે, પ્રભુ! સાંભળને ભાઈ! આહાહા..! આ શરીરાદિ ને કર્મ આદિની જે પર્યાય છે ને? પર્યાય સ્વકાળ. એ રૂપે તો નહિ થવાનો આત્માનો સ્વભાવ છે. આહાહા..! પરરૂપે પરના કાળરૂપે નહિ થવાનો આત્માનો સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? શરીર આ માટી છે. ઔદારિક શરીર છે. એની અવસ્થા છે આ, અવસ્થા-પર્યાય-સ્વકાળ. એ એનો સ્વકાળ (છે). એના પરના સ્વકાળપણે નહિ થવાની આત્મામાં શક્તિ છે. પરની પર્યાયિરૂપે નહિ થવાની શક્તિ છે. આ હાલે છે, ચાલે છે એ પોતાથી નહિ. એમ કહે છે. જડની પર્યાય છે. આ જડની પર્યાયથી (હલે છે). પોતાનો પરમાણુ પોતાની પર્યાયના સ્વકાળથી એનું શરીરનું સત્ત્વ છે. આત્માને કારણે નહિ. સમજાય છે કાંઈ? એમ માને કે હું છું તો શરીર ચાલે છે. મૂઢ છે, મિથ્યાદષ્ટિ છે. જડ અને ચૈતન્યના સ્વકાળની પર્યાય ભિન્ન માનતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..! જુઓ! કેટલું સમાડી દીધું છે! જંગલમાં મુનિ છે. જંગલમાં રહેતા હતા, આનંદમાં ઝુલતા હતા. મુનિની દશા તો એક દિવસમાં હજારો વાર અપ્રમત્ત દશામાં આનંદ આવે છે. હજારો વાર આનંદ, અતીન્દ્રિય અનુભવ. ક્ષણમાં વિકલ્પ ઉઠે, છઠ્ઠું,

ક્ષણમાં આનંદ, ક્ષણમાં વિકલ્પ, ક્ષણમાં આનંદ. એવી ભૂમિકામાં પડેલા, એમાં આ શાસ્ત્ર રચાઈ ગયા. જંગલમાં રચાઈ ગયા. એણે રચ્યા નથી, હોં! એ પોતે કહે છે, મેં રચ્યા નથી, એ તો પરમાણુની પર્યાય છે. એ પરમાણુના સ્વકાળની પર્યાયથી રચાયેલા છે. એ કાળનો તો મારામાં અભાવ છે. આહાહા..! અહીં તો શાસ્ત્રની એક કડી બોલે તો (માને કે) અમને આવડે છે. ધૂળ છે, મિથ્યાદૃષ્ટિ છે. પરનું અભિમાન. સમજાય છે કાંઈ?

શાસ્ત્રની પર્યાય જે થઈ-આ શાસ્ત્રની, એ પર્યાય પરકાળ છે. આ પર્યાય શાસ્ત્રના શબ્દો એક એક અક્ષર છે એક અક્ષરમાં અનંત પરમાણુ. અનંત પરમાણુની એક સમયની જે પર્યાય છે એનાથી એ પર્યાય ઉત્પન્ન થાય છે. એ પર્યાયથી હું નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! પરકાળરૂપે, પરકાળરૂપ નહિ થવાની શક્તિરૂપ જે સ્વભાવ તેથી હું અસત્ત્વ છું. પરમાણુની પર્યાયપણે નહિ થવાની મારામાં શક્તિ છે તેથી પરનું સત્ત્વ મારામાં નથી. આહાહા..! અહીં તો અભિમાન, અભિમાન, અભિમાન. મિથ્યાશ્રદ્ધામાં શરીરની પર્યાય મેં કરી, વાણીની પર્યાય હું કરું છું, વાણી હું બોલું છું. ભગવાન! વાણીની પર્યાય તો જડની છે. એ તો જડનો સ્વકાળ છે. એ સ્વકાળ થવામાં તારી તાકાત છે? એ તો પરમાણુમાં સ્વકાળ થવાની શબ્દ થવાની તાકાત એ સમયની પર્યાયમાં હતી. એ પર્યાયપણે નહિ થવાની મારામાં તાકાતથી હું અસત્ત્વ છું. હું ભાષાની પર્યાય કરવામાં અસત્ત્વ છું, કહે છે. નવનીતભાઈ! અસત્‌પણું છે. જડની પર્યાય છે. અનંત દ્રવ્ય છે ને.

ભગવાને તો અનંત આત્મા કહ્યા છે. એથી અનંતગુણા પરમાણુ છે. આ રજકણો અનંતગુણા છે. એ અનાદિના છ દ્રવ્ય ભગવાને જોયા છે. છએ દ્રવ્યો એક એક સમયમાં પોતાને કારણે પર્યાયરૂપે પરિણમે તેનાથી તે દ્રવ્ય સત્‌ છે. આ શરીર આમ આમ થાય એ પર્યાયથી તેના પર્યાયના કાળથી તે દ્રવ્ય સત્‌ છે. આત્માની ઈચ્છાને કારણે કે જ્ઞાનને કારણે ઈ આમ ચાલે છે એમ છે નહિ. અને પરની પર્યાયથી તો હું અસત્‌ છું. કારણ કે પરની પર્યાય થવાની મારામાં શક્તિ નથી. નહિ થવાની શક્તિ છે.

એમ પરભાવ. પરભાવરૂપ નહિ થવાની શક્તિરૂપ સ્વભાવ. લ્યો. એ પર પરમાણુના ગુણો, પર આત્માના ગુણો એના ભાવરૂપે નહિ થવાની શક્તિ મારામાં છે. એવો પોતાનો ભગવાન પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે અને પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં આત્મા નથી. અને પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં આ આત્મા નથી. એવું ભેદજ્ઞાન હોવાથી સમ્યગ્દૃષ્ટિ પરનો કર્તા થતો નથી અને પોતાનો કર્તા પરથી થાય છે એમ માનતો નથી. એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. એને ધર્મ કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**મહા વદ ૧૪, મંગળવાર તા. ૨૭-૨-૧૯૬૮**
**પરિશિષ્ટ, પ્રવચન-૫૦૦**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૧૨ બોલ થયા છે. શું કીધું આમાં? કે પ્રત્યેક આત્મા, આ આત્મા છે એ પોતાનું દ્રવ્ય એટલે ગુણ-પર્યાયનો પિંડ, એનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ, એનો ભાવ-અનંતગુણ, એની અવસ્થા-સમય સમયની, એ ચારપણે તે સત્ છે. સમજાણું કાંઈ? વસ્તુપણે સત્ છે, ક્ષેત્રપણે સત્ છે, ભાવપણે સત્ છે અને તે તે સમયની તે તે પર્યાય અહીં નિર્મળ પર્યાય લેવી છે, હોં! જ્ઞાનની વાત છે ને? સ્વભાવ પર્યાય તે સમયે જે અનંતગુણની નિર્મળ પર્યાય થાય તે રીતે તેનું સત્પણું છે, હોવાપણું તે સ્વકાળની પર્યાયથી છે. એવો જ એનો સ્વભાવ છે. એટલે એની કાળની, સ્વકાળની પર્યાયમાં આઘી-પાછી થાય નહિ અને પરને લઈને થાય નહિ.

મુમુક્ષુ :- આઘી પાછી થાય નહિ એ ક્યાં છે?

ઉત્તર :- આ સમયે સમયે થાય, તેનો સમય સમયનો થાય તો બીજે સમયે તે તે કાળે તે તે હોવાની તે તે શક્તિની યોગ્યતા. એમાં આઘી પાછી ન થાય એ કાઢ્યું. સમજાણું કાંઈ? જુઓ! કીધું હતું. કાલે વિસ્તારથી કહેવાણું હતું કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે પોતાના. કાળરૂપે હોવાની પોતાના સમયમાં સ્વકાળે હોવાની શક્તિરૂપ જે સ્વભાવ, એ સમયની તે પર્યાયનો સ્વભાવ તે કાળે, તેનાથી તે પર્યાયનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય થઈ તે રીતે તેનું સ્વકાળે થવાનું સત્પણું છે. સમજાણું કાંઈ? બીજે સમયે બીજું એ પ્રમાણે.

મુમુક્ષુ :- નિશ્ચિત?

ઉત્તર :- નિશ્ચિત છે એ. સમય સમયમાં જ્ઞાયક ચૈતન્ય વસ્તુ છે એમ જ્યાં નિર્ણય થયો, નિર્ણય થયો કે આત્મા જ્ઞાનમૂર્તિ ચૈતન્ય છે. વિકાર નહિ, કર્મ નહિ, શરીર નહિ. આવો નિર્ણય થવાથી તેના દ્રવ્યપણે હોવાની શક્તિરૂપ પ્રતીતમાં આવ્યું, ક્ષેત્રપણે હોવામાં પ્રતીત આવ્યું, ભાવરૂપ રહેવાની પણે પ્રતીત આવ્યું અને એક સમયની અવસ્થાનું પરિણમન તે અનંતગુણનું નિર્મળપણે થવું તે કાળનું તે પ્રતીતમાં આવ્યું. સમજાણું કાંઈ?

બીજામાં એમ કહ્યું કે '**પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે નહિ હોવાની શક્તિરૂપ...**' આ શરીર અને કર્મ એ પરપદાર્થ છે. એની વર્તમાન જે અવસ્થા જડની પરની છે તે રૂપે નહિ હોવાપણું પોતામાં. સમજાણું કાંઈ? અહીં તો પરમાણુ અને આત્મા કે અનંત દ્રવ્યો જે સમયની જે અવસ્થાએ સત્ છે તે અવસ્થા પરપર્યાયની અપેક્ષાએ અસત્ છે. ભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમજાણું કાંઈ? આ તો વીતરાગતા વર્ણવે છે. જ્ઞાનસ્વરૂપ આત્મા, જ્ઞાયક સ્વરૂપનું જ્યાં ભાન થયું. હું વસ્તુ પોતે ચિદ્‌ઘન છું. એવો જે નિર્ણય-અનુભવ થયો એથી કહે છે કે એ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે સ્વપણે અસ્તિત્વ છે એવું તેના જ્ઞાનમાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આ ધર્મીના સમ્યગ્જ્ઞાનની વાત છે આ. અજ્ઞાનીના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની વાત અહીં નથી. અહીં નથી. પ્રવચનસારમાં આવે છે સપ્તભંગી. સમજાણું કાંઈ?

આત્મા ચૈતન્યમાત્ર એટલે આનંદમાત્ર. એ જ્ઞાન શબ્દે વિકાર નહિ. પણ જ્ઞાન શબ્દે શ્રદ્ધા, શાંતિ, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા એવા અનંત ગુણરૂપે દ્રવ્ય છે એ વર્તે છે, ક્ષેત્ર વર્તે છે, ભાવ વર્તે છે, તે ગુણની એક સમયની પર્યાયના સ્વકાળે તે થાય તે પ્રમાણે સત્ત્વ છે. એનું સત્ત્વ પોતાને લઈને છે. કોઈ પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને લઈને આ સત્ત્વ છે? ના, અસત્ત્વ છે. સમજાણું કાંઈ? આવું વસ્તુનું સ્વરૂપ છે એ નિર્ણયમાં ન લે અને નિશ્ચયમાં ન લે અને એને ધર્મ થઈ જાય. સમજાણું કાંઈ? હું શરીરની પર્યાયને કરું, વાણીની પર્યાયને કરું, એ તો એના પર્યાયે સ્વકાળે અસ્તિત્વ છે એનું. એના અસ્તિત્વને તું કર, એનું અસ્તિત્વ એનાથી અને એનું અસ્તિત્વ તારાથી બેને કારણે એનું અસ્તિત્વ છે? સમજાણું કાંઈ? અને આત્મા પોતાના સ્વકાળના કારણે અસ્તિત્વ છે, એવી જ રીતે પરના કાળે પણ પોતે અસ્તિત્વ સત્‌ છે-અસ્તિત્વ છે?

કર્મનો ઉદય હોય કે શરીરની પર્યાય હોય કે વાણીની પર્યાય હોય કે અનંત પદાર્થ વર્તમાન સ્વકાળે ચાલતી તેની પર્યાય હો, તે પણે વર્તમાન પર્યાય જીવની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની છે તે પરપણે અસત્ત્વ છે. પરપણું એમાં અસત્ત્વ છે. પરપણાનું એમાં સત્ત્વનું હોવાપણું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વિભાવપર્યાય અસત્‌માં લેવી?

ઉત્તર :- વિભાવપર્યાય અહીં છે જ નહિ. વિભાવપર્યાય અહીં છે નહિ. અહીં તો આત્મા જ્ઞાનમાત્ર સિદ્ધ કર્યો છે. એના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ચાલે છે. વિભાવ જ્ઞેયમાં ગયા. એ તો પહેલું કહ્યું હતું. વિભાવ પરમાં ગયા. એ વિભાવ પરની પર્યાય એનું અહીં જ્ઞાનપણે પોતાની પર્યાય પોતાથી જ્ઞાન થાય. પણ એ વિભાવ છે એનું તો અહીં જ્ઞાનમાં નાસ્તિત્વ છે. સમજાણું કાંઈ? આ તો અનેકાંત તત્ત્વ વીતરાગનું બહુ સૂક્ષ્મપણે સિદ્ધ કર્યું છે.

ભગવાન આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, શુદ્ધ સ્વરૂપનો જ્યાં નિર્ણય થયો તો કહે છે કે તની એક સમયની પર્યાયમાં જે નિર્મળ અવસ્થારૂપે સત્‌ છે તે કાળે જે રાગ છે એથી તો તે અસત્‌ છે. રાગથી એનું અસત્ત્વપણું છે. નિર્મળ પર્યાયથી એનું સત્ત્વપણું છે. સમજાણું કાંઈ? આવું ક્યાંય સાંભળે નહિ, સમજે નહિ અને કહે કે ધર્મ થઈ ગયો

લ્યો. દયા પાળી, વ્રત પાળ્યા, ભક્તિ કરી, ધર્મ થઈ ગયો. ધૂળમાંય ધર્મ નથી. સાંભળને! તારા દયા, ભક્તિ અને વ્રતનો જે વિકલ્પ છે એ પણ અહીં જ્ઞાનસ્વરૂપ આત્મા છું એમાં એ નથી. એમ કહે છે. અને તે સંબંધીનું જ્ઞાન પોતાથી થયું સ્વકાળે એમાં એ વિકલ્પનું અસત્ત્વપણું છે. આહાહા..! આવું વસ્તુનું સ્વરૂપ છે એની ખબર ન મળે. આ મૂલચંદભાઈ જરી આજે આવી ગયા હતા સરખાઈના. આવું તો ભ્રમમાં રાખ્યા અત્યાર સુધી. ખબર નથી. આ વસ્તુ જ બીજી છે આખી. સમજાણું કાંઈ?

ભાઈ! અહીંયાં તો આત્મા, આત્મા છે. એના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આત્માના. રાગના નહિ, કર્મના નહિ. એ તો પરમાં ગયું. આત્મા જ્યાં અંદર અનુભવ દૃષ્ટિમાં આવ્યો ધર્મીને એ ધર્મીને ધર્મની દૃષ્ટિ થઈ. શેના ઉપર? કે વસ્તુ ત્રિકાળ જ્ઞાયક છે એના ઉપર દૃષ્ટિ થતાં તેનું પરિણમન શુદ્ધ થયું. શુદ્ધ થયું તે કાળમાં શું થાય છે? એ વાત ચાલે છે. ધર્મીને ધર્મનું ભાન થયું કે હું રાગ નહિ, હું કર્મ નહિ, હું શરીર નહિ, એ બધી ક્રિયાઓ મારાથી નહિ, એ ક્રિયામાં હું નહિ. અને હું જે છું તેમાં તો જ્ઞાન, આનંદ, શાંતિ એટલે વીતરાગતા એ મારો સ્વભાવ એમાં હું છું. એનો ધરનાર દ્રવ્ય એમાં હું છું, એનો ભાવ એમાં હું છું, એના ક્ષેત્રમાં હું છું, અને એ નિર્મળ વીતરાગી શક્તિઓની વર્તમાન પરિણતિ નિર્મળ આનંદ આદિ પરિણમે એવી પર્યાયથી મારું હોવાપણું છે. વિકાર અને કર્મ ને શરીરની પર્યાયથી મારામાં અસત્ત્વપણું છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યાં સુધી આવ્યું છે આપણે.

પરના દ્રવ્ય, પરનું ક્ષેત્ર, પરનો કાળ એટલે અવસ્થા. આત્મા સિવાય અનંતા આત્માઓ અને અનંતા પરમાણુની અવસ્થા-કાળ એટલે પરકાળ. એ રૂપે '**નહિ હોવાની શક્તિરૂપ જે સ્વભાવ...**' મારી પર્યાયમાં તે પણે નહિ હોવારૂપ શક્તિનો સ્વભાવ '**તે સ્વભાવવાનપણા વડે...**' મારામાં વિભાવની પર્યાયપણે નહિ હોવાપણું એવું મારામાં પરથી અસત્ છે. આહાહા..! ભાઈ! આ તો વળી યાદ આવ્યું. વ્યવહારનો નાશ કરે છે. લોકો નથી કહેતા? પણ અહીં સાંભળ તો ખરો. વ્યવહાર કોને કહેવો એનું જ્ઞાન કરાવે છે અહીં તો. આત્મામાં જે દયા, દાન, વ્રત, ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, વ્યવહાર રત્નત્રયનો જે વિકલ્પ રાગ છે એ ધર્મી એ રાગથી ભિન્ન પડેલો છે. અને ભિન્ન પડ્યો છે તેથી પોતાના સ્વકાળમાં એ રાગ સંબંધીનું જ્ઞાન એ જ્ઞાનથી સત્ છું, પણ રાગથી તો અસત્ છું. વ્યવહારના વિકલ્પથી પર્યાયમાં અસત્ છું એમ ધર્મી અનુભવે અને જાણે છે. નવનીતભાઈ! ઓલા તો કહે, વ્યવહારનો નાશ કરે છે. અરે.. ભગવાન! સાંભળને ભાઈ! વ્યવહાર છ દ્રવ્યનો નાશ થાય? છ દ્રવ્ય તો છે. એમાં ભેગો વ્યવહાર વિકલ્પ પણ છે. વસ્તુ નથી? પણ એ રૂપે ધર્મીની પર્યાય નથી. સમજાણું કાંઈ? એમ કહે છે. થોડા શબ્દોમાં ગાગરમાં સાગર ભરી દીધો છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભગવાન આત્મા આત્માની વાત ચાલે છે કે નહિ? તો આત્મા એ કાંઈ પુણ્ય-પાપ સ્વરૂપી આત્મા છે? શરીર સહિત એ આત્મા છે? કર્મ એ આત્મા છે? આત્મા એટલે અનંત જ્ઞાન-દર્શન-આનંદનું સ્વરૂપ. એવું ધર્મીને સમ્યગ્દષ્ટિને ચોથે ગુણસ્થાને અંતરમાં, આ આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ (છે) એવી શ્રદ્ધાનો અનુભવ થયો, તો કહે છે કે એ કાળે ધર્મીને વિકારના પરિણામથી અસત્ત્વપણે તેનું પરિણમન છે. જેટલો વ્યવહાર કહો એ પરમાં જ્ઞેય તરીકે ગયો. એનાથી જીવની, ધર્મની પર્યાય પરથી અસત્ત્વપણે પરિણમી રહી છે. પોતાથી સત્‌પણે અને પરથી અસત્‌પણે. ભાઈ! આમ છે વસ્તુ. હજી જેને ખ્યાલ પણ ન મળે અને વ્યવહાર કર્યો એ અમારો ધર્મ. અરે..! ભગવાન! શું કહે છો તું? એ તો તેં આત્મા વ્યવહારને માન્યો, એ રાગને તેં આત્મા માન્યો. પુણ્યના પરિણામ તેં આત્મા માન્યો. આત્મા એ પુણ્ય છે જ નહિ. એય..!

અહીં તો વ્યવહાર જે દયા, દાનના (વિકલ્પ) છે, જેને આત્માનું દર્શન, ભાન થયું એનામાં પણ વ્યવહારનું તો અસત્ત્વ છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? વ્યવહાર વ્યવહારમાં હો. એના સ્થાનમાં. પણ મારી પર્યાયમાં તેનું અસત્ત્વપણું છે. મારી પર્યાયમાં તેનું નહિ હોવાપણું છે. એ પણે નહિ હોવું એ મારું સત્ત્વ છે. એના સંબંધીનું જ્ઞાન અને મારા સંબંધીનું જ્ઞાન એની પર્યાયપણે હોવું એ મારું સત્ત્વ છે. એમ કહે છે. આહાહા..! કહો, સમજાણું કે નહિ આમાં? આહાહા..! આ શરીર, વાણી એ તો ક્યાંય રહી ગયા બહાર. એની પર્યાયમાં આત્માની પર્યાય નથી અને એની પર્યાય વડે આત્માની પર્યાય નથી. એ તો એક કોર રહી. પણ આત્મામાં થતા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવનો વિકલ્પ જે રાગ છે એ રાગની પર્યાયનું આત્માના ધર્મની પર્યાયમાં એ રાગની પર્યાયનું અસત્ત્વ છે. ભાઈ! આહાહા..! અરે..! ભગવાન! તારી ચીજ શું છે એની તને (ખબર નથી). અને રાગમાં મારું સત્ત્વ છે? રાગમાં સત્ત્વ છે? રાગનું સત્ત્વ હોય તો રાગ કદી ટળશે નહિ. સમજાણું કાંઈ?

ધર્મીની પર્યાયમાં રાગનું હોવાપણું નથી એમ કહે છે. આહાહા..! ત્યારે કહે, અમારે વ્યવહાર ક્યારે આવશે? પણ વ્યવહાર નથી તારી પર્યાયમાં એમ કહે છે અહીં. ભાઈ! ભગવાન! ધ્યાન રાખવું પડે છે, ભાઈ! તારા માર્ગના નિચોડ ને બીજી જાત છે ઈ. સમજાણું કાંઈ? શેઠી! કહો, ત્યારે અમારે પૂજા, ભક્તિ ને વ્યવહાર ને દયા ને દાન એવું ક્યારે આવશે? એમ અજ્ઞાની પૂછે છે. અહીં તો કહે છે, સાંભળ ભાઈ! તે કાળે જે શુભરાગ આવ્યો તે ધર્મીની પર્યાયમાં નથી આવ્યો એમ કહે છે. આહાહા..! એય.. મલૂકચંદભાઈ! એને તો એ મંદિર કરવું છે ને એટલે એને પડકારીએ છીએ. ત્યાં અગ્રેસર એ છે અત્યારે. માથું મોટું એનું છે. કહો, સમજાણું આમાં? કોનું કહેવું માથું ને.. આહાહા..! શું કહે છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ધર્મીને એક વિકલ્પ આવ્યો કે બે લાખ આમાં ખર્ચીએ. તો એ બે લાખની પર્યાયને લઈને વિકલ્પ નથી અને એ વિકલ્પને લઈને અહીં ધર્મની પર્યાય પરિણમી નથી. એમ કહે છે. સ્વરૂપચંદભાઈ! સમજાય છે કે નહિ? પકડાય છે ને કાંઈક કાંઈક? કારણ કે આ બધી આ તો લોજિકથી-ન્યાયથી તો વાત ચાલે છે હોં. આત્મા એટલે શું? આત્મા એટલે પવિત્ર ધર્મનો પુંજ. શુદ્ધ પવિત્ર શક્તિનો પુંજ. રાગ-બાગ, પુણ્ય-પાપ એ આત્મા નહિ, વ્યવહાર-ફ્યવહાર એ આત્મા નહિ. એ તો અણાત્મા ગયો. આહાહા..!

કહે છે, પ્રભુ! ઓહોહો..! શું આચાર્યોએ દિગંબર સંતોએ પણ કામ કર્યા છે ને! અને તે ભાવને મૂકવાની શૈલી તે પણ ગજબની શૈલી!! જ્ઞાનમાત્ર સિદ્ધ કરીને પછી એના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ઉતાર્યા. સમજાણું કાંઈ? એ ભગવાન આત્મા તો જાણનાર-દેખનાર છે ને. એ ક્રમબદ્ધમાં એ આવ્યું કે ક્રમે ક્રમે રાગાદિ થાય અને પરમાં ક્રમે ક્રમે થાય તેનો હું જાણનાર છું, તેનો કર્તા અને તેની અવસ્થા મારામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાનું દ્રવ્ય એટલે વસ્તુ, શુદ્ધ ચૈતન્ય શક્તિનું તત્ત્વ. એની શક્તિઓ બધી શુદ્ધ અનંત અને એનું ક્ષેત્ર એ અસંખ્ય પ્રદેશ. એનાથી હું છું અને હવે વાંધો અહીં પર્યાયમાં વાંધા આખા કે સ્વકાળમાં, વર્તમાન દશામાં મારી પવિત્રતા જે શક્તિઓ છે એના સ્વકાળપણે તેનો સ્વકાળ એનો તે સમયની પર્યાયના સ્વકાળપણે તે હું છું. એના અંશના પણે ઓલા ત્રિકાળ ભાવપણે નહિ, આ વર્તમાન અંશપણે હું છું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ત્રણે ત્રણમાં રહી ગયા. આ ચોથામાં એકલો રહી ગયો. આહાહા..!

એટલે શું કીધું? દ્રવ્ય દ્રવ્યમાં રહ્યું, ક્ષેત્ર ક્ષેત્રમાં રહ્યું. ભાવ ભાવમાં રહ્યો. એમાં ચોથો બોલ ચાલે છે આ. અનંતા ગુણનું એક સમયમાં ધર્મીને સમ્યગ્દષ્ટિને શુદ્ધ પરિણમનની પર્યાય તે તે કાળનો તે સ્વકાળ છે. એ સ્વકાળથી હું છું અને તે ક્ષણે જે રાગ થયો છે તેવા રાગનું મારામાં અસત્ત્વ છે, મારામાં તેનું સત્ત્વ એટલે મારામાં એ હોવાપણું નથી. એ વ્યવહારનો રાગ મારામાં નથી એમ ધર્મી જાણે અને માને છે. આહાહા..! આ તો કહે કે વ્યવહાર કરે તો ધર્મી કહેવાય. અરે.. ભગવાન! શું તું કહે છો? એ તો આત્મા ન થયો, એ તો અણાત્મા થયો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ છે. કદી લક્ષણનું ભાન ન મળે અને ધર્મ થઈ ગયો? આહાહા..!

કહે છે કે મુનિ હોય ભાવલિંગી સંત ધર્માત્મા. એને જે પંચ મહાવ્રતનો જે વિકલ્પ અને અઠ્યાવીશ મૂળગુણનો જે રાગ વૃત્તિ ઉઠે છે અને જે શરીરની નગ્ન દશા (છે), એ પણે ધર્મીની પર્યાયમાં તે પણાનું અસત્ત્વ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય સ્વદ્રવ્યને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આશ્રયે પરિણમી તેના પર્યાયના સત્ત્વમાં આત્મા છે અને તે વખતના અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પના સત્ત્વથી આત્માની પર્યાય નથી. આહાહા..! અહીં તો હજી તો પંચ મહાવ્રત પાળ્યા, પંચ મહાવ્રત થઈ ગયા, થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. ધર્મ તે આત્મામાં હોય કે ધર્મ તે આ અનાત્મા રાગમાં અને જડમાં હોય? સમજાણું કાંઈ? ઓલા કહે, વિકલ્પ તોડો.. વિકલ્પ તોડો.. પણ શું વિકલ્પ તોડે? સાંભળને. આત્મા જ મહા સત્ ભગવાન ચિદાનંદ સાગર પડ્યો છે. એની સન્મુખ થઈને શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ પ્રગટ કરી તે પર્યાયમાં વિકલ્પનો અભાવ જ છે. કરવો પડતો નથી. આમ કહે છે. આહાહા..!

'**પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે નહિ હોવાની...**' નહિ હોવાની. એટલે વિકારપણામાં કાળની પર્યાયપણે સ્વમાં નહિ હોવાની '**શક્તિરૂપ જે સ્વભાવ તે સ્વભાવવાનપણા વડે...**' તે સ્વભાવવાનપણા વડે રાગ ને વ્યવહારપણે ન પરિણમવાના સ્વભાવવાનપણા વડે વ્યવહારથી '**અસત્પણું છે;...**' એમાં. સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાય સ્વની છે, દર્શનની સ્વની, ચારિત્રની સ્વની, આનંદની સ્વની. એને એ સમયના પર્યાયનું સત્ત્વ તેનાથી હું છું. પણ એ રાગાદિની પર્યાય અને દેહની ક્રિયા ઈર્યાથી આમ જોઈને ચાલ્યો, વિચારીને બોલ્યાની ભાષા થઈ એ પર્યાયપણે મારો પર્યાય ધર્મી માને છે કે મારો પર્યાય એ પણે તો થયો જ નથી. કહો, મૂલચંદભાઈ! આવું વસ્તુનું સ્વરૂપ છે. આ તો મૂળ વાત છે. લ્યો, ભાઈ મૂલચંદભાઈ કહે મૂળ વાત છે.

મુમુક્ષુ :- બેને એક માન્યું.

ઉત્તર :- બેને એક માન્યું એ મિથ્યાદષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, એમાં એ આવ્યું.

એ આઠ બોલ છે. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે છું, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે નથી. એટલે આઠ બોલ થઈ ગયા એ. અને ચાર બોલ પહેલા થઈ ગયા. પહેલા આવ્યા ને પહેલા? તત્પણું અને અતત્પણું, એકપણું અને અનેકપણું. તત્ અને અતત્, એક અને અનેક એ ચાર. અને આઠ આ બાર થયા. બે રહ્યા. ચૌદમાં બે બોલ રહ્યા હવે. આવું કોણ સમજે? માથા ફોડ આ. કરો ધર્મ. લગાડો ભક્તિ, ભજન લગાવો, ભજન લગાવો. ભગવાનની ભક્તિ કરો. ભક્તિ કરશે તો નિર્જરા થશે. આવ્યું છે શ્રીમદ્‌માં નથી આવતું? ભક્તિ આવી સાધન.. નથી આવ્યું? ઓલામાં આવે છે અઠ્યાવીશ બોલમાં. અઠ્યાવીશ બોલ શું? અઠ્યાવીશમાં વર્ષમાં ઓલો પત્ર છે ને છ બોલનો? એમાં આવે છે ભક્તિ આદિ સાધન કહ્યા છે, કર્મ શિથિલ પડે, એનાથી શિથિલ પડે, એનાથી ઉપશમ થાય, એનાથી ક્ષય થાય એમ કરીને.

અહીં તો એ શિથિલ ઓલો રાગ છે તો મંદ પડે છે કે નહિ એટલું? નિશ્ચય છે ત્યાં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રાગની વ્યવહારતા છે એ અશુદ્ધતાને અશુભતાને ટાળે છે એટલું કહેવામાં આવે. અશુભતાને ઘટાડે છે એટલું કહેવામાં આવે છે. નિશ્ચય છે તે બેયને મટાડે છે એમ કહેવામાં આવે છે. ઓલો વ્યવહાર આવ્યોને વચ્ચે કેટલોક? પણ ભાઈ! એનો અર્થ ઈ છે કે વસ્તુનો સ્વભાવ શુદ્ધ પવિત્ર છે. શુદ્ધ ધર્મ. એની જ્યાં પરિણતિ ધર્મની પવિત્રપણે પરિણતિ થઈ તેમાં એ રાગની પરિણતિમાં અસત્ત્વપણે પરિણમવું એવો જ પર્યાયનો ધર્મ છે. એ પર્યાયનો એવો ધર્મ છે. એને ઠેકાણે રાગરૂપે હું પરિણમું છું એ માન્યતા મિથ્યાદૃષ્ટિની, ચાહે તો જૈન સાધુ થયો હોય તો પણ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

હવે ત્રીજો. ૧૩મો ૧૩મો બોલ. હજી તો બધા ઘણા બોલ આવશે હોં! એનામાં એનો વિસ્તાર આવશે. પછી આવશે પદ્યો. હવે કહે છે ૧૩મે બોલે '**અનાદિનિધન...**' કેવો છે આત્મા? અનાદિઅનંત. અનાદિ-આદિ વિનાનો. અનિધન. અનિધન-અંત નહિ. એવો '**અનાદિનિધન અવિભાગ...**' જેના ભાગ નથી એવો. પણ કેવો? '**એક..**' '**એક વૃત્તિરૂપે પરિણતપણા વડે...**' એકરૂપે હયાતી હોવાપણા વડે. એકપણે હોવાપણા, એકરૂપે હોવાપણા વડે. લ્યો ભાઈ આવ્યું તમારું ઓલું. ક્યું? ઓલું ભાઈએ લખ્યું છે ને. આત્મદ્રવ્યલાભ પરિણામિકભાવ. લ્યો, વળી એ આવી ગયું. પરિણામિકભાવ લખ્યું છે ને ઓલામાં? આત્મદ્રવ્યનો લાભ એ પરિણામિકભાવ. એટલે શું? આત્માનો જે ત્રિકાળી પરિણામિકભાવ છે ને એને ભગવાને એવી ભાષા કહી આચાર્યે કે આત્માનો... સમજાય છે? આત્મા દ્રવ્ય આત્મલાભ, દ્રવ્ય આત્મલાભ. .. દ્રવ્ય આત્મા એટલે એની હયાતી. આત્મા એનું દ્રવ્ય એટલે વસ્તુ અને આત્મા એટલે ભાવ-સ્વરૂપ. લાભ એટલે હયાતી. વસ્તુના સ્વરૂપની હયાતી. લાભ એટલે હયાતી. સમજાણું કાંઈ? ભાઈએ કર્યો છે અર્થ. પંચાસ્તિકાય. છે ને? લાવોને ભાઈ કાઢીએ. છે આમાં? ૫૬ છે. '**द्रव्यात्मलाभहेतुकः परिणामः**'.

શું કહે છે? ભગવાન આત્મા પરિણામિકભાવ છે ત્રિકાળ. ત્રિકાળ પરિણામિક ધ્રુવ એક સમયની પર્યાય સિવાય. ત્રિકાળી વસ્તુને અહીંયાં અમૃતચંદ્રાચાર્ય મહારાજ એમ કહે છે '**द्रव्यात्मलाभहेतुकः**'. દ્રવ્ય નામ વસ્તુનો, આત્મ નામ સ્વરૂપની હયાતીરૂપે એ જેનો હેતુ છે એવો પારિણામિકભાવ. ભાઈએ પણ કહ્યું છે આપણે. '**આત્મલાભ = સ્વરૂપપ્રાપ્તિ; સ્વરૂપને ધારી રાખવું તે; પોતાને ધારી રાખવું તે; હયાતી. (દ્રવ્ય પોતાને ધારી રાખે છે અર્થાત્ પોતે હયાત રહે છે તેથી તેને પરિણામ કહેવામાં આવે છે.**' પંચાસ્તિકાયમાં છે. પાનું ૯૮. ૫૬ ગાથા. શું કીધું?

ફરીને. જે આત્મા છે ને? દ્રવ્ય, સ્વરૂપ અને હયાતી. વસ્તુના સ્વરૂપની હયાતી. એને પારિણામિકભાવ કહે છે. પારિણામિકભાવ સમજાય છે? પારિણામિકભાવ એટલે ધ્રુવ. ત્રિકાળ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પારિણામિક વસ્તુ સહજ. કોઈની પર્યાય નહિ અને કોઈની જેમાં અપેક્ષા નહિ. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... દ્રવ્ય એની સ્વરૂપ એનું હયાતી એવો દ્રવ્ય આત્મસ્વરૂપ હયાતી એનું નામ પારિણામિકભાવ. એનું નામ પારિણામિકભાવ. એ અહીં કહે છે.

**'અનાદિનિધન અવિભાગ એક વૃત્તિરૂપે પરિણતપણા વડે...'** એકરૂપપણે હયાતીપણા વડે રહેતું નિત્યપણું. ભાઈ! એની સાથે મેળ ખાઈ ગયો. પહેલું તો પૂછતા.. અહીં પરિણતપણા વડે અહીં આવી ગયું પાછું સરખું. કહો, સમજાણું આમાં? બે ભાષા થઈ. એક તો વૃત્તિરૂપે પરિણમવું બીજી વાત. અનાદિનિધન ભાગ વિના એક વૃત્તિ રૂપે પરિણમવું. એટલે કે એકરૂપે હયાતીરૂપે રહેવું એનું નામ નિત્યપણું છે. સમજાણું કાંઈ? શું કીધું? ચીમનભાઈ! શું કીધું?

મુમુક્ષુ :- એક વૃત્તિપણે રહેવું.

ઉત્તર :- ના. ના. ઓલા દ્રવ્યની વ્યાખ્યા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલે શું?

મુમુક્ષુ :- દ્રવ્ય, વસ્તુ સ્વભાવ..

ઉત્તર :- પછી?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હયાતી. પંડિત છે તો.. ઠેં.. ઠેં થઈ ગયું થોડું. ... એ તો આવતા આવતા.

દ્રવ્ય-આત્મ-લાભ એવો ભગવાન અમૃતચંદ્રાચાર્યે આત્મામાં નિત્ય વસ્તુ છે ધ્રુવ એને આ શબ્દે ઓળખાવ્યો છે. દ્રવ્ય એના સ્વરૂપની હયાતી. વસ્તુના સ્વરૂપની હયાતી, એને પારિણામિકભાવ, ધ્રુવ ભાવ કહેવામાં આવે છે. એને અનાદિઅનંત એકરૂપે ટકવારૂપ હયાતી એને નિત્ય કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, એને ઠેકાણે આવી ગયું આ. વૃત્તિરૂપી પરિણતપણા વડે.. વાંચવા બેઠા હોય ત્યારે શું નથી આવતું? પણ આવી ગયું ઠેકાણે પાછું. એ અમૃતચંદ્રાચાર્યે ટીકા કરી છે. આ અમૃતચંદ્રાચાર્યની ટીકા છે.

ભગવાન આત્મા પોતાની વાત ચાલે છે હવે. કર્મ ને શરીરની-ફરીરની અહીં વાત નથી. આત્મા જે છે એ અનાદિઅનંત (છે). આદિ નહિ, અંત નહિ. એક વાત. અવિભાગ-જેના ભાગ નથી કાળમાં કે ભાવમાં. એકરૂપે રહેવું. એકરૂપે રહેવાપણારૂપ. એકરૂપે રહેવાપણારૂપ પરિણત એટલે પરિણામિકભાવ તે વડે તે નિત્યપણું છે. સમજાણું કાંઈ? ઝીણું બહુ જાદવજીભાઈ! આ તો બહુ ધ્યાન રાખે તો પકડાય એવું છે. દુકાનનો ધંધો છે એ સમજ્યા વિના ઈનું ઈ કર્યા કરે દરરોજ. એમાં કાંઈ નવું ન આવે. આ તો નવું નવું આવે દરરોજ. આહાહા..!

કહે છે તેરમે બોલે. તારું નિત્યપણું છે. તારું નિત્યપણું કઈ રીતે છે? આદિ અને અંત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


વિના અને ભાગ વિના. ભાગલો નહિ. ભાગ શો? એકરૂપ વસ્તુમાં ભાગ નહિ. એવું એકપણે ટકવારૂપ સ્વરૂપ, તેને અહીંયાં નિત્ય કહેવામાં આવે છે. એવો હું છું. નિત્ય આવો છું. એમ. સમજાણું કાંઈ? એ એક બોલ થયો ૧૩મો. પરિણતપણા વડે એટલે પરિણમવું નહિ હોં! અહીં. પરિણમવું એટલે પર્યાય પરિણમવું એમ નથી લેવું અહીંયાં. અહીં તો હયાતી લેવી છે. એમ ને એમ છે ચાલુ... ચાલુ... ચાલુ... ચાલુ.. એમ લેવું છે. પરિણમવું એ તો પર્યાયમાં જશે. ભાષા એવી છે. એક વૃત્તિ રૂપે પરિણતપણા વડે. સમજાણું? એનો અર્થ એ. એકરૂપે ટકવાપણું તેને પરિણામિકભાવ અને નિત્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**અને ક્રમે પ્રવર્તતા,...**' હવે ક્રમે પ્રવર્તતા આવ્યા. ક્રમ આવ્યો. ખુલ્લો આવ્યો ક્રમ. આ ક્રમે પ્રવર્તતા શું છે? ધર્મની પર્યાયના. વિકારના એ નહિ. આત્મામાં જે શુદ્ધ સ્વરૂપ પવિત્ર છે એવો જ્યાં સમ્યક્ અનુભવ થયો એથી કહે છે કે હવે એની પર્યાયમાં ક્રમે... ક્રમે... ક્રમે... સમ્યગ્દર્શનની પર્યાય પહેલે સમયે, બીજે સમયે, ત્રીજે સમયે એમ જ્ઞાનની પહેલી સમયે, બીજે, ત્રીજે. એમાં એ પર્યાયનું નિર્મળનું ક્રમે પ્રવર્તવું '**એક સમયની મર્યાદાવાળા...**' ભારે. ભગવાન આત્મા ધ્રુવ ચૈતન્ય સ્વરૂપ એ તો નિત્ય થયું. હવે સમય સમયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આનંદ આદિની પર્યાય ક્રમે ક્રમે થતી, ક્રમે ક્રમે પ્રવર્તતા. સમય સમયની પર્યાય ધર્મની એક સમયની પર્યાય એક સમયની ક્રમે, બીજે સમયે બીજા ક્રમે. એવા એક સમયની મર્યાદાવાળા, ધર્મની એક સમયની હદવાળો પર્યાય તેને અનિત્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**ક્રમે પ્રવર્તતા, એક સમયની મર્યાદાવાળા...**' ઓલો કહે છે ને? નહિ, પર્યાય આમ હોય, ઢીકણું આમ હોય. એમ કહે છે. શું કહે છે નહિ? વ્યંજનપર્યાય. ભાઈ! કહે છે ને ઓલી? લાંબા કાળની. અરે..! સાંભળ અહીં તો ધર્મની પર્યાય ચાલે છે તે એક જ સમયની પર્યાય છે. હવે સાંભળને. આહાહા..! સમજાય છે? ઉપયોગ ભલે અસંખ્ય સમયે કામ કરે, પણ વસ્તુ તો એક સમયમાં ક્રમે પ્રવર્તતા, ક્રમે પ્રવર્તતા. સમજાય છે? એક સમયની હદવાળું, પર્યાયનો એક સમય જ કાળ છે. સમજાણું કાંઈ? એ કેવળજ્ઞાનનો પણ એક સમયની મર્યાદાવાળો કાળ છે. એમ કહે છે.

મુમુક્ષુ :- કર્મ..

ઉત્તર :- કર્મની શી રીતે નથી? નથી એની પણ એક સમયની પર્યાયનો મર્યાદા કાળ છે. કર્મના પરમાણુમાં પણ એક સમયની પર્યાયનું અનિત્યપણું તેની મર્યાદા કાળ છે. એવી ને એવી રીતે, બીજી રીતે રહે અમુક કાળ બીજું, પણ એની મર્યાદાનું એક સમયનું જ પરિણમન એનું છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પરમાણુ છે એ વસ્તુપણે પરિણામિકભાવપણે નિત્ય છે અને સમયે સમયે તેની ક્રમે પ્રવર્તતી પર્યાયપણે તે અનિત્ય છે. ક્રમે વર્તતો તેની એક સમયની જ મર્યાદા છે પર્યાયની. બે સમય પર્યાય રહી શકે નહિ. સમજાણું કાંઈ? તેથી ક્ષયોપશમ સમયની પર્યાય વર્તતી તે સમયે તે મર્યાદાવાળી છે. બીજે સમયે જ્યારે ક્ષાયિક થાય ત્યારે ક્ષાયિકની પર્યાયની એક સમયની મર્યાદાવાળી તે છે. ભલે તે ક્ષાયિક પછી બીજે સમયે રહે પણ તે સમયની બીજા સમયની મર્યાદા પ્રમાણે એ સમયની પર્યાય છે. આહાહા..! અને ક્ષાયિકની સાદિઅનંત સ્થિતિ એમ આવે. કેવળજ્ઞાન પ્રગટે એ સાદિઅનંત રહે. એય..! કેવળજ્ઞાન કેટલું રહે? કેવળજ્ઞાન કેટલો કાળ રહે?

મુમુક્ષુ :- સાદિઅનંત રહે.

ઉત્તર :- અહીં ના પાડે છે. એક સમય રહે છે. એ તો પછી એવી ને એવી બીજે સમયે ભલે થાય. પણ કેવળજ્ઞાનનો કાળ તો એક સમયની મર્યાદાવાળો છે. કારણ કે એ પર્યાય છે, તે અનિત્ય છે. વસ્તુ અને એના ગુણ તે નિત્ય પરિણામિકભાવે ધ્રુવ છે. પણ એક સમયની પર્યાય તો એક સમયની અનિત્ય જ છે. સમજાણું કાંઈ?

અધ્રુવ અને અનિત્યમાં પણ ફેર પાડ્યો છે ને ઓલામાં નહિ? ૭૪ ગાથા. અધ્રુવ અને અનિત્યમાં ફેર પાડ્યો. અધ્રુવનો (દાખલો) વાઈનો આપ્યો છે અને અનિત્યનો આપ્યો છે ટાઢ્યા અને ઊના તાવનો. ફેર પાડ્યો છે. ઊનાનો ટાઢો થઈ જાય, ટાઢાનો ઊનો થઈ જાય. ઓલો અધ્રુવ છે. સમજાણું? પહેલામાં શું કહેવાય? વાઈ-વાઈ. એને અધ્રુવ ગણ્યો અને ઓલાને અનિત્ય ગણ્યો. પલટી ગયું ને. આખું રૂપ પલટી ગયું.

આત્મા અહીં તો અનિત્ય છે આત્મા. લે, અનિત્ય આત્મા? એક બાવો આવ્યો હતો બિચારો (સંવત) ૧૯૯૯માં. એક મહારાજ અધ્યાત્મની વાત બહુ કરે છે. એમાં તાકડે વાત અનિત્યની નીકળતી હતી. આત્માની સમય સમયની પર્યાય ભિન્ન ભિન્ન અનિત્ય. હેં! અનિત્ય કહો છો? ભાગ્યો. પણ સાંભળ તો ખરો. આ અંદરની પર્યાય જે અવસ્થા છે એક સમયની રહે, બીજે સમયે ન રહે. વસ્તુ ત્રિકાળ રહે પણ એની અવસ્થા તો એક સમયે જ રહે. એક સમય ન રહે તો મિથ્યા ભ્રાંતિ છે એને સમ્યક્ થઈને એક સમયમાં પલટો ખાય છે એ શી રીતે સમ્યગ્જ્ઞાન થશે તને? સમજાણું કાંઈ? એક સમયની મર્યાદા ન હોય તો સમ્યગ્દર્શનમાંથી આગળ વધીને ક્ષાયિક થવું છે, મનઃપર્યયજ્ઞાન એક સમયની પર્યાયમાંથી કેવળજ્ઞાન થવું છે, એક સમયની જ મર્યાદા છે. બીજે સમયે બીજી થાય એની મર્યાદા બીજી. સમજાણું કાંઈ? આ વસ્તુ તો વીતરાગનો માર્ગ અને વસ્તુની મર્યાદા એ છે. એકલું નિત્ય-નિત્ય કરે એમ ન ચાલે. એમ એકલું અનિત્ય-અનિત્ય કરે એમ પણ ન ચાલે. એકાંત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નિત્ય કરનારા, કૂટસ્થ માનનારા મૂઢ છે. આ તત્ત્વને એકલા ક્ષણિક માનનારા મૂઢ છે. વસ્તુનું સ્વરૂપ એમ નથી એમ કહે છે. આ ધર્મનું ભાન થયું તો પર્યાય અનિત્ય છે એમ સિદ્ધ કરે છે. કોઈ એમ કહે કે ધર્મ ભાન થયું પછી બસ, એ તો નિત્ય થઈ ગયો, કૂટસ્થ થઈ ગયો. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન થયું અને અનુભવ થયો પછી શું? પછી નિત્ય નિત્ય છે. સાંભળને, એમ નથી. સમજાણું કાંઈ?

આ તો ધર્મીની વાત ચાલે છે અત્યારે. સમ્યગ્દષ્ટિ ધર્મી છે, સંત ભાવલિંગી ધર્મી છે અને કેવળજ્ઞાની કેવળજ્ઞાનવંત છે. એને પણ એક સમયની પર્યાયવાળી મર્યાદા ધર્મની પર્યાયની કેવળજ્ઞાનની પર્યાયની છે. આકરું લાગે માણસને. આ તો એકલો માલ કાઢીને મૂક્યો છે. સમજાણું કાંઈ? બદલે છે. બદલતું ન હોય તો પછી એને નરસાનું સારું કરવું અને સારાની વૃદ્ધિ કરવી એ બને શેમાં? શુદ્ધતા વધવી અને અશુદ્ધતા ટળવી એ જો બદલતું ન હોય તો કરવું શેમાં? બદલવાનો એનો સ્વભાવ છે. એનો સ્વતઃ સ્વભાવ છે. કોઈને કારણે નહિ. સમજાણું કાંઈ? આવો આત્મા છે એમ નિર્ણય કર્યા વિના એને ધર્મ-બર્મ થાતો નથી ક્યાંય. આ તો નિર્ણય થયા પછી પણ દશા આમ વર્તે છે. તો પહેલેથી જેના ઠેકાણા નથી (કે) આત્મા નિત્ય છે કે અનિત્ય છે? કઈ રીતે નિત્ય અને કઈ રીતે અનિત્ય છે? એની જ્યાં શ્રદ્ધાના ભાન જ નથી, એને આત્મા-બાત્મા હાથ આવે નહિ અને સમ્યગ્દર્શન થાય નહિ. સમજાણું કાંઈ?

અહીં તો એ ક્રમે પ્રવર્તતા. એક તો જાણે. સમય સમયની મર્યાદાવાળો જે અનંત ગુણનો એક સમયનો પર્યાય જે અનિત્ય છે, એક સમય રહેશે. બીજે સમયે બીજો, ત્રીજે સમયે ત્રીજો. એક સમયની હદવાળો. એક સમયની જેની મર્યાદા છે. એક સમયની જેની સ્થિતિ છે. '**અનેક વૃત્તિ-અંશોરૂપે...**' એવા અનેક વૃત્તિ. ક્રમ લેવો છે ને ક્રમ? ક્રમે પ્રવર્તતા એક સમયની મર્યાદાવાળા અનેક વૃત્તિ, અનેક અંશો રૂપે. વૃત્તિનો અર્થ અંશરૂપ કીધો અહીં. '**અનેક વૃત્તિ-અંશોરૂપે પરિણતપણા વડે...**' જુઓ ભાષા તો અહીં ભાષા લીધી. પણ ઓલો અંશોરૂપે પરિણત અને ઓલામાં હતું વૃત્તિરૂપે પરિણત. અને અહીં વૃત્તિનો અંશ અર્થ કર્યો. છે ને? '**क्रमप्रवृत्तैकसमयावच्छिन्नानेकवृत्त्यंश**' પાઠ છે એમાં. પાઠમાં જ છે ઈ. વૃત્તિ અંશ. અને ઓલામાં તો '**एकवृत्तिपरिणतत्वेन**' '**अविभागएकवृत्तिपरिणतत्वेन**' ભાગ નથી આમાં. આમાં ભાગ પડ્યા દરેકમાં. આહાહા..! આવું નાશવાન! વળી નાશવાન. આત્મા નાશવાન નહિ અને નાશવાન. બે. ભાઈ! જો બદલતું ન હોય તો એને ધર્મ કરવો ક્યાં રહ્યું? અને ધર્મ થઈને, પાછી વિશુદ્ધિ થઈને કેવળજ્ઞાન પ્રગટ કરવું છે એ બધું થાય શી રીતે? વસ્તુ તરીકે ધ્રુવ છે. પર્યાય તરીકે-અવસ્થા તરીકે અનિત્ય છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અહીં તો ધર્મીમાં અનિત્યપણું સિદ્ધ કર્યું છે એટલે કોઈ વળી એમ કહે કે ધર્મ થઈ ગયો પછી તો થઈ રહ્યું, જાવ. કૂટસ્થ થઈ ગયો એની દૃષ્ટિમાં આવ્યું. સાંભળને! અરે..! કેવળજ્ઞાન થાય તો પણ અનિત્ય છે એમ કહે છે અહીં તો. એઈ..! રાડ નાખી ગયા હતા ઓલાપણે નહિ? પોર આપણે નહોતું કેવળજ્ઞાનનું શું? જંબુ. જંબુ ક્ષેત્રને? જંબુસ્વામી મોક્ષ ગયા ત્યાં. મથુરા-મથુરા. બપોરે વ્યાખ્યાન થયું હતું. પંડિતો બેઠા હતા કોઈ બીજા. કેવળજ્ઞાન એક સમય રહે છે. આ પંડિત ભણ્યા. અને ઓલો પાછો નહોતો આવ્યો પંડિત શોભાલાલ? એ તો કહે, પર્યાય.. આવો ભણેલો શાસ્ત્રી અને પર્યાય તો અહીં સાંભળી છે. ઠીક. અરે.. ભગવાન! એક નહોતો આવ્યો ભાઈ? ટબુડીમાં પંચામૃત નાખીને પાછો એને અભિષેક કરે તો એને સખ આવે. અભિષેક (માટે) ટબુડી રાખી હતી એક ઠેકાણે. પણ ન કરવા દીધો. અરે.. ભગવાન! અભિષેક તો અમૃતથી તારો કરને. અમૃતથી પર્યાયમાં સીંચ તને. ભગવાન અમૃતનો સાગર પ્રભુ છે. એવી જ્યાં ધર્મદૃષ્ટિ થઈ તેને અમૃતની પર્યાયનો એક સમય જ કાળ અનુભવનો હોય છે. એ અનુભવનો કાળ એક સમયનો હોય છે, બે સમયનો નહિ એમ કહે છે. લ્યો, વળી ત્યાં ગયું. અલિંગગ્રહણ ૨૦મો બોલ. સમજાણું આમાં?

એક સમયે જે અનુભવમાં આવે, એ સમયે બીજે સમયે બીજે સમયે ન હોય. કહો, આવું હતું ન્યાં? નહોતું ક્યાંય? એ તો બૈરા કહેતા હતા કે ત્યાં મહારાજ પાસે કબુલ કરાવો તો માનું. તમે કહો એ નહિ. બૈરા ચડી ગયા એ વખતે. એવું પૂછ્યું હતું. એવું સાંભળ્યું હતું. આ વસ્તુનું વીતરાગ સર્વજ્ઞ શાસન કોઈ સંપ્રદાય નથી. આ તો વસ્તુનું સ્વરૂપ છે ત્રિકાળી જે છે તે. એવા સર્વજ્ઞો આત્મા અનંતા જગતમાં પડ્યા છે. આહાહા..! પ્રગટરૂપે અનંતા પડ્યા છે અને શક્તિરૂપે સર્વજ્ઞો અનંતા આત્માઓ અનંતગુણા પડ્યા છે. બાપુ! આ વસ્તુ એવી છે. બીજી રીતે કોઈ કહે તો એ ચાલે નહિ. માર્ગ નહિ રહે, તને સત્ય નહિ લાધે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, આ સિદ્ધની પર્યાય જે થાય પરમાત્માની-પરમાત્મા કેવળજ્ઞાનીની એ સિદ્ધની પર્યાયનો એક સમયનો કાળ છે. સિદ્ધ એ ધ્રુવપણે ધ્રુવપણે અનાદિઅનંત એકરૂપ છે. એક સમયની મર્યાદા પણ એનું અનિત્યપણું છે. એવા અનિત્યપણે અને નિત્યપણે બેય ભગવાન પોતે છે. આહાહા..! સમજાણું કાંઈ? .. નિત્ય-અનિત્ય એક કોર નાખી. આ બધું જગત... આત્મા નિત્ય છે અને આ બધું અનિત્ય છે. એમ નહિ. આહાહા..! એ બધું અનિત્ય છે, અનિત્ય છે. એમ નહિ એ તો અનિત્ય છે એનો અર્થ કે ત્યાં અવસ્થા બદલે છે એ અપેક્ષાએ અનિત્ય છે. પણ વસ્તુ એ પણ નિત્ય છે કાયમ. ત્યાં ત્યાં રજકણ જે છે પરમાણુ અને આત્મા એ પણ કાયમના નિત્ય છે. અવસ્થા એની છે. એમાં આ આત્મા પણ ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એની ધ્રુવતાથી એકરૂપ છે અને સમય સમયની પર્યાયની અનેકતાથી ક્રમવર્તીથી અનિત્ય છે. આહાહા..!

કાંઈક મગજને કેળવવું તો પડે કે નહિ? કેળવ્યા વિના થાતું હોય તો ઓલા લોટ કરે છે તો કાંઈક કેળવે તો રોટલી થાય. નહિતર એમ ને એમ લોટ નાખીને પાણીની રોટલી કરવા જાય તો .. થઈ જાય. આ રોટલીના લોટને કેળવતા નથી? લોટને લોટને. તેલ મારીને પાછું કેળવે આમ સરખાઈનું. ત્યારે માંડ રોટલી થાય. નહિતર રોટલી ન થાય. કુચા જેવું થાય. વાંઢો એક જણો રોટલી કરવા બેઠો હતો. લોટમાં ઠેકાણું નહિ અને પાછું કરવામાં એક ખૂણો આમ નીકળે અને એક ખૂણો આમ નીકળે રોટલીનો. આમ ગોળ થવું જોઈએ એ આવડ્યું નહિ. એક ફેરી આવ્યું હતું અમારે. વડોદ છે, વડોદ. ઉમરાળા પાસે. ઉમરાળા પાસે ત્રણ ગાઉ છે વડોદ. હતા તે દી તમે? (સંવત) ૨૦૦૬ની સાલમાં. કીધું, વાંઢાની રોટલી આવી લાગે છે આજ. કેમ કે બાયું છે એને આવડતું હોય. આમ સરખું ફરે. એટલો ઓલું ગોળ ચક્કર ફરતું જાય. અને ઓલા સરખું આમ ભાર દે ત્યાં ખૂણો નીકળી જાય ઓલો. આ લોટનું ગોરણું હોય છે ને લોટનું ગોરણું? ગોરણું. લોટ લે આમ. એમાં વળી જરી લોટ નાખે. ઉપલો ફુલાવવો હોય ને ઉપલો એટલે જરી આમ કરીને લોટ નાખે. એટલે ઉપર જરી થાય ને પછી એને ચડતા લૂગડું આમ નાખે તો દડો થાય. ઓલો વચ્ચે લોટ થોડો નાખે તો જુદું પડ રહી જાય. આમ કરવા જાય તો આમ ભીંસ દે. સરખી ભીંસ ન દે અને આમ ભીંસ દઈને કરે તો ખૂણો નીકળી જાય. ઓલી તો સરખી ભીંસ હોય તો ગોળ થાય. આહાહા..! આવડત વિનાના કહે છે કે એમ આડોઅવળો આત્માને માન તો માંડ સરખું આવશે નહિ. સમજાણું કાંઈ?

અનાદિઅનંતપણે નિત્ય છે **'અને ક્રમે પ્રર્તતા, એક સમયની મર્યાદાવાળા અનેક વૃત્તિ-અંશોરૂપે...**' પાછું એમ. એક સમયની અવસ્થા પણ ભિન્ન-ભિન્ન-ભિન્ન થાય છે ને? જોકે એક સમયમાં પણ અનંત છે. પર્યાય અનંત છે. એક સમયમાં અનંતા ગુણની પર્યાય પણ અનંત છે. પણ અહીં ક્રમે વર્તતી અનેક એમ લેવી છે. સમજાણું કાંઈ? શું કીધું? અનંતા ગુણોની એક સમયમાં અનિત્ય પર્યાય, અનિત્ય પર્યાય અનંત છે. પણ અહીં એ નથી લેવું. એક સમયની અનંતી પર્યાય એને એક ગણીને **'અનેક વૃત્તિ-અંશોરૂપે પરિણતપણા વડે...**' ભિન્ન.. ભિન્ન... ભિન્ન... ભિન્ન.. સમયમાં પરિણતપણા વડે એક સમયપણું છે એવી મર્યાદા એક સમયની છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શુદ્ધ પર્યાયની કેવળજ્ઞાનની પર્યાયની વાત ચાલે છે. શુદ્ધની વાત ચાલે છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અહીં અશુદ્ધની વાત છે જ નહિ. શુદ્ધ પર્યાય પણ અનિત્ય એક સમય રહે તેટલી તેનામાં તાકાત છે. એય..! આવું સાંભળવા કોઈ વખતે હોય એટલે જરી ઓલું નવું નવું લાગે.

કહે છે, ધ્રુવ શુદ્ધ છે નિત્ય. એ નિત્યનું લક્ષ કરનાર કોણ છે? અનિત્ય પર્યાય. નિત્ય નિત્યને લક્ષ કરે? લક્ષ કરનારી પર્યાય છે એની મર્યાદા કેટલી છે? એક સમયની. સમજાણું કાંઈ? આવો ધર્મસ્વભાવનું ભાન થવા છતાં ધ્રુવરૂપે રહીને અનેક ક્રમે ક્રમે પ્રવર્તતી પર્યાયપણે પરિણમવું એવું અનિત્યપણું એવો એનો સ્વભાવ છે. જો એવું ન માને તો એણે માન્યું શું? શ્રદ્ધ્યું શું? અનુભવ્યું શું? સમજાય છે કાંઈ? માન્યું શું? જાણ્યું શું? અનુભવ્યું શું? પહેલું કંઈ માનતો, પહેલું કંઈક જાણતો, પહેલું કાંઈ અનુભવતો. એને પછી કાંઈ અનુભવે, પછી કાંઈ જાણે-વેદે તો એ શું જાણ્યું? એટલે આત્મા પર્યાયદૃષ્ટિએ અનિત્ય છે તેથી ભિન્ન ભિન્ન સમયની અવસ્થા ભિન્ન ભિન્ન વેદાય છે. સમજાણું કાંઈ?

'**ક્રમે પ્રવર્તતા, એક સમયની મર્યાદાવાળા...**' કોણ? પરિણતપણા વડે. '**અનેક વૃત્તિ-અંશોરૂપે...**' એટલે પર્યાયના અંશરૂપે પરિણતપણા વડે '**પરિણતપણા વડે અનિત્યપણું છે.**' લ્યો ચૌદ બોલ થઈ ગયા. '**(આ રીતે જ્ઞાનમાત્ર આત્મવસ્તુને પણ,...**' ઓલી સમુચ્ચય વાત કરી. '**(આ રીતે જ્ઞાનમાત્ર...**' આત્મ ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ છે એને પણ '**તત્-અતત્પણું...**' અહીં તો અનેકાંત કેમ સિદ્ધ કરે છે '**વગેરે બબ્બે વિરૂદ્ધ શક્તિઓ સ્વયમેવ પ્રકાશતી હોવાથી, અનેકાંત સ્વયમેવ પ્રકાશે જ છે.**)' સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાન ચૈતન્યમૂર્તિ પ્રભુ, એવો હોવા છતાં એમાં આવા ચૌદ બોલ લાગુ પડે છે. ત્યારે તેમાં અનેકાંતપણું એક ગુણની અંદરમાં અને પર્યાયમાં લાગુ પડે છે. માટે તે અનેકાંત સિદ્ધ થઈ ગયું. એ ધર્મનો ... થયો. સમજાણું કાંઈ? વસ્તુ જ્ઞાનપણે છે, જ્ઞેયપણે નથી, એકપણે છે દ્રવ્યથી એ અનેકપણે નથી, અનેકપણે છે તે એકપણે નથી. સ્વદ્રવ્યપણે છે એ પરદ્રવ્યપણે નથી. સ્વક્ષેત્રપણે છે એ પરક્ષેત્રપણે નથી. સ્વકાળપણે છે એ પરકાળપણે નથી. સ્વભાવપણે છે, પરભાવપણે નથી. નિત્ય છે તે જ અનિત્ય છે? નિત્ય છે તે અનિત્ય છે અને અનિત્ય છે તે નિત્ય છે એમ નહિ. નિત્ય છે તે જ અનિત્ય છે એમ નહિ. નિત્ય ધારા છે તે નિત્ય છે, અવસ્થાધારા એ અનિત્ય છે. સમજાણું કાંઈ? ભાઈ! અભ્યાસ તો કરવો પડે એણે. આ વસ્તુસ્થિતિ અનંત કાળથી એણે કરી નથી. અને આંધળેઆંધળું ચાલે છે. જન્મ-મરણને ટાળવા હોય તો આ વસ્તુની સ્થિતિ આવી છે એવું એણે જ્ઞાન કરવું જોઈએ અને જ્ઞાન થયા પછી પણ આ જ એનો સ્વભાવ છે એમ એણે સિદ્ધ કરવો જોઈએ.

શિષ્યનો પ્રશ્ન પોતે ઉઠાવ્યો છે. ભગવાન! '**જો આત્મવસ્તુને, જ્ઞાનમાત્રપણું હોવા છતાં,...**' તે જ્ઞાન ને આનંદ ને શુદ્ધ સ્વભાવપણે હોવા છતાં '**સ્વયમેવ અનેકાંતપણું**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**પ્રકાશે છે,...**' એ જ્ઞાનમાત્ર કહેતા જ એની મેળાએ અનેકાંતપણું એમાં સિદ્ધ થાય છે '**તો પછી અર્હંત ભગવંતો...**' શિષ્યનો પ્રશ્ન છે. એની મેળાએ સિદ્ધ થતો હોય તો પછી અરિહંત ભગવાને કીધું શું કરવા અનેકાંતને? એમ કહેશે. શું કહે છે? જરી ધ્યાન રાખી સમજવા જેવું છે ભાઈ! આ તો એકદમ માખણની વાતું છે ને.

આ ભગવાન આત્મા એને જ્ઞાનમાત્રપણું જ્ઞાનસ્વરૂપ. રાગરૂપ નહિ, પરરૂપ નહિ એવું જ્ઞાનમાત્રપણું કહેવાથી સ્વયમેવ અનેકાંતપણું જો સિદ્ધ થાય છે, એમ જ્ઞાનમાત્ર કહેતા જ એની મેળાએ અનેક ધર્મવાળો સાબિત થાય છે. '**તો પછી અર્હંત ભગવંતો...**' અર્હંત ભગવંતો, જગતના ઈન્દ્રોના પૂજ્ય પરમેશ્વરો પરમાત્મા '**તેના સાધન તરીકે અનેકાંતને (-સ્યાદ્‌વાદને) શા માટે ઉપદેશે છે?**' વળી આત્માને અનેકાંતપણે શા માટે કહે છે? સ્વયમેવ જ્ઞાન અનેકાંતપણે તો પ્રકાશે છે તો પછી ભગવાને અનેકાંતપણું બતાવીને તેનું સાધન, અનેકાંતપણું તે એનું સાધન છે એનાથી આત્મા સિદ્ધ થાય છે, એવું સાધન શું કરવા કહ્યું? સમજાણું કાંઈ? ભારે! '**તેના સાધન તરીકે...**' કોના સાધન તરીકે? અનેકાંતના. '**(-સ્યાદ્‌વાદને) શા માટે ઉપદેશે છે?**'

'**(ઉત્તર-) અજ્ઞાનીઓને જ્ઞાનમાત્ર આત્મવસ્તુની પ્રસિદ્ધિ કરવા માટે ઉપદેશે છે...**' જેને એ અનેકાંત સ્વરૂપ આત્મા જ્ઞાન કહેતા જ છે એવું જેને ભાન નથી. સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્યસ્વરૂપ છે એમ કહેતા જેમાં અનેક ધર્મો આવી જાય છે એવું જેને જ્ઞાન નથી, એમ ભાઈ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો અજ્ઞાનીઓને અનેકાંત પ્રસિદ્ધ કરવા વાત કરી છે. જ્ઞાનીઓ તો જાણે જ છે એમ કહે છે. સમજાણું કાંઈ? જાણે છે અને એ રીતે છે જ. '**અજ્ઞાનીઓને જ્ઞાનમાત્ર આત્મવસ્તુની પ્રસિદ્ધિ કરવા માટે...**' ભગવાન ઉપદેશ કરે છે. પરમેશ્વર ત્રિલોકનાથ કહે છે કે ભાઈ! એ જ્ઞાનમાત્ર કહેવા છતાં તેમાં અનંત ધર્મો છે. એમ ભગવાન અનેકાંતની સિદ્ધિ માટે સ્યાદ્વાદની વાત કરે છે. '**એમ અમે કહીએ છીએ.**' આચાર્ય કહે છે. અમને એમ લાગ્યું છે કે અનેકાંત નથી સમજતા એ અનેકાંતપણું સ્વયમેવ પ્રકાશવા છતાં એને ભાન નથી એવા અજ્ઞાનીઓને અનેકાંતપણું બતાવે છે.

'**ખરેખર અનેકાંત (-સ્યાદ્વાદ) વિના જ્ઞાનમાત્ર આત્મવસ્તુ જ પ્રસિદ્ધ થઈ શકતી નથી.**' ખરેખર અનેકાંત વિના જ્ઞાનમાત્ર એમ કહેતા જ પરરૂપે નથી એમ અંદર આવી જાય છે. જ્ઞાનમાત્ર કહેતા જ અવસ્થાવાળું અનિત્યપણું તે નિત્યને જાણે છે. એવું જ્ઞાનમાત્ર કહેતા આવું એમાં આવે છે. એના વિના જ્ઞાનમાત્ર આત્મવસ્તુ પ્રસિદ્ધ થઈ શકતી નથી. '**તે નીચે પ્રમાણે સમજાવવામાં આવે છે :-**' લ્યો હવે એને નીચે પ્રમાણે સમજાવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**મહા વદ ૦)), બુધવાર તા. ૨૮-૨-૧૯૬૮**
**સ્યાદ્દ્વાદ બોલ-૧. પ્રવચન-૫૦૧**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. અનેકાંત... શિષ્યનો પ્રશ્ન છે કે વસ્તુ જ્યારે અનેકાંત છે તો પછી ભગવાને અનેકાંતને સાધન તરીકે કેમ સમજાવ્યું? એ પ્રશ્ન છે. વસ્તુ પોતે આત્મા આવી વસ્તુ છે એ અહીં .. કીધા છે. અનેકાંત એટલે અનેક ધર્મવાળી ચીજ છે. તો એ વસ્તુ પોતે જ્ઞાનમાત્ર કહેતા સ્વયમેવ અનેક ધર્મને પ્રસિદ્ધ કરે છે તો પછી ભગવાને અનેકાંત બતાવ્યું શું કરવા? એ તો વસ્તુ જ અનેકાંત પોતે પ્રસિદ્ધ પામે છે. સમજાણું કાંઈ? તમે તો એમ કહ્યું કે આત્મા જ્ઞાનમાત્ર કહેતા વસ્તુ પોતે જ પોતાની મેળાએ અનેકાંતપણે પ્રસિદ્ધિ કરે છે. અનેકાંતને સિદ્ધ કરે છે. તો પછી ભગવાને અનેકાંત સિદ્ધ કરે છે વસ્તુ તો પછી ભગવાને બતાવ્યું શું કરવા અનેકાંત સાધન તરીકે? કહો, બરાબર છે?

પહેલા એમ કહ્યું, '**અજ્ઞાનીઓને જ્ઞાનમાત્ર...**' અજ્ઞાની જેને આત્મા જ્ઞાનમાત્ર વસ્તુ છે એવું જેને ભાન નથી એને સમજાવવા અનેકાંત વસ્તુ છે તે અનેકાંતનું સાધન કરીને બતાવી છે. ફરીને હોં! થોડું થોડું આવશે. હળવે હળવે આવે છે ને. '**અજ્ઞાનીઓને જ્ઞાનમાત્ર આત્મવસ્તુની પ્રસિદ્ધિ કરવા માટે...**' એટલે કે છે તો જ્ઞાનમાત્ર વસ્તુ અનેક ધર્મવાળી, અનેક સ્વરૂપવાળી. એવું સ્વયમેવ વસ્તુ જ પ્રકાશે છે. પણ અજ્ઞાનીને એની ખબર નથી. અહીં તો એ વાત કહેવી છે ને. અજ્ઞાનીને અનાદિથી અનેકાંત ચીજ વસ્તુ શું છે એની એને ખબર નથી. એને સમજાવવા માટે ભગવાને અનેકાંત સ્વયમેવ પ્રસિદ્ધ હોવા છતાં જેને ભાન નથી એને અનેકાંતને પ્રસિદ્ધ કરીને વસ્તુને સમજાવે છે. કહો, સમજાણું કાંઈ? '**તે નીચે પ્રમાણે સમજાવવામાં આવે છે :-**'

'**સ્વભાવથી જ બહુ ભાવોથી ભરેલા...**' જુઓ! આ વિશ્વ છે એ સ્વભાવથી બહુ ભાવોથી ભરેલા. એ સ્વભાવનો કોઈ કર્તા નથી. સ્વભાવથી બહુ ભાવથી ભરેલા પદાર્થો આ જગતમાં વિશ્વમાં છે એને કોઈએ કર્યા નથી. સ્વભાવથી વસ્તુ અનાદિ છે. '**સ્વભાવથી જ બહુ ભાવોથી...**' બહુ દ્રવ્યોથી. ભાવ એટલે દ્રવ્યો. આ સ્વભાવથી જ બહુ દ્રવ્યોથી '**ભરેલા આ વિશ્વમાં સર્વ ભાવોનું...**' એટલે સર્વ દ્રવ્યોનું. સ્વભાવથી સર્વ દ્રવ્યોનું, પોતાના '**સ્વભાવથી અદ્વૈત હોવા છતાં,...**' શું કહ્યું? '**સ્વભાવથી જ બહુ ભાવોથી ભરેલા આ વિશ્વમાં સર્વ ભાવોનું...**' એટલે સર્વ દ્રવ્ય, સર્વ વસ્તુ એનું '**સ્વભાવથી જ અદ્વૈત...**' વસ્તુ પોતે એક જ છે. આત્મા અદ્વૈત છે, પરમાણુ અદ્વૈત છે, વસ્તુ પોતે પોતાથી અદ્વૈત

જ છે. સમજાણું કાંઈ? '**છતાં, દ્વૈતનો નિષેધ કરવો અશક્ય હોવાથી...**' ભગવાન આત્મા આ જગતની અંદર અદ્વૈત વસ્તુ છે, એક વસ્તુ છે. છતાં દ્વૈતનો નિષેધ કરવો (અર્થાત્) પરરૂપે નથી એવો નિષેધ એનો થઈ શકે નહિ. પરરૂપે નથી એવું દ્વૈતપણું એમાં છે. શું કહે છે સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- કઠણ છે.

ઉત્તર :- કઠણ પણ હળવે હળવે તો કહીએ છીએ. એય.. મગનભાઈ!

અદ્વૈત વસ્તુ અદ્વૈત. આ જગતમાં સ્વભાવોથી, બહુ સ્વભાવોથી એમ શબ્દ પડ્યો છે. બહુ સ્વભાવોથી, '**બહુ ભાવોથી,...**' ઘણા દ્રવ્યો પોતાના આ વસ્તુના સ્વભાવથી ભરેલું વિશ્વ. એમાંથી દરેક પદાર્થ, દરેક ભાવોનું એટલે દરેક વસ્તુનું '**સ્વભાવથી અદ્વૈત...**' વસ્તુથી જોઈએ તો સ્વભાવથી વસ્તુ અદ્વૈત નામ એક છે. જેમ આત્મા સ્વભાવથી જુઓ તો એના દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ વસ્તુ એક છે. સમજાણું કાંઈ? '**છતાં, દ્વૈતનો નિષેધ કરવો અશક્ય હોવાથી...**' છે એક. છે એ. પુણ્ય-પાપના ભાવ, કર્મ, શરીરના ભાવ એનામાં નથી એવું એકમાં બીજાપણાનો નિષેધ ન થઈ શકે. એટલે કે બીજું એમાં નથી એ દ્વૈતપણું, બીજાપણું નથી એવું દ્વૈતપણું એ ન નિષેધ થઈ શકે. એક છે અસ્તિ એમાં બીજાપણું નથી એનો નિષેધ નહિ થઈ શકે. સમજાણું કાંઈ? બીજાપણું નથી એનો નિષેધ થઈ જાય તો એકપણે છે એ શી રીતે સિદ્ધ થશે? ઝીણી વાત છે જરી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અહીં જ્ઞાનસ્વરૂપ વસ્તુ એને અહીં આત્મા કીધો છે. એવો એકરૂપ હોવા છતાં દ્વૈતનો નિષેધ. દ્વૈત એટલે બીજી ચીજ. એટલે શું? કે એનામાં દયા, દાન, વ્રતના પરિણામ થાય છે, કર્મ, શરીર જે છે એનો એનામાં અભાવ છે. એવું દ્વૈતપણું એમાં સિદ્ધ થાય છે. પોતાના ભાવે છે અને વિકાર અને પરના ભાવે નથી એવું એનામાં સાબિત થાય છે. સમજાણું કાંઈ આમાં? પોપટભાઈ! ભારે. શું કીધું? વજુભાઈ! આત્મા વસ્તુએ એક હોવા છતાં એકપણું છે અસ્તિ. છતાં દ્વૈત એટલે એમાં બીજા પણ નથી એવો એક ભાવ એનો નિષેધ કરવો અશક્ય છે. બીજાપણે નથી એવો પણ ભાવ એનામાં છે.

ફરીને. ભગવાન આત્મા એ જ્ઞાનમૂર્તિ. અહીં જ્ઞાન એટલે આખો આત્મા લીધો છે ને? ભાઈ! જ્ઞાનમાત્ર લીધું ને? બીજી રીતે લઈએ તો જ્ઞાનમાત્રનો અર્થ એવો છે કે જે જ્ઞાન છે ને જ્ઞાન? એ જ્ઞાન અનંત ગુણને જાણે છે. પોતે પોતાને જાણે, અનંત ગુણને જાણે એટલે એક જ્ઞાનમાં બધું આવી ગયું છે એક ન્યાયે. ભગવાન આત્માનું જ્ઞાન જે જ્ઞાન, જે સર્વજ્ઞાન જે સર્વજ્ઞાન, જે જ્ઞાન જે સર્વજ્ઞાન એટલે જ્ઞાન એ અનંતા ગુણોને જાણવાનો... એમાં અનંતા ગુણો નથી, હું જ્ઞાન છું એવું એ સિદ્ધ કરે છે જ્ઞાન. અને એ જ્ઞાનમાં અનંતા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગુણોનું જ્ઞાન છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- આને દ્વૈત કહેવાય?

ઉત્તર :- આને અદ્વૈત કહેવું અને એને ને એને દ્વૈત કહેવું. કેમ? કે જ્ઞાનસ્વરૂપ છે એમાં બીજાઓ નથી, એવું એકમાં પણ દ્વૈત છે. અને એ બીજી રીતે. અહીં તો બીજું સિદ્ધ કરવું છે કે જ્ઞાનમાત્ર છે એને બધા ગુણોમાં જાણે છે એટલે આખું જ્ઞાન જ તે દ્રવ્ય થઈ ગયું. અને એ જ્ઞાનમાં અદ્વૈતપણું હોવા છતાં બીજી ચીજ એમાં નથી એવું દ્વૈતપણું નિષેધ નહિ થઈ શકે. બીજું નથી એમાં સિદ્ધ થઈ શકશે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા... જુઓ! આ તો ઓલો બોલ યાદ આવ્યો. ૨૧મી ગાથા નથી? અનાદિઅનંત અહેતુ એક અસાધારણ જ્ઞાનને કારણપણે ગ્રહીને જ્ઞાનનો ઉપયોગ પૂર્ણપણે પર્યાયમાં પરિણમી જાય છે. ૨૧. પ્રવચનસારની.

મુમુક્ષુ :- કારણ...

ઉત્તર :- હા, કારણ. પણ આવો.

ભગવાન આત્મા અનાદિઅનંત અહેતુક એવો જ્ઞાન સ્વભાવ ત્રિકાળ. ત્રિકાળ. અસાધારણ એટલે એકરૂપ ત્રિકાળ. એવા જ્ઞાનમાં અનંત ગુણો પણ જણાઈ ગયા છે. એટલે એક જ્ઞાન જ જાણે વસ્તુ આખી થઈ ગઈ. એ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એ પણે એ જ છે. અદ્વૈત છે. છતાં આ છે એમ સિદ્ધ કરતાં પુણ્ય-પાપના વિકલ્પો (એમાં નથી એમ આવી જાય છે). જરી ઝીણી વાત છે ભાઈ! આ દયા, દાન અને વ્યવહાર અને વિકલ્પો કહે છે એ એનામાં નથી એમ સિદ્ધ કરે છે આમાં. ભાઈ! સ્વરૂપચંદભાઈ! ઝીણું બાપુ! આ વીતરાગનો માર્ગ ઝીણો અને વસ્તુ એવી છે. છે એવો કહ્યો છે. ઝીણી કહો કે પછી જે રીતે કહો એ.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપે અસ્તિ છે એ જ સિદ્ધ કરે છે કે પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ જે વિકલ્પ બીજી ચીજ છે એનું એનામાં નથીપણું એવું દ્વૈત પણ સિદ્ધ થાય છે. જ્ઞાનસ્વરૂપે છે અને વિકલ્પ અને નિમિત્તપણે નથી એવું દ્વૈતપણાનું (નિષેધ) સિદ્ધ નહિ થઈ શકે. દ્વૈતપણું સિદ્ધ થાય છે કહે છે. સમજાણું કાંઈ? વજુભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે. એક છે એ પરથી નથી. ભાઈ! એ વસ્તુની સિદ્ધિ અનેકાંત આ જ થાય છે કહે છે. અજ્ઞાનીને એને ખબર નથી એટલે સમજાવવામાં આવે છે. સમજાણું કાંઈ?

કહે છે, સ્વભાવથી... આ તો મહાસિદ્ધાંતો થોડા મૂક્યા છે થોડા થોડા શબ્દોમાં. બહુ ભાવોથી સ્વભાવથી ભરેલો એટલે કોઈ એનો કર્તા નથી. આખું વિશ્વ છ પ્રકારના સ્વભાવથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભરેલું. આખું વિશ્વ છ પ્રકારના સ્વભાવ. છ પ્રકારના સ્વભાવ કહો કે છ દ્રવ્યનો ભાવ કહો. આખું વિશ્વ છ પ્રકારના સ્વભાવથી ભરેલું વિશ્વ એમાં સર્વ દ્રવ્યોનું સ્વભાવથી જ, પોતાના સ્વભાવથી અદ્વૈત હોવા છતાં, એ પોતે બીજાથી જુદો એકરૂપે હોવા છતાં **'દ્વૈતનો નિષેધ કરવો અશક્ય હોવાથી...'** પણ એનામાં શરીર, કર્મ અને અનંત જ્ઞેયો એમાં નથી. અને પુણ્ય-પાપના ભાવ જે વ્યવહાર કહેવાય એ પણ એમાં નથી. સમજાણું કાંઈ? એ દ્વૈતનો નિષેધ કરવો અશક્ય હોવાથી. આ તો ઝીણું છે. એની મેળાએ વાંચે તો કાંઈ મોંમાથુ હાથ ન આવે.

આ વસ્તુ સ્થિતિ છે. આ વસ્તુની સ્થિતિ સિદ્ધિ જેમ છે તેમ કહે છે. અજ્ઞાનીને ખબર નથી કે હું કોણ છું અને મારામાં શું નથી. જે નથી તે પણ મારામાં દ્વૈતપણું નથી એવો પણ મારો ભાવ છે. રાગ અને પુણ્ય મારામાં નથી એવો પણ મારો એક ભાવ છે. મારાપણે છું અને પરપણે નથી એવો પણ મારો ભાવ છે. એવું આમાં અનેકાંત સિદ્ધ થઈ જાય છે. સમજાણું કાંઈ? કારણ કે પોતે જ્ઞાન છે. એમાં જે અનંત જ્ઞેયો છે રાગ, પુણ્ય, પાપ, શરીર, કર્મ આદિ અનંત એ અનંતને જ્ઞાનની પર્યાય જાણવાના અસ્તિપણે એક છે આમ. છતાં એ વસ્તુપણે એમાં નથી. રાગ, દયા, દાન, વ્યવહાર જેને કહીએ અને શરીરાદિની ક્રિયા કહીએ એ શરીરાદિ એનામાં નથી, એવું જ્ઞાનની અવસ્થામાં પણ સ્વપણે છે અને પરપણે નથી એવું દ્વૈતપણું અદ્વૈતમાં પણ સિદ્ધ થાય છે. મગનભાઈ! આમાં કાંઈ વેદાંત-ફેદાંત રહેતું નથી. એ અદ્વૈત આવ્યું કઈ રીતે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો બધું ગયું હવે. આ તો પહેલાની વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ અદ્વૈત જુદું. આ અદ્વૈત જુદું અને ઈ અદ્વૈત જુદું.

આ તો વસ્તુ પોતે એક એક ચીજ. એ અદ્વૈત એટલે એક છે. અદ્વૈત એટલે બે નથી. વસ્તુ બે છે? પોતે એક છે આમ વસ્તુ તરીકે. એ વસ્તુ એટલે પુણ્ય-પાપના વિકારની અહીં વસ્તુ નથી ગણી આત્માની. જેટલો વ્યવહાર રત્નત્રય જેને કહીએ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ તે પરવસ્તુ છે. એ આત્મવસ્તુ નહિ. સમજાણું કાંઈ? પણ અજ્ઞાનીને એની ખબર નથી. એ વ્યવહાર ઉઠ્યો તે મારું કર્તવ્ય છે અને એ મારું સ્વરૂપ છે અને એનાથી મને નિશ્ચય થશે. એવા ભાન વિનાના પ્રાણીને અનેકાતપણું પ્રસિદ્ધ કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ? છે શબ્દ કે નહિ? મૂલચંદભાઈ! બહુ ઝીણું છે આ બધું લખાણ. આહાહા..!

કહે છે કે, ભાઈ! તું એક વસ્તુએ એક છો. એમ બધા દ્રવ્યો વસ્તુએ એક છે. છતાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


દ્વૈતનો એમાં બીજું નથી એવા દ્વૈતનો નિષેધ કરવો, એવા બેપણાનો એટલે બીજું નથી એવા ભાવનો નિષેધ કરવો અશક્ય વાત છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે. સર્વજ્ઞ છે... સર્વજ્ઞ છે... સર્વજ્ઞ છે. સર્વને જાણવાના સ્વભાવવાળું તત્ત્વ છે. એવું એક હોવા છતાં પુણ્યના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ કે અશુભભાવ કે કર્મ, શરીર ભાવ એનામાં નથી એવો એક ભાવ, 'નથી' એવો એક ભાવ છે એનામાં. આત્મામાં એટલે જ્ઞાનમાં એ વ્યવહાર ને નિમિત્ત નથી, વ્યવહાર એ નિમિત્ત છે પણ એ નથી એવો એક ભાવ છે. એવો ભાવ છે એ નિષેધ કરવો અશક્ય છે. એને નિષેધ કરી શકાશે નહિ. સમજાણું કાંઈ?

'**સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવૃત્તિ...**' જુઓ! ભગવાન આત્મા પોતાનું સ્વરૂપ જે જ્ઞાન, જ્ઞાન એમાં અનંત ગુણ ભેગા આવી ગયા. એ જ્ઞાન એ સ્વરૂપમાં પ્રવૃત્તિ. પોતાનો શુદ્ધ સ્વભાવ એમાં પ્રવૃત્તિ એ અસ્તિ. વસ્તુ ભગવાન જ્ઞાન, આનંદ આદિ સ્વરૂપ એવા સ્વસ્વરૂપની પ્રવૃત્તિ એવી અસ્તિ. '**પરરૂપથી વ્યાવૃત્તિ...**' અને પુણ્યના-પાપના ભાવ દયા, દાનના વિકલ્પ અને શરીરાદિ '**પરરૂપથી વ્યાવૃત્તિ...**' એટલે અભાવ. સ્વરૂપની પ્રવૃત્તિ અને પરરૂપની વ્યાવૃત્તિ '**વડે બન્ને ભાવોથી અધ્યાસિત છે...**' બન્ને ભાવો તે આત્મામાં રહેલા છે. સમજાણું કાંઈ? હવે આમાં શરીર ક્યાં છે આત્મામાં? કર્મ ક્યાં છે? આ પુણ્ય દયા, દાનના ભાવ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ કહે છે કે તારામાં નથી. તેને અમે આત્મા કહીએ છીએ. સમજાણું કાંઈ? અહીં તો જ્ઞાનમાત્ર આત્મવસ્તુ એને કીધી છે. આહાહા..!

વસ્તુ ભગવાન આત્મા જ્ઞાનપ્રકાશ મૂર્તિ જ્ઞાનના પ્રકાશમાં બધા ગુણોનો પ્રકાશ અને ભાન એનામાં છે. એ તત્ત્વ આખું એક જ વસ્તુ એવી છે. અને એ જ્ઞાનમાત્ર વસ્તુને ગ્રહણ કરવાથી એ જ્ઞાન વસ્તુમાત્રમાં એકપણું હોવા છતાં એનાથી વિરુદ્ધ વિકાર, વિભાવ અને નિમિત્ત તેનો એમાં અભાવ એવું દ્વૈતપણું એમાં સિદ્ધ થાય છે. એ દ્વૈતપણું નિષેધ નહિ થઈ શકે. નહિતર એકપણું પણ રહેશે નહિ. પોતાપણે છે અને પરપણે નથી ત્યારે એ વસ્તુની સિદ્ધિ થાય છે. નહિતર એ વસ્તુની સિદ્ધિ થતી નથી. સમજાણું કાંઈ?

'**સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવૃત્તિ...**' જુઓ! બધી વસ્તુ લીધી હોં અહીંયાં. સમજાણું કાંઈ? '**સ્વરૂપમાં પ્રવૃત્તિ...**' પરમાણુઓ છે શરીરના કે કર્મના એ પણ એક એક રજકણ સ્વરૂપમાં પ્રવૃત્તિ અને પરરૂપથી નિવૃત્તિ '**પરરૂપથી વ્યાવૃત્તિ...**' એવું જ એનું સ્વરૂપ છે. આ આત્માનું સ્વરૂપ જ્ઞાન સ્વરૂપે પ્રવૃત્તિ. જ્ઞાન, શ્રદ્ધા, શાંતિ અનંત ગુણો એ અનંત ગુણનું એકરૂપ એવું ભાન થતાં તેના અનંત ગુણની વર્તમાન પર્યાયમાં પ્રવૃત્તિ અને રાગાદિ વિકલ્પ ને પરની વ્યાવૃત્તિ એવું એનું દ્વૈતપણું તે એકમાં ભાસે છે, એકમાં રહેલું છે. કહો, સમજાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે કાંઈ?

'**પરરૂપથી વ્યાવૃત્તિ...**' અહીં તો પુણ્ય-પાપના ભાવને પરરૂપ જ કહ્યું છે. સ્વરૂપ જ નહિ. કહો, વજુભાઈ! આહાહા..! જેને લોકો આમ ગળે વળગ્યા છે ને. મગનભાઈ! આહાહા..! મારો ભાવ, ભક્તિનો મારો ભાવ, પૂજાનો મારો ભાવ, વ્રતનો મારો ભાવ, દયાનો મારો ભાવ, દાનનો મારો ભાવ. ભાઈ! એ રૂપે તું હો તો તો તારું આખું દ્રવ્ય મલિન થઈ જાય. એ ભગવાન જ્ઞાનસ્વરૂપે નિર્મળ છે અને મળના રાગપણે વ્યાવૃત્તિ નિવૃત્તિ છે એવું એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આ રીતે છે એવી રીતે અનુભવમાં પ્રતીતમાં ન લે તો એને સમ્યગ્દર્શન થાય નહિ. મૂલચંદભાઈ!

કહે છે, '**સમસ્ત વસ્તુ...**' આ જગતની બધી ચીજો. પહેલેથી ઉપાડ્યું છે ને બધો ભાવ? '**બહુ ભાવોથી ભરેલા...**' વસ્તુ. બધી ચીજો સ્વરૂપમાં પ્રવૃત્તિ. પોતાના સ્વરૂપમાં જ પરિણમે છે, પ્રવૃત્તિ છે. પરરૂપથી વ્યાવૃત્તિ છે. આહાહા..! ભગવાન જ્ઞાન અને આનંદ સ્વરૂપે પ્રવર્તે છે અને રાગ ને વિકાર ને શરીરપણે પરિણમતો નથી. એને અનેકાંત આત્મતત્ત્વનું જ્ઞાન પ્રસિદ્ધપણું કરે છે. સમજાણું કાંઈ? '**સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવૃત્તિ અને પરરૂપથી વ્યાવૃત્તિ વડે...**' વ્યાવૃત્તિ સમજાણું? વ્યાવૃત્તિ એટલે? અભાવ, નિવર્તેલું. '**બન્ને ભાવોથી અધ્યાસિત છે...**' બન્ને ભાવથી આત્મા રહેલો છે. બન્ને ભાવથી આત્મા રહેલો છે. ક્યા બન્ને ભાવ? કે પોતાના જ્ઞાનાદિ શુદ્ધ સ્વરૂપની પ્રવૃત્તિરૂપ અને પુણ્ય-પાપના દયા-દાનના રાગ ને નિમિત્તથી નિવૃત્તિરૂપ. આ બન્ને રૂપથી આત્મા રહેલો છે.

મુમુક્ષુ :- અસ્તિ અને નાસ્તિ એનું જ પોતાનું...

ઉત્તર :- એનું પોતાનું પણ એનો અર્થ થયો કે આ અસ્તિ છે એમ થતાં રાગાદિની નાસ્તિનું પરિણમન એમાં ભેગું થાય છે. એવું દ્વૈતપણું એનામાં છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ધર્મને સમજાવવાની રીત પણ આકરી.

ભાઈ! વસ્તુ છે એ વસ્તુ છે તે અનંતગુણથી ભરેલો ભંડાર છે. એ વસ્તુની પ્રવૃત્તિ સ્વની. પ્રવૃત્તિ. એ દ્રવ્ય છે, એના ગુણ છે. અને એની પ્રવૃત્તિ પરિણતિ પરિણતિ, સ્વરૂપની પ્રવૃત્તિ અને પુણ્ય-પાપ ને દેહાદિની ક્રિયાની નિવૃત્તિ એ રૂપે તેનું પરિણમન છે તેને અનેકાંત કહેવામાં આવે છે. બેય ભાવ આત્માએ ભાવ્યા છે. એટલે બેય ભાવ આત્મામાં રહેલા છે.

મુમુક્ષુ :- બેય જાતની તાકાત છે.

ઉત્તર :- બેય એની પોતાની તાકાત છે. પર રાગરૂપે ન થવું અને સ્વરૂપે પરિણમું એવી બેય તાકાત પોતાને કારણે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે ભાઈ!

ભગવાન આત્મા જ્ઞાન ને આનંદસ્વરૂપ પ્રભુ એ એક ગુણના પરિણમનમાં અનંતગુણનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પરિણમન સાથે છે. એથી જ્ઞાનસ્વરૂપની દૃષ્ટિ થતાં અહીં જ્ઞાન પ્રસિદ્ધ કર્યું છે ને? એ જ્ઞાનસ્વરૂપે આત્મા અનંતગુણ રૂપે છે એમ પ્રતીત ભાન થતાં એ અનંતા ગુણોની શુદ્ધપણાની પ્રવૃત્તિ રૂપે અસ્તિ છે અને રાગાદિ પુણ્ય-પાપના વિકલ્પથી નિવૃત્તિ રૂપે તેનું સ્વરૂપ છે. એનું વ્યવહાર સ્વરૂપ પણ છે અને એનું આ નિશ્ચય સ્વરૂપ પણ છે એમ બે સ્વરૂપ નથી. બે સ્વરૂપ નથી. (પરના) અભાવરૂપ છે. એવા બે છે. આ તો શબ્દમાં ફેર પડે તો મોટો ફેર પડી ગયો.

મુમુક્ષુ :-

ઉત્તર :- પરપણે નહિ થવું એવી તાકાત છે અને પોતાપણે થવું એવી તાકાત છે. પણ પોતાપણે પણ થવું અને રાગપણે થવું એવી એનામાં તાકાત છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! આ સર્વજ્ઞ શાસન. પરમેશ્વર કહેલો પદાર્થનો સ્વભાવ. આહાહા..! ભાઈ! આ વાત ક્યાંય બીજે હોય નહિ સર્વજ્ઞ સિવાય.

હમણાં કહ્યું હતું ને એક ફેરી. નહિ? સત્ પદ પ્રરૂપણા. એક ફેરી રાતે. સત્ પદ. સત્ છે તેના પદો છે અને પદો છે તે સત્‌ને બતાવે છે. સમજાણું કાંઈ? 'સર્વ'. એમ બતાવે છે કે સર્વ જગતમાં પદાર્થ છે. એ એમ બતાવે છે કે સર્વનો જાણનાર જ્ઞાન છે એમ એ સર્વ બતાવે છે. શબ્દ, જ્ઞાન અને પદાર્થ ત્રણે. સર્વ શબ્દ વાચક છે તો એનો જાણનાર પર્યાય જ્ઞાનપર્યાય પણ પૂર્ણ છે. અને તેમાં જણાય એવા અનંત પદાર્થો પણ સર્વ છે. સર્વ જ્ઞાન, સર્વ પદાર્થ અને સર્વ શબ્દ એવું જગતમાં અનાદિથી છે.

અહીં કહે છે કે એ સર્વ જ્ઞાન પોતાનું જે છે, સર્વતાપણે પરિણમન અહીંયાં જ્ઞાનરૂપ જે સર્વ છે એનું જે પરિણમનમાં પોતાથી પ્રવૃત્તિ છે અને વ્યવહારના સર્વજ્ઞે કહેલો વ્યવહાર, પંચ મહાવ્રત ને સમિતિ ને ગુપ્તિ આદિ વિકલ્પો બાર પ્રકારના તપની વૃત્તિ જે ઉઠે છે, ભેદવાળો વિકલ્પ જે ઉઠે છે એ રૂપે નહિ પરિણમવું એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એવો આત્મા છે. આવો આત્મા ન માને અને આત્મા પોતાપણે પણ પરિણમે અને વિકારપણે પણ પરિણમે તો એણે આત્મા માન્યો નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ! છે એમાં? ચોપડામાં નક્કી કરવું જોઈએને શેઠિયા પાસે પાછા. ઓલા નામા લખે. છે કે નહિ તમારામાં જુઓ જોઈ. જુઓ ૫૩૧ નીકળ્યા અહીં. તમારે છે એમાં? તો કહે, હા. નીકળ્યા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ઓલાને બેસવું જોઈએ ને પાછું. શબ્દો છે તેવા ભાવ ભાસવા જોઈએ. આ તો શબ્દો છે. સમજાણું કાંઈ? આહાહા..!

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહે છે, ભગવાન! તું જ્ઞાનસ્વરૂપે પ્રવર્તે છો એને જ આત્મા કહ્યો છે ને. આત્મા પ્રવર્તે છે એની વાત લીધી છે ને. તું આત્મા છો. ભગવાન! અને તારો જ્ઞાન, દર્શન, આનંદ આદિ તારો સ્વભાવ છે. એ સ્વભાવપણાની પ્રવૃત્તિરૂપ અસ્તિ અને વ્યવહારાદિના પર નિમિત્તથી નાસ્તિરૂપ તારું પરિણમન એ તું આત્મા છો. મગનભાઈ! આહાહા..! આને આત્મા કહીએ. ઓલો તો આસ્રવતત્ત્વ છે. પુણ્ય-પાપ તો આસ્રવતત્ત્વ છે. એ કાંઈ આત્મતત્ત્વ નથી. અને કર્મ, શરીર અજીવતત્ત્વ છે, એ કાંઈ આત્મતત્ત્વ નથી. સમજાણું કાંઈ?

આત્મતત્ત્વનું, જ્ઞાન-શ્રદ્ધા અને આનંદનું, પોતાપણે શુદ્ધપણે પરિણમવું અને એનું વ્યવહાર ને નિમિત્તપણે ન પરિણમવું એવો અદ્વૈતમાં આ દ્વૈત એમાં સમાઈ જાય છે. એવા બે ભાવને આત્માએ ધાર્યા છે. વ્યવહારને ધાર્યો છે અને આને ધાર્યો છે એમ નથી. આત્માએ જ્ઞાનસ્વરૂપની પ્રવૃત્તિને ધારી છે એમ આ શરીરને રાખ્યું છે એણે. ભાઈ! આ શરીર આમ રહે. જુઓ! આમ અંદર આત્મા હોય તો શરીર આમ રહે. નીકળી જાય તો આમ પડી જાય દેહ. એ શરીરને આત્માએ ધાર્યું છે? ના. એ આત્માએ કર્મને ધાર્યું છે કે આત્માએ આઠ કર્મને ટાળ્યા છે? ના. આત્માએ દયા, દાન, વ્યવહારરત્નત્રયના પરિણામ ધાર્યા છે, રાખ્યા છે? ના. સમજાણું કાંઈ?

‘**સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવૃત્તિ અને પરરૂપથી વ્યાવૃત્તિ વડે બન્ને ભાવોથી અધ્યાસિત છે...**’ બેય ભાવનો જ એને અધ્યાસ છે એમ કહે છે ભાઈ! બે ભાવનો જ એને અધ્યાસ છે. રાગરૂપે થવું એવો એનો અધ્યાસ જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? અધ્યાસનો અર્થ રહેલો છે. અધ્યાસિત વસ્તુ જ એવી અધ્યાસિત છે. ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ ભગવાન પૂર્ણ શુદ્ધ સ્વરૂપ એ રૂપે પરિણતિ પ્રવૃત્તિ... પ્રવૃત્તિ... પ્રવૃત્તિ.. અસ્તિ અને વ્યવહારના પુણ્ય-પાપના ભાવ અને પરથી વ્યાવૃત્તિ એવો જ એનો અધ્યાસિત સ્વભાવ છે. એવો જ અધ્યાસિત સ્વભાવ છે. એવો જ રહેલો એનો સ્વભાવ છે. કહો, એણે રાગનો અધ્યાસ કરીને રહેવું એવો એનો અધ્યાસ અને એમાં એવો ભાવ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? છે ને સામે પુસ્તક છે કે નહિ? જુઓને!

‘**(અર્થાત્ સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવર્તતી હોવાથી અને પરરૂપથી ભિન્ન રહેતી હોવાથી દરેક વસ્તુમાં બન્ને ભાવો રહેલા છે)**.’ લ્યો! આપણા પંડિતજીએ ખુલાસો કર્યો. એમાં હશે થોડું. કહો, બરાબર છે? આ સમજાય છે કે નહિ આ? તમે આ રાગરૂપે નહિ, તમારા છોકરારૂપે નહિ એમ કહે છે. એ રાગ પણ નવો આવ્યો છે. એમાં ક્યાં હતો? રાગરૂપે નહિ. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ શાસન, પરમેશ્વરનું શાસન. આ તો ઓલા કહે કે અમે દયા પાળીએ છીએ, ભક્તિ કરીએ છીએ, વ્રત પાળીએ છીએ એ અમે છીએ. એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તું નહિ. એ જડને માનનારો તું આત્મા નહિ એમ કહે છે. એ બધા અજ્ઞાનતત્ત્વ છે. હજી આવશે હોં નીચે. સમજાણું? આહાહા..! નીચે ભાઈ છે અજ્ઞાનતત્ત્વ. એકડા પછી. એકડો છે ને? '**જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ ખરેખર આ બધું આત્મા છે એમ અજ્ઞાનતત્ત્વને સ્વ-રૂપે...**' તે બધું અજ્ઞાનતત્ત્વ. તારું જ્ઞાનતત્ત્વ નહિ. એમ. આહાહા..! શું કહે છે?

ભાઈ! પ્રભુ તું તો ચૈતન્ય સ્વભાવથી ભરેલો પ્રભુ છો ને. એને અમે આત્મા કહીએ છીએ અને એમ આત્મા તું છો. કહીએ છીએ એવો તું છો. અને પુણ્યના ભાવ.. આહાહા..! રાડ નાખે જગતને. હવે ઓલા સાધન કહે છે કે સાધન ભાઈ! રહેવા દે ભાઈ! એ તો નિમિત્તથી કથન છે. એ સાધન અને પંચાસ્તિકાય (કહે) વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે ભાઈ! એ વ્યવહાર છે એ વિકલ્પ છે, રાગ છે, અજ્ઞાન છે. અજ્ઞાન એટલે એમાં જ્ઞાનનો અંશ નથી. અહીં જ્ઞાન સામે વાતું લેવી છે ને? આ જ્ઞાન ભગવાન રાગમાં નથી. એ જ્ઞાન ભગવાન શરીરમાં નથી. એથી વ્યાવૃત્તરૂપ આત્મા છે. સમજાણું કાંઈ? આ બે ભાવો રહેલા છે. કહો, સમજાણું કે નહિ આમાં? કહો, રાતે પૂછશે તો આવડશે કે નહિ? એટલી હોંશ તો કરી. આટલું કર્યા પછી રાતે પૂછે તો કહે આ શું કીધું હતું રાતે? કહે છે જરી. નહિ? અમારે હિંમતભાઈને થોડું ફેં.. ફેં.. થઈ ગયું હતું. એ તો અમારા પંડિત કહેવાય. તો પણ શું કીધું હતું? આપણે પૂછ્યું હતું ને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દ્રવ્ય આત્મા. કહેતા કહેતા ડર લાગી જાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પોતાની કચાશને લઈને છે. પરની છાપ છે નહિ. આહાહા..!

કહે છે, એટલી વાત સિદ્ધાંત સિદ્ધ કરી. હવે તત્ ઉપાડે છે. તત્-અતત્ ભંગ ઉપાડે છે. આ વસ્તુ સિદ્ધાંત સિદ્ધ કરીને હવે તત્-અતત્ આદિ બોલો ઉપાડે છે. કહો, સમજાય છે આમાં? સમજાય એવું છે, હોં! સાદી ભાષા છે. આમાં કાંઈ બહુ એવું નથી. કોઈને એમ ન માનવું આવું ઝીણું... ઝીણું... ઝીણું. ઝીણું નથી. તને સમજાય એવી આ વાત (છે). સમજાવા માટે કીધી છે. અજ્ઞાનીઓને આત્મવસ્તુની પ્રસિદ્ધિ કરવા માટે. એમ છે કે નહિ? જેને આત્મા શું છે એની ખબર નથી એને ખબર પડાવવા માટે આ કહેવાય છે. ભાઈ! એમાં છે ને ઈ?

અજ્ઞાનીઓને જ્ઞાનમાત્ર આત્મવસ્તુની પ્રસિદ્ધિ કરવા માટે ઉપદેશ છે એમ અમે કહીએ છીએ. આચાર્ય કહે છે. જુઓ! આચાર્ય પંચ મહાવ્રતના ધરનાર, અંદર આનંદના ધરનાર એમ આચાર્ય કહે છે. અમે કહીએ છીએ. ભગવાન આ માટે અનેકાંત અને જ્ઞાનની પ્રસિદ્ધિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



માટે, અજ્ઞાનીઓને જ્ઞાનમાત્રની પ્રસિદ્ધિ નથી એને અનેકાંતથી પ્રસિદ્ધિ કરવા ભગવાન અનેકાંત કહે છે એમ અમે કહીએ છીએ. સમજાણું કાંઈ?

હવે, ઉતાર્યું હવે. '**ત્યાં, જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ (-આત્મા),...**' એમ. '**જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ...**' વસ્તુ જ્ઞાનસ્વરૂપ આદિ અનંત ગુણ ભેગા છે જ્ઞાનમાં. '**શેષ (બાકીના) ભાવો સાથે...**' આત્મા સિવાયના શેષ. રાગ, પુણ્ય, દયા, દાન, શરીરાદિ '**નિજ રસના ભારથી પ્રવર્તેલા...**' આત્માના જ્ઞાનની શક્તિના વજનથી પ્રવર્તેલા '**જ્ઞાતા-જ્ઞેયના સંબંધને લીધે...**' એ જ્ઞેય છે રાગાદિ અને આત્મા જ્ઞાતા (છે) એને લીધે '**અને અનાદિ કાળથી જ્ઞેયોના પરિણમનને લીધે જ્ઞાનતત્ત્વને પરરૂપે માનીને...**' કીધું ને ઓલું ખરેખર તો જ્ઞેય છે રાગાદિ. અનાદિ જે ભાવો સાથે. નિજ જ્ઞાનના સ્વભાવના સામર્થ્યના બોજાથી પ્રવર્તેલું જ્ઞાન એટલે જ્ઞાતા. એમાં જે ઓલું જ્ઞેય. જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ ખરો પણ એ જ્ઞેય છે એ પર છે અને જ્ઞાતા એ સ્વ છે. એવા સંબંધને લીધે '**અનાદિ કાળથી જ્ઞેયોના પરિણમનને લીધે...**' ભિન્ન ભિન્ન રાગ પરિણમે, ભિન્ન ભિન્ન દેહની અવસ્થા પરિણમે. એને '**જ્ઞાનતત્ત્વને પરરૂપે માનીને...**' એ રાગરૂપે હું છું, શરીરરૂપે હું છું એમ જ્ઞાનતત્ત્વ પરરૂપને પોતાનું માને છે. આહાહા..! મૂળ વસ્તુની ખબર ન મળે, શ્રદ્ધા ન મળે, જ્ઞાન ન મળે અને પછી એમાં ચારિત્રના આલેખા લખવા. સમજ્યાને? છાર ઉપર લીંપણું. રાખોડી ઉપર ગાર. રાખ ઉપર ગાર ચાલતી હશે? એમ કોઈ દેશમાં ચાલે નહિ.

અહીં કહે છે, ભગવાન આત્મા એ જ્ઞાનમાત્ર ભાવ એવો સ્વરૂપ. ભાવ એટલે આત્મા એમ લીધું. '**શેષ (બાકીના) ભાવો સાથે...**' એટલે પુણ્ય-પાપના ભાવ, શરીર, કર્મ આદિના ભાવ એ નિજ રસથી-જ્ઞાનની શક્તિના જોરથી પ્રવર્તેલું. જ્ઞાતા પોતે અને જ્ઞેય પોતે સામાન્ય. રાગાદિ બધું જ્ઞેય. પુણ્ય-પાપ, દયા, દાન, બધું જ્ઞેય. પોતે જ્ઞાતા. એના '**સંબંધને લીધે...**' ઓલો સંબંધ છે ને નજીકનો? એમ કહે છે. '**અનાદિ કાળથી જ્ઞેયોના પરિણમનને લીધે...**' છે પોતે જ્ઞાતા અને પુણ્ય-પાપના ભાવ આદિ જ્ઞેય છતાં '**અનાદિ કાળથી જ્ઞેયોના પરિણમનને લીધે જ્ઞાનતત્ત્વને...**' એ રાગ પરિણમે છે, શરીર થાય છે એ હું છું, હું પરિણમું છું, રાગરૂપે હું થાઉં છું, શરીર અવસ્થાપણે હું થાઉં છું. '**પરરૂપે માનીને...**' હોં માનીને. છે નહિ. '**(અર્થાત્ જ્ઞેયરૂપે અંગીકાર કરીને) અજ્ઞાની થયો થકો...**' પોતાના જ્ઞાનતત્ત્વને નાશ કરે છે. શું કહ્યું?

ફરીને. શબ્દે શબ્દ ઉપર અર્થ હોવો જોઈએ ભાઈ બરાબર. આ જ્ઞાનમાત્ર ભગવાન આત્મા વસ્તુ ચૈતન્યસૂર્ય. ચૈતન્યસૂર્ય ભાવ. એ '**શેષ ભાવો સાથે...**' એટલે દયા, દાન, વ્રત, પુણ્ય-પાપભાવ શરીરાદિ. નિજ શક્તિના બોજાથી, શક્તિના સામર્થ્યથી પ્રવર્તેલું. પોતાના જ્ઞાનનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સામર્થ્ય છે કે જ્ઞેયને જાણે, પણ જ્ઞેયપણે થાય નહિ. એવો '**જ્ઞાતા-જ્ઞેયના સંબંધને લીધે...**' પણ આમ સામે છે એટલે અનાદિ કાળથી જ્ઞેયોનું જે પરિણમન છે-રાગનું, પુણ્યનું, દયાના, દાનના વિકલ્પનું, શરીરનું, પૈસા દીધા, આમ થયું, આ પૂજા, ભક્તિ શરીરથી થાય, ઓલો રાગ થાય, શુભરાગ થાય અને સ્વાહા એ ક્રિયા થાય, એ જ્ઞાતા અને જ્ઞેય છે. એમ હોવા છતાં અનાદિ કાળથી એ જ્ઞેય પરિણમતા હું પરિણમું છું એમાં. પરજ્ઞેયોના પરિણમનને લીધે '**જ્ઞાનતત્ત્વને પરરૂપે માનીને...**' હું રાગરૂપે પરિણમ્યો છું, શરીરની અવસ્થાથી પરિણમ્યો છું એમ માને છે. મિથ્યાદષ્ટિ એમ માને છે. એમ માનીને જ્ઞાતા તત્ત્વનો નાશ કરે છે. જ્ઞેયના પરિણમનથી જ્ઞાનનું પરિણમન ભિન્ન છે એવા જ્ઞાનતત્ત્વનો તે જીવતી જ્યોતનો નાશ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ તો એના અલૌકિક માર્ગ હોય કે નહિ?

'**જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ,...**' ફક્ત પોતાના શક્તિથી જ્ઞાતાપણે પરિણમવાનું સામર્થ્ય છે. એમાં જ્ઞેયનો સંબંધ છે. પણ અનાદિ કાળથી પર ઉપર દૃષ્ટિ હોવાથી જ્ઞાનસ્વરૂપ આત્મા છું અસ્તિરૂપે અને આ નાસ્તિરૂપે એમ નહિ અનુભવવાથી '**જ્ઞેયોના પરિણમનને લીધે...**' ભિન્ન ભિન્ન રાગ, અશુભ-શુભભાવ, શુભની જાત પણ ભિન્ન ભિન્ન થાય, દેહની ક્રિયા પણ એ કાળે ભિન્ન ભિન્ન થાય એવા '**પરિણમનને લીધે જ્ઞાનતત્ત્વને...**' એટલે આત્મ ભગવાનને '**પરરૂપે માનીને...**' એ રાગરૂપે, શરીરની ક્રિયારૂપે હું છું એમ માનીને પોતાના ચૈતન્યના જ્ઞાતાપણાનો અજ્ઞાનપણે અંગીકાર કરી, જ્ઞાનપણાનો પોતે નાશ કરે છે. હું આત્મા જ્ઞાતા-દૃષ્ટા છું તેનો તે અજ્ઞાની નાશ કરે છે. કહો, સમજાણું આમાં? અર્થ સમજાય એવું છે, હોં! નાના છોકરાઓને સમજાય એવું છે. આમાં કાંઈ બહુ એવું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મુશ્કિલ.. કહે છે એમ તો સમજાય કે નહિ?

અહીં તો કહે છે, '**અનાદિ કાળથી જ્ઞેયોના પરિણમનને લીધે...**' પર દૃષ્ટિ છે ને? આમ જ્ઞાતા જ્ઞાનસ્વરૂપ તત્ત્વ છું એ દૃષ્ટિ નથી. એથી જ્ઞાનમાં જણાવાયોગ્યની તાકાત છે જ્ઞેય, તો જ્ઞેય ઉપર એની દૃષ્ટિ પડી ગઈ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ રાગને જ માને છે, બસ. રાગ થયો એ હું, હું રાગરૂપે થયો, પુણ્યપણે થયો, વ્યવહારપણે થયો, આ દેહની ક્રિયા મેં આમ કરી તો થઈ, મેં એમ કરી તો થઈ, મેં આમ કરી તો થઈ. લ્યો! પૂજા ભક્તિમાં સ્વાહા.. સ્વાહા.. મેં આમ કર્યું તો થયું. એ જ્ઞાનને જ્ઞેયપણે ગ્રહીને પોતાનો જ્ઞાતાપણાનો નાશ કરે છે. ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ? અજ્ઞાની થતો નાશ પામે છે એટલે શું? કે પોતાનું જ્ઞાનતત્ત્વ છે તેને માનતો નથી. તે જ્ઞેયપણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છું એમ માનીને જ્ઞાનતત્ત્વનો તે શ્રદ્ધામાં અભાવ કરે છે. એમ લેવું છે. નાશ તો ક્યાં થઈ જાય છે. જ્ઞાનતત્ત્વરૂપ જે સ્વભાવ એને એનાથી ભિન્ન રાગરૂપ આદિ ભાવ એ રૂપે પોતાનો માનતો. કારણ કે આમ જ્ઞાયક છું, ચૈતન્ય છું એવી પ્રસિદ્ધિ દૃષ્ટિમાં નથી, એથી જે જ્ઞાનની તાકાત છે જ્ઞેયને જાણે એવી તાકાતને જોતો, ઓલા એને અહીં જોતો નથી પણ આ તાકાતને જોતો રાગરૂપે પરિણમ્યું છે જ્ઞાન-રાગના જ્ઞાનરૂપે, એ તો પરિણમનનો સ્વભાવ રાગથી ભિન્ન છે. છતાં આ રાગરૂપે થાઉં છું, આ પુણ્યપણે થાઉં છું, દેહની ક્રિયાપણે થાઉં છું એમ માનીને.

જ્ઞેયરૂપે આત્માને અંગીકાર કરીને. એટલે શું કીધું? જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે એમ જ્ઞાતાપણે અંગીકાર ન કર્યો અને રાગરૂપે અંગીકાર કરીને પોતાના જ્ઞાતાશક્તિનો જાણવા-દેખવાનો ભાવ શ્રદ્ધામાં અભાવ કરે છે. બરાબર છે ભાઈ? સ્વરૂપચંદભાઈ! આ મોટા લોજિક છે આ કોલેજના. સર્વજ્ઞની કોલેજ છે આ. ત્યાં કોલેજમાં કેવું શીખ્યા હશો? તમે બે ભેગા હતા ને ત્યાં? કેમ ત્યાં ઓલા પ્રોફેસર .. કલાક બોલે અને સાંભળીને વયા જાય. આ તો સર્વજ્ઞની કોલેજ છે. સર્વજ્ઞની કેળવણી છે, સર્વજ્ઞ ભગવાનના ઘરની કેળવણી છે આ. આ કેળવણી લીધે એનો છૂટકો થાય એવું છે.

મુમુક્ષુ :- એ સિવાય ઉદ્ધાર નથી.

ઉત્તર :- નથી. શેનો પણ હોય? ઓહોહો..! આચાર્યોએ પણ કામ કર્યા, સંતોએ દિગંબર મુનિઓએ ગજબ કામ કર્યા છે! અનુભવ તો કર્યો પણ મૂકવાની શૈલીમાં જ્ઞેય અને જ્ઞાનને મૂકવાની શૈલીનો ક્ષયોપશમ ગજબનો! કેટલું સમાડે છે એક તત્ત્વમાં!! એક કોર રામ અને એક કોર ગામ. એક કોર ભગવાન જાણનારો અને એક કોર બધું જ્ઞેય. એવો જાણનાર હું છું એમ ન માનનાર, જાણવામાં જ્ઞેયોને જાણવાની શક્તિવાળું તત્ત્વ છે એમ ન માનનાર, પોતાના સ્વરૂપ તરફની દૃષ્ટિના અભાવે, જણાય છે રાગાદિ, પુણ્યાદિ તે પ્રકારે તેને પોતાપણે માની અને જ્ઞાતાપણાનો શ્રદ્ધામાં નાશ કરે છે તે નાસ્તિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**જ્ઞેયરૂપે અંગીકાર કરીને અજ્ઞાની થયો થકો...**' અજ્ઞાની થયો થકો. ભાષા જુઓ! '**અજ્ઞાની થયો થકો...**' કોઈએ કરાવ્યું નથી પાછું એમ કે. કર્મ છે એ જ્ઞેય છે, રાગ છે એ જ્ઞેય છે એણે અહીં અજ્ઞાની કરાવ્યો નથી. સમજાણું કાંઈ? પોતાના જ્ઞાનસ્વભાવને ભૂલ્યો છે અને તેથી તે રાગને પોતાનો માનીને અજ્ઞાની થયો થકો પોતાની સત્તાના જ્ઞાનમાત્રનો અભાવ શ્રદ્ધામાં કરે છે. રાગ જ પરિણમું છું અને રાગ જ હું છું એમ માને છે. હું જ્ઞાનસ્વરૂપે ત્રિકાળ સર્વનો જાણનાર એવો જ્ઞાતા છું એ માનતો નથી. આહાહા..! આમ તો ક્યાંક આવે ને, વ્યવહાર સાધન. આવે ને ભાઈ તમારે નહિ? નિયતનો હેતુ. છ ઢાળામાં. નિયતનો હેતુ. હેતુ નિયતકો હોઈ કારણ વ્યવહાર.. છેલ્લે શબ્દ આવ્યો મુખ્ય ઉપચાર. છેલ્લી ગાથા. એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તો ઉપચાર થયો. ઉપચાર છે તે જ્ઞેય છે અહીં સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાણું કાંઈ? જે વ્યવહાર મોક્ષમાર્ગ જેને કહીએ તે તો જ્ઞાનમાં જ્ઞેય છે. એ પણે પરિણમું છું એમ માન્યતા જ આત્માનો નાશ કરનારી છે એમ કહે છે અહીં તો. આહાહા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? ઓલામાં સત્યાર્થ આવ્યું ને? સત્યાર્થ. નિશ્ચય એટલે સાચું છે અને વ્યવહાર તે સાચો નથી. એનો અર્થ કે બીજી ચીજ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કીધું. તે પણ વિકલ્પ પર છે. સાત તત્ત્વને જાણવાની ભાઈએ વાત કરી. વાત એ કહી છે. સાત તત્ત્વની વ્યવહાર શ્રદ્ધા એ વ્યવહાર સમકિત છે. વ્યવહાર સમકિત એ વિકલ્પ છે. એ વ્યવહાર છે. એ રૂપે હું પરિણમું છું એમ માનનાર આત્માનો નાશ કરે છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વરૂપે સત્ છે અને જ્ઞેયથી તે અસત્ છે. એમ હોવા છતાં અનાદિ અજ્ઞાનથી ભગવાન જ્ઞાનસ્વરૂપને ન માનવાથી, ન જોવાથી, ન જાણવાથી રાગના વિકલ્પપણે પરિણમું છું અને એ જ મારું સ્વરૂપ છે એમ માને છે તે રાગથી ભિન્ન પોતાના જ્ઞાનસ્વરૂપની નાસ્તિ કરે છે. નાસ્તિ કરવી જોઈએ રાગથી નાસ્તિ કરવી જોઈએ, એને ઠેકાણે પોતાની નાસ્તિ કરે છે. આહાહા..! રાગ અને પુણ્યના પરિણામથી નાસ્તિરૂપે થવું જોઈએ. એ તો એનું સ્વરૂપ છે. એને ઠેકાણે રાગરૂપે હું છું એમ કરીને રાગની અસ્તિ સિદ્ધ કરે છે અને પોતાની નાસ્તિ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

ધર્મી જીવ પોતાનો જ્ઞાનસ્વભાવ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ છે એમ જાણતો, પ્રસિદ્ધ કરતો અને વ્યવહારના રાગરૂપે નહિ થતો હું આત્મા છું એમ જ્ઞાનની પ્રસિદ્ધિ કરે છે. સમજાય છે? અને જ્ઞાનનું અસ્તિત્વ જીવાડે છે. એટલે જેવું જ્ઞાનનું હોવાપણું છે તેને તેમ રાખે છે. અજ્ઞાની વ્યવહારના વિકલ્પ ને નિમિત્તની ક્રિયાપણે હું છું એમ માનીને, એ પણે હું છું અને મારાપણે નથી એમ પોતાની નાસ્તિ કરીને રાગની અસ્તિ કરે છે. સમજાણું કાંઈ? આટલો ફેર લ્યો અજ્ઞાન અને જ્ઞાનમાં. શું આમાં એણે કર્યું? કહે છે લ્યો! કોઈ જીવને માર્યો નથી ભાઈ આમાં. ભાઈ! મારવાનો પ્રશ્ન કોણ મારે છે અને કોણ મારી શકે છે? એ પ્રશ્ન જ ક્યાં છે. બીજાને જીવાડવું કે મારવું એ તારા અધિકારની વાત નથી. તારા અધિકારમાં રાગરૂપે થવું એ અધિકાર તારો નથી તો પરને જીવાડી-મારી દઉં એ તો ત્રણ કાળમાં તારામાં છે જ નહિ. આહાહા..! કહો, આમાં રળી દેવું અને ફલાણું દેવું ને બધું આ જુઓને. હુશિયાર થઈને. એય.. શેઠી! બધા હુશિયાર થઈને રળી દે, કમાઈ દે, દુકાને બેસે.

મુમુક્ષુ :- એ તો રિટાયર્ડ થઈ ગયા.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- આ તો કરતા ત્યારે સંભારીને વાત ચાલે છે. અત્યારે તો એમ કે નિવૃત્તિ છે ને. પહેલા કરતા. કરતા નહોતા એમ કહું છું. આહાહા..!

કહે છે કે '**અજ્ઞાની થયો થકો...**' એટલે સ્વરૂપના ભાન વિનાનો થયો થકો. પોતાના જ્ઞાનસ્વરૂપે હું છું એના ભાન વિનાનો થયો થકો, રાગરૂપે હું પરિણમું છું એમ માનતો થકો અજ્ઞાની પોતાના ચૈતન્યની જાગતી જાગતી જ્યોત જ્ઞેયનો જાણનાર તેનો અભાવ શ્રદ્ધામાં કરે છે. એ મિથ્યાત્વ છે. એનું નામ મિથ્યાત્વ છે. લ્યો, આનું નામ મિથ્યા એને. કોઈને માર્યો નથી. વચનથી બોલતો નથી. કાયાથી ક્રિયામાં કાંઈક બેઠો હોય બરાબર ધ્યાનમાં લ્યો અંદર. પણ આ સ્વરૂપ જ્ઞાનાનંદ ચિદાનંદ છે તે અસ્તિ છે અને રાગની મારામાં નાસ્તિ છે એમ ન માનતા આ અંતર દૃષ્ટિ નથી એટલે રાગનું પરિણમન જ્ઞેયનું જ્ઞાનમાં જણાય, જણાતા આ જાણે હું છું એમ માનીને પોતાનું અસ્તિત્વ રાગમાં ખોઈ બેસે છે. પોતાનું અસ્તિત્વ રાગથી ભિન્ન રાખતો નથી. આ એણે આત્માને જીવતો માર્યો. હિંસા કરી. આહાહા..! આ હિંસા કરી શકે છે. પરની હિંસા કરી શકતો નથી. કેમ કે પરદ્રવ્યની પર્યાય છે. સ્વતંત્ર છે. સમજાણું કાંઈ?

ત્યારે, ત્યારે આમ હતું એમ કીધું હતું ને? જ્યારે આવું થાય છે અજ્ઞાનીને '**ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વ-રૂપથી તત્પણું પ્રકાશીને...**' હું તો જ્ઞાન જાણનાર-દેખનાર આનંદસ્વરૂપે તે છું. જ્ઞાનસ્વરૂપે છું, જાણકસ્વરૂપે છું, આનંદસ્વરૂપે છું, જ્ઞાનની સાથે અનંતા ગુણસ્વરૂપના પરિણમનસ્વરૂપે છું. અહીં જ્ઞાન અને જ્ઞેયની વાત કરી છે એકલી. '**સ્વ-રૂપથી તત્પણું પ્રકાશીને...**' ધર્મી જીવ. ભગવાન આત્મા જાણનાર ચૈતન્યસૂર્યસ્વરૂપ, તે પણે હું છું એમ પોતાને તેપણે, જ્ઞાનપણે, હોવાપણે પ્રકાશતો '**(અર્થાત્ જ્ઞાન જ્ઞાનપણે જ છે એમ પ્રગટ કરીને), જ્ઞાતાપણે પરિણમનને લીધે...**' જાણવાના ભાવના પરિણમવાના કારણે '**જ્ઞાની કરતો થકો...**' આત્માને જ્ઞાતાદૃષ્ટાપણે રાખતો જ્ઞાની કરતો થકો '**અનેકાંત જ તેને ઉદ્ધારે છે-**' સમજાણું કાંઈ? શું કીધું?

જ્ઞાતા '**(તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વ-રૂપથી...**' સ્વરૂપ. રાગાદિ પરરૂપ. આ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એ સ્વરૂપથી '**(-જ્ઞાનરૂપથી)...**' જ્ઞાનરૂપ જાણવાના રૂપથી તત્ છું-તે છું એમ '**પ્રકાશીને (અર્થાત્ જ્ઞાન જ્ઞાનપણે જ છે એમ પ્રગટ કરીને),...**' જાણનાર જાણપણાપણે જ છે એમ પર્યાયમાં પ્રગટ કરીને '**જ્ઞાતાપણે પરિણમનને લીધે...**' જાણવા-દેખવાના ભાવની પર્યાયપણે પરિણમનની અવસ્થાને લીધે '**જ્ઞાની કરતો થકો...**' આત્માને જાણનાર-દેખનાર રાખતો, કરતો થકો. '**અનેકાંત જ...**' સ્વપણે છું, પરપણે નથી. એમ '**અનેકાંત જ (-સ્યાદ્‌વાદ જ) તેને ઉદ્ધારે છે-**' એટલે જીવતી જ્યોતને '**નાશ થવા**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**દેતો નથી.**' કહો, સમજાણું કાંઈ? વિકલ્પનો નાશ કરો. શું પણ વિકલ્પ? વિકલ્પ છે જ નહિ. આમાં ભાઈ લ્યો વળી એ આવ્યું. ઓલા કહે છે ને? અહીં તો વિકલ્પપણે આત્મા થયો જ નથી. કોનો નાશ કરવો? સાંભળને! અસ્તિ વિના તને નાસ્તિનું પરિણમન શી રીતે થશે? આહાહા..! ભારે વાતું ભાઈ! આ નિશ્ચયની વાતું બહાર આવી એટલે કેટલાક નિશ્ચયની એવી વાતું બહાર કરવા માંડ્યા જાણે લોકોને એવું લાગવા માંડ્યું કે આહા..! આપણે સોનગઢ સાથે મળતું છે. અરે.. ભગવાન! એવા એક નહિ હોં! બીજા ઘણા થઈ ગયા છે અત્યારે. ઘણા ભળે છે. જુઓને ઓલા દુર્લભજી. કાંઈ ખબર ન મળે.

અરે.. ભગવાન! જૈન શું છે તત્ત્વ? જૈન એટલે શું તત્ત્વ છે? જૈન એટલે સર્વજ્ઞ પરમેશ્વર. જૈન એટલે સર્વજ્ઞ પરમેશ્વરે અનંત તત્ત્વો જોયા છે એવા તેણે પર્યાયમાં દ્રવ્યમાં એવી શક્તિરૂપે છે, અનંત વસ્તુ શક્તિરૂપે છે એવું જેણે જાણ્યું છે એવું જાણનારાએ કહ્યું છે. અને એ પણ તને બેસે એવી એ વાત છે. સમજાણું કાંઈ?

જ્ઞાનપણે અસ્તિ છું એમ. અસ્તિ છું. જ્ઞાનપણે અસ્તિ છું એમ જ્ઞાનપણાનો પ્રકાશ કરતો, વિકલ્પપણે નથી એમ પોતે પરથી નથીપણે પરિણમતો, પરના અભાવપણે પરિણમતો, સ્વના અસ્તિપણે પરિણમતો, પોતાના અસ્તિપણે જીવતો ઉદ્ધાર આત્માને કરે છે. અનેકાંત પોતાનો ઉદ્ધાર કરે છે. મારાપણે છું અને રાગપણે નથી. એવું અનેકાંતપણું તે જીવને જીવતો રાખે છે. એટલે જીવનું જીવતર જે જ્ઞાનનું તેને ટકાવી રાખે છે. કહો, સમજાણું આમાં? મુંબઈમાં આવી વાત ન ચાલે હોં! એને ચાલે પણ નહિ. ત્યાં અમુક અમુક વાતું કરવી (પડે). અમુક વાતો ચાલે ત્યાં. આવું માંડે તો શું આમાં એને ....? પાંચ-પાંચ હજાર, દસ હજાર માણસ હોય એમાં. આ વસ્તુ જ એવી છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! રાડ નાખી જાય. અરર..! વ્યવહારનો લોપ થઈ ગયો રે લોપ થઈ ગયો. એય.. મૂલચંદભાઈ! વ્યવહાર રહે છે જ્ઞેયમાં, જ્ઞાનમાં નહિ. એને વ્યવહારે લોપ કર્યો છે આત્મામાં. આહાહા..! સમજાણું કાંઈ?

પરિણમન '**અનેકાંત જ (-સ્યાદ્વાદ જ) તેને...**' સ્વાદ્વાદ એટલે? તત્‌પણે છે અને પરપણે નથી એમ '**તેને ઉદ્ધારે છે-**' એટલે ચૈતન્યનો ઉદ્ધાર કરે છે. એટલે જેવું અસ્તિત્વ જ્ઞાનપણે છે તે પણે તે થાય છે. રાગપણે થતો નથી. આ એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાનનું પરિણમન તેને જીવને જીવતો રાખ્યો એમ કહેવામાં આવે છે. એનો ઉદ્ધાર થયો. આનો બીજો બોલ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**ફાગણ સુદ ૧, ગુરુવાર તા. ૨૯-૨-૧૯૬૮**
**સ્યાદ્‌વાદ બોલ-૨. પ્રવચન-૫૦૨**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. એકડા પછી બગડો છે નીચે. છે? ક્યાં આવ્યું? મલૂકચંદભાઈ! ક્યાં આવ્યું? વાંચો જોઈએ. ખબર પડે ને ક્યાં આવ્યું? એકડા પછી બગડો છે. બગડો નથી પણ એકડા પછી.

‘**વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ ખરેખર આ બધું...**’ ત્યાં. બરાબર છે. એકડા પછી છે, જુઓ, ‘**વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ ખરેખર આ બધું આત્મા છે...**’ ઈ. છે? જુઓ, એનો અર્થ ઝીણો છે. એ શબ્દો છે પણ એમાં ભાવ ઝીણા છે. શું કહે છે? પહેલો બોલ કીધો, હવે બીજો બોલ ચાલે છે. તત્‌નો બોલ ચાલ્યો, હવે અતત્‌નો ચાલે છે.

‘**જ્યારે તે જ્ઞાનમાત્ર છે...**’ જ્ઞાનમાત્ર છે એટલે વીતરાગસ્વરૂપ આત્મા છે. આત્મા જ્ઞાનમાત્ર છે એટલે એકલો શાંત અકષાય સ્વભાવમાત્ર આત્મા છે. એને ન માનતા ‘**ભાવ ખરેખર...**’ જ્ઞાનમાત્રભાવ એટલે આત્મા. એ પુણ્ય-પાપના વિકલ્પો રાગ અને શરીરથી ભિન્ન એકલો જ્ઞાન ચૈતન્યજ્યોત પ્રકાશ. સ્વને-પરને પ્રકાશે એવો જ્ઞાનમાત્ર આત્મા ‘**ખરેખર આ બધું આત્મા છે...**’ અનાદિથી અજ્ઞાની એમ માને છે કે આ જ્ઞાનસ્વરૂપમાં જે કાંઈ આ શરીર, વાણી, પરની ક્રિયા દેખાય છે કે આત્મામાં થતાં શુભ દયા, દાન, વ્રત પરિણામના ભાવ જે છે તે જ્ઞાનમાં જણાતાં એમ અજ્ઞાની માને છે કે એ બધા મારા છે. જુઓ, આ મિથ્યાદૃષ્ટિનું સ્વરૂપ.

આત્મા જ્ઞાનમાત્રભાવ. ભગવાનઆત્મા તો ચૈતન્યપ્રકાશ સૂર્યસ્વરૂપ આત્મા છે. એને અજ્ઞાની ન માનતા, ન જાણતા, ન ઓળખતા, ન ઠરતાં એ જ્ઞાનમાં જણાય... શું જણાય? કે આ બધું ખરેખર આ સામી ચીજ છે ને બધી એ હું-આત્મા છું, એમ માને છે, એટલે આ શરીરની ક્રિયા થાય એ હું છું એમ માને છે. અંદર દયા, દાનના ભાવ થાય, દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિના ભાવ શુભ એ હું છું એમ માને છે. એ રાગ છે, આસ્રવતત્ત્વ છે અને દેહાદિ તે અજીવતત્ત્વ છે. ભગવાનઆત્મા જ્ઞાનતત્ત્વ ચૈતન્યસૂર્ય છે. એને પોતાના ચૈતન્ય તત્ત્વને ન માનતા, ન જાણતાં એમાં જણાય એ ચીજ છે તે હું છું, આ બધું આત્મા છે (એમ માને છે). ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? આત્મા ચૈતન્યપ્રકાશનું નૂર પૂર છે. એવો આત્મા હું છું એમ અજ્ઞાની ન માનતા, ન જાણતા અનાદિ કાળથી જે જ્ઞાનમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જણાવાયોગ્ય વ્યવહારરત્નત્રય દયા, દાન, ભક્તિ, પૂજાના ભાવ, અશુભભાવ કે શુભભાવ કે શરીરની આ ક્રિયા આમ થાય, વાણી થાય આ બધું એક આત્માના જ્ઞાનમાત્ર સિવાયના બધા ભાવો, પુણ્ય-પાપના ભાવથી માંડીને શરીર, વાણી, કર્મ, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, પરિવાર આખું જગત એ હું છું એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ?

'**ખરેખર આ બધું આત્મા છે...**' એમ માને છે. હું જ્ઞાન ચૈતન્યમૂર્તિ પરથી ભિન્ન છું એમ એ માનતો નથી. તેથી તેની માન્યતામાં જ્ઞાનસ્વરૂપ ભગવાનને મૂકી દઈને રાગ ને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આદિ થયા એ આ હું છું, આ હું છું, આ મારા છે, એ મારામાં છે એમ અજ્ઞાની અનાદિથી પુણ્ય-પાપના રાગ અને દેહાદિ .. '**એમ અજ્ઞાનતત્ત્વને...**' એ અજ્ઞાનતત્ત્વ છે. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા... ઝીણી વાત છે, ભાઈ! આ તો વીતરાગી તત્ત્વ છે. સર્વજ્ઞ પરમેશ્વરે કેવળજ્ઞાનીએ કહેલું તત્ત્વ તે આત્મા એ તો જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. એને પરમેશ્વર એમ કહે છે કે ભાઈ! અનાદિથી અજ્ઞાની બાહ્ય ત્યાગી અનંત વાર થયો, બાહ્યના સ્ત્રી-કુટુંબ છોડ્યા, રાગની મંદતા પણ કરી, પણ એ આત્મા જ્ઞાનમાત્ર છે તેને (નહિ માનીને) આ રાગ તે હું છું (એમ માને છે). રાગ તે અજ્ઞાન છે. અજ્ઞાન એટલે કે રાગમાં જ્ઞાનનો અંશ છે નહિ. ચૈતન્ય સ્વભાવ એ રાગમાં નથી. સમજાણું કાંઈ? રાગનો દયા-દાન-વ્રતનો ભાવ વિકલ્પ એ રાગ, એ અજ્ઞાન. અજ્ઞાન એટલે એમાં જ્ઞાન નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્યસ્વરૂપ છે. એ જ્ઞાનમાત્રભાવ એ અજ્ઞાન એવો જે રાગ, પુણ્ય-પાપના ભાવ દેહાદિ એ બધું અજ્ઞાન છે. આત્મા જ્ઞાન છે, આ બધું અજ્ઞાન છે. સમજાણું કાંઈ? નવનીતભાઈ!

મુમુક્ષુ :- ચેતન નથી.

ઉત્તર :- એ ચેતન નથી. છતાં અજ્ઞાની, આ બધું હું છું, એ દયા, દાનના પરિણામ તે મારા છે, એ હું છું, મારું કર્તવ્ય છે, મારામાં છે એમ પોતાના મારામાં જ્ઞાન અને આનંદ છે તેને ભૂલી જઈ અને રાગ ને પુણ્ય ને શરીર આદિ જે અજ્ઞાન છે, જેમાં આત્મા ચૈતન્ય જ્યોત છે તેનો એમાં અભાવ છે, જેમાં અભાવ છે એ વસ્તુને મારી માને છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, મગનભાઈ! ભારે વાત, ભાઈ! જુઓ! એમાં આ લીટીમાં એટલું ભર્યું છે. એટલે તમને કીધું ભાઈ આ વાંચો. લક્ષ જાય છે કે નહિ?

'**જ્યારે તે જ્ઞાનમાત્ર...**' આ તો મહાસિદ્ધાંતો છે. સર્વજ્ઞના તત્ત્વો સિદ્ધાંતો છે આ. એટલે આ ચૌદ બોલમાં તો એકદમ માખણ પડેલું છે, એકલું માખણ. ભગવાનઆત્મા, જેને આત્મા કહીએ એ તો જ્ઞાનસ્વરૂપ છે અને જ્ઞાનમાં આનંદ, શ્રદ્ધા આદિ ખ્યાલ આવે બધો એ બધો આત્મા જ્ઞાનસ્વરૂપ આત્મા છે. એવા આત્માને સ્વસન્મુખની દૃષ્ટિ અનાદિની નહિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હોવાથી પરસન્મુખની દૃષ્ટિમાં જે કંઈ વિકારના, પુણ્ય-પાપના ભાવ થાય એ જ્ઞાન નથી, એ તો અજ્ઞાન છે. ચૈતન્યથી વિરૂદ્ધ અચૈતન્ય છે. બીજી રીતે કહીએ તો આ આત્માનું જ્ઞાન એ રાગમાં નથી, તેમ બીજા આત્માઓ અને બીજા શરીરમાં આ જ્ઞાન નથી. એને હિસાબે-આ જ્ઞાનને હિસાબે બધા અજ્ઞાનતત્ત્વ છે. ભાઈ! ભારે ભાઈ! કેવળજ્ઞાની પરમાત્મા પણ આ જ્ઞાનતત્ત્વની અપેક્ષાએ અજ્ઞાનતત્ત્વ છે, એમ કહે છે. ભોગીલાલભાઈ! બધું ઝીણું છે આ. મુદ્દામાં આવ્યા છે. આવ્યા છે, બરાબર આવ્યા છે. મહિનો છે. આજે ફાગણ સુદ એકમ છે.

કહે છે, ભાઈ! એક કોર પ્રભુ રામ અને એક કોર ગામ. એક કોર ભગવાનઆત્મા જ્ઞાનની મૂર્તિ ચૈતન્ય સ્વતત્ત્વ છે અને એ સિવાય જેટલા શુભ-અશુભભાવ થાય અને શરીર, વાણી, મન હો, દેવ-ગુરુ-શાસ્ત્ર હો, અજીવતત્ત્વ હો, પંચ દ્રવ્ય બીજા હો, જીવ બધા અનંત હો, આ જ્ઞાનતત્ત્વથી એ બધા (ભિન્ન છે), આ જ્ઞાન એમાં નથી. પુણ્ય-પાપના ભાવમાં જ્ઞાન નથી, આ શરીરમાં જ્ઞાન નથી, કર્મમાં જ્ઞાન નથી, કેવળી પરમાત્મામાં આ જ્ઞાન નથી. એટલે આની અપેક્ષાએ બધા અજ્ઞાનતત્ત્વને પોતાનું માને છે. સમજાણું કાંઈ? આહાહા..! કેટલું સમાડ્યું છે ટૂંકામાં!

ભગવાન ચૈતન્યસૂર્ય છે. એ ચૈતન્યમાં ચૈતન્યને સંબંધી દર્શન, શાંતિ, આનંદ એ બધા છે એ બધા જ્ઞાનમાત્રમાં સમાઈ જાય છે. એવા જ્ઞાનમાત્ર આત્માને અંતર્મુખ આ હું છું એવી જેને દૃષ્ટિ અને ભાન નથી, તે અજ્ઞાની આત્મા અનાદિથી પોતાના સ્વરૂપમાં જ્ઞાન અને આનંદ છે તે જ્ઞાન બધાને જાણવાની તાકાત રાખે છે, પણ એ પર છે એ મારા છે એવી તાકાત એનામાં નથી. છતાં અજ્ઞાની રાગને પુણ્યને, દયાને, દાનને, દેવ-ગુરુ-શાસ્ત્રને, સ્ત્રી, કુટુંબ, પરિવારને આદિ આ-આ અજ્ઞાનતત્ત્વને '**સ્વસ્વરૂપે એમ માનીને...**' એ બધા મારા સ્વરૂપે છે એમ માનીને મિથ્યાદૃષ્ટિપણાને કારણે આત્માના જ્ઞાનમાત્રનો એ શ્રદ્ધામાં નાશ કરે છે. ભારે! ભાઈ! એવો એનો અર્થ ઝીણો છે. તેથી મૂલચંદભાઈને કહ્યું હતું. મૂલચંદભાઈ! એનો અર્થ ઝીણો છે શબ્દમાં.

એક કોર ભગવાનઆત્મા ચૈતન્યસ્વરૂપ સ્વ-પરપ્રકાશક ચૈતન્યની મૂર્તિ એ આત્મા અને સામે શુભરાગ-તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય, એ તો મિથ્યાદૃષ્ટિને હોય નહિ, પણ અજ્ઞાનીને જે ભાવે સ્વર્ગ બંધાય કે જે ભાવે કોઈ મનુષ્યદેહ બંધાય, એવા પુણ્ય-પુણ્ય ભક્તિના, પૂજાના, દાનના, દયાના એવો જે શુભરાગ, એ જ્ઞાનસ્વરૂપી ભગવાનથી ભિન્ન તત્ત્વ છે. એ અજ્ઞાનતત્ત્વ છે એટલે એમાં જ્ઞાન નથી. આ જ્ઞાન ત્યાં નથી. આ જ્ઞાન ત્યાં નથી. એટલે આ જ્ઞાનનો જેમાં અભાવ છે. રાગમાં અભાવ છે, પુણ્ય-પાપમાં અભાવ છે, દેહ-વાણીમાં અભાવ છે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કર્મમાં અભાવ છે અને સારા જગતનું તત્ત્વ છે એ આ જ્ઞાનતત્ત્વનો એ બધા તત્ત્વમાં અભાવ છે. સમજાણું કાંઈ? ભારે!

એવા '**અજ્ઞાનતત્ત્વને સ્વ-રૂપે (જ્ઞાનરૂપે) માનીને...**' એ બધા મારાં છે, મારું જ્ઞાનનું સ્વરૂપ છે એમ પરને પોતાના જ્ઞાનસ્વરૂપે માનીને, એટલે '**અંગીકાર કરીને વિશ્વના ગ્રહણ વડે...**' જોયું! આખું વિશ્વ લીધું છે. આહાહા..! વિશ્વ નામ ભગવાનઆત્મા વિશ્વનો જ્ઞાતા છે. એને જાણનારો છું એવી એને અંતર દૃષ્ટિ ધર્મીને હોય છે, એ અધર્મીને હોતી નથી. જુઓ, આટલા માત્રથી અધર્મી છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યપ્રભુ એ પોતાના અનંત ગુણના સત્ત્વથી શોભતો પોતે બિરાજે છે. એવો ભગવાનઆત્મા એ અંતર્મુખ આ ચીજ છું તે હું છું, એવા સમ્યગ્દર્શનના અભાવને લઈને, સમ્યગ્દર્શનના અભાવને લઈને પોતામાં જે છે એને ન માનતો, પોતામાં જે નથી (એવા) રાગ, પુણ્ય-પાપ આદિ આખું વિશ્વ... સમજાણું કાંઈ? આ બધું આત્મા છે એમ અજ્ઞાનતત્ત્વને એટલે જેમાં ચૈતન્યતત્ત્વની ગંધ નથી, આ ચૈતન્યના સ્વભાવનો જેમાં અભાવ છે એવા રાગ, પુણ્ય, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસૌ, લક્ષ્મી, આબરૂ, દેવ-ગુરુ-શાસ્ત્ર, મકાન, હજીરા, આબરૂ, કીર્તિ એ બધા આ જ્ઞાનતત્ત્વથી બીજી જાતના, અજ્ઞાન એટલે આ જ્ઞાનનો એમાં અભાવ છે, એ હું છું, આ મારા છે, એમ જે માને છે એ આત્માના સ્વભાવનો નાશ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આવી! આ શરીર તો આત્માનું ખરું કે નહિ? બાયડી-છોકરા તો આઘા રહી ગયા. આ શરીર તો ઠીક પણ પુણ્ય-પાપના ભાવ તો જીવના ખરા કે નહિ? તો પૂર્વના પુણ્ય પડ્યા છે એ આત્માના નહિ? તો પુણ્યને લઈને આ પૈસા મળ્યા ૨૫-૩૦-૪૦ લાખ ક્યાંથી મળ્યા? આહાહા..!

ભાઈ! એક કોર પ્રભુ આત્મા છે. એ આખા વિશ્વનો-પુણ્ય-પાપના ભાવથી માંડી આખું વિશ્વ નામ સમસ્ત લોકાલોક, એનો ભગવાનઆત્મા સ્વમાં રહીને, સ્વમાં રહીને સ્વને જાણતો પરને જાણવાના સ્વભાવવાળો આત્મા છે. એવો આત્મા ન માનતા ભગવાનઆત્માને પરવસ્તુ મારી છે, આ હું છું, આ પુણ્ય હું છું, શરીર હું છું, મારા દેવ આ છે, મારા ગુરુ આ છે, મારા શાસ્ત્ર આ છે, આ મારા ડુંગરા છે, આ સમ્મેદશીખર મારું છે, આ મંદિરો મારા છે, એમ જે ચીજ એનામાં નથી, આ બધું આત્મા છે આમ નજર બહાર છે કહે છે, અંદરમાં નથી. અંદર વસ્તુ છે ચૈતન્ય, એની દૃષ્ટિની અને એના સત્ત્વના તત્ત્વની એને ખબર નથી. એથી આ બધું આત્મા છે એમ અજ્ઞાનતત્ત્વને એટલે ભગવાન જ્ઞાન, આનંદસ્વરૂપ એવા તત્ત્વને ભૂલી અને અજ્ઞાનતત્ત્વ કે જેના જ્ઞાનતત્ત્વના જ્ઞાનભાવમાં જે ચીજ નથી, એવા પુણ્ય-પાપ રાગાદિથી માંડીને આખું જગત, એને સ્વરૂપે એમ માનીને. એ છે તો મારું જ્ઞાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે, એ છે તો હું આત્મા છું, એ છે તો મારી શ્રદ્ધા છે, એ છે તો મારું વીર્ય છે, એ છે તો હું જાણવાની તાકાતવાળો છું (એમ માને છે). સમજાણું કાંઈ?

બીજી ભાષાએ કહીએ તો પુણ્યના દયા-દાન, વ્રત-ભક્તિના પરિણામ થયા એ છે તો હું નિશ્ચય છું. આ તો મૂળ વાત છે, બાપુ! ભગવાનઆત્મા આમ ચૈતન્યજ્યોત સૂર્ય છે. તત્ત્વ આખું ચૈતન્યનો સૂર્ય છે. એને પોતાનો ન માનતા, જે આત્મામાં નથી એવા અણાત્મા, અણ-આત્મા એટલે અજ્ઞાન, અજ્ઞાન એટલે આ સ્વરૂપ જેમાં નથી એવા બધાં. એ પુણ્ય-પાપનો ભાવ એ અણાત્મા છે, શરીર અણાત્મા છે, બીજા આત્મા આ આત્માની અપેક્ષાએ અણાત્મા છે. સમજાય છે કાંઈ? એવા અણાત્મતત્ત્વ જે છે એને આ જ્ઞાનતત્ત્વ આ મારા છે એમ માને છે. એમ માનીને, એમ શ્રદ્ધીને ખરેખર અંગીકાર કરીને એટલે કે આ મારા છે એમ સ્વીકાર કરીને, પોતે જ્ઞાનમાત્ર છું એમ સ્વીકાર છોડી દઈને, ચૈતન્ય સ્વભાવ છું એનો સ્વીકાર છોડી દઈને રાગ ને જ્ઞેય આ ચીજ મારી છે એમ અંગીકાર કરીને '**વિશ્વના ગ્રહણ વડે...**' વિશ્વને પકડવાની માન્યતા વડે. સમજાણું કાંઈ? રાગથી માંડી આખું તત્ત્વ વિશ્વ સમસ્ત પદાર્થ, એના ગ્રહણ વડે. ગ્રહણ નામ એ મારા એમ પક્કડ વડે. '**પોતાનો નાશ કરે છે...**' પોતે ભગવાન ચૈતન્યજ્યોત છે તેની પ્રતીત કરતો નથી એથી પોતે જીવતી ચૈતન્યજ્યોતનો નાશ કરે છે, નાસ્તિક થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આવી નાસ્તિકની વ્યાખ્યા?

ઉત્તર :- આવી વ્યાખ્યા છે. એય..! મગનભાઈ!

મુમુક્ષુ :- વિશ્વપ્રેમની વાત...

ઉત્તર :- હા, એ ઠીક કહ્યું. વિશ્વપ્રેમ કરો, વિશ્વવાત્સલ્ય, વિશ્વવાત્સલ્ય. છે ને પત્ર વિશ્વવાત્સલ્ય. અરે..! ભગવાન! વિશ્વવાત્સલ્યની વ્યાખ્યા શું? ભાઈ! આખું વિશ્વ જગતનું લોકાલોક રાગથી માંડીને એ આત્મા પોતાના સ્વને જાણતા તેમાં તે જણાય એવો અંદરમાં વિશ્વવાત્સલ્યનો જ્ઞાનભાવ છે, પણ આ વિશ્વ છે એ મારું છે અને એને હું ભેટું, એની સાથે પ્રેમ કરું અને એ મારા છે એમ માનું, તો કહે છે કે તારા ચૈતન્યના જ્ઞાનજ્યોતિના આત્મરામનો તેં નાશ કર્યો છે. સમજાણું કાંઈ?

કહો, હવે આમાં પૈસા ને રજકણ ને બાયડી-છોકરા તો ક્યાં ગયા? એને ઘરે. એને ઘરે છે અને આ કહે છે કે મારે ઘરે છે. સમજાણું કાંઈ? આનું નામ ભગવાનઆત્માને ન માનવો અને પર છે તે હું એમ માનવો, એ આત્માના ચૈતન્યના અભાવનું માનવાવાળો મિથ્યાદૃષ્ટિ આત્માનું ખૂન કરે છે. સ્વરૂપચંદભાઈ! આવી વાતું છે, બાપુ!

જૈન પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ કેવળજ્ઞાની પરમાત્મા, જેણે એક સમયમાં ત્રણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાળ, ત્રણ લોક જોયા એ ઈન્દ્રોની સમક્ષમાં, સંતોની સમક્ષમાં, ગણધરોની સમક્ષમાં દિવ્યધ્વનિ દ્વારા આમ ફરમાવતા હતા, યોગીઓને એમ કહેતા (હતા), સંતોને અરિહંતો એમ કહેતા હતા, હે આત્માઓ! તમે જ્ઞાનમાત્ર પ્રભુ છો. જ્ઞાનમાત્ર એટલે રાગ અને પરચીજ તારામાં નથી. વિકાર જે ભાવે બંધ થાય એવો પુણ્યભાવ હો કે પાપ હો એ તારા સ્વરૂપમાં નથી. નથી તેને મારા કરીને માન અને છે તેને તું છોડી દે (છો). વસ્તુ છે તેનો જાણનાર અને પોતાને જાણનાર એવું સ્વરૂપ તારું છે. છે તેને છોડી દે અને નથી તેને માન, તારા આત્માના છે-પણાનો જીવતરનો નાશ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? મૂળચંદભાઈ! આ વાત આવી છે વીતરાગના માર્ગની. આહાહા..! સાંભળવા મળે નહિ ક્યાંય મુંબઈમાં પણ. કહે, આ કરો, આ પાળો, આ કરો, એ દયા કરો, વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, જાત્રા કરી આવો, લાખ-બે લાખ ખર્ચો. એ ભોગીલાલભાઈ! આવા શેઠિયાઓને એમ કહે.

અહીં કહે છે, પણ ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! તારા સ્વરૂપમાં તો એ જગતના પદાર્થોને જાણવાનો સ્વભાવવાળું તારું તત્ત્વ છે. એને જાણવાવાળો એટલે કે તને જાણતા તે જણાય એવું તારું તત્ત્વ છે. એવા આત્મતત્ત્વને ન માનતા, ન જાણતા, ન સન્મુખ થતાં પોતાના આત્માથી વિમુખપણે, અજ્ઞાનપણે આ જ્ઞાનના અભાવરૂપ તત્ત્વપણે રહેનારા, એને મારા માનવા અને એ છે તો હું છું, એ છે તો હું છું, રાગ છે તો હું છું, પુણ્યભાવ છે તો હું છું, આ શરીર છે તો હું છું, બહારની અનુકૂળતા હોય તો હું ટકી શકું-આમ માનનારા આત્માને પરરૂપે ગ્રહીને આત્માના સ્વભાવનો શ્રદ્ધામાં નાશ કરે છે. આહાહા..! અરે..! ભગવાનના માર્ગમાં સાંભળવાનું મળે નહિ ભગવાનની વાતું. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે,... બહુ ટૂંકામાં ઘણું સંકેલી નાખ્યું છે. મગનભાઈ! આહાહા..! બીજું તો ઠીક પણ પ્રભુ ચૈતન્યજ્યોત છે, એમાં આ ગુણી હું છું અને મારામાં અનંત ગુણ છે એવો જે ભેદ ઊઠતા જે રાગ ઊઠે છે, એ રાગ છે તે હું છું અને એ રાગ છે તો મારું તત્ત્વ નભી રહે છે અથવા એ રાગ આવે તો હું મારા સ્વરૂપને પામી શકું, એમ માનનારા અજ્ઞાનતત્ત્વને પોતાપણે માનીને, એ અજ્ઞાન એનું નથી છતાં સ્વપણે અંગીકાર કરીને, સ્વપણાના જ્ઞાનમાત્ર આત્મસ્વભાવનો અનાદર કરીને ચૈતન્યની જીવતી જ્યોતનો નાશ કરીને મિથ્યાત્વને અંગીકાર કરે છે. કહો, મૂળચંદભાઈ!

મુમુક્ષુ :-

ઉત્તર :- એ કહે છે ઈ એમાં. શબ્દ થોડા છે પણ ભાવ આ બધા ભર્યા છે.

ભાઈ! વિકલ્પ છે પ્રભુ! એ તો રાગ છે, નાથ! એ તારું સ્વરૂપ નહિ. તારું હોય તો જુદું પડે કેમ? નાશ થાય કેમ? એટલે તારામાં નથી એને અજ્ઞાની મારા છે (એમ માને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે). આહાહા..! એક વાત એવી આવી હતી વિચારમાં કે આ પંચમહાવ્રત પાળે છે એ આવે છે ને શાસ્ત્રમાં, એ ખરેખર વ્રત પાળે છે એ તો વ્યવહારથી કથન છે, પણ ત્યારે એ આત્માની શાંતિ અને વીતરાગતાને રાખે છે ને પાળે છે એનો ઉપચાર વ્રતમાં કર્યો છે. વ્રત પાળે-ફાળે વ્રત તો વિકલ્પ છે. આહાહા..! ચરણાનુયોગની શૈલી જે છે શુભરાગને બતાવનારી અને એમાં લખાણ આવે કે પાળનારા છે. એને પણ એ ભૂમિકામાં શુદ્ધતાની સ્થિરતા તેને પાળનારા-રાખનારા છે. એ ભૂમિકામાં એ દશા એની હોય છે. ત્યારે એને વ્યવહારથી એમ કહેવામાં આવ્યું કે આને પાળે છે. એ વાત ખોટી છે એમ કહે છે અહીં તો. આહાહા..! એય..! શેઠી! વીતરાગ માર્ગના શાસન.. શું બાપા!

પ્રભુ! તું તો ચૈતન્યજ્યોત છો ને. જીવ અને જિનવરના સ્વભાવમાં ફેર ક્યાં છે? જીવ છે તે જિનવર છે અને જિનવર છે તે જીવ છે. જિનવર થયા, વીતરાગી દશાવાળા પ્રભુ થયા, તો એ વીતરાગી દશા ક્યાંથી લાવ્યા? બાપુ! એ તારામાં અનંતી અનંતી એવી વીતરાગરૂપી જ્ઞાન અવસ્થાની દશા અંદર શક્તિરૂપ પડી છે, એવો ભગવાનઆત્મા છે. એ આત્મા રાગને પોતાનો માને એવું એના સ્વરૂપમાં નથી. રાગને અને આખી દુનિયાને અને પોતાને જાણે એવું પોતાના સ્વરૂપમાં છે, પણ રાગને અને પરને પોતાનું માને અને એમાંથી લાભ માને એવું એના સ્વરૂપમાં નથી. નથી તેને મારા માનીને અંગીકાર કરે છે તેને અહીંયાં મિથ્યાદૃષ્ટિ જીવ કહે છે. ચાહે તો જૈનનો સાધુ થઈને ફરતો હોય, સમજાણું કાંઈ? અને ચાહે તો ગૃહસ્થાશ્રમમાં ભગવાન પાસે પૂજા-ભક્તિમાં બેઠો હોય બરાબર તલ્લીનપણે, પણ ત્યાં રાગને લાભનું કારણ માને, ક્રિયા મારાથી થાય એ લાભનું કારણ માને છે, એ પરને પોતાપણે ગ્રહીને પોતાના સ્વરૂપનો અનાદર કરે છે. આહાહા..! કહો, મગનભાઈ! આવો માર્ગ છે, ભાઈ! આહાહા..!

જગતમાં રાડ નાખે. અરે..! વ્યવહારનો લોપ થાય રે લોપ થાય. મૂળચંદભાઈ! મૂળચંદભાઈ કહેતા હતા કે લોકો આમ કહે છે. ભગવાન! લોપ થાય છે એનો અર્થ કે વ્યવહાર છે તેનો આત્મા જાણનાર એ આત્મા કહેવાય. વ્યવહારનો રાખનાર આત્મા એ આત્મા નહિ. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહાર એટલે વિકલ્પ અને રાગ, એને રાખનારો, એને પાળનારો, એને પોતાનો માનનારો તે આત્મા નહિ, તે અણાત્મા છે. સમજાણું કાંઈ? બાપા! અંદર સૂક્ષ્મ શલ્ય રહી ગયા છે આવા. નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આત્મા જ્ઞાન એટલે આત્મા આવો જ્ઞાનસ્વરૂપ છે, એક કણિયો પંચમહાવ્રતનો રાગ પણ મારું સ્વરૂપ નથી એવું જ્ઞાનસ્વરૂપમાં રાગથી ભિન્ન પાડીને આત્માને જાણ્યો નથી અને એને જાણ્યા વિના રાગ અને પુણ્યની ક્રિયા મારી અને એનાથી મને હળવે-હળવે અત્યારે નહિ પછી લાભ થાશે, તો જે અણાત્મા છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તેને આત્માનો લાભ થશે, અણાત્માથી આત્માનો લાભ થશે, અજ્ઞાનતત્ત્વથી જ્ઞાનતત્ત્વ ખીલશે, એમ માનનાર ચૈતન્યના તત્ત્વનો અનાદર કરી આત્માના સ્વભાવની જીવતી જ્યોતનો નાશ કરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

જે વસ્તુની સ્થિતિ છે એ સાંભળવા મળે નહિ પ્રાણીને બિચારાને વાડામા પડ્યા એને. એમ ને એમ જીંદગી ચાલી જાય છે. આ વખત તે માંડ થોડો મળ્યો છે. અનંત કાળના હિસાબે આ અવસ્થા કેટલી શરીરની? ૫૦-૬૦-૭૦-૭૫-૮૦-૧૦૦ કો'ક ૯૦ લ્યોને. અનંત-અનંત કાળ, અનંત-અનંત કાળ જેમાં આદિ નહિ. અનાદિનો આત્મા કે દિ' નહોતો? કે દિ' નહિ હોય? કે દિ' પોતાના સ્વભાવથી ખાલી હશે? એમ ને એમ છે... છે... છે. એવો ભગવાનઆત્માનો સ્વભાવ જ્ઞાન, આનંદ, શાંતિ અને વીતરાગતા. એવો આત્માનો સ્વભાવ એટલે એ આત્મા, એ આત્મા. એવા આત્માને અંતર્મુખ થઈને, સન્મુખ થઈને આ આત્મા છે એમ અનુભવ ન કરતાં, સમ્યગ્દર્શન નહિ કરતાં, સ્વભાવમાં નથી એનાથી વિરૂદ્ધ ભાવમાં રોકાઈને, એ રાગની ક્રિયા મારી છે, રાગ મારો છે, કષાય મારા (એમ માને છે).

કષાય અને કાયા બે આવ્યા છે ને? ભાઈ! નહિ? 'પ્રવચનસાર'માં. ઓહો..! ભગવાન 'પ્રવચનસાર'માં કહે છે, વીતરાગી દિવ્યધ્વનિનો સાર! કહે છે કે જેને કષાયનો કણ છે આમ વ્રતનો અને કાયા એ વખતે એમ બીજા જીવને ન હણવામાં આમ અટકેલી હોય છે (કે) ન મારું, એ બેને મારાથી થયું અને એ મારી ચીજ છે એમ માનનારા છ કાયની હિંસા કરનારા છે. આહાહા..! એ મિથ્યા શ્રદ્ધાવાળા છે, એ મિથ્યા જૂઠાં બોલવાવાળા છે, અસત્યને સત્ય માનનારા જૂઠાં છે. એ રાગની ક્રિયા થઈ અને દેહની ક્રિયા થઈ એ મારી છે એમ માનનારા ચોર છે અને રાગની ક્રિયા અને દેહની ક્રિયા મારાથી થઈ અને મારી છે એમ માનનારા મૈથુની-ભોગી છે અને રાગ ને દેહની ક્રિયા મારી છે એમ માનનારા આખી દુનિયાના પરિગ્રહને પકડનારા છે. વ્રત આવ્યા ક્યાંથી તારે હજી? સમજાણું કાંઈ? કહો, શેઠી! આહાહા..!

ભાઈ! તું વસ્તુ છો ને પ્રભુ! સચ્ચિદાનંદ પ્રભુ છો. સત્ નામ શાશ્વત જ્ઞાનવાળું તત્ત્વ, શાશ્વત તત્ત્વ જ્ઞાનવાળું. જ્ઞાનનો જ સૂર્ય છો. એમાંથી કિરણ નીકળે તો જ્ઞાનના કિરણ નીકળે. અંધારાના નીકળે? સૂર્યમાંથી અંધારાના કિરણ નીકળતા હશે? કહે છે કે પુણ્ય અને પાપના વિકલ્પ એ અંધારું છે. અજ્ઞાન કીધું ને? આહાહા..! વ્યવહાર રત્નત્રયના વિકલ્પો તે અજ્ઞાન છે, અંધારું તત્ત્વ છે, એમ કહે છે અહીં તો. આહાહા..! ઓલો કહે, વ્યવહારરત્નત્રય સાધન અને નિશ્ચય સાધ્ય. એય..! નવનીતભાઈ! ઓલા નિયત હેતુવાળા. ભાઈ! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા વાત કરી છે. આ વસ્તુ તો ખરી આ છે. સમજાણું કાંઈ?

જેને વ્યવહારરત્નત્રય સાધન (કહે છે) એ તો રાગ છે અને અહીં નિશ્ચય છે એ તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અરાગી દશા છે. અરાગી સ્વરૂપ છે, અરાગી દશા છે. એ સાધ્યનું આ સાધન એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. અહીં તો કહે છે કે એ રાગ છે એ મને લાભ કરે છે એનો અર્થ કે તે હું છું, એનો અર્થ કે તે જ મારી ચીજ છે એમ માનનારા મિથ્યાદૃષ્ટિ સંસારી પ્રાણી ભોગી છે. આહાહા..! સમજાણું કાંઈ? જયંતિભાઈ! ભારે વાતું, ભાઈ! પોષા કરીને બેસે, સામાયિક કરીને બેસે, આઠ દિ'ના આઠ પોષા. પર્યુષણના આઠ પોષા એક સાથે. પાણીનો બિંદુ ન લે. સાંભળને હવે. તું કોણ છો કે તેં આ કર્યું? હું આત્મા છું. આહાર છોડું છું. આહાર છોડું એ તારા સ્વરૂપમાં છે? આહાર ગરી ગયો હતો તારામાં? આહાર જગતની ચીજ છે તેને હું છોડું છું એમ કરીને પણ રજકણો મારા છે એમ ત્યાં અંગીકાર કરે છે. સમજાણું કાંઈ? આ બાયડી, છોકરા, પૈસા, આબરૂ, કીર્તિ, એ છોડ્યું મેં. મેં કેટલું છોડ્યું. છતી ઋદ્ધિ છોડી, છતી ઋદ્ધિના ત્યાગી. એમ લખે કાગળમાં-છતી ઋદ્ધિના ત્યાગી. પણ ઋદ્ધિ તે કઈ? સાંભળને! બહારની ચીજ તો પર છે. તારી ઋદ્ધિ કે દિ' હતી એ?

તારા જ્ઞાનસૂર્યમાં તો ભગવાન તેને અને તને જાણવાવાળું તત્ત્વ તું છો. એને મૂકી દઈ અને મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની મિથ્યાત્વને સેવતો એ ઋદ્ધિથી હું નભું છું, એ રાગના પરિણામ શુભ ટકે ને તો નભું છું. વળી કેટલાક તો એમ કહે કે થાકી જાય ને તો જરી કષાયની મંદતાનો આશ્રય લે ને પછી બળ વધે. આરામ લેવો જોઈએ. અરે..! ભગવાન!

મુમુક્ષુ :- પછી બળ વધે.

ઉત્તર :- બળ તો પડ્યું જ છે. વધે ક્યાંથી? અહીં તો અનંતબળનો ધણી ભગવાન છે. અનંત બેહદ અપરિમિત વીર્યની મૂર્તિ પ્રભુ છે. એવી અનંતવીર્યની મૂર્તિ આત્માને આ રાગની મંદતા બળ આપશે, શરીરમાં કાંઈ પુષ્ટિ થાય, ખાઈએ, પીએ ને તો બળ આત્મામાં વધે. લાડવા, સાલમપાક, મુસલીપાક, હોય છે ને? મૂઢ છો, કહે છે. એ પરપદાર્થની પર્યાયને મારી માનીને તું આત્માને ખોઈ બેસે છો. આહાહા..! આવું છે, ભાઈ!

અરે..! ભાઈ! તારે સત્ય જોઈતું હોય તો આ વિચારવું અને નક્કી કરવું પડશે. એ અસત્યમાં ગોથા ખાઈશ તો કાંઈ હાથ નહિ આવે, ભાઈ! એ નિગોદને રસ્તે પડ્યો છે ઈ. સમજાણું કાંઈ? પુણ્યના વિકલ્પો આદિ મારા મને લાભ કરે એ મિથ્યાત્વી મિથ્યાત્વવાળો આત્માની દશાને હીણી કરવાને રસ્તે પડ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? બીજું તો એ શું કરે? કાંઈ પરનું હીણું અધિક કરી શકતો નથી. જે પોતાનું નથી તેને પોતાનું માની અને પોતાને એનાથી લાભ માની પોતાની વસ્તુની શક્તિને ખોઈ બેસે છે અને શક્તિને હીણી કરવાને પરિણમે છે. બસ! એ હીણી કરીને પરિણમન કરતો-કરતો નિગોદમાં જશે. એનું ઘણું રહેવાનું સ્થળ ત્યાં છે. નિવાસ-સ્થાન. કરે છે ને માણસ સૌ સૌના નિવાસ. બે લાખના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કર્યા, ધૂળ લાખના કર્યા. સમજાણું કાંઈ?

અહીં જીવાભાઈ કાલે નીકળ્યા હતા, હોં! ભોગીલાલભાઈ! જીવા પ્રતાપ. અહીં નીકળ્યા હતા. અગિયાર વાગે. પણ બધું બંધ હતું. હું બહાર ગયો. કોઈક છે, કીધું. આવ્યા હતા અહીં દર્શન કરવા. મંદિરમાં અગિયાર વાગે આવ્યા હતા કાલે, પણ હું કાંઈ ઓળખી શક્યો નહિ. પછી એણે કહ્યું, મહારાજ! મને ઓળખો? મેં કીધું, નહિ. જીવાભાઈ. જીવા પ્રતાપ? હા. ઉઘાડી દીધું, મંદિર ઉઘાડી દીધું. જીવો જીવો આ પોતે ચૈતન્ય. સમજાણું કે નહિ?

ભગવાન ચૈતન્યપ્રભુ જ્ઞાનાનંદનો નાથ છે, સચ્ચિદાનંદ પ્રભુ છે, એવો પોતાને ન માનતા, પોતાને તેમ ન જાણતા, ન જાણતા પછી નહિ ઠરતાં, આ રાગમાં ઠરતાં, પુણ્યમાં ઠરતાં, ક્રિયાકાંડમાં ઠરતાં, મારું માનતા ચૈતન્યનો સ્વભાવનો એ હણનારો થાય છે. આત્મહનો ભવન્તિ. સમજાણું કાંઈ? બહુ ટૂંકામાં નાખ્યું છે. આહાહા..!

વીતરાગના આ આત્મા જ્ઞાનમાત્રતત્ત્વને અનેકાંતથી સિદ્ધ કરવાના આ બધા સિદ્ધાંતો છે. એટલે શું કહ્યું? કે એ પુણ્ય-પાપના વિકલ્પથી માંડીને એ ચીજપણે તું નથી અને તારા જ્ઞાન આત્માથી છે એનું નામ અનેકાંત છે. એમ અનેકાંતને ન માનતા, પોતાપણું છોડી દઈને આ મારા માને એ એકાંત મિથ્યાદષ્ટિ છે, એમ કહે છે. એમાં પરપણે નથી તેને માન્યું અને પોતાપણે છે તેને છોડી દીધું. સમજાણું કાંઈ?

હવે આમાં પૈસાવાળાથી મોટો કેટલો થાતો હશે આત્મા? નહિ? પૈસાવાળા થાય. શરીર સારું, રૂપાળુ શરીર હોય લ્યો. રૂપાળું શરીર હોય, બોલતા આવડતું હોય, ભાષા આમ લાખો માણસને (સમજાવી શકે એવી) બધી ભાષા જોઈએ એવી બરાબર આમ ઢબવાળી. એ તો પર જડ છે. એ તો તારાથી થાય છે? એ તારી છે? આહાહા..! કહે છે, એ ભાષાની રજકણની દશાઓ એ તો અજ્ઞાનતત્ત્વ છે. એટલે કે તારું ચૈતન્યતત્ત્વ એમાં નથી એટલે તું બોલે છો એવું સ્વરૂપમાં નથી. છતાં અજ્ઞાની માને છે કે હું બોલું છું એ મારી બરાબર વિચિક્ષણતાને કારણે ભાષા ધારાવાહી ચાલે છે, એ પરને પોતાનું માનીને ચૈતન્ય ભિન્ન છે તેને ખોઈ બેસે છે. આ ખબર ન મળે અને ખબર વિનાનો બેખબરો (થઈને ફરે) અને (માને કે) ધર્મ થાય અમારે. ધૂળમાંય નથી. મરી રખડી જઈશ. સાંભળને! ધર્મને બહાને હેરાન હેરાન થઈ ગયો છે. આ આટલાનો અર્થ થાય છે હોં! આ કડીનો. પોણો કલાક થાય છે આમાં. ભોગીલાલભાઈ! આ તમને યાદ રહેશે કે...

મુમુક્ષુ :- બહુ મજા આવી.

ઉત્તર :- મજા આવી. હવે તો એને પ્રેમ છે ને. પ્રેમ થાય છે ને. વાત સાચી છે. ભાઈ તો બિચારા આવી શક્યા નહિ. શ્વાસ ચડે છે ને વલ્લભદાસભાઈને. એને બહુ રસ,

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પ્રેમ છે. ભાઈ! આહાહા..! આવી ચીજ પ્રભુ! તને મળે સાંભળવા અને કેમ ન સાંભળે અને કેમ ન સમજે? આહાહા..! જેના ઘરમાં આમ ઘા વાગે કે આ રાગ નહિ, રાગ નહિ. આહાહા..! એ ભગવાન જેનામાં નથી તેને કેમ પોતાનો માને?

કહે છે કે અનાદિથી એવું એણે કર્યું છે તેથી **'વિશ્વના ગ્રહણ વડે...'** એટલે? રાગાદિ પરના પકડવાને કારણે. આખું વિશ્વ (પોતાપણે ગ્રહણ કરીને) **'પોતાનો નાશ કરે છે...'**. પોતે જ્ઞાતા-દૃષ્ટા છે તેનો અનાદર કરીને તેનું જીવન જીવતી જ્યોતિનું મરણ કરે છે. જીવતી જ્યોતિ ચૈતન્ય છે તેને ના પાડે છે તે મરણ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'(સર્વ જગતને પોતારૂપ માનીને...'** જુઓ! એનો અર્થ કર્યો આપણે. કૌંસમાં. **'(-સર્વ જગતને...'** આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છું, શુદ્ધ ચૈતન્ય છું એમ છોડી દઈને ફક્ત જે જ્ઞેય દેખાય છે બધા જગત આખું દુનિયા એ સર્વ જગતને... વિશ્વની વ્યાખ્યા કરી. **'વિશ્વના ગ્રહણ...'** કહ્યું ને? **'(-સર્વ જગતને...'** સર્વ જગત શબ્દે રાગાદિ બધું જગત. પુણ્ય-પાપના વિકલ્પથી માંડીને બાયડી-છોકરા-કુટુંબ, સ્ત્રી-કુટુંબ, દેવ-ગુરુ-શાસ્ત્ર, મેરુ, સમેદશીખર, શેત્રુંજય અને ગિરનાર. સમજાય ત્યારેને. એ બધું વિશ્વ જગત પર છે.

**'(-સર્વ જગતને પોતારૂપ માનીને...'** કૌંસમાં છે ને? **'(-સર્વ જગતને પોતારૂપ માનીને...'** એટલે એ મને લાભ કરશે અને એ મારા એમ માનીને. જેનાથી લાભ માને એ મારા માન્યા વિના લાભ માની શકે નહિ. આહાહા..! **'(-સર્વ જગતને પોતારૂપ માનીને તેનું ગ્રહણ કરીને...'** એટલે એ મારા એમ માનીને. **'જગતથી ભિન્ન એવા પોતાને નષ્ટ કરે છે),...'** લ્યો, આટલો ખુલાસો આમાં થયો, ભાઈ! સ્વરૂપચંદભાઈ! આ તો લોજિકથી વાત ચાલે છે. એમ કાંઈ ગડબડ-ગડબડની વાત નથી ચાલતી. વીતરાગનો માર્ગ ... છે. ભગવાન કહે છે કે ન્યાયથી અમે જે કહીએ છીએ તે જ્ઞાનથી સમજો. ન્યાયથી કહીએ છીએ તે જ્ઞાનથી સમજો. સમજાણું કાંઈ? આહાહા..! એક બોલ થયો.

**'ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરરૂપથી અતત્પણું પ્રકાશીને...'** હવે સવળો લે છે. જ્યારે-જ્યારે અજ્ઞાની આમ માને છે ત્યારે **'પોતાનો (જ્ઞાનમાત્ર ભાવનો)...'** ભગવાન ચૈતન્ય જ્ઞાનમાત્ર સ્વરૂપ છે એને પર રૂપથી અતત્પણું. હું એ પુણ્ય-પાપ અને શરીર-વાણી અને દેવ-ગુરુ-શાસ્ત્રથી હું નથી. પરપણે અતત્ છું. આહાહા..! પરપણે હું નથી. છે? **'ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું)...'** એટલે વસ્તુનું. **'પરરૂપથી અતત્પણું પ્રકાશીને...'** પુણ્ય-પાપને લઈને હું નથી, વ્યવહાર રત્નત્રયના રાગને લઈને હું નથી, એ રાગ મારો નથી એમ પરરૂપથી અતત્પણું પ્રકાશીને. એ રાગરૂપે હું નથી એમ અતત્પણે પ્રકાશીને. **'પરરૂપથી...'** પર એટલે આખું જગત, પુણ્ય-પાપથી માંડીને બધું, આત્માના જ્ઞાનસ્વભાવ સિવાય, બસ. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કાંઈ?

ભગવાન ચૈતન્યસૂર્ય એ તત્ છે અને આ પર છે તે અતત્ એટલે મારામાં નથી. પુણ્ય અને પાપ, વિકલ્પ-વ્યવહાર એ મારામાં નથી. આહાહા..! કહ્યું છે ને શાસ્ત્રમાં? કે ચૈતન્યને નિશ્ચય અને વ્યવહાર બેય હોય. જ્યાં સુધી વીતરાગ ન (થાય ત્યાં સુધી). નથી આવ્યું પુણ્ય-પાપના અધિકારમાં? જ્યાં સુધી કર્મની પૂર્ણ નિવૃત્તિ નથી તો જ્ઞાનધારા અને કર્મધારા બે હોય છે.

મુમુક્ષુ :- ચાલે છે સામે સામે.

ઉત્તર :- એમ ચાલે છે એ તો જ્ઞેય તરીકે શું ચીજ છે એમ જણાવી છે. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? એ મોટા વાંધા. આગ્રામાં વ્યાખ્યાન થયું હતું એ શ્લોકનું. વાત તો... શું કીધું? કાંઈક કીધું. આનંદવાળી વાત, હોં. કરવું ધરવું કાંઈ નહિ. એક પંડિત હતો, પંડિત. તમે હતા કે નહિ ભાઈ? નટુભાઈ! આગ્રામાં. આગ્રામાં પહેલે દિ'. હતા તમે? બીજા હતા. ભાઈ હતા ચંદુભાઈ. ઘણું માણસ, બહુ માણસ. ઊભો થઈ પંડિત એક લાંબો હતો. આનંદવાળી વાત છે. કરવું ધરવું કાંઈ નહિ.

ભાઈ! શું કરવું છે તારે? જ્ઞાન તે કરે જાણવું-દેખવું એ કરવું નથી? આત્મા જ્ઞાનમાં જાણવા-દેખવાની ક્રિયા કરે એ કરવું નથી? શું આ રાગ અને દેહની ક્રિયા કરે એ કરવું છે? સમજાણું કાંઈ? જૈનદર્શનને એ રીતે ઉથલાવી માર્યું છે જગતે. વાસ્તવિક ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ ચૈતન્યપ્રભુ અનંત સર્વજ્ઞોએ ફરમાવેલું છે. પરમાત્મા મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે તે જ રીતે ફરમાવે છે. અનંત તીર્થંકરો થશે તે આ રીતે જ ફરમાવે છે. સમજાણું કાંઈ? વસ્તુના સ્વરૂપમાં આત્મા તે જૈન છે. આત્મા તે જિન છે. બીજો જિન કોણ? સમજાણું?

સવારમાં કહ્યું હતું ને? 'જિન સો હી હૈ આત્મા...' એ 'શ્રીમદ્'નું વાક્ય છે. 'જિન સોહીએ આત્મા અન્ય સો હી હૈ કર્મ. કર્મ કટે જિનવચન સો એ તત્ત્વ જ્ઞાની કા મર્મ.' જિનવચનથી એટલે વચનમાં ભાવ જે કહેવો છે વીતરાગભાવ. આત્મા રાગ અને પુણ્યથી રહિત, પરથી રહિત એકલા આનંદ જ્ઞાન સહિત. એવી શ્રદ્ધા ને જ્ઞાન ને સ્થિરતા દ્વારા કર્મ નામ રાગ કટે-નાશ થાય, એ સિવાય નાશ થાય નહિ. બહુ ટૂંકામાં 'શ્રીમદ્' કહ્યું. 'આપ આપ કો ભૂલ ગયે, ઈસમેં ક્યા સંદેહ.' આપ આપ કો ભૂલ ગયે. પોતે પોતાને ભૂલી ગયો. આપ વિના બીજું છે એમ માનનારો પરને જ માને છે. એક શ્લોક છે એવો, સમજ્યાને? લ્યો, વળી ઈ યાદ આવ્યું.

'ઐસી કહાં સે મતિ ભયી, આપ આપ હૈ નાહિ.' આ 'શ્રીમદ્'નું વાક્ય છે. ભોગીલાલભાઈ!

ઐસી કહાં સે મતિ ભયી આપ આપ હૈ નાહિ,

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આપન કો જબ ભૂલ ગયે, અવર કહાંસે લાઈ?

તું ચૈતન્યમૂર્તિ ભગવાનને ભૂલ્યો અને હવે આ છે એમ કોણે નક્કી કર્યું પણ? તારા વિના નક્કી કોણ કરે આ? આહાહા..! સમજાણું કાંઈ? બહુ ટૂંકા શબ્દોમાં (લખ્યું છે). 'શ્રીમદ્' નાની ઉંમરમાં જાતિસ્મરણ હતું. પણ ઓલો ગૃહસ્થાશ્રમ ને બાયડી, છોકરા, કુટુંબ ને ધંધા એટલે કોઈ ઓળખી શક્યું નહિ. ભાઈ! એ તો એને ઘરે રહ્યા. આત્મામાં શું છે એ તો જાણ. સમજાણું કાંઈ? જુઓને! આ ભાષા કેવી છે!

'ઐસી કહાં સે મતિ ભયી આપ આપ હૈ નાહિ.' એ રાગ છે ને પુણ્ય છે ને આ છે, અરે..! આ મતિ તને થઈ ક્યાંથી? 'એસી કહાં સે મતિ ભયી...' આમ તો ના પાડે કે નહિ અમે માનીએ છીએ. પણ તું રાગ અને પુણ્યને મારા માને છો, આત્માને માનતો નથી. સમજાય છે કાંઈ? 'આપનકું જબ ભૂલ ગયે, અવર કહાં સે લાઈ.' અનેરું ક્યાંથી તું નક્કી કર્યું કે આ છે. તારા જ્ઞાનની હયાતીમાં આ છે એમ નક્કી કોણે કર્યું? જ્ઞાન છું, ચૈતન્ય છું એ તો તને ભાન નથી. આ છે, રાગ છે, આ છે, આ છે. એ છે પહેલાંનો જ્ઞાનસ્વભાવ એને જાણનારું છે, એનો નકાર તું કરીશ તો લાવીશ ક્યાંથી આ છે ઈ? સમજાય છે કાંઈ? 'આપ આપ શોધસે આપ આપ મિલ જાયે.' એવી વાત છે જરી. આપ આપ કો ભૂલ ગયે એ બીજી વાત છે. 'આપ આપ કો ભૂલ ગયા ઈનમેં ક્યાં સંદેહ, સમર સમર અબ હંસત હૈ,.. ' એ બીજી વાત છે. અહીં તો આ. સમજાય છે કાંઈ?

કહે છે, '**(તે જ્ઞાનમાત્ર ભાવનું) પરરૂપથી અતત્‌પણું પ્રકાશીને...**' હું તો ચૈતન્ય છું. મારું હોવાપણું જ્ઞાન ને આનંદવાળું હોવાપણું છે. અને પુણ્ય-પાપના વિકલ્પો, રાગ દયા-દાનના વિકલ્પો અને પર એથી અતત્‌પણું છે. તે પણે હું નથી. એમ કરીને આત્માને જીવતો રાખીને સમ્યગ્દર્શનમાં આનંદને વેદે છે, એમ કહે છે. ઓલો અંધકાર કરી મિથ્યાત્વને-દુઃખને વેદે છે. સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્ય સ્વરૂપ, એવા સ્વરૂપને પરરૂપે ગ્રહણ કરીને, માનીને પોતાના ચૈતન્ય સ્વરૂપનો અનાદર કરીને મિથ્યાત્વભાવને એટલે દુઃખભાવને વેદે છે. એ દુઃખી પ્રાણી છે.. દુઃખી પ્રાણી છે. ચાહે તો ત્યાગી થયેલો હોય, ચાહે તો મહાવ્રત પાળતો હોય પણ એ રાગને પોતાના માનનારો પોતે આનંદનો અનાદર કરીને દુઃખી પ્રાણી છે, એમ કહે છે. એય..! પોપટભાઈ! ભારે ભાઈ વાત.

ત્યારે સુખી કોણ? કે '**ત્યારે જ્ઞાનમાત્ર ભાવનું...**' ભગવાનઆત્મા હું ચૈતન્ય જ્યોત અસ્તિ તત્ત્વ છું. એમાં અતત્‌પણું '**પરરૂપથી અતત્...**' છું. એ પુણ્ય-પાપનો વિકલ્પ રાગ, શરીર, વાણી, મન એનાથી અતત્ છું, તે રૂપે હું નથી એ રાગરૂપે, વ્યવહારરૂપે હું નથી. આહાહા..! આ તો કહે, વ્યવહારનું પરિણમન કરે, વ્યવહારને કરે. અરે..! ભગવાન એ નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આહાહા..! શું કરે? હાથ આવે નહિ પોતે એટલે પછી જ્યાં ત્યાં ભટકે અને રખડે. આહાહા..! કહો, સમજાણું? આવું કહેશે તો કાંઈ કરશે નહિ. એમ વળી માણસ કહે. શું કરવું હતું પણ, સાંભળને. એય..! જયંતિભાઈ! આહાહા..!

અસ્તિ તત્ત્વ ભગવાન અનંત ગુણનો પિંડ પ્રભુ છે, એવો સ્વનો સ્વીકાર કરીને રાગના પુણ્યનો વિકલ્પ જે ઊઠે છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા ને ભક્તિનો ભાવ, તેથી માંડીને બધું અતત્‌પણે પ્રકાશે છે. એ મારામાં નથી એમ હું પ્રકાશું છું, મારામાં છે એમ નહિ. '**અતત્‌પણું પ્રકાશીને (અર્થાત્ જ્ઞાન પરપણે નથી એમ પ્રગટ કરીને)**...' જુઓ, હું ચૈતન્ય સ્વરૂપ છું, આનંદ છું, જ્ઞાનાનંદ છું અને રાગપણે હું નથી, એમ પોતાના આત્માને જ્ઞાનપણે, પરપણે નથી એમ પ્રગટ કરીને, સ્વપણે છું એમ પ્રગટ કરીને અને પરપણે નથી એમ પ્રગટ કરીને પોતાના જ્ઞાન-શ્રદ્ધા અને આનંદને વેદે છે, એનું નામ અનેકાંત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**વિશ્વથી ભિન્ન જ્ઞાનને દેખાડતો થકો**...' જુઓ! શું કહે છે? ધર્મી જીવ અનેકાંત એટલે વસ્તુ ભગવાન અનંત ગુણનો પિંડ હું છું અને રાગાદિ પરથી હું અતત્ છું એવા અનેકાંત વડે વિશ્વથી ભિન્ન. વિશ્વ શબ્દે પુણ્ય-પાપના વિકલ્પથી માંડીને શરીર, વાણી, મન, કર્મ બધું આખી દુનિયા. અહીં તો શેત્રુંજયના દર્શન થયા તો ભવનો નાશ થાય. સમેદશિખરના દર્શન થાય તો ભવનો નાશ થાય. અહીં ના પાડે છે, એમ નથી. સમેદશિખર અને શેત્રુંજય આ ભગવાન છે. એય..! ભોગીલાલભાઈ! આહાહા..! ભગવાન આનંદનો કંદ જ્ઞાનમૂર્તિ છે. એમાં આરૂઢ થા કે આ હું છું અને એ મારામાં નથી અને એનાથી મને લાભ નથી. એમ પરપણે અતત્‌પણે પ્રકાશતો આત્માને પ્રકાશે છે. આહાહા..! ભાઈ! આ તો નિમિત્તના માનનારને, પરથી લાભ માનનારને આ ભારે ઘા વાગે એવું છે.

મુમુક્ષુ :- ભારે થઈ પડે.

ઉત્તર :- ભારે થઈ પડે. ભગવાન! પણ બીજું શું છે? વસ્તુ તો આમ છે. જેમ છે એમ તું ન માન અને તું એમ ભારે પડે એમ માને તો એમાં સ્વતંત્ર છે. સમજાણું કાંઈ?

'**પરરૂપથી અતત્‌પણું પ્રકાશીને**...' આ ભગવાન જ્ઞાન પરપણે નથી, આ આત્મા રાગરૂપે નથી, પુણ્યપણે નથી એમ વિશ્વથી ભિન્ન દેખાડતો, એમ પોતાને રાગથી ભિન્ન દેખાડતો થકો, રાગથી જુદો દેખાડતો થકો, પરથી જુદો દેખાડતો થકો '**અનેકાંત જ તેને**...' એટલે પોતાપણે છે અને પરપણે નથી એમ અનેકાંત જ '**પોતાનો (-જ્ઞાનમાત્ર ભાવનો) નાશ કરવા દેતો નથી.**' લ્યો! આ અતત્‌ના એક બોલમાં આટલું ભર્યું છે. આહાહા..! તત્‌પણાની કાલે વ્યાખ્યા આવી હતી. અતત્‌પણાની આજે આવી. આ તો શાસન એવું છે કે એક એક ન્યાય અને એક-એક ગાથાએ આખું તત્ત્વ સમાડી દે છે. આહાહા..! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ધર્મીજીવ પોતાનો આત્મા જ્ઞાનથી ભરેલું તત્ત્વ જ હું જ્ઞાન છું. આત્માનુભૂતિ કહો કે જ્ઞાનાનુભૂતિ કીધું એમ આવે છે ને એ. ૧૫મી ગાથામાં, નહિ? બધું એનું એ છે. ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ છું, આનંદ છું, પવિત્રનું ધામ મારું સ્થળ છે એને સ્વપણે સ્વીકારતો. એક બોલ થયો. રાગાદિ પર વિશ્વપણે હું નહિ પ્રકાશતો એ બીજો બોલ થયો. એ અનેકાંત થયું. સ્વમાં એક અદ્વૈત હોવા છતાં દ્વૈતપણાનો નિષેધ થઈ શકતો નથી. એટલે કે આત્મા એકરૂપે વસ્તુ છે છતાં પરપણે નથી એવું દ્વૈતપણું એમાં છે. પરપણે નથી એવો બીજો ગુણ છે. એનો નિષેધ થઈ શકે નહિ. પરપણે નથી એવું છે. સમજાણું કાંઈ?

'**પોતાનો નાશ કરવા દેતો નથી.**' ધર્મીજીવ, ધર્મીજીવ કે સમ્યગ્દૃષ્ટિ જીવ કે જ્ઞાની, ત્રણે એક જ છે. એ પોતાના જ્ઞાનમાત્ર ભાવને, વસ્તુના સ્વભાવને પોતામાં માનતો અને તેમાં પુણ્ય-પાપના વ્યવહાર આદિથી માંડીને બધું, આત્મા એ પણે પ્રકાશતો નથી, અતત્પણે પ્રકાશે છે, અતત્પણે પ્રકાશે છે. એમ આત્માને સ્વપણે પ્રકાશતો અને પરપણે નહિ એમ પ્રકાશતો, પોતાની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિથી જીવતો રાખે છે. આત્માને જીવતો રાખે છે. સમજાણું કાંઈ? કોઈ કહે, પણ કાંઈક દાખલો દલીલ (આપો). દાખલા દલીલ આના છે. બીજા ક્યા દાખલા? બહુ ઝીણું પડે, કોઈ દાખલો આપો, પણ આ દાખલો છે. પણ ન્યાય સમજાય એવો છે. આમાં દાખલો કોને? સમજાણું કાંઈ?

આંગળી છે. લ્યો દાખલો. આંગળી છે એ આંગળીપણે પ્રકાશે છે અને આ આંગળી આ આંગળીપણે નથી એમ પ્રકાશે છે. આ આંગળી આ આંગળીપણે નથી એમ પ્રકાશે છે કે આ આંગળીપણે છે એમ પ્રકાશે છે આંગળી? એમ ચૈતન્ય વસ્તુ જ્ઞાનાનંદપણે પ્રકાશે છે અને રાગપણે નથી એમ પ્રકાશે છે. આહાહા..! સમજાણું કાંઈ? બીજી ચીજ છે એમ સિદ્ધ કરવી છે પાછી. રાગાદિ છે, વ્યવહાર. એનો અર્થ ઈ થયો. જેમ વસ્તુ થાય ત્યારે નિમિત્ત છે. છે એટલી વાત. એમ નિશ્ચય હોય ત્યાં વ્યવહાર છે, એ તો છે એટલી વાત. છે પણ આમાં નથી. છે એ બરાબર છે. સમજાણું કાંઈ?

વસ્તુની દૃષ્ટિ થતાં, જ્ઞાન થતાં, ભાન થતાં વ્યવહાર છે એ બરાબર છે, પણ છે એટલે શું? આમાં નથી. છે તો છ દ્રવ્ય છે, બધું છે. સમજાણું કાંઈ? પણ (બીજી ચીજ) છે માટે આત્મા પ્રકાશે છે એમ નથી. એ (આત્મા) એના પણે નથી એમ આત્મા પ્રકાશે છે એનું નામ આત્મા કહેવાય છે. એનું નામ અનેકાંત છે. આમ અનેકાંત ઓલા આનાથી અનેકાંત થાય અને આનાથીય થાય એ નહિ, એ તો એકાંત છે, સાંભળને! અહીં તો પોતાપણે છે અને પરપણે નથી એનું નામ અનેકાંત છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પોતાપણે છે, શુદ્ધ આનંદ-જ્ઞાનપણે છે અને વ્યવહારપણે નથી, રાગપણે નથી એનું નામ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અનેકાંત છે. આ તો રાગપણે પણ છું અને નિશ્ચયપણે છું, એ અનેકાંત ક્યાં આવ્યું? અહીં તો અનેકાંત સિદ્ધ કરવું છે. સમજાણું આમાં?

મુમુક્ષુ :- વ્યવહારપણે નથી.

ઉત્તર :- વ્યવહારપણે હું નથી, નિશ્ચય સ્વભાવપણે છું, વિકલ્પપણે નથી એનું નામ અનેકાંત છે. અનેકાંતની વ્યાખ્યા આ કરે છે. ઓલા કહે, ભગવાનનો માર્ગ અનેકાંત છે, ભાઈ! નિમિત્તથી પણ થાય, વ્યવહારથી પણ થાય, નિશ્ચયથી થાય, ઉપાદાનથી થાય. એ અનેકાંત નથી, ફુદડીવાદ છે એ તો. સમજાણું કાંઈ? લ્યો એક બોલ થયો, પણ આવ્યો છે સારો એક બોલ. ભોગીલાલભાઈ! આવ્યા બરાબર સરખાઈમાં.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**ફાગણ સુદ ૨, શુક્રવાર તા. ૧-૩-૧૯૬૮**
**સ્યાદ્‌વાદ બોલ-૩, ૪. પ્રવચન-૫૦૩**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. બે બોલ ચાલ્યા બે બોલ. તત્ અને અતત્. ત્રીજો બોલ છે. સૂક્ષ્મ છે થોડું પણ હવે... વસ્તુ જ આખી સૂક્ષ્મ, વસ્તુ સૂક્ષ્મ છે ને. અરૂપી વસ્તુ છે. એમાં પણ પુણ્ય-પાપના સંકલ્પ-વિકલ્પો છે એ સ્થૂળ છે. એનાથી રહિત તત્ત્વ છે. એને અહીંયાં જ્ઞાનતત્ત્વ આત્મા કહ્યો છે ને? સમજાણું કાંઈ? શરીર, વાણી, કર્મ એ તો કાંઈ આત્મતત્ત્વ નથી. તેમ પુણ્ય-પાપના ભાવ રાગ છે એ આત્મતત્ત્વ નથી. એથી એ પુણ્ય-પાપના ભાવ પણ સ્થૂળમાં જાય છે. સૂક્ષ્મપણે ભગવાન જ્ઞાનમૂર્તિ અરૂપી ચિદ્‌ઘન છે એના આ ચૌદ બોલ વર્ણવવામાં આવે છે. સમજાણું કાંઈ?

કહે છે, પહેલા બોલમાં એમ આવ્યું કે જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ આત્મા એ પણે પોતે છે. વસ્તુપણે પોતે છે. તત્ તત્. જ્ઞાન, આનંદ આદિ જ્ઞાનની સાથે અનંતગુણ. વિકાર નહિ, શરીર, કર્મ નહિ. એવો ભગવાન આત્મા જ્ઞાન ધામ. 'જ્યાં ચૈતન્ય ત્યાં અનંતગુણ કેવળી બોલે એમ.' જ્યાં જ્ઞાન છે ત્યાં દર્શન છે, ત્યાં આનંદ છે, ત્યાં અસ્તિત્વ છે, ત્યાં સ્વચ્છતા એવા અનંતા ગુણો એને જ્ઞાનમાત્ર કહીને આત્માને વર્ણવ્યો છે. એવો ભગવાન જ્ઞાનમાત્ર આત્મા પોતાથી છે. અસ્તિપણે થયું ઈ. અનેકાંત સિદ્ધ કરવું છે ને? એ તો એક ધર્મ થયો.

બીજો. પુણ્ય-પાપના વિકલ્પો રાગ વસ્તુ છે. એ છે એ આત્મામાં નથી. આત્મા તેથી અતત્ છે. સમજાણું કાંઈ? વ્યવહારપણું.. વ્યવહાર વ્યવહાર તરીકે છે. શરીર શરીર તરીકે છે. પુણ્ય-પાપના ભાવ દયા, દાન, વ્રતના ભાવ ભાવ તરીકે છે. પણ એ આત્મતત્ત્વ તરીકે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? ચરણાનુયોગમાં અધિકાર એ આવે બધો. દયા, વ્રત, ભક્તિ, પૂજા, આમ જોવું, આમ બધા શુભભાવની વ્યાખ્યા. સમજાણું કાંઈ? એમાં એ જણાવે છે કે વ્યવહાર ત્યાં કેવો હોય? પણ એ વ્યવહાર આત્મામાં નથી. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિમાં આત્મા જ્ઞાનમૂર્તિ આનંદસ્વરૂપ છે. એ એક ધર્મ થયો. બીજો ધર્મ. એમાં દયા, દાન, વ્રતના પરિણામ એ પણ બીજો ધર્મ એમ અનેકાંત છે? એમ નથી. એ બીજો ધર્મ છે એનામાં. આત્મામાં નથી. એનામાં એટલે રાગ ને પુણ્યના વિકલ્પમાં છે. એનું વર્ણન ચરણાનુયોગમાં શુભભાવના કથનની વ્યાખ્યા શાસ્ત્રમાં આવી છે. પણ એના તત્ત્વમાં એ નથી એમ એમાં પણ પાછું કહેવામાં આવે. કેમ કે એ વિકારી પરિણામનું જે આચરણ છે એ આચરણ તરીકે આચરણ હોય, એની સ્થિતિમાં. પણ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મામાં એનો અભાવ છે. એમ નક્કી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ન કરે ત્યાં સુધી એને આત્માનું અનેકાંતપણું પ્રતીતમાં, અનુભવમાં આવે નહિ. કેમ કે ત્યાંથી ખસીને અહીં જાવું છે.

વસ્તુ છે એ શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાદિ છે એમ કીધું. હવે આ નથી. નથી ક્યારે એને દયા, દાન વ્યવહાર આદિનો જે ભાવ છે એ એમાં નથી. નથી ત્યારે આને પકડવો હોય, અનુભવવો હોય, તો એ વ્યવહારથી લક્ષ છોડી દઈને આમ જશે ત્યારે એ એનામાં નથી એમ પરિણમન થઈ જશે. મગનભાઈ! સમજાણું કાંઈ? ઝીણી તો વાત છે ભાઈ! એ વસ્તુ જ એવી છે. વીતરાગની નહિ પણ વસ્તુનો સ્વભાવ જ એવો છે. વીતરાગે કાંઈ કહ્યો છે એટલે કર્યો છે એમ નહિ, એ તો કહ્યો છે. સર્વજ્ઞ પરમેશ્વરે છ દ્રવ્ય જોયા એ કહ્યા. તો કાંઈ કર્યું છે ભગવાને? કે ભાઈ અનંતા જીવો કર્યા એણે કે અનંતા પરમાણુ કર્યા. ભગવાને તો અનંતા પરમાણુ કર્યા ભગવાને એમ છે? એમ ભગવાને વ્યવહાર કહ્યો માટે વ્યવહાર કર્યો છે દુનિયાનો એમ છે? કહ્યો એને જણાવ્યો.

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે, શાશ્વત જ્ઞાન અને આનંદની મૂર્તિ છે. એ છે. અને જેટલો વિકલ્પ ચરણાનુયોગના કહેવામાં વ્યવહાર આવે એ બધો વ્યવહાર તરીકે હો એમાં, આત્મામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? ચંદુભાઈ! નહિતર આત્મા સિદ્ધ નહિ થાય એમ કહે છે. અનાત્માને અને આત્માને એક રાખશો તો આત્મા સાબિત થશે નહિ. એટલે એની દૃષ્ટિમાં અનેકાંતપણે સમજાશે નહિ અને એના સ્વભાવમાં અનેકાંતપણે પરિણમન થશે નહિ એમ કહેવું છે. છેલ્લા બોલ છે ને થોડા નહિ? છેલ્લા નાખ્યા છે ને ક્યાંક આમાં? છેને ભાઈ જુઓને. **'એકાંતથી આત્મા જે સ્વરૂપે છે તે સ્વરૂપે સમજાતો નથી,...'** એ ૧૩ બોલ ૧૪ બોલ થઈ ગયા પછી. એમાં છે પાછળ જુઓ. થઈ રહ્યાને એ કૌંસમાં નાખ્યું છે કૌંસમાં. ૧૪ બોલ થઈ રહ્યાને પછી કૌંસ છે. એની છેલ્લી બે લીટી છે કૌંસમાં. **'એકાંતથી આત્મા જે સ્વરૂપે છે તે સ્વરૂપે સમજાતો નથી,...'** છે? સ્વરૂપચંદભાઈ! બોલો જોઈ?

મુમુક્ષુ :- એકાંતથી આત્મા જે સ્વરૂપે છે તે સ્વરૂપે સમજાતો નથી, સ્વરૂપમાં પરિણમતો નથી.

ઉત્તર :- બરાબર છે. હવે આવ્યું. કહો, સમજાણું કાંઈ?

એટલે શું કહે છે? **'એકાંતથી આત્મા જે સ્વરૂપે છે તે સ્વરૂપે સમજાતો નથી,...'** એટલે કે '**સ્વરૂપમાં પરિણમતો નથી અને અનેકાંતથી તે વાસ્તિવક સ્વરૂપે સમજાય છે, સ્વરૂપમાં પરિણમે છે.**)' હવે એની વ્યાખ્યા આપણે અહીં લાગુ પાડીએ. ચાલતામાં. સમજ્યા? તત્-અતત્માં. આત્મા શુદ્ધ જ્ઞાનઘન, આનંદકંદ આત્મા છે એ સચ્ચિદાનંદ પ્રભુ

છે. એ આત્મા એને તે રીતે છે અને રાગાદિથી પણ છે તો આત્મા એકાંતપણે થતાં એ સમજાશે નહિ અને એના સ્વરૂપનું પરિણમન થશે નહિ.

ફરીને. આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપે છે એમ દયા, દાન અને વ્યવહારના રાગપણે પણ છે તો એ એકાંત થઈ ગયું. એકાંત થતાં રાગથી રહિત થઈને સ્વભાવમાં રાગ નથી એવું અનેકાંતપણાનું પરિણમન રાગ છે મારામાં, વ્યવહાર છે મારામાં એમ માનનારને એકાંતમાં આત્માનું સ્વરૂપ રાગરહિત છે એ સમજાશે નહિ અને રાગરહિત છે એનું પરિણમન પણ થશે નહિ. સમજાણું કાંઈ? ભારે ભાઈ! અનેકાંત બધા વાંધા બધા ઝઘડા. આવી ઝીણવટ છે સ્વરૂપચંદભાઈ!

મુમુક્ષુ :- બહુ મજાની છે.

ઉત્તર :- મજાની વાહ! હવે ઠીક છે.

સ્વરૂપ પોતાનું જે સ્વરૂપ છે, સ્વ-રૂપ છે. એ જ્ઞાન આનંદવાળા સ્વભાવવાળું સ્વરૂપ છે. એ રીતે છે, એ રીતે એને પાછા દયા, દાન, વ્રતાદિના, દેવ-ગુરુ-શાસ્ત્ર શ્રદ્ધાના ભાવ, ભાવવાળો પણ છે એમ કહો તો તે એકાંત થઈ જાય છે. એકાંત થતાં એક જ એકપક્ષી દૃષ્ટિ થઈ ગઈ. એને આમાં આ નથી, આમાં આ નથી એમ થયા વિના અનેકાંતપણા વિના અનેકાંત વસ્તુ સ્વરૂપ એમ છે કે રાગપણે નથી, વ્યવહારપણે નથી એવું સ્વરૂપ છે એવું સ્વરૂપ અનેકાંતપણે સમજાય. એકાંતપણે એ રીતે સમજમાં આવતું નથી અને આવતું નથી એટલે સ્વરૂપ પરિણમતું નથી.

બીજી રીતે કહીએ. જુઓ! આત્મા પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય વસ્તુ એ પણે પણ છે અને એમ કહેતા શરીરપણે એને પુણ્ય-પાપના વ્યવહારપણે પણ છે. પુણ્ય-પાપના વ્યવહાર હોં! આ દયા, દાન વ્યવહારપણે પણ આત્મા છે અને સ્વભાવપણે પણ આત્મા છે. એટલે વિભાવપણે પણ છે અને સ્વભાવપણે પણ છે. એ એકાંત થઈ ગયું. એમાં બે આમાં આ નથી અને આમાં આ નથી એમ અનેકાંત ન આવ્યું. સમજાણું કાંઈ? શેઠી! મહેનત જ કોઈ દી કરી નથી. કોણ એ સમજવાની દરકાર કરે? જેમ હશે એમ કૂટો. આહાહા..!

અહીં ભગવાન આચાર્ય કહે છે, પ્રભુ! એકવાર સાંભળને! એકાંત તું કરવા જાય. એક જ ધર્મને માનીશ એટલે શું? કે એકને ધર્મ માનીશ એટલે શું? કે આત્મા શુદ્ધ સ્વરૂપે છે એ ધર્મ થયો. અને વિભાવધર્મ છે એ વિભાવધર્મપણે છે એવો એક ધર્મ બીજો થયો. એ બેમાં એક જ માનીશ તો એકાંત થઈ જાય છે. શું કીધું વળી ઈ? એકાંત એટલે ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વરૂપ છે એ એક ધર્મ થયો. હવે એને પાછો વિભાવવાળો માનીશ તો એવું છે નહિ એમાં. સમજાણું કાંઈ? એને એક જ ધર્મ એનો પોતાનો આ છે. છે એમાં. નથીમાં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બીજો ધર્મ છે. સમજાણું કાંઈ? રાગાદિ છે એવો છેમાં ધર્મ છે. અને આત્મા એમાં નથી એવો એમાં બે ધર્મ છે. એમાં પણ બે ધર્મ છે. સમજાણું કાંઈ?

શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એ છે. એ તો એક ધર્મ થયો. હવે એને પાછો રાગવાળો ધર્મવાળો જે એનામાં છે નહિ, એમ છે નહિ અને એને એક ધર્મવાળો માનવો અને વિભાવના અભાવવાળો ન માનવો એકાંત એક જ ધર્મ માન્યો છે. અને વિભાવ જે છે વ્યવહાર દયા, દાનવાળો એને પણ એક ધર્મ જ માનવો કે વિભાવ વિભાવરૂપે છે અને આ રૂપે નથી એમ ન માને તો એમાં પણ એક ધર્મ માન્યો. એકાંત થઈ ગયું. મગનભાઈ! ભારે ભગવાનનું અનેકાંત.

ત્યારે કહે છે કે પ્રભુ! તું આત્મા છો ને ભાઈ! વસ્તુ છે ને, વસ્તુ છે ને. એને વિકલ્પોની જાળ ઊભી થાય છે એ એનામાં નથી. એવો એનો ધર્મ છે. વિકલ્પ છે એવો ધર્મ નથી. શું કીધું સમજાણું? કારણ કે સ્વભાવથી તો વિરુદ્ધ છે વિકલ્પો. વિભાવ વસ્તુ છે, એનો અભાવરૂપ ધર્મ છે. પણ વિભાવના ભાવરૂપ ધર્મ છે એ હોઈ શકે નહિ. સમજાય છે કે નહિ? કોઈ કહે કે ભાઈ! વ્યવહાર છોડો. છોડો. ત્યારે કહે વ્યવહાર એટલે શું? વ્યવહાર એટલે રાગ. વ્યવહાર એટલે રાગ. રાગ છોડો. શું કરવા છોડવો? જો એમાં આત્માને લાભ થતો હોય તો છોડવો શું કરવા? પણ આત્મામાં એ રાગ નથી ત્યારે આત્માનો લાભ થાય છે. આત્મામાં આનંદ છે અને રાગ નથી ત્યારે આત્માનો લાભ થાય છે. આત્મામાં રાગ છે ત્યારે આત્માનો લાભ થતો નથી. એકાંત થઈ ગયો. લાભ થતો જ નથી. એને રાગનો લાભ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એટલે કહે છે, ભગવાન આત્મા અનેકાંત છે એટલે વસ્તુ પોતાપણે છે અને વ્યવહારપણે નથી. વ્યવહારપણે પણ છે તો બેયનો એક એક ધર્મ થઈ ગયો. વ્યવહારનો વ્યવહાર ધર્મ, નિશ્ચયનો નિશ્ચય ધર્મ. એકબીજામાં વિરુદ્ધ બે ધર્મ આવ્યા. વિરુદ્ધ એટલે વિભાવ છે એ વિરુદ્ધ એમ નહિ. વિરુદ્ધની વ્યાખ્યા (એટલે) વિભાવ એનામાં નથી એવો વિરોધ. એમ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તાકાત છે. વિભાવરૂપ તાકાત એમ કે વિરુદ્ધ તાકાત લ્યો બે વિરુદ્ધ. પણ એ વિરુદ્ધ રહે નહિ એમાં એ વિરુદ્ધ. એ વિરુદ્ધ જ નથી. વિરુદ્ધ તો અસ્તિપણે જ્ઞાનાનંદ સ્વરૂપપણે છે અને વિકારપણે નથી એવી પરસ્પર વિરુદ્ધ શક્તિનું પ્રકાશવું તે અનેકાંત છે. માથે આવી ગયું છે ને એ? એનો ખુલાસો આવ્યો, જુઓ!

**'સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવૃત્તિ...'** **'જ્યારે આ જ્ઞાનમાત્ર...'** કીધું ને? ક્યાંથી કીધું એ માથે? કીધું હતું ને? આવી ગયું છે ને? માથે કીધું જુઓ! **'એક વસ્તુમાં વસ્તુપણાની**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે.'** ઓલી કોર છે પાને. બાર બોલ થઈ ગયા ને. અમથા નામ આપીને કહે છે જુઓ. બીજી લીટી છે. **'એમ એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી...'** એટલે વસ્તુપણું રાખનારી **'પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું...'** જુઓ! વસ્તુ વસ્તુપણે રાખનારી બે શક્તિઓ. આત્માને પવિત્રપણે પણ રાખો અને વિભાવપણે રાખો તો વસ્તુપણું રહેતું નથી. સમજાણું કાંઈ? એમ. **'પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓ...'** એટલે ચૈતન્ય જ્ઞાનાનંદ ભગવાન પોતાના પવિત્ર સ્વરૂપે અસ્તિ છે અને રાગરૂપી વિભાવથી તેનામાં નાસ્તિ છે એવી પરસ્પર વિરુદ્ધ શક્તિ, પરસ્પર વિરુદ્ધ શક્તિનો એવો અર્થ નથી કે આત્મામાં સ્વભાવ પણ છે અને વિભાવ પણ છે એ પરસ્પર વિરુદ્ધ શક્તિ. એ પરસ્પર વિરુદ્ધ શક્તિ થઈ જ નહિ. સમજાણું કાંઈ? છે એમાં? બહુ ઝીણી વાતું છે, પોપટભાઈ!

મુમુક્ષુ :- એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું ...

ઉત્તર :- **'બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે.'** આ વાંચે તો ખરા. ઓલા પથરા ફેરવ્યા છે. આમાં શું છે જુઓને કેટલું છે!

**'એક વસ્તુમાં વસ્તુપણાની...'** એટલે આત્મામાં આત્મપણું આત્મપણું. એમ. પણું એનો ભાવ છે ને. નિપજાવનારી. વસ્તુને વસ્તુપણે રાખનારી, **'પરસ્પર વિરુદ્ધ...'** પરસ્પર વિરુદ્ધ એટલે અસ્તિ છે તે પરપણે નથી એવી નાસ્તિ. એવી **'બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે.'** એ અનેકાંતમાં અમૃતનો અનુભવ છે એમ કહે છે. એકાંતમાં ઝેરનો અનુભવ છે. સમજાણું કાંઈ? એટલે? કે જે વ્યવહાર છે એ મને અહીંયાં મદદ કરે છે એમ કહે તો એકાંત થઈ ગયું. વ્યવહાર ધર્મ એક થયો. આનો એમાં અભાવ છે એમ ન થયો. એટલે વ્યવહાર મને લાભ કરે એને ઝેરનો અનુભવ છે એકલો. એકાંતનો એટલે ઝેરનો અનુભવ છે. મિથ્યાત્વનો અનુભવ છે એવી જાતનો. એમ. સમજાણું કાંઈ?

અનેકાંત એટલે? કે અમૃતનો અનુભવ છે. એટલે? કે શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વરૂપે છું, વિકારપણે નથી. એટલે ત્યાંથી દૃષ્ટિ ખસી. જે પણે નથી ત્યાંથી ખસી. અને છે પણામાં ગઈ એટલે એનો અભાવ એમાં થયો. વિભાવપણાનો અભાવ અને સ્વભાવપણાનો સદ્‌ભાવ. એ રીતે આત્મા સ્વરૂપે પરિણમતા તેને આનંદનો અનુભવ થાય છે. ભાઈ નવનીતભાઈ! ભાઈ! આ તો વસ્તુ છે, ચૈતન્ય ભગવાન છે, મહિમાવાળો પદાર્થ છે. વિભાવ તો મહિમાવાળી ચીજ છે એ તો ઝેર છે. આહાહા..! ભગવાન! અમૃતસ્વરૂપે પણ છે અને ઝેરસ્વરૂપે પણ છે એ તો એકાંત થઈ ગયું. આ વિરુદ્ધ છે એવું ન થયું. આહાહા..! ગજબ વાત કરી છે! રાતે જ્યાં નયનું આવ્યું હતું એ ઉપરથી વિચાર આવ્યો હતો. ત્યાં કહ્યું છે ઈ આ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહ્યું છે.

બે લક્ષણો નયના એક થઈ જશે તો બે નય રહેશે નહિ. ભગવાન આત્માને એમ કહો કે જીવ છે, જીવ છે, જીવ છે. તો એ તો ભેદ પડી ગયો. જીવ છે. છે એ જીવ. એમ એ ભેદ પડી ગયો. એ જો નિશ્ચયનયનું લક્ષણ કહેશો તો એ વ્યવહારનું લક્ષણ થઈ ગયું. અને વ્યવહારનું લક્ષણ જો અહીં લાગુ પાડશો તો નિશ્ચયનું લક્ષણ રહેશે નહિ. એનું નહિ રહે તો વ્યવહારનું લક્ષણ પણ રહેશે નહિ. બેનું એક થઈને બેય શૂન્ય થઈ જશે. એટલે કે પુણ્યના પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એનાથી આત્માને લાભ માનશે, લાભ માનશે તો પુણ્ય પરિણામ પુણ્યપણે પણ નહિ રહે ઝેરપણે અને એમાં આ નથી એનું અમૃતપણે પણ આત્મા રહેશે નહિ. એકાંત બેય થઈ જતાં બેયનો નાશ થાય છે. વ્યવહારનો જાણનાર નિશ્ચય રહેતો નથી, તો વ્યવહાર પણ જ્ઞેયરૂપે ભિન્ન છે એ રહેતું નથી. મગનભાઈ! ભારે વાતું ભાઈ આ.

આવું બધું સમજવું પડતું હશે આ ધર્મને માટે? અને સમજ્યા વિના કરે તો? અંધારે ગોળ ખાય તો? અંધારે ગોળ ખાય તો ગળ્યો ન લાગે? વાતું એમ કરે માણસ. અંધારે ગોળ ખાય. પણ છાણુ આવી જશે તો? એક જણો ખાતો હતો શાકમાં ઉંદરડી પડી ગયેલી. રીંગણાનું શાક. તો એ રીંગણાને બદલે ઉંદરડી ખાઈ ગયો. હતો આમ પ્રકાશ થોડો. પણ રીંગણા ખરા ને રીંગણાના કટકા સુંવાળા લાગે ને. ઉંદરડી નાની. એલા આ કટકટ શું થયું આ? જોવે તે ઉંદરડી. આ અંધારે ગોળ ખાય. અંધારે ગોળ શેના ખાધા? અજ્ઞાનમાં તે આંધળા ઝેર ખાતા હશે એમ અહીં ઝેર ખાય. વસ્તુની ખબર ન મળે કે આત્મા શું છે, રાગ શું છે, કાંઈ ખબર ન મળે. અને રાગના સ્વરૂપના લક્ષણને આત્મામાં નાખી દે અને આત્માના લક્ષણને રાગમાં નાખી દે. આત્મા તો જ્ઞાન લક્ષણે લક્ષિત થાય કે રાગ લક્ષણે લક્ષિત થાય? સમજાણું કાંઈ? વ્યવહારથી આત્મા જણાય તો એનો અર્થ થયો કે વ્યવહારના લક્ષણે આત્મા લક્ષ થાય. તો જ્ઞાન લક્ષણે લક્ષિત થાય અને આના લક્ષણે લક્ષિત થાય, બે વિરુદ્ધ થઈ ગયું. એમ હોઈ શકે નહિ. બને જ નહિ. રાગ તો બંધનું લક્ષણ છે. જ્ઞાન ચૈતન્યનું લક્ષણ છે. સમજાણું? એ જ્ઞાનલક્ષણે લક્ષિત છે, એ રાગ લક્ષણે નથી. રાગ પરિણામથી એમાં બિલકુલ એને લાભ નથી અને એના પરિણામમાં છે જ નહિ. પરિણામમાં નથી, હોં! દ્રવ્ય-ગુણમાં તો નથી.

અહીં તો જ્ઞાનપણાનું, શ્રદ્ધાપણાનું પરિણમન છે એ પણે આત્મા છે અને એ વ્યવહારનો રાગ છે તે પણે એ પર્યાય નથી. તે પણે એ પર્યાય નથી. ત્યારે તે પર્યાય અનેકાંતપણે સાબિત થઈને અનુભવ થાય છે. આનાથી લાભ થાય, આનાથી લાભ થાય. લક્ષ રાખવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ક્યાં ત્યારે હવે? સમજાણું કાંઈ? ભાઈ! ક્રિયા કષાય મંદ કરો, ક્રિયા કરો એનાથી લાભ થાય. હવે ત્યાંથી લાભ થાય તો ત્યાં લક્ષ રાખવું કે એનો અભાવ કરીને આત્મામાં લક્ષ રાખવું? લાભ થાય એટલે બેને એક માન્યા. બેને એક માન્યા તો કાંઈ લક્ષ રહ્યું નહિ. આ પણ ન રહ્યું, આ પણ ન રહ્યું. ભટકે છે એ તો અનાદિથી. આહાહા..! શું વાત કરી! પાગલ છે કહે છે. આહાહા..!

ભગવાન આત્મા ચિદાનંદ સ્વરૂપ પ્રભુ, એની અસ્તિમાં, 'છે'માં, હોવાપણામાં વિકારનો વ્યવહારનો ભાવ બિલકુલ નથી. એની પરિણમન દશામાં... દ્રવ્ય-ગુણમાં નથી, એથી જ્યારે આ એમાં નથી અને આ વસ્તુ છે શુદ્ધ, એવી જ દૃષ્ટિ કરતાં એનું પરિણમન સમ્યગ્દર્શન-જ્ઞાન અને અમૃતના પરિણમનરૂપે આત્મા પરિણમે એને અનેકાંત કહેવામાં આવે. રાગરૂપે થયો નહિ અને શુદ્ધરૂપે થયો. સમજાણું કાંઈ? એ તત્-અતત્નું થયું. હવે એક અનેકની વ્યાખ્યા છે આ. બે બોલ થયા તત્-અતત્ના. એક અનેકાંતમાં.. સમજાય છે?

'**જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ...**' હવે બીજો પ્રકાર આવે છે. જ્યારે આ ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ જ્ઞાન વસ્તુ છે. જ્ઞાન-જાણવું... જાણવું... જાણવું. '**અનેક જ્ઞેયાકારો વડે પોતાનો સકળ એક જ્ઞાન-આકાર ખંડિત થયો માનીને...**' કહે છે કે જેની દૃષ્ટિ જ્ઞાયક સ્વભાવ ઉપર અને રાગના અભાવરૂપે નથી, એને વર્તમાન જ્ઞાનની પર્યાયમાં અનેકપણું જણાતા, જ્ઞાન જાણે અનેકને ને? રાગને જાણે, પુણ્યને જાણે, પરને જાણે એવું અનેક જાણે. જ્ઞાનની અવસ્થામાં જ્ઞેયાકારો અનેક જણાય. એ જ્ઞાનની અવસ્થામાં અનેક જણાય. અનેકપણું એને ન માનતા એને એક જ પણું સ્વીકારવા જાય છે ત્યાં એકલો અખંડની દૃષ્ટિ કરવા જાય, પણ અનેકપણાની પર્યાય એનામાં છે એમ માનતો નથી એને એકાંત થઈ જાય છે.

બીજી રીતે. શ્રદ્ધા જ્ઞાનાદિની પર્યાયમાં અનેકપણું છે. અનેકપણું છે. એ અનેકપણાને જે ન માને, અનેકપણું અનેકપણે છે એમ ન માને અને અનેકપણું એકલું એકલું કરવા જાય કે અખંડ દ્રવ્યને શોધવા જાઉં. તો કહે છે કે '**જ્ઞેયાકારો વડે પોતાનો સકળ એક જ્ઞાન-આકાર ખંડિત...**' અરે..! મારું જ્ઞાનસ્વરૂપ એકરૂપ છે એનો ખંડ થઈ ગયો, ભંગ પડી ગયો. એમ માનીને એકરૂપ કરવા જાય છે પણ અનેકાંતરૂપી પર્યાયનું પરિણમન એને છોડી દે છે તો એને ધર્મ રહેતો નથી. ઝીણી વાત છે આ બીજી.

'**આ જ્ઞાનમાત્ર ભાવ...**' એટલે આત્મા. જ્ઞાનમાત્રભાવ એટલે શુદ્ધ આત્મા. એને જ્ઞાનમાં અનેક વસ્તુ જણાય એ પોતાની પર્યાયની અવસ્થા અનેકપણે થાય છે એ અવસ્થા છે. એ અવસ્થાનું સ્વરૂપ છે. શ્રદ્ધાપણે પરિણમવું, જ્ઞાનપણે પરિણમવું, આનંદપણે પરિણમવું, સ્થિરપણે પરિણમવું અને જ્ઞાનમાં એ બધા પર્યાયો જણાય એવો જ્ઞાનનો સ્વભાવ છે. શું કીધું સમજાણું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આ તો સમજાણું કહેવું પાછું પૂછવું કઠણ પડે જવાબ દેતા.

કહે છે કે આ આત્મા જે ચૈતન્ય જ્યોત સૂર્ય છે એ વસ્તુએ એક છે પણ એની પર્યાયમાં અનેકતા છે. પર્યાયમાં અનેકતા છે. એ અનેકતા જ્ઞાનમાં પરવસ્તુ પણ જણાય, એની શ્રદ્ધા થયેલી જણાય, એની શાંતિ થયેલી જણાય, એને આનંદ થયેલી જણાય. એ જ્ઞાનની પર્યાયમાં અનેકપણું જણાય. એમ ન માનતા એને એકપણું કરવા જાય તો અનેકપણાની પર્યાયનો નાશ કરી નાખે છે. એનું પરિણમન અનેકપણે પરિણમે છે અનેક ગુણપણે અથવા જ્ઞાનમાં અનેક પર્યાયપણે પરિણમન છે એનું લક્ષ નથી કરતો. અરે..! આ તો અનેકપણે હું થઈ ગયો. મારે એકપણે રહેવું છે. એ એકપણું રહેતા અનેકપણાની દૃષ્ટિ છોડી દે છે, એકપણું કરવા જાય છે ત્યાં આત્મા રહેતો નથી. એમ દૃષ્ટિનો કરનાર અનેક અવસ્થાવાળી દૃષ્ટિ દ્રવ્યને એકપણે માને છે. હવે અનેકપણું જ્યાં સ્વીકારતો નથી એટલે એક ઉપર દૃષ્ટિ જતી નથી. સમજાણું કાંઈ? ભારે છે આ ઝીણી વાતું બધી. પણ આ આવ્યું છે છેલ્લું હવે આ બધું. આ ફેરીનું છેલ્લું હોં પાછું. કેમ કે આ વિહારનું છે ને. આ લોકો ભાઈ નવા આવ્યા એને લાગે કે આ કાંઈક છે ખરું આપણા જૈનદર્શનમાં. અત્યાર સુધી અભ્યાસ કર્યો નહિ.

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથના માર્ગમાં, સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક પોતાની પર્યાયમાં જણાઈ ગયા પર્યાયને જાણતા. એવા પરમેશ્વરના માર્ગમાં અનેકાંતપણું (કઈ રીતે હોય એ વાત ચાલે છે). ઓલા કહે કે આ અનેકપણું નહિ, અનેકપણું નહિ, અનેકપણું નહિ આપણે એક જ પણું રાખો. કહે છે ને કેટલાક? કે વસ્તુ અભેદ એક જ હોય, અભેદ એક જ હોય, અનેક ન હોય. પોતાની દશામાં ગુણમાં અનેકપણું હોય નહિ એમ માનનારા પર્યાયની અનેકતા શ્રદ્ધામાં આવે છે, અનેકપણું છે એને સ્વીકારતો નથી અને એકપણું કરવા જાય, એ અનેકપણાની પર્યાય દ્વારા એકપણું કરવા જાય તો એકપણું થાશે નહિ. મગનભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ સામાન્યને માને છે એ માનનારની પર્યાય અનેક છે. સમજાણું? વિશેષ જે છે જ્ઞાનની દશા એ અનેક છે. શ્રદ્ધાને જાણે છે, જ્ઞાનને જાણે છે, ચારિત્રને જાણે છે, આનંદને જાણે છે, રાગને જાણે છે એવી અનેક છે. એ અનેકપણું ન સ્વીકારે અને એકપણું કરવા જાય તો આ શ્રદ્ધાની પર્યાય રહેતી નથી. એટલે કે એને એકપણા ઉપર દૃષ્ટિ નથી. એકપણાની અખંડ દૃષ્ટિ કરી શકશે જ નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આ બધું ઝીણુ બહુ છે આ. વીતરાગનો માર્ગ રેશમની એક એક તાણામાં જેમ અનેક તાણા ભર્યા હોય છે ને. એમ એક એક ભાવમાં ઘણા ભાવ ભરેલા હોય છે. ઓહોહો..! આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



માર્ગ!

પ્રભુ કહે છે, ભાઈ! તારી પર્યાયમાં, અહીં પવિત્ર પર્યાયની ભાઈ વાત છે હોં! રાગની ને એની વાત નહિ. જ્ઞાનમાં રાગ જાણે, જ્ઞાનમાં જ્ઞાન જાણે, જ્ઞાન શ્રદ્ધાને જાણે, પર્યાયમાં હોં! એ અનેકપણાની પર્યાયને પોતાનું સ્વરૂપ છે એમ ન જાણતા એકપણું કરવા જાય ત્યાં એ ખંડ ખંડ થઈ જાય છે એટલે એકપણે જઈ શકતો નથી અને પર્યાયમાં ભંગ થઈને તેને મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. સમજાણું કાંઈ? રાગની સાથેની વાત નથી. અહીં તો પવિત્ર પર્યાયમાં અનેકપણું જણાય છે એ અનેકપણું નહિ માને તો એકપણું એને દૃષ્ટિમાં આવશે નહિ. સમજાણું કાંઈ?

'**જ્ઞેયાકારો વડે...**' એટલે જ્ઞાનમાં જાણવાની અનેકતાની શક્તિમાં અનેકપણું પરિણમે છે, જણાય છે એ પોતાનો સકળ એક જ્ઞાનાકાર. અરેરે..! હું એકરૂપે ન રહ્યો, આ અનેકરૂપે થઈ ગયો. પણ અનેકરૂપે થયો એ તો પર્યાયનો ધર્મ છે. જ્ઞાનમાં અનેકપણાને જાણવું એ તો અનેકપણાનો પર્યાયનો ધર્મ છે. એને ન માન્યો. એકપણે કરવા જતાં '**પોતાનો સકળ એક જ્ઞાન-આકાર ખંડિત થયો માનીને...**' અરે..! હું એકપણે ન રહી શક્યો. એમ કરીને '**નાશ પામે છે,...**' એ પોતાની પર્યાય અનેકપણે છે એને માનતો નથી એટલે આત્માનો નાશ કરે છે. ..ભાઈ! બધું આવું.

મુમુક્ષુ :- દુઃખી થઈ જાય છે.

ઉત્તર :- દુઃખી છે. આ ઝાઝી પર્યાય આટલી બધી શું? શ્રદ્ધવાની, જાણવાની, ઠરવાની, શાંતિની આ શું? એ શું એ તો તારો સ્વભાવ છે. એકપણાના સ્વભાવમાંથી અનેકપણાનું પરિણમન થાય એવો તારો ધર્મ છે. જે અનેક છે તે જ એક છે, જે એક છે તે જ અનેક છે. જે અપેક્ષાએ અનેક છે તે અપેક્ષાએ એક નહિ. પર્યાયપણે તો અનેક થવું એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? પર્યાય શું અને વળી અનેકપણું શું?

અવસ્થામાં અનેક ગુણને અને અનેક પ્રકારને જાણવાના જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે. એવો સ્વભાવ અનેકપણે ન માનતા એકપણું કરવા જાય કે અરેરે..! મારો ખંડ થઈ ગયો. ખંડ થયો નથી. એ તો એનું પરિણમન અનેકપણાને જાણવારૂપે પરિણમ્યો છે. એ અનેકમાંથી એક કરવા જાય ત્યાં આત્માનો નાશ કરે છે. એટલે વર્તમાન પર્યાયને માનતો ન હોય અને એકને માનતો નથી તો એક ઉપર જશે નહિ અને બધો નાશ કરી નાખે છે. મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે એમ કહે છે. કહો, એક આત્મામાં અનેક પર્યાય છે એમ કહે છે. સમજાણું? બધા થઈને એક એની આ વાત નથી, હોં! આ તો જ્ઞાનગુણની અવસ્થામાં અનેકપણાના જ્ઞેયો જણાય એ પણ એને ખ્યાલમાં આવે છે. શ્રદ્ધા છે આ, જ્ઞાન છે આ, શાંતિ છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આ, આનંદ છે આ, રાગ નથી, આ એવું જ્ઞાન અનેકપણે પરિણમે છે. એવું અનેકપણાને ન માનતા એક જ કરવા જાય તો આત્માનો અનેકપણાનો પર્યાયધર્મનો નાશ કરતાં દ્રવ્યધર્મનો પણ નાશ થાય છે. બેયનો નાશ થાય છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાન-આકાર ખંડિત (-ખંડખંડરૂપ) થયો માનીને...**' અરે..! હું ખંડ થયો. જાણનારમાં જાણનારની પર્યાયમાં તો અનેકપણું હોય જ. જાણનાર પર્યાયમાં અનેકપણું હોય જ. જે વિષય સામાન્ય છે, વસ્તુ છે એમાં અનેકપણું નથી. પણ પર્યાયમાં અનેકપણું હોય જ. એવું અનેકપણું ન માને. ક્ષણે ક્ષણે પર્યાયપણે શુદ્ધિ વધે, શુદ્ધિ વધે, જ્ઞાન વધે, આ વધે. અરે..! પણ આ શું થયું? આ શું થયું? એમ થાય. એકરૂપ રહ્યું નહિ. એકરૂપ ન રહેનારા, એમ માનનારા હું એકરૂપ રહી શક્યો નહિ એ અનેકપણાનો નાશ કરે છે. અનેકપણાનો એનો પર્યાયનો ધર્મ છે, અવસ્થાનો ધર્મ છે, એનો નાશ કરીને દ્રવ્ય સ્વભાવનો પણ નાશ કરે છે. દ્રવ્ય સ્વભાવને પણ દૃષ્ટિમાં લઈ શકતો નથી. સમજાણું કાંઈ? આ એની મેળાએ કેટલાક નવા પુસ્તક લઈ જાય સમયસાર. ઓહો..! મહારાજ બહુ સારું કહે છે. લાવો આપણે ઘરે વાંચીએ. ઓલું નહોતું કીધું એક ફેરી ભાઈ? પંડિત ઓલા કેવા? દીવાન-દીવાન. ગોંડલ દરબાર.

મુમુક્ષુ :- પ્રાણશંકર જોષી.

ઉત્તર :- પ્રાણભાઈ જોષી. (સંવત) ૧૯૮૭. ૮૭ને? આપણે આ ખંદકનું વાંચ્યું હતું ને? ખંદકનું નહિ? ગોંડલ ભોજનશાળામાં. પછી દિવાન હતા પ્રાણભાઈ જોષી. વ્યાખ્યાનમાં આવે. કામદાર હતા ઓલા. કેશવલાલ કામદાર. વડોદરા છે ઈ. એ બધા ત્યાંના છે. ત્યાં આવતા. બધા આવે. માણસો બહુ ભરાય ભોજનશાળામાં. ઓહોહો..! આ મહારાજ વાંચે છે. એ ભગવતી સૂત્ર મને આપો. વાંચે છે ઈ. એ કેશવલાલ કામદાર, આ લાવો. આપણે વાંચશું એમાંથી. લઈ ગયા. ઘરે લઈ ગયા. મહારાજ! તમે વાંચો છો એવું તો આમાં કાંઈ દેખાતું નથી. ઓલો દિવાન. શું કહેવાય ભાઈ એ? જોષી. દિવાન હતા ને? દિવાન દિવાન. માણસ નરમ. તમે કહો છો એ આમાં તો કાંઈ દેખાતું નથી. આ તો આ શબ્દો .. ભાઈ એમાં ભાવ ઊંડા હોય છે. તમે અક્ષર વાંચી જાવ એમાં સમજાય નહિ. એલ.એલ.બી.ની ચોપડી ગુજરાતીના અક્ષરે લખી હોય તો બે ચોપડીવાળો ક, આ, આ એમ વાંચે જાય. પણ એ કાંઈ શબ્દની સંધિ કરી શકે નહિ અને ભાવને ઓળખી શકે નહિ. એમ આ કીધું ભગવતી ખંદકનો અધિકાર છે આ. ભારે વાત કાઢે છે. .. લઈ ગયા હતા. બીજે દી લાવ્યા ઘરેથી પાછું લઈને. મહારાજ! આ સમજાતું નથી લ્યો આ પાછું. ભાઈ! એને માટે અભ્યાસ જોઈએ. આ તો અલૌકિક વાત છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભગવાન... ક્યારે? અહીં એમ કહે છે. એકાંતી. એકાંતી એટલે કે એક જ સ્વભાવે આત્મા છે એમ માનનારા અને અનેક પર્યાયસ્વભાવ નહિ એમ માનનારા એકાંતી થયા. પોતાના આત્માનો નાશ કરે છે. જુઓ! અહીં તો એટલે મિથ્યાદૃષ્ટિ થાય છે. પર્યાયમાં અનેકપણું ન માને તે મિથ્યાદૃષ્ટિ થાય છે. મગનભાઈ! વિષય દૃષ્ટિનો અહીં વર્ણન નથી હોં! અહીં તો વસ્તુનું વર્ણન છે આખું. આખું વર્ણન વસ્તુનું વર્ણન છે. એટલે વળી કો'ક એમાંથી કાઢે કે જુઓ! આમાં બેય આવ્યું કે નહિ? અનેકપણું માનવું આવ્યું કે નહિ? એથી વિષય શું છે દૃષ્ટિનો એ અહીં વાત નથી. આ તો આખી વસ્તુ કેમ છે એમ સિદ્ધ કરે છે અહીં તો. બે નયના વિભાગનો આખી ચીજ કેમ છે એ સિદ્ધ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ કહે, જુઓ! આમાં અનેકપણું આવ્યું કે નહિ? જુઓ! દૃષ્ટિ જુઓ અનેકપણાને (સ્વીકારે છે). એક જ પણું દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... કરો છો. પણ સાંભળને! દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતા એને અનેકાંતપણાની પર્યાય પર્યાયમાં પરિણમે છે એ જ્ઞાન બેયને જાણે છે. જ્ઞાન બેયને જાણે છે કે અનેકપણે આ પર્યાય થઈ છે અને વસ્તુ એક છે. એ જ્ઞાનનો સ્વભાવ છે. એ જ્ઞાન એ રીતે ન જાણે તો એની દૃષ્ટિ પણ ખોટી થઈ જાય. દ્રવ્યનો આશ્રય રહે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

ત્યારે '**(તે જ્ઞાનમાત્ર ભાવનું) દ્રવ્યથી એકપણું પ્રકાશતો થકો...**' જુઓ! '**અનેકાંત જ તેને જિવાડે છે-**' સમજાણું? દ્રવ્યથી એકપણું પ્રકાશે છે. ઓલું એકલું અનેક પર્યાયને છોડીને એકપણું, પણ દ્રવ્યથી તો એક જ સ્વરૂપ છે. પર્યાયથી અનેક છે, દ્રવ્યથી તો એક છે. '**(તે જ્ઞાનમાત્ર ભાવનું) દ્રવ્યથી એકપણું પ્રકાશતો...**' વસ્તુથી હું એકપણે છું એમ પ્રકાશતો એટલે પરિણમતો. અનેકાંત એને (જીવાડે છે). એટલે? વસ્તુએ એક છું. વસ્તુએ. એમ પરિણમતો પર્યાયમાં અનેકપણે પરિણમે છે એ પરિણમનનું નામ અમૃત અને મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? આવું ઝીણું છે આ. એક જણો કહે, પંદર દીમાં વાંચી ગયો સમયસાર. બહુ સારું કર્યું ભાઈ. તમે નવ તત્ત્વની વાત કરો છો ને? કીધું હા, છે તો વાત એ. પંદર દીમાં વાંચી ગયો. બહુ સારી વાત છે.

મુમુક્ષુ :- હુશિયાર ને.

ઉત્તર :- હુશિયાર મૂર્ખા હોય. ભાન ન મળે અક્ષરે વાંચી ગયો. તત્ત્વની તો ખબર ન મળે. શું ચીજ છે અને કઈ રીતે કહેવા માગે છે અને શું વસ્તુની સ્થિતિ છે એ સમજ્યા વિના વાંચી ગયો. પંદર દીમાં વાંચી ગયો. પંદર દી શું આ ઊંઘ ન કર તો ચોવીસ કલાકમાં વંચાઈ જાય એમ ને એમ વાંચ તો ઉજાગરો કરીને. એમ ચાર હજાર શ્લોક છે અર્થના. મૂળ શ્લોક થોડા છે. ૪૧૫ છે. ચાર હજાર શ્લોક છે. એમાં શું છે? ભાઈ!

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- ... વંચાઈ જાય.

ઉત્તર :- વંચાઈ જાય છે ને. સ્વાધ્યાય થાય. ચાર હજાર શ્લોક છે તો ચોવીસ કલાકમાં વંચાઈ જાય. એમાં શું છે? ટીકા સહિત. એટલે શું થયું પણ? ભાવભાસન થયા વિના? કે શું વાંચન છે એ તો શબ્દો છે. એને કહેવાનો ભાવ કઈ રીતે એમાં છે એમ ભાવનો ખ્યાલમાં આવ્યા વિના વાંચ્યું શું એણે? સમજાણું કાંઈ?

કહે છે, દ્રવ્યથી ધર્મીજીવ પર્યાયે અનેકપણું હોવા છતાં એકપણાનો મારો દ્રવ્યથી ખંડ થતો નથી. દ્રવ્યે હું એક છું. પર્યાયે અનેક છું. વસ્તુથી એક છું. એમ કરીને પ્રકાશતો થકો. એટલે કે પર્યાયને અનેકપણાના સ્વીકાર સહિત એકપણાનો સ્વીકાર છે તો એને દ્રવ્ય ઉપર દૃષ્ટિથી અનેકપણાનું પરિણમન અમૃતનું થાય છે. એ આત્માને જીવાડ્યો. અને જેવો એકપણે છે એવો અનેકપણામાં જાણ્યો. જેવો એકપણે છે એવો અનેકપણામાં જાણ્યો. સમજાણું કાંઈ? ઓલું અનેકપણાનું કાઢવા જાય અને એકપણું કરવા જાય તો એમ થશે નહિ. વસ્તુથી એક છે.

**'વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ એક જ્ઞાન-આકારનું ગ્રહણ કરવા માટે અનેક જ્ઞેયાકારોના ત્યાગ વડે...'** એનો એ બોલ બીજો લીધો. અસ્તિ-નાસ્તિથી લે છે ને દરેકને. **'વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ...'** પહેલો એકનો બોલ હતો ઓલો. ત્રીજો એકનો હતો. આ ચોથો અનેકનો છે. ત્રીજામાં એકપણું સિદ્ધ કરવું હતું. પણ એકપણું એમ નહિ સિદ્ધ કરવું કે પર્યાયની અનેકતા છોડીને એક સિદ્ધ છે એમ નથી. પર્યાયની અનેકતા છે, વસ્તુ એક છે. હવે આમાં પર્યાયનું અનેકપણું વસ્તુમાં છે એમ સિદ્ધ કરવું છે. એકપણાનો ધર્મ હોવા છતાં પર્યાયમાં અનેકપણું છે ધર્મ. આ અનેકપણું એટલે આ રાગ ને વિકાર એ નહિ. શુદ્ધ (પર્યાયો). ભગવાન આત્મા એકરૂપે છે એવી જ્યાં દૃષ્ટિ થઈ તો પર્યાયમાં અનેક પ્રકારના જ્ઞાનની શુદ્ધતા, શ્રદ્ધા, જ્ઞાન આદિ અનેક પર્યાયોનો ખ્યાલ આવ્યો. એ પર્યાયપણે અનેક છે. એમ ન માનતા **'જ્ઞાનમાત્ર ભાવ એક જ્ઞાન-આકારનું ગ્રહણ કરવા માટે...'** અરે..! આ અનેક થઈ ગયું. મારે તો એકલું જ્ઞાન (જોઈએ, એકલું જ્ઞાન રહે એવું રાખો.

**'અનેક જ્ઞેયાકારોના ત્યાગ વડે...'** જ્ઞાનની પર્યાયમાં અનેકપણાના જાણવાના ભાવને છોડતો, જ્ઞાનની દશામાં અનેકપણાના ભાવને જાણવાને છોડતો **'પોતાનો નાશ કરે છે...'** આત્માનો એ શ્રદ્ધામાં નાશ કરે છે. એને આત્માનો પત્તો લાગતો નથી. **'(અર્થાત્ જ્ઞાનમાં જે અનેક જ્ઞેયોના આકાર આવે છે તેમનો ત્યાગ કરીને...'** એટલે આ છોડી દ્યો. અરિસામાં અરિસાનું એકપણું કરવા માટે સામે જે અનેક વસ્તુ છે એમાં અનેકપણું અહીં દેખાય. ભૂંસાડો આને. શું કીધું? ઓલા અરિસામાં દેખાય છે ને અનેકપણું? ભૂંસાડો એને. તો એકરૂપ અરિસો થાય. એકરૂપ જ છે. સાંભળને. એ અનેકપણાની પર્યાય હોવા છતાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વસ્તુ તો એક જ છે. ભૂંસાડવા જઈશ તો અનેકપણામાં તો એક કાચ નહિ રહે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! દુનિયા માટે આવું મૂક્યું હશે? કર્યું હશે? બાપુ! એ વસ્તુની સ્થિતિ તારી છે એ અહીં વર્ણવે છે. જ્ઞાનમાત્રની પ્રસિદ્ધિ આ રીતે થાય છે. એમ કહે છે. રાગની પ્રસિદ્ધિ તો અહીં છે નહિ એમાં.

જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મા એની અવસ્થામાં અનેકપણાનું જાણવું થાય તેને અજ્ઞાની એ છોડવા માગે છે અનેકપણું. એ અનેકપણું છોડું તો એક થાય. પણ અનેકપણું તો જ્ઞાનની અવસ્થાનો સ્વભાવ છે. છૂટશે શી રીતે? છૂટતા તારી જ્ઞાનદશા રહેશે નહિ. તારું જ્ઞાનનું લક્ષ કરવાનું રહેશે નહિ. સમજાણું કાંઈ? ચૌદ બોલમાં ઘણું ઝીણું નાખ્યું છે. સૂક્ષ્મ વાત નાખી છે. અત્યાર સુધી ઓલું ઉપર ઉપરથી સાંભળ્યું હોય ને દ્રવ્ય આમ છે, ફલાણું આમ છે, ઢીંકણું આમ છે. આ વળી એની એ વાત છે. બીજી રીતે એકાંતપણું ન આવે એવું અનેકાંતપણું સિદ્ધ કરે છે. જો એમ જ માની લેવામાં આવે, કીધું આત્મા એક જ છે, આત્મા શુદ્ધ છે, નિર્મળ છે, પવિત્ર છે, એક જ ભાવ, એક જ ભાવ, એક જ ભાવ, ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ.

મુમુક્ષુ :- ... અવલંબન.

ઉત્તર :- એ જુદી વાત છે. અવલંબન લેવું જુદી વાત છે અને વસ્તુની સ્થિતિ જુદી વાત છે. અવલંબન ધ્રુવનું લઈને જે અવલંબન લેનાર કોણ છે? અવલંબન લેનાર ધ્રુવ છે?

મુમુક્ષુ :- પર્યાય છે.

ઉત્તર :- પર્યાય ત્યાં સ્થાપે છે. આમ ત્યાં સ્થાપે છે પર્યાય. પર્યાયમાં રહીને પર્યાયનું જ્ઞાન ન થાય. પર્યાય દ્રવ્યમાં જાય ત્યારે દ્રવ્યનું જ્ઞાન અને પર્યાયનું (જ્ઞાન) થાય.

દ્રવ્ય છે. એમ (કોઈ) કહે, પણ પર્યાય નથી. પર્યાયનો અંશ પર્યાયપણે નથી. દ્રવ્ય જ છે. વસ્તુ નહિ સિદ્ધ થાય. દ્રવ્યમાં પર્યાય નથી, એકમાં અનેક નથી. પણ અનેકમાં અનેકપણું છે. પર્યાયમાં અનેકપણું છે. જ્ઞાન અનેકપણાને જાણે છે અને વસ્તુ એક છું એમ જાણે છે. અજ્ઞાની ઓલું અનેકપણું જ્યાં (થાય છે), અરે..! અનેકપણું ભૂંસાડી દ્યો.

મુમુક્ષુ :- પોતું લગાડી દ્યો.

ઉત્તર :- પોતું લગાડી દ્યો. પોતું લગાડે રહેશે શું? સમજાણું કાંઈ? ઘણાનું જ્ઞાન થાય છે, ઘણું જ્ઞાન થાય છે. ઘણું જ્ઞાન થાય અનેકપણાનું જ્ઞાન થાય એ ભુંસાડી દ્યો. પણ અનેકપણું જ્ઞાનનો અંશ છે એ તારો છે એને ભૂંસાડતા અંશ નહિ રહે તો અંશી નહિ રહે. સમજાણું કાંઈ? ઓહોહો..! મુનિઓએ દિગંબર સંતોએ જંગલમાં રહીને આ સ્થિતિ ઊભી જગત પાસે મૂકી છે. બાપુ! તું આવો છો ભાઈ! એ તને ખબર ન હોય તો સમજ. અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમજ્યા વિના તારા નિવેડા આવે એવા નથી. 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુ:ખ અનંત.' આ તો કરો ક્રિયાકાંડ કરો, આ કરો... આ કરો.. આ કરો.. એય.. મૂલચંદભાઈ! વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, નિયમ લ્યો, અપવાસ કરો. કેટલા ... આજે ત્યાગ કર્યા? કોનો ત્યાગ કર્યો? પાંચ વર્ષનું બ્રહ્મચર્ય લ્યો. આ લ્યો. હવે બધું પણ એ તો શુભરાગ છે. કહે. એ રાગ છે એ આત્મા નથી. એનાથી આત્માનો લાભ નથી. આત્મા નથી એનાથી આત્માનો લાભ થાય? એક જ ઘુંટાવ્યું બધાને.

અહીં તો કહે છે, રાગ તો નથી પણ રાગ સંબંધીનું અનેકપણાનું પરિણમન છે એ તો એનું પોતાનું છે. એનું લક્ષ દૃષ્ટિ ભલે ધ્રુવ ઉપર છે. પણ પરિણમન જે છે એ ધ્રુવ ઉપર છે એ પરિણમન તો પર્યાય છે. એ પર્યાયમાં અનેકપણું જાણતા અજ્ઞાનીને એમ થાય અરેરે..! આ એકપણે ન રહ્યો હું. એકપણે ન રહ્યો. પણ એકપણે તો દ્રવ્યપણે એકપણે છે. પર્યાયપણે તો અનેક છે. એ અનેકપણે ન રહેવા માટે અનેકપણું છોડવા માગે છે ત્યાં પર્યાય ભુંસાઈ જાય છે. દ્રવ્યનું લક્ષ કરનાર પણ રહેતો નથી. સમજાણું કાંઈ?

'**જ્ઞાનમાં જે અનેક જ્ઞેયોના આકાર આવે છે...**' આકાર એટલે આ કાંઈ જ્ઞાન જ્ઞેયોનો આકાર નથી. ખરેખર તો જ્ઞેયો અનંત છે તે સંબંધીનું જ્ઞાનનું પરિણમન પોતાનું છે. તેનો ત્યાગ કરીને. એ જ્ઞાનની અવસ્થામાં અનેકપણું જણાય એ પર્યાયનો ધર્મ છે. તેને છોડીને પોતાનો નાશ કરે છે. '**ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પર્યાયોથી અનેકપણું...**' પર્યાયથી અનેક છું. નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયથી અનેક છું. એક જ નથી. રાગથી, શરીરથી અનેક છું એમ નહિ. પણ મારા અનંત ગુણો છે ચૈતન્ય ભગવાન એને લક્ષે પ્રગટેલી પર્યાયો, સમ્યક્ શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ શાંતિ, આનંદ એવી જ્ઞાનની પર્યાયથી તો આત્મા અનેક છે. સમજાણું? પરની સાથે અહીં કાંઈ વાત નથી. વ્યવહારની અહીં વાત નથી અત્યારે તો. રાગ એનામાં થાય, સમજાણું ને? રાગ ટાળે એ વાત જ નથી. એનામાં છે જ નહિ પછી પ્રશ્ન શું? એ જ અહીં તો પ્રશ્ન કર્યો છે.

અહીંયાં તો વસ્તુ ભગવાન એક સ્વરૂપે છે એ પરિણમનમાં અનેકરૂપે પરિણમે છે. પરિણામી વસ્તુ એકરૂપે છે ધ્રુવ, એ પરિણમનમાં અનેક પર્યાયે પરિણમે છે. એ અનેકપણે પરિણમવું એનો સ્વતઃ સ્વભાવ છે. એને કાઢી નાખતા વસ્તુ રહેતી નથી. પર્યાયને કાઢી નાખ અનેકને તો પર્યાય દ્વારા તો કાર્ય (થાય છે), કાર્ય તો પર્યાયમાં થાય છે. ધ્રુવમાં કાર્ય થાય છે? પલટો ખાવો, વસ્તુને લક્ષમાં લેવી, રાગને છૂટવું અથવા રાગનું લક્ષ છોડવું એ બધું પર્યાયમાં થાય છે. આટલા બધા પર્યાયનું અનેકપણાનું જ્ઞાન એને જો પોતાનું ન સ્વીકારે પર્યાયમાં તો એને દ્રવ્ય પણ દૃષ્ટિમાં આવતું નથી. મિથ્યાદૃષ્ટિ થઈને રખડે છે. કહો, સમજાણું કાંઈ?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'**ववहारोऽभूदत्थो**' ત્યાં તો એમ કહે કે અનેકપણું તે અભૂતાર્થ છે. ભાઈ! કઈ અપેક્ષાએ? અભૂતાર્થ નામ આ તો એક સમયની અવસ્થા છે. એ કાંઈ આશ્રય કરવા લાયક નથી. એ અપેક્ષાએ એને અભૂતાર્થ ગણી, ગૌણ ગણી, પર્યાયની અનેકતાને ગૌણ ગણી વ્યવહાર ગણી નથી એમ કીધું છે. પણ નથી ગણીને નથી એમ કીધું નથી. અભાવ ગણીને નથી એમ નથી કહ્યું. પર્યાયમાં અનેકપણું પવિત્ર પર્યાય હોં! જેને પરદ્રવ્ય કીધું નિયમસારમાં. એ પવિત્ર પર્યાયની વાત ચાલે છે આ. નિયમસારમાં એમ કીધું, ક્ષાયિક સમકિત આદિ પર્યાયો છે તે પરદ્રવ્ય છે. કેમ કે આત્માની નિર્મળ પર્યાય સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રગટ્યું એમાંથી નિર્મળ પર્યાય પ્રગટવી એ પર્યાયમાંથી પર્યાય પ્રગટ થતી નથી. માટે આત્માને ક્ષાયિક સમકિત થાય, ચારિત્રની વીતરાગી પર્યાય થાય એ પરદ્રવ્ય ગણી છે. એને અહીંયાં અનેકપણાનો પર્યાયધર્મ તારો છે એમ કહે છે. કઈ અપેક્ષાનું કથન? સમજાણું કાંઈ? ચંદુભાઈ! કહે છે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. કીધું છે ને. કીધું નથી? નિયમસારમાં કહ્યું હતું ને. ઘણીવાર આવે છે. ૫૦મી ગાથામાં. કેમ? કે જેમ આત્મામાં શાંતિની, આનંદની પર્યાય જેમ પરદ્રવ્યમાં નથી માટે નથી આવતી. તેમ આનંદની પર્યાય વૃદ્ધિ કરવી છે જેને એને આનંદનો પર્યાય પ્રગટ્યો છે એમાંથી વૃદ્ધિ થાતી નથી. મોક્ષમાર્ગને પરદ્રવ્ય કીધો છે ત્યાં. એટલે શું? વસ્તુ જે છે ચિદ્ઘન પૂર્ણાનંદ એમાંથી દ્રવ્યમાંથી દ્રવે, પર્યાય એમાંથી આવે છે. પણ એમાંથી આવી એવું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટી વસ્તુને આશ્રયે, પણ એ દર્શન-જ્ઞાન-ચારિત્ર આનંદ છે મોક્ષનો માર્ગ એમાંથી બીજે સમયે પર્યાય આવે એ એમાંથી આવે છે? એમાંથી આવે? માટે આશ્રય કરવા લાયક નથી. માટે આશ્રય કરવા લાયક તો ત્રિકાળ વસ્તુ છે એમ ગણીને પર્યાયને પરદ્રવ્ય કીધી છે. કેટલા પ્રકાર. નવનીતભાઈ!

ત્યાં દૃષ્ટિનો વિષય (બતાવે છે). મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગની પર્યાય દ્રવ્યમાંથી આવે છે. મોક્ષમાર્ગની પર્યાય પર્યાયમાંથી આવતી નથી. સમ્યગ્દર્શન થયું તો ચારિત્રની પર્યાય કાંઈ સમ્યગ્દર્શનની પર્યાયમાંથી આવે છે? કારણ કે ત્યાં ક્યાં ચારિત્ર (છે)? ચારિત્ર ગુણ તો ત્રિકાળ આત્મામાં પડ્યો છે. એનામાંથી ચારિત્ર પર્યાય આવે. એટલે ચારિત્રની પર્યાય અને સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટેલી એને એ સ્વદ્રવ્યના સમૂહ આગળ એને પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. શું ધ્યાન રાખવા આમાં? એક બાજુ સવારે નક્કી કાંઈક કરીએ. અમારે ફાવાભાઈ કહેતા. સવારે એક નક્કી કરીએ તો બપોરે બીજું આવે. ભાઈ! બીજું નથી આવતું. મગજ ન મળે ને. સવારે એક વાત નક્કી કરીએ કે ઠીક ત્યારે પર્યાય અનેક છે, અનેક છે. ત્યાં વળી બપોરે એમ આવે કે પર્યાય પરદ્રવ્ય છે. હવે અમારે નક્કી શું કરવું? કઈ અપેક્ષાએ પરદ્રવ્ય કીધી? કઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અપેક્ષાએ અનેકને સત્‌પણે સિદ્ધ કર્યું? એમ નક્કી કરવું જોઈએ ને.

ભગવાન આત્મા અનંતગુણની ખાણ પ્રભુ મહા સરોવર. જેમાંથી પાણીના વહેણ વહે. શું કહે છે નહિ? સરવણી. સરવણી કહેતા ને? ભર્યો હોય ને કૂવો. તો એ કૂવામાંથી પાણી વધે? એમાંથી પાણી એમ ને એમ ઊંચું થાય? પાણીમાંથી પાણી વધે? સરવણીમાંથી આવે. આવે આવે એમાંથી વધે. કૂવામાં અવ હોય ને પાણી એની મેળે ઉંચું થાય? ઝરણા આવે સરવણીમાંથી આવે ને ઊંચું થાય. એમ આત્મા આનંદ અને અનંતગુણનો પિંડ એમાંથી સરવણી આવે છે પર્યાયની. એમાંથી પર્યાય આવી એ પોતે સરોવર ભગવાન છે. પણ આવેલી દશા એમાંથી નવી દશા આવે છે? સમજાણું કાંઈ? એ અપેક્ષાએ ધ્યેય ભગવાન ચિદાનંદ સ્વરૂપ કે જેમાંથી નિર્મળ પર્યાયનું વહન થાય છે એને દ્રવ્ય કીધું સ્વ. અને પર્યાય પ્રગટેલી એને એમાંથી નવી સરવણી આવતી નથી માટે એને નવી સરવણીનો કાળ નથી માટે તેને પરદ્રવ્ય કીધું. ભાઈ! સરવણી સરવણી કહે છે ને? શું કહે છે? આજ સરવણી આવી, લ્યો! એ પહેલુંવહેલું આવે છે. સરવણી શબ્દ આવ્યો નથી અત્યાર સુધી કોઈ દી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દ્રવ્યમાંથી જ આવે ને.

ઉત્તર :- ભરેલો છે ભંડાર ભગવાન. એની અંતર દૃષ્ટિ થતાં શ્રદ્ધા, જ્ઞાન, શાંતિનો પ્રવાહ એમાંથી વહે છે. દ્રવ્યમાંથી. દ્રવ્ય છે ને? દ્રવતિ ઈતિ દ્રવ્યં. દ્રવે છે વસ્તુ અને દ્રવે છે, વહે છે, પરિણમે છે. એ દ્રવ્ય પોતે આમ વહે છે. પર્યાય પરિણમીને પર્યાયમાંથી પર્યાય નવી આવે છે? એ અપેક્ષાએ એનું દ્રવ્યનું ધ્યેય, લક્ષ જાય એ અપેક્ષાએ દ્રવ્યને, શુદ્ધને સામાન્યને દ્રવ્ય કહ્યું, વિશેષ પર્યાયને પરદ્રવ્ય કીધું. આ અપેક્ષાએ. એ દૃષ્ટિના ધ્યેયને માટે. નવો મોક્ષમાર્ગ પ્રગટ કરવા માટે એને દ્રવ્ય કીધું, આને પરદ્રવ્ય કીધું. અહીં તો પ્રગટેલી અનેક પર્યાય છે. એને અનેકપણે ન માને તો એકપણું પણ રહેતું નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

‘**પર્યાયોથી અનેકપણું પ્રકાશતો...**’ એટલે શું કહે છે? વસ્તુ ભગવાન આત્મા વસ્તુ તરીકે એક છે. એની દૃષ્ટિ કરતાં પર્યાયમાં અનેકપણું પરિણમતો, પર્યાયે અનેકપણું પરિણમતો, શ્રદ્ધાપણે, જ્ઞાનપણે, શાંતિપણે, આનંદપણે અનેકપણે પરિણમતો, પ્રકાશ અનેકપણે પ્રકાશતો, અનેકપણે પરિણમતો જીવને જીવતો રાખે છે. સમજાણું કાઈ? આ વખતે તો આવ્યા. કોઈ દી હશો કે નહિ આ ચૌદ બોલમાં તો. શેઠી! આવા ચૌદ બોલ ચાલ્યા તે દી કોઈ દી હશો કે નહિ? આ ૧૫મી વાર ચાલે છે. પહેલે .. આવે છે. આહાહા..! આવો માર્ગ છે ભાઈ!

કહે છે, ‘**પર્યાયોથી અનેકપણું પ્રકાશતો...**’ એટલે શું? વસ્તુની દૃષ્ટિ રાખીને પર્યાયપણે,

અનેકપણે અનેકાંતપણે પરિણમે છે. વસ્તુનો સ્વભાવ એક પણ છે દૃષ્ટિએ દ્રવ્યે, પર્યાયપણે અનેક છે. એ બેય એના ધર્મ છે. અને પર્યાયના અનેકપણાને લક્ષમાં બરાબર રાખતો, વસ્તુને એકપણે છે એમ દૃષ્ટિ રાખતો શુદ્ધપણે પરિણમનની અનેક અવસ્થાને પરિણમે છે. એકાંતી પર્યાયને અનેકપણે નહિ માનનારો શુદ્ધપણે અનેકપણે પરિણમશે નહિ. કારણ કે અનેકપણું પરિણમે તો હાય.. હાય.. ખંડ ખંડ થઈ ગયું એમ માને છે. સમજાણું કાંઈ?

'**અનેકપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી.**' વસ્તુનો સ્વભાવ પર્યાયપણે એક જ્ઞાનમાં શ્રદ્ધા, શાંતિ, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા વગેરે જ્ઞાનની પર્યાય જાણે છે. એ જ્ઞાનની પર્યાયનું અનેકપણું પ્રકાશતો, જ્ઞાનમાં અનેકપણે પરિણમાવતો અને દ્રવ્યના લક્ષમાં એકપણે રહેતો પોતાની શુદ્ધ પરિણતિથી જીવને ટકાવી જીવતો રાખે છે. અજ્ઞાની અનેકપણું છોડતો અનેકપણું નહિ... નહિ... નહિ... અનેકપણે પરિણમે એ નહિ.. નહિ... એને છોડતો દ્રવ્યની દૃષ્ટિ અને સમકિત રહેતું નથી. મિથ્યાદૃષ્ટિ થાય છે. એ આત્માનો નાશ કરે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



## પાઠકોની નોંધ માટે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

# પાઠકોની નોંધ માટે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



## પાઠકોની નોંધ માટે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com